
# -: સંપાદકીય :-

ભગવાન શ્રીસ્વામિનારાયણનાં સંપૂર્ણ લીલાચરિત્રો તથા હૃદયનો અભિપ્રાય જાણવા- સમજવા માટે આર્ષદૃષ્ટા સદ્. શતાનંદ સ્વામીએ બનાવેલ આ મહા શિરોમણી ગ્રંથરાજ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્ર છે. ચાર પ્રકરણમાં લગભગ લીલાઓનું વર્ણન કર્યા પછી આ પાંચમા પ્રકરણમાં સત્સંગીઓને અક્ષરધામમાં જવાનો સરળ માર્ગ બતાવવા માટે દરેકના ધર્મો વિસ્તારથી લખ્યા છે. ચારે વર્ણ અને ચારે આશ્રમીઓની મર્યાદાઓનું વર્ણન કરેલું છે. રાજાઓના ધર્મો વર્ણવ્યા છે. તેમજ શાસ્ત્ર મર્યાદાઓનું જાણે અજાણે થઈ જતું ઉલ્લંઘનથી લાગેલું પાપનું કરવામાં આવતું પ્રાયશ્ચિત પણ ખૂબ સરળ રીતે સમઝી શકાય તેવું વર્ણન કરેલું છે. વળી અન્ય શાસ્ત્રોમાં બતાવેલાં વ્રતોના પ્રકારોને સરળ રીતે સમજવા આ પાંચમા પ્રકરણમાં સ્વામીએ સરસ સમજાવ્યા છે. અને અંતમાં સમાધીનાં જે સાત અંગો છે. તેનું વિસ્તારથી વર્ણન કરીને યોગી પુરુષોને સરળ રીતે સિધ્ધ થઈ શકે તેવું નિરૂપણ કરી સમજાવ્યું છે. છેલ્લે શ્રીજીની અંતર્ધાન લીલા તથા શ્રીહરિજયંતી વ્રતની કથા લખેલી છે. આ રીતે આ મહાગ્રંથ સત્સંગિજીવન ગીર્વાણભાષામાં છે. તેથી દરેક ભક્તજનોને લાભ ન મળી શકે તેથી ગુર્જર ભાષામાં અમો અમારા ભુજ શ્રીનરનારાયણદેવ નૂતન મંદિરના મહોત્સવમાં પ્રકાશન કરીને મુમુક્ષુઓના હસ્તકમળમાં હર્ષથી આપી રહ્યા છીએ. જેનો ઉપયોગ કરીને ભગવદ્ ધામરૂપી ફળ પ્રાપ્ત થાય તેવી શ્રીહરિના ચરણમાં પ્રાર્થના સહ જય શ્રીસ્વામિનારાયણ.

**લી. સદ્ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી**



## સત્સંગિજીવન પંચમ પ્રકરણ

# વિષયાનુક્રમણિકા

**વિષય** **પાના નં.**

**અધ્યાય - ૧** ૧૩

★ વર્ણાશ્રમના ધર્મો વિસ્તારથી જાણવાની ઈચ્છાથી શિવરામ વિપ્રે ભગવાન શ્રીહરિને પૂછેલો પ્રશ્ન. ★ યુગને અનુરૂપ ધર્મમાં ફેરફાર યુક્ત વિશેષતા. ★ સનાતન ધર્મના ૭ પ્રકારો.

**અધ્યાય - ૨** ૧૮

★ ભગવાન શ્રીહરિએ કહેલા ચારે વર્ણના સામાન્ય ધર્મો. ★ બ્રાહ્મણના વિશેષ ધર્મો. ★ ક્ષત્રિયોના વિશેષ ધર્મો. ★ વૈશ્યોના વિશેષ ધર્મો. ★ શૂદ્રના વિશેષ ધર્મો. ★ દ્વિજાતિ અને એક જાતિની વ્યાખ્યા. ★ દ્વિજાતિના સોળ સંસ્કારો. ★ બ્રાહ્મણની આજીવિકાવૃત્તિ. ★ ક્ષત્રિયો વૈશ્યો અને શૂદ્રોની આજીવિકા.

**અધ્યાય - ૩** ૨૩

★ ભગવાન શ્રીહરિએ બ્રહ્મચર્યાશ્રમના ધર્મોનું વિસ્તારથી કરેલું નિરૂપણ. ★ યજ્ઞોપવીત બનાવવાની રીત. ★ બ્રહ્મચારી માટે વિદ્યાપ્રાપ્તિનાં ચાર ચરણ. ★ વિદ્યાર્થીના બારગુણો અને બાર દોષો. ★ વેદાધ્યયન શરૂ કરવાનો વિધિ. ★ વેદાધ્યયન સમાપ્ત કરવાનો વિધિ. ★ બ્રહ્મચારીના ચાર ભેદ.

**અધ્યાય - ૪** ૩૭

★ ભગવાન શ્રીહરિ ત્રૈવર્ણિક દ્વિજોના સ્નાન અને સંધ્યા વિધિનું કરેલું નિરૂપણ. ★ બ્રાહ્મતીર્થ,પિતૃતીર્થ,પ્રાજાપત્યતીર્થ,દૈવતીર્થ અને અગ્નિતીર્થનાં લક્ષણ.

**અધ્યાય - ૫** ૪૨

★ ભગવાન શ્રીહરિએ કહેલા ગાયત્રી મંત્રનો જપવિધિ.

**અધ્યાય - ૬** ૪૫

★ સંધ્યાકાળના અતિક્રમણમાં કહેલું પ્રાયશ્ચિત. ★ ષટ્કર્મમાં હોમ કરવાનો વિધિ. ★ ષટ્કર્મમાં સ્વાધ્યાયનો વિધિ. ★ ષટ્કર્મમાં દેવતા તથા પિતૃતર્પણનો વિધિ.

**અધ્યાય - ૭** ૫૧

★ ભગવાન શ્રીહરિએ દેવપૂજનનો વિસ્તારથી કહેલો વિધિ. ★ પૂજામાં મૂર્તિ રાખવાની સંખ્યાનો વિવેક. ★ પુરુષસૂકત દ્વારા ન્યાસ કરવાનો વિધિ. ★ પૂરુષસૂકત દ્વારા સોળ ઉપચાર અર્પણનો વિધિ. ★ તુલસી ન તોડવાનો સમય ★ શિવજીના પ્રસાદ ગ્રહણમાં રાખવાનો વિવેક. ★ નવરાત્રીમાં દેવીની પૂજાનો વિવેક.

**અધ્યાય - ૮** ૫૭

★ ગૃહસ્થ ધર્મોમાં વિવાહાદિ કર્મોનું નિરૂપણ. ★ સ્ત્રી-પુરૂષનાં સગપણ કરતી વખતે રાખવાની સાવધાની. ★ વિવાહના આઠ પ્રકાર. ★ ગૃહસ્થમાટે સ્ત્રીના અંગસંગનો ઉચિત સમય. ★ પરસ્ત્રીના સંગથી પુરૂષને થતું નુકસાન. ★ પરસ્ત્રી સંગનું ફળ મહા ભયંકર યમયાતના.

**અધ્યાય - ૯** ૫૭

★ શ્રીહરિએ કરેલી ધર્મની પ્રશંસા અને ગૃહસ્થોમાટેના પંચયજ્ઞોનો કહેલો વિધિવિસ્તાર. ★ ધર્મમાં રહેલાં અસાધારણ દશ ઐશ્વર્યો. ★ સહેજે થતાં પાપનાં પાંચ સ્થાનો અને તેનાથી મુક્ત થવા કરવાના પાંચ યજ્ઞો. ★ અતિથીનું લક્ષણ. ★ ૭ પ્રકારના ધર્મ ભિક્ષુકો.

**અધ્યાય - ૧૦** ૬૪

★ ગૃહસ્થોના ધર્મોમાં યજ્ઞકર્મના વિધિનું નિરૂપણ. ★ કળિયુગમાં અહિંસામય યજ્ઞોનું વિધાન. ★ અગ્નિમુખ કરતાં ભગવાનના ભક્ત બ્રાહ્મણનું મુખ ઉત્તમ. ★ ધર્મકાર્ય કરવાનાં યોગ્ય સ્થાનો. ★ તીર્થયાત્રાના વિધિનું નિરૂપણ.

**અધ્યાય - ૧૧** ૭૭

★ કળિયુગમાં દાનનો વિશેષ મહિમા. ★ સર્વશ્રેષ્ઠ અન્નદાનનો મહિમા. ★ ભૂમિદાનનો મહિમા. ★ ગૌદાનનો મહિમા. ★ સુવર્ણદાનનો મહિમા. ★ બારસનાં પારણાં કરાવવારૂપ દાનનો મહિમા.

**અધ્યાય - ૧૨** ૮૫

★ ભગવાન શ્રીહરિએ ધનાઢ્ય ભક્તોના ધર્મોમાં મંદિરો બાંધવાનો કહેલો મહિમા. ★ પૂજાપદ્ધતિનાં પચીસ તંત્રાગમનાં નામ. ★ પ્રતિષ્ઠાવિધિમાં શુભફળ આપનારા મહિનાઓ. ★ વાવ, કુવા, તળાવ આદિ ગળાવવાનું ફળ. ★ વૃક્ષારોપણનો મોટો મહિમા. ★ નવગ્રહ પૂજનનો મહિમા. ★ દાનથી ગ્રહોની પીડાનું નિવારણ.

**અધ્યાય - ૧૩** ૯૩

★ ભગવાન શ્રીહરિએ કહેલા ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણના વિશેષ ધર્મ. ★ બ્રાહ્મણત્વના વિનાશનાં કારણો. ★ બ્રાહ્મણના શરીરનું ખરું પ્રયોજન. ★ દાન સ્વીકારવામાં પણ બ્રાહ્મણોએ રાખવાની સાવધાની. ★ કન્યાદાન કેવા પુરુષને કરવું અને ન કરવું, તેનાં લક્ષણો.

**અધ્યાય - ૧૪** ૧૦૨

★ બ્રાહ્મણાદિ ચારે વર્ણની આજીવિકાવૃત્તિમાં ધ્યાન રાખવા યોગ્ય વિવેકનું નિરૂપણ.

**અધ્યાય - ૧૫** ૧૦૫

★ કલિયુગમાં ગૃહસ્થને આજીવિકાવૃત્તિ માટે ખેતીકર્મનું કરેલું વિશેષ વિધાન. ★ ખેતીકર્મમાં ઉપયોગી ગાય-બળદ આદિકની સારસંભાળ. ★ કયું બીજ ક્યારે વાવવું વગેરે ખેતીનું શિક્ષણ.

**અધ્યાય - ૧૬** ૧૧૪

★ ગૃહસ્થના ધર્મોમાં ગુરુજનોના સન્માન વિધિનું નિરૂપણ.

**અધ્યાય - ૧૭** ૧૧૯

ભગવાન શ્રીહરિએ કહેલો ગૃહસ્થનો સદાચાર. ★ દશ યમો અને દશ નિયમો. ★ બ્રાહ્મમુહૂર્તથી શયન સુધીનો ગૃહસ્થનો સદાચાર. ★ પ્રાતઃકાળે પઠન કરવાના ત્રણ શ્લોક.

**અધ્યાય - ૧૮** ૧૨૮

★ ગૃહસ્થના સદાચાર ધર્મમાં ત્યાગ કરવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય કર્મોનું નિરૂપણ. ★ ગૃહસ્થે અવશ્ય છોડવાનાં દશ કર્મો.

**અધ્યાય - ૧૯** ૧૪૨

★ ગૃહસ્થ ધર્મમાં સદાય શુદ્ધ રહેવાના વિધિનું કરેલું નિરૂપણ. ★ જન્મ-મરણનો સૂતક નિર્ણય. ★ બે સૂતક ભેળાં થઈ જાય તેનો નિર્ણય. ★ સૂર્ય-ચંદ્રના ગ્રહણ-સૂતકનો નિર્ણય. ★ ગ્રહણ સમયે અપાયેલા દાનનું વિવિધ ફળકથન.

**અધ્યાય - ૨૦** ૧૫૨

★ ભગવાન શ્રીહરિએ કરેલું શ્રાદ્ધવિધિનું સવિસ્તર નિરૂપણ. ★ ઘણી સંપત્તિવાળા માટે છન્નું (૯૬) શ્રાદ્ધો.

**અધ્યાય - ૨૧** ૧૬૬

★ ભગવાન શ્રીહરિએ કહેલું કળિયુગમાં નિષેધ ધર્મનું નિરૂપણ. ★ ગૃહસ્થોની મધ્યે આચાર્યોના વિશેષ નિયમો.

**અધ્યાય - ૨૨** ૧૭૦

★ રાજાઓના વિશેષ ધર્મોનું નિરૂપણ. ★ રાજાએ ત્યાગ કરવા યોગ્ય અઢાર વ્યસનો. ★ જાણી રાખવા યાગ્ય રાજયના સાત અંગ. ★ છ ગુણો. ★ રાજયનાં પંદર તીર્થો.

**અધ્યાય - ૨૩** ૧૭૬

★ રાજ ધર્મોમાં ચૌદ પ્રકારના દોષોનું વર્ણન. ★ સંધી ન કરવા યોગ્ય વીસ પુરુષો. ★ વિદ્યા ભણાવનાર અધ્યાપકનાં લક્ષણો.

**અધ્યાય - ૨૪** ૧૮૪
★ રાજધર્મોમાં છ વર્ગાદિકનું નિરૂપણ.

**અધ્યાય - ૨૫** ૧૯૧
★ રાજધર્મોમાં મંત્રી આદિકનું નિરૂપણ. ★ યોગ્ય મંત્રીનાં લક્ષણ. ★ યોગ્ય સુહૃદજનનાં લક્ષણો. ★ મંત્રણાનાં પાંચ અંગો.

**અધ્યાય - ૨૬** ૧૯૪
★ રાજધર્મોમાં અઢારપ્રકારના વ્યવહારપદનું નિરૂપણ. ★ માનુષ અને દિવ્યપ્રમાણ. ★ યોગ્ય સાક્ષીઓનાં લક્ષણ. ★ અયોગ્ય સાક્ષીઓનાં લક્ષણ.

**અધ્યાય - ૨૭** ૨૦૩
★ શ્રીહરિએ કરેલું દંડવિધિનું નિરૂપણ. ★ શંકર થકી પ્રગટેલા પૂજ્ય દંડમૂર્તિનું શબ્દદર્શન. ★ રાજાઓ માટે અપયશકારક વધ.

**અધ્યાય - ૨૮** ૨૦૯
★ રાજાઓની ઈચ્છા પૂર્તિ કરનાર બ્રાહ્મણોના મહિમાનું વર્ણન.

**અધ્યાય - ૨૯** ૨૧૫
★ શ્રીહરિએ રાજધર્મોમાં અહિંસાદિક સનાતન ધર્મનું કરેલું નિરૂપણ.

**અધ્યાય - ૩૦** ૨૧૮
★ સધવા સ્ત્રીઓના કુલટા અને પતિવ્રતા એ બે ભેદનું શ્રીહરિએ કરેલું નિરૂપણ.

**અધ્યાય - ૩૧** ૨૨૨
★ ભગવાન શ્રીહરિએ કરેલું પતિવ્રતા સ્ત્રીઓના ધર્મોનું નિરૂપણ.

**અધ્યાય - ૩૨** ૨૩૧
★ ભગવાન શ્રીહરિએ પતિવ્રતા નારીઓના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ ભેદ અને તેના ધર્મફળ ભેદનું કરેલું નિરૂપણ.

**અધ્યાય - ૩૩** ૨૩૬
★ વિધવા સ્ત્રીઓના સંપૂર્ણ ધર્મોનું કરેલું નિરૂપણ.

**અધ્યાય - ૩૪** ૨૪૪

★ વિધવા સ્ત્રીના જુદા જુદા વ્રત વિધિનું નિરૂપણ.

**અધ્યાય - ૩૫** ૨૪૮

★ વિધવાધર્મના ભંગમાં કરવાના પ્રાયશ્ચિતનું નિરૂપણ.

**અધ્યાય - ૩૬** ૨૫૬

★ સધવા અને વિધવા સર્વે સ્ત્રીઓને માટે શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા વિધિનું કરેલું નિરૂપણ.

**અધ્યાય - ૩૭** ૨૬૦

★ સ્ત્રીઓના રજસ્વલા આદિક સાધારણ ધર્મનું નિરૂપણ.

**અધ્યાય - ૩૮** ૨૬૩

★ વાનપ્રસ્થાશ્રમીઓના ધર્મોનું નિરૂપણ.

**અધ્યાય - ૩૯** ૨૬૯

★ ચોથા સંન્યાસઆશ્રમના ધર્મનું નિરૂપણ. ★ ત્રણ પ્રકારના વૈરાગ્યનાં લક્ષણો. ★ વૈરાગ્ય વિના લીધેલા સંન્યાસનું પરિણામ. ★ સંન્યાસ-ધર્મનો વિસ્તાર.

**અધ્યાય - ૪૦** ૨૭૯

★ સન્યાસીધર્મમાં ભિક્ષાચરણના વિધિનુંનિરૂપણ. ★ બ્રાહ્મણના વિવિધ પ્રકાર.

**અધ્યાય - ૪૧** ૨૮૫

★ સંન્યાસીએ ત્યાગવા યોગ્ય બાબતો તથા તેના ભંગના પ્રાયશ્ચિતનું નિરૂપણ.

**અધ્યાય - ૪૨** ૨૯૨

★ વર્ણસંકર જાતિના ધર્મોનું નિરૂપણ.

**અધ્યાય - ૪૩** ૨૯૫

★ પાપના પ્રકારો અને તેના પ્રાયશ્ચિતનું તથા પ્રાયશ્ચિત આપનાર સભાનાં લક્ષણોનું નિરૂપણ.

**અધ્યાય - ૪૪** ૩૦૦

★ મહાપાપોમાં બ્રહ્મહત્યા આદિક પાંચ પ્રકારના પાપમાં કરેલા પ્રાયશ્ચિતનું નિરૂપણ. ★ બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત. ★ બ્રહ્મહત્યાની સમાન પાતકપાપનાં પ્રાયશ્ચિત. ★ સુરાપાનનું પ્રાયશ્ચિત. ★ સુરાપાનની સમાન પાતકપાપોનાં પ્રાયશ્ચિત. ★ બ્રાહ્મણના સુવર્ણની ચોરી કરવારૂપ મહાપાપનું પ્રાયશ્ચિત. ★ સુવર્ણની ચોરી સમાન પાતકપાપોનું પ્રાયશ્ચિત. ★ ગુરુગમનની સમાન પાતકપાપોનું પ્રાયશ્ચિત, ★ પાંચમા મહાપાપનું પ્રાયશ્ચિત.

**અધ્યાય - ૪૫** ૩૦૯

★ ઉપપાપોના પ્રાયશ્ચિતવિધિનું કરેલું નિરૂપણ. ★ ગૌહત્યાનો પ્રાયશ્ચિત વિધિ. ★ વ્રાત્ય નામના ઉપપાપનું પ્રાયશ્ચિત. ★ ચોરીના ઉપપાપનું પ્રાયશ્ચિત. ★ નહીં વેચવા યોગ્ય પદાર્થને વેચવાનું પ્રાયશ્ચિત. ★ પરિવેદન-પારિવિત્યપાપનું પ્રાયશ્ચિત. ★ વિદ્યા વેચવા ખરીદવારૂપ ઉપપાપનું પ્રાયશ્ચિત. ★ પરદારાસંગરૂપ ઉપપાપનું પ્રાયશ્ચિત. ★ સ્ત્રીવધ આદિક ઉપપાપનું પ્રાયશ્ચિત. ★ નાસ્તિક ભાવના પાપનું પ્રાયશ્ચિત. ★ અવકીર્ણિત નામના પાપનું પ્રાયશ્ચિત. ★ તળાવ આદિકને વેચવા રૂપ પાપનું પ્રાયશ્ચિત. ★ હીન યોનિમાં પ્રવેશ કરવાથી થતા પાપનું પ્રાયશ્ચિત. ★ ઋણ ચૂકતે ન કરવાથી થતા ઉપપાપનું પ્રાયશ્ચિત.

**અધ્યાય - ૪૬** ૩૨૧

★ પ્રકીર્ણપાપના પ્રાયશ્ચિતનો વિધિ તથા અતિ અધિક પાપના પ્રાયશ્ચિતનું નિરૂપણ.

**અધ્યાય - ૪૭** ૩૨૬

★ ભગવાન શ્રીહરિએ કહેલું ચાંદ્રાયણાદિ વ્રતોનું નિરૂપણ.

**અધ્યાય - ૪૮** ૩૩૮

★ ભગવાન શ્રીહરિએ કરેલું કર્મવિપાકનું નિરૂપણ. ★ શિવરામ વિપ્રે કરેલું શ્રીહરિનું સ્તવન.

**અધ્યાય - ૪૯** ૩૪૩

★ અમદાવાદ અને વડતાલનો ઉત્સવ કર્યો અને ગઢપુરનું મંદિર કરવાની ઉત્તમરાજાએ કરેલી પ્રાર્થના. ★ જુનાગઢમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવા અનુપસિંહની પ્રાર્થના. ★ જુનાગઢમાં રાધારમણ દેવનો પ્રતિષ્ઠા મહોત્સવ.

**અધ્યાય - ૫૦** ૩૪૯

★ ભગવાન શ્રીહરિએ કરેલું નૈષ્ઠિક બ્રહ્મચારીઓના ધર્મનું નિરૂપણ.

**અધ્યાય - ૫૧** ૩૫૬

★ બ્રહ્મચારીઓના નૈષ્ઠિક કર્મનું તથા તેના આચરણમાં પ્રાયશ્ચિતનું નિરૂપણ.

**અધ્યાય - ૫૨** ૩૬૧

★ બ્રહ્મચારીએ કરવા યોગ્ય કર્મનું અને તેના ઉલ્લંઘનમાં કરવા યોગ્ય પ્રાયશ્ચિતનું કરેલું નિરૂપણ.

**અધ્યાય - ૫૩** ૩૬૪

★ શ્રીહરિએ કહેલું વેદોની ઉત્પત્તિનું વર્ણન.

**અધ્યાય - ૫૪** ૩૭૧

★ શ્રીહરિએ કરેલું બ્રહ્મચારીઓના અવશ્ય કરવાના આહ્નિકવિધિનું નિરૂપણ. ★ મુકુંદાનંદ બ્રહ્મચારીએ કરેલી શ્રીહરિની સ્તુતિ.

**અધ્યાય - ૫૫** ૪૮૩

★ ભગવાન શ્રીહરિએ ગઢપુરમાં કરેલો શ્રીગોપીનાથજી મહારાજનો પ્રતિષ્ઠા મહોત્સવ. ★ શ્રીહરિએ અંતર્ધાન થવાની ઈચ્છાથી સત્સંગની સર્વે જવાબદારી ગોપાળાનંદ સ્વામીને સોપી.

**અધ્યાય - ૫૬** ૪૮૮

★ શતાનંદ સ્વામીના પ્રશ્નથી ભગવાન શ્રીહરિએ કરેલો અષ્ટાંગયોગનો ઉપદેશ.

**અધ્યાય - ૫૭** ૪૯૨
★ શ્રીહરિએ યમ, નિયમ, આસન અને પ્રાણાયામ આ ચાર અંગોનાં લક્ષણોનું કરેલું નિરૂપણ. ★ (૧) યમ. ★ (૨) નિયમ. ★ (૩) આસન. ★ (૪) પ્રાણાયામ.

**અધ્યાય - ૫૮** ૪૦૪
★ ભગવાન શ્રીહરિએ કરેલું શૂન્યક પ્રાણાયામનાં લક્ષણનું નિરૂપણ.

**અધ્યાય - ૫૯** ૪૦૯
★ યોગ સાધનમાં જાણવા યોગ્ય તત્ત્વાદિજ્ઞાનનું સારી રીતે કરેલું નિરૂપણ. ★ પ્રાણાયામમાં પૃથ્વી આદિક પાંચ તત્વોનું સહકારી વિજ્ઞાન.

**અધ્યાય - ૬૦** ૪૧૩
★ શ્રીહરિએ કરેલું પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિનાં લક્ષણોનું નિરૂપણ.
(૫) પ્રત્યાહાર. ★ (૬) ધારણા. ★ (૭) ધ્યાન. ★ નાભિકમળમાં ધ્યાન કરવાની વિશેષતા. ★ ધ્યાનમાં ચાર પ્રકારનાં વિઘ્નો તથા તેને જીતવાના ઉપાયોનું વર્ણન. ★ ચિત્તની પાંચ પ્રકારની ભૂમિકા.

**અધ્યાય - ૬૧** ૪૨૦
★ ભગવાન શ્રીહરિએ પંચભૂતના વિકારરૂપ શરીરમાં રહેલી નાડી આદિકની રચનાનું કરેલું નિરૂપણ. ★ શરીરમાં રહેલાં અસ્થિઓની સંખ્યા.

**અધ્યાય - ૬૨** ૪૨૬
★ ભગવાન શ્રીહરિએ અનુક્રમ પ્રાપ્ત બ્રહ્માંડ રચનાનું સંક્ષેપથી કરેલું નિરૂપણ.

**અધ્યાય - ૬૩** ૪૩૦
★ ભગવાન શ્રીહરિએ કરેલું પંચ મહાભૂતોના બાહ્ય અને આંતરિક સ્વરૂપોનું નિરૂપણ.

**અધ્યાય - ૬૪** ૪૩૬
★ ભગવાન શ્રીહરિએ બ્રહ્માંડમાં રહેલા બ્રાહ્યવાયુનું અને પિંડમાં રહેલા આંતરવાયુના સ્વરૂપનું કરેલું નિરૂપણ.

**અધ્યાય - ૬૫** ૪૪૧
★ જેનું મૃત્યુ નજીક આવ્યું હોય તેને જાગ્રત અને સ્વપ્નમાં દેખાતાં ચિહ્નોનું ભગવાન શ્રીહરિએ કરેલું નિરૂપણ.

**અધ્યાય - ૬૬** ૪૪૫
★ ભગવાન શ્રીહરિએ યોગનો ઉપદેશ પૂર્ણ કરતાં શતાનંદ સ્વામીએ કરેલી ભગવાન શ્રીહરિની સ્તુતિ અને શ્રીહરિએ આપેલા વરદાનનું નિરૂપણ. ★ શતાનંદમુનિકૃત સ્તોત્ર.

**અધ્યાય - ૬૭** ૪૫૨
★ શતાનંદ સ્વામીએ શિક્ષાપત્રી ઉપર અર્થદીપિકા ટીકા લખી શ્રીહરિને આપી ને શ્રીહરિએ કરેલી તેની ખૂબ પ્રશંસા. ★ ભગવાન શ્રીહરિના પ્રગટ પ્રતાપથી ઘટેલી અનેકવિધ આશ્ચર્યકારી ઘટનાઓનું વર્ણન.

**અધ્યાય - ૬૮** ૪૫૮
★ ભગવાન શ્રીહરિએ કરેલી સ્વધામ-ગમનની લીલા. ★ શ્રીહરિનું વજ્રાઘાત સમાન વચન સાંભળી ભક્તોને આવી ગયેલી મૂર્છા. ★ જેઠસુદ દશમીનો દિવસ ઉગ્યો ને શ્રીહરિએ કરી સ્વધામ ગમનની તૈયારી. ★ આકાશ માર્ગે વિમાન લઈ અક્ષરધામના પાર્ષદોનું આગમન. ★ શતાનંદ સ્વામીએ રચેલા વિવિધ ગ્રંથોની યાદી.

**અધ્યાય - ૬૯** ૪૬૯
★ શ્રીહરિજયંતીના વ્રતવિધિનું વિસ્તારથી નિરૂપણ.

**અધ્યાય - ૭૦** ૪૮૯
★ સત્સંગિજીવન ગ્રંથની અનુક્રમણિકાનું નિરૂપણ.

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

# सत्सङ्गिजीवनम्

## पञ्चम प्रकरणम्  गुर्जरानुवाद सहितम्

---

### प्रथमोऽध्यायः - १

**सुव्रत उवाच :-**

एक दा शिवरामस्तं विप्रवर्यो नराधिप ! पप्रच्छ प्राञ्जलिर्नत्वा नारायणमृषीश्वरम् ॥१॥

**ब्राह्मण उवाच :-**

भगवञ्छ्रोतुमिच्छामि नृणां धर्मं सनातनम् । त्वमेव सर्वधर्मज्ञो धर्ता धर्मस्य च प्रभो ! ॥२॥

बुधैरपि सुदुर्ज्ञेयो धर्मोऽयं सामवेदवत् । केवलं त्वां समाश्रित्य वर्तते सर्वथा हि सः ॥३॥

---

## અથ સત્સંગિજીવન પંચમ પ્રકરણ પ્રારંભ

### અધ્યાય - ૧

### વર્ણાશ્રમના ધર્મો વિસ્તારથી જાણવાની ઈચ્છાથી શિવરામ વિપ્રે ભગવાન શ્રીહરિને પૂછેલો પ્રશ્ન.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! એક વખત શિયાણી ગામના વિપ્રવર્ય શિવરામભટ્ટ ઋષીશ્વર ભગવાન શ્રીનારાયણમુનિને બે હાથ જોડી નમસ્કાર કરી પૂછવા લાગ્યા.[૧]

શિવરામ વિપ્ર પૂછે છે, હે સકલ ઐશ્વર્ય સંપન્ન ભગવાન ! હુ મનુષ્યોના સનાતન ધર્મો સાંભળવા ઈચ્છું છું, કારણ કે, હે પ્રભુ ! સર્વ ધર્મના જાણનારા તમે છો, એટલું જ નહિ સર્વ ધર્મના ધારણ કરનારા, પોષણ કરનારા એક તમે જ છો, તમારા સિવાય આ સૃષ્ટિમાં અન્ય કોઈ છે જ નહિ.[૨] હે પ્રભુ ! જેવી રીતે સામવેદ

यदा यदा तु भवति ग्लानिस्तस्यात्र भूतले । तदा तदाऽवतीर्य त्वं सम्यक्पासि तमच्युत ! ॥४॥
वक्ता कर्ताऽविता चास्य नान्यस्त्वत्तोऽत्र विद्यते । न स्वर्गे न च पाताले न च ब्रह्मसदस्यपि ॥५
तस्मात्त्वमाश्रमैः साकं वर्णानां च पृथक् पृथक् । वक्तुमर्हसि सद्धर्मानितरेषां नृणां च मे ॥६

**सुव्रत उवाच :-**

इति ब्राह्मणवर्यस्य प्रश्नं सर्वहितावहम् । श्रुत्वा स भगवानूचे प्रसन्नो धर्मरक्षकः ॥७

**श्रीनारायणमुनिरुवाच :-**

नैःश्रेयसकरो नृणां ब्रह्मन् ! प्रश्न कृतस्त्वया । ततः सनातनान् धर्मो नार्षवाक्यैर्वदामि ते ॥८
वेदप्रणिहितो धर्मो ह्यधर्मस्तद्विपर्ययः । वेदो नारायणः साक्षात्स्वयंभूरिति गीयते ॥९
धर्मा वेदेन ये प्रोक्ता ऋषिभिस्तत्त्वदर्शिभिः । प्रोक्तास्त एव स्मृतिषु प्रमाणं तास्ततः स्मृताः ॥१०

---

**સ્વરથી, અર્થથી કે શાખાથી સમજવો મુશ્કેલ છે, તેવી રીતે આ સનાતન ધર્મ પણ બુદ્ધિમાન વિદ્વાન પુરુષોથી પણ સમજવો મુશકેલ છે, અને એ સનાતન ધર્મ કેવળ એક તમારો સર્વપ્રકારે આશ્રય કરી રહેલો છે.[૩] હે અચ્યુત પરમાત્મા ! આ ભૂમંડલ ઉપર જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે, ત્યારે ત્યારે તમે દેવ મનુષ્યાદિકમાં અવતાર ધારણ કરી તે સનાતન ધર્મનું સારી રીતે રક્ષણ કરો છો.[૪] આ ધર્મના સ્વરૂપનું વક્તવ્ય આપનારા, આચરણમાં મૂકી અનુષ્ઠાન કરનારા અને એ રીતે તેનું રક્ષણ કરનારા તમારા સિવાય બીજો કોઈ પુરુષ આ પૃથ્વી પર નથી. સ્વર્ગ કે પાતાળમાં પણ નથી, અને બ્રહ્મસભામાં પણ તમારા જેવો ધર્મવક્તા અનુષ્ઠાતા અને રક્ષિતા પુરુષ નથી.[૫] તેથી તમે મને આશ્રમ ધર્મોની સાથે વર્ણના તેમજ વર્ણાશ્રમથી બહાર રહેલા સંકરજાતિના મનુષ્યોના સદ્ધર્મો અલગ અલગ રીતે કરીને કહો.[૬]**

**સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણેનો શિવરામ વિપ્રનો સર્વજીવહિતાવહ પ્રશ્ન સાંભળી ધર્મરક્ષક ભગવાન શ્રીહરિ અતિશય પ્રસન્ન થઈ કહેવા લાગ્યા.[૭] હે બ્રહ્મન્ ! તમારો પ્રશ્ન તો સર્વ મનુષ્યનું કલ્યાણ કરનારો છે, તેથી હું આર્ષપુરુષોનાં પ્રમાણભૂત વચનોના માધ્યમથી સનાતન ધર્મોનું સ્વરૂપ તમને સમજાવું છું.[૮] હે બ્રહ્મન્ ! વેદે પ્રતિપાદન કરેલા સદાચારોને જ ધર્મ જાણવો, વેદ નિષિદ્ધ આચાર અધર્મ જાણવો, કારણ કે વેદ છે તે સાક્ષાત્ નારાયણ ભગવાનનું સ્વરૂપ છે. ભગવાનની જેમ જ તે સ્વયંભૂ કહેવાય છે.[૯] જે ધર્મો વેદમાં કહેલા છે તેજ ધર્મો તત્ત્વદર્શી ઋષિમુનિઓએ સ્મૃતિ આદિ ધર્મસંહિતાઓમાં કહ્યા છે. તેથી**

पुराणन्यायमीमांसाधर्मशास्त्राङ्गमिश्रिताः । वेदाः स्थानानि विद्यानां धर्मस्य च चतुर्दश ॥११॥
मन्वत्रिविष्णुहारीतयाज्ञवल्क्याङ्गिरोयमाः । व्यासापस्तम्बसंवर्ताः कात्यायनबृहस्पती ॥१२॥
पराशरोशनःशङ्खलिखिता दक्षगौतमौ । शातातपो वसिष्ठश्च धर्मशास्त्रप्रवर्तकाः ॥१३॥
सन्ति चान्येऽपि मुनय एतद्धर्मानुसारिणः । तदुक्तान्यपि शास्त्राणि प्रमाणत्वेन गम्यताम् ॥१४॥
एतेषामुक्तिमात्रस्य प्रामाण्ये सत्यपि द्विज ! । युगानुरूपो बोद्धव्यो विशेषः खलु सर्वदा ॥१५॥
कृते तु मानवा धर्मास्त्रेतायां गौतमा हिताः । द्वापरे शाङ्खलिखिताः कलौ पाराशराः स्मृताः ॥१६॥
तेभ्योऽपि मोक्षधर्मोक्ता श्रीमद्भागवतोदिताः । भगवद्गीतया चोक्ता धर्माः श्रेयस्कराः कलौ ॥१७॥
श्रुतिस्मृत्युदितं धर्ममनुतिष्ठन् हि मानवः । इह कीर्तिमवाप्नोति प्रेत्य चानुत्तमं सुखम् ॥१८॥
स षड्विधौ वर्णधर्मो धर्म आश्रमिणां तथा । धर्मो वर्णाश्रमाणां च गौणो नैमित्तिकस्तथा ॥१९॥

---

તે સ્મૃતિઓ પ્રમાણભૂત છે.[૧૦]

હે વિપ્રવર્ય ! પુરાણો, ન્યાય, પૂર્વમીમાંસા, ઉત્તરમીમાંસા, ધર્મશાસ્ત્રો, વ્યાકરણાદિ વેદનાં છ અંગો અને ચારે વેદો, ચૌદ વિદ્યાનાં અને ધર્મનાં સ્થાનો છે.[૧૧] તેમજ મનુ, અત્રિ, વિષ્ણુ, હારિત, યાજ્ઞવલ્ક્ય, અંગિરા, યમ, વ્યાસ, આપસ્તંબ, સંવર્ત, કાત્યાયન, બૃહસ્પતિ, પરાશર, ઉશનસ્, શંખ, લિખિત, દક્ષ, ગૌતમ, શાતાતપ અને વસિષ્ઠ, આ વીસ ધર્મશાસ્ત્રના પ્રવર્તકો છે.[૧૨-૧૩] આ મનુ આદિએ પ્રવર્તાવેલા ધર્મોને અનુસારતા અન્ય કેટલાક ઋષિમુનિઓએ કહેલાં શાસ્ત્રો પણ પ્રમાણપણે સ્વીકારવાં.[૧૪] હે વિપ્ર ! આ મનુઆદિનાં વચનો હોવા માત્રથી જ પ્રમાણરૂપ હોવા છતાં પણ હમેશાં તેમાં યુગધર્મને અનુરૂપ વિશેષતા જાણી રાખવી જરૂર છે.[૧૫]

**યુગને અનુરૂપ ધર્મમાં ફેરફાર યુક્ત વિશેષતા :–** હે વિપ્ર ! સત્યયુગમાં મનુએ કહેલા ધર્મો મનુષ્યોને માટે વધુ હિતાવહ છે. ત્રેતાયુગમાં ગૌતમમુનિએ કહેલા ધર્મો વધુ હિતાવહ છે. દ્વાપર યુગમાં શંખલિખિતમુનિએ કહેલા ધર્મો વધુ હિતાવહ છે અને કળિયુગમાં પરાશરમુનિએ કહેલા ધર્મો હિતાવહ છે.[૧૬] તે પરાશરે કહેલા ધર્મો કરતાં પણ મહાભારતના મોક્ષધર્મમાં કહેલા ધર્મો તથા શ્રીમદ્ ભાગવત અનો ભગવદ્ગીતામાં કહેલા ધર્મો તેમજ શ્રીવાસુદેવમાહાત્મ્યમાં કહેલા ધર્મો, કલિયુગની અંદર અધિક કલ્યાણકારી મનાયેલા છે.[૧૭] આ શ્રુતિ અને સ્મૃતિએ કહેલા ધર્મોનું આચરણ કરવાથી મનુષ્યો આલોકમાં કીર્તિ પામે છે, અને મૃત્યુ પછી સર્વોત્તમ સુખને પ્રાપ્ત કરે છે.[૧૮]

साधारण इति प्रोक्तः षोढा तद्भेदवेदिभिः । लक्षणान्यपि चैतस्य सङ्क्षेपेण वदामि ते ॥२०॥
वर्णत्वमेकमाश्रित्य यो धर्मः सम्प्रवर्तते । वर्णधर्मः स तु प्रोक्तो यथोपनयनादिकम् ॥२१॥
आश्रमं तु समाश्रित्य धर्मो यः सम्प्रवर्तते । स खल्वाश्रमधर्मो हि भिक्षादण्डादिको यथा ॥२२॥
वर्णत्वमाश्रमत्वं च योऽधिकृत्य प्रवर्तते । स वर्णाश्रमधर्मस्तु मौञ्ज्यादिर्मेखला यथा ॥२३॥
यो गुणेन प्रवर्तेत गुणधर्मः स उच्यते । यथा मूर्धाभिषिक्तस्य प्रजानां परिपालनम् ॥२४॥
निमित्तमेकमाश्रित्य यो धर्मः सम्प्रवर्तते । नैमित्तिकः स विज्ञेयः प्रायश्चित्तविधिर्यथा ॥२५॥
वर्णानामाश्रमाणां च सर्वेषां यः समो भवेत् । स हि साधारणो धर्मस्त्वहिंसादिर्यथा द्विज ! ॥२६॥
धर्म आचरितः शुद्धे देशे स्यात्फलदायकः । स एवाशुचिदेशे तु कृतोऽप्यकृतवद्भवेत् ॥२७॥
मृगः कृष्णश्चरेद्यत्र स्वभावात्तु महीतले । स पुण्यदेशः कथित आर्यावर्तश्च पुण्यभूः ॥२८॥

**સનાતન ધર્મના છ પ્રકારો :–** ધર્મના ભેદને જાણતા મુનિઓએ સનાતન ધર્મને વર્ણધર્મ, આશ્રમ ધર્મ, વર્ણાશ્રમધર્મ, ગૌણધર્મ, નૈમિત્તિકધર્મ અને સાધારણ ધર્મ, આમ છ પ્રકારે કહેલો છે. એ છ પ્રકારના ધર્મનાં લક્ષણો હું તમને સંક્ષેપમાં જણાવું છું.[૧૯-૨૦] જે ધર્મ કેવળ એક વર્ણને આશરીને પ્રવર્ત્યો હોય તે ધર્મ વર્ણધર્મ કહેલો છે, જેમ કે બ્રાહ્મણને આઠમા વર્ષે યજ્ઞોપવિત ધારણ કરવી, વગેરે.[૨૧] તેમજ જે ધર્મ આશ્રમને આશરીને પ્રવર્ત્યો હોય તે આશ્રમ ધર્મ કહેલો છે.જેમકે બ્રહ્મચર્યાદિ આશ્રમને આધારે ભિક્ષાગ્રહણ કરવાનો ભેદ,દંડ ધારણ કરવાનો ભેદ,તેમજ અગ્નિ ધારણ કરવો-આદિકના ભેદ, તે આશ્રમને યોગેછે.[૨૨]વળી જે ધર્મો વર્ણ અને આશ્રમ એ બેયને આશરીને પ્રવર્ત્યા હોય તેને વર્ણાશ્રમ ધર્મ કહેલા છે. જેમકે મુંજની મેખલા ધારણ કરવારૂપ ધર્મ.[૨૩] વળી જે ધર્મ અભિષેકાદિ ગુણને આશરીને પ્રવર્ત્યા હોય તે ગૌણધર્મ કહેલા છે. જેમ કે જે પુરુષનો રાજ્યાભિષેક થયો હોય, તેણે પ્રજાનું પાલન કરવું વગેરે ધર્મ.[૨૪]તેજ રીતે વળી જે ધર્મ કેવળ કોઇ નિમિત્તને આશરીને પ્રવર્ત્યા હોય તેને નૈમિત્તિક ધર્મ કહેલો છે. જેમ કે પ્રાયશ્ચિત નિમિત્તે કહેલો વિધિ.[૨૫] વળી હે વિપ્ર ! જે ધર્મ વર્ણ કે આશ્રમ વગેરેની અપેક્ષા વિના સર્વે કોઇને એકસરખા સાધારણ ધર્મ પાળવાના હોય, તે ધર્મ સાધારણ ધર્મ કહેલા છે. જેમ કે અહિંસા વગેરે ધર્મો.[૨૬]

હે વિપ્રવર્ય ! પવિત્ર દેશમાં આચરણ કરેલો ધર્મ ઇચ્છિત ફળને આપનારો થાય છે અને અપવિત્ર દેશમાં આચરણ કરેલો ધર્મ, આચરણ ન કરવા બરાબર થઇ રહે છે.[૨૭] જે દેશના ભૂભાગ પર કાળિયાર મૃગ સ્વેચ્છાથી વિચરતાં હોય,

यत्र यत्र हरेर्भक्ता भवेयुः शुद्धचेतसः । क्षेयः स स पवित्रो वै देशो धर्मक्रियोचितः ॥२९॥
कायक्लेशैर्न बहुभिर्न चैवार्थस्य राशिभिः । धर्मः सम्प्राप्यते ह्येष श्रद्धाहीनैः सुरैरपि ॥३०॥
तच्छ्रद्दधानैर्नियमेन धर्मः संवर्धनीयः पुरुषैः सुदेशे ।
भवेत्सहायी परलोक एष ध्रुवं नतु ज्ञातिधनादयोऽन्ये ॥३१॥

**इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे षड्विधधर्मलक्षणनिरूपणनामा प्रथमोऽध्यायः ॥१॥**

---

**એ પ્રદેશ પૂણ્ય પ્રદેશ કહેલો છે. તેવી જ રીતે આર્યાવર્ત દેશને, એટલે કે વિંધ્યાચળથી હિમાલયની વચ્ચેના પ્રદેશને પવિત્ર દેશ કહેલો છે.[૨૮] વળી જે પ્રદેશમાં શુદ્ધ સ્વધર્મમાં રહેલા, વિશુદ્ધ અંતરવાળા ભગવાનના ભક્તો રહેતા હોય તે દેશ પણ ધર્મ ક્રિયા પાલન માટે ઉચિત પવિત્ર દેશ જાણવો, (પવિત્ર દેશની વિશેષ વ્યાખ્યા તૃતીય પ્રકરણમાંથી જાણી લેવી.) [૨૯]**

**હે વિપ્ર ! જો ધર્મમાં શ્રદ્ધા, આસ્તિકબુદ્ધિ ન હોય, ને તે ભલેને પછી દેવતાઓ હોય, ને વળી કૃચ્છાદિકવ્રત કરીને શરીરને બહુ કષ્ટ આપતા હોય, છતાં પણ તેઓ ધર્મની સિદ્ધિ કરી શકતા નથી.[૩૦] તેમજ ધનનો બહુ વ્યય કરવાથી પણ ધર્મ સિદ્ધ થતો નથી, જો શ્રદ્ધાહીન દેવતાઓથી આ ધર્મ સિદ્ધ ન થાય તો પછી શ્રદ્ધાહીન મનુષ્યોની તો શું વાત કરવી ?. તેથી શ્રદ્ધાવાળા થવું, એ પહેલી શરત છે. શ્રદ્ધાવાન પુરુષોએ પવિત્ર દેશમાં રહી નિયમથી ધર્મની વૃદ્ધિ કરવી. આમ વૃદ્ધિ પમાડેલો ધર્મ જ પરલોકમાં સદાય કરે છે. બાકી બીજા જ્ઞાતિજનો કે જેને માટે આખી જિંદગી ખર્ચી નાખી હોય તે કોઈ પરલોકમાં સહાયક થતા નથી. મહા મહેનતે ઉપાર્જન કરેલું ધન પણ સહાયક થતું નથી, માટે હમેશાં ધર્મનો આશરો લેવો.[૩૧]**

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મોપદેશ કરતા ભગવાન શ્રીહરિએ છ પ્રકારના ધર્મોનાં લક્ષણોનું નિરૂપણ કર્યું એ નામે પહેલો અધ્યાય પૂર્ણ થયો. --૧--***

---

## द्वितीयोऽध्यायः - २

**श्रीनारायणमुनिरुवाच :-**

ब्रह्मक्षत्रियविट्शूद्रा वर्णाश्चत्वार ईरिताः । मुखबाहूरुपादेभ्यो वैराजस्याभवन् द्विज ! ॥१॥
तेषां साधारणो धर्मश्चतुर्णामप्युदीर्यते । अहिंसा ब्रह्चर्यं च त्यागोऽस्तेयं क्षमाऽऽर्जवम् ॥२॥
सन्तोषो ब्रह्मवित्सेवा ग्राम्येच्छापरिवर्जनम् । शौचं तपो दया सत्यं तितिक्षा च शमो दमः ॥३॥
युक्तायुक्तविवेकश्च जन्ममृत्युसमीक्षणम् । सर्वदा पापभीरुत्वं कुसङ्गपरिवर्जनम् ॥४॥
अन्नाद्यादेः संविभागो भूतेभ्यश्च यथोचितम् । तेष्वात्मदेवताबुद्धिर्मनुष्येषु विशेषतः ॥५॥
कथायाः श्रवणं नित्यं कीर्तनं स्मरणं हरेः । सेवेज्यावनतिर्दास्यं सख्यं चात्मसमर्पणम् ॥६॥
एष साधारणो धर्मः सर्वेषां सुखदायकः । कथितोऽथ विशेषांस्ते तेषां धर्मान्वदाम्यहम् ॥७॥

---

## અધ્યાય - ૨

## ભગવાન શ્રીહરિએ કહેલા ચારે વર્ણના સામાન્ય ધર્મો.

**ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે ભૂદેવ ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ ચાર વર્ણો છે. તે ભગવાનના અવતાર વિશેષ વૈરાજપુરુષના ક્રમશઃ મુખ, બાહુ, સાથળ અને ચરણમાંથી ઉત્પન્ન થયા છે.[૧] હે વિપ્ર ! એ ચારે વર્ણના અને અન્ય સંકરજાતિના મનુષ્યોના પણ જે સાધારણ ધર્મો છે તે કહું છું. અહિંસા, બ્રહ્મચર્ય, સત્પાત્રમાં ત્યાગ, અસ્તેય, ક્ષમા, આર્જવ, અસ્તબ્ધતા, સંતોષ, બ્રહ્મવિત્ પુરુષોની સેવા, વિવેક અને વૈરાગ્યથી ગ્રામ્ય વિષયોની ઇચ્છાનો ત્યાગ, બહાર અંદર પવિત્રતા, તપ, દયા, સ્વ-પર દ્રોહ રહિતનું સત્યભાષણ, તિતિક્ષા, શમ, દમ, યોગ્યાયોગ્યનો વિવેક, જન્મ-મરણના દુઃખનું વિચાર પૂર્વક દર્શન, સર્વકાળે પાપથી ભય પામવું, કુસંગનો ત્યાગ, ભૂતપ્રાણિમાત્રને યથાયોગ્ય અન્નાદિકનો વિભાગ આપવો, ભૂતપ્રાણીમાત્ર ઉપર પોતાના ઈષ્ટદેવની બુદ્ધિ, વિશેષપણે મનુષ્યોમાં ઈષ્ટદેવની બુદ્ધિ કરવી, ભગવાન શ્રીહરિની કથાનું નિત્યે શ્રવણ કરવું, તેમના ગુણોનું કીર્તન કરવું, હૃદયમાં સ્મરણ કરવું, દાસભાવે તેમની પગચંપી કરવી, યથાશક્તિ વિધિપૂર્વક તેમની પૂજા કરવી, તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા, દાસભાવે તેમને ભજવા, સખાભાવે વિશ્વાસની ભક્તિ કરવી, અને સર્વથા આત્મ સમર્પણ કરવું.[૩-૬] આ સર્વને માટે સાધારણ ધર્મો કહેલા છે, તે સર્વેને સુખ આપનારા છે. આ બત્રીસ ધર્મો સર્વે બ્રાહ્મણાદિ વર્ણો તથા સંકરજાતિના જનોએ પણ સરખા પાળવાના છે. હવે હું તેઓના વિશેષ ધર્મો કહું છું.[૭]**

शमो दमस्तपः शौचं सन्तोषः क्षान्तिरार्जवम् । अहिंस्रयज्ञोऽमात्सर्यं मैत्री सत्यं धृतिर्दया ॥८॥
धर्मोऽनसूया दानं च हर्यर्चा मार्दवं त्रपा । ज्ञानं विज्ञानमास्तिक्यं स्वाध्यायः समदृष्टिता ॥९॥
चतुर्विंशतिसङ्ख्याका ब्राह्मणस्य मयोदिताः । गुणाः स्वाभाविका ह्येते सर्वाभीष्टफलप्रदाः ॥१०॥
शौर्यं धैर्यं च विर्यं च तितिक्षा तेज उद्यमः । औदार्यं स्थैर्यमुत्साहो मान आत्मजयस्तथा ॥११॥
ब्रह्मण्यत्वं तथैश्वर्यं रक्षणं चारिनिग्रहः । दक्षत्वं च प्रसादश्च सङ्ग्रामेष्वपलायनम् ॥१२॥
शस्त्रवाहनयोः प्रीतिर्दानं द्रव्यमखे रुचिः । ब्राह्मणाभ्यर्चनं नित्यं वासुदेवार्चनं तथा ॥१३॥
प्रजानां पुत्रवद्रक्षा शरणागतपालनम् । क्षत्रियस्य गुणा ह्येते प्रोक्ताः स्वाभाविका मया ॥१४॥
आस्तिक्यं चोद्यमो नित्यमदम्भो ब्रह्मसेवनम् । पोषणं च त्रिवर्गस्य भक्तिश्च गुरुदेवयोः ॥१५॥
कृषिर्गोरक्षणरुचिर्दाननिष्ठा च दक्षता । स्वाभाविका गुणा ह्येते वैश्यस्य परिकीर्तिताः ॥१६॥

---

**બ્રાહ્મણના વિશેષ ધર્મો :–** શમ, દમ, તપ, શૌચ, સંતોષ, સહનશીલતા, સરળતા, અહિંસામય યજ્ઞો કરવા, મત્સરદોષે રહિતપણું, સર્વજનો ઉપર મિત્રભાવ, સત્ય, ધીરજ, દયા, સંધ્યાવંદન કરવારૂપ ધર્મનું પાલન, અનસૂયા, દાન, શ્રીહરિની પૂજા, મૃદુ સ્વભાવ, લજ્જા, જ્ઞાન, વિજ્ઞાન, આસ્તિકબુદ્ધિ, સ્વાધ્યાય, સર્વ ઉપર સમદષ્ટિ,આ સમગ્ર ઈચ્છીત ફળને આપનારા ચોવીસ ગુણો છે, તે બ્રાહ્મણના સ્વાભાવિક ધર્મોરૂપે કહ્યા છે. હવે ક્ષત્રિયોના વિશેષ ધર્મો કહીએ છીએ.[૮-૧૦]

**ક્ષત્રિયોના વિશેષ ધર્મો :–** શૌર્ય, ધૈર્ય, વીર્ય, પ્રભાવ, શસ્ત્રોના પ્રહાર સહન કરવા, તેજ, ઉદ્યમ, ઔદાર્ય, ધર્મમાં સ્થિરતા, ઉત્સાહ, ધર્મપાલનનું માન, મન ઉપર વિજય, બ્રાહ્મણોના હિતનું ચિંતન, ઐશ્વર્ય, રક્ષણ, યુદ્ધમાં પર અને પોતાનું રક્ષણ, શત્રુનો નિગ્રહ, દક્ષતા, અનુગ્રહ કરવાનો સ્વભાવ, યુદ્ધમાં પોતાનું મૃત્યુ નિશ્ચિત દેખાય છતાં પાછા ન ફરવું, શસ્ત્ર અને વાહનમાં પ્રીતિ, દાન, દ્રવ્યસાધ્ય યજ્ઞો કરવામાં રૂચિ, બ્રાહ્મણોનું પૂજન, તથા નિત્ય શ્રીવાસુદેવ ભગવાનનું પૂજન કરવું, પ્રજાનું પુત્રની પેઠે પાલન, શરણાગતની રક્ષા, આ છવીસ ક્ષત્રિયોના સ્વાભાવિક ગુણોરૂપ ધર્મો મેં તમને કહ્યા.[૧૧-૧૪]

**વૈશ્યોના વિશેષ ધર્મો :–** આસ્તિકબુદ્ધિ, નિત્ય ઉદ્યમશીલ રહેવું, નિષ્કપટ સ્વભાવ, બ્રાહ્મણોની પૂજા, ધર્મ, અર્થ અને કામ આ ત્રણવર્ગનું યથાશાસ્ત્ર પોષણ કરવું, પોતાના ગુરુ અને ઈષ્ટદેવ ભગવાનની યથાશાસ્ત્ર સેવા પૂજા કરવી, કૃષિ, ગૌરક્ષણમાં રૂચિ, સત્પાત્રોમાં અનેક પ્રકારનાં દાન આપવાં, વેપાર આદિ ક્રિયામાં

शुश्रूषणं द्विजगवां देवानां चाप्यमायया । तत्र लब्धेन सन्तोषः शूद्रप्रकृतयस्त्विमाः ॥१७॥
ब्राह्मणक्षत्रियविशस्त्रयः प्रोक्ता द्विजातयः । एकजातिर्मतः शूद्र उपनितेरभावतः ॥१८॥
आद्यं तु सत्कुले जन्म तेषां प्रोक्तं ततः परम् । संस्कारैर्वैदिकैश्चान्यत्तेन प्रोक्ता द्विजा इति ॥१९॥
गर्भाधानं पुंसवनं सीमन्तो जातकर्म च । नामक्रिया निष्क्रमोऽन्नप्राशनं चौलकर्म च ॥२०॥
कर्णवेधो व्रतादेशो वेदारम्भक्रियाविधिः । केशान्तः स्नानमुद्वाहो विवाहाग्निपरिग्रहः ॥२१॥
त्रेताग्निसङ्ग्रहश्चेति संस्काराः षोडश स्मृताः । ब्राह्मणक्षत्रियविशां वेदमन्त्रैरुदीरिताः ॥२२॥
नवैताः कर्णवेधान्ता मन्त्रवर्जं क्रियाः स्त्रियाः । विवाहो मन्त्रतस्तस्याः शूद्रस्यामन्त्रतो दश ॥२३॥
सच्छूद्रस्य दश प्रोक्ताः संस्कारा मन्त्रवर्जिताः असच्छूद्रस्य तु ब्रह्मन् ! विवाहो ह्येक ईरितः ॥२४॥

---

નિપુણતા, આ અગિયાર ગુણો વૈશ્યના સ્વાભાવિક ગુણરૂપ ધર્મો કહેલા છે.[૧૫-૧૬]

**શૂદ્રના વિશેષ ધર્મો :–** ત્રણે વર્ણ, ગાયો, તેમજ શ્રીકૃષ્ણાદિ દેવમંદિરોની નિષ્કપટ ભાવે સેવા કરવી, આ સેવા કરવાથી પ્રાપ્ત થતા અન્ન ધનાદિકથી સંતોષ પામવું, આ છ શૂદ્રોના સ્વાભાવિક ગુણરૂપ ધર્મો કહેલા છે.[૧૭]

**દ્વિજાતિ અને એક જાતિની વ્યાખ્યા :–** બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણ દ્વિજાતિ કહેવાય છે. ઉપવિત સંસ્કારના અભાવે શૂદ્રોને એક જાતિ મનાયેલા છે. તેમાં બ્રાહ્મણાદિક ત્રણનો સત્કુળમાં માતાપિતા થકી જે જન્મ તે પ્રથમ જન્મ કહ્યો છે, અને વેદોક્ત મૌંજી બંધનાદિક સંસ્કારો કર્યા પછી બીજો જન્મ કહેલો છે, તેથી તેઓ દ્વિજ એવા નામે કહેવાય છે.[૧૮-૧૯]

**દ્વિજાતિના સોળ સંસ્કારો :–** ગર્ભાધાન, પુંસવન, સીમંત, જાતકર્મ, નામકરણ, ચોથા માસે ગૃહબહિર્નિષ્ક્રમણ, છઠ્ઠામાસે અન્નપ્રાશન, તૃતીય વર્ષમાં ચૌલકર્મ, કર્ણવેધ, યજ્ઞોપવિત સંસ્કાર, વેદાધ્યયન આરંભવિધિ, વેદવ્રતની સમાપ્તિ પછી કરવામાં આવતું કેશવાપન કર્મ, સમાવર્તન, વિવાહસંસ્કાર, વિવાહ અગ્નિનો સ્વીકાર અને ત્રેતાગ્નિનો સંગ્રહ- અગ્નિહોત્ર નામનું કર્મ કરવું, આ સોળ સંસ્કારો કહેલા છે. તે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને માટે વેદોક્ત મંત્રોથી કરવાના કહ્યા છે.[૨૦-૨૨] તેમાં કર્ણવેધ પર્યંતના નવ સંસ્કારો ત્રણેવર્ણની સ્ત્રીઓ માટે વેદોક્ત મંત્ર રહિત કરવાના કહ્યા છે. તે ત્રણે વર્ણની સ્ત્રીઓના વિવાહ સંસ્કાર વેદોક્ત મંત્રથી કરવા, આ પ્રમાણે સ્ત્રીઓ માટે દશ સંસ્કાર કહેલા છે. અને આજ દશ સંસ્કારો શૂદ્રોને માટે પૌરાણિક મંત્રોથી કરવાના કહ્યા છે.[૨૩]

હે બ્રહ્મન્ ! સત્શૂદ્રોને દશ સંસ્કારો મંત્ર રહિત કરવાના કહ્યા છે,

शूद्रो वर्णश्चतुर्थोऽपि वर्णत्वाद्धर्ममर्हति । वेदमन्त्रस्वधास्वाहावषट्कारादिभिर्विना ॥२५॥
यज्ञदानादिकं मन्त्रैः पौराणैर्ब्राह्मणेरितैः । कुर्याच्च श्रृणुयाद्विप्रात्सपुराणं स भारतम् ॥२६॥
युगान्तरे तु नारीणामासीन्मौञ्जीनिबन्धनम् । अध्यापनं च वेदानां सावित्रीवाचनं तथा ॥२७॥
तत्रापि ब्रह्मवादिन्यः सद्योवध्वश्च सुव्रत ! बभूवुर्द्विविधा योषा द्विजानां तीक्ष्णबुद्धयः ॥२८॥
तत्राद्यानां व्रतस्थानामासीदग्नीन्धनं सदा । स्वगृहे भैक्षचर्या च ब्रह्मचर्यं तथाऽष्टधा ॥२९॥
अन्यासां तूपनयनाद्विवाहोऽभूच्च योषिताम् । एतत्कलौ निषिद्धं वै योषितां बुद्धिजाड्यतः ॥३०॥
अध्यापनं याजनं च विशुद्धाच्च प्रतिग्रहः । जीविकावृत्तयस्तिस्त्रो ब्राह्मणस्य प्रकीर्तिताः ॥३१॥
प्रतिग्रहं मन्यमानस्तपस्तेजोयशोनुदम् । अन्याभ्यामेव जीवेत्स शिलैर्वा दोषदृक् तयोः ॥३२॥

---

અસત્શૂદ્રોને કેવળ એક વિવાહ સંસ્કાર કરવાનો કહ્યો છે. આ ચોથો વર્ણ શૂદ્ર હોવા છતાં વર્ણમાં ગણતરી હોવાથી વેદમંત્ર, સ્વધા, સ્વાહા અને વષટ્કારાદિ વિના યજ્ઞકર્મમાં અધિકારી છે.[૨૪-૨૫] શૂદ્રોએ યજ્ઞ, દાન, આદિક ધર્મકાર્ય બ્રાહ્મણોએ ઉચ્ચારણ કરેલા પૌરાણિકમંત્રોથી કરવું, અને શ્રીમદ્ભાગવતાદિ પુરાણોએ સહિત મહાભારતની કથા બ્રાહ્મણોના મુખ થકી સાંભળવી.[૨૬] હે સદ્વર્તનવાળા વિપ્ર! સત્યાદિયુગમાં સ્ત્રીઓને માટે મૌંજીબંધન, ઉપનયન સંસ્કાર, વેદોનું અધ્યયન તથા ગાયત્રીનો પાઠ કરવો વિગેરે ક્રિયાની પ્રવૃત્તિ હતી.[૨૭] યુગાંતરમાં પણ ત્રણે વર્ણની સ્ત્રીઓમાં તીક્ષ્ણબુદ્ધિવાળી એવી બ્રહ્મવાદિની તથા સદ્યવધૂઓ એમ બે પ્રકારની સ્ત્રીઓની મધ્યે નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતનું આચરણ કરતી પહેલી બ્રહ્મવાદિની સ્ત્રીઓને નિરંતર અગ્નિહોત્ર કર્મ કરવું, પોતાના સંબંધીજનોને ઘેર ભિક્ષાવૃત્તિ કરવી, તેમજ અષ્ટ પ્રકારના બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતા પુરુષોનો ત્યાગ કરવો, વિગેરે કર્મોનું વિધાન હતું.[૨૮-૨૯] પરંતુ બીજા પ્રકારની જે સદ્યોવધુ હતી તેઓનો ઉપનયન સંસ્કાર પછી વિવાહ સંસ્કાર થતો અને અત્યારે કળિયુગમાં તેઓની બુદ્ધિ જડ હોવાના કારણે ઉપનયનાદિ સંસ્કારનો નિષેધ કર્યો છે.[૩૦]

**બ્રાહ્મણની આજીવિકાવૃત્તિ :–** અધ્યાપન કરવું-કરાવવું, યજ્ઞો કરાવવા, ધર્મનિષ્ઠ જનો પાસેથી દાન સ્વીકારવું, આ ત્રણ બ્રાહ્મણોની આજીવિકાવૃત્તિ કહેલી છે.[૩૧] અને બ્રાહ્મણ જો દાન સ્વીકારવામાં પોતાના તપ, સ્વધર્મ, તેજ અને યશનો નાશ થતો માને તો માત્ર અધ્યાપન અને યજ્ઞો કરાવવા, તેનાથી આજીવિકાવૃત્તિ ચલાવે, અને તેમાં પણ જો દોષનો ભય લાગે તો શિલોંચ્છવૃત્તિથી જીવન જીવે.[૩૨] તેવી જ રીતે પોતાના દેહનો નિર્વાહ ચાલે તે માટે

चतुर्विधा तथास्यान्या जीविकावृत्तिरुच्यते । मुख्यानुकल्पभेदेन देहनिर्वाहहेतुना ॥३३॥
वार्ता विचित्राः शालीनं यायावरशिलोञ्छनम् । विप्रवृत्तिश्चतुर्धेयं श्रेयसी चोत्तरोत्तरा ॥३४॥
शस्त्राजीव्यं क्षिते रक्षा परसैन्यस्य निर्जयः । राज्यं च नीत्या सहितं क्षत्रस्योक्ता हि जीविका ॥३५॥
कृषिवाणिज्यगोरक्षाः कुसीदं च तुरीयकम् । वार्ता वृत्तिश्चतुर्धेत्थं वैश्यस्योक्ता च जीविका ॥३६॥
सेवनं ब्राह्मणादीनां निश्छद्म क्रयविक्रयौ । शूद्रस्येति स्मृतिप्रोक्ता जीविकाऽस्ति द्विजोत्तम ! ॥३७
लवणं मधु तैलं च दधि तक्रं घृतं पयः । विक्रिणीयाच्छूद्रजातिर्न दोषस्तस्य विद्यते ॥३८॥
विक्रयो मद्यमांसादेरभक्ष्यस्य च भक्षणम् । अगम्यागमिता चौर्यं शूद्राणां पातहेतवः ॥३९॥
इत्येते द्विजवर ! कीर्तिता मया ते वर्णानां निगममता वृषाश्चतुर्णाम् ।
वक्ष्यामि क्रममनुसृत्य वेदगीतं सर्वांस्तान् परमहितानथाश्रमाणाम् ॥४०॥

---

**ગૌણ અને મુખ્યના ભેદથી બ્રાહ્મણોની અન્ય ચારપ્રકારની આજીવિકાવૃત્તિ કહેલી છે.[૩૩] પહેલી અનેકવિધ વાર્તા અર્થાત્ યોગ્યખેતી કે વ્યાપાર કરવો. બીજી શાલીનવૃત્તિ- કોઇ જાતના કકળાટ વિના માગ્યા વિના પ્રાપ્ત થતું અન્ન-ધન, અને ત્રીજી યાયાવરવૃત્તિ- પ્રતિદિન જરૂર પૂરતું ધાન્ય માગી લાવવું, અને ચોથી શિલોંચ્છવૃત્તિ- ખેતરોમાં રહી ગયેલા ધાન્યના એક એક દાણાને ભેળા કરી જે કાંઇ મળે તેનાથી જીવન ચલાવવું. આ ચાર પ્રકારની વૃત્તિમાં ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે એમ જાણવું.[૩૪]**

**ક્ષત્રિયો વૈશ્યો અને શૂદ્રોની આજીવિકા :–** **શસ્ત્ર, અસ્ત્ર ધારણ કરીને જીવવું, પૃથ્વીની ચોર આદિકથી રક્ષા કરવી, મનુષ્યોની રક્ષા કરવી, શત્રુ-સૈન્યપર વિજય મેળવવો, અને નીતિએ સહિત રાજયશાસન કરવું, આ ક્ષત્રિયોની આજીવિકાવૃત્તિ કહેલી છે.[૩૫] ખેતી, વેપાર, ગોરક્ષા, પશુપાલન અને વ્યાજવટું આ ચાર વૈશ્યોની આજીવિકાવૃત્તિ કહેલી છે.[૩૬] હે ઉત્તમ વિપ્ર ! બ્રાહ્મણાદિ ત્રણ વર્ણની નિષ્કપટભાવે સેવા કરવી અને ખરીદ-વેચાણ આદિકનો વેપાર કરવો, આ સ્મૃતિશાસ્ત્રમાં કહેલી શૂદ્રની આજીવિકા વૃત્તિ છે.[૩૭] મીઠું-લવણ, મધ, તેલ, દહીં, છાસ, ઘી, અને દૂધનો વેપાર કરવો, તેમાં તેને કોઇ દોષ નથી. પરંતુ દારુ, માંસ આદિક પદાર્થોનો વેપાર કરવો, અભક્ષ્ય વસ્તુ એવી ડુંગળી, લસણ આદિનું ભક્ષણ કરવું, પરસ્ત્રીનું ગમન કરવું, ચોરી કરવી, આ બધા શૂદ્રોને માટે પાપના કારણ મનાયેલા છે. તે કરવાથી નરકની પ્રાપ્તિ થાય છે.[૩૮-૩૯]**

**હે દ્વિજશ્રેષ્ઠ ! આ પ્રમાણે મેં વેદસંમત ચારે વર્ણોના ધર્મો તમને કહ્યા, હવે**

इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे चातुर्वर्ण्यधर्मनिरूपणनामा द्वितीयोऽध्यायः ॥२॥

---

## तृतीयोऽध्यायः - ३

श्रीनारायणमुनिरुवाच :-

ब्रह्मचर्यं च गार्हस्थ्यं वानप्रस्थश्च सन्मते ! । सन्न्यास इति चत्वार आश्रमाः परिकीर्तिताः ॥१॥
त्रैवर्णिकस्य चत्वार आश्रमा विहिता इमे । तुरीयमाश्रमं तेचिन्नेच्छन्ति क्षत्रवैश्ययोः ॥२॥
कीर्त्यमानान्मया तत्र द्विजातीनां यथोचितम् । ब्रह्मचर्याश्रमस्थानां धर्मानादौ श्रृणु द्विज ! ॥३॥
जातकर्मादिभिः पूर्वं संस्कारैः संस्कृतोऽपि सन् । उपनीत्यैव लभते द्विजत्वं द्विजबालकः ॥४॥

---

વેદોક્ત ક્રમાનુસાર પરમહિતકારી ચાર આશ્રમના સર્વે ધર્મો હું તમને કહું છું.[૪૦]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મના ઉપદેશમાં શ્રીહરિએ ચારે વર્ણના ધર્મોનું નિરૂપણ કર્યું એ નામે બીજો અધ્યાય પૂર્ણ થયો. --૨--**

---

## અધ્યાય - ૩

### ભગવાન શ્રીહરિએ બ્રહ્મચર્યાશ્રમના ધર્મોનું વિસ્તારથી કરેલું નિરૂપણ.

શ્રીનારાયણમુનિ કહે છે, હે રૂડી બુદ્ધિવાળા વિપ્ર ! બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ, આ ચાર પ્રકારના આશ્રમો કહેલા છે.[૧] તે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણવર્ણના જનો માટે જ કહ્યા છે. તેમાં કોઈ મુનિએ તો ક્ષત્રિય અને વૈશ્યને માટે છેલા સંન્યાસ આશ્રમનો પણ નિષેધ કરેલો છે. તેમાં એવો નિર્ણય સમજવો કે જેને તીવ્ર વૈરાગ્ય હોય તેને માટે નિષેધ નથી, પરંતુ મંદ વૈરાગ્યવાળા માટે જ નિષેધ છે.[૨] હે વિપ્ર ! તે ચાર આશ્રમને મધ્યે પ્રથમ બ્રહ્મચર્યાશ્રમમાં રહેલા દ્વિજાતિજનો માટેના ધર્મોનું યથાયોગ્ય હું વર્ણન કરૂં છું, તેને તમે સાંભળો.[૩] દ્વિજાતિના બાળકે પૂર્વે જાતકર્માદિ સંસ્કારો પ્રાપ્ત કર્યા હોય છતાં પણ જ્યારે તે ઉપનયન સંસ્કાર પ્રાપ્ત કરે છે, ત્યારે જ તેને દ્વિજત્વ પ્રાપ્ત થાય છે.[૪] બ્રાહ્મણ બાળકના ઉપનયન સંસ્કાર ગર્ભથી આઠમા વર્ષે, ક્ષત્રિયના

गर्भाष्टमेऽष्टमे वाब्दे ब्राह्मणस्योपनायनम् । एकादशे क्षत्रियस्य वैश्यस्य द्वादशे स्मृतम् ॥५॥
तीक्ष्णबुद्धेर्ब्राह्मणस्य पञ्चमेऽब्देऽपि शस्यते । अष्टमे क्षत्रियस्यापि वैश्यस्य नवमे तथा ॥६॥
ब्रह्मवर्चसकामो वा विप्रोऽब्दे पञ्चमेऽर्हति । बलार्थी मेखलां क्षत्रं षष्ठेऽर्थार्थ्यष्टमे च विट् ॥७॥
संस्कारेष्विह सर्वेषु द्विजत्वप्रापको ह्ययम् । मौञ्जीबन्धनस्ततः सम्यक् कर्तव्यः स यथाविधि ॥८

विप्रं वसन्ते क्षितिपं निदाघे वैश्यं धनान्ते व्रतिनं विदध्यात् ।
माघादिशुक्रान्तिमपञ्चमासाः साधारणा वा सकलद्विजानाम् ॥९॥
न जन्ममासे न च जन्मधिष्ण्ये न जन्मकालीयदिने विदध्यात् ।
ज्येष्ठे न मासि प्रथमस्य सूनोस्तथा सुताया अपि मङ्गलानि ॥१०॥

जन्ममासे तिथौ भे च विपरीतदले सति । कार्यं मङ्गलमित्याहुर्गर्गभार्गवशौनकाः ॥११॥
बृहस्पतेर्बलं दृष्ट्वा कर्तव्यमुपनायनम् । तस्मिंस्तु निर्बले कुर्याच्चैत्रे मीनगते रवौ ॥१२॥

---

અગિયારમે વર્ષે અને વૈશ્યના બારમે વર્ષે કરવાના કહેલા છે.[૫] તીક્ષ્ણબુદ્ધિવાળા બ્રાહ્મણ બાળકને ગર્ભથી પાંચમા વર્ષે, ક્ષત્રિયને આઠમા વર્ષે અને વૈશ્યને નવમા વર્ષે પણ ઉપનયન સંસ્કાર કરી શકાય છે.[૬] અથવા બ્રહ્મચર્યવ્રત પ્રાપ્ત કરવા ઈચ્છતો તીક્ષ્ણ બુદ્ધિવાળો બ્રાહ્મણ બાળક પાંચમે વર્ષે મેખલા- ઉપનયન ધારણ કરવાને યોગ્ય થાય છે, બળપ્રાપ્તિ કરવા ઈચ્છતો ક્ષત્રિય બાળક છઠ્ઠે વર્ષે મેખલા ધારણ કરવા યોગ્ય થાય છે. અને ધનપ્રાપ્તિ કરવા ઈચ્છતો વૈશ્ય બાળક આઠમે વર્ષે મેખલા ધારણ કરવા યોગ્ય થાય છે.[૭]

હે વિપ્ર ! આ સર્વે સંસ્કારોને મધ્યે મૌંજીબંધન - ઉપનયન સંસ્કાર દ્વિજપણું પ્રાપ્ત કરવામાં કારણભૂત છે. તેથી તે સંસ્કાર વિધિપૂર્વક રૂડી રીતે કરવો.[૮] બ્રાહ્મણને વસંતઋતુમાં, ક્ષત્રિયને ગ્રીષ્મઋતુમાં અને વૈશ્યને શરદઋતુમાં ઉપનયન સંસ્કાર કરવા. અથવા માઘમાસથી આરંભીને જેઠમાસ પર્યંતના પાંચ મહિનાઓ સર્વે દ્વિજાતિઓ માટે ઉપનયન સંસ્કારમાં યોગ્ય કહેલા છે.[૯] પુત્રના જન્મ મહિનામાં ઉપનયનાદિ મંગલ કાર્યો કરવાં નહિ, તેમજ જન્મનક્ષત્રમાં પણ કરવાં નહિ, તેમજ જન્મને દિવસે પણ મંગલકાર્યો કરવાં નહિ. પ્રથમ પુત્ર કે પુત્રીનાં પણ જેઠમાસમાં ઉપનયનાદિ મંગલ કાર્યો કરવાં નહિ.[૧૦] જન્મમાસમાં, જન્મનક્ષત્રમાં કે જન્મ તિથિના વિપરીત દળમાં અર્થાત્ શુદ પક્ષમાં જન્મ હોય તો વદપક્ષમાં ઉપનયનાદિ મંગલ કાર્ય કરવું, એવો ગર્ગાચાર્ય, ભાર્ગવમુનિ અને શૌનકમુનિનો મત છે.[૧૧]

स्वशाखेशबलं दृष्ट्वा लग्नशुद्धिं विलोक्य च । स्वस्वशाखानुसारेण पूर्वाह्णे व्रतमादिशेत् ॥१३॥
पितैवोपनयेत्पुत्रं तदभावे पितुः पिता । तदभावे पितुर्भ्राता तदभावेऽपि सोदरः ॥१४॥
शुद्धकार्पाससूत्रेण समेनात्रुटितेन च । स्थाने पवित्रे सङ्ख्यातं षण्णवत्याङ्गुलीषु च ॥१५॥
त्रिवृदूर्ध्ववृतं कार्यं तन्तुत्रयमधोवृतम् । त्रिवृतं चोपवीतं स्यात्तस्यैको ग्रन्थिरिष्यते ॥१६॥
यज्ञोपविते द्वे धार्ये श्रौते स्मार्ते च कर्मणि । तृतीयमुत्तरीयार्थे वस्त्राभावे तदिष्यते ॥१७॥
उपवीतं बटोरेकं द्वे तथेतरयोः स्मृते । एकमेव यतीनां स्यादित्याहुरपि केचन ॥१८॥
उपवीतं क्रमेण स्यात्कार्पासं शाणमाविकम् । सर्वेषां वा द्विजातीनां कार्पासं तत्प्रशस्यते ॥१९॥

---

દેવગુરૂ બૃહસ્પતિનું સામર્થ્ય જોઈને ઉપનયન સંસ્કાર કરવો. જો બૃહસ્પતિ નિર્બળ હોય તો ચૈત્ર માસમાં સૂર્ય મીન રાશીમાં વર્તો હોય ત્યારે સંસ્કાર કરવો.[૧૨] પોતાની સાખાના પતિનું સામર્થ્ય જોઈને અને માર્તંડચિંતામણિના કહેવા પ્રમાણેની લગ્નશુદ્ધિ જોઈને પોતપોતાની શાખાને અનુસારે દિવસના પૂર્વભાગમાં ઉપનયન સંસ્કાર કરવો.[૧૩] ઉપનયન આપવાનો અધિકાર કોને છે ? તે કહીએ છીએ. પિતાએ જ પુત્રનો ઉપનયન સંસ્કાર કરવો. જો તે ન હોય તો કાકાએ કરવો અને તે ન હોય તો મોટાભાઈએ ઉપનયન સંસ્કાર કરવો.[૧૪]

**યજ્ઞોપવીત બનાવવાની રીત :–** હે વિપ્ર ! પવિત્ર સ્થાનમાં બેસી સર્વે તંતુ સરખા ભાગે લેવા, તે તૂટેલા ન હોય, શુદ્ધ કપાસમાંથી તૈયાર કરેલા હોય તેવા લેવા. અને તે તંતુને ચાર આંગળીમાં છન્નુ વખત વીંટાળીને ગણવો, તે તંતુને ત્રેવડો કરી જમણો હાથ ઊંચો કરી તેમને વળ આપવો. વળી ફરી ત્રેવળો કરી ડાબો હાથ ઊંચો કરી તેમને વળ આપવો. આમ નવ વળ થયા. તેમને ફરી ત્રેવળો કરવો, ત્યારે તે યજ્ઞોપવીત તૈયાર થાય છે. આવી યજ્ઞોપવીતને એક ગાંઠ વાળવી બાકીનો વિસ્તાર કૃત્યચિંતામણિ થકી જાણવો.[૧૫-૧૬]

હે વિપ્ર ! અગ્નિહોત્રાદિ શ્રૌતકર્મમાં અને ગર્ભાધાન-સંસ્કારાદિ સ્માર્ત કર્મમાં બે યજ્ઞોપવીત ધારણ કરવી, ઉત્તરીયવસ્ત્રના અભાવમાં ત્રીજી યજ્ઞોપવિત ધારણ કરવી. જો ઉત્તરીય વસ્ત્ર ધારણ કરેલું હોય તો બે ધારણ કરવી.[૧૭] બ્રહ્મચારીએ એક યજ્ઞોપવીત ધારણ કરવી, ગૃહસ્થ તથા વાનપ્રસ્થે બે યજ્ઞોપવીત અને સન્યાસીએ એક યજ્ઞોપવીત ધારણ કરવી, એમ કેટલાકનો મત છે. જે અમને માન્ય છે.[૧૮] બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય ક્રમ પ્રમાણે કપાસ, શણ અને મેષલોમથી તૈયાર કરેલી યજ્ઞોપવિત ધારણ કરવી. અથવા ત્રણે વર્ણના દ્વિજોને માટે કપાસના

पृष्ठदेशे च नाभ्यां च धृते यद्विन्दते कटिम् । तद्धार्यमुपवीतं स्यान्नातिलम्बं नचोच्छ्रितम् ॥२०॥
विप्रस्य मेखला मौञ्जी मौर्वी राज्ञो विशस्तथा ।
शाणा सा प्रवरग्रन्थिस्त्रिवृच्छ्लक्ष्णा समा मता ॥२१॥
पालाशो दण्ड आमौलेर्बैल्वो वा ब्राह्मणस्य तु । न्यग्रोधजः खादिरो वा ललाटान्तो नृपस्य च ॥२२
नासान्तः पैलवो दण्डो वैश्यस्यौदुम्बरोऽपि वा । ऐणं रौरवमाजं च विप्रादेरजिनं मतम् ॥२३॥
उपविश्योत्तरे चाग्नेराचार्यः प्राङ्मुखः सुधीः । प्रत्यङ्मुखाय बटवे सावित्रीं समुपादिशेत् ॥२४॥
प्रदक्षिणं परीत्याग्निमुपस्थाय दिवाकरम् । दण्डाजिनोपवीताढ्यो बटुर्भिक्षेत्समेखलः ॥२५॥
ब्राह्मणक्षत्रियविशामादिमध्यावसानतः । भैक्षचर्या क्रमेण स्याद्भवच्छब्दोपलक्षिता ॥२६॥

---

તંતુમાંથી તૈયાર કરેલી પ્રશંસનીય કહેલી છે.[૧૯]

હે વિપ્ર ! જે યજ્ઞોપવીત, પાછળ પીઠથી લઇ નાભી સુધી ધારણ કરતાં, કેડ સુધી પહોંચે તે યજ્ઞોપવીત ધારણ કરવા યોગ્ય કહેલી છે. તેનાથી વધુ લાંબી કે, તેનાથી ઊંચી ધારણ ન કરવી.[૨૦] બ્રાહ્મણની મેખલા મુંજના તંતુમાંથી તૈયાર કરવી, ક્ષત્રિયની મેખલા કાશતંતુમાંથી તૈયાર કરવી અને વૈશ્યની મેખલા શણના તંતુમાંથી તૈયાર કરવી, અને તે મેખલા પોતાના પ્રવરની સંખ્યા પ્રમાણે ગાંઠો મારેલી, ત્રેવળી, સુંદર અને સરખી હોવી જોઇએ.[૨૧] હવે દંડની રીત, બ્રાહ્મણનો દંડ, પલાશ-ખાખરાનો અથવા બિલ્લીવૃક્ષના કાષ્ઠનો, કેશ પર્યંત લાંબો હોવો જોઈએ. ક્ષત્રિયનો દંડ વટવૃક્ષનો અથવા ખેરના વૃક્ષનો લલાટ પર્યંત હોવો જોઈએ અને વૈશ્યનો દંડ પીલુડીના અથવા ઉમરડાના કાષ્ઠનો નાસિકાના અગ્રભાગ પર્યંતનો લાંબો હોવો જોઈએ, હવે કોને કેવું અજીન ધારણ કરવું તે કહે છે, બ્રાહ્મણે કાળિયારમૃગનું અજીન ધારણ કરવું, ક્ષત્રિયે રુરુમૃગનું અને વૈશ્યે બકરાનું અજીન ધારણ કરવું.[૨૨-૨૩]

હે વિપ્ર ! હવે ગાયત્રીમંત્ર ઉપદેશનો વિધિ કહીએ છીએ. બુદ્ધિમાન આચાર્યે પૂર્વમુખે અગ્નિથી ઉત્તરની બાજુએ બેસવું અને પશ્ચિમદિશા તરફ મુખ રાખીને બેઠેલા બ્રહ્મચારીને ગાયત્રીમંત્રનો ઉપદેશ કરવો.[૨૪] હવે ભિક્ષાવિધિ કહીએ છીએ. બ્રહ્મચારીએ અગ્નિને પ્રદક્ષિણા આપી, સૂર્યનું અભિવાદન કરી, દંડ તથા મૃગચર્મ અને યજ્ઞોપવિતે યુક્ત થઇ મેખલા ધારણ કરીને ભિક્ષા કરવા જવું.[૨૫] તેમાં બ્રાહ્મણ બ્રહ્મચારીએ ''ભવતિ ભિક્ષાં દેહિ,'' ક્ષત્રિય બ્રહ્મચારીએ ''ભિક્ષાં ભવતિ દેહિ,'' અને વૈશ્ય બ્રહ્મચારીએ ''ભિક્ષાં દેહિ ભવતિ,'' આ પ્રમાણે બોલવું.

यावत्तु नोपनयनं क्रियते वै द्विजन्मनः । कामचेष्टोक्तिभक्ष्यस्तु तावद्भवति सुव्रत ! ॥२७॥
कृतोपनयनः सम्यक् ब्रह्मचारी स कीर्त्यते । द्विजश्च सोऽथ प्रयतो वसेद्गुरुगृहे व्रती ॥२८॥
मेखलाजिनवासांसि जटादण्डकमण्डलून् । बिभृयादुपवीतं च दर्भपाणिर्यथाविधि ॥२९॥
ईदृशो ब्रह्मचारी च शौचाचारसमन्वितः । आहूतोऽध्ययनं कुर्याद्वीक्षमाणो गुरोर्मुखम् ॥३०॥
आरम्भेऽन्ते च शिरसा पादयोः प्रणमेद्गुरोः । छन्दांसि समधीयीत त्यक्त्वाऽनध्यायवासरान् ॥३१॥
गुरुश्च ताडयित्वापि विद्यानध्यापयेत्स तम् । औद्धत्यनाशनार्थत्वान्न दोषः शिष्यताडने ॥३२॥
अधोभागे शरीरस्य शनैः कुर्वीत ताडनम् । नोत्तमाङ्गे न हृदये दोषभागन्यथा भवेत् ॥३३॥
लालयेत्पञ्च वर्षाणि दश वर्षाणि ताडयेत् । प्राप्ते तु षोडशे वर्षे पुत्रं मित्रवदाचरेत् ॥३४॥
ब्रह्मचारी गुरुं नित्यं विद्याकामो जितेन्द्रियः । सेवेत तद्ब्रह्मचर्यं चतुष्पादित्युदीर्यते ॥३५॥

---

**આ રીતે ક્રમશઃ ભવત્ શબ્દને પહેલાં, મધ્યે અને અંતે મૂકીને ભિક્ષાચરણ કરવું.[૨૬] હે સુવ્રત ! જ્યાં સુધી ત્રણે વર્ણના બાળકોનો ઉપનયન સંસ્કાર કરવામાં ન આવ્યો હોય ત્યાં સુધી જ તે ઈચ્છાનુસાર ફરી શકે કે જમી શકે છે, પરંતુ ઉપનયન સંસ્કાર થયા પછી ઈચ્છાનુસાર વર્તી શકે નહિ.[૨૭] કારણ કે રૂડી રીતે ઉપનયન સંસ્કાર પામેલો તે દ્વિજ બ્રહ્મચારી કહેવાય છે. એટલા માટે તેણે નિયમમાં તત્પર થઈ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરતાં ગુરુકુળમાં ગુરુને ઘેર નિવાસ કરવો.[૨૮] વિધિપૂર્વક હાથમાં દર્ભ ધારણ કરેલા બ્રહ્મચારીએ મેખલા, મૃગચર્મ, વસ્ત્રો, જટા, દંડ, કમંડલું અને યજ્ઞોપવીત ધારણ કરવાં.[૨૯] આવા પ્રકારના આચારે યુક્ત થઈ બ્રહ્મચારીએ ગુરુ બોલાવે ત્યારે ગુરુની સમીપે જવું, અને ગુરુના મુખ સામે દૃષ્ટિ રાખીને વેદોનું અધ્યયન કરવું.[૩૦] અધ્યયનના પ્રારંભમાં અને અંતે ગુરુના ચરણમાં મસ્તક ઝુકાવી નમસ્કાર કરવા, અનધ્યયનના દિવસોને છોડી બાકીના દિવસોમાં જ વેદાધ્યયન કરવું.[૩૧]**

**હે વિપ્ર ! ગુરુએ શિષ્યને તાડન કરીને પણ વિદ્યાનો અભ્યાસ કરાવવો. શિષ્યની ઉદ્ધતાઈ છોડાવવા માટે તેને તાડન કરવામાં ગુરુને દોષ લાગતો નથી.[૩૨] ગુરુએ શિષ્યના શરીરના નીચેના ભાગમાં ધીરેથી તાડન કરવું પરંતુ મસ્તક કે હૃદયમાં તાડન ન કરવું. જો આવા ઉત્તમ અંગો ઉપર તાડન કરે તો ગુરુ દોષના ભાગી થાય છે.[૩૩] શાસ્ત્રાનુસાર પાંચ વર્ષ પર્યંત પુત્રનું લાલન-પાલન કરવું, ત્યાર પછીના દશ વર્ષ પર્યંત તાડન કરવું, અને સોળમું વર્ષ પ્રાપ્ત થાય ત્યારે તેમની સાથે મિત્રની જેમ આચરણ કરવું.[૩૪] વિદ્યા પ્રાપ્ત કરવા ઈચ્છતા બ્રહ્મચારીએ જીતેન્દ્રિય**

आचार्यमेव पितरौ ज्ञात्वा द्रोहादिवर्जितः । शिष्यवृत्त्याऽऽप्नुयाद्विद्यां पादोऽयं प्रथमोऽस्य हि ॥३६
गुरोः पत्नीं च पुत्रं च विनयान्मानयन् शुचिः । जितेन्द्रियोऽभ्यसेद्विद्यां द्वितीयः पाद इत्ययम् ॥३७
उपकारं गुरुकृतं निजजाड्यविनाशनम् । जानन्सेवेत तं प्रीत्या तृतीयः पाद इत्ययम् ॥३८॥
आचार्यस्य प्रियं कुर्याद्वाङ्मनःकायकर्मभिः । प्राणैर्धनैश्चाप्रमत्तः पादस्तुर्योऽयमस्य च ॥३९॥
ज्ञानं सत्यं तितिक्षा हीरमात्सर्यं धृतिस्तपः । शमो दमोऽनसूया च दानं यज्ञो गुणा अमी ॥४०॥
कामः क्रोधः शोकमोहौ तृष्णेर्ष्या चाकृपा स्पृहा । लोभोऽसूया जुगुप्सा च मानो दोषो इमे मताः ॥४१
त्यक्त्वा दोषान् द्वादशैतान् युक्तो द्वादशभिर्गुणैः । वेदाभ्यासं प्रकुर्वीत वेदार्थं च विचिन्तयेत् ॥४२
सायं प्रातरुपासीत वह्निं चार्कं समाहितः । प्रातःसन्ध्यां जपं कृत्वा गुर्वादीन्प्रणमेत्स च ॥४३॥

---

થઈ નિત્યે ગુરુની સેવા કરવી, વિદ્યા પ્રાપ્તિના અંગભૂત બ્રહ્મચર્યનાં ચાર ચરણ છે.[૩૫]

**બ્રહ્મચારી માટે વિદ્યાપ્રાપ્તિનાં ચાર ચરણ :–** આચાર્ય એવા ગુરુને જ પોતાનાં માતા, પિતા જાણી તેમનો કોઈ પણ પ્રકારનો દ્રોહ નહીં કરીને વિનયાદિ શિષ્યોના ધર્મોનું પાલન કરતાં કરતાં વિદ્યા ભણવી, આ બ્રહ્મચર્યનું પ્રથમ ચરણ કહેલું છે.[૩૬] ગુરુપત્ની અને ગુરુપુત્રને વિનયથી માન આપતાં બહાર અંદર પવિત્રપણે વર્તી જીતેન્દ્રિય થઈ વિદ્યાનો અભ્યાસ કરવો એ બ્રહ્મચર્યનું બીજું ચરણ છે.[૩૭] ગુરુએ વિદ્યા ભણાવવારૂપ કરેલો ઉપકાર પોતાની જડતાનો વિનાશ કરનાર છે, એમ જાણી પ્રીતિથી ગુરુની સેવા કરવી, તે બ્રહ્મચર્યનું ત્રીજું ચરણ છે.[૩૮] આળસ છોડી સાવધાન થઈ કાયા, મન, વાણી, પ્રાણ, તથા ધન અર્પણ કરીને ગુરુનું પ્રિય કરવું, એ બ્રહ્મચર્યનું ચોથું ચરણ કહેલું છે.[૩૯]

**વિદ્યાર્થીના બારગુણો અને બાર દોષો :–** હે વિપ્ર ! વિદ્યાના બાર ગુણો કહેલા છે, તેમાં આત્મા-પરમાત્મા સંબંધી યથાર્થ જ્ઞાન, કોઈનો દ્રોહ ન થાય તેવું સત્ય ભાષણ, ક્રોધ ઉત્પન્ન થાય તેવું કારણ હોવા છતાં સહનશીલ સ્વભાવ, નહીં કરવા યોગ્ય કાર્ય કરવામાં શરમ, મત્સર દોષનો અભાવ, આપત્કાળમાં પણ ધીરજ, તપ, શમ, દમ, અનસૂયા, પાત્રમાં દાન અર્પણ,અને વિષ્ણુની પૂજા કરવી. આ બાર વિદ્યાર્થીના ગુણો મનાયેલા છે.[૪૦] તેમજ કામ, ક્રોધ, શોક, મોહ, તૃષ્ણા, ઈર્ષ્યા, નિર્દયતા, પદાર્થોની સ્પૃહા, દ્રવ્ય વાપરવામાં લોભ, પરના ગુણોમાં દોષ જોવારૂપ અસૂયા, પરની નિંદા અને માન આ બાર વિદ્યાર્થીઓના દોષો મનાયેલા છે.[૪૧] તે બાર દોષોનો ત્યાગ કરી બાર ગુણોએ યુક્ત થઈ બ્રહ્મચારીએ વેદાભ્યાસ કરવો, અને સર્વકાળ વેદાર્થનું ચિંતવન કર્યા કરવું.[૪૨]

अभिवादनशीलस्य वृद्धसेवारतस्य च । आयुर्यशो बलं बुद्धिर्वर्धतेऽहरहोऽधिकम् ॥४४॥
सायं प्रातश्चरेद्भैक्षं पवित्रद्विजवेश्मसु । निवेद्य गुरुवे तच्च भुञ्जीत तदनुज्ञया ॥४५॥
अनारोग्यमनायुष्यमस्वर्ग्यं चातिभोजनम् । अपुण्यं लोकविद्विष्टं तस्मात्तत्परिवर्जयेत् ॥४६॥
नैकस्यान्नं समश्नीयान्नित्यं वर्णी ह्यनापदि । ब्राह्मणः काममद्याच्च श्राद्धे व्रतमपीडयन् ॥४७॥
तिष्ठेत्कृताञ्जलिर्भक्त्या गुरोरभिमुखं सदा । त्वमत्रोपविशेत्युक्तस्तस्यासीत पुरः स तु ॥४८॥
गुरोश्च चक्षुर्विषये न यथेष्टासनो भवेत् । नचैवास्यानुकुर्वीत गतिभाषितचेष्टितम् ॥४९॥
गुरोर्निन्दा भवेद्यत्र सद्य उत्थाय तत्स्थलात् । कर्णौ पिधाय गच्छेद्वा शिक्षयेन्निन्दकान्प्रभुः ॥५०॥
दूरस्थो नार्चयेदेनं न क्रुद्धो नान्तिके स्त्रियाः । नचैवास्योत्तरं ब्रूयादुच्चशब्देन कर्हिचित् ॥५१॥

---

બ્રહ્મચારીએ સાવધાન થઈ સાંજે તથા પ્રાતઃકાળે અગ્નિ અને સૂર્યની ઉપાસના કરવી. પ્રાતઃસંધ્યા અને ગાયત્રી મંત્રનો જપ કરીને ગુરુ આદિકને વંદન કરવા.[૪૩] ગુરૂ આદિકનું અભિવાદન કરવાના સ્વભાવવાળા તથા જ્ઞાનવૃદ્ધની સેવા કરવામાં પ્રીતિવાળા બ્રહ્મચારીની આયુષ્ય, યશ, બલ અને બુદ્ધિ પ્રતિદિન અધિકને અધિક વૃદ્ધિ પામે છે.[૪૪] પ્રાતઃકાળે અને સાયંકાળે પવિત્ર બ્રાહ્મણના ઘરની ભિક્ષા કરવી, તે ભિક્ષાં મળેલા અન્નનું ગુરુની આગળ નિવેદન કરી તેમની આજ્ઞાથી જમવુ.[૪૫] અતિભોજન આરોગ્યકર થતું નથી. આયુષ્યની વૃદ્ધિ કરનારૂં, સ્વર્ગને આપનારૂં કે ધર્મની વૃદ્ધિ કરનારૂં થતું નથી. પરંતુ લોકનિંદાને માટે થાય છે. તેથી અતિભોજનનો સર્વ પ્રકારે ત્યાગ રાખવો.[૪૬] વળી તે બ્રહ્મચારીએ આપત્કાળ પડ્યા વિના નિરંતર એક જ ઘરનું અન્ન ન જમવું. બ્રાહ્મણજાતિના બ્રહ્મચારીએ પોતાના નિયમને નહીં છોડીને કદાચિત કોઈ શ્રાદ્ધમાં ભોજન કરવા બોલાવે તો ઈચ્છાનુસાર ભોજન કરવું, અહીં જાતિએ કરીને બ્રાહ્મણ કહ્યું તેનું કારણ એ છે કે ક્ષત્રિયાદિ બ્રહ્મચારીઓએ શ્રાદ્ધમાં જમવા જવું નહિ.[૪૭]

વળી બ્રહ્મચારીએ હમેશાં ભક્તિભાવની સાથે બે હાથ જોડીને ગુરુની આગળ ઊભા રહેવું. તું અહીં બેસ, એમ ગુરુજી કહે ત્યારે જ તેમની સન્મુખ બેસવું.[૪૮] ગુરુની નજર આગળ પોતાની ઈચ્છાનુસાર બેસવું નહિ, તેમજ ગુરુની ચાલ, બોલી, કે ચેષ્ટાનું અનુકરણ કરી હાંસી ઉડાવવી નહિ.[૪૯] જ્યાં કોઈ ગુરુજીની નિંદા કરતું હોય ત્યાંથી તત્કાળ ઉઠી જવું, કાન બંધ કરી દેવા, અથવા જો શક્તિશાળી હોય તો પોતાના ગુરુની નિંદા કરનારને શિક્ષા કરવી.[૫૦] ગુરુની પૂજા દર્શન દૂર ઊભીને ન કરવાં. ક્રોધ કરવા પૂર્વક પૂજા ન કરવી. ગુરુપત્ની બાજુમાં

उदकुम्भं कुशान्पुष्पं समिधोऽस्याहरेत्सदा । मार्जनं लेपनं नित्यमङ्गानां च समाचरेत् ॥५२॥
नास्य निर्माल्यशयने पादुकोपानहावपि । आक्रामेदासनं छायां मञ्चकं वा कदाचन ॥५३॥
साधयेद्दन्तकाष्ठादीन्कृत्यं चास्मै निवेदयेत् । अनापृच्छ्य न गच्छेत्तं क्वापि स प्रियकृद्गुरोः ॥५४॥
पादौ प्रसार्य पुरतो गुरोर्नासीत कर्हिचित् । आस्फोटनं चाट्टहासं न कुर्यात्तत्र च स्वपिम् ॥५५॥
धावन्तमनुधावेच्च गच्छन्तं गुरुमन्वियात् । नोदाहरेच्च तन्नाम ब्रूयान्नापृष्टमुत्तरम् ॥५६॥
जितेन्द्रियः स्यात्सततं वश्यात्माऽक्रोधनः शुचिः । प्रयुञ्जीत सदा वाचं मधुरां गुरुसन्निधौ ॥५७॥
स्त्रीणां कथायाः श्रवणं कीर्तनं प्रेक्षणं तथा । सङ्कल्पं क्रीडनं ताभिर्निश्चयं गुह्यभाषणम् ॥५८॥
वर्जयेत्प्रयतो नित्यं तत्स्पर्शं तु विशेषतः । स्त्रीसङ्गिसंगं च बटुर्न कुर्यात्कर्हिचिद्व्रती ॥५९॥
गुरुवद्गुरुपत्नी च पूज्या च गुरुपुत्रकः । अवमानं न कुर्वीत तयोरपि कदाचन ॥६०॥

---

બેઠાં હોય ત્યારે પણ પૂજા, દર્શન ન કરવાં. ગુરુને ઉચ્ચ સ્વરે ક્યારેય સામે જવાબ ન વાળવો.[૫૧] ગુરુજીને પાણીનો ઘડો ભરી આપવો, દર્ભ, પુષ્પ કે સમિધ લાવી આપવાં, અંગ ઉપર તેલમર્દન કરી આપવું, યોગ્ય સમયે શરીર ઉપર ચંદનનો લેપ કરવો.[૫૨] ગુરુએ ઉતારીને મૂકેલી પુષ્પમાળા, ગુરુની શય્યા, પાદુકા, આસન, છાયા અને ખાટલાનું ક્યારેય ઉલ્લંઘન કરવું નહિ.[૫૩] ગુરુનું પ્રિય કરનારા બ્રહ્મચારીએ તેમને દાતણ કરવા માટે લાવી આપવું, ગુરુના સંબંધી જનોને પણ જેની જરૂરત હોય તે દાતણ આદિ લાવીને તેમને આપવા માટે પોતાની પાસે રાખવું. પોતાને જે કાંઇ પણ કરવાની ઇચ્છા હોય તે ગુરુને જણાવવું. ગુરુજીને પૂછ્યા વિના કોઇ પણ સ્થળે જવું નહિ.[૫૪] ગુરૂની આગળ ક્યારેય પણ લાંબા પગ કરીને બેસવું નહિ. મલ્લની જેમ ભુજાઓ ઠપકારવી નહિ. ખડખડાટ હસવું નહિ અને શયન કરવું નહિ.[૫૫] ઉતાવળી ગતિએ ચાલતા ગુરુની પાછળ શિષ્યે ઉતાવળા ચાલવું, ધીરે ચાલતા હોય ત્યારે તેજ રીતે અનુસરવું. ગુરુના નામનો ઉચ્ચાર કરવો નહિ, ગુરુની અનુમતિ વિના પ્રશ્નનો ઉત્તર પણ આપવો નહિ.[૫૬]

નિરંતર જીતેન્દ્રિય, જિતઅંતઃકરણ, જિતક્રોધ ને બહાર અંદર પવિત્ર રહેવું. ગુરુની આગળ હમેશાં મધુરવાણી બોલવી.[૫૭] સ્ત્રીઓની કથાનું શ્રવણ, કીર્તન, દર્શન, સંકલ્પ, ક્રીડા, એકાંતમાં ભાષણ અને સ્ત્રી સંબંધી નિશ્ચયનો બ્રહ્મચારીએ નિયમમાં તત્પર થઇ હમેશાં ત્યાગ રાખવો. તેમના અંગના સ્પર્શનો તો વિશેષે કરીને ત્યાગ રાખવો. વળી બ્રહ્મચારીએ સ્ત્રીનો સંગ કરનાર સ્ત્રીલંપટ પુરુષોનો ક્યારેય પણ સંગ ન કરવો.[૫૮-૫૯] ગુરુપત્નીને ગુરુની જેમ જ આદર

अभ्यञ्जनं स्नापनं च गात्रसम्भर्दनं तथा । गुरुपत्न्या न कुर्वीत केशानां च प्रसाधनम् ॥६१॥
गुरुपत्नीति युवतिर्नाभिवाद्या हि पादयोः । कुर्वीत वन्दनं भूमावसावहमिति ब्रुवन् ॥६२॥
अङ्गस्पर्शो न कर्तव्यो गुरुपत्न्या अपि क्वचित् । तेनापि व्रतभङ्गः स्याद्यतोऽत्र ब्रह्मचारिणः ॥६३॥
पितृष्वसा मातृष्वसा भ्रातृजाया च मातुली । गुरुपत्नीव मान्याश्च जननी भगिनी तथा ॥६४॥
गुरोस्त्यागो न कर्तव्यः कर्हिचिद्ब्रह्मचारिणा । कामाल्लोभाच्च मोहाच्च तं त्यक्त्वा पतितो भवेत् ॥६५
गुरोरप्यवलिप्तस्य कार्याकार्यमजानतः । उत्पथं प्रतिपन्नस्य मनुस्त्यागं समब्रवीत् ॥६६॥
लौकिकं वैदिकं वापि ज्ञानमाध्यात्मिकं यतः । आददीत न तं क्वापि गुरुं शिष्योऽवमानयेत् ॥६७
अहेरिव गणाद्भीतः सौहित्यान्मरणादिव । राक्षसीभ्य इव स्त्रीभ्यः स विद्यामधिगच्छति ॥६८॥
द्यूतं पुस्तकशुश्रूषा वाटिकासक्तिरेव च । स्त्रियस्तन्द्रा च निद्रा च विद्याविघ्नकराणि षट् ॥६९ ॥

---

આપવો, ગુરુપુત્રને પણ ગુરુની જેમ જ પૂજવો. ક્યારેય પણ ગુરુપત્ની અને ગુરુપુત્રનું અપમાન ન કરવું.[૬૦] ગુરુની જેમ આદરનું કહ્યું ,તેમાં ગુરુપત્નીના અંગ ઉપર તૈલમર્દન, સ્નાન, પાદસેવન, કેશપ્રસાધન ન કરવું.[૬૧] જો ગુરુપત્ની યુવાન હોય તો ચરણ સ્પર્શ કર્યા વિના ભૂમિપર વંદન કરતાં કરતાં પોતાના ગોત્ર અને શાખાનું ઉચ્ચારણ કરી હું તમને નમસ્કાર કરું છું, એમ બોલવું.[૬૨] પરંતુ ચરણમાં માથું સ્પર્શવા દેવું નહિ. ગુરુપત્નીના અંગનો ક્યારેય પણ સ્પર્શ કરવો નહિ, કારણ કે જો સ્પર્શ કરે તો બ્રહ્મચારીના બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય છે.[૬૩] પિતાની બહેન-ફૂઈ, માતાની બહેન-માસી, ભાઈની પત્ની, પોતાની માતા, અપરમાતા અને બહેન આ સર્વેને ગુરુપત્નીની જેમ પૂજ્ય માનવાં.[૬૪] બ્રહ્મચારીએ ક્યારેય પણ ગુરુનો ત્યાગ ન કરવો. કામ, લોભ, અને મોહને કારણે ગુરુનો ત્યાગ કરે છે, તેની અધોગતિ થાય છે.[૬૫]

હે વિપ્ર ! વિદ્યાદિકના ગર્વને કારણે શાસ્ત્રવિહિત કાર્ય-અકાર્યને નહીં જાણતા અને વિવેક ભૂલી કુમાર્ગે ગમન કરતા ગુરુનો ત્યાગ કરવાનું મનુએ કહેલું છે.[૬૬] જે ગુરુ પાસેથી લૌકિક, વૈદિક કે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થયું હોય તે ગુરુની શિષ્યે ક્યારેય પણ અવગણના કરવી નહિ.[૬૭] વળી બ્રહ્મચારીએ જનસમુદાય થકી કાળા સર્પની જેમ ભય પામવું. મિષ્ટાન્ન ભોજનથી મૃત્યુની જેમ ભય પામવું, અને સ્ત્રી થકી રાક્ષસીની જેમ ભય પામવું, આવી રીતનો સાવધાન બ્રહ્મચારી જ વિદ્યાને પ્રાપ્ત કરી શકે છે.[૬૮] પાસા (પત્તા) ખેલવા, પુસ્તકની બહુ શુશ્રૂષા કરવી, સ્ત્રીઓની સાથે વાર્તાલાપ કરવો, તેને વારંવાર જોવી, આળસ અને અતિશય નિદ્રા

विद्यामेवमधीयानो ब्रह्मचारी गुरोर्गृहे । वसंस्त्रिषवणस्नायी कुसङ्गं परिवर्जयेत् ॥७०॥
पुष्पस्त्रजश्चदनं च रसासक्तिं च कुङ्कुमम् । सुगन्धिद्रव्यसम्पर्कं वर्जयेद्दन्तधावनम् ॥७१॥
अभ्यङ्गं चाञ्जनं छत्रमादर्शालोकनं तथा । व्रती स वर्जयेद्द्यूतं गीतवादित्रनर्तनम् ॥७२॥
प्राणिहिंसां च पैशुन्यं कामं लोभं भयं तथा । वर्जयेन्मधु मांसं च ह्यभक्ष्यं लशुनादिकम् ॥७३॥
सन्ध्ययोश्च दिवास्वापं निशश्चाद्यन्तयामयोः । वर्जयेच्च प्रयत्नेन परीवादमुपानहौ ॥७४॥
अनृत्यदर्शी च भवेद्ग्राम्यगीतं च सर्वथा । शृणुयान्न व्रती धीरो नानृतं च वदेद्वचः ॥७५॥
न मञ्चे शयनं कुर्यान्न च ताम्बूलभक्षणम् । तत्तत्कालोचितं सर्वं वेदिकं विधिमाचरेत् ॥७६॥

---

કરવી,આ છ વિદ્યાભ્યાસમાં વિઘ્ન કરનારાં કહેલાં છે.[૬૯] આ પ્રમાણે વિદ્યાભ્યાસ કરતાં કરતાં શિષ્યે ગુરુને ઘેર નિવાસ કરવો, ત્રિકાલ સ્નાન કરવું ને કુસંગનો ત્યાગ કરવો.[૭૦]

હે વિપ્ર ! બ્રહ્મચારીએ પુષ્પમાલા ધારણ ન કરવી, શરીર ઉપર અત્તર, ચંદનાનિદકનો રાગ ન કરવો, બહુ પ્રકારના રસાસ્વાદમાં આસક્તિ ન રાખવી, શરીર ઉપર કુંકુમ ન ધારવું, સુગંધીમાન પુષ્પાદિકનો સંબંધ ન રાખવો, દાંતને ઘસીને અતિશય ઉજળા ન કરવા.[૭૧] વળી બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરનાર બ્રહ્મચારીએ અંગે તેલમર્દન કરી સ્નાન ન કરવું, નેત્રમાં આંજણ ન આંજવું,છત્રી ધારણ ન કરવી, અરીસામાં મુખ જોવું નહિ, દ્યુતક્રીડાનો ત્યાગ રાખવો. ગીત વાજિંત્ર અને નૃત્યનો પણ ત્યાગ રાખવો.[૭૨] પ્રાણિમાત્રનો દ્રોહ ન કરવો, ચાડી ચુગલી કરવી નહિ, લોભ, કામ અને ભયનો ત્યાગ કરવો, મધ અથવા મદ્ય અને માંસભક્ષણ ક્યારેય કરવું નહિં, લસણ, ડુંગળી આદિક અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ ન કરવું.[૭૩] બ્રહ્મચારીએ પ્રાતઃ કે સાયંકાળે દિવસે કે રાત્રીના પહેલા અને છેલ્લા યામમાં નિદ્રાનો પ્રયત્નપૂર્વક ત્યાગ રાખવો, કોઈની નિંદા ન કરવી, પગરખાં ન પહેરવાં, ધીરજશાળી બ્રહ્મચારીએ નાટક, ચેટક જોવાં નહિ, સાંસારિક ગીતો નું શ્રવણ તો સર્વ પ્રકારે ન કરવું, અસત્યવાણી ન બોલવી, જો પોતાનો કે પારકાનો દ્રોહ થાય એમ હોય તો સત્ય વાણી બોલવી નહિ, તે સમયે અસત્ય બોલવામાં દોષ નથી.[૭૫] વળી બ્રહ્મચારીએ ખાટલા ઉપર સૂવું નહિ, તાંબુલનું ભક્ષણ કરવું નહિ, તેમજ સમયે સમયે કરવા યોગ્ય સ્નાન સંધ્યાદિ સમગ્ર વૈદિક વિધિનું અનુષ્ઠાન અવશ્ય કરવું.[૭૬]

उपाकर्म च वेदानां कुर्वीत हि यथाविधि । बह्वृचः श्रावणे मासि पूर्वाह्णे श्रवणाख्यभे ॥७७॥
यजुर्वेदी च तन्मासे पौर्णमास्यां विधानतः । मध्याह्ने तत्प्रकुर्वीत हस्तर्क्षे तत्र सामगः ॥७८॥
सङ्क्रान्तिर्ग्रहणं वापि यदि पर्वणि जायते । श्रावणे हस्तयुक्तायां पञ्चम्यां वा तदिष्यते ॥७९॥
अर्धरात्रादधस्ताच्चेत् सङ्क्रन्तिर्ग्रहणं भवेत् । उपाकर्म न कुर्वीत परतश्चेन्न दोषकृत् ॥८०॥
पौषमासस्य रोहिण्यामष्टकायामथापि वा । जलान्ते छन्दसां कुर्यादुत्सर्गं च द्विजो बहिः ॥८१॥
उपाकर्मदिनेऽप्येके वेदोत्सर्गं प्रकुर्वते । कर्मणोरुभयोरत्र ऋषीणां पूजनं स्मृतम् ॥८२॥
एवमांचारसम्पन्नमात्मवन्तमदाम्भिकम् । वेदशास्त्रपुराणानि गुरुरध्यापयेत्स तम् ॥८३॥

**વેદાધ્યયન શરૂ કરવાનો વિધિ :–** પોતાના ગૃહ્યસૂત્રને અનુસારે બ્રહ્મચારીએ વેદોનું ઉપાકર્મ (અધ્યયન કરવાની શરૂઆત) કરવું, તેમાં ઋગ્વેદી બ્રહ્મચારીએ શ્રાવણ માસમાં શ્રવણ નક્ષત્રમાં દિવસના પૂર્વભાગમાં ઉપાકર્મ કરવું. યજુર્વેદી બ્રહ્મચારીએ શ્રાવણમાસની પૂર્ણિમાની તિથિએ મધ્યાહ્ને વિધિપૂર્વક ઉપાકર્મ કરવું. સામવેદી બ્રહ્મચારીએ શ્રાવણમાસમાં હસ્ત નક્ષત્રમાં ઉપાકર્મ કરવું.[૭૭] જો શ્રાવણ માસમાં સૂર્ય સિંહ રાશિને સ્થાને હોય તો જ કરવું, નહિ તો ભાદરવા માસમાં ઉપાકર્મ કરવું, સામવેદીઓએ ઉપાકર્મની શરૂઆત બપોર પછીના સમયથી કરવી.[૭૮] જો શ્રાવણ મહિનાની પૂર્ણિમાને દિવસે સંક્રાંત પર્વણિ હોય, સૂર્યનું બીજી રાશિમાં સંક્રમણ થતું હોય અથવા ચંદ્રગ્રહણ હોય તો શ્રાવણ મહિનામાં હસ્ત નક્ષત્ર યુક્ત કોઈ પણ તિથિને દિવસે અથવા પાંચમને દિવસે ઉપાકર્મ કરવું, યોગ્ય મનાયેલું છે.[૭૯] જો મધ્યરાત્રીના પહેલા ભાગમાં સંક્રાંતિ હોય કે ગ્રહણ હોય તો ઉપાકર્મ કરવું નહિ, ને જો પછીના ભાગમાં સંક્રાંતિ કે ગ્રહણ હોય તો પૂર્ણિમાને દિવસે ઉપાકર્મ કરવું દોષરૂપ નથી.[૮૦]

**વેદાધ્યયન સમાપ્ત કરવાનો વિધિ :–** હે વિપ્ર ! વેદાધ્યયનને પ્રારંભ કરવાનો વિધિ કહ્યો, હવે વેદાધ્યયનનો ઉત્સર્ગ (સમાપ્તિ) કરવાનો વિધિ કહું છું. પોષ માસના રોહિણી નક્ષત્રમાં અથવા અષ્ટકાના (વદ સાતમ, આઠમ અને નવમી)ને દિવસે ગામની બહાર જળાશયની સમીપે બ્રહ્મચારીએ વેદોનો ઉત્સર્ગ વિધિ કરવો.[૮૧] કેટલાક મુનિઓ વેદના ઉપાકર્મને દિવસેજ વેદોત્સર્ગ વિધિ પણ કરે છે, આ બન્ને કર્મમાં ઋષિઓનું પૂજન કરવાનું કહેલું છે.[૮૨] આવા પ્રકારના સદાચારે યુક્ત, ધીરજશાળી ને નિર્દંભી બ્રહ્મચારીને ગુરુએ વેદ શાસ્ત્ર અને પુરાણોનો અભ્યાસ કરાવવો.[૮૩] બહુ સમય પર્યંત બ્રહ્મચારીની પરીક્ષા કરીને

बहुनापि च कालेन परीक्ष्य ब्रह्मचारिणम् । उपादिशेद्गुरुर्ज्ञानं भूत्वा निष्कपटोऽखिलम् ॥८४॥
वेदं वेदौ च वेदान्वा सोऽप्यधीत्य यथारुचि । गुरवे दक्षिणां दत्त्वा समावर्तेत च द्विजः ॥८५॥
गृहं वनं वा प्रविशेत्प्रव्रजेद्वा विलोक्य सः । मन्दत्वं मध्यमत्वं च स्ववैराग्यस्य तीव्रताम् ॥८६॥
चतुर्विधो ब्रह्मचारी कथ्यते द्विजसत्तम ! सावित्रः प्राजापत्यश्च ब्राह्मो नैष्ठिक इत्यसौ ॥८७॥
प्राप्योपनयनं सम्यग्गायत्रीं प्रपठन्व्रतम् । दिनत्रयं धारयेद्यः प्रथमः स प्रकीर्तितः ॥८८॥
द्वितीयस्तु पठन्वेदं व्रती संवत्सरं भवेत् । आवेदग्रहणाद्वापि द्वादशाब्दान्व्रती परः ॥८९॥
यावज्जीवं चतुर्थस्तु तिष्ठेद्गुरुकुले व्रती । उत्तरोत्तरतः श्रैष्ठ्यं ज्ञेयमेतस्य निश्चितम् ॥९०॥
अज्ञानान्मांसमिश्रं वा सुरासंसृष्टमेव वा । पुनः संस्कारमर्हन्ति भुक्त्वाऽन्नादि द्विजातयः ॥९१॥
सेवमानो गुरुं सोऽपि व्रतं स्वं पालयेत् दृढम् । अज्ञानाज्ज्ञानतो वापि तच्च्युतौ निष्कृतं चरेत् ॥९२

---

ગુરુએ નિષ્કપટ થઈને સમગ્ર જ્ઞાનનો શિષ્યને ઉપદેશ આપવો અને સામે શિષ્યે પણ રુચિ અનુસાર એક, બે, ત્રણ અથવા ચાર વેદનું અધ્યયન કરી ગુરુને દક્ષિણાઆપી ગુરુની આજ્ઞા લઈ વેદાધ્યયનવ્રત્તની સમાપ્તિનો સમાવર્તન સંસ્કાર કરવો.[૮૪-૮૫] બ્રહ્મચારીએ પોતાના વૈરાગ્યની મંદતા, મધ્યમતા અને તીવ્રતાને જોઈ ઘેર જવું, જેમ કે મંદ વૈરાગ્યવાળા બ્રહ્મચારીએ ગૃહસ્થાશ્રમી થવું, મધ્યમ વૈરાગ્યવાળાએ વાનપ્રસ્થી અને તીવ્રવૈરાગ્યવાળાએ સાંન્યાસી કે નૈષ્ઠિકબ્રહ્મચારી થવું.[૮૬]

**બ્રહ્મચારીના ચાર ભેદ :–** હે ઉત્તમ વિપ્ર ! બ્રહ્મચારી પણ સાવિત્ર, પ્રાજાપત્ય, બ્રાહ્મ અને નૈષ્ઠિક એમ ચાર પ્રકારના કહેલા છે.[૮૭] તેમાં જે બ્રહ્મચારી વિધિપૂર્વક ઉપનયન સંસ્કાર પ્રાપ્ત કરી ગાયત્રી મંત્રનો પાઠ કરતાં કરતાં ત્રણ દિવસ અહોરાત્રી બ્રહ્મચર્યવ્રતને ધારણ કરે, તેને પહેલો સાવિત્ર બ્રહ્મચારી કહ્યો છે.[૮૮] જે વેદનું અધ્યયન કરતાં એક વર્ષ પર્યંત બ્રહ્મચર્યનું પાલન કરે તેને બીજો પ્રાજાપત્ય કહેલો છે. જે વેદાધ્યયન પર્યંત અથવા બાર વર્ષ પર્યંત બ્રહ્મચર્યવ્રતનું પાલન કરે તેને ત્રીજો બ્રાહ્મ બ્રહ્મચારી કહેલો છે અને જે બ્રહ્મચારી જીવન પર્યંત ગુરુકુલમાં નિવાસ કરીને રહે ને આજીવન બ્રહ્મચર્યવ્રત પાળે તેને ચોથો નૈષ્ઠિક બ્રહ્મચારી કહેલો છે. આ ચાર પ્રકારના બ્રહ્મચારીઓમાં ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. એમ જાણવું, આપ્રમાણે શાસ્ત્રોનો નિર્ણય છે.[૮૯-૯૦]

હે વિપ્ર ! ત્રણે વર્ણના બ્રહ્મચારીઓથી અજાણતાં માંસ અથવા સુરા મિશ્રિત અન્નાદિકનું ભક્ષણ થઈ જાય તો તેનો ઉપનયન સંસ્કાર ફરી કરવો પડે છે.[૯૧]

अकृत्वा भैक्षचरणमसमिध्य च पावकम् । अनातुरः सप्तरात्रमवकीर्णिव्रतं चरेत् ॥९३॥
असद्भैक्षभुजौ वान्ते नग्नस्त्रीदर्शने तथा । नग्नस्वापेऽभिनिर्मुक्ताभ्युदितत्वे दिवाशये ॥९४॥
श्मशानाक्रमणेऽश्वाद्यारोहे पूज्यव्यतिक्रमे । विना यज्ञोपवितं च भोजनादिक्रियाकृतौ ॥९५॥
प्रतिग्रहे च मण्यादेर्वृक्षसर्पादिघातने । एतेष्वन्यतमे दोषे जाते तच्छुद्धये द्विजः ॥९६॥
स्नात्वाचम्योत्तमे देशे कृत्वा त्रीन्प्राणसंयमान् । अष्टोत्तरसहस्त्रं तु प्रजपेद्वेदमातरम् ॥९७॥
प्रायश्चित्तं हि सर्वत्र व्रतभङ्गे समीरितम् । तच्चाग्रेऽहं वदिष्यामि सर्वेषां हि हितावहम् ॥९८॥
नैष्ठिकानां वनस्थानां यतीनां ब्रह्मचारिणाम् । नाशौचं कीर्तितं सद्भिः शावं सौत्यं च सन्मते ॥९९॥
आचार्यं स्वमुपाध्यायं मातरं पितरं गुरुम् । निर्हृत्य च व्रती प्रेतं सद्यः स्नानेन शुध्ध्यति ॥१००॥
न त्यजेत्सूतके कर्म ब्रह्मचारी स्वकं क्वचित् । सव्रतो ह्येव कुर्वीत तेषां पिण्डोदकक्रियाम् ॥१०१

---

ગુરુની સેવા કરતાં બ્રહ્મચારીએ પોતાના નિયમોનું દૃઢતા પૂર્વક પાલન કરવું. જાણીને અથવા અજાણતાં પોતાના વ્રતાદિ નિયમોનો ભંગ થાય તો તેનું યથાયોગ્ય પ્રાયશ્ચિત કરવું.[૯૨] બ્રહ્મચારીએ રોગાદિ આપત્કાળ પડ્યા વિના સાત અહોરાત્રી ભિક્ષા કર્યા વિના કે અગ્નિમાં હોમ કર્યા વિના વીતાવે તો તે પ્રાયશ્ચિત્તમાં અવકીર્ણિવ્રતનું આચરણ કરે, આ વ્રતનો વિધિ પ્રાયશ્ચિત પ્રકરણમાંથી જાણી લેવો.[૯૩] હે વિપ્ર ! જો બ્રહ્મચારી ભિક્ષામાં મળેલા અસત્ અન્નનું ભક્ષણ કરે, ઉલટી કરે, નગ્ન સ્ત્રીનું નિરીક્ષણ કરે, નગ્ન શયન કરે, સૂર્યોદય સમયે કે સૂર્યાસ્ત સમયે અને દિવસે શયન કરે, સ્મશાનનું ઉલ્લંઘન કરે, અશ્વાદિક વાહનોમાં બેસે, પૂજ્ય વ્યક્તિની પૂજાનું ઉલ્લંઘન કરે, યજ્ઞોપવિત વિના ભોજનાદિ ક્રિયા કરે, મણિ, રત્ન આદિક પદાર્થનો દાનમાં સ્વીકાર કરે, વૃક્ષોનો ઘાત કરે, સર્પાદિ જીવોનો ઘાત કરે. આ સર્વેમાંથી કોઇ પણ એક નિયમનો ભંગ થાય તો બ્રહ્મચારીએ તેની શુદ્ધિને માટે સ્નાન કરી આચમન કરી, ઉત્તમ સ્થળે બેસી ત્રણ પ્રાણાયામ કરી ગાયત્રીમંત્રના એકહજાર ને આઠની સંખ્યામાં જપ કરે, અર્થાત્ ગાયત્રીનો જપ કરતાં દશ માળા ફેરવે.[૯૪-૯૭] હે વિપ્ર ! સર્વે કોઇ વ્રત ભંગમાં જે કોઇ પ્રાયશ્ચિત કરવાનાં કહેલાં છે. તે સર્વેને માટે હિતકારી પ્રાયશ્ચિત અમે આગળ કહીશું.[૯૮]

હે સન્મતિ વિપ્ર ! નૈષ્ઠિક બ્રહ્મચારી, વાનપ્રસ્થી, સંન્યાસી અને અવધિવાળા બ્રહ્મચારીને માટે જન્મનું કે મરણનું સૂતક પાળવાનું ઋષિમુનિઓએ કહ્યું નથી.[૯૯] પોતાના આચાર્ય, ઉપાધ્યાય, માતા, પિતા અને ગુરુનો અગ્નિસંસ્કાર કરી બ્રહ્મચારી તત્કાળ સ્નાન કરીને શુદ્ધ થાય છે.[૧૦૦] બ્રહ્મચારીએ પોતાના આચાર્યઆદિના

एते मया ते द्विजवर्य ! धर्मा आद्याश्रमस्थस्य यथावदुक्ताः ।
समासतोऽथाऽऽह्निककर्म सर्वं वदामि शुद्धं विहितं द्विजानाम् ॥१०२॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे ब्रह्मचर्याश्रमधर्मनिरूपणनामा तृतीयोऽध्यायः ॥३॥*

---

**સૂતકમાં પોતાના નિત્યકર્મ જે સ્નાન, સંધ્યા, ગાયત્રી જપ, વિષ્ણુની પૂજા આદિક કોઈ નિયમોનો ત્યાગ કરવો નહિ. પોતાના વ્રતનું પાલન કરતા થકા જ તે આચાર્યાદિકની પિંડોદક ક્રિયા કરવી [૧૦૧] હે ઉત્તમ શિવરામવિપ્ર ! મેં પહેલા બ્રહ્મચર્યાશ્રમના સમગ્ર ધર્મો સંક્ષેપથી તમને શાસ્ત્રોક્ત રીતિ પ્રમાણે કહ્યા. હવે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણે વર્ણના જનોના શાસ્ત્રોક્ત આહ્નિક વિધિ હું તમને કહું છું. [૧૦૨]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મોપદેશમાં ભગવાન શ્રીહરિએ પહેલા બ્રહ્મચર્યાશ્રમના સમગ્ર ધર્મોનું નિરૂપણ કર્યું .એ નામે ત્રીજો અધ્યાય પૂર્ણ થયો. --૩--**

---

## चतुर्थोऽध्यायः - ४

**श्रीनारायणमुनिरुवाच :-**

स्नानं सन्ध्याजपो होमः स्वाध्यायः पितृतर्पणम् । देवताभ्यर्चनं चेति षट् कर्माणि दिनेदिने ॥१॥
प्रातःस्नानं विना नैव द्विजन्मा निजकर्मसु । अर्हः सन्ध्यादिषु स्याद्वै तस्मात्तत्पूर्वमाचरेत् ॥२॥
नद्यां तडागे कूपे वा गृहे वा स्नानमाचरेत् । उद्धृत्य पञ्च मृत्पिण्डान्स्नायात् परजलाशये ॥३॥
विशुद्धां मृदमादाय बर्हींषि तिलगोमयम् । शुचौ देशे प्रतिष्ठाप्य विधिवत्स्नानमाचरेत् ॥४॥
उपग्रही बद्धशिखो जलमध्ये प्रविश्य च । तत्तन्मन्त्रैर्मृदार्दींश्च स्नायात्स्वाङ्गे विलिप्य सः ॥५॥
मन्त्राः स्नानेऽम्बुदैवत्याः पावमान्यश्च पावने । ग्रहीतव्या ऋचस्तेन स्मरता हृदये हरिम् ॥६॥
स्नानाङ्गं तर्पणं कृत्वा परिधाय च वाससी । धौते ततः स चाचम्य सन्ध्योपासनमाचरेत् ॥७॥

---

## અધ્યાય - ૪

## ભગવાન શ્રીહરિએ ત્રૈવર્ણિક દ્વિજોના સ્નાન અને સંધ્યા વિધિનું કરેલું નિરૂપણ.

શ્રીનારાયણમુનિ કહે છે, હે શિવરામ વિપ્ર ! સ્નાન, સંધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ અને દેવતાનું પૂજન, આ છ કર્મો પ્રતિદિન ત્રણે વર્ણના દ્વિજાતિ પુરુષોએ કરવાં.[૧] તેમાં સ્નાનનો વિધિ પ્રથમ કહું છું. દ્વિજાતિ જનોને પ્રાતઃ સ્નાન વિના સન્ધ્યા વિગેરે કર્માનુષ્ઠાનમાં યોગ્યતા પ્રાપ્ત થતી નથી. તેથી પ્રાતઃ સ્નાનાદિ પ્રથમ કરવું.[૨] પ્રાતઃ સ્નાન ન કરે ત્યાં સુધી તે સૂતકી મટતો નથી. માટે નદી, સરોવર, કૂવે તથા ઘેર સ્નાન કરવું અથવા અન્યની માલિકીના સરોવરમાં સ્નાન કરવાનું થાય તો માટીના પાંચ લોંદા સરોવરના પાણીમાંથી બહાર કાઢી લાવ્યા પછી સ્નાન કરવું. નદીમાં સ્નાન ઉત્તમ છે, તળાવમાં સ્નાન મધ્યમ છે, કુવામાં સ્નાન કનિષ્ઠ છે અને ઘેર સ્નાન કરવું તેનાથી પણ કનિષ્ઠ છે.[૩] પવિત્ર માટી લઈ દર્ભ, તલ અને છાણની સાથે પવિત્ર પ્રદેશમાં સ્થાપન કરી વિધિવત્ સ્નાન કરવું.[૪] ડાબા હાથમાં દર્ભની ત્રણ સળી લઈ શિખાનું બંધન કરીને જળમાં પ્રવેશ કરવો, પછી મંત્રોવડે માટી આદિનું અંગ ઉપર લેપન કરી સ્નાન કરવું.[૫] સ્નાન કરતી વખતે હૃદયમાં શ્રીહરિનું સ્મરણ કરતાં કરતાં દ્વિજાતિ પુરુષોએ વરુણદેવના મંત્રોનું ઉચ્ચારણ કરવું, તેમજ પરિમાર્જન કર્મમાં પાવમાન નામની ઋચાઓનું ગાન કરવું.[૬]

હે વિપ્ર ! પછી સ્નાનના અંગભૂત તર્પણ કરીને ધોયેલાં વસ્ત્રો ધારણ કરી

प्रातःस्नाने न कर्तव्यं कदाचित्तिलतर्पणम् । जलमध्ये स्थितः कुर्यात्केवलं कुशवारिणा ॥८॥
उष्णोदकेन यत्स्नानं वृथा स्नानं तदुच्यते । अशक्तस्यैव तत्स्नानं प्रशस्तं मुनिभिः स्मृतम् ॥९॥
रविसङ्क्रान्तिवारेषु ग्रहणे च शशिक्षये । व्रताहेषु च षष्ठीषु स्नातव्यं वोष्णवारिणा ॥१०॥
अशक्तावशिरस्कं वा स्नानमस्य विधीयते । आर्द्रेण वाससा वाऽथ मार्जनं पावनं स्मृतम् ॥११॥
देशकालौ विलोक्यैव प्राहुः स्नानान्तराणि च । आपन्नानां द्विजातीनां पूर्वजा हि महर्षयः ॥१२॥
मार्जनं पावनैर्मन्त्रैर्ब्राह्मं स्नानं कुशोदकैः भस्मोद्धूलनमाग्नेयमापादतलमस्तकम् ॥१३॥
गोखुरोद्धूतरजसा वायव्यं स्नानमुच्यते । स्नानं सातपवर्षेण यत्तद्दिव्यमुदाहृतम् ॥१४॥
मानसं च हरेर्ध्यानं स्नानमाहुर्मनीषिणः । स्नानान्येतान्यशक्तस्य शक्तस्यैव तु वारुणम् ॥१५॥
कालातिक्रमणं न स्यात्सन्ध्यायाश्च यथा तथा । प्रातःस्नानविधिः कार्यो मध्याह्नेऽशेषमाचरेत् ॥१६

**પોતાને ઘેર આવવું, પછી આચમન કરી સંધ્યા ઉપાસના કરવી.[૭] પ્રાતઃ સ્નાનમાં ક્યારેય પણ તિલતર્પણ ન કરવું, પરંતુ જળ મધ્યે ઊભા રહી કેવળ દર્ભ જળથી તર્પણ કરવું.[૮] ગરમ જળથી કરેલું સ્નાન વૃથા કહેલું છે. પરંતુ અસક્ત પુરુષોને માટે મુનિજનોએ પ્રશંસનીય કહેલું છે.[૯] તેમાં પણ સૂર્યની મેષાદિ રાશિઓમાં સંક્રાંતિનો વાર હોય અથવા રવિવાર હોય, સૂર્ય કે ચંદ્રમાનું ગ્રહણ હોય, અમાવાસ્યાનો દિવસ હોય, એકાદશી આદિક વ્રતના દિવસો હોય તથા સર્વે ષષ્ઠી તિથિના દિવસે ગરમ જળથી સ્નાન ન કરવું.[૧૦] જે ત્રણે વર્ણના દ્વિજાતિ પુરુષો સ્નાન કરવામાં અશક્ત હોય તેણે મસ્તકને ભીંજવ્યા વિના સ્નાન કરવું, અથવા ભીના વસ્ત્રથી આખા શરીર ઉપર માર્જન કરવું, તે પણ બીમારને પવિત્ર કરનારું છે.[૧૧]**

**હે વિપ્ર ! પુરાતની મહર્ષિઓએ દેશકાળને ધ્યાનમાં રાખી રોગાદિ આપત્તિમાં આવી પડેલા ત્રણે વર્ણના દ્વિજો માટે સ્નાનના બીજા પ્રકારો પણ કહેલા છે. તેનાં નામ અને લક્ષણો કહું છું.[૧૨] "આપોહિષ્ઠાદિ" પવમાન મંત્રોથી દર્ભ યુક્ત જળવડે અંગનું પ્રોક્ષણ કરવું તેને "બ્રાહ્મસ્નાન" કહેલું છે. પગના તળેથી મસ્તક પર્યંત અંગ ઉપર ભસ્મનું લેપન કરવું તેને "આગ્નેયસ્નાન" કહેલું છે [૧૩] ગાયોની ખરીથી ઉડેલી ધૂળમાં સ્નાન કરવું તે "વાયવ્યસ્નાન" કહેલું છે. તડકામાં વર્ષતા મેઘથી સ્નાન કરવું તેને "દિવ્યસ્નાન" કહેલું છે.[૧૪] શ્રીહરિનું હૃદયમાં ધ્યાન કરી મનથી સ્નાન કરવું તે "માનસસ્નાન" કહેલું છે, આ બધાં સ્નાનો વિદ્વાન પુરુષોએ અશક્ત પુરુષો માટે કહેલાં છે. પરંતુ સશક્ત પુરુષે તો જળથી જ સ્નાન કરવું જોઈએ.[૧૫] જે પ્રકારે સંધ્યાવંદન કે હોમકર્મનો સમય વીતી ન જાય**

उर्ध्वपुण्ड्रं मृदा कृत्वा भस्मना वा त्रिपुण्ड्रकम् । स्वस्वशाखानुसारेण कुर्युः सन्ध्याविधिं द्विजाः ॥१७
रात्र्यन्तयामनाड्यौ द्वे सन्ध्याकालोऽयमुच्यते । दर्शनाद्रविरेखायास्तदन्तो मुनिभिः स्मृतः ॥१८॥
आयतं पूर्वतः कृत्वा गोकर्णाकृतिवत्करम् । संहताङ्गुलिना तेन गृह्णीयादुदकं द्विजः ॥१९॥
मुक्ताङ्गुष्ठकनिष्ठेन करेणाचमनं चरेत् । ब्राह्मेणैव तु तीर्थेन द्विजो नित्यमुपस्पृशेत् ॥२०॥
अङ्गुष्ठमूलरेखायां ब्राह्मं तीर्थमिहोच्यते । प्रदेशिन्याश्च यन्मूलं पितृतीर्थं तदीरितम् ॥२१॥
कनिष्ठामूलतः पश्चात्प्राजापत्यं प्रकीर्तितम् । अङ्गुल्यग्रे स्मृतं दैवं मध्ये वाह्नं च सौमिकम् ॥२२॥
तत्तत्कार्येषु बोद्धव्यं तत्तत्तीर्थं द्विजन्मना । त्रिरेवमाचम्य ततस्त्रिः कुर्यात्प्राणसंयमम् ॥२३॥
गायत्रीं शिरसा सार्धं सप्तव्याहृतिपूर्वकाम् । दशप्रणवसंयुक्तां प्राणायामे जपेद्विजः ॥२४॥

---

તે પ્રકારે ઉતાવળથી પ્રાતઃ સ્નાન કરવું, બાકીનું વિસ્તારથી સ્નાન મધ્યાહ્ને કરવું.[૧૬]

હે વિપ્ર ! હવે સંધ્યા કર્મનો વિધિ કહું છું, સૌ પ્રથમ ગોપીચંદનની માટીથી ઊર્ધ્વપુંડ્રતિલક કરી અથવા અગ્નિહોત્રની ભસ્મથી ત્રિપુંડ્ર તિલક કરી ત્રણે વર્ણના દ્વિજાતિ પુરુષોએ પોતાની શાખાને અનુસારે સંધ્યાવિધિ કરવો.[૧૭] મુનિઓએ રાત્રીના છેલ્લા પહોરની અંતિમ બે ઘડી સંધ્યાકાળ માટે યોગ્ય કહીછે, સૂર્યકિરણનાં દર્શનનો સમય તો સંધ્યાકાળના અંતનો સમય છે. એમ કહ્યું છે.[૧૮] સંધ્યાવંદનમાં પ્રથમ આચમન કરવું તે જમણા હાથની હથેળીને ગાયના કાનનો આકાર કરી તેને આગળના ભાગમાં લાંબો કરી પરસ્પર ભેળી કરેલી આંગળીવાળા જમણા હાથથી જળનો સ્વીકાર કરવો.[૧૯] પછી અંગૂઠાને તથા કનિષ્ઠિકા આંગળીને આચમન કરતી વખતે છૂટાં પાડીને તે હસ્તવડે બ્રાહ્મતીર્થથી આચમન કરવું.[૨૦]

**બ્રાહ્મતીર્થ, પિતૃતીર્થ, પ્રાજાપત્યતીર્થ, દૈવતીર્થ અને અગ્નિતીર્થનાં લક્ષણ :–** હે વિપ્ર ! આ સંધ્યાવિધિ કર્મમાં અંગુઠાની મૂળ રેખાથી જળ સ્વીકારવું તે બ્રાહ્મતીર્થ કહેલું છે, તર્જની આંગળીના મૂળથી જે જળ અર્પણ કરવું તે પિતૃતીર્થ કહેલું છે.[૨૧] કનિષ્ઠિકા આંગળીના મૂળના ભાગથી પાછળના ભાગમાં પ્રાજાપત્ય તીર્થ કહેલું છે, આંગળીના આગળના ભાગમાં દૈવતીર્થ કહેલું છે. જમણા હાથની મધ્યેના ભાગને વહ્નિતીર્થ તથા સોમ તીર્થ કહેલું છે.[૨૨]દ્વિજાતિ જનોએ તે તે દેવના કાર્યમાં તે તે તીર્થોનો સ્વીકાર કરવો. આવી રીતે ત્રણ વખત આચમન કરી ને ત્રણ વખત પ્રાણાયામ કરવા.[૨૩] "ૐ આપો જ્યોતી રસામૃતં બ્રહ્મ ભૂર્ભુવઃ સ્વરોમ્" આ પ્રમાણેના શિરોમંત્રની સાથે ૐ ભૂઃ, ૐભુવઃ, ૐમહઃ, ૐ જનઃ, ૐ તપઃ, ૐ સત્યમ્, આ પ્રમાણેના સીત વ્યાહૃતિ મંત્રના ઉચ્ચારણ કરવા પૂર્વક દશ

पञ्चागुलीभिर्नासाग्रपीडनं प्रणवाभिधा । मुद्रेयं सर्वपापघ्नी वानप्रस्थगृहस्थयोः ॥२५॥
कनिष्ठानामिकाङ्गुष्ठैर्नासाग्रस्य च पीडनम् । ॐकारमुद्रा सा प्रोक्ता यतेश्च ब्रह्मचारिणः ॥२६॥
सूर्यनारायणं साक्षाद्ब्रह्मविष्णुशिवात्मकम् । ध्यात्वा तमुदयात्पूर्वमर्घ्यदानं समाचरेत् ॥२७॥
दुर्निवार्या रुजन्त्यन्यैर्मन्देहानाम राक्षसाः । उद्यन्तं भास्करं नित्यं हन्यन्तेऽर्घ्योदकैश्च ते ॥२८॥
दिनान्तरे पुनस्ते च जीवन्त्येव विधेर्वरात् । सन्ध्यामुपासीत ततः प्रत्यहं द्विजसत्तमः ॥२९॥
विवस्वतः सहायार्थं यो द्विजो नाञ्जलित्रयम् । दद्यान्मन्देहनाशाय सोऽपि मन्देहतां व्रजेत् ॥३०॥
ईषन्नम्रः प्रभाते तु मध्याह्ने ऋजुसंस्थितः । उपविष्टस्तु सायाह्ने द्विजश्चार्घ्यं विनिःक्षिपेत् ॥३१॥
हस्ताभ्यां स्वस्तिकं कृत्वा ह्युपतिष्ठेत्प्रगे रविम् । मध्याह्ने तु ऋजू बाहू सायं मुकुलितौ करौ ॥३२॥

---

પ્રણવયુક્ત ગાયત્રી મંત્રનો દ્વિજપુરુષે પ્રાણાયામમાં જપ કરવો.[૨૪]

જમણા હાથની પાંચ આંગળીથી નાસિકાના અગ્રભાગમાં પ્રાણવાયુને રોકવો. આ પ્રણવમુદ્રા સર્વપાપનો નાશ કરનારી કહેલી છે. ને આ પ્રણવમુદ્રા વાનપ્રસ્થી અને ગૃહસ્થાશ્રમી માટે કહેલી છે.[૨૫] તેજ રીતે કનિષ્ઠિકા, અનામિકા અને અંગુઠાથી નાસિકાના અગ્રભાગને બંધ કરવો, તે ૐકારમુદ્રા કહેલી છે. તે બ્રહ્મચારી અને સંન્યાસી માટે કહેલી છે.[૨૬] બ્રહ્મા, વિષ્ણુ અને શિવ સ્વરૂપી સાક્ષાત્ સૂર્યનારાયણનું ધ્યાન કરીને દ્વિજાતિ પુરુષોએ સૂર્યોદયથી પહેલાં અર્ઘ્ય પ્રદાન કરવું, તે ૐકારે સહિત ગાયત્રી મંત્રનો ઉચ્ચાર કરવા પૂર્વક પ્રદાન કરવું.[૨૭] સૂર્યને અર્ઘ્યદાન શા માટે અર્પણ કરવું ? તે કહે છે, અર્ઘ્ય સિવાયના બીજા શસ્ત્રોથી પ્રતિકાર ન થઈ શકે તેવા મંદેહ નામના રાક્ષસો ઉગતા સૂર્યને નિત્યે પીડે છે, તે અર્ઘ્ય પ્રદાનથી રાક્ષસોનો વિનાશ થાય છે.[૨૮] એ રાક્ષસો બ્રહ્માજીના વરદાનથી બીજા દિવસે ફરી જીવતા થાય છે. તેથી દ્વિજાતિપુરુષોએ પ્રતિદિન સંધ્યા ઉપાસના કરવી, જે દ્વિજાતિ પુરુષ સૂર્યને સહાય કરવા અને મંદેહા નામના રાક્ષસોનો વિનાશ કરવા ત્રણ અંજલી અર્ઘ્ય અર્પણ કરતો નથી, તે દ્વિજાતિ પુરુષ પણ મંદેહા નામના રાક્ષસ ભાવને પામી જાય છે.[૩૦]

હે વિપ્ર ! હવે અર્ઘ્ય દાનનો પ્રકાર કહું છું, દ્વિજાતિ પુરુષોએ પ્રાતઃકાળે શરીરને સહેજ આગળના ભાગે નમાવી અર્ઘ્ય પ્રદાન કરવું, મધ્યાહ્ને શરીરે સરળ ઊભા રહીને અર્ઘ્ય પ્રદાન કરવું અને સાયંકાળે બેસીને અર્ઘ્ય પ્રદાન કરવું.[૩૧] પ્રાતઃકાળે બન્ને હાથથી સ્વસ્તિક કરી સૂર્યની ઉપાસના કરવી, મધ્યાહ્ને બન્ને બાહુ સરળ કરી સૂર્યની ઉપાસના કરવી, અને સાયંકાળે બન્ને હાથને કમળના ડોડાની

उत्तमा तारकोपेता मध्यमा लुप्ततारका । कनिष्ठा सूर्यसहिता प्रातःसन्ध्या त्रिधा मता ॥३३॥
उत्तमा सङ्गवाहूर्ध्वं मध्यमा कुतपात्परम् । अपराह्णेऽधमा ज्ञेया मध्यसन्ध्या त्रिधा स्मृता ॥३४॥
उत्तमा सूर्यसहिता मध्यमा लुप्ततारका । कनिष्ठा तारकोपेता सायंसन्ध्या त्रिधोदिता ॥३५॥
यस्तु द्विजो लौकिककर्मसक्तः सन्ध्यां न काले समुपास्त उर्व्याम् ।
जीवन्मृतः शूद्रसमः स नूनं भविष्यति श्वा नृतनुं विहाय ॥३६॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे स्नानसन्ध्याविधिनिरूपणनामा चतुर्थोऽध्यायः ॥४॥*

---

આકૃતિથી સૂર્યની ઉપાસના કરવી.[૩૨] તેમાં પ્રાતઃકાળે તારા દેખાતા હોય ને સંધ્યાવંદન કરે તે ઉત્તમ સંધ્યા છે. તારા દેખાતા બંધ થાય તે મધ્ય અને સૂર્યોદય થઈ જાય તે કનિષ્ઠ સંધ્યા કહેલી છે. આ પ્રમાણે ત્રણ પ્રકારની સંધ્યા કહેલી છે. મધ્યાહ્ન સંધ્યામાં સંગવકાળથી પૂર્વે ને સૂર્યોદય પછી બારમી ઘડીએ ઉત્તમ કહેલી છે.અર્થાત સૂર્યોદય પછી સાડાચાર કલાકે કરવામાં આવતી મધ્યાહ્ન સંધ્યા ઉત્તમ કહેલી છે. બપોરના બારવાગ્યાના સમયે કરવામાં આવેલી સંધ્યા મધ્યમ કહેલી છે. જ્યારે બપોર નમતા કરેલી મધ્યાહ્ન સંધ્યા કનિષ્ઠ કહેલી છે. આ પ્રમાણે ત્રણ પ્રકારની મધ્યાહ્ન સંધ્યા છે.[૩૪] સાયં સંધ્યા સૂર્યદર્શને સહિત કરે તે ઉત્તમ, તારામંડળના દર્શને રહિત કરે તે મધ્યમ અને તારામંડળના દર્શને સહિત કરે તે કનિષ્ઠ કહેલી છે. આવી રીતે સાયં સંધ્યા પણ ત્રણ પ્રકારની કહેલી છે.[૩૫]

હે વિપ્ર ! આ પૃથ્વીપર જે દ્વિજાતિજનો લૌકિકકાર્યમાં આસક્તિ રાખી કહેલા સમયે સંધ્યાની ઉપાસના કરતો નથી, તેને શૂદ્ર સમાન જાણવો. તે જીવતો હોવા છતાં મરેલો છે, એમ જાણવું. અને આવો દ્વિજ મનુષ્યનું શરીર છોડ્યા પછી કૂતરાનાં શરીરને પામે છે, એમાં કોઈ સંશય નથી.[૩૬]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ભગવાન શ્રીહરિએ ત્રણ વર્ણના જનો માટે અવશ્ય કરવા યોગ્ય સ્નાન અને સંધ્યાવિધિનું નિરૂપણ કર્યું એ નામે ચોથો અધ્યાય પૂર્ણ થયો. --૪--**

---

## पञ्चमोऽध्यायः - ५

**श्रीनारायणमुनिरुवाच :-**

सन्ध्यामेवमुपासीनस्त्रिषु कालेष्वपि द्विजः । गायत्रीं प्रजपेद्भक्त्या प्रणवेन समन्विताम् ॥१॥
वेदबिजं हि गायत्री तद्बीजं प्रणवो मतः । प्रणवान्न परं किञ्चिद्ब्रह्मैकाक्षरमेव सः ॥२॥
त्रीँल्लोकांस्त्रीन्गुणान् कालांस्त्रीनग्नीन्त्रिगमांश्च यः । व्याप्याक्षरैरकाराद्यैस्त्रिभिरास्ते त्रयधीश्वरः ॥३॥
प्रणवाद्याः स्मृता वेदाः प्रणवे पर्यवस्थिताः । वाङ्मयं प्रणवे सर्वं तत्तदाद्यं जपेन्मनुम् ॥४॥
ऋषिं छन्दो दैवतं च विनियोगं च ब्राह्मणम् । पञ्चाङ्गानीति मन्त्रस्य विद्यात् सर्वत्र शास्त्रतः ॥५॥
गायत्री सर्वमन्त्राणां साररूपा निगद्यते । सर्ववेदस्वरूपा च त्रिपदा सर्वसिद्धिदा ॥६॥
गायत्री प्रकृतिर्ज्ञेया प्रणवः पुरुषस्तथा । योगे सत्युभयोः सिध्धेज्जपतां वाञ्छितं फलम् ॥७॥

## અધ્યાય - ૫

## ભગવાન શ્રીહરિએ કહેલા ગાયત્રી મંત્રનો જપવિધિ.

શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! આ પ્રમાણે ત્રણે કાળમાં સંધ્યાની ઉપાસના કરતા દ્વિજાતિ પુરુષે પ્રણવ-ૐકારના ઉચ્ચારે સહિત ગાયત્રી મંત્રનો ભક્તિભાવ પૂર્વક જપ કરવો.[૧] ગાયત્રીમંત્ર વેદનું બીજ મનાયેલો છે. તે બીજ ૐકાર મનાયેલ છે. તે ૐકારથી ઉત્તમ કાંઇ પણ છે નહિ, તે એકાક્ષરી પ્રણવ સ્વયં બ્રહ્મનું જ સ્વરૂપ છે.[૨] અકાર ઉકાર અને મકાર આ ત્રણ અક્ષરોથી ૐકાર ત્રણ લોક, ત્રણ ગુણ, ત્રણ કાળ, ત્રણ અગ્નિ અને ત્રણે વેદમાં વ્યાપીને રહેલો છે. તેથી તે કહેલા ત્રિકનો અધિપતિ છે.[૩] ત્રણે વેદો ૐકાર થકી જ અભિવ્યક્તિને પામ્યા છે, અને પોતાના મૂળ બીજ સ્વરૂપે ૐકારમાં જ પર્યવસાન પામ્યા છે. સર્વે વાઙ્મય શબ્દો પ્રણવમાંજ (ૐ) રહેલા છે. તેથી ગાયત્રી મંત્ર અને બીજા મંત્ર માત્રની આગળ ૐકારનો જપ થાય છે.[૪]

હે વિપ્ર ! મંત્ર કર્તાઋષિ, મંત્રનો ગાયત્રી છંદ, મંત્રના ઉપાસ્ય દેવતા, મંત્રનો પોતે ઇચ્છેલાં ફળમાં વિનિયોગ, અને નૈરુક્તાદિ બ્રાહ્મણ, આ પાંચ ગાયત્રીમંત્રનાં અંગો સર્વે શાસ્ત્રથકી જાણવાં જરૂરી છે.[૫] ગાયત્રી સર્વમંત્રોના સારરૂપા છે. સર્વવેદસ્વરૂપા છે, બ્રાહ્મણોક્ત પદત્રયયુક્ત ત્રિપદા છે. અને ઉપાસના કરનારાઓને સર્વ પ્રકારની સિદ્ધિ આપનારી કહેલી છે.[૬] ગાયત્રીને પ્રકૃતિ જાણવી તથા પ્રણવને પુરુષ જાણવો, બન્નેનો સંબંધ હોય ત્યારે જ જપ કરનારા દ્વિજાતિ જનોને ઇચ્છિત ફળની સિદ્ધિ થાય છે.[૭] દર્ભના આસન ઉપર બેસી હસ્તમાં દર્ભ

कुशबृस्यां निविष्टस्तु कुशपाणिर्जितेन्द्रियः । अर्कबिम्बे हरिं ध्यायन् गायत्रीं प्रयतो जपेत् ॥८॥
प्रणवं पूर्वमुच्चार्य भूर्भुवःस्वस्तथैव च । गायत्रीं प्रणवश्चान्ते जप एवमुदाहृतः ॥९॥
वाचिको मानसोपांशुः सावित्र्यास्त्रिविधो जपः । त्रयाणां जपयज्ञानां श्रेयान्स्यादुत्तरोत्तरः ॥१०॥
यदुच्चनीचैः स्वरितैः शब्दैः स्पष्टपदाक्षरैः । मन्त्रमुच्चारयेद्वाचा जपयज्ञः स वाचिकः ॥११॥
शनैरुच्चारयेन्मन्त्रमीषदोष्ठौ प्रचालयेत् । किञ्चिच्छब्दात्स्वयं विद्यादुपांशुः स जपः स्मृतः ॥१२॥
यो भवेदचलज्जिह्वादशनावरणो जपः । स मानसः समाख्यातो जपः श्रुतिविभूषणैः ॥१३॥
ध्यायेत्स्वमनसा मन्त्रं तथोष्ठौ न विचालयेत् । न कम्पयेच्छिरोग्रीवं दन्तान्नैव प्रकाशयेत् ॥१४॥
यक्षराक्षसभूतानि सिद्धविद्याधरा गणाः । हरन्ति प्रसभं यस्मात्तस्माद्गुप्तं जपेन्मनुम् ॥१५॥
अकुर्वाणस्त्वरां निद्रां जयंश्च जपवैरिणीम् । नान्यासक्तमना धीरो नेक्षमाण इतस्ततः ॥१६॥

---

ધારણ કરી, જીતેન્દ્રિય અને નિયમમાં તત્પર વર્તતા દ્વિજાતિ પુરુષે સૂર્યનાં બિંબમાં ભગવાન શ્રીહરિનું ધ્યાન કરી ગાયત્રીમંત્રનો જપ કરવો.[૮]

હે વિપ્ર ! ગાયત્રી મંત્રના જપમાં પ્રથમ ૐકારનું ઉચ્ચારણ કરવા પૂર્વક 'ભૂર્ભુવઃસ્વઃ' આ વ્યાહૃતિનું ઉચ્ચારણ કરવું. પછી ગાયત્રીમંત્રનો ઉચ્ચાર કરી મંત્રના અવસાનમાં પણ ૐકારનો ઉચ્ચાર કરવો. આ પ્રમાણે ગાયત્રીમંત્રના જપનો વિધિ જાણવો.[૯] વાચિક, ઉપાંશું અને માનસ આ પ્રમાણે ત્રણ પ્રકારનો જપ કહેલો છે. તેમાં ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે.[૧૦] સ્પષ્ટપદ અને અક્ષરોના વિભાગથી તેમજ ઉદાત, અનુદાત્ત ને સ્વરિત યુક્ત સ્વરોના ઉચ્ચારણ પૂર્વક ગાયત્રી મંત્રનો જપ કરવો, તે વાચિક જપ કહેલો છે.[૧૧] જે મંત્રનું ધીરે ધીરે ઉચ્ચારણ કરવા પૂર્વક થોડા થોડા ઔષ્ઠનું ચલન થાય ને લેશમાત્ર જ સ્વયં જપ કરનારને શબ્દનું શ્રવણ થાય તેવા જપને ઉપાંશું જપ કહેલો છે.[૧૨] અને જે જપ જીહ્વા તથા દાંતના આવરણરૂપે રહેલા બન્ને ઓષ્ઠને ચલાવ્યા વિના માત્ર મનમાં કરવામાં આવે તે માનસ જપ કહેલો છે.[૧૩]

જપ કરનાર પુરુષે મનથી મંત્રનું ધ્યાન કરવું, હોઠ ચલાવવા નહિ, ડોક ધૂણાવવી નહિ, દાંત દેખાડવા નહિ.[૧૪] કારણ કે યક્ષો, રક્ષસો, ભૂતો, સિદ્ધો, વિદ્યાધરો અને પ્રમથાદિગણો મોટેથી કરવામાં આવતા મંત્રજપને હઠપૂર્વક આકર્ષી જાય છે. તેથી મંત્રજપ હમેશાં ગુપ્ત કરવો.[૧૫] અને ઉતાવળ પણ ન કરવી, જપની વેરી નિદ્રા ઉપર વિજય મેળવીને ધીરેથી ધીરજ રાખી ગાયત્રીમંત્રનો જપ કરવો, મંત્રના અર્થનો વિચાર કર્યા સિવાય બીજે ક્યાંય મનને નહીં જાવા દઈ જપ કરવો,

न चङ्क्रमन्न च हसन्न पार्श्वमवलोकयन् । नापावृतो न जल्पंस्तु न प्रावृतशिरास्तथा ॥१७॥
न पदा पदमाक्रम्य चालयन्न करौ तथा । गायत्रीमसमाधिश्च न च संश्रावयन् जपेत् ॥१८॥
प्राङ्मुखस्तु जपेत्तिष्ठन्प्रातराभास्करोदयात् । प्रत्यङ्मुखः समासीनः सायं चातारकोदयात् ॥१९॥
तिष्ठन् द्विजश्च मध्याह्ने जपेदासीन एव वा । सूर्याभिमुख एवाऽऽद्यो द्वितीयः प्राङ्मुखो भवेत् ॥२०
प्रातर्नाभौ करं कृत्वा मध्याह्ने हृदि संस्थितम् । सायं जपेच्च नासाग्रे जपो हि त्रिविधः स्मृतः ॥२१
सहस्रपरमां देवीं शतमध्यां दशावराम् । गायत्रीं प्रजेन्नित्यं महापातकनाशनीम् ॥२२॥
दशभिर्जन्मजनितं शतेन तु पुराकृतम् । त्रिजन्मजं सहस्रेण गायत्री हन्ति किल्बिषम् ॥२३॥
चतुर्विंशतिलक्षैश्च पुरश्चरणमीरितम् । गायत्र्यास्तत्तु यः कुर्यात्सर्वान्कामान्स चाप्नुयात् ॥२४॥

---

**આમ તેમ જોતાં જોતાં પણ જપ ન કરવો.[૧૬] દોડતાં દોડતાં કે પોતાની ચારે બાજુ નજર ફેરવતાં પણ જપ ન કરવો, ઉઘાડા મસ્તકે, કોઈની સાથે વાત કરતાં, માથે પાઘ બાંધી રાખીને, પગ ઉપર પગ ચડાવીને, હાથને ધૂણાવતાં અને ચંચળ ચિત્તે પણ ગાયત્રી મંત્રનો જપ ન કરવો, પરંતુ એકાગ્ર ચિત્તે જપ કરવો, અને પોતે ઉચ્ચારેલો ગાયત્રીમંત્ર બીજા સાંભળે તેમ જપ ન કરવો.[૧૭-૧૮]**

**પ્રાતઃકાળે સૂર્યોદય પર્યંત પૂર્વમૂખે ઊભા રહીને ગાયત્રી મંત્રનો જપ કરવો. સાયંકાળે તારા ઉદય પામે ત્યાં સુધી પશ્ચિમાભિમુખે બેસીને જપ કરવો અને મધ્યાહ્ને ઊભા રહીને કે બેસીને જપ કરવો. તેમાં ઊભા રહીને જપ કરે તો સૂર્ય સન્મુખ ઊભવું અને બેસીને કરે તો પૂર્વાભિમુખે બેસવું. પ્રાતઃકાળે હાથ નાભી પાસે રાખીને જપ કરવો, મધ્યાહ્ને હૃદય પાસે અને સાયંકાળે હાથ નાસિકા પાસે રાખી જપ કરવો. આમ ત્રણ પ્રકારનો જપનો વિધિ જાણવો.[૨૦-૨૧] મહાપાતકનો નાશ કરનાર ગાયત્રીનો એક હજારની સંખ્યામાં કરેલો જપ ઉત્તમ કહેલો છે. સોની સંખ્યામાં કરેલો મધ્યમ કહેલો છે. દશની સંખ્યામાં કરેલો જપ કનિષ્ઠ કહેલો છે. આ ત્રણેમાંથી કોઈ પણ એક પક્ષનો આશ્રય કરી દ્વિજાતિ પુરુષોએ અવશ્ય ગાયત્રીમંત્રનો નિત્યે જપ કરવો.[૨૨] દશની સંખ્યામાં કરેલો ગાયત્રીમંત્રનો જપ આ જન્મમાં કરેલાં સર્વે પાપનો નાશ કરે છે. સોની સંખ્યામાં કરેલો જપ આ જન્મનાં પાપની સાથે પૂર્વના એક જન્મનાં પાપનો નાશ કરે છે અને એક હજારની સંખ્યામાં કરેલો જપ ત્રણ જન્મનાં પાપનો નાશ કરે છે. જો ગાયત્રીમંત્રનું પુરશ્ચરણ કરવું હોય તો ચોવીસલાખની સંખ્યામાં જપવામાં આવે તો પૂર્ણ થાય છે. અને આ ગાયત્રીમંત્રનું જે પુરુષ પુરશ્ચરણ કરે છે તેના સર્વપ્રકારના મનોરથો પૂર્ણ થાય**

गायत्र्या जपविधिरित्युदीरितस्ते कर्तव्यो द्विज ! निजशक्तितोऽनुघस्त्रम् ।
आलस्यं निजसुकृतारिमाशु हित्वा संस्कारं दशममुपागतैर्द्विजैः सः ॥२५॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे गायत्रीजपविधिनिरूपणनामा पञ्चमोऽध्यायः ॥५॥*

---

**षष्ठोऽध्यायः - ५**

**श्रीनारायणमुनिरुवाच :-**

कालातिक्रमणं यस्तु प्रमादात्कुरुते द्विजः । सन्ध्यायाः स तु कृत्वैव प्रायश्चितं विशुध्यति ॥१॥
सन्ध्याकाले त्वतिक्रान्ते स्नात्वाऽऽचम्य यथाविधि । जपेदष्टशतं देवीं ततः सन्ध्यां समाचरेत् ॥२
प्रातरेव प्रकुर्वीत कार्य आवश्यके सति । अपि माध्याह्निकीं सन्ध्यां द्विजन्मा न तु सर्वदा ॥३॥

---

છે.[૨૪] હે વિપ્ર ! આ પ્રમાણે મેં તમને ગાયત્રીમંત્રના જપનો વિધિ કહ્યો. દશમો સંસ્કાર એવા ઉપનયનને પામકરનારા દ્વિજાતિ પુરુષો પોતાના પુણ્યનો વિનાશ કરનારી આળસનો તત્કાળ ત્યાગ કરી વિધિ પ્રમાણે પોતાની શક્તિ અનુસાર પ્રતિદિન ગાયત્રીમંત્રનો જપ કરવો.[૨૫]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતા શ્રીહરિએ ગાયત્રીમંત્રના જપવિધિનું નિરૂપણ કર્યું એ નામે પાંચમો અધ્યાય પૂર્ણ થયો. --૫--**

---

## અધ્યાય - ૬
## સંધ્યાકાળના અતિક્રમણમાં કહેલું પ્રાયશ્ચિત.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! જે દ્વિજાતિ પુરુષ પ્રમાદથી સાયંકાળનું ઉલ્લંઘન કરી જાય તે પુરુષ તો પ્રાયશ્ચિત કરીને જ તે દોષથી શુદ્ધ થાય છે.[૧] જો સંધ્યાકાળનું અતિક્રમણ થઈ જાય તો તીર્થજળમાં સ્નાન કરી વિધિ પૂર્વક આચમન કરી એકસો ને આઠ ગાયત્રીમંત્રના જપ કરવા, પછી જ સંધ્યાવિધિનું અનુષ્ઠાન કરવું.[૨] દ્વિજાતિ પુરુષોએ અવશ્યનું કામ હોય તો જ મધ્યાહ્ને કરવાની સંધ્યા પ્રાતઃકાળે કરી લેવી, પરંતુ હમેશાં એવું કરવું નહિ. તેજ રીતે પ્રાતઃકાળે

नोपास्ते यस्तु मूढात्मा सन्ध्यां पूर्वां च पश्चिमाम् । स शूद्रेण समो ज्ञेयः सर्वकर्मबहिष्कृतः ॥४॥
अर्घ्यान्तां मानसीं सन्ध्यां कुशवारिविवर्जिताम् । सूतके मृतके वाऽपि द्विजः कुर्यान्न चाखिलाम् ॥५
गृहे गोष्ठे नदीतीरे सन्ध्या दशगुणा क्रमात् । सम्भेदे स्याच्छतगुणा ह्यनन्तेश्वरसन्निधौ ॥६॥
सन्ध्याकर्मावसाने तु स्वयं होमो विधीयते । स्वयं होमे फलं यत्स्यान्न तदन्येन लभ्यते ॥७॥
ऋत्विक् पुत्रो गुरुर्भ्राता भागिनेयोऽथ विट्पतिः । एतैरपि हुतं यत्स्यात्तद्धुतं स्वयमेव तु ॥८॥
होमे यत्फलमुद्दिष्टं जुह्वतः स्वयमेव तु । हूयमाने तदन्येन फलमर्धं प्रपद्यते ॥९॥
कार्य आवश्यके प्राप्ते प्राप्तायां क्वापि चापदि । पक्षहोमं प्रकुर्वीत नान्यथा तु कदाचन ॥१०॥
पवित्रपाणिः पूतात्मा शुक्लाम्बरधरो द्विजः । अनन्यमनसा नित्यं जुहुयात्संयतेन्द्रियः ॥११॥

---

કરવાની સંધ્યા અવશ્યના કામકાજને કારણે સવારે ન થઈ શકી હોય તો મધ્યાહ્ને સાથે કરવી. પહેલી પ્રાતઃસંધ્યા ને પછી મધ્યાહ્ન સંધ્યા કરવી, એ પણ જાણી રાખવું.[૩]

હે વિપ્ર ! જે મૂઢમતિ દ્વિજાતિજનો પ્રાતઃ કે સાયંકાળની સંધ્યા ઉપાસના કરતા નથી. તે દ્વિજાતિને શૂદ્રની સમાન સર્વકર્મમાં અયોગ્ય જાણવા.[૪] વળી જન્મ કે મરણના સૂતકમાં અર્ઘ્યપ્રદાન પર્યંત દર્ભ ને જળ રહિત કેવળ માનસી સંધ્યા કરવી, પરંતુ સંપૂર્ણ સંધ્યા કરવી નહિ.[૫] પોતાને ઘેર, ગૌશાળામાં અને નદીતીરે કરેલી સંધ્યા અનુક્રમે દશ દશ ગણી અધિક ફળ આપનારી થાય છે. નદીઓના સંગમમાં કરવામાં આવેલી સંધ્યા સોગણા અધિક ફળને આપનારી થાય છે. અને જો ભગવાનના સાંનિધ્યમાં કરવામાં આવે તો અનંતગણા ફળને આપનારી થાય છે.[૬]

**ષટ્કર્મમાં હોમ કરવાનો વિધિ :–** હે વિપ્ર ! દ્વિજાતિ પુરુષોએ સંધ્યાકર્મની સમાપ્તિમાં સ્વયં જાતે હોમ કરવો. તેથી જે ફળ પ્રાપ્ત થાય છે, તે ફળ પોતાવતી બીજા કોઈ હોમ કરે તો પ્રાપ્ત થતું નથી. પ્રવાસાદિકને સમયે પોતાવતી બીજા હોમ કરે છતાં પોતે કરેલો ગણાય. તે કોણ છે ? તે કહે છે.[૭] જેની વિધિ પૂર્વક વરણી કરવામાં આવી હોય તે ઋત્વિજ, પોતાનો પુત્ર, ગુરુ, ભાઈ, બહેનનો પુત્ર અને પોતાનો જમાઈ આ છ જણ જો પોતાવતી હોમ કરે તો તે સ્વયં હોમ કરેલો ગણાય છે.[૮] તેમ છતાં દ્વિજાતિપુરુષ પોતે હોમ કરે ને જે ફળ પ્રાપ્ત થવાનું કહેલું છે તે બીજા દ્વારા કરાવેલા હોમમાં અર્ધુ ફળ પ્રાપ્ત થાય છે.[૯] તેથી ક્યારેક અવશ્યનું કામકાજ હોય ત્યારે અથવા આપત્કાળમાં જ પક્ષહોમ કરાવવો, પરંતુ હમેશાં પક્ષહોમ કરાવવો નહિ.[૧૦]

पवित्रं कौशिकं ताम्रं राजतं हैममेव वा । दक्षिणे तत्करे धार्यं पवित्रं चोत्तरोत्तरम् ॥१२॥
सुवर्णस्य सुवर्णस्य सुवर्णस्याङ्गुलीयकम् । पवित्रमिति विज्ञेयं सर्वकर्मसु शोभनम् ॥१३॥
अनामिक्यां धृतं हेम तर्जन्यां रूप्यमेव च । कनिष्ठिक्यां धृतं खड्गं तेन पूतो भवेन्नरः ॥१४॥
दैवतानि नमस्कुर्यादुपहारान्निवेदयेत् । दद्यात्पुष्पादिकं तेभ्यो वृद्धांश्चैवाभिवादयेत् ॥१५॥
वेदपाठं ततः कुर्याद्यथाशक्ति समाहितः । उपविश्य शुचौ देशे प्राचीनाग्रकुशासने ॥१६॥
वेदान् साङ्गान् पुराणानि भारतं वा यथारुचि । स्तोत्राणि वा तदुक्तानि रामायणमपि द्विजः ॥१७॥
स्वाध्यायसिद्धये नित्यं यथाशक्ति पठेद्विजः । आरम्भे च समाप्तौ च प्रणवं समुदीरयेत् ॥१८॥
देवान् ब्रह्मऋर्षींश्चाथ तर्पयेदक्षतोदकैः । तिलोदकैः पितॄन्भक्त्या स्वसूत्रोक्तविधानतः ॥१९॥

---

હવે હોમની રીત કહીએ છીએ. દ્વિજાતિ પુરુષે હાથમાં પવિત્રાં ધારણ કરી શુદ્ધ અંતઃકરણવાળો થઈ શ્વેતવસ્ત્રો ધારણ કરી ઈન્દ્રિયોને નિયમમાં રાખી એકાગ્રમનથી નિત્યે હોમ કરવો.[૧૧] દર્ભ, તાંબુ, રૂપુ, અને સોનાને પવિત્રાં કહેલાં છે, તે ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. તે પવિત્રાંને જમણા હાથમાં ધારણ કરવું, સુંદર અક્ષરોથી જેમાં ભગવાનનું નામ અંકિત કરાયેલું હોય તેવી સુવર્ણની વીંટીને પવિત્રું જાણવું. તે સર્વકર્મોમાં શુભ મનાયેલું છે.[૧૨-૧૩] અનામિકા આંગળીમાં સુવર્ણ નિર્મિત અને કનિષ્ઠિકા આંગળીમાં ખડગ પવિત્રું ધારણ કરવું, તેનાથી મનુષ્ય પવિત્ર થાય છે.[૧૪]

**ષટ્કર્મમાં સ્વાધ્યાયનો વિધિ :–** હે વિપ્ર ! પછી આહૂત કરેલા યજ્ઞનારાયણાદિ દેવતાઓને નમસ્કાર કરવા ને તે દેવોને ઉચિત ઉપહારનું નિવેદન કરવું, પુષ્પાદિક અર્પણ કરીને ગુરુ આદિક વૃદ્ધોનું અભિવાદન કરવું.[૧૫] પછી એકાગ્રચિત્તવાળા થઈ દ્વિજાતિ પુરુષે પવિત્ર પ્રદેશમાં પૂર્વદિશા તરફના અગ્રભાગવાળા દર્ભના આસન ઉપર બેસીને યથાશક્તિ વેદનો પાઠ કરવો. દ્વિજાતિ પુરુષે પોતાની રુચિ અનુસાર શિક્ષા આદિક છ અંગો સહિત ચાર વેદ અથવા શ્રીમદ્ભાગવતાદિ પુરાણો, અથવા, મહાભારત આદિ ઈતિહાસોમાં કહેલા સ્તોત્રો અને રામાયણાદિ આર્ષગ્રંથોનો પાઠ સ્વાધ્યાયની સિદ્ધિ માટે યથાશક્તિ નિરંતર કરવો, તેના પ્રારંભમાં અને સમાપ્તિમાં ૐકારનો રૂડી રીતે ઉચ્ચાર કરવો, આ સ્વાધ્યાય પોતાના ગૃહ્યસૂત્રના વિધિ પ્રમાણે કરવો.[૧૬-૧૮]

**ષટ્કર્મમાં દેવતા તથા પિતૃતર્પણનો વિધિ :–** હે વિપ્ર ! દ્વિજાતિએ પોતાના ગૃહ્યસૂત્રને અનુસારે શ્રદ્ધાપૂર્વક ચોખા, યવ અને જળથી દેવતા અને

तर्पयेत्प्राङ्गमुखो देवानृषींश्चोदङ्मुखः पितॄन् । दक्षिणाभिमुखश्चैवं तर्पणस्य विधिः स्मृतः ॥२०॥
पितृत्वादपसव्येन दक्षिणाभिमुखस्तिलैः । देवत्वाद्देवतीर्थेन यमान्सन्तर्पयेद्बुधः ॥२१॥
आब्रह्मस्तम्बपर्यन्तं जगत्तृप्यत्विति ब्रुवन् । क्षिपेत्तिलोदकं भूमौ कुर्वन्सङ्क्षेपतर्पणम् ॥२२॥
वस्त्रं निष्पीडयेद्भूमौ न द्वादश्यां न सङ्क्रमे । चतुर्दश्यां श्राद्धदिने न च क्षारेण योजयेत् ॥२३॥
यज्ञोपवीती दैवे स्यान्निवीत्यार्षे च तर्पणे । प्राचीनावीती पैत्रे च तत्तन्मन्त्रान्समुच्चरन् ॥२४॥
देवान् दैवेन तीर्थेन ब्राह्मेण च मुनींस्तथा । पैत्रेण तर्पयेत्पितॄन्स्वकीयान्दैविकानपि ॥२५॥
साग्रान्समूलान्दर्भांश्च धृत्वा दक्षिणपाणिना । सेव्येन चान्वारब्धेन देवादींस्तर्पयेद्द्विजः ॥२६॥

---

બ્રહ્મર્ષિનું તર્પણ કરવું.[૧૯] અને તિલ મિશ્રિત જળથી પિતૃઓનું તર્પણ કરવું, પૂર્વદિશા તરફ મુખ રાખી દેવતાઓનું તર્પણ કરવું, ઉત્તર દિશા તરફ મુખ રાખી ઋષિઓનું તર્પણ કરવું, દક્ષિણ દિશા તરફ મુખ રાખી પિતૃઓનું તર્પણ કરવું, આ પ્રમાણે તર્પણ કરવાનો વિધિ કહ્યો છે.[૨૦] બુદ્ધિમાન દ્વિજાતિ પુરુષ દક્ષિણદિશા તરફ ઊભા રહી પિતૃઓનું તર્પણ કરે ત્યારે યજ્ઞોપવીતને અપસવ્ય કરે, અર્થાત્ જમણે ખભે જનોઇ કરીને તલમિશ્રિત તીર્થજળથી પિતૃઓનું તર્પણ કરે, અને યમ આદિક દેવ હોવાથી દેવતીર્થથી તેમનું તર્પણ કરે.[૨૧] આ પ્રમાણે સંક્ષેપથી તર્પણ કરતાં કરતાં દ્વિજાતિ પુરુષે આ બ્રહ્મસ્તંબપર્યંત આખુ જગત તૃપ્ત થાઓ ,આમ બોલીને તિલોદકને ભૂમિપર રેડવું.[૧૯-૨૨] પિતૃદેવાદિના તર્પણને અંતે તર્પણ કરનારે એમ બોલવાનું હોય છે કે અમારા કુળમાં જન્મેલા અપુત્રોવાળા ગોત્રીઓ મૃત્યુ પામ્યા હો, તેઓ પણ મેં આ અર્પણ કરેલા વસ્ત્ર નીચોવવારૂપ કર્મથી આપેલા જળનો સ્વીકાર કરો, આ વસ્ત્ર નીચોવવારૂપ કર્મમાં અમુક સમયનો અપવાદ છે તે કહીએ છીએ, બારસની તિથિ, સંક્રાંતિ, ચૌદશની તિથિ અને શ્રાદ્ધના દિવસે પૃથ્વી પર વસ્ત્રો નીચોવવાં નહિ. તેમજ આ દિવસોમાં ક્ષાર નાખી વસ્ત્રો ધોવાં નહિ.[૨૩] હે વિપ્રો ! દેવસંબંધી તર્પણ કરવાનું હોય ત્યારે યજ્ઞોપવીતને ડાબા ખભે જ ધારણ કરી રાખવી અને ઋષિસંબંધી તર્પણમાં નિવીત- કંઠમાં હારની જેમ લટકતી ધારણ કરવી અને પિતૃસંબંધી તર્પણમાં પ્રાચીનાવીતી- જમણાખભે યજ્ઞોપવીતને ધારણ કરવી. ત્યારપછી તે તે દેવ ઋષિ અને પિતૃઓના તર્પણ યોગ્ય મંત્રોનું ઉચ્ચારણ કરતાં કરતાં તર્પણ કરવું.[૨૪] બ્રહ્માદિ દેવતાઓનું દૈવતીર્થથી તર્પણ કરવું, અને અગ્નિષ્વાતાદિ પોતાના પિતૃઓનું તથા કવ્યવાટ્ આદિ આઠ દૈવિકોનું પણ

अग्रैस्तु तर्पयेद्देवान्मनुष्यांश्चैव मध्यतः । पितृंश्चैव तु मूलाग्रैः कुशानां तु यथाक्रमम् ॥२७॥
कुशा काशा यवा दूर्वा उशीराश्च सकुन्दराः । गोधूमा व्रीहयो मुञ्जा एते दर्भाः प्रकीर्तिताः ॥२८॥
नभोमासस्य दर्शे ये कुशाः शुद्धा उपाहृताः । अयातयामास्ते दर्भा नियोक्तव्यां पुनःपुनः ॥२९॥
कुश प्रादेशमात्रः स्याद्द्विगुणो दर्भ उच्यते । हस्तमात्रो भवेद्वज्रो गोपुच्छस्तृणमुच्यते ॥३०॥
श्राद्धकाले कुशः श्रेष्ठो दानेषु दर्भ उच्यते । आवसथ्ये भवेद्वज्रो गोपुच्छः प्रेतकर्मणि ॥३१॥
पाणिनैकगुणं प्रोक्तं दर्भैः शतगुणं तथा । अक्षय्यं खड्गपात्रेण पितृणां तर्पणं भवेत् ॥३२॥
एकैकमञ्जलिं देवा द्वौ द्वौ च सनकादयः । त्रींस्त्रीन् वाञ्छन्ति पितरः स्त्रियश्चैकैकमञ्जलिम् ॥३३॥

---

પિતૃતીર્થથી જ તર્પણ કરવું.[૨૫]

હે વિપ્ર ! દ્વિજાતિ પુરુષે અભગ્ન એવા અગ્રભાગ તથા મૂળિયા સહિતના દર્ભને ધારણ કરી ડાબા હાથને જેની પાછળ પૃષ્ઠભાગમાં લગાવવામાં આવ્યો છે એવા જમણા હાથથી દેવતા આદિ સર્વનું તર્પણ કરવું. દર્ભના અગ્ર ભાગથી દેવતાઓનું તર્પણ કરવું, દર્ભના મધ્યભાગથી સનકાદિક મુનિઓનું તર્પણ કરવું, અને દર્ભના મૂળના ભાગથી પિતૃઓનું તર્પણ કરવું. આ પ્રમાણે કહેલા ક્રમથી તર્પણ કરવું.[૨૬-૨૭] કુશ, કાશ, યવ, દુર્વા, ઉસીરા, કુંદર, ઘઉ, ડાંગર, અને શણ આટલાને દર્ભ કહેલા છે. અહીં પૂર્વાપરના અભાવે ઉત્તરોત્તર ગ્રહણ કરવું.[૨૮] જે દર્ભો શ્રાવણ માસની દર્શ અમાવાસ્યાએ લાવવામાં આવ્યા હોય તે દર્ભો શુદ્ધ કહેવાય છે. તેથી તેનો વારંવાર કર્મોમાં ઉપયોગ કરી શકાય છે.[૨૯] અંગુઠા અને તર્જની આંગળીના વચ્ચેના માપનો કુશ કહેવાય, બે પ્રાદેશ માત્રનો હોય તો દર્ભ કહેવાય છે. જો તે હાથ જેટલો લાંબો હોય તો વજ્ર કહેવાય ને ગાયના પૂછડાં જેટલા લાંબા દર્ભને તૃણ કહેવાય છે.[૩૦] તેમાં શ્રાદ્ધના સમયે કુશ શ્રેષ્ઠ છે. દાન કર્મમાં દર્ભ શ્રેષ્ઠ છે, આવસથ્યકર્મમાં વજ્ર શ્રેષ્ઠ છે અને પ્રેત કર્મમાં ગોપુચ્છ શ્રેષ્ઠ છે.[૩૧]

હાથથી પિતૃઓનું તર્પણ એકગણું ફળ આપનાર કહેલું છે, દર્ભથી કરવામાં આવતું સો ગણું ફળ આપનાર કહેલું છે, ખડ્ગપાત્રથી આપેલું તર્પણ અક્ષયફળને આપનારૂં કહેલું છે.[૩૨] દેવતાઓ એક અંજલીથી તૃપ્ત થાય છે, સનકાદિકો બે અંજલીથી, પિતૃઓ ત્રણ અંજલીથી અને સ્ત્રીઓ પણ એક અંજલીથી તૃપ્ત થાય છે.[૩૩] તેમા પોતાની માતા વિગેરે નારીઓને ત્રણ અંજલી અર્પણ કરવી, તે

मातृमुख्यास्तु यास्तिस्रस्तासां दधाज्जलाञ्जलीन् । त्रींस्त्रीनेव ततोऽन्यासां दद्यादेकैकमञ्जलिम् ।।३४
रवौ शुक्ले त्रयोदश्यां सप्तम्यां निशि सन्ध्ययोः । मघासु भौमे नन्दायां न कुर्यात्तिलतर्पणम् ।।३५।।
तीर्थे तिथिविशेषे च गङ्गायां प्रेतपक्षके । निषिद्धेऽपि दिने कुर्यात्तिलमिश्रिततर्पणम् ।।३६।।
तिलाभावे निषिद्धाहे सुवर्णरजतान्वितम् । तदभावे निषिञ्चेत्तु दर्भैर्मन्त्रेण वोदकम् ।।३७।।
प्रत्यूषहोममुखकर्म मयोदितं ते स्मार्तैर्वचोभिरखिलं विहितं द्विजानाम् ।
देवार्चनस्य विधिमद्य वदामि सर्वमावश्यकं द्विजवरानुदिनं विधेयम् ।।३८।।

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे प्रातर्होमब्रह्मयज्ञदेवपितृतर्पणविधिनिरूपणनामा षष्ठोऽध्यायः ।।६।।*

---

**સિવાયનીને સ્ત્રીને એક અંજલી અર્પણ કરવી.[૩૪] રવિવારે, શુક્રવારે, તેરસની તિથિએ, સાતમની તિથિએ, રાત્રીના સમયે, બન્ને સંધ્યાના સમયે, મઘાનક્ષત્રમાં, મંગળવારે અને નંદા- પડવો, છઠ્ઠ અને એકાદશીની તિથિએ તિલતર્પણ ન કરવું.[૩૫] હે વિપ્ર ! તીર્થમાં તથા જે તિથિમાં તલ અર્પણનો ખાસ ઉલ્લેખ હોય તેવી તિથિ વિશેષમાં, ગંગામાં અને પિતૃપક્ષમાં પણ તલમિશ્રિત તર્પણ, નિષેધના દિવસે પણ કરવું.[૩૬] તલના અભાવમાં ને તલના નિષેધ દિવસોમાં સુવર્ણ અને રૂપાએ સહિત તર્પણ કરવું, જો તેનો અભાવ હોય તો દર્ભથી અથવા મંત્રજળથી તર્પણ કરવું.[૩૭] હે વિપ્ર શ્રેષ્ઠ ! દ્વિજાતિજનો માટે વિધાન કરેલી પ્રાતઃહોમ વગેરે સમસ્ત ક્રિયા મેં તમને સ્મૃતિકારોના કહેલા વચનો પ્રમાણેજ કહી છે, હવે દ્વિજાતિ જનોએ પ્રતિદિન અવશ્ય કરવા યોગ્ય દેવાર્ચનનો સમસ્ત વિધિ કહું છું.[૩૮]**

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતા ભગવાન શ્રીહરિએ પ્રાતઃકાળનો હોમ, બ્રહ્મયજ્ઞ, દેવતા અને પિતૃઓના તર્પણનો વિધિ કહ્યો,એ નામે છઠ્ઠો અધ્યાય પૂર્ણ થયો. --૬--***

---

पञ्चमोऽध्यायः - ५

श्रीनारायणमुनिरुवाच :-

करिष्यन्पूजनं विष्णोः कृतसन्ध्याविधिर्द्विजः । पूजाद्रव्याणि सम्भृत्य पूर्वं कुर्यात्ततोऽर्चनम् ॥१॥
समित्पुष्पकुशादीनि ब्राह्मणः स्वयमाहरेत् । शूद्रानीतैः क्रयक्रीतैः पूजयेन्न रमापतिम् ॥२॥
दैवं पित्र्यं च वा कर्म सन्ध्योपास्त्यादि नैत्यकम् । शूद्राहृतेन तोयेन विप्रो नैव समाचरेत् ॥३॥
उदङ्मुखः प्राङ्मुखो वा देवतासम्मुखोऽथवा । उपविश्यार्चयेद्भक्त्या निजेष्टं साङ्गमीश्वरम् ॥४॥
शैली दारुमयी लौही लेप्या लेख्या च सैकती । मनोमयी मणिमयी प्रतिमाष्टविधा स्मृता ॥५॥
एतास्वपि भवेच्छ्रद्धा यस्य यत्र स तां नरः । निश्छद्म पूजयेद्भक्त्या यथालब्धोपचारकैः ॥६॥
भक्त्यार्पितं दलं पुष्पं गृह्णात्यम्भोऽपि केशवः । न पश्यत्यन्यथा त्वङ्ग ! द्रव्यपुञ्जानपि ध्रुवम् ॥७॥

## અધ્યાય - ૭

## ભગવાન શ્રીહરિએ દેવપૂજનનો વિસ્તારથી કહેલો વિધિ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! સંધ્યાવિધિ કર્યા પછી દ્વિજાતિ પુરુષ વિષ્ણુ ભગવાનની પૂજાનો પ્રારંભ કરે ત્યારે પ્રથમ પૂજાના દ્રવ્યો ભેળા કરે અને પછીથી જ પૂજા કરવા લાગે.[1] બ્રાહ્મણે સ્વયં જાતે સમિધ, પુષ્પો, દર્ભ વિગેરે સંપાદન કરવું, શૂદ્રોએ લાવી આપેલા હોય કે બજારમાંથી ખરીદેલા હોય તેવા સમીધાદિકથી રમાપતિ ભગવાન વિષ્ણુનું પૂજન કરવું નહિ.[2] દેવસંબંધી કે પિતૃસંબંધી કર્મ તેમજ સંધ્યોપાસન કર્મ વિગેરે નિત્યે કરવાનાં સર્વે કર્મો શૂદ્રે લાવી આપેલા જળથી કરવાં નહિ.[3] હે વિપ્ર ! પૂજા કરનારે ઉત્તરમુખે અથવા પૂર્વમુખે અથવા ભગવાનની સન્મુખ બેસીને અંગદેવતાઓએ સહિત પોતાના ઈષ્ટદેવનું ભક્તિભાવ પૂર્વક પૂજન કરવુ.[4] ભગવાનની મૂર્તિ શિલામયી, કાષ્ઠની, ધાતુની, ચંદન આદિ લેપની, ચિત્રની, રેતીની, મનોમયી અને મણિની આ આઠ પ્રકારની પ્રતિમા ભગવાનની પૂજામાં માન્ય કહેલી છે.[5] આ આઠ પ્રકારની પ્રતિમાઓને વિષે જે મૂર્તિમાં મનુષ્યને શ્રદ્ધા બેસે તે મૂર્તિનું પ્રાપ્ત થયેલા ઉપચારોથી નિષ્કપટ ભાવે પૂજન કરવું.[6]

હે વિપ્ર ! ભક્તિથી પોતાને અર્પણ કરેલા પત્ર, પુષ્પ અને જળને પણ કેશવ ભગવાન સ્વીકારે છે. જો ભક્તિ ન હોય તો દ્રવ્યના ઢગલા સામે પણ તે નિશ્ચિત જોતા નથી.[7] બ્રાહ્મણાદિ ચારે વર્ણના સ્ત્રી પુરુષોને ભક્તિપૂર્વક વિષ્ણુ ભગવાનની તથા દેવતાઓની પ્રતિમાની પૂજા કરવાનો અધિકાર છે.[8] શાલિગ્રામની

चतुर्णां ब्राह्मणादीनां वर्णानां योषितां तथा । प्रतिमापूजनं शस्तं विष्ण्वादीनां हि भक्तितः ॥८॥
शालग्रामशिलापूजा विहिता ब्राह्मणस्य वै । त्रयाणां क्षत्रियादीनां वैष्णवत्वे तु सोचिता ॥९॥
विष्णुः शिवो गणपतिः सूर्यो देवी च पञ्चमी । एता भक्तिमता पूज्या देवता विष्णुरेव वा ॥१०॥
शालग्रामाः समाः पूज्या विषमेष्वेक एव च । खण्डिता स्फुटिता वापि शालग्रामशिला शुभा ॥११
गृहे लिङ्गद्वयं नार्च्यं शालग्रामद्वयं तथा । द्वे चक्रे द्वारिकायास्तु नाऽर्च्ये सूर्यद्वयं तथा ॥१२॥
शक्तित्रयं तथा नार्च्यं गणेशत्रयमेव च । द्वौ शङ्खौ नार्चनीयौ च खण्डिता प्रतिमा तथा ॥१३॥
पञ्चायतनपूजायां देवतासन्निवेशनम् । यथोक्तविधिना कृत्वा ततः पूजनमाचरेत् ॥१४॥
मध्ये विष्णुस्तथेशाने शिवो वह्नौ गणेश्वरः । नैर्ऋतेऽर्कश्च वायव्ये दुर्गा स्थाप्या क्रमेण च ॥१५॥
पञ्चायतनमेतद्वै पूजनीयं सतां सदा । सूक्तेन पौरुषेणाथ तत्तन्मन्त्रैश्च वैदिकैः ॥१६॥

---

પૂજા માત્ર બ્રાહ્મણે કરવાની કહેલી છે. ક્ષત્રિયાદિ ત્રણ વર્ણના જનોને માટે તો જો વૈષ્ણવી દીક્ષા ગ્રહણ કરી હોય તો શાલિગ્રામની પૂજા કરવી યોગ્ય છે. આહીં શૂદ્ર એટલે સત્શૂદ્ર એમ જાણવું.[૯] વિષ્ણુ, શિવ, ગણપતિ, સૂર્ય અને પાર્વતી આ પાંચ દેવતા ભક્તિવાળા પુરુષો માટે પૂજ્ય કહેલા છે. માટે તેમની પૂજા કરવી. અથવા એક માત્ર વિષ્ણુની પૂજા કરવી.[૧૦]

**પૂજામાં મૂર્તિ રાખવાની સંખ્યાનો વિવેક :–** શાલિગ્રામ સમ સંખ્યામાં ગમે તેટલા પૂજી શકાય, પરંતુ વિષમ સંખ્યામાં માત્ર એકજ પૂજી શકાય. શાલિગ્રામની શીલા કંઈક અંશે ખંડીત થયેલી હોય અથવા બે ભાગ થયા હોય છતાં પૂજામાં શુભ મનાયેલ છે.[૧૧] પોતાને ઘેર બે શિવલિંગની પૂજા ન કરવી અને બે શાલિગ્રામની પૂજા ન કરવી, દ્વારિકાના બે ચક્રની પૂજા ન કરવી, સૂર્યની બે પ્રતિમા ન પૂજવી.[૧૨] શક્તિની અને ગણેશની ત્રણ ત્રણ મૂર્તિ ન પૂજવી, બે શંખની પૂજા ન કરવી, અને ખંડિત કોઈ પણ પ્રતિમાની પૂજા ન કરવી (શાલિગ્રામ સિવાય).[૧૩] હે વિપ્ર ! પંચાયતનની પૂજામાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર દેવતા સ્થાપનના ક્રમને ધ્યાનમાં રાખી પછી જ પૂજન કરવું.[૧૪] તેમાં વિષ્ણુ-પંચાયતન પૂજામાં પીઠના મધ્યભાગમાં વિષ્ણુની સ્થાપના કરવી, ઈશાન ખૂણામાં શિવજી, અગ્નિ ખૂણામાં ગણપતિ, નૈર્ઋત્યમાં સૂર્ય અને વાયુમાં દુર્ગાદેવીની સ્થાપના કરવી.[૧૫] આ પ્રમાણેના ક્રમથી પાંચ દેવની સ્થાપના કરવી, આ વિષ્ણુ પંચાયતનની પૂજા સંતો તથા વિપ્રોએ પુરુષસૂક્ત દ્વારા કરવી, તેમજ તે તે ઉપચારના તે તે વૈદિક મંત્રોનું ઉચ્ચારણ કરી સદાય વિષ્ણુઆદિનું પૂજન કરવું.[૧૬] વિષ્ણુની પૂજાના

देशकालौ प्रकीर्त्यादौ गणेशस्मृतिपूर्वकम् । कुर्यान्न्यासविधिं सम्यक्सूक्तेनैतेन च द्विजः ॥१७॥
करयोः पादयोर्जान्वोः रट्योर्नाभौ हृदि क्रमात् । कण्ठे बाह्वोर्मुखे नेत्रे मूर्ध्नि वामाङ्गतो न्यसेत् ॥१८
पूजाद्रव्याणि संशोध्य शङ्खं घण्टां च पूजयेत् । यथादृष्टं श्रुतं वाथ ध्यात्वा श्रीविष्णुमर्चयेत् ॥१९॥
अर्चकस्य तपोयोगादर्चनस्यातिशायनात् । आभिरूप्याच्च बिम्बानां देवः सान्निध्यमृच्छति ॥२०॥
सूक्तमन्त्रैः षोडशभिरुपचारास्तु षोडश । अर्पणीया भक्तिमता द्विजेन प्रत्यहं द्विज ! ॥२१॥
आवाहनं चासनं च पाद्यार्घ्याचमनानि च । स्नानवस्त्रोपवितानि चन्दनं कुसुमानि च ॥२२॥
धूपं दीपं च नैवेद्यं ताम्बूलं दक्षिणां तथा । पुष्पाञ्जलिं प्रदायैव नमस्कुर्वीत सादरम् ॥२३॥
स्थिरायां प्रतिमायां च शालग्रामेऽपि सर्वदा । बाणलिङ्गे च कर्तव्ये नावाहनविसर्जने ॥२४॥
तत्र सूक्ताद्यमन्त्रेण ध्यानमेव विधियते । पूजाविधौ न कुर्वीत वित्तशाठ्यं कदाचन ॥२५॥

---

પ્રારંભમાં પૂજા કરનારે પ્રથમ ગણપતિનું સ્મરણ કરવા પૂર્વક દેશકાળાદિકનું ઉચ્ચારણ કરી પુરુષસૂક્ત દ્વારા રૂડી રીતે ન્યાસવિધિ કરવો.[૧૭]

**પુરુષસૂક્ત દ્વારા ન્યાસ કરવાનો વિધિ :–** પ્રથમ બન્ને હાથમાં, બન્ને ચરણમાં બન્ને જાનુમાં, ડાબી જમણી કેડમાં, નાભીમાં, હૃદયમાં, કંઠમાં, બન્ને ભૂજાઓમાં, મુખમાં, નેત્રોમાં, અને મસ્તકમાં, આ ડાબા હાથના ક્રમથી સોળ અંગમાં ન્યાસ કરવો.[૧૮] પુષ્પાદિક પૂજા દ્રવ્યોની શુદ્રિ કરી શંખ અને ઘંટાનું પૂજન કરવું, પછી જેવા જોયા હોય અને જેવા સાંભળ્યા હોય તેવા વિષ્ણુ ભગવાનનું ધ્યાન કરી પૂજન કરવું.[૧૯] પૂજા કરનારના બ્રહ્મચર્યાદિ તપ અને યોગના સંબંધથી અને યથાયોગ્ય પૂજાના દ્રવ્યો અર્પણ કરવામાં અતિશય શ્રદ્ધા પૂર્વક ભાવ હોય તો એ પ્રતિમામાં પોતાના ઈષ્ઠદેવ જ આવિર્ભાવ પામે છે.[૨૦]

**પૂરુષસૂક્ત દ્વારા સોળ ઉપચાર અર્પણનો વિધિ :–** હે વિપ્ર ! ભક્તિમાન દ્વિજાતિ પુરુષે પ્રતિદિન પુરુષસૂક્તના મંત્રોનું ઉચ્ચારણ કરતાં ષોડશોપચાર ભગવાનને અર્પણ કરવા.[૨૧] તેમાં આવાહન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, ઉપવિત, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબૂલ, દક્ષિણા અને પુષ્પાંજલી આ સોળ ઉપચારો અર્પણ કરી આદરપૂર્વક ભગવાનને નમસ્કાર કરવા.[૨૨-૨૩] અચળ પ્રતિમા હોય, શાલગ્રામ હોય, કે બાણલિંગ હોય તો તેમાં આવાહન અને વિસર્જન ન કરવું, તેમાં પુરુસૂક્તના પ્રથમ મંત્રથી ધ્યાન કરવું, પૂજાવિધિમાં ક્યારેય પણ ધનનો લોભ ન કરવો.[૨૫] ચોખાથી શાલિગ્રામનું પૂજન કરવું નહિ, આ નિષેધ કેવળ શાલિગ્રામ પુરતો છે પરંતુ વિષ્ણુની પ્રતિમામાં આ

नाक्षतैरर्चयेद्विष्णुं न तुलस्या गणाधिपम् । न दूर्वया यजेद्देवीं बिल्वपत्रैर्दिवाकरम् ॥२६॥
चम्पकेन च केतक्या नार्चयेच्छङ्करं तथा । उन्मत्तमर्कपुष्पं च विष्णोर्वर्ज्यं सदा बुधैः ॥२७॥
मल्लिकामालतीजातीकेतकाशोकचम्पकैः । पुन्नागनागबकुलैः पद्मकैरुत्पलैस्तथा ॥२८॥
कुन्दैश्च करवीरैश्च पुष्पैरन्यैः सुगन्धिभिः । प्रशस्तं पूजनं विष्णोर्वर्ज्याऽत्र वनकेतकी ॥२९॥
वर्ज्यं पर्युषितं पत्रं वर्ज्यं पर्युषितं जलम् । वर्ज्यं पर्युषितं पुष्पं मालाकारगृहं विना ॥३०॥
बिल्वपत्रं च माध्यं च तमालामलकीदलम् । कह्लारं तुलसी चैव पद्मं च मुनिपुष्पकम् ॥३१॥
हेमपुष्पाद्यालङ्कारा: कुशाश्च कलिकास्तथा । एतत्पर्युषितं न स्यात्तीर्थतोयं च सुव्रत ! ॥३२॥
वैधृतौ च व्यतीपाते भौमभार्गवभानुषु । पर्वद्वये च सङ्क्रान्तौ द्वादश्यां सूतकद्वये ॥३३॥
तुलसीं न विचिन्वीत सन्ध्ययोश्च तथा निशि । विचिन्वन्नन्यदा तां च मन्त्रमेतमुदीरयेत् ॥३४॥

---

નિષેધ નથી. તુલસીનાં પત્ર કે મંજરીથી ગણપતિનું પૂજન ન કરવું, દુર્વાથી દેવીનું પૂજન ન કરવું, બિલ્વપત્રથી સૂર્યનું પૂજન ન કરવું.[૨૬] ચંપા અને કેતકીનાં પુષ્પોથી શંકરનું પૂજન ન કરવું, તથા ધતૂરાનાં અને આકડાનાં પુષ્પોથી બુદ્ધિમાન પુરુષોએ વિષ્ણુનું પૂજન ન કરવું.[૨૭]

હે વિપ્ર ! વિષ્ણુ ભગવાનની પૂજામાં મલ્લિકા, માલતી, કેતકી, આસોપાલવનાં પુષ્પો, જૂઇ, ચંપો, પુન્નાગ, નાગકેસર, બોરસળી, કમળ, સૂર્ય-ચંદ્ર વિકાસી ઉત્પલ, ડોલર, મોગરો, કણેર તેમજ અન્ય સુગંધીમાન પુષ્પો શ્રેષ્ઠ મનાયેલાં છે. તેનાથી પૂજન કરવું, તેમાં વનકેતકીનાં પુષ્પનો ત્યાગ કરવો.[૨૮-૨૯] માળીના ઘર વિનાનાં વાસી પત્રો વિષ્ણુ ભગવાનની પૂજામાં ન સ્વીકારવાં, તેમજ વાસી જળ અને પુષ્પોનો પણ ત્યાગ કરવો. માળીને ઘેરથી આવેલાં વાસી પત્રો કે પુષ્પોનો પુજામાં સ્વીકારવાનો દોષ નથી.[૩૦] તમાલ તથા આંબલીનાં પત્રો, કાહ્લાર નામનું કમળ, તુલસી, પદ્મ, મુનિપુષ્પ, સોના તથા રૂપાનાં પુષ્પો તથા આભૂષણો દર્ભ, પુષ્પની નહિ ખીલેલી કળીઓ અને ગંગાજળાદિ તીર્થોદક ક્યારેય પણ વાસી થતું નથી.[૩૧-૩૨]

**તુલસી ન તોડવાનો સમય :–** હવે તમને તુલસી ન તોડવાનો સમય કહું છું. વિધૃતિ અને વ્યતિપાતના યોગમાં, મંગળવારે, શુક્રવારે અને રવિવારે, પૂર્ણિમા તથા અમાવાસ્યાના દિવસે, સૂર્યની મેષ આદિ રાશીમાં સંક્રાંતિ થતી હોય તેવા સમયે, એકાદશી અને બારસને દિવસે, જન્મ અને મરણનાં સૂતકમાં, રાત્રીએ અને પ્રાતઃ તથા સાયં સંધ્યા સમયે તુલસી પત્રો તોડવા નહિં. આ કહેલા નિષેધના દિવસો સિવાયના દિવસોમાં પણ જ્યારે તુલસી તોડવાં ત્યારે આ પ્રમાણે મંત્ર

तुलस्यमृतजन्मासि सदा त्वं केशवप्रिये ! । केशवार्थे विचिन्वामि वरदा भव शोभने ! ॥३५॥
कृष्णमूर्धनि विन्यस्ता तुलसीपत्रमञ्जरी । सुवर्णकोटिपुष्पाणां फलं यच्छत्यतोऽधिकम् ॥३६॥
पृथक् शिवार्चने चाथ न ग्राह्यं तन्निवेदितम् । निर्माल्योल्लङ्घनेऽप्यस्य नृणां दोषो महान्भवेत् ॥३७
ग्राह्यं न शैवं नैवेद्यं पत्रं पुष्पं फलं जलम् । शालग्रामशिलासङ्गात्सर्वं याति पवित्रताम् ॥३८॥
बाणलिङ्गे स्वयम्भूते प्रतिमायां शिवस्य च । नैवेद्यादेर्न दोषोऽस्ति सिद्धे लिङ्गे च धातुजे ॥३९॥
पृथग्देव्याश्च पूजाथ नवरात्रादिषु द्विजैः । उपहारैः पायसाद्यैर्दैवैः कार्या न चासुरैः ॥४०॥
ग्रन्थमप्यासुरं दृष्ट्वा द्विजातिर्मद्यमांसयोः । संसर्गमपि नो कुर्यात्सद्यः पातित्यकारणम् ॥४१॥
सुरामांसादि नैवेद्यं यस्यै प्रागर्पितं भवेत् । तस्या देव्या न नैवेद्यं ग्राह्यमन्नाद्यपि क्वचित् ॥४२॥

**બોલવો.[૩૩-૩૪]"હે કેશવપ્રિયા ! હે શોભના ! તું સદાય અમૃત જન્મા છો, તારા પત્રવડે પૂજા કરનારને મોક્ષ પમાડનારી છો, હું કેશવના પૂજન માટે જ તારૂં ચયન કરૂં છું. તું સદાય મને વરદાન આપનારી થા.[૩૫]" હે વિપ્ર ! બે પત્રયુક્ત તુલસીનાં માંજર શ્રીકૃષ્ણ ભગવાનના મસ્તક પર સમર્પણ કરે તો કરોડો સોનાનાં પુષ્પોથી પૂજા કરે ને જે ફળ પ્રાપ્ત થાય એનાથી અધિક ફળની પ્રાપ્તિ થાય છે.[૩૬]**

**શિવજીના પ્રસાદ ગ્રહણમાં રાખવાનો વિવેક :–** હે વિપ્ર ! પંચાયતન પૂજા વિના કેવળ શિવજીની પૂજામાં નિવેદન કરેલું અન્ન જમવું નહિ, તેમજ શિવજીના નિર્માલ્યમાં જે વિધિ કહ્યો છે, તેના ઉલ્લંઘનમાં તો મનુષ્યોને મહાન દોષ કહેલો છે.[૩૭] શિવજીને ધરેલું નૈવેદ્ય અને પત્ર, પુષ્પ, ફળાદિ પણ ગ્રહણ ન કરવાં, પરંતુ પંચાયતન પૂજામાં શાલીગ્રામ શિલાના સંબંધથી શિવજીનું નૈવેદ્ય પણ પવિત્ર થાય છે. તેથી તે ગ્રહણ કરવું.[૩૮] બાળલિંગ, સ્વયંભૂ- પ્રગટેલા શિવલિંગ, શિવજીની પ્રતિમા, જ્યોતિર્લિંગ, તેમજ સુવર્ણાદિ ધાતુ નિર્મિત લિંગને નિવેદિત કરેલાં નૈવેદ્યને ભક્ષણ કરવામાં દોષ લાગતો નથી. તે પ્રમાણે નિર્ણયસિંધુમાં કહેલું છે.[૩૯]

**નવરાત્રીમાં દેવીની પૂજાનો વિવેક :–** હે વિપ્ર ! દ્વિજાતિ પુરુષોએ નવરાત્રી આદિકના દિવસોમાં પંચાયતન સિવાય દેવીની અલગ પૂજા દેવતાઓને ઉચિત દૂધપાક આદિ ઉપચારોથી કરવી, પરંતુ અસુરોને ઉચિત મદ્યમાંસાદિકથી ક્યારેય ન કરવી.[૪૦] તેમજ અસુરાંશ પુરુષોએ રચેલાં કુલાર્ણવ શિવરહસ્યાદિ ગ્રંથોને જોવા નહિ. દેવીની પૂજામાં જાતિ થકી ભ્રષ્ટ કરનાર મદ્ય માંસનો સંસર્ગ પણ ન કરવો.[૪૧] જે દેવીની આગળ પૂર્વે સુરા, માંસનું નિવેદન અર્પણ થયેલું હોય તે દેવી કે દેવતાને નિવેદન કરેલાં અન્નાદિક નૈવેદ્યનો ક્યારેય પણ સ્વીકાર કરવો

द्विजन्मा तु दातव्यं देवीपूजनकर्मणि । माषान्नं श्रीफलं वापि पायसान्नं च सर्वदा ॥४३॥
यो जह्यान्मत्कृतामेतां मर्यादां दुर्मतिः पुमान् । वंशोच्छेदोऽत्र तस्य स्यात्कुम्भीपाके मृतः पतेत् ॥४४
कुसङ्गेनासुरैर्देवीमुपहारैर्यजेत यः । अरण्ये निर्जले देशे स भवेद्ब्रह्मराक्षसः ॥४५॥
देवार्चनमिति प्रोक्तमर्चायां खलु मानद ! । स्थानान्तरेष्वपि विधिं पूजायाः कथयामि ते ॥४६॥
स्थण्डिले तत्त्वविन्यासैः सूर्ये चाभ्यर्हणादिना । पूजयेद्धविषा वह्नौ सलिले सलिलादिभिः ॥४७॥
भावद्रव्यैश्च हृदये ब्राह्मणे भोजनादिभिः । वैष्णवे बन्धुसत्कृत्या यजेद्देवं जितेन्द्रियः ॥४८॥
प्रातःकाले च मध्याह्ने प्रदोषे चार्चनं हरेः । त्रिः कर्तव्यं द्विजैर्भक्तैरशक्तैस्तु सकृद्द्विज ! ॥४९॥
पूजनान्ते कृष्णमन्त्रः स्वाचार्यप्राप्त आदरात् । कालत्रयेऽपि जपतव्यः स्मरद्भिर्हृदये ॥५०॥

---

નહિ.[૪૨] સર્વે દ્વિજાતિ પુરુષોએ દેવીના પૂજન કર્મમાં અડદનાં વડાં, નાળિયેર, દૂધપાક આદિનું નિત્યે નૈવેદ્ય ધરવું.[૪૩] હે વિપ્ર ! જે દુર્મતિ પુરુષ મેં આ બાંધેલી મર્યાદાનું ઉલ્લંઘન કરી દેવને મદ્ય-માંસાદિનું નિવેદન કરશે, તે પુરુષનો આલોકમાં વંશોચ્છેદ થઇ જશે, અને મરીને કુંભીપાક નરકમાં પડશે.[૪૪] વળી જે પુરુષ કુસંગીના સંગથી મદ્યમાંસાદિકના અશુદ્ધ ઉપહારોથી દેવીનું પૂજન કરશે, તે ઘોર જંગલમાં અને જળ રહિતના પ્રદેશમાં બ્રહ્મરાક્ષસ થશે.[૪૫]

હે માનદ ! આ પ્રમાણે મેં તમને પ્રતિમામાં દેવાર્ચનનો વિધિ કહ્યો. હવેથી પ્રતિમાથી ભિન્ન સ્થાનમાં શ્રીકૃષ્ણ ભગવાનની પૂજાનો વિધિ કહું છું.[૪૬] ચક્રાકાર કે કમલાકાર મંડલને વિષે સ્થાપન અનુસાર અંગદેવતાઓએ સહિત પ્રધાન દેવતાનું તે તે મંત્રોથી સ્થાપન તથા તત્ત્વવિન્યાસથી પૂજન કરવું. સૂર્યમાં ઉપસ્થાપનાદિકથી દેવપૂજા કરવી, અગ્નિમાં ઘી આદિ હોમ દ્રવ્યથી દેવ પૂજા કરવી, જળમાં જન, ચંદન, પુષ્પ, ચોખા આદિકથી દેવપૂજા કરવી.[૪૭] જીતેન્દ્રિય પૂજન કરનારે પોતાના હૃદયકમળમાં ભાવદ્રવ્યોથી દેવપૂજા કરવી. સ્વધર્મ અને ભક્તિએ યુક્ત બ્રાહ્મણમાં મિષ્ટાન્ન ભોજન દ્વારા દેવ પૂજા કરવી. વૈષ્ણવભક્તોમાં પોતાના સગા ભાઈનો ભાવ કેળવી સત્કાર કરવારૂપ દેવપૂજા કરવી.[૪૮] હે વિપ્ર ! સાક્ષાત્ ભગવાન શ્રીહરિના ઉપાસક એવા દ્વિજાતિ પુરુષોએ પ્રાતઃકાળે મધ્યાહ્નકાળે અને સાયંકાળે ત્રણ વખત ભગવાન શ્રીહરિનું પૂજન કરવું, અશક્ત પુરુષે પ્રાતઃકાળે એકવાર તો અવશ્ય પૂજન કરવું.[૪૯] પૂજાની સમાપ્તિમાં ભક્તોએ હૃદયકમળમાં શ્રીહરિનું સ્મરણ કરતાં પોતાના ગુરુ ધર્મવંશી આચાર્યથકી પ્રાપ્ત થયેલા શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રનો આદરથકી ત્રિકાળ જપ કરવો.[૫૦] આપત્કાળના સમયે પવિત્ર એવા દ્વિજાતિ

गायत्रीमन्त्रवच्चैष आपत्काले द्विजन्मभिः । द्विकालमेव जप्तव्यः शुचिभिः प्रतिवासरम् ॥५१॥
दैनंदिनानामिति कर्मणां ते षण्णां मयोक्तो हि विधिर्द्विजानाम् ।
अथो गृहस्थाश्रणिणां च तेषां धर्मान्समासेन वदामि विप्र ! ॥५२॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे देवार्चनविधिनिरूपणनामा सप्तमोऽध्यायः ॥७॥*

---

**अष्टमोऽध्यायः - ८**

**श्रीनारायणमुनिरुवाच :-**

उपकुर्वाणको यश्च मन्दवैराग्यवान् द्विजः । गुरवे दक्षिणां दत्त्वा स तु स्नायाद्यथाविधि ॥१॥
गुरोरनुज्ञया स्नातो व्रतं वेदं समाप्य च । धारयेद्वौणवीं यष्टिमन्तर्वासस्तथोत्तरम् ॥२॥

---

**પુરુષોએ ગાયત્રીમંત્રની જેમ જ આ અષ્ટાક્ષરમંત્રનો પ્રતિદિન મધ્યાહ્ન છોડી સવાર સાંજ બે વખત અથવા મધ્યાહ્ને અને સાંજે, એમ પણ બે વખત જપ અવશ્ય કરવો.[૫૧] હે વિપ્ર ! આ પ્રમાણે મેં તમને દ્વિજાતિ એવા બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય જનો માટે પ્રતિદિન કરવાના ષટકર્મનો વિધિ કહ્યો. હવે ગૃહસ્થાશ્રમી પુરુષોમાં પણ આ દ્વિજાતિઓના ગૃહસ્થધર્મો સંક્ષેપથી કહું છું.[૫૨]**

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતા શ્રીહરિએ ષટ્કર્મમાં દેવપૂજાના વિધિનું નિરૂપણ કર્યું ,એ નામે સાતમો અધ્યાય પૂર્ણ થયો. --૭--***

---

## અધ્યાય - ૮

## ગૃહસ્થ ધર્મોમાં વિવાહાદિ કર્મોનું નિરૂપણ.

**શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! પૂર્વે ચાર પ્રકારના બ્રહ્મચારીઓ કહ્યા. તેના ષટ્કર્મોનું ચાર અધ્યાયથી નિરૂપણ કરી હવે તેમાંથી જે ગૃહસ્થ થવા ઈચ્છતા હોય તેવા અવધિવાળા બ્રહ્મચારીના ધર્મોનો પ્રારંભ કરી તેના ગૃહસ્થ પ્રવેશના ધર્મો તમને કહું છું. જે મંદ વૈરાગ્યવાળો ઉપકુર્વાણક અર્થાત્ અવધિવાળું બ્રહ્મચર્યવ્રત પાલન કરનાર વિદ્યાભ્યાસી બ્રહ્મચારી એવા દ્વિજાતિ પુરુષે**

यज्ञोपलीतद्वितयं सोदकं ताम्रभाजनम् । छत्रं चोष्णीषममलं पादुके चाप्युपानहौ ॥३॥
रौक्मे च कुण्डले वेदं कृत्तकेशनखो दधत् । शुक्लाम्बरधरो नित्यं स्नातकाख्यो गृहे वसेत् ॥४॥
अनाश्रमी न तिष्ठेद्वै दिनमेकमपि द्विजः । आश्रमं हि विना तिष्ठन्प्रायश्चित्तेन शुद्ध्यति ॥५॥
उद्वहेत्स ततो भार्यां सवर्णां साधुलक्षणाम् । जनेतुरसगोत्रां च मातुरप्यसपिण्डकाम् ॥६॥
असवर्णाविवाहोऽपि परदारनिवृत्तये । अतिकामाकुलस्यैव द्विजस्य विहितः पुरा ॥७॥
स च पातित्यहेतुत्वादधुना तु कलौ युगे । निषिद्ध एव मुनिभिस्तत्त्वज्ञैस्तं ततस्त्यजेत् ॥८॥
स्त्रीसम्बन्धेऽप्यपस्मारि क्षयि श्वित्रि कुलं त्यजेत् । अभिशस्तं च पतितं दुराचारं त्यजेत्सुधीः ॥९॥

---

વિદ્યાભ્યાસની સમાપ્તિમાં ગુરુને દક્ષિણા આપી વિધિપૂર્વક સ્નાન કરવું.[૧] બ્રહ્મચારી ધર્મની અને વેદાભ્યાસની સમાપ્તિ કરી ગુરુની આજ્ઞાથી સ્નાન કરેલા દ્વિજાતિ પુરુષે વાંસનો દંડ તથા આંતરવસ્ત્ર તથા ઉપરનું વસ્ત્ર ધારણ કરવું.[૨] બે યજ્ઞોપવીત, જળસહિત તાંબાનું પાત્ર, છત્ર, મસ્તકપર ધારવાની નિર્મળ પાઘ અને પગમાં પગરખાં પણ ધારણ કરવાં, કાનમાં સુવર્ણનાં કુંડળ અને દર્ભચટુ ધારણ કરવું, કેશ અને નખને દૂર કરી નિત્યે શ્વેત વસ્ત્રો ધારણ કરી સ્નાતક એવા નામે ઘરમાં નિવાસ કરવો.[૩-૪] હે વિપ્ર ! આવા સ્નાતક દ્વિજાતિ પુરુષે એક દિવસ પણ અનાશ્રમી ન રહેવું, કારણ કે અનાશ્રમી રહેનારો દ્વિજ પ્રાયશ્ચિતથી શુદ્ધ થાય છે.[૫] તેથી તે દ્વિજાતિ પુરુષે પોતાના વર્ણની, સારાં લક્ષણ વાળી પિતાના સમાન ગોત્ર રહિતની તેમજ માતાના સપિંડ સંબંધ રહિતની કન્યા સાથે વિવાહ કરવો.[૬] પૂર્વે અતિકામાતુર દ્વિજાતિ પુરુષોને માટે પરસ્ત્રી સંગની આસક્તિ નિવૃત્ત રહે તે અર્થે પોતાના વર્ણની ન હોય તેવી સ્ત્રી સાથે પણ વિવાહ કરી શકવાનું વિધાન કરેલ છે.[૭] પરંતુ અત્યારે અસવર્ણ વિવાહ પોતાની જાતિથકી પતનનો હેતુ હોવાથી તત્ત્વજ્ઞ મુનિઓએ કળિયુગમાં નિષેધ કરેલ છે, તેથી કોઈ પણ પુરુષે અસવર્ણ વિવાહ ન કરવા.[૮]

**સ્ત્રી-પુરૂષનાં સગપણ કરતી વખતે રાખવાની સાવધાની :–** બુદ્ધિમાન દ્વિજાતિ પુરુષે સ્ત્રીનો સંબંધ કરતી વખતે વાઈની વ્યાધિ, ક્ષયરોગ, તેમજ કુષ્ઠરોગવાળા કુળનો ત્યાગ કરવો, તેમજ બ્રહ્મહત્યાદિ પાપના અપવાદવાળા કુળનો ત્યાગ કરવો. મદ્ય, માંસાદિના ભક્ષણથી પતિત થઈ ગયેલા કુળનો ત્યાગ કરવો, તેમજ બ્રહ્મહત્યાદિ પાપના અપવાદવાળા કુળનો ત્યાગ કરવો, પરસ્ત્રી સંગ આદિ દુરાચારી કુળનો પણ ત્યાગ કરવો.[૯] દાઢી, મુચ્છ આદિ પુરુષનાં લક્ષણ રહિતની પોતાનાથી ઉમરમાં નાની તેમજ સ્વભાવમાં સુશીલ કન્યાની સાથે જ દ્વિજાતિ પુરુષે

पुंलक्षणविहीनां च वयसा चावरां स्वतः । सुशीलां सर्वभावेन द्विजः कन्यां समुद्वहेत् ॥१०॥
सुलक्षणापि दुःशीला कुलक्षणशिरोमणिः । अलक्षणापि या साध्वी सर्वलक्षणभूस्तु सा ॥११॥
विवाहा ब्राह्मदैवार्षाः प्राजापत्यासुरौ तथा । गान्धर्वो राक्षसश्चापि पैशाचश्चेति कीर्तिताः ॥१२॥
चत्वारस्तत्र विप्राणामाद्याः प्रोक्तास्ततस्त्रयः । प्रायः क्षत्रविशोरुक्ता हीनजातेस्तथाष्टमः ॥१३॥
अग्निर्वैवाहिकश्चाथ ग्रहीतव्यो द्विजन्मना । देवतानां तु सर्वासां प्रीणनाय निरन्तरम् ॥१४॥
सोऽग्निस्तदा प्रमादेन गृहीतो न यदा तदा । विभागकाले दायस्य ग्रहीतव्यः प्रयत्नतः ॥१५॥
दाराग्निरहिते ज्येष्ठे सोदरे सति नानुजः । दारानग्नींश्च गृह्णीयात्प्रायश्चित्ती स्मृतोऽन्यथा ॥१६॥

---

વિવાહ કરવો.[૧૦] જે કન્યા સૌંદર્ય આદિક શુભ લક્ષણોવાળી હોય પરંતુ સ્વભાવે દુષ્ટ હોય અર્થાત્ પરપુરુષમાં આસક્તિ આદિક અનેક કુલક્ષણોમાં બધેથી આગળ હોય તો કુલક્ષણોમાં શિરોમણિ જાણવી અને જે કન્યા અતિ સૌંદર્યાદિ લક્ષણો ન ધરાવતી હોય છતાં જો પતિવ્રતા હોય તો તે સર્વ શુભ લક્ષણની સ્થાનરૂપ જાણવી.[૧૧]

**વિવાહના આઠ પ્રકાર :–** હે વિપ્ર ! બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ, રાક્ષસ અને પૈશાચ આ આઠ પ્રકારના વિવાહ કહેલા છે. તેમાં વરરાજાને વિધિપૂર્વક બોલાવી અલંકૃત કરેલી પોતાની કન્યાનું દાન કરવું, તે બ્રાહ્મવિવાહ કહેલા છે. યજ્ઞ કરાવતી વખતે યજ્ઞના ઋત્વિજને કન્યાનું દાન કરવું, તે દૈવવિવાહ કહેલા છે. વરરાજા પાસેથી બે ગાયો લઈ કન્યાદાન કરવું તે આર્ષ વિવાહ કહેલો છે. બન્ને સહધર્મનું આચરણ કરજો એમ કહીને કરવામાં આવતું કન્યાદાન પ્રાજાપત્ય વિવાહ કહેલા છે. દ્રવ્ય ગ્રહણ કરીને કન્યાદાન કરવું તે આસુર વિવાહ કહેલા છે. સ્ત્રી પુરુષને પરસ્પર પ્રેમ થઈ જતાં પરણી જવું તે ગાંધર્વવિવાહ કહેલા છે, યુદ્ધ કરી કન્યાનું હરણ કરી લઈ જઈ તેમની સાથે લગ્ન કરવાં તે રાક્ષસ વિવાહ કહેલા છે. છેતરપીંડીથી કન્યાને ઉપાડી જઈ તેમની સાથે પરણવું તે પૈશાચ વિવાહ કહેલા છે.[૧૨]

હે વિપ્ર ! આ આઠ પ્રકારના વિવાહને મધ્યે પહેલા ચાર વિવાહ બ્રાહ્મણને માટે કહેલા છે. ત્યારપછીના ત્રણ ઘણું કરીને ક્ષત્રિયો તથા વૈશ્યોને માટે કહેલા છે અને છેલ્લો પિશાચ વિવાહ શૂદ્રને માટે કહેલો છે.[૧૩] વિવાહ કર્યા પછી દ્વિજાતિ પુરુષોએ સર્વે દેવતાઓની નિરંતર પ્રસન્નતા બની રહે તે માટે વૈવાહિક અગ્નિનો સ્વીકાર કરવો.[૧૪] જો વિવાહ સમયે આળસથી જો વૈવાહિક અગ્નિનું ચયન ન થયું હોય તો પિતાની સંપત્તિના વિભાગ કરતી વખતે પ્રયત્ન પૂર્વક અગ્નિનો સ્વીકાર કરવો.[૧૫] જો મોટોભાઈ પત્ની અને વિવાહના અગ્નિ રહિતનો હોય ત્યાં સુધી

परिवेत्ताऽनुजस्तत्र परिवित्तिश्च पूर्वजः । तावुभावपि विज्ञेयौ प्रायश्चित्तार्हणौ ध्रुवम् ॥१७॥
ज्येष्ठस्यानुज्ञया दोषो नास्त्येव परिवेदने । धनवृद्ध्यादिसक्ते वा ज्येष्ठे रोगिणि नास्तिके ॥१८॥
कर्म स्मार्तं विवाहाग्नौ कुर्वीत प्रत्यहं गृही । दायकालाहृते वापि श्रौतं वैतानिकाग्निषु ॥१९॥
स्थानानुकूल्याभावाद्वा दारिद्र्याद्वाऽप्यनग्निकः । यः स दधात्तु सन्ध्यान्ते सायंप्रातर्जलाञ्जलिम् ॥२०
सूर्यप्रजापतिभ्यां च नम इत्युच्चरन्दिवा । सूर्यस्थानेऽग्निमुच्चार्य सायं दद्याज्जलं तथा ॥२१॥
कृत्वाऽपि भार्यां कामेन यथेष्टाचरणे द्विजः । क्वापि नैव प्रवर्तेत मर्यादां पालयन्हरेः ॥२२॥
ऋतुकालेऽभिगमनं गृहस्थस्य श्रुतिर्जगौ । स शोडशनिशारूप ऋतुप्राप्तिदिनान्मतः ॥२३॥

નાના ભાઈએ પત્ની અને અગ્નિનો સ્વીકાર કરવો નહિ. જો ગ્રહણ કરે તો તે પ્રાયશ્ચિતથી શુદ્ધ થાય છે.[૧૬] આ બન્ને ભાઈઓની મધ્યે નાનો ભાઈ પરિવેત્તા અને મોટો પરિવેત્તિ થયો કહેવાય. તેથી એ બન્નેને પણ પ્રાયશ્ચિત કરવું પડે છે. આ પ્રાયશ્ચિત આગળ ૫૪ મા અધ્યાયમાં જણાવાશે.[૧૭]

હે વિપ્ર ! જો નાનો ભાઈ મોટાભાઈની આજ્ઞા લઈને પત્ની અને અગ્નિનો સ્વીકાર કરે તો તેમાં કોઈ દોષ નથી. અથવા મોટો ભાઈ પૈસા કમાવવાની આસક્તિમાં પડયો હોય ને સમય ઉપર લગ્ન ન કરતો હોય, અથવા મહારોગથી ઘેરાયેલો હોય જેથી લગ્ન ન થઈ શકે તેમ હોય અથવા વેદવિધિમાં વિશ્વાસ ન હોય ને તે નાસ્તિક હોય તો નાનાભાઈને પત્ની અને અગ્નિનો સ્વીકાર કરવામાં દોષ નથી.[૧૮] ગૃહસ્થે પ્રતિદિન કરવા યોગ્ય વૈશ્વદેવાદિક સ્માર્તકર્મ અને રસોઈ પકાવારૂપ લૌકિક કર્મનું અનુષ્ઠાન વૈવાહિક અગ્નિમાં કરવું, અથવા પિતાના ધનના વિભાગ સમયે સ્વીકારેલા અગ્નિમાં કરવું, શ્રુતિએ કહેલા અગ્નિહોત્રાદિક કર્મનું અનુષ્ઠાન આહવનીય અગ્નિમાં કરવું.[૧૯] જો ઘરમાં અગ્નિનું રક્ષણ થઈ શકે તેવી વ્યવસ્થા ન હોય,અથવા ગરીબીને કારણે વૈવાહિક અગ્નિનો સંગ્રહ થઈ શક્યો ન હોય તેવા દ્વિજાતિ પુરુષે પ્રાતઃ સંધ્યા અને સાયં સંધ્યાની સમાપ્તિ પછી હોમનું અનુષ્ઠાન ન કરી શકાતાં જલાંજલિ અર્પણ કરવી.[૨૦] તેમાં પ્રાતઃ સંધ્યા પછી દિવસે ''સૂર્યપ્રજાપતિભ્યાં નમઃ'' એમ બોલીને જલાંજલિ અર્પણ કરવી અને સાયંકાળે સૂર્યના સ્થાને અગ્નિનો ઉચ્ચાર કરી ''અગ્નિ-પ્રજાપતિભ્યાં નમઃ'' એમ બોલી જલાંજલિ અર્પણ કરવી.[૨૧]

**ગૃહસ્થમાટે સ્રીના અંગસંગનો ઉચિત સમય :–** હે વિપ્ર ! દ્વિજાતિ પુરુષ ભગવાનની બાંધેલી મર્યાદાનું પાલન કરતાં કરતાં પોતાની પત્ની

युग्माः पुत्रार्थिनस्तत्र शस्ताः कन्यार्थिनो पराः । उत्तरामुत्तरां श्रेष्ठां प्राहुस्तत्रापि शर्वरीम् ॥२४॥
वर्ज्यास्तत्रापि यत्नेन तिथ्यादीञ्छृणु सत्तम ! । आद्याश्चतस्रो यामिन्यो दिवसश्च निरन्तरम् ॥२५॥
श्राद्धाहः श्राद्धपूर्वाहः पर्वाणि निखिलानि च । दशमी द्वादशी चैव सङ्क्रान्तिव्रतवासराः ॥२६॥
वर्ज्येष्वेतेषु कालेषु नोपगच्छेत्स्त्रियं गृही । गच्छंस्तु पुरुषो मृत्वा मार्जारः श्वा च जायते ॥२७॥
भार्या च सर्वथा रक्ष्या सर्वोपायैर्गृहस्थितैः । अन्नवस्त्रविभूषाद्यैर्माननीया च नित्यदा ॥२८॥
विवाहात्प्राक् पिता रक्षेद्यौवने च पतिः स्त्रियम् । रक्षेयुर्वार्धके पुत्रा नास्ति स्त्रीणां स्वतन्त्रता ॥२९
स्वातन्त्र्येण विनश्यन्ति कुलजा अपि योषितः । अस्वातन्त्र्यमतस्तासां प्रजापतिरकल्पयत् ॥३०॥

સાથે પણ અંગ સંબંધમાં કામે કરીને ઈચ્છાનુસાર આચરણ ક્યારેય પણ ન કરે.[૨૨] પરંતુ શાસ્ત્રોક્ત મર્યાદામાં રહીને જ પોતાની સ્ત્રીનો સંગ કરે, ગૃહસ્થ પુરુષોને ઋતુકાળમાં જ પોતાની સ્ત્રીનો સંગ કરવાનું વિધાન છે. તે ઋતુકાળ કોને કહેવાય ? કે પોતાની સ્ત્રીને જે દિવસે રજસ્વલા ધર્મ પ્રાપ્ત થાય તે દિવસથી સોળ રાત્રી સુધી ઋતુકાળ મનાએલો છે.[૨૩] આ સોળ રાત્રીઓમાં પણ પુત્ર પ્રાપ્તિની ઈચ્છા વાળા ગૃહસ્થને સ્ત્રીસંગમાં યુગ્મ સંખ્યા અર્થાત્ સમાન સંખ્યાવાળી રાત્રી યોગ્ય કહેલી છે. અને કન્યા પ્રાપ્તિની ઈચ્છાવાળા ગૃહસ્થને સ્ત્રીસંગમાં અયુગ્મ સંખ્યાવાળી રાત્રી યોગ્ય કહેલી છે. તે યુગ્મ અને અયુગ્મ રાત્રીઓમાં પણ આગળ આગળની રાત્રી શ્રેષ્ઠ કહેલી છે.[૨૨-૨૪] હે વિપ્ર ! સોળરાત્રીનો જે ઋતુકાળ કહ્યો તેમાં પણ પ્રયત્ન પૂર્વક છોડી દેવા યોગ્ય તિથિઓ અને રાત્રીઓ છે,તે તમને કહું છું. પહેલી ચાર રાત્રી સ્ત્રી સંગમાં છોડી દેવી, અને દિવસે તો ક્યારેય પણ સ્ત્રીસંગ ન કરવો.[૨૫] તેવી જ રીતે ઋતુકાળમાં પણ પોતાના પિતૃઓના શ્રાદ્ધના દિવસો હોય તેની પૂર્વ રાત્રી અને શ્રાદ્ધના દિવસની રાત્રી, તેમજ સર્વે અમાવાસ્યા અને પૂર્ણિમાની રાત્રીઓ, એકાદશીએ સહિત આગળની દશમની રાત્રી અને પાછળની બારસની રાત્રી, સૂર્યની સંક્રાંતિ તથા વ્રતના દિવસોની રાત્રીઓ સ્ત્રીસંગ માટે નિષેધ કરેલી છે. જે ગૃહસ્થ સ્ત્રીસંગ માટે નિષેધ કરેલી આ ઉપરોક્ત રાત્રીઓમાં પોતાની પત્નીનો પણ સંગ કરે છે, તે પુરુષ મરીને બિલાડો અને કૂતરો થાય છે.[૨૬-૨૭]

હે વિપ્ર ! ગૃહસ્થ પુરુષોએ સર્વે પ્રકારના ઉપાયોથી પોતાની પત્નીનું રક્ષણ કરવું, અન્ન, વસ્ત્ર અને આભૂષણોથી હમેશાં તેને સત્કારવી- રાજી રાખવી.[૨૮] સ્ત્રીઓને તેમના વિવાહ પહેલાં તેમના પિતાએ ધર્મમર્યાદામાં રખાવવા રૂપ રક્ષા કરવી. પરણ્યા પછી યુવાનીમાં તેમના પતિએ તેમની રક્ષા કરવી, અને

परदारा न गन्तव्याः सर्ववर्णेषु कर्हिचित् । इष्टापूर्तायुषां हन्त्री परदारगतिर्नृणाम् ॥३१॥
आयुषस्तपसः कीर्तेस्तेजसो यशसः श्रियः । विनाशकारणं मुख्यं परदारप्रधर्षणम् ॥३२॥
यादृशं पुरुषस्येह परदारोपसेवनम् । न तादृशमनायुष्यं लोके किञ्चन विद्यते ॥३३॥
मनसा च प्रदुष्टेन ये पश्यन्ति परस्त्रियम् । ते जन्मरोगिणो भूमौ जायन्ते पुरुषाः किल ॥३४॥
परदारेषु ये मूढाश्चक्षुर्दुष्टं प्रयुञ्जते । तेन दृष्टस्वभावेन जात्यन्धास्ते भवन्ति हि ॥३५॥
स्त्रीबन्धकाश्च स्त्रीद्वेषाः स्त्रीमण्डलविहारिणः । स्त्रीणां चानुप्रयोक्तारः स्त्रीभोगपरिभोगिनः ॥३६॥

---

વૃદ્ધાવસ્થામાં તેમના પુત્રોએ રક્ષા કરવી. સ્ત્રીએ સ્વતંત્ર ક્યારેય ન રહેવું.[૨૯] મોટા કુળમાં ઉત્પન્ન થયેલી સ્ત્રી પણ જો સ્વતંત્ર વર્તવા લાગે છે, તો નક્કી તેનું પોતાના ધર્મ થકી પતન થાય છે. કારણ કે પ્રજાપતિ બ્રહ્માજીએ તેમની ઉત્પત્તિ જ એવી કરી છે, કે સ્ત્રી સ્વતંત્ર વર્તી શકે નહિ, અને જો વર્તે તો કોઈ ને કોઈ નરાધમના હાથે ભ્રષ્ટ થાય છે.[૩૦]

**પરસ્ત્રીના સંગથી પુરૂષને થતું નુકસાન :–** સર્વે વર્ણના જનોએ પરસ્ત્રીનો સંગ તો ક્યારેય પણ ન કરવો, જો પરદારાનો સંગ થઈ જાય તો અતિશય શ્રદ્ધાથી કરેલાં યજ્ઞ-યાગાદિક ઈષ્ટાપૂર્ત-કર્મજન્ય પૂણ્યો તત્કાળ નાશ પામી જાય છે. અને આયુષ્યનો પણ નાશ થાય છે.[૩૧] આયુષ્ય, તપ, કીર્તિ, તેજ યશ, પ્રભાવાદિનો અને દ્રવ્યાદિ સંપત્તિનો પણ વિનાશ થઈ જાય છે.[૩૨] આ લોકમાં પુરુષને પરસ્ત્રીનું સેવન જેવું આયુષ્યનો નાશ કરે છે, તેવું બીજું કોઈ પાપ આયુષ્યનો વિનાશ કરતું નથી. પરસ્ત્રીના સંગી પુરુષની કોઈ પણ યોનિમાં ટૂંકી આયુષ્ય થઈ જાય છે.[૩૩] જે પુરુષો કામભાવે દૂષિત મનથી પરસ્ત્રીઓને જુવે છે. તે પુરુષો પૃથ્વી પર જન્મથી રોગી જન્મે છે, એ જે જે યોનિમાં જન્મે ત્યાં જન્મતાં વેત જ મહારોગથી ઘેરાય છે. એ નક્કી વાત છે.[૩૪] વળી જે મૂર્ખ પુરુષો પરસ્ત્રીના શરીર ઉપર કામભાવથી દૂષિત દૃષ્ટિ જોડે છે, તે પુરુષો તેવા દૃષ્ટ સ્વભાવના કારણે જન્મથી અંધ થાય છે.[૩૫]

**પરસ્ત્રી સંગનું ફળ મહા ભયંકર યમયાતના :–** જે પુરુષો પરસ્ત્રીને બંધક બનાવીને એકાંત સ્થળે ઉપાડી લઈ જઈ ઉપભોગ કરે છે, અને જે પોતાના વશમાં ન આવતી સ્ત્રીનો દ્વેષ કરે છે અને પરસ્ત્રીઓના વૃંદમાં વિહાર કરવાના સ્વભાવવાળા છે. જે પરસ્ત્રીઓને પર પુરુષ સાથે સંબંધ જોડવા ઉશ્કેરે છે, જે પોતાની કે પોતાના સંબંધીની સ્ત્રીઓ પાસે વેશ્યાવૃત્તિ કરાવી પ્રાપ્ત થયેલા

स्त्रीदेवताः स्त्रीनियमाः स्त्रीवेषाः स्त्रीप्रहारिणः । स्त्रीभावाः स्त्रीकथालोभा ये च स्त्रीणां प्रलोभकाः३७
यावन्तो रोमकूपाः स्युः स्त्रीणां गात्रेषु निर्मिताः । तावद्वर्षसहस्राणि नरकेषु पतन्ति ते ॥३८॥
भक्ष्यन्ते कृमिभिस्ते च तप्ततैलेषु पाचिताः । अग्निक्षारनदीभ्यां च प्राप्नुवन्त्येव वेदनाम् ॥३९॥
ये च मूढा दुराचारा वियोनौ मैथुने रताः । पुरुषेषु च दुष्प्रज्ञा जायन्ते तेऽत्र पण्डकाः ॥४०॥
विधवा न स्पृशेन्नारीः पुरुषो गृहवानपि । विना स्वासन्नसम्बन्धस्त्रियः कश्चिदनापदि ॥४१॥
मात्रा स्वस्रा दुहित्रापि न सहोपविशेद्रहः । यावदर्थं व्यवहरेदन्यत्रापि विचक्षणः ॥४२॥

---

ધનને ભોગવે છે, જે સ્ત્રીઓને દેવતા તરીકે પૂજામાં સ્થાપન કરી તેના ઉપભોગમાં પ્રસક્ત થાય છે. જે પુરુષો પરસ્ત્રીને ઉપરથી નિયમો બતાવી- સ્ત્રીધર્મોને સ્પષ્ટ નહીં સમજાવી પોતાને વશ થાય તેવા ભાવ સાથે ઉપદેશ કરી ભોગવે છે, જે સ્ત્રીની સમાન વેશ ધારણ કરી પરસ્ત્રીઓને છેતરી તેનો ઉપભોગ કરે છે. જે પરસ્ત્રીઓને ભોગવવા તેમના પર બળાત્કાર કરે છે, જે ઉપભોગની સિદ્ધિમાટે સ્ત્રીના ભાવોને ભજવે છે, જે પરાંગનાઓની કથામાં લુબ્ધ થાય છે, જે પરસ્ત્રીઓને ભોગવવા તેઓને કોઈના કોઈ બહાને લોભાવે છે, તે સર્વે કામી પુરુષો સ્ત્રીના શરીરમાં જેટલા રૂવાળાં છે, તેટલાં વર્ષોનાં હજારો વર્ષો પર્યંત અર્થાત્ એક રોમના એક હજાર વર્ષ પર્યંત નરકમાં પડે છે.[૩૬-૩૮]

હે વિપ્ર ! તે કામી પુરુષોને નરકમાં કૃમિઓ ખાય છે. તેમ છતાં કર્મવશપણાથી મૃત્યુ નહિ પામતા તે કામી પુરુષોને નરકના કુંડમાં તપાવેલા તેલમાં રાંધવામાં આવે છે, તેમ છતાં મૃત્યુ નહિ પામતા પાપીઓને અગ્નિમાં અર્ધા બાળીને ખારા જળવાળી નદીમાં ફેંકવામાં આવે છે.[૩૯] વળી મૂઢ આવા દુરાચારી પુરુષો ગર્દભ આદિક પશુ જાતિમાં મૈથુન કરવા જે પ્રસક્ત હોય છે તથા દુષ્ટબુદ્ધિવાળા દુરાચારી પુરુષો જે બીજા પુરુષો સાથે મૈથુનમાં આસક્ત હોય છે. તે સર્વે આ લોકમાં જ નપુંસકતા પામે છે.[૪૦]

હે વિપ્ર ! કોઈ પણ ગૃહસ્થાશ્રમી પુરુષે પોતાના સમીપ સંબંધવાળી વિધવા સ્ત્રી વિના અન્ય વિધવા નારીઓનો આપત્કાળ પડ્યા વિના સ્પર્શ કરવો નહીં.[૪૧] અને વિચક્ષણ ગૃહસ્થ પુરુષે તો પોતાની માતા, બહેન અને દીકરીની સાથે પણ એકાંત સ્થળમાં રહેવું નહિ, એકાંત વિના જાહેરમાં પણ તેઓની સાથે જેટલો જરૂરી વ્યવહાર હોય તેટલો જ કરવો, પરંતુ કોઈ બહાનાથી સાહચર્ય રાખવું નહિ.[૪૨] હે વિપ્ર ! આ લોકમાં મનુષ્યોને સ્ત્રીઓનો પ્રસંગ અને સ્ત્રૈણ પુરુષનો પ્રસંગ પણ

स्त्रीणां प्रसङ्गस्त्विह मानवानां स्त्रैणस्य चाप्यस्ति हि बन्धहेतुः ।
ततो विवेकी द्विविधं तमुज्झेत्सज्जेत सत्स्वच्युतवल्लभेषु ॥४३॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे गृहस्थधर्मेषु विवाहादिनिरूपणनामाऽष्टमोऽध्यायः ॥८॥*

---

**नवमोऽध्यायः - ९**

**श्रीनारायणमुनिरुवाच :-**

शनैःशनैः सञ्चिनुयाद्धर्मं वल्मीकशृङ्गवत् । परपीडामकुर्वाणः परलोकसहायिनम् ॥१॥
धर्म एव सहायी स्यादमुत्र न परिच्छदः । पितृमातृसुतभ्रातृयोषिद्बन्धुजनादिकम् ॥२॥
देहे पञ्चत्वमापन्ने दग्ध्वा तं च सुतादयः । बान्धवा विमुखा यान्ति धर्मस्तमनुगच्छति ॥३॥

---

**બંધનનો હેતુ છે. તેથી વિવેકી ગૃહસ્થ પુરુષોએ પણ આવા બન્ને પ્રકારના પ્રસંગો છોડી દેવા અને ભગવાનના વહાલા સંતોમાં આસક્ત થવું, તેનો પ્રસંગ કરવો.[૪૩]**

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મોનો ઉપદેશ કરતા ભગવાન શ્રીહરિએ ગૃહસ્થના વિવાહ સંબંધી ધર્મોનું નિરૂપણ કર્યું ,એ નામે આઠમો અધ્યાય પૂર્ણ થયો. -૮-***

---

## અધ્યાય - ૯

## શ્રીહરિએ કરેલી ધર્મની પ્રશંસા અને ગૃહસ્થોમાટેના પંચયજ્ઞોનો કહેલો વિધિવિસ્તાર.

**શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! ગૃહસ્થજનોએ પરને પીડા ન થાય તેમ વર્તી પરલોકમાં સહાય કરનાર ધર્મનું રાફડાના શિખરની જેમ ધીરે ધીરે વર્ધન કરવું.[૧] શરીર છૂટ્યા પછી પરલોકમાં એક ધર્મ જ સહાય કરે છે, પરંતુ દ્રવ્ય કે ઘર આદિ ઉપકરણો સહાય કરતાં નથી. તેમજ પિતા, માતા, પુત્ર, પત્ની, ભાઈ અને સંબંધીજનો પણ સહાય કરતા નથી, તથા મિત્રો પણ સહાય કરતા નથી.[૨] શરીર જ્યારે પંચત્વ- (મરણ)પામે છે. ત્યારે દેહને ચિત્તાગ્નિમાં બાળીને પુત્ર આદિ સંબંધીજનો વિમુખ થાય છે. પાછું વાળીને નહીં જોતાં સૌ પોતાના ઘર**

कामश्चेद्रक्षणीयः स्यात्कुतो दग्धः शिवेन सः । रक्ष्योऽर्थश्चेदरक्षन् किं हरिश्चन्द्रादयो न तम् ॥४॥
धर्मस्तु रक्षितः सर्वैरपि देहव्ययेन च । पुरातनैर्नृपतिभिर्दधीच्याद्यैस्तथर्षिभिः ॥५॥
धर्मेणैव हरिः प्रीतो भवत्याशु जगत्पतिः । ब्रह्माण्डमखिलं चैतद्धर्मेणैव धृतं किल ॥६॥
त्रिवर्गेऽपि गुणैर्ज्येष्ठो धर्मो ह्यर्थस्तु मध्यमः । कामो यवीयानुदितस्तस्माद्धर्मं समाश्रयेत् ॥७॥
धर्माविरुद्धः सेव्योऽर्थः कामोऽपि च तथाविधः । तस्यैश्वर्याणि धर्मस्य दश प्रोक्तानि सूरिभिः ॥८
तपो दानं क्षमा श्रद्धा भावशुद्धिर्बहुश्रुतम् । यज्ञक्रिया दया सत्य संयमश्चेति सन्मते ! ॥९॥
धर्मेणैवर्षयस्तीर्णा धर्मे लोकाः प्रतिष्ठिताः । धर्मेणैवैधिरे देवाः सेव्यो धर्मस्ततो मतः ॥१०॥

---

પ્રત્યે ચાલ્યાં જાય છે. તે સમયે પોતે અનુષ્ઠાન કરેલો ધર્મ જ તે દેહ છોડીને જતા જીવની સાથે જાય છે, તેથી મનુષ્યદેહથી સર્વ પ્રકારે ધર્મનું જ રક્ષણ કરવું કારણ કે અંતે એજ જીવનું રક્ષણ કરે છે.[૩]

હે વિપ્ર ! જો કામદેવ રક્ષણ કરવા યોગ્ય કે ધર્મની જેમ પાલન પોષણ કરવા યોગ્ય હોય તો ભગવાન શિવજી તેમને શા માટે ભસ્મીભૂત કરે ? જો ધન રક્ષણ કરવા યોગ્ય હોય તો હરિશ્ચંદ્રાદિ રાજાઓ તેનો શા માટે ત્યાગ કરે ?.[૪] સર્વે આગળના મોટા મોટા રાજાઓ અને દધીચિ વગેરે મહર્ષિઓએ પોતાના દેહને જતો કરી ધર્મનું રક્ષણ કર્યું છે.[૫] અને જગતપતિ ભગવાન શ્રીહરિ પણ એક ધર્મ રક્ષાથી જ શીઘ્ર પ્રસન્ન થાય છે. કારણ કે આખું બ્રહ્માંડ પણ ધર્મથી જ ધારણ કરાઇ રહ્યું છે, એ નિશ્ચિત વાત છે.[૬] હે વિપ્ર ! ધર્મ, અર્થ અને કામ આ ત્રણ પુરુષાર્થમાં ગુણોએ કરીને ધર્મજ સર્વ કરતાં મોટો છે. અને અર્થ ગુણોએ કરીને મધ્યમ છે, અને કામ છે તે ગુણોએ કરીને કનિષ્ઠ છે, એમ ધર્મજ્ઞ વ્યક્તિઓએ સ્પષ્ટ કહેલું છે. તેથી ધર્મનો જ આશ્રય કરો.[૭] અર્થનું સેવન તો ધર્મનો બાધ ન આવે તે રીતે કરવું અને કામ પણ ધર્મમાં બાધ ન આવે તે રીતે સેવવો.કારણ કે સર્વપ્રકારે ગુણોમાં શ્રેષ્ઠ એવા ધર્મમાં દેવતાઓએ અસાધારણ દશ ઐશ્વર્યો- ગુણો રહેલાછે, તે કહ્યા છે.[૭-૮]

**ધર્મમાં રહેલાં અસાધારણ દશ ઐશ્વર્યો :–** તપ, દાન, ક્ષમા, શ્રદ્ધા, ભાવશુદ્ધિ- કામાદિ દોષોથી ક્ષોભ ન પામવાપણું, બહુ શાસ્ત્રોનો અભ્યાસ, ભગવાનને રાજી કરવા, મહાપૂજા આદિક યજ્ઞ ક્રિયાનું આચરણ, દયા, સત્ય અને સંયમ આ દશ ધર્મના અસાધારણ ગુણો કહેલા છે.[૯] ઋષિઓ એક ધર્મથી જ સંસાર સમુદ્રને તર્યા છે. સર્વે લોકો ધર્મમાંજ પ્રતિષ્ઠિત છે. દેવતાઓ પણ ધર્મથી જ

तस्माद्धर्मपरो भूत्वा गृही पञ्च महामखान् । कुर्यान्नित्यं पञ्चसूनादोषनाशार्थमादृतः ॥११॥
कण्डनी पेषणी चुल्ली ह्युदकुम्भी च मार्जनी । पञ्चसूना गृहस्थस्य कथ्यन्ते पापहेतवः ॥१२॥
तद्दोषपरिहारार्थं कार्याः पञ्च महामखाः । ग्रस्तोऽन्यथा तु तैः पापैर्नरकान्प्राप्नुयाद्गृही ॥१३॥
दैवश्च भौतिकः पैत्रो ब्राह्मो मानुष इत्यमी । प्रोक्ताः पञ्च महायज्ञाः सर्वदोषापहारकाः ॥१४॥
शालाग्नौ साग्निकोऽनग्निः पचनाग्नौ यथाविधि । देवताभ्यो हविर्दद्याद्देवयज्ञः स उच्यते ॥१५॥
जले वा भुवि होतव्यमग्न्यभावे द्विजन्मना । अन्नाभावे तु शाकाद्यैरपि दैवं समाचरेत् ॥१६॥
हुतशेषेण चान्नेन संस्कृते भूतले बलीन् । भूतेभ्य आहरेन्नित्यं भूतयज्ञः स चोच्यते ॥१७॥
स्वाध्यायो ब्रह्मयज्ञः स्यात्स चेत्प्राक्तर्पणान्न हि । कृतस्तदा तु कुर्वीत यथाशक्ति तदैव तम् ॥१८॥

---

પુષ્ટિ પામે છે. તેથી ધર્મ જ એક સેવવા યોગ્ય મનાયેલો છે. હે વિપ્ર ! ધર્મનું આવું મોટું માહાત્મ્ય છે, તેથી ગૃહસ્થ પુરુષોએ ધર્મપ્રધાન થઈ સહજ રીતે થતા હિંસાદિ પાંચ પ્રકારનાં પાપોનો નાશ કરવા નિત્યે આદર પૂર્વક પંચમહાયજ્ઞો કરવા.[૧૧]

**સહેજે થતાં પાપનાં પાંચ સ્થાનો અને તેનાથી મુક્ત થવા કરવાના પાંચ યજ્ઞો :–** હે વિપ્ર ! ખાંડણિયો, ઘંટી, ચૂલો, પાણિયારૂં અને સાવરણી, આ પાંચ હિંસાનાં સ્થાનો ગૃહસ્થનાં પાપોનાં કારણ છે. તેથી તે દોષના નિવારણને માટે પંચ મહાયજ્ઞો કરવા. તે નહિ કરનારો ગૃહસ્થ પંચપ્રકારના પાપોથી યુક્ત થઈ નરકમાં પડે છે.[૧૨-૧૩] હે વિપ્ર ! દેવયજ્ઞ, ભૂતયજ્ઞ, પિતૃયજ્ઞ, બ્રહ્મયજ્ઞ અને મનુષ્યયજ્ઞ, આ પાંચ સર્વદોષનું હરણ કરનારા મહાયજ્ઞો કહેલા છે.[૧૪]

**દેવયજ્ઞ :–** સ્માર્ત અગ્નિનો સ્વીકાર કરનારા ગૃહસ્થે યજ્ઞશાલાના અગ્નિમાં યથાવિધિ હોમ કરી દેવતાઓને હવિષ્યાન્ન અર્પણ કરવું. અને જે ગૃહસ્થ સ્માર્ત અગ્નિએ રહિત હોય તેમણે રસોઈઘરના અગ્નિમાં યથાવિધિ હોમ કરી દેવતાઓને હવિષ્યાન્ન અર્પણ કરવું. આ અનુષ્ઠાનને દેવયજ્ઞ કહેલો છે.[૧૫] ત્રણે વર્ણના દ્વિજાતિ પુરુષોએ અગ્નિનો જો અભાવ હોય તો જળમાં અથવા પૃથ્વી પર હોમ કરવો. જો અન્નનો અભાવ હોય તો શાકાદિથી પણ દેવયજ્ઞ કરવો.[૧૬]
**ભૂતયજ્ઞ :–** લીંપીને શુદ્ધ કરેલા ભૂતળ ઉપર હોમ કરતાં બચેલાં અન્નનો વરસાદ કરી પૃથ્વી આદિ ભૂતોને નિત્યે બલિ અર્પણ કરવો તે ભૂતયજ્ઞ કહેલો છે.[૧૭]

**બ્રહ્મયજ્ઞ :–** હે વિપ્ર ! સ્વાધ્યાય કરવો, તે બ્રહ્મયજ્ઞ કહેવાય છે. જો પિતૃતર્પણ પહેલાં એ બ્રહ્મયજ્ઞ ન કર્યો હોય તો, વૈશ્વદેવના સમયેજ યથાશક્તિ કરવો.[૧૮] જો બ્રહ્મયજ્ઞ પ્રાતઃકાળે કરે તો સંગવકાળ પહેલાં કરી લેવો. અથવા

प्रातश्चेत्सङ्गवादूर्ध्वमन्ते वा नित्यकर्मणाम् । अथवा वैश्वदेवान्ते ब्रह्मयज्ञस्त्रिधा मतः ॥१९॥
आवर्तनेऽवगाह्याप: कुशपाणिस्तु बह्वृचः । ब्रह्मयज्ञं प्रकुर्वीत सन्ध्यां माध्याह्निकीं ततः ॥२०॥
स्नानं कृत्वा तु मध्याह्ने द्विजः सन्ध्यामुपास्य च । ब्रह्मयज्ञं ततः कृत्वा तर्पयेत्तैत्तिरीयकः ॥२१॥
स्ववेदसंहिताध्यायं सूक्तं वा पौरुषं पठेत् । श्रीसूक्तयुक्तं वाशक्तः स्तोत्रमार्षं रमापतेः ॥२२॥
वेदादिपाठासामर्थ्ये स्वाध्यायार्थं सकृज्जपेत् । द्विजः सप्रणवां भक्त्या गायत्रीं निगमात्मिकाम् ॥२३
पित्रुद्देशेन सततमेकं विप्रं तु भोजयेत् । अशक्तो भुवि पिण्डं वा दध्यात्पितृमखस्तु सः ॥२४॥
गोभ्यः श्वभ्यश्च काकेभ्यः क्षुद्रजीवेभ्य आहरेत् । किञ्चिदन्नं ततो द्वारि प्रतीक्षेतातिथिं स्थितः ॥२५
वृद्धं बालं युवानं वा मुर्खं वा पण्डितं नरम् । वैश्वदेवान्तसम्प्राप्तं मन्येतातिथिमच्युतम् ॥२६॥

**સ્નાનાદિ નિત્યકર્મોને અંતે કરવો, અથવા વૈશ્વદેવને અંતે હોમબલિ અર્પણ કર્યા પછી બ્રહ્મયજ્ઞ કરવો. આ રીતે બ્રહ્મયજ્ઞ કાળભેદથી ત્રણ પ્રકારે કરવાનો કહેલો છે.[૧૯] ઋગ્વેદી એવા દ્વિજાતિ પુરુષે બ્રહ્મયજ્ઞને માટે વેદની આવૃત્તિને નિમિત્તે જળમાં ડૂબકીમારી હાથમાં દર્ભ ધારણ કરી બ્રહ્મયજ્ઞ કરવો, પછી મધ્યાહ્ન સંધ્યા કરવી.[૨૦] તૈત્તિરીય શાખાના દ્વિજાતિ પુરુષે મધ્યાહ્ને સ્નાન સંધ્યા કરીને બ્રહ્મયજ્ઞ કરવો ને પછી પિતૃતર્પણ કરવું. પછી પોતાના વેદની સંહિતાના એક અધ્યાયનો પાઠ કરવો અથવા શ્રીસૂક્તના પાઠ કરવાની સાથે પુરુષસૂક્તનો પાઠ કરવો, અશક્ત પુરુષોએ રમાપતિ ભગવાનના સ્તોત્રનો પાઠ કરવો.[૨૨] વેદાદિ પાઠ કરવામાં અસમર્થ પુરુષે સ્વાધ્યાયનું નિયમ પૂર્ણ કરવા ૐકારે સહિત વેદસ્વરૂપા ગાયત્રીમંત્રનો ભાવથી એકવાર જપ કરવો.[૨૩]**

**પિતૃયજ્ઞ :– હે વિપ્ર ! નિરંતર પિતૃઓને ઉદ્દેશીને એક વિપ્રને જમાડવો, અથવા અશક્ત હોય તેમણે પૃથ્વીપર એક પિંડ અર્પણ કરવો, તે પિતૃયજ્ઞ કહેવાય છે.[૨૪]**

**માનુષ્યયજ્ઞ :– ગાય, કૂતરાં, કાગડા અને કીડી વગેરે નાનાં જંતુઓને અર્પણ કરવા નિમિત્તે થોડું અન્ન પૃથ્વીપર મૂકવું ને પછી પોતાના ઘરને દરવાજે ઊભા રહી અતિથિની પ્રતિક્ષા કરવી, વૈશ્વદેવકર્મની સમાપ્તિ પછી હરિઇચ્છાએ આંગણે આવેલા વૃદ્ધ, બાળક, યુવાન, મૂર્ખ કે પંડિત જે મનુષ્ય આવે તેને અતીથિ માનીને તેમાં સાક્ષાત્ અચ્યુત- વિષ્ણુ ભગવાનની ભાવના કરીને જમાડવો.[૨૬] દ્વિજાતિ પુરુષે હંતકાર, અથવા અગ્ર અથવા ભિક્ષા જેટલું અન્ન પોતાની સામર્થી પ્રમાણે નિત્યે અતીથિને અર્પણ કરવું, તે "માનુષ્ય યજ્ઞ" કહેલો છે.[૨૭] તેમાં એક ગ્રાસ જેટલા અન્નને ભિક્ષાન્ન કહેવાય, તે ભિક્ષાન્નના ચારગ્રાસને "અગ્ર" કહેવાય**

हन्तकारमथाग्रे वा भिक्षां वा शक्तितो द्विजः । दद्यादतिथये नित्यं मानुषो यज्ञ इत्यसौ ॥२७॥
ग्रासमात्रं भवेद्भिक्षा तासामग्रं चतुष्टयम् । अग्राणि चापि चत्वारि हन्तकारोऽभिधीयते ॥२८॥
अतिथिं तत्र सम्प्राप्तमन्नाद्येनोदकेन च । सम्पूजयेद्यथाशक्ति गन्धपुष्पादिभिस्तथा ॥२९॥
न मित्रमतिथिं कुर्यान्नैकग्रामनिवासिनम् । तत्कालायातमज्ञातनामगोत्रं हि तं विदुः ॥३०॥
न पृच्छेद्गोत्रचारित्रं न स्वाध्यायं च पण्डितः । शोभनाशोभनाकारं तं मन्येत प्रजापतिम् ॥३१॥
अनित्यं हि स्थितो यस्मात्तस्मादतिथिरुच्यते । तस्मिंस्तृप्ते नृयज्ञोत्थादृणान्मुच्येद्गृहाश्रमी ॥३२॥
अध्वगः क्षीणवृत्तिश्च विद्यार्थी च विरागवान् । यतिश्च ब्रह्मचारी च षडेते धर्मभिक्षुकाः ॥३३॥
यतिर्व्रत्यग्निहोत्री च यश्चात्र मखकृद्द्विजः । सदैतेऽतिथयः प्रोक्ता अपूर्वाश्च दिने दिने ॥३४॥
तेभ्यो न दत्त्वा पुरुषो योऽन्नं भुङ्क्ते गृहाश्रमी । स पापं केवलं भुङ्क्ते पुरीषं चान्यजन्मनि ॥३५॥

---

છે અને સોળગ્રાસ જેટલા અન્નને હંતકાર કહેવાય છે.[૨૮] વૈશ્વદેવના અંતે આવેલા આવા અતિથિનું અન્ન, જળ તથા ચંદન પુષ્પાદિકવડે યથાશક્તિ પૂજન કરવું.[૨૯]

**અતિથીનું લક્ષણ :–** હે વિપ્ર ! પોતાના મિત્રને અતિથિ ન માનવો. એક જ ગામમાં રહેનારને અતિથિ ન માનવો. પરંતુ વૈશ્વદેવ કર્મના અંતે હરિઇચ્છાએ આવેલા કોઇ અજ્ઞાત-નામ તથા ગોત્રવાળા પુરુષનેજ અતિથિ માનવો.[૩૦] વિવેકી દ્વિજાતિ પુરુષે આવેલા અતિથિનું ગોત્ર કે આચરણ ન પૂછવું, કેટલું ભણેલા છો ? તે પણ ન પૂછવું, તે અતિથિ રૂપવાન હોય કે કુરુપ હોય તેમને સાક્ષાત્ પ્રજાપતિ બ્રહ્માજી માનવો.[૩૧] જે કારણથી એક જગ્યાએ રહેતો નથી માટે તે અતિથિ કહેવાય છે. આવો અતિથિ જો તૃપ્ત થઇ જાય તો ગૃહસ્થાશ્રમી પુરુષ મનુષ્ય-ઋણમાંથી મુક્ત થઇ જાય છે.[૩૨]

**છ પ્રકારના ધર્મ ભિક્ષુકો :–** હે વિપ્ર ! માર્ગે ચાલનારો મુશાફર, નષ્ટ પામેલી આજીવિકાવાળો પુરુષ, વિદ્યાર્થી, વૈરાગી એવો વૈષ્ણવી સાધુ, સન્યાસી અને બ્રહ્મચારી આ છ ધર્મભિક્ષુકો કહેલા છે. જેનામાં અતિથિબુદ્ધિ કરીને અન્ન જળાદિકે કરીને તૃપ્ત કરવામાં આવે તો મહાપૂણ્ય પ્રાપ્ત થાય છે. હે વિપ્ર ! સન્યાસી, બ્રહ્મચારી, અગ્નિહોત્રી અને વિષ્ણિયાગાદિ મહાયજ્ઞો કરનાર દ્વિજ આ ચાર સદાય અતિથિ કહેલા છે. તેમજ દિવસે દિવસે નવા નવા આવતા જનો તે પણ અતિથિ કહેવાય છે.[૩૪]

હે વિપ્ર ! જે ગૃહસ્થાશ્રમી પુરુષ આ ઉપરોક્ત અતિથિઓને અન્ન આપ્યા વિના જમી લે છે, તે ગૃહસ્થાશ્રમી કેવળ પાપને જ જમે છે, તે બીજા જન્મે કેવળ મળ ખાનારો થાય છે.[૩૫] જે ગૃહસ્થને ઘેરથી અતિથિ નિરાશ થઇને પાછો ફરે છે.

अतिथिर्यस्य भग्नाशो गृहात्प्रतिनिवर्तते । स दत्त्वा दुष्कृतं तस्मै पुण्यमादाय गच्छति ॥३६॥
अप्यम्बुना वा शाकेन यच्च वाऽश्नति स स्वयम् । तेनैव पूजयेच्छक्त्या गृहस्थोऽतिथिमादरात् ॥३७
अन्नाच्छादनदानेषु पात्रं नैव विचारयेत् । अन्नस्य क्षुधितः पात्रं विवस्त्रो वसनस्य च ॥३८॥
इत्येष पञ्चयज्ञानां विधिः सङ्क्षेपतो मया । प्रोक्तो गृहस्थाश्रमिणा योऽनुष्ठेयो हि सर्वथा ॥३९॥
अकृत्वा यो द्विजो मोहान्नित्यं पञ्चमहामखान् । भुञ्जीत चेत्स मूढात्मा तिर्यग्योनिं प्रपद्यते ॥४०॥
स पञ्चसूनाजनितेन भूम्ना दोषेण लिप्तो यमयातनाश्च ।
हित्वा नृदेहं लभते द्विजन्मा सुधीस्ततस्तान्विदधीत नित्यम् ॥४१॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे गृहस्थधर्मेषु स्मार्तकर्मविधिनिरूपणनामा नवमोऽध्यायः ॥९॥*

---

**તે અતિથિ પોતાનાં સર્વે પાપ તે ગૃહસ્થને આપીને તેમનાં સર્વે પુણ્ય લઈને ચાલ્યો જાય છે.[૩૬] માટે સ્વયં ગૃહસ્થ પુરુષ જે કાંઈ અન્નાદિકનો આહાર કરતો હોય તેનાથી જ અતિથિનું શક્તિ પ્રમાણે પૂજન કરવું, અથવા જળ કે શાક અર્પણ કરી પૂજન કરવું.[૩૭] હે વિપ્ર ! અન્નદાન અને વસ્ત્રદાનમાં પાત્રનો વિચાર ન કરવો, કારણ કે ભૂખ્યો જન અન્નદાનનું પાત્ર છે, અને વસ્ત્રવિનાનું જન વસ્ત્રદાનનો પાત્ર છે.[૩૮] આ પ્રમાણે મેં તમને પાંચ યજ્ઞોનો વિધિ સંક્ષેપથી કહ્યો, જે વિધિનું ગૃહસ્થાશ્રમી પુરષોએ સર્વ પ્રકારે અનુષ્ઠાન કરવું. તેમાં કોઈ બાંધછોડ નથી.[૩૯] કારણ કે જો દ્વિજાતિ એવો ગૃહસ્થાશ્રમી પુરુષ મોહવશ થઈ અજ્ઞાનથી નિત્યે કરવા યોગ્ય આ પંચમહાયજ્ઞોને કરતો નથી ને ભોજન કરી લે છે, તે દોષે ભરાય છે.અને પશુ-પક્ષી-આદિક તિર્યક્ યોનિને પામે છે.[૪૦] તથા તે મૃત્યુ પામ્યા પછી યમયાતનાને પામે છે. તેથી રૂડી બુદ્ધિવાળા દ્વિજાતિ પુરુષોએ પંચ મહાયજ્ઞો નિત્યે કરવા.[૪૧]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં શ્રીહરિ ગૃહસ્થના ધર્મોનો ઉપદેશ કરતાં સ્માર્ત કર્મોમાં પંચયજ્ઞોના વિધિનું નિરૂપણ કર્યું.એ નામે નવમો અધ્યાય પૂર્ણ થયો. –૯–**

---

दशमोऽध्यायः - १०

श्रीनारायणमुनिरुवाच :-

श्रुतिस्मृत्युदितः सम्यक्साधुभिर्यश्च सेवितः । तमाचारं निषेवेत गृही नान्यं तु कञ्चन ॥१॥
स्नानसन्ध्यापरो नित्यं सत्यवादी जितेन्द्रियः । अनसूयो मृदुः शान्तो लोभमोहविवर्जितः ॥२॥
सावित्रीजाप्यनिरतो गोब्राह्मणहिते रतः । मातापित्रोर्हिते युक्तो देवब्राह्मणपूजकः ॥३॥
दान्तो यज्वा क्षमायुक्तः परद्रोहविवर्जितः । यथोचितं त्रिवर्गं च सेवेतात्र गृहाश्रमी ॥४॥
न धर्मवर्जितं काममर्थं वा मनसा स्मरेत् । सीदन्नपि निजं धर्मं सर्वथा नैव हापयेत् ॥५॥
त्रिवर्गं नातिकृच्छ्रेण भजेत गृहमेध्यपि । आश्वचाण्डालपतितानन्नं संविभजेत्सदा ॥६॥
मृगांश्च पक्षिणोऽन्यांश्च क्षुद्रजीवानपि द्विज ! । पश्येत्स्वपुत्रसाम्येन नास्ति भेदो विचारतः ॥७॥

---

# અધ્યાય - ૧૦

## ગૃહસ્થોના ધર્મોમાં યજ્ઞકર્મના વિધિનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! જે આચાર શ્રુતિ અને સ્મૃતિમાં પ્રતિપાદન કરેલો હોય, વળી સત્પુરુષોએ જેને પોતાના આચરણમાં મૂકેલો હોય, આવા સદાચારનું જ ગૃહસ્થ પુરુષોએ સેવન કરવું, તે સદાચાર વિરૂદ્ધના અનાચારનું ક્યારેય પણ સેવન કરવું નહિ.[૧] નિત્ય સ્નાન સંધ્યા પરાયણ, સત્યવાદી, જીતેન્દ્રિય, અસૂયા રહિતનું જીવન, સરળ ચિત્ત, શાંતસ્વભાવ, લોભ અને મોહનો ત્યાગી, ગાયત્રીમંત્ર જપવામાં આસક્ત, ગાય અને બ્રાહ્મણના હિતમાં તત્પર, માતા-પિતાનું હિત કરવામાં તત્પર, દેવ બ્રાહ્મણની પૂજા પરાયણ, ઈન્દ્રિયોનું દમન કરનાર,વિધિ પૂર્વક યજ્ઞો કરનાર, ક્ષમા યુક્ત જીવન જીવનાર, પરના દ્રોહથી રહિત વર્તનાર. આવા ગૃહસ્થાશ્રમી પુરુષે આ લોકમાં યથાયોગ્ય ધર્મ, અર્થ અને કામ, આ ત્રણવર્ગનું સેવન કરવું.[૨-૪] હે વિપ્ર ! આવા ગૃહસ્થાશ્રમી પુરુષે ધર્મવિનાના કામ કે અર્થનું મનથી પણ સ્મરણ ન કરવું, ધર્મનું આચરણ કરવા જતાં શરીરમાં કષ્ટ પડે છતાં પોતાનો ધર્મ સર્વપ્રકારે છોડવો નહિ.[૫] ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં ધર્મ, અર્થ, અને કામને બહુ કષ્ટથી સાધવા નહિ, પરંતુ અનાયાસે જેટલું બની શકે તેટલું સેવન કરવું. તથા શ્વપચથી લઇ ચાંડાલ પર્યંતના સર્વેને યથાશક્તિ અન્નનું પ્રદાન કરવું.[૬] તેવી જ રીતે હે વિપ્ર ! મૃગલાં, પક્ષીઓ તથા અન્ય નાનાં જીવજંતુઓ પ્રત્યે પોતાના પુત્ર જેવી ભાવના રાખવી, કારણ કે સર્વેના જીવ સામે જોવામાં આવે તો કોઇ જાતનો વિચારભેદ કરવો યોગ્ય નથી. જો પુત્ર

पितरौ भ्रातरः पुत्राः सुहृदो ज्ञातयश्च ये । यद्वदेयुर्यदिच्छेयुरनुमोदेत निर्ममः ॥८॥
गृहोचिताः क्रियाः कुर्वन्निषेवेत महामुनीन् । तत्सङ्गात्स्त्रीधनादौ स्यादनासक्तो गृहेष्वपि ॥९॥
ये चाधिकारसम्पन्नाः सम्पन्नाश्च धनादिभिः । यथाविधि यजेयुस्ते यज्ञैर्नानाविधैर्हरिम् ॥१०॥
अश्वमेधादियज्ञानां निषिद्धत्वात्कलाविह । कर्तव्यास्तु विष्णुयागमहारुद्रादयो मखाः ॥११॥
पशुहिंसाविहीना हि सात्त्विकानां मखाः प्रियाः । देवानां च हरेस्तत्तैर्यष्टव्यं भूतिमिच्छिता ॥१२॥
नास्त्यहिंसासमो धर्मो लोकेऽन्यः कोऽपि पावनः । प्राणिहिंसासमं पापं तथाऽन्यन्नास्ति भूतले ॥१३
पायसान्नैर्धृताद्यैश्च हविर्भिः प्रीणयन्सुरान् । भूसुरांस्तर्पयेत्सम्यग्भोजनैश्च सदक्षिणाः ॥१४॥
दृष्ट्वाग्निचक्रं कर्तव्यो होमारम्भोऽन्यथा त्विह । क्रूरग्रहमुखे पातादाहुतेः स्यान्महद्भयम् ॥१५॥
वृतैश्च ब्राह्मणैस्तत्र यजमानेन तत्स्त्रिया । ब्रह्मचर्यादिनियमाः पालनीयाः प्रयत्नतः ॥१६॥

---

કે જંતુમાં અંતરની કલ્પના કરાય તો તે મોહ છે[૭]

માતા, પિતા, ભાઈ, પુત્રો, મિત્રો અને જ્ઞાતિજનો જે કહે ને જે ઈચ્છે તેને મમત્વ રહિત થઈ અનુમોદન આપવું, તમે જે કહ્યું તે મને મંજૂર છે, એ પ્રમાણે જ હું કરીશ. એમ તેઓને અનુમોદન આપી સ્વયં પોતે સર્વેમાં નિર્મોહી રહેવું.[૮] ગૃહસ્થાશ્રમીને યોગ્ય ક્રિયા કરતાં કરતાં ભગવાનના એકાંતિક સંત મહામુનિઓનું સેવન કરવું, તેનાથી જ ગૃહસ્થને ઘરમાં સ્ત્રી ધનાદિક પદાર્થમાં અનાસક્તિ ઉત્પન્ન થાય છે.[૯] અવિકાર સંપન્ન અને ધનધાન્યાદિક સંપત્તિએ સંપન્ન તે ગૃહસ્થાશ્રમી પુરુષોએ વિધિ પૂર્વક અનેક પ્રકારનાં યજ્ઞોથી ભગવાન શ્રીહરિનું પૂજન કરવું.[૧૦]

**કળિયુગમાં અહિંસામય યજ્ઞોનું વિધાન :–** હે વિપ્ર ! આ કળિયુગમાં અશ્વમેધાદિ યજ્ઞોનો નિષેધ હોવાથી વિષ્ણુયાગ કે મહારૂદ્રાદિ અહિંસામય યજ્ઞો કરવા.[૧૧] કારણ કે પશુ હિંસા રહિતના યજ્ઞો સાત્વિક દેવો તથા તે દેવોના અધિપતિ ભગવાન શ્રીહરિને બહુ જ પ્રિય છે, તેથી પોતાનો અભ્યુદય ઈચ્છતા ગૃહસ્થ પુરુષે તેવા અહિંસામય યજ્ઞોથી જ યજન કરવું.[૧૨] આ લોકમાં અહિંસા જેવો પાવનકારી બીજો કોઈ ધર્મ નથી, તેમજ આ પૃથ્વી પર પ્રાણીની હિંસા જેવું બીજું કોઈ પાપ નથી.[૧૩] તેથી દૂધપાક, ઘી, આદિ હવિષ્યાન્નવડે દેવતાઓને રાજી કરવા, તેમજ દક્ષિણાએ સહિત અનેક પ્રકારનાં ભોજન જમાડી બ્રાહ્મણોને તૃપ્ત કરવા.[૧૪]

હે વિપ્ર ! પ્રથમ જ્યોતિષશાસ્ત્રમાં કહેલા અગ્નિચક્રની અનુકૂળતા જોઈને હોમ કરવાનો પ્રારંભ કરવો, નહિ તો યજ્ઞમાં હોમેલી આહુતિ શનિ આદિ ક્રૂર ગ્રહોના મુખમાં પડવાથી યજમાનનું મહા અનિષ્ટ થાય છે.[૧૫] યજ્ઞમાં વરણી પામેલા

एतेषु नियमभ्रष्टो यद्येकोऽपि यथोचितम् । प्रायश्चितं न कुर्याच्चेत्स यज्ञो निष्फलो भवेत् ॥१७॥
यथोक्ता दक्षिणा तत्स्याद्यत्र यत्र न वैदिका: । विप्रसम्प्रीणनं यच्च न स्यात्सोऽपि मखोऽफल: ॥१८
आज्यप्लुतैर्यथा भोज्यैर्नृभिर्विप्रमुखे हुतै: । हरिस्तुष्येत्तथा नाग्नौ हुतैर्यज्ञे हविर्भरै: ॥१९॥
अयमेव महान्यज्ञ: सर्वयज्ञोत्तमो मत: । प्रचुराज्यसितोपेतैर्भोज्यैर्यद्विप्रतर्पणम् ॥२०॥
प्रीतेषु ब्राह्मणेष्वेव प्रीतोऽत्यन्तं भवेद्धरि: । त्रैलोक्यं हि हरौ प्रीते तृप्तं स्यान्नात्र संशय: ॥२१॥
विप्रा विष्णो: प्रिया यद्वत्तथा नैव निजं वपु: । प्रिया नान्ये च विबुधा न च देवी रमा तथा ॥२२॥
येन सम्पूजिता विप्रास्तेन सम्पूजितो हरि: । येनापमानितास्ते च तेनासावपमानित: ॥२३॥
अविद्यो वा सविद्यो वा ब्राह्मणो भूतले नृणाम् । पूजनीयो भोजनीयो नापमान्य: कदाचन ॥२४॥
मानयन्ब्राह्मणांस्तस्माद्गृही निर्मत्सर: सदा । देशकालविशेषेषु कुर्याद्धर्मं विशेषत: ॥२५॥

---

બ્રાહ્મણોએ યજમાન અને તેમનાં પત્નીએ પણ બ્રહ્મચર્યાદિ નિયમોનું પ્રયત્ન પૂર્વક પાલન કરવું.[૧૬] આ સર્વેની મધ્યે જે કોઈ પણ એક બ્રહ્મચર્યાદિ નિયમમાંથી ભ્રષ્ટ થાય તો તેણે યથાયોગ્ય પ્રાયશ્ચિત કરવું, જો ન કરે તો યજ્ઞ નિષ્ફળ જાય છે.[૧૭] જે યજ્ઞમાં યોગ્ય દક્ષિણા આપવામાં ન આવે, જે યજ્ઞમાં સંપ્રદાયને અનુરૂપ ભણેલા વૈદિક બ્રાહ્મણો ન હોય, જેમાં બ્રાહ્મણોને યથાયોગ્ય અનેક પ્રકારનાં ભોજનો જમાડી તૃપ્ત કરવામાં ન આવ્યા હોય, તો તે યજ્ઞ પણ નિષ્ફળ જાય છે.[૧૮]

**અગ્નિમુખ કરતાં ભગવાનના ભક્ત બ્રાહ્મણનું મુખ ઉત્તમ.** :– હે વિપ્ર ! યજ્ઞ કરાવનાર યજમાને સ્વધર્મનિષ્ઠ ભગવાનના ભક્ત બ્રાહ્મણના મુખમાં હોમ કરેલા પુષ્કળ ઘી મિશ્રિત લાડુ આદિકનાં ભોજનથી ભગવાન શ્રીહરિ જેટલા પ્રસન્ન થાય છે, તેટલા યજ્ઞના અગ્નિકુંડમાં હોમ કરેલા ભારે હોમ દ્રવ્યોથી પ્રસન્ન થતા નથી.[૧૯] બહુ ઘી, સાકર મિશ્રિત ભોજનથી વિપ્રોને સંતર્પણ કરવું, તે જ સર્વે યજ્ઞમાં ઉત્તમ યજ્ઞ મનાયેલો છે.[૨૦] સ્વધર્મનિષ્ઠ ને ભગવદ્‌ભક્ત બ્રાહ્મણ જો પ્રસન્ન થાય તો શ્રીહરિ અત્યંત પ્રસન્ન થાય છે. તેથી ત્રિલોકી આપોઆપ તૃપ્ત થાય છે, તેમાં કોઈ સંશય નથી.[૨૧] બ્રાહ્મણો જેવા ભગવાનને વહાલા છે તેવું પોતાનું શરીર પણ વહાલું નથી, અને બીજા બ્રહ્માદિ દેવતાઓ તેમજ લક્ષ્મીજી પણ વહાલાં નથી.[૨૨] જેણે બ્રાહ્મણોનું પૂજન કર્યું છે તેણે ભગવાનનું આપોઆપ પૂજન કરેલું છે.અને જેણે બ્રાહ્મણોનું અપમાન કર્યું છે તેણે ભગવાન શ્રીહરિનું અપમાન કરેલું છે.[૨૩] પૃથ્વી પર ભણેલા કે અભણ બ્રાહ્મણો મનુષ્યોને માટે પૂજવા અને ભોજન કરાવવા યોગ્ય છે, ક્યારેય પણ તેમનું અપમાન કરવું નહિ.[૨૪] તેથી ગૃહસ્થ પુરુષે

सत्पात्रं यत्र लभ्येत देशः पुण्यतमो हि सः । जन्म विष्णोर्यत्र यत्र सतां विचरणं तथा ॥२६॥
तपोविद्यादयोपेता यत्र स्युर्ब्राह्मणोत्तमाः । हर्यर्चापूजनं भक्त्या यत्र स्यान्निरन्तरम् ॥२७॥
नद्यः पुराणप्रथिता यत्र गङ्गादयस्तथा । सरांसि पुष्करादीनि क्षेत्राण्यर्हाश्रितानि च ॥२८॥
तपःस्थानान्यृषीणां च सर्वेऽपि च कुलाचलाः । एते पुण्यतमा देशाः पुण्यकर्मोचित्ताः सदा ॥२९
सहस्त्रगुणितं पुण्यमेषु स्यादितरस्थलात् । तस्मात्पुण्येषु तीर्थेषुः कुर्यात्पुण्यं विशेषतः ॥३०॥
प्रादुर्भावाद्विचरणान्निवासाच्च हरद्विज ! । परिग्रहान्मुनीनां च तीर्थानां पुण्यता स्मृता ॥३१॥
तीर्थयात्रां चिकीर्षुः प्राग्विधायोपोषणं गृहे । गणेशं च पितृन्विप्रान्साधूञ्छान्तान्प्रपूजयेत् ॥३२॥
कृत्वाथ पारणां गच्छेत्तीर्थं नियमवान्गृही । न परीक्ष्या द्विजास्तीर्थे भोज्या ह्यन्नार्थिनोऽखिलाः ॥३३

મત્સર રહિત થઈ સદાય બ્રાહ્મણોને માનવા તેમજ દેશકાળાદિકના વિશેષમાં અધિક ધર્મકાર્ય કરવાં.[૨૫]

**ધર્મકાર્ય કરવાનાં યોગ્ય સ્થાનો :–** હે વિપ્ર ! જે દેશમાં સત્પાત્ર વ્યક્તિ મળે તે દેશ અત્યંત પવિત્ર દેશ કહેલો છે. સત્પાત્રનાં લક્ષણ એ છે કે જે સ્વાધ્યાય પરાયણ હોય, નિયમવાળો હોય, તપસ્વી અને ધ્યાની હોય, શાંત, દાંત અને સત્યવાદી વિપ્ર હોય, તે સત્પાત્ર કહેલો છે. વળી જે દેશમાં વિષ્ણુ ભગવાનનો પ્રાદુર્ભાવ થયેલા હોય, તથા જે દેશમાં ભગવાનના એકાંતિક સંતોનું વિચરણ થતું હોય તે દેશ પણ પવિત્રોત્તમ મનાયેલા છે.[૨૬] જે દેશમાં તપ અને વિદ્યાદિ ગુણોથી ઉત્તમ બ્રાહ્મણો રહેતા હોય, જે દેશમાં ભગવાનની પ્રતિમાઓની પૂજા થતી હોય, પુરાણ પ્રસિદ્ધ ગંગા આદિક પવિત્ર નદીઓ વહેતી હોય, જે દેશમાં પુષ્કર આદિ સરોવરો હોય, તેમજ મહાપુરુષો રહેતા હોય તેવાં ક્ષેત્રો હોય, ઋષિઓનાં તપઃસ્થાનો હોય, અને મહેન્દ્રાદિ સાત પર્વતો હોય, આ બધા દેશો પવિત્ર કહેલા છે.[૨૭-૨૯] આવા પવિત્ર પ્રદેશમાં રહીને કરેલું પુણ્યકર્મ બીજાં સ્થળ કરતાં હજારગણું પુણ્ય આપનારું થાય છે. માટે પવિત્ર તીર્થોમાં વિશેષ પુણ્યકર્મ કરવાં.[૩૦] હે વિપ્ર ! ભગવાનના પ્રાદુર્ભાવના, વિચરણના અને નિવાસના કારણે તેમજ તેમના સંતોના નિવાસ માટે સ્વીકારાયેલાં સ્થાનને કારણે તે પાંચ તીર્થોની બહુ પવિત્રતા કહી છે.[૩૧]

**તીર્થયાત્રાના વિધિનું નિરૂપણ :–** હે વિપ્ર ! તીર્થયાત્રા કરવા ઈચ્છતા ગૃહસ્થે પ્રથમ પોતાને ઘેર ઉપવાસ કરી ગણપતિ, પિતૃઓ, બ્રાહ્મણો અને જીતેન્દ્રિય સાધુઓનું પૂજન કરી તેમને તૃપ્ત કરી પછી પારણાં કરીને નિયમમાં તત્પર થઈ તીર્થયાત્રા કરવા જવું, તીર્થમાં બ્રહ્મભોજન કરાવતી વખતે બ્રાહ્મણની પરીક્ષા ન

तीर्थप्राप्तेः पूर्वदिने मुण्डनं चाप्युपोषणम् । कुर्यात्सम्प्राप्य तीर्थं तु श्राद्धं ब्राह्मणतर्पणम् ॥३४॥
यस्य हस्तौ च पादौ च मनश्चैव सुसंयतम् । विद्या तपश्च कीर्तिश्च स तीर्थफलमश्नुते ॥३५॥
अकोपनो दृढमतिः सत्यवादी जितेन्द्रियः । आत्मोपमश्च भूतेषु प्राप्नुयात्तीर्थजं फलम् ॥३६॥
तिर्यग्योनौ न जायेत न कुदेशे च तीर्थकृत् । न दुःखी स्यात्स्वर्गभाक्च मोक्षोपायं स विन्दति ॥३७
अश्रद्दधानः पापात्मा नास्तिकोऽच्छिन्नसंशयः । हेतुनिष्ठश्च पञ्चैते न तीर्थफलभागिनः ॥३८॥
ब्रह्मचर्यविहीनो यस्तीर्थं वा व्रतमाचरेत् । न स तत्फलमाप्नोति प्राप्नोत्येव तु किल्बिषम् ॥३९॥
अन्यस्थाने कृतं पापं पुण्यक्षेत्रे विनश्यति । पुण्यक्षेत्रे कृतं पापं वज्रलेपो भवत्यलम् ॥४०॥

---

કરવી, સર્વ અન્નાર્થીઓને ભોજન કરાવવું.[૩૨-૩૩] તીર્થમાં પહોંચ્યા પછી પહેલે દિવસે મુંડન અને ઉપવાસ કરવો. તીર્થને પામી શ્રાદ્ધ અને બ્રાહ્મણોનું તર્પણ કરવું, (વિશેષ મુંડનનો વિધિ બીજા પ્રકરણના ચાલીસમા અધ્યાય થકી જાણી લેવો.)[૩૪] જેના હાથ અને મન નિયમમાં હોય, તથા વિદ્યા, તપ અને કીર્તિ સંયમિત હોય, તેને જ તીર્થનું ફળ પ્રાપ્ત થાય છે. તેમાં દુષ્પ્રતિગ્રહ અને પરને પીડા આપવાથી નિવૃત્તિ, તે હાથને નિયમમાં રાખ્યા કહેવાય. જોઈને પગ મૂકવો તે પગને નિયમમાં રાખ્યા કહેવાય. બીજાના અનિષ્ટનો સંકલ્પ ન કરવો તે મન નિયમમાં કહેવાય. મેલીવિદ્યા રહિતની વિદ્યાનો સ્વીકાર તે વિદ્યાને નિયમમાં રાખી કહેવાય. દંભ રહિતનું વર્તન એ તપ નિયમમાં રાખ્યું કહેવાય, અને પાપયુક્ત બદનામીનું રહિતપણું એ કીર્તિને નિયમમાં રાખી કહેવાય.[૩૫]

હે વિપ્ર ! તેવી જ રીતે કોઈના ઉપર ક્રોધ ન કરે, સ્વધર્મમાં નિશ્ચળ બુદ્ધિરાખે, સત્યવાદી અને જીતેન્દ્રિય રહે, જીવપ્રાણીમાત્ર ઉપર સુખ દુઃખની બાબતમાં પોતાના જેવું અનુસંધાન રાખે, તેને જ તીર્થયાત્રાનું ફળ મળે છે.[૩૬] તીર્થયાત્રા કરે છે તે મનુષ્ય ક્યારેય પણ પશુ આદિક તિર્યગ્યોનિમાં કે ખરાબ પ્રદેશમાં જન્મ પામી દુઃખી થતો નથી. પરંતુ સ્વર્ગલોકમાં ગતિ કરે છે. તેમજ તે તીર્થ કરનારો પોતાના મોક્ષના ઉપાયને પણ પામે છે.[૩૭] અશ્રદ્ધાળુ અને પાપયુક્ત મનવાળો, નાસ્તિક, સંશયયુક્ત મનવાળો, અને હેતુવાદી આ પાંચ જણ તીર્થના ફળને પ્રાપ્ત કરી શકતા નથી.[૩૮] જે પુરુષ બ્રહ્મચર્ય વ્રતે રહિત તીર્થ યાત્રા કરે છે, અથવા એકાદશી આદિક વ્રતો પણ બ્રહ્મચર્યે રહિત કરે છે, તેને તીર્થનું કે વ્રતનું કાંઈ પણ ફળ પ્રાપ્ત થતું નથી. પરંતુ તેને પાપ લાગે છે.[૩૯] કારણ કે બીજી જગ્યાએ કરેલાં પાપ પુણ્યતીર્થમાં નાશ પામે છે, પરંતુ પુણ્યતીર્થમાં કરેલાં પાપ વજ્રલેપ

इन्द्रियाणि नियम्यैव तस्मात्तीर्थेषु सद्गृही । दानं दद्याद्यथाशक्ति ब्रह्मणान्भोजयेत्तथा ॥४१॥
वयोज्येष्ठा मातृतुल्याः समाना भगिनीसमाः । कनिष्ठाः कन्यकातुल्याः पश्येन्नारीस्तु निर्मलः ॥४२
कृतयात्रः पुनर्गेहं समेत्य श्राद्धमाचरेत् । ब्राह्मणान्भोजयित्वाऽथ यात्रायाः फलमाप्नुयात् ॥४३॥
श्रयन्क्षेत्राणि पुण्यानि स्वस्ववित्तानुसारतः । श्रद्धया पुण्यकालेषु कुर्वीत सुकृतं गृही ॥४४॥
मासि भाद्रपदे कुर्याच्छ्राद्धमापरपक्षिकम् । स्वपित्रोश्च पितृव्यादेर्वैभवे सति वा पृथक् ॥४५॥
दिनक्षये व्यतीपाते विषुवे चायनद्वये । द्वादश्यामनुराधायाः श्रवणस्य च सङ्गमे ॥४६॥
एकादश्यां वा द्वादश्यामुत्तरात्रयसङ्गमे । उर्जे शुक्लनवम्यां च सप्तम्यां च तपःसिते ॥४७॥

---

જેવાં થાય છે. અર્થાત્ વજ્ર જેવી રીતે અન્ય અસ્ત્ર શસ્ત્રથી દુર્ભેદ્ય છે તેજ રીતે તીર્થમાં કરેલાં પાપ પણ વ્રત, જપ, યજ્ઞાદિક કોઈથી ભેદી શકાતાં નથી.[૪૦]

હે વિપ્ર ! તે કારણથી સદ્‌ગૃહસ્થે તીર્થયાત્રામાં ઈન્દ્રિયોને નિયમમાં રાખવી, ને યથાશક્તિ દાન કરવું, તથા બ્રાહ્મણોને જમાડવા.[૪૧] તેમજ નિર્મળમનવાળા ગૃહસ્થે ઉમરમાં પોતાનાથી મોટી સ્ત્રીને માતાની સમાન જોવી, સરખી ઉમરની સ્ત્રીને બહેન અને નાની સ્ત્રીને પુત્રી સમાન જોવી, આવી રીતે તીર્થયાત્રાની સમાપ્તિ કરી ફરી ઘર પ્રત્યે આવેલા સદ્‌ગૃહસ્થે શ્રાદ્ધકર્મ કરી બ્રાહ્મણોને ભોજન કરાવવું, આમ કરવાથી તે સદ્‌ગૃહસ્થ સંપૂર્ણ તીર્થનાં ફળને પ્રાપ્ત કરે છે.[૪૩]

હે વિપ્ર ! પવિત્ર તીર્થક્ષેત્રનો આશ્રય કરીને પુણ્યકાળમાં પોતાની ધનસંપત્તિને અનુસારે શ્રદ્ધાપૂર્વક પૂણ્યકર્મો કરવાં, તે પુણ્યકાળ કહીએ છીએ.[૪૪] ભાદરવા માસના વદ પક્ષમાં પોતાના માતા પિતા આદિક પિતૃઓ અને પિતાના ભાઈ આદિક પિતૃવ્યોનું શ્રાદ્ધકર્મ કરવું, જો ધનસંપત્તિ હોય તો બન્નેનું અલગ અલગ શ્રાદ્ધ કરવું.[૪૫] અન્ય પુણ્યકાળ જેવા કે ક્ષયની તિથિમાં, વ્યતિપાતને દિવસે, સૂર્યના મેષ તથા તુલારાશિના સંક્રમણને દિવસે, સૂર્યનું મકરરાશિમાં સંક્રમણ થાય તેવા ઉત્તરાયણને દિવસે, અને કર્ક રાશિમાં સંક્રમણ થાય તેવા દક્ષિણાયનને દિવસે, બારસની તિથિઓમાં, અનુરાધા તથા શ્રવણ નક્ષત્રના સંગમને દિવસે, સર્વે એકાદશી તથા બારસને દિવસે, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા અને ઉત્તરાભાદ્રપદ નક્ષત્રમાંથી કોઈ પણ નક્ષત્રના સંબંધમાં, કાર્તિકસુદ નવમીની તિથિએ, માઘસુદ સાતમ, વૈશાખસુદ અક્ષયતૃતીયા, અને હેમંત તથા શિશિર ઋતુઓના અપર પક્ષની અષ્ટમી તિથિઓમાં, અને તેમના પછીની નવમી તિથિઓમાં, તેમજ કપિલાછઠ્ઠ, પોષ અને માઘમાસની અમાવાસ્યાને દિવસે, સર્વે પૂર્ણિમાને દિવસે, તે તે માસના કહેવાતા

अक्षयाख्यतृतीयायामष्टकान्वष्टकास्वपि । षष्ठ्यां च कपिलाख्यायां योगे चार्धोदयाभिधे ॥४८॥
राकायामनुमत्यां वा तन्मासाख्यर्क्षसङ्गमे । दिने स्वजन्मर्क्षयुते मान्वादिषु तिथिष्वपि ॥४९॥
उत्सवाहेषु विष्णोश्च प्रादुर्भावदिनेषु च । इन्दुक्षयेऽर्कसङ्क्रान्तौ चन्द्रसूर्यग्रहे तथा ॥५०॥
स्नानं दानं जपो होमः श्राद्धं ब्राह्मणभोजनम् । एतेषु कुर्याद्यत्किञ्चित्पुण्यं स्यादक्षयं तत् ॥५१॥
अमावास्याऽथ सोमेन सप्तमी भानुना सह । चतुर्थी भूमिपुत्रेण सोमपुत्रेण चाष्टमी ॥५२॥
चतस्रस्तिथयस्त्वेताः सूर्यग्रहणसम्मिताः । आसु दानं जपो होमो भवेत्कोटिगुणः कृतः ॥५३॥
गर्भाधानादिसंस्कारत्रयकालेऽथ योषितः । जातकर्मादिषु तथा संस्कारेषु सुतस्य च ॥ ५४॥
प्रेतकर्मणि पित्रोश्च मृताहे वार्षिके तयोः । कुर्यात्पुण्यं यथाशक्ति स्वस्य चाभ्युदये सति ॥५५॥
श्रोत्रियाय कुलीनाय विनीताय तपस्विने । व्रतस्थाय दरिद्राय दानं देयं हि सर्वथा ॥५६॥

---

**નક્ષત્રના સંગમને સમયે, પોતાના જન્મ નક્ષત્રયુક્ત દિવસે, મનુઆદિ યુગોની તિથિઓમાં, તેમજ યુગાબ્દની તિથિઓમાં, ભગવાનના અન્નકૂટાદિ ઉત્સવોને દિવસે, વિષ્ણુ ભગવાનના પ્રાદુર્ભાવના દિવસોમાં, અમાવાસ્યાના દિવસોમાં, સૂર્યની બારે રાશિઓની સંક્રાતિના દિવસોમાં, તથા સૂર્ય અને ચંદ્રના ગ્રહણને દિવસે. આ ઉપરોક્ત સર્વે પુણ્યકાળના દિવસોમાં સ્નાન, દાન, જપ, હોમ, શ્રાદ્ધ, બ્રહ્મભોજન આદિક જે કોઇ પુણ્ય કર્મ કરવામાં આવે તે અક્ષયફળને આપનારાં થાય છે, તેમાં કોઈ સંશય નથી.[૪૬-૫૧]**

**વળી હે વિપ્ર ! સોમવતી અમાસ, રવિવાર યુક્ત સપ્તમી, મંગળવાર યુક્ત ચોથ અને બુધવાર યુક્ત અષ્ટમી, આ ચાર તિથિઓ સૂર્યગ્રહણની સમાન કહેલી છે. તેથી આ ચાર તિથિઓમાં કરેલું દાન, જપ, હોમ, કરોડોગણા ફળને આપનારૂં થાય છે.[૫૨-૫૩] ગર્ભાધાન સંસ્કાર, પુંસવન સંસ્કાર અને સીમંત સંસ્કાર આ ત્રણ દિવસોમાં તથા પુત્રના જાતકર્માદિ અન્ય સંસ્કારોને દિવસે, પોતાને જે દિવસે મંત્રદીક્ષા મળી હોય તે તિથિને દિવસે, પોતાના માતા-પિતાના અંગ્નિસંસ્કારને દિવસે, વળી તેમના આવતા વાર્ષિકતિથિને દિવસે અને પોતાનો આકસ્મિક અભ્યુદય થયો હોય, ધનાદિકની પ્રાપ્તિ થઇ હોય, તે દિવસે પોતાની શક્તિ પ્રમાણે પુણ્યકર્મ કરવું, ઉપરોક્ત આ સર્વે પુણ્યકાળ કહેલા છે.[૫૪-૫૫]**

**હે વિપ્ર ! જેવેદાધ્યયન પરાયણ હોય, શુદ્ધ માતા-પિતા થકી જન્મ હોય, વિનય યુક્ત હોય, તપોનિષ્ઠ હોય, સદાચારના પાલનમાં તત્પર હોય અને દરિદ્ર હોય, આવા સમસ્ત ગુણોથી યુક્ત જે બ્રાહ્મણ હોય તેને સર્વપ્રકારે દાન આપવું.[૫૬]**

यथा तपः सत्ययुगे च यज्ञास्त्रेतायुगे द्वापर ईशपूजा ।
हिताय नृणामुदिता तथैव कलौ युगे ब्राह्मणवर्य ! दानम् ॥५७॥

**इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे गृहस्थधर्मेषु देशकालपात्रविशेषनिरूपणनामा दशमोऽध्यायः ॥१०॥**

---

**एकादशोऽध्यायः - ११**

**श्रीनारायणमुनिरुवाच :-**

सर्वेषामिह दानानामन्नदानं विशिष्यते । अन्नं हि प्राणिनां प्राणा ह्यन्नदः प्राणदः स्मृतः ॥१॥
अन्नममृतमित्याह पुराकल्पे प्रजापतिः । अन्नमाश्रित्य वर्तन्ते त्रयो लोका न संशयः ॥२॥

---

હે બ્રાહ્મણ શ્રેષ્ઠ ! સત્યયુગમાં જેવી રીતે તપ માણસોને માટે હિતકારી હતું, ત્રેયાયુગમાં યજ્ઞો, દ્વાપરયુગમાં વિધિ પૂર્વકની ઈશ્વરની પૂજા મનુષ્યોને હિતકારી હતી, તેવી જ રીતે કળિયુગમાં દાન છે તે મનુષ્યોને માટે હિતકારી કહેલું છે.[૫૭]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ભગવાન શ્રીહરિએ ગૃહસ્થના ધર્મમાં દેશ, કાળ અને પાત્રનું વિશેષ નિરૂપણ કર્યું,એ નામે દશમો અધ્યાય પૂર્ણ થયો. --૧૦--***

---

## અધ્યાય - ૧૧

## કળિયુગમાં દાનનો વિશેષ મહિમા.

**સર્વશ્રેષ્ઠ અન્નદાનનો મહિમા :-** ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! આલોકમાં સર્વે દાનોમાં પણ અન્નદાન સર્વ કરતાં શ્રેષ્ઠ કહ્યું છે, કારણ કે અન્ન છે તે પ્રાણીઓના પ્રાણ છે. એથી અન્નનું દાન કરનાર પ્રાણનું દાન કરનારો કહેલો છે, અને કળિયુગમાં અન્નસમા પ્રાણ કહેલા છે.[૧] પહેલા કલ્પમાં પ્રજાપતિ બ્રહ્માજીએ અન્નને અમૃત કહેલું છે, ત્રણેલોક અન્ને આશરે જ જીવે છે, તેમાં કોઈ સંશય નથી.[૨]

હે વિપ્ર ! યાચના કરનાર સત્પાત્ર બ્રાહ્મણને જે ગૃહસ્થ અન્નું દાન કરે છે,

ब्राह्मणायाभिरूपाय यो ददात्यन्नमर्थिने । स निधत्ते निधिश्रेष्ठं पारलौकिकमात्मनः ॥३॥
ब्राह्मणं क्षत्रियं वैश्यं शूद्रं वान्यं क्षुधातुरम् । दृष्ट्वा स्वमुपोष्यापि योऽन्नं दत्ते स धर्मवित् ॥४॥
कृतपातककर्मापि यो दद्यादन्नमर्थिने । ब्राह्मणाय विशेषेण न स पापेन लिप्यते ॥५॥
अन्नाभावे तु भिद्यन्ते शारीराः पञ्च धातवः । बलं बलवतोऽपीह प्रणश्यत्यन्नहानितः ॥६॥
अन्नेन वर्तते सर्वं यत्किञ्चित्स्थाणु जङ्गमम् । त्रिषु लोकेषु धर्मार्थमन्नं देयमतो बुधैः ॥७॥
अन्नदस्य मनुष्यस्य बलमोजो यशांसि च । पुण्यं च वर्धते शश्वत्त्रिषु लोकेषु सुव्रत ! ॥८॥
भवनान्यन्नदातॄणां प्रकाशन्ते त्रिविष्टपे । तरुणादित्यवर्णानि स्थावराणि चराणि च ॥९॥
प्रासादाः पाण्डुराः शुभ्राः शय्याश्च कनकोज्ज्वलाः । अन्नदास्ताः प्रपद्यन्ते तस्मादन्नप्रदो भवेत् ॥१०
लक्षं वाप्ययुतं विप्रान्सहस्रं शतमेव वा । सदन्नैः पायसाद्यैश्च शक्तितो भोजयेत्तु यः ॥११॥

---

**તે પરલોકમાં પોતાનું હિત કરનાર એવા ઉત્તમ નિધિનું સર્જન કરે છે.[૩] બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર કે અન્ય કોઈ ભૂખ્યા જનને જોઈ, જે ગૃહસ્થ સ્વયં ઉપવાસ કરીને પણ અન્નાર્થીને અન્ન- ભોજન આપી દે છે, તે જ ખરો ધર્મવેત્તા છે.[૪] પાપકર્મ કર્યું હોય છતાં પણ જે ગૃહસ્થ અભ્યાગતને અન્ન આપે છે, તેમાં પણ બ્રાહ્મણને વિશેષપણે આપે છે. તે ગૃહસ્થ કરેલાં પાપથી લેપાતો નથી.[૫] હે વિપ્ર ! શરીર સંબંધી પંચધાતુ અન્નના અભાવમાં ક્ષીણ થઈ જાય છે, આલોકમાં બલવાન મનુષ્યનું બળ અન્નના અભાવમાં નાશ પામી જાય છે.[૬] ત્રણેલોકમાં સ્થાવર જંગમ જે કોઈ પ્રાણીમાત્ર અન્નથી જ જીવે છે. એથી બુદ્ધિશાળી મનુષ્યે ધર્મને અર્થે પણ અન્નનું દાન કરવું.[૭] હે રૂડાવ્રતવાળા વિપ્ર ! અન્નદાન કરનાર મનુષ્યનું શરીરનું બળ અને ઈન્દ્રિયોનું બળ-ઓજ, અને પુણ્ય ત્રણે લોકમાં નિરંતર વૃદ્ધિ પામતાં રહે છે. એટલું જ નહિ યશકીર્તિ પણ વૃદ્ધિ પામતી રહે છે.[૮]**

**હે વિપ્ર ! અભ્યાગતને અન્ન પ્રદાન કરનાર મનુષ્યોના પોતાના સંકલ્પથી રચેલાં સ્થાવર, જંગમ રૂપ ભવનો તરુણસૂર્યનાં કિરણો સમાન ઉજ્જવળ થઈ સ્વર્ગમાં પ્રકાશે છે.[૯] પછી તે પીતવર્ણા તથા શ્વેતવર્ણા સોનાના મહેલો અને સુવર્ણની ઉજ્જવલ શય્યાઓને અન્નનું દાન કરનાર પુરુષ પામે છે. તેથી અન્નનું દાન કરો.[૧૦] એક લાખ જેટલા વિપ્રોને અથવા દશ હજાર વિપ્રોને અથવા એકહજાર વિપ્રોને અથવા સો વિપ્રોને જે સદ્‌ગૃહસ્થ પોતાની શક્તિ અનુસાર દૂધપાક આદિ શ્રેષ્ઠ અન્નવડે તૃપ્ત કરે છે, તે ગૃહસ્થ સુવર્ણના જેવા અને સૂર્યની સમાન ચળકતા વિમાનમાં બેસીને સ્વર્ગમાં નિવાસ કરે છે, ત્યાં દેવતાઓના ગણો તેમની કીર્તિનું ગાન કરે છે.[૧૧-૧૨]**

दिव्यं विमानमारुह्य सौवर्णं सूर्यवर्चसम् । गीयमानो देवगणैः स स्वर्गे वसति ध्रुवम् ॥१२॥
तथाऽत्र भूमिदानं च महादानं प्रकीर्त्यते । सर्वान्कामानवाप्नोति भूमिदानेन मानवः ॥१३॥
अपि गोचर्ममात्रां यः पक्व धान्यभृतां महीम् । विप्राय साधवे दद्यात्तस्य पुण्यमनन्तकम् ॥१४॥
एको वृषः शतं गावो यावत्यां शेरते भुवि । गोचर्ममात्रा सा भूमिरुच्यते परिमाणतः ॥१५॥
सर्वपापविनिर्मुक्तो भूमिदः पुरुषो भवेत् । अश्वमेधाधिकं पुण्यं सद्यः प्राप्नोति निश्चितम् ॥१६॥
सुवर्णं रजतं वस्त्रं मणिमुक्तावसूनि च । सर्वमेतन्महाप्राज्ञो ददाति वसुधां ददत् ॥१७॥
पञ्च पूर्वान्स पुरुषान्स्वं च पञ्च परानपि । एकादश ददद्भूमिं परिपातीह मानवः ॥१८॥
सर्वोपस्करसंयुक्तं दृढं वेश्म द्विजाय यः । दद्यात्सम्पूज्य विधिवद्ब्रह्मलोकं स चाप्नुयात् ॥१९॥
प्राकारा यत्र सौवर्णा गृहाण्युच्चैस्तराणि च । नानारत्नैर्भूषितानि तानि प्राप्नोति वेश्मदः ॥२०॥

---

**ભૂમિદાનનો મહિમા :–** હે વિપ્ર આલોકમાં ભૂમિદાનને પણ મહાદાન કહેલું છે. મનુષ્ય ભૂમિનું દાન કરી સર્વે કામનાઓને પ્રાપ્ત કરે છે.[૧૩] જે પુરુષ પાકેલાં ધાન્યથી ભરપૂર ગાયના ચર્મ જેટલી પણ ભૂમિનું સ્વધર્મનિષ્ઠ બ્રાહ્મણને દાન કરે છે, તે પુરુષ જેનો અંત જ ન હોય તેટલા પુણ્યને પામે છે.[૧૪] એક બળદ અને સો ગાયો, જેટલી ભૂમિમાં સુઇ શકે, તેટલી ભૂમિને ગોચર્મ ભૂમિ કહેલી છે.[૧૫] આવી ભૂમિનું દાન કરનાર પુરુષ સર્વ પાપથકી મુક્ત થઇ તત્કાળ અશ્વમેધયજ્ઞ કરતાં પણ અધિક પુણ્યને નિશ્ચય પામે છે.[૧૬] મહાબુદ્ધિશાળી પુરુષ એક પૃથ્વીનું દાન કરે તેનાથી સુવર્ણદાન, રૂપાનું દાન, વસ્ત્રદાન, મણિઓનું દાન, મોતીઓનું દાન, અને રત્નોનું દાન, આ સર્વે દાનો આપોઆપ થઇ જાય છે. એક પૃથ્વીના દાનથી ઉપરોક્ત બધાય દાનનું ફળ પ્રાપ્ત થાય છે.[૧૭] આલોકમાં ભૂમિનું દાન કરનાર પોતાની પૂર્વની પાંચ અને ભવિષ્યમાં થનારી પાંચ અને સ્વયં પોતે એમ અગિયાર પેઢીને તારે છે.[૧૮] જે પુરુષ ગૃહસ્થાશ્રમને ઉપયોગી સર્વે ઉપકરણોએ યુક્ત નૂતન અને મજબૂત ઘરનું વિધિવત્ પૂજન કરી પવિત્ર બ્રાહ્મણને દાન કરે છે. તે પ્રજાપતિ બ્રહ્માના સત્યલોકને પામે છે.[૧૯] જે બ્રહ્મલોકમાં ચારે બાજુ સુવર્ણમાંથી નિર્મિત કિલ્લાઓ શોભે છે. જ્યાં ઊંચા ઊંચા અનેક પ્રકારના રત્નો જડિત સુંદર મહેલો પ્રકાશે છે. આવા મહેલોને ઘરનું દાન કરનાર પ્રાપ્ત કરે છે.[૨૦]

**ગૌદાનનો મહિમા :–** હે વિપ્ર ! જે ગૃહસ્થપુરુષ સારા સ્વભાવવાળી, સુશીલ વાછરડાંએ સહિત વસ્ત્રોથી શણગારેલી, સુંદર આકૃતિવાળી, રૂપાળી, બહુ દૂધવાળી, સુવર્ણના શીંગડાવાળી, રૂપાની ખરીવાળી, કંઠમાં મણિમય મોતીના

कुटुम्बिने ब्राह्मणाय सुशीलां गां ददाति यः । सवत्सां वस्त्रसंयुक्तां सुरूपां च पयस्विनीम् ॥२१॥
हेमशृङ्गीं रुक्मखुरां मुक्ताहारविभूषिताम् । सदक्षिणां विधानेन विष्णुलोकं स चाप्नुयात् ॥२२॥
सुवर्णं दक्षिणोपेतं ब्राह्मणाय ददाति यः । न प्राप्नोति स मालिन्यं सर्वदोषैः प्रमुच्यते ॥२३॥
माघमासे तिलान् यश्च ब्राह्मणेभ्यः प्रयच्छति । ताम्रपात्रभृतान्सोऽपि यमलोकं न पश्यति ॥२४॥
निदाघकाले पानीयं यः प्रयच्छत्युपानहौ । छत्रं च वर्षाकाले यश्चन्द्रलोकं प्रयान्ति ते ॥२५॥
एकादशीव्रतं कृत्वा द्वादश्यां भोजयेत्तु यः । विष्णुभक्तान्द्विजान्साधून् विरक्तांश्च विशेषतः ॥२६॥
सर्वेषांमपि यज्ञानां प्राप्नोत्येव फलं स च । तस्मै प्रीतो हरिर्दत्ते सर्वं तन्मनसेप्सितम् ॥२७॥
द्वादश्यां मार्गशीर्षस्य केशवं तु प्रपूज्य यः । तद्भक्तान्भोजयेत्तस्य फलं स्यादश्वमेधजम् ॥२८॥
पौषे नारायणं भक्त्या पूजयित्वैव भोजयेत् । द्वादश्यां ब्राह्मणांस्तस्य वाजपेयफलं भवेत् ॥२९॥

---

હાર ધારણ કરેલી, ગાયનું દક્ષિણા અને દોહન પાત્રે સહિત શાસ્ત્રોક્ત વિધિથી કુટુંબવાળા પવિત્ર બ્રાહ્મણને દાન કરે છે, તે ગૃહસ્થ પુરુષ વિષ્ણુલોકને પામે છે.[૨૧-૨૨]

**સુવર્ણદાનનો મહિમા :–** હે વિપ્ર ! જે ગૃહસ્થ બ્રાહ્મણને દક્ષિણાએ સહિત સુવર્ણનું દાન કરે છે, તેનું અંતઃકરણ ક્યારેય મલીન થતું નથી. તે સર્વ દોષો થકી મુક્ત થઇ જાય છે.[૨૩]

**તલદાનનો મહિમા :–** હે વિપ્ર ! જે પુરુષ માઘમાસમાં તાંબાનું તલભરેલું પાત્ર બ્રાહ્મણને દાનમાં આપે છે, તે પુરુષને ક્યારેય યમપુરીનાં દર્શન કરવાં પડતાં નથી.[૨૪] જે પુરુષ ઉનાળાની ઋતુમાં જળનું અને પગરખાનું દાન કરે છે, અને વર્ષાઋતુમાં છત્રીનું દાન કરે છે, તે પુરુષ ચંદ્રલોકને પામે છે.[૨૫]

**બારસનાં પારણાં કરાવવારૂપ દાનનો મહિમા :–** હે વિપ્ર ! જે પુરુષ એકાદશીનું વ્રત કરી બારસને દિવસે ભગવાનના ભક્ત બ્રાહ્મણોને અને વૈરાગ્યવાન સંતપુરુષોને વિશેષપણે ભોજન કરાવે છે, તે પુરુષને સર્વયજ્ઞોનું ફળ પ્રાપ્ત થાય છે. ભગવાન શ્રીહરિ તેમના ઉપર પ્રસન્ન થઇ તેમના મનની સર્વે ઈચ્છાઓ પૂર્ણ કરે છે.[૨૬-૨૭] જે પુરુષ માગસર માસની એકાદશીનું વ્રત કરી બારસને દિવસે કેશવ ભગવાનનું પૂજન કરી તેમના ભક્તોને જમાડે છે. તે પુરુષને અશ્વમેઘયજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.[૨૮] જે પુરુષ પોષ માસની એકાદશીનું વ્રત કરી બારસને દિવસે નારાયણ ભગવાનનું પૂજન કરી બ્રાહ્મણોને અને સંતોને જમાડે છે, તેમને વાજપેય યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.[૨૯] જે પુરુષ માઘમાસમાં એકાદશીનું વ્રત કરી બારસને

माधवं यः समभ्यर्च्य द्वादश्यां माघमासि च । भोजयेद्ब्राह्मणांस्तस्य फलं स्याद्राजसूयजम् ॥३०
गोविन्दं फाल्गुनेऽभ्यर्च्य मासि यो द्वादशीदिने । प्रीणयेज्ब्राह्मणांस्तस्य फलं स्यादतिरात्रजम् ॥३१
विष्णुं भक्त्या समभ्यर्च्य द्वादश्यां मधुमासि च । तद्भक्तान्ब्राह्मणान्साधून्स्वशक्त्या प्रीणयेच्च यः ।३२
पौण्डरीकस्य यज्ञस्य फलं प्राप्य स मानवः । दिव्यं लोकमवाप्नोति देहान्ते देवदुर्लभम् ॥३३॥
द्वादश्यां पूजयित्वा यो माधवे मधुसूदनम् । भोजयेद्ब्राह्मणांस्तस्य ह्यग्निष्टोमफलं भवेत् ॥३४॥
त्रिविक्रमं पूजयित्वा ज्येष्ठे च द्वादशीदिने । भोजयेद्यो द्विजान् यायाद्गवामयनजं फलम् ॥३५॥
सम्पूज्य वामनं भक्त्या द्वादश्यां शुचिमासि यः । विप्रांस्तु भोजयेत्तस्य फलं स्यात्सोमयागजम् ३६
श्रावणे श्रीधरं यश्च समर्च्य द्वादशीदिने । भोजयेद्ब्राह्मणान् सोऽपि यायाद्विश्वजितः फलम् ॥३७॥
हृषिकेशं भाद्रपदे द्वादश्यां च समर्च्य यः । ब्राह्मणान्भोजयेत्तस्य सौत्रामण्याः फलं भवेत् ॥३८॥

---

દિવસે માધવ ભગવાનનું પૂજન કરી સંતો-બ્રાહ્મણોને ભોજન કરાવે છે તેમને રાજસૂયયજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.[૩૦]

જે પુરુષ ફાગણમાસમાં એકાદશીનું વ્રત કરી બારસને દિવસે ગોવિંદ ભગવાનનું પૂજન કરી સંતો બ્રાહ્મણોને જમાડી પ્રસન્ન કરે છે, તેમને અતિરાત્રયજ્ઞનું ફલ પ્રાપ્ત થાય છે.[૩૧] જે પુરુષ ચૈત્ર માસમાં એકાદશીનું વ્રત કરી બારસને દિવસે વિષ્ણુ ભગવાનનું પૂજન કરી, પોતાની શક્તિ પ્રમાણે સંતો બ્રાહ્મણોને જમાડે છે, તે પુરુષ પોંડરીકયજ્ઞનું ફળ પ્રાપ્ત કરે છે. અને દેહને અંતે દેવોને દુર્લભ એવા ભગવાનના દિવ્ય લોકને પામે છે.[૩૨-૩૩] જે પુરુષ વૈશાખ માસમાં એકાદશીનું વ્રત કરી બારસને દિવસે મધુસૂદન ભગવાનનું પૂજન કરી સંતો બ્રાહ્મણોને જમાડી પ્રસન્ન કરે છે, તેમને અગ્નિષ્ટોમયજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.[૩૪] વળી જે પુરુષ જેઠ માસમાં એકાદશીનું વ્રત કરી બારસને દિવસે ત્રિવિક્રમ ભગવાનનું પૂજન કરી સંતો બ્રાહ્મણોને જમાડે છે, તેમને ગવાયનયજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.[૩૫] જે પુરુષ અષાઢ માસમાં એકાદશીનું વ્રત કરી બારસને દિવસે વામન ભગવાનનું પૂજન કરી સંતો બ્રાહ્મણોને જમાડે છે, તેમને સોમયજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.[૩૬] જે પુરુષ શ્રાવણ માસમાં એકાદશીનું વ્રત કરી બારસને દિવસે શ્રીધર ભગવાનનું પૂજન કરી સંતો બ્રાહ્મણોને જમાડે છે, તેમને વિશ્વજીતયજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.[૩૭] જે પુરુષ ભાદરવા માસમાં એકાદશીનું વ્રત કરી બારસને દિવસે ઋષિકેશ ભગવાનનું પૂજન કરી સંતો બ્રાહ્મણોને જમાડે છે, તેમને સોત્રામણી યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.[૩૮]

વળી જે પુરુષ આસો માસમાં એકાદશીનું વ્રત કરી બારસને દિવસે

आश्विने पद्मनाभं यः समर्च्य द्वादशीदिने । विप्रान्सन्तर्पयेत्सोऽपि सौमिकं फलमाप्नुयात् ॥३९॥
द्वादश्यां कार्तिके चेष्ट्वा मासि दामोदरं द्विजान् । भोजयेद्यः स चाप्नोति सर्वमेघफलं पुमान् ॥४०॥
द्वादशी वैष्णवी प्रेष्ठा तिथिर्नारायणस्य च । तस्यां यत्सुकृतं कुर्यात्तद्भवेदक्षयं खलु ॥४१॥
दानानि च यथाशक्ति दद्याद्विप्राय तद्दिने । तत्तदृतूचितैर्भोज्यैर्भक्तान्सम्प्रीणयेद्धरेः ॥४२॥
एवंविधो गृही दिव्यं किङ्किणीजालमण्डितम् । अर्कप्रभं समारुह्य विमानं याति तत्पदम् ॥४३॥
औषधं स्नेहमाहारं रोगिणे रोगशान्तये । ददानो रोगरहितो दीर्घायुर्जायते नरः ॥४४॥
वेदं शास्त्रं पुराणं वा भारतं वा ददाति यः । अक्षयं तद्भवेत्पुण्यं सर्वपापक्षयो भवेत् ॥४५॥
शीतकाले च वस्त्राणि काष्ठान्यूर्णापटांस्तथा । ददाति यो ब्राह्मणेभ्यः स नित्यं सुखमेधते ॥४६॥
यद्यदिष्टतमं लोके यच्चापि दयितं गृहे । तत्तद्गुणवते देयं तदेवाक्षयमिच्छता ॥४७॥

---

પદ્મનાભ ભગવાનનું પૂજન કરી સંતો બ્રાહ્મણોને જમાડે છે, તેમને સોમયાગ યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.[૩૯] જે પુરુષ કાર્તિક માસમાં એકાદશીનું વ્રત કરી બારસને દિવસે દામોદર ભગવાનનું પૂજન કરી સંતો બ્રાહ્મણોને જમાડે છે, તે પુરુષને સર્વમેધ યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.[૪૦] હે વિપ્ર ! આ બારસની તિથિ વિષ્ણુદેવતાની તિથિ છે. તેથી નારાયણ ભગવાનને અતિશય પ્રિય છે, તે તિથિમાં જે કાંઈ સુકૃત કરવામાં આવે, તેનું અવિનાશી ફળ પ્રાપ્ત થાય છે.[૪૧] આ બારસની તિથિને દિવસે બ્રાહ્મણોને યથાશક્તિ દાન આપવું ને ભગવાનના ભક્તોને તે તે ઋતુને યોગ્ય ભોજન કરાવી પ્રસન્ન કરવા.[૪૨] હે વિપ્ર ! આવી રીતે બારસને દિવસે પુણ્યકર્મ કરનારો સદ્‌ગૃહસ્થ ઘંટડીઓના સમૂહથી સુશોભિત સૂર્યની સમાન પ્રકાશિત દિવ્ય વિમાનમાં બેસી ભગવાનના ધામને પામે છે.[૪૩] હે વિપ્ર ! જે મનુષ્ય રોગાર્ત મનુષ્યોના રોગની નિવૃત્તિ થાય તે માટે ઔષધ અને ઘી સાથે રૂચિકર અન્નનું દાન કરે છે, તે મનુષ્ય સ્વયં રોગ રહિત થઈ દીર્ઘ આયુષ્ય ભોગવે છે.[૪૪] જે પુરુષ વેદનું પુસ્તક અથવા કોઈ સત્શાસ્ત્રનું પુસ્તક અથવા શ્રીમદ્‌ભાગવત પુરાણનું પુસ્તક અથવા મહાભારતનું પુસ્તક દાનમાં આપે છે. તેમને અક્ષયફળની પ્રાપ્તિ થાય છે. અને તેમનાં સર્વ પાપનો નાશ થઈ જાય છે.[૪૫] જે પુરુષ શિયાળામાં વસ્ત્રોનું, કાષ્ઠનું તથા ગરમ ધાબળાનું બ્રાહ્મણોને દાન કરે છે, તેનું સુખ નિરંતર વૃદ્ધિ પામતું રહે છે.[૪૬]

હે વિપ્ર આ ભૂમંડળ ઉપરની જે જે વસ્તુ પોતાને અતિશય પ્રિય હોય તેમજ પોતાની પત્નીને જે વસ્તુ અતિશય પ્રિય હોય તે વસ્તુને અક્ષય રાખવા અથવા અનંતગણી વધતી રહે તેવી ઈચ્છાવાળા પુરુષે સ્વધર્મનિષ્ઠ અને ભગવદ્‌

द्वादश्यां चैत्रशुक्ले च श्वेतवस्त्रप्रदो नरः । चैत्रे प्रतिदिनं वा यः सोऽक्षयं स्वर्गमेति हि ॥४८॥
वैशाखे स्वर्णदः शुक्रे छत्रोपानत्प्रदस्तथा । शय्याप्रदः शुचौ मासे श्वेतद्वीपमवानुयात् ॥४९॥
पुराणदाता नभसि प्रौष्ठपादे च गोप्रदः । इषेऽश्वदाता पुरुषः कुलमुद्धरते निजम् ॥५०॥
ऊर्णामूर्जे च लवणं मार्गे पौषेऽन्नपर्वतम् । फाल्गुने सुरभिद्रव्यं यो दद्यात्स सुखी सदा ॥५१॥
न दानं यशसे दद्यान्न भयान्न च लोभतः । परलोकहितायैव देयं पात्रद्विजाय तत् ॥५२॥
पात्रभूतोऽपि यो विप्रः प्रतिगृह्य प्रतिग्रहम् । असत्सु विनियुञ्जीत तस्मै देयं न कर्हिचित् ॥५३॥
सञ्चयं कुरुते यस्तु समादाय ततस्ततः । धर्मार्थं नोपयुञ्जीत तस्मै देयं न कर्हिचित् ॥५४॥
दानकाले च समप्राप्ते विप्रस्यासन्निधौ सति । सङ्कल्प्य मनसा तत्तु जलमध्ये जलं क्षिपेत् ॥५५॥
दातुः फलं दशगुणं भवेदेवं कृते सति । ग्रहीतुरपि विप्रस्य न दोषः स्यात्प्रतिग्रहे ॥५६॥

---

**ભક્ત એવા બ્રાહ્મણને દાનમાં આપવી.[૪૭] જે પુરુષ ચૈત્ર સુદ બારસમાં પ્રતિદિન શ્વેતવસ્ત્રનું દાન કરે છે, તે પુરુષ અનંતગણા સમય સુધી સ્વર્ગના સુખને પામે છે.[૪૮] જે મનુષ્ય વૈશાખ માસમાં સુવર્ણનું અને જેઠ માસમાં છત્રી અને પગરખાંનું દાન કરે છે, તથા અષાઢ માસમાં શય્યાનું દાન કરે છે, તે મનુષ્ય શ્વેતદ્વિપ ધામને પામે છે.[૪૯] જે પુરુષ શ્રાવણ માસમાં શ્રીમદ્‌ભાગવતના પુસ્તકનું દાન કરે, ભાદરવામાં ગાયનું દાન કરે, આસો માસમાં વિધિવત્ ઘોડાનું દાન કરે તે પુરુષ પોતાના કુળનો ઉદ્ધાર કરે છે.[૫૦]**

**હે વિપ્ર ! વળી જે પુરુષ કાર્તિ માસમાં ઊનનું, માગસર માસમાં નમકનું, પોષ માસમાં અન્નના પર્વતનું, ફાગણ માસમાં કેસર ચંદનાદિ સુગંધીમાન વસ્તુઓનું દાન કરે છે, તે મનુષ્ય સદાય સુખી રહે છે.[૫૧] દાન કીર્તિ માટે ન આપવું, કોઈ ભયથી કે લોભથી દાન ન આપવું, પરંતુ પરના અને પોતાના હિત માટે જ પાત્ર બ્રાહ્મણને તે દાન કરવું.[૫૨] જે વિપ્ર સત્પાત્રના ગુણોએ યુક્ત હોય, છતાં પણ દાનનો સ્વીકાર કર્યા પછી તેનો અધાર્મિક કાર્યોમાં વિનિયોગ કરે, તો તેને ફરીવાર ક્યારેય દાન ન આપવું.[૫૩] જે વિપ્ર જ્યાં-ત્યાંથી દાનનો સ્વીકાર કરી ભેળું કરી રાખે પણ ધર્મકાર્મમાં તેનો ઉપયોગ ન કરે તો તેવા વિપ્રને ફરી ક્યારેય દાન આપવું નહિ.[૫૪]**

**હે વિપ્ર ! દાન આપવાને સમયે જો સત્પાત્ર બ્રાહ્મણ હાજર ન હોય તો મનથી સંકલ્પ કરવો કે, આ દાન આ વિપ્રને હું અર્પણ કરું છું. એમ સંકલ્પ કરી જળમાં એક જળની અંજલી અર્પણ કરી દાન વિધિ કરવો.[૫૫] આ પ્રમાણે કરવાથી દાન કરનારને દશગણું ફળ પ્રાપ્ત થાય છે. અને દાન લેનાર વિપ્રને પણ દાન**

विद्यावते दरिद्राय लक्ष्मीभ्रष्टाय चार्थिने । यद्दीयते तदक्षय्यं सुशीलाय विशेषतः ॥५७॥
अक्रोधना धर्मपराः सत्यनित्या दमे रताः । ईदृशाः साधवो विप्रास्तेभ्यो दत्तं महाफलम् ॥५८॥
अमानिनः सर्वसहा निःस्पृहा विजितेन्द्रियाः । सर्वभूतहिता मैत्रास्तेभ्यो दत्तं महाफलम् ॥५९॥
साङ्गांश्च चतुरो वेदानधीते यो द्विजर्षभः । षट्कर्मनिरतः शान्तः सत्पात्रं स प्रकीर्त्यते ॥६०॥
ईदृशेभ्यस्तु यद्दानं ददाति धनवान् गृही । सहस्रगुणितं सद्यस्तद्भवत्येव निश्चितम् ॥६१॥
प्रज्ञाश्रुताभ्यां शीलेन वृत्तेन च समन्वितः । तारयत्येव हि कुलं स एकोऽपि द्विजोत्तमः ॥६२॥
निशम्यापि गुणोपेतं ब्राह्मणं साधुसम्मतम् । दूरादानाय्य सत्कृत्य सर्वभावेन पूजयेत् ॥६३॥
निष्फलं नवसूत्सृष्टं चाटचारणतस्करे । कुवैद्ये कितवे धूर्ते शठे मल्ले च बन्दिनि ॥६४॥

---

ગ્રહણનો દોષ લાગતો નથી.[૫૬] વિદ્યાવાન, દરિદ્ર, જેની સંપત્તિ વિનાશ પામી હોય એવા અને ભિક્ષાની યાચના કરનાર વિપ્રને, તેમાંથી પણ ચારિત્રયવાન વિપ્રને વિશેષપણે દાન કરવામાં આવે તો અવિનાશી ફળને આપનારૂં થાય છે.[૫૭] હે વિપ્ર ! ક્રોધ રહિત સ્વધર્મ પરાયણ, સત્યભાષી અને નેત્રાદિ ઈન્દ્રિયોનું દમન કરવામાં તત્પર એવા સાધુ કે વિપ્ર હોય તેમને દાન કરવામાં આવે તો એ દાન મહાફળને આપનારૂં થાય છે.[૫૮] માને રહિત દુર્જનોએ કરેલા સર્વે અપરાધોને સહન કરનાર, નિઃસ્પૃહી, જીતેન્દ્રિય, સકલ પ્રાણીઓનું હિત ઈચ્છનાર અને સર્વેની સાથે મૈત્રીપૂર્ણ વર્તન કરનાર, જે વિપ્ર હોય, તેમને આપેલું દાન પણ મહાફળને આપનારૂં થાય છે.[૫૯] જે શ્રેષ્ઠ બ્રાહ્મણે શિક્ષા આદિ છ અંગોએ સહિત ચાર વેદનું અધ્યયન કરેલું હોય, સ્નાન સંધ્યાદિ ષટ્ કર્મમાં તત્પર હોય, અને અંતરમાં શાંત વર્તતો હોય તે વિપ્ર સત્પાત્ર કહેલો છે.[૬૦]

હે વિપ્ર ! જે ધનવાન ગૃહસ્થ આવા સત્પાત્ર વિપ્રને જે દાન કરે, તે દાન તે જ સમયે નિશ્ચિત હજારગણું થઈ જાય છે, તેમાં કોઈ સંશય નથી.[૬૧] જે ઉત્તમ બ્રાહ્મણ સદ્બુદ્ધિ, શાસ્ત્રાધ્યયન તથા સારા સ્વભાવથી અને સદાચારથી યુક્ત હોય, તે એક હોવા છતાં તેમને જો દાન આપવામાં આવે તો આખા કુળને તારે છે.[૬૨] સકલ સત્પાત્રતાના ગુણોથી સંપન્ન તથા સ્વધર્મ નિષ્ઠ સંતો દ્વારા પ્રમાણિત કરાયેલો બ્રાહ્મણ, જે કોઈ દેશમાં હોવાનું સાંભળવામાં આવે, તો તે દૂર દેશથી પણ પોતાને ત્યાં બોલાવી, સત્કાર કરી, તેમને યોગ્ય દાનનું પ્રદાન કરી, તેમની સર્વભાવે પૂજા કરવી.[૬૩] હે વિપ્ર ! ચાટ- છેતરનાર, ચારણ, ચોર, ઠગ, જાસૂસ, કુવૈદ્ય, કપટી, ધૂર્ત, શઠ, મલ્લ અને બંદિજન આ નવ પ્રકારના જનોને આપેલું

न्यायार्जितेनैव धनेन कुर्याद्दानं यथाशक्ति गृही द्विजेन्द्र ! ।
न क्लेशयित्वा निजपोष्यवर्गं नान्यायलब्धेन धनेन चापि ॥६५॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे गृहस्थधर्मेषु दानविधिनिरूपणनामैकादशोऽध्यायः ॥११॥*

---

## द्वादशोऽध्यायः - १२

**श्रीनारायणमुनिरुवाच :-**

स्ववैभवानुसारेण गृहस्थो हरिमन्दिरम् । कारयेत्सुदृढं भक्त्या सुधालितं समण्डलम् ॥१॥
यथा यथा चातिदृढं कारयेन्मन्दिरं गृही । तथा तथा फलोत्कर्णो ज्ञातव्यस्तस्य सुव्रत ! ॥२॥

---

દાન નિષ્ફળ જાય છે.[૬૪] હે દ્વિજેન્દ્ર ! ગૃહસ્થ જનોએ ન્યાય માર્ગથી સંપાદન કરેલા ધનથી યથાશક્તિ દાન કરવું, પોતાના પોષ્યવર્ગને દુઃખ પમાડીને દાન ન કરવું, અને અન્યાયથી મેળવેલા ધનથી પણ દાન ન કરવું.[૬૫]

*આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં શ્રીહરિએ ગૃહસ્થના ધર્મો કહેતાં તેમાં દાનના મહિમાનું અને વિધિનું નિરૂપણ કર્યું એ નામે અગિયારમો અધ્યાય પૂર્ણ થયો. --૧૧--*

---

## અધ્યાય - ૧૨

## ભગવાન શ્રીહરિએ ધનાઢ્ય ભક્તોના ધર્મોમાં મંદિરો બાંધવાનો કહેલો મહિમા.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે, હે બ્રહ્મન્ ! ગૃહસ્થ જનોએ પોતાના વૈભવને અનુસારે મજબૂત તેમજ ચૂનાથી ધોળાં કરેલાં, સ્થાપન દેવતા માટે યોગ્ય એવાં, સર્વતોભદ્ર મંડળ યુક્ત સિંહાસને સહિત હરિમંદિરો ભક્તિભાવપૂર્વક કરાવવાં.[૧] હે રૂડાવ્રતવાળા હે વિપ્ર ! ધનાઢ્ય ગૃહસ્થો જેમ જેમ અતિશય મજબૂત મંદિરો તૈયાર કરાવતા જાય છે, તેમ તેમ તેઓને અધિક અધિક ફળનો ઉત્કર્ષ થતો જાય છે. એમ સૌએ જાણવું.[૨] જ્યોતિષશાસ્ત્રાનુસાર પૂર્વાભિમુખ રમણીય મંદિરો તૈયાર કરાવવાં. તે મંદિરની આગળના ભાગમાં મેદાનમાં ભગવાનની

मन्दिरं कारयेद्रम्यं प्राचीसाधनपूर्वकम् । पुरस्तस्यैकभौमं च कारयेत्तार्क्ष्यमण्डपम् ।।३।।
मन्दिरं चाभितः कार्या धर्मशाला मनोहरा । पान्थवैष्णववासार्हा प्राकारेणाभिवेष्टिता ।।४।।
उद्यानं कारयेत्तत्र फलपुष्पद्रुमान्वितम् । मिष्टनिर्मलपानीयां वापिकां च सदोदकाम् ।।५।।
मध्ये श्रीवासुदेवं तु मन्दिरे स्थापयेद्यदा । आग्नेय्याममम्बिकां सूर्यं नैर्ऋते स्थापयेत्तदा ।।६।।
ब्राह्मणं स्थापयेद्वायावीशाने सात्मजं शिवम् । महोत्सवेन तन्मूर्तिः स्थापनिया यथाविधि ।।७।।
हरेरुपासातन्त्राणि पुरा प्रोक्तानि तेन वै । पञ्चरात्राभिधानानि सप्तरात्राभिधानि च ।।८।।
व्यस्तानि तानि मुनिभिः कालेन दिवि चेह च । पञ्चविंशतिसङ्ख्यानि तेषां नामानि मच्छृणु ।।९।।
हयग्रीवं वैष्णवं च पौष्करं गार्ग्यगालवम् । प्रह्लादं नारदीयं च श्रीप्रश्नं शौनकं तथा ।।१०।।
साण्डिल्यमैश्वरं तार्क्ष्यं वासिष्ठं ज्ञानसागरम् । स्वायम्भुवं च विश्वोक्तं सत्योक्तं कापिलं तथा ।।११।।
नारायणीयमात्रेयं नारसिंहं तथारुणम् । बौधायनं च सानन्दमष्टान्ताख्यं तथान्तिमम् ।।१२।।

---

સન્મુખ બેઠેલા ને ભગવાનનાં તેમને દર્શન થાય તેવા ગરૂડમંડપની રચના કરાવવી.[૩] મંદિરની ફરતે તીર્થવાસીઓને નિવાસ કરવા યોગ્ય કિલ્લાઓએ સહિત બંધીની જગ્યાવાળી રમણીય ધર્મશાળાઓ બંધાવવી.[૪] મંદિરમાં ફળ, પુષ્પ અને વૃક્ષોએ યુક્ત બગીચા બનાવવા, તેવી જ રીતે મધુર અને નિર્મળ જળવાળી ને ગરમીની ઋતુમાં પણ જળ ખૂટે નહિ તેવી વાવ પણ કરાવવી.[૫]

મંદિરના મધ્યભાગમાં શ્રીવાસુદેવ ભગવાનની મૂર્તિ સ્થાપન કરવી, અગ્નિખૂણામાં અંબિકાદેવીની, નૈર્ઋત્ય ખૂણામાં સૂર્યની, વાયુખૂણામાં બ્રહ્માજીની અને ઈશાનખૂણામાં ગણપતિએ સહિત શિવજીની સ્થાપના કરવી. તે મૂર્તિઓ ઉત્સવો ઉજવી શાસ્ત્રવિધિ અનુસાર સ્થાપના કરવી.[૬-૭]

**પૂજાપદ્ધતિનાં પચીસ તંત્રાગમનાં નામ :–** હે વિપ્ર ! ભગવાન શ્રીહરિની ઉપાસના પધ્ધતિનો બોધ કરાવનારા પંચરાત્ર અને સપ્તરાત્ર નામના આગમો પૂર્વે ભગવાન શ્રીહરિએ જ કહેલા છે.[૮] કાળે કરીને સ્વર્ગમાં તથા આ ભૂમંડળ ઉપર ઋષિમુનિઓએ તે આગમતંત્રોને વિસ્તાર કરી પચીસ સંખ્યામાં વિભાજીત કર્યાં છે. તેઓનાં નામ હું તમને કહું છું, તે સાંભળો.[૯] હયગ્રીવ, વૈષ્ણવ, પૌષ્કર, ગાર્ગ્ય, ગાલવ, પ્રાહ્લાદ, નારદીય, શ્રીપ્રશ્ન, શૌનક, શાંડિલ્ય, ઐશ્વર, તાર્ક્ષ્ય, વાસિષ્ઠ, જ્ઞાનસાગર, સ્વાયમ્ભુવ, વિશ્વોક્ત, સત્યોક્ત, કાપિલ, નારાયણીય, આત્રેય, નારસિંહ, આરુણ, બૌધાયમાન, સાનંદ અને અષ્ટાંત આ પચીસ ઉપાસના તંત્રો છે. આ તંત્રોના મધ્યે કોઈ પણ એક તંત્રના વિધાન પ્રમાણે

एतेष्वन्यतमेनोक्तमाश्रित्य वैष्णवं विधिम् । मन्दिरं तत्प्रतिष्ठां च पूजनं च समाचरेत् ॥१३॥
विष्णोः शंभ्वर्कगणपदेवीनां च तदात्मनाम् । कारयेन्मन्दिराण्येवं वैभवे सति सद्गृही ॥१४॥
चैत्रफाल्गुनवैशाखज्येष्ठमासाः शुभावहाः । सर्वदेवप्रतिष्ठायां चैत्रं नेच्छन्ति केचन ॥१५॥
प्रतिष्ठायां तथा विष्णोर्माघमासो न चोचितः । दक्षिणं चायनं तद्वन्निषिद्धं देवकर्मणि ॥१६॥
माघफाल्गुनवैशाखज्येष्ठाषाढेषु पञ्चसु । मासेषु शुक्लपक्षे च शिवस्थापनमुत्तमम् ॥१७॥
देवालयं कारयति धर्मशालां च यः पुमान् । स तारयति संसारादात्मनः सप्त पूरुषान् ॥१८॥
यावत्य इष्टिकास्तत्र चिता देवालयादिषु । तावन्त्यब्दसहस्राणि तत्कर्ता स्वर्गमावसेत् ॥१९॥
श्रीमतो वासुदेवस्य कारयत्युत्तमं तु यः । मन्दिरं सुदृढं रम्यं स मोक्षं प्राप्नुयाद्ध्रुवम् ॥२०॥
मध्यमं कारयेद्यस्तु पुमांस्तन्मन्दिरं नवम् । स च वैकुण्ठमाप्नोति लोकं लोकनमस्कृतम् ॥२१॥
कनिष्ठं मन्दिरं यश्च कारयेत्तस्य वाडव ! । सुरेन्द्रलोकमाप्नोति स पुमानपि निश्चितम् ॥२२॥

---

વૈષ્ણવ વિધાનનો આશ્રય કરી મંદિરમાં શ્રીવાસુદેવ ભગવાનની પ્રતિષ્ઠા અને પૂજા કરવી, તેની સાથે તાદાત્મ્યભાવને પામેલા શિવ, સૂર્ય, ગણપતિ અને પાર્વતીદેવીનાં મંદિરો પણ સદ્‌ગૃહસ્થોએ પોતાના વૈભવ પ્રમાણે બાંધવાં.[૧૦-૧૪]

**પ્રતિષ્ઠાવિધિમાં શુભફળ આપનારા મહિનાઓ :–** હે વિપ્ર ! ચૈત્ર, ફાગણ, વૈશાખ અને જેઠ માસ સર્વે દેવોની પ્રતિષ્ઠામાં શુભ ફળ આપનારા મનાયેલા છે. કેટલાક વિદ્વાનો ચૈત્રમાસને દેવ પ્રતિષ્ઠામાં ઈચ્છતા નથી.[૧૫] તેવી જ રીતે વિષ્ણુની પ્રતિષ્ઠામાં માઘમાસ ઉચિત નથી અને દક્ષિણાયન પણ વર્જ્ય છે.[૧૬] માઘ, ફાગણ, વૈશાખ, જેઠ અને અષાઢ, આ પાંચ માસમાં અને તેમાં પણ સુદ પક્ષમાં શિવજીની સ્થાપના ઉત્તમ કહેલી છે.[૧૭] હે વિપ્ર ! જે પુરુષ દેવાલય અને ધર્મશાળા બંધાવે છે, તે પુરુષ પોતાની સાત પેઢીનો આ સંસારથકી ઉદ્ધાર કરે છે.[૧૮] તે બંધાવેલાં દેવાલયોમાં જેટલી સંખ્યામાં ઈંટો ચણતરમાં મૂકે, તેટલાં હજારો વર્ષો સુધી તે દેવાલય બંધાવનારો પુરુષ સ્વર્ગમાં નિવાસ કરીને રહે છે.[૧૯] જે પુરુષ લક્ષ્મીજીએ સહિત શ્રીવાસુદેવ ભગવાનનું મજબૂત રમણીય મંદિર બંધાવે છે, તે ચોક્કસ મોક્ષને પ્રાપ્ત કરે છે.[૨૦] અને તે મંદિરને ફરતે ધર્મશાલા કે મંડપાદિની રચના કરાવે છે, તો તે સર્વલોકને નમસ્કાર કરવા યોગ્ય નિશ્ચળ વૈકુંઠધામને પામે છે.[૨૧]

હે વિપ્ર ! જે પુરુષ શ્રીવાસુદેવ ભગવાનનું મંદિર કનિષ્ઠ પ્રકારનું કરાવે તો પણ ઈન્દ્રના લોકને પામે છે. તેમાં કોઈ સંશય નથી.[૨૨] ઘણા ધનવાળો પુરુષ અતિશય ઉત્તમ મંદિર બંધાવાથી જે ફળ પ્રાપ્ત કરે છે, તે જ ફળ અલ્પ ધનવાળો

फलं धनी श्रेष्ठतमेन यत्तु प्राप्नोति तन्मन्दिरकर्मणा तत् ।
प्राप्नोति हि स्वल्पधनः कनिष्ठं तत्कारयित्वा प्रयतः स्वशक्त्या ॥२३॥
प्रतिष्ठया सार्वभौमं सद्मना भुवनत्रयम् । पूजादिनां ब्रह्मलोकं त्रिभिस्तत्साम्यमाप्नुयात् ॥२४॥
यः कारयति तद्धाम निर्दम्भः प्रीतये हरेः । कुलानि शतमुद्धृत्य वैकुण्ठे निवसत्यसौ ॥२५॥
सुधादिभिर्लेपयित्वा जीर्णोद्धारं च कारयेत् । देवालयमठादेश्च यस्तस्य सुकृतं महत् ॥२६॥
सम्मार्जयेच्च यस्तत्र यश्च तत्रानुलेपयेत् । दीपं च तत्र यः कुर्याद्विष्णुलोकं प्रयाति सः ॥२७॥
तथा कूपांश्च वापीश्च तडागानि च ये नराः । कारयन्त्यक्षयं पुण्यं तेषां तद्भवति ध्रुवम् ॥२८॥
वर्षाकाले तडागे तु सलिलं यस्य तिष्ठति । अग्निहोत्रसमं तस्य फलमाहुर्मनीषिणः ॥२९॥
शरत्काले तु सलिलं तडागे यस्य तिष्ठति । गोसहस्रप्रदानस्य फलं स लभते नरः ॥३०॥
हेमन्तकाले सलिलं तडागे यस्य तिष्ठति । स वै बहुसुवर्णस्य यज्ञस्य लभते फलम् ॥३१॥

---

**પુરુષ પણ પોતાના નિયમમાં તત્પર થઈ શક્તિ પ્રમાણે કનિષ્ઠ પ્રકારનું પણ શ્રીવાસુદેવ ભગવાનનું મંદિર બંધાવે ત્યારે તે જ ફળ પ્રાપ્ત કરે છે.[૨૩] બીજાએ બંધાવેલાં મંદિરમાં ઉત્સવ સાથે દેવોનો પ્રતિષ્ઠા વિધિ કરાવે છે, તે પણ સાર્વભૌમ રાજ્યને પ્રાપ્ત કરે છે. અને કેવળ મંદિરનું નિર્માણ કરાવનાર ત્રણ ભુવનના અધિપતિપદને પ્રાપ્ત કરે છે, તથા ભગવાન શ્રીહરિની પૂજા પ્રવાહની પ્રવૃત્તિ કરાવી આપે છે, તે બ્રહ્માના લોકને પ્રાપ્ત કરે છે, અને ત્રણે મંદિર, પ્રતિષ્ઠા અને પૂજા પ્રવાહ એક સાથે કરાવનારો પુરુષ શ્રીવાસુદેવ ભગવાનના સાધર્મ્યપણાને પામે છે.[૨૪] જે પુરુષ કોઈ જાતના દંભ વિના કેવળ ભગવાનને પ્રસન્ન કરવા માટે તેમનું મંદિર બંધાવે છે, તે પુરુષ એકસો કુળનો ઉદ્ધાર કરાવી વૈકુંઠમાં નિવાસ કરાવે છે.[૨૫] વળી જે પુરુષ દેવાલય તથા મઠાદિકનો ચૂનો લગડાવીને-રંગરોગાનાદિ કરાવીને જીર્ણોદ્ધાર કરાવે છે, તે પુરુષને પણ મોટું પુણ્ય થાય છે.[૨૬] જે જનો મંદિર વાળે, લીંપણ કરે અને દીપ પ્રગટાવે તે ત્રણે જણ વિષ્ણુલોકને પામે છે.[૨૭]**

**વાવ, કુવા, તળાવ આદિ ગળાવવાનું ફળ :– હે વિપ્ર ! જે પુરુષો કૂવા, વાવ અને તળાવ કરાવે છે, તેઓને તો તે પુણ્યકર્મથી અવિનાશી ફળ પ્રાપ્ત થાય છે, તે નક્કી છે.[૨૮] જેમણે કરાવેલાં સરોવરમાં વર્ષાકાળ સુધી જો પાણી રહે તો તેમને પ્રતિદિન અગ્નિહોત્ર હવનનું ફલ પ્રાપ્ત થાય છે.[૨૯] જેમણે કરાવેલાં તળાવમાં શરદઋતુ સુધી પાણી રહે છે, તેમને એકહજાર ગાયના દાનનું ફળ પ્રાપ્ત થાય છે.[૩૦] જેમણે તૈયાર કરાવેલાં તળાવમાં હેમંતઋતુ સુધી પાણી રહે છે, તેમણે**

यस्य वा शिशिरे काले तडागे सलिलं भवेत् । तस्याग्निष्टोमयज्ञस्य फलं भवति सुव्रत ! ॥३२॥
वसन्तकाले सलिलं तडागे यस्य वर्तते । सोऽतिरात्रस्य यज्ञस्य फलं प्राप्नोति मानवः ॥३३॥
निदाघकाले पानीयं तडागे यस्य तिष्ठति । फलं स वाजिमेधस्य यज्ञस्य लभते पुमान् ॥३४॥
स कुलं तारयेत्सर्वं येन खाते जलाशये । गावः पिबन्ति सलिलं साधवश्च नराः सदा ॥३५॥
सर्वाण्यपि च सत्त्वानि तृषार्तानि पिबन्ति यत् । जलाशये तस्य पुण्यमप्रमेयं हि कीर्त्यते ॥३६॥
तडागमभितो रोप्याश्छायावृक्षा वटादयः । तेनात्र कीर्तिश्च भवेत् स्वर्गोऽक्षय्यः परत्र च ॥३७॥
आरामाश्चापि कर्तव्याः शुभवृक्षैः सुशौभिताः । जलाशयस्योपकण्ठे गृहस्थेन सुखार्थिना ॥३८॥
फलोपयोगिनः सर्वे तथा पुष्पोपयोगिनः । आरामेषु द्रुमा रोप्याः पितृदेवोपभोगदाः ॥३९॥
अश्वत्थमेकं पिचुमन्दमेकं न्यग्रोधमेकं दश तिन्तिडीश्च ।
कपित्थबिल्वामलकीत्रयं यो वपेन्नवाम्रान्नरकं स नेयात् ॥४०॥

---

બહુ સુવર્ણના દાને યુક્ત કરેલા યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.[૩૧] હે રૂડા વ્રતવાળા વિપ્ર ! જે પુરુષે તૈયાર કરાવેલાં તળાવમાં શિશિરઋતુ સુધી પાણી રહે છે, તે પુરુષને અગ્નિષ્ટોમ યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.[૩૨] જેમણે ગળાવેલાં તળાવમાં વસંતઋતુ સુધી પાણી રહે છે, તે પુરુષને અતિરાત્ર યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.[૩૩] તેમણે ગળાવેલાં તળાવમાં ગ્રીષ્મકાળ સુધી પાણી રહે તે વાજિમેઘ યજ્ઞનું ફળ પ્રાપ્ત કરે છે.[૩૪] વળી જે પુરુષે ખોદાવેલાં તળાવમાં ગાયો, સંતો અને મનુષ્યો સદાય પાણી પીએ છે, તે પુરુષ સર્વકુળને તારે છે.[૩૫] તૃષાતુર સર્વે પ્રાણીઓ જંતુઓ જેમના જળાશયમાં પાણી પીએ છે તે પુરુષને અગણિત પૂણ્ય પ્રાપ્ત થાય છે.[૩૬]

**વૃક્ષારોપણનો મોટો મહિમા :–** હે વિપ્ર ! તળાવ કે સરોવરની ચારે બાજુના ફરતા પ્રદેશમાં જે પુરુષ વડ આદિક છાયાપ્રધાન વૃક્ષો રોપાવે તો તે પુરુષ આલોકમાં કીર્તિને પામે અને પરલોકમાં અક્ષય સુખને પ્રાપ્ત કરે છે.[૩૭] માટે સુખાર્થી ગૃહસ્થ પુરુષોએ જળાશયના કિનારા ઉપર અને સમીપના પ્રદેશમાં સારાં વૃક્ષોથી સુશોભિત કુત્રિમ આરામનાં સ્થળો, ઉપવનો, બગીચા આદિ તૈયાર કરાવવા.[૩૮] તે બગીચામાં ફલ તથા પુષ્પ ઉપયોગી અને પિતૃ કે દેવતાઓના તર્પણમાં ઉપયોગી વૃક્ષોનું વાવેતર કરાવવું.[૩૯] જે પુરુષ એક પીપળો, એક લીંબડો, એક વડલો, દશ આંબલી, ત્રણ કોઠનાં વૃક્ષો ત્રણ બીલીપત્રનાં, ત્રણ આંબળાનાં વૃક્ષો અને નવ આંબાનાં વૃક્ષનું રોપણ કરે છે, તે પુરુષ નરકને ક્યારેય પામતો નથી.[૪૦] હે વિપ્ર ! આ લોકમાં જે ગૃહસ્થ પુરુષો વિષ્ણુભગવાનને રાજી કરવા માટે આ

उद्दिश्य विष्णुं पुरुषोऽत्र कुर्यात् पूर्तं यदित्थं सुकृतं तु भक्त्या ।
अनन्ततामेति तदेव सर्वं कुर्यात्ततो भक्तिसमेतमेतत् ॥४१॥
प्रत्यहं प्रतिमासं वा प्रत्यब्दं वा विधानतः । गृहस्थैश्च ग्रहाः पूज्या राजभिस्तु विशेषतः ॥४२॥
दुःस्थितो यस्तु यस्य स्यात्पूज्यस्तस्य स यत्नतः । तुष्टो ग्रहः सुखं दत्ते रुष्टः पीडयति ध्रुवम् ॥४३॥
रविणा सप्तमस्थेन रावणो विनिपातितः । अष्टमेन शशाङ्केन हिरण्यकशिपुर्हतः ॥४४॥
अङ्गारकनिरोधेन नमुचिश्च हतो रणे । पाण्डवा द्यूतकरणे बुधेनापि नियोजिताः ॥४५॥
गुरुणा जन्मसंस्थेन हतो राजा सुयोधनः । षष्ठेनोशनसा युद्धे हिरण्याक्षो निपातितः ॥४६॥
शनैश्चरेण सौदासो नरमांसे नियोजितः । राहुणा पीडितो राजा नलो भ्रान्तो महीतले ॥४७॥
केतुना पीडितश्चाभूद्राजा सङ्ग्राममजित्तथा । एवं बहुविधा भूपा ग्रहदोषैर्हि पीडिताः ॥४८॥

---

કહ્યું તે પ્રમાણે પૂર્તકર્મરૂપ પુણ્યકર્મ કરે છે, તેને ભગવાનની ભક્તિનો સંબંધ હોવાથી અનંત ફળ પ્રાપ્ત થાય છે. માટે કોઈ પણ પૂર્તકર્મરૂપ સુકૃત શ્રીવાસુદેવ ભગવાનની ભક્તિ યુક્ત જ કરવું.[૪૧]

**નવગ્રહ પૂજનનો મહિમા :–** હે વિપ્ર ! ગૃહસ્થજનોએ નિરંતર અથવા પ્રતિમાસ, અથવા પ્રતિવર્ષ વિધિથી સૂર્યાદિ ગ્રહોનું પૂજન કરવું, તેમાં રાજાઓએ વિશેષપણે પૂજન કરવું.[૪૨] તેમાં પણ જે ગૃહસ્થને જે ગ્રહ દુષ્ટ ભવનમાં રહ્યો હોય તે ગ્રહનું તો વિશેષપણે પૂજન કરવું, પ્રસન્ન થયેલો ગ્રહ સુખ આપે છે, અને કોપાયમાન થયેલો ગ્રહ પીડા આપે છે, તે નક્કી છે.[૪૩] જો સૂર્ય જન્મરાશિના સપ્તમસ્થાને રહે તો તે અતિક્રૂર છે, કારણ કે એ રીતના સૂર્યે રાવણનો વિનાશ કર્યો હતો. તે જ રીતે અષ્ટમસ્થાને રહેલા ચંદ્રે હિરણ્યકશિપુનો વિનાશ કર્યો હતો.[૪૪] અષ્ટમભાવમાં ગયેલા મંગળ ગ્રહે નમુચિ નામના અસુરને રણમાં ઈન્દ્રદ્વારા રગદોળ્યો હતો. તનુભાવમાં ગયેલા બુધે પાંડવોને પણ જુગાર રમવા પ્રેર્યા હતા.[૪૫] જન્મસ્થ ઉદયભાવમાં રહેલા ગુરુગ્રહે દુર્યોધન રાજાનો વિનાશ કર્યો હતો. છઠ્ઠા શત્રુભાવમાં રહેલા શુક્રે હિરણ્યાક્ષને યુદ્ધમાં જોડી પતન કરાવ્યું હતું.[૪૬] આદ્યભાવમાં રહેલા શનિગ્રહે સૌદાસ નામના રાજાને રાક્ષસભાવ પ્રગટાવી મનુષ્યનું માંસ ખાવામાં પ્રવૃત્ત કર્યો હતો. તેમજ આદ્યભાવમાં રહેલા રાહુએ નિષધના અધિપતિ નળરાજાને પીડા પમાડી આખી પૃથ્વી પર ભટકાવ્યો હતો.[૪૭] વળી મૂર્તિ ભવનમાં રહેલા નવમા કેતુગ્રહે સંગ્રામજીત રાજાને નળરાજાની જેમ જ પીડા આપી હતી, આ પ્રમાણે અનેક રાજાઓ અનેક પ્રકારે ગ્રહદોષથી પીડા પામ્યા છે.[૪૮]

ज्योतिर्विदो विदित्वैव दुष्टस्थानस्थितान् ग्रहान् । शान्तिस्तेषां प्रकर्तव्या दानं दत्वा यथाविधि ।४९
माणिक्यं तरणेस्तु दानमुदितं मुक्ताफलं शीतगोर्माहियस्य च विद्रुमं मरकतं सौम्यस्य गारुत्मतम् ।
देवेज्यस्य च पुष्परागमसुरामात्यस्य वज्रं शनेर्नीलं निर्मलमन्ययोस्तु गदिते गोमेदवैदूर्यके ॥५०॥
धेनुः शङ्खोऽरुणरुचिवृषः काञ्चनं पीतवस्त्रं श्वेतश्चाश्वः सुरभिरसिता कृष्णलोहं च लोहम् ।
सूर्यादीनां मुनिभिरुदुता दक्षिणास्तु ग्रहाणां स्नानैर्दानैर्हवनबलिभिस्ते ग्रहाः स्युः प्रसन्नाः ॥५१॥
देवब्राह्मणवन्दनाद्गुरुवचःसम्पादनात्प्रत्यहं साधूनामपिसेवनात्प्रतिदुनं सच्छास्त्रसंशीलनात् ।
होमादध्वरदर्शनाच्छुचिमनोभावाज्जपाद्दानतो नो कुर्वन्ति कदाचिदेव पुरुषस्यैते ग्रहाः पीडनम् ५२
यतीनां च वनस्थानां वर्णिनां रङ्कदेहिनाम् । साधूनां याचकानां च पोषणं गृहिणां हितम् ॥५३॥

---

**દાનથી ગ્રહોની પીડાનું નિવારણ :–** હે વિપ્ર ! જ્યોતિષશાસ્ત્રના જ્ઞાતા પાસેથી પોતાના દુષ્ટ સ્થાને રહેલા ગ્રહોને જાણીને વિધિપૂર્વક દાન આપી તેમના દોષના નિવારણને અર્થે શાન્તિકર્મ કરાવવું.[૪૯] સૂર્યને માણિક્યનું દાન કરવાનું કહેલું છે. ચંદ્રને મુક્તાફળનું, મંગળને વિદ્રુમનું દાન, બુધને મરકતમણિનું દાન, ગુરુગ્રહને ગારુત્મતનું દાન કરવાનું કહેલું છે. શુક્રને પુષ્પરાગમણિનું દાન, શનિને નિર્મળ નીલમણિનું દાન, રાહુને ગોમેદ અને કેતુને વૈદૂર્યમણિનું દાન આપવાનું કહેલું છે.[૫૦] હે વિપ્ર ! ઋષિમુનિઓએ સૂર્યાદિ નવગ્રહોના ક્રમ પ્રમાણે ધેનુ, શંખ, લાલવર્ણનો બળદ, સુવર્ણ, પીળુંવસ્ત્ર, શ્વેત અશ્વ, કાળીગાય, કૃષ્ણલોહ અને લોહની દક્ષિણા કહી છે. અર્થાત્ સૂર્યની શાંતિના કર્મમાં ગાયની દક્ષિણા આપવી. ચંદ્રને શંખ, મંગળને લાલવર્ણનો બળદ, બુધને સુવર્ણ, ગુરુને પીળુંવસ્ત્ર, શુક્રને શ્વેત અશ્વ, શનિને કાળીગાય, રાહુને કાળું લોખંડ અને કેતુને લોખંડ વિધિપૂર્વક અર્પણ કરવું. આ રીતે સ્નાન, દાન, હવન અને બલિથી નવે ગ્રહો પ્રસન્ન થાય છે. જોકે દુષ્ટ સ્થાને રહેલા આ નવ ગ્રહો સર્વ પ્રાણીને પીડે છે.[૫૧] છતાં પણ જે સદાય દેવ, બ્રાહ્મણને વંદન કરે છે, ગુરુના વચનનું પાલન કરે છે, પ્રતિદિન સંતોની સેવા કે સત્શાસ્ત્રોનું વાંચન કે હોમકર્મ, કરે છે, વૈષ્ણવાદિ-મહાયજ્ઞોનું દર્શન કરે છે, મનમાં શુભ સંકલ્પો કરે છે, ભગવાન શ્રીહરિના નામમંત્રોનો જપ કરે છે, દાન આપે છે, તેવા પુરુષોને આ ગ્રહો ક્યારેય પીડા આપી શકતા નથી.[૫૨]

હે વિપ્ર ! સંન્યાસી, વાનપ્રસ્થ, બ્રહ્મચારી, દીનજન, સાધુ, અને યાચકનું યથાશક્તિ અન્નાદિકથી પોષણ કરવું, તે જ ગૃહસ્થોને માટે અત્યંત હિતકારી છે. તેથી તેનું આચરણ અવશ્ય કરવું.[૫૩] હે વિપ્ર ! પુરાણોમાં ઋષિમુનિઓએ

अनेनैव पुराणेषु हेतुना हि गृहाश्रमः इतराश्रमतः श्रेष्ठः कीर्तितो मुनिभिर्द्विज ! ॥५४॥
अतिथौ स्वगृहं प्राप्ते समुत्थायादरेणतम् । नमस्कृत्यासनं दत्त्वा पूजयेच्च यथोचितम् ॥५५॥
वाक्यैः सुमधुरैः पृष्ट्वा स्वागताद्यथ भोजयेत् । तस्मिंस्तुष्टे विजानीयात्तुष्टं त्रैलोक्यमित्यसौ ॥५६॥
यद्येवं गृहिणा न स्यात्किमर्थं क्लिश्यते तदा । गृहान्धकूपे विषमे पतित्वा तेन भूतले ॥५७॥
पशुपक्षिमृगादयोऽपि जीवा बहवः सन्त्युदरम्भरा हि लोके ।
यदि तादृशवृत्तिमान् गृही स्याद्द्विज ! तत्पंक्तिगतस्तदा न किं सः ॥५८॥

**इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे गृहस्थधर्मेषु पूर्तकर्मादिविधिनिरूपणनामा द्वादशोऽध्यायः ॥१२॥**

---

**ગૃહસ્થાશ્રમને ઈતર આશ્રમ કરતાં એટલા માટે જ શ્રેષ્ઠ કહ્યો છે.[૫૪] અતિથિ પોતાના ઘરનાં આંગણે આવે તો આદરપૂર્વક ઊભા થઈ, તેમની સન્મુખ જઈ, નમસ્કાર કરી, આસન આપવું, ને યથાયોગ્ય તેમની પૂજા કરવી.[૫૫] સુમધુર વચનોથી સ્વાગતાદિ પ્રશ્નો કરી, અતિથિને શક્તિ પ્રમાણે જમાડવો. જો અતિથિ પ્રસન્ન થાય તો એ ગૃહસ્થ ત્રિલોકી પ્રસન્ન થઈ એમ જાણે.[૫૬] જો આ રીતે અતિથિનું પૂજનાદિ ન કરે તો તે ગૃહસ્થ આ પૃથ્વીપર વિષમ ઘરરૂપી અંધારા કૂવામાં પડી, શા માટે પીડા અનુભવે ?[૫૭] માટે હે વિપ્ર ! અતિથિઓનો સત્કાર ગૃહસ્થોનો મુખ્ય ધર્મ છે. બાકી આલોકમાં પશુ, પક્ષી, મૃગલાં વિગેરે અનેક જીવો માત્ર પોતાનું પેટ ભરનારા છે. જો ગૃહસ્થ પુરુષ પણ તેઓની સમાન માત્ર પેટભરો થાય તો તેને પશુ-પક્ષીની સમાન જાણવો.[૫૮]**

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ભગવાન શ્રીહરિએ ગૃહસ્થના ધર્મોમાં પૂર્તકર્મો આદિક વિધિઓનું નિરૂપણ કર્યું, એ નામે બારમો અધ્યાય પૂર્ણ થયો. --૧૨--***

### त्रयोदशोऽध्यायः - १३

श्रीनारायणमुनिरुवाच :-

ब्राह्मणस्य गृहस्थस्य विशेषं कथयाम्यथ । सदा शुचिश्चरेद्विप्रः षट्कर्मनिरतः सदा ॥१॥
शान्तो दान्तस्तितिक्षुश्च नित्यं वेदार्थचिन्तकः । स्वधर्मं न त्यजेत्क्वापि दुसङ्गं न समाचरेत् ॥२॥
शुक्लाम्बरधरो नीचकेशश्मश्रुस्तपः प्रियः । नातिसूक्ष्मपटो नित्यमनालस्योऽल्पनिद्रकः ॥३॥
स्नानसन्ध्यापरो नित्यं ब्रह्मयज्ञपरायणः । सावित्रीजाप्यनिरतः श्राद्धकृन्मुच्यते गृही ॥४॥
विभागशिलः सततं क्षमायुक्तो दयालयः । गृहस्थस्तु समाख्यातो न गृहेण गृही भवेत् ॥५॥
अहुतं च हुतं चैव प्रहुतं प्रशितं तथा । ब्राह्मं हुतं पञ्चमं च नित्यं यज्ञानिमांश्चरेत् ॥६॥
जपोऽहुतो हुतो होमः प्रहुतो भौतिको बलिः । प्राशितं पितृसन्तृप्तिर्हुतं ब्रह्मं द्विजार्चनम् ॥७॥

## અધ્યાય - ૧૩

## ભગવાન શ્રીહરિએ કહેલા ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણના વિશેષ ધર્મ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! હવે ગૃહસ્થ બ્રાહ્મણના વિશેષ ધર્મ કહું છું. બ્રાહ્મણોએ નિરંતર સ્નાનાદિ ષટ્કર્મ પરાયણ થવું, બહાર અને અંદર પવિત્રપણે રહી લોકમાં વિચરણ કરવું, સુખ-દુઃખાદિ દ્વન્દ્વને સહન કરનાર અને નિરંતર વેદાર્થનું ચિંતવન કરનાર બ્રાહ્મણે ક્યારેય પણ પોતાના ધર્મનો ત્યાગ કરવો નહિ, તેમજ દુષ્ટ જનોનો પ્રસંગ પણ કરવો નહિ.[૧-૨] શ્વેત વસ્ત્ર ધારી, દાઢી મૂંછ મુંડાવેલા, તપ કરવામાં પ્રીતિવાળા, અતિ ઝીણાવસ્ત્રો ધારણ નહિ કરનારા, હમેશાં આળસ છોડીને જ વર્તનારા, યથાયોગ્ય થોડી નિદ્રા કરનારા, નિરંતર સ્નાન, સન્ધ્યા પરાયણ વર્તનારા, બ્રહ્મયજ્ઞાદિ ગાયત્રીમંત્રના જપમાં પ્રીતિવાળા અને સમયે સમયે શ્રાદ્ધકર્મ કરનારા બ્રાહ્મણો જ દેવાદિકના ઋણમાંથી મુક્ત થાય છે.[૩-૪] નિરંતર અતિથિઓને માટે અન્નનો વિભાગ કરનાર, પરના અપરાધને ક્ષમા આપનાર અને દયાળુ બ્રાહ્મણ જ ઉપરોક્ત ગુણોથી યુક્ત હોય ત્યારે તેમને ગૃહસ્થ કહેવાય છે. પરંતુ કેવળ સ્ત્રીને પરણવા માત્રથી તે ગૃહસ્થ કહેવાતો નથી.[૫]

હે વિપ્ર ! અહુત-જપયજ્ઞ, હુત-દેવયજ્ઞ, પ્રહુત-ભૂતયજ્ઞ, પ્રાશિત-પિતૃયજ્ઞ અને બ્રાહ્મહુત-મનુષ્યયજ્ઞ, આ પાંચ મહાયજ્ઞો કરતો ગૃહસ્થ બ્રાહ્મણ પંચમહાપાપથી ક્યારેય પીડાતો નથી, અને આ પંચયજ્ઞ નહિ કરવાથી પંચ

पञ्चयज्ञानिमान्कुर्वन्ब्राह्मणो नावसीदति । एतेषामननुष्ठानात्पञ्चसूना अवाप्नुयात् ॥८॥
आत्मार्थं भोजनं यस्य रत्यर्थं यस्य मैथुनम् । वृत्त्यर्थं यस्य चाधीतं निष्फलं तस्य जीवितम् ॥९॥
न शब्दशास्त्राभिरतस्य मोक्षो न चैव रम्यावसथप्रियस्य ।
न भोजनाच्छादनतत्परस्य न लोकचित्तग्रहणे रतस्य ॥१०॥
एकान्तशीलस्य सदैव तस्य सर्वेन्द्रियप्रीतिनिवर्तकस्य ।
स्वाध्याययोगे गतमानसस्य मोक्षो ध्रुवं नित्यमहिंसकस्य ॥११॥
तस्मान्नित्यं व्रतस्थः स्यादग्निसेवापरायणः । तत्परश्च तपस्यायां ब्राह्मणो विजितेन्द्रियः ॥१२॥
न धर्मस्यापदेशेन पापं कृत्वा व्रतं चरेत् । प्रेत्येह चेदृशो विप्रो गर्ह्यते ब्रह्मवादिभिः ॥१३॥
पाषण्डिनो विकर्मस्थान्वामाचारान्सुरद्रुहः । वेदनिन्दारतान्मर्त्यान्दूरतः परिवर्जयेत् ॥१४॥

---

**મહાપાપનો ભાગીદાર થાય છે.[૬-૮] જે વિપ્રનું ભોજન કેવળ સ્વાર્થ માટે જ હોય, સ્ત્રીસંભોગ માત્ર કામક્રીડા માટે જ હોય, અને જેનું વેદાધ્યયન કેવળ આજીવિકા માટે જ હોય, તેનું જીવન નિષ્ફળ કહ્યું છે.[૯] હે વિપ્ર ! જે બ્રાહ્મણ કેવળ વ્યાકરણાદિ શબ્દશાસ્ત્ર ભણવામાં આસક્ત હોય તેનો મોક્ષ થતો નથી. રમણીય મહેલોમાં નિવાસ કરવામાં આસક્ત હોય, પ્રતિદિન અનેક પ્રકારના રસયુક્ત ભોજનો જમવામાં આસક્ત હોય, કોમળ ઝીણાં વસ્ત્રો પરિધાન કરવામાં આસક્ત હોય, તેમજ ગાયન આદિકથી લોકરંજન કરવામાં આસક્ત હોય, તેનો મોક્ષ થતો નથી.[૧૦] પરંતુ જે વિપ્રને એકાંત પ્રિય હોય, ઈન્દ્રિયોના દેવતાએ સહિત ઈન્દ્રિયોને રાજી કરવામાં નિવૃત્ત હોય, શ્રીમદ્ભાગવતાદિ શાસ્ત્રોનું અધ્યયન અને ભગવાનના ધ્યાનયોગમાં સદાય આસક્ત ચિત્તવાળો હોય, હમેશાં કાયા, મન, વાણીથી, અહિંસા પરાયણ રહેતો હોય, તેવા વિપ્રનો નિશ્ચે મોક્ષ થાય છે.[૧૧]**

**હે વિપ્ર ! એટલા જ માટે બ્રાહ્મણે હમેશાં વ્રત અને અગ્નિસેવા પરાયણ થઈ તપશ્ચર્યામાં તત્પર રહેવું ને ઈન્દ્રિયોને વશ કરવી, પરસ્ત્રીસંગ, ચોરી આદિક પાપકર્મ બુદ્ધિપૂર્વક ગુપ્તપણે કરી પછી ધાર્મિકપણાના બહાના હેઠળ ચાંદ્રાયણાદિ વ્રતોનું અનુષ્ઠાન ન કરવું, કારણ કે બ્રાહ્મવાદિ વિપ્રોએ આવા વિપ્રની આલોક તથા પરલોકમાં નિંદા કરેલી છે. કારણ કે પાપ ગુપ્તપણે કર્યું હોય અને લોકોને પોતે ધાર્મિક છે, તેથી વ્રતોનું આચરણ કરે છે, એવું દેખાડીને છેતર્યા હોય છે.[૧૨-૧૩] વળી ગૃહસ્થ વિપ્રે પાખંડી, કુકર્મમાં નિષ્ઠાવાન વામાચારી, દેવતાઓનો દ્રોહ કરનાર, અને વેદની નિંદા કરવામાં તત્પર મનુષ્યોને દૂરથી જ ત્યાગ કરી દેવા.[૧૪]**

अनृतात्पारदार्याच्च तथाऽभक्ष्यस्य भक्षणात् । श्रौतधर्मपरित्यागात्कुलं विप्रस्य नश्यति ॥१५॥
कुविवाहैः क्रियालोपैर्वेदानध्ययनेन च । कुलान्यकुलतां यान्ति ब्राह्मणातिक्रमेण च ॥१६॥
परनिन्दां न कुर्वीत नात्मश्लाघापरो भवेत् । अपापं पापिनं नैव प्राणान्तेऽपि प्रकीर्तयेत् ॥१७॥
स्नात्वा पुण्ड्रं मृदा कुर्याद्धुत्वा वह्निं तु भस्मना । देवानभ्यर्च्य गन्धेन जलेनैव जले स्थितः ॥१८॥
स्नानं सन्ध्या तर्पणादि जपहोमसुरार्चनम् । भोजनात्प्राक् प्रकर्तव्यं सायंसन्ध्याहुतीर्विना ॥१९॥
ब्राह्मणस्य हि देहोऽयं क्षुद्रकामाय नेष्यते । कृच्छ्राय तपसे चेह प्रेत्यानन्तसुखाय च ॥२०॥
ज्याकर्षणं शत्रुनिबर्हणं च कृषिर्वणिज्या पशुपालनं च ।
शुश्रूषणं चापि तथाऽर्थहेतोरकार्यमेतत्परमं द्विजस्य ॥२१॥

---

**બ્રાહ્મણત્વના વિનાશનાં કારણો :–** હે વિપ્ર ! અસત્ય બોલવાથી, પરદારાના સંગથી, મદ્ય, માંસ, ડુંગળી, લસણ આદિ અભક્ષ્ય વસ્તુના ભક્ષણથી, તથા અગ્નિહોત્રાદિ શ્રૌતધર્મના આચરણને છોડી દેવાથી બ્રાહ્મણનું કુળ નાશ પામે છે.[૧૫] દુષ્કુળમાં જન્મેલી કન્યા સાથે લગ્ન કરવાથી પોતાના આશ્રમને ઉચિત ધર્મક્રિયાનો ત્યાગ કરવાથી, વેદનું અધ્યયન ન કરવાથી, વિના કારણ બ્રાહ્મણનો અપરાધ કરવાથી સત્કુળો પણ અસત્કુળમાં પરિણમે છે.[૧૬] હે વિપ્ર ! સજ્જને પરની નિંદા ક્યારેય ન કરવી, આત્મશ્લાઘા પણ ન કરવી, પોતાને મરી જવાનો અવસર ઊભો થઈ જાય છતાં પણ અપાપીને ક્યારેય પણ પાપી ન કહેવો.[૧૭]

**બ્રાહ્મણના શરીરનું ખરું પ્રયોજન :–** બ્રાહ્મણે તીર્થમાં સ્નાન કરી માટીથી પુંડ્ર કરવું, અગ્નિમાં હોમ કરી ભસ્મથી પુંડ્ર કરવું, દેવતાઓની પૂજા કરી ચંદનથી પુંડ્ર કરવું, અર્ઘ્ય આપવાના સમયે જળમાં ઊભા રહી જળથી પુંડ્ર કરવું.[૧૮] સ્નાન, સંધ્યા, તર્પણ, સ્વાધ્યાય, અતિથિનું પૂજન, જપ, હોમ અને દેવતાઓનું પૂજન આ સર્વે ભોજન પહેલાં કરી લેવું, પરંતુ સાયં સંધ્યા અને આહુતિ તો બપોર પછીના ભોજન પછીથી જ સાંજે થઈ શકે છે.[૧૯] આ બ્રાહ્મણનો દેહ તુચ્છ માયિક પંચ વિષયોના ભોગ માટે નથી. પરંતુ આ લોકમાં ચાંદ્રાયણાદિ કુચ્છ્રતપોનું આચરણ કરવા માટે અને અનેક પ્રકારનાં તપોનું અનુષ્ઠાન કરવા માટે છે. તેમજ મૃત્યુ પછી મોક્ષ થાય અને અનંત સુખ પ્રાપ્ત થાય તેવું આચરણ કરવા માટે છે.[૨૦] હે વિપ્ર ! ક્ષત્રિય ધર્મનો આશ્રય કરી ધનુષની દોરી ખેંચવી, શસ્ત્રાદિકથી શત્રુને મારી નાખવા, આપત્કાળ પડ્યા વિના પણ કૃષિકર્મ, વાણિજ્ય અને પશુપાલનનું કર્મ કરવું, તથા દ્રવ્યનું ઉપાર્જન કરવા નીચજનોની સેવા કરવી, આ સર્વે બ્રાહ્મણોને

न राज्ञः प्रतिगृह्णीयाद्वर्तमानादसत्पथे । स्वधर्मनिष्ठात्तस्मात्तु प्रतिगृह्णन्न दोषभाक् ॥२२॥
भोज्यशुद्धौ सत्त्वशुद्धिः स्याद्ध्रुवानुस्मृतिस्ततः । ततश्च सर्वग्रन्थीनां विप्रमोक्षो हि जायते ॥२३॥
नाद्याच्छूद्रस्य विप्रोऽन्नं नटनर्तकयोरतः । गणान्नं गणिकान्नं च हीनजातेश्च सर्वतः ॥२४॥
अतिथीनां च सर्वेषां प्रेष्याणां स्वजनस्य च । सामान्यं भोजनं नित्यं गृहस्थस्य प्रशस्यते ॥२५॥
आर्धिकः कुलमित्रं च स्वगोपालश्च नापितः । एते शूद्रेषु भोज्यान्ना यश्चात्मानं निवेदयेत् ॥२६॥
भूमौ बलीनुपाहृत्य कृत्वा चापोशनं ततः । प्राणाग्निहोत्रपूर्वं तु वाग्यतो भोजनं चरेत् ॥२७॥
स्नास्यतो वरुणः शक्तिं जुह्वतोऽग्निर्हरेच्छ्रियम् । भुञ्जानस्यान्तकश्चायुस्तस्मान्मौनं त्रिषु स्मृतम् २८

અતિશય અયોગ્ય છે.[૨૧] તેવીજ રીતે અધર્મના માર્ગે ચાલતા રાજા પાસેથી દાન પણ ન લેવું, પરંતુ સ્વધર્મનિષ્ઠ રાજા પાસેથી જ દાનાદિનો સ્વીકાર કરવો, તે દોષ આપનારૂં થતું નથી.[૨૨] જો ભોજન શુદ્ધ હોય તો અંતઃકરણ શુદ્ધ થાય છે. અને તેથી જ પોતે જોયેલા અથવા સાંભળેલા પરમાત્માની અખંડ સ્મૃતિ રહે છે. તેથી અહંતા અને મમતાની સર્વે ગ્રંથિઓ છૂટી જાય છે એ ચોક્કસ છે.[૨૩] તેથી બ્રાહ્મણે શૂદ્ર, નટ અને નર્તકીનું અન્ન સ્વીકારવું નહિ, ગણ, ગંધર્વ, ગણિકા આદિ સર્વે હીનજાતિના જનોનું અન્ન ભક્ષણ કરવું નહિ.[૨૪] ગૃહસ્થે પોતાને નિત્યે કરવાનું ભોજન, અતિથિઓનું ભોજન, સર્વે સેવકવર્ગનું ભોજન અને પોતાના પુત્રાદિ પરિવારનું કે સંબંધીજનોનું ભોજન એક સરખું રાખવું તે યોગ્ય છે.[૨૫] તેમાં ન્યૂનાધિક ભાવ કરીને પંક્તિભેદ કરવો નહિ. પોતાના ખેતરમાં ખેતીકરનારનું અન્ન, કુળ પરંપરાગત મિત્રનું અન્ન, પોતાની ગાયોનું રક્ષણ કરનારનું અન્ન અને વાણંદનું અન્ન, આ ચારે શૂદ્રોએ આપેલું અન્ન બ્રાહ્મણે સ્વીકારવા યોગ્ય કહેલું છે. નિષેધમાં આ ચારનો અપવાદ છે. તેમજ પોતાને દાસભાવે સમર્પણ કરનાર શૂદ્રના અન્નને પણ સ્વીકારવું. આ બધા પાસેથી કાચું અન્ન સ્વીકારવું, આટલો વિવેક છે.[૨૬]

હે વિપ્ર ! ભોજન કરવા સમયે પૃથ્વીપર ''ભૂપતયે નમઃ'' એ મંત્રથી બલિ અર્પણ કરી, પછી ''અમૃતોપસ્તરણમસિ સ્વાહા'' આ મંત્રથી અપોશણ વિધિ કરી, ''પ્રાણાયસ્વાહા'' એ મંત્રથી પ્રાણરૂપી અગ્નિમાં આહુતિ આપવા પૂર્વક મૌન રહીને ભોજન કરવું.[૨૭] મૌન છોડીને સ્નાન કરનાર વિપ્રના શરીરનું બળ વરુણદેવ હરી જાય છે. મૌન છોડીને હોમ કરનાર વિપ્રની ધન, શોભાદિ સંપત્તિને અગ્નિદેવ હરી જાય છે. અને મૌન છોડીને ભોજન કરનાર વિપ્રના આયુષ્યને મૃત્યુદેવ હરી જાય છે. તેથી આ ત્રણેમાં મૌનવ્રત રાખવું અતિ જરૂરી છે. મૌનનો

अन्नं मध्ये प्रतिष्ठाप्यं दक्षिणे घृतपायसम् । शाकादि पुरतः स्थाप्यं भोज्यं च वामतः ॥२९॥
एकपंक्तुपविष्टेषु यद्येकोऽप्यघवान्भवेत् । सर्वेषां तदघं तुल्यं पंक्तिभेदो न चेत्कृतः ॥३०॥
अग्निना भस्मना चैव स्तम्भेन सलिलेन च । द्वारेण चापि मार्गेण षड्भिः पङ्क्तिर्विभिद्यते ॥३१॥
पितृदेवमनुष्येभ्यो दत्त्वाऽश्नत्यमृतं गृही । स्वार्थं पचन्नघं भुङ्क्ते केवलं स्वोदरम्भरः ॥३२॥
इतस्ततश्च यज्ञार्थं नैव याचेत वाडवः । याचितं चेत्सर्वमेव देयं तद्यज्ञकर्मणि ॥३३॥
प्रतिग्रहे सूनिचक्रिध्वजिवेश्यानराधिपाः । दुष्टा दशगुणं पूर्वात्पूर्वादेते यथाक्रमम् ॥३४॥
अजिनं मृतशय्यां च मेषीं चोभयतोमुखीम् । कुरुक्षेत्रे च गृह्णानो न भूयः पुरुषो भवेत् ॥३५॥

---

**અર્થ ભગવદ્નામ સિવાયનું બોલવું નહિ, ભગવાનનું નામ ઉચ્ચારણ તો આ ત્રણે કર્મનો મહાગુણ કહેલો છે.[૨૮] ભોજન કરતી વખતે ભાતરૂપી અન્નને થાળીના મધ્યભાગમાં રાખવું, ને તેમની જમણી બાજુએ ઘીમિશ્રિત ખીરની સ્થાપના કરવી, તેમના આગળના ભાગમાં શાકાદિક અને બહુ ઘી સાકરના લાડુ આદિક મિષ્ટાન્નને અને વડાં, ભજીયાં આદિકને તે ભાતની ડાબી બાજુએ રાખવાં.[૨૯] હે વિપ્ર ! એક પંક્તિમાં જમવા બેઠા હોઈએ ત્યારે કોઈ પાપી જમવા આવે તો તેમને જુદી પંક્તિમાં બેસાડવો. જો તે સમયે પંક્તિભેદ કરવામાં ન આવે તો તે પાપીનું પાપ સાથે જમવા બેઠેલા સર્વેને એક સરખું લાગે છે, તેથી પંક્તિભેદ કરવો.[૩૦] અગ્નિ, ભસ્મ, સ્તંભ, પાણીની રેખા, દ્વાર અને માર્ગ, આમ છ વસ્તુમાં વ્યવધાનથી જુદી પંક્તિ થયેલી ગણાય છે.[૩૧] ગૃહસ્થ વિપ્રે પિતૃદેવને તથા અતિથિને અન્નનું પ્રદાન કરી અમૃતતુલ્ય એ અન્ન જમવું, પોતાના સ્વાર્થમાટે રાંધનારો કેવળ ઉદરભરનારો કહેલો છે. તેથી તે પાપને ખાય છે.[૩૨] જ્યાં ત્યાંથી બ્રાહ્મણે યજ્ઞને માટે પણ યાચના ન કરવી. જો યાચના કરે તો તેમાં પ્રાપ્ત થયેલું સમસ્ત દ્રવ્ય યજ્ઞના કર્મમાં જ આપી દેવું પણ પોતાના સ્વાર્થ માટે જરા પણ રાખવું નહિ.[૩૩]**

**દાન સ્વીકારવામાં પણ બ્રાહ્મણોએ રાખવાની સાવધાની :–** હે વિપ્ર ! પ્રતિગ્રહ કરવામાં, પ્રાણીઓની હિંસા કરનારા સૂની, ઘાણીમાં તેલ કાઢનારો ચક્રી, દારુ વેચનારો, શરીર વેચનારી વેશ્યા અને અધાર્મિક રાજા, આ પાંચનો ત્યાગ કરવો, તેઓની પાસેથી દાન લેવું નહિ, કારણ કે તેઓ ક્રમશ ઉત્તરોત્તર દશ ગણા દુષ્ટ કહેલા છે.[૩૪] તેમજ મૃગચર્મ, મૃત્યુ પામેલાને અર્થે આપેલી શય્યા, બકરી અને ઉભયમુખી ગાય, અર્થાત્ જન્મતા વત્સના બે પગ અને મુખ યોનિમાં દેખાય તેવી ગાય, આટલા પદાર્થોનું કુરુક્ષેત્રમાં જો દાન ગ્રહણ કરે તો તે

लोहं तिलाश्च महिषी तैलं लवणमेव च । तिलधेनुर्मणिश्चेति घोराः सप्त प्रतिग्रहाः ॥३६॥
प्रवाहमवधिं कृत्वा नद्या हस्तचतुष्टयम् । न तत्र प्रतिगृह्णीयात्प्राणैः कण्ठगतैरपि ॥३७॥
कृष्णाजिनप्रतिग्राही हयानां क्रयविक्रयी । नवश्राद्धस्य भोक्ता च न भूयः पुरुषो भवेत् ॥३८॥
अहर्निशं श्रुतेर्जाप्याच्छौचाचारनिषेवणात् । अद्रोहवृत्त्या बुद्ध्या च पूर्वजन्म स्मरेद्द्विजः ॥३९॥
यथा दारुमयो हस्ती यथा कृत्तिमयो मृगः । तथा विप्रोऽनधीयानस्त्रयोऽमी नामधारिणः ॥४०॥
न विद्या न तपो यस्य समादत्ते प्रतिग्रहम् । अधोगतिमवाप्नोति दात्रा सह स तु द्विजः ॥४१॥
अपूपं च हिरण्यं च गामश्वं पृथिवीं तिलान् । अविद्वान्प्रतिगृह्णानो भस्मीभवति काष्ठवत् ॥४२॥
शक्तः प्रतिग्रहीतुं यो वेदवृत्तो जितेन्द्रियः । दीयमानं न गृह्णाति स्वर्गस्तस्य न दुर्लभः ॥४३॥

---

**વિપ્ર ક્યારેય મનુષ્ય જન્મને પામતો નથી. પરંતુ પશુ પક્ષીના જન્મને પામે છે.[૩૫] કાળુ લોખંડ, કાળા કે ધોળા તલ, ભેંસ, તેલ, નમક, તિલધેનુ અને મણિ, આ સાતનું દાન સ્વીકારવું તે અતિશય ભયાનક છે.[૩૬] નદીના પ્રવાહને અવધિ કરીને ચાર હાથના અંતરાય પ્રદેશમાં પ્રાણ જવાનો પ્રસંગ આવે છતાં પણ પ્રતિગ્રહ ન કરવો.[૩૭]**

**હે વિપ્ર ! જે બ્રાહ્મણ કાળિયાર મૃગનાં ચર્મનો પ્રતિગ્રહ કરે છે. ઘોડા ખરીદવા કે વેચવાનો ધંધો કરે છે અને પ્રેત શ્રાદ્ધમાં ભોજન કરે છે, તે બ્રાહ્મણ ફરીને મનુષ્ય થતો નથી.[૩૮] રાત્રી દિવસ વેદનો પાઠ કરવાથી, બહાર અંદર સદાચાર યુક્ત વર્તન કરવાથી, કોઈ પણ જીવનો દ્રોહ ન થાય તેવું વર્તન રાખવાથી અને શાસ્ત્રનિષ્ઠ બુદ્ધિથી બ્રાહ્મણે પૂર્વજન્મના પુણ્યનું સ્મરણ કરવું કે જેનાથી આ જન્મમાં મને આવા ગુણો પ્રાપ્ત થયા છે, તેથી મારો પૂર્વજન્મ જરૂર સારો જ હશે, આવો વિચાર રાખવાથી ખોટો પ્રતિગ્રહ ન થાય.[૩૯] જે રીતે કાષ્ઠમાંથી તૈયાર કરેલો હાથી, તથા ચર્મમય મૃગલું હોય છે, તેજ રીતે અંગે સહિત વેદનો અભ્યાસ કર્યા વિનાનો બ્રાહ્મણ કાષ્ઠના હાથી કે ચર્મના મૃગ જેવો કહેવા માત્રનો બ્રાહ્મણ છે.[૪૦] જે બ્રાહ્મણ વિદ્યાવાન કે તપસ્વી ન હોય અને દાનનો સ્વીકાર કરે છે, તો તે દાતાએ સહિત અધોગતિને પામે છે.[૪૧] હે વિપ્ર ! જે અવિદ્વાન બ્રાહ્મણ માલપૂવા, સુવર્ણ, ગાય, અશ્વ, પૃથ્વી અને તલનું દાન સ્વીકારે છે, તે બળતા કાષ્ઠની જેમ ભસ્મીભૂત થાય છે.[૪૨] વેદાધ્યયન અને સદાચાર પરાયણ તથા જીતેન્દ્રિય એવો બ્રાહ્મણ પ્રતિગ્રહ કરવા સમર્થ હોય છતાં પણ જે સુવર્ણાદિક દાનનો સ્વીકાર કરતો નથી, તે વિપ્રને માટે સ્વર્ગ દુર્લભ રહેતું નથી. પરંતુ અત્યંત સુલભ**

शूद्रान्नं ब्राह्मणो ह्यश्नन्मासं मासार्धमेव वा । तद्योनावभिजायेत सत्यमेतद्विदुर्बुधाः ॥४४॥
कणानामथवा भिक्षां ब्राह्मणो वृत्तिकर्शितः । सच्छूद्राणां गृहे कुर्यान्न स पापेन लिप्यते ॥४५॥
विशुद्धान्वयसञ्जातो निवृत्तो मद्यमांसतः । द्विजभक्तो वणिग्वृत्तिः सच्छूद्रः स प्रकीर्त्यते ॥४६॥
रजनीमध्ययामौ द्वौ हुतशेषं च यद्धविः । तत्र स्वपंस्तदश्नश्च ब्राह्मणो नावसीदति ॥४७॥
अपेयं न पिबेत्क्वापि नाभक्ष्यमपि भक्षयेत् । न गन्धमपि गृह्णीयाद्ब्राह्मणो मद्यमांसयोः ॥४८॥
भवेदज्ञानतः क्वापि गन्धस्याग्रहणं यदि । तर्हि स्नात्वा स्मरेद्विष्णुं सायंसन्ध्यां बहिश्चरेत् ॥४९॥
जायाया आत्मनश्चापि पुत्रस्य दुहितुस्तथा । यथोचितं यथाकालं संस्कारान्विधिनाचरेत् ॥५०॥
कन्याया विक्रयो नैव कर्तव्यः क्वापि केनचित् । ब्राह्मणेन विशेषेण यत्कर्ता याति रौरवम् ॥५१॥
भक्षितं चाणिमात्रं यत्कन्याविक्रयजं धनम् । सकुलं तद्ग्रहीतारं नरकं नयति ध्रुवम् ॥५२॥

---

થાય છે.[૪૩] જે બ્રાહ્મણ એક માસ પર્યંત કે અર્ધામાસ પર્યંત પણ શૂદ્રનું અન્ન જમે છે, તે મરીને શૂદ્રના ઘેર જન્મે છે તે જ્ઞાની પુરુષો જાણે છે.[૪૪] જેની આજીવિકાવૃત્તિ દુર્બળ હોય ને જે બ્રાહ્મણ સત્શૂદ્રના ઘેરથી દાણાનો પ્રતિગ્રહ કરે, ધાન્યની ભિક્ષા લે તે બ્રાહ્મણ પાપથી લેપાતો નથી.[૪૫] સત્શૂદ્રનાં લક્ષણો આ પ્રમાણે છે, કે વિશુદ્ધ વંશમાં જન્મેલો હોય, મદ્ય કે માંસના ભક્ષણથી કે વેપારથી સર્વદા રહિત હોય, બ્રાહ્મણાદિ ત્રણ વર્ણની સેવાપરાયણ રહેતો હોય અને વેપારનો ધંધો કરતો હોય તેને સત્શૂદ્ર કહેલો છે.[૪૬] જે બ્રાહ્મણ રાત્રીના મધ્ય બે યામમાં જ શયન કરે છે, અને હોમ કરતાં બાકી રહેલા અન્નને જ જમે છે, તે બ્રાહ્મણ ક્યારેય પણ દુઃખી થતો નથી.[૪૭]

હે વિપ્ર ! બ્રાહ્મણે ન પીવા યોગ્ય ક્યારેય પણ પીવું નહિ, અભક્ષ્યનું ક્યારેય ભક્ષણ કરવું નહિ, તેમજ મદ્ય અને માંસની ગંધ પણ ક્યારેય લેવી નહિ.[૪૮] અને અજાણતાં ક્યારેય મદ્ય, માંસની ગંધ લેવાઈ જાય તો સ્નાન કરીને શ્રીવિષ્ણુ ભગવાનનું સ્મરણ કરવું, ને સાયં સંધ્યા ગામની બહાર તળાવે જઈને કરવી.[૪૯] બ્રાહ્મણે પોતાની પત્નીના ગર્ભાધાનાદિ સંસ્કાર, પોતાને વિષ્ણુદીક્ષા ગ્રહણ કરવી આદિક સંસ્કાર, પુત્રના જાતકર્માદિ સંસ્કાર અને પુત્રીના વિવાહાદિ સંસ્કાર, યથા યોગ્ય પ્રમાણે સમયે સમયે વિધિપૂર્વક કરવા.[૫૦] કોઈ પણ ગૃહસ્થે ક્યારેય પણ કન્યાવિક્રય ન કરવો. તેમાં બ્રાહ્મણ ગૃહસ્થે તો વિશેષપણે ન કરવો. જે કોઈ પણ ગૃહસ્થ કન્યાનો વિક્રય કરે છે, તે પુરુષ રૌરવનરકમાં પડે છે.[૫૧] જે કન્યાવિક્રયનું ધન હોય છે તેનો અણુમાત્ર ઉપયોગ પણ ગૃહસ્થને કુળે સહિત નરકમાં નાખે છે.

यद्वा वरं वदेत्कन्यामलङ्कृत्योद्वहेति च । निर्वाहार्थं स्वकन्याया वैषम्याद्देशकालयोः ॥५३॥
वरदत्ता ह्यलङ्कारा यथाशक्ति स्वकारितैः । अलङ्कारैर्युता देयाः कन्यायै तेऽखिला अपि ॥५४॥
एवं कृते न दोषोऽस्ति भीष्म इत्याह धर्मजम् । स्वार्थं नाण्वपि तद्ग्राह्यं धर्म एष सनातनः ॥५५॥
अष्टवर्षा भवेद्गौरी नववर्षा तु रोहिणी । दशवर्षा भवेत्कन्या तत ऊर्ध्वं रजस्वला ॥५६॥
पितृगेहे तु या कन्या रजः पश्येदसंस्कृता । भ्रूणहा तत्पिता ज्ञेयो वृषली सापि कन्यका ॥५७॥
कुलं शीलं सनाथत्वं विद्यां वित्तं वपुर्वयः । एतान्गुणान्वरे दृष्ट्वा काले दद्यात्सुतां ततः ॥५८॥
समीपस्थोऽतिदूरस्थो धनोद्धृतश्च निर्धनः । वृत्तिहीनश्च मूर्खश्च वर्जनीयास्तु षडराः ॥५९।
रविक्षेत्रगते जीवे जीवक्षेत्रगते रवौ । विवाहं न प्रशसन्ति कन्यावैधव्यमेति यत् ॥६०॥
गोदाभागीरथीमध्ये नोद्वाहः सिंहगे गुरौ । मघास्थे सर्वदेशेषु तथा मीनगते रवौ ॥६१॥

---

**તેમાં કોઈ સંશય નથી.[૫૨] હે વિપ્ર ! દેશકાળના વિષમપણામાં પોતાની કન્યાના નિર્વાહ માટે કન્યાને યોગ્ય અલંકારોથી શણગારી પરણાવે ને વરરાજાને કહે કે આને તમે પરણો, યથાશક્તિ પોતે કરાવેલા અલંકારોની સાથે વરરાજાએ આપેલા સમગ્ર અલંકારો કન્યાને અર્પણ કરી દેવા, એમ કરવાથી કોઈ દોષ લાગતો નથી. એ પ્રમાણે ભીષ્મપિતાએ યુધ્ધિષ્ઠિરને કહ્યું છે. અને વરરાજાએ આપેલા અલંકારો કે ધનમાંથી એક અણુ જેટલું પણ પોતા માટે કન્યાના પિતાએ ન રાખવું. આ સનાતન ધર્મ છે.[૫૩-૫૫]**

**હે વિપ્ર ! દીકરી ઘરમાં આઠ વર્ષની થાય ત્યારે તેને 'ગૌરી', નવ વર્ષની થાય ત્યારે 'રોહિણી', દશમે વર્ષે 'કન્યા' અને દશ વર્ષથી મોટી થાય ત્યારે તેને રજસ્વલા કહેવાય છે.[૫૬] જો કન્યા અવિવાહિત હોય અને જો એ પિતાના ઘેર રજસ્વલા થાય તો તેના પિતાને ભ્રૂણહત્યાનું પાપ લાગે છે. તેથી તે ભ્રૂણઘાતકી કહેવાય ને કન્યાને 'વૃષલી' જાણવી.[૫૭]**

**કન્યાદાન કેવા પુરુષને કરવું અને ન કરવું, તેનાં લક્ષણો :– હે વિપ્ર ! જે વરને વિષે સારૂં કુળ, શીલ, સનાથપણું, વિદ્યા, ધન, સારૂં શરીર અને યુવાન અવસ્થા આ સાત ગુણો હોય, તે જોઈને યથાયોગ્ય સમયે કન્યાદાન કરવું.[૫૮] તેમજ સમીપના, કે દૂરના, ધનથી ઉદ્ધત, ધનહીન, આજીવિકાહીન અને મૂર્ખ આ છ દોષોવાળા પુરુષને કન્યાદાન ન કરવું.[૫૯] જ્યારે સિંહ રાશિમાં ગુરુ વર્તતો હોય, ધનુષ અને મીન રાશિમાં સૂર્ય હોય ત્યારે વિવાહ ન કરવો,જો તેવા સમયે વિવાહ કરવામાં આવે તો કન્યાને વિધવાપણું પ્રાપ્ત થાય છે.[૬૦] ગુરુ**

भागीरथ्युत्तरे कूले गौतम्या दक्षिणे तथा । विवाहो व्रतबन्धश्च सिंहस्थेज्ये न दुष्यति ॥६२॥
आरभ्य सप्तमं वर्षं विवाहः सार्ववर्णिकः । दशदोषविहिने हि काले पुत्र्याः शुभो मतः ॥६३॥
विवाहचौलव्रतबन्धयज्ञे पट्टाभिषेके च तथैव राज्ञाम् ।
सीमन्तयात्रासु तथैव जाते नो चिन्तनीयः खलु घातचन्द्रः ॥६४॥
विशेषधर्माः कथिता मयेत्थं तुभ्यं गृहस्थाश्रमिवाडवस्य ।
तज्जीविकावृत्तिमथो वदामि समासतस्तां शृणु विप्रवर्य ! ॥६५॥

**इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे गृहस्थधर्मेषु ब्राह्मणस्य विशेषविधिनिरूपणनामा त्रयोदशोऽध्यायः ॥१३॥**

---

સિંહરાશિમાં હોય તો ગોદાવરી અને ભાગીરથી ગંગાના મધ્યવર્તી પ્રદેશમાં વિવાહ કાર્ય ન કરવું, ગુરુ સિંહ કે મીન રાશિમાં હોય તો સર્વે દેશમાં વિવાહ ન થઇ શકે.[૬૧] ગુરુ સિંહ રાશિમાં હોય તો ગંગાના ઉત્તર બાજુના પ્રદેશમાં અને ગોદાવરીથી દક્ષિણ બાજુના પ્રદેશમાં વિવાહ કે મૌંજીબંધન સંસ્કાર કરવામાં દોષ લાગતો નથી.[૬૨] હે વિપ્ર ! સાતમા વર્ષથી આરંભીને સર્વ વર્ણની પુત્રીઓના વિવાહમાં વેધાદિ દશ દોષ રહિતનો કાળ શુભ મનાયેલો છે. તે દોષનાં લક્ષણો જ્યોતિષ શાસ્ત્રથકી જાણી લેવાં. વિવાહ, ચૌલસંસ્કાર, યજ્ઞોપવિત પ્રદાન, યજ્ઞદીક્ષા, રાજાનો રાજ્યાભિષેક, સ્ત્રીના સીમંત સંસ્કાર, યાત્રા અને જાતકર્મ સંસ્કારમાં ઘાતચંદ્ર નામના દોષની ચિંતા ન કરવી.[૬૪] હે વિપ્રવર્ય ! આ પ્રમાણે મેં ગૃહસ્થ બ્રાહ્મણના વિશેષ ધર્મો તમને કહ્યા. હવે તેમની અને ક્ષત્રિયાદિ ત્રણ વર્ણની આજીવિકાવૃત્તિ સંક્ષેપથી કહું છું. તેને તમે સાંભળો.[૬૫]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મોનો ઉપદેશ કરતા શ્રીહરિએ ગૃહસ્થના ધર્મોમાં બ્રાહ્મણના વિશેષ વિધિનું નિરૂપણ કર્યું, એ નામે તેરમો અધ્યાય પૂર્ણ થયો. --૧૩--**

---

## चतुर्दशोऽध्यायः - १४

**श्रीनारायणमुनिरुवाच :-**

जीविकावृत्तयः पूर्वं कथीता या मयाऽनघ ! । ताभिरेव समुत्पाद्य द्रव्यं कुर्वीत सद्व्ययम् ॥१॥
समाश्रित्य द्विजो नित्यं स स्ववर्णानुसारिणीम् । वृत्तिं सम्पादयेद्द्रव्यं नीचसेवां तु नाचरेत् ॥२॥
गृहस्थस्य शिलोञ्छं च शालीनं सञ्चयस्तथा । वार्ता चेति चतस्रोऽत्र जीविकावृत्तयो मताः ॥३॥
उत्तरामुत्तरां हीनां तासु विद्याद्द्विजत्तमः । देशकालौ स्वसामर्थ्यं दृष्ट्वैकां वृत्तिमाश्रयेत् ॥४॥
क्षेत्रपत्यक्तकणिशकणादानं शिलोञ्छनम् । अयाचितं तु शालीनं सञ्चयो याजनादिकम् ॥५॥
वार्ता कृष्यादिका वृत्तिः प्रोक्ताः सामान्यतस्त्विमाः । तथा विद्याप्रकर्षोऽपि द्रव्यं प्रापयति भृशम् ॥६

---

# અધ્યાય – ૧૪

# બ્રાહ્મણાદિ ચારે વર્ણની આજીવિકાવૃત્તિમાં ધ્યાન રાખવા યોગ્ય વિવેકનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે નિષ્પાપ વિપ્ર ! પૂર્વે વર્ણાશ્રમમાં જે આજીવિકાવૃત્તિ કહી છે તેનાથી જ દ્રવ્ય સંપાદન કરી ગૃહસ્થવિપ્રે સદ્વ્યય કરવો.[૧] અને નિરંતર પોતાના વર્ણાનુસાર આજીવિકા વૃત્તિનો આશ્રય કરી દ્રવ્ય સંપાદન કરવું, પરંતુ દ્રવ્યમાટે નીચ પુરુષની ગુલામી કરવી નહિ.[૨] આલોકમાં ગૃહસ્થ વિપ્રની શીલોંછ, શાલીન, સંચય અને વાર્તા આ ચાર આજીવિકાવૃત્તિ કહી છે.[૩] ઉત્તમ વિપ્રે તે ચારમાંથી ઉત્તરોત્તર હીન આજીવિકાવૃત્તિ જાણવી. દેશ, કાળ અને પોતાની શક્તિને ધ્યાનમાં રાખી તે ચારમાંથી કોઈ એકનો આશ્રય કરવો.[૪] હે વિપ્ર ! ખેતરના માલિકે કાપણી કરી લીધા પછી ખેતરમાં પડી રહેલા કણો દુકાન કે ખળાની આસપાસ પડ્યા રહેલા કણો એકઠા કરી જીવન પસાર કરવું તેને શીલોંછવૃત્તિ કહી છે. માગ્યા વિના પ્રાપ્ત થયેલા અન્નથી જીવન વ્યતિત કરવું તેને શાલીનવૃત્તિ કહી છે, યજ્ઞયાગાદિકથી જીવન પસાર કરવું તે સંચયવૃત્તિ કહી છે અને ખેતી આદિકથી જીવન પસાર કરવું તે વાર્તાવૃત્તિ કહી છે. આ ચાર વૃત્તિઓ તમને સામાન્યપણે કહી છે, પહેલાં યાયાવરવૃત્તિનું શ્રેષ્ઠપણું કહેલું. અહીં શીલોંછવૃત્તિનું શ્રેષ્ઠપણું કહ્યું છે, એ બન્ને મતનો શ્રેષ્ઠપણે આશ્રય કરવામાં દોષ નથી. બ્રાહ્મણોને માટે એ સિવાયની બીજી પણ આજીકિા વૃત્તિઓ કહી છે. અતિશય વિદ્યાનો અભ્યાસ એ પણ ઘણું બધું ધન પ્રાપ્ત કરાવે છે.[૫-૬]

हव्यकव्यप्रदानैश्च नियमाभ्यासतस्तथा । प्रसन्ना देवता द्रव्यं ददत्येव भृशं क्व चित् ॥७॥
मणिस्वर्णाद्याकरेभ्यः क्व चिच्च प्राप्यते धनम् । ब्रह्मर्षीणां प्रसादेन क्व चिदाकस्मिकं तथा ॥८॥
एतत्सर्वं गृहस्थस्य द्रव्यं न्यायागतं मतम् । धर्मकार्येष्वेतदेव विहितं द्रव्यमुत्तमम् ॥९॥
क्षत्रियस्य नरेन्द्रस्य राजनीत्यागतं धनम् । धर्मोपयुक्तं कथितं नान्यदित्यपि विद्धि भोः ॥१०॥
कुटुम्बपोषणाशक्तः स्ववृत्त्योत्तमया यदा । स्वावरस्य तदा वृत्तिं गृह्णीयान्न त्वनापदि ॥११॥
तत्रापि ब्राह्मणो हिंस्रां क्षात्रवृत्तिं विहाय च । वैश्यवृत्तिं भजेदेव सीदन्राजाऽपि तां भजेत् ॥१२॥
सीदन्वैश्यश्च शूद्रस्य भजेद्वृत्तिं स चापदि । कार्वादिवृत्तिमाश्रित्य तरेदापदमात्मनः ॥१३॥
सर्वोऽप्यापद्विनिर्मुक्तः प्रायश्चित्तं विधाय च । स्वां स्वामेवोत्तमां वृत्तिं पुनः सम्यगुपाश्रयेत् ॥१४॥

---

હે વિપ્ર ! હવ્ય- દેવતાઓને અર્પણ કરેલા અન્નથી, કવ્ય- પિતૃઓને અર્પણ કરેલા અન્નથી, તથા પવિત્રાદિ નિયમોમાં ખબરદાર રહેવાના અભ્યાસથી, પ્રસન્ન થયેલા દેવતાઓ ક્યારેક ઘણુંક ધન આપી જાય છે.[૭] ક્યારેક મણિ, સુવર્ણ આદિકની ખાણમાંથી ધન પ્રાપ્ત થાય છે ક્યારેક બ્રહ્મર્ષિઓના અનુગ્રહથી અને ક્યારેક અકસ્માત ધન પ્રાપ્ત થાય છે.[૮] આ સમસ્ત ધન ગૃહસ્થ વિપ્રને ન્યાયથી પ્રાપ્ત થયેલું મનાય છે. અને આ ધન ધર્મકાર્યમાં વાપરવા માટે ઉત્તમ કહેલું છે.[૯]

હે વિપ્ર ! રાજાને ક્ષત્રિયની રાજનીતિથી પ્રાપ્ત થયેલું ધન ધર્મકાર્ય માટે ઉપયોગી કહેલું છે, તેના સિવાયનું ધન ધર્મકાર્યમાં ઉપયોગી નથી. એમ તમે જાણો.[૧૦] ગૃહસ્થ જો પોતાની ઉત્તમ પ્રકારની આજીવિકાવૃત્તિથી પોતાના કુટુંબનું પોષણ કરવા અસમર્થ થાય ત્યારેજ પોતાથી નીચેના વર્ણની આજીવિકાવૃત્તિને ગ્રહણ કરવી, પરંતુ આપત્કાળ પડ્યા વિના બીજાની વૃત્તિનો સ્વીકાર કરવો નહિ, આ બાબત બ્રાહ્મણાદિ ચારે વર્ણના માટે છે. એમ જાણવું.[૧૧] તેમાં પણ બ્રાહ્મણે ક્ષત્રિયોની હિંસામય આજીવિકાવૃત્તિને છોડીને વૈશ્યની આજીવિકાવૃત્તિનો સ્વીકાર કરવો. અને જ્યારે ક્ષત્રિયો પણ પોતાની આજીવિકાવૃત્તિમાં કષ્ટ પડે ત્યારે વૈશ્યની વૃત્તિનો સ્વીકાર કરવો.[૧૨] પોતાની આજીવિકાવૃત્તિમાં કષ્ટ અનુભવતા વૈશ્યોએ પણ સેવા કરવારૂપ શૂદ્રની આજીવિકાવૃત્તિનો સ્વીકાર કરવો, અને શૂદ્રોએ તો આપત્કાળમાં શિલ્પી આદિક વૃત્તિનો આશ્રય કરી આપત્કાળને તરી જવું.[૧૩] આપત્કાળ ઉતરી જાય કે તત્કાળ સર્વે વર્ણવાળા ગૃહસ્થજનોએ શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત કરી ફરી પોતાની ઉત્તમ આજીવિકાવૃત્તિનો રૂડી રીતે આશ્રય કરી લેવો.[૧૪]

હે માનદ વિપ્ર ! આ કળિયુગમાં બ્રાહ્મણ અને ક્ષત્રિયોએ પોતાની ઉત્તમ

कलौ युगेऽत्र विप्राणां क्षत्रियाणां च मानद ! । स्ववर्णवृत्त्योत्तमया निर्वाहो नैव सम्भवेत् ॥१५॥
वैश्यवृत्तिं समाश्रित्य कुटुम्बातिथिपोषणम् । कुर्वीयातां ततस्तौ तु धर्मकार्येषु तत्परौ ॥१६॥
कृषेरभावे वाणिज्यं तदभावे कुसीदकम् । कष्टां पापीयसीं वृत्तिं कुसीदं ब्रह्मणस्त्यजेत् ॥१७॥
कुत्सितात्सीदश्चापि निर्विशङ्कैः प्रगृह्यते । यतुर्गुणं चाष्टगुणं कुसीदाख्यमतः स्मृतम् ॥१८॥
उत्तमर्णाद्धनं क्वापि विप्रः प्राणापदं विना । गृह्णीयान्नैव धर्मार्थं न च कामसुखाप्तये ॥१९॥
निर्धनस्य गृहस्थस्य ब्राह्मणस्य विशेषतः । नोत्तमर्णसमं दुःखमन्यत्किञ्चन विद्यते ॥२०॥
पञ्चमेऽहनि षष्ठे वा शाकपत्राशनं वरम् । न तूत्तमर्णकदनं नृपतेरपि कर्हिचित् ॥२१॥
वैश्यवृत्तिष्वतस्त्वेकां ब्राह्मणः कृषिमाश्रयेत् । कलौ युगे स्वया वृत्त्या कुटुम्बं पातुमक्षमः ॥२२॥

---

વર્ણવૃત્તિથી જીવન નિર્વાહ કરવો શક્ય નથી.[૧૫] તેથી ધર્મકાર્યમાં તત્પર એવા તે બ્રાહ્મણ અને ક્ષત્રિયોએ ખેતી આદિક વૈશ્યવૃત્તિનો આશ્રય કરી કુટુંબનું અને અતિથિઓનું પોષણ કરવું.[૧૬] ખેતીના અભાવમાં વેપાર તથા વ્યાજવટુ આદિક કરવાં. તેમાં પણ બ્રાહ્મણોએ તો અન્યને દુઃખ આપનારી અને પાપે યુક્ત એવી કુસીદવૃત્તિ અને વ્યાજવટાની વૃત્તિનો તો ત્યાગ જ કરી દેવો.[૧૭] કારણ કે કુશીદ શબ્દનો અર્થ જ એ બ્રાહ્મણને કરવા યોગ્ય નથી એમ સૂચવે છે. કુસીદ એટલે કુત્સિત્ એવા અત્યંજ- ગરીબ જનો કે જેની પાસે પોતાના કુટુમ્બના ભરણ પોષણમાં પણ પર્યાપ્ત ધન ન હોય એવા જનો પાસેથી પીડાની જરાપણ પરવા કર્યા વિના પોતે ધીરેલા ધન કરતાં, ચારગણું કે આઠગણું ધન તેમની પાસેથી પડાવવું, તેનું નામ જ કુસીદ કહેલું છે. તેથી વ્યાજવટાનો ધંધો સારો નથી.[૧૮]

હે વિપ્ર ! ગૃહસ્થ બ્રાહ્મણે પ્રાણની આપત્તિ વિના ક્યારેય પણ ધનપતિ પાસેથી ધન પોતાના સુખને માટે કે ધર્મકાર્યને માટે પણ ગ્રહણ કરવું નહિ.[૧૯] દરિદ્ર ગૃહસ્થને અને તેમાં પણ બ્રાહ્મણને તો વિશેષપણે ઋણથી- ધનપતિઓના ધન ધીરવાના વ્યાજની પીડાથી અધિક બીજું કોઈ દુઃખ નથી.[૨૦] પાંચમે કે છઠ્ઠે દિવસે શાક પાંદડું જમીને પડ્યા રહેવું શ્રેષ્ઠ છે, પરંતુ રાજાઓને ક્યારેય પણ ઋણની પીડા સહન કરવી શ્રેષ્ઠ નથી.[૨૧] જો રાજાને માટે પણ કરજનો બોજ સારો નથી, તો પછી સામાન્ય પ્રજાને માટે તે કેમ સારો રહે ? તેથી કલિયુગમાં પોતાની આજીવિકાવૃત્તિથી કુટુંબનું ભરણપોષણ કરવા અસમર્થ બ્રાહ્મણે વૈશ્યવૃત્તિના મધ્યે પણ ખેતીકર્મનો જ કેવળ આશ્રય કરવો.[૨૨] હે ઉત્તમ વિપ્ર ! ઉત્તમ બ્રાહ્મણોને માટે આપત્કાળમાં આજીવિકા માટે વૈશ્યની ખેતીવૃત્તિ

द्विजोत्तमस्यापदि वैश्यवृत्तिः स्वजीविकार्थं विहितोत्तमैव ।
नारायणो नारदमेवमाह स्कान्दे पुराणे द्विजवर्य ! पूर्वम् ॥२३॥

**इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे गृहस्थधर्मेषु जीविकावृत्तिनिरूपणनामा चतुर्दशोऽध्यायः ॥१४॥**

---

**पञ्चदशोऽध्यायः - १५**

**सुव्रत उवाच :-**

इति श्रुत्वा हरेर्वाक्यं प्राप्तं संशयमात्मनि । पप्रच्छ तं स नृपते ! ब्राह्मणस्तत्प्रियः पुनः ॥१॥

**ब्राह्मण उवाच :-**

ब्राह्मणस्य कृषिः पूर्वं निषिद्धा भगवंस्त्वया । पुनश्च विहिताऽत्रेति संशयं छिन्धि मे प्रभो ! ॥२॥

---

ઉત્તમ મનાયેલી છે. આ પ્રમાણે નારાયણ ભગવાને નારદજીને સ્કંદપુરાણના વાસુદેવમાહાત્મ્યમાં પૂર્વે કહ્યું છે.[૨૩]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં શ્રીહરિએ ગૃહસ્થ ધર્મમાં વર્ણની આજીવિકાવૃત્તિનું નિરૂપણ કર્યું, એ નામે ચૌદમો અધ્યાય પૂર્ણ થયો. --૧૪--***

---

## અધ્યાય - ૧૫

## કલિયુગમાં ગૃહસ્થને આજીવિકાવૃત્તિ માટે ખેતીકર્મનું કરેલું વિશેષ વિધાન.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજાન્ ! ભગવાન શ્રીહરિનું વચન સાંભળી તેમને વહાલા શિવરામવિપ્ર પોતાના મનમાં ઉત્પન્ન થયેલા સંશયને ફરીવાર પૂછવા લાગ્યા.[૧] શિવરામ વિપ્ર કહે છે, હે પ્રભુ ! તમે પૂર્વે બ્રાહ્મણોને (તેરમા અધ્યાયમાં) ખેતીકર્મ કરવાનો નિષેદ્ધ કર્યો ને ફરી અહીં બ્રાહ્મણોને ખેતી જ કરવી એમ કહ્યું. તેથી મારા મનમાં સંશય ઉત્પન્ન થાય છે. માટે હે ભગવાન્ ! તેનું તમે નિવારણ કરો.[૨] શ્રીનારાયણમુનિ કહે છે, હે વિપ્ર ! બ્રાહ્મણને ખેતીકર્મનો નિષેધ છે, તેમાં કોઈ સંશય નથી, પરંતુ અત્યારે કળિયુગમાં સર્વદા આપત્કાળ

**श्रीनारायणमुनिरुवाच :-**

ब्राह्मणस्य निषिद्धं हि कृषिकर्म न संशयः । अनन्यगतिकत्वात्तत्साम्प्रतं विहितं द्विज ! ॥३॥
न शिलोञ्छादिवृत्तिर्हि शक्याऽस्त्याचरितुं कलौ । न च यज्ञरुचिर्लोको नाध्येताऽपि धनी क्वचित् ४
न च कश्चिद्विशुद्धोऽत्र दाताऽपि पुरुषो भुवि । कृषिस्ततोऽभ्यनुज्ञाता पराशरमुनेर्मतात् ॥५॥
शूद्रवृत्तिं भजेद्विप्रो नीचाद्वापि प्रतिग्रहम् । कुर्यात्ततः कृषिरियं प्रोक्ता श्रेयस्करी मया ॥६॥
कृषिलब्धेन धान्येन पितृन्देवांश्च ब्राह्मणान् । पूजयेत्तेन ते तुष्टास्तद्दोषं नाशयन्ति हि ॥७॥
देवेभ्यश्च पितृभ्यश्च दद्याद्भागं तु विंशकम् । त्रिंशत्तमं च विप्रेभ्यो यः स दुष्येन्न कर्षकः ॥८॥
अत्यजन्स्वानि कर्माणि ब्राह्मणो नित्यकानि षट् । कृषिकर्म प्रकुर्वीत क्षत्रियश्च तथापदि ॥९॥

---

હોવાથી બીજો કોઈ વિકલ્પ ન બચતાં તે ખેતીકર્મ કરવાનું મેં વિધાન કરેલું છે.[૩] કારણ કે, કળિયુગમાં શિલોંચ્છવૃત્તિ આચરવી શક્ય નથી. તેમજ શાલીન કે યાયાવરવૃત્તિ પણ આચરવી શક્ય નથી. વળી લોકોમાં યજ્ઞ કરવામાં રસ રહ્યો નથી. કે જેનાથી પણ બ્રાહ્મણની આજીવિકાવૃત્તિ ચાલે, કોઈ ધનવાન પુરુષો વેદનો પાઠ કરાવતા નથી, જેથી સ્વાધ્યાયવૃત્તિથી પણ જીવન ચાલે.[૪] વળી આ કળિયુગના સમયે પૃથ્વીપર કોઈ વિશુદ્ધ દાતા પણ નથી કે જેનું દાન લેવાથી પવિત્ર રહી જીવન જીવી શકાય, તેથી જ પરાશર મુનિના મતને ધ્યાનમાં રાખી મેં બ્રાહ્મણોને ખેતી કરવાની આજ્ઞા આપી છે.[૫]

હે વિપ્ર ! પરાશરમુનિએ એમ કહ્યું કે, પોતાના કુટુંબનું ભરણપોષણ કરવા અસમર્થ બ્રાહ્મણે ત્રણે વર્ણની સેવા કરવા રૂપ શૂદ્રની આજીવિકાવૃત્તિ સ્વીકારવી અથવા અધર્મી એવા નીચવર્ણના જનો પાસેથી દાન ગ્રહણ કરવું, આવું વિધાન હોવાથી તેના કરતાં ખેતીકર્મ મેં શ્રેષ્ઠ અને કલ્યાણકારી માનેલું છે. એટલે ખેતી કરવાનું મેં કહ્યું છે.[૬] ખેતીનું કર્મ કરી પ્રાપ્ત થયેલા ધાન્યવડે પિતૃઓનું અને દેવતાઓનું તથા બ્રાહ્મણોનું પૂજન કરવું, તે પૂજાથી પ્રસન્ન થયેલા તે ત્રણે ખેતીકર્મમાં ઉત્પન્ન થયેલા દોષનો નાશ કરી નાખે છે.[૭] જે ખેતી કર્મ કરનારો બ્રાહ્મણ દેવતા અને પિતૃઓને વીશમો ભાગ અર્પણ કરે છે, અને બ્રાહ્મણોને ત્રીશમો ભાગ અર્પણ કરે છે, તે ખેડૂત વિપ્ર ખેતીના દોષને પામતો જ નથી.[૮] બ્રાહ્મણોએ પોતાના નિત્યે કરવાના સ્નાન સંધ્યા આદિક ષટ્ કર્મોનો ત્યાગ નહીં કરીને પ્રતિદિન ખેતીકર્મ કરવું, તથા ક્ષત્રિયોને પણ આપત્કાળમાં ષટ્કર્મનો ત્યાગ કર્યા વિના ખેતીકર્મ કરવું.[૯]

हीनाङ्गं दुर्बलं श्रान्तं रोगिणं क्षुधितं तथा । कृशाङ्गं स्थविरं चान्धमनड्वाहं न वाहयेत् ॥१०॥
स्थिराङ्गं नीरुजं तृप्तं साण्डं षण्ढत्ववर्जितम् । पुष्टाङ्गं सबलं मत्तं वृषभं वाहयेद्द्विजः ॥११॥
वाहयेद्दिवसस्यार्धं कुर्यात्स्नानादिकं ततः । सीरं युगं प्रतोदं च कुर्याच्छास्त्रोक्तमानतः ॥१२॥
हीनातिरिक्तं कर्तव्यं नैव किञ्चित् प्रमाणतः । न निर्दयस्तुदेत्क्रोधाद्बलीवर्दान्कदाचन ॥१३॥
न सीरं क्षीरवृक्षस्य न बिल्वपिचुमन्दयोः । द्विजः क्वापि प्रकुर्वीत कुर्वन्दारिद्र्यमाप्नुयात् ॥१४॥
गोभिश्च वृषभैरत्र गृहिणां हि गृहाश्रमः । वर्तते ताश्च तांस्तस्माद्द्विजो यत्नेन पालयेत् ॥१५॥
वने शुष्कतृणान्यत्त्वा स्रवन्त्यनुदिनं पयः । हविर्भिर्देवतोषिण्यो गावः पूज्याः सदानृणाम् ॥१६॥
यदङ्गेष्वतिपुण्येषु सर्वे देवा वसन्ति हि । ताः पूजनीयाः सर्वेषां संरक्षेद्वा गृहाश्रमी ॥१७॥
गौरवत्सा न दोग्धव्या स्रवद्गर्भा च सन्धिनी । प्रसूता च दशाहात्प्राक् रोगिणी च द्विवत्ससूः ॥१८॥

---

**ખેતીકર્મમાં ઉપયોગી ગાય-બળદ આદિકની સારસંભાળ** :- હે વિપ્ર ! પગ આદિ અંગથી વિકળ, દુર્બળ, થાકેલા, રોગી, ભૂખ્યા, બહુ દિવસ ભૂખ્યા રહેવાથી નબળ થયેલા, વૃદ્ધ, અને અંધ બળદને ખેતીમાં જોડવો નહિ.[૧૦] મજબૂત શરીરવાળા, નિરોગી, ઘાસ ચારાથી તૃપ્ત, વૃષણના ઉચ્છેદ રહિત, નપુંસકતા રહિત, અંગોએ પુષ્ટ, સબળ અને યુવાનીથી મત્ત બળદને બ્રાહ્મણે ખેતીમાં જોડવા.[૧૧] તેમાં પણ અર્ધો દિવસ જ ચલાવવા. પછી સ્નાનાદિક કરાવવું. હળ, ધોસરૂં અને પરોણો શાસ્ત્ર અનુસાર તૈયાર કરાવવા.[૧૨] શાસ્ત્ર પ્રમાણથી હળાદિકમાં ઓછું-અધિક કાંઇ પણ ન કરવું. તેમજ ક્રોધે કરીને નિર્દયપણે ક્યારેય પણ બળદને મારવા નહિ.[૧૩] બ્રાહ્મણે ક્યારેય પણ રાયણ, બીલીપત્ર અને લીંબડાના કાષ્ઠમાંથી હળ ન બનાવવું, ને જો બનાવડાવે તો દરિદ્ર થાય છે. ક્ષીરવાળા વૃક્ષમાં જે રાયણનું કીધું ત્યાં અંજીર, રૂદ્રાક્ષ, બહેડું આદિ પણ જાણવાં, તેમાંથી પણ હળ ન બનાવવું.[૧૪] હે વિપ્રવર્ય ! આલોકમાં ગૃહસ્થનો ગૃહસ્થાશ્રમ ગાયો અને બળદોથી જ શોભે છે, અને સુખપ્રદ થાય છે. તેથી દ્વિજાતિએ પ્રયત્નપૂર્વક ગાયો અને બળદોનું પાલનપોષણ કરવું.[૧૫] ગાયો વનમાં સૂકાં તૃણ ખાઇ આવી આપણને પ્રતિદિન દૂધ આપે છે, તેમનાં દહીં, દૂધ વગેરે હવિષવડે દેવતાઓ પ્રસન્ન થાય છે. તેથી તે ગાયો અને બળદો સદાય મનુષ્યને માટે પૂજ્ય છે.[૧૬] વળી ગાયોના સર્વે પવિત્ર અંગમાં સર્વે દેવતાઓનો નિવાસ છે. તેથી ગૃહસ્થાશ્રમી જનોએ, તથા સૌ કોઈએ ગાયોનું પૂજન કરવું અને તેમનું સર્વ પ્રકારે રક્ષણ કરવું.[૧૭] વાછરડાંને ધવરાવ્યા વિના ગાયને દોહવી નહિ. ગર્ભસ્રાવ થયેલી ગાયને પણ દોહવી નહિ. પ્રસૂતિના દશ દિવસ

दक्षिणाभिमुखा गाव उत्तराभिमुश्च वा । बन्धनीयाश्च वृषभा न प्राक्प्रत्यङ्मुखा द्विजैः ॥१९॥
गोवाजिवृषशालायां सुतीक्ष्णं लोहदात्रकम् । सर्वदा स्थापनीयं च दामबन्धविमोक्षकृत् ॥२०॥
यो गाः पूजयते भक्त्या वन्दते पोषयत्यपि । सोऽश्वमेधादियज्ञानां प्राप्नोति सहसा फलम् ॥२१॥
ताडयन्ति च ये पापाः क्रोशयन्ति च ताश्च ये । नरकाग्नौ प्रपच्यन्ते कोटिवर्षाणि ते ननु ॥२२॥
गवां यत्पालने पुण्यं प्रोक्तं दशगुणं ततः । पालने वृषभाणां च पुण्यं किल महर्षिभिः ॥२३॥
कृत्वा गोर्वृषणच्छेदं विप्रो भ्रश्यति जातितः । चण्डाल इव वर्ज्योऽसौ दैवे पित्र्ये च कर्मणि ॥२४
उत्पादयन्ति सस्यानि मर्दयन्ति वहन्ति च । आनन्दयन्ति लोकांश्च पूज्या हि वृषभास्ततः ॥२५॥
न भारखिन्ना जल्पन्ति पत्युरग्रेऽपि किञ्चन । स्वयं चरन्ति शुष्काणि तृणानि च कडङ्गरम् ॥२६॥
उक्षाण ईदृशा एते लोकानां वृद्धिहेतवः । पालनीयाः प्रयत्नेन पोषणीयाश्च सर्वथा ॥२७॥

---

**પૂર્વેથી ગાયને દોહવાની બંધ કરવી, રોગમાં ઘેરાયેલી અને બે વાછરડાંને જન્મ આપનારી ગાય પણ દોહવી નહિ.[૧૮]**

**હે વિપ્ર ! દ્વિજોએ ગાય અને બળદને દક્ષિણાભિમુખ કે ઉત્તરાભિમુખ બાંધવા, પરંતુ પૂર્વ કે પશ્ચિમાભિમુખે બાંધવા નહિ.[૧૯] ગાય ઘોડા અને બળદો બાંધવાની શાળાઓમાં દોરડાને કાપનાર તીક્ષ્ણ ધારવાળાં લોખંડના દાતરડાં વગેરે નિરંતર રાખવાં.[૨૦] જે પુરુષ ગાયનું ભક્તિભાવ પૂર્વક પૂજન, વંદન કે પોષણ કરે છે, તેઓ અશ્વમેધ યજ્ઞના ફળને પામે છે.[૨૧] જે પાપી પુરુષો ગાયોને દોહવાના સમયે સાંકળ આદિકથી નિર્દય થઈ પ્રહાર કરે છે, અને ગાળો બોલી તેમના ઉપર આક્રોશ કરે છે, તે પુરુષો એક કરોડ વર્ષ સુધી નરકાગ્નિમાં રંધાય છે.[૨૨] હે વિપ્ર ! મહર્ષિઓએ ગાયોના પાલનમાં જે પુણ્ય કહ્યું છે. તેના કરતાં અધિક દશગણું પુણ્ય બળદોના પાલનમાં કહ્યું છે.[૨૩] બ્રાહ્મણે બળદના વૃષણનો ઉચ્છેદ કરવો નહિ, ને જો કરે તો બ્રાહ્મણપણાની જાતિ થકી ભ્રષ્ટ થાય છે. પછી તે શ્વપચની જેમ દેવકર્મ કે પિતૃકર્મમાં વર્જ્ય ગણાય છે.[૨૪] બળદો ખેતર ખેડીને ઘાસ અને ધાન્ય ઉત્પન્ન કરે છે, વળી તે ખળામાં પોતાની ખરીથી તેને મસળે છે. ગાડાના ભારનું વહન કરે છે, તેમજ સર્વજનોને આનંદ ઉપજાવે છે, તેથી બળદો પૂજનીય છે.[૨૫] વળી બળદો ભારનો ખેદ પામવા છતાં પોતાના માલિકને ક્યારેય ફરિયાદ કરતા નથી. સ્વયં સૂકાં ઘાસનું અને ભૂસાનું ભક્ષણ કરે છે.[૨૬] આવા અનેક ગુણોએ યુક્ત અને સહનશીલ સ્વભાવવાળા પરોપકારી બળદો લોકની અભિવૃદ્ધિમાં કારણભૂત છે, તેથી પ્રયત્નપૂર્વક સારા સ્વચ્છ સ્થાન અને ઘાસચારાદિથી તેમનું**

गृहे बद्धान्पशून् यस्तु तृणतोयादिभिर्गृही । नानुवेलं प्रपुष्णीयात्स पतेद्रौरवादिषु ॥२८॥
पशूनां पालनेऽशक्तो दत्त्वा तान्धनिने स्वयम् । वनं गत्वा तपः कुर्यान्न तु तान्क्लेशयेद्वृथा ॥२९॥
धर्ममेवं विदित्वैव पोषयन्पालयन्वृषान् । वपेत्सर्वाणि बीजानि सर्ववापी न सीदति ॥३०॥
शालीक्षुराणकर्पासवार्ताकादीनि वापयेत् । तत्तत्स्थानं च तत्कालं विदित्वा धर्मशास्त्रतः ॥३१॥
घनवापी चाग्रवापी गोपोषी बीजसङ्ग्रही । प्रभाते क्षेत्रगामी च कर्षको नाऽवसीदति ॥३२॥
प्रथमं कृषिकर्ता तु विधानं शास्त्रसम्मतम् । कुयोगवर्जिते कुर्यात्प्रयतः शुभवासरे ॥३३॥
सीतायाः स्थापनं कृत्वा पराशरमृषिं स्मरन् । दधिदुर्वाक्षतैः पुष्पैः शमीपत्रैश्च पूजयेत् ॥३४॥
नीरजनं च नैवेद्यं दत्त्वा कुर्यात्प्रदक्षिणम् । स क्षेत्रपालमुख्येभ्यो बलीन्दद्यात्ततो गृही ॥३५॥

---

**પાલન અને પોષણ કરવું.[૨૭]**

**હે વિપ્ર ! જે ખેડૂત ઘરમાં બાંધેલાં ગાય આદિ પશુઓને તૃણ જળાદિકથી સમયે સમયે પોષણ કરતો નથી, તે ગૃહસ્થ રૌરવાદિ નરકોમાં પડે છે.[૨૮] પશુપાલનમાં અશક્ત ગૃહસ્થે તે પશુઓને ધનવાન ખેડૂત જે પશુપાલન કરવા સમર્થ હોય તેમને આપીને સ્વયં વનમાં જઈને તપ કરવું. પરંતુ પશુઓને વ્યર્થ દુઃખી કરવાં નહિ.[૨૯] આ પ્રમાણે પશુપાલનના ધર્મને જાણી બળદાદિકનું પોષણ કરવું, ને તેમના દ્વારા સર્વે પ્રકારનાં બીજ ખેતરમાં વાવવાં, કારણ કે સર્વ પ્રકારનાં બીજો વાવનાર ખેડુત ક્યારેય દુઃખી થતો નથી.[૩૦]**

**કયું બીજ ક્યારે વાવવું વગેરે ખેતીનું શિક્ષણ :–** **હે વિપ્ર ! તે ડાંગર આદિ બીજો વાવવાની ભૂમિને તથા તે બીજો વાવવાના સમયને બૃહત્પરાશરસ્મૃતિ આદિ ધર્મશાસ્ત્રોથકી જાણીને ડાંગર, શેરડી, શણ, કપાસ, રીંગણાં આદિકનું વાવેતર કરવું.[૩૧] ઘાટું વાવનાર, પ્રથમ વાવનાર, બળદનું પોષણ કરનાર, બીજનો સંગ્રહ કરનાર અને પ્રભાતે પ્રતિદિન ખેતરમાં જઈ પાકની દેખભાળ કરનાર ખેડૂત ક્યારેય દુઃખી થતો નથી.[૩૨] ખેડૂતે પ્રથમ શાસ્ત્રસંમત વિધિ કરવો, તે વ્યતિપાત, યમઘંટ અને મૃત્યુયોગ આદિકના કુયોગને જોઈ શુભ અવસરપર બીજ રોપવાં.[૩૩]**

**હે વિપ્ર ! પ્રથમ સીતાદેવીનું સ્થાપન કરી, પરાશરઋષિનું સ્મરણ કરી; દહીં, દૂર્વા, ચોખા, પુષ્પો અને સમીપત્રોથી સીતાદેવીની પૂજા કરવી.[૩૪] વળી તે ગૃહસ્થ ખેડૂતે સીતાદેવીને નૈવેદ્ય અર્પણ કરી આરતી અને પ્રદક્ષિણા કરી મુખ્ય ક્ષેત્રપાલને ભીંજાવેલા અડદ અને ચણા આદિક ધાન્યનો બલિ અર્પણ કરવો.[૩૫]**

रक्तश्रृङ्गौ स्ववृषभौ कुङ्कमेनाक्षतैस्तथा । पूजयेत्पुष्पमालाभिस्ततः संयोजयेद्धलम् ॥३६॥
सङ्घृष्य सीरफालाग्रं हेम्ना वा रजतेन च । मन्त्रमेतं समुच्चार्य कुर्वीत क्षेत्रकर्षणम् ॥३७॥
सीते ! सौम्ये ! कुमारि ! त्वं देवि ! देवैः श्रियेऽर्चिते ! । शक्तिसूनोर्यथा सिद्धा तथा मे सिद्धिदा भव ॥३८
एष एव विधिर्ज्ञेयो वापने लवने तथा । प्रवेशने च धान्यानां खले गन्त्रीप्रवाहणे ॥३९॥
यत्नतः पालयन्नेव वृषभौ कर्षणं चरेत् । अपालयन्वाहयंस्तु कुम्भीपाके पतेद्ध्रुवम् ॥४०॥
अन्नार्थमसृजद्ब्रह्मा वृषभान्हर्यनुज्ञया । सर्वं जीवति चान्नेन त्रैलोक्यं सचराचरम् ॥४१॥
पालयद्भिरतस्तांस्तु कर्तव्यं कर्षणं द्विजैः । यथोक्तेन लाङ्गलादेश्च योजनम् ॥४२॥
शक्तिसूनोर्विना नाम सीतायाः स्थापनं विना । विनाऽभ्युक्षणरक्षाभ्यां कृषिकर्म न सिध्यति ॥४३॥
सीमां श्मशानभूमिं च वृक्षच्छायाक्षितिं तथा । भूमिं निरवातयूपां च कृषिकृन्नैव कर्षयेत् ॥४४॥

---

પછી લાલરંગથી રંગેલાં શીંગડાંવાળા બળદોને કંકુ ચોખા અને પુષ્પમાળા ધારણ કરાવી પૂજવા, ને પછીથી હળમાં જોડવા.[૩૬] હળની ફણાના અગ્ર ભાગમાં સુવર્ણ કે રૂપાને લેશમાત્ર ઘસી આ મંત્ર બોલવો કે, હે સીતા ! હે સૌમ્યા ! હે કુમારી ! હે દેવી ! તમે સંપત્તિની પ્રાપ્તિ માટે દેવતાઓ દ્વારા પૂજાયેલાં છો. તમે પણ જે રીતે પરાશરમુનિ અમને સિદ્ધિ આપનારા થયા છે, તેમ સિદ્ધિ આપનારાં થાઓ. પછી ખેતર ખેડવાની શુભ શરૂઆત કરવી.[૩૭-૩૮]

હે વિપ્ર ! આ ઉપરોક્ત વિધિ ધાન્યને વાવવામાં, લણવામાં, ખળામાં લઈ આવવામાં અને પ્રથમ ગાડુ જોડવામાં કરવાનો જાણવો.[૩૯] બળદોનું પ્રયત્નપૂર્વક પાલન-પોષણ કરતાં ખેતર ખેડવું, જો બરાબર પાલન-પોષણ કર્યા વિના બળદોને સાંતિમાં જોડે છે, તો ખેડૂત ચોક્કસ કુંભીપાક નરકમાં પડે છે.[૪૦] ભગવાન શ્રીહરિની આજ્ઞા થઈ તેથી બ્રહ્માએ અનાજ પેદા કરવા માટે જ બળદોને સર્જ્યા છે. ચરાચર સહિત સર્વે ત્રિલોકી આ બળદોના પકાવેલા ધાન્ય વડે જ જીવે છે.[૪૧] એથી ખેડૂતોએ યથાયોગ્ય બળદોનું પાલન પોષણ કરીને ખેતી કરવી. તેમજ વિધિપૂર્વક બળદોને હળે જોતરવા, પરંતુ પૂજા વિધિનું ઉલ્લંઘન ક્યારેય પણ કરવું નહિ.[૪૨] હે વિપ્ર ! શક્તિપુત્ર પરાશરમુનિના નામનું ઉચ્ચારણ કર્યા વગર કરેલી ખેતી સિદ્ધિ આપનાર થતી નથી. તેમજ સીતાદેવીની વિધિપૂર્વક સ્થાપના, પૂજા કર્યા વગર પણ કૃષિકર્મ સિદ્ધ થતું નથી. તેમજ મંત્રોના ઉચ્ચારણ પૂર્વક પ્રોક્ષણ કર્મ અને રક્ષા કર્મ કર્યા વિના પણ ખેતી કર્મ સિદ્ધ થતું નથી. એટલા જ માટે ખેડૂતે આ વિધિ અવશ્ય કરવો.[૪૩] સીમાડાની ભૂમિ, સ્મશાનની ભૂમિ,

नोषरां वाहयेद्भूमिं न चाश्मशर्करावृताम् । वाहयेन्नाप्रदत्तां च न नदीपुलिनं तथा ॥४५॥
यद्येतां वाहयेद्भूमिं लोभाद्द्वेषाच्च वा द्विजः । नरकं घोरतामिस्रं प्राप्नुयात्स न संशयः ॥४६॥
एकाङ्गुलामपि धरां परकीयां य आहरेत् । तेन पापेन पुरुषो रौरवं नरकं व्रजेत् ॥४७॥
न दूरे वाहयेत् क्षेत्रं न चैवात्यन्तिके तथा । वाहयेन्न पथि क्षेत्रं वाहयन् दुःखभाग्भवेत् ॥४८॥
अनवद्यां शुभां स्निग्धां जलावगाहनक्षमाम् । निम्नां च वाहयेद्भूमिं विश्राम्येद्यत्र वै जलम् ॥४९॥
महतीं च वृतिं कुर्यात् क्षेत्रस्य परितो दृढाम् । यथा पशुमृगाद्याश्च प्रविशेयुर्न कर्हिचित् ॥५०॥
ज्ञात्वा क्षेत्रगुणान्सम्यक्तत्तत्स्थाने यथोचितम् । बीजानि वापयेत्सीरी नित्योद्युक्तो भवेत्तथा ॥५१॥
अमावास्यादिने नैव गृही कुर्वीत कर्षणम् । कुर्वन्पातयते पितॄन्नरके च पतेत्स्वयम् ॥५२॥
सर्वसत्त्वोपकाराय सर्वयज्ञादिसिद्धये । नृपस्य कोशवृद्ध्यै च जायते कृषिकृन्नरः ॥५३॥

---

છાયાવાળા વૃક્ષોવાળી ભૂમિ, તેમજ યજ્ઞસ્તંભ સ્થાપન કરેલી ભૂમિને ખેડૂતે ખેડવી નહિ.[૪૪] ખારભૂમિ, પથ્થરા, કાંકરાવાળી અને કોઈએ અર્પણ નહીં કરેલી ભૂમિને પણ ખેડૂતે ખેડીને વાવવી નહિ. તેમજ નદીના કાંઠાવાળી કે નદીની રેતાળ ભૂમિમાં વાવણી કરવી નહિ.[૪૫] જે દ્વિજ ઉપરોક્ત સીમાડા આદિક ભૂમિને લોભ કે દ્વેષથી ખેડે છે, તો તે ઘોર નરકને પામે છે. તેમાં સંશય નથી.[૪૬]

હે વિપ્ર ! જે પુરુષ એક આંગળી જેટલી પણ પારકી ભૂમિ પોતાના ભાગ સાથે ખેડી નાખે છે. તે પુરુષ પાપથી રૈરવ નરકને પામે છે.[૪૭] પોતાના નિવાસથી દૂરના પ્રદેશનાં ખેતર અને ગામની અતિશય નજીકનાં ખેતર ન વાવવાં. તથા માર્ગમાં ખેતર ન વાવવું, જો વાવે તો દુઃખનો ભાગી થાય છે.[૪૮] ક્ષાર આદિકના દોષથી રહિતની પવિત્ર, કાંકરા આદિકથી રહિતની ચીકણી, પાણી વહેવાને યોગ્ય અને નીચા પ્રદેશમાં રહેલી ભૂમિને વાવવી. જે ભૂમિમાં જળ ઠરી શકે તેવી ભૂમિને વાવવી.[૪૯] ખેતરને ફરતી ઊંચી મજબૂત વાડ કરવી, કે જેનાથી ગાયો આદિક ગામનાં પશુઓ અને મૃગલાં આદિક જંગલી પશુઓ તે ખેતરમાં ક્યારેય પણ પ્રવેશી શકે નહિ.[૫૦]

હે વિપ્ર ! ખેતી કરનાર દ્વિજે ખેતરના ગુણોને સારી રીતે જાણીને યથોચિત બીજ વાવવાં ને હમેશાં તેની સારસંભાળ રાખવી.[૫૧] વળી ગૃહસ્થ દ્વિજે અમાવાસ્યાને દિવસે ખેડકર્મ ન કરવું, જો કરે તો પિતૃઓ નરકમાં પડે છે, અને સ્વયં પણ નરકમાં પડે છે.[૫૨] ખેતી કરનારો પુરુષ સર્વે પ્રાણીઓનો ઉપકારી, બ્રાહ્મણોના યજ્ઞોનો સિદ્ધિકારક અને રાજાના કોશનો વૃદ્ધિકારક થાય છે.[૫૩] એથી

अतः क्षुधापीडितानां सत्त्वानां तृप्तये द्विजः । दद्यान्मुष्टिं मुष्टिमन्नं कृषिदोषोपशान्तये ॥५४॥
यावतोऽन्नकणान्क्षेत्रे प्राणिनो भक्षयन्ति च । तावतः पातकात्क्षेत्री मुच्यते नात्र संशयः ॥५५॥
अन्नदानेन कृषिकृत्कृषिदोषाद्विमुच्यते । ततः सीतामखं कुर्यात्सिद्धसस्ये खलागते ॥५६॥
खलस्य परितः कुर्यात्प्रोच्चामतिघनां वृत्तिम् । एकद्वारं खरोष्ट्रादेर्दुःप्रवेशां सुरक्षिताम् ॥५७॥
त्रिसन्ध्यमर्चयेत्सीतां पराशरमृषिं स्मरन् । धान्यानि प्रोक्षयेत्तेषां रक्षां कुर्याच्च भस्मना ॥५८॥
प्रेतभूतादिनामानि न वदेच्च खले गृही । सूतिकागृहवत्तत्र कुर्वीत परिरक्षणम् ॥५९॥
प्रशस्तदिनपूर्वाह्णे धान्योन्मानं प्रकल्पयेत् । यजेत खलभिक्षाभिः काले रौहिण एव हि ॥६०॥
देवान्महेन्द्रप्रमुखान्सोमपादीन्पितृंस्तथा । सनकादीन्मनुष्यांश्चाप्युद्दिश्यान्नं ददीत सः ॥६१॥
खले यज्ञे विवाहे च सङ्क्रान्तौ ग्रहणे तथा । पुत्रे जाते व्यतीपाते दत्तं भवति चाक्षयम् ॥६२॥
पञ्चमः सप्तमो वापि नवमो द्वादशोऽथवा । शक्त्या देयो धान्यभागः सीरिणा तु खलक्रतौ ॥६३॥

---

દ્વિજ ખેડૂતે ખેતીના દોષની શાંતિ માટે અને ભૂખ્યા જંતુઓની તૃપ્તિ માટે સર્વેને એક એક મુઠ્ઠી અન્ન આપવું.[૫૪] જંતુઓ ખેતરમાં જેટલી સંખ્યામાં અનાજના દાણાઓનું ભક્ષણ કરે છે. તેટલી સંખ્યાના પાપથી ખેડૂત મુક્ત થાય છે. એમાં કોઈ સંશય નથી.[૫૫] ખેતી કરનારો પુરુષ અન્નના દાનથી ખેતીમાં થતા દોષથી મૂકાઈ જાય છે, તેથી ધાન્ય પાકે ને ખળામાં આવે, ત્યારે ખેડૂતે સીતાયજ્ઞ કરવો.[૫૬] હે વિપ્ર ! ત્યારે તે ખળાની ચારે બાજુ ફરતે ઊંચી, ઘાટી એક દ્વારવાળી ને ઊંટ તથા ગધેડાં પ્રવેશ ન કરી શકે તેવી સુરક્ષિત વાડ કરવી.[૫૭] પરાશર ઋષિનું સ્મરણ કરી ત્રણે કાળની સંધ્યામાં સીતાદેવીનું પૂજન કરવું, મંત્રયુક્ત જળથી ધાન્યને પ્રોક્ષણ કરવું, ધાન્યની ભસ્મથી પણ રક્ષા કરવી.[૫૮] વળી ખેડૂતે ખળામાં પ્રેત ભૂતાદિકના નામોનું ઉચ્ચારણ ન કરવું ને ખળાનું સૂતિકાગૃહની જેમ રક્ષણ કરવું.[૫૯] યમઘંટાદિ દોષ વગરના ઉત્તમ દિવસે દિવસના પૂર્વના ભાગમાં ત્રાજવા આદિકથી ધાન્યને માપવું. દિવસના નવમાં મુહૂર્તમાં ભિક્ષા લેવા આવેલા બ્રાહ્મણોને ભિક્ષાના પ્રદાનથી દેવતાનું યજન કરવું.[૬૦] બ્રાહ્મણોને દાન આપતી વખતે ઈન્દ્રાદિ દેવતાઓ, સોમનું પાન કરનારા પિતૃઓ અને સનકાદિક મનુષ્યોનો ઉદ્દેશ કરીને ખેડૂતે બ્રાહ્મણોને અન્નનું દાન કરવું.[૬૧]

હે વિપ્ર ! ખળાના યજ્ઞમાં, વિવાહમાં, સંક્રાંતિને દિવસે, ગ્રહણને દિવસે, પુત્રના જન્મને દિવસે અને વ્યતિપાતના યોગમાં આપેલું દાન અક્ષયફળ આપનારૂં થાય છે.[૬૨] હળથી ઉત્પન્ન કરેલા ધાન્યનો ખળાના યજ્ઞમાં પાંચમો, સાતમો, નવમો

ये केचिदागतास्तत्र पूज्यास्तेऽतिथिवद्द्विजाः । स्तोकशः सीरिभीः सर्वैः कृषिकैर्गृहमेधिभिः ६४
शूद्राश्च कारवोऽन्ये च पतिता नीचयोनयः । दीना अनाथाः क्लीबाश्च कुष्ठिनो दद्रुणास्तथा ॥६५॥
अन्धाश्च बधिरा मूकाः खञ्जाश्चण्डालपुष्कसाः । अन्नार्थिनश्च ये केचिच्छक्त्या तेभ्योऽन्नमर्पयेत् ६६
वाचा मधुरया तांश्च विसृज्याथ निजे गृहे । आनीय धान्यं कुर्वीत नवान्नेष्टिं यथाविधि ॥६७॥
राज्ञे दत्वा च षष्ठांशं देवताभ्यश्च विंशकम् । त्रिंशत्तमं च विप्रेभ्यः कृषिकर्ता न दोषभाक् ॥६८॥
वदन्ति ऋषयः केचित्कृष्यादीनां विशुद्धये । लाभस्यांशप्रदानं तत्सर्वेषां शुद्धिकृद्भवेत् ॥६९॥
प्रतिग्रहाच्चतुर्थांशं वणिग्लाभात्तृतीयकम् । कृषितो विंशकं भागं ददतो नास्ति पातकम् ॥७०॥
काऽपि वृत्तिः कृषेरन्या नास्त्येव सुकरा कलौ । न कृषितोऽन्यत्र यदि धर्मेण कर्षति ॥७१॥
अवस्त्रत्वं निरन्नत्वं कृषितो नैव जायते । अनातिथ्यं च दुःस्थत्वं गोमतो न कदाचन ॥७२॥

---

**અથવા બારમો ભાગ પોતાની શક્તિને અનુસારે દાનમાં આપવો.[૬૩] હળથી ખેતી કરનારા સર્વે પુરુષોએ ખળાના યજ્ઞમાં જે કોઈ બ્રાહ્મણો આવે તે સર્વેને અતિથિઓની જેમ એક એક ધાન્યની મુઠ્ઠી આપીને પણ પૂજવા.[૬૪] તેમજ શૂદ્ર, સુથાર, પતિત, નીચયોનિમાં જન્મેલા, દીનદુઃખી, અનાથ, નપુંસક, કુષ્ઠરોગી, ધાધરનારોગી, આંધળા, બહેરા, મૂંગા, ખોડા અને ચંડાળ આદિ જે જે કોઈ અન્નાર્થી આવે તેમને પોતાની શક્તિ પ્રમાણે ધાન્ય અર્પણ કરવું.[૬૫-૬૬] ખળામાં આવેલા સર્વે બ્રાહ્મણાદિકને મધુર વાણીથી સત્કારી યથાશક્તિ અન્નદાન કરીને પાછા વાળવા. પછી પોતાના ઘરે ધાન્ય લાવવું ને વિધિ પ્રમાણે નવાન્ન ઈષ્ટકર્મ કરવું.[૬૭] હે વિપ્ર ! ખેડૂતે રાજાને છઠ્ઠો ભાગ, દેવતાઓને વીશમો અને વિપ્રોને ત્રીશમો ભાગ અર્પણ કરવો, આમ કરવાથી ખેડૂતને ખેતી જન્ય કોઈ પણ પ્રકારનો દોષ લાગતો નથી.[૬૮] કેટલાક ઋષિમુનિઓ ખેતી આદિક આવકની શુદ્ધિમાટે પ્રાપ્ત થયેલા પદાર્થમાત્રમાંથી આગળ કહેવાશે તે પ્રમાણે અમુક અંશનો ભાગ આપવાથી સર્વેની શુદ્ધિ થાય છે. એમ કહેલું છે.[૬૯] તેમાં દાન ગ્રહણ કરવાથી પ્રાપ્ત થયેલાં દ્રવ્યનો ચોથો ભાગ, વેપારમાંથી, પ્રાપ્ત થયેલાં દ્રવ્યનો ત્રીજો ભાગ અને ખેતીથી પ્રાપ્ત થયેલાં દ્રવ્યનો વીસમો ભાગ દાનમાં અર્પણ કરી દેવાથી ખેડૂતને પાપ લાગતું નથી.[૭૦]**

**હે વિપ્ર ! જો ધર્મસાથે ખેતી કરવામાં આવે તો આ કલિયુગને વિષે આના સિવાયની બીજી કોઈ આજીવિકાવૃત્તિ શ્રેષ્ઠ નથી, તેમજ ખેતી જેવું બીજે સુખ નથી.[૭૧] અને ખેતી કરવાથી અન્નરહિતપણું કે નિર્વસ્ત્રપણું ક્યારેય પ્રાપ્ત થતું નથી. અસન-વસન આદિ સર્વે સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે, તેથી આતિથ્ય સત્કારમાં પણ**

त्रैवर्णिकानां कृषिकर्मणो यो विधिः स ते विप्रवरोदितोऽसौ ।
पराशरस्यैव ऋषेर्मतेन द्विजैस्तथैवाचरणीय एषः ॥७३॥

**इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे गृहस्थधर्मेषु कृषिकर्मविधिनिरूपणनामा पञ्चदशोऽध्यायः ॥१५॥**

---

**शोडदशोऽध्यायः - १६**

**श्रीनारायणमुनिरुवाच :-**

मातापित्रोर्गुरूणां च पूजा बहुमता मम । या द्विजानां गृहस्थानामिहामुत्र सुखप्रदा ॥१॥
यच्च तेऽभ्यनुजानीयुः स धर्म इति निश्चियः । एत एव त्रयो वेदास्त्रयो देवास्त्रयोऽग्नयः ॥२॥
त्रिष्वेतेष्वप्रमाद्यन् यस्त्रींल्लोकान्स जयेद्ध्रुवम् । नैतान्क्वाप्यवमन्येत नित्यं ह्यनुसरेद्द्विजः ॥३॥

---

સરળતા રહે છે અને તેને આપત્કાળનો પ્રસંગ જ નથી આવતો.[૭૨] હે વિપ્રવર ! પરાશર મહર્ષિના મતથી જ બ્રાહ્મણાદિ ત્રણે વર્ણના જનોએ જે ખેતી કરવાનો વિધિ છે તે તમને મેં કહ્યો, તે પ્રમાણે વિધિનું અનુસરણ કરવું, અહીં વિસ્તારના ભયથી સર્વે વિધિ ટૂંકમાં કહ્યો છે, વિશેષ વિસ્તાર બૃહત્પરાશર સ્મૃતિ થકી જાણી લેવો.[૭૩]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ ગૃહસ્થોના ધર્મમાં ખેતીકર્મ કરવાના વિધિનું નિરૂપણ કર્યું, એ નામે પંદરમો અધ્યાય પૂર્ણ થયો. --૧૫--**

---

## અધ્યાય - ૧૬

## ગૃહસ્થના ધર્મોમાં ગુરુજનોના સન્માન વિધિનું નિરૂપણ.

ભગવાન શ્રી નારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! માતા પિતા અને ગુરૂની પૂજા મને અતિશય પ્રિય લાગે છે. કારણ કે એ પૂજા ગૃહસ્થ એવા દ્વિજાતિજનોને આલોક તથા પરકોલમાં મહાસુખ આપનારી થાય છે.[૧] માતા-પિતા અને ગુરૂ જે આજ્ઞા કરે તે ધર્મ છે. કારણ કે એ ત્રણેય ત્રણ વેદ, ત્રણ દેવતા અને ત્રણ અગ્નિ સમાન પૂજ્ય છે.[૨] હે વિપ્ર ! આ ત્રણે સ્વધર્મનિષ્ઠ હોય તેનો જ આવો મહિમા છે

तेषामनादरात्सर्वाः सत्क्रियाः स्युर्हि निष्फलाः । न चायं न परो लोकः शुभस्तदवमानिनः ॥४॥
श्रोत्रियेभ्यो दशभ्यश्च सदाचार्योऽधिको मतः । तेभ्यो दशभ्य एकः स्यादुपाध्यायोऽधिकः किल ५
तेभ्यो दशभ्यश्च पिता गौरवेणातिरिच्यते । पितुर्दशगुणं माता पूजनीया गरीयसी ॥६॥
गुरुर्गरीयान्पितृतो मातृतश्चापि मे मतः । शरीरमेव सृजतः पितरौ धर्मकारणम् ॥७॥
गुरुस्तु ज्ञानदानेन शिष्यं शारीरबन्धनात् । विमोचयति तेनासौ गरीयानुच्यते ततः ॥८॥
दोषयुक्ता अपि च ते दूषणीया न सूनुना । न ताड्या भर्त्सनीया वा पूजनीया हि सर्वथा ॥९॥
उपदेशैर्निजाज्ञानं हृत्वा योऽमृतमृच्छति । तस्मै न गुरवे द्रुह्येज्जानन्नस्य कृतं बुधः ॥१०॥
यतश्च विद्यामाप्नोति वाङ्मनःकर्मभिस्तु तम् । यो नार्चयति तस्य स्याच्छ्रुतं सर्वं हि निष्फलम् ११
गुरोरनादरं कुर्याद्यः पुमान्दर्पमोहितः । भ्रूणहत्यादिकं पापं प्राप्नुयात्स न संशयः ॥१२॥

---

પરંતુ અધર્મી હોય તો તત્કાળ ત્યાગ કરવા યોગ્ય પણ છે. જે દ્વિજાતિ ગૃહસ્થ આ ત્રણેની સેવામાં પ્રમાદ કરતો નથી તે ત્રિલોકી ઉપર વિજય મેળવે એમાં કોઈ સંશય નથી. તેથી માતા પિતા અને ગુરુની અવજ્ઞા ક્યારેય પણ ન કરવી, હમેશાં તેઓની અનુવૃત્તિમાંજ વર્તવું.[૩] તેઓનો અનાદર કરવાથી સર્વે સત્કર્મો નિષ્ફળ થઈ જાય છે. કારણ કે તેઓની અવજ્ઞા કરનારનું આલોકમાં કે પરલોકમાં ક્યારેય શુભ થતું નથી.[૪]

હે વિપ્ર ! વેદનો અભ્યાસ કરનારા દશ ક્ષોત્રિય બ્રાહ્મણો થકી વેદના અધ્યાપક આચાર્ય સર્વદા અધિક શ્રેષ્ઠ છે. આવા દશ આચાર્યો થકી આધ્યાપક કે જે સર્વે ક્રિયા કરીને પણ વેદનું અધ્યાપન કરાવે છે એવા ગુરુ અધિક શ્રેષ્ઠ છે.[૫] આવા દશ ગુરૂ થકી પિતા શ્રેષ્ઠ છે. અને પિતા કરતાં માતા દશગણી શ્રેષ્ઠ છે, માટે તેઓ પૂજનીય છે.[૬] અને તેથી આત્મા પરમાત્માનું જ્ઞાન પ્રદાન કરનાર ગુરૂ અતિ શ્રેષ્ઠ છે, એવો મારો મત છે. કારણ કે માતા પિતા ધર્મનું સાધન એવાં શરીરનાં માત્ર સર્જક છે.[૭] જ્યારે ગુરૂ તો જ્ઞાનનું પ્રદાન કરી શિષ્યને અનાદિ અવિદ્યારૂપ બંધનમાંથી છોડાવે છે તેથી ગુરૂ મહાન કહેલા છે.[૮] હે વિપ્ર ! તે ત્રણે દોષે યુક્ત હોય છતાં તેઓને પુત્રે દૂષણ ન આપવું, ક્રોધના આવેશમાં આવી તાડન કરવું નહિ, તેમજ તિરસ્કાર પણ ન કરવો. પરંતુ સર્વ પ્રકારે તેઓને પૂજ્યપણે માનવા.[૯] જે ગુરુ આત્મસ્વરૂપનો બોધ આપી પોતાના શિષ્યનું અજ્ઞાન હરી મોક્ષની પ્રાપ્તિ કરાવી હોય તેણે કરેલા ઉપકારને જાણતો બુદ્ધિમાન શિષ્ય ગુરુનો દ્રોહ ન કરે.[૧૦] કારણ કે જે ગુરુનું કાયા મન વાણીથી પૂજન કરતો નથી, તે શિષ્યની સર્વે વિદ્યા

प्रजापतिं प्रीणयति पितरं प्रीणयन्पुमान् । मातरं प्रीणयन्पृथ्वीं प्रीणयत्येव पूरुषः ॥१३॥
ब्रह्मैव पूजितं तेन गुरुर्येन प्रपूजितः । मातृतः पितृतश्चापि तस्मात्पूज्यतमो गुरुः ॥१४॥
मातरं पितरं तस्माद्गुरुं चानुसरेत्सदा । एषां त्रयाणां द्रोग्धा तु कुम्भीपाके पतेद्ध्रुवम् ॥१५॥
मित्रद्रुहः कृतघ्नस्य सीरघ्नगुरुघातिनोः । यत्पापं जायते पुंसो निष्कृतिर्नास्ति तस्य हि ॥१६॥
पित्रादिभिस्त्रिभिर्नैव गृहस्थः संवदेत्क्वचित् । तथर्त्वग्भिर्मातुलेन दासैश्चातिथिभिः ॥१७॥
वृद्धबालातुरकृशैर्ज्ञातिसम्बन्धिबान्धवैः । भ्रात्रा दुहित्रा पुत्रेण जामीभिर्भार्यया तथा ॥१८॥
गृहस्थ एतैः संवादं न कुर्वीत कदाचन । एतैर्जितस्तु जयति सर्वांल्लोकान्न संशयः ॥१९॥
स्वहितार्थी द्विजन्मा च नित्यं सच्छास्त्रसेवनम् । कुर्यात्तदर्थाज्ञाने तु सतः पृच्छेच्च तद्विदः ॥२०॥
यः प्रवृत्तां श्रुतिं सम्यक् शास्त्रं वा ऋषिभाषितम् । दूषयेदनभिज्ञाय स भवेद्ब्रह्मघातकः ॥२१॥

---

**નિષ્ફળ જાયછે.[૧૧] જે પુરુષ ગર્વથી મોહ પામી ગુરૂનો અનાદર કરે છે, તે ભ્રૂણહત્યાના પાપ કરતાં પણ અધિક પાપનો ભાગીદાર થાય છે. તેમાં કોઈ સંશય નથી.[૧૨]**

**હે વિપ્ર ! જે પુરુષે પિતાને પ્રસન્ન કર્યા છે, તેણે પ્રજાપતિ બ્રહ્માજીને પ્રસન્ન કર્યા બરાબર છે. અને માતાને પ્રસન્ન કરી છે, તેણે આખી પૃથ્વીદેવીને રાજી કરી છે.[૧૩] અને જેણે ગુરૂને પૂજ્યા છે તેણે બ્રહ્મ એવા શ્રીવાસુદેવ ભગવાનની પૂજા કરી છે. તેથી ગુરૂ છે તે માતા-પિતા થકી પણ વધુ પૂજનીય છે.[૧૪] માટે પુત્રે માતા-પિતા અને ગુરુને નિત્યે અનુસરવું, એ ત્રણનો દ્રોહ કરનાર પુરુષ કુંભીપાક નરકમાં પડે છે, તેમાં સંશય નથી.[૧૫] મિત્રનો દ્રોહ કરનાર, કૃત્ઘ્ની, ખેતીનો નાશ કરનાર અને ગુરુની હત્યા કરનાર, આ ચારને જે પાપ થાય છે, તેનું પ્રાયશ્ચિત શાસ્ત્રમાં લખ્યું નથી. તેથી તે કર્મ ક્યારેય ન કરવું.[૧૬] હે વિપ્ર ! ગૃહસ્થ પુરુષે પિતા આદિક ત્રણની સાથે ક્યારેય વિવાદ ન કરવો. તેમજ ઋત્વિજ, વિપ્રો, મામા, નોકરો અને અતિથિઓની સાથે પણ વિવાદ ન કરવો.[૧૭] અને વૃદ્ધ, બાળક, રોગી, જ્ઞાતિજનો, ભાઈ, પુત્રી, પુત્ર, કુલભાર્યા, સાસુ તથા પત્ની તેની સાથે પણ ક્યારેય વિવાદ ન કરવો.[૧૮] પરંતુ તેઓને સંતોષ પમાડી તેઓને વશ વર્તવું. તેઓને રાજી રાખવાથી સર્વે લોકો ઉપર વિજય પ્રાપ્ત થાય છે. તેમાં સંશય નથી.[૧૯]**

**હે વિપ્ર ! પોતાનું હિત ઈચ્છતા દ્વિજાતિ પુરુષે હમેશાં સત્શાસ્ત્રોનું સેવન કરવું, જો તે સત્શાસ્ત્રોના અર્થો સમજી ન શકાય તો સત્પુરુષોને પૂછવું.[૨૦] જે દ્વિજાતિ પુરુષ પ્રવૃત્તિ માર્ગનો બોધ કરાવનારી શ્રુતિઓને તથા જૈમિની આદિ ઋષિઓએ**

यतेरन्नं न भोक्तव्यं प्राणैः कण्ठगतैरपि । गोमांसेन समं तत्तु सुराबिन्दुसमं जलम् ॥२२॥
यतीनां काञ्चनं दत्त्वा ताम्बूलं ब्रह्मचारिणाम् । चौराणामभयं दत्त्वा दातापि नरकं व्रजेत् ॥२३॥
यतिभ्यः श्रद्धया दद्याद्भिक्षां पात्रप्रपूरणीम् । सर्वैं रसैरुपेतां च तत्पुण्यं स्यादनन्तकम् ॥२४॥
यो व्याधितानां भिक्षूणां कुर्यात्स्थानं शुभं च तान् । पथ्यादिभिः परिचरेत्तस्य पुण्यमनन्तकम् ॥२५
यतिं दृष्ट्वा समुत्थाय नत्वा पाद्यासनादिभिः । मानयेद्यो गृही नैव तस्य पुण्यं निरर्थकम् ॥२६॥
भिक्षमाणो ब्रह्मचारी यतिस्त्यागी द्विजोऽपि वा । येनापमानितो भिक्षामदत्त्वा स तु ब्रह्महा ॥२७॥
माता पिता गुरुः पत्नी स्वस्यापत्यानि चाश्रिताः । अभ्यागतोऽतिथिश्चाग्निः पोष्या नित्यममी नव २८
दीनानाथविशिष्टेभ्यो दातव्यं भूतिकाम्यया । अदत्तदाना जायन्ते परभाग्योपजीविनः ॥२९॥
न्यायागतेन द्रव्येण कर्तव्यं पारलौकिकम् । दानं च विधिना देयं काले पात्रे च भावतः ॥३०॥

---

કહેલા પૂર્વમીમાંસાદિ સત્શાસ્ત્રોને રૂડીરીતે સમજ્યા વિના અને અભિપ્રાયને જાણ્યા વિના દોષ યુક્ત કહે છે તે બ્રહ્મહત્યારો છે.[૨૧] પ્રાણ કંઠે આવ્યા હોય છતાં ગૃહસ્થે સંન્યાસીનું અન્ન ન ખાવું, કારણ કે તે અન્ન ગોમાંસ તુલ્ય જાણવું અને તેમનું જળ સુરા તુલ્ય જાણવું.[૨૨] હે વિપ્ર ! સંન્યાસીને સુવર્ણનું દાન કરીને, બ્રહ્મચારીને તાંબૂલનું દાન કરીને અને ચોરને અભયનું દાન કરીને દાતા પણ નરકમાં જાય છે. માટે તેઓને આ પ્રકારનું દાન ન કરવું.[૨૩] સંન્યાસીઓને આખું પાત્ર ભરાય તેટલી સર્વે રસે યુક્ત ભિક્ષા અતિશય શ્રદ્ધાપૂર્વક આપવી, તેથી ગૃહસ્થને અનંતગણું ફળ મળે છે.[૨૪] જે મનુષ્ય રોગીઓ માટે ઔષધાલયો અને ભિક્ષુકો માટે ધર્મશાળા બંધાવે છે, અને તેઓની ઔષધી તેમજ અન્નાદિકથી સેવા કરે છે તેને અનંત પુણ્ય પ્રાપ્ત થાય છે.[૨૫] જે સંન્યાસીને જોઇ ઊભા થઈ નમસ્કાર કરતા નથી. તેમનાં ચરણ ધોવાં, આસન આપવું, આદિથી સત્કાર કરતા નથી તો તેણે પૂર્વે કરેલાં સત્કર્મો નિરર્થક થઈ જાય છે.[૨૬] ભિક્ષાની યાચના કરનાર બ્રહ્મચારી, સંન્યાસી, ત્યાગી સાધુ અને બ્રાહ્મણને જે ભિક્ષા આપતો નથી, ને અપમાનિત કરે છે, તે પુરુષને બ્રહ્મહત્યાનું પાપ લાગે છે.[૨૭]

હે વિપ્ર ! માતા, પિતા, ગુરૂ, પત્ની, સંતાનો, આશ્રયે જીવતો, અભ્યાગત, અતિથિ અને અગ્નિ, આ નવનું ગૃહસ્થે નિત્ય પોષણ કરવું.[૨૮] પોતાનો અભ્યુદય ઇચ્છતા મનુષ્યે ગરીબ, અનાથ અને વિદ્યાદિક ગુણોથી વિશિષ્ઠ વ્યક્તિઓને યથાશક્તિ અન્ન આપવું, જો ન આપે તો પરના ભાગ્ય ઉપર જીવતો થાય છે.[૨૯] તેથી સદ્‌ગૃહસ્થે ન્યાયથી પ્રાપ્ત કરેલા દ્રવ્યથી પોતાનું પરલોકમાં હિત કરે તેવા

विधिहीनमपात्रे च यो ददाति प्रतिग्रहम् । न केवलं हि तद्याति शेषं तस्य विनश्यति ॥३१॥
अनृतेन क्षरेद्यज्ञस्तपो विस्मयतः क्षरेत् । क्षरेत्कीर्तनतो दानमायुर्विप्रावमानतः ॥३२॥
वयोवृद्धांस्तपोवृद्धाञ्ज्ञात्युत्कृष्टान्यथोचितम् । मानयेद्विनयेनैव गृही निर्मत्सरः सदा ॥३३॥
विप्राणां ज्ञानतो ज्यैष्ठ्यं बाहुजानां तु वीर्यतः । वैश्यानां धनधान्याभ्यामितरेषां तु जन्मतः ॥३४॥
पुरःस्थितं क्रमप्राप्तं ब्राह्मणं भोजनेऽर्चने । दाने चापि विहायान्यं न स्वीकुर्यात्कदाचन ॥३५॥
ब्राह्मणातिक्रमे दोषो मूर्खविप्रे न विद्यते । ज्वलन्तमग्निमुत्सृज्य न हि भस्मनि हूयते ॥३६॥
यो मानयेद्गुरुजनान्विनयेन विप्रान् साधूंश्च सोऽत्र लभते महतीं हि कीर्तिम् ।
मृत्वा परत्र च निजेप्सितभूरिसौख्यं प्राप्नोति वै गृहिजनो द्विजवर्य ! ॥३७॥

યજ્ઞયાગાદિક કરવા અને જ્યારે દાન દેવાનો અવસર પ્રાપ્ત થાય ત્યારે સત્પાત્રમાં ભાવથી વિધિપૂર્વક દાન અર્પણ કરવું.[૩૦] જે ગૃહસ્થ શાસ્ત્રોક્ત વિધિ છોડીને ઈચ્છાનુસાર અપાત્રમાં દાન આપે છે, તે કેવળ નાશ પામે છે, એટલું જ નહિ, પરંતુ દાન કરતાં બાકી રહેલું દ્રવ્ય પણ વિનાશ પામે છે, તેથી વિધિપૂર્વક અને સત્પાત્રમાં દાન કરવું.[૩૧]

હે વિપ્ર ! વારંવાર અસત્ય બોલવાથી વિધિપૂર્વક કરેલા યજ્ઞયાગાદિકનું સુકૃત ધીમે ધીમે નાશ પામી જાય છે. તથા વિસ્મય પામવાથી કે અહો ! ! ! મેં કેવું મોટું તપ કર્યું ? આવા સંકલ્પ માત્રથી અને પોતે કરેલા દાનનો સર્વત્ર પ્રચાર કરવાથી પુણ્યનો નાશ થઈ જાય છે. અને બ્રાહ્મણોનું અપમાન કરવાથી આયુષ્યનો નાશ થાય છે. માટે તેમ ન કરવું.[૩૨] તથા ગૃહસ્થે મત્સર છોડીને વયોવૃદ્ધ, તપોવૃદ્ધ અને જાતિમાં અતિશ્રેષ્ઠ જનોને યથાયોગ્ય વિનયથી માન આપવું.[૩૩] બ્રાહ્મણોનું વેદાદિ સત્શાસ્ત્રોનું અધ્યયન કરવાથી, ક્ષત્રિયોનું શરીરની બુદ્ધિ આદિ શક્તિથી, વૈશ્યોનું ધન અને ધાન્યાદિ સમૃદ્ધિથી અને શૂદ્રોનું જન્મથી અર્થાત્ માતપિતાની શુદ્ધતા ઉપર શ્રેષ્ઠપણું છે.[૩૪] હે વિપ્ર ! ભોજનની પંક્તિમાં, પૂજન સમયે અને દાન આપવાના સમયે, પોતાની આગળ રહેલા અને ક્રમ પ્રમાણે આવતા બ્રાહ્મણને છોડીને આગળ બીજાનો ક્યારેય પણ સ્વીકાર ન કરવો, અર્થાત્ ક્રમનો ભંગ કરીને આપવું નહિ.[૩૫] કારણ કે બ્રાહ્મણના અતિક્રમણમાં જે દોષ શાસ્ત્રમાં કહેલો છે. તે દોષ મૂર્ખવિપ્રમાં પણ હોય નહિ, કારણ કે બળતા અગ્નિને છોડીને ભસ્મમાં કોઈ હોમ કરે નહિ.[૩૬] તે જ રીતે એક પંક્તિમાં બેઠેલા વિદ્વાન બ્રાહ્મણને જોઈ સામાન્ય બ્રાહ્મણને છોડી દેવો નહિ, આવો અભિપ્રાય છે. બ્રાહ્મણ અગ્નિ સમાન

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे गृहस्थधर्मेषु गुरुजनसन्माननिरूपणनामा षोडशोऽध्यायः ॥१६॥*

---

## सप्तदशोऽध्यायः - १७

**श्रीनारायणमुनिरुवाच :-**

वदाम्यथ सदाचारं गृहस्थानां हितावहम् । सद्भिराचर्यते यस्मात्सदाचारस्ततो मतः ॥१॥

आचारवन्तो मनुजा लभन्ते आयुश्च वित्तं च सुतांश्च सौख्यम् ।
धर्मं तथा शाश्वतमीशलोकमत्रापि विद्वज्जनपूज्यतां च ॥२॥

आचारेण सदा विद्वान्वर्तते यो जितेन्द्रियः । स ब्रह्म परमभ्येति वरेण्योऽमुत्र चेह च ॥३॥

---

તેજસ્વી છે.[૩૭] હે ઉત્તમવિપ્ર ! જે મનુષ્ય ગુરૂજનો, માતા, પિતા, બ્રાહ્મણો અને સાધુઓને વિનયપૂર્વક માન આપે છે. તે આ લોકમાં મહાન કીર્તિને પામે છે. અને મૃત્યુ પછી પરલોકમાં પોતાને મનોવાંછિત અનંત સુખો પ્રાપ્ત કરે છે.[૩૭]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતા શ્રીહરિ ગૃહસ્થ જનોને માટે માતા-પિતા-ગુરૂજનોનું સન્માન કરવાદિનું નિરૂપણ કર્યું, એ નામે સોળમો અધ્યાય પૂર્ણ થયો. -૧૬-**

---

## અધ્યાય - ૧૭

## ભગવાન શ્રીહરિએ કહેલો ગૃહસ્થનો સદાચાર.

ભગવાન શ્રીનારાયણ મુનિ કહે છે, હે બ્રહ્મન્ ! હવે હું તમને ગૃહસ્થોને માટે હિતકારી સદાચાર બતાવું છું. સદાચાર એટલે કે જે ધર્મોનું સત્પુરુષોએ આચરણ કર્યું હોય તેવો આચાર.[૧] આવા સદાચારનું પાલન કરનારા પુરુષો દીર્ઘાયુષ્ય, ધન, પુત્ર પરિવાર, સુખ અને ધર્મ તથા સનાતન ભગવદ્ ધામને પામે છે. તેમજ આલોકમાં પણ તે વિદ્વાન જનોને માટે પૂજ્ય ભાવ સમાન આદર પામે છે. તો સમાન્ય જનો માટે આદરણીય થાય તેમાં શું કહેવું ?[૨] વળી જે વિદ્વાન પુરુષો જીતેન્દ્રિય થઈ નિરંતર સદાચારવાળો થાય છે. તે પરબ્રહ્મ શ્રીવાસુદેવ ભગવાનને પામે છે, તે આલોક અને પરલોકમાં શરણે જવા લાયક શ્રેષ્ઠ સાબિત

आचारः परमो धर्म आचारः परमं तपः । आचाराद्वर्धते ह्यायुराचारात्पापसङ्क्षयः ॥४॥
रागविद्वेषरहिता अनुतिष्ठन्ति यं भुवि । विद्वांसस्तं सदाचारं धर्ममूलं विदुर्बुधाः ॥५॥
प्रथमं धर्मसर्वस्वं यमाश्च नियमा मताः । अतस्तेष्वेव कर्तव्यः प्रयत्नः सर्वथा बुधैः ॥६॥
सत्यं क्षमार्जवं ध्यानमानृशंस्यमहिंसनम् । दमः प्रसादो माधुर्यं मृदुतेति यमा दश ॥७॥
शौचं स्नानं तपो दानं मौनेज्याध्ययनं व्रतम् । उपोषणं ब्रह्मचर्यं दशैते नियमां स्मृताः ॥८॥
कामं क्रोधं मदं मोहं मात्सर्यं लोभमेव च । अमीन् षड्वैरिणो जित्वा सर्वत्र विजयी भवेत् ॥९॥
धर्ममेव सदा रक्षेत्परलोकसुखावहम् । नान्यः कोऽपि सहायोऽस्ति जनस्यामुत्र तं विना ॥१०॥
गृहेभ्योऽर्थानिवर्तन्ते श्मशानात्पुत्रबान्धवाः । स्वकृतं केवलं कर्म गच्छन्तमनुगच्छति ॥११॥
अनभ्यासात्तु वेदानां सदाचारस्य वर्जनात् । आलस्यादन्नदोषाच्च द्विजान्मृत्युर्जिघांसति ॥१२॥
ततोऽभ्यसेत्प्रयत्नेन सदाचारं सदा द्विजः । तीर्थान्यप्यभिवाञ्छन्ति सदाचारसमागमम् ॥१३॥

---

થાય છે.[૩] કારણ કે આચાર પરમ ધર્મ અને પરમ તપ છે, આચારથી આયુષ્ય વધે છે અને પાપનો વિનાશ થાય છે.[૪] રાગદ્વેષથી રહિત થયેલા વિદ્વાનો આ પૃથ્વી પર જે સદાચારનું આચરણ કરે છે, તેને જ્ઞાની પુરુષો ધર્મનું મૂળ કહે છે.[૫] સમસ્ત ધર્મનાં મૂળ યમો અને નિયમોને માનેલાં છે. તેથી જ્ઞાનીપુરુષોએ તે યમ અને નિયમના પાલનમાં જ પરિશ્રમ કરવો.[૬]

**દશ યમો અને દશ નિયમો :–** સત્ય, ક્ષમા, સરળતા, ધ્યાન, અક્રૂરપણું, અહિંસા, બાહ્ય ઈન્દ્રિયોનું દમન, દયા, માધુર્ય, અને મૃદુતા આ દશ યમો કહેલાં છે.[૭] શૌચ અર્થાત્ આહાર આદિકની શુદ્ધિ, સ્નાન, તપ, દાન, મૌન, ઈષ્ટદેવની પૂજા, શાસ્ત્રાધ્યયન, એકાદશીઆદિ વ્રતોનો ઉપવાસ અને બ્રહ્મચર્યનું પાલન, આ દશ નિયમો કહેલાં છે.[૮] કામ, ક્રોધ, મદ, મોહ, મત્સર અને લોભ, આ છ શત્રુઓને જીતી સર્વ સ્થાનોમાં વિજયી થવું.[૯] પરલોકમાં સુખ આપનારા ધર્મનું સદાય રક્ષણ કરવું, કારણ કે તે ધર્મ વિના પરલોકમાં બીજો કોઈ મનુષ્યને સહાય કરનાર હોતો નથી.[૧૦] પોતાનું ધન ઘરમાં જ રહી જાય છે, પુત્રાદિ સંબંધીઓ સ્મશાનથી પાછા ફરે છે, પરંતુ શરીરને છોડીને જતા પુરુષની સાથે કેવળ એક ધર્મ સહાયરૂપ હોઈ પાછળ જાય છે.[૧૧] જે મનુષ્ય વેદોનો પાઠ કરતો નથી. સદાચારનું પાલન કરતો નથી. ધર્મપાલનમાં આળસ કરે છે અને નિષેધ કરેલાં અન્નનું ભક્ષણ કરે છે, તેવા મનુષ્યને યમરાજા મારવા ઈચ્છે છે.[૧૨] તેથી પોતાનું હિત ઈચ્છનારે આ ચાર દોષથી હમેશાં બચતા રહેવું, તેમજ દ્વિજાતિ પુરુષે પ્રયત્નપૂર્વક

ब्राह्मे मूहूर्त उत्थाय चिन्तयेदात्मनो हितम् । रजन्या अन्तिमो यामो मुहूर्तो ब्राह्म उच्यते ॥१४॥
उपान्त्यो वा मुहूर्तोऽपि रजन्या ब्राह्मसंज्ञितः । तत्र निद्रा तु या नृणां सा पुण्यक्षयकारिणी ॥१५॥
सुप्त्वा प्रभादतस्तत्र तद्दोषस्यापनुत्तये । प्रायश्चित्तं प्रकुर्वीत पादकृच्छ्रं द्विजः खलु ॥१६॥
ध्यात्वा ततः स्वहृदये सद्गुरुं प्रणमेद्धरिम् । भक्तानां तस्य नामानि कीर्तयन्प्रणमेन्मुदा ॥१७॥
तद्विभूतीस्तथा देवान्महर्षींश्चापि संस्मरन् । पुण्यक्षेत्राणि गङ्गाद्याः सरितः प्रणमेत्स च ॥१८॥

प्रातः स्मरामि भवभीतिमहार्तिशान्त्यै नारायणं गरुडवाहनमब्जनाभम् ।
ग्राहाभिभूतवरवारणमुक्तिहेतुं चक्रायुधं तरुणवारिजपत्रनेत्रम् ॥१९॥
प्रातर्नमामि मनसा वचसा च मुर्ध्ना पादारविन्दयुगलं परमस्य पुंसः ।
नारायणस्य नरकार्णवतारकस्य पारायणप्रवरविप्रपरायणस्य ॥२०॥

---

સદાચારનું હમેશાં પાલન કરવું. તીર્થો પણ સદાચારી પુરુષોનો સમાગમ ઇચ્છે છે.[૧૩]

**બ્રાહ્મમુહૂર્તથી શયન સુધીનો ગૃહસ્થનો સદાચાર :–** હે વિપ્ર ! મનુષ્યોએ બ્રાહ્મમુહૂર્તમાં જાગ્રત થઈ પોતાના હિતનું ચિંતવન કરવું, તેમાં રાત્રીના અંતિમ પ્રહરને બ્રાહ્મમુહૂર્ત કહેવાય છે.[૧૪] અથવા ચાર ઘડી બાકી રહેલી રાત્રીને બ્રાહ્મમુહૂર્ત કહેવાય છે, તે બ્રાહ્મમુહૂર્તમાં જે મનુષ્યો નિદ્રા કરે છે, તેના પુણ્યનો નાશ થઈ જાય છે.[૧૫] બ્રાહ્મમુહૂર્તમાં જો દ્વિજાતિ રોગાદિ આપત્કાળ પડ્યા વિના આળસમાં નિદ્રા કરે છે તો તે દોષની નિવૃત્તિનો માટે પાદકૃચ્છ્રવ્રતનું પ્રાયશ્ચિત નિશ્ચે કરવું.[૧૬] હે વિપ્ર ! પોતાનું હિત વિચાર્યા પછી તત્કાળ પોતાના હૃદયમાં સદ્ગુરુરૂપ ભગવાન શ્રીહરિનું ધ્યાન કરી તેમનું નામસ્મરણ કરતાં કરતાં તેમને પ્રણામ કરવા.[૧૭] તેમના ભક્તોનાં નામોને યાદ કરી તેમને પણ અતિ હર્ષથી પ્રણામ કરવા, તેમજ ભગવાન શ્રીહરિની વિભૂતિ સ્વરૂપ એવા બ્રહ્માદિદેવતાઓ, નારદ, સનકાદિક સંતો, દ્વારિકાદિ પવિત્ર ક્ષેત્રો અને ગંગાદિક પવિત્ર નદીઓનું સ્મરણ કરતાં તેઓને પણ નમસ્કાર કરવા, પછી આ ત્રણ શ્લોકનો પાઠ કરવો.[૧૮]

**પ્રાતઃકાળે પઠન કરવાના ત્રણ શ્લોક :–** ગરુડ વાહન પર આરુઢ થયેલા, પદ્મનાભ, મગરથકી પરાભવ પામેલા ગજેન્દ્રની મુક્તિના કારણભૂત, ચક્રાયુધને ધારણ કરનારા, નવીન કમળના પત્રની સમાન વિશાળ નેત્રોવાળા, હે નારાયણ ! સંસારના ભયની પીડાને શાંત કરવા માટે પ્રાતઃકાળે તમારૂં સ્મરણ કરૂં છું.[૧૯]

જીવને નરકરૂપી મહાસમુદ્રમાંથી તારનારા, પોતાના ભજન-સ્મરણપરાયણ વર્તતા ઉત્તમ ભક્તો એવા નારદાદિ બ્રાહ્મણોને આધિન વર્તતા,

प्रातर्नमामि भजतामभयंकरं तं प्राक्सर्वजन्मकृतपापभयापहत्यै ।
यो ग्राहवक्त्रपतिताङ्घ्रिगजेन्द्रघोरशोकप्रणाशनकरो धृतशङ्खचक्रः ॥२१॥
श्लोकत्रयमिदं पुण्यं प्रातःप्रातः पठेन्नरः । लोकत्रयपतिस्तस्मै दद्यादात्मपदं हरिः ॥२२॥
ततः पुमान्स उत्थाय कुर्याद्विण्मूत्रकर्म च । नैर्ऋत्यां शरविक्षेपमितां भूमिमतीत्य वै ॥२३॥
अन्तर्धाय तृणैर्भूमिं शिरः प्रावृत्य वाससा । कुर्यान्मूत्रपुरीषे तु शुचौ देशे च निर्जने ॥२४॥
दिवासन्ध्यासु कर्णस्थब्रह्मसूत्र उदङ्मुखः । कुर्यान्मूत्रपुरीषे तु रात्रौ चेद्दक्षिणामुखः ॥२५॥
छायायामन्धकारे वा रात्रावहनि वा द्विजः । यथासुखमुखः कुर्यात्प्राणबाधाभयेषु च ॥२६॥
बहिर्ग्रामान्न गन्तव्यं निशि तूत्सर्गकर्मणे । कार्यं गृहसमीपादौ तथा रोगिजनेन तत् ॥२७॥
मलोत्सर्गविधिं कृत्वा याम्यायां दिशि वा पुमान् । मृदाम्बुना चरेच्छौचं विशुद्धेऽथ जलाशये ॥२८

**એવા પરમ પુરુષ પરમાત્મા, શ્રીનારાયણ ભગવાનના બન્ને ચરણકમળમાં મન, વચન અને મસ્તકથી પ્રાતઃકાળે હું વંદન કરૂં છું.[૨૦]**

**પોતાનું ભજન કરનારા ભક્તજનોના સંસૃતિરૂપી મહાભયનો વિનાશ કરનારા, મગરના મુખમાં પડેલા પગવાળા ગજેન્દ્રના ઘોર શોકનો વિનાશ કરનારા, તેમજ શંખ અને ચક્રધારી એવા શ્રીનારાયણ ભગવાનને પ્રાતઃકાળે પૂર્વ જન્મોમાં કરેલાં સર્વ પાપના ભયને દૂર કરવા હું નમસ્કાર કરૂં છું.[૨૧]**

**હે વિપ્ર ! જે મનુષ્યો પવિત્ર એવા આ ત્રણ શ્લોકનો પ્રાતઃકાળે પાઠ કરે છે. તેને ત્રિલોકપતિ ભગવાન શ્રીહરિ પોતાનું ધામ અર્પણ કરે છે.[૨૨] શ્લોકોનો પાઠ કર્યા પછી પથારીમાંથી ઊભા થઇ નૈર્ઋત્ય દિશાના ભાગમાં બાણની ગતિ જ્યાં સુધી પહોંચે ત્યીં સુધીની ભૂમિનો ત્યાગ કરી મળ-મૂત્રના ત્યાગની ક્રિયા કરવી.[૨૩] ત્યારે પ્રથમ ભૂમિને તૃણથી આચ્છાદિત કરી મસ્તક ઉપર વસ્ત્ર ઓઢીને નિર્જન જગ્યામાં મળ-મૂત્રનો ત્યાગ કરવો.[૨૪] વળી જમણા કાન ઉપર યજ્ઞોપવિત રાખી દિવસે અને બન્ને સંધ્યા વખતે ઉત્તર દિશા તરફ મુખ રાખીને મળ-મૂત્રનો ત્યાગ કરવો, અને રાત્રીમાં દક્ષિણ દિશા તરફ મુખ રાખીને ત્યાગ કરવો.[૨૫] વળી દ્વિજાતિ પુરુષે પોતાના પ્રાણ આપત્તિમાં આવી પડે ત્યારે રાત્રી હોય કે દિવસ, છાયા હોય કે અંધકાર, એ સમયે તો જેમ પોતાને સાનુકૂળ પડે એ રીતે મુખ રાખીને મળ-મૂત્રનો ત્યાગ કરવો.[૨૬] રાત્રીએ ત્યાગ કરવા ગામની બહાર ન જવું, પરંતુ ઘરની સમીપે જ જ્યાં કોઇ ઉપાધી થાય તેમ ન હોય તેવા ઉકરડાદિકની જગ્યામાં મળ-મૂત્રનો ત્યાગ કરવો.[૨૭]**

न तिष्ठन्नाप्सु नो विप्रगोवह्न्यर्केन्दुसम्मुखः । न फालकृष्टभूभागे न मार्गे न नदीतटे ॥२९॥
गवां मध्ये धान्यमध्ये जीर्णदेवालये क्वचित् । विण्मूत्रष्ठीवनं नैव कुर्यात् स्त्रीसम्मुखस्तथा ॥३०॥
शतहस्तं परित्यज्य मूत्रं कुर्याज्जलाशयात् । शतद्वयं पुरीषे तु तीर्थे चैतच्चतुर्गुणम् ॥३१॥
गृह्णीयान्न मृदं मार्गान्नोषराद्विट्स्थलादपि । शौचोच्छिष्टां सजन्तुं च तथा वल्मीकसम्भवाम् ॥३२॥
एका लिङ्गे गुदे तिस्रो दश वामकरे मृदः । देयाः सप्तोभयोर्दोष्णोस्तिस्रस्तिस्रश्च पादयोः ॥३३॥
एतदर्धं तु नारीणां शूद्राणां चापि कीर्तितम् । कुर्यान्निशीत्थं विप्रोऽपि पथि शूद्रवदाचरेत् ॥३४॥
कुर्याद्द्वादश गण्डूषान् पुरीषोत्सर्जने द्विजः । मूत्रोत्सर्गे तु षट् कुर्याच्चतुरो वापि धर्मवित् ॥३५॥
पीतशेषं शौचशेषं नाचामेदुदकं द्विजः । पात्रान्तरस्याभावे तत्किञ्चित्त्यक्त्वा तदाचरेत् ॥३६॥

---

હે વિપ્ર ! નૈર્ઋત્ય કે દક્ષિણ દિશામાં મળમૂત્રનો ત્યાગ કરીને વિશુદ્ધ જળાશયમાં માટી અને જળથી શુદ્ધિ કરવી.[૨૮] ઊભા રહીને કે જળમાં મળમૂત્રનો ત્યાગ ન કરવો, તેમજ ગાય, બ્રાહ્મણ, અગ્નિ, સૂર્ય અને ચંદ્રની સન્મુખ પણ ત્યાગ ન કરવો. ખેડેલી જમીનમાં, માર્ગમાં, નદીના કિનારા ઉપર, ગાયોની મધ્યે, ધાન્ય રહેલું હોય ત્યાં, સ્ત્રીની સન્મુખ અને જીર્ણ દેવાલયમાં પણ ક્યારેય મળ-મૂત્રનો ત્યાગ ન કરવો. અને થૂંકવું પણ નહિ.[૨૯-૩૦] હે વિપ્ર ! જળાશયથી સો હાથ દૂર મૂત્રનો ત્યાગ કરવો અને બસો હાથ દૂર જગ્યા છોડીને મળનો ત્યાગ કરવો. અને તીર્થમાં તો ચારસો હાથ દૂર મૂત્રનો અને આઠસો હાથ દૂર મળનો ત્યાગ કરવો.[૩૧] હે વિપ્ર ! હાથની શુદ્ધિ કરતી વખતે ક્ષારવાળી કે મળ-મૂત્રનો ત્યાગ કર્યો હોય એવી ભૂમિમાંથી માટી ન લેવી, તેમજ શૌચક્રિયા કરતાં બચેલી કે સૂક્ષ્મ જંતુવાળી, અને રાફડાની માટી શુદ્ધિ કરવા માટે ગ્રહણ કરવી નહિ.[૩૨]

હે વિપ્ર ! દ્વિજાતિ પુરુષોએ શુદ્ધિમાં માટી અને જળથી એક વખત લિંગ, ત્રણ વખત ગુદાનું પ્રક્ષાલન કરવું, અને તે ડાબા હાથને જળ અને માટીથી દશ વખત અને બન્ને હાથ ભેળા કરીને સાત વખત અને પગનું ત્રણ વખત પ્રક્ષાલન કરવું.[૩૩] સ્ત્રીઓ અને શૂદ્રજનોએ તો આ કહ્યું તેના અડધા ભાગથી શુદ્ધિ કરવી. તેમજ વિપ્રાદિ ત્રણે વર્ણોએ પણ રાત્રીમાં શૂદ્રોની પેઠે અર્ધાભાગથી જ શુદ્ધિ કરી લેવી.[૩૪] મળવિસર્જન પછી બાર કોગળા કરવા, અને મૂત્ર વિસર્જન પછી છ અથવા ચાર કોગળા કરવા.[૩૫] દ્વિજાતિ પુરુષોએ જળપાન કરતાં વધેલા કે હસ્તપ્રક્ષાલન કરતાં બચેલા જળથી આચમન ન કરવું, જો બીજું જળ ન હોય તો તે જ જળને થોડું ભૂમિ ઉપર ઢોળી વહેવડાવી દઈને તે જળથી આચમન કરવું.[૩૬]

एतच्छौचं गृहस्थानां द्विगुणं ब्रह्मचारीणाम् । त्रिगुणं वनिनां प्रोक्तं यतीनां तु चतुर्गुणम् ॥३७॥
आर्तः कुर्याद्यथाशक्ति शक्तः कुर्याद्यथोदितम् । शौचमेतत्प्रयत्नेन देशकालानुसारतः ॥३८॥
कृते मूत्रपुरीषेऽपि यदि नैवोदकं भवेत् । तदा यर्ह्युदकाप्तिः स्यात्तदा स्नायात्सचैलकः ॥३९॥
अरण्येऽनुदके रात्रौ चौरव्याघ्राकुले पथि । कृत्वा मूत्रं पुरीषं च द्रव्यहस्तो न दुष्यति ॥४०॥
कर्तव्यं यत्नतः शौचं शौचमूला द्विजातयः । शौचाचारविहीनानां सर्वाः स्युर्निष्फलाः क्रियाः ॥४१
तत्सद्भिर्द्विविधं प्रोक्तं बाह्यमाभ्यन्तरं तथा । मृदम्बुभ्यां भवेद्बाह्यं भावशुद्धिस्तथान्तरम् ॥४२॥
न शुध्येद्बाह्यशौचेन शौचमाभ्यन्तरं विना । तस्मादुभयथा शौचं यः करोति स शुद्ध्यति ॥४३॥
स्त्रियां द्रव्ये च लुब्धस्य प्राणिद्रोहरतस्य च । अवाच्यवक्तुं किं शौचैर्मृत्कूटैश्च नदीजलैः ॥४४॥
मुखस्य शुद्धये कुर्यात्प्रत्यहं दन्तधावनम् । अजन्तुना तु काष्ठेन कनिष्ठाग्रसमेन च ॥४५॥

---

હે વિપ્ર ! આ શૌચવિધિ કહ્યો તે ગૃહસ્થ માટે છે. બ્રહ્મચારીઓને માટે તો તેનાથી બમણો કરવાનો જાણવો. વાનપ્રસ્થને ત્રેવડો અને સંન્યાસીઓને તો ચારગણો શૌચવિધિ કરવાનો જાણવો.[૩૭] આ વિધિ રોગાદિક આપત્તિવાળા જનોએ પોતાની શક્તિ પ્રમાણે કરવો. અને જે શક્તિમાન હોય તેમણે જેમ કહ્યું એ પ્રમાણે પણ દેશકાળાદિકને અનુસારે પ્રયત્નપૂર્વક કરવો.[૩૮] જળ ન હોય ને મળમૂત્રનો ત્યાગ કર્યો હોય તો, જ્યારે જળ મળે ત્યારે શૌચવિધિ કરી વસ્ત્રે સહિત સ્નાન કરવું.[૩૯] જળ વગરનાં જંગલમાં, રાત્રે અને ચોર તથા વાઘના ભયથી એકાંત પ્રદેશમાં તેમજ માર્ગમાં પણ જળ વિના મળમૂત્રનો ત્યાગ કરે, છતાં હાથમાં સાથે રહેલાં કોઈ પણ પદાર્થો દૂષિત થતાં નથી.[૪૦]

હે વિપ્ર ! આ શૌચવિધિ પ્રયત્નપૂર્વક આચરવો, કારણ કે, દ્વિજાતિપુરુષો શૌચાચારનું મૂળ કહેલા છે, અને તે વિના તો તેઓની સંધ્યાવંદનાદિ સર્વે ક્રિયા નિષ્ફળ જાય છે.[૪૧] તે શૌચ એટલે બહાર અને અંદરની બન્ને પ્રકારની પવિત્રતા કહેલી છે. તેમાં માટી અને જળથી બહારની પવિત્રતા થાય છે, અને કામાદિ દોષોનો ત્યાગ કરી ભાવશુદ્ધિ રાખવાથી અંદરની પવિત્રતા રહે છે.[૪૨] જો અંદરની પવિત્રતા ન હોય તો કેવળ બહારની પવિત્રતાથી શુદ્ધ ગણાતો નથી. તેથી જે દ્વિજાતિ પુરુષ બન્ને પ્રકારની પવિત્રતા રાખે છે, તેજ શુદ્ધ કહેલો છે.[૪૩] હે વિપ્ર ! પરસ્ત્રી અને પરધનમાં લોભાયેલા, પ્રાણીઓનો દ્રોહ કરવામાં આસક્ત અને ન બોલવા યોગ્ય શબ્દો બોલતા મનુષ્યોને માટીના ઢગલાથી કે સમગ્ર નદીના જળથી કરેલા શૌચવિધિથી શું થવાનું છે ? કાંઈ જ નહિ. માટે અંદરની પવિત્રતા પહેલી જરૂર

द्वादशाङ्गुलमानं तत्सार्द्रं विप्रस्य कीर्तितम् । एकैकाङ्गुलह्रसं च क्षत्रादीनां क्रमान्मतम् ॥४६॥
प्रतिपद्दर्शषष्ठीषु व्रताहे श्राद्धवासरे । सङ्क्रान्तावपि काष्ठेन न कुर्याद्दन्तधावनम् ॥४७॥
अलाभे दन्तकाष्ठस्य निषिद्धे च तथाऽहनि । अपां द्वादश गण्डूषैर्विदध्याद्दन्तधावनम् ॥४८॥
यस्तु गण्डूषसमये तर्जन्या दन्तधावनम् । करोति स तु मूढात्मा युज्यते पापकर्मणा ॥४९॥
नवाऽऽवश्यककर्माणि द्विजानां प्रतिवासरम् । स्नानं सन्ध्या जपो होमः स्वाध्यायो देवतार्चनम् ॥५०
वैश्वदेवं तथातिथ्यं नवमं पितृतर्पणम् । हीनः कर्मभिरेतैस्तु ज्ञेयश्चण्डाल एव सः ॥५१॥
उत्साहमेधासौभाग्यरूपसम्पत्प्रवर्तकम् । मनःप्रसन्नताहेतुः प्रातःस्नानं प्रशस्यते ॥५२॥
प्रातःस्नानं हरत्यंहो दारिद्र्यं ग्लानिमेव च । अशुचित्वं च दुःस्वप्नं तुष्टिं पुष्टिं प्रयच्छति ॥५३॥
जलाशये च कुत्रापि भूरिजन्तुसमाकुले । आपद्यपि न कर्तव्याः स्नानशौचादिकाः क्रियाः ॥५४॥
जलाशये निर्मलेऽपि नीचजात्युपसेविते । स्नानादिका क्रिया नैव कर्तव्यापद्यपि क्वचित् ॥५५॥

---

છે.[૪૪] પ્રતિદિન મુખની શુદ્ધિ માટે બહાર અંદર સૂક્ષ્મ જંતુઓ રહિત અને કનિષ્ઠિકા આંગળીના અગ્રભાગ સરખા સ્થૂલ કાષ્ઠથી દંતધાવન કરવું.[૪૫] બ્રાહ્મણોને માટે દાતણ લીલું અને બાર આંગળ લાંબું કહેલું છે. ક્ષત્રિયાદિકને અનુક્રમે એક એક આંગળ ટૂંકુ દાતણ કરવાનું જાણવું.[૪૬] પડવો, અમાસ, છઠ્ઠ, એકાદશી આદિક વ્રતના કે સૂર્યની સંક્રાંતિને દિવસે કાષ્ઠનું દાતણ ન કરવું.[૪૭] કાષ્ઠનું દાતણ પ્રાપ્ત ન થાય તે દિવસે અને નિષેધને દિવસે જળના બાર કોગળા કરી દંતશુદ્ધિ કરવી.[૪૮] જે દ્વિજ કોગળા કરવા સમયે તર્જની આંગળીથી દાંત ઘસે છે, તે મૂઢાત્મા પુરુષને પાપકર્મ લાગે છે, એથી કોગળા કરતી વખતે મુખમાં તર્જની આંગળી ઘસવી નહિ.[૪૯]

હે વિપ્ર ! સ્નાન, સંધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, દેવતાનું પૂજન, વૈશ્વદેવ, અતિથિસત્કાર અને પિતૃઓનું તર્પણ, આ નવ પ્રતિદિન કરવાનાં અવશ્ય કર્મો છે. તે જે દ્વિજાતિ પુરુષો કરતા નથી, તેને ચંડાલ જાણવા.[૫૧-૫૨] તેમાં પ્રથમ પ્રાતઃ સમયનું સ્નાન ઉત્સાહ, મેધા-ધારણ યુક્ત બુદ્ધિ, સૌભાગ્ય, સૌંદર્ય, સંપત્તિ અને મનની પ્રસન્નતા વધારનારૂં હોવાથી શ્રેષ્ઠ કહેલું છે.[૫૨] પ્રાતઃકાળનું સ્નાન પાપ, દરિદ્રતા, ગ્લાનિ, અપવિત્રતા અને ખરાબ સ્વપ્નાને હરે છે. મનને સંતોષ આપે છે અને શરીરને પુષ્ટ કરે છે.[૫૩] ઘણા જેમાં જીવજંતુ હોય એવા જળાશયમાં અને નીચ જાતિના જનોથી સેવાયેલા જળાશયમાં આપત્કાળ પડ્યો હોય છતાં પણ સ્નાન-શૌચાદિ ક્રિયા ન કરવી.[૫૪] તેવી જ રીતે નીચજાતિના જનોનાં સેવાયેલાં નિર્મળ-જળવાળાં જળાશયમાં આપત્કાળમાં પણ સ્નાન-શૌચાદિ ક્રિયા ક્યારેક

न नीचजातिसम्बन्धी वृक्षो वासाय च स्थलम् । उपलिप्तमपि क्वापि स्वीकर्तव्यं द्विजातिना ॥५६॥
अन्नं वासस्थलं चाम्बु यस्य स्यात्तस्य तत्त्वतः । जात्यादिकमपृष्ट्वैव स्वीकार्यं नैव कर्हिचित् ॥५७
सन्ध्याहीनोऽशुचिर्विप्रो ह्यनर्हः सर्वकर्मसु । यदन्यत्कुरुते पुण्यं न तस्य फलभाग्भवेत् ॥५८॥
विधियज्ञा पाकयज्ञा ये चान्ये बहवो मखाः । सर्वे ते जपयज्ञस्य कलां नार्हन्ति षोडशीम् ॥५९॥
धनोपार्जनसक्तो यो नादधात्यनलं द्विजः । सायं प्रातर्न वा होमं कुर्यात्स नरकं व्रजेत् ॥६०॥
यथाशक्ति न यो वेदं तदङ्गं वाऽपि भारतम् । पुराणं वा हरेः स्तोत्रं पठेत्स ब्रह्महा द्विजः ॥६१॥
यो न पूजयते नित्यं भक्त्या देवं जगत्प्रभुम् । स रासभत्वं लभते ततः शूकरतां द्विजः ॥६२॥
माध्याह्निकं वैश्वदेवं गृहस्थः स्वयमाचरेत् । पत्नी सायं बलीन् दद्यात्सिद्धान्नैर्मन्त्रवर्जितम् ॥६३॥
अकृत्वा वैश्वदेवं तु भुञ्जते ये द्विजाधमाः । इह लोकेऽन्नहीनाः स्युः काकयोनिं व्रजन्त्यथ ॥६४॥
निष्पावान् कोद्रवान्माषानाढकीश्चणकांस्तथा । तैलपक्वं लवणयुग्वैश्वदेवे विवर्जयेत् ॥६५॥

---

ન કરવી.[૫૫]તેમજ નીચજાતિના જનોનાં વૃક્ષો અને લીંપેલાં સ્થળોનો દ્વિજાતિ પુરુષોએ નિવાસ કરવા માટે ક્યારેય પણ ઉપયોગ ન કરવો.[૫૬] અન્ન, નિવાસસ્થાન અને જળ જેમનાં હોય તેમની જાતિ આદિકની પૂછ્યા કર્યા વિના ક્યારેય પણ સ્વીકારવાં નહિં.[૫૭]

હે વિપ્ર ! સંધ્યાવંદન કર્યા વિનાનો બ્રાહ્મણ અપવિત્ર અને સર્વે કર્મોમાં અયોગ્ય ગણાય છે. તે જે કાંઇ પુણ્ય કર્મો કરે છે, તે કર્મો તેને ફળદાયી થતાં નથી.[૫૮] તેમજ પ્રતિદિન જપયજ્ઞ અવશ્ય કરવો. કારણ કે બીજા વિધિયજ્ઞ, પાકયજ્ઞ આદિક સર્વે યજ્ઞો જપયજ્ઞના સોળમાં ભાગમાં પણ આવતા નથી.[૫૯] વળી જે દ્વિજ ધન કમાવવાની આસક્તિમાં અગ્નિ-આધાન કર્મ કરતો નથી, તેમજ પ્રાતઃ સાયં હોમ કરતો નથી તે નરકમાં જાય છે.[૬૦] અને જે દ્વિજાતિ પુરુષ વેદ અને તેના શિક્ષાદિક અંગ, તથા મહાભારત અને ભાગવતાદિ પુરાણ તથા શ્રીહરિનાં સ્તોત્રનો પ્રતિદિન યથાશક્તિ પાઠ કરતો નથી, તે બ્રહ્મઘાતી કહેલો છે.[૬૧] હે વિપ્ર ! દ્વિજાતિ પુરુષ નિત્ય જગન્નાથ શ્રીવાસુદેવ ભગવાનની ભક્તિથી પૂજા કરતો નથી, તે મરીને ગધેડાના જન્મને પામે છે, પછી ભૂંડની જાતિમાં જન્મ ધરે છે.[૬૨] તેમજ દ્વિજાતિ એવા ગૃહસ્થ પુરુષે અન્નની શુદ્ધિને માટે મધ્યાહ્ન સમયે કરવા યોગ્ય વૈશ્વદેવ અર્થાત્ પંચમહાયજ્ઞોનું અનુષ્ઠાન પોતે જાતે કરવું, અને સાંજે તેમની પત્નીએ તૈયાર કરેલ અન્નથી મંત્ર રહિત બલિ અર્પણ કરવો.[૬૩] અને જે વૈશ્વદેવ કર્યા વિના ભોજન કરે છે, તે આલોકમાં અન્નહીન થવાનો છે, અને એ અધર્મી મરણ પછી કાગડાની યોનિને પામે છે.[૬૪] કોદરા, અડદ, વાલ, તુવેર, ચણા અને

हुतेन लीयते पापं स्वाध्यायाच्छान्तिमेति च । देवार्चनेन लभते दिव्यं लोकमभीप्सितम् ॥६६॥
अन्नार्थिनि समायाते पात्रापत्रं न चिन्तयेत् । अपि श्वपाके शुनि वा नैवान्नं निष्फलं भवेत् ॥६७॥
यो न तर्पयते पितॄनुदकाञ्जलिभिर्द्विजः । तदङ्गरुधिरं ते च पिबन्ति प्रत्यहं ननु ॥६८॥
प्रागेव भुक्तेः शृणुयात्पुराणं चेत्संहितामात्रमसौ शृणोतु ।
सार्थं तु भुक्त्वा निशि वाऽपराह्णे द्विजानुघस्त्रं शृणुयाद्गृहस्थः ॥६९॥
समागमं चाच्युतभक्तिभाजां यथावकाशं प्रतिवासरं सः ।
कुर्यात्सतां धर्मपरायणानां सद्बुद्धिलब्धिस्तत एव यत्स्यात् ॥७०॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे सदाचारेषु द्विजानामाह्निकविधिनिरूपणनामा सप्तदशोऽध्यायः ॥१७॥*

---

તેલમાં પકાવેલું અન્ન તથા નમક નાખેલું અન્ન વૈશ્વદેવ કર્મમાં છોડી દેવું.[૬૫]

હે વિપ્ર ! હોમ કરવાથી ગૃહસ્થનાં પાપ નાશ પામે છે, સ્વાધ્યાય કરવાથી શાંતિ પ્રાપ્ત થાય છે, ભગવાનની પૂજા કરવાથી તેમનો ઈચ્છિત દિવ્યલોક પ્રાપ્ત થાય છે.[૬૬] વૈશ્વદેવને અંતે કોઈ અન્નાર્થી આવે તો પાત્ર અપાત્રનો વિચાર કર્યા વિના અન્ન આપવું, કારણ કે ચંડાળ કે કૂતરાંને આપેલું અન્ન પણ નિષ્ફળ જતું નથી.[૬૭] જે દ્વિજાતિ પુરુષ જલાંજલિથી પિતૃઓનું તર્પણ કરતો નથી. તેનું રૂધિર પ્રતિદિન પિતૃઓ પીએ છે- તેને દુઃખ થાય છે.[૬૮]

હે વિપ્ર ! જો ગૃહસ્થ પુરુષ ભોજન પહેલાં જ પુરાણ સાંભળે તો માત્ર શ્લોક સાંભળે અને અર્થે સહિત પુરાણ સાંભળવાની ઈચ્છા હોય તો પ્રતિદિન ભોજન કર્યા પછી, બપોરના સમયે અથવા રાત્રીના સમયે સાંભળે.[૬૯] આવા ગૃહસ્થે પ્રતિદિન ભગવાનની ભક્તિપરાયણ અને ધર્મપરાયણ સંતોનો સમાગમ પોતાને જેવો અવકાશ મળે તેને અનુસારે કરવો, કારણ કે પોતાના કલ્યાણને ઉપયોગી બુદ્ધિ તે સંતના સમાગમથી જ પ્રાપ્ત થાય છે.[૭૦]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ દ્વિજાતિ પુરુષોના આહ્નિકવિધિનું નિરૂપણ કર્યું, એ નામે સત્તરમો અધ્યાય પૂર્ણ થયો. --૧૭--**

## अष्टादशोऽध्यायः - १८

**श्रीनारायणमुनिरुवाच :-**

प्रातःकृत्यं विधायैव प्रत्यहं गुरुवन्दनम् । गृही कुर्याच्च गुरवस्तस्मै दद्युः सुभाशिषः ॥१॥
आचार्यं स्वमुपाध्यायं मातरं पितरं गुरुम् । धर्मवृद्धं वयोवृध्धमभिवन्देत सर्वथा ॥२॥
लौकिकं वैदिकं वापि ज्ञानमाध्यात्मिकं तथा । आददीत यतस्तं तु पूर्वमेवाभिवादयेत् ॥३॥
पाषण्डिनं च पतितं नास्तिकं पापदूषितम् । साधुद्रुहं कृतघ्नं च न नमेद्गुरुमप्यसौ ॥४॥
धावन्तं च प्रमत्तं च स्नान्तमुत्सर्गकर्म च । कुर्वन्तं दन्तधावं च वमन्तं नाभिवादयेत् ॥५॥
जपयज्ञव्रतस्थं च समित्पुष्पकुशानलान् । उदपात्रं च भैक्षं च वहन्तं नाभिवादयेत् ॥६॥
देवताप्रतिमां दृष्ट्वा यतिं दृष्ट्वा च वैष्णवम् । सद्यः कुर्यान्नमस्कारं प्रायश्चित्त्यन्यथा भवेत् ॥७॥
एवं योषापि श्वश्र्वाद्या योषाश्च प्रणमेद्गुरुम् । उदक्यां सूतिकां नारीं सा न वन्देत पापिनीम् ॥८॥

---

# અધ્યાય - ૧૮

## ગૃહસ્થના સદાચાર ધર્મમાં ત્યાગ કરવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય કર્મોનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણ મુનિ કહે છે, હે બ્રહ્મન્ ! ગૃહસ્થ પુરુષે પ્રતિદિન પ્રાતઃ સ્નાનાદિ કર્મમાંથી પરવારીને ગુરુને વંદન કરવા અને ગુરુજનોએ પણ વંદન કરતા શિષ્યને શુભાશિષ આપવા.[૧] શિષ્યે પોતાના આચાર્ય, ઉપાધ્યાપક, માતા, પિતા, ગુરૂ, ધર્મવૃદ્ધ અને વયોવૃદ્ધને સર્વપ્રકારે નમસ્કાર કરવા.[૨] જે ગુરુ થકી લૌકિક, વૈદિક તથા આધ્યાત્મિક જ્ઞાનનો સ્વીકાર કરેલો હોય તે ગુરૂને પ્રથમ નમસ્કાર કરવા.[૩] પાખંડી, પતિત, નાસ્તિક, ગોવધ કે સ્ત્રીસંગાદિ પાપથી દૂષિત થયેલા, સાધુ દ્રોહી અને કૃતઘ્ની ગુરૂનો ગૃહસ્થે ત્યાગ કરી દેવો, તેમને નમસ્કાર પણ કરવા નહિ.[૪] હે વિપ્ર ! શિષ્યે કોઈ કાર્યને માટે શીઘ્રગતિ કરતા, રોગથી વિક્ષિપ્ત ચિત્તવાળા, સ્નાન, ઉત્સર્ગ, દંતધાવન તથા ઉલટી કરતા ગુરૂને નમસ્કાર કરવા નહિ.[૫] જપ કરવા બેઠેલા, યજ્ઞમાં બેઠેલા અને નિયમ કરવા તત્પર થયેલા તથા સમિધ, પુષ્પો, દર્ભ, અગ્નિ, જળપૂર્ણપાત્ર અને ભિક્ષાનું અન્ન લઈને જતા ગુરુને પણ નમસ્કાર કરવા નહિ. આ પ્રમાણે ગુરૂને વિક્ષેપ થાય એવા પ્રસંગે અભિવાદન ન કરવા.[૬] વળી ગૃહસ્થે દેવતાની પ્રતિમા, સંન્યાસી, વૈષ્ણવ ભક્ત કે સાધુને જોઈને તત્કાળ નમસ્કાર કરવા. જો નમસ્કાર ન કરે તો પ્રાયશ્ચિતનો અધિકારી થાય છે.[૭] તેવીજ રીતે ગૃહસ્થ સ્ત્રીઓએ પણ પોતાની સાસુ આદિક

अभिवादनशिलस्य नित्यं वृद्धोपसेविनः । चत्वारि सम्यग्वर्धते आयुः प्रज्ञा यशो बलम् ॥९॥
कायेन त्रिविधं कर्म वाचा चापि चतुर्विधम् । मनसा त्रिविधं चेति दशकर्मपथांस्त्यजेत् ॥१०॥
प्राणिनां हिंसनं स्तैन्यं परदाराभिमर्शनम् । एतानि त्रीणि कायेन सर्वथा परिवर्जयेत् ॥११॥
असत्प्रलापं पारुष्यं पैशुन्यमनृतं तथा । चत्वारि वाचां कर्माणि वर्जयेच्च प्रयत्नतः ॥१२॥
अभिध्यानं परस्वस्य परस्यानिष्टचिन्तनम् । वेदवादेषु नास्तिक्यं मनसा त्रीणि सन्त्यजेत् ॥१३॥
अरावप्युचितं कार्यमातिथ्यं गृहमागते । छेत्तुमप्यागते छायां नोपसंहरति द्रुमः ॥१४॥
न निषिद्धतिथौ भार्यामुपगच्छेन्न पुष्पिणीम् । अप्राप्तरजसं नैव न व्रतस्थां न रेगिणीम् ॥१५॥
व्रतस्थायाः स्वभार्याया यो गृही काममोहितः । व्रतभङ्गं कारयति कुम्भीपाके स पच्यते ॥१६॥

---

વડિલ સ્ત્રીઓને તથા દીક્ષા આપનાર ગુરુસ્ત્રીને પણ નમસ્કાર કરવા. તે પ્રણામ કરનારી સ્ત્રીએ સામે રજસ્વલા, પ્રસૂતા અને પાપિણી નારીને વંદન ન કરવા.[૮] જે પુરુષ ગુરુ આદિક સર્વેને નિત્ય વંદન કરે છે, તથા ધર્મવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધોનું સેવન કરે છે, તે પુરુષનાં આયુષ્ય, બુદ્ધિ, યશ અને બળ આ ચાર રૂડી રીતે વૃદ્ધિ પામે છે.[૯]

**ગૃહસ્થે અવશ્ય છોડવાનાં દશ કર્મો :–** હે વિપ્ર ! શરીરથી ત્રણ પ્રકારનાં કર્મો, વાણીથી થતાં ચાર પ્રકારનાં કર્મો અને મનથી થતાં ત્રણ પ્રકારનાં કર્મોનો ગૃહસ્થે ત્યાગ કરી દેવો.[૧૦] તેમાં જીવહિંસા, પદાર્થની ચોરી, અને પરસ્ત્રીનો અંગસંગ, આ ત્રણ શરીરથી થતાં કર્મો છે.[૧૧] અસત્ય ઉચ્ચારણ, ગાળ આદિકનું પ્રલપન, ચાડીચુગલી અને પરને પીડાદાયક મિથ્યાવાદ, આ ચાર વાણીના કર્મો છે.[૧૨] પારકા ધનનું ચિંતવન, પરને માટે તેના પુત્ર મરણ કે ધનાદિક નાશના અનિષ્ટનું ચિંતવન અને વેદોક્ત અર્થમાં નાસ્તિકભાવ આ ત્રણ મનના કર્મો છે, જે સદંતર ત્યાગ કરવા યોગ્ય છે. તેનો સર્વપ્રકારે ત્યાગ કરવો.[૧૩] ગૃહસ્થે પોતાનો શત્રુ પણ જો પોતાને ઘેર આવે તો યથાયોગ્ય આતિથ્ય સત્કાર કરવો, જેમ વૃક્ષ પોતાનું છેદન કરવા આવનાર વ્યક્તિને પણ છાયા આપે છે. પરંતુ છાયાનો સંકેલો કરી લેતું નથી.[૧૪] વળી ગૃહસ્થે નિષેધ કરેલા અમાવાસ્યાદિ દિવસોની રાત્રીએ પણ પોતાની સ્ત્રીનો સંગ ન કરવો. તેવી જ રીતે રજસ્વલા પત્નીનો, તથા ઋતુકાળ પ્રાપ્ત થયો ન હોય એવી પત્નીનો, તથા ચાંદ્રાયણાદિ વ્રતોમાં રહેલી પત્નીનો અને તાવ આદિકથી પીડાતી પત્નીનો સંગ ન કરવો. તેમજ પરસ્ત્રીનો સંગ તો કદાપિ ન કરવો.[૧૫] જે ગૃહસ્થ પુરુષ કામાસક્ત થઈ વ્રતપરાયણ પોતાની પત્નીનો સંગ કરી

लशुनं श्वेतवृन्ताकं पलाण्डुं गृञ्जनं तथा । न भक्षयेद्द्विजो धीमान् कलिङ्गं च कदाचन ॥१७॥
उद्यन्तं च न वीक्षेत नास्तं यान्तं न मध्यगम् । न राहुणोपसंसृष्टं न चाम्बुस्थं दिवाकरम् ॥१८॥
देवतायतनं विप्रं धेनुं मधु मृदं घृतम् । जातिवृद्धं वयोवृद्धं विद्यावृद्धं तपस्विनम् ॥१९॥
अश्वत्थं चैत्यवृक्षं च गुरुं जलभृतं घटम् । सिद्धान्नं दधि सिद्धार्थान् गच्छन् कुर्यात्प्रक्षिणम् ॥२०॥
वृद्धभारिनृपस्नातस्त्रीरोगिवरचक्रिणाम् । मत्तोन्मत्तत्यागिनां च पन्था देयो हि वर्त्मनि ॥२१॥
अध्वनीनं श्रोत्रियं च त्यागिनं क्षुधितं तथा । भोजयेत्परया प्रीत्या मानयेच्च यथोचितम् ॥२२॥
यस्य कोष्ठगतं त्वन्नं वेदाभ्यासेन जीर्यते । स तारयति दातारं दशपूर्वान्दशावरान् ॥२३॥
सम्भोज्य भक्तानतिथीनाग्रामान्तादनुव्रजत् । सर्वत्र विनयः कार्यः सद्भक्तेषु विशेषतः ॥२४॥

---

વ્રતભંગ કરાવે છે, તે પુરુષ કુંભીપાકમાં રંધાય છે.[૧૬] લસણ, સફેદ વૃંતાક, ડુંગળી, ગાંજો, ગુંજન-લસણને લગતું કોઈ કંદ વિશેષ છે,(ગાજરનો નિષેધ નથી) અને કલિંગડું વિગેરેનો બુદ્ધિમાન પુરુષે ક્યારેય પણ ખાવામાં ઉપયોગ કરવો નહિ.[૧૭] ઉગતા અને અસ્ત પામતા સૂર્યને જોવો નહિ. તેમજ મધ્યાહ્નના સૂર્યને, રાહુએ ગ્રસેલા ગ્રહણ યુક્ત સૂર્યને અને જળમાં પ્રતિબિંબિત સૂર્યને પણ જોવો નહિ.[૧૮]

વળી દેવમંદિર, બ્રાહ્મણ, ગાય, મધ, ખોદેલી માટી, ઘી, જાતિવૃદ્ધ-બ્રાહ્મણ, (પોતાથી ઊંચ જાતિને જાતિવૃદ્ધ કહેવાય છે,) વિદ્યાવૃદ્ધ, તપોવૃદ્ધ, પીપળો, આસોપાલવ, તથા પ્રતિમા આદિક બનાવવાના ઉદ્દેશથી ઉછેરવામાં આવતુ વૃક્ષ, ગુરુ, જળ ભરેલો ઘડો, રાંધેલું અન્ન, દહીં અને સરસવ આ દેવમંદિરાદિ સત્તરને પ્રદક્ષિણાના ક્રમથી નીકળવું અર્થાત્ જમણી બાજુએથી નીકળવું.[૧૯-૨૦] માર્ગમાં ચાલતા વૃદ્ધ, ભાર ઉપાડીને જનાર વ્યક્તિ, રાજા, સ્નાતક, સ્ત્રી, રોગી, વરરાજા, ગાડાંવાળો, દારૂ પીધેલો, ઉન્મત્ત- ગાંડો અને ત્યાગી સાધુ આટલાને માર્ગ આપી દેવો.[૨૧] માર્ગે ચાલી થાકી ગયેલા, વેદ ભણેલા, શ્રોત્રિય, ત્યાગી સાધુ અને ભૂખ્યા જનને પ્રેમથી પોતાની શક્તિ પ્રમાણે યથાયોગ્ય ભોજન કરાવવું અને યથાયોગ્ય આદર આપવો.[૨૨] જે વિપ્રના જઠરાગ્નિના કોઠામાં પડેલું અન્ન વેદાભ્યાસ કરતાં અથવા ભગવાનની કથા-વાર્તા કરતાં પચી જાય તેવો વિપ્ર, જમાડનાર દાતાની દશ આગળની દશ પાછળની અને એક દાતા પોતે એમ એકવીશ પેઢીનો ઉધ્ધારક થાય છે.[૨૩] સ્વધર્મમાં રહી ભગવાનનું ભજન કરતા અતિથિઓને રૂડી રીતે ભોજન કરાવી તેમનાં ગામ સુધી વળાવવા પાછળ જવું. સર્વે મનુષ્યોની સાથે વિનયપૂર્વક વર્તન કરવું, અને ભગવાનના ભક્તોની સાથે વિશેષપણે

परपाकरुचिर्न स्यादनिन्द्यामन्त्रणादृते । वाक्पाणिपादचापल्यं वर्जयेच्चातिभोजनम् ॥२५॥
चतुरस्रं त्रिकोणं च वर्तुलं चेत्यनुक्रमात् । विप्राद्यैर्मण्डलं कार्यं पात्राधस्तात्तु भोजने ॥२६॥
प्राणाग्निहोत्रविधिना दद्यादादौ षडाहुतीः । स्वाहान्तैः प्रणवाद्यैश्च सात्मप्राणादिनामभिः ॥२७॥
तर्जनीमध्यमाङ्गुष्ठैः प्राणस्याहुतिरीरिता । कनिष्ठानामिकाङ्गुष्ठैरपानस्याहुतिः स्मृता ॥२८॥
मध्यमानामिकाङ्गुष्ठैर्व्यानस्य परिकीर्तिता । मध्यमानामिकान्याभिरुदानस्याहुतिर्मता ॥२९॥
समानस्य तु सर्वाभिराहुतिश्चान्तरात्मनः । एता दन्तैः स्पृशेन्नैव ग्रसेद्रसनया द्विजः ॥३०॥
यतिवृद्धब्रह्मचारिगर्भिण्यातुरबालकान् । सम्भोज्यातिथिभृत्यांश्च भुञ्जीयातां तु दम्पती ॥३१॥
कृष्णरामोपेन्द्रजन्मदिनेष्वेकादशीषु च । शिवरात्र्यां च नाश्नीयाद्गृहस्थोऽन्नं विनाऽऽपदम् ॥३२॥

---

વિનયયુક્ત વર્તન કરવું.[૨૪] નિંદાદિ દોષ રહિતના બ્રાહ્મણે આપેલા આમંત્રણ વિના પારકા ઘરના ભોજનમાં આસક્તિ રાખવી નહિ. હાથ, પગ અને વાણીની ચંચળતાનો ત્યાગ રાખવો, અને અતિ ભોજનનો પણ ત્યાગ કરવો. કારણ કે અતિ ભોજન રોગનું મૂળ કહેલું છે.[૨૫] વિપ્ર આદિક ચારે વર્ણના જનોએ ભોજન કરવાના સમયે ભોજન પાત્રની નીચે જાતિના અનુક્રમ પ્રમાણે ચતુષ્કોણ, ત્રિકોણ, વર્તુળ અને અર્ધચંદ્રના આકારવાળા મંડળની ગોમય કે ગોમૂત્રથી રચના કરવી.[૨૬] ભોજનની શરૂઆતમાં પ્રથમ પ્રાણરૂપી અગ્નિમાં હોમ કરવાના વિધિથી "સ્વાહા" જેના અંતમાં હોય અને "ૐકાર" જેની આગળ હોય તેવા પંચપ્રાણ અને એક 'આત્મ' શબ્દ એમ "ૐ પ્રાણાય સ્વાહા" આદિક છ મંત્રોથી છ આહુતિ આપવી.[૨૭] તેમાં તર્જની, મધ્યા અને અંગૂઠાવડે પ્રથમ પ્રાણની આહુતિ. કનિષ્ઠિકા, અનામિકા અને અંગૂઠાવડે અપાનની આહુતિ, મધ્યમા, અનામિકા અને અંગૂઠાવડે વ્યાનની આહુતિ, મધ્યમા, અનામિકા, કનિષ્ઠિકા અને અંગૂઠા વડે ઉદાનની આહુતિ અને સર્વે આંગળીઓ સાથે અંગૂઠાવડે સમાનની આહુતિ, તેમજ આત્મ શબ્દથી છેલ્લી અંતર્યામી પરમાત્માની છઠ્ઠી આહુતિ અર્પણ કરવી. દ્વિજાતિ પુરુષોએ આ છ આહુતિ આપતી વખતે દાંતનો સ્પર્શ કરાવ્યા વિના સીધા જીભથી ગ્રાસ ગ્રહણ કરવા.[૨૭-૩૦]

ગૃહસ્થ દંપતીએ પ્રથમ સંન્યાસી, વૃદ્ધ, બ્રહ્મચારી, ગર્ભવતી સ્ત્રી,રોગી, બાળક, અતિથિ અને નોકરને જમાડીને પછીથી બચેલું અન્ન જમવું.[૩૧] શ્રીકૃષ્ણ, શ્રીરામ, અને વામન ભગવાનના પ્રાગટ્યને દિવસે તથા સર્વે એકાદશીને દિવસે અને શિવરાત્રીને દિવસે ગૃહસ્થે આપત્કાળ પડ્યા વિના અન્ન જમવું નહિ.[૩૨] વૈષ્ણવ

व्रतेष्वेतेषु च क्वापि वैष्णवैर्व्यावहारिकम् । कर्म नैव प्रकर्तव्यं पारतन्त्र्यापदौ विना ॥३३॥
नाश्नीयाद्भार्यया सार्धं नैनामीक्षेत चाश्नतीम् । क्षुवन्तीं जृम्भमाणां च न चासीनां यथासुखम् ॥३४
नाञ्जयन्तीं स्वके नेत्रे न चाभ्यक्तामनावृताम् । न पश्येत्प्रसुवन्तीं च न मेहन्तीं स्त्रियं क्वचित् ॥३५॥
न सन्ध्ययोर्न दिवसे न निश्याद्यन्तयामयोः । शयीत नाशुचिः नाश्नीयात्सन्ध्ययोर्द्वयोः ॥३६॥
रामं स्कन्दं हनूमन्तं वैनतेयं वृकोदरम् । शयने यः स्मरेत् नित्यं स दुःस्वप्नं न पश्यति ॥३७॥
नाचक्षीत धयन्तीं गां नैन्द्रं चापं च दर्शयेत् । नैकः स्वपेत् क्वचिच्छून्ये नैकलश्च पथि व्रजेत् ॥३८॥
स्त्रीधर्मिण्या नाभिवदेन्न रहश्च परस्त्रिया । एकाकिनीं व्रजन्तीं च भाषयेन्न परस्त्रियम् ॥३९॥
अपेयं न पिबेत् क्वापि नैवाभक्ष्यं च भक्षयेत् । अदेयं नैव दद्याच्च कुर्यान्नाकार्यकर्म च ॥४०॥
अभाष्यान्नैव भाषेत न विक्रीणीत गर्हितान् । अत्याज्यानि त्यजेन्नैव पतिताद्यैर्न संविशेत् ॥४१॥

---

એવા ગૃહસ્થોએ પરતંત્રતા વિના કે આપત્કાળ વિના ઉપરોક્ત વ્રતના દિવસોમાં વેપાર આદિક વ્યવહારિક કામો ક્યારેય પણ કરવાં નહિ.[૩૩] ગૃહસ્થે પોતાની પત્નીની સાથે ભોજન ન કરવું, અને પત્ની જમતી હોય ત્યારે જોવી નહિ, છીંક કે બગાસું ખાતી હોય અથવા નિરાંતથી બેઠેલી પત્નીને પણ જોવી નહિ.[૩૪] તેમજ પોતાની આંખોમાં આંજણ આંજતી, શરીરે તેલમર્દન કરતી, ઉઘાડા અંગવાળી, પ્રસૂતિમાં રહેલી અને મળમૂત્રનો ઉત્સર્ગ કરતી પત્નીને પણ જોવી નહિં.[૩૫] હે વિપ્ર ! વળી ગૃહસ્થે ક્યારેય પણ પ્રાતઃ કે સાયં સંધ્યા સમયે શયન કરવું નહિ, દિવસે તથા રાત્રીના પહેલા અને છેલ્લા યામમાં પણ શયન કરવું નહિ, અપવિત્ર અંગે પણ શયન કરવું નહિ. તેમજ બન્ને સંધ્યાસમયે ભોજન ન કરવું.[૩૬] જે પુરુષો શયન કરતી વખતે પરશુરામ, કાર્તિકસ્વામી, હનુમાનજી, ગરૂડજી અને ભીમસેનને નિત્ય યાદ કરે છે, તેને ખરાબ સ્વપ્નો આવતાં નથી. વળી પોતાનું જ દૂધ પીતી ગાયની વાત ગાયના માલિક કે બીજાને કહેવી નહિ અને ગાયને રોકવી પણ નહિ, વરસાદમાં દેખાતું ઈન્દ્રધનુષ બીજાને દેખાડવું નહિ અને ફરીવાર પોતાને જોવું નહિ, શૂન્યાગારમાં ક્યારેય પણ એકલા શયન ન કરવું, માર્ગમાં એકલા ન ચાલવું.[૩૮] રજસ્વલા ધર્મમાં રહેલી સ્ત્રીની સાથે થોડું પણ બોલવું નહિ. એકાંત સ્થળમાં અને એકલી ચાલી જતી સ્ત્રીની સાથે પણ ક્યારેય બોલવું નહિ.[૩૯] મદિરાદિકનું ક્યારેય પાન કરવું નહિ, માંસાદિક અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ કરવું નહિ, ન આપવા યોગ્ય વસ્તુનું દાન ન આપવું, અયોગ્ય કાર્ય કરવું નહિ.[૪૦] ન બોલવા યોગ્ય નાસ્તિકાદિકની સાથે બોલવું નહિ. નિંદિત પદાર્થો- ચર્મ કે લાખ

काणानधांश्च कुब्जांश्च केकराक्षान् कुणींस्तथा । खञ्जान्मूकांश्च बधिरान्नार्तांश्चाधिक्षिपेत्क्वचित् ॥४२॥
दम्पत्योर्विप्रवह्नयोश्च शिवोक्ष्णोर्विष्णुताक्ष्र्यो: । अन्तरा नैव गच्छेच्च स्त्रियोश्च गुरुशिष्ययो: ॥४३॥
दान आचमने होमे भोजने देवतार्चने । स्वाध्याये गुरुदेवाग्रे पौढपादो भवेन्नहि ॥४४॥
आसनारूढपादश्च जानुनोर्वापि जङ्घयो: । उर्वोश्च कृतपादो य: प्रौढपाद: स उच्यते ॥४५॥
आत्मनाम गुरोर्नाम नामातिकृपणस्य च । आयिकामो न गृह्णीयाज्ज्येष्ठापत्यकलत्रयो: ॥४६॥
गुरुं तपस्विनं वृद्धं विद्यावन्तं च सद्गुणम् । नाभाषयेत्वैष्णवं च त्वङ्कारेण नराधिपम् ॥४७॥
परक्षेत्रे चरन्तीं गां सूचयेन्नैव पूरुष: । अपायितोदकान् क्वापि बन्धीयान्न पशून्निशि ॥४८॥
न देवगुरुविप्रेभ्यो दीयमानं निवारयेत् । नात्मश्लाघां प्रकूर्वीत परनिन्दां च वर्जयेत् ॥४९॥
न शस्त्रसर्पै: क्रीडेच्च न कूपोत्प्लवनं चरेत् । न पादक्षालनं कुर्यात्पादेनैव पुमान्क्वचित् ॥५०॥

---

આદિ વસ્તુઓનો વેપાર કરવો નહિ. ન ત્યાગ કરવા યોગ્ય એવી પોતાની પત્ની કે પુત્રનો ત્યાગ ન કરવો. પતિત તથા મહાપાપાદિકથી જાતિ ભ્રષ્ટ થયેલા જનોની સાથે બેસવું-ઉઠવું નહિ.[૪૧] કાંણા, આંધળા, વાકાં અંગવાળા, ત્રાંસુ જોનારા, વિકલાંગ, કોણીથી વાકાં હાથવાળા, પગમાં ખોડવાળા, મૂંગા, બહેરા અને રોગથી પીડિત જનોનો ગૃહસ્થે ક્યારેય પણ તિરસ્કાર કરવો નહિ.[૪૨]

વળી હે વિપ્ર ! ગૃહસ્થાશ્રમી જનોએ પતિ-પત્નીની વચ્ચેથી, બ્રાહ્મણ અને અગ્નિની વચ્ચેથી, શિવજી અને પોઠીયા વચ્ચેથી, વિષ્ણુ અને ગરૂડ વચ્ચેથી, ગુરૂ અને શિષ્ય વચ્ચેથી, અને બે સ્ત્રીઓ વચ્ચેથી ક્યારેય પણ નીકળવું નહિ.[૪૩] દાન આપવાના સમયે, આચમન કરતી વખતે, હોમ, ભોજન, દેવતાઓનું પૂજન કે વેદાદિક શાસ્ત્રોના પાઠ કરતી વખતે ,તેમજ ગુરૂ કે દેવની આગળ પૌઢપાદથી બેસવું નહિ.[૪૪] આસન ઊપર જ બન્ને પગનાં તળાં મૂકીને બેસવું,તેમજ જંઘા ઊપર,જાનું ઊપર કે સાથળ ઊપર એક પગ મુકીને બેસવું,તેને પૌઢપાદ કહેવાય છે.[૪૫]હે વિપ્ર ! પોતાનું નામ, ગુરૂનું નામ, અતિ કંજૂસનું નામ, મોટા પુત્ર કે મોટી પુત્રીનું નામ અને પત્નીનું નામ, પોતાની સંપૂર્ણ આયુષ્ય ભોગવવા ઈચ્છતા ગૃહસ્થ પુરુષે ઉચ્ચારવાં નહિ.[૪૬] વળી ગુરૂ, તપસ્વી, વૃદ્ધ, વિદ્વાન, સદ્‌ગુણી, વિષ્ણુભક્ત અને રાજા આટલાને તુંકારે બોલાવવા નહિ.[૪૭] તેમજ બીજાનાં ખેતરમાં ચરતી ગાયને તે ખેતરના માલિકને દેખાડવી નહિ. રાત્રીએ પાણી પીવડાવ્યા સિવાય પશુઓને બાંધવાં નહિ, દેવ, ગુરૂ અને બ્રાહ્મણને કોઈ વ્યક્તિ કાંઈ પણ પદાર્થ અર્પણ કરતા હોય તેને નિવારવો નહિ. આત્મશ્લાઘા અને પરની નિંદા પણ ક્યારેય

अग्नौ न प्रक्षिपेदग्निं न गुरोर्दुष्कृतं वदेत् । सुहृन्मरणमार्तिं वा न स्वयं श्रावयेत्परान् ॥५१॥
प्रत्यक्षं लवणं नैव गृह्णीयाद्भोजने सुधीः । सूर्यं पश्यन्स्मरेद्विष्णुं दुराचारस्य दर्शने ॥५२॥
श्रुतिस्मृतिविरुद्धं च पाषण्डं हैतुकं तथा । अनीश्वरे च यच्छास्त्रं तत्त्यजेद्दुरतः पुमान् ॥५३॥
श्वस्पृष्टं शकुनोच्छिष्टं केशकीटाद्युपाहतम् । भार्योच्छिष्टं गवाघ्रातमन्नं नैव च भक्षयेत् ॥५४॥
मद्यमांसादिसंस्पृष्टं तथा स्पृष्टमुदक्यया । अन्नं नाद्याच्च शाकादि विड्जातं परिवर्जयेत् ॥५५॥
चैत्यवृक्षं च न छिन्द्यान्मार्गे छायातरुं तथा । शय्यासने न चाक्रामेत्तस्मादुत्कृष्टनीचयोः ॥५६॥
न चामङ्गल्यशीलः स्यान्नैवामङ्गल्यवागपि । न चाधर्मोपदेशेन द्रव्यं कस्यचिदाहरेत् ॥५७॥

**કરવી નહિ.[૪૯] મનુષ્યે કયારેય પણ તલવાર આદિ શસ્ત્રોની સાથે તેમજ સર્પની સાથે ક્રીડા કરવી નહિ. કુવાને ઉલ્લંઘી જવાની ક્રીડા કરવી નહિ અને પગ વડે પગ ઘસીને ધોવા નહિ.[૫૦]**

**અગ્નિમાં અગ્નિ નાખવો નહિ, પોતાના ગુરૂનાં દુષ્કર્મો બીજાની આગળ કહેવાં નહિ, પરંતુ એકાંતે ગુરૂને જ વિનયપૂર્વક કહેવું જે તમે આ કરો છો તે અયોગ્ય છે. કોઈ પણ મિત્રના મરણને તથા કોઈના અંગમાં ભવિષ્યમાં થનારી રોગાદિ પીડાને પોતે જાણતા હોઈએ તો પણ સ્વયં બીજાને જણાવવી નહિ, જો જણાવે તો તેમને ચિંતા વધી જાય.[૫૧] ડાહ્યા જનોએ ભોજન કરતી વખતે થાળીમાં સીધું નમક લેવું નહિ. મદ્યપાન કે પરસ્ત્રીગમન કરનાર દુરાચારીનું મુખ જોવાઈ જાય તો સૂર્યનું દર્શન કરતાં કરતાં વિષ્ણુ ભગવાનનું સ્મરણ કરવું.[૫૨] જે શાસ્ત્ર શ્રુતિ અને સ્મૃતિ વિરૂધનાં કૌલાગમાદિ શાસ્ત્રો હોય, પાખંડ કે નાસ્તિક ધર્મનું પ્રતિપાદન કરતાં ગૌત્તમસૂત્રાદિક શાસ્ત્ર હોય, હેતુવાદથી ધર્મમાં અધર્મપણાનું પ્રતિપાદન કરનારાં હોય, જે અનિશ્વરવાદનું પ્રતિપાદન કરનારાં હોય તે સર્વેનો બુદ્ધિમાન પુરુષોએ દૂરથી જ ત્યાગ કરી દેવો.[૫૩] વળી કૂતરાંનું સ્પર્શેલું, ચકલાં આદિક પક્ષીઓના ખાતાં બચેલું, કેશ, કીટ આદિકથી યુક્ત, પત્નીના ખાતાં બચેલું એઠું અને ગાયનું સૂંઘેલું અન્ન જમવું નહિ.[૫૪] મદ્ય, માંસના સ્પર્શવાળું તથા રજસ્વલાના સ્પર્શવાળું અન્ન પણ ક્યારેય જમવું નહિ, વિષ્ટાવાળી ભૂમિમાં ઉગેલા શાકાદિકનો ત્યાગ કરી દેવો.[૫૫] ચૈતન્યવૃક્ષ (મૂર્તિ બનાવવા માટે ઉચ્છેરેલું) તથા માર્ગમાં છાયા માટે રોપવામાં આવેલાં વૃક્ષો ક્યારેય પણ કાપવાં નહી,પોતાનાથી વર્ણાશ્રમાદિ ગુણોથી ઉચ કે નીચની શય્યાને ઉલ્લંઘવી નહિ.[૫૬] અમંગળ ચારિત્ર્યવાન થવું નહિ, અમંગળવાણી બોલવી નહિ, અધર્મના ઉપદેશથી કોઈનું**

न वञ्चयेत्कर्मकरान्साधयित्वाऽर्थमात्मनः । न लोभयेत्स्त्रियं काञ्चिन्मादकं नैव भक्षयेत् ॥५८॥
न धर्मं ख्यापयेद्विद्वान्न पापं गोपयेत्तथा । कृष्णभक्तस्य साधोश्च पुरतस्तन्निवेदयेत् ॥५९॥
प्रायश्चितं यथाशक्ति कुर्याद्दुष्कर्मणो द्रुतम् । कुर्वीतात्महितं नित्यं सर्वभूतानुकम्पनम् ॥६०॥
वयसः कर्मणोऽर्थस्य श्रुतस्याभिजनस्य च । देहस्य वाचो बुद्धेश्च योग्यं कर्म समाचरेत् ॥६१॥
ब्रह्मस्वमथ देवस्वं प्राणान्तेऽपि न चाहरेत् । अधिकं कालकूटाद्धि तद्विषं परिचक्षते ॥६२॥
अदत्तं कस्यचिद्वस्तु गृह्णीयान्नैव किञ्चन । नहि स्तेयसमं पापमन्यज्जीवातिदुःखदम् ॥६३॥
काष्ठं फलं तृणं पुष्पं प्रकाशं वै हरेत्क्वचित् । केवलं धर्मकृत्यार्थमन्यथा पतितो भवेत् ॥६४॥
मिथ्यापवादं कस्यापि न ब्रूयात्कर्हिचित्पुमान् । ब्रुवन्पतति पूयोदे यावच्चन्द्रदिवाकरौ ॥६५॥
सत्यमेव सदा ब्रूयादन्यद्रोहो न तेन चेत् । नास्ति सत्यसमं पुण्यमित्युवाच प्रजापतिः ॥६६॥

---

દ્રવ્ય હરવું નહિ.[૫૭] પોતાનું ભારવહનાદિ કામ કરાવી મજુરને છેતરવા નહિ, તેઓની સાથે ઠરાવેલું વેતન આપી દેવું. કોઈ સ્ત્રીને ધન આદિક પદાર્થ આપીને પોતામાં લોભાવવી નહિ. માદક પદાર્થ એવાં ગાંજો, ભાંગ આદિકનું ભક્ષણ કરવું નહિ.[૫૮] વળી ડાહ્યા મનુષ્યોએ પોતે કરેલાં દાન પુણ્યાદિક સુકૃતનો પ્રચાર કરવો નહિ, કારણ કે કરે તો નિષ્ફળ થાય છે. પોતે કરેલાં પાપને છૂપાવવું નહિ, અને સર્વત્ર તેમનો પ્રકાશ પણ ન કરવો, પરંતુ ભગવાનના એકાંતિક સંત કે જે તેના નિવારણના ધર્મને જાણતા હોય તેમની આગળ કહેવું. અને તે જે પાપનું પ્રાયશ્ચિત કહે તે તત્કાળ કરવું, હમેશાં સત્શાસ્ત્રોક્ત સ્વહિતનું કર્મ જ કરવું, પોતાને બંધન ન થાય તેનું ધ્યાન રાખી સર્વ જીવપ્રાણીમાત્ર ઉપર દયા કરવી.[૫૯]

અવસ્થા, વર્ણાશ્રમને યોગ્ય કર્મ, પોતાનું ધન, શાસ્ત્રનો અભ્યાસ, કુટુંબ, શરીરનું બળ, વાણીની ચતુરાઈ અને બુધ્ધિ, આ સર્વેને અનુરૂપ થઈ કર્મનું આચરણ કરવું.[૬૧] બ્રાહ્મણનું અને દેવ-ધર્માદાનું ધન પ્રાણાવસાન સમય આવી જાય તો પણ લેવું નહિ. કારણ કે તે કાળકૂટ ઝેર કરતાં પણ અધિક ભયંકર કહેલું છે.[૬૨] માલિકે અર્પણ કર્યા વિનાની કોઈની વસ્તુ લેવી નહિ, કારણ કે જીવને દુઃખ આપનાર ચોરી જેવું બીજું કોઈ પાપ નથી.[૬૩] ધર્મકાર્યને માટે પણ ક્યારેય જો કાષ્ઠ, ફળ, તૃણ, પુષ્પ આદિકનું ગ્રહણ કરે તો પણ તેનું પતન થાય છે.[૬૪]

કોઈના ઉપર મિથ્યાપવાદનો આરોપ મૂકવો નહિ, કારણ કે તે સૂર્ય ચંદ્ર તપે ત્યાં સુધી પૂયોદ નામના નરકમાં નાખનાર છે.[૬૫] હમેશાં સત્ય બોલવું, અને સત્ય ભાષણથી બીજાનો દ્રોહ ન થાય તો તેમની સમાન કોઈ પુણ્ય નથી. એમ

अश्वमेधसहस्रं सत्यं च तुलया धृतम् । पुरा विरिञ्चिना तत्र सत्यमेवात्यरिच्यत ॥६७॥
स्त्रीषु नर्मणि वृत्त्यर्थे विवाहे प्राणसङ्कटे । गोविप्रगुरुकार्यार्थे नानृतं चापि दुष्यति ॥६८॥
भद्रमेव सदा ब्रूयाद्भद्रमेव विचिन्तयेत् । भद्रैरेवेह संसर्गं कुर्यान्नाभद्रपूरुषैः ॥६९॥
नोद्वृत्तोन्मत्तमत्तैश्च नाविनीतैश्च कर्हिचित् । कुर्यान्मैत्रीं न चाशीलैर्नैव चौर्यादिदूषितैः ॥७०॥
न चातिव्ययशीलैश्च न लुब्धैर्नातिवारिभिः । नासत्यवादिभिः क्रूरैर्न स्त्रैणैर्लोकनिन्दकैः ॥७१॥
न द्यूतसक्तैर्न न्यूनैर्न वेश्यागमिभिः क्वचित् । सहासीत न निःस्वैश्च न च दैवपरैर्नरैः ॥७२॥
कुर्वीत साधुभिर्मैत्रीं सदाचारावलम्बिभिः । विद्याविनयसम्पन्नैर्नित्यमुद्योगशालिभिः ॥७३॥
नागाधाम्ब्ववगाहेत न प्रदीप्तं गृहं विशेत् । नारोहेद्वृक्षशिखरं दन्तान्सङ्घर्षयेन्न च ॥७४॥

---

પ્રજાપતિ બ્રહ્માજીએ કહ્યું છે.[૬૬] પૂર્વે બ્રહ્માજીએ અહિંસામય એક હજાર અશ્વમેધયજ્ઞો અને સત્યની તુલાયંત્રથી તુલના કરી તો તે બન્નેના મધ્યે સત્ય અધિક સાબિત થયું.[૬૭] જો કે સ્ત્રીની સન્મુખ, કોઇની મશ્કરીમાં, પોતાની આજીવિકાવૃત્તિ ટકાવવા, વિવાહના કામમાં, પ્રાણસંકટમાં હોય ત્યારે તથા ગાય, બ્રાહ્મણ અને ગુરુનું કામ સિદ્ધ કરવું હોય ત્યારે ખોટું બોલવામાં દોષ લાગતો નથી.[૬૮] હમેશાં મંગલકારી વાણી બોલવી. બીજાનું હમેશાં મંગલ વિચારવું. આલોકમાં સાધુપુરુષોનો જ સમાગમ કરવો. અભદ્ર- અમંગલ પુરુષોનો સંસર્ગ કરવો નહિ.[૬૯] શાસ્ત્રોની મર્યાદાને ઉલ્લંઘન કરીને વર્તનાર તથા ઉન્મત્ત કે મદિરાપાનાદિકથી મત્ત જનોની સાથે ક્યારેય પણ મૈત્રી કરવી નહિ.તેમજ જે વિનય રહિત હોય,જે અશ્લીલ પ્રવૃત્તિવાળા હોય,જે ચોરી આદિક કર્મ કરી દુષિત થયેલા હોય એમની સાથે પણ કયારેય મિત્રતા કરવી નહી.[૭૦] નિરર્થક ધનનો બગાડ કરવાના સ્વભાવવાળા પુરુષોની સાથે બેસવું નહિ, જરૂરી ધન વાપરવાનું હોય ત્યાં પણ લોભ કરનારા જનોની સાથે પણ બેસવું નહિ. અતિશય વેરી સ્વભાવવાળા જનોની સાથે પણ બેસવું નહિ, સદાય અસત્ય જ બોલતા હોય, ક્રૂર સ્વભાવના હોય, સ્ત્રીમાં આસક્ત કે સ્ત્રીને વશ વર્તતા હોય તથા લોકનિંદિતજનો હોય, તેમની સાથે પણ ક્યારેય બેસવું નહિ.[૭૧] જે દ્યુતક્રીડામાં આસક્ત હોય, પોતાનાથી ગુણોમાં હલકા હોય, વેશ્યાગામી હોય, ધનથી દુર્બળ હોય, ને ભાગ્યને ભરોસે બેસી રહેનારો હોય તેવા પુરુષોની સાથે ક્યારેય પણ બેસવું નહિ.[૭૨]

જે સદાચાર-પરાયણ વર્તતા હોય, વિદ્યા અને વિનયથી સંપન્ન હોય, હમેશાં ઉદ્યોગશીલ રહેતા હોય અને સત્પુરુષ હોય તેમની સાથે જ મૈત્રી કરવી.[૭૩] અગાધ

चतुष्पथं चैत्यतरुं श्मशानोपवनानि च दुष्टस्त्रीसन्निकर्षं च वर्जयेन्निशि सर्वदा ।।७५।।
अप्यर्थहानिः सोढव्या वैरेणार्थागमं त्यजेत् । नोच्चासनं गुरोरग्रे सेवेत न कदाचन ।।७६।।
शमं नयति यः क्रुद्धान्सर्वान्बन्धूनमत्सरी । भीतांश्चाश्वासयेद्स्तु स्वर्गस्तस्याल्पकं फलम् ।।७७।।
जिव्हा भार्या सुतो भ्राता मित्रदाससमाश्रिताः । यस्यैते विनयाढ्याः स्युस्तस्य सर्वत्र गौरवम् ।।७८
नोर्ध्वं न तिर्यग्दूरं वा वीक्षमाणश्च पर्यटेत् । युगमात्रं महीपृष्ठं नरो गच्छेद्विलोकयन् ।।७९।।
अन्वये सति सर्वस्वं भार्यां च शरणागतम् । कुलवृत्तिं च पुत्रांश्च दद्यान्नापद्यपि क्वचित् ।।८०।।
ऋणशुद्धिं स्ववंशं च वस्तूनां क्रयविक्रयौ । कन्यादानं गुणोत्कर्षं गोपयेन्नैव बुद्धिमान् ।।८१।।
संस्कारान्नं न भुञ्जीत प्रेतश्राद्धान्नमेव च । श्राद्धं कृत्वा परश्राद्धे भोक्तुं नैव व्रजेत्तथा ।।८२।।

---

**જળમાં તરવા માટે કે સ્નાન કરવા માટે ડૂબકી ન મારવી, બળી રહેલા ઘરમાં અતિ પ્રિય વસ્તુ લેવા માટે પણ પ્રવેશ ન કરવો, વૃક્ષની ટોચ ઉપર ચઢવું નહિ. દાંતને અરસપરસ ઘસી કટકટ અવાજ ન કરવો.[૭૪] હમેશાં રાત્રીને સમયે ચોવાટાનું, ચૈતન્યવૃક્ષનું, સ્મશાનનું, કુત્રિમ વનબગીચાનું અને દુષ્ટ સ્ત્રીઓનું સાનિધ્ય છોડી દેવું.[૭૫] ક્યારેક ધનહાની થાય તેને સહન કરવી,પરંતુ વેરભાવથી થતા ધનપ્રાપ્તિનો ત્યાગ કરવો, ગુરુની આગળ ઊંચા આસન ઉપર બેસવું નહિ.[૭૬] જે ગૃહસ્થપુરુષ મત્સર રહિત થઈ ક્રોધ પામેલા સર્વે પોતાના ભાઈઓને શાંત પમાડે છે, તેમજ ભયભીત જનોને આશ્વાસન આપી તેમનો ભય દૂર કરે છે, તેને માટે સ્વર્ગનું સુખ પણ અલ્પ સમાન છે. અર્થાત્ તેને તેનાથી પણ અધિક સુખની પ્રાપ્તિ થાય છે.[૭૭] જે પુરુષની જીભ વિનયવાળી હોય, પત્ની, પુત્ર, ભાઈ, મિત્ર અને નોકર ચાકર સર્વે વિનયવાળા હોય તો તે પુરુષને સર્વત્ર જયાં જાય ત્યાં ગૌરવ પ્રાપ્ત થાય છે.[૭૮] મનુષ્યે ઊંચે જોતાં કે આડું અવડું જોતાં કે દૂર જોતાં ચાલવું નહિ, પરંતુ પોતાની આગળ પૃથ્વી પર ચાર હાથ જેટલી દષ્ટિને પ્રસારીને ચાલવું.[૭૯] જો પોતાનો પાછળ વંશ હોય તો સર્વસ્વનું દાન આપત્કાળમાં પણ ક્યારેય કરવું નહિ, પત્ની, શરણાગત જીવ, કુલ પરંપરાની આજીવિકા અને પુત્રો આટલાનું આપત્કાળમાં પણ ક્યારેય દાન કરવું નહિ.[૮૦]**

**પોતે લીધેલાં ઋણને દઈ ચૂક્યા હોઈએ તે, પોતાનો વંશ, વસ્તુનું આદાન પ્રદાન, કન્યાદાન અને ગુણનો ઉત્કર્ષ થયો હોય તે, આટલાં વાનાં ક્યારેય પણ ગુપ્ત ન રાખવાં પણ જાહેર કરી દેવાં.[૮૧] જાતકર્માદિક સંસ્કારનું જમવામાં દોષ નથી. પ્રેતશ્રાદ્ધનું અન્ન જમવું નહિ, તેમજ શ્રાદ્ધ કરીને બીજાના શ્રાદ્ધમાં જમવા**

तौर्यत्रिकप्रियो न स्यान्नाद्यादातृप्ति रात्रिषु । नारोहेच्च गवां पृष्ठे बाहुभ्यां न नदीं तरेत् ॥८३॥
नाधार्मिके वसेद् ग्रामे न पाषण्डिजनाकुले । पीडिते दुष्टराज्ञा च जीविकारहिते तथा ॥८४॥
यत्र राजा धर्मनिष्ठः श्रोत्रियः सजला नदी । ऋणप्रदाता वैद्यश्च पुरे तत्र वसेद् गृही ॥८५॥
पौराः सुसंहता यत्र सततं न्यायवर्तिनः । यत्रामत्सरिणो लोका वासस्तत्र सुखावहः ॥८६॥
नोत्पाटयेल्लोम नखं दशनैश्च कदाचन । करजैः करजच्छेदं तृणच्छेदं च वर्जयेत् ॥८७॥
शुभाय न यदायत्यां तत्त्यजेत्कर्म यत्नतः । अद्वारेण न गच्छेच्च स्ववेशमपरवेश्मनोः ॥८८॥
क्रीडेन्नाक्षेर्न धर्मघ्नैः सहासीत क्वचित्पुमान् । न शयीत तथा नग्नौ न नग्नौ जलमाविशेत् ॥८९॥
न स्पृशेदनिमित्तेन खानि स्वानि त्वनातुरः । गुह्यजान्यपि लोमानि यत्स्पर्शादशुचिर्भवेत् ॥९०॥
पादधौतोदकं मूत्रमुच्छिष्टान्नोदकानि च । निष्ठीवनं च श्लेष्माणं गृहाद्दूरे विनिक्षिपेत् ॥९१॥

---

જવું નહિ.[૮૨] ગ્રામ્યગીત-પ્રિય, વાદ્યપ્રિય અને નૃત્યપ્રિય ન થવું. રાત્રીએ પેટ ભરીને ક્યારેય જમવું નહિ. બળદની પીઠ ઉપર ક્યારેય બેસવું નહિ. બાહુબળે નદી તરવી નહિ.[૮૩] અધર્મીજનો અને પાખંડીજનો જે ગામમાં ઘણા રહેતા હોય, તથા જે ગામને દુષ્ટ રાજા પીડતો હોય તે ગામમાં વસવાટ કરવો નહિ, તથા જે ગામમાં પોતાની આજીવિકાવૃત્તિ ન ચાલે તે ગામમાં પણ રહેવું નહિ.[૮૪] જે ગામમાં ધર્મનિષ્ઠ રાજા હોય, ભણેલો બ્રાહ્મણ હોય, જળવાળી નદી વહેતી હોય, ધન ધીરે એવા ધનવાન ગૃહસ્થ રહેતા હોય અને વૈદ્યરાજ વસતા હોય તેવા ગામમાં સુખેથી નિવાસ કરવો.[૮૫] જે ગામમાં સર્વે જનો એકમના થઈને ન્યાયનીતિથી રહેતા હોય, જ્યાં મત્સર રહિત જનો હોય, ત્યાં નિવાસ કરવો તે સુખપ્રદ થાય છે.[૮૬] પોતાના દાંતથી રોમ અને નખને ક્યારેય તોડવા નહિ. તેમજ નખ વડે કરીને નખ છેદવા નહિ અને તૃણનું પણ છેદન કરવું નહિ.[૮૭] જે કર્મ આવનારા સમયમાં શુભફળ આપનારું ન હોય તેવા કર્મનો પ્રયત્ન પૂર્વક ત્યાગ કરી દેવો. પોતાના કે પારકાના ઘરમાં આપત્કાળે નીકળવાના માર્ગેથી સામાન્યપણે નીકળવું નહિ.[૮૮]

વળી પુરુષોએ પાસાઓથી જુગાર ન રમવો, ધર્મનો ધ્વંશ કરનારા જનોની સાથે ક્યારેય બેસવું નહિ. નગ્ન શયન ન કરવું, નગ્ન થઈ જળમાં પ્રવેશ કરવો નહિ.[૮૯] રોગાદિ પીડા ન હોય તો કોઈ નિમિત્ત વિના પોતાનાં નાક, મુખ, કાન આદિ ઈન્દ્રિયોના છીદ્રોનો સ્પર્શ કરવો નહિ. ગુહ્ય ઈન્દ્રિયના રુંવાળાનો પણ સ્પર્શ કરવો નહિ, કારણ કે તેના સ્પર્શથી અપવિત્રતા થાય છે.[૯૦] હાથ-પગ ધોયેલું જળ, મૂત્ર, જમતાં બચેલું અન્ન, થુંક, કફ અને શ્લેષ્મ-નાકનો મળ ઘરથી દૂરના પ્રદેશમાં

कण्डूयनं च शिरसौ बाहुभ्यां न समाचरेत् । आताडनं कराभ्यां च क्रोशनं केशलुञ्चनम् ॥९२॥
पूर्वर्द्धिभिः परित्यक्तमात्मानं नावमानयेत् । सदोद्यमवतां यस्माच्छ्रियो विद्या न दुर्लभाः ॥९३॥
सत्यं ब्रूयात्प्रियं ब्रूयान्न ब्रूयात्सत्यमप्रियम् । प्रियं च नानृतं ब्रूयादेवं धर्मोऽस्ति मानद ! ॥९४॥
नागलितं पिबेत् क्षीरं न चाम्भो दीर्घधारया । न तिष्ठन् वामदोष्णा च भोजनावसरं विना ॥९५॥
पय ऐकशफं हेयं तथा क्रामेलकाविकम् । गोपीयूशस्तथा वर्ज्यो रात्रौ च दधिभोजनम् ॥९६॥
मद्यं नैव च पातव्यं नित्यं त्रैवर्णिकेन वै । न भक्षणीयं मांसं च हिंसा नरकदा यतः ॥९७॥
यो जन्तूनात्मपुष्ट्यर्थं हिनस्ति ज्ञानदुर्बलः । दुराचारस्य तस्येह नामुत्रापि सुखं भवेत् ॥९८॥
हन्ताऽनुमन्ता संस्कर्ता भोक्ता क्रेता च विक्रयी । उपहर्ता घातयिता हिंसको ह्यष्टधा मतः ॥९९॥

---

ફેંકવો.[૯૧] બે હાથે માથું ખંજવાળવું નહિ. પોતાના હાથથી પોતાના અંગ ઉપર મૃદંગની જેમ વગાડવું નહિ. નિમિત્ત વિના આક્રોશ ન કરવો અને હાથેથી દાઢી મુંછાદિકના વાળ ઉખાડવા નહિ.[૯૨] પૂર્વે ભેળી કરેલી સંપત્તિથી રહિત થઈ જવાય તો પણ પોતાના આત્માને અવગણવો નહિ, પરંતુ સંપત્તિ પ્રાપ્ત કરવા ન્યાયનીતિથી વધુ પ્રયત્ન કરવા, કારણ કે હમેશાં ઉદ્યમશીલ જનોને સંપત્તિ અને વિદ્યા દુર્લભ રહેતાં નથી.[૯૩] હે માનદ વિપ્ર ! હમેશાં સત્ય બોલવું, તેમાં પણ અપ્રિય એવું સત્ય અને પ્રિય એવું અસત્ય ન બોલવું. આજ સનાતન ધર્મ છે.[૯૪] ગાળ્યા વિનાનું જળ કે દૂધ પીવું નહિ, જળને બહુ ઊંચી ધારાથી કે ઊભા રહીને ન પીવું, ભોજન કર્યાના સમય વિના ડાબા હાથે જળ ન પીવું. આપત્કાળમાં દોષ નથી.[૯૫] એક ખરીવાળા પશુ જેવાં કે ઘોડી, ઊંટડી ને ઘેટીનું દૂધ ભોજનમાં ગ્રહણ કરવું નહિ, વિયાવાને દશ દિવસ ન થયા હોય તેવી ગાય, ભેંસ કે બકરીનું દૂધ પણ ઉપયોગમાં લેવું નહિ. રાત્રીએ ભોજનમાં દહીં લેવું નહિ.[૯૬] ત્રણે વર્ણના મનુષ્યોએ મદ્યનું પાન તો સર્વદા ન કરવું, અને માંસનું ભક્ષણ પણ ન કરવું, જો કરે તો તે હિંસાનો દોષ લાગવાથી નરકની પ્રાપ્તિ થાય છે.[૯૭]

અણસમજુ ને અવિવેકી પુરુષ પોતાના શરીરને પુષ્ટ કરવા માટે માંસભક્ષણ કરવા જીવહિંસા કરે છે, તે દુરાચારીને આલોકમાં કે પરલોકમાં ક્યાંય સુખ પ્રાપ્ત થતું નથી.[૯૮] ખડગ આદિકથી સાક્ષાત્ પશુનો વધ કરનાર, આવી પ્રવૃત્તિની અનુમતિ આપનાર, તેને રાંધવા આદિકનો સંસ્કાર કરનાર, માંસ ખાનાર, રૂપિયા આપીને માંસ ખરીદ કરનાર, માંસ વેચનાર, ખરીદનારના ઘેર ઉપાડીને લઈ જનાર અને કટકા કરનાર, આ આઠ જણને હિંસક જાણવા.[૯૯] લીલી શીંગોમાં

आर्द्रा वल्लास्तथाढक्यो भृष्टाः स्युर्यद्यनिस्तुषाः । पुम्भिः स्त्रीभिर्न भक्ष्यास्ते सूक्ष्मजीवान्तसम्भवात् १००
न स्वर्गकाम्यया कुर्यात्तीर्थेष्वपि कदाचन । आत्मघातं गृहस्थस्तु न च क्रोधाद्विषादिभिः ॥१०१॥
ब्राह्मणं कुशलं पृच्छेद्बाहुजातमनामयम् । वैश्यं सुखं समागम्य शूद्रं सन्तोषमेव च ॥१०२॥
पैशून्यं परदारांश्च क्रोधं द्रोहं तथाऽनृतम् । स्तेयं द्वेषं च दम्भं च त्यजेन्मायां च दूरतः ॥१०३॥
जन्मर्क्षं मैथुनं मन्त्रं गृहच्छिद्रं च वञ्चनम् । आयुर्धनं चापमानं स्त्रियं चेति सुगोपयेत् ॥१०४॥
श्रुतिभूदेवदेवानां नृपसाधुतपस्विनाम् । पतिव्रतानां नारीणां निन्दां कुर्यान्न कर्हिचित् ॥१०५॥
न मनुष्यस्तुतिं कुर्यान्नात्मानमपमानयेत् । वाचोवेगं मनोवेगं जिह्वावेगं च वर्जयेत् ॥१०६॥
सङ्कटे महति प्राप्ते यस्य कस्यापि देहिनः । यद्दीयते धनं तत्स्यादिहामुत्राप्यनन्तकम् ॥१०७॥

**રહેલી વાલ અને તુવેરને જો ફોલ્યા વિના એમને એમ ભઠ્ઠામાં સેંકેલી હોય તો તે વાલ કે તુવેરને ખાવી નહિ. કારણ કે તેમાં સૂક્ષ્મ જંતુઓ શેકાઇ જવાનો સંભવ છે.[૧૦૦] ગૃહસ્થજનોએ સ્વર્ગપ્રાપ્તિની ઇચ્છાથી પ્રયાગાદિ તીર્થોમાં ક્યારેય પણ આત્મઘાત કરવો નહિ. તેમજ ઝેર ખાઇને કે ગળે ટૂંપો ખાઇને કે કૂવે પડીને પણ આત્મઘાત કરવો નહિ.[૧૦૧] બ્રાહ્મણ જો સામે મળે તો તેમને કુશળ સમાચાર પૂછવા, ક્ષત્રિય સામે મળે તો આરોગ્ય વિષયક પ્રશ્નો પૂછવા અર્થાત્ આરોગ્યની પૂછા કરવી. વૈશ્ય સામે મળે તો સુખના સમાચાર પૂછવા અને શૂદ્ર સામે મળે તો સંતોષના સમાચાર પૂછવા.[૧૦૨] ચાડીચુગલી, પરસ્ત્રી, ક્રોધ, દ્રોહ, ખોટું બોલવું, ચોરી, દ્વેષ, દંભ તથા કપટ આટલા વાનાં ગૃહસ્થે દૂરથી છેડી દેવા.[૧૦૩] પોતાના જન્માક્ષર, મૈથુન, મંત્ર, ઘરનાં છિદ્રો, અન્યની સાથે કરેલી છેતરપીંડી, પોતાનું આયુષ્ય, પોતાના ધનનું પ્રમાણ, ક્યાંક થયેલું પોતાનું અપમાન અને પત્ની આટલી બાબત હમેશાં ગુપ્ત રાખવી.[૧૦૪]**

**વેદ, બ્રાહ્મણ, દેવતા, રાજા, સાધુ, તપસ્વી અને પતિવ્રતા સ્ત્રીઓની નિંદા ક્યારેય પણ કરવી નહિ.[૧૦૫] કોઇ પણ મનુષ્યની સ્તુતિ ન કરવી, પોતાની અવગણના ન કરવી, વાણીવેગ એટલે બહુ બકવાસ, મનોવેગ એટલે અનેક પ્રકારના પદાર્થો પામવાના તીવ્ર સંકલ્પો અને જીહ્વાવેગ- જુદા જુદા રસ ચાખવા આદિ આસક્તિનો ત્યાગ કરી દેવો.[૧૦૬] કોઇ પણ દેહધારી મનુષ્ય મોટા સંકટમાં આવી પડ્યો હોય ને તેને તે સમયે જે ધન આપીને સંકટમાંથી ઉગારી લેવામાં આવે, તે ધન આલોક અને પરલોક બન્ને જગ્યાએ અનંતફળને આપનારું થાય છે.[૧૦૭] જે પુરુષ પોતાનું ધન ખર્ચી, માતા પિતા વિનાના દ્વિજાતિના જનોને યજ્ઞોપવીત**

मातापितृविहीनं यो मौञ्जीपाणिग्रहादिभिः । संस्कारयेन्निजैरर्थैस्तस्य श्रेयस्त्वनन्तकम् ॥१०८॥
अग्निहोत्रैर्न तच्छ्रेयो नाग्निष्टोमादिभिर्मखैः । यच्छ्रेयः प्राप्यते मर्त्यैरेकस्मिन्हि द्विजे कृते ॥१०९॥
यो ह्यनाथस्य विप्रस्य विवाहं कारयेत् कृती । इह सौख्यमवाप्याथ सोऽक्षयं स्वर्गमेति च ॥११०॥
सुराज्ये वसतिं कुर्यात्सुमित्रे मैत्र्यमाचरेत् । सुभार्यायां वसेद्गेहे सुशिष्यं बोधयेद्रहः ॥१११॥
कुराजराज्ये ह्यभयं कुतः स्यात्कुमित्रमैत्र्ये स्वहितं कुतः स्यात् ।
कुभार्यया निर्वृतता कुतः स्यात्कुशिष्यबोधेन सुखं कुतः स्यात् ॥११२॥

**इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे हेयोपादेयनिरूपणनामाष्टादशोऽध्यायः ॥१८॥**

---

સંસ્કાર કે વિવાહ આદિ સંસ્કાર કરાવે છે, તેને અનંતગણું પુણ્ય થાય છે.[૧૦૮] એક દ્વિજાતિ કુમારને આવા સંસ્કારો કરાવી આપવાથી મનુષ્ય જે સુકૃત પામે છે, તેવું સુકૃત અગ્નિહોત્રથી પામતો નથી. તેમજ અગ્નિષ્ટોમાદિ યજ્ઞો કરીને પણ પામતો નથી.[૧૦૯] જે સુકૃતવાન પુરુષ અનાથ વિપ્રના વિવાહ કરાવી આપે તે આલોકમાં સુખ પામી પરલોકમાં અક્ષય સુખને પ્રાપ્ત કરે છે.[૧૧૦] જ્યાંનો રાજા અને પ્રજા ધાર્મિક હોય ત્યાં નિવાસ કરવો, સદાચાર અને સદ્‌ગુણ પરાયણ મિત્રોની સાથે મિત્રતા કરવી, પતિવ્રતા-પરાયણ એવી સુભાર્યાની સાથે ઘરમાં નિવાસ કરવો. શિષ્યોનાં લક્ષણોથી સંપન્ન એવા સદ્‌ગુણી શિષ્યને રહસ્યનો બોધ કરવો.[૧૧૧] જો કુરાજ્યમાં રહેતો હોય તો નિર્ભયતા ક્યાંથી થાય ? કુમિત્રની સાથે મિત્રતા કરનારને પોતાનું હિત ક્યાંથી થાય ? કુભાર્યાની સાથે ઘરમાં નિવાસ કરવાથી સુખ શાંતિ ક્યાંથી મળે ? અને કુશિષ્યની આગળ રહસ્યનો બોધ કરવાથી સુખ ક્યાંથી મળે ? તેમ કરવાથી આલોક કે પરલોકમાં દુઃખજ પ્રાપ્ત થાય છે.[૧૧૨]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ–જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ગૃહસ્થના સદાચાર ધર્મમાં ત્યાગ કરવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય ઉપાયોનું નિરૂપણ કર્યું,એ નામે અઢારમો અધ્યાય પૂર્ણ થયો. --૧૮--**

---

## एकोनविंशोऽध्यायः - १९

**श्रीनारायणमुनिरुवाच :-**

दुःस्वप्ने दुर्जनस्पर्शे श्मश्रुकर्मणि मैथुने । सद्यः स्नानं प्रकुर्वीत शवादिस्पर्शने तथा ॥१॥
वेदबाह्यमतान् स्पृष्ट्वा बौद्धादीन्नास्तिकानपि । कृत्वा स्नानं विलोक्यार्कं नामानि प्रजपेद्धरेः ॥२॥
शिशोरभ्युक्षणं प्रोक्तं बालस्याचमनं स्मृतम् । रजस्वलादिसंस्पर्शे स्नानमेव कुमारके ॥३॥
प्राक् चूडाकरणाद्बालः प्रागन्नप्राशनाच्छिशुः । कुमारकस्तु विज्ञेयो यावन्मौञ्जीनिबन्धनम् ॥४॥
खलक्षेत्रगतं धान्यं कूपवाप्यादिषूदकम् । स्पर्शदृष्टमपि ग्राह्यं यच्च गोष्ठगतं पयः ॥५॥
आपश्च सक्तवो धाना दधि तक्रं घृतं पयः । शूद्रहस्तादपि ग्राह्यं द्विजेनेत्यब्रवीन्मनुः ॥६॥
शुध्येच्च कारुहस्तस्थं पण्यं यत्स्यात्प्रसारितम् । भैक्षं च प्रोक्षणाच्छुध्येत्स्पृष्टिः साक्षान्न यस्य तत् ॥७

## અધ્યાય - ૧૯

## ગૃહસ્થ ધર્મમાં સદાય શુદ્ધ રહેવાના વિધિનું કરેલું નિરૂપણ.

શ્રીનારાયણમુનિ કહે છે, હે શિવરામ વિપ્ર ! ખરાબ સ્વપ્ન આવે, દુર્જન વ્યક્તિનો સ્પર્શ થઈ જાય, દાઢી મુંછ અને મસ્તક પર મુંડન કરાવે, મૈથુન કર્યા પછી અને શબ આદિકનો સ્પર્શ થાય ત્યારે તત્કાળ સ્નાન કરવું. આદિ શબ્દથી ચંડાળ, રજસ્વલા, વિધવા, વગેરેનો સમાવેશ જાણવો.[૧] તેમજ વેદ બાહ્યમત જેવા કે, જૈન કે બૌદ્ધાદિકોનો સ્પર્શ થાય તેમજ નાસ્તિક એના ચાર્વાકોનો સ્પર્શ થાય તો પણ સ્નાન કરવું. પછી સૂર્યદર્શન કરતાં કરતાં હરિનામનો જપ કરવો.[૨] જો રજસ્વલા સ્ત્રીનો સ્પર્શ શિશુને થાય તો માત્ર જળનું પ્રોક્ષણ કરવું, બાળકને થાય તો જળપ્રોક્ષણની સાથે આચમન કરાવવું, અને કુમારને થાય તો સ્નાન જ કરવાનું કહ્યું છે.[૩] હે વિપ્ર ! તેમાં અન્નપ્રાશન સંસ્કાર થયા પહેલાં શિશુ, ચૌલકર્મ કરાવ્યા પહેલાં બાળક અને યજ્ઞોપવિત સંસ્કાર પર્યંતની અવસ્થાને કુમાર અવસ્થા જાણવી.[૪] ખળામાં કે ખેતરમાં રહેલું ધાન્ય અસ્પૃશ્યજને સ્પર્શ કરેલું હોય છતાં શુદ્ધ જાણીને ગ્રહણ કરવું. તેમજ વાવ તથા કૂવામાં રહેલું જળ અને ગૌશાળામાં રહેલું દૂધ અસ્પૃશ્યજને સ્પર્શ કર્યો હોય છતાં શુદ્ધપણે ગ્રહણ કરવું.[૫] જળ, સાથવો, ધાણી, દહીં, છાસ, ઘી, દૂધ વિગેરે શુદ્રના હાથથી પણ દ્વિજાતિ જનોએ ગ્રહણ કરવું. તેમને શૂદ્રના સ્પર્શનો દોષ લાગતો નથી, એમ મનુએ કહેલું છે. (આ આપત્કાળના સમયે જાણવું).[૬]

धान्यानां वायुना शुद्धिर्घृतादीनां च वह्निना । कालेन गजदन्तादेर्भवेच्छुद्धिश्च चर्मणाम् ॥८॥
शुद्धिश्च यज्ञपात्राणां भवेदुष्णोदकेन वै । काष्ठानामथ तन्तूनां वाससामुदकेन च ॥९॥
अल्पे जलाशये शुद्ध्येत् त्र्यहेणैव नवोदकम् । दशाहेनैव महति गत्यभावे दिनान्तरे ॥१०॥
लेपोल्लेखाच्चाम्बुसेकाद्गृहं शुद्ध्येच्च लेपनात् । अमेध्यलिप्तं मृत्तोयैर्गन्धापहरणेन वै ॥११॥
ऊर्णा कौशेयकुतपपट्टक्षौमदुकूलकाः । एते शुद्धा भवन्त्येव शोषणप्रोक्षणादिभिः ॥१२॥
तूलिकामुपधानं च पुष्परक्ताम्बराणि च । शोषयित्वातपे किञ्चिन्मुहुर्हस्तेन मार्जयेत् ॥१३॥
पश्चाच्च वारिणा प्रोक्ष्य विनियुञ्जीत कर्मणि । अधिके सति मालिन्ये शोधयेत्तानि वारिणा ॥१४॥

---

ધોબીના હાથમાં રહેલાં ધોયેલાં વસ્ત્રો, દુકાનમાં વેચવા માટે ટોપલામાં ભરી રાખેલાં ધાન્યાદિ પદાર્થો, અને માધુકરવૃત્તિથી ભિક્ષામાં મળેલું પક્વાન્ન, જો સાક્ષાત્ ચંડાલે સ્પર્શ ન કર્યો હોય તો જળના પ્રોક્ષણ માત્રથી શુદ્ધ થાય છે. તેમાં ભિક્ષાન્ન જો સાક્ષાત્ અસ્પૃશ્યના સ્પર્શે રહિત હોય તો જ પ્રોક્ષણમાત્રથી શુદ્ધ થાય છે, પરંતુ અસ્પૃશ્યના સ્પર્શવાળું નહિ.[૭] અત્યંજોના સ્પર્શવાળાં ધાન્યોની વાયુથી શુદ્ધિ થાય છે, અને તેઓએ સ્પર્શેલાં ઘી આદિકની અગ્નિમાં તપાવવાથી શુદ્ધ થાય છે, અને હાથી દાંત તથા મૃગચર્મની ગંધલેપ દૂર થઈ જવા સુધીના દીર્ઘકાળથી શુદ્ધિ થાય છે.[૮] યજ્ઞપાત્રોની ગરમ જળથી શુદ્ધિ થાય છે, કાષ્ઠ, સુતર અને સુતરાઉ વસ્ત્રોને અપવિત્રને સ્પર્શ થતાં જળથી શુદ્ધિ થાય છે.[૯] અલ્પ જળાશયને વિષે આવેલું વરસાદનું નવું જળ ત્રણ દિવસે શુદ્ધ થાય છે અને મોટા જળાશયમાં આવેલું વરસાદનું નવું જળ દશ દિવસે શુદ્ધ થાય છે. જો અન્ય વાવ, કૂવા આદિકના વિકલ્પનો અભાવ હોય તો તે વરસાદનું નવું જળ બીજા દિવસે જ શુદ્ધ થયેલું જાણી ઉપયોગમાં લઈ શકાય છે.[૧૦] પૂર્વના લીંપણને ખોદીને ઉખાડવાથી, જળનું સિંચન કરવાથી અને ફરીને લીંપવાથી, ઘરની શુદ્ધિ થાય છે. અપવિત્ર પદાર્થોના સંસર્ગવાળું ઘર માટીએ યુક્ત જળવડે તેની ગંધ કાઢી નાખવાથી શુદ્ધ થાય છે.[૧૧] કામળી, રેશમીવસ્ત્ર, પર્વતીય બોકડાંના રુંવાળામાંથી બનાવેલો કામળો, વલ્કલ, ક્ષૌમ- અતલસના તંતુઓમાંથી બનાવેલાં વસ્ત્રો, અને બહુમૂલ્યવાળાં વસ્ત્રો આ સર્વે પવન અને સૂર્યતાપના શોષણથી અને જળના છંટકાવથી શુદ્ધ થાય છે.[૧૨] તળાઈ , ગોદડું, ઓશીકું અને કસુંબી રંગથી રંગેલાં વસ્ત્રો, તડકામાં સૂકાવવાથી અને વારંવાર હસ્તથી માર્જન કરવાથી તથા જળના છંટકાવથી શુદ્ધ થાય છે. જો અધિક મેલું હોય તો જળથી શુદ્ધ થાય છે.[૧૩-૧૪]

उदुम्बरस्य चाम्लेन क्षारेण त्रपुसीसयोः । भस्माम्बुभिश्च कांस्यस्य रीतेः शुद्धिश्च मृज्जलैः ॥१५॥
शुध्येत्तु भस्मना कांस्यं न चेन्मद्येन लेपितम् । सुरामूत्रादिसंस्पृष्टं शुध्येदुल्लेखनेन वै ॥१६॥
ताम्रमम्लेन शुध्येच्च न चेदामिषलेपनम् । आमिषेण तु यल्लिप्तं तत्तु दाहेन शुध्यति ॥१७॥
गवाघ्रातानि कांस्यानि श्वपाकोपहतानि च । शुध्यन्ति दशभिः क्षारैः शुद्रोच्छिष्टानि यानि च ॥१८॥
प्रभूतो ह्यन्नराशिश्चेत् श्वादिनोपहतस्तदा । अग्रमात्रं समुत्सृज्य शेषः स्यात्प्रोक्षणाच्छुचिः ॥१९॥
रजोऽग्निरश्वो गौश्छायारश्मयो विप्लुषो मही । वायुर्जलं मक्षिकाद्या दुष्टसङ्गाददोषिणः ॥२०॥
दर्भाः कृष्णाजिनं मन्त्रो गावोऽग्निर्ब्राह्मणास्तिलाः । नैते निर्माल्यतां यान्ति नियोक्तव्याः पुनः पुनः ।२१
दर्भाः पिण्डेषु निर्माल्यं ब्राह्मणाः प्रेतभोजने । मन्त्रः शूद्रेषु निर्माल्यं सन्न्यासिषु हुताशनः ॥२२॥
अद्भिर्गात्राणि शुध्यन्ति मनः सत्येन शुध्यति । विद्यातपोभ्यां भूतात्मा बुद्धिर्ज्ञानेन शुध्यति ॥२३॥

**તાંબાની શુદ્ધિ આંબલી કે લીંબુથી થાય છે, કલઈ અને શીશાની શુદ્ધિ ક્ષારથી થાય છે, કાંસાની શુદ્ધિ ભસ્મથી થાય છે. જ્યારે પીતળની શુદ્ધિ માટી સાથે જળથી થાય છે.[૧૫] જો કાંસાનું પાત્ર સૂરા કે મૂત્રાદિકના સ્પર્શવાળું ન હોય તો માત્ર ભસ્મથી શુદ્ધ થાય છે, પરંતુ જો સૂરાદિના સ્પર્શવાળું હોય તો અત્યંત ઘસવાથી શુદ્ધ થાય છે.[૧૬] તાંબાનું પાત્ર જો માંસના સંસર્ગવાળું હોય તો અગ્નિથી શુદ્ધ થાય છે નહિતો લીંબુ કે આંબલીથી શુદ્ધ થાય છે.[૧૭] જે કાંસાનું પાત્ર ગાયે સૂંઘેલું હોય, ચંડાળાદિકના સ્પર્શથી દૂષિત થયેલું હોય અને શૂદ્રનું ઉચ્છિષ્ટ હોય તો તેને દશ વખત ક્ષારના જળવડે ધોવાથી શુદ્ધ થાય છે.[૧૮] મોટા ધાન્યના ઢગલાને કૂતરાં કે ભૂંડીયાં આદિક પ્રાણીએ દૂષિત કર્યાં હોય તો અગ્રભાગ કે જેટલામાં તેઓનો સ્પર્શ થયો હોય તેનો ત્યાગ કરીને બાકીનો ઢગલો જળના છંટકાવથી શુદ્ધ થાય છે.[૧૯] રજ, અગ્નિ, અશ્વ, ગાય, છાયા, કિરણો, હિમજળના બિંદુઓ, પૃથ્વી, વાયુ, નદી આદિકનું જળ, માંખી, વાછરડું, બાળક આદિકના સ્પર્શથી પણ દૂષિત થતું નથી.[૨૦] દર્ભો, કાળિયાર મૃગનું ચર્મ, મંત્રો, ગાયો, અગ્નિ, બ્રાહ્મણ અને તલ આ એકવાર ઉપયોગમાં લીધાં હોવા છતાં પણ નિર્માલ્યપણાના દોષને પામતાં નથી. તેથી તેનો કર્મમાં ફરી ફરી ઉપયોગ થઈ શકે છે.[૨૧] દર્ભનો પિંડદાનમાં વિનિયોગ કરે પછીથી તે નિર્માલ્ય દોષને પામે છે. બ્રાહ્મણ જો પ્રેતનું ભોજન સ્વીકારે તો નિર્માલ્યના દોષને પામે છે. મંત્રો શૂદ્રોમાં અને અગ્નિ સંન્યાસીઓના વિનિયોગમાં નિર્માલ્યપણાને પામે છે. તેથી ફરીથી તેનો ઉપયોગ થતો નથી.[૨૨] શરીરના અવયવો જળથી, મન સત્યથી, અહંકાર વિદ્યાભ્યાસ અને તપથી અને બુદ્ધિ આત્મજ્ઞાનથી શુદ્ધ થાય છે.[૨૩]**

द्विविधस्याप्याशौचस्य शुद्धिं वक्ष्यामि ते त्वथ । वर्णाश्रमोचितां विप्र ! सङ्क्षेपादृषिसम्मताम् ॥२४
जाते पुत्रे पितुः स्नानं सचैलं तु विधीयते । दशाहं सूतकं तस्य कर्मानर्हत्वलक्षणम् ॥२५॥
पुत्रस्य जननी शुध्येदेकविंशतिवासरैः । कन्याया जननी शुध्येन्मासेनैकेन निश्चितम् ॥२६॥
सपिण्डानां च सर्वेषां दशाहं सूतकं मतम् । त्रिरात्रं सोदकानां च मुनिभिः परिकीर्तितम् ॥२७॥
सूतके सूतिकावर्जं संस्पर्शो न निषिध्यते । संस्पर्शे सूतिकायास्तु स्नानमेव विधियते ॥२८॥
प्रथमे दिवसे षष्ठे दशमे दिवसे तथा । त्रिष्वेतेषु पितुर्नास्ति सूतकं पुत्रजन्मनि ॥२९॥
अतो न विद्यते दोषः कर्तुर्जातककर्मणः । तस्माद्गोभूहिरण्यादिदानं च प्रतिगृह्णताम् ॥३०॥
दशाहं शावमाशौचं सपिण्डेषु विधीयते । सोदकानां तु सर्वेषां त्रिरात्रं तदुदीरितम् ॥३१॥
दशाहाभ्यन्तरे बाले प्रमीते तस्य बान्धवैः । शावाशौचं न कर्तव्यं सूत्याशौचं विधीयते ॥३२॥

**જન્મ-મરણનો સૂતક નિર્ણય :–** હે વિપ્ર ! હવે વર્ણાશ્રમને યોગ્ય અને ઋષિમુનિઓને માન્ય એવી જન્મ અને મરણરૂપ બે પ્રકારના અશૌચ સૂતકની શુદ્ધિ તમને સંક્ષેપથી કહું છું.[૨૪] પુત્રનો જન્મ થાય ત્યારે પિતાએ વસ્ત્રે સહિત સ્નાન કરવું, અને તે નિમિત્તે પિતાએ દશ દિવસ સુધી સૂતક પાળવું અને ત્યાં સુધી સંધ્યાવંદનમાં અનધિકારી સિદ્ધ થાય છે.[૫] અને પુત્રને જન્મ આપનારી માતા એકવીસ દિવસે શુદ્ધ થાય છે, ને જો કન્યાને જન્મ આપ્યો હોય તો માતા એક મહિને શુદ્ધ થાય છે. આ એકવીસ દિવસ અને મહિનાનો જે અવધી કહ્યો, તે દશ દિવસના સૂતક પછીનો જાણવો. ત્યાં સુધી માતા સ્પર્શ કરવા યોગ્ય થતી નથી.[૨૬] તેમાં સાત પેઢીના જનો માટે દશ દિવસનું સૂતક છે અને આઠમી પેઢીથી લઈ ચૌદમી પેઢી સુધીના જનોને ત્રણ દિવસનું સૂતક ઋષિમુનિઓએ કહેલું છે.[૨૭] જન્મના સૂતકમાં પ્રસૂતાનારી સિવાય બીજા સંબંધીઓના સ્પર્શમાં દોષ નથી. પરંતુ એક પ્રસૂતા નારીનો સ્પર્શ થાય તો સ્નાન કરવાનું કહેલું છે.[૨૮] પુત્રના જન્મમાં પ્રથમ, છઠ્ઠા અને દશમા દિવસે પિતાને સૂતક લાગતું નથી, તેથી દાન આપવા આદિનો અધિકારી થાય છે.[૨૯] તેમ જે જાતકર્મના સંસ્કારવિધિમાં દેવતાનું પૂજન, મંત્ર-ઉચ્ચારણ આદિકમાં કોઈ દોષ નથી. તેથી તે પિતા પાસેથી ગાય, ભૂમિ, સુવર્ણ વગેરેનું દાન ગ્રહણ કરનાર બ્રાહ્મણને પણ દોષ નથી.[૩૦]

હે વિપ્ર ! મરણના સૂતકમાં પણ સાત પેઢીના જનોને દશ દિવસનું અને આઠથી ચૌદ પેઢીના જનોને ત્રણ દિવસ સૂતક પાળવાનું કહેલું છે.[૩૧] જન્મેલો બાળક જન્મ દિવસથી દશ દિવસની અંદર મૃત્યુ પામે તો તેના બાંધવોએ સૂતક

आदन्तजननात्स्नानमादाहादह उच्यते । चौलोत्तरं त्रिरात्रं च पञ्चमाब्दात्परं तथा ॥३३॥
अहस्त्वदत्तकन्याया दत्तायाश्च दिनत्रयम् । आशौचं च व्रतादेशाद् द्विजानां स्वस्वजातिजम् ॥३४॥
दिनानि दश विप्रस्य द्वादश क्षत्रियस्य तु । विशः पञ्चदशाशौचं मासं शूद्रस्य कथ्यते ॥३५॥
सामान्यतो दशाहं वा चातुर्वर्ण्यस्य तत्स्मृतम् । आपत्काले नियमो दशाहस्यापि नास्ति वै ॥३६॥
त्रिरात्रमाहुराशौचमाचार्ये संस्थिते तथा । मातामहे च दौहित्रे स्वयाज्ये भगिनीसुते ॥३७॥
मातुलस्य च मातुल्यः श्वश्रूश्वशुरयोरपि । जामातुश्च भगिन्याश्च त्रिरात्रं स्वगृहे मृतौ ॥३८॥
अन्यथा पक्षिणी प्रोक्ता तथा पितृष्वसुर्मृतौ । मातृष्वसुः श्यासकस्य तथा सन्मित्रशिष्ययोः ॥३९॥
निजदेशाधिपादीनामेकाहाशौचमुच्यते । स्वल्पेऽपि सति सम्बन्धे स्नानं वासोयुतं मतम् ॥४०॥

---

પાળવું નહિ, પરંતુ માત્ર જન્મનિમિત્તનું જ સૂતક પાળવું.[૩૨] નામકરણ સંસ્કાર પછી અને દાંત ઉગ્યા પહેલાં જો બાળકનું મૃત્યુ થાય તો સાતપેઢીના જનોને માત્ર સ્નાનથી શુદ્ધિ થાય છે. અને દાંત ઉગ્યા પછી જો મૃત્યુ થાય તો એક દિવસનું સૂતક પાળવું, ચૌલ સંસ્કાર કર્યા પછી પાંચ વર્ષથી અંદરના બાળકનું જો મૃત્યુ થાય તો ત્રણ રાત્રી-દિવસનું સૂતક પાળવું, પાંચમા વર્ષ પછી યજ્ઞોપવીત સંસ્કાર પ્રાપ્ત થયા પહેલા આઠમા વર્ષથી પહેલાં જો મૃત્યુ થાય તો પણ ત્રણ દિવસનું સૂતક સમજવું, યજ્ઞોપવીત સંસ્કાર પછી દશ દિવસનું સૂતક પાળવું.[૩૩] તેમજ કોઈ કન્યાનું કોઈની સાથે વાગ્દાન થયું ન હોય ને મૃત્યુ પામે તો એક દિવસનું સૂતક પાળવું, ને જો વાગ્દાન થયું હોય તો ત્રણ દિવસનું સૂતક પાળવું. ત્રણે વર્ણના દ્વિજાતિ જનોએ યજ્ઞોપવીત સંસ્કાર થઈ ગયા પછી પુરુષનું અને વિવાહ થયા પછી સ્ત્રીનું સૂતક પોતપોતાના વર્ણને અનુસારે પાળવાનું જાણવું, તેમાં બ્રાહ્મણોએ દશ દિવસ, ક્ષત્રિયોએ બાર દિવસ, વૈશ્યોને પંદર દિવસ અને શૂદ્રોને એક મહિનાનું સૂતક પાળવું.[૩૫] અથવા ચારે વર્ણના જનોએ દશ જ દિવસનું સૂતક પાળવું. તેમાં આપત્કાળમાં તો દશ દિવસનો પણ કોઈ નિયમ નથી.[૩૬] આચાર્યનું મૃત્યુ થાય તો ત્રણ દિવસનું સૂતક પાળવું. તેવી જ રીતે નાનાબાપા, દોહિત્રા, પોતાનો યજમાન કે બહેનનો પુત્ર મૃત્યુ પામે તો પણ ત્રણ દિવસનું સૂતક પાળવું.[૩૭] મામા, મામી, સાસુ, સસરા, જમાઈ અને બહેન પોતાના ઘેર મૃત્યુ પામે તો ત્રણ દિવસનું સૂતક પાળવું.[૩૮] નહિ તો દોઢ દિવસનું સૂતક પાળવું. તેમજ ફઈ, માસી, સાળો તથા મિત્ર અને સદ્‌ગુણી શિષ્ય જો મૃત્યુ પામે તો પણ દોઢ દિવસનું સૂતક પાળવું.[૩૯] પોતાના દેશના કે ગામના અધિપતિનું કે મૃત્યુ થાય તો એક દિવસનું સૂતક પાળવું.

त्रिधा विभज्य रजनीमाद्यभागद्वये मृतौ । जन्मादौ च दिनं पूर्वं ग्राह्यमन्त्ये तथोत्तरम् ॥४१॥
इत्थं केचिद्बुधाः प्राहुस्तथा केचिन्महर्षयः । निशीथात्प्राक् पूर्वदिनं प्राग्वा सूर्योदयाद्विदुः ॥४२॥
साग्नेर्दाहदिनादेव निरग्नेर्मृतिवासरात् । आशौचदिनसङ्ख्यापि विज्ञेया गृहिभिर्नृभिः ॥४३॥
सूतेर्ज्ञाने दशाहोर्ध्वं पुनर्नास्त्येव सूतकम् । शावाशौचे तु विज्ञेया व्यवस्थेत्थं द्विजोत्तम ! ॥४४॥
आत्रिमासात्त्रिरात्रं स्यात्षण्मासावधि पक्षिणी । एकाहं नवमासान्तमूर्ध्वं स्नानेन शुद्ध्यति ॥४५॥
देशान्तरमृते केचित्स्नानमात्रं महर्षयः । इच्छन्ति च तथा प्रेते यतौ वैखानसेऽपि च ॥४६॥
महानद्यन्तरं यत्र गिरिर्वा व्यवधायकः । वाचो यत्र विभिद्यन्ते तद्देशान्तरमुच्यते ॥४७॥

---

દિવસે મૃત્યુ થયું હોય તો સાંજે તારાસ્નાન પછી શુદ્ધ થાય અને રાત્રે મૃત્યુ થયું હોય તો સૂર્યદર્શન પછી શુદ્ધ થાય છે. અલ્પ સરખા સંબંધવાળાનું મૃત્યુ થાય તો વસ્ત્રે સહિત સ્નાન કરવાનું કહેલું છે.[૪૦]

હવે સૂતક ગ્રહણ કરવાનો સમય કહે છે, રાત્રીના ત્રણ વિભાગ કરી પહેલા બે વિભાગમાં જન્મ કે મરણ થાય તથા સ્ત્રીને રજસ્વલાપણું પ્રાપ્ત થાય તો પૂર્વનો દિવસ ગણી લેવો અને રાત્રીના ત્રીજા ભાગમાં થાય તો પછીના દિવસથી સૂતક ગ્રહણ કરવાનો દિવસ ગણવો. આ પ્રમાણે બુદ્ધિમાન પુરુષો કહે છે. તથા કોઈ ઋષિમુનિઓ અર્ધ રાત્રી પૂર્વે આગલો પૂર્વનો દિવસ ગણે છે અથવા કોઈ ઋષિમુનિઓ સૂર્યોદયથી પૂર્વના સમયને આગલો દિવસ ગણે છેઅને સૂર્યોદય પછીથી બીજો દિવસ ગણે છે.[૪૧-૪૨] અગ્નિનો સ્વીકાર કરનારા ગૃહસ્થનું મૃત્યુ થાય તો સૂતકના (સંખ્યા) દિવસની ગણના અગ્નિદાહના દિવસથી સમજવી, અને અગ્નિ રહિતના પુરુષનું મૃત્યુ થાય તો મરણના દિવસથી જ સૂતકના દિવસની ગણના સમજવી.[૪૩] હે વિપ્રવર્ય ! દશ દિવસ બાદ જો પુત્ર-પ્રસૂતિના સમાચાર જાણવા મળે તો સૂતક પાળવાનું હોતું નથી. એવી રીતે મરણના સૂતકમાં કહું છું, એ વ્યવસ્થા સમજવી,[૪૪] મૃત્યુ પામેલાના અગિયારમા દિવસથી ત્રીજા માસ પર્યંત સુધીમાં જો મૃત્યુના સમાચાર મળે તો ત્રણ દિવસ સૂતક પાળવું,ચોથા માસથી આરંભી છઠ્ઠા માસ પર્યંત જો મૃત્યુના ખબર મળે તો દોઢ દિવસનું સૂતક પાળવું અને સાતમા માસથી આરંભી નવમા માસ પર્યંત જો ખબર મળે તો એક દિવસ અને તેના પછી સમાચાર મળે તો સ્નાન માત્રથી શુદ્ધિ થાય છે.[૪૫] કેટલાક ઋષિમુનિઓનો મત છે કે દેશાંતરમાં મૃત્યુ થાય તો સ્નાનમાત્રથી શુદ્ધિ થાય છે. તેમજ વાનપ્રસ્થ તથા સંન્યાસીના મૃત્યુમાં પણ તેનાગોત્રીઓ માટે સ્નાન માત્રથી

स्वदेशे परदेशे वा ह्यूर्ध्वं संवत्सरादपि । मातुः पितुः स्त्रियाः पत्युः पूर्णमासौचमुच्यते ॥४८॥
युद्धे मृतस्य नाशौचं गोद्विजार्थे मृतस्य च । प्राप्तश्च यो दुर्मरणमप्रमादेन तस्य च ॥४९॥
जनने जननं चेत्स्यान्मरणे मरणं तथा । पूर्वशेषेण शुद्धिः स्यादुत्तराशौचवर्जनम् ॥५०॥
दशाहिकं पतेदन्यत्सूतकं दशमेऽह्नि चेत् । रात्रिशेषे द्वयहाच्छुद्धिर्यामशेषे भवेत्त्र्यहात् ॥५१॥
शावाशौचे समुत्पन्ने सूतकं तु यदा भवेत् । शावेन शुध्येत्सूतिस्तु न सूतिः शावशोधिनी ॥५२॥
स्वल्पाशौचस्य मध्ये तु दीर्घाशौचं भवेद्यदि । न पूर्वेण विशुद्धिः स्यात्स्वकालेनैव शुध्यति ॥५३॥
सूतकान्तरसम्प्राप्तावपि पुत्रादिना द्विज ! । नवश्राद्धानि देयानि यथाकालं यथाक्रमम् ॥५४॥

---

શુદ્ધિ કહેલી છે.[૪૬] તેમાં દેશાંતરનું લક્ષણ આ પ્રમાણે જાણવું કે- જેમાં કોઈ મોટી નદીનું વ્યવધાન હોય કે કોઈ પર્વત વ્યવધાન કર્તા હોય, વળી જે દેશની ભાષા પણ બદલાઈ જતી હોય તેને દેશાંતર કહેલું છે.[૪૭] બીજું કે સ્વદેશ હોય કે પરદેશ હોય,તેમજ વર્ષ વ્યતીત થઈ જાય તો પણ માતા-પિતા, પતિ-પત્ની, આ ચારના મૃત્યુના સમાચાર જ્યારથી મળે ત્યારથી દશ દિવસનું સૂતક પાળવું.[૪૮] જે રણસંગ્રામમાં મરાયો હોય, ગાય બ્રાહ્મણના રક્ષણ અર્થે મરાયો હોય અને જેનું ઈચ્છા પૂર્વક અગ્નિ પ્રવેશથી કે વિષભક્ષણાદિકથી અપમૃત્યુ થયું હોય તેનું સૂતક પાળવાનું હોતું નથી.[૪૯]

**બે સૂતક ભેળાં થઇ જાય તેનો નિર્ણય :–** વળી એક જન્મનું સૂતક ચાલતું હોય ને વચ્ચે બીજું જન્મનું સૂતક આવે તો, તથા મરણના સૂતકની વચ્ચે બીજું મરણનું સૂતક આવે તો પૂર્વના સૂતકની સાથે જ બીજા સૂતકની શુદ્ધિ થઈ જાય છે. તેથી દશ દિવસ પછીના દિવસે સૂતક પાળવાનું હોતું નથી.[૫૦] જો ચાલતા સૂતકના દશમા દિવસે તેવું જ સજાતિય સૂતક આવે તેમાં જો દશમા દિવસની માત્ર રાત્રી બાકી રહી હોય તો બીજા બે દિવસ લંબાવીને બન્ને સૂતકની સાથે શુદ્ધિ કરવી. પરંતુ તેથી વધુ દિવસ સૂતક પાળવું નહિ. અને જો દશમા દિવસની રાત્રીનો છેલ્લો પહોર માત્ર બાકી હોય ને બીજું સજાતીય સૂતક આવી પડે તો ત્રણ દિવસ અધિક સૂતક પાળવાથી શુદ્ધિ કહેલી છે.[૫૧] જો મરણનું સૂતક ચાલતું હોય તેમાં જન્મનું સૂતક આવે તો જન્મનું સૂતક મરણના સૂતકની સાથે ઊતરી જાય છે. પરંતુ જન્મના સૂતકની વચ્ચે મરણનું સૂતક આવે તો તે ઉતરતું નથી.[૫૨] જો ત્રણ દિવસ વાળું નાનું સૂતક ચાલતું હોય તેમાં દશ દિવસવાળું મોટું સૂતક આવી પડે તો તે નાના સૂતકની સાથે મોટું સૂતક ઊતરતું નથી. પરંતુ તેને દશ દિવસ પુરું પાળવું.

आद्यं श्राद्धमशुद्धोऽपि कुर्यादेकादशेऽहनि । कर्तुस्तात्कालिकी शुद्धिरशुद्धिः पुनरेव सः ॥५५॥
ऋषिभिर्बहुधैवात्र सूतकाशौचविस्तरः । कृतोऽस्तीति ततो ज्ञेयो विशेषोऽन्यस्तु सन्मते ! ॥५६॥
नैष्ठिकानां वनस्थानां यतीनां ब्रह्मचारिणाम् । नाशौचं कीर्तितं सद्भिः शावं सौत्यं च सुव्रत ! ॥५७
मातुः पितुर्गुरोश्चैते निशम्य मरणं ततः । कुर्युः सवसनं स्नानं न त्वन्यस्य कदाचन ॥५८॥
व्रतयज्ञविवाहेषु श्राद्धे होमेऽर्चने जपे । आरब्धे सूतकं न स्यादनारब्धे तु सूतकम् ॥५९॥
प्रारम्भो वरणं यज्ञे सङ्कल्पो व्रतसत्रयोः । नान्दीश्राद्धं विवाहादौ श्राद्धे पाकपरिक्रिया ॥६०॥
सूतके वर्तमाने च श्राद्धप्राप्तौ मनीषिभिः । कर्तव्यं सूतकान्ते तदमायां वा यथाविधि ॥६१॥

---

ત્યારપછી શુદ્ધ થવાય છે.[૫૩] હે વિપ્ર ! જન્મ કે મરણનું કોઇ પણ સૂતક હોય છતાં પુત્રોએ માતા-પિતાના નવશ્રાદ્ધ સમયે સમયે ક્રમ પ્રમાણે જ કરતા જવું.[૫૪] સૂતકને લીધે શ્રાદ્ધ કર્મમાં અપવિત્રપણાને લીધે અનધિકારની શંકા ન કરવી, કારણ કે સૂતકમાં પ્રાપ્ત થયેલી અપવિત્રતા અગિયારમે દિવસે પ્રથમ શ્રાદ્ધ કરવા સમયે શ્રાદ્ધ કરનારને સ્પર્શી શકતી નથી, તે સમયે તેની તત્કાળ શુદ્ધિ થઇ જાય છે. શ્રાદ્ધ પૂર્ણ થયા પછી ફરી સૂતકની અપવિત્રતા તેમને સ્પર્શે છે.[૫૫] હે રૂડીબુદ્ધિવાળા શિવરામ વિપ્ર ! આ સૂતકના વિષયમાં ઋષિમુનિઓએ જન્મ કે મરણના સૂતકનો વિસ્તાર તે તે સ્થળે બહુપ્રકારે કર્યો છે. તેથી આનાથી વિશેષ કાંઇ જાણવું હોય તો ત્યાંથી જાણી લેવું.[૫૬]

હે સુંદર વ્રતવાળા વિપ્ર ! નૈષ્ઠિક બ્રહ્મચારી, વાનપ્રસ્થો અને ઉપકુર્વાણક બ્રહ્મચારીઓને જન્મનું કે મરણનું સૂતક પાળવાનું કહ્યું નથી.[૫૭] તેથી તેઓએ માતા-પિતા અને ગુરુનું મરણ સાંભળે ત્યારે વસ્ત્રે સહિત સ્નાન કરવું, આના સિવાયના સંબંધીનું મરણ સાંભળે છતાં બ્રહ્મચારી આદિકે સ્નાન પણ કરવું નહિ.[૫૮] વ્રત, યજ્ઞ, વિવાહ, શ્રાદ્ધ, હોમ, પૂજન અને જપમાં તથા વ્રતાદિકના પ્રારંભમાં બન્ને પ્રકારનું સૂતક લાગતું નથી. જો તે વ્રતાદિકનો પ્રારંભ ન કરેલો હોય તેમને સૂતક લાગે છે.[૫૯] યજ્ઞમાં બ્રાહ્મણની વરણીને જ પ્રારંભ કહે છે, વ્રત અને યજ્ઞાદિકમાં હાથમાં જળ લઇ તિથિ, નક્ષત્ર વાર આદિકનો નિર્દેશ કરી સંકલ્પ કરેલો હોય તેને અને વિવાહાદિકમાં નાંદીશ્રાદ્ધ કરેલું હોય તેને પ્રારંભ કહેલો છે, અને શ્રાદ્ધમાં રસોઇ પકાવવા માટે ચૂલા ઉપર રાંધવાના પાત્રને સ્થાપન કરવાના સમયને પ્રારંભ કહેલો છે.[૬૦] હે વિપ્ર ! સૂતક ચાલતું હોય અને વાર્ષિક તથા મહાલયાદિ શ્રાદ્ધની તિથિ પ્રાપ્ત થાય તો વિદ્વાન ડાહ્યા પુરુષોએ તે શ્રાદ્ધ સૂતક પૂર્ણ

आपद्गतस्य सर्वस्य सूतकेऽपि न सूतकम् । स्वस्थकाले त्विदं सर्वं सूतकं परिकीर्तितम् ॥६२॥
सूतके कर्मणां त्यागो नित्यानामपि कथ्यते । प्रारब्धानि तु काम्यानि कर्तव्यानि यथाविधि ॥६३॥
सन्ध्या तु मानसी कार्या कुशवारिविवर्जिता । विप्रो दशाहमासीत वैश्वदेवविवर्जितः ॥६४॥
श्रौते कर्मणि तत्कालं स्नातः शुद्धिमवाप्नुयात् अशुद्धः पुनरेव स्यात्स्मार्तां त्वन्येन कारयेत् ॥६५॥
लवणे फलपुष्पादौ घृततैलपयस्सु च । पण्येषु चैव सर्वेषु न दोषो मृतसूतके ॥६६॥
आतुरे स्नान उत्पन्ने दशवारमनातुरः । स्नात्वा स्नात्वा स्पृशेदेनमातुरः शुद्धिमाप्नुयात् ॥६७॥
ज्वराभिभूता या नारी रजसा च परिप्लुता । तां चापीत्थं स्पृशेदन्या नारी स्नायात्पुनः पुनः ॥६८॥
राजा च राजकीयाश्च सत्रिणो व्रतिनस्तथा । स्नानाच्छुद्धाः स्वस्वकार्ये भिषक्छिल्प्यादयोऽपि च ६९
द्विविधाशौचमित्युक्तं सङ्क्षेपेण मया द्विज ! । तथैव चात्र विज्ञेयं तृतीयं राहुसूतकम् ॥७०॥

---

થાય ત્યારે વિધિપૂર્વક કરવાનું કહેલું છે. અથવા અમાવાસ્યાના દિવસે કરવું.[૬૧] આપત્કાળમાં સૂતક હોવા છતાં લાગતું નથી, આ સર્વે સૂતક તો સ્વસ્થ કાળમાંજ યથાર્થ પાળવાનાં કહેલાં છે.[૬૨] હે વિપ્ર ! સૂતકમાં સ્નાન, સંધ્યાદિ નિત્ય કર્મો મંત્રે સહિત ન કરવાં, બાકી પ્રારંભ કરી દીધેલાં પુત્ર જન્માદિકને લગતાં નૈમિત્તિક કર્મો તો વિધિ પ્રમાણે કરવાં.[૬૩] તેમાં બ્રાહ્મણે સૂતકના દશ દિવસ પર્યંત દર્ભ જળ રહિતની માનસી સંધ્યા કરવી, પરંતુ વૈશ્વદેવાદિ કર્મ કરવું નહિ.[૬૪]

સ્નાન કરવા માત્રથી શ્રૌતકર્મમાં પુરુષ આહુતિ આપવાના સમય સુધી શુદ્ધ રહે છે, અને આહુતિ આપ્યા પછી ફરી અશુદ્ધિ થાય છે. પરંતુ જાતકર્માદિ સંસ્કારનાં સ્માર્તકર્મો તો બીજા પાસે જ કરાવવાં.[૬૫] નમક, ફળ, પુષ્પ, ઘી, તેલ અને દૂધ આ સર્વે દુકાનમાં રહેલાં હોય ત્યારે તેને મરણના સૂતકનો દોષ લાગતો નથી.[૬૬] રોગી માણસને મરણ નિમિત્તનું સ્નાન કરવાનું આવે ત્યારે સ્વસ્થ પુરુષે સ્નાન કરી કરીને રોગીને દશવાર સ્પર્શ કરે તો શુદ્ધ થઈ જાય છે.[૬૭] તેવી રીતે સ્ત્રીઓ પણ રજસ્વલા ધર્મમાં હોય ને ચોથે દિવસે સ્નાન કરીને શુદ્ધ થવાનું હોય ત્યારે જો તાવ આદિકની પીડાથી યુક્ત હોય તો તેને પણ બીજી સ્ત્રી પહેલા પુરુષની જેમ જ વારંવાર સ્નાન કરી દશવખત રજસ્વલા સ્ત્રીનો સ્પર્શ કરી ફરી ફરી સ્નાન કરે તો તેમની શુદ્ધિ થાય છે.[૬૮] રાજા, રાજકીય પુરુષો, અન્નસત્રમાં પ્રવૃત્ત પુરુષો, પ્રાયશ્ચિતાદિ વ્રતનો પ્રારંભ કરી દીધેલો હોય તેવા જનો, તથા વૈદ્યરાજ, શિલ્પીઓ અને સૂથાર આદિક કામ કરનારા જનો સ્નાન કર્યા પછી પોતપોતાનાં કાર્ય કરવા માટે શુદ્ધ થયેલા ગણાય છે.[૬૯] હે વિપ્ર ! આ પ્રમાણે મેં તમને જન્મ

सर्वेषामेव वर्णानां सूतकं राहुदर्शने । स्नात्वा कर्माणि कुर्वीत शृतमन्नं विवर्जयेत् ॥७१॥
आरनालं पयस्तक्रं दधि स्नेहाद्यपाचितम् । मणिकस्थोदकं चैव तिलदर्भैर्न दुष्यति ॥७२॥
सूर्यग्रहे तु नाश्नीयात्पूर्वं यामचतुष्टयम् । चन्द्रग्रहे च यामांस्त्रीन्बालवृद्धातुरान्विना ॥७३॥
ग्रस्तोदये च सूर्यस्य पूर्वरात्रौ न भोजनम् । ग्रस्तोदये विधोः पूर्वं नाह्नि भोजनमाचरेत् ॥७४॥
ग्रस्तास्ते सति तिग्मांशोरहोरात्रमुपोषणम् । कुर्यात्परेऽह्नि दृष्ट्वाऽर्कं ततः कुर्वीत भोजनम् ॥७५॥
ग्रस्ते चास्तं गते त्विन्दौ ज्ञात्वा मुक्त्यवधारणम् । स्नानहोमादिकं कुर्याद्भुञ्जीतेन्दूदये पुनः ॥७६॥
बालवृद्धातुराणां च रविन्द्वोर्ग्रहणात्पुरा । याम एको वर्जनीयो भोजनादावपि ध्रुवम् ॥७७॥
अज्ञानाद्ग्रहकाले यो भुङ्क्ते स तु नराधमः । प्राजापत्येन शुध्येद्वै वेधकाले त्र्यहेण च ॥७८॥

---

અને મરણરૂપ બે પ્રકારનું સૂતક સંક્ષેપથી કહ્યું, હવે ત્રીજા પ્રકારનું રાહુનું સૂતક કહું છું.[૭૦]

**સૂર્ય–ચંદ્રના ગ્રહણ–સૂતકનો નિર્ણય :–** જો મનુષ્યને રાહુનું દર્શન થાય તો સર્વે વર્ણવાળાને સૂતક લાગે છે. તેથી ગ્રહણનો પ્રારંભ થાય ત્યારે ઠંડા જળથી સ્નાન કરી જપ આદિક કર્મો કરવાં, ને રાંધેલાં અન્નનો ત્યાગ કરી દેવો.[૭૧] કાંજી. દૂધ, છાસ, દહીં,તેમજ ઘી કે તેલમાં રાંધેલ પક્વાન્ન, માંટલામાં રહેલું પાણી, તલયુક્ત દર્ભ તેમાં મૂકી દેવાથી તે દૂષિત થતાં નથી. અહીં જળના માટલામાં જે દોષાભાવ કહ્યો તે તો આપત્કાળમાં જાણવો. કારણકે બીજી સ્મૃતિઓમાં તેનો નિષેધ કરેલો છે.[૭૨] ગ્રહણમાં જમવાનું છોડી દેવાની બાબતમાં બાળક, વૃદ્ધ, રોગાતુર, તેમજ મંદબુદ્ધિવાળા મનુષ્ય સિવાયનાઓને સૂર્યગ્રહણના પ્રારંભ પૂર્વે (૧ યામ બરાબર ૩ કલાક) ૪ યામ- ૧૨ કલાક પહેલાં અને ચંદ્રગ્રહણમાં ૩ યામ- ૯ કલાક પહેલાં જમવાનું છોડી દેવું, કારણ કે ગ્રહણ પૂર્વના આ યામ સૂર્ય અને ચંદ્રના વેધકાળ કહેલા છે, તેથી ભોજન કરવું નહિ.[૭૩] સૂર્ય જો ગ્રહણથી ઘેરાયેલો ઊગે તો તે ગ્રસ્તોદયના દિવસથી પ્રથમ રાત્રીએ ભોજન કરવાનું છોડી દેવું, અને ચંદ્રમાં જો ઘેરાયેલો ઊગે તો તે પ્રથમના દિવસે ભોજન છોડી દેવું.[૭૪] અને જો સૂર્ય ઘેરાયેલો આથમે તો રાત્રી દિવસ ઉપવાસ કરવો, અને બીજે દિવસે સૂર્યનાં દર્શન કરી પછીથી ભોજન સ્વીકારવું.[૭૫] તેમ જ ચંદ્રમા પણ ઘેરાયેલો અસ્ત પામી જાય તો તેમની મુક્તિનો સમય જ્યોતિષ થકી જાણીને સ્નાન હોમાદિક કર્મ કરવાં ને સાંજે ફરી ચંદ્રોદય થાય ત્યારે ભોજન કરવું.[૭૬] સૂર્ય અને ચંદ્રના ગ્રહણ પ્રારંભથી પહેલાં એક યામ-૩ કલાક પહેલાં પૂર્વોક્ત બાળક, વૃદ્ધ અને

रविग्रहः सूर्यवारे सोमे सोमग्रहस्तथा । चूडामणिरिति ख्यातः स योगः पुण्यवृद्धिकृत् ॥७९॥
वारेष्वन्येषु यत्पुण्यं ग्रहणे चन्द्रसूर्ययोः । तत्पुण्यं कोटिगुणितं योगे चूडामणौ स्मृतम् ॥८०॥
ग्रस्यमाने स्मृतं स्नानं ग्रस्ते होमः सुरार्चनम् । मुच्यमाने तथा दानं मुक्ते स्नानं विधीयते ॥८१॥
मुक्तौ यस्तु न कुर्वीत स्नानं ग्रहणसूतके । स सूतकी भवेत्तावद्यावत्स्यादपरो ग्रहः ॥८२॥
शीताम्बूष्णोदकात्पुण्यमपारक्यं परोदकात् । भूमिस्थमुद्धतात्पुण्यं ततः प्रस्रमणोदकम् ॥८३॥
ततोऽपि सारसं पुण्यं ततः पुण्यं नदीजलम् । ततो महानदीतोयं पुण्यं पुण्यस्ततोऽम्बुधिः ॥८४॥
यथासम्भवतः स्नानं कर्तव्यं स्वस्य शुद्धये । दानं देयं यथाशक्ति गोभूहेमतिलादि च ॥८५॥
भूप्रदो मण्डलाधीशः सर्वत्र सुखितोऽन्नदः । भवेच्च कीर्तिमान्भूमौ रूपवान् रूप्यदो भवेत् ॥८६

---

રોગાતુરાદિકને ભોજન છોડી દેવું. એ નિશ્ચિત છે.[૭૭] જે પુરુષ સૂર્યના અને ચંદ્રના ગ્રહણ સમયે અજાણતાં પણ જો ખાય છે, તો તે નરાધમ છે ને તે પ્રાજાપત્ય કૃચ્છ્રવ્રત કરે ત્યારે શુદ્ધ થાય છે. અને જે વેધકાળમાં ભોજનનો નિષેધ કર્યો છે તે સમયે જો અજાણતાં કોઈ ભોજન કરી લે તો ત્રણ ઉપવાસથી શુદ્ધ થાય છે. પ્રાજાપત્યવ્રતનું લક્ષણ આગળ કહેવામાં આવશે.[૭૮]

જો રવિવારે સૂર્ય ગ્રહણ અને સોમવારે ચંદ્રગ્રહણ હોય અને તે સમયે જો ચૂડામણિ નામનો પ્રસિદ્ધ યોગ હોય તો યોગ અત્યંત પુણ્યની વૃદ્ધિ કરનારો થાય છે.[૭૯] બીજા વારમાં થતાં બન્ને ગ્રહણ હોય ને જે પુણ્ય કહેલું છે તેના કરતાં ચૂડામણિયોગમાં કરોડગણું પુણ્ય કહેલું છે.[૮૦] ગ્રહણનો પ્રારંભ થાય ત્યારે સ્નાન અને ઘેરાય ત્યારે હોમ તથા દેવપૂજન, મોક્ષના પ્રારંભમાં દાન અને સદંતર મુક્તિ થઈ જાય ત્યારે વસ્ત્રે સહિત સ્નાન કરવાનું કહેલું છે.[૮૧] ગ્રહણનું સૂતક છૂટ્યા પછી જે પુરુષ સ્નાન કરતો નથી તે જ્યાં સુધી બીજું ગ્રહણ થાય ત્યાં સુધી સૂતકી રહે છે. તેને ગ્રહણથી ઘેરાયેલો જાણવો.[૮૨]સ્નાન કરતી વખતે ગરમ જળ કરતાં ઠંડુ જળ પવિત્ર કહેલું છે. બીજાએ લાવેલા જળ કરતાં પોતે લાવેલા જળથી સ્નાન કરવું તે વધુ પુણ્યદાયી છે. કૂવામાંથી ખેંચીને સ્નાન કરવા કરતાં તળાવાદિ ભૂમિમાં રહેલા જળમાં સ્નાન કરવાથી વધુ પુણ્ય થાય છે. અને તેથી મહાનદીના જળમાં સ્નાન કરવું તે વધુ પુણ્યદાયી કહેલું છે.મહાનદીઓના જળ કરતાં સમુંદ્રમાં સ્નાન,તેનાથી પણ પુણ્યદાયી કહેલું છે.મુખ્ય તો પોતાની શુદ્ધિને માટે ગ્રહણ નિમિત્તનું જ્યાં મેળ પડે ત્યાં સ્નાન કરવું આવશ્યક છે. અને ગ્રહણ નિમિત્તે ગાય, ભૂમિ, સુવર્ણ અને તલાદિકનું દાન પણ પોતાની શક્તિ પ્રમાણે આપવું.[૮૩-૮૫]

दीपदो निर्मलाक्षश्च गोदाता स्वर्गलोकभाक् । स्वर्णदाता च दीर्घायुस्तिलदः स्याच्च सुप्रजाः ॥८७
वेशमदोऽत्युच्चसौधः स्याद्वस्त्रदश्चन्द्रलोकभाक् । हयदो दिव्ययानश्च लक्ष्मीवान्वृषभप्रदः ॥८८॥
सुभार्यः शिबिकादाता सुपर्यङ्कप्रदोऽपि च । भवेत्ततः श्रद्धयैव दानं दद्यात्स्वशक्तितः ॥८९॥
श्रद्धया प्रतिगृह्णाति श्रद्धया यो ददाति च । तावुभौ स्वर्गिणौ स्यातामन्यथा विफलं हि तत् ॥९०॥
चन्द्रसूर्यग्रहे यस्तु श्राद्धं विधिवदाचरेत् । तेनैव सकला पृथ्वी दत्ता भवति निश्चितम् ॥९१॥
रात्रौ श्राद्धे न दोषोऽस्ति ग्रहणे शशिनः किल । आशौचिनोऽपि ग्रहणे श्राद्धादिर्विहिता क्रिया ।९२
एवं सदाचारविधिर्मया तुभ्यं प्रदर्शितः । गृहाश्रमस्थितानां हि सर्वेषां सुखदायकः ॥९३॥
श्रीविष्णुभक्त्या सहितं य एतं नित्यं सदाचारमिहानुतिष्ठेत् ।
स प्राप्नुयात्कीर्तिमतीव शुद्धामन्ते च गोलोकपदं द्विजेन्द्र ! ॥९४॥

---

**ગ્રહણ સમયે અપાયેલા દાનનું વિવિધ ફળકથન :–** ગ્રહણના સમયે પૃથ્વીનું દાન કરનારો પુરુષ મંડલાધીશ સામંતભૂપતિ થાય છે. અન્નનું દાન કરનાર જન્મજાત સુખી થાય છે, રૂપાનું દાન કરનાર પૃથ્વી પર કીર્તિમાન અને રૂપવાન થાય છે.[૮૬] દીપનું દાન કરનાર નિર્મળ નેત્રોવાળો થાય છે. ગાયનું દાન કરનાર સ્વર્ગલોકનો ભોક્તા થાય છે. સુવર્ણનું દાન કરનાર દીર્ઘાયુષ્યવાળો થાય છે. તલનું દાન કરનાર સ્વર્ગમાં ઊંચા મહેલને પ્રાપ્ત કરનારો થાય છે.[૮૭] વસ્ત્રનું દાન કરનાર ચંદ્રલોકનો ભોક્તા થાય છે. ઘોડાનું દાન કરનાર સ્વર્ગમાં દિવ્ય વિમાનમાં ફરનારો થાય છે. બળદનું દાન કરનાર ધનાઢ્ય થાય છે.[૮૮] પાલખીનું તથા સુંદર પલંગનું દાન કરનારને સુંદર ગુણવાન પત્ની પ્રાપ્ત થાય છે. તેથી પોતપોતાની શક્તિ પ્રમાણે શ્રદ્ધાપૂર્વક દાન આપવું.[૮૯] જે પુરુષ શ્રદ્ધાથી દાન સ્વીકારે છે અને જે અર્પણ કરે છે તે બન્ને સ્વર્ગના ભોક્તા થાય છે. જો શ્રદ્ધા પૂર્વક ગ્રહણ કરવામાં કે આપવામાં ન આવે તો તે દાન નિષ્ફળ થાય છે.[૯૦] જે પુરુષ ચંદ્ર અને સૂર્યના ગ્રહણમાં વિધિપૂર્વક શ્રાદ્ધ કરે છે તે પુરુષે નક્કી સમગ્ર પૃથ્વીનું દાન આપેલું ગણાય છે.[૯૧] ચંદ્રના ગ્રહણમાં રાત્રે શ્રાદ્ધ કર્મ કરવામાં આવે તો પણ દોષ લાગતો નથી. ગ્રહણ સંબંધી સૂતક હોવા છતાં શ્રાદ્ધાદિ ક્રિયા કરવાનું વિધાન છે.[૯૨] હે વિપ્ર ! આ પ્રમાણે સર્વે ગૃહસ્થાશ્રમી જનો માટે અતિશય સુખદાયક સદાચારનો વિધિ મેં તમને કહ્યો.[૯૩] હે બ્રાહ્મણ શ્રેષ્ઠ ! આ લોકમાં જે પુરુષ આ મેં કહેલા સદાચારનું વિષ્ણુભક્તિની સાથે નિરંતર આચરણ કરશે, તે પુરુષ અતિશય શુદ્ધ નિષ્કલંક કીર્તને પામી દેહને અંતે ભગવાનના ધામને પામશે.[૯૪]

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे सदाचारेषु शुद्धिविधिनिरूपणनामैकोनविंशोऽध्यायः ॥१९॥*

---

## विंशोऽध्यायः - २०

**श्रीनारायणमुनिरुवाच :-**

श्राद्धानि च यथाशक्ति यथाकालं यथाधनम् । यथाविधि प्रकुर्वीत गृहस्थो नियमान्वितः ॥१॥
प्रेतं पितॄंश्च निर्दिश्य भोज्यं दानं च तत्प्रियम् । श्रद्धया दीयते पुंसा यत्तच्छ्राद्धं प्रकीर्त्यते ॥२॥
नित्यं नैमित्तिकं काम्यं वृद्धिश्राद्धं सपिण्डनम् । गोष्ठीश्राद्धं पार्वणं च शुद्धिश्राद्धं तथाऽष्टमम् ॥३॥
कर्माङ्गं नवमं श्राद्धं दैविकं दशमं स्मृतम् । पौष्टिकं यात्रिकं चेति श्राद्धानि द्वादशैव तु ॥४॥
एकोद्दिष्टं पार्वणं च वृद्धिश्राद्धं सपिण्डनम् । श्राद्धमेवं चतुर्धेति वदन्ति मुनयोऽपरे ॥५॥

---

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ–જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં શ્રીહરિ ધર્મોપદેશ કરતાં સૂતક શુદ્ધિનું નિરૂપણ કર્યું, એ નામે ઓગણીસમો અધ્યાય પૂર્ણ થયો. --૧૯--**

---

## અધ્યાય - ૨૦

## ભગવાન શ્રીહરિએ કરેલું શ્રાદ્ધવિધિનું સવિસ્તર નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! ગૃહસ્થ પુરુષોએ નિયમોનું પાલન કરી પોતાની શરીર અને ધનની શક્તિ પ્રમાણે સમયે સમયે વિધિપૂર્વક શ્રાદ્ધ અવશ્ય કરવાં.[૧] શ્રાદ્ધ શબ્દનો અર્થ આ પ્રમાણે છે કે મૃત્યુ પામેલા પોતાના પ્રેતોને અને પિતૃઓને ઉદ્દેશીને તેઓનું પ્રિય કરવા તેમના પુત્રાદિક દ્વારા અન્નાદિકનું ભોજન અને સુવર્ણાદિકનું દાન શ્રદ્ધા પૂર્વક દેવામાં આવે તેને શ્રાદ્ધ કહેવાય છે.[૨] હે વિપ્ર ! નિત્ય શ્રાદ્ધ, નૈમિત્તિક, કામ્ય, વૃદ્ધિ, સપિંડીકરણ, ગોષ્ઠી, પર્વ, શુદ્ધિ, કર્માંગ, દૈવિક, પૌષ્ટિક અને યાત્રિકશ્રાદ્ધ આ પ્રમાણે બાર પ્રકારનાં શ્રાદ્ધ સ્મૃતિઓમાં કહેલાં છે. આ સર્વેનાં લક્ષણો ''નિર્ણયસિન્ધુ'' માં વિસ્તારથી લખ્યાં છે.[૩-૪] બીજા એક મુનિએ એકોદિષ્ઠશ્રાદ્ધ, પર્વશ્રાદ્ધ, વૃદ્ધિશ્રાદ્ધ અને સપિંડીકરણ

दक्षिणाप्रवणे देशे तीर्थादौ स्वगृहेऽपि च । भूसंस्कारादियुक्ते श्राद्धं कुर्यात्प्रयत्नतः ॥६॥
तुलसीकाननच्छाया यत्र स्थाने भवेद् द्विज ! । तत्र श्राद्धं प्रदातव्यं पितृणां तृप्तिहेतवे ॥७॥
शमीपत्रप्रमाणेन पिण्डं दद्याद्गयाशिरे । उद्धरेत्सप्तगोत्राणां कुलान्येकोत्तरं शतम् ॥८॥
म्लेच्छदेशे तथा रात्रौ सन्ध्यायां विप्रवर्जितः । न श्राद्धमाचरेद्विद्वान्नान्तरिक्षे कदाचन ॥९॥
आहुः षण्णवतिं श्राद्धान्यृषयः पितृतृप्तये । देशकालानुकूल्ये हि सत्यां च श्राद्धसंपदि ॥१०॥
अमामनुयुगक्रान्तिधृतिपातमहालयाः । आद्यन्ततिथिसंयुक्ता अष्टकाश्चेति तानि तु ॥११॥
भाद्रकृष्णत्रयोदश्यां मघास्विन्दौ करे रवौ । गजच्छायाभिधो योगस्तत्र श्राद्धं महाफलम् ॥१२॥

શ્રાદ્ધ આ ચાર પ્રકારનાં જ શ્રાદ્ધ કહ્યાં છે.[૫] હે વિપ્ર ! શ્રાદ્ધ ક્યાં કરવાં ? તે કહું છું. તીર્થમાં અને પોતાના ઘરમાં પણ ગોમયથી સુસંસ્કૃત કરેલી ભૂમિવાળા દક્ષિણ દિશામાં થોડા નમતા પ્રદેશમાં પ્રયત્નપૂર્વક શ્રાદ્ધ કરવાં.[૬] હે વિપ્ર ! જ્યાં તુલસીવનની છાયા હોય તેવાં સ્થાનમાં પિતૃઓની તૃપ્તિ માટે શ્રાદ્ધ પ્રદાન કરવું.[૭] જે પુરુષ ગયા શિર નામના ક્ષેત્રમાં શમીપત્રના પ્રમાણ જેટલું પિંડદાન આપે છે. તે પુરુષ સાત ગોત્રના એકસો એક કુળનો ઉદ્ધાર કરે છે. તે સાત ગોત્રમાં પિતા, માતા, પત્ની, બહેન, દીકરી, ફુઈ અને માસી આવે છે. તેમાં પિતાના ગોત્રમાં ચોવીસ કુળ, માતાના ગોત્રમાં વીસ કુળ, પત્નીના ગોત્રમાં સોળ કુળ, બહેનના ગોત્રમાં બાર કુળ, દીકરીના ગોત્રમાં અગિયાર કુળ, ફુઈના ગોત્રમાં દશ કુળ, અને માસીના ગોત્રમાં આઠ કુળ એમ કુલ એકસો ને એક કુળનો ઉદ્ધારક થાય છે.[૮] હે વિપ્ર ! હવે શ્રાદ્ધ ક્યાં ન કરવાં તે કહું છું. વિદ્વાન પુરુષે જે પ્રદેશમાં મલેચ્છજનો ઘણા રહેતા હોય તેવા પ્રદેશમાં, રાત્રીના સમયે, બન્ને સંધ્યાના સમયે અને અંતરીક્ષમાં ક્યારેય શ્રાદ્ધકર્મ ન કરવું.[૯] તેમ જ જ્યાં પ્રત્યક્ષ બ્રાહ્મણની હાજરી ન હોય ત્યાં પણ ક્યારેય શ્રાદ્ધકર્મ કરવું નહિ, ઋષિમુનિઓએ જો દેશકાળની અનુકુળતા હોય ને શ્રાદ્ધને યોગ્ય સંપત્તિનો પણ મેળ હોય તો પિતૃઓની તૃપ્તિ માટે છન્નુ શ્રાદ્ધો કરવાનાં કહેલાં છે.[૧૦]

**ઘણી સંપત્તિવાળા માટે છન્નું (૯૬) શ્રાદ્ધો :–** બાર અમાવાસ્યા, ચૌદ મનુ આદિક તિથિઓ, ચાર યુગાદિ તિથિઓ, બાર સૂર્યના મેષાદિ રાશિઓના સંક્રમણના દિવસો, તેર વૈધૃતિ નામના યોગો, તેર વ્યતીપાત નામના યોગો, મહાલયના- ભાદરવામાસના વદપક્ષના સોળ દિવસો, પૂર્વની સાતમ અને ઉત્તરની નવમી તિથિની સાથે ચાર અષ્ટકાઓ, હેમંત અને શિશિરઋતુમાં વદપક્ષની બે બે

महानदीषु सर्वासु तीर्थेषु च गयामृते । जीवत्पितापि कुर्वीत श्राद्धं पार्वणधर्मवित् ॥१३॥
दर्शश्राद्धं गयाश्राद्धं श्राद्धं चापरपक्षिकम् । न जीवत्पितृकः कुर्यात्तिलैस्तर्पणमेव च ॥१४॥
तीर्थयात्राप्रसङ्गेन गयाप्राप्तौ तु धर्मवित् । तीर्थश्राद्धं तत्र कुर्याच्छ्राद्धार्थं न तु तां व्रजेत् ॥१५॥
उद्वाहे पुत्रजनने पुत्रेष्ट्य सौमिके मखे । तीर्थे ब्राह्मण आयाते षडेते जीवतः पितुः ॥१६॥
महालये गयाणां च वृद्धौ चान्वष्टकासु च । श्राद्धं द्वादशदैवत्यं शोषं षाट्पौरुषं विदुः ॥१७॥
विषुवायनसङ्क्रान्तिमन्वादिषु युगादिषु । विहाय पिण्डनिर्वापं श्राद्धं कुर्वीत धर्मवित् ॥१८॥

---

આઠમ એમ કુલ્લ ચાર આઠમે યુક્ત બાર દિવસ સાથે કુલ્લ મળી છન્નુ શ્રાદ્ધો પ્રતિવર્ષ કરવાનાં કહેલાં છે.[૧૧] હે વિપ્ર ! ભાદરવાવદની તેરસની તિથિએ મઘાનક્ષત્રમાં ચંદ્રમા હોય અને હસ્ત નક્ષત્રમાં સૂર્ય હોય તો તેને ગજચ્છાયા નામનો યોગ કહેલો છે. તે યોગમાં જે શ્રાદ્ધકર્મ કરવામાં આવે તે બહુ જ મોટા ફળને આપનારું થાય છે.[૧૨] સર્વે મહાનદીઓમાં અને એક ગયા શિર વિના સર્વ પુષ્કરાદિ તીર્થોમાં, અમાવાસ્યાદિ પર્વશ્રાદ્ધના ધર્મને જાણતા પુરુષે પોતાના પિતા જીવિત હોય છતાં પણ તે પર્વશ્રાદ્ધો કરવાં.[૧૩] પરંતુ તે તીર્થમાં ગયા હોય ત્યારે કરવાં, પણ પિંડદાન કરવા માટે ગયાજીએ જેમના પિતા જીવીત હોય તેમણે ન જવું. કારણ કે શાસ્ત્રોનાં એવાં વચન છે કે જેમના પિતા જીવિત હોય તેવા પુરુષે અમાવાસ્યાનાં શ્રાદ્ધો, ગયાશ્રાદ્ધ, અને ભાદરવા માસના વદ પક્ષનાં સોળ મહાલય શ્રાદ્ધો ન કરવાં અને તલથી તર્પણ ન કરવું, માત્ર તીર્થમાં ગયા હોય ત્યારે જ જીવિત પિતાવાળો પુત્ર પર્વશ્રાદ્ધો કરી શકે છે.[૧૪-૧૫]

હે વિપ્ર ! પુત્ર કે પુત્રીના વિવાહમાં, પુત્રના જન્મમાં, પુત્ર પ્રાપ્તિ માટે કરવામાં આવતા સોમ નામના પુત્રેષ્ટિયજ્ઞમાં, તીર્થમાં અને સદ્ધર્મનિષ્ઠ બ્રાહ્મણના આગમનમાં, આ છ જગ્યાએ જીવિત પિતાવાળા પુત્રે પણ શ્રાદ્ધ કરવાં.[૧૬] મહાલયશ્રાદ્ધમાં- ભાદરવાવદના સોળ શ્રાદ્ધમાં, ગયા શ્રાદ્ધમાં, વૃદ્ધિશ્રાદ્ધમાં અને ચાર અન્વષ્ટકાશ્રાદ્ધમાં, બાર દેવતાઓને ઉદ્દેશીને શ્રાદ્ધકર્મ કરવું. અને બાકીના શ્રાદ્ધમાં ષટ્પુરુષને ઉદ્દેશીને શ્રાદ્ધ કરવું. તેમાં દેવતાઓ, પિતા, પિતામહ, પ્રપિતામહ, માતા, પિતામહી, પ્રપિતામહી, માતામહ, પ્રમાતામહ, વૃદ્ધપ્રમાતામહ, માતામહી, પ્રમાતામહી, વૃદ્ધપ્રમાતામહી, આ બાર છે. તેમજ પિતા, પિતામહ, પ્રપિતામહ, માતામહ, પ્રમાતામહ અને વૃદ્ધ પ્રમાતામહ આ ષટ્ પુરુષો કહેલા છે.[૧૭] મેષ અને તુલા રાશિને વિષે, અયનમાં- સૂર્યસંક્રામણના કાળમાં, મકર અને

अन्वष्टकासु वृद्धौ च गयायां च क्षयेऽहनि । कार्यं मातुः पृथक् श्राद्धमन्यत्र पतिना सह ॥१९॥
स्वधर्मनिरतो विप्रः श्राद्धे भोजनमर्हति । वेदशास्त्रार्थवेत्ताऽपि दुराचारो न कर्हिचित् ॥२०॥
यत्र वेदास्तपो यत्र यत्र वृत्तं द्विजाग्रजे । पितृश्राद्धेषु तं यत्नाद्विद्वान्विप्रं समर्चयेत् ॥२१॥
गायत्रीमात्रसारोऽपि वरं विप्रः सुयन्त्रितः । नायन्त्रितश्चतुर्वेदी सर्वाशी पापकर्मकृत् ॥२२॥
तीर्थेषु ब्राह्मणं नैव पुरीक्षेत्र कदाचन । अन्नार्थिनमनुप्राप्तं भोज्यं ते मनुरब्रवीत् ॥२३॥
विद्यादिगुणसम्पन्नो न लभ्येत यदि द्विजः । मातामहादयोऽप्यर्च्यास्तदा यदि सुलक्षणाः ॥२४॥
मातामहोऽथ दौहित्रो भागिनेयश्च मातुलः । मातृष्वसेयस्तज्जश्च मातुलेयस्तथैव च ॥२५॥

---

કર્ક રાશિને વિષે, સંક્રાંતિમાં- મેષાદિ કોઈ પણ રાશિને વિષે સૂર્યના સંક્રમણના સમયમાં, ચૌદ મનુ આદિ તિથિઓમાં અને યુગાદિ તિથિઓને વિષે પિંડદાનનો ત્યાગ કરી ધર્મવાન પુરુષે અન્ય શ્રાદ્ધકર્મ કરવાં.[૧૮] હેમંત અને શિશિરઋતુની વદપક્ષની ચાર નવમી તિથિઓમાં, નાંદીશ્રાદ્ધમાં, ગયાશ્રાદ્ધમાં અને વાર્ષિક મરણ તિથિના શ્રાદ્ધમાં માતાનું શ્રાદ્ધ પણ પિતાના શ્રાદ્ધ સાથે જ કરી લેવું.[૧૯]

જે બ્રાહ્મણ વેદશાસ્ત્રના અર્થને જાણતો હોય ને સ્વધર્મનિષ્ઠ હોય તે જ શ્રાદ્ધ કર્મમાં ભોજન કરાવવા યોગ્ય છે. પરંતુ વેદશાસ્ત્રના અર્થને જાણવા છતાં તેનું અનુષ્ઠાન કરતો ન હોય ને દુરાચારી હોય તેવો બ્રાહ્મણ ક્યારેય પણ શ્રાદ્ધમાં ભોજન કરાવવા યોગ્ય નથી.[૨૦] જે અગ્રગણ્ય બ્રાહ્મણમાં વેદાધ્યયન, તપમાં નિષ્ઠા અને સદાચારીપણું હોય તેવા વિદ્વાન વિપ્રનું પિતૃના શ્રાદ્ધમાં પ્રયત્નપૂર્વક પૂજન કરવું.[૨૧] માત્ર ગાયત્રી મંત્રના જપના બળવાળો પણ બ્રાહ્મણ જો પોતાના ધર્મનિયમમાં ચુસ્ત હોય તો તે શ્રાદ્ધ કર્મમાં જમાડવો શ્રેષ્ઠ છે. પરંતુ ચારવેદનો ભણેલો હોય અને પોતાના નિયમ ધર્મમાંથી ભ્રષ્ટ હોય, સર્વત્ર અન્ન ભક્ષણ કરવાના સ્વભાવવાળો હોય ને પાપાચારી હોય તો તે શ્રાદ્ધમાં લેવો શ્રેષ્ઠ નથી.[૨૨] હે વિપ્ર ! તીર્થને વિષે કરવામાં આવતાં શ્રાદ્ધને વિષે ક્યારેય પણ બ્રાહ્મણની પરીક્ષા કરવી નહિ. હરિઈચ્છાથી આવેલો અન્નાર્થી તીર્થ શ્રાદ્ધમાં ભોજન કરાવવા યોગ્ય છે. એમ મનુએ કહેલું છે.[૨૩] જો વિદ્યાદિ ગુણોએ યુક્ત ન મળે તો શ્રાદ્ધમાં પોતાના માતામહાદિ જનો પણ જો સ્વધર્મમાં નિષ્ઠાવાળાં હોય તો પૂજવા જમાડવા યોગ્ય છે.[૨૪] તે માતામહ- માતાનો પિતા, દોહિત્રો, ભાણેજો, મામો, માસીનો પુત્ર અને તેનો પુત્ર, મામાનો પુત્ર, જમાઈ, સસરા, સાળો, સાળાનો પુત્ર, યજ્ઞ કરાવનારો ઋત્વિજ બ્રાહ્મણ, વિદ્યાનો અભ્યાસ કરાવનાર ગુરૂ અને ઉપાધ્યાપક, આચાર્ય,

जामाता श्वशुरश्चैव भार्याभ्राता च तत्सुतः । ऋत्विग्गुरुरुपाध्याय आचार्यः श्रोत्रियस्तथा ॥२६॥
सुवृत्ताश्च सदाचारा एते श्राद्धेषु पावनाः । दुराचारा यदैते स्युस्त्याज्यास्तेऽपि तदा किल ॥२७॥
युगानुरूपतो यस्तु विद्याचारादिसंयुतः । न निन्द्यकर्मकर्ता चेच्छ्राद्धे पूज्यः स वाडवः ॥२८॥
हरेर्भक्तो यतिर्यत्र श्राद्धे भुङ्क्ते तदा तु तत् । परिपूर्णं भवेच्छ्राद्धं विनापि श्राद्धसम्पदम् ॥२९॥
यो वै यतीननादृत्य भोजयेदितरान्द्विजान् । विजानन्वसतो ग्रामे कव्यं तद्याति राक्षसान् ॥३०॥
दैवे कर्मण्युदक्संस्थान् प्राङ्गमुखानुपवेशयेत् । उदङ्गमुखान् द्विजान् पित्र्ये प्राक्संस्थानुपवेशयेत् ॥३१
द्वौ दैवे पितृकृत्ये त्रीनेकैकमुभयत्र वा । भोजयेत्सुसमृद्धोऽपि न प्रसज्जेत विस्तरे ॥३२॥
सत्क्रियां देशकालौ च शौचं ब्राह्मणसम्पदम् । पञ्चैतान्विस्तरो हन्ति तस्मात्कुर्यान्न विस्तरम् ॥३३
भिक्षुको ब्रह्मचारी वा भोजनार्थमुपस्थितः । उपविष्टेषु विप्रेषु कामं तमपि भोजयेत् ॥३४॥
दन्तधावनताम्बूलं तैलाभ्यङ्गमभोजनम् । रत्यौषधपरान्नं च श्राद्धकृत्सप्त वर्जयेत् ॥३५॥

---

**યજ્ઞોપવિત સંસ્કાર આપી વેદોનું અધ્યયન કરાવનાર, અને શ્રોત્રીય- વેદને ભણેલો વિપ્ર.[૨૫-૨૬] આ સર્વે માતામહાદિ જો સુશીલ અને સદાચારી હોય તો શ્રાદ્ધમાં ભોજન કરાવવાને માટે પવિત્ર કહેલા છે. અને જો તેમાંથી કોઇ દુરાચારી હોય તો તેઓને અયોગ્ય જાણી શ્રાદ્ધ ભોજનમાં છોડી દેવો, આટલું નક્કી રાખવું.[૨૭]**

**જે બ્રાહ્મણ કલિયુગના ધર્મને અનુરૂપ વિદ્યા આદિ સદ્‌ગુણોએ સંપન્ન હોય ને તે જો કોઇ નિંદિત કર્મ કરેલું ન હોય તો તે પણ શ્રાદ્ધમાં સ્વીકારવા યોગ્ય છે.[૨૮] જે શ્રાદ્ધમાં હરિભક્ત કે સંન્યાસી ભોજન સ્વીકારે તો તે શ્રાદ્ધ મોટી સંપત્તિ વિના પણ પરિપૂર્ણ સિદ્ધ થાય છે.[૨૯] જે પુરુષ ગામમાં વસતા સંન્યાસીને જાણવા છતાં તેનો અનાદર કરીને બીજા બ્રાહ્મણોને જમાડે છે,તેનું શ્રાદ્ધમાં પિતૃઓને ઉદ્દેશીને આપેલું અન્ન રાક્ષસોને પહોંચે છે.[૩૦] દેવસંબંધી કર્મમાં ઉત્તર સન્મુખ બેઠેલા બ્રાહ્મણોને પુર્વમૂખે બેસારવા અને પિતૃસંબંધી કર્મમાં પુર્વમુખે બેઠેલા બ્રાહ્મણોને ઉત્તર સન્મુખ બેસારવા.[૩૧] દેવ સંબંધી કર્મમાં બે બ્રાહ્મણોને જમાડવા, પિતૃસંબંધી કર્મમાં ત્રણને જમાડવા, અથવા બન્ને કર્મમાં એક એક બ્રાહ્મણને જમાડવો, યજમાન સમૃદ્ધિમાન હોય છતાં બહુ વિસ્તારમાં પડવું નહિ.[૩૨] સત્ક્રિયા, દેશ, કાળ, પવિત્રતા અને લક્ષણે યુક્ત બ્રાહ્મણ. આ પાંચની ગુણસંપત્તિ અતિવિસ્તાર કરવાથી નાશ પામે છે. તેથી તેઓનો અતિવિસ્તાર ન કરવો.[૩૩] જ્યારે શ્રાદ્ધ ભૂમિ પર બ્રાહ્મણો ભોજન કરવા બેઠા હોય ને તેવામાં કોઈ સન્યાસી કે બ્રહ્મચારી ભોજન કરવા આવે તો તેમને પણ ઈચ્છા પ્રમાણે જમાડવો.[૩૪] શ્રાદ્ધ કરવાને દિવસે દંતધાવન,**

पुनर्भोजनमध्वानं भाराध्ययनमैथुनम् । दानं प्रतिग्रहं होमं श्राद्धभुक् चाष्ट वर्जयेत् ॥३६॥
भोक्ष्यन्करिष्यन् श्वः श्राद्धं पूर्वरात्रौ प्रयत्नतः । भोजनं च व्यवायं च ऋतावपि विवर्जयेत् ॥३७॥
श्राद्धं जत्त्वा च भुक्त्वा च पुमान् यस्तु स्त्रियं व्रजेत् । पितरस्तस्य तन्मासे तस्मिन्रेतसि शेरते ॥३८
अन्नक्षीरघृतक्षौद्रैरैक्षेवेण च तर्पिताः । प्राप्नुवन्त्यक्षयां तृप्तिं सर्वे पितृगणा अपि ॥३९॥
पलपैतृकमुक्तं यत्क्कचित्तत्तु कलौ युगे । निषिद्धमस्ति निगमे कर्तव्यं तन्न कर्हिचित् ॥४०॥
पराशरो मुनिश्रेष्ठः प्राहातः सकलान्मुनीन् । अनुव्रतान्सुव्रतादीन्मुख्या यस्य स्मृतिः कलौ ॥४१॥
अन्नं क्षीरं घृतं क्षौद्रमैक्षवं कालशाकवत् । एतैस्तु तर्पितैर्विप्रैस्तृप्यन्ति पितरो नृणाम् ॥४२॥
यस्तु प्राणिवधं कृत्वा मांसेन तर्पयेत्पितॄन् । सोऽविद्वांश्चन्दनं त्यक्त्वा कुर्यादङ्गारलेपनम् ॥४३॥
क्षिप्त्वा कूपे यथा किञ्चिद्बाल आदातुमिच्छति । पतत्यज्ञानतः सोऽपि मांसेन श्राद्धकृत्तथा ॥४४॥

---

તાંબૂલ-ભક્ષણ શરીરે તેલમર્દન, ઉપવાસ, સ્ત્રીનોસંગ, ઔષધીનું ભક્ષણ અને પારકું અન્ન, આ સાત કર્મનો શ્રાદ્ધ કરનાર પુરુષે ત્યાગ રાખવો[૩૫] બીજીવાર ભોજન, ગામાન્તરે જવા માટે માર્ગનું અતિક્રમણ, ભારનું વહન, વેદનું અધ્યયન, મૈથુન, દાન દેવું, ને દાન લેવું અને હોમ, આ આઠ કર્મો શ્રાદ્ધમાં જમાડનારાએ પણ છોડી દેવાં.[૩૬]

આવતે દિવસે શ્રાદ્ધમાં ભોજન કરનારાએ તથા શ્રાદ્ધ કરાવનારાએ પૂર્વરાત્રીમાં ભોજન અને ઋતુકાળ હોવા છતાં પોતાની સ્ત્રીનો સંગપ્રયત્ન પૂર્વક છોડી દેવો.[૩૭] જે પુરુષ શ્રાદ્ધ કરીને તથા શ્રાદ્ધમાં જમીને સ્ત્રીનો સંગ કરે છે, તેમના પિતૃઓ તે મહિનામાં તેમના વીર્યને વિષે શયન કરે છે.[૩૮] સર્વેપિતૃઓના ગણોને અન્ન, દૂધ, ઘી, મધ, ગોળ આદિ સાત્વિક પદાર્થોથી તર્પણ કરવામાં આવે તો તેઓને અક્ષય તૃપ્તિ થાય છે.[૩૯] ક્યાંક સ્મૃતિ ગ્રંથોને વિષે માંસથી પિતૃતર્પણ કરવાનું કહેલું છે, તેનો કલિયુગને વિષે વેદોએ નિષેધ કરેલો છે. તેથી માંસથી પિતૃતર્પણ ક્યારેય પણ ન કરવું.[૪૦] તેથી જ મુનિ શ્રેષ્ઠ પરાશરમુનિએ પોતાને અનુસરતા સર્વે સુવ્રતાદિ મુનિઓને કહેલું છે કે, આ મારી પરાશર સ્મૃતિ છે તે જ કલિયુગમાં મુખ્ય છે, જેથી કોઈએ માંસથી પિતૃતર્પણ કરવું નહિ.[૪૧] પરાશર ઋષિ કહે છે, અન્ન, દૂધ, ઘી, મધ અને સમય ઉપર નિપજતું શાક વિગેરેથી તૃપ્ત કરેલા બ્રાહ્મણોથી મનુષ્યોના પિતૃઓ તૃપ્ત થઈ જાય છે.[૪૨] સત્શાસ્ત્રોના અભિપ્રાયને નહિ જાણનારો અવિદ્વાન પુરુષ પ્રાણીનો વધ કરી માંસથી પિતૃઓનું તર્પણ કરે છે, તે પુરુષ ચંદનનો ત્યાગ કરી શરીર ઉપર અંગારાનો લેપ કરે એવો કહેલો

इति तद्वचनान्नित्यं श्राद्धे मांसं विवर्जयेत् । धर्मशास्त्रमुपाश्रित्य वर्तमानः सुधीः पुमान् ॥४५॥
निर्दोषं पायसं तस्मादृषिधान्यानि च द्विजः । अर्पयेत्सर्वपितृभ्यस्तेन तुष्यन्ति ते खलु ॥४६॥
पयो दधि घृते चैव गवां श्राद्धेषु पावनम् । महिषीणां घृतं श्रेष्ठं प्राहुर्न तु पयः क्वचित् ॥४७॥
कालः कुतुपसंज्ञश्च तथा नेपालकम्बलः । रौप्यं दर्भास्तिलाः श्राद्धे दौहित्रश्चेति पावनाः ॥४८॥
गोत्रनाम्नी समुच्चार्य क्षणदानादिकं चरेत् । सकारेण च वक्तव्यं गोत्रं सर्वत्र धीमता ॥४९॥
गोत्रस्य त्वपरिज्ञाने काश्यपं गोत्रमुच्चरेत् । यस्मादाह श्रुतिः सर्वाः प्रजाः कश्यपसम्भवाः ॥५०॥
पृथिवीषत्पिता प्रोक्तस्तत्पिता चान्तरिक्षसत् । अभिधानापरिज्ञाने दिविषत्प्रपितामहः ॥५१॥
विभक्तिभिस्तु यत्किञ्चित्पित्रादिभ्यः प्रदीयते । तत्सर्वं सफलं ज्ञेयं विपरीतं निरर्थकम् ॥५२॥

---

છે.[૪૩] જેમ કોઇક બાળક કાંઇક વસ્તુ કૂવામાં ફેંકીને અજ્ઞાનવશ ફરી તે વસ્તુને લેવા કૂવામાં પડવા ઇચ્છે, તેમ માંસથી પિતૃતર્પણ કરવા ઇચ્છતો માણસ અધોગતિને પામે છે. પિતૃઓ વૈષ્ણવ હોવાથી માંસથી કરેલું શ્રાદ્ધ તેઓ સ્વીકારતા નથી. તેથી શ્રાદ્ધ કરનારને તેનું ફળ મળતું નથી, ઉપરાંત કરેલી હિંસાથી પોતાની જાતને અંધકારમાં ધકેલી દે છે.[૪૪]

હે દ્વિજ ! આ પ્રમાણે પરાશરમુનિનાં વચનો હોવાથી ધર્મશાસ્ત્રનો આશ્રય કરી વર્તતા બુદ્ધિમાન પુરુષોએ હમેશાં શ્રાદ્ધકર્મમાં માંસનો ત્યાગ કરી દેવો.[૪૫] માટે શ્રાદ્ધ કરનાર દ્વિજાતિ પુરુષોએ નિર્દોષ એવા દૂધપાક અને નિવારાદિ ઋષિ ધાન્યવડે સર્વે પિતૃઓનું તર્પણ કરવું. તેનાથી પિતૃઓ બહુ તૃપ્ત થાય છે.[૪૬] શ્રાદ્ધમાં ગાયનું દૂધ, દહીં અને ઘી પવિત્ર મનાયેલાં છે. ભેંસનું ઘી શ્રેષ્ઠ કહેલું છે. પરંતુ દૂધ ક્યારેય પણ શ્રેષ્ઠ નથી.[૪૭] દિવસનાં પંદર મુહૂર્ત છે તેમાંથી આઠમુ મુહૂર્ત કુતુપકાળ કહેવાય છે. નેપાળદેશનો કામળો, રૂપાનું પાત્ર, દર્ભો, તલ અને દોહિત્રો આટલાં શ્રાદ્ધમાં પાવન કહેલાં છે.[૪૮] ગોત્ર તથા નામનું ઉચ્ચારણ કરી ક્ષણદાનાદિક કર્મ કરવું, શ્રાદ્ધ કરનાર બુદ્ધિમાન પુરુષે ગોત્રોચ્ચારના સર્વે સ્થાનોમાં સકાર અક્ષરની સાથે ગોત્રનું ઉચ્ચારણ કરવું.[૪૯] જો ગોત્રનું પોતાને જ્ઞાન ન હોય તો કાશ્યપગોત્રનું ઉચ્ચારણ કરવું, કારણ કે શ્રુતિએ સર્વે પ્રજાને કશ્યપ થકી પ્રગટ થયેલી કહેલી છે.[૫૦] વળી જો પોતાના પિતૃઓનાં નામ ન જાણતો હોય તો પિતા માટે પૃથ્વીષત્ નામથી પિતામહ માટે અંતરિક્ષસત્ અને પ્રપિતામહને દિવિષત્ નામથી નિર્દેશ કરવો.[૫૧] જે કાંઇ પણ પદાર્થ પિતાદિકને વિભક્તિના પ્રયોગની સાથે અર્પણ કરવામાં આવે તો તે સર્વે સફળ થયેલું જાણવું. વિભક્તિના વિપરીતપણામાં સર્વે

अक्षय्यासनयोः षष्ठी द्वितीयावाहने तथा । अन्नदाने चतुर्थी स्याच्छेषाः सम्बुद्धयः स्मृताः ॥५३॥
विसर्गश्चालकश्चैव विकिरः पङ्क्तिवारणम् । करशुद्धिरपोशानं पितृपूर्वाणि षट् सदा ॥५४॥
स्वागते स्वस्तिवचने गोत्रशेषे प्रदक्षिणे । अर्घ्ये च दक्षिणादाने षट्सु सव्यं विधीयते ॥५५॥
अगस्त्यं भृङ्गराजं च तुलसी शतपत्रिका । चम्पकं तिलपुष्पं च पितॄणां वल्लभानि षट् ॥५६॥
केतकीं करवीरं च बकुलं कुन्दकं तथा । पाटलां चैव जातीं च श्राद्धे यत्नेन वर्जयेत् ॥५७॥
अनग्निरधनो वापि तथैव व्यसनान्वितः । आमश्राद्धं द्विजः कुर्याद्वृषलस्तु सदैव हि ॥५८॥
मृताहं च सपिण्डं च गयाश्राद्धं महालयम् । आपन्नोऽपि न कुर्वीत श्राद्धमामेन वै द्विजः ॥५९॥
आवाहने स्वधाकारे मन्त्राश्चोह्याविसर्जने । अन्यकर्मण्यनूह्याः स्युरामश्राद्धविधौ बुधैः ॥६०॥

---

નિષ્ફળ જાય છે, એમ પણ જાણવું.[૫૨]

વિભક્તિનો નિયમ આ પ્રમાણે છે, અક્ષય્ય અને આસનમાં ષષ્ઠી વિભક્તિ વાપરવી. અર્થાત્ "પિતૃણાં અક્ષય્યમ્" "પિતૃણાં ઈદં આસનમ્" આ પ્રમાણે છઠ્ઠી વિભક્તિથી ઉચ્ચારણ કરવું, તેમજ આવાહનમાં દ્વિતીયા વિભક્તિનું ઉચ્ચારણ કરવું, જેમ કે "પિતૃ-પિતામહ-પ્રપિતામહાન્ આવાહયામિ" તેવી જ રીતે અન્નદાનમાં ચતુર્થી વિભક્તિનો ઉચ્ચાર કરવો,જેમકે "વિશ્વદેવેભ્ય ઈદમન્નમ્" "પિતૃભ્ય ઈદમન્નમ્" ઈત્યાદિ. બાકીની વિભક્તિઓ સંબોધનમાં વાપરવી.[૫૩] વિસર્જન, પાત્રચાલન, વિકિર, પંક્તિવારણ, હસ્તપ્રક્ષાલન અને અપોષણ આ છ કર્મો સદાય પિતા પ્રથમ હોય તે રીતે કરવાં.[૫૪] સ્વાગત, સ્વસ્તિવચન, ગોત્રશેષ, પ્રદક્ષિણા, અર્ઘ્ય અને દક્ષિણાદાન આ છ કર્મો સવ્યથી અર્થાત્ યજ્ઞોપવીત ડાબે ખભે જેમ છે તેમ રાખીને કરવાં. બાકીનાં અપસવ્યથી કરવાં. અર્થાત્ જમણે ખભે યજ્ઞોપવીત રાખીને કરવાં.[૫૫] પુષ્પોનાં અગથીયાનાં પુષ્પો, ભાંગરાનાં પત્રો, બે પાંદડાવાળાં તુલસીનાં માંજર, આમળાનાં પત્રો, ચંપાનાં પુષ્પો અને તલનાં પુષ્પો, આ છ વસ્તુઓ પિતૃઓને બહુ વહાલી છે.[૫૬] કેતકી, કરેણ બોરસલી, મોગરો, પાડળ અને જાઈનાં પુષ્પો આ છ પુષ્પો શ્રાદ્ધમાં પ્રયત્નપૂર્વક છોડી દેવાં.[૫૭] અગ્નિ રહિતના, ધન રહિતના અને વિપત્તિમાં ફસાયેલા દ્વિજે નહીં રાંધેલા અન્નથી શ્રાદ્ધ કરવું, અને શૂદ્રે તો હમેશાં કાચા અન્નથી જ શ્રાદ્ધ કરવું.[૫૮] આપત્તિમાં આવી પડેલો હોય છતાં દ્વિજે વાર્ષિક શ્રાદ્ધ, સપિંડીકરણશ્રાદ્ધ, ગયાશ્રાદ્ધ અને મહાલય શ્રાદ્ધ કાચા અન્નથી ન કરવું.[૫૯]

આવાહનમાં, સ્વધાકારમાં અને વિસર્જનમાં બુદ્ધિશાળી પુરુષોએ મંત્રોનું

आमान्नस्याप्यभावे तु श्राद्धं कुर्वीत बुद्धिमान् । धान्याच्चतुर्गुणेनैव हिरण्येन सुरोचिषा ॥६१॥
पुत्रजन्मनि कुर्वीत श्राद्धं हेम्नैव बुद्धिमान् । न पक्वेन न चामेन कल्याणान्यभिकामयन् ॥६२॥
समग्रं यस्तु शक्नोति कर्तुं नैवेह पार्वणम् । स तु सङ्कल्पविधिना श्राद्धकाले तदाचरेत् ॥६३॥
आवाहनं स्वधाशब्दमर्घ्याग्नौकरणे तथा । विकिरं पिण्डदानं च साङ्कल्पे षड्विवर्जयेत् ॥६४॥
पिण्डमात्रं प्रदातव्यमभावे द्रव्यविप्रयोः । श्राद्धीयाहनि सम्प्राप्ते भवेन्निरशनोऽथवा ॥६५॥
उदकुम्भं प्रदद्याद्वा ब्राह्मणाय फलान्वितम् । तृणानि वा गवे दद्यान्न तु शून्यं दिनं नयेत् ॥६६॥
श्राद्धात्पूर्वं ब्रह्मयज्ञं न कुर्यात्तर्पणं तथा । पित्रोः श्राद्धानन्तरं तु द्वयं कुर्वीत बह्वृचः ॥६७॥
महालयादिकं श्राद्धमार्तवे सति योषितः । पञ्चमेऽह्नि प्रकर्तव्यममावास्यादिनेऽथवा ॥६८॥
पुष्पवत्स्वपि दारेषु वार्षिकं मासिकानि च । मृताह एव कार्याणि पाकेनैव यथाविधि ॥६९॥

---

ઉચ્ચારણ ઉહથી કરવું. પરંતુ અન્ય કર્મોમાં તથા કાચા અન્નના શ્રાદ્ધવિધિમાં મંત્રોનું ઉચ્ચારણ ઉહથી ન કરવું. અર્થાત્ આવાહનમાં "હવિષે અત્તવે" ના સ્થાને "તવિષે સ્વીકર્તવે" એમ બોલવું તેને ઉહ કહેલું છે.[૬૦] કાચા અન્નથી પણ શ્રાદ્ધ કરવાની અનુકુળતા ન હોય તો બુદ્ધિમાન પુરુષે ધાન્ય કરતાં ચારગણા મૂલ્યવાળા શુદ્ધ સુવર્ણથી શ્રાદ્ધ કરવું.[૬૧] તેમજ પોતાનું મંગળ ઈચ્છતા બુદ્ધિમાન પુરુષે પુત્ર જન્મમાં સુવર્ણથી શ્રાદ્ધ કરવું, પરંતુ રાંધેલાં અન્નથી ન કરવું અથવા કાચાં અન્નથી પણ ન કરવું.[૬૨] જે પુરુષ આ સમગ્ર શ્રાદ્ધોને મધ્યે પર્વનું શ્રાદ્ધ કરવા પણ સમર્થ થતો નથી. તેમણે તો શ્રાદ્ધ કરવાના અવસર ઉપર સંકલ્પ શ્રાદ્ધના વિધિથી તે પર્વશ્રાદ્ધ આચરી લેવું.[૬૩] તે સંકલ્પ શ્રાદ્ધમાં આવાહન, સ્વધા શબ્દ, અર્ઘ્ય, અગ્નિકરણ, વિકિર અને પિંડદાન, આ છ કર્મોનો ત્યાગ કરવો.[૬૪] દ્રવ્ય અને વિપ્રના અભાવમાં માત્ર પિંડદાન પ્રદાન કરવું, અથવા શ્રાદ્ધને યોગ્ય દિવસ પ્રાપ્ત થાય ત્યારે આહાર માત્રનો ત્યાગ કરી દેવો, અથવા ફળયુક્ત જળ ભરેલો કુંભ બ્રાહ્મણને પ્રદાન કરવો, અથવા ગાયને ચારો નાખવો, પરંતુ શ્રાદ્ધનો દિવસ ખાલી જવા દેવો નહિ.[૬૫-૬૬]

ઋગ્વેદી બ્રાહ્મણે માતા-પિતાના શ્રાદ્ધકર્મથી પહેલાં બ્રહ્મયજ્ઞ તથા તર્પણ ન કરવું, પિતૃઓનું શ્રાદ્ધ થઈ જાય પછીથી જ બ્રહ્મયજ્ઞ અને તર્પણ આ બન્ને કર્મ કરવાં,[૬૭] પત્ની જો રજસ્વલા ધર્મમાં હોય તો ભાદરવાનાં મહાલયાદિ શ્રાદ્ધો પત્નીના ઋતુકાળના પાંચમે દિવસે કરવાં, અથવા ભાદરવા વદ અમાસને દિવસે કરવાં.[૬૮] પત્ની જો રજસ્વલા હોય તો વાર્ષિક શ્રાદ્ધ અને માસિક શ્રાદ્ધ તો

व्रतोपवासदिवसे श्राद्धप्राप्तौ यथाविधि । श्राद्धं विधायोपवसेदाघ्राय पितृसेवितम् ॥७०॥
वैष्णवैस्तु विशेषेण श्राद्धमेकादशीभवम् । द्वादश्यामेव कर्तव्यं पितरो वैष्णवा यतः ॥७१॥
सन्न्यासिनोऽप्याब्दिकादि पुत्रः कुर्याद्यथाविधि । महालये तु यच्छ्राद्धं द्वादश्यां पार्वणं हि तत् ॥७२
आमश्राद्धं तु पूर्वाह्णे एकोद्दिष्टं तु मध्यतः । पार्वणं त्वपराह्णे स्यात्प्रातर्वृद्धिनिमित्तकम् ॥७३॥
मृताहं मृतमासं वा पित्रादेर्यो न वेत्ति सः । मार्गे माघेऽथवाऽमायां श्राद्धमाब्दिकमाचरेत् ॥७४॥
यज्ञोद्वाहप्रतिष्ठासु मेखलाबन्धमोक्षयोः । निषेकादौ च दीक्षायां वृद्धिश्राद्धं समाचरेत् ॥७५॥
वृद्धो तीर्थे च सन्नयस्ते ताते च पतिते सति । येभ्य एव पिता दद्यात्तेभ्यो दद्यात्स्वयं सुतः ॥७६॥
अर्घ्यमावाहनं चैव द्विजाङ्गुष्ठनिवेशनम् । तृप्तिप्रश्नं च विकिरं तीर्थश्राद्धे विवर्जयेत् ॥७७॥
श्राद्धेष्वेतेषु सर्वेषु प्राप्ता अतिथयो द्विजः । भोजनीयाः प्रयत्नेन यत्स्याच्छ्राद्धस्य पूर्णता ॥७८॥

---

મૃત્યુતિથિને દિવસે જ પક્વાન્નથી જ વિધિપૂર્વક કરવાં.[૬૯] તેમજ વ્રત કે ઉપવાસને દિવસે શ્રાદ્ધ આવે તો યથાવિધિ શ્રાદ્ધ કરીને પિતૃઓને નિવેદિત કરેલાં અન્નને સૂંઘવું પરંતુ ઉપવાસ ન છોડવો.[૭૦] વૈષ્ણવ ભક્તજનોએ એકાદશીને દિવસે આવતું શ્રાદ્ધ વિશેષપણે બારસને દિવસે જ કરવું. કારણ કે પિતૃઓ પણ વૈષ્ણવ જ હોય છે.[૭૧] સંન્યાસીનાં પણ વાર્ષિક આદિ શ્રાદ્ધો તેમના પુત્રએ વિધિપૂર્વક કરવાં અને મહાલય શ્રાદ્ધ બારસને દિવસે જ કરવું, એમ કરવાથી તે પર્વશ્રાદ્ધ થાય છે.[૭૨] કાચાં અન્નનું શ્રાદ્ધ બપોર પહેલાં કરવું, એકોદિષ્ટ શ્રાદ્ધ બપોરના સમયે કરવું, પર્વશ્રાદ્ધ બપોર પછીનાં સમયે કરવું અને વૃદ્ધિશ્રાદ્ધ પ્રાતઃકાળે જ કરવું.[૭૩] જે પુરુષ પોતાના પિતા આદિકના મરણ દિવસને કે મરણ મહિનાને જાણતો ન હોય તેવા પુરુષે તે પોતાના પિતા આદિકનું વાર્ષિક શ્રાદ્ધ માગસર મહિનામાં કે માઘ મહિનામાં કે પછી કોઈ પણ અમાવાસ્યાની તિથિએ કરવું.[૭૪]

યજ્ઞ, વિવાહ, મૂર્તિપ્રતિષ્ઠા, ઉપનયન, સમાવર્તન અને ગર્ભાધાન સંસ્કાર અને દીક્ષાવિધિમાં નાંદીશ્રાદ્ધ કરવું.[૭૫] પિતા સંન્યાસી થઈ ગયા હોય કે મહાપાપાદિકથી પતિત થયા હોય, તો વૃદ્ધિશ્રાદ્ધમાં અને તીર્થશ્રાદ્ધમાં પૂર્વે પિતાએ જે પિતૃઓને આપ્યું હોય તેમને જ પુત્રે પણ આપવું.[૭૬] "યા દિવ્યા આપ" આ મંત્રોવડે અર્ઘ્યનું પ્રદાન, "વિશ્વેદેવાસ આગત" ઈત્યાદિ ઋચાઓથી આવાહન, "ઈદં વિષ્ણુર્વિચક્રમે" આ ઋચાઓ વડે દ્વિજને અન્નમાં અંગૂઠો મૂકાવવાનું કર્મ, "તૃપ્તાસ્થ" એ રીતનો વિપ્રો પ્રતિ તૃપ્તિનો પ્રશ્ન કરવો, અને "યેગ્નિદગ્ધા" એ ઋચાવડે ભૂમિ ઉપર વિકિર અન્નનું પ્રદાન કર્મ, આટલાં કર્મો તીર્થશ્રાદ્ધમાં ત્યાગ

ब्रह्मचारी स्वपित्रोस्तु कुर्यादेवौर्ध्वदैहिकम् । मासिकान्याब्दिकाद्यं च श्राद्धं सर्वं यथाविधि ॥७९॥
सन्न्यासी तु न कुर्वीत मातापित्रोरपि क्वचित् । मृताशौचं चाश्रुपातं श्राद्धपिण्डोदकक्रियाम् ॥८०॥
स्वाधिकारानुसारेण यथाशक्ति सदैवतान् । नार्चयेद्यः पितॄन्काले स पतेन्नरके ध्रुवम् ॥८१॥
अरोगः प्रकृतिस्थश्च चिरायुः पुत्रपौत्रवान् । अर्थवानर्थभोगी च श्राद्धकर्ता भवेन्नरः ॥८२॥
न सन्ति पितरश्चेति कृत्वा मनसि यो नरः । श्राद्धं न कुरुते तस्य रक्तं क्रुद्धाः पिबन्ति ते ॥८३॥
यथा गोषु प्रनष्टो वै वत्सो विन्दति मातरम् । एवं श्राद्धान्नमुद्दिष्टं मन्त्रः प्रापयते पितॄन् ॥८४॥
देवो यदि पिता जातः शुभकर्मानुयोगतः । तस्यान्नममृतं भूत्वा नूनं तत्रोपतिष्ठते ॥८५॥
मर्त्यत्वे भोज्यरूपेण पशुत्वं च तृणं भवेत् । श्राद्धान्नं वायुरूपेण नागत्वेऽप्यनुगच्छति ॥८६॥

---

**કરી દેવાં.[૭૭] હે વિપ્ર ! આ સર્વે શ્રાદ્ધમાં અતિથિઓ આવે તો પ્રયત્ન પૂર્વક તેમને ભોજન કરાવવું. કારણ કે અતિથિઓને ભોજન કરાવવાથી શ્રાદ્ધની પૂર્ણતા થાય છે.[૭૮] બ્રહ્મચારીએપોતાનાં માતા-પિતાના મરણ પછી કરવામાં આવતી ઔર્ધ્વદૈહિક ક્રિયા માસિક શ્રાદ્ધો, વાર્ષિક શ્રાદ્ધો અને મહાલયાદિ સર્વે શ્રાદ્ધો વિધિ પૂર્વક કરવાં.[૭૯] અને સંન્યાસીએ તો માતા-પિતાના મરણનું સૂતક પાડવું નહિ, અને આંસુ પણ પાડવા નહિ. તેમજ તેમની શ્રાદ્ધાદિક પિંડોદક ક્રિયા પણ કરવી નહિ.[૮૦]**

**જે પુરુષ પોતાના અધિકાર અનુસારે પોતાની શક્તિ પ્રમાણે સમયે સમયે વિશ્વદેવતાએ સહિત પિતૃઓનું પૂજન કરતો નથી. તે પુરુષ નિશ્ચે નરકમાં પડે છે.[૮૧] અને જે પુરુષ શ્રાદ્ધ કરે છે તે નિરોગી, અંગોની વિકળતાએ રહિત, લાંબી આયુષ્યવાળો, પુત્ર અને પૌત્રવાળો, ધનવાળો અને પ્રાપ્ત થયેલાં સમગ્ર ધનને ભોગવવાવાળો થાય છે.[૮૨] પિતૃઓ છે જ ક્યાં ? એવી શંકા કરીને જે પુરુષ શ્રાદ્ધકર્મ કરતો નથી, તે પુરુષના રૂધિરને પિતૃઓ અતિશયે ક્રોધાયમાન થઈને પીએ છે.[૮૩] જેવી રીતે પોતાની માતાથી વિખુટું પડેલું ગાયનું વાછરડું ગાયોના સમૂહને વિષે પોતાની માતાને શોધી લે છે, તેજ રીતે ઉચ્ચારાયેલા મંત્રો છે તે પિતૃઓને ઉદ્દેશીને કરવામાં આવેલાં શ્રાદ્ધને તે તે પિતૃઓ સુધી પહોંચાડે છે.[૮૪] જો પિતા શુભ કર્મોના યોગથી સ્વર્ગમાં દેવ થયા હોય તો શ્રાદ્ધમાં આપેલું અન્ન અમૃતરૂપ થઈને દેવલોકમાં તેને ચોક્કસ પ્રાપ્ત થાય છે.[૮૫] જો ફરી મનુષ્યના રૂપમાં અવતરેલા હોય તો શ્રાદ્ધમાં અર્પણ કરેલું અન્ન તેને ભોજનરૂપે પ્રાપ્ત થાય છે. પશુપણાને**

तत्तदन्नत्यैवेत्थं श्राद्धान्नं सर्वयोनिषु । प्राप्यते प्राणिभिस्तस्माच्छ्राद्धं कार्यं प्रयत्नतः ॥८७॥
इत्येष ते विप्र ! मया समासाच्छ्राद्धस्य सर्वोऽपि विधिर्यथावत् ।
प्रकीर्तितोऽथर्षिगणैः स्मृतेषु धर्मेषु वक्ष्ये कलिवर्ज्यधर्मान् ॥८८॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे श्राद्धविधिनिरूपणनामा विंशोऽध्यायः ॥२०॥*

---

પામ્યા હોય તો તૃણરૂપે અને સર્પ થયા હોય તો વાયુરૂપે તેને પ્રાપ્ત થાય છે.[૮૬] આ પ્રમાણે શ્રાદ્ધનું અન્ન પશુ પક્ષી આદિક સર્વે યોનિમાં તે તેના ભોજન સ્વરૂપે તેને પ્રાપ્ત થાય છે. તેથી શ્રાદ્ધ પ્રયત્નપૂર્વક અવશ્ય કરવું.[૮૭]

હે વિપ્ર ! આ પ્રમાણે શ્રાદ્ધનો સર્વે વિધિ મેં તમને સંક્ષેપથી યથાર્થપણે કહ્યો. હવે પછી તમને ઋષિમુનિઓએ પોતાના સ્મૃતિ ગ્રંથોમાં કહેલા ધર્મોને મધ્યે કળિયુગમાં નિષેધ કરવા યોગ્ય જે ધર્મો છે તે કહું છું.[૮૮]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતા ભગવાન શ્રીહરિએ શ્રાદ્ધવિધિનું નિરૂપણ કર્યું, એ નામે વીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૦--***

---

## एकविंशोऽध्यायः - २१

**श्रीनारायणमुनिरुवाच :-**

धर्माः स्त्रीणां च पुंसां च धर्मशास्त्रेषु भूरिशः । विस्तराद्वर्णिताः सन्ति वर्णाश्रमवतां पृथक् ॥१॥
युगानुसारिणस्तत्र धर्मा ग्राह्या न चेतरे भीष्मोऽत्र भारते प्राह युधिष्ठिरमिदं वचः ॥२॥
अन्ये कृतयुगे धर्मास्त्रेतायां द्वापरेऽपरे । अन्ये कलियुगे धर्मा यथाशक्ति कृता हि ते ॥३॥
त्याज्यान् धर्मान् कलियुगे कतिचित्ते वदाम्यहम् । ये निषिद्धाः पुराणेषु स्मृतिष्वपि च सर्वथा ॥४
गोमेधो नरमेधश्च वाजिमेधस्तथा मखः । मद्यपानं सुरापानं त्याज्यामहुः कलौ युगे ॥५॥
सौत्रामण्यामपि मखे घ्राणेनापि सुराग्रहः । देवातिथिवरार्थं च नैव कार्यः पशोर्वधः ॥६॥
मांसदानं पितृभ्यश्च श्राद्धे कार्यं न कर्हिचित् । अग्निहोत्रं च सन्न्यासो न कर्तव्यस्तथा कलौ ॥७॥

---

## અધ્યાય – ૨૧

## ભગવાન શ્રીહરિએ કહેલું કળિયુગમાં નિષેધ ધર્મનું નિરૂપણ.

ભગવાન નારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! વર્ણાશ્રમ ધર્મવાળાં સ્ત્રી પુરુષોના ઘણા ધર્મો ધર્મશાસ્ત્રોને વિષે વિસ્તારથી અલગ અલગ રીતે વર્ણન કરેલા છે.[૧] તે ધર્મોમાંથી યુગને અનુસારે જ ધર્મો ગ્રહણ કરવા, પરંતુ બીજા ગ્રહણ કરવા નહિ. આ બાબતમાં મહાભારતને વિષે ભીષ્મપિતાએ યુધિષ્ઠિર રાજાને આ પ્રમાણેનાં વચનો કહેતાં કહ્યું છે કે, સત્યુગના, ત્રેતાયુગના, દ્વાપરયુગના અને કળિયુગના ધર્મો સર્વે અલગ અલગ પ્રકારના છે. કારણ કે તે ધર્મો તે તે યુગના જનોની શક્તિને ધ્યાનમાં રાખીને સ્મૃતિ આદિક ગ્રંથોમાં કહેલા છે.[૨-૩] હે શિવરામવિપ્ર ! કલિયુગમાં તજી દેવા યોગ્ય કેટલાક ધર્મો હું તમને જણાવું છું. જે ધર્મો પુરાણોમાં અને સ્મૃતિઓમાં પણ કળિયુગમાં છોડી દેવાના કહ્યા છે.[૪] જેવા કે, ગોમેધયજ્ઞ, નરમેધયજ્ઞ, અશ્વમેધયજ્ઞ, કેફ કરનારાં અગિયાર પ્રકારનાં મદ્યો અને ત્રણ પ્રકારનું સુરાપાન, આ સર્વે કળિયુગને વિષે તજી દેવાનાં કહ્યાં છે.[૫] સૂત્રામણિ નામના યજ્ઞમાં પણ નાકથી સૂરાને સુંઘવાનો પણ નિષેધ કરેલો છે. કળિયુગમાં કોઇ દેવને માટે કે અતિથિ તથા વિવાહમાં વરરાજાને માટે પણ પશુનો વધ કરવાનો નિષેધ કરેલો છે.[૬]

હે વિપ્ર ! કલિયુગને વિષે શ્રાદ્ધમાં પિતૃઓને માંસનું દાન તો ક્યારેય પણ ન કરવું, તથા અગ્નિહોત્રનું અનુષ્ઠાન ન કરવું, તેમજ સંન્યાસ ન સ્વીકારવો.

ऊढानां द्विजकन्यानामक्षतानां मृते पतौ । पुनर्विवाहकर्मोऽपि न कर्तव्यं कलौ युगे ॥८॥
न धार्यश्चाम्बुपानार्थं मृत्तिकायाः कमण्डलुः । सुतार्थं भ्रातृजायायां न नियोज्यश्च देवरः ॥९॥
बृहद्धर्मं यथाशास्त्रं यो न पालयितुं क्षमः । दीर्घकालं ब्रह्मचर्यं न धार्यं तेन च क्वचित् ॥१०॥
देहपातो भवेद्येन प्रायश्चितं तु तादृशम् । वानप्रस्थाश्रमश्चापि वर्जनीयः कलौ युगे ॥११॥
आततायिद्विजवधो धर्मयुद्धेऽपि कर्हिचित् । न कर्तव्यस्तथा यज्ञो यत्र स्यात्पशुहिंसनम् ॥१२॥
स्वगार्थमपि वार्धक्ये स्त्रिया पुंसा च कर्हिचित् । न कार्योऽग्निप्रवेशश्च भृगुपातस्तथैव च ॥१३॥
महाप्रस्थानगमनं नैव कार्यं हिमालये । न गङ्गादिप्रवाहे च हेयं क्वापि निजं वपुः ॥१४॥
प्रच्छन्नं च महापापे क्वचिज्जातेऽपि निष्कृतिः । जपाद्यैस्तस्य कर्तव्या मृत्यूपायो न तु क्वचित् ॥१५
अपवादे दुःसहे च प्राप्ते सम्भावितेन तु । छन्नं स्थेयं मनुष्येण न तु नाश्यं निजं वपुः ॥१६॥

---

**વળી કલિયુગને વિષે વિવાહિત તથા રજસ્વલા નહિ થયેલી દ્વિજ કન્યાનો પતિ મૃત્યુ પામે તો ફરી વિવાહ કર્મ ન કરવું.[૮] સ્નાતકાદિકોએ જળ પીવા માટે માટીનું કમંડલું ધારવું. પુત્રની પ્રાપ્તિ માટે દિયરને મોટા ભાઈની પત્નીની સાથે નિયોગકર્મ ન કરાવવું.[૯] જે નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતને યથાશાસ્ત્ર પાલન કરવા સમર્થ ન હોય તેમણે જીવન પર્યંતનું બ્રહ્મચર્યવ્રત ક્યારેય પણ ન ધારવું.[૧૦] કલિયુગમાં જે પ્રાયશ્ચિત કરવાથી શરીર પડી જાય તેવું પ્રાયશ્ચિત પણ ન કરવું. વાનપ્રસ્થાશ્રમ પણ કળિયુગમાં ન સ્વીકારવો.[૧૧] ધર્મયુદ્ધમાં પણ આતતાયી દ્વિજનો વધ ન કરવો. તથા જે યજ્ઞમાં પશુની હિંસા થાય તેવા પ્રકારનો યજ્ઞ ન કરવો.[૧૨] સ્વર્ગની પ્રાપ્તિને માટે પણ વૃદ્ધાવસ્થા હોય છતાં પણ પુરુષે કે સ્ત્રીએ અગ્નિ પ્રવેશ ન કરવો. તેમજ પર્વતના શિખર ઉપરથી પડીને આત્મહત્યા ન કરવી.[૧૩] ભૈરવજપ ક્યારેય પણ ન કરવો. હિમાલય તરફ મહાપ્રસ્થાન ન કરવું. ગંગા આદિકના પ્રવાહમાં પોતાના શરીરને ક્યારેય છોડી ન દેવું.[૧૪] ક્યારેક પોતાવડે કોઈ મહાપાપ થઈ ગયું હોય તો જપ આદિકથી પાપનું પ્રાયશ્ચિત કરવું, પરંતુ ક્યારેય પણ શાસ્ત્રોક્ત મૃત્યુના ઉપાયભૂત પ્રાયશ્ચિતો ન કરવાં.[૧૫] લોકમાં પ્રસિદ્ધ પુરુષથી પણ ક્યારેક સહન ન થાય તેવો અપવાદ આવી પડે ત્યારે ગુપ્તવાસ કરીને જીવવું, પરંતુ પોતાનું શરીર ક્યારેય પણ ન છોડવું.[૧૬] ઝેરનું પાન કરવા આદિકથી આત્મહત્યા ક્યારેય ન કરવી. જો ગુપ્તપણે રહેવા સમર્થ ન હોય તેવા પુરુષે કે સ્ત્રીએ દેશાંતરમાં ચાલ્યા જવું. અર્થાત્ કોઈ પણ ઉપાયે કરીને જીવન તો પૂર્ણ જ જીવવું, પણ કોઈ પ્રકાના દુઃખે કરીને આત્મહત્યા તો ન જ કરવી આટલું નક્કી રાખવું.[૧૭]**

तथा स्थातुमशक्तेन गम्यं देशान्तरं द्रुतम् । न तु कार्यो ह्यात्मघातः पुरुषेणापि योषिता ॥१७॥
दिनत्रये व्यतीतेऽपि धान्यादिप्राप्तिमन्तरा । चौर्यं तु नैव कर्तव्यं पुरुषेण कलौ युगे ॥१८॥
पितृष्वसुश्च तनया मातुलस्य सुता तथा । असवर्णस्य कन्या च नैवोद्वाह्या कदाचन ॥१९॥
घृतपक्वं पयःपक्वं कन्दुपक्वं च शूद्रतः । नैव ग्राह्यं ब्राह्मणेन सदाचाररतादपि ॥२०॥
शिष्येण गुरुपत्न्यां च नैव वृत्यं गुराविव । सन्न्यासिभिर्न कर्तव्यं चातुर्वर्ण्ये च भिक्षणम् ॥२१॥
गुरवे दक्षिणा देया शक्त्या न तु तदीप्सिता । अद्भिर्गोपीतशिष्टाभिः कार्यं नाचमनं तथा ॥२२॥
आशौचस्य न सङ्कोचो वेदादिगुणयोगतः । कार्योऽस्थिचयनादूर्ध्वमङ्गस्पर्शश्च न क्वचित् ॥२३॥
इत्यादयः कलियुगे धर्मो वर्ज्यतयोदिताः । एषां तु विधिवाक्यानि युगान्तरपराणि हि ॥२४॥
तत्राग्निहोत्रं सन्न्यासो द्विजानां द्विजसत्तम ! । धार्मिकाणां विरक्तानां शक्तानां विहितावपि ॥२५॥

---

કલિયુગમાં ધાન્યાદિકની પ્રાપ્તિ વિના કે ફળફૂલાદિકની પ્રાપ્તિ વિના ત્રણ દિવસ વ્યતીત થઇ જાય છતાં મનુષ્યે ચોરીનું કર્મ તો ન જ કરવું, પરંતુ બીજા ઉપાયો કરવા.[૧૮] પિતાના બહેનની પુત્રી સાથે તેમજ મામાની પુત્રી સાથે તેમજ અસવર્ણમાં કળિયુગમાં ક્યારેય લગ્ન ન કરવાં.[૧૯] શૂદ્ર ગમે તેવો સદાચાર યુક્ત હોય છતાં પણ તેમની પાસેથી ઘીમાં, દૂધમાં,તાવડી પર કે કડાયામાં પકાવેલું અન્ન બ્રાહ્મણે સ્વીકારવું નહિ.[૨૦] શિષ્યે ગુરૂની જેમ જ ગુરૂ પત્ની સાથે વર્તન કરવું સંન્યાસીઓએ ચારે વર્ણમાં ભિક્ષા ગ્રહણ ન કરવી.[૨૧]ગુરૂની ઇચ્છા પ્રમાણે શિષ્યે દક્ષિણા આપવાની છે તે કળિયુગમાં નિષેધ કહેલ છે.તેથી પોતાની શક્તિ પ્રમાણે ગુરૂને દક્ષિણા આપવી.ગાયના પીતાં બચેલા જળ વડે પવિત્ર જાણી આચમન ન કરવું.[૨૨] વેદાગ્નિના ગુણસંબંધથી મરણના સૂતકમાં સંકોચ ન કરવો. અસ્થિ સંચય કર્યા પછી વિધાન કરેલો અંગસ્પર્શ કળિયુગમાં નિષેધ છે.[૨૩] હે વિપ્ર ! આ પ્રમાણેના સર્વે ધર્મો કલિયુગને વિષે ત્યાગ કરવા યોગ્ય કહેલા છે. આ ઉપરાંત ધર્મોનું પાલન કરવાની જે આજ્ઞા આપવામાં આવી છે. તે કલિયુગ સિવાયના ત્રણ યુગ માટેની છે. પરંતુ કલિયુગમાં તેમના પાલનનો નિષેધ છે.[૨૪] હે ઉત્તમ વિપ્ર ! આ નિષેધ ધર્મોમાં અગ્નિહોત્રની અને સંન્યાસ-ગ્રહણ કરવાની જે ના કહી છે. તે વારંવારના સ્નાનાદિક ક્રિયાને સહી શકે એવું જેનું શક્તિમાન શરીર હોય, ધાર્મિક જીવન અને વૈરાગી વર્તન હોય તેવા દ્વિજાતિ જનોને માટે સ્વીકારવાનું પણ કહેલું છે. તેથી કર્મકાંડમાં દઢ નિષ્ઠાવાળા. ધાર્મિક પુરુષોએ, અને આત્મા-પરમાત્માનું જેને યથાર્થ જ્ઞાન હોય, તેમજ સાંસારિક પદાર્થોમાંથી જેને વૈરાગ્ય હોય, તેને સંન્યાસ

यावद्वर्णविभागः स्याद्यावद्वेदश्च भूतले । भवेत्तावत्कलौ शास्त्रे द्वयमेतदुदीरितम् ॥२६॥
धर्मपालनसामर्थ्यं वैराग्यं यस्य चोत्तमम् । न स्यात्तस्य निषिद्धं वै सर्वथैतन्महर्षिभिः ॥२७॥
गृहस्थधर्मा इत्येते मया सर्वे समासतः । कथितास्ते द्विजश्रेष्ठ ! पालनीयाः प्रयत्नतः ॥२८॥
गृहस्थेष्वपि येऽत्र स्युर्ब्राह्मणा धर्मवंशजाः । स्थिता गुरुपदे तेषां धर्माः सामान्यतस्त्विमे ॥२९॥
विशेषधर्मो यस्तेषां तं च तुभ्यं वदाम्यहम् । कृष्णानिवेदितं यत्स्यात्प्राश्यं तन्नैव किञ्चन ॥३०॥
सम्बन्धिभिन्नयोषा याः सधवा अपि ताश्च तैः । न स्पृश्या नैव भाष्याश्च नोपदेश्याश्च कर्हिचित् ॥३१
विधवायास्तु संसर्गत्यागः सामान्यतोऽस्ति हि । विशेषधर्म एतावान् ज्ञेयस्तेषां द्विजोत्तम ! ॥३२॥
राज्ञो गृहस्थाश्रमिणोऽथ धर्मान्विशेषतस्ते कथयामि सर्वान् ।
यानाश्रितो भूपतिरत्र लोके परत्र चाप्नोति यशश्च सौख्यम् ॥३३॥

---

સ્વીકારવાની આજ્ઞા કહેલી છે.[૨૫]

હે વિપ્ર ! ઉપરોક્ત બન્ને ધર્મોની આજ્ઞા ત્યાં સુધી જ સમજવી કે જ્યાં સુધી પૃથ્વી પર વર્ણનો વિભાગ રહે ને વેદોક્ત કર્મની પ્રવૃત્તિ રહે. વર્ણ વ્યવસ્થા તૂટી જાય ને વેદોક્ત કર્મ લુપ્ત થઇ જાય પછી અગ્નિહોત્ર અને સન્યાસનો કળિયુગમાં નિષેધ જાણવો.[૨૬] વળી જેનામાં ધર્મપાલનની શક્તિ અને ઉત્તમ વૈરાગ્ય ન હોય તેમના માટે તો આ બન્ને ધર્મો વેદોક્ત કર્મની પ્રવૃત્તિ હોય અને વર્ણ વ્યવસ્થાનું અસ્તિત્વ પણ હોય છતાં કલિયુગમાં નિષેધ છે.[૨૭] હે ઉત્તમ વિપ્ર ! આ પ્રમાણે પ્રયત્ન પૂર્વક પાલન કરવા યોગ્ય ગૃહસ્થના સર્વે ધર્મો તમને મેં સંક્ષેપથી કહ્યા.[૨૮]

**ગૃહસ્થોની મધ્યે આચાર્યોના વિશેષ નિયમો :–** હે વિપ્રવર્ય ! આ લોકમાં ગૃહસ્થોની મધ્યે રહેલા અને મેં જેમને મારા આશ્રિત ભક્તજનોના ગુરૂપદે આચાર્ય તરીકે સ્થાપન કરેલા છે એવા ધર્મવંશી બ્રાહ્મણોછે. તેમને માટે પણ આ પૂર્વોક્ત ગૃહસ્થધર્મો સામાન્યપણે પાળવાના જાણવા.[૨૯] કારણ કે તેઓ ગૃહસ્થ છે. પરંતુ તે આચાર્યપદ પર રહેલા ધર્મવંશી બ્રાહ્મણોના જે વિશેષ ધર્મો છે, તે હું તમને કહું છું. તેઓએ જે પદાર્થ ભગવાનને અર્પણ કરેલું ન હોય તેનું ક્યારેય પણ ભક્ષણ ન કરવું.[૩૦] તેમ જ પોતાના સમીપ સંબંધી વિનાની સધવા સ્ત્રી હોય છતાં આચાર્યોએ તેમનો સ્પર્શ ન કરવો ને તેઓની સાથે બોલવું પણ નહિ. અને જ્ઞાનોપદેશ પણ ન કરવો.[૩૧] હે વિપ્રવર્ય ! આચાર્યોને માટે વિધવાસ્ત્રીઓના સંસર્ગનો ત્યાગ તો ગૃહસ્થધર્મ પ્રમાણે સામાન્યપણે કહેલો જ છે. આ પ્રમાણે આચાર્યોના જે વિશેષ ધર્મ હતા તે તમને કહ્યા.[૩૨] હવે ગૃહસ્થાશ્રમી

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे कलिवर्ज्यधर्मनिरूपणनामैकविंशोऽध्यायः ॥२१॥*

---

## द्वाविंशोऽध्यायः - २२

**श्रीनारायणमुनिरुवाच :-**

नृपासनस्थो राजन्यो नित्यं रञ्जयति प्रजाः । धर्मेण यः स एवोक्तो राजेत्यन्वर्थसंज्ञया ॥१॥
वेदब्राह्मणभक्तश्च सत्यवादी जितेन्द्रियः । बहुप्रदः प्रसन्नास्यो धर्मनिष्ठो भवेन्नृपः ॥२॥
नातितीक्ष्णो नातिमृदुर्भवेद्राजा विचक्षणः । वासन्तार्क इव श्रीमान्प्रजानां हितकारकः ॥३॥
मृदुर्हि राजा सततं लङ्घ्यो भवति मानवैः । तीक्ष्णाच्चोद्विजते लोकः समवृत्तिस्ततो भवेत् ॥४॥

---

**રાજાઓના સર્વે ધર્મો વિશેષપણે તમને કહીએ છીએ. જે ધર્મોનો આશ્રય કરી રાજાઓ આલોકમાં યશ પ્રાપ્ત કરે અને પરલોકમાં મહાસુખને પ્રાપ્ત કરે છે.**[૩૩]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ–જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિ કલિયુગને વિષે ત્યાગ કરવા યોગ્ય ધર્મોનું નિરૂપણ કર્યું, એ નામે એકવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૧--***

---

## અધ્યાય - ૨૨
## રાજાઓના વિશેષ ધર્મોનું નિરૂપણ.

**ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! જે ક્ષત્રિય રાજવી રાજ્ય સિંહાસન પર વિરાજમાન થઈ ધર્મથી શાસન કરતાં પ્રજાનું હમેશાં રંજન કરે છે. તે રાજા નામને સાર્થક કરે છે.[૧] રાજા હમેશાં દેવ અને બ્રાહ્મણ ભક્ત, સત્યવાદી, જિતેન્દ્રિય, બહુદાનેશ્વરી, પ્રસન્નમુખ અને ધર્મનિષ્ઠ હોવો જોઈએ.[૨] શ્રીમાન્ વિચક્ષણ અને પ્રજાના હિતકારી રાજાએ વસંત ઋતુના સૂર્યની જેમ અતિ તીખા સ્વભાવના નહિ અને અતિ કોમળ સ્વભાવના પણ ન થવું.[૩] કારણ કે હમેશાં સરળ સ્વભાવના રાજાનું મનુષ્યો અતિક્રમણ કરે છે. અને તીખા સ્વભાવના રાજાથી લોકો ઉદ્વેગ પામે છે. માટે યથાયોગ્ય તીખા અને કોમળ સ્વભાવથી સમાનવૃત્તિવાળા થવું.[૪] તેમજ રાજાએ ઉપકાર કે અપકારદ્વારા પ્રત્યક્ષ પ્રમાણથી તથા નેત્રના કે**

परीक्षेत नरान्राजा स्वान्परांश्चापि लक्षणैः । प्रत्यक्षेणानुमानेन तथौपम्यागमैः सदा ॥५॥
मृगयाऽक्षा दिवास्वप्नः परीवादमदस्त्रियः । तौर्यत्रिकं सुपानं पैशुन्यं द्रोहसाहसे ॥६॥
वाग्दण्डयोश्च पारुष्ये ईर्ष्याऽसूयाऽर्थदूषणम् । त्यजेदष्टादशैतानि व्यसनानि नृपोऽर्थवित् ॥७॥
गणः कामज आद्यानि दशान्यान्यष्ट कोपजः । उभौ गणौ निरयदौ ज्ञात्वा सज्जेत नैतयोः ॥८॥
गर्भिणी स्वप्रियं त्यक्त्वा कुर्याद्गर्भहितं यथा । राजा तथा लोकहितं कुर्यात्त्यक्त्वात्मनः प्रियम् ॥९
परिहासः परिजनैः कार्यो राज्ञा न वै भृशम् । अतिसंश्लेषतो यस्मान्मर्यादामुत्त्यजन्ति ते ॥१०॥
न तिष्ठन्ति निजस्थाने क्रुद्ध्यन्त्युच्चैर्वदन्ति च । विकल्पन्ते प्रेष्यमाणास्तद्वचो लङ्घयन्त्यपि ॥११॥
स्त्रीरक्षिभिः प्रसज्जन्ते चेष्टन्ते निस्त्रपं पुरः । समानवेषा नृपतेरभिरोहन्ति वाहनम् ॥१२॥

**વાણીના વિકાર આદિક દ્વારા અનુમાન પ્રમાણથી તથા અન્યત્ર કામ કરવાનું દેખાડી ને તે કામ કેવી રીતે કરે છે તેના ઉપમાન પ્રમાણથી અને સામુદ્રિક શાસ્ત્રમાં કહેલાં લક્ષણોરૂપ શબ્દ પ્રમાણથી, આમ ચાર પ્રકારનાં લક્ષણો દ્વારા પોતાના અને પારકા મનુષ્યો કોણ છે ? એવી હમેશાં પરીક્ષા કરતા રહેવું [૫]**

**રાજાએ ત્યાગ કરવા યોગ્ય અઢાર વ્યસનો :–** રાજાએ મૃગ્યા, દ્યુતક્રીડા, દિવસે નિદ્રા, પરની નિંદા, બન્ને પ્રકારના મદ(અભિમાન તથા દારુપાન), સ્ત્રીની લોલુપતા, ગીત, નૃત્ય, વાજિંત્ર, સુરાપાન, ચાડીચુગલીનો સ્વભાવ, દ્રોહ, અવિચારી સાહસ, વાણીની અને દંડની કઠોરતા,ઈર્ષ્યા, અસૂયા અને પોતાના કે પારકા અર્થતંત્રને ભાંગવાની ક્રિયા. આ અઢાર પ્રકારનાં વ્યસનોને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા ઈચ્છતા રાજાએ છોડી દેવાં.[૬-૭] આ અઢાર પ્રકારનાં વ્યસનોમાંથી પહેલાં દશ વ્યસનો કામના દોષમાંથી ઉદ્‌ભવે છે. અને પછીના આઠ વ્યસનો ક્રોધમાંથી ઉદ્‌ભવે છે. કામ અને ક્રોધ આ બન્ને ગણો જીવને નરકમાં નાખનારા છે આ પ્રમાણે જાણી બન્નેમાં આસક્ત ન થવું.[૮] જેવી રીતે ગર્ભવતી સ્ત્રી પોતાની ગમતી વસ્તુનો ત્યાગ કરીને પણ પોતાના ગર્ભનું રક્ષણ કરે છે, તેવી રીતે રાજાએ પણ પોતાનું પ્રિય છોડીને લોકોનું પ્રિય વિચારવું અને તે પ્રમાણે કરવું.[૯] રાજાએ પોતાના અનુયાયી જનોની સાથે બહુ હાસ્યવિનોદ ન કરવો, કારણ કે અતિશય પરિચય થવાથી તે અનુયાયીજનો રાજાની મર્યાદાનું ઉલ્લંઘન કરતા થાય છે.[૧૦] અને પોતાના સ્થાનમાં પણ સ્થિર રહેતા નથી. અને જ્યાં ત્યાં ક્રોધ કરવો, ઉચ્ચે સાદે બોલવું, રાજાએ સોપેલાં કાર્યમાં શંકા કુશંકા કરી તર્કો કરે છે અને રાજાનું વચન ઉલ્લંઘી ઈચ્છા પ્રમાણે વર્તે છે.[૧૧] માટે રાજાના અતિશય

बहुनात्र किमुक्तेन सभायामपि भूपतिम् । तिरस्कुर्वन्ति सावज्ञं निर्बलान्पीडयन्ति च ॥१३॥
तस्मान्न हर्षलो राजा भवेदुचितमाचरेत् । नित्योद्यतो भवेद्धीरः शत्रूणां भयवर्धनः ॥१४॥
स्वाम्यमात्यसुहृत्कोशराष्ट्रदुर्गबलानि च । राज्याङ्गानि प्रकृतयस्तद्द्रोग्धारं सुशिक्षयेत् ॥१५॥
करार्थं परधान्यादिनाशो वृष्ट्यादिना यथा । न स्यात्तथाचरेद्राजा देयं काले च दापयेत् ॥१६॥
सत्यान्नैव च्यवेत्क्वापि शास्त्रानुगतनिश्चयः । पुरुषार्थानसम्बाधं सेवेत जितरुड् नृपः ॥१७॥
वर्णाश्रमाणां ये धर्मा रक्षितव्यां प्रयत्नतः । सर्वत्र विश्वसेन्नैव परहार्दमबुद्ध्य च ॥१८॥

---

પરિચયવાળા જનો અંતઃપુરમાં સ્ત્રીઓની રક્ષા માટે નિયુક્ત કરેલા પુરુષોની સાથે પ્રસંગો વધારી પછી રાજા આગળ નિર્લજ થઈને રાજમર્યાદા છોડી જેમ ફાવે તેમ વર્તન કરે છે. વિશેષમાં રાજાનાં જેવાં જ વસ્ત્રો પહેરવાં, આભૂષણો ધારણ કરવાં, રાજાના વાહનો કે શિબિકા ઉપર ચડી બેસવું અને સભાને વિષે પણ રાજાને અપમાનીત કરવા કે તિરસ્કારનાં વચનો બોલી અવગણના કરે છે. અને અતિશય છકી જઈ પુરની પ્રજાને પણ પીડવા લાગે છે.[૧૨-૧૩] માટે જ રાજાએ અનુયાયી વર્ગો સાથે હાસ્ય વિનોદાદિકનો ત્યાગ કરવો, માત્ર જરૂર પૂરતો જ હાસ્ય વિનોદ કરવો. અને હમેશાં ઉદ્યમશીલ અને ધીરજે યુક્ત થઈ શત્રુઓને ભય વધારતા રહેવું.[૧૪]

**જાણી રાખવા યાગ્ય રાજ્યનાં સાત અંગ :–** હે વિપ્ર ! હવે રાજ્યનાં અંગો કહું છું. રાજાએ મંત્રીઓ, સુહૃદ્, ન્યાય તથા અન્યાયનો વિભાગ કરનારી પરિષદ્, અથવા સ્વભાવિક, કૃત્રિમ અને પ્રાકૃત આ ત્રણ પ્રકારના મિત્રો, કોશ- સુવર્ણ આદિક ધનનો ખજાનો, રાષ્ટ્ર, દુર્ગ અને ચતુરંગિણી સેના, આ સાત રાજ્યનાં અંગો કહેલાં છે. તે રાજ્યને પ્રકૃષ્ટ કરે છે, તેથી તેને સાત પ્રકૃતિ પણ કહેવાય છે. આ સાતનો દ્રોહ કરનારને રાજાએ અત્યંત શિક્ષા કરવી.[૧૫] રાજાએ જે પ્રકારે પોતાના કરનો ભાગ વૃષ્ટિ આદિકથી નાશ ન પામે તે માટે વૃષ્ટિ પહેલાં જ પોતાના કરનું અને પરનું ધાન્ય ઘરે લઈ આવવાની આજ્ઞા આપી દેવી. અને તેમાંથી પ્રજાને આપવાનો ભાગ સમયે સમયે આપતા રહેવો.[૧૬] શાસ્ત્રને અનુસારે તે તે બાબતના અર્થોનો પાકો નિશ્ચય કરી તથા ક્રોધને જીતીને રાજાએ ક્યારેય પણ સત્ય અને અસત્યરૂપ ધર્મ થકી ચલીત ન થવું. ધર્મ, અર્થ અને કામ આ પુરુષાર્થોનો પરસ્પર બાધ ન આવે એ રીતે સેવન કરવું.[૧૭] રાજાએ વર્ણાશ્રમના જે ધર્મો કહેલા છે તેમનું પોતે રક્ષણ કરવું અને પ્રજા પાસે રક્ષણ કરાવવું. બીજાના અભિપ્રાયને

द्वन्द्वीभूतगजाश्वादियुद्धभूमीश्च लक्षणैः । जानीयाच्चतुरो यात्राकालान्धर्मांस्तथापदि ॥१९॥
सन्धिविग्रहयानानि द्वैधीभावः समाश्रयः । स्थानं चेति गुणाः षट् च कुर्यात्तन्निश्चयं स्वयम् ॥२०॥
शृणुयाद्धर्मशास्त्राणि पुराणानि च नित्यशः । स्वपक्षे परपक्षे च चारांस्तीर्थेषु योजयेत् ॥२१॥
चमूपतिर्द्वारपालः प्रदेष्टान्तःपुराधिपः । कारागाराधिकारी च कृत्याकृत्यार्थयोजकः ॥२२॥
कोशाध्यक्षः पुराध्यक्षः कार्यनिर्माणकृत्तथा । धर्माध्यक्षः सभाध्यक्षो दण्डपालश्च राष्ट्रपः ॥२३॥

---

સમજ્યા વિના બધી જગ્યાએ વિશ્વાસ ન કરવો.[૧૮] રાજાએ યુદ્ધમાં હાથી, ઘોડા, રથ અને પદાતિ આ ચતુરંગી સેનાને માટે ક્યાં કોને યુદ્ધ કરવા યોગ્ય પ્રદેશો છે તેને લક્ષણોથી જાણી રાખવા. તથા ચાર પ્રકારના યાત્રાકાળને અર્થાત્ શત્રુ ઉપર વિજય મેળવવા પ્રયાણ કરવાના સમયને પણ જાણી રાખવા, તેમજ આપત્કાળના ધર્મોને પણ ચતુર રાજાએ જાણી રાખવા.[૧૯]

**છ ગુણો :–** રાજાએ સંધિ-અર્થાત સામે શત્રુઓને સુવર્ણાદિ આપીને પ્રીતિ ઉપજાવવા રૂપ પોતાની સાથે સમાધાનનો સાંધો મારવો. વિગ્રહ-અર્થાત બીજા રાજ્યમાં અગ્નિ લગાવવો, લુટ કરવી વગેરે અપકાર કરવો. યાન- અર્થાત શત્રુ સામે યુદ્ધ કરવા જવું. દ્વૈધીભાવ-અર્થાત પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા સામા સૈન્યમાં પરસ્પરના બે ભાગ પાડી દેવા અથવા લડવા આવનાર શત્રુ જો બળવાન હોય તો સમાધાન કરી લેવું અને જો નિર્બળ હોય તો તેમની સાથે વિગ્રહ વધારી દેવો. સમાશ્રય- અર્થાત શત્રુ બહુ પીડા પમાડે ત્યારે બળવાન રાજાનો આશરો લઈ લેવો. અને સ્થાન- અર્થાત શક્તિનો બંદોબસ્ત થાય તે દરમ્યાન સમયની રાહ જોઈને કિલ્લાની અંદર બેસી રહેવું, આ છ રાજયના ગુણો કહેવાય છે. રાજાએ આ છ ગુણોનો બરાબર વિચાર કરીને નિર્ણય કરવો.[૨૦]

**રાજયનાં પંદર તીર્થો :–** રાજાએ હમેશાં ધર્મશાસ્ત્રો અને પુરાણોનું શ્રવણ કરવું. પોતાના પક્ષના કે પરના પક્ષના તીર્થોમાં ગુપ્તચરો મોકલવા. પ્રત્યેક તીર્થમાં ત્રણ ત્રણ ગુપ્તચરો મોકલવા, તે ત્રણે પણ પરસ્પર કોઈને જાણે નહિ તેનું પણ રાજાએ ધ્યાન રાખવું.[૨૧] તીર્થો પંદર છે તે કહું છું. સેનાપતિ, દ્વારપાળ, સૈનિક માર્ગનો ઉપદેષ્ટા, અંતઃપુરનો અધિપતિ, બંદીખાનાનો અધિકારી, રાજ્યમાં કાર્યનું નિર્માણ કરાવી લોકોને તેનું વેતન ચૂકવનારો, રાજ્યમાં કૃત્ય અને અકૃત્ય અર્થોની વાત રાજાની આજ્ઞાથી તે વાત કરવા યોગ્યને પહોંચાડનારો વક્તા, કોશાધ્યક્ષ, પુરાધ્યક્ષ, ધર્માધ્યક્ષ, સભાધ્યક્ષ, દંડપાલ, રાષ્ટ્રપાલ, દુર્ગપાલ અને વનપાલ,

दुर्पालोऽटवीपालस्तीर्थानि दश पञ्च च । रक्षेत्स्वपक्षे शत्रूणां चारेभ्यो बुद्धिमान्नृपः ॥२४॥
परपक्षे तथा मन्त्रियुवराजपुरोहितैः । सहितेष्वेषु तीर्थेषु चारान्गूढान्नियोजयेत् ॥२५॥
अमात्यराष्ट्रदुर्गाणि कोशो दण्डश्च पञ्चमः । इति स्वपक्षेऽन्यत्रापि ज्ञेयं प्रकृतिपञ्चकम् ॥२६॥
एतस्मिन्दशके वर्गे स्थानं वृद्धिं क्षयं तथा । निश्चित्यैवोद्यमं कुर्यात्प्रतिपक्षजयाय च ॥२७॥
उपासीत सदा वृद्धान्सतां वृत्ते स्थितो नृपः । अलोलुपश्चापचक्षुः स्मितपूर्वाभिभाषिता ॥२८॥
भवेद्भर्ता चाभृतानामन्वीक्षेत भृतानपि । स्वयं प्रहर्ता दाता च विशुद्धाचारवान्भवेत् ॥२९॥
सर्वाभिशङ्की क्रोधी च यश्च सर्वहरो नृपः । स क्षिप्रमनृजुर्लुब्धः स्वजनेनैव वध्यते ॥३०॥
अरौगिणः कुलीनांश्च भक्तान् शूरान्विवेकिनः । अप्रतार्योन्परैः शिष्टान्मानिनो मानदांस्तथा ॥३१॥

---

આ પંદર તીર્થસ્થાનો કહેલાં છે. બુદ્ધિમાન રાજાએ સર્વે જગ્યાઓનું શત્રુ રાજાના ગુપ્તચરોથી રક્ષણ કરવું. તેમજ પોતાના ગુપ્તચરોનું પણ સામેના ગુપ્તચરોથકી રક્ષણ કરવું, નહીં તો પોતાના ગુપ્તચરોની શત્રુમાં ખબર પડી જાય, તો મહા અનર્થ સર્જાય છે.[૨૨-૨૪] રાજાએ સામેવાળા પક્ષમાં મંત્રી, યુવરાજ અને પુરોહિત સહિત પંદર તીર્થોમાં ગૂઢ રીતે ગુપ્તચરો નિયોજવા.[૨૫]

રાજાએ મંત્રી, દેશ, કિલ્લો, કોશ અને દંડ,અર્થાત સૈન્ય.આ પ્રકૃતિ પંચકને પોતાના પક્ષમાં અને સામેના પક્ષમાં પણ જાણી રાખવી.[૨૬] આમ બન્ને મળી દશ વર્ગને વિષે સ્થાન વૃદ્ધિ અને ક્ષયનો નિશ્ચય કરી શત્રુને જીતવાનો ઉદ્યમ કરવો.[૨૭] ધર્મશીલ સજ્જન પુરુષોની જેવું વર્તન રાખનારા, વિષયોમાં ક્યાંય લોલુપતા નહિ રાખનારા, ગુપ્તચરો દ્વારા આખા રાષ્ટ્ર ઉપર દૃષ્ટિ રાખનારા અને હમેશાં મંદમંદ હાસ કરીને વાત કરનારા રાજાએ હમેશાં વૃદ્ધ પુરુષોનું સેવન કરવું.[૨૮] નોકરવર્ગનું પોષણ કરવું અને નજર રાખવી. અપરાધ કરનારને જાતે જ દંડ કરવો અને જે કોઈને પારિતોષિક કે દાન આપવું હોય તો પણ પોતે જાતે આપવું, ને સદાય વિશુદ્ધ આચારવાળા થવું.[૨૯] હે વિપ્ર ! જો રાજા સર્વત્ર શંકાશીલ થાય, ક્રોધ કરે, નોકર-ચાકર અને પ્રજા પાસેથી બધું જ હરી લે, અકળ સ્વભાવ રાખે અને લોભી હોય તો તેવા રાજાને પોતાના સ્વજનો જ તત્કાળ મારી નાખે છે.[૩૦] રાજાએ નિરોગી, કુળવાન, પોતાને જ એક વફાદાર, શૂરવીર, વિવેકી, શત્રુઓથી ક્યારેય નહીં છેતરાતા લોકપ્રતિષ્ઠિત, કુળ અને શીલનું માન રાખી શ્રેષ્ઠજીવન જીવતા, બીજાને હમેશાં માન આપનારા, ચૌદ પ્રકારની વિદ્યાને જાણનારા, લોક વ્યવહારમાં નિષ્ણાત, માલિકનું કામ કરવામાં સ્થિર, સ્વધર્મનિષ્ઠ, અને બહાર તથા અંદર

विद्याविदो लोकविदः परलोकविदोऽचलान् । स्वधर्मनिष्ठान्कुर्वीत सहायान्नृपतिः शुचीन् ॥३२॥
तैश्च तुल्यो भवेद्भोगैश्छत्राज्ञाभ्यां ततोऽधिकः । प्रत्यक्षं वा परोक्षं यस्तुल्यस्तेषु न खिद्यति ॥३३॥
केतनानां च जीर्णानामवेक्षां चैव सीदताम् । नित्योत्थानं च कुर्वीत सेवां बुद्धिमतामपि ॥३४॥
क्षिप्रकारी सुप्रसादो गम्भीरश्च महामनाः । निश्छद्म पालयेद्राजा प्रजाः पुत्रानिवौरसान् ॥३५॥
अगूढविभवा हृष्टा निर्भया धार्मिकाः प्रजाः । यस्य राज्ये भवेयुश्च स राजा राज्यमर्हति ॥३६॥
प्रजानां रक्षणं राज्ञः परमो धर्म उच्यते । सुकृतस्य चतुर्थांशं तासां तेनैव विन्दति ॥३७॥
धर्माणां विप्लवे जाते निर्मितो विष्णुना भुवि । पुरा राजा ततस्तेन कर्तव्यं धर्मपालनम् ॥३८॥
अधार्मिकान्दण्डयित्वा धृत्वा हत्वा च तस्करान् । धर्ममार्गे स्थापनीया भीषयित्वा प्रजा निजाः ॥३९

**પવિત્ર જીવન જીવતા. આ પંદર લક્ષણવાળા સારા મનુષ્યોને રાજાએ હમેશાં સહાય કરવી.[૩૧-૩૨]**

**વળી તે રાજાએ ભોગ અને વૈભવમાં તો સહાયક જનોની જેવો જ સરખો જ પોતાનો વ્યવહાર રાખવો, પરંતુ છત્ર અને આજ્ઞા આપવાની બાબતમાં તે સહાયક જનોથી અધિક વર્તવું. જે રાજા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પણ પોતાના સહાયક જનોની સમાન જ જીવન જીવે છે, તે રાજા ક્યારેય પણ ખેદ પામતો નથી.[૩૩] રાજાએ હમેશાં જીર્ણભાવને પામી ગયેલા મહેલ કે ઘર આદિકનો જીર્ણોધાર કરવાની સમીક્ષા કરવી, અન્ન વસ્ત્રાદિકના અભાવમાં દુઃખી થતા નોકરની પણ અન્નવસ્ત્રાદિક અર્પણ કરી સમીક્ષા કરવી, શત્રુને હમેશાં ભય ઉપજાવવા માટે યુદ્ધનું ઉત્થાન દેખાડવું. તેમજ અનેક કાર્યોમાં નિપુણ બુદ્ધિમાન પુરુષોની તે તે કાર્ય પૂર્ણ કરાવવા સેવા કરવી.[૩૪] અવશ્યના કામને જલદી કરનારા, હમેશાં પ્રસન્ન આશયવાળા, ગંભીર પ્રકૃતિ અને ઉદાર મનવાળા તેમજ નિષ્કપટ રાજાએ પ્રજાનું પોતાના ઔરસપુત્રની જેમ જ સ્નેહથી સદાય પાલન કરવું.[૩૫] જે રાજાના રાજ્યમાં તેમની પ્રજાનો વૈભવ ગુપ્ત ન હોય, પ્રજા હમેશાં પ્રસન્ન રહેતી હોય, ચોર આદિકના દુઃખથી કે રાજકીય જનોના દુઃખથી કે તેઓના ભયથી રહિત હોય અને પોતાના ધર્મમાં દૃઢ વર્તતી હોય તે જ રાજા રાજ્યશાસન કરવાને યોગ્ય કહેલો છે.[૩૬] કારણ કે પ્રજાનું રક્ષણ કરવું એ જ રાજાનો પરમ ધર્મ છે. રાજા પ્રજાનું બરાબર રક્ષણ કરે તેનાથી પ્રજાએ કરેલા પૂણ્યનો ચોથો ભાગ રાજાને પ્રાપ્ત થાય છે.[૩૭]**

**હે વિપ્ર ! પૂર્વે પૃથ્વી પર ધર્મનો નાશ થઇ જવાથી પ્રજાના પાલનમાં રહેલા**

दण्ड्यानदण्ड्यांश्च स नीतिशास्त्रात्सम्यग्विदित्वाऽथ यथार्हमेव।
दण्ड्येषु पुत्रे च रिपौ निदध्याद्दण्डं द्विजेन्द्रेतरथा तु नैव ॥४०॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे राजधर्मेष्वष्टादशव्यसनादिनिरूपणनामा द्वाविंशोऽध्यायः ॥२२॥*

---

## त्रयोविंशोऽध्यायः - २३

### श्रीनारायणमुनिरुवाच

नास्तिक्यमनृतं क्रोधं प्रमादं दीर्घसूत्रताम्। अदर्शनं ज्ञानवतामालस्यं पञ्चवृत्तिताम् ॥१॥
एकचिन्तनमर्थानामनर्थज्ञैश्च चिन्तनम्। निश्चितानामनारम्भं मन्त्रस्यापरिरक्षणम् ॥२॥

---

વિષ્ણુ ભગવાને રાજાઓનું નિર્માણ કરેલું છે. તેથી રાજાઓએ ધર્મપાલન કરવું ને કરાવવું.[૩૮] રાજાએ અધાર્મિકોને દંડ આપવો, ચોરોને પકડીને મારવા અને પોતાની પ્રજાને પણ ભય દેખાડી ધર્મમાર્ગમાં વર્તાવવી.[૩૯] હે વિપ્રશ્રેષ્ઠ ! રાજાએ દંડવા યોગ્ય અને નહિ દંડવા યોગ્યને નીતિશાસ્ત્ર દ્વારા સારી રીતે જાણી વિચારીને દંડ આપવો. અને દંડવા યોગ્ય જનોમાં પોતાનો પુત્ર હોય, શત્રુ હોય કે પાખંડી હોય તે સર્વેને યથાયોગ્ય પ્રમાણે દંડ આપવો. પરંતુ અદંડ્યને ક્યારેય ભૂલથી પણ દંડ ન આપવો.[૪૦]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતા ભગવાન શ્રીહરિએ રાજાઓના ધર્મોનું નિરૂપણ કર્યું, એ નામે બાવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૨--**

---

## અધ્યાય - ૨૩

## રાજ ધર્મોમાં ચૌદ પ્રકારના દોષોનું વર્ણન.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! નાસ્તિકભાવ, વારંવારનું અસત્ય ભાષણ, ક્રોધ, પ્રમાદ, દીર્ઘસૂત્રતા, જ્ઞાની પુરુષોની ઉપેક્ષા, આળસ, નેત્રાદિ પાંચ ઈન્દ્રિયોને પરવશપણું, કર્તવ્ય અર્થોનું પોતાના એકલા દ્વારા ચિંતવન, પોતાના કર્તવ્યને નહિ જાણનારા બહુજનોની સાથે તેનો વિચાર વિમર્શ, અમલમાં મૂકવાના

मङ्गलाद्यप्रयोगं च प्रत्युत्थानं च सर्वशः । एतांस्त्यजेत्प्रयत्नेन राजा दोषांश्चतुर्दश ॥३॥
बालेन स्थविरेणापि भीरुणा दीर्घरोगिणा । ज्ञातित्यक्तेन लुब्धेन तथा लुब्धजितेन च ॥४॥
विरक्तेन भयकृता विषयासक्तचेतसा । अनेकचित्तमन्त्रेण देवब्राह्मणगर्हिणा ॥५॥
दैवोपहतकेनापि दैवचिन्तापरेण च । दुर्भिक्षव्यसनार्तेन बलव्यसनिना तथा ॥६॥
सत्यधर्मविहिनाभ्यामदेशस्थेन दम्भिना । विंशत्या पुरुषैरेतैर्नृपः सन्धिं न चाचरेत् ॥७॥
कुर्यान्मन्त्रं न षट्कर्णं स्वपेद्यामद्वयं निशि । ब्राह्मे मुहूर्त उत्थाय मन्त्रमालोचयेत्स्वयम् ॥८॥
कुमाराश्चैव योद्धारः शिक्षणीयाः सुपण्डितैः । सहस्रैश्चापि मूर्खाणां क्रीणीयादेकपण्डितम् ॥९॥
सदा विनयसम्पन्नः कुलपुत्रो बहुश्रुतः । अनसूयुरसङ्कीर्णो राज्ञा कार्यः पुरोहितः ॥१०॥
तथैवाङ्गेषु निष्णातं ज्योतिषः प्रतिपादकम् । उत्पातेषु च सर्वेषु कुर्याद्दैवज्ञमुत्तमम् ॥११॥

---

નક્કી થયેલા અર્થોનો અનારંભ, મંત્રનો પ્રકાશ, દેવપૂજા આદિ મંગલ કાર્યના અનુષ્ઠાનનો અભાવ અને એક સાથે સર્વે શત્રુઓ સન્મુખ યુદ્ધ છેડવું. આ ચૌદ દોષોનો રાજાએ પ્રયત્નપૂર્વક ત્યાગ કરી દેવો.[૧-૩]

**સંધી ન કરવા યોગ્ય વીસ પુરુષો :–** બાળક, અતિશયવૃદ્ધ, ભયશીલ, દીર્ઘરોગી, જ્ઞાતિએ ત્યજેલો, લોભી અને લોભીને આધિન, વૈરાગી, ભય ઉપજાવનાર, વિષયાસક્ત ચિત્તવાળો, અવ્યવસ્થિત ચિત્ત અને મંત્રવાળો, દેવ અને બ્રાહ્મણની નિંદા કરનારો, ફુટેલ ભાગ્યવાળો, ભાગ્ય ઉપર જ ભરોસો રાખી પુરુષાર્થ નહિ કરનારો, દુષ્કાળ નિમિત્તે નીપજેલાં દુઃખથી પીડિત, વાતવાતમાં યુદ્ધ કરવાના વિચારવાળો, સત્યથી ચ્યુત થયેલો, ધર્મથી ભ્રષ્ટ થયેલો, પરદેશથી આવી વસેલો અને દંભી, આ વીસ પુરુષોની સાથે રાજાએ સંધિ ન કરવી, અને જો તેઓની સાથે સંધિ કરે તો પોતાને અપાર દુઃખની પ્રાપ્તિ થાય છે.[૪-૭]

મંત્રણા છ કાન સુધી અર્થાત ત્રીજા માણસ સુધી ન પહોંચે તે રીતે તેમનું રક્ષણ કરવું, રાત્રીના પ્રથમ અને છેલ્લા યામને છોડીને વચ્ચેના બે યામમાં શયન કરવું. બ્રાહ્મમુહૂર્તમાં જાગ્રત થઈને મંત્રીઓ સાથે કરેલી મંત્રણાની સ્વયં રાજાએ યોગ્યાયોગ્યની આલોચના કરવી.[૮] યુદ્ધની શિક્ષા લેવા તત્પર પોતાના રાજકુમારોને યુદ્ધ કુશળ પંડિતદ્વારા શિક્ષા અપાવવી. એક હજાર મૂર્ખ યોદ્ધાઓની અપેક્ષાએ એક યુદ્ધ વિશારદ પંડિત યોદ્ધો લાવવો શ્રેષ્ઠ છે.[૯] રાજાએ સદાય વિનયસંપન્ન, કુળવાન, બહુશાસ્ત્રના હાર્દને જાણનાર, અસૂયા રહિતના અને સત્ અસત્‌ના વિવેકી એવા પાંચ ગુણોએ યુક્ત પુરુષને પોતાનો પુરોહિત બનાવવો.[૧૦] અંગોની પરીક્ષા

राज्ञो वैद्यश्च निपुणो भवेद्बुद्धिवयोधिकः । अष्टाङ्गायां चिकित्सायां कुशलश्चानुरागवान् ॥१२॥
दैवं च मानुषां बुध्वा पञ्चपञ्चविधं भयम् । शत्रोः पराजये हेतुं ततो यात्रां समाचरेत् ॥१३॥
प्रयच्छेद्बलमुख्येभ्यः परराष्ट्रे तथा नृपः । उपच्छन्नानि रत्नानि भेदायैव यथोचितम् ॥१४॥
जितेन्द्रियः स्वमात्मानमादौ जित्वा ततो रिपून् । जेतुं समिच्छेन्नृपतिः प्रमत्तानजितेन्द्रियान् ॥१५॥
परराष्ट्रे लवं मुष्टिं ज्ञात्वा जेतुमुपक्रमेते । स्वभोज्यवस्त्रगन्धादीन्विश्वस्तै रक्षयेन्नरैः ॥१६॥
कोशं कोष्ठं वाहनं च द्वारमायं तथायुधम् । रक्षयेत्कृतकल्याणैर्निजभक्तैर्नरैर्नृपः ॥१७॥
आभ्यन्तरेभ्यो बाह्येभ्यो रक्षेत्स्वं च सुधीः सदा । पुत्रामात्यादितस्तांश्च रक्षेत्सर्वान्मिथस्तथा ॥१८॥

---

કરવામાં કુશળ સર્વે પ્રકારના ઉત્પાતોને સમજી રાજાને સૂચના આપીને તેમની શાંતિ કરાવવામાં કુશળ અને જ્યોતિષશાસ્ત્રનો જાણકાર આવા ત્રણ ગુણોથી યુક્ત પુરુષને રાજાએ જ્યોતિષી તરીકે રાખવો.[૧૧] હવે રાજાએ વૈદ્ય કેવો રાખવો તે કહું છું. આયુર્વેદના તત્ત્વનો જાણકાર, બુદ્ધિ અને વયમાં પણ મોટો, આઠ અંગવાળી ચિકિત્સા પદ્ધતિમાં નિપુણ અને રાજા ઉપર પ્રેમવાળો, આવાં ચાર લક્ષણોએ સંપન્ન પુરુષને રાજાએ વૈદ્યરાજ તરીકે નિયુક્ત કરવો.[૧૨] રાજાએ વિજયયાત્રાએ નીકળવું ત્યારે પાંચ દેવસંબંધી અને પાંચ મનુષ્ય સંબંધી ભયને શત્રુના પરાજયમાં કારણભૂત જાણીને વિજયયાત્રાએ નીકળવું. અર્થાત્ દશ પ્રકારના ભયનો સામે પક્ષે સદ્‌ભાવ હોય અને પોતાના પક્ષે અભાવ હોય તે જાણીને પછીથી જ શત્રુ ઉપર વિજય મેળવવા યાત્રાએ નીકળવું.[૧૩]

રાજાએ સામે વાળા રાષ્ટ્રના મુખ્ય સેનાપતિને ગુપ્તરીતે ઉત્તમરત્નો આદિક વસ્તુઓની ભેટ તેઓમાં ભેદ ઉત્પન્ન કરવા યથાયોગ્ય પ્રમાણે મોકલવી.[૧૪]જીતેન્દ્રિય રાજાએ પ્રથમ પોતાનું મન જીતીને ઈન્દ્રિયો ઉપર વિજય મેળવવો. ને પછીથી સામેના શત્રુ પ્રમત્ત રાજા ઉપર વિજય મેળવવાની ઈચ્છા કરવી.[૧૫] વિજય પ્રાપ્ત કરવા ઈચ્છતા રાજાએ સામે રાષ્ટ્રમાં ધાન્ય કાપવાનો કે ધાન્ય સંઘરવાનો સમય ચાલતો હોય ત્યારે તથા દુષ્કાળના સમયે શત્રુરાજાને જીતવા આક્રમણ કરવું, તો સુખેથી જીતી શકાય છે, તેમજ પોતાના ભોગ્ય પદાર્થો જેવાં કે અન્ન, વસ્ત્ર અને ચંદનાદિનું પણ પોતાના વિશ્વાસુ માણસ પાસે રક્ષણ કરાવવું. નહીં તો કોઈ ઝેર આપી પોતાનું મૃત્યુ કરાવી શકે છે.[૧૬] વળી રાજાએ ધનભંડાર, ધાન્યભંડાર, તથા વાહનનું રક્ષણ કરવા તેમજ ગોપુરનું અને અર્થ ભંડારનું તથા આયુધોનું રક્ષણ કરવા માટે, જેણે પોતાનું વારંવાર મંગલ કર્યું હોય

सुभिक्षसाम्यदुर्भिक्षेष्वपि सम्पूरयेद्व्ययम् । आयैकद्वित्रिपादैश्च कोशं निःशेषयेन्न तु ॥१९॥
ज्ञातीन्वृद्धान् गुरून्राजा वणिजः शिल्पिनः । श्रितान् अभीक्ष्णमनुगृह्णीयाद्धनधान्येन दुर्गतान् ॥२०॥
हितकामान्प्रियान्प्रौढानज्ञवाक्यात्क्वचिन्नृपः । च्यावयेन्नाधिकाराच्च विना तद्दोषदर्षनम् ॥२१॥
धर्मकृत्येषु धर्मज्ञानर्थकृत्येषु पण्डितान् । स्त्रीषु क्लीबान्नियुञ्जीत नीचान्नीचेषु कर्मसु ॥२२॥
लुब्धान्मूर्खांश्च पुरुषान्कामेऽर्थे च न योजयेत् । अलुब्धान्बुद्धिसम्पन्नान्सर्वकार्येषु योजयेत् ॥२३॥
मूर्खो ह्यधिकृतोऽर्थेषु कार्याणामविशारदः । प्रजाः क्लिश्नात्ययोगेन कामक्रोधसमन्वितः ॥२४॥

---

એવા ખાસ પોતાના સેવક માણસોને જ નિયુક્ત કરવા.[૧૭] બુદ્ધિમાન રાજાએ અંદરના રસોયા જનો આદિકથી તથા બહારના સેનાપતિ આદિક જનોથી પોતાનું સદાય રક્ષણ કરવું, તથા મંત્રી થકી પુત્રનું અને પુત્ર થકી મંત્રીનું એમ પરસ્પર પણ રાજાએ રક્ષણ કરવું, આવી રીતે રાજાએ સર્વેનું રક્ષણ કરવું.[૧૮]

ધનભંડારમાંથી ધનનો ખર્ચ થયો હોય તેમની રાજાએ પૂર્તતા કરવી, કેવી રીતે ? તો સારૂં વર્ષ જ્યારે આવ્યું હોય ત્યારે આવકમાંથી એક ભાગનો ખર્ચ કરવો અને ત્રણ ભાગ ખજાનામાં મૂકવા.જો બહુ સારૂં નહિ અને નરસું નહિ એવું વર્ષ આવ્યું હોય તો બે ભાગ કરી અર્ધાનો ખર્ચ કરવો અને અર્ધો ભાગ ધનભંડારમાં જમા કરવો. અને જો દુષ્કાળ પડ્યો હોય તો આવકના ભાગમાંથી ત્રણ ભાગનો ખર્ચ કરવો અને એક ભાગ ખજાનામાં જમા કરાવવો. પરંતુ સંપૂર્ણ ખજાનાનો ખર્ચ કરી ખજાનો ક્યારેય પણ ખાલી કરવો નહિ. વળી રાજાએ દેશકાળની વિષમતાને કારણે, દરિદ્રતા પામેલા જ્ઞાતિજનો, વૃદ્ધો, ગુરૂજનો, વેપારી, શીલ્પી અને પોતાને આશરે રહેલા જનોનું વારંવાર ધન ધાન્યાદિ અર્પણ કરી અનુગ્રહ કરવો.[૧૯-૨૦] રાજાએ પોતાના હીતેચ્છુને પોતાને વિષે હેતવાળા તેમજ કાર્યકુશળ પુરુષોને તેઓના દોષોને પ્રત્યક્ષ જોયા વિના કોઇ તેઓના વિરોધી એવા અજ્ઞાની જનોનાં વચનો સાંભળી તેમના અધિકાર ઉપરથી ક્યારેય પણ દૂર ન કરવા.[૨૧]ધર્મ સંબંધી કાર્યમાં ધર્મજ્ઞ પુરુષોને જોડવા, અર્થના કાર્યમાં અર્થશાસ્ત્રીઓને નિયુક્ત કરવા. સ્ત્રીઓના અંતઃપુરમાં નપુંસક જનોને નિયુક્ત કરવા, નીચ કક્ષાના કાર્યોમાં નિમ્ન કક્ષાના જનોને નિયુક્ત કરવા.[૨૨] લોભી અને મૂર્ખ પુરુષોને કામ તથા અર્થ સંબંધી કાર્યમાં નિયુક્ત કરવા નહિં. પરંતુ નિર્લોભી અને બુદ્ધિમાન પુરુષોને જ સર્વે કાર્યમાં નિયુક્ત કરવા.[૨૩] કાર્ય કરવામાં નિપુણ નહિ ને કામ, ક્રોધથી યુક્ત મૂર્ખ પુરુષને અર્થ કાર્યમાં અધિકારી કરવામાં આવે તો કાર્યની અસફળતાથી પ્રજા દુઃખી થાય છે.[૨૪]

सन्ध्यामुपास्य श्रृणुयान्निशि चारोदितम रहः । परराष्ट्रजनं चापि कुर्वीत स्ववशो बुधः ॥२५॥
अर्थेन लुब्धं मानेन स्तब्धं भीरुं भयेन च । याथातथ्येन विद्वांसं वशीकुर्याद्यथोचितम् ॥२६॥
यस्मिन्देशे य आचारो व्यवहारः कुलस्थितिः । तथैव परिपाल्योऽसौ परराष्ट्रे वशंगते ॥२७॥
बृहन्ति च तडागानि सर्वपेयोदकानि च स्वराष्ट्रे तत्रतत्राथ भागशो विनिवेशयेत् ॥२८॥
प्रतिग्रामं कृतप्रज्ञान्पञ्च पञ्च स्वनुष्ठितान् । संहत्य कर्म कुर्वाणान् शूरान्संस्थापयेत्तथा ॥२९॥
घोषांश्च ग्रामवत्कुर्याद्ग्रामान्नगरवत्तथा । क्रमेण द्रव्यं गृह्णीयाद्घोषादीनां नृपः स्वयम् ॥३०॥
स्त्रियः सुरक्षिताः कुर्यात्सान्त्वयेत्ताश्च तद्वचः । न श्रद्दध्याच्च न ब्रूयाद्रहस्यं तत्परः क्वचित् ॥३१॥
आत्मनश्च परेषां च परीक्ष्यात्र बलाबलम् । अष्टौ सन्धाय कर्माणि सेवेत नृपतिः परैः ॥३२॥

---

બુદ્ધિમાન રાજાએ સાયંસંધ્યાની ઉપાસના કર્યા પછી રાત્રીના સમયે એકાંતસ્થળમાં પોતાના ગુપ્તચરોની વાત સાંભળવી. સામેવાળા રાષ્ટ્રને પણ પોતાને વશ કરવું.[૨૫] લોભીને ધન આપીને, માનીને માન આપીને, ભીરુને ભય દેખાડીને અને પંડિતને યથાર્થ વચનો દ્વારા રાજાએ વશ કરી રાખવા.[૨૬] પર રાષ્ટ્ર પોતાને વશ થાય,પોતાના કબ્જામાં આવે છતાં,તે દેશમાં જે આચાર અને વ્યવહાર તથા કુળની સ્થિતિ હોય તે પ્રમાણે જ પાલન કરાવવું. જો કાંઇ શાસ્ત્ર વિરોધી હોય તેને દૂર કરાવવું, પરંતુ પોતાના દેશના શાસ્ત્રાચાર કરતાં વિરુદ્ધ હોય,છતાં તેમના શાસ્ત્રાચાર પ્રમાણે યોગ્ય હોય,તો તેને પોતાના આચાર દ્વારા એકતા ન કરવી.[૨૭] વળી રાજાએ પોતાના દેશમાં તે તે સ્થળે સર્વને પીવાને ઉપયોગી એવાં મોટાં જળાશયો વિભાગને અનુસાર તૈયાર કરાવવાં.[૨૮]તેવીજ રીતે પ્રશિક્ષિત, પ્રજ્ઞાવાન, કાર્ય કરવામાં કુશળ તેમજ રાજ-આજ્ઞાનુસાર ગામનાં કાર્યો કરાવવામાં તત્પર,એવા પાંચ શૂરવીર પુરુષોની પ્રત્યેક ગામે નિયુક્તિ કરવી. આ પાંચ પુરુષોમાં- શિક્ષક, સમાહર્તા, સંવિધાતા, લેખક અને સાક્ષી એમ પાંચ પ્રકારના કાર્યકર્તા જાણવા.[૨૯] સ્વયં રાજાએ આહીરોના નેસડાઓને ગામ જેવા પાકા કરી આપવા.તેમજ ગામોને નગરનાં જેવાં સુવિધાવાળાં કરી આપવાં અને ક્રમશઃ તેઓની પાસેથી દ્રવ્ય લેવું, અર્થાત્ નેસડાવાળાઓએ ગામના અધિપતિને આપે, તે નગરપતિને આપે, તે દેશપતિને આપે અને તે સાક્ષાત્ રાજાને પહોંચાડે.[૩૦]

રાજાએ અંતઃપુરની સ્ત્રીઓની રક્ષા બરાબર કરવી, જો તે સ્ત્રીઓમાં પરસ્પર કલહ થાય તો સાન્તવના આપીને પરસ્પર રાજી કરવી.તેઓ જે બોલે તે સાંભળી લેવું પણ તેઓનાં વચન સત્ય ન માનવાં.રહસ્યની કાંઇ પણ વાત હોય તો

साध्यानल्पव्ययेनार्थानारभेत महोदयान् । कृष्यादिविघ्नं वैश्यादेर्न कुर्यात्कोशहानिकृत् ॥३३॥
कुर्यात्सर्वाणि दुर्गाणि धनधान्यायुधोदकैः । यन्त्रैश्च परिपूर्णानि तथा शिल्पिधनुर्धरैः ॥३४॥
नित्यं हृष्टश्च शूरश्च मतिमान्धृतिमाञ्छुचिः । कुलिनश्चानुरक्तश्च कार्यः सेनापतिस्तथा ॥३५॥
कृत्वा पुरुषकरेण स्वोक्तं कर्म समागतम् । मानयेद्दानमानाभ्यां दद्याच्चाधिकवेतनम् ॥३६॥
तथा विद्याविनीतांश्च शास्त्रशिल्पविशारदान् । यथार्हं वित्तवस्त्राद्यैर्मानयेच्चतुरो नृपः ॥३७॥
परराष्ट्रे स्थापनीया बुद्धियुक्तिविचक्षणाः । तत्रत्यवृत्तज्ञानार्थं दद्यात्तद्वेतनं रहः ॥३८॥
दृष्टदुष्टक्रियं स्तेनं निगृह्य स्थापयेन्नृपः । यथेष्टाचरणायैनं न लोभाद्विसृजेत्क्वचित् ॥३९॥

---

**તે સ્ત્રીઓ આગળ ક્યારેય પણ ન કહેવી.[૩૧]પોતાના અને પરદેશના બળ નિર્બળની પરીક્ષા કરી,પર રાષ્ટ્રના યુવરાજ મંત્રી આદિ સાત પ્રકૃતિ પુરુષો સાથે સંધિ કરીને રાજાએ આલોકમાં આઠ કર્મોનું સેવન કરવું. તે આઠ કર્મોમાં- ખેતી કરાવવી, વેપારમાં પ્રોત્સાહન આપવું, કિલ્લાની રક્ષા કરાવવી, નદીઓના તૂટી ગયેલા પુલ-નાળાં આદિ બંધાવવાં, ગામે ગામ હાથીની રક્ષા માટે હાથીખાનાં બનાવવાં, ધન પ્રાપ્તિ માટે રત્ન કે સુવર્ણની ખાણો ખોદાવવી, કરની ઉઘરાણી કરવી અને વિષમ દેશકાળાદિકમાં ઉજજડ થઈ ગયેલાં ગામોને ફરી વસાવવાં,આ આઠ કામોની સિદ્ધિ થાય તો ધનભંડારની વૃદ્ધિ થાય છે.[૩૨] થોડા ધનના ખર્ચથી સાધ્ય અને મોટા ફળને આપનારાં કામો શરૂ કરાવવાં, વૈશ્યોની ખેતીમાં વિઘ્ન પેદા થાય તેમ ન કરવું,કારણ કે તેનાથી કોશમાં હાની પહોંચે છે. અને ધન ભંડારને ખાલી રહેવાનો વારો આવે છે.[૩૩] સર્વે કિલ્લાઓ ધન-ધાન્ય, આયુધ, અગ્નિયંત્રના સમૂહ તથા શિલ્પી સુથાર અને ધનુર્ધારીઓ વડે સદાય પરિપૂર્ણ કરાવવા.[૩૪] રાજાએ નિરંતર ધન, માન આદિકથી પ્રસન્ન, શૂરવીર, બુદ્ધિમાન, ધીરજશાળી, રાજના કામમાં શુદ્ધ મનવાળો,સત્કુળમાં જન્મેલો તથા પોતાનામાં પ્રેમવાળો હોય,તેવા સાતગુણવાળા પુરુષને સેનાપતિ કરવો.[૩૫] રાજાએ પોતે કહેલું કાર્ય પોતાના પરાક્રમથી પૂર્ણ કરી આપનારા જનોનું પારિતોષિક અર્પણ કરીને મોટી સભામાં તેમનું સન્માન કરવું. ને અધિક વેતન પણ આપવું.[૩૬]**

**વળી ચતુર રાજાએ વિદ્યા અને વિનયથી સંપન્ન તેમજ શિલ્પાદિ શાસ્ત્રોમાં અને તે પ્રમાણેની ક્રિયા કરવામાં નિપુણ પુરુષોનું યથાયોગ્ય પ્રમાણે ધન, વસ્ત્રાદિક અર્પણ કરીને સન્માન કરવું.[૩૭] તેમજ અનેક પ્રકારની યુક્તિઓમાં કુશળ એવા બુદ્ધિશાળી પુરુષોની પરના રાષ્ટ્રમાં સારા કાર્યોનું વૃત્તાંત જાણવા સ્થાપના કરવી**

आद्रौ दरिद्रं पश्चाच्च दैवात्प्राप्तधनं जनम् । मिथ्यापवादैर्नो दुष्येद्रक्षेन्मन्त्र्यादितश्च तम् ॥४०॥
दूरादभ्यागतेभ्यश्च वणिग्भ्यो लोभकारणात् । करं यथोक्तमादद्याद्रक्षेत्तान् शुल्कजीवितः ॥४१॥
नित्यं धर्मार्थविज्ञानां वृद्धानां श्रृणुयाद्वचः । पुरुषं कृतकर्माणं सत्सभायां स्तुवीत च ॥४२॥
द्रव्योपकरणं यच्च सर्वदा सर्वशिल्पिनाम् । चातुर्मास्यावरं सम्यक् प्रयच्छेन्नियतं नृपः ॥४३॥
रक्षोग्निव्याघ्ररुक्सर्पभयाद्राष्ट्रं च पालयेत् । पितेव चान्धान्मूकांश्च व्यङ्गान्पङ्गूंश्च पालयेत् ॥४४॥
त्याज्या अनर्थाः षड्राज्ञा विशेषेण सुबुद्धिना । निद्रालस्यं भयं क्रोधो मार्दवं दीर्घसूत्रता ॥४५॥
अध्येतव्यं नीतिशास्त्रमादौ राज्ञा प्रयत्नतः । पण्डितादब्राह्मणात्तस्य लक्षणं च वदामि ते ॥४६॥
इतिहासपुराणज्ञो न्यायविद्धर्मतत्त्ववित् । षडङ्गवेदविद्वक्ता प्रगल्भो बुद्धिमान्कविः ॥४७॥

---

ને બીજા ન જાણે તે રીતે તેઓને વેતન પણ આપવું.[૩૮] રાજાએ પરસ્ત્રીસંગાદિ દુષ્ટ કર્મ કરનારને તથા ચોરને પકડીને કારાગારમાં પૂરી દેવા, તેઓએ આપવા માંડેલા ધનાદિકના લોભમાં આવી તેઓને ફરી ઈચ્છા પ્રમાણેનું આચરણ કરવા ક્યારેય પણ છૂટા મૂકવા નહિ.[૩૯] પ્રથમ દરિદ્ર દશામાં હોય ને પછી ભાગ્યવસાત્ તેમને ધન મળે તેવા મનુષ્યો ઉપર ચોરી આદિકનો આરોપ લગાવી તેને દૂષણ ન આપવું. પરંતુ તેવા જનોનું પણ પોતાના મંત્રી દ્વારા રક્ષણ કરાવવું.[૪૦] લોભને કારણે પોતાના દેશમાં દૂર દેશથી વેપાર કરવા આવેલા વણિક પાસેથી યથાયોગ્ય પ્રમાણે જ કર ઉઘરાવવો, તેમજ ગામના અને દલાલીનું કર્મ કરી જીવનારા અન્ય વણિકોથી તેમની રક્ષા કરવી.[૪૧] ધર્મનાં કાર્યો કરવામાં વિશેષ કુશળ વૃદ્ધ પુરુષોનાં વચન રાજાએ નિત્યે સાંભળવાં, સોંપેલું કામ પૂર્ણ કરી આવેલા પુરુષની સભામાં પ્રશંસા કરવી.[૪૨] રાજાએ સર્વ શિલ્પીઓને વેતનમાં દ્રવ્ય અને શિલ્પના કામમાં ઉપયોગી સાધનો, ચાર માસ ચાલે તેટલાં, હમેશાં નિયમપૂર્વક રૂડી રીતે અર્પણ કરવા.[૪૩] રાજાએ રાક્ષસ,અગ્નિ પ્રકોપ, વાઘ, રોગચાળો અને સર્પ એ આદિકના ભયથી પોતાના દેશની પ્રજાની રક્ષા કરવી, અંધ, મૂંગા,અંગે વિકળ અને પંગુઓનું પિતાની જેમ પાલન કરવું.[૪૪] બુદ્ધિમાન રાજાએ નિદ્રા, આળસ, ભય, ક્રોધ, મૃદુતા અને દીર્ઘસૂત્રીપણું, આ છ અનર્થો વિશેષપણે છોડી દેવા.[૪૫]

**વિદ્યા ભણાવનાર અધ્યાપકનાં લક્ષણો :–** રાજાએ પ્રથમ વિદ્વાન બ્રાહ્મણ પાસેથી નીતિશાસ્ત્રનો પ્રયત્નપૂર્વક અભ્યાસ કરવો, તે અધ્યાપક બ્રાહ્મણનું લક્ષણ તમને કહું છું.[૪૬] જે બ્રાહ્મણ ઈતિહાસ અને પુરાણોનો જ્ઞાતા હોય, તેમજ પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસાનો જાણકાર,ન્યાય અને ધર્મતત્ત્વનો જ્ઞાતા તેમજ

परावरविभागज्ञो नीतिज्ञः स्मृतिमांस्तथा । प्रमाणैर्धर्मकामार्थमोक्षाणां कृतनिश्चयः ॥४८॥
भूगोलतत्त्ववित्सन्धिविग्रहादिविभागवित् । उत्तरोत्तरवक्ता च वदतोऽपि बृहस्पतेः ॥४९॥
ऐक्ये संयोगनानात्वे समवाये विशारदः । पञ्चावयववाक्यस्य निष्णातो गुणदोषयोः ॥५०॥
साङ्ख्ये योगे च गान्धर्वशास्त्रे युद्धक्रियास्वपि । निष्णातो यो धनुर्वेदे स राज्ञोऽध्यापको भवेत् ॥५१
एवंविधात्तु विदुषो राजाऽधीयीत यत्नतः । धनुर्वेदं नीतिशास्त्रं शास्त्राण्यन्यान्यपि स्वयम् ॥५२॥
हस्त्यश्वरथसूत्राणि यन्त्रसूत्रं च सर्वशः । प्रयोगं सोपसंहारमस्त्राणां च यथाविधि ॥५३॥
अध्यापकं बहुविधैर्वसनैश्च रत्नैर्यानैः सदाभरणरौप्यकमुद्रिकाभिः ।
नानाविधोपकरणै रुचिरैश्च हैमैः सम्प्रीणयेद्विज ! नृपः शुभवेश्मना च ॥५४॥

---

શિક્ષા આદિક વેદનાં છ અંગોનો પણ જ્ઞાતા અને તે સર્વનો વક્તા હોય,તેમજ પ્રતિભાશાળી,બુદ્ધિમાન,ક્રાંતદર્શી, પર અને અવરના વિભાગનો જ્ઞાતા, નીતિશાસ્ત્રનો ભણેલો, પૂર્વાપરનું અનુસંધાન રાખનારો,શાસ્ત્રોનાં પ્રમાણિત વચનોથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો નિર્ણય આપનારો, ભૂગોળના તત્ત્વને જાણનારો, સંધિ અને વિગ્રહ આદિક વિભાગનો જ્ઞાતા, પોતાની આગળ કોઈ પણ કાંઈ બોલે તેને તેમનાં વચન ઉપર વચન બોલી બૃહસ્પતિની જેમ ઉત્તરો આપનારો, અવાન્તર વાક્યોને મહાવાક્યની સાથે જોડવારૂપ ઐક્યભાવમાં તથા એક વાક્યના બે અર્થ નીકળતા હોય તેવા પ્રસંગે સંયોગાનુસાર અર્થોનું પૃથક્કરણ કરવામાં અને એક કાર્યમાં અનેક ધર્મોના થતા સન્નિપાતરૂપ સમવાયનું નિરૂપણ કરવામાં નિપુણ હોય. તથા પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનયન અને નિગમન, આ પાંચ અવયવવાક્યના ગુણ અને દોષને જાણવામાં નિષ્ણાંત હોય, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, ગાંધર્વશાસ્ત્ર, યુદ્ધની ક્રિયા અને ધનુર્વેદમાં પણ જે બ્રાહ્મણ નિષ્ણાંત હોય એવાં ઉપરોક્ત સર્વે લક્ષણોએ સંપન્ન હોય તેવો બ્રાહ્મણ રાજાના અધ્યાપક તરીકે નિયુક્ત થઈ શકે.[૪૭-૫૧]

હે વિપ્ર ! આવા પ્રકારના વિદ્વાન પાસેથી સ્વયં રાજાએ ધનુર્વેદ, નીતિશાસ્ત્ર અને અન્ય શાસ્ત્રો પણ પ્રયત્નપૂર્વક ભણવાં.[૫૨]હાથી,ઘોડા અને રથનાં લક્ષણોનું પ્રતિપાદન કરનારા સૂત્રરૂપી ગ્રંથોનો પણ અભ્યાસ કરવો. તેમજ અગ્ન્યાસ્ત્ર આદિક શસ્ત્રોના વિધિપૂર્વક ઉપસંહારના મંત્રોએ સહિત પ્રયોગમંત્રોનો પણ અભ્યાસ કરવો.[૫૩]હે વિપ્ર ! રાજાએ બહુ પ્રકારનાં વસ્ત્રો,રત્નો,વાહનો,સારાં આભૂષણો, રૂપાની મુદ્રાઓ,સુવર્ણનાં સુંદર અનેક વિધ ઉપકરણોથી શોભતા ઘરના દાનથી અધ્યાપક બ્રાહ્મણને સારી રીતે પ્રસન્ન કરવો.[૫૪]

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे राजधर्मेषु चतुर्दशदोषादिनिरूपणनामा त्रयोविंशोऽध्यायः ॥२३॥*

---

चतुर्विंशोऽध्यायः - २४

श्रीनारायणमुनिरुवाच :-

धर्मो यशस्करो राज्ञं धर्मः स्वर्गप्रदस्तथा । धर्मेणैव जयेच्छत्रूंस्ततो धर्मरतो भवेत् ॥१॥
चित्तं देश उपाध्याश्च सहायाः कालकर्मणी । षड्वर्गोऽयं राजनीत्या भवेत्तद्धर्ममाचरेत् ॥२॥
धर्मकामार्थमोक्षाणां विद्या विद्याच्च पार्थिवः । त्रयीं वार्तां दण्डनीतिं तुर्यामान्वीक्षिकीं तथा ॥३॥
उपायांश्चतुरः साम भेदं दानं च निग्रहम् । यथोचितं प्रयुञ्जीत पञ्चमं चाप्युपेक्षणम् ॥४॥

---

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતા ભગવાન શ્રીહરિએ રાજાઓના ધર્મમાં ચૌદ દોષો અને સંધિઆદિકનું નિરૂપણ કર્યું,એ નામે ત્રેવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૩--**

---

## અધ્યાય - ૨૪

## રાજ્યધર્મોમાં છ વર્ગાદિકનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! ધર્મ છે તે રાજાઓને યશ અને સ્વર્ગ અપાવે છે. શત્રુઓ પણ ધર્મથી જ જીતાય છે. તેથી રાજાએ સ્વધર્મમાં પ્રીતિવાળા થવું.[૧] લોકમાનસ, દેશ, પોતાના જીવનના ઉપાયો, મંત્રી આદિક સહાયકો, સત્યયુગાદિ કાળ અને કર્મ, આ છ વર્ગ છે,તે રાજાની રાજનીતિ અનુસારે પ્રવર્તે છે. તેથી જ રાજાએ ધર્મને અનુસરવું. જો રાજા ધર્મનિષ્ઠ હોય તો અધર્મી જનોના ચિત્તમાં પણ ધર્મ પ્રવર્તવા લાગે છે. ખરાબ દેશ પણ સારા તરીકે પ્રસિદ્ધિને પામે છે. તેથી રાજાના ઉપાયો ધર્મને અનુરૂપ હોવા જોઈએ.[૨] રાજાએ ઋગ્, યજુ અને સામ આ ત્રણ વેદ, ખેતી, વેપાર, પશુ પાલનરૂપ વાર્તા, અર્થ, યોગ અને ક્ષેમને ઉપયોગી દંડનીતિ, તથા આત્મવિદ્યા, આ ચાર વિદ્યાને ભણવી. આ વિદ્યા અનુક્રમે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આપે છે.[૩] રાજાએ સામ-મીઠું બોલી સમજાવવું, ભેદ-પરસ્પર વેર ઉત્પન્ન કરાવી ભેદ પાડવો,દાન-સુવર્ણાદિ ધન

हीनमध्योत्तमान्सन्धीन्भीसत्कारधनग्रहैः । विद्यादर्थजयं धर्म्यं जयं चासुरमित्यपि ॥५॥
रथा नागा हयाः पद्मा विष्टिर्नाविश्चरास्तथा । देशिकाश्चेति जानीयात्प्रकाशं दण्डमष्टधा ॥६॥
वस्त्रे चान्ने परकृतं विषयोगं च लक्षणैः । जानीयादभिचारं च दण्डमप्रकटं त्रिधा ॥७॥
ग्रहनक्षत्राध्वगुणान्विद्याद्भूमिगुणान्नृपः । मन्त्रयन्त्रादिना चात्मरक्षणं युद्धकौशलम् ॥८॥
गारुडं माकरं क्रौञ्चं चक्रं सूचीमुखं महत् । वज्रं च सर्वतोभद्रमर्धचन्द्रं च शाकटम् ॥९॥
शृङ्गाटकादीनि तथा विद्याद् व्यूहानि सर्वशः । सञ्चारयेत्स्वसैन्यानि तथैव च नृपोत्तमः ॥१०॥

**આપવું, અને નિગ્રહ- દંડ અર્થાત્ મૃત્યુ સુધીનો પણ અપકાર કરવો.આ ચાર ઉપાયો અને પાંચમો ઉપાય ઉપેક્ષણ પણ જરૂર પડ્યે અમલમાં મૂકવો.[૪] તેમજ શત્રુના ભયથી તેમની સાથે કરવામાં આવતી સંધિ હીન કહેલી છે.શત્રુના સત્કારથી પ્રભાવિત થઈ કરવામાં આવતી સંધિ મધ્યમ કહેલી છે.અને શત્રુએ આપેલા ધનના ગ્રહણથી કરવામાં આવતી સંધિ ઉત્તમ કહેલી છે. તથા વિજય પણ અર્થજય,ધર્મજય અને આસુરજય, એમ ત્રણ પ્રકારનો જાણવો, તેમાં પર સેનાના સેનાપતિ આદિકને ધન આપીને પોતાનો વિજય મેળવવો તે અર્થજય જાણવો,નિયમપૂર્વકના યથાર્થ યુદ્ધથી વિજય મેળવવો તે ધર્મજય છે અને શત્રુ જાણે નહિ એવી છાની તેના ઉપર વાર કરીને તેનો પરાજય કરવો તે આસુર વિજય કહેલો છે. તે અતિશય નિંદનીય છે.[૫]**

**રથ, હાથી, ઘોડા, પદાતિ, અલ્પ મૂલ્ય લઈને ભાર આદિકનું એક ગામથી બીજે પરિવહન કરી આપવું.બળપ્રયોગ કે ભય પ્રદર્શનાદિકથી નાવિકો દ્વારા સૈન્યને માટે નાવ ચલાવવી,જાસુદ કે હમેલીયા તથા સૈનિકોને પ્રશિક્ષણ આપનારા શિક્ષકો. આ આઠ પ્રકારની રાજાની સેના કહેલી છે. તેને પ્રત્યક્ષદંડ પણ કહેવાય છે.[૬] વસ્ત્રમાં તથા અન્નમાં બીજાએ કરેલો વિષપ્રયોગ, તેમજ મેલામંત્રોથી અભિચારનો પ્રયોગ, આ ત્રણ પ્રકારની અપ્રગટ સેના, (પરોક્ષદંડ) કહેલ છે. તેને લક્ષણોથી જાણી રાખવી.[૭] રાજાએ સૂર્યાદિ ગ્રહો, નક્ષત્રો અને માર્ગો તથા તેમનાં લક્ષણો જાણી રાખવાં, તેમજ ભૂમિના ચોર્યાસી ગુણો પણ જાણી રાખવા. મંત્ર-યંત્રાદિકથી પોતાનું રક્ષણ અને યુદ્ધનું કૌશલ્ય પણ જાણી રાખવું.[૮] યુદ્ધના અનેક પ્રકારના વ્યૂહ પણ જાણી રાખવા,જેવા કે ગરૂડાકૃતિ વ્યૂહ, મકરાકૃતિ, કૌંચપક્ષ્યાકૃતિ, ચક્ર,સુચીમુખ, મહદ્, વજ્રાકૃતિ, સર્વતોભદ્રમંડલાકૃતિ, અર્ધચંદ્રાકાર, શકટાકાર અને શૃંગાટક વ્યૂહ, આ સમગ્ર વ્યૂહોની વિદ્યા રાજાએ**

नृनागवाजिनां पुष्टियोगान्विद्याच्च शास्त्रतः । रथनिर्माणादि शिल्पं विद्याच्चायुद्धलक्षणम् ॥११॥
उत्पातादिगुणान्सैन्यप्रोत्साहनपरीक्षणे । शत्रुं मित्रमुदासीनं विद्याद्दूतांश्च लक्षणैः ॥१२॥
खलोन्मूलनरीतिं च प्रयोगं चास्त्रशस्त्रयोः । देशग्रामकुलानां च धर्मान्विद्याच्च वैदिकान् ॥१३॥
तथा राज्ञां द्वादशानां विद्यान्मण्डलसंस्थितिम् । अपराधोचितं दण्डं जानीयाद्धर्मशास्त्रतः ॥१४॥
धनुर्वेदं नीतिशास्त्रं चाधीत्य नृपतिः सुधीः । एवमादि विदित्वाऽरीन् जित्वा धर्मं विवर्धयेत् ॥१५
साम्ना दानेन भेदेन स्वबुद्ध्या वशयेद्रिपून् । कालेनाप्यतिदीर्घेण सद्यो युद्धं तु नाचरेत् ॥१६॥
वशीभवेयुश्चेन्नैव त्रिभिः सामादिभिर्द्विषः । तदा युद्धं प्रकुर्वीत राजा धर्मेण निर्भयः ॥१७॥
यदि युद्धे मृताः स्युस्ते तद्राज्यं तर्हि धार्मिकः । वशीकृतेभ्यो नृपतिस्तत्पुत्रेभ्योऽर्पयेत्स्वयम् ॥१८
युक्त्या बुद्धिबलेनापि गृहीताः शत्रवो यदि । युद्धे तदा तानानीय स्थापयेद्बन्धनालये ॥१९॥

---

જાણી રાખવી. તેમજ રાજાએ શત્રુને સતત ભય ઉપજાવતા રહેવું આવા અનેક પ્રકારના વ્યૂહોની કવાયત કર્યા કરવી.[૯-૧૦] મનુષ્યો, હાથી અને ઘોડાના પોષણના ઉપાયો શાસ્ત્રથકી જાણવા.રથ-નિર્માણ આદિકનું શિલ્પ તથા આયુધોનાં લક્ષણો પણ શાસ્ત્ર થકી જાણી રાંખવાં.[૧૧] ઉત્પાત આદિક ગુણોને તથા સૈન્યના પ્રોત્સાહન અને પરીક્ષણને તથા શત્રુ, મિત્ર અને ઉદાસીન તેમજ દૂતને પણ લક્ષણોથી જાણી રાખવા.[૧૨]

રાજાએ ખડજનોના વિનાશની રીત, અસ્ત્ર અને શસ્ત્રના પ્રયોગની રીત પણ જાણવી, તેમજ ગામ, દેશ અને કુળના ધર્મો અને વૈદિક ધર્મો પણ જાણવા.[૧૩] તથા બાર રાજાઓની અરિ, મિત્ર, ઉદાસીન આદિક મંડળસંસ્થિતિ પણ જાણવી, તેમજ અપરાધને અનુરૂપ દંડ નીતિ ધર્મશાસ્ત્ર થકી જાણવી.[૧૪] બુદ્ધિમાન રાજાએ ધનુર્વેદ અને નીતિશાસ્ત્રનો અભ્યાસ કરી પૂર્વોક્ત સર્વે બાબત જાણીને શત્રુ ઉપર વિજય મેળવવો અને ધર્મની વૃદ્ધિ કરવી.[૧૫] રાજાએ પોતાના બુદ્ધિ બળથી શત્રુને સમજાવી, દાન આપી અને ભેદ દેખાડી, અતિશય લાંબા સમયે પણ પોતાને વશ કરવો, પરંતુ ચોથો યુદ્ધનો ઉપાય તત્કાળ ઉપયોગમાં ન લેવો. કારણ કે યુદ્ધ તો કોઈ અન્ય ગતિ ન હોય ત્યારે જ કરવું.[૧૬] જો શત્રુઓ શામ આદિક ત્રણ ઉપાયોથી વશ ન થાય તો જ રાજાએ નિર્ભય થઈને યુદ્ધ કરવું.[૧૭] જો શત્રુઓ યુદ્ધમાં મરાય તો ધાર્મિક રાજાએ તે શત્રુઓના રાજ્યને પોતાના વશમાં કરી લીધેલા તેઓના પુત્રોને જ પરત સ્વયં જાતે સોંપી દેવું.[૧૮] અને જો શત્રુઓને યુદ્ધમાં યુક્તિથી કે બુદ્ધિબળે પકડી લેવાયા હોય, તો તેઓને લાવી પોતાના કેદખાને રાખવા, ને

दद्यात्तेभ्योऽन्नवस्त्राणि यावज्जीवं नृपोत्तमः । शत्रवोऽप्यतिरिच्यन्ते गोभ्यो बन्दीकृता यतः ॥२०॥
निगृहीतान् घातयति क्रूरकर्मा नृपस्तु यः । स ब्रह्महत्यादिमहापातकैर्युज्यते किल ॥२१॥
यस्तु राजा बुद्धिहीनः सामादींस्त्रीन्विहाय च । नित्यं युद्धपरस्तस्य क्षीयन्ते सन्नरादयः ॥२२॥
कोशश्च नाशमायाति जायते दैन्यभाक् ततः । स्तेयवृत्तिस्ततो नश्येत्तन्न कुर्वीत साहसम् ॥२३॥
स्ववित्तस्य तृतीयांशं जीवनाय प्रकल्पयेत् । भागद्वयं तु धर्मार्थमनित्यं जीवितं यतः ॥२४॥
धर्मेण पालयेद्राजा प्रजाः शीलेन रञ्जयन् । अदण्ड्यान्दण्डयेन्नैव दण्डार्हान्दण्डयेज्जनान् ॥२५॥
अनयाः सम्प्रवर्तेरन्भवेद्वै वर्णसङ्करः । दुर्भिक्षमाविशेद्राष्ट्रं यदि राजा न पालयेत् ॥२६॥
असंरक्षन्प्रजा राजा यो गृह्णाति करं निजम् । प्रजानां शमलं भुङ्क्ते स्वपुण्यं च जहाति सः ॥२७॥
आददीत करं राजा प्रजाभ्यो धर्मदर्शनः । षष्ठं भागं सदा प्राज्ञस्तासामेवाभिगुप्तये ॥२८॥

---

ઉત્તમરાજાએ તેઓને જીવંત પર્યંત અન્ન, વસ્ત્રો આપીને જીવાડવા,કારણ કે કેદખાનામાં પૂરેલા શત્રુઓ ગાયો કરતાં પણ અધિક દયાને પાત્ર છે.[૧૯-૨૦] ક્રૂર કર્મવાળો જે રાજા પકડેલા શત્રુઓનો ઘાત કરે છે, તે રાજા બ્રહ્મહત્યા જેવા મહાપાપને પામે છે. તે પૂર્ણ સત્ય વાત છે.[૨૧]

બુદ્ધિહીન જે રાજા સામ આદિક ઉપાયોને છોડીને નિત્ય યુદ્ધ પરાયણ થાય છે, તેમના સારા સારા રાજકીય પુરુષો, હાથી, ઘોડા, પદાતિ આદિ સૈન્યનો રસાલો અને ધનકોશ ધીરે ધીરે નાશ પામે છે. તેથી રાજા પણ દુર્દશાને પામે છે. તેથી સામ આદિક ઉપાયો કર્યા વિના પહેલાં યુદ્ધનો પ્રયોગ ન કરવો.[૨૨-૨૩] રાજાએ પોતાના ધનનો ત્રીજો ભાગ પોતાના જીવન માટે રાખવો, અને બે ભાગ ધર્મ કાર્ય માટે રાખવા. કારણ કે જીવન નાશવંત છે.[૨૪] રાજાએ પોતાના શીલ વર્તનથી પ્રજાને રંજન કરતાં તેમનું પાલન પોષણ કરવું.અદંડ્ય એવા બ્રાહ્મણાદિકને ક્યારેય દંડ ન આપવો,અને પોતાના ધર્મથી ચલિત થયેલા એવા દંડવા યોગ્ય જનોને જરૂર દંડ આપવો.[૨૫] જો રાજા પ્રજાનું ધર્મથી પાલન ન કરે તો અન્ય માર્ગે વળી ગયેલી પ્રજા વણસંકર થાય છે.તથા દેશમાં દુષ્કાળ પડે છે.[૨૬] જે રાજા પ્રજાનું રક્ષણ કરતો નથી ને પોતાનો કર ઉઘરાવ્યા રાખે છે, તે રાજા પ્રજાનું પાપ ભોગવે છે. ને પોતાના પુણ્યનો વિનાશ નોતરે છે.[૨૭] ધર્મદર્શી બુદ્ધિમાન રાજાએ પ્રજાના રક્ષણ માટે જ તેમની પાસેથી છઠ્ઠા ભાગનો કર હમેશાં ગ્રહણ કરવો.[૨૮] રાજાએ પહેલાં પોતાના મનને જીતવું ને પછી જ શત્રુઓને જીતવા,કારણ કે જીતેન્દ્રિય રાજા જ શત્રુઓને પોતાને વશ કરી શકે છે.[૨૯] રાજાએ વેદ અને વેદાંતના જ્ઞાતા સારા

मनो जेयं पुरा राज्ञा ततो जेयाश्च शत्रवः । जितेन्द्रियो हि नृपतिर्बाधितुं शक्नुयादरीन् ॥२९॥
वेदवेदाङ्गवित्सम्यङ् नीतिज्ञो विष्णुभक्तिमान् । दानशीलो यज्ञशीलस्तपस्वी च भवेन्नृपः ॥३०॥
कृतकार्यान्परिजनान्धनैर्वस्त्रैश्च पूजयेत् । गुप्तं प्रजाः पीडयतोऽमात्यादींश्च नियन्त्रयेत् ॥३१॥
प्रवर्तयेन्नृपो धर्मं यं तं लोकोऽनुवर्तयेत् । न कालस्य बलं राज्ञि राजा कालस्य कारणम् ॥३२॥
कृतं त्रेता द्वापरं च कलिश्चेति युगानि यत् । राजवत्तानि वर्तेयू राजैव युगमुच्यते ॥३३॥
राजमूला इह प्रोक्ता योगक्षेमसुवृष्टयः । प्रजासु व्याधयश्चैव मरणं च भयानि च ॥३४॥
यदह्ना कुरुते पापमरक्षन्भयतः प्रजाः । राजा वर्षसहस्रं तत्फलं भुङ्क्ते यमालये ॥३५॥
यदह्ना कुरुते धर्मं प्रजा धर्मेण पालयन् । दशवर्षसहस्राणि तस्य भुङ्क्ते फलं दिवि ॥३६॥
यं हि धर्मं चरन्तीह प्रजा राज्ञा सुरक्षिताः । चतुर्थं तस्य भागं राजा स विन्दते ॥३७॥

---

નીતિવાન વિષ્ણુભક્ત,દાનશીલ,યજ્ઞશીલ અને તપસ્વી થવું.[૩૦]

રાજાએ રૂડી રીતે રાજકાર્યને સંપાદન કરતા રાજસેવકોને ધન અને વસ્ત્ર અર્પણ કરી પૂજવા.છૂપી રીતે પ્રજાને પીડતા મંત્રીઓનું રાજાએ નિયમન કરવું.[૩૧]રાજા જો ધર્મનું પ્રવર્તન કરે છે તો પ્રજા તેનું અનુકરણ કરે છે.તમે કહેશો કે કાળના ચક્ર સાથે ચાલતા ધર્મને છોડીને પ્રજા,રાજાએ પ્રવર્તાવેલા ધર્મને કેવી રીતે અનુસરી શકે ? તેમાં કહીએ છીએ કે રાજા ઉપર કાળનું બળ ચાલતું નથી. પરંતુ રાજા એ કાળનું કારણ સિદ્ધ થાય છે.[૩૨]કારણ કે સત્ય,ત્રેતા,દ્વાપર અને કળિયુગ વિગેરે યુગો રાજાને અનુસરીને વર્તે છે.એથી રાજા જ યુગ કહેવાય છે.[૩૩]આલોકમાં પ્રજાને વિષે યોગ,ક્ષેમ, સુવૃષ્ટિ,વ્યાધિ,મરણ,ચોરાદિકનો ભય વગેરે રાજાની રાજનીતિને આશરે પ્રવર્તેલ હોય છે.તેથી રાજાએ ધર્મનું પ્રવર્તન કરવા પૂર્વક જ પ્રજાનું રક્ષણ કરવું.[૩૪]રાજા ભય થકી પ્રજાનું રક્ષણ કરતો નથી તે રાજા પ્રજાએ એક દિવસમાં કરેલાં પાપનું ફળ યમપુરીમાં એક હજાર વર્ષ પર્યંત ભોગવે છે.[૩૫]અને જો રાજા ધર્મથી પ્રજાનું પાલન કરે છે, તો પ્રજાએ એક દિવસમાં કરેલા ધર્મનું પૂણ્યફળ સ્વર્ગમાં દશહજાર વર્ષ પર્યંત રાજા ભોગવે છે.[૩૬]કારણ કે આ લોકમાં રાજા જો પ્રજાનું રક્ષણ કરે છે.તો પ્રજાએ પાલન કરેલા ધર્મના પુણ્યનો ચોથો ભાગ રાજાને પ્રાપ્ત થાય છે.[૩૭] ચોર લોકો દ્વારા ચોરાયેલું અને તેથી જ ફરી કોઈ ઉપાયે પાછું પ્રાપ્ત નહીં થનારૂં પોતાના સેવક જનોનું ધન રાજાએ પોતાના ખજાનામાંથી તેઓને આપવું,[૩૮]રાજાનું હિત ઈચ્છતો મનુષ્ય નાશ પામી રહેલા ખજાના વિષે રાજાને સાવચેત કરે, તો તેમનું વચન રાજાએ એકાંતમાં સાંભળવું ને

प्रत्याहर्तुमशक्यं यद्धनं चोरैर्हृतं नृणाम् । तत्स्वकोशात्प्रदातव्यं नृपेणैवोपजीविनाम् ॥३८॥
यो राजकोषं नश्यन्तमाचक्षीत हितेच्छया । श्रोतव्यं तस्य च रहो रक्ष्यश्चामात्यतोऽपि सः ॥३९॥
प्राज्ञान्मेधाविनो दान्तान्दक्षान् शूरान्बहुश्रुतान् । कुलीनान्सत्यसम्पन्नान्मानयेत्सर्वकर्मसु ॥४०॥
कृपणानाथवृद्धानां विधवानां च योषिताम् । योगक्षेमं च वृत्तिं च राजा नित्यं प्रकल्पयेत् ॥४१॥
आश्रमेषु ब्रह्मविदां चैलभाजनभोजनम् । सदैवोपाहरेद्राजा सत्कृत्याभ्यर्च्य निश्छलः ॥४२॥
आत्मानं सर्वकार्याणि राष्ट्रं चापि तपस्विने । निवेदयेत्प्रयत्नेन तिष्ठेत्प्रह्वश्च सर्वदा ॥४३॥
तस्मिन् कुर्वीत विश्वासं राजा कस्याञ्चिदापदि । तापसेषु हि विश्वासमपि कुर्वन्ति दस्यवः ॥४४॥
ग्रामस्याधिपतिं कुर्याद्दशानां च ततः परम् । ग्रामाणां च शतस्यैकं सहस्रस्य च सर्वशः ॥४५॥
एतत्क्रमेण सर्वस्य कुर्याद्राष्ट्रस्य रक्षणम् । यथा जना न सीदेयुस्तथा कुर्यादतन्द्रितः ॥४६॥

---

તે સેવકની પોતાના મંત્રીઓ થકી પણ વિશેષપણે રક્ષા કરવી.[૩૯]રાજાએ બુદ્ધિશાળી, પ્રતિભાશાળી, ઈન્દ્રિયોનું દમન કરનાર, ક્રિયા કરવામાં વિચક્ષણ, શૂરવીર, બહુશ્રુત, કુલીન અને સત્યસંપન્ન પુરુષોને સર્વ કાર્યમાં માન આપવું અને તેને પૂછીને સર્વે કાર્યો કરવાં.[૪૦]ગરીબ,અનાથ અને વૃદ્ધ તથા વિધવા સ્ત્રીઓના યોગક્ષેમની અને આજીવિકાની હમેશાં રાજાએ રચના કરી આપવી.[૪૧]

રાજાએ નિષ્કપટ ભાવે બ્રાહ્મણોનું આશ્રમમાં જઈ સન્માન કરી પૂજન કરવું, ને વસ્ત્રો, ભોજનપાત્રો અને અન્ન આદિક પદાર્થો તેમને હમેશાં મોકલવાં.[૪૨]રાજાએ પોતાના કાર્યોની વાત અને રાષ્ટ્ર સંબંધી વાત તપોનિષ્ઠ મુનિજનોની આગળ નિવેદન કરવી,ને સદાય વિનયયુક્ત વર્તન કરવું.[૪૩] રાજાએ કોઈ પણ આપત્કાળમાં તપસ્વી પુરુષો ઉપર વિશ્વાસ કરવો.કારણ કે ચોર લોકો પણ તપસ્વીઓમાં વિશ્વાસ કરે છે.[૪૪] રાજાએ એક ગામનો એક અધિપતિ નીમવો. તેવા દશ ગામના અધિપતિઓ ઉપર એક અધિપતિ નીમવો. તેવા દશ ઉપર બીજો એક અધિપતિ નીમવો. તેવા હજાર ગામ ઉપર વળી એક અધિપતિ નીમવો, પછી સર્વ ગામો ઉપરનો એક અધિપતિ નીમવો.[૪૫] આ પ્રમાણેના ક્રમથી સર્વ રાષ્ટ્રનું રક્ષણ કરવું.જે પ્રકારે રાષ્ટ્રની પ્રજા દુઃખી ન થાય તે રીતે આળસ છોડીને રાજાએ કાર્ય કરવાં.[૪૬]વળી રાજાએ તે જ રીતે વણિકોનો વેપાર અને શિલ્પીઓનું શિલ્પીકામ જોઈને તેમ જ તેઓના ખર્ચ અને નિર્વાહને જોઈને કર નાખવો.[૪૭] રાજાએ અન્ય કોઈનું પણ વચન સાંભળી તત્કાળ કોઈ કાર્ય ન કરવું. તેના સત્ય અસત્યપણાનો વિચાર કરી પછી નિર્ણય પૂર્વકનું યથાયોગ્ય રીત પ્રમાણે કાર્ય કરવું. જો વિચાર્યા

तथैव वणिजां वृत्तिं शिल्पं चावेक्ष्य शिल्पिनाम् । तेषां व्ययं च निर्वाहं दृष्ट्वा कुर्यात्करान्नृपः ॥४७
श्रुत्वान्यस्य वचः सद्यः कुर्यात् किञ्चिन्न भूपतिः । विचार्य निश्चयं कृत्वा ततः कुर्याद्यथोचितम् ॥४८
लभ्यते खलु पापीयान्नरः सुप्रियवागिह । अप्रियस्य हि पथ्यस्य वक्ता श्रोता च दुर्लभः ॥४९॥
यस्तु धर्मपरो नित्यं हित्वा भर्तुः प्रियाप्रिये । अप्रियाण्याह पथ्यानि तेन राजा सहायवान् ॥५०॥
स्वस्याहितं येन भवेच्च तादृक् प्रियं वदेद्यः पुरुषो वचश्च ।
ज्ञातेरपि स्वस्य न तस्य तत्तु नृपः सुबुद्धः शृणुयाद् द्विजेन्द्र ! ॥५१॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे षड्वर्गादिनिरूपणनामा चतुर्विंशोऽध्यायः ॥२४॥*

---

વિના તત્કાળ કાર્ય કરે તો મહા અનર્થની આપત્તિ આવી પડે છે.[૪૮]

આલોકમાં રાજાને કેવળ મીઠું બોલનારા પાપી મનુષ્યો મળે છે.અને તેવાની કાંઈ ખોટ નથી.પરંતુ સાંભળવા સમયે અપ્રિય લાગતી છતાં પરિણામમાં અતિ હિતકારી વાણી બોલનારા વક્તા દુર્લભ હોય છે.અને તેવા હિતકારી કઠોર વચનો સાંભળવાવાળા શ્રોતાઓ પણ બહુ દુર્લભ હોય છે.[૪૯]જે પુરુષો હમેશાં ધર્મ પરાયણ રહી પોતાના માલિક રાજાને પ્રિય લાગશે કે અપ્રિય લાગશે ? તેનો વિચાર કર્યા વિના અપ્રિય પરંતુ હિતકારી જે વચનો હોય તેજ બોલે છે. આવા પુરુષોને જ રાજાના સાચા સહાયક જાણવા.પરંતુ કેવળ પ્રિય વાણી બોલનારાને નહિ.[૫૦] હે વિપ્ર શ્રેષ્ઠ ! જે વચનથી પોતાનું અહિત થાય તેવું પ્રિય વચન જે પુરુષ બોલે છે, તે પોતાની જ્ઞાતિનો હોય કે સંબંધીનો હોય છતાં તેમનું વચન સદ્‌બુદ્ધિવાળા રાજાએ સાંભળવું નહિ.[૫૧]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ રાજધર્મોમાં છ વર્ગાદિકનું નિરૂપણ કર્યું,એ નામે ચોવિસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૪--***

---

पञ्चविंशोऽध्यायः - २५

श्रीनारायणमुनिरुवाच :-

रूपवर्णस्वरोपेतस्तितिक्षुरनसूयकः । कुलीनः स्मृतिमान् धीमान्नीतिज्ञश्चानृशंस्यवान् ॥१॥
मानितोऽमानितो वापि न च दूष्येत्कदाचन । शूरो विद्वान् हितैषी यः कार्यो मन्त्री स भूभुजा ॥२॥
कुलीनाः शीलसम्पन्ना इङ्गितज्ञा अनिष्ठुराः । देशकालविधानज्ञां शूरा धीरा हितैषिणः ॥३॥
ज्ञानविज्ञानसम्पन्नाः प्रकृतिज्ञाः परात्मनाम् । सत्यनिष्ठाश्च सन्तुष्टा ये ते कार्याः सुहृज्जनाः ॥४॥
सहायाः साधनोपाया विभागो देशकालयोः । विनिपातप्रतीकारः कार्यसिद्धिश्च पञ्चमी ॥५॥
पञ्चाङ्गानीति मन्त्रस्य विद्याद्वै राजकर्मसु । मन्त्रसंवरणं राज्ञा कर्तव्यं च प्रयत्नतः ॥६॥
अल्पप्रज्ञैर्दीर्घसूत्रैरलसैरबलैः सह । मन्त्रं न कुर्यान्नृपतिर्निद्रां तन्द्रां जयेत्तथा ॥७॥

# અધ્યાય - ૨૫
## રાજધર્મોમાં મંત્રી આદિકનું નિરૂપણ.

**યોગ્ય મંત્રીનાં લક્ષણ :-** ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! રૂપ, વર્ણ અને શબ્દથી યુક્ત,ક્ષમાવાન, અસૂયા રહિતના,સત્કુળમાં જન્મેલા,પૂર્વાપરના અનુસંધાન વાળી સ્મરણ શક્તિ ધરાવતા બુદ્ધિમાન,નીતિમાન,અક્રૂર સ્વભાવના,સત્કાર પામેલા,કોઈના દોષનું દર્શન નહિ કરનારા,શૂરવીર,વિદ્વાન અને સર્વથા રાજાના હિતેચ્છુ,આવા અનેક ગુણોથી યુક્ત પુરુષને રાજાએ પોતાનો મંત્રી બનાવવો.[૧-૨]

**યોગ્ય સુહૃદજનનાં લક્ષણો :-** સુહૃદજન કોને જાણવા ? તે કહું છું. સત્કુળમાં જન્મેલા,શીલસંપન્ન,ઈંગિતજ્ઞ-મુખનો હાવભાવ જોવા માત્રથી પરના અભિપ્રાયને જાણનારા,નિષ્ઠુર સ્વભાવ રહિત,કયા દેશમાં અને કયા કાળમાં શું કરવું, તેમના વિધિને જાણતા,શૂરવીર,ધીરજશાળી,હિતેચ્છુ સ્વભાવના,જ્ઞાન-વિજ્ઞાન સંપન્ન,પોતાના અને પારકા સ્વભાવને જાણી જનારા,સત્ય નિષ્ઠ અને સંતુષ્ઠ,આવા અનેક ગુણોથી યુક્ત જે પુરુષો હોય તેમને પોતાના સુહૃદ જનોમાં સ્થાપવા.[૩-૪]

**મંત્રણાનાં પાંચ અંગો :-** મદદ કરનાર મંત્રી અને દ્રવ્ય સંપત્તિ આદિ સાધનના ઉપાયો, દેશ અને કાળનો વિભાગ, અને કાર્ય સિદ્ધિમાં કોણ વિરોધી છે તેને જાણવાનો પ્રકાર, અને કાર્ય સિદ્ધિ, આ પાંચ રાજકાજ કરવા માટેનાં મંત્રણામાં ઉપયોગી પંચ અંગો કહેલાં છે.રાજાએ મંત્રણાનું કામ પ્રયત્નપૂર્વક ગુપ્ત

विद्यामदं धनमदं हित्वा चाभिजनं मदम् । मन्त्रं सङ्गोपयेद्राजा यावत्स्याच्च फलोदयः ॥८॥
प्रासादे गिरिपृष्ठे वा निःशलाके वने रहः । मन्त्रं कुर्यान्महीपालः सम्यङ् नीतिरहोविदा ॥९॥
धन्वभूमिगिरिवृक्षजलमर्त्यमयानि षट् । राज्ञो दुर्गाणि तेष्वेकं नरदुर्गं सुदुस्तरम् ॥१०॥
नित्यमेव दया कार्या चातुर्वर्ण्ये हितैषिणा । सुरक्षिताः प्रजा राज्ञो वर्धयन्ति यशो महत् ॥११॥
मद्यशीला द्यूतकरा धूर्ताः पाषण्डिनो विटाः । कुशीलवाश्चारणाश्च नियन्तव्या नृपेण हि ॥१२॥
धनिनो मानयेद्राजा यतस्ते लोकधारकाः । वनस्पतीन्भक्ष्यफलांश्छेदयेन्नैव कर्हिचित् ॥१३॥
विप्राणां वृत्तिहीनानां कल्पयेज्जीविकां नृपः । आपद्भ्य उद्धरंस्तांश्च न क्वचिद्दुःखमाप्नुयात् ॥१४॥
कृपणानाथवृद्धानामश्रूणि परिमार्जयेत् । हर्षं सञ्जनयन्राजा न सीदत्यापदि क्वचित् ॥१५॥

---

રાખવું.[૫-૬]અલ્પબુદ્ધિવાળા,દીર્ઘસૂત્રી,આળસુ અને બળહીન પુરુષોની સાથે મંત્રણા ન કરવી.નિદ્રા અને આળસને રાજાએ જીતવા,તેમજ વિદ્યાનો,ધનનો અને કુટુંબનો મદ,છોડીને જ્યાં સુધી કાર્ય નિષ્પન્ન ન થાય ત્યાં સુધી મંત્રણાને ગુપ્ત રાખવી.[૭-૮]

રાજાએ મહેલમાં, પર્વતના શીખર ઉપર અથવા તૃણાદિકના આવરણે રહિતના વનમાં અને એકાંત સ્થળમાં નીતિશાસ્ત્રના રહસ્યને જાણતા પુરુષની સાથે રૂડી રીતે મંત્રણા કરવી.[૯]જળ વગરનો રણપ્રદેશ,ભૂમિ,પર્વત,વૃક્ષો,જળની ખાઈ અને મનુષ્યો.આ છ રાજ્યના કિલ્લા કહેલા છે.તેમાં છેલ્લો મનુષ્ય કિલ્લો શત્રુઓને ઉલ્લંઘવો અતિશય કઠિન છે.[૧૦] સકલજનોનું કલ્યાણ ઈચ્છતા રાજાએ ચારે વર્ણના જનો ઉપર નિત્યે દયા કરવી, દયાથી સારી રીતે રક્ષાયેલી પ્રજા રાજાનો યશ વધારે છે.[૧૧] મદ્યપાન કરવાના સ્વભાવવાળા જનો,જુગારી,મનુષ્યોને છેતરનારા,ધૂતારાઓ,પાખંડીઓ, પરાંગનાઓમાં આસક્ત,ખરાબ શીલવાળા તથા નટ અને ચારણ આદિક જનોથી રાજાએ પ્રજાનું રક્ષણ કરવું.[૧૨]રાજાએ ધનવાન જનોને હમેશાં માન આપવું, કારણ કે ધનવાનો લોકધારક હોય છે. રાજાએ ફળોવાળી વનસ્પતિનો ક્યારેય પણ છેદ કરવો નહિ.[૧૩]વળી આજીવિકા રહિતના બ્રાહ્મણોની આજીવિકા કરી આપવી, તે વિપ્રોનો આપત્કાળથી ઉધ્ધાર કરવો, તેમને ક્યારેય પણ દુઃખ આપવું નહિ.[૧૪]

રાજાએ ગરીબ, અનાથ અને વૃદ્ધજનોનાં આંસુ લૂછવાં,તેઓને આનંદ આપનારો રાજા ક્યારેય દુઃખી થતો નથી.આપત્કાળના સમયમાં તો દીર્ઘસૂત્રી ન જ થવું,કારણ કે કરવા યોગ્ય કાર્યનો તત્કાળ નિર્ણય લેનાર રાજા ઈચ્છિત સુખને પામે છે.અને દીર્ઘસૂત્રી રાજા નાશ પામે છે.[૧૬] ગાય અને બ્રાહ્મણનું હિત કરવું,

आपत्काले तु नृपतिर्दीर्घसूत्री भवेन्नहि । लभतेऽर्थं क्षिप्रकारी दीर्घसूत्री विनश्यति ॥१६॥
गोविप्राणां हितं कुर्याद्युध्येच्छूरैश्च तत्कृते । तत्सस्यं नापहर्तव्यं सीरविघ्नं च नाचरेत् ॥१७॥
यच्च यस्योपकरणं येन जीवन्ति कारुकाः । सर्वस्वहरणेऽप्येतन्न राजा हर्तुमर्हति ॥१८॥
आयुधान्यायुधीयानां वाद्यानि बाद्यजीविनाम् । वेश्यानां न हरेद्भूषा वाद्यातोद्यादि तद्विदाम् ॥१९॥
जीविकोपकरणाहृतिर्नृणां शस्त्रघातत इहातिरिच्यते ।
धर्मविन्नरपतिस्तु तां ततो नाचरेत्क्वचन विप्रसत्तमः ॥२०॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे राजधर्मेषु मन्त्र्यादिनिरूपणनामा पञ्चविंशोऽध्यायः ॥२५॥*

---

અને તેઓને માટે શૂરવીરની સાથે પણ યુદ્ધ કરવું,બ્રાહ્મણનું અન્ન હરણ કરવું નહિ,ને તેમની ખેતીમાં વિઘ્ન પણ ન કરવું.[૧૭] જે જનોનું જે આજીવિકાનું સાધન હોય જેમ કે સુથારનો વાંસલો,કરવતી,ખેડૂતનું હળ,દરજીની સોય આદિક જે સાધનવડે પોતાની આજીવિકા ચલાવતા હોય તે મનુષ્યનો સર્વસ્વનું હરણ કરવા જેવો કોઈ મોટો અપરાધ થઈ જાય,છતાં પણ આજીવિકાનાં સાધનો સિવાયનું હરણ કરવું પણ આજીવિકાનાં સાધનો લઈ લેવા નહી.[૧૮]તેમજ આયુધથી જીવતા યોદ્ધાદિકના આયુધનું હરણ ન કરવું.ગાડાં-સાંતી આદિક સાધનોથી જીવતા ખેડૂતોનાં તે સાધનોનું હરણ ન કરવું.વૈશ્યોનાં આભૂષણોનું હરણ ન કરવું. તેમ જ વાજિંત્ર ઊપર જીવતા પુરૂષોનાં વાજિંત્રો પણ સર્વસ્વનું હરણ કરી લેવા જેવો અપરાધ કર્યો હોય છતાં ન હરવાં.[૧૯] હે વિપ્ર ! આલોકમાં મનુષ્યોના આજીવિકાના સાધનોનું હરણ કરવું તે તલવારાદિકના પ્રહાર કરતાં પણ અધિક દોષકારક કહેલું છે. તેથી ધર્મને જાણતા રાજો આજીવિકાનાં સાધનો તો ક્યારેય પણ કોઈનાં હરવાં નહિં.[૨૦]

**આપ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ–જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતા ભગવાન શ્રીહરિએ મંત્રિ આદિકનું નિરૂપણ કર્યું,એ નામે પચ્ચીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૫--**

---

षड्विंशोऽध्यायः - २६

श्रीनारायणमुनिरुवाच :-

श्रुताध्ययनसम्पन्ना धर्मज्ञाः सत्यवादिनः । ह्रीनिषेवास्तथा दान्ता दयार्जवसमन्विताः ॥१॥
शक्ताः कथयितुं सम्यङ्न्यायान्यायौ यथातथम् । राज्ञा सभासदः कार्या रिपौ मित्रे च ये समाः ॥२
सप्राड्विवाकः सामात्यः सब्राह्मणपुरोहितः । ससभ्यो नृपतिः पश्येद्व्यवहारान् यथाविधि ॥३॥
लोकवेदज्ञधर्मज्ञाः सप्त पञ्च त्रयोऽपि वा । यत्रोपविष्टा विप्राः स्युः सा यज्ञसदृशी सभा ॥४॥
चतुष्पाद्व्यवहारोऽयं विवादेषूपदर्शितः । भाषोत्तरक्रियासाध्यसिद्धिभिः क्रमवृत्तिभिः ॥५॥

## અધ્યાય - ૨૬

## રાજ્યધર્મોમાં અઢારપ્રકારના વ્યવહારપદનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે વિપ્ર ! પ્રથમ હું વ્યવહારનો નિર્ણય કરનારા સભાસદોનાં લક્ષણો કહું છું. જે પુરુષો મીમાંસા, વ્યાકરણ આદિક શાસ્ત્રોનું અધ્યયન કરી સંપન્ન થયા હોય, ધર્મશાસ્ત્રના વિશારદ હોય, સત્યવાદી, લજ્જાવાન, ઈન્દ્રિયોનું દમન કરનારા, શાંત સ્વભાવના તથા દયા અને સરળતાના ગુણોથી યુક્ત હોય, ન્યાય અને અન્યાયને યથાર્થ કહેવા સમર્થ હોય તથા શત્રુ અને મિત્ર ઉપર સમાન ભાવવાળા હોય તેવા પુરુષોને રાજાએ સભાસદ તરીકે નિયુક્ત કરવા.[૧-૨] ન્યાયાધીશ, મંત્રી, પુરોહિત, વિદ્વાન તથા સભાના સભ્યોની સાથે રાજાએ આગળ સંભળાવું એવાં વ્યવહારનાં અઢાર પદોનો વિધિપૂર્વક વિચાર વિમર્શ કરવો. (વ્યવહાર એટલે- વિ+ અવ + હાર=વ્યવહાર, વિ- અનેક, અવ- સંદેહ, તેમનું હરણ કરવું તેને વ્યવહાર કહેવાય. અનેક પ્રકારના સંશયોને હરણ કરનારા દાવાઓ અઢાર પ્રકારના છે.).[૩]

હવે સભાનું લક્ષણ કહું છું. લૌકિક અને વૈદિક વ્યવહારને જાણનારા તેમજ ધર્મ શાસ્ત્રના જાણનારા સાત, પાંચ, કે ત્રણ બ્રાહ્મણો જે સભામાં બેઠા હોય તેને પરિષદ કહી છે. તે સભાને યજ્ઞ પરિષદ પણ કહી છે.[૪] તેમાં પ્રથમ વ્યવહારનાં ચાર પાદ કહું છું. સર્વ કોઈ વિવાદોમાં વ્યવહારનાં ચાર પાદ કહેલાં છે. તેમાં અનુક્રમે એક ભાષા, બીજો ઉત્તર, ત્રીજી ક્રિયા અને ચોથી સાધ્યસિદ્ધિ, તે ચારપાદમાં પ્રતિવાદીની સામે જ, તે જે રીતે જણાવ્યું હોય તે સર્વેનું લખાણ કરવું, તેમાં વર્ષ, માસ, પક્ષ, દિવસ, નામ અને જાતિ ઈત્યાદિક પણ સાથે નોંધવાં; આ પ્રમાણે જે કરવું તે પ્રથમનો ભાષા પાદ કહેલો છે. ત્યારપછી વાદીનો સર્વે ભાવાર્થ જેણે

સાંભળ્યો છે એવા પ્રતિવાદીનો ઉત્તર વાદીની સમક્ષ લખી રાખવો, તેને બીજો ઉત્તરપાદ કહેલો છે. ત્રીજો વાદીએ પોતે પ્રતિજ્ઞા કરેલ દાવામાં જે સાધન પુરાવા રૂપે હોય તે તત્કાળ લખાવી દેવો તેને ક્રિયાપાદ કહેવાય છે. જો લખાવેલ અરજી સાક્ષી વગેરે પુરાવાથી સત્ય સાબિત થાય તો અરજી કરનાર વાદીનો જય થાય છે અને સાબિત ન થાય તો પ્રતિવાદીનો જય થાય છે. તેને ''સાધ્યસિદ્ધિ'' નામનો વ્યવહારનો ચોથો પાદ કહેલો છે.[૫]

અહીં રાજધર્મમાં અઢાર પ્રકારનાં વ્યવહાર પદો કહેલાં છે. તેમાં જે વ્યવહારનો વિષય, તેને વ્યવહાર પદ કહેવાય છે. જેમ કોઈ વાદી કહે કે, આ ખેતર મારૂં છે અને પ્રતિવાદી- બીજો તેમનો વિરોધી કહે કે તે ખેતર મારૂં છે. આ રીતે વાદી અને પ્રતિવાદીનો જે વિવાદ તેને વ્યવહારપદ કહે છે. તેના પ્રકાર અઢાર નક્કી કરવામાં આવ્યા છે. તેમાં પ્રથમ

(૧) **ઋણાદાન** :– ઋણ દેનાર અને ઋણ લેનારના વિષયમાં દેવા-લેવાના ધર્મનું ઉલ્લંઘન થાય તેને ઋણાદાન નામનું વિવાદપદ કહેલું છે. તેમાં જે આવું કરજ હોય તે આપવું અને આવું હોય તે ન આપવું, આવા સમયે આપવું, તે આવી રીતે આપવું. આ રીતે ઋણ લેનારની બાબતમાં પાંચ પ્રકાર છે અને ઋણ દેનારની બાબતમાં આપવાનો અને લેવાનો વિધિ એમ બે પ્રકાર છે. બન્ને મળીને કુલ સાત પ્રકારનું ઋણાદાન વ્યવહારપદ છે.

(૨) **નિક્ષેપ** :– જેને ત્યાં પોતાનું દ્રવ્ય વિશ્વાસથી થાપણ તરીકે મૂક્યું હોય ને તે વ્યક્તિ જો ફરી પાછું ન આપે તો તેને નિક્ષેપ નામનું વિવાદપદ કહેલું છે.

(૩) **અસ્વામિવિક્રય** :– થાપણ મૂકેલું, કોઈનું ક્યાંકથી મળેલું કે ચોરીને લાવેલું પારકું દ્રવ્ય તેમના ઋણીને પૂછ્યા વિના બારોબાર વેચી મારવું તે અસ્વામિવિક્રય નામનું વ્યવહારપદ કહેલું છે.

(૪) **સંભૂયસમુત્થાન** :– લાભ માટે પરસ્પર ભાગીદારીમાં મળીને વ્યવહાર કરતા વ્યાપારીઓમાં લાભમાં રહેલા ધનનો વિભાગ કરવા નિમિત્તે જે કલહ થાય તેને સંભૂયસમુત્થાન નામનું વ્યવહારપદ જાણવું.

(૫) **દત્તાનપાકર્મ** :– અયોગ્ય રીતે આપીને ફરીથી પાછું લેવામાં પરસ્પર જે વિવાદ થાય તેને દત્તાનપાકર્મ નામનું વ્યવહારપદ જાણવું.

(૬) **સંવિદ્વ્યતિક્રમ** :– રાજાએ નક્કી કરી આપેલી પાખંડી વૈદિક

व्यवहारपदान्यत्र ज्ञेयान्यष्टादशैव हि । ऋणादानं च निक्षेपस्तथैवास्वाभिविक्रयः ॥६॥
सम्भूय च समुत्थानं दत्तस्यानपकर्म च । संविद्व्यतिक्रमः सीमाविवादः स्तेयसाहसम् ॥७॥

આદિકની મર્યાદાનું ઉલ્લંઘન કરવાથી જે વિવાદ ઊભો થાય તેને સંવિદ વ્યતિક્રમ નામનું વ્યવહારપદ જાણવું.

**(૭) સીમાવિવાદ :–** બે ખેતર કે બે ઘર કે બે ગામ કે બે દેશની પરસ્પર જે સીમા નક્કી થઈ હોય તેનો ઓછા અધિકા ભોગવટાના નિમિત્તમાં જે વિવાદ થાય તેને સીમાવિવાદ નામનું વ્યવહારપદ જાણવું.

**(૮) સ્તેયસાહસ :–** ધણીની ઘેરહાજરીમાં અનેક પ્રકારના ઉપાયોથી ગાફલ, સૂતેલા, મત્ત, અપ્રમત્ત આદિક પાસેથી ઠગીને કે અપહરણ કરીને જે દ્રવ્ય લાવે તેને ચોરીનું સાહસ કહેવાય છે. તેમજ રાજદંડ, જનોનો આક્રોશ, તેને પણ નહિ ગણીને રાજપુરુષ સિવાયના બીજા મનુષ્યોની પાસેથી બળાત્કારે જે કાંઈ પરદ્રવ્યનું હરણ કરવું, તેમને મારવા, તથા પરસ્રીનું ઘર્ષણ કરવું વગેરે સાહસના વિવાદમાં સ્તેયસાહસ નામનું વ્યવહારપદ કહેલું છે.

**(૯) ક્રયવિક્રયાનુશય :–** ઘણા બધા ધનના લાભની ઈચ્છાથી મૂલ્ય આપીને કંઈક વસ્તુ ખરીદી હોય ને પછી ધનહાનિની શંકા જતાં મનમાં જે અનુતાપ થાય તેને ક્રયાનુશય કહેવાય. તેવી જ રીતે બહુ ધનના લાભની ઈચ્છા રાખીને કંઈક વસ્તુ મૂલ્ય લઈને વહેંચી હોય ને પછી ધનહાનિની શંકા જતાં જે વેચનારો મનમાં અનુતાપ કરે, આ બન્ને મળીને એક ક્રયવિક્રયાનુશય નામનો વ્યવહારપદ કહેવાય છે.

**(૧૦) સ્વામિપાલવિવાદ :–** ગાય, ભેંસ વગેરે પશુઓના માલિક અને પગાર લઈને તેમનું પાલન કરનાર ગોવાળ વચ્ચે થતો વિવાદ તથા ઊભા પાકના માલિક અને ગોવાળ વચ્ચે ખેતરમાં ગાયો ભેંસોને ચરાવી હોવાથી થતા વિવાદમાં સ્વામિપાલ વિવાદ નામનું વ્યવહારપદ કહેલું છે.

**(૧૧) અભ્યુપેત્યાશુશ્રૂષા :–** હું તમારી સેવા કરીશ એમ અંગીકાર કરીને પછી સેવા કરે નહિ. તે વિવાદને અભ્યુપેત્યાશુશ્રૂષા નામનું વ્યવહારપદ કહેલું છે.

**(૧૨) વાક્પારુષ્ય :–** બીજાને ખીજાવવા દેશ, જાતિ, કુળ આદિક ઉપર આક્રોશવાળાં કે વ્યંગ કરતાં વચનો બોલાય ને જે વિવાદ ઊભો થાય તેને વાક્પારુષ્ય નામનું વ્યવહારપદ કહેલું છે.

क्रयविक्रयानुशयो विवादः स्वामिपालयोः । अशुश्रूषाभ्युपेत्याथ पारुष्ये दण्डवाचिके ॥८॥
स्त्रीसङ्ग्रहो वेतनस्यादानं द्यूतसमाह्वयः । दायभागश्च स्त्रीपुंसोर्धर्मश्चाष्टादशेति हि ॥९॥
तेषां विनिर्णयं कुर्यात्प्रमाणैर्दिव्यमानुषैः । प्रोक्तानि तत्र मुख्यानि मानुषाण्यर्थसिद्धये ॥१०॥
मानुषाणि तु त्रीण्याहुः साक्षिणो लेख्यभुक्तयः । प्रमाणानीति मुनयः सर्वश्रेयस्कराणि हि ॥११॥

---

**(૧૩) દંડપારુષ્ય** :– પરની સ્થાવર જંગમ વસ્તુ ઉપર કે કોઈના અંગ ઉપર હાથ, પગ, આયુધ, પથ્થર, ભસ્મ કે કાદવ આદિકવડે ઉપઘાત કરી તેમને પીડા પહોંચાડવી ને જે વિવાદ ઊભો થાય તેને દંડપારુષ્ય નામનું વ્યવહારપદ કહેલું છે.

**(૧૪) સ્ત્રીસંગ્રહ** :– પરસ્ત્રીને પોતાની કરવા કોઈ વસ્તુ મોકલીને પ્રલોભનની ક્રિયા કરવા જતાં કે માર્ગમાં ચાલતાં પરસ્ત્રીના અંગને સ્પર્શાદિક કરવા જતાં તેમાંથી જે વિવાદ ઊભો થાય તેને સ્ત્રીસંગ્રહ નામનું વ્યવહારપદ કહેલું છે.

**(૧૫) વેતનાદાન** :– પોતાના નોકરોને તેઓએ કરેલી નોકરી નિમિત્તે પગાર આપવા, ન આપવા ના વિચારની બાબતમાં જે વિવાદ ઊભો થાય તેને વેતનાદાન નામનું વ્યવહારપદ કહેલું છે.

**(૧૬) દ્યૂતસમાહ્વય** :– પાસા આદિક અચેતન પદાર્થોથી કપટના દાવ-પેચમાં રમાતી રમતને દ્યૂત કહેવાય છે, અને કૂકડાં, પારેવાં, આદિક ચેતન પદાર્થો વડે રમાતી રમતને સમાહ્વય કહેવાય છે. તે રમતની જીત હારમાં ઊભા થતા વિવાદને દ્યૂતસમાહ્વય નામનું વ્યવહારપદ કહેલું છે.

**(૧૭) દાયભાગ** :– પિતાના સંબંધવાળી ધન સંપત્તિનો પુત્રોના સંબંધમાં વિભાગ કરી આપવાની ક્રિયા ને દાયભાગ કહેવામાં આવે છે. તે દાયભાગ કરતાં જે વિવાદ ઊભો થાય તેને દાયભાગ વ્યવહારપદ કહેલું છે.

**(૧૮) સ્ત્રીપુંધર્મ** :– સ્ત્રીપુરુષ એવાં દંપતીનો પરસ્પર વર્તવાની રીતરૂપ જે ધર્મ, ધર્મશાસ્ત્રોમાં વર્ણવ્યો છે, તેનું ઉલ્લંઘન થતાં સ્ત્રીપુરુષ વાદી, પ્રતિવાદી થઈ ન્યાયાલયમાં દાવો માંડે તે વિવાદને સ્ત્રીપુંધર્મ વ્યવહારપદ કહેવું છે. આ રીતે વ્યવહારનાં દાવો ફરિયાદ થવાનાં અઢાર પદ કહેલાં છે.[૬-૯]

**માનુષ અને દિવ્યપ્રમાણ** :– હે વિપ્ર ! રાજાએ આ અઢારપદોનો નિર્ણય દિવ્ય અને માનુષ પ્રમાણોથી કરવો. તેમાં પણ માનુષ પ્રમાણ છે. તે કાર્ય સિદ્ધિ માટે મુખ્ય કહેલું છે.[૧૦] ઋષિમુનિઓએ માનુષપ્રમાણોમાં સાક્ષી, લેખ-રાજ્યના સિક્કાવાળો દસ્તાવેજ, ખતપત્ર અને ભોગવટો, આ ત્રણ પ્રકારનો કહેલો

तुलाग्न्यम्बुविषं कोशो तण्डुलास्तप्तमाषकः । दिव्यानीति प्रमाणानि धर्माधर्माख्यमष्टमम् ॥१२॥
यत्र सभ्यो जनः सर्व इदं साध्विति मन्यते । स निःशल्यो विवादः स्यात्सशल्यस्त्वन्यथा किल १३
गौरवं लाघवं दृष्ट्वा विवादस्याधिकारिणः । देशं कालं ततः कुर्यात्प्रमाणैर्निर्णयं नृपः ॥१४॥
यद्येको मानुषीं ब्रूयादन्यो ब्रूयाच्च दैविकीम् । मानुषीं तत्र गृह्णीयान्न तु दैवीं क्रियां नृपः ॥१५॥
यद्येकदेशव्याप्तापि क्रिया विद्येत मानुषी । सा ग्राह्या न तु पूर्णापि दैविकी वदतां नृणाम् ॥१६॥
कुर्यात्स्वस्य च सभ्यानां धीबलेन च शास्त्रतः । प्रमाणैर्मानुषैर्वादनिर्णयं स नृपोत्तमः ॥१७॥

---

છે તે સર્વે પ્રકારના વ્યવહારમાં સ્વીકારવો કલ્યાણકારી છે.[૧૧] દિવ્યપ્રમાણમાં તુલા આદિક આઠ પ્રકારનાં પ્રમાણો ઋષિમુનિઓએ કહેલાં છે. તુલાયંત્ર ઉપર આરોહણ, અગ્નિથી તપેલો લોખંડનો ગોળો ઉપાડવો, અભિમંત્રિત કરેલા જળમાં ડૂબકી મારવી. અભિમંત્રિત ઝેર ખવરાવવું, ઉગ્ર દેવતાઓને સ્નાન કરાવેલા જળનું પાન કરાવવું. દેવતાઓને સ્નાન કરાવેલા જળનો છંટકાવ પામેલા ચોખા ખવડાવવા, તપાવેલાં તેલમાં નાખેલા અડદના દાણા જેટલા સુવર્ણના કટકાને અંગૂઠા અને તર્જની આંગળીથી ઉઠાવવો, અને ભોજપત્રમાં ચીતરીને એક સરખા માટીના ગોળામાં ગુપ્ત રાખેલા ધર્મ અને અધર્મ બેમાંથી એકને ઝટ ઉપાડવો; આ આઠ દિવ્ય પ્રમાણો કહેલાં છે.[૧૨] વિવાદમાં સભાના સર્વે સદસ્યો આ સાચું છે. એમ જે માને છે, તે વિવાદ નિર્દોષ સિદ્ધ થાય છે. નહીં તો તે વિવાદ દૂષિત થયેલો છે. એમ નક્કી માનવું.[૧૩] વિવાદના અધિકારીના ગૌરવ કે લાઘવનો વિચાર કરવો, તથા દેશકાળનો વિચાર કરી સાક્ષી વગેરેનાં પ્રમાણો તપાસી રાજાએ નિર્ણય કરવો.[૧૪] વિવાદ કરનારા મનુષ્યોની મધ્યે કોઈ એક સાક્ષી દસ્તાવેજ આદિક મનુષ્યની ક્રિયાને પ્રમાણપણે લેવાની વાત કરે અને બીજો ઉપરોક્ત દૈવી પ્રમાણને પુરાવા તરીકે લેવાની વાત કરે ત્યારે રાજાએ તે બેમાંથી માનુષી ક્રિયાને જ પ્રમાણપણે સ્વીકારવી, પરંતુ દિવ્ય પ્રમાણને નહિ.[૧૫]

જો વાદ-વિવાદ કરનારા વાદી કે પ્રતિવાદી જનો પોતાના પક્ષના પુરાવામાં માનુષી ક્રિયાનો લેખ આદિક એકાદ વાતનો પણ પુરાવો કરી આપે તો તે જ પ્રમાણપણે રાજાએ સ્વીકારવો, પરંતુ દૈવીક્રિયાનો કદાચ પ્રારંભ કર્યો હોય તો પણ તેનો પ્રમાણપણે સ્વીકાર કરવો નહિ.[૧૬] જે રાજા પોતાના બુદ્ધિબળથી કે સભ્યોના બુદ્ધિબળથી યથાશાસ્ત્ર લેખ-દસ્તાવેજ આદિક માનુષી ક્રિયાના પુરાવા વડે વાદનો નિર્ણય કરે છે. તે જ રાજા ઉત્તમ કહેલો છે.[૧૭] જો તે રાજા પોતાના

यस्य बुद्धिबलं नास्ति सभ्यानां स्वस्य वा स तु । प्रमाणैर्निर्णयं दिव्यैः कुर्याद्राजा स चाधमः ॥१८
बुद्धेः परीक्षा सभ्यानां स्वस्य ज्ञेया च निर्णये । विनाऽर्दनं कार्यसिद्धिः प्राणिनां स्यान्मतिर्हि सा ॥१९
वक्ताऽध्यक्षो नृपः शास्ता सभ्याः कार्यपरीक्षकाः । गणको गणयेदर्थं लिखेन्न्यायं च लेखकः ॥२०
पूर्वामुखस्तूपविशेद्राजा सभ्या उदङ्‌मुखाः । गणकः पश्चिमास्यस्तु लेखको दक्षिणामुखः ॥२१॥
ये चारण्यचरास्तेषामरण्ये करणं भवेत् । सेनायां सैनिकानां तु सार्थेषु वणिजां तथा ॥२२॥
केवलं शास्त्रमाश्रित्य न कर्तव्यो हि निर्णयः । देशजातिकुलाचारान् प्राचीनान् पालयेन्नृपः ॥२३॥
विवादे प्रतिभूर्ग्राह्यः समर्थ उभयोरपि । दुष्टश्च पुरुषो राज्ञा ज्ञातव्यो लक्षणैरिह ॥२४॥
स्विन्नभालः सृक्किलिट् च सगद्गदस्खलद्वचाः । स्थिरो नैकत्र पाण्ड्वास्यो दशन्नोष्ठौ च वक्रदृक् ॥२५

**બુદ્ધિબળ વિના કે સભાસદોના બુદ્ધિબળ વિના પૂર્વોક્ત તુલા આદિક દિવ્ય પ્રમાણો વડે વિવાદનો નિર્ણય લેવા પ્રયત્ન કરે છે, તે રાજાને અધમ જાણવો.[૧૮] રાજાએ પોતાની અને સભાસદોના સભ્યોની બુદ્ધિ-પરીક્ષા વાદ-વિવાદના નિર્ણય આપવા ઉપરથી કરી લેવી. જો કોઇ પ્રાણીને પીડા પહોંચાડ્યા વિના કાર્યસિદ્ધિ થઇ જાય તો તે બુદ્ધિથી કરેલ કાર્ય છે, એમ નક્કી થઇ જાય છે. જો દિવ્ય પ્રમાણોથી કોઇને પીડા ઉપજાવીને નિર્ણય કરવા મથે, તે બુદ્ધિનું કાર્ય ન કહેવાય.[૧૯] વિવાદિત પ્રશ્નને હલ કરવા બેસે ત્યારે ન્યાયાધીશ પ્રશ્ન કરે, સ્વયં રાજા નિર્ણય આપનારો શિક્ષક થાય, સભાના સદસ્યો કાર્યની પરીક્ષા કરે, ગણકો ધનને ગણે અને લેખક ન્યાયને લખે.[૨૦] તે પરિષદમાં રાજાએ તો પૂર્વાભિમુખે બેસવું. સભ્યોએ ઉત્તરાભિમુખ, ગણકોએ પશ્ચિમાભિમુખ અને લેખકે દક્ષિણાભિમુખ બેસવું. ન્યાયાધીશને બેસવાનો કોઇ નિયમ નથી. યોગ્ય લાગે તેમ બેસી શકે છે.[૨૧]**

**જો વનવાસી ગોવાળો આદિકને માટે સભા બોલાવવી હોય તો તે ન્યાયસભા વનમાં ભરવી, સૈનિકો માટે સેનાના સ્થળે ભરવી, વેપારીઓના વિવાદની સભા તેમના સંઘમાં જ ભરવી.[૨૨] આ સર્વે બાબતનો નિર્ણય લેતી વખતે માત્ર શાસ્ત્રનોજ આધાર ન લેવો, પરંતુ સાથે પ્રાચીન દેશાચાર, જાત્યાચાર અને કુલાચાર ને પણ જોઇને નિર્ણય કરવો.[૨૩] વિવાદમાં વાદી અને પ્રતિવાદી બન્નેનો જામીન સભાપતિએ લેવો. તેમાં પણ વાદી કે પ્રતિવાદી ધન જો ન ભરે તો પોતે ભરવા સમર્થ હોય તેવાને જ જામીન તરીકે લેવો. તેમ જ રાજાએ વિવાદમાં સાક્ષી તરીકેનાં કામમાં જે દુષ્ટ માણસ હોય તેને પણ લક્ષણોથી જાણી લેવો.[૨૪]**

**દુષ્ટ સાક્ષીઓનાં લક્ષણ :–** જે પુરુષનું લલાટ પરસેવાના બિંદુથી વ્યાપ્ત હોય, જીભના અગ્રભાગથી હોઠને વારંવાર ચાટતો હોય, ગદ્‌ગદ્ સ્વરે

वाचालश्चैव विकृतिं दधत्स्वाभाविकीं तु यः । दुष्टः स इति विज्ञेयो राज्ञा साक्ष्यादिकर्मसु ॥२६॥
तत्रापि कश्चित्पुरुषः स्वभावमृदुलोऽपि च । सभाक्षोभस्खलद्वाक्यः परीक्ष्यो भीस्त्रवद्वपुः ॥२७॥
कुलीना दानशीलाश्च धार्मिकाः सत्यवादिनः । ऋजवः पुत्रवन्तश्च धनिनोऽथ तपस्विनः ॥२८॥
श्रौतस्मार्तक्रियानिष्ठास्त्र्यवराः साक्षिणो मताः । यथावर्णं यथाजाति सर्वे सर्वेषु वा स्मृताः ॥२९॥
नैते तु साक्षिणो ग्राह्या राज्ञा धर्मविदा क्वचित् । स्त्री बालश्चातिवृद्धोऽपि मत्तोन्मत्ताक्षदेविनः ॥३०॥
अभिशस्तश्च पतितो धूर्तश्च विकलेन्द्रियः । तस्करः साहसी शत्रुः पाषण्डी कूटकृतसुहृत् ॥३१॥

---

વચન બોલતો હોય, ને વચનમાં તૂટ પડતી હોય, એક સ્થળે સ્થિર ઊભો રહેતો ન હોય, મુખનો વર્ણ ફિક્કો પડી ગયો હોય, દાંતથી હોઠને પીસતો હોય, ત્રાંસી નજરથી જોતો હોય, વિરુદ્ધમાં બહુ બોલતો હોય, આવા પ્રકારના વિકારોને સ્વાભાવિક રીતે જે ધારણ કરી રહ્યો હોય તે પુરુષ સાક્ષી આદિકના કામમાં દુષ્ટ છે. એમ રાજાએ જાણી લેવું.[૨૫-૨૬] ઉપરોક્ત લક્ષણો કહ્યાં તેમાં પણ કોઈ પુરુષ સ્વભાવે કોમળ હોય છતાં પણ સભાસદોને જોઈ ભય ઉત્પન્ન થતાં તેમની વાણી તૂટક પડવા માંડે અને લલાટમાં પરસેવો વળી આવે, વાણી તૂટવા માંડે છતાં પણ તે દુષ્ટ નથી. તેની રાજાએ બહુ ઝીણવટથી પરીક્ષા કરવી.[૨૭]

**યોગ્ય સાક્ષીઓનાં લક્ષણ :–** મહાકુળમાં જન્મેલો હોય, દાન દેવાના સ્વભાવવાળો હોય, ધર્મપ્રધાન વર્તનવાળો હોય, સાચું બોલવાના સ્વભાવવાળો હોય, કુટિલ સ્વભાવનો ન હોય, પુત્ર પૌત્રાદિક પરિવારવાળો હોય, બહુ ધનવાળો હોય, તપમાં નિષ્ઠાવાળો હોય અને શ્રુતિ-સ્મૃતિમાં કહેલ નિત્ય કે નૈમિત્તિક કર્મને કરનારો હોય; આવા ગુણોવાળા પુરુષો જ સાક્ષીને યોગ્ય કહેલા છે. તે ત્રણથી ઓછા ન હોવા જોઈએ. તેમાં પોતાની જાતિ અને વર્ણને અનુરૂપ સાક્ષીઓ લેવા. જેમ કે બ્રાહ્મણના માટે પૂર્વોક્ત લક્ષણવાળો બ્રાહ્મણ જ હોય તે સાક્ષી તરીકે લેવો. આવી રીતે સર્વેને વિષે પોતાની જાતિના સાક્ષીઓ હોઈ શકે છે. સજાતિપણાના નિયમની અપેક્ષા ન રાખવી.[૨૮-૨૯]

**અયોગ્ય સાક્ષીઓનાં લક્ષણ :–** ધર્મના જ્ઞાતા રાજાએ હું કહું એવાં લક્ષણોવાળા મનુષ્યોને ક્યારેય પણ સાક્ષીમાં લેવા નહિ. સ્ત્રી, બાળક, અતિવૃદ્ધ, દારુપાનથી મત્ત, ઉન્મત્ત, જુગારી, બ્રહ્મહત્યાદિકના પાપથી પતિત અને અપવાદથી દૂષિત; ધૂત, અપંગ, ચોર, સાહસકર્મ કરનાર; શત્રુ, પાખંડી, ફૂડકપટથી ખોટા દસ્તાવેજ ઊભા કરનાર, મિત્ર, પોતાના બંધુઓએ તજી દીધેલા, પહેલાં અન્ય

बन्धुत्यक्तो दृष्टदोषः सहायश्चारणस्तथा । साक्ष्यानर्हा इमे ज्ञेयाः कार्यध्वंसविधायिनः ॥३२॥
जानन्नप्यब्रुवन् प्रश्नोत्तरं कामात् क्रुधा भिया । क्षिपत्यात्मनि पाशान्स सहस्त्रं वारुणान्नरः ॥३३॥
साक्षी वाप्यब्रुवन्साक्ष्यं विरुद्धं वा वदन्नपि । पाशान् सहस्त्रं क्षिपति पारिणान्सोऽपि चात्मनि ॥३४
तस्य संवत्सरे पूर्णे पाश एकः प्रमुच्यते । तस्मात्सत्यं तु वक्तव्यं जानता सत्यमञ्जसा ॥३५॥
विद्धो धर्मो ह्यधर्मेण सभां यत्रोपपद्यते । तं निःशल्यं न ये कुर्युस्ते विद्धाः स्युः सभासदः ॥३६॥
अर्धं प्राप्नोत्यधर्मस्य मुख्यः किल सभापतिः । कर्तार एकं पादं च पादं चान्ये सभासदः ॥३७॥

---

કોઈ વિવાદમાં ખોટું બોલવાનો દોષ જેનામાં જોવામાં આવ્યો હોય, સાથે કામ કરવાવાળો ભાગીદાર કે સહાયક હોય તેમજ ચારણો; આ સર્વેને સાક્ષી કર્મમાં અયોગ્ય કહેલા છે. જો તેવા સાક્ષીઓ સ્વીકારવામાં આવે તો કાર્યસિદ્ધિનો વિનાશ થાય છે. સાચો નિર્ણય તોળી શકાતો નથી. અહીં સ્ત્રીઓનો જે સાક્ષી તરીકે નિષેધ કર્યો છે તે માત્ર પુરુષના વિવાદ પૂરતો જ નિષેધ છે. પરંતુ સ્ત્રીના કાર્યમાં સ્ત્રી સાક્ષી થઈ શકે છે.[૩૦-૩૨] સાક્ષીમાં લીધેલો મનુષ્ય પોતે બાબતને જાણવા છતાં પ્રશ્નનો ઉત્તર કામથી કે ક્રોધથી આપે નહિ, કે પછી ભયથી સાક્ષી પૂરે નહિ તો એ માણસ પોતાના હાથે જ પોતાના ગળામાં હજારો વરુણપાશને નાખે એવો જાણવો.[૩૩] જે પુરુષ સાક્ષી હોવા છતાં પણ સાક્ષીમાં બોલે નહિ અથવા બોલે તો વિરૂદ્ધ બોલે તે પણ પોતાના ગળામાં વરુણના હજારો પાશ નાખે તેવો કહેલો છે.[૩૪] વરુણપાશથી બંધાયેલા મનુષ્યને પાપ ભોગવતાં એક વર્ષ પસાર થાય ત્યારે એક પાશથી મુક્ત થાય છે. આવું મોટું દુઃખ ભોગવવું પડે છે. તેથી યથાર્થ વસ્તુને જાણનારા સાક્ષીએ સત્ય જ કહેવું.[૩૫]

જ્યારે સભામાં વિવાદ ચાલતો હોય ત્યારે સત્ય બોલનાર સાક્ષીને પોતાની વાણીના બળથી પરાભવ કરવા 'આ ખોટું બોલે છે' એમ ખોટો પાડે, ત્યારે એ જૂઠા ઠરતા ધર્મને સભાસદો સત્ય ન ઠેરવે. તેમજ ધર્મ ઉપર અધર્મનો આરોપ લગાવતા મનુષ્યને સભાસદ રોકે નહિ તો તે સભાસદો પણ પાપથી લેપાય છે.[૩૬] તેમાં મુખ્ય સભાપતિ અધર્મનો અર્ધો ભાગ પામે છે. જૂઠાનો આરોપ લગાવી અધર્મ કરનાર પુરુષ ચોથો ભાગ અને બાકીના સભાસદો પણ ચોથો ભાગ પામે છે.[૩૭] ન્યાયાધીશ રાજ સભામાં ધર્મ સંબંધી પ્રશ્ન કરે ને તેમાં સાક્ષીઓ જો અસત્ય બોલે તો એ બોલાયેલું અસત્ય તેમના ઈષ્ટ અને પૂર્તકર્મના પુણ્યનો નાશ કરે છે. તેમજ તેમની આગળ પાછળની સાત સાત પેઢીના પુરુષોનો પણ નાશ કરે છે.[૩૮]

वितथं तु वदेयुर्ये धर्मं सदसि पृच्छते । इष्टापूर्तं च ते घ्नन्ति सप्त सप्त परावरान् ॥३८॥
ये पातककृतां लोका महापातकिनां तथा । अग्निदानां च ये लोका ये च स्त्रीबालघातिनाम् ॥३९॥
तान् सर्वान्समवाप्नोति यः साक्ष्ये ह्यनृतं वदेत् । नश्यत्यशेषं सुकृतं सदस्यनृतभाषणात् ॥४०॥
प्राणिनां स्याद्वधो यत्र तत्र साक्ष्येऽनृतं वदन् । न दुष्यति पुमान्नूनं प्राप्नोत्येवान्यथा त्वघम् ॥४१॥
सभ्यामात्यादिभिः प्रोक्ते दण्डेऽपि नृपतिः स्वयम् । दद्याद्दमं विचार्यैव शिक्षार्थं सहसा न तु ॥४२
लोभमोहितमतिश्च भूपतिर्योऽर्थशास्त्रपर एव केवलम् ।
स्यात्स तु द्विज निजाच्च्युतो वृषात्स्याद्विनष्टनिखिलार्थ आशु वै ॥४३॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे राजधर्मेष्वष्टादशव्यवहारनिर्णयनिरूपणनामा षड्विंशोऽध्यायः ॥२६॥*

---

**વળી જે જનો સાક્ષીના કામમાં જૂઠું બોલે છે તે જન પાતકીઓ, મહાપાતકીઓ, અગ્નિમૂકી સળગાવનારા અને સ્ત્રી બાળકના ઘાતકી જનો મરીને જે નરકમાં પડે છે, તે સર્વે નરકને પામે છે. અને સભામાં ખોટું બોલવાથી પોતે કરેલાં સર્વે સુકૃતો નાશ પામે છે.[૩૯-૪૦]**

**જે વિવાદના સાક્ષીકર્મમાં સાચું બોલવાથી સામે કોઈ પ્રાણીનો વધ થઈ જાય એમ હોય તો તેવી સાક્ષીમાં ખોટું બોલીને જીવ બચાવી લે છે, તો તેને સાક્ષીમાં ખોટું બોલ્યાનું પાપ લાગતું નથી. પરંતુ હત્યાનો કોઈ સંભવ ન હોય છતાં જો સાક્ષીમાં ખોટું બોલે તો પાપનો ભાગીદાર થાય છે.[૪૧] વિવાદિત પદમાં સભાસદોએ નિર્ણયમાં દંડ કહ્યો હોય છતાં પણ સ્વયં રાજાએ વિચારીને શિક્ષા માટે દંડ દેવો, સભાસદોએ કહ્યો ને સામે સંભળાવી દીધો તેમ ઉતાવળ કરવી નહિ. એવી રીતે એકાએક દંડ ન આપવો.[૪૨] હે વિપ્ર ! જે રાજાની બુદ્ધિ લોભથી મોહ પામી હોય ને કેવળ અર્થશાસ્ત્ર પરાયણ હોય એ રાજા પોતાના ધર્મમાંથી ભ્રષ્ટ થાય છે અને તેમના સર્વે પુરુષાર્થો નાશ પામે છે.[૪૩]**

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં રાજધર્મોમાં ભગવાન શ્રીહરિએ અઢાર પ્રકારના વ્યવહારપદોના નિર્ણયનું નિરૂપણ કર્યું, એ નામે છવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૬--***

---

सप्तविंशोऽध्यायः - २७

धर्मशास्त्रानुसारेण क्रोधलोभविवर्जितः । रिपौ मित्रे च पुत्रे च शिक्षायां स्यात्समो नृपः ॥१॥
स्मृत्योर्विरोधे न्यायस्तु बलवान्व्यवहारतः । अर्थशास्त्रात्तु बलवद्धर्मशास्त्रमिति स्थितिः ॥२॥
विरोधो दृश्यते यश्च कर्तुरैक्येऽपि कुत्रचित् । अन्योन्यं स्मृतिवाक्यानां तत्र हेतुं वदामि ते ॥३॥
हरीच्छयैव मुनिभिर्दृष्ट्वा नृनधिकारिणः । सात्त्विकादींस्ततस्तेषां हिताय स्मृतयः कृताः ॥४॥
तासु ये यादृशास्तेषां रोचन्ते तादृशानि हि । वचांसि तत्रापि मतं बलिष्ठं धर्मशासनम् ॥५॥

## અધ્યાય – ૨૭

## શ્રીહરિએ કરેલું દંડવિધિનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! રાજાએ ધર્મશાસ્ત્રને અનુસારે જ્યારે દંડવા યોગ્ય માણસને દંડ કરવાનો પ્રસંગ આવે ત્યારે સામે શત્રુ, મિત્ર કે પુત્ર હોય તો પણ એક સરખા ભાવે દંડ કરવો.[૧] અને તેમાં સ્મૃતિકારોનાં વચનમાં પરસ્પર વિરોધ આવે તે સમયે તેને સમાવવા અન્વય વ્યતિરેકરૂપ વૃદ્ધ વ્યવહારને આગળ રાખી ઉત્સર્ગ અપવાદાદિક લક્ષણવાળો ન્યાય છે, તે બળવાન છે એમ જાણવું, તેમજ અર્થ શાસ્ત્રની અપેક્ષાએ ધર્મ શાસ્ત્ર છે, તે પ્રબળ છે, એવી મર્યાદા છે.[૨] હવે સ્મૃતિકાર એક હોવા છતાં પોતાના જ વચનમાં કોઈ સ્થળે પરસ્પર વિરોધ દેખાય, તો તેમાં શું કરવું ? તેનો નિર્ણયકારક હેતુ તમને કહું છું.[૩] ભૃગુ, અત્રિ અને યાજ્ઞવલ્ક્યાદિ ઋષિમુનિઓએ રાજાઓને સાત્ત્વિક, રાજસી અને તામસી ગુણોના અધિકારી જોઈ તેમજ તેઓની મનોવૃત્તિને જોઈ, મનુષ્યોના હીતને માટે ભગવાનની ઈચ્છાથી સ્મૃતિગ્રંથોની રચના કરી છે. જેમ કે રજોગુણી અને તમોગુણી રાજાઓનો સ્વભાવ નિર્દયી હોવાથી તેના દ્વારા ઉગ્રદંડની પ્રવૃત્તિ સહેજે થાય. જેમ કે કોઈ ચોરી કરી હોય તો તેને મારી નાખવો, આવા મૃત્યુ દંડની સજા કરવાનું વચન કોઈ જગ્યાએ કહ્યું હોય અને તેટલા જ ગુનામાં કોઈ જગ્યાએ સાત્ત્વિક પ્રકૃતિનો આશ્રય કરી આજીવન કારાવાસ આપવાનું વચન લખેલું હોય, ત્યારે પ્રાણ વધ કરતાં આજીવન કારાવાસના વચનને ઉત્તમ પક્ષ માની પ્રથમ સ્વીકારવું, આવી રીતે સર્વત્ર જાણવું. અર્થાત્ જેવી પ્રકૃતિના રાજા હોય તેને તેવાં વચનોને અનુરૂપ સજા કરવાનું ગમે છે છતાં પણ ધર્મનું શાસન કરતાં વચનો અધિક બળવાન છે એમ જાણવું.[૪-૫]

ततो राज्ञा ससभ्येन विचार्य स्वस्थचेतसा । दण्डोऽपराधिने देयः शिक्षार्थं धर्मवृद्धये ॥६॥
रुद्रस्वरूपो दण्डोऽयमधर्मेण प्रवर्तितः । यदि तर्हि विनाशाय राज्ञ एव प्रवर्तते ॥७॥
धर्मेण सुप्रयुक्तश्च शिक्षार्थं यदि तर्हि सः । निःसपत्नं वर्धयति राज्यं धार्मिकभूपतेः ॥८॥
यदि दण्डं न कुर्वीत राजा तर्हि जनाः स्वयम् । यथेष्टं कर्म कर्वीरन्धर्मध्वंसो भवेत्किल ॥९॥
देवैर्ब्राह्मादिभिर्भक्त्या प्रार्थितः शङ्करः पुरा । ससर्ज कृपया दण्डं प्रजानां वीक्ष्य सङ्करम् ॥१०॥
साक्षाद्रुद्रस्वरूपोऽसौ नियन्तुं जगदीश्वरः । आविर्भूतः स वै सर्वान्मर्यादायां व्यतिष्ठिपत् ॥११॥
ब्रह्मादिभिः पूजितोऽसौ क्षुपमन्वादिभिस्ततः । पूजितो ब्रह्मणः पुत्रैस्तत इन्द्रादिभिः सुरैः ॥१२॥
दिक्पालैः पूजितः सर्वैस्तन्मर्यादास्थितैस्ततः । सम्प्राप्तो भूतलं तत्र पूज्यते सर्वराजभिः ॥१३॥

---

**સભાસદોએ સહિત રાજાએ સ્વસ્થ ચિત્તથી ધર્મ-અધર્મનો વિચાર કરી ધર્મમર્યાદાની વૃદ્ધિ થાય તે માટે જ શિક્ષા કરવા અપરાધીને દંડ આપવો. તેમાં રાજાએ માત્ર પોતાની બુદ્ધિથી દંડ ન આપવો, પરંતુ સભાસદો સાથે વિચાર કરીને આપવો. તેમાં પણ દંડ કરવાથી પરને પીડા થાય છે, એવી દયાવાળી દલીલ કરીને દંડવા યોગ્ય જનને છોડી દેવો નહિ. કારણ કે દંડ છે તે શિક્ષા માટે છે અને શિક્ષા છે તે અનુગ્રહ માટે છે, કારણ કે શિક્ષાથી જ માણસ ખરાબ માર્ગથકી પાછો વળે છે. અને તેનાથી બીજાને પણ શિક્ષા મળે કે આણે ચોરી કરી તો આટલી સજા ભોગવવી પડી. આપણે કરશું તો આપણી પણ આ હાલત થશે. આમ દંડથી દેશમાં ધર્મ વધતો રહે.[૬] અને આ દંડનું નિર્માણ ધર્મની રક્ષા કરવા માટે સાક્ષાત્ રૂદ્રદેવે કર્યું છે. જો રાજા આ દંડની પ્રવૃત્તિ અધર્મથી કરે તો એ રાજાના જ કુળનો વિનાશ થાય છે. અને જો ધર્મથી પ્રજાની શિક્ષા માટે જ દંડ કરે તો એ ધાર્મિક રાજાનું રાજ્ય વેરીજનો વિનાનું વૃદ્ધિ પામે છે.[૭]**

**રાજા દંડવા યોગ્યને દંડ આપે નહિ, તો પ્રજાને શિક્ષણ મળે નહિ, તેના કારણે પ્રજા પોતાની ઈચ્છા પ્રમાણે આચરણ કરવા લાગે છે. તેથી ધર્મમર્યાદાનો નિશ્ચે ભંગ થાય છે.[૯] પૂર્વે બ્રહ્માદિ દેવતાઓએ ભક્તિભાવપૂર્વક પ્રાર્થના કરી તેથી ભગવાન શંકરે પ્રજાનું ધર્મસાંકર્ય નિહાળી કૃપા કરીને દંડનું નિર્માણ કર્યું છે.[૧૦] સાક્ષાત્ રૂદ્રસ્વરૂપ એવો આ દંડ જગતનું નિયમન કરવા માટે જ પ્રગટ થયો છે. અને સમર્થ એવા તેણે સર્વે જનોને પોતાની ધર્મમર્યાદામાં પ્રવર્તાવ્યા પણ છે.[૧૧] આ દંડને બ્રહ્માદિ દેવતાઓએ જગતનું નિયમન કરવા આવકારેલો છે, અને પછી બ્રહ્માના પુત્રો મનુ આદિ અને ઈંદ્રાદિ દેવતાઓ, વૈવસ્વત આદિ દિગ્પાળો પણ તેમની**

नीलोत्पलदलश्यामश्चतुर्दंष्ट्रश्चतुर्भुजः । अष्टपान्नैकनयनः शंकुकर्णोर्ध्वरोमवान् ॥१४॥
जटी द्विजिह्वस्ताम्रास्यो मृगराजतनुच्छदः । एवंरूपः सदा पूज्यो दण्डः सर्वनियामकः ॥१५॥
खड्गाद्यायुधरूपेण सर्वेषां सर्वकर्मदृक् । दण्ड एव स सर्वात्मा लोके चरति मूर्तिमान् ॥१६॥
देवा दैत्या नरा नागाः सप्रजापतयः सदा । तद्भीताः स्वस्वमर्यादामाश्रिताः सुखिनोऽभवन् ॥१७॥
न स्याद्यदीह दण्डो वै प्रमन्थेयुः परस्परम् । भयाद्दण्डस्य नान्योन्यं घ्नन्ति लोका इति ध्रुवम् ॥१८
दण्डेन रक्ष्यमाणा हि वर्धयन्ति नृपं प्रजाः । तस्माद्राज्ञा माननीयो दण्डोऽसौ धर्मगुप्तये ॥१९॥
धर्मशीलैर्नृपैः पूर्वं यथा दण्डः प्रवर्तितः । अनुसृत्यैव तन्मार्गं वर्तेत न यथारुचि ॥२०॥
शिक्षार्थं विहितो दण्डो न वधायेति निश्चयः । सन्मार्गे स्थापयेद्राजा शिक्षयित्वा ततः प्रजाः ॥२१॥

---

મર્યાદામાં રહી તેમને આવકાર આપ્યો છે. ત્યાંથી આવતાં પૃથ્વી પરના સમસ્ત રાજાઓએ પણ તેમને આવકારેલો છે અને હજુ સુધી તેમનો આદર થાય છે.[૧૨-૧૩]

**શંકર થકી પ્રગટેલા પૂજ્ય દંડમૂર્તિનું શબ્દદર્શન :–** આ દંડની મૂર્તિનું સ્વરૂપ નીલકમળના પત્ર સમાન શ્યામ છે. તેમની ચાર દાઢો છે. ચતુર્ભુજ અને આઠ પાદવાળો તે દંડ અનેક નેત્રોને ધારણ કરે છે. તેમના શરીરના રોમ ખીલા જેવા ઊભા છે. મસ્તક ઉપર જટાજૂટ ધારણ કરનાર દંડની બે જીભ છે. રક્તમુખી તે સિંહના ચર્મને ધારણ કરે છે. આવા સ્વરૂપવાળો તે સર્વનો નિયામક દંડ સદાયને માટે પૂજનીય અને આવકારવા યોગ્ય છે.[૧૪-૧૫] સર્વેના અંતરને જાણનારો અને તેથી જ સર્વના શુભ અશુભ કર્મનો સાક્ષી મૂર્તિમાનરૂપે હાથમાં ખડગ લઈ આલોકમાં ફરે છે.[૧૬] દેવતાઓ, દૈત્યો અને પ્રજાપતિઓએ સહિત મનુષ્યો તથા નાગો પણ સદાય દંડના ત્રાસથી ભયભીત થઈ પોતપોતાની ધર્મમર્યાદાનો આશ્રય કરી સુખી થયા છે.[૧૭]

જો આલોકમાં દંડ ન હોત તો મનુષ્યો એક બીજાને પરસ્પર ખૂબ જ પીડા આપત. પરંતુ દંડના ભયથી કોઈ કોઈને મારતું નથી એ નક્કી છે.[૧૮] અને તે દંડથી રક્ષાએલી પ્રજા રાજાને વૃદ્ધિ પમાડે છે. માટે રાજાએ પણ ધર્મની રક્ષા માટે આ દંડને સન્માનવો.[૧૯] પૂર્વે ધાર્મિક રાજાઓએ જે રીતે દંડને પ્રવર્તાવ્યો છે, તેજ માર્ગને અનુસરીને જ વર્તવું. પરંતુ રાજાએ પોતાની રુચિ પ્રમાણે ન વર્તવું.[૨૦] દંડનું વિધાન માત્ર શિક્ષા માટે છે, પરંતુ કોઈ પ્રાણીના વધ માટે નથી. તેથી જ રાજાએ પ્રજાને શિક્ષા આપી, સન્માર્ગે સ્થાપના કરવી.[૨૧] ધાર્મિક રાજાએ દંડમાં વધ કરવા યોગ્ય બ્રાહ્મણોનો તથા વિષ્ણુ આદિ દેવચિહ્નોને ધારણ કરનાર પુરુષનો તથા અનાથનો

वधार्हानपि नो हन्याद्धार्मिको नृपतिर्द्विजान् । विष्णवादिदेवभक्त्यङ्काननाथांस्त्यागिनस्तथा ॥२२॥
महापापादिके दोषे राजद्वेषादिके कृते । किञ्चिच्चिह्नं विधायैतान्स्वदेशान्ते विसर्जयेत् ॥२३॥
आततायिनमायान्तमपि विप्रादिकं रणे । निगृह्य स्थापयेद्राजा धार्मिको न तु घातयेत् ॥२४॥
युद्धेऽपि नृपतिर्नैव हन्यादपयशस्करान् । असमैर्नैव युध्येत नातिनीचैः स्वयं नृपः ॥२५॥
श्रान्तं भीतं रुदन्तं च बालं वृद्धं च रोगिणम् । अनुद्यते चासहायमतिनीचं च भिक्षुकम् ॥२६॥
तवाहंवादिनं क्लीबं निःशस्त्रं परसङ्गतम् । युद्धप्रेक्षकमुनिमत्तं सूतं दूतं पराङ्मुखम् ॥२७॥
प्रकीर्णकेशं चाकच्छमुपविष्टमसारथिम् । व्यश्वं कृताञ्जलिं वृक्षारूढं विकवचं तथा ॥२८॥
पिबन्तमम्बु भुञ्जानं राजानं चाहवे क्वचित् । राजा न हन्यादश्वं च सारथिं च गजं वृषम् ॥२९॥
अदण्ड्य ब्राह्मणा राज्ञा यतो राजा तदुद्भवः । अन्यथा शाम्यति क्षात्रं तेजस्तेष्वप्सु वह्निवत् ॥३०॥

---

અને ત્યાગી સાધુનો વધ કરવો નહિ.[૨૨] જો તેઓ બ્રહ્મહત્યા આદિક મહાપાપને કરે, રાજાનો દ્વેષ કરે, તો તેઓનાં શરીર ઉપર પાપચિહ્નને સૂચવનારાં ચિહ્નો કરી પોતાના દેશની હદ બહાર કાઢી મૂકવો.[૨૩] રણ સંગ્રામમાં આવેલા આતતાયી બ્રાહ્મણાદિકને પકડીને કેદખાનામાં રાખવા, પરંતુ તેઓને મારવા નહિ.[૨૪] રાજાએ જેમનો વધ કરવાથી પોતાની અપકીર્તિ થાય તેવા પુરુષને પણ યુદ્ધમાં મારવો નહિ. અને પોતાનાથી અસમાન પુરુષો સાથે પણ યુદ્ધ કરવું નહિ. પોતાથી અતિ નીચા જનો સાથે પણ યુદ્ધ કરવું નહિ.[૨૫]

**રાજાઓ માટે અપયશકારક વધ :–** થાકી ગયેલા, ભય પામતા, શસ્ત્ર પ્રહાર સહન ન થવાથી રુદન કરતા, બાળક, વૃદ્ધ, રોગી, સામે પણ લડવા તત્પર થવું નહિ. તેમજ નિઃસહાય, જાતિથી નિમ્ન, ભિક્ષુક, હું તમારો છું એમ બોલનાર, નપુંસક, નિઃશસ્ત્ર, બીજા સાથે યુદ્ધ કરતા, જોવા આવેલા, ઉન્મત્ત, બંદીજન, દૂત, પીઠ બતાવી ભાગનારા, કેશને છૂટા મૂકનારો, કેડમાં કચ્છ નહિ બાંધેલા, ભયથી નીચે બેસી ગયેલા, સારથી રહિતના, મરેલા ઘોડાવાળા, બે હાથ જોડી રક્ષા માંગનાર, વૃક્ષપર ચઢી ગયેલા, પોતે કવચવાળો હોય ને સામે જો કવચ ન હોય તેવાને, પાણી પીતા કે ભોજન કરતા, રાજા, અશ્વ, સારથી, હાથી અને બળદ; આ ચોત્રીસ જણાને યુદ્ધમાં રાજાએ ક્યારેય પણ મારવા નહિ.[૨૬-૨૯]

રાજાએ બ્રાહ્મણોને દંડ ન આપવો કારણ કે રાજાઓનું ક્ષાત્રતેજ બ્રાહ્મણ થકી ઉત્પન્ન થયેલું છે. જો મર્યાદાનું ઉલ્લંઘન કરી બ્રાહ્મણને દંડ આપે તો જળમાં પ્રવેશતા અગ્નિની જેમ બ્રાહ્મણમાં પ્રવેશતું ક્ષાત્રતેજ શમી જાય છે.[૩૦] તેમ જ માતા, પિતા, ગુરૂ અને તપસ્વીને પણ ક્યારેય મૃત્યુ દંડ ન આપવો. અને કોઇ પણ

पितरौ च गुरुं क्वापि ताडयेन्न तपस्विनम् । सर्वथा स्त्री न हन्तव्या सर्वसत्त्वेषु केनचित् ॥३१॥
अवृत्त्या यो भेत्स्तेनो वेदवित्स्नातकस्तथा । स तु राज्ञैव भर्तव्यः स्त्रियो रङ्काश्च साधवः ॥३२॥
यदि ते न निवर्तेरन्वृत्तिं लब्ध्वा कुकर्मणः । तदा निर्वासनीयाः स्युस्तस्माद्देशात्सबान्धवाः ॥३३॥
न च हन्यान्नृपो जातु दूतं शत्रूक्तवादिनम् । कुलीनः शीलसम्पन्नो वाग्मी दक्षः प्रियंवदः ॥३४॥
यथोक्तवादी स्मृतिमान् दूतः स्यात्सप्तभिर्गुणैः । तं हत्वा निरयं यायाद्राजा धर्मच्युतो भवेत् ॥३५॥
देवविप्रार्तसाधूनामनाथानां च वृत्तिहृत् । सामात्यो नृपतिर्याति कुम्भीपाकं न संशयः ॥३६॥
स्वदत्तां परदत्तां वा ब्रह्मवृत्तिं हरेत्तु यः । षष्टिं वर्षसहस्राणि विष्ठायां जायते कृमिः ॥३७॥
अनाथा दुर्बला ये स्युर्जनास्तेषु नराधिपः । कृपामेव प्रकुर्वीत क्लेशयेन्न तु तान्क्वचित् ॥३८॥

---

જનોએ કોઈ પ્રકારે સમગ્ર જંતુમાત્રની સ્ત્રીઓને તાડન કરવી નહિ.[૩૧] વેદને જાણનાર તથા સ્નાતક બ્રાહ્મણ જો આજીવિકાના અભાવમાં ચોરીનું કર્મ કરે તો રાજાએ તે બ્રાહ્મણનું ભરણ પોષણ કરવું. સ્ત્રી, ગરીબ અને ત્યાગી સાધુ જો આજીવિકાના અભાવમાં ચોરી કરતા થાય તો તેઓનું પણ ભરણ પોષણ કરવું.[૩૨] જો તેઓ પોતાના જીવનને પર્યાપ્ત રાજાએ આપેલ આજીવિકા પ્રાપ્ત કરવા છતાં પોતાનાં ચોરી આદિકનાં કુકર્મથી પાછા ન વળે તો રાજાએ તેમના બંધુજનોની સાથે તેઓને પોતાના દેશમાંથી કાઢી મૂકવા.[૩૩] શત્રુઓએ કહી મોકલાવેલાં વચનોને કહેતા દૂતને રાજાએ ક્યારેય પણ મારવો નહિ. તે વચનો નિષ્ઠુર છતાં સહન કરવાં, પરંતુ તેને સાંભળી ક્રોધિત થઈ દૂતને મારી નાખવો નહિ. પ્રસંગોપાત દૂતના લક્ષણ પણ જણાવું છું, સત્કુળમાં જન્મેલો, શીલસંપન્ન, સદાચારી, વાચાળ, ચતુર, પ્રિયભાષી, યથાર્થવાદી અને પૂર્વાપરના અનુસંધાનની સ્મૃતિવાળો; આ સાત ગુણોએ યુક્ત હોય તેજ પુરુષ દૂત થઈ શકે છે. જો રાજા આ દૂતનો વધ કરે છે, તો ધર્મભ્રષ્ટ થઈ નરકમાં પડે છે.[૩૪-૩૫]

દેવમંદિર, બ્રાહ્મણ, રોગાદિકથી દુઃખી, ત્યાગી સાધુ અને અનાથની આજીવિકાવૃત્તિનાં સાધન જો રાજા હરી લે છે, તો તે પોતાના મંત્રીઓએ સહિત કુંભીપાક નરકમાં પડે છે. તેમાં કોઈ સંશય નથી.[૩૬] જે રાજા પોતે આપેલી કે બીજાએ આપેલી બ્રાહ્મણની આજીવિકાવૃત્તિનાં સાધનને હરે છે, તો તે રાજા સાઠહજાર વર્ષ પર્યંત વિષ્ટામાં કીડો થાય છે.[૩૭] જે મનુષ્યો અનાથ હોય કે દરિદ્ર હોય, તેવા મનુષ્યો ઉપર તો રાજાએ કૃપા જ કરવી, તેઓને ક્યારેય પણ પીડવા નહિ.[૩૮] દુર્બળ મનુષ્યો આપણને શું કરનાર છે ? એમ સમજી તેઓનો અનાદર ન કરવો. કારણ કે તેમની દૃષ્ટિ તો તેમને પીડા આપનાર સામે ઝેરની સમાન

दुर्बलस्य हि यच्चक्षुस्तद्विषाग्निसमं मतम् । राज्ञः कुलं दहत्येव क्लेशदातुर्न संशयः ॥३९॥
नहि दुर्बलदग्धं वै पुनः किञ्चित्प्ररोहति । अमानुषकृतो दण्डो हन्ति तं च नराधिपम् ॥४०॥
यत्राबलस्ताड्यमानस्त्रातारं नाधिगच्छति । तत्र राज्ञः सदस्यानां मूलच्छेदो भवेद्ध्रूवम् ॥४१॥
यः कोऽपि दुर्बलं जीवं बलवान् पीडयेज्जनः । कुलं समूलं दहति सोऽन्यायस्तस्य निश्चितम् ।४२
कृपणानाथवृद्धानां यदश्रुपरिमार्जनम् । पोषणं पालनं यच्च स राज्ञो धर्म उच्यते ॥४३॥
कामाल्लोभाद्भयाद्वेषाद्धर्मं जह्यान्न कर्हिचित् । धर्मेणैव नृपाः सर्वे दिव्यांल्लोकानवाप्नुवन् ॥४४॥
युधिष्ठिराद्याः क्षितिपा महान्तो धर्मं स्वकीयं न जहुर्यतोऽत्र ।
ततस्तदीया विशदैव कीर्तिरद्यापि लोके वितताऽस्ति विप्र ! ॥४५॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे राजधर्मेषु दण्डनिरूपणनामा सप्तविंशोऽध्यायः ॥२७॥*

---

કહેલી છે. તેથી દુર્બળ વર્ગને કલેશ આપનાર રાજા પોતાના કુળને ભસ્મસાત્ કરે છે. તેમાં કોઈ સંશય નથી.[૩૯] તદુપરાંત તેવા જનોની દૃષ્ટિથી ભસ્મ થયેલું ફરી અંકુરિત થતું નથી. કેમ કે ગરીબને પીડનાર રાજાને દૈવનો દંડ જ મારી નાખે છે.[૪૦] જે રાજાના રાજ્યમાં બળવાન જનોથી પીડા પામેલા ગરીબ નિર્બળ મનુષ્યોનું રક્ષણ કરનાર જો કોઈ હોતું નથી, તો તે દેશમાં રાજાનો વંશ મૂળે સહિત વિનાશ પામે છે.[૪૧] તેમજ બળવાન કોઈ પણ મનુષ્ય દુર્બળ જીવને પીડે છે. તો તે અન્યાય જ બળવાનના કુળને મૂળે સહિત બાળીને ભસ્મ કરી દે છે.[૪૨] આવા દુર્બળ, દીન, અનાથ અને વૃદ્ધોનાં આંસુ લૂછવાં, અન્નાદિકથી તેઓનું પોષણ કરવું અને પીડા આપનારાથી તેમનું રક્ષણ કરવું, એજ રાજાનો ધર્મ કહેલો છે.[૪૩]

રાજાએ કામ, ક્રોધ, લોભ, ભય અને દ્વેષને વશ થઈ ક્યારેય પણ ધર્મનો ત્યાગ ન કરવો. કારણ કે સર્વે રાજાઓ ધર્મથી જ દિવ્ય લોકને પામ્યા છે.[૪૪] હે વિપ્ર ! તે હેતુથી જ આ લોકમાં યુધિષ્ઠિર આદિક મહાન ધાર્મિક રાજાઓએ પોતાનો ધર્મ છોડ્યો ન હતો. તેથી અત્યારે પણ આલોકમાં તેઓની ઉજ્જવલ કીર્તિ વિસ્તરેલી દેખાય છે.[૪૫]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ–જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ રાજધર્મમાં દંડનું નિરૂપણ કર્યું, એ નામે સત્યાવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૭--***

---

अष्टाविंशोऽध्यायः - २८

श्रीनारायणमुनिरुवाच :-

ब्राह्मणानां ब्रह्मविदां सेवां कुर्यात्प्रयत्नतः । राज्यवृद्धिक्षयौ तेषां प्रसादाच्चाप्रसादनात् ॥१॥
सन्तुष्टाः सेवया विप्राः किं किं न नृपवाञ्छितम् । साधयेयुः स्वतपसा देवान्कुर्युर्हि स्वकान् ॥२॥
ब्राह्मणानां प्रसादेन पार्थिवा बहवः पुरा । कृत्वा महान्ति पुण्यानि प्राप्ताः सिद्धिं सुदुर्लभाम् ॥३॥
अवमानाद्ब्राह्मणानां प्रनष्टा नहुषादयः । स्वर्गगा अपि राजानो देवा दैत्याः सहस्रशः ॥४॥
तस्मान्नित्यं ब्राह्मणानां कुर्वीत प्रीणनं नृपः । श्रेयोर्थी निर्मदो भूत्वा भ्रश्यत्येवान्यथा श्रियः ॥५॥
ब्राह्मणानां परिभवो राज्ञा कार्यो न कर्हिचित् । ते पूज्याश्च नमस्कार्याः पालनीयाश्च पुत्रवत् ॥६॥
लोकानिमान्धारयन्ति ब्राह्मणा धर्मसेतवः । प्रणेतारश्च शास्त्राणां धर्मज्ञा धर्मपालकाः ॥७॥
तानाश्रित्यैव जीवन्ति सदेवा मानवादयः । यज्ञप्रवर्तका विप्रा हव्यकव्याग्रभोजिनः ॥८॥

## અધ્યાય - ૨૮

## રાજાઓની ઇચ્છા પૂર્તિ કરનાર બ્રાહ્મણોના મહિમાનું વર્ણન.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! રાજાએ તપોનિષ્ઠ, વેદભણેલા અને ભગવાનના એકાંતિક ભક્ત બ્રાહ્મણોની સેવા પ્રયત્નપૂર્વક કરવી. આવા બ્રાહ્મણોની પ્રસન્નતાથી રાજ્યની વૃદ્ધિ અને અપ્રસન્નતાથી ક્ષય થાય છે.[૧] સેવાથી સંતુષ્ટ થયેલા બ્રાહ્મણો રાજાએ ઇચ્છેલું શું સિદ્ધ કરી આપતા નથી ? સર્વે મનોરથો સિદ્ધ કરી આપે છે. બ્રાહ્મણો પોતાના તપોબળથી દેવતાઓને પણ પોતાના સેવકો કરે છે.[૨] પૂર્વે ઘણાક રાજાઓ બ્રાહ્મણોને પ્રસન્ન કરી મોટા પુણ્યને પ્રાપ્ત કરી અતિશય દુર્લભ સિદ્ધિઓને પામ્યા છે.[૩] (વિશેષ વિસ્તાર પ્ર. ૨ અ. ૩૮)

નહૂષ આદિક હજારો રાજાઓ અને દૈત્યો સ્વર્ગને પામ્યા હોવા છતાં બ્રાહ્મણના અપરાધથી તેઓનું સ્વર્ગથી પતન થયું છે.[૪] તેથી પોતાનું શ્રેય ઇચ્છતા રાજાએ નિર્માની થઇને નિત્ય બ્રાહ્મણોને રાજી કરવા. તેમ ન કરવાથી રાજા રાજલક્ષ્મી થકી ભ્રષ્ટ થાય છે.[૫] (વિશેષ વિસ્તાર પ્ર. ૨ અ. ૩૯) રાજાએ બ્રાહ્મણોનો પરાભવ ક્યારેય પણ ન કરવો, પરંતુ બ્રાહ્મણોને પૂજવા, નમસ્કાર કરવા અને પોતાના સગા પુત્રની જેમ અન્નવસ્ત્રાદિકનું પ્રદાન કરી તેમનું ભરણ પોષણ કરવું.[૬] ધર્મના સેતુ, શાસ્ત્રોના પ્રવર્તક, ધર્મના જ્ઞાતા અને પાલક બ્રાહ્મણો આ ભૂમિ આદિક સમસ્ત લોકને ધારી રહેલા છે.[૭] કારણ કે દેવતાઓએ સહિત મનુષ્યાદિક સર્વે તે

क्रीडोद्यानानि वेदानां फलज्ञाः सर्वकर्मणाम् । गतिज्ञाः सर्वभूतानां मानार्हा एव वाडवाः ॥९॥
अदैवं दैवतं कुर्युर्दैवतं चाप्यदैवतम् । सृजेयुरन्यांल्लोकांश्च कुपिता ब्राह्मणा द्विज ! ॥१०॥
येषां कोपाग्निरद्यापि दण्डके नोपशाम्यति । अपेयः सागरो यैश्च कृतः सद्यो महात्मभिः ॥११॥
येषां वृद्धश्च बालश्च सर्वः सन्मानमर्हति । जात्यैव लोकगुरवः सर्वपूज्यास्ततो हि ते ॥१२॥
तपोविद्याविशेषात्ते मानयन्ति परस्परम् । प्रमाणस्य प्रमाणं ये कस्तानभिभवेद्बुधः ॥१३॥
अविद्वान्ब्राह्मणो देवः पात्रं वै परमं महत् । विद्वान्भूयस्तरो देवः पूर्णसागरसन्निभः ॥१४॥
अविद्वांश्चैव विद्वांश्च ब्राह्मणो दैवतं महत् । प्रणीतो वाऽप्रणीतो वा यथाग्निर्दैवतं महत् ॥१५॥

---

બ્રાહ્મણોને આશરે જ જીવે છે તે કેવી રીતે ? તો બ્રાહ્મણો યજ્ઞમાર્ગની પ્રવૃત્તિ કરે છે તેથી દેવતા અને પિતૃઓ અન્ન પ્રથમ જમે છે. વરસાદથી અન્ન પાકે છે અને તેથી સર્વનું જીવન ચાલે છે. આ રીતે બ્રાહ્મણો સર્વેના જીવનનું મૂળ છે.[૮] બ્રાહ્મણો તો વેદોને રમવાના બગીચારૂપ છે. સર્વના કર્મફળ અને સર્વભૂત પ્રાણીમાત્રની ગતિને તે જાણનારા હોવાથી સર્વે દ્વારા માન આપવા યોગ્ય છે.[૯]

હે વિપ્ર ! કુપિત થયેલા બ્રાહ્મણો અદૈવ એવા માણસને દૈવભાવ પમાડી શકે છે, જેમ કે ત્રિશંકુ રાજાને સ્વર્ગમાં મૂક્યો. તેમજ દૈવભાવને પામેલા એવા નહૂષ રાજાને સાપ જેવી નીચ યોનિમાં ધકેલી દીધો. તેમજ બ્રાહ્મણો તો બ્રહ્માએ સર્જન કર્યું તેવું બીજું નવું સર્જન પણ કરી શકે છે. જેમ કે વિશ્વામિત્રે નવા સ્વર્ગાદિ લોકની રચના કરી, વગેરે.[૧૦] તેમજ બ્રાહ્મણોનો ક્રોધાગ્નિ હજુ સુધી દંડકારણ્યમાં શાંત થયો નથી. આ કથા રામાયણમાં કહેલી છે. તેમ જ જે અગસ્ત્ય મહર્ષિએ એક જ ક્ષણમાં સમુદ્રના જળને પીવા અયોગ્ય કર્યો.[૧૧] માટે બ્રાહ્મણોમાં બાળક યુવાન કે વૃદ્ધ પણ સર્વે જનોને માટે સન્માન કરવા યોગ્ય છે. કારણ કે બ્રાહ્મણો જનમથી જ લોકગુરૂ છે તેથી સર્વે જનો માટે પૂજનીય છે.[૧૨] અને તે બ્રાહ્મણો પણ તપ અને વિદ્યાના અધિક અધિકપણાથી પરસ્પર એક બીજાને માનવા અને પૂજવા. જે બ્રાહ્મણો સર્વેના પ્રમાણભૂત એવા વેદના પણ પ્રમાણરૂપ છે. કારણ કે વેદમાં પણ બ્રાહ્મણોને પૂજ્યપણે પ્રમાણિત કરેલા છે. તેથી કયો બુદ્ધિમાન પુરુષ તેમનો પરાભવ કરવા ઇચ્છે ? કોઇ પણ નહિ.[૧૩] બ્રાહ્મણ અવિદ્વાન હોય છતાં પણ દેવતાની જેમ પૂજ્ય છે અને દાન મૂકવાના શ્રેષ્ઠ પાત્રરૂપ છે. અને વિદ્વાન બ્રાહ્મણ તો દેવ સમાન અતિ પૂજ્ય છે અને પરમ પાત્રભૂત છે. કારણ કે તેઓ જળપૂર્ણ સમુદ્રની સમાન સકલ ઉત્તમગુણોના સાગર છે.[૧૪] જેવી રીતે અગ્નિ મંત્રથી સંસ્કૃત

स्मशानेष्वपि तेजस्वी पावको नैव दुष्यति । नितरां यज्ञशालायां शोभते च तथा द्विजः ॥१६॥
यादृशस्तादृशो वापि पूज्यो विप्रः सदा मतः । किरातरूपोऽप्यदहद्यतः कण्ठं गरुत्मतः ॥१७॥
पूज्या विप्राः सदा सर्वैर्नृपेण तु विशेषतः । तद्व्यतिक्रमतो यस्माद्राज्यं नश्येत्क्षणेन वै ॥१८॥
ब्राह्मणांस्तर्पयेन्नित्यं पक्वान्नैर्बहुधा कृतैः । प्रचुराज्यसितैर्भोज्यैस्तत्प्रियैर्व्यञ्जनादिभिः ॥१९॥
यथा यथा प्रसीदेयुर्ब्राह्मणाः स्वेष्टभोजनैः । तथा तथा प्रकुर्वीत नृपतिर्धार्मिकः सदा ॥२०॥
हुतैर्हविर्भिर्विप्रास्ये प्रचुराज्यादिभिर्यथा । तृप्यतीशस्तथा नैव यज्ञेष्वग्निमुखे हुतैः ॥२१॥
तद्बुद्ध्यैव ततो विप्रा भोजनीयाः प्रयत्नतः । दधाच्च दक्षिणास्तेभ्यः सन्तोष्यैतान्विसर्जयेत् ॥२२॥

---

કરેલો હોય કે અસંસ્કૃત હોય છતાં તે મહાદૈવતરૂપ જ છે. તેવી રીતે બ્રાહ્મણો પણ વિદ્વાન હોય કે અવિદ્વાન હોય મહાદૈવતરૂપ જ છે અને સર્વે વર્ણો કરતાં અધિક પ્રભાવશાળી છે.[૧૫]

વળી જેવી રીતે તેજસ્વી અગ્નિ શ્મશાનમાં પણ દોષ પામતો નથી. અને યજ્ઞશાળામાં પણ અત્યંત શોભે છે. તેવી જ રીતે બ્રાહ્મણ અભણ હોવા છતાં દોષીત ગણાતો નથી. અને વિદ્વાન બ્રાહ્મણ તો સભાદિકના સ્થાનમાં અતિશય શોભારૂપ છે.[૧૬] વાસ્તવમાં જેવો હોય તેવો પણ બ્રાહ્મણ તો સદાય પૂજ્ય જ મનાયેલો છે. કારણ કે ભીલનું રૂપ ધારણ કરનાર બ્રાહ્મણે ગરૂડના કંઠને બાળ્યો હતો. (એક વખત ગરૂડજીએ સર્વે ભીલોને ગળવા માંડેલા, તે સમયે કોઈ ભીલના આચારવાળા બ્રાહ્મણને પણ ભીલ સમજીને ગળ્યા લાગ્યા, તે સમયે કંઠના વચ્ચભાગે આવતાં ગરૂડનો કંઠ ગરમીથી અતિશય બળવા લાગ્યો. તેથી તત્કાળ તે ભીલરૂપ બ્રાહ્મણને ગરૂડે ઓકી કાઢ્યો ત્યારે શાંતિ થઈ. આ કથા મહાભારતમાં પ્રસિદ્ધ છે.)[૧૭] માટે સર્વે જનોએ બ્રાહ્મણોને સદાય પૂજવા, તેમાં રાજાએ તો વિશેષપણે કરીને પૂજવા. કારણ કે વિપ્રનું અપમાન એક ક્ષણમાં રાજ્યનો નાશ કરી દે છે. માટે તેઓનું સર્વે જનોએ પૂજન કરવું.[૧૮]

રાજાએ બ્રાહ્મણોને પ્રિય અનેક પ્રકારનાં પકવાન્નો, પુષ્કળ ઘી, સાકર મિશ્રિત શીરો આદિ ભોજ્ય વાનગીઓ અને અનેક પ્રકારનાં શાકાદિક વ્યંજનોથી બ્રાહ્મણોને નિત્ય તૃપ્ત કરવા.[૧૯] બ્રાહ્મણો સ્વાદિષ્ટ ભોજનથી જેવી રીતે અત્યંત પ્રસન્ન થાય તેવી રીતે જ ધાર્મિક રાજાએ સદાય પ્રયાસ કરવો.[૨૦] બ્રાહ્મણના મુખમાં હોમેલાં બહુ ઘી સાકર મિશ્રિત ભોજ્યાન્નથી ભગવાન વિષ્ણુ જેવા તૃપ્ત થાય છે. તેવા તો યજ્ઞો દ્વારા અગ્નિના મુખમાં હોમેલાં હુતદ્રવ્યોથી તૃપ્ત થતા નથી.[૨૧] માટે

नित्यं दशशतं वापि सहस्रमयुतं तथा । लक्षं वा भोजयेद्विप्रान् यथासम्पन्नृपोत्तमः ॥२३॥
गोहेमतिलमुख्यानि दद्याद्दानानि नित्यशः । नैमित्तिकानि च तथा वेदोक्तानि यथाविधि ॥२४॥
नक्षत्रेषु च तिथिषु सङ्क्रान्तिषु पृथक्पृथक् । दानान्युक्तानि कुर्वीत नानापर्वसु चर्षिभिः ॥२५॥
वापीः कूपांस्तडागांश्च कारयेच्च प्रपा नृपः । गावो विप्रो साधवश्च नरा यत्र पिबन्त्यपः ॥२६॥
निदाघकाले पानीयं यस्य तिष्ठत्यवारितम् । स दूर्गं विषमं कृच्छ्रं न कदाचिदवाप्नुयात् ॥२७॥
प्रतिमासं प्रत्यृतु वा तत्तत्कालोचितै रसैः । भोज्यैर्यस्तर्पयेत्विप्रांस्तस्य पुण्यमनन्तकम् ॥२८॥
तथा हविर्भिर्यज्ञेषु पायसाज्यसितादिभिः । देवान्सन्तर्पयेद्राजा दद्यात्प्रचुरदक्षिणाः ॥२९॥
देवालयानि नृपतिः कारयेत्सुदृढानि च । वृत्तिभिः सह तत्राथ स्थापयेद्देवताः स्वयम् ॥३०॥
धर्मशालाश्च विविधाः कारयेत्सह वृत्तिभिः । सोपस्कराणि वेश्मानि ब्राह्मणेभ्योऽर्पयेन्नृपः ॥३१॥

---

બ્રાહ્મણોને સાક્ષાત્ વિષ્ણુ બુદ્ધિથી જ પ્રયત્નપૂર્વક જમાડવા ને ખૂબ દક્ષિણા પણ આપવી. આ પ્રમાણે બ્રાહ્મણોને ખૂબજ સંતોષ પમાડ્યા પછી જ પોતપોતાના સ્થાને મોકલવા.[૨૨] ઉત્તમરાજાઓએ તો પોતાની સંપત્તિની શક્તિ અનુસાર હમેશાં દશ, સો, હજાર, દશહજાર અથવા લાખ બ્રાહ્મણોને જમાડવા.[૨૩] ગાય, સુવર્ણ અને તલ આદિકનું વિધિપૂર્વક નિત્ય દાન કરવું. પુત્રજન્મ આદિકનું નિમિત્ત કરીને પણ વિધિપૂર્વક બ્રાહ્મણોને દાન કરવું, વેદોક્ત વિધિપૂર્વકના યજ્ઞોની સમાપ્તિ થાય ત્યારે પણ ખૂબ દાન કરવું.[૨૪] શ્રવણાદિ નક્ષત્રો, બારસ આદિ તિથિઓ, મકરસંક્રાંતિ અને અનેક પ્રકારના પર્વણીના દિવસોએ ઋષિઓએ કહેલા અલગ અલગ પ્રકારનાં દાન રાજાએ કરવાં.[૨૫] વળી રાજાએ વાવ, કૂવા, તળાવ આદિક તથા પાણીનાં પરબ આદિક તૈયાર કરાવવાં, જેમાં ગાયો, બ્રાહ્મણો, સાધુઓ અને મનુષ્યો પણ જળ પાન કરે.[૨૬] ગરમીની ઋતુમાં પણ જે તળાવ આદિકનું પાણી કોઈ પણ રીતે ખૂટે નહિ, તો તેનો કરાવનારો મનુષ્ય અત્યંત વિષમ કષ્ટને ક્યારેય પણ પામતો નથી.[૨૭]

જે રાજા પ્રત્યેક માસે અથવા પ્રત્યેક ઋતુમાં તે તે સમયને ઉચિત આંબા આદિક ફળના રસથી અને દૂધપાક આદિક રસદાર ભોજનથી બ્રાહ્મણોને તૃપ્ત કરે છે, તેને અનંત પુણ્યની પ્રાપ્તિ થાય છે.[૨૮] રાજાએ વિષ્ણુયાગ આદિક યજ્ઞોને વિષે દૂધપાક આદિક હવિષ્યાન્નવડે દેવતાઓને તૃપ્ત કરવા અને યજ્ઞનિમિત્તની ખૂબજ દક્ષિણાઓ બ્રાહ્મણોને આપવી.[૨૯] વળી મજબૂત દેવ મંદિરો બંધાવવાં અને તેમાં પૂજાનો પ્રવાહ સતત ચાલુ રહે તે માટે આજીવિકાનો પ્રબંધ કરાવી

फलपुष्पद्रुमाढ्यानि नानोद्यानानि कारयेत् । दद्याच्च फलितान्वृक्षान्द्विजेभ्यः सुव्रतो नृपः ॥३२॥
संरक्षन् पोषयन्राजा जनसङ्घं नयेत यः । तीर्थक्षेत्राणि पुण्यं स लभेतानन्तयज्ञजम् ॥३३॥
जितेन्द्रियं ब्रह्मनिष्ठं यद्येकमपि पूजयेत् । भक्त्या निष्कपटो राजा तत्पुण्यं सर्वतोऽधिकम् ॥३४॥
अन्नार्थिजीवमात्रेभ्यो राजा चान्नं प्रदापयेत् । नान्नदानात्परं दानं श्रेष्ठमित्येव निश्चयः ॥३५॥
अन्नं हि प्राणिनां प्राणा भवन्त्यन्नाच्च देहिनः । निरन्नो मृत्युमाप्नोति तस्मादन्नं प्रदापयेत् ॥३६॥
अन्नसत्राणि सर्वत्र स्वराष्ट्रे कारयेन्नृपः । प्रत्यहं स्वपुरे दद्यादन्नार्थिभ्योऽन्नमुत्सुकः ॥३७॥
ब्राह्मणानतिथीन्भिक्षूननाथान्पथिकांस्तथा । योऽन्नेनार्चेद्यथायोग्यं तेन देवाः सुतर्पिताः ॥३८॥
एकाहं क्षुधितस्तिष्ठेदन्नमप्राप्य यत्पुरे । यः कोऽपि स हरेत्पुण्यं तस्य राज्ञो न संशयः ॥३९॥
तस्मान्नित्यं प्रयत्नेन शोधयित्वा पुरे स्वयम् । दापयेत्क्षुधितेभ्योऽन्नमप्रमत्तः सुधीर्नृपः ॥४०॥

---

દેવોની પ્રતિષ્ઠા પણ પોતે જ કરાવવી.[30] આજીવિકાવૃત્તિની સાથે રાજાએ વિવિધ ધર્મશાળાઓ બંધાવવી, તેમજ સર્વે ઉપકરણોએ સહિત રમણીય ઘરો પણ બ્રાહ્મણોને દાનમાં આપવાં.[31] શુભ નિયમ યુક્ત વ્રતવાળા રાજાએ બહુ પ્રકારનાં ફળ અને પુષ્પોવાળા રમણીય બગિચાઓ અને તેમાં ફળ આવેલાં વૃક્ષો બ્રાહ્મણોને દાનમાં આપવાં.[32] જે રાજા મનુષ્યોના સંઘને ચોર આદિકથી રક્ષા કરતો અને પોતાના અન્નદ્રવ્યથી પોષણ કરતો તીર્થયાત્રા કરાવે છે તે રાજાને અનંતગણું પુણ્ય થાય છે.[33] રાજા નિષ્કપટ થઇ જો જીતેન્દ્રિય ને બ્રહ્મનિષ્ઠ એવા ભગવાનના એક ભક્તને પણ ભક્તિભાવપૂર્વક પૂજે છે. ત્યારે તેનું પુણ્ય બીજા સર્વે પ્રકારનાં પુણ્યો કરતાં અધિક થાય છે.[34] રાજાએ અન્નાર્થી જીવમાત્રને અન્નનું દાન કરવું, અન્નના દાનની સમાન બીજા કોઇ દાન શ્રેષ્ઠ નથી. આવો શાસ્ત્રનો નિર્ણય છે.[35] કારણ કે દેહધારી જીવોના પ્રાણ અન્નને આશરે છે. પ્રાણીઓની ઉત્પત્તિ અન્નથી થાય છે. અન્ન વગરનું પ્રાણી મૃત્યુ પામે છે માટે અન્નનું દાન તો અવશ્ય કરવું.[36] રાજાએ પોતાના રાજ્યમાં સર્વત્ર ગામો અને નગરોમાં અન્નસત્રો કરાવવાં ને તેમાંથી સદાય અન્નનું દાન કરાવવું. અને પોતાના નિવાસ સ્થાનવાળા નગરમાં તો પ્રતિદિન અત્યંત ઉત્સાહની સાથે અન્નાર્થીઓને અન્નનું દાન કરવું.[37] જો રાજા બ્રાહ્મણો, ભિક્ષુકો, અનાથજનો તથા મુશાફરોને યથાયોગ્ય રીતે અન્ન જમાડી પૂજે છે. તે રાજા દેવતાઓને અત્યંત રાજી કરનારો થાય છે.[38] જે રાજાની રાજધાનીમાં જે કોઇ માણસ અન્ન પામ્યા વિના એક દિવસ ભૂખ્યો રહી જાય છે, તો તે રાજાના સમગ્ર પુણ્યને હરી લે છે. તેમાં કોઇ સંશય નથી.[39] તેથી બુદ્ધિમાન રાજાએ આળસ

अन्नदः प्राणदो लोके प्रोच्यते सर्वदश्च सः । अनन्तं फलमाप्नोति परत्रेह च सद्यशः ॥४१॥
हैममर्कप्रभं दिव्यं किङ्किणीजालमण्डितम् । अप्सरोमण्डितं नानादीर्घिकाद्युपशोभितम् ॥४२॥
वस्त्रभूषाभोज्यनगरसनद्युपमण्डितम् । यात्यारुह्य विमानं स कामगं स्वर्गमन्नदः ॥४३॥
सुखानि भूयांसि च तत्र दिव्ययानाप्सरोदिव्यरसोपभोगान् ।
प्राप्नोति गन्धर्वगणोपगीतकीर्तिः स ऐन्द्रान् द्विजवर्य ! भूपः ॥४४॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे राजधर्मेषु ब्राह्मणप्रशंसादिनिरूपणनामाष्टाविंशोऽध्यायः ॥२८॥*

---

છોડીને સાવધાન થઈ પોતાની રાજધાનીમાં હમેશાં ભૂખ્યા માણસને શોધીને અન્ન જમાડવાં.[40] આ લોકમાં અન્નદાતા પુરુષને પ્રાણદાતા તથા સર્વદાતા કહ્યો છે. તે પરલોકમાં અનંત ફળને પામે છે. અને આલોકમાં મોટી કીર્તિને પામે છે.[41]

અન્નનું દાન કરનારો પુરુષ સુવર્ણમય અને સૂર્યની કાંતિ સમાન તેજસ્વી વિમાનમાં બેસી સ્વર્ગમાં સીધાવે છે તે વિમાન ઘુઘરીઓથી સુશોભિત અને અનેક અપ્સરાઓના ગણથી મંડિત હોય છે.[42] તેમાં અનેક પ્રકારનાં ક્રીડાસ્થાનો, વાવ આદિક જળાશયો, વસ્ત્રો, આભૂષણો અને અનેક પ્રકારના રસોની નદીઓથી સુશોભિત હોય છે. મનના સંકલ્પ પ્રમાણે ગતિ કરનાર દેવતાઓના વિમાનમાં બેસી અન્નદાતા રાજા સ્વર્ગમાં સીધાવે છે.[43] હે વિપ્રશ્રેષ્ઠ ભૂદેવ ! ત્યારે સ્વર્ગમાં ગાંધર્વોના ગણો રાજાની કીર્તનું ગાન કરે છે, અને સ્વર્ગમાં પણ ઈન્દ્રના સંબંધવાળાં દિવ્ય વિમાનો, અપ્સરાઓ, અનેક પ્રકારના દિવ્ય રસો અને સુખોનો અનુભવ કરી આનંદ કરે છે.[44]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ–જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં રાજધર્મોમાં ભગવાન શ્રીહરિએ બ્રાહ્મણ પૂજાનો મહિમા કહ્યો, એ નામે અઠ્યાવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૮--***

---

## एकोनविंशोऽध्यायः - २९

**श्रीनारायणमुनिरुवाच :-**

न मांसं भक्षयेद्राजा हिंसाशीलो भवेन्न च । मांसाशिनोऽन्यानपि च हिंसायाः सन्निवर्तयेत् ॥१॥
अहिंसैव परो धर्मः सर्वेषां समुदाहृतः । मनसा वपुषा वाचा त्याज्या हिंसा च सङ्गतः ॥२॥
यथा चतुष्पादेकेन पदा हीनो न गच्छति । म्रियते गत्यभावाच्च कालेनाल्पलेन निश्चितम् ॥३॥
अहिंसापि तथैवेयं वृत्तिभिर्मनआदिभिः । पालनीया प्रयत्नेन नश्यत्येवान्यथा तु सा ॥४॥
पूर्वं तु मनसा त्यक्त्वा ततो वाचा च कर्मणा । न भक्षयति यो मांसं पुरुषः स विमुच्यते ॥५॥
राजा पिता हि सर्वेषां सर्वे जीवास्तु तत्सुताः । पालनीयास्ततः सर्वे हिंसकेभ्यो भयात्सदा ॥६॥
पुत्रमांसोपमं जानन् यः खादति विमोहितः । मांसं तु रसलुब्धात्मा स तु राक्षस उच्यते ॥७॥

---

## અધ્યાય - ૨૯

## શ્રીહરિએ રાજધર્મોમાં અહિંસાદિક સનાતન ધર્મનું કરેલું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! રાજાએ માંસનું ભક્ષણ ન કરવું. મૃગ્યાદિક પ્રાણીઓની હિંસા ન કરવી. માંસભક્ષી અન્ય જનોને પણ હિંસા કરતાં રોકવા.[૧] કારણ કે અહિંસા છે તે જ પરમ ધર્મ કહેલો છે. એથી હિંસા તો મન, વચન, શરીર અને સંગે કરીને પણ ન કરવી.[૨] જે રીતે ચારપગવાળા બળદ આદિક પશુઓનો જો એક પગ ઓછો હોય તો ચાલી શકતાં નથી અને અલ્પ કાળમાં જ તે મૃત્યુ પામે છે.[૩] તેવી રીતે આ અહિંસા ધર્મ પણ મન આદિક પૂર્વોક્ત ચારે પ્રકારે પાલન કરવો. અને જો તેમાંથી એકાદનો લોપ થાય તો અહિંસા ધર્મ નાશ પામે છે.[૪] જે પુરુષ પ્રથમ મનના સંકલ્પથી, વાણીથી અને દેહથી હિંસાનો ત્યાગ કરે છે અને પછી હિંસા કરનારાઓના સંગનો પણ ત્યાગ કરે છે. અને માંસનું ભક્ષણ ક્યારેય પણ કરતો નથી, તે જ પુરુષ સંસૃતિના દુઃખ થકી મુક્ત થાય છે.[૫] રાજા તો સર્વેનો પિતા કહેવાય ને સર્વે જીવો રાજાના પુત્રો કહેવાય તેથી જીવપ્રાણી માત્રની રાજાએ હિંસક જનો થકી રક્ષા કરવી અને તેમના ભયથી પણ સદાય રક્ષા કરવી.[૬] જે રાજા માંસને પુત્રના માંસયોગ્ય જાણતો હોવા છતાં રસમાં લુબ્ધ થઈ મોહ પામીને માંસભક્ષણ કરે છે, તે રાજાને રાક્ષસ કહેલો છે.[૭] અહિંસા આદિક સદાચારમાં નિષ્ઠાવાળા ઘણા બધા શિબિ આદિક રાજાઓ પોતાના જીવનની આશાઓ છોડીને પોતાના માંસથી પરનું પોષણ કરીને સ્વર્ગે સીધાવ્યા

जीवितं हि पर्त्यज्य बहवः साधवो नृपाः । स्वमांसैः परमांसानि परिपाल्य दिवं गताः ॥८॥
सप्तर्षयो वालखिल्यास्तथैवोचुर्मरीचिपाः । अमांसभक्षणं सर्वे प्रशंसन्ति महर्षयः ॥९॥
यज्ञेषु पश्वालम्भोऽपि न साक्षाद्वेदसम्मतः । किन्त्वसात्त्विकवृत्तिनां रागाद्धिंसानिवृत्तये ॥१०॥
एवं धर्मरतो राजा कृत्वा राज्यं यथाविधि । तृतीय आयुषो भागे दद्याज्ज्येष्ठाय सूनवे ॥११॥
स्वयं वनमुपाश्रित्य कृत्वा सङ्गं सतां हरौ । भक्तिं कुर्याद्यदि दृढं प्राप्नुयात् परमं पदम् ॥१२॥
राज्यं कुर्वन् यदि मृतो युद्धे वा धार्मिको नृपः । सोऽपि स्वर्गमवाप्नोति भुङ्क्ते भोगाननेकशः १३
ततः कालेन सम्प्राप्य पुण्यशेषेण मानवम् । देहं कृत्वा सतां सङ्गं विष्णुभक्त्या विमुच्यते ॥१४॥
यदि राज्यमदोन्मत्तो मर्यादां लङ्घयेदिमाम् । स्वैरवर्ती स तु नृपः प्राप्नोत्यत्रायशो महत् ॥१५॥
मृत्वा प्रजानां शमलं गृहीत्वा पापकर्मणाम् । यमालये फलं भुङ्क्ते यावच्चन्द्रदिवाकरौ ॥१६॥
ततो भ्राम्यति कालेन कीटपक्ष्यादियोनिषु । तस्माद्राजा धर्मनिष्ठः पालयेन्नियतः प्रदा ॥१७॥

---

છે.[૮] સપ્તર્ષિઓ, વાલખિલ્યાદિ મુનિઓ અને મરીચ્યાદિ મહર્ષિઓ પણ માંસભક્ષણનો નિષેધ કરેલો છે. તેમજ બીજા સર્વે મુનિઓએ પણ માંસભક્ષણના નિષેધની પ્રશંસા કરી છે.[૯]

યજ્ઞમાં પણ પ્રત્યક્ષ પશુ હોમ કરવો તે વેદને સંમત નથી. અને જે કહ્યું છે તે તો રજોગુણી અને તમોગુણી પુરુષોના રાગથી થતી હિંસાની નિવૃત્તિ માટે કહ્યું છે. પરંતુ હિંસાપરક યજ્ઞો કરવા, એવો વેદનો અભિપ્રાય નથી.[૧૦] તેમજ ધર્મપરાયણ રાજાએ વિધિપૂર્વક રાજ્યનું પ્રશાસન ચલાવતાં આયુષ્યના ત્રીજા ભાગમાં મોટા પુત્રને વિધિપૂર્વક રાજ્ય સોંપી પોતે વનમાં જઈ ભગવાનના એકાંતિક ભક્ત કે સંતોનો સમાગમ કરવો. એમ કરતાં જો રાજાને શ્રીહરિમાં દૃઢ ભક્તિ થાય તો ભગવાનના પરમ પદને પ્રાપ્ત કરે છે.[૧૧-૧૨] ધાર્મિક રાજા રાજ્ય કરતાં કરતાં જો મૃત્યુ પામે અથવા રણસંગ્રામમાં મરાય તો તે પણ સ્વર્ગને પામે છે. અને ત્યાં અનેક પ્રકારના ભોગને ભોગવે છે.[૧૩] પછી કાળે કરીને બચેલાં પુણ્યના પ્રતાપે મનુષ્યશરીર પામીને સંતોનો સમાગમ કરી ભગવાનની ભક્તિ કરે છે ત્યારે સંસારમાંથી મુક્ત થાય છે.[૧૪] અને જો રાજા રાજ્યના મદથી ઉદ્ધત અને સ્વેચ્છાચારી થઈ મેં કહેલી આ ધર્મમર્યાદાને ઉલ્લંઘન કરીને વર્તે છે. તે રાજા આલોકમાં અતિશય અપકીર્તિને પામી છે અને મૃત્યુ સમયે પ્રજાનું પાપ સાથે લઈ યમપુરીમાં પાપકર્મનું ફળ સૂર્ય-ચંદ્ર તપે ત્યાં સુધી ભોગવે છે.[૧૫-૧૬] ત્યાર પછી બહુ કાળે કરીને કીટ, પક્ષી આદિક યોનિઓમાં ભટકે છે. તેથી રાજાએ ધર્મનિષ્ઠ

नीतिशास्त्रं पुरा ब्रह्मा लक्षाध्यायं चकार ह । धर्मज्ञानाय वै राज्ञां प्रजानां च सुखाप्तये ॥१८॥
अल्पायुषो जनान् दृष्ट्वा तत्सङ्क्षिप्य शिवस्ततः । वैशालाक्षाभिधं चक्रेऽयुताध्यायं मनोहरम् ॥१९॥
तत्सङ्क्षिप्य पुनः पञ्चसहस्त्राध्यायमुत्तमम् । बाहुदन्तकसंज्ञं च ततश्चक्रे पुरन्दरः ॥२०॥
तत्सङ्क्षिप्य पुनः काले बार्हस्पत्याभिधं द्विज ! । त्रिसहस्त्राध्याययुतं चकार च बृहस्पतिः ॥२१॥
काव्यः सङ्क्षिप्य तच्चक्रे सहस्त्राध्यायविश्रुतम् । तच्छास्त्रमभितो भूमौ मुनिभिः सम्प्रवर्तितम् ॥२२
पुनश्चाल्पमतीन् दृष्ट्वा जनानल्पायुषस्तथा । भरद्वाजादिमुनिभिः सङ्क्षेपेण प्रवर्तितम् ॥२३॥
तत्सारमात्रं तु मया प्रोक्तमन्यत्र विस्तरः । धर्मेणैव प्रजा राज्ञा रक्ष्यास्तत्रेति निश्चितम् ॥२४॥
राजधर्मा इति मया प्रोक्तास्ते द्विजसत्तम ! । यानाश्रितो नरपतिरिन्द्रेण सह मोदते ॥२५॥
गृहस्थधर्मानेतान् यो विष्णोर्भक्त्या सहाचरेत् । स हि तद्धाम परमं लभते पुरुष किल ॥२६॥
तद्भक्तिरहितोऽप्यत्र धर्मानेतान् य आचरेत् । श्रद्धया परयोपेतः स्वर्गं सोऽपि लभेत वै ॥२७॥

---

થઈ ઈન્દ્રિયોને નિયમમાં રાખી પ્રજાનું પાલન કરવું.[૧૭]

પૂર્વે બ્રહ્માજીએ રાજાઓને ધર્મનું જ્ઞાન આપવા અને પ્રજાના સુખને વાસ્તે એક લાખ અધ્યાયવાળા નીતિશાસ્ત્રની રચના કરી.[૧૮] પછી શિવજીએ મનુષ્યોની અલ્પ આયુષ્યને જોઈ તે નીતિશાસ્ત્રનો સંક્ષેપ કરી વૈશાલાક્ષા નામના દશહજાર અધ્યાયવાળા મનોહર નીતિશાસ્ત્રની રચના કરી.[૧૯] તેના પછી ઈન્દ્રે શિવજીએ કરેલા નીતિશાસ્ત્રનો પણ સંક્ષેપ કરી બાહુદંતક નામના પાંચ હજાર અધ્યાયવાળા સર્વોત્તમ નીતિશાસ્ત્રની રચના કરી.[૨૦] હે વિપ્ર ! ત્યાર પછી સમય જતાં બૃહસ્પતિ મનુએ એજ નીતિશાસ્ત્રનો સંક્ષેપ કરી ત્રણ હજાર અધ્યાયવાળા બાર્હસ્પત્ય નામનું નીતિશાસ્ત્ર કર્યું.[૨૧] તેનો સંક્ષેપ કરી શુક્રાચાર્યે સહસ્રાધ્યાયી નામના પ્રસિદ્ધ નીતિશાસ્ત્રની રચના કરી તેનો મુનિઓએ પૃથ્વી પર ચારે બાજુએ પ્રસાર કર્યો.[૨૨] ત્યાર પછી મનુષ્યોની અલ્પબુદ્ધિ અને આયુષ્ય જોઈ ભારદ્વાજાદિ મુનિઓએ એજ શાસ્ત્રનો સંક્ષેપ કરી તેમનું પ્રવર્તન કર્યું.[૨૩] તે નીતિશાસ્ત્રનો અહીં મેં તમને માત્ર સાર જ કહ્યો છે. બીજાં નીતિશાસ્ત્રમાં તેનો બહુ વિસ્તાર રહેલો છે. તે પ્રમાણે રાજાઓએ ધર્મથી પ્રજાનું રક્ષણ કરવું, આટલું નિશ્ચિત છે.[૨૪] હે વિપ્ર ! આ પ્રમાણે મેં તમને રાજધર્મો કહ્યા. તે ધર્મોનો આશ્રય કરી વર્તતા રાજાઓ સ્વર્ગમાં ઈન્દ્રની સાથે આનંદ ભોગવે છે.[૨૫]

હે વિપ્ર શ્રેષ્ઠ ! જે પુરુષ મેં કહેલા આ ગૃહસ્થ ધર્મોનું વિષ્ણુ ભગવાનની ભક્તિ સાથે આચરણ કરે છે. તે પુરુષ તેમના પરમ અક્ષરધામને પામે છે તે

स्वकीयपुण्यार्जितभूरिभोगान्दिव्यान्स भुक्त्वा पुनरत्र भूमौ ।
प्राप्योद्भवं पुण्यवतो निकेते करोति पूर्वाधिकमेव पुण्यम् ॥२८॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे राजधर्मेषु अहिंसादिसनातनधर्मनिरूपणनामैकोनत्रिंशोऽध्यायः ॥२९॥*

---

**त्रिंशोऽध्यायः - ३०**

**श्रीनारायणमुनिरुवाच :-**

स्त्रीणां धर्मान्प्रवक्ष्यामि सधवानामथ द्विज ! । विधवानां च नारीणामिहामुत्र सुखप्रदान् ॥१॥
सत्या गीताः पुरा सर्वे धर्माः सकलयोषिताम् । गङ्गाद्याः स्त्रीः प्रति शुभाः कैलासे शम्भुसन्निधौत्रि २

---

**નિઃસંશય છે.[૨૬] જે પુરુષ આલોકમાં ભગવાનની ભક્તિએ રહિત હોય છતાં પણ મેં કહેલા ધર્મોનું પરમ શ્રદ્ધાથી આચરણ કરે છે તે મનુષ્ય સ્વર્ગને પામે છે. તે નક્કી વાત છે.[૨૭] તે સ્વર્ગમાં ગયેલો પુરુષ પોતાના પુણ્યથી પ્રાપ્ત કરેલા ભોગોને ભોગવી ફરી આ ભૂમિપર કોઈ પુણ્યશાળીના ઘેર જન્મ ધારણ કરી પૂર્વથી અધિક પુણ્યકર્મ કરીને આગળ વધે છે.[૨૮]**

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતા ભગવાન શ્રીહરિએ રાજધર્મમાં અહિંસાદિક સનાતન ધર્મોનું નિરૂપણ કર્યું, એ નામે ઓગણત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૯--***

---

**અધ્યાય - ૩૦**

## સધવા સ્ત્રીઓમાં કુલટા અને પતિવ્રતા એ બે ભેદનું શ્રીહરિએ કરેલું નિરૂપણ.

**ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે દ્વિજ ! હવે હું તમને સ્ત્રીઓના ધર્મો કહું છું, કે જે સધવા અને વિધવા નારીઓને આલોક તથા પરલોકમાં સુખને આપનારા છે.[૧] પૂર્વે કૈલાશને વિષે શિવજીના સાંનિધ્યમાં સતી પાર્વતીજીએ ગંગા આદિક સ્ત્રીઓ પ્રત્યે સ્ત્રીઓના સર્વ ધર્મો કહેલા છે.[૨] હે દ્વિજ ! આ પૃથ્વીપર મોટા**

तानेव तुभ्यं कथये सविशेषानहं द्विज ! । हिताय योषितां भूमाविच्छन्तीनां सुखं महत् ॥३॥
कुलरूपगुणैर्योग्यान्वरान् दृष्ट्वा यथाविधि । तेभ्यः पित्रादिना दत्ताः सधवास्तास्तु योषितः ॥४॥
कालगत्या च या नार्यो भवेयुर्मृतभर्तृकाः । विधवास्तास्तु विज्ञेया याः प्रोक्ता न्यासिभिः समाः ।५
तत्राद्या द्विविधाः प्रोक्ताः कुलटाश्च पतिव्रताः । भर्तृभिन्नेषु याः रतास्ताः कुलटा मताः ॥६॥
दुष्टस्वभावा कुलटा भवेत्सद्वंशजापि च । अधर्मशीला नित्यं स्याद्दुर्मुखा कलहान्विता ॥७॥
स्वपतिं भत्सर्येन्नित्यं जारं च रमयेत्सदा । विषतुल्यं पतिं पश्येद्धर्मिष्ठमपि दुर्मतिः ॥८॥
कामदेवसमं चापि जारं पश्येच्च कामतः । शुभदृष्ट्या कटाक्षेण शश्वत्पापीयसी मुदा ॥९॥
सुवेशं पुरुषं दृष्ट्वायुवानं रतिशूरकम् । कामातुरा भवेत्सा तु कुलटा कामिनी सदा ॥१०॥

---

સુખને ઈચ્છતી સ્ત્રીઓના હિતને માટે થોડી વિશેષતા સાથે તે જ સતીએ કહેલા ધર્મો હું તમને સંભવાવું છે.[૩] કુળ, રૂપ અને ગુણોને યોગ્ય વરને જોઈ પિતા આદિકે તેવા વરને વિધિપૂર્વકના વિવાહકર્મમાં જે સ્ત્રીનું દાન કરેલું હોય તે જ સ્ત્રીને સધવા જાણવી.[૪] જે નારીનો પતિ કાળગતિથી મૃત્યુ પામ્યો હોય તે નારીને વિધવા જાણવી. આવી વિધવા નારી સંન્યાસીની સમાન જ કહેલી છે. તેથી સંન્યાસીઓને જેમ અષ્ટ પ્રકારે સ્ત્રીઓનો ત્યાગ કહેલો છે, તેમ વિધવા નારીને પણ અષ્ટ પ્રકારે પુરુષનો ત્યાગ રાખવો.[૫] સધવા નારીના બે પ્રકાર છે. તેમાં પહેલી સધવા સ્ત્રીઓ પણ કુલટા અને પતિવ્રતા એમ બે પ્રકારની છે. તેમાં જે સ્ત્રી પોતાના પતિ સિવાય બીજા પુરુષોમાં આસક્ત હોય તે સ્ત્રીઓને કુલટા જાણવી.[૬] તે કુલટા નારી કોઈ અસદ્વંશમાં જ જન્મેલી હોય છે એવું નથી. સત્કુળમાં ઉત્પન્ન થયેલી હોવા છતાં વ્યભિચારનો દુષ્ટ સ્વભાવ ધરાવતી કુલટા હોય છે. તેવી સ્ત્રી હમેશાં પતિ, પુત્ર આદિકને મરાવી નાખવા આદિક અધર્મ સ્વભાવવાળી તથા સદાય ક્રોધ પરાયણ દુર્મુખી અને કજીયાખોર હોય છે.[૭] દુર્બુદ્ધિવાળી એ કુલટા સ્ત્રી નિત્યે પોતાના પતિનો તિરસ્કાર કરતી હોય છે. અને જારપુરુષની સાથે નિત્યે ક્રીડા કરે છે, પોતાનો પતિ ધર્મિષ્ઠ હોવા છતાં તેને હમેશાં ઝેર જેવો લાગે છે.[૮] સદાય પાપની પાળ, તે કુલટા સ્ત્રી કામબુદ્ધિથી જાર પુરુષને જાણે સાક્ષાત્ કામદેવ હોય તેવો ભાવ રાખી શુભ દૃષ્ટિ તથા કટાક્ષ ભરેલી દૃષ્ટિથી અતિ આનંદ પૂર્વક નિહાળે છે.[૯] સદાય કામોપભોગની ઈચ્છા ધરાવતી તે કુલટા સ્ત્રી સુંદરવેશવાળા, યુવાન અવસ્થાવાળા અને વારંવાર સંભોગપ્રદાન કરવામાં સમર્થ પુરુષને જોઈ તે અતિશય કામાતુર થઈ જાય છે.[૧૦] કુલટા સ્ત્રી ગુરુ, પિતા, અથવા સસરાની બહુ જ વઢ ખાતી હોય, પોતાના પુત્રાદિકથી

गुरुणा भर्त्सिता सापि रक्षिता च सुतादिभिः । तथापि जारं कुर्वीत नैव साध्या नृपैरपि ॥११॥
नास्ति तस्याः प्रियं किञ्चित्सर्वं कार्यवशात्प्रियम् । गावस्तृणमिवारण्यं प्रार्थयेत्सा नवं नवम् ॥१२
व्रते तपसि धर्मे च न मनो गृहकर्मसु । न गुरौ च भवेत्तस्या जारे स्निग्धं च चञ्चलम् ॥१३॥
स्वैरिण्योऽथ च कामिन्यः पुंश्चल्य इति भेदतः । प्रोक्ताः सन्ति पुराणेषु त्रिविधाः कुलटाः स्त्रियः १४
सवर्णेषु रताः पुंसु स्वैरिण्यस्तत्र कीर्तिताः । असवर्णेष्वपि रताः सवर्णेषु तथाऽपराः ॥१५॥
सवर्णेष्वसवर्णेषु स्वसम्बन्धिषु पुंसु च । योषितो या रताः स्युस्ताः पुंश्चल्य इति कीर्तिताः ॥१६॥
कुलटास्त्रिविधा ह्येता देहान्ते यमयातनाः । आकल्पं प्राप्नुवन्त्येव नैवासामस्ति सद्गतिः ॥१७॥
पतिरेव व्रतं यस्याः सा तु प्रोक्ता पतिव्रता । प्राणेभ्योऽपि प्रियतरः पतिस्तस्या भवेद्ध्रुवम् ॥१८॥

---

**બહુ જ રક્ષણ કરાતી હોય, છતાં જાર પુરુષને સેવે છે. અને આવી સ્ત્રીઓને રાજાઓ પણ પોતાના દંડથી વશ કરી શકતા નથી.[૧૧]**

**આવી કુલટા સ્ત્રીઓને બીજું કોઇ પણ પ્રિય હોતું નથી, પોતાના કામોપભોગના સ્વાર્થને સિદ્ધ કરવા સર્વે પ્રિય થઇ જાય છે. જેવી રીતે ગાયોને નવું નવું જંગલ અને નવું ઘાસ ગમે છે, તેમ આવી કુલટા સ્ત્રીઓને નવો પુરુષ ગમે છે, તેથી તેની પ્રાર્થના કરતી હોય છે.[૧૨] તેનું મન એકાદશી આદિક વ્રતનું આચરણ કરવામાં તો કોઇ દિવસ લાગતું નથી. તેમજ કુચ્છ્રાદિવ્રતમાં, દાન ધર્માદિક નિયમમાં કે ઘરના કામમાં પણ તેનું મન લાગતું નથી. તેમજ ગુરુ, પિતા કે સસરાદિકના શિક્ષા-વચનો તેને ગમતાં નથી. તેને એક જાર પુરુષનો જ સંગ ગમે છે, અને તેમાં તે અતિ ચંચળ થાય છે.[૧૩] આવી કુલટા સ્ત્રીઓને પુરાણાદિ ગ્રંથોમાં સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી એમ ત્રણ પ્રકારની કહેલી છે.[૧૪] એ ત્રણમાં પોતાના સમાન વર્ણના પુરુષોમાં કામભાવે આસક્ત સ્ત્રીને સ્વૈરિણી કહેલી છે.અસવર્ણના સર્વે પુરુષોમાં આસક્ત સ્ત્રીને કામિની કહેલી છે.[૧૫] અને ત્રીજી સવર્ણ કે અસવર્ણ ઉપરાંત પોતાના સંબંધી પુરુષોમાં પણ આસક્ત હોય તેમને પુંશ્ચલી કહેલી છે.[૧૬] આ ત્રણે પ્રકારની કુલટા સ્ત્રીઓ દેહ મૂકયા પછી યમપુરીમાં નરકના દુઃખો કલ્પ પર્યંત ભોગવે છે, અને તેઓની સદ્‌ગતિ પણ ક્યારેય થતી નથી.[૧૭]**

**અને જે સ્ત્રીનું વ્રત પતિની સેવા કરવી એ જ હોય છે તેને પતિવ્રતા કહેલી છે. આવી પતિવ્રતા નારીને તેમનો પતિ તેમને પ્રાણ કરતાં પણ વધુ વ્હાલો હોય છે.[૧૮] વળી તે પતિવ્રતાને પોતાનો પતિ દેવ, દૈત્ય અને મનુષ્ય કરતાં પણ અધિક હોય છે. તેથી જ એ હમેશાં નિષ્કપટભાવે પ્રીતિપૂર્વક પતિમાં પરમેશ્વરનો ભાવ**

देवदैत्यनरादिभ्यो यस्याः स्यादधिकः पतिः । सेवेत तं सदा प्रीत्या निश्छद्मेश्वरवद्धि सा ॥१९॥
व्रतं दानं तपः पूजां जपहोमादिकं तु यत् । आज्ञयैव स्वभर्तुर्या कुर्यात्सा तु पतिव्रता ॥२०॥
पुत्रे यथैकपुत्राणां वैष्णवानां यथा हरौ । नेत्रे यथैकनेत्राणां तृषितानां यथा जले ॥२१॥
क्षुधितानां यथाऽन्ने च कामुकानां यथा स्त्रियाम् । यथा परस्वे चौराणां यथा जारे कुयोषिताम् ।२२
विदुषां च यथाशास्त्रे वाणिज्ये वणिजां यथा । तथा शश्वन्मनः साध्व्याः स्वीये भवती भर्तरि ॥२३
पतिव्रतानां द्विजवर्य ! धर्मान् स्त्रीणां वदाम्यादित एव तुभ्यम् ।
यानाश्रिता यान्ति हि सप्रियास्ताः सत्यास्तु लोकं सुरदर्शनीयम् ॥२४॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे स्त्रीधर्मेषु सधवास्त्रीभेदलक्षणनिरूपणनामा ऽध्यायः ॥३०॥*

---

રાખી સેવાપરાયણ જીવન જીવે છે.[૧૯] જે સ્ત્રી વ્રત, દાન, તપ, પૂજા, જપ અને હોમાદિક જે કાંઈ કરે તે સર્વે પોતાના પતિની આજ્ઞા લઈને કરે છે, તેને જ પતિવ્રતા સ્ત્રી કહેલી છે.[૨૦] જેવી રીતે એક પુત્રવાળા જનોને પોતાનું મન પુત્રમાં જ હોય છે, વૈષ્ણવોનું મન ભગવાનમાં જ હોય છે, એક નેત્રવાળાને નેત્રમાં, તૃષાતુરને જળમાં, ક્ષુધાતુરને અન્નમાં, કામાતુરને સ્ત્રીઓમાં, ચોરોને પરધનમાં, કુલટા સ્ત્રીઓને જારમાં, વિદ્વાનોને શાસ્ત્રમાં અને વેપારીઓને વેપારમાં મન રહે છે, તેમ પતિવ્રતા નારીઓને હમેશાં પોતાના પતિમાં જ મન રહે છે.[૨૧-૨૩] હે ઉત્તમ વિપ્ર ! આવી પતિવ્રતા સ્ત્રીઓના ધર્મો તમને પ્રથમથી હું કહું છું. જે ધર્મોનો આશ્રય કરી પતિવ્રતા નારી પતિદેવની સાથે દેવતાઓને પણ દર્શન કરવા યોગ્ય એવા સતી પાર્વતીના લોકને પામે છે.[૨૪]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતા ભગવાન શ્રીહરિએ સધવા સ્ત્રીઓના બે ભેદનું નિરૂપણ કર્યું, એ નામે ત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૦--***

---

## एकत्रिंशोऽध्यायः - ३१

श्रीनारायणमुनिरुवाच :-

नार्याः पतिव्रतायास्तु पतिरेवेश्वरो मतः । अतस्तमेव सेवेत भक्त्येश्वरमिवादरात् ॥१॥
प्रतिबुध्योषसि स्नात्वा सुसम्मृष्टपरिच्छदा । धौतवासाः शुचिर्नित्यं भर्तृसेवापरा भवेत् ॥२॥
स्नापयित्वा सुपूतेन वारिणा निर्मलेन च । तस्मै दत्त्वा धौतवस्त्र तत्पादौ क्षालयेन्मुदा ॥३॥
आसने चासयित्वा तं तस्य भाले च चन्दनम् । दोष्णोश्च हृदये कृत्वा दद्यान्माल्यं गलेऽपि च ॥४॥
नमः कान्ताय मन्त्रेण भोगद्रव्यैः सुधोपमैः । सम्पूज्य भक्तितः कान्तं स्तुत्वा च प्रणमेन्मुदा ॥५॥
प्रकाशेऽन्नं विशोध्याथ शुचिर्भूत्वा शुचिस्थले । सुसंस्कृतं पत्युरिष्टं पाकं कृत्वा तमाशयेत् ॥६॥
भुक्ते पत्यौ तु भुञ्जीत तिष्ठेत्तस्मिंश्च तिष्ठति । निद्रिते सति निद्रायाद्बुध्येताऽऽदौ पतिव्रता ॥७॥

---

## અધ્યાય - ૩૧

## ભગવાન શ્રીહરિએ કરેલું પતિવ્રતા સ્ત્રીઓના ધર્મોનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! પતિવ્રતા નારીએ પોતાને મન પતિ જ ઈશ્વર માનેલો હોય છે. તેથી તેમણે ઈશ્વરની જેમ આદરપૂર્વક સેવા કરવી.[૧] પ્રતિદિન પ્રાતઃકાળે જાગ્રત થઈ સ્નાન કરી શુદ્ધ વસ્ત્રો ધારણ કરવાં, અપવિત્ર પદાર્થોનો સ્પર્શ ન કરવો, ઘરના ઉપકરણોને સ્વચ્છ રાખવાં, અને પોતાના પતિની સેવામાં સદાય તત્પર રહેવું.[૨] પતિને વસ્ત્રથી ગાળેલા જળવડે સ્નાન કરાવી તેમને ધોયેલાં વસ્ત્રો પહેરવા આપવાં, ને પ્રેમપૂર્વક ફરી તેમના ચરણકમળનું પ્રક્ષાલન કરવું.[૩] ને પતિને શુદ્ધ આસન ઉપર બેસાડીને તેમના ભાલમાં, બન્ને બાહુમાં અને હૃદયમાં ચંદન ચર્ચી કંઠમાં સુગંધીમાન પુષ્પની માળા ધારણ કરાવવી.[૪] ત્યારપછી અમૃતની સમાન પ્રાતઃકાળનું ભોજન અર્પણ કરી "કાન્તાય નમઃ" આ મંત્ર બોલીને ભાવથી કાંતનું પૂજન અને સ્તુતિ કરી તેમને પ્રણામ કરવા.[૫] પછી પ્રકાશમાં અન્નને જોઈ શુદ્ધ કરી ફરી સ્નાનથી શુદ્ધ થઈ પવિત્ર સથળમાં પતિને રુચિકર રસોઈ બનાવવી ને પતિને પ્રેમથી ભોજન કરાવવું.[૬] પતિવ્રતા નારીએ પતિના જમ્યા પછીથી જ જમવું. બેસ્યા પછી બેસવું, તે સુઈ જાય પછી સુવું અને પતિના જાગ્યા પહેલાં જાગવું.[૭] અલંકાર ધારણ કર્યા વિનાનું પોતાનું શરીર ક્યારેય પણ પતિને દેખાડવું નહિ. પતિ કોઈ કામ પ્રસંગે દેશાંતર જાય ત્યારે શરીરને વસ્ત્રાલંકારોથી શણગારવું નહિ.[૮]

अनलङ्कृतमात्मानं न पतिं दर्शयेत्क्वचित् । कार्यार्थं प्रोषिते पत्यौ भवेन्मण्डनवर्जिता ॥८॥
पत्युर्नाम न गृह्णीयात्तस्यायुष्यविवृद्धये । पुरुषान्तरनामापि न गृह्णीयात्कदाचन ॥॥९॥
आक्रुष्टापि च नाक्रोशेत्प्रसीदेत्ताडितापि च । चिरं द्वारि न तिष्ठेच्च नोच्चैर्भाषेत कर्हिचित् ॥१०॥
आहूता गृहकार्याणि त्यक्त्वाऽऽगच्छेच्च सत्वरम् । एषाऽस्म्याज्ञाप्यतां स्वामिन्निति ब्रूयाच्छनैर्वचः ११
हरिपूजोपकरणं पत्याऽनुक्तापि साधयेत् । उपयुक्तं यदा यत्स्यात्तत्तदानीमुपाहरेत् ॥१२॥
सेवेत भर्तुरुच्छिष्टमिष्टमन्नं फलादि च । महाप्रसाद इत्युक्त्वा प्रतीच्छेत्पतिनाऽर्पितम् ॥१३॥
देवपित्रतिथिभ्यश्च गोभ्यो भिक्षुभ्य एव च । परिचारकवर्गेभ्यो नादत्वाऽद्यात्पतिव्रता ॥१४॥
ब्राह्मणान् दुर्बलानाथान् दीनान्धकृपणांस्तथा । यः कोऽपि क्षुधितस्तं च साध्वी साऽन्नेन पोषयेत् १५
संयतोपस्करा हृष्टा दक्षा व्ययपराङ्मुखी । कुर्यात्पतिमनापृच्छ्य नोपवासव्रतादिकम् ॥१६॥

પતિના આયુષ્યની વૃદ્ધિને માટે પતિનું નામ ઉચ્ચારણ કરવું નહિ. તે નામ બીજા કોઈ પુરુષનું હોય તો તે નામ પણ ક્યારેય લેવું નહિ.[૯] કોઈ કારણવશાત્ પતિ પોતાના ઉપર ક્રોધ કરે, છતાં સામો ક્રોધ કરવો નહિ, ચૂંટિયું ભરવા આદિકનું તાડન કરે, છતાં પ્રસન્ન રહેવું. ઘરના દરવાજે બહુ લાંબો સમય સુધી ઊભવું નહિ. ક્યારેય પણ ઊંચે સ્વરે બોલવું નહિ.[૧૦] પતિ બોલાવે ત્યારે ઘરનું ગમે તેવું કામ છોડી તત્કાળ પતિ સામે હાજર થવું, ને કહેવું કે હે સ્વામિન્ ! આ હું આવી. આપશ્રીની જે ઈચ્છા હોય તેની આજ્ઞા કરો. આ પ્રમાણે એકદમ ધીરેકથી વચન બોલવું.[૧૧] તેવીજ રીતે પતિએ ન કહ્યું હોય છતાં ભગવાનની પૂજાના ઉપકરણો તૈયાર કરી આપવાં. જે સમયે જે વસ્તુની ઉપયોગીતા હોય, તે સમયે તે વસ્તુ લાવીને પતિ પાસે મૂકવી.[૧૨] પતિને ગમતું અને તેમનું જમતાં બચેલું અન્ન કે ફળાદિકનું ભક્ષણ કરવું, તેમજ પતિએ અર્પણ કરેલાં ભોજ્ય પદાર્થને મહાપ્રસાદ જાણી ગ્રહણ કરવો.[૧૩] પતિવ્રતા નારીએ દેવતા, પિતૃ, અતિથિ, ગાય, ભિક્ષુક અને નોકર વર્ગને જમાડ્યા વિના જમવું નહિ.[૧૪] પતિવ્રતા નારીએ બ્રાહ્મણ, દુર્બળ, અનાથ, ગરીબ, અંધ અને કુપણ વગેરે કોઈ પણ ભૂખ્યા માણસને અન્ન આપી પોષણ કરવું.[૧૫]

પતિવ્રતા નારીએ ઘરનાં ઉપયોગી ખાંડણિયો, મૂસળ, સૂપડું આદિ ઉપકરણોને યોગ્ય સ્થાને ગોઠવીને રાખવાં. સ્વભાવે સદાય પ્રસન્ન રહેવું. ઘરનાં દરેક કામમાં ખૂબજ ચાતુરી વાપરવી. ધનનો ખોટો ખર્ચ ન થાય તેનું ધ્યાન રાખવું અને પતિને પૂછ્યા વિના ઉપવાસાદિક વ્રત ન કરવાં.[૧૬] લૌકિક મેળાઓને જોવાનો

स्वाचारा वर्जयेत्सा च समाजोत्सवदर्शनम् । न गच्छेत्तीर्थमेकैव विवाहप्रेक्षणाय च ॥१७॥
रहस्येष्वपि कार्येषु पतिं नोत्थापयेत्क्वचित् । सुखसुप्तं सुखासीनं रममाणं यदृच्छया ॥१८॥
स्त्रीधर्मिणी त्रिरात्रं तु मुखं नैव प्रदर्शयेत् । स्ववाक्यं श्रावयेन्नैव यावन्न स्नानमाचरेत् ॥१९॥
सुस्नाता भर्तृवदनमीक्षेतान्यस्य न क्वचित् । अथवा मनसि ध्यात्वा पतिं भानुं विलोकयेत् ॥२०॥
हरिद्रां कुङ्कमं चैव सिन्दूरं कज्जलं तथा । कूर्पासकं च ताम्बूलं मङ्गल्याभरणं शुभम् ॥२१॥
केशसंस्कारकबरीकरकर्णादिभूषणम् । भर्तुरायुष्यमिच्छन्ती दूरयेन्न पतिव्रता ॥२२॥
न रजक्या न हैतुक्या तथा श्रमणया न च । न च दुर्भगया नार्या सखीत्वं क्वचनाचरेत् ॥२३॥
न च विश्वास्य घातिन्या न प्रेक्षणिकया तथा । न तृतीयप्रकृत्या च नार्या सख्यं समाचरेत् ॥२४॥
न च पुंवेषधारिण्या नातिवार्ताप्रसक्तया । बहुगेहभ्रमण्या स्त्रिया सख्यं न चाचरेत् ॥२५॥
न द्यूतादिव्यसनया मादकाशनया न च । न च पैशून्यपरया सख्यं कुर्यान्न वेश्मया ॥२६॥

---

ત્યાગ રાખવો. સત્સંગના પ્રસંગમાં, તીર્થયાત્રાએ કે વિવાહે એકલીએ ન જવું.[૧૭] સુખપૂર્વક નિદ્રા કરી રહેલા, બેઠેલા, પોતાની ઇચ્છાનુસાર કોઇ આનંદની ક્રીડા કરી રહેલા પતિને ગમે તેવું અગત્યનું કામ પડે છતાં ક્યારેય પણ ખલેલ પહોંચાડવી નહિ.[૧૮] સ્ત્રી જ્યાં સુધી રજસ્વલા ધર્મમાં હોય ત્યાં સુધી સ્નાન કરવું નહિ, ત્રણ રાત્રી પર્યંત પતિને પોતાનું મુખ દેખાડવું નહિ, તથા વચન સંભળાવવું નહિ, ચોથે દિવસે સ્નાન કરી પોતાના પતિના મુખનું દર્શન કરવું. પોતાના પતિ સિવાયના અન્ય પુરુષનું મુખ ક્યારેય પણ ન જોવું. અને જો ક્યારેક જોવાઇ જાય તો મનમાં પતિનું ધ્યાન કરી સૂર્યનું દર્શન કરવું.[૧૯-૨૦] પતિનું આયુષ્ય ઇચ્છતી પતિવ્રતા નારીએ પોતાના અંગ ઉપરથી હળદર, કંકુ, સિંદૂર, આંખમાં કાજળ, કંચુકી, તાંબૂલ તથા મંગલસૂત્ર ક્યારેય પણ દૂર ન કરવાં.[૨૧] તેમજ સુગંધીમાન તેલ નાખીને ફૂલ સાથે કેશ ગૂંથવા તથા હાથમાં કંકણ અને કાનનાં આભૂષણનો પણ ક્યારેય ત્યાગ ન કરવો.[૨૨]

વળી પતિવ્રતા નારીએ ધોબણ સ્ત્રીની સાથે ક્યારેય પણ સખીપણું ન કરવું. તેમજ સત્કર્મોમાં સંદેહ કરનારી, પાખંડ માર્ગનું અનુકરણ કરનારી, સંન્યાસી સ્ત્રીની સાથે, તેમજ દુર્ભાગ્યવાળી, વિશ્વાસઘાતીની, આમતેમ નજરું કરનારી અને સ્ત્રીના વેષમાં નપુંસક નારીની સાથે ક્યારેય પણ સખીપણું ન કરવું. તેમજ પુરુષના વેશને ધરનારી, બહુ વાતો કરનારી, અન્યના ઘેર ભટકનારી, જુગાર રમનારી, ચાડીચુગલી કરનારી, ગાંજો, ભાંગ, અફીણ, છીંકણી આદિક માદક વસ્તુઓનું સેવન કરનારી, વેશ્યા, અતિશય ક્રોધી, પરને પરાભવ પમાડવા

न चण्डाया न शौण्डायाश्चौराया दुष्टचेतसः । चपलाया बहुभुजः स्त्रियाः सख्यं न चाचरेत् ॥२७॥
भर्तृविद्वेषिणीं नारीं न सम्भाषेत कर्हिचित् । नैकाकिनी क्वचिद्भूयान्नग्ना स्नायान्न च क्वचित् ॥२८॥
नोलूखले न मुसले न वर्धन्यां दृषद्यपि । न यन्त्रके न देहल्यां सती चोपविशेत्क्वचित् ॥२९॥
विना व्यवायसमयं प्रागल्भ्यं नाचरेत्क्वचित् । यत्रयत्र रुचिर्भर्तुस्तत्र प्रेमवती भवेत् ॥३०॥
उच्चासनं न सेवेत न व्रजेत्परवेश्म च । न त्रपाकरवाक्यानि नापशब्दान् क्वचिद्वदेत् ॥३१॥
गुरूणां सन्निधौ वापि नोच्चैर्ब्रूयान्न वा हसेत् । नान्येन पुंसा भाषेत न स्पृशेत्पुरुषान्तरम् ॥३२॥
प्रव्राजकेन वणिजा भिषजा स्थविरेण च । यावत्प्रयोजनं कुर्याद्भाषणं व्यावहारिकम् ॥३३॥
बुद्धिपूर्वं न वीक्षेत पुरुषं पशुमप्यसौ । न कुर्यात्कलहं क्वापि नापवादं च कस्यचित् ॥३४॥
नार्याः स्वपतिरेवैकं दैवतं परमं स्मृतम् । पूजयेत्तमतो नित्यं नातिक्राम्येच्च तद्वचः ॥३५॥
क्लीबं वा दुरवस्थं वा व्याधितं वृद्धमेव वा । दुःशीलं दुर्भगं वापि पतिं सेवेत सर्वथा ॥३६॥

---

સમર્થ, ચોરી કરનારી, વ્યભિચારિણી, ચંચળ સ્વભાવવાળી, અતિશય ભોજન કરનારી અને પોતાના પતિનો દ્વેષ કરનારી; આટલી સ્ત્રીઓની સાથે પતિવ્રતા નારીએ ક્યારેય પણ સખીપણું ન કરવું, તે સાથે બોલવું નહિ. ક્યારેય સમૂહથી એકલા પડવું નહિ અને વસ્ત્ર વિના નગ્ન સ્નાન પણ ક્યારેય કરવું નહિ.[૨૩-૨૮] પતિવ્રતા નારીએ ક્યારેય પણ ખાંડણિયા ઉપર, સાવરણી ઉપર, પથ્થરના ટૂકડા ઉપર, ફરતા યંત્ર ઉપર, અને ઉમરા ઉપર ન બેસવું.[૨૯] તેમજ પોતાના પતિ સાથેના અવસર વિના ક્યારેય નિર્લજપણું ન આચરવું. પતિને જે કાર્યમાં રુચિ હોય તે કાર્યમાં જ પ્રેમવાળી થવું.[૩૦] ઊંચા આસને ન બેસવું અને પારકે ઘેર બેસવા ન જવું, સાંભળનારને શરમ આવે તેવા ગુહ્ય શબ્દો ન બોલવા. ગાળ આદિક અપશબ્દો ન બોલવા.[૩૧] ગુરુ, સસરા, જેઠ આદિ વડીલોની સમીપે ઉચ્ચે સ્વરે બોલવું નહિ અને હસવું પણ નહિ, તેમજ વડીલોની હાજરીમાં પોતાના સમીપ સંબંધવાળા પુરુષોની સાથે પણ બોલવું નહિ. અને સંબંધ વિનાના પુરુષોનો ક્યારેય પણ સ્પર્શ કરવો નહિ.[૩૨]

સંન્યાસી, વેપારી, વૈદ્ય તથા વૃદ્ધ પુરુષોની સાથે જેટલા વ્યવહારિક કાર્યનું પ્રયોજન હોય તેટલું જ બોલવું.[૩૩] પતિવ્રતા નારીએ ઘોડા આદિ પુરુષ પશુજાતિને પણ બુદ્ધિપૂર્વક ન જોવો. કોઈની સાથે કજીયો ન કરવો. કોઈના ઉપર મિથ્યા અપવાદનું આરોપણ ન કરવું.[૩૪] પતિવ્રતા નારીને માટે પોતાનો પતિ જ એક પરમ દૈવત કહેલો છે. એથી પોતાના પતિને જ હમેશાં પૂજવો. તેમનું વચન ક્યારેય

हृष्टा हृष्टे विषण्णा च विषण्णे स्यात्प्रिये सदा । एकरूपा भवेत्पत्युः सम्पत्सु च विपत्सु च ॥३७॥
सर्पिर्लवणतैलादिक्षयेऽपि च पतिव्रता । पतिं नास्तीति न ब्रूयादायासेषु न योजयेत् ॥३८॥
बाह्यादायान्तमालोक्य शीघ्रोत्थानजलासनैः । ताम्बूलव्यजनाभ्यां च पादसंवाहनेन च ॥३९॥
मधुरैश्चाटुवसनैः खेदसंनोदनैः शुभैः । प्रीणयेत्स्वपतिं भक्त्या प्राञ्जलिर्विनयानता ॥४०॥
भर्ता देवो गुरुर्भर्ता धर्मतीर्थव्रतानि च । स एव सर्वथा तस्मान्नापमान्यः क्वचित्स्त्रिया ॥४१॥
देवो मनुष्यो गन्धर्वो युवा चापि स्वलंकृतः । द्रव्यवानभिरूपो वा ज्ञेयोऽन्यो विट्समः पुमान् ।४२
भर्ता सदानुयातव्यो देहवच्छायया यतः । भर्तुः सहचरी भूया इत्युद्वाहेऽब्रुवन् द्विजाः ॥४३॥
पत्युराज्ञां गृहीत्वैव नित्यानैमित्तिकांस्तथा । व्रतोपवासनियमान् कुर्यादेव पतिव्रता ॥४४॥
साध्वी त्वेतेषु धर्मेषु यद्येकस्यापि कर्हिचित् । च्युतिर्भवेत्तर्हि कुर्यात्तत्प्रायश्चित्तमाशु च ॥४५॥

---

ઉલ્લંઘન કરવું નહિ.[૩૫] પતિવ્રતા નારીએ પોતાનો પતિ નપુંસક હોય, રોગી હોય, દરિદ્ર હોય કે વૃદ્ધ હોય અથવા કજીયો કરવાના સ્વભાવવાળો હોય તથા જન્મથી ભાગ્ય હીન હોય, તો પણ પતિની સેવા અવશ્ય સર્વ પ્રકારે કરવી.[૩૬] પતિવ્રતા નારીએ પતિની પ્રસન્નતામાં પ્રસન્ન થવું, દુઃખે દુઃખી થવું, સંપત્તિના સમયે કે વિપત્તિના સમયે હમેશાં પતિને અનુકૂળ થવું.[૩૭] પતિને ઘરમાં ઘી, મીઠું, તેલ, આદિક વસ્તુઓ ખૂટી હોય છતાં ઘરમાં નથી એમ ન કહેવું. પતિને બહુ પ્રયાસ કરવો પડે તેવા કાર્યમાં જોડવા નહિ.[૩૮] પતિને બહારથી આવેલા જોઇ બે હાથ જોડી વિનયથી નમ્ર થઇ પતિવ્રતા નારીએ તત્કાળ ઊભા થઇ પગ ધોવા જળ, બેસવા આસન, અને મુખમાં પાનબીડું આપી વીંજણાથી પવન ઢોળવો અને પગચંપી કરવી. મધુર અને ખેદનું નિવારણ કરે તેવાં પ્રિય વચનો બોલીને ભક્તિભાવપૂર્વક પોતાના પતિને પ્રસન્ન કરવા.[૩૯-૪૦]

પતિવ્રતા નારીને મન પતિ છે એજ દેવ, ગુરુ, તીર્થો અને વ્રતો છે. તેથી ક્યારેય પણ પતિનું અપમાન ન કરવું.[૪૧] પોતાના પતિ સિવાયના દેવ, મનુષ્ય, ગાંધર્વ, યુવાન, બહુ અલંકૃત, દ્રવ્યવાળા અને રૂપાળા પુરુષને વિષ્ટા તુલ્ય જાણવા.[૪૨] છાયા જેમ દેહને અનુસરે તેમ પતિવ્રતા નારીએ સદાય પતિને અનુસરવું અને સહચારિણી થવું, આ પ્રમાણે વિવાહ સમયે બ્રાહ્મણે કહેલું હોય છે તેને અવશ્ય યાદ રાખવું.[૪૩] પતિની આજ્ઞા લઇને જ નિત્ય કે નૈમિતિક એવા એકાદશી આદિક વ્રતના ઉપવાસ કે ચાતુર્માસનાં નિયમો કરવાં.[૪૪] ઉપરોક્ત ધર્મોમાંથી કોઇ પણ એક ધર્મનો ભંગ થાય તો પતિવ્રતાએ તત્કાળ તેમનું પ્રાયશ્ચિત કરવું.[૪૫] સવારે

उषःप्रबोधमुख्येषु स्वव्रतेषु ह्यबुद्धितः । भग्नेष्वेकैकमेवाथ पृथक्पृथगुपोषणम् ॥४६॥
ब्रह्मपञ्चमवक्रोत्थमपशब्दं वदेद्यदि । वाग्दोषात्तर्हि सा नारी पादकृच्छ्रं व्रतं चरेत् ॥४७॥
इति सङ्क्षेपतो धर्मः सुवासिन्या मयोदितः । पतिव्रताधर्मवती नारी जगति दुर्लभा ॥४८॥
व्रतोपवासनियमान् पतिमुल्लङ्घ्य याऽऽचरेत् । आयुष्यं हरते भर्तुः सा मृता निरयं व्रजेत् ॥४९॥
दानोपवासपुण्यानि सुकृतान्यपि सर्वथा । निष्फलानि भवन्त्येव च्युतायाः पतिधर्मतः ॥५०॥
कर्मणा मनसा वाचा पतिं नातिचरेत्तु या । तस्याः पुण्यफलं प्रोक्तं नान्यस्या इति निश्चितम् ॥५१॥
अवाग्दुष्टाः शौचयुक्ता धृतिमत्यः शुभव्रताः । अयोनिदुष्टा नार्यो हि धारयन्त्यखिलं जगत् ॥५२॥
योनिदुष्टस्त्रिया नास्ति प्रायश्चित्तं हतैव सा । वाग्दुष्टे विहितं सद्भिः प्रायश्चित्तं पुरातनैः ॥५३॥

---

**જાગ્રત થવાથી લઈને અહીં સુધી કહેલા સર્વે પોતાના નિયમોમાંથી કોઈ પણ નિયમનો અજાણતાં ભંગ થાય તો એક એક વ્રતના ભંગનો એક એક અલગ અલગ ઉપવાસ કરવો.[૪૬] જો પતિવ્રતા નારી બ્રહ્માના પાંચમા મુખથી નીકળેલા અપશબ્દો બોલે તો એક પાદકૃચ્છ્રવ્રત કરવું. તે વ્રત આ પ્રમાણે કરવું, પહેલા દિવસે એકટાણું જમવું, બીજા દિવસે રાત્રે એક વખત જમવું, ત્રીજે દિવસે માગ્યા વિના કોઈ બોલાવે તો જમવું અને ચોથે દિવસે ઉપવાસ કરવો તેને પાદકૃચ્છ્રવ્રત કહેલું છે.[૪૭]**

**હે વિપ્ર ! આ પ્રમાણે મેં સુવાસિની એવી પતિવ્રતા નારીના ધર્મો સંક્ષેપથી કહ્યા. જગતમાં પતિવ્રતા નારી મળવી બહુ દુર્લભ છે.[૪૮] જે સ્ત્રી પોતાના પતિની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને વ્રત અને ઉપવાસ કરે છે, તે પોતાના પતિની આયુષ્ય હરનારી થાય છે, અને મૃત્યુ પછી નરકમાં પડે છે.[૪૯] જો પતિવ્રતા નારી પોતાના પતિવ્રતાના ધર્મમાંથી ભ્રષ્ટ થાય છે તો તેણે આચરેલાં સમસ્ત દાન, ઉપવાસાદિક સુકૃતો પણ સર્વપ્રકારે નિષ્ફળ જાય છે.[૫૦] જે સ્ત્રી મન, કર્મ, વચને પણ પતિની આજ્ઞાનું ઉલ્લંઘન કરતી નથી. તે નારીને પોતે કરેલાં સુકૃતોનું અનંતગણું બહુજ પુણ્ય પ્રાપ્ત થાય છે.[૫૧] જે સ્ત્રી વાણીથી પણ પર પુરુષની પ્રાપ્તિ રૂપ દોષથી દૂષિત થઈ નથી. જે હમેશાં બહાર અને અંદર પવિત્રપણે રહી છે. જે ધીરજશાળી છે અને પતિવ્રતાના ધર્મમાં વર્તે છે અને પરપુરુષના સંગરૂપ યોનિદુષ્ટ થઈ નથી, તે નારી આખા જગતને ધારણ કરવા સમર્થ હોય છે, તેમ નિશ્ચે જાણો.[૫૨] જે સ્ત્રી એકવાર યોનિદૂષિત થઈ હોય તે સ્ત્રી માટે ઋષિમુનિઓએ એવું કોઈ પ્રાયશ્ચિત બતાવ્યું નથી કે તે વ્રત કરીને તે ફરી પતિવ્રતા શબ્દને યોગ્ય થાય. અર્થાત્ ન જ થાય. પ્રાયશ્ચિત કરે તો પાપ જરૂર નાશ પામે છે પણ પતિવ્રતાપણું પ્રાપ્ત થતું નથી.**

कल्पान्तरसहस्रेषु न स्त्री सा लभते गतिम् । तिर्यग्योनिसहस्रेषु पच्यते योनिविप्लवात् ॥५४॥
यदि सा नाम मानुष्यं स्त्री लभेतासती तदा । चण्डालयोनौ दुर्मेधा जायते कुक्कुराशना ॥५५॥
उक्ता प्रत्युत्तरं दद्यान्नारी क्रोधेन या पतिम् । सा शुनी जायते ग्रामे शृगाली निर्जने वने ॥५६॥
या भर्तारं परित्यज्य रहश्चरति दुर्मतिः । उलूकी सा भवेत् क्रूरा वृक्षकोटरशायिनी ॥५७॥
ताडिता ताडितुं येत्छेत्सा व्याघ्री वृषदंशिका । कटाक्षयति याऽन्यं च केकराक्षी तु सा भवेत् ॥५८
या भर्तारं परित्यज्य मिष्टमश्नाति केवलम् । सा ग्रामे शूकरी स्याच्च वागुली वा स्वविड्भुजा ।५९
या त्वंकृत्य पतिं ब्रूयान्मूका सा तु भवेत्किल । या सपत्नीं सदेर्ष्येच्च दुर्भगा सा पुनः पुनः ॥६०॥
दृष्टिं विलुप्य भर्तिर्या कञ्चिदीक्षेत कौतुकात् । काणा च दुर्मुखी वापि कुरूपा सा भवेद्भुवि ॥६१॥
शीलभङ्गेन दुर्वृत्ताः पातयन्ति कुलत्रयम् । पितुर्मातुस्तथा पत्युरिहामुत्र च दुःखिताः ॥६२॥
शीलभङ्गेन नारीणां भर्ता धर्मपरोऽपि हि । पतेद्दुःखार्जितात्स्वर्गाच्छीलं रक्ष्यं ततः स्त्रिया ॥६३॥

---

ઋષિઓએ વાણીના દોષથી દૂષિત થયેલી માટે પ્રાયશ્ચિત કહેલું છે તે પ્રમાણે કરવાથી પુનઃ પતિવ્રતા કહેવાય છે, પણ યોનિથી દૂષિત થયેલી નારીને એ દોષના કારણે હજારો કલ્પાંતરોમાં પણ ઉત્તમલોકની પ્રાપ્તિ થતી નથી. પરંતુ તિર્યગ્ યોનિને પામે છે.[૫૩-૫૪] તેવી સ્ત્રી જો કદાચ મનુષ્ય જન્મ પામે છે તો તે ભૂંડ અને શ્વાન ભક્ષક એવી ચાંડાળયોનિમાં જન્મે છે.[૫૫]

જે સ્ત્રી પોતાનો પતિ કંઇ કહે ને ક્રોધથી પતિને સામે ઉત્તર આપે છે, તે સ્ત્રી ગામની કૂતરી થાય છે, અથવા નિર્જન વનમાં શિયાળ થાય છે.[૫૬] જે દુર્મતિ સ્ત્રી પતિને છોડીને પર પુરુષનો સમાગમ કરવા એકાંત સ્થળમાં માત્ર જાય છે, તે સ્ત્રી ક્રૂર સ્વભાવવાળા અને વૃક્ષોની કોટરમાં રહેતા ઘુવડનો જન્મ પામે છે.[૫૭] પતિ તાડન કરે, ત્યારે જે સ્ત્રી સામું પતિને તાડન કરવા ઇચ્છે છે, તે સ્ત્રી વાઘણ અથવા બિલાડી થાય છે. જે સ્ત્રી અન્ય પુરુષ સામે કામભાવે કટાક્ષથી જુએ છે, તે બીજા જન્મમાં વાંકાં નેત્રવાળી (કાણી) થાય છે.[૫૮] જે સ્ત્રી પોતાના પતિને છોડીને એકલી જ મિષ્ટાન્ન જમે છે તે ગામની ભૂંડણી અથવા પોતાની જ વિષ્ટા ખાનારી વાગોળ થાય છે.[૫૯] જે સ્ત્રી પતિને તુંકારે બોલાવે છે, તે સ્ત્રી બીજા જન્મમાં મૂંગી થાય છે. જે સ્ત્રી પોતાના પતિની બીજી પત્ની સાથે ઈર્ષ્યા કરે છે તે બીજા જન્મે દુર્ભાગ્યવાળી થાય છે.[૬૦] જે સ્ત્રી પોતાના પતિની દૃષ્ટિને છેતરીને કુતુહલથી કોઇ પર પુરુષને નિહાળે છે. તે સ્ત્રી પૃથ્વી પર કાણી, દુર્મુખી કે કુરૂપી જન્મે છે.[૬૧] જે સ્ત્રી એક પતિવ્રતપણાના આચારથી ભ્રષ્ટ થાય છે તે સ્ત્રી પિતા, માતા, અને પતિના ત્રણ કુળને નરકમાં નાખે છે. તેમજ આલોકમાં તથા પરલોકમાં દુઃખી થાય છે.[૬૨] પતિ

रक्षणीयं महायत्नादिदं सुकृतभाजनम् । वपुः परस्य तु स्पर्शात्सुखाभासात्मकात्स्त्रिया ॥६४॥
इह कीर्तिश्च विपुला स्वर्गे वासस्तथाऽक्षयः । पातिव्रत्यात् स्त्रिया लभ्यं सखीत्वं च श्रिया सह ६५
पतिश्चासौ यदि भवेद्विमुखो वासुदेवतः । महापातकदुष्टो वा तर्हि त्याज्यः स्त्रिया किल ॥६६॥
भगवन्तं भजेदेष यर्हि शुद्ध्येच्च पातकात् । प्रायश्चित्तैस्तदा त्वेनं भजेत्पुनरिवेश्वरम् ॥६७॥
यावत्स्वलोमसङ्ख्याऽस्ति तावत्कोट्ययुतानि च । भर्त्रा स्वर्गसुखं भुङ्क्ते रममाणा पतिव्रता ॥६८॥
धन्या सा जननी लोके धन्योऽसौ जनकः पुनः । धन्यः स च पतिः श्रीमान् यस्य गेहे पतिव्रता ६९
पुण्यं यस्य भवेत्पुंसः शतजन्मसमर्जितम् । गृहे तस्य भवेन्नारी धर्मनिष्ठा पतिव्रता ॥७०॥
पितृवंश्या मातृवंश्यां पतिवंश्यास्त्रयस्त्रयः । पतिव्रतायाः पुण्येन स्वर्गसौख्यानि भुञ्जते ॥७१॥
अकार्यकारिणं वापि पतितं वापि निर्गुणम् । स्त्री पतिं तारयत्येव तथात्मानं पतिव्रता ॥७२॥
बिभ्यत्पतिव्रतास्पर्शं कुरुते भानुमानपि । सोमो गन्धवहश्चापि स्वपावित्र्याय नान्यथा ॥७३॥

---

**સ્વધર્મમાં નિષ્ઠાવાન હોય છતાં સ્ત્રીના શીલભંગને કારણે મહા કષ્ટે કરીને પ્રાપ્ત કરેલા સ્વર્ગમાંથી તેમનું પતન થાય છે. તેથી સ્ત્રીના ચારીત્ર્યનું રક્ષણ થવું જોઈએ.[૬૩] સ્ત્રીઓએ સર્વે પ્રકારનાં સુકૃતનાં પાત્રભૂત આ શરીરને સુખના આભાસ જેવા જણાતા પરપુરુષના સ્પર્શ થકી મહા પ્રયત્ને કરીને પણ બચાવવું.[૬૪] પતિવ્રતા ધર્મના પ્રભાવથી સ્ત્રી આલોકમાં મોટી કીર્તિને પામે છે અને સ્વર્ગમાં અક્ષય નિવાસ પામે છે. તેમજ લક્ષ્મીજીની સાથે સખીપણું મેળવે છે.[૬૫]**

**જો પતિવ્રતા નારીનો પતિ શ્રીવાસુદેવ ભગવાનથી વિમુખ હોય અથવા બ્રહ્મહત્યાદિ મહાપાપને કરનારો હોય તો સ્ત્રીએ તેનો ત્યાગ કરી દેવો.[૬૬] અને જો તે પાપનું પ્રાયશ્ચિત કરીને શુદ્ધ થાય અને શ્રીકૃષ્ણ ભગવાનનું ભજન કરવા લાગે તો ફરીથી ઈશ્વરની પેઠે સેવવો.[૬૭] પતિવ્રતા નારી પોતાના શરીરમાં જેટલા રોમ છે તેના દશહજાર કરોડ વર્ષ પર્યંત સ્વર્ગ લોકમાં પોતાના પતિની સાથે આનંદ કરતી સુખ ભોગવે છે.[૬૮] પતિવ્રતા નારીને જન્મ દેનારી માતા-પિતાને ધન્ય છે અને જે ઘરમાં તે પતિવ્રતા નારી પરણીને પધારે છે તે પતિને પણ ધન્ય છે.[૬૯] જે પુરુષના સો જન્મોનાં ભેળાં થયેલાં પુણ્યનો ઉદય થાય ત્યારે જ તેમને ઘેર આવી પતિવ્રતા નારીનું આગમન થાય છે.[૭૦] પતિવ્રતા નારીના પુણ્યના પ્રતાપે પિતૃવંશ, માતૃવંશ અને પતિનોવંશ એમ ત્રણ વંશજોને સ્વર્ગનું સુખ પ્રાપ્ત થાય છે.[૭૧] તેવી નારી અકાર્ય કરનારા, પતિત અને સ્વધર્માદિ ગુણો રહિતના પતિનો અને પોતાનો પણ ઉદ્ધાર કરે છે.[૭૨] સૂર્યદેવ પણ ભય પામતા પતિવ્રતા નારીનો સ્પર્શ કરે છે. તેમજ ચંદ્રદેવ અને વાયુ પણ પોતાને પવિત્ર થવા સ્પર્શ કરે છે પણ પરંતુ બીજા**

पृथिव्यां यानि तीर्थानि तानि सन्ति सतीपदे । तेजश्च सर्वदेवानां तनौ तस्यास्तपस्विनाम् ॥७४॥
साध्वीपादरजोभिर्भूः पूता सद्यो हि जायते । नमस्कृत्य च तां पापी पापेभ्यो मुच्यते किल ॥७५॥
त्रैलोक्यं भस्मसात्कर्तुं क्षणेनैव पतिव्रता । स्वतेजसा समर्था स्यान्महापुण्यवती सदा ॥७६॥
पतिव्रता त्वरुन्धत्या सावित्र्या चानसूयया । शाण्डिल्याऽहल्यया सत्या द्रौपद्या शतरूपया ॥७७॥
मेनया च सुनीत्या च संज्ञया स्वहया तथा । तुल्या लोपामुद्रयाऽस्ति विरला कापि भूतले ॥७८॥
गृहे गृहे सन्ति हि तत्र तत्र द्विजेन्द्र ! योषास्तु शुनीसमानाः ।
धन्यैव सा कापि सती सुरीभिः साश्चर्यवन्द्याङ्घ्रियुगापि मर्त्या ॥७९॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे स्त्रीधर्मेषु पतिव्रताधर्मनिरूपणनामैकत्रिंशोऽध्यायः ॥३१॥*

---

કોઈ ભાવથી નહિ.[૭૩] આ પૃથ્વી પર જેટલાં તીર્થો રહેલાં છે તે સમગ્ર તીર્થો પતિવ્રતા નારીના ચરણમાં નિવાસ કરીને રહે છે. અને સર્વે દેવતાઓ તથા તપસ્વીઓનું તેજ પણ પતિવ્રતા નારીના શરીરમાં રહેલું છે.[૭૪] પતિવ્રતા નારીના ચરણથી ધરતી પણ તત્કાળ પવિત્ર થાય છે. અને કોઈ પાપી પુરુષ જો આવી પતિવ્રતા સ્ત્રીને નમસ્કાર કરે છે તો તત્કાળ પાપથી મુક્ત થાય છે.[૭૫] આવી મહા પુણ્યશાળી પતિવ્રતા નારી પોતાના પ્રભાવથી આ ત્રિલોકીને એક ક્ષણવારમાં નાશ કરવા માટે સમર્થ થાય છે.[૭૬] બીજી પતિવ્રતા નારીઓ એવી અરુંધતી, સાવિત્રી, અનસૂયા, શાંડિલી, અહલ્યા, સત્યા, દ્રોપદી, શતરૂપા, મેના, સુનીતિ, સંજ્ઞા, સ્વાહા અને લોપામુદ્રા જેવી પતિવ્રતા નારીઓ આ પૃથ્વી પર વિરલ છે. તેવી નારીઓ ભાગ્યે જ જોવા મળે છે.[૭૭-૭૮]

હે શ્રેષ્ઠ વિપ્ર ! કૂતરી તુલ્ય સ્ત્રીઓ તો સર્વત્ર ઘેર ઘેર જોવા મળે છે. પરંતુ મનુષ્ય યોનિમાં જન્મ્યા છતાં પણ જે સ્ત્રીના ચરણમાં દેવલોકની દેવાંગનાઓ પણ આશ્ચર્યથી વંદન કરે એવી પતિવ્રતા નારીને ધન્ય છે.[૭૯]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ–જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ સ્ત્રીધર્મોમાં પતિવ્રતા નારીના ધર્મોનું નિરૂપણ કર્યું એ નામે એકત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. –––૩૧–***

---

## द्वात्रिंशोऽध्यायः - ३२

**श्रीनारायणमुनिरुवाच :-**

नार्यः पतिव्रता प्रोक्ता यास्तास्तु त्रिविधा मताः । उत्तमा मध्यमाश्चैव कनिष्ठा इति भेदतः ॥१॥
कनिष्ठा तत्र पूर्वोक्तान्धर्मान्सर्वानुपाश्रिता । कामसौख्यं समीहेत सेवमाना पतिं ततः ॥२॥
शृङ्गाररसमिश्राभिर्हावभावोक्तियुक्तिभिः । कामयेत यथात्मानं पतिः कुर्यात्तथा च सा ॥३॥
परपुंसो रूपगुणान् दृष्ट्वा तत्र व्रजन्मनः । नियन्तुं शक्नुयान्नैव नियच्छेच्च वचो वपुः ॥४॥
मध्यमा त्वखिलान्धर्मान्प्रागुक्तान्पालयेत्सदा । पतिसेवापरा प्रीत्या देहपुष्टिमनिच्छती ॥५॥
स्वपत्युरधिकं चान्यं धनरूपवयोगुणैः । दृष्ट्वापि पुरुषं कायवाङ्मनोभिश्चलेन्न सा ॥६॥
देशकालक्रियासङ्गवैषम्ये दैवयोगतः । क्वचिज्जाते तु मनसा चलेद्वा पुरुषान्तरे ॥७॥
अन्यथा तु मनोऽप्यस्याः स्वप्नेऽपि पुरुषान्तरम् । क्वापि सङ्कल्पयेन्नैव प्राप्तायाः परमां धृतिम् ॥८॥

---

## અધ્યાય - ૩૨

## ભગવાન શ્રીહરિએ પતિવ્રતા નારીઓના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ ભેદ અને તેના ધર્મફળ ભેદનું કરેલું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! જે પતિવ્રતા નારીઓ કહી તે તો ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ ના ભેદથી ત્રણ પ્રકારની મનાયેલી છે.[૧] પૂર્વોક્ત પતિવ્રતાના સર્વે ધર્મોનો આશ્રય કરી પતિની સેવા કરતાં કરતાં પતિ પાસેથી કામસુખની ઈચ્છા રાખે તે કનિષ્ઠ પતિવ્રતા નારી કહેલી છે.[૨] તે નારી પોતાનો પતિ પોતાને કામસુખ માટે ઈચ્છે તેને માટે તેવી રીતના શૃંગારરસ મિશ્રિત હાવભાવવાળું વર્તન કરે છે.[૩] આ કનિષ્ઠા પતિવ્રતા નારી પરપુરુષના રૂપ અને ગુણો જોઈને તેમાં ખેંચાતાં મનને નિયંત્રણમાં રાખવા સમર્થ થઈ શક્તી નથી. પરંતુ વાણી અને શરીરને નિયમમાં રાખી શકે છે.[૪] જે પતિવ્રતા નારી પ્રેમથી પતિની સેવાપરાયણ રહી પોતાના શરીરની પુષ્ટિ ઈચ્છયા વિના પૂર્વે કહેલા સર્વે પતિવ્રતાના ધર્મોનું સદાય પાલન કરે છે. તે મધ્યમ પતિવ્રતા કહેલી છે.[૫] તે નારી ધન, રૂપ, યૌવન અને વિદ્યા આદિક ગુણો પોતાના પતિ કરતાં અન્ય પુરુષોમાં અધિક જુએ, છતાં કાયા, મન અને વાણીથી ક્યારેય ચલાયમાન થાય નહી.[૬] તેમ છતાં દૈવયોગે ક્યારેક દેશ, કાળ, ક્રિયા અને સંગનું વિષમપણું પ્રાપ્ત થાય તે સમયે મનના સંકલ્પ માત્રથી તેમનું મન ચલિત થઈ જાય.[૭] પરંતુ દેશાકાળાદિકનું વિષમપણું ન હોય ત્યારે તો અત્યંત ધીરજ ધારણ કરી, મનથી કે સ્વપ્નામાં પણ

स्वतः कामसुखं नेच्छेत्क्वचित्सा स्वपतेरपि । पतिना दीयमानं तु तदिच्छेद्धृष्टचेतसा ॥९॥
इत्युक्ता मध्यमा नारी प्रोच्यतेऽथोत्तमा शुभा । प्रागुक्तान्सा तु सेवेत धर्मान्सर्वानशेषतः ॥१०॥
स्वपत्युरधिकं चान्यं धनरूपवयोगुणैः । दृष्ट्वाऽपि पुरुषं कायवाङ्मनोभिश्चलेन्न वै ॥११॥
देशकालादिवैषम्ये जातेऽपि मनसाऽपि सा । सङ्कल्पयेन्न पुरुषं स्वपत्युरितरं क्वचित् ॥१२॥
सन्निपातादिरोगे वा क्वचिद्वा मादकाशने । अप्यस्या मानसं नैव भ्रान्तं स्यात्पुरुषान्तरे ॥१३॥
सेवमानाऽप्यसौ नारी पतिं कामसुखं स्वतः । नेच्छेत्तेन क्वचित्प्रीत्या दीयमानमपि ध्रुवम् ॥१४॥
पत्याऽऽगिरहेण दत्तं चेदरुच्या तत्सुखं भवेत् । भूरिजम्बीराम्लदन्तो यथा चणकचर्वणम् ॥१५॥
स्वदेहमन्यदेहांश्च दैहिकं च सुखं ह्यसौ । विद्याद्वैराग्यतोऽसत्यं सत्यं च भगवत्सुखम् ॥१६॥
पतिश्चेत्कामसौख्यार्थमुद्वहेद्योषिदन्तरम् । हृष्टा स्यात्तर्हि तद्दास्यमपि पत्योदिताऽऽचरेत् ॥१७॥

---

બીજા પુરુષનો સંકલ્પ કરે નહિ.[૮] આ મધ્યમ પતિવ્રતા નારી પોતાના પતિ પાસેથી કામસુખને પોતાની રીતે ક્યારેય પણ ન ઇચ્છે. પતિએ આપેલાં કામસુખને અતિશય ખુશી થઈને સ્વીકારે.[૯]

હે વિપ્ર ! આ પ્રમાણે મધ્યપતિવ્રતાનાં લક્ષણો કહ્યાં. હવે શુભ અને ઉત્તમ પ્રકારની પતિવ્રતા નારીનાં લક્ષણો કહું છું. તે ઉત્તમ પતિવ્રતા નારી પૂર્વે કહેલા સર્વે પતિવ્રતાના ધર્મોનું સંપૂર્ણપણે પાલન કરે.[૧૦] ધન, રૂપ, યૌવન અને વિદ્યા આદિક ગુણોએ કરીને પોતાના પતિથી અધિક અન્ય પુરુષને જુએ છતાં કાયા, મન, વાણીથી ક્યારેય ચલાયમાન થાય જ નહિ.[૧૧] તે ઉત્તમ પતિવ્રતા નારી દેશકાળાદિકના વિષમપણાદિ પ્રાપ્ત થાય છતાં પણ પોતાના પતિ સિવાયના અન્ય પુરુષનો મનથી પણ ક્યારેય સંકલ્પ કરે નહિ.[૧૨] ક્યારેક સનેપાત આદિકનો રોગ થયો હોય, અથવા અજાણતા કોઈ માદક વસ્તુનું ભક્ષણ થાય, મગજ વિચલિત થયું હોય, છતાં પણ આ ઉત્તમ પતિવ્રતા નારીનું મન બીજા પુરુષમાં આ મારો પતિ છે, એવી ભ્રાંતી પણ કરે નહિ.[૧૩] પતિની સેવા કરે છતાં આ ઉત્તમ પતિવ્રતા નારી પોતાની રીતે કામસુખને ઇચ્છે નહિ, ક્યારેક પતિ પ્રેમથી કામસુખ આપે છતાં તે મનથી નિશ્ચયપૂર્વક ઇચ્છે નહિ.[૧૪] અને જો પતિ આગ્રહ કરીને કામસુખ આપે તો ઘણાં લીંબુ ચૂસવાથી અંબાઈ ગયેલા દાંતવાળો પુરુષ શેકેલા ચણા પણ માંડ માંડ ચાવે, તેમ અરુચિથી કામસુખનો પતિને રાજી કરવા સારું ઉપભોગ કરે.[૧૫]

આ ઉત્તમપતિવ્રતા નારી પોતાના શરીરને, અન્ય પુરુષ માત્રના શરીરને, અને શરીરસંબંધી સુખને વૈરાગ્યથી અસત્ય જાણે છે. અને એકમાત્ર ભગવાનના સુખને જ સત્ય જાણે છે.[૧૬] જો પતિ કામસુખને માટે બીજી સ્ત્રી પરણે તો બહુ જ

एवं विधोत्तमा साध्वी दुर्लभा किल भूतले । देवा अपि न यां द्रष्टुं क्षमन्ते दुष्टचक्षुषा ॥१८॥
कनिष्ठा योदिता साध्वी सप्तभिर्जन्मभिस्तु सा । स्वधर्मनिष्ठा सत्येव मध्यमात्वं प्रपद्यते ॥१९॥
सप्तभिर्जन्मभिः सा च भवत्येवोत्तमा सती । अथैतासां मृते पत्यौ या गतिः सा निगद्यते ॥२०॥
तत्रोत्तमा तु प्रागेव स्वपत्युर्मरणात्स्वयम् । विद्यादस्मिन्दिने चास्मिन्मुहूर्तेऽसौ मरिष्यति ॥२१॥
प्राक्तनानि स्वजन्मानि पत्युर्जन्मानि चाप्यसौ । यथापूर्वं विजानाति सप्त वाप्यधिकानि वा ॥२२॥
विवर्धमानसत्याङ्गी मरणाह्नि तदात्मताम् । पत्या प्राप्य वपुर्भानरहिता जायते ध्रुवम् ॥२३॥
चिताप्रवेशे तद्देहाज्जीवः प्रागेव गच्छति । देवलोकं ततश्चाग्निर्दहत्यस्याः कलेवरम् ॥२४॥
अतो दाहव्यथा तस्या जायते नैव किञ्चन । नात्मधातस्य दोषोऽपि तस्या भवति निश्चितम् ॥२५॥
मध्यमा मरणाह्नयेव साधवी प्राग्जन्म चात्मनः । पत्युश्चैकं हि जानाति पत्या तादात्म्यमेति सा ।२६
दाहव्यथा चितायां सा प्राप्तशौर्या स्वधैर्यतः । अविक्लवैव सहते रणे शूर इवाचला ॥२७॥

---

રાજી રહે અને પતિની પ્રેરણા થાય ત્યારે સપત્નીની પણ દાસીભાવે સેવા કરે.[૧૭] આવી ઉત્તમ પ્રકારની પતિવ્રતા નારી આ પૃથ્વી પર દુર્લભ છે. દેવતાઓ પણ આવી ઉત્તમ પતિવ્રતા નારીને દૃષ્ટિમાંડીને સામે જોવા પણ સમર્થ થતા નથી.[૧૮] હે વિપ્ર ! જે કનિષ્ઠ પતિવ્રતા નારી કહી તે સાત જન્મે સ્વધર્મમાં નિષ્ઠાવાળી થઇ મધ્ય પતિવ્રતા થાય છે.[૧૯] અને જે મધ્યમ પતિવ્રતા કહી તે પણ સાત જન્મે સ્વધર્મનિષ્ઠ થઈ ઉત્તમ પતિવ્રતા થાય છે. હવે પતિનું મૃત્યુ થાય ત્યારે આ ત્રણે પ્રકારની નારીની જે ગતિ થાય છે તે કહું છું.[૨૦] તે ત્રણે પ્રકારની પતિવ્રતાઓની મધ્યે ઉત્તમ પ્રકારની નારીને પોતાના પતિના મરણ પહેલાંજ આ દિવસે આ મુહૂર્તમાં મારા પતિનું મરણ થશે, એવી ખબર હોય છે.[૨૧] આ નારી પોતાના અને પતિના પૂર્વભવના સાત જન્મો કે તેથી વધુ જન્મોને જેમ છે તેમ યથાર્થ જાણી જાય છે.[૨૨] વૃદ્ધ પામેલા સત્ય અંગવાળી ઉત્તમ પતિવ્રતા નારી પતિના મરણને દિવસે જ પતિની સાથે તાદાત્મ્યભાવ પામી, પોતાના શરીરના ભાનથી રહિત થઈ જાય છે.[૨૩] અને ચિતામાં પ્રવેશ કરે તેના પહેલાં જ તેનો જીવ શરીરથી બહાર નીકળી દેવલોકમાં સતીલોકને પામે છે.[૨૪] ત્યાર પછી જ અગ્નિ આ ઉત્તમ પતિવ્રતાના શરીરને બાળે છે. તેથી તેમને અગ્નિના બાળવાની વ્યથા જરા પણ થતી નથી. અને તેમને આત્મઘાતનો દોષ પણ લાગતો નથી.[૨૫]

મધ્યમ પતિવ્રતા નારી પોતાના પતિના મરણના દિવસે જ પોતાના અને પતિના પૂર્વ ભવના એક જન્મને જાણે છે. અને પતિની સાથે તે તાદાત્મ્યભાવ પામે છે.[૨૬] પછી આ નારી ક્ષત્રિયની જેમ શૂરવીરતા પ્રાપ્ત કરી જરા પણ વિકળ થયા

कनिष्ठा तु न जानाति प्राग्जन्म स्वधवात्मनोः । चिताप्रवेशं कुरुते केवलं लोकलज्जया ॥२८॥
कामेन व्याकुलत्वात्तु पैत्रश्वाशुर्यवंशयोः । लाञ्छनं व्यभिचारेण भवेदिति भयेन वा ॥२९॥
वैधव्यधर्माचरणदुष्करत्वेन वा तथा । सत्पुत्रादेरभावेन स्वत्रातुर्याति सा चिताम् ॥३०॥
चितायां दह्यते सा च व्याकुला धर्मचारिणी । एताः श्रीरुद्रयुक्तायाः सत्या लोकं व्रजन्ति हि ॥३१
तत्रोत्तमोत्तमं सौख्यं मध्यमं मध्यमा तथा । कनिष्ठं तु कनिष्ठा वै भुङ्क्ते सौख्यं सभर्तुका ॥३२॥
पतिव्रतासु प्रोक्तासु ह्येतासु त्रिविधास्वपि । यासामग्निप्रवेशस्य निषेधोऽस्ति वदामि ताः ॥३३॥
भगवद्भक्तियुक्ता च ज्ञानयुक्त विरागयुक् । शक्ता च ब्रह्मचर्यादिविधवाधर्मपालने ॥३४॥
मुमुक्षुर्वीरसूश्चैव बालापत्या च गर्भिणी । अग्निप्रवेशो नैताभिः कार्यः सेव्यो हरिः सदा ॥३५॥
पतिव्रताया धर्मोऽपि द्विविधः परिकीर्तये । केवलो नवधाभक्त्या वासुदेवस्य चान्वितः ॥३६॥

---

વિના ચિતા ઉપર અચળપણે બેસી પોતાની ધીરજતાના મહાગુણથી ચિતામાં દાહની વ્યથાને સહન કરે છે.[૨૭] અને કનિષ્ઠ પતિવ્રતા નારી તો પોતાના પતિના કે પોતાના પૂર્વ જન્મને જાણતી નથી. પરંતુ કેવળ લોકલાજથી ચિતામાં પ્રવેશ કરે છે.[૨૮] કામદોષથી વ્યાકુળ રહેવાને લીધે અથવા વ્યભિચારમાં પ્રવૃત્ત થઈ જવાથી પિતા કે સસરાના વંશને લાંછન લાગશે એવા ભયથી અથવા વિધવાના ધર્મો બહુ દુષ્કર છે, એમ માની પોતાનું રક્ષણ કરનાર પુત્રાદિકનો અભાવ હોવાના કારણે તે કનિષ્ઠ પતિવ્રતા નારી ચિતામાં પ્રવેશ કરે છે.[૨૯-૩૦] ધર્મચારિણી તે કનિષ્ઠ પતિવ્રતા નારી વ્યાકુળ થઈને ચિતામાં બળે છે. આ ત્રણે પ્રકારની નારીઓ રૂદ્રદેવની સાથે બિરાજતા સતી પાર્વતીના લોકને પામે છે.[૩૧] તે સતીના લોકમાં ઉત્તમ પતિવ્રતા નારી પતિની સાથે ઉત્તમ સુખને ભોગવે છે. મધ્યમ નારી મધ્યમ અને કનિષ્ઠ નારી કનિષ્ઠ સુખને ભોગવે છે.[૩૨]

પૂર્વોક્ત ત્રણે પ્રકારની પતિવ્રતા નારીઓને મધ્યે જેને અગ્નિમાં પ્રવેશ કરવાનો નિષેધ છે તે તમને કહું છું.[૩૩] આત્મા-પરમાત્માના જ્ઞાનવાળી, તીવ્ર વૈરાગ્યવાળી, બ્રહ્મચર્યાદિ વિધવાઓના ધર્મો પાલન કરવા સમર્થ, ભગવાનની ભક્તિવાળી, મોક્ષની ઈચ્છાવાળી, વીરપુત્રને જન્મ દેનારી, બાળપ્રજાવાળી, અને ગર્ભને ધારી રહેલી નારીઓએ અગ્નિ પ્રવેશ કરવો નહિ. સદાય ભગવાન શ્રીહરિનું સેવન કરવું.[૩૪-૩૫] અને પતિવ્રતા નારીઓના ધર્મો પણ શ્રીવાસુદેવની ભક્તિએ સહિત અને ભક્તિએ રહિત એમ બે પ્રકારના કહેલા છે.[૩૬] તેની બન્નેની મધ્યે ભગવાનની ભકિતએ રહિતના કેવળ પતિવ્રતાના ધર્મોનું પાલન કરવાથી

तत्राद्यस्य फलं प्रोक्तं सतीलोकाप्तिलक्षणम् । द्वितीयस्य फलं ज्ञेयं गोलोकप्राप्तिरुत्तमम् ॥३७॥
लक्ष्मीतिल्यं सुखं तत्र प्राप्नोत्यनुपमं सती । तद्भर्तापि भवेत्तत्र पार्षदप्रवरः प्रभोः ॥३८॥
पतिव्रतासु या धर्मवंश्यविप्रस्त्रियो द्विज ! स्त्रीगुर्व्यः स्युश्च तासां तु धर्माः सामान्यतस्त्विमे ॥३९॥
विशेषधर्मस्तासां च कृष्णायानर्पितं तु यत् । तत्किञ्चिदपि नैवाऽऽश्यं प्रसवाद्यापदं विना ॥४०॥
स्वसम्बन्धीतरनरस्पर्शभाषेक्षणादि च । न कार्यमिति तासां च विशेषो धर्म ईयताम् ॥४१॥
इति ते कथिता मया वृषाः सधवानामिह योषितां द्विज ! ।
सहिताः स्वफलैरथ ब्रुवे विधवानामपि तानशेषतः ॥४२॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे स्त्रीधर्मेषु पतिव्रताभेदतद्धर्मफलनिरूपणनामा द्वात्रिंशोऽध्यायः ॥३२॥*

---

**સતીલોકની પ્રાપ્તિ થાય છે. અને ભગવાનની ભક્તિએ સહિત પાલન કરવાથી શ્રીકૃષ્ણ ભગવાનના ગોલોકધામરૂપ ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે.[૩૭] ત્યાં લક્ષ્મીજી જેવા અનુપમ સુખને પ્રાપ્ત કરે છે. તેમનો પતિ પણ શ્રીકૃષ્ણ ભગવાનનો ઉત્તમ પાર્ષદ થાય છે. અને તે ધામમાં ભગવાનના ઉત્તમ સુખની પ્રાપ્તિ થયા પછી પરસ્પરનો દંપતિભાવ નિવૃત્ત થઈ જાય છે.[૩૮]**

**હે વિપ્ર ! પતિવ્રતા નારીઓની મધ્યે જે નારી સ્ત્રીઓના ગુરુપદ ઉપર વિરાજમાન હોય એવી ધર્મવંશના વિપ્રની સ્ત્રીઓએ પણ પૂર્વોક્ત પતિવ્રતાના ધર્મનું સરખી રીતે જ પાલન કરવું.[૩૯] ઉપરાંત તેની જે વિશેષતા છે તે કહીએ છીએ. તે ધર્મવંશી વિપ્રની પત્નીઓએ શ્રીકૃષ્ણ ભગવાનને નિવેદન કર્યા વિનાની કોઈ પણ વસ્તુ પ્રસૂતિ આદિકના આપત્કાળ પડ્યા વિના જમવી નહિ.[૪૦] પોતાના સમીપ સંબંધ વિનાના પુરુષોનો સ્પર્શ, તેમની સાથે બોલવું, અને તેમને જોવું એ આદિક કરવું નહિ. તથા પોતાનું મુખ પણ તેઓને દેખાડવું નહિ. આટલા ધર્મવંશીની સ્ત્રીઓ માટે વિશેષ ધર્મો કહ્યા છે.[૪૧] હે વિપ્ર ! આ પ્રમાણે મેં સધવા સ્ત્રીઓના ધર્મો તેના ફળની સાથે તમને કહ્યા, હવે વિધવા સ્ત્રીઓના ધર્મો તમને સંપૂર્ણપણે કહું છું.[૪૨]**

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ–જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ સ્ત્રીધર્મોમાં પતિવ્રતાના ત્રણ ભેદ અને તેમના ફળના ભેદનું નિરૂપણ કર્યું, એ નામે બત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૨--***

त्रयोत्रिंशोऽध्यायः - ३३

श्रीनारायणमुनिरुवाच :-

विधवाकबरीबन्धो भर्तृबन्धाय जायते । शिरसो वपनं तस्मात्कार्यं विधवया द्विज ! ॥१॥
रक्षेत्केशान्यदि तदा जटातुल्यानसंस्कृतान् । रक्षेत्तन्मुण्डनं कार्यं तीर्थे वा शुभपर्वणि ॥२॥
एकाहारं सदा कुर्याद्दिनान्ते सा त्वनापदि । संङ्गं न धर्महीनानां सा कुर्याद्योषितामपि ॥३॥
पर्यङ्के न स्वपेन्नारी रोगाद्यापदमन्तरा । नग्ना स्नानं न कुर्याच्च त्यजेत्क्रोधं तु दूरतः ॥४॥
तैलाभ्यङ्गं न कुर्वीत विधवाऽनापदि क्वचित् । गन्धद्रव्यस्य सम्भोगो नैव कार्यस्तया तथा ॥५॥
नाधिरोहेदनड्वाहं प्राणैः कण्ठगतैरपि । मादकं भक्षयेन्नैव न ताम्बूलं च कर्हिचित् ॥६॥
न चातिभोजनं कुर्याच्छरीरे धातुवर्धकम् । नात्यश्नीयात्पयः सर्पिर्विनाऽऽपदमसौ क्वचित् ॥७॥
मिष्टान्नं नातिभुञ्जीत नाद्यादुत्तेजकं तथा । न दध्याद्दिव्यवसनं न च कौसुम्भमंशुकम् ॥८॥
पुष्पस्रजं चन्दनं च शङ्खान् सिन्दूरमञ्जनम् । न दध्याद्धात्वलङ्कारान् धातुयुक्तं च नाम्बरम् ॥९॥

---

# અધ્યાય - ૩૩

## વિધવા સ્ત્રીઓના સંપૂર્ણ ધર્મોનું કરેલું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! વિધવા સ્ત્રીના મસ્તક પર બાંધેલો અંબોડો પતિને બંધન કરનારો થાય છે. તેથી વિધવા સ્ત્રીઓએ મસ્તક પરના કેશનું મુંડન કરાવવું.[૧] જો વિધવા કેશ રાખે તો તૈલાદિકના સંસ્કાર કર્યા વિનાના જટાતુલ્ય રાખે. અને મસ્તક ઉપર મુંડન તીર્થમાં કરાવવું અથવા શુભ પર્વને દિવસે કરાવવું.[૨] તેઓએ આપત્કાળ પડ્યા વિનાના સમયે દિવસના અંતે સાયંકાળે જ એકવાર ભોજન કરવું, ધર્મહીન સ્ત્રીઓનો સંગ ન કરવો.[૩] રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સૂવું નહિ. નગ્ન સ્નાન કરવું નહિ અને ક્રોધનો તો દૂરથી જ ત્યાગ કરવો.[૪] વિધવા સ્ત્રીઓએ ક્યારેય પણ શરીર ઉપર તેલમર્દન ન કરવું, સુગંધીમાન અત્તરાદિકનો ઉપયોગ ન કરવો.[૫] કંઠે પ્રાણ આવવા છતાં બળદની સવારી ન કરવી. ભાંગ, ગાંજો આદિક માદક વસ્તુનું અને તાંબુલનું ભક્ષણ ન જ કરવું.[૬] અતિ ભોજન ન કરવું, શરીરમાં ધાતુને વધારે તેવાં દૂધ, ઘી વિગેરે પદાર્થો તથા મિષ્ટાન્ન અને લવીંગ, એલચી, તજ આદિક ઉત્તેજક પદાર્થો પણ આપત્કાળ પડ્યા વિના ક્યારેય પણ ખાવાં નહિ. ઉત્તમ તેમજ કસુંબલ વસ્ત્રો ધારણ કરવાં નહિ.[૭-૮]

પુષ્પની માળા, ચંદન, હાથમાં કડાં અને સિંદૂર ધારણ કરવાં નહિ.

हरेः प्रासादिकमपि सौभाग्यद्रव्यचन्दनम् । अङ्गुल्यैव गले दध्यान्न त्वङ्गेष्वलिकादिषु ॥१०॥
तथा प्रासादिकमपि हरेः पुष्पस्रगादि सा । कण्ठादौ धारयेन्नैव भक्त्याऽऽघ्राय विसर्जयेत् ॥११॥
न च सूक्ष्माणि वस्त्राणि चित्राणि च न धारयेत् । कञ्चुकं परिदध्यान्नो वासो वा विकृतं क्वचित् १२
न रञ्जयेत्पाणिपादं दन्तांश्च नखरानपि । न धारयेत्कुंकुमं च न कुर्याद्भालपत्रिकाम् ॥१३॥
न वै सुवासिनीवेषं न पुंवेषं च कर्हिचित् । सन्न्यासिन्या न वेषं च न नर्तक्याश्च धारयेत् ॥१४॥
नोत्पाटयेद्भालकेशान्न च व्यर्थं परिभ्रमेत् । नोपवेष्टुं चान्यगृहं गच्छेदेकाकिनी क्वचित् ॥१५॥
वृद्धस्यापि न पित्रादेरुत्सङ्गे क्वाप्युपाविशेत् । श्वाशुर्यवत्पैत्रपक्षे नोपहासवचो वदेत् ॥१६॥
न ग्राम्यधर्मवार्तां च मातुरग्रे वदेच्च सा । न चान्ययोषितोऽप्यग्रे वार्ताः शृङ्गारिकाश्चरेत् ॥१७॥
न होलोत्क्रीडनं कुर्यान्नापशब्दान्वदेत्क्वचित् । मिथ्यापवादं न वदेद्दद्याद्गालिं च नैव सा ॥१८॥
न च श्वशुरपक्षीयैर्निर्लज्जा वादमाचरेत् । न पापदुष्टाया नार्या मैत्रीं कुर्यात्कदाचन ॥१९॥
तथा परिव्राजक्या दूत्या स्त्रीपुंसयोरपि । शूद्रादवरजात्या च मैत्रीं नैवाचरेत् सा ॥२०॥

---

**આંખમાં આંજણ આજવું નહિ. સુવર્ણના અલંકારો અને સુવર્ણના તારે યુક્ત વસ્ત્રો પણ ધારણ કરવાં નહિ.[૯] ભગવાન શ્રીહરિના પ્રસાદિનાં સૌભાગ્ય દ્રવ્ય કે ચંદનને આંગળીથી લઈ કંઠમાં ધારણ કરવાં, પરંતુ ભાલમાં ધારણ કરવાં નહિ.[૧૦] તેવી જ રીતે વિધવાએ ભગવાનના પ્રસાદિના હારને સૂંઘીને અન્યને આપી દેવા, પરંતુ પોતે ધારણ કરવા નહિ.[૧૧] ચિત્ર-વિચિત્ર વસ્ત્રો, કંચુકી અને દેશથી વિપરીત વસ્ત્રો ક્યારેય ધારણ ન કરવાં.[૧૨] હાથ પગના નખ ન રંગવા તેમજ દાંત કે હોઠ ન રંગવા. ભાલમાં કુંકુમનો ચાંદલો ન કરવો તેમજ કુંકુમથી ભાલમાં પત્રિકા પણ ન કરવી.[૧૩] સુવાસિનીનો, પુરુષનો કે સંન્યાસિણી સ્ત્રીના જેવો, અને નર્તકીના જેવો વેશ ન ધારવો.[૧૪] કોઈ કાર્ય વિના જ્યાં ત્યાં ભટકવું નહિ. એકલાએ અન્યના ઘેર બેસવા ન જવું.[૧૫] વિધવાએ વૃદ્ધ પિતાના ખોળામાં પણ ન બેસવું. સસરાના કે પિતાના પક્ષની સ્ત્રીઓની આગળ ઉપહાસના જેમ વચનો ન બોલવાં.[૧૬] વળી વિધવા સ્ત્રીએ માતાની આગળ ગ્રામ્યવાર્તા ન કરવી. અન્ય સ્ત્રીઓ આગળ શૃંગારરસ સંબંધી વાર્તા ન કરવી.[૧૭] વિધવા સ્ત્રીઓએ હોળીની રમત ક્યારેય પણ ન કરવી. અપશબ્દો ન બોલવા. કોઈના પર મિથ્યાપવાદનું આરોપણ ન કરવું. કોઈને ગાળ ન દેવી.[૧૮] સસરાપક્ષના જનોની સાથે નિર્લજ્જ થઈને વાદવિવાદ ન કરવો. જારપુરુષના સંગાદિક પાપે કરીને દૂષિત નારીની સાથે મિત્રતા ક્યારેય ન કરવી.[૧૯]**

न यवन्या न कामुक्या पाषण्डिन्या च योषिता । अवतारेष्वविश्वस्ता या हरेश्च तया सह ॥२१॥
निर्लज्जयौषधिविदा मन्त्रयन्त्रज्ञया तथा । मैत्रीं न गर्भपातिन्या कुर्यात्सा धूर्तया न च ॥२२॥
अभिशस्तस्य पुंसश्चेद्गृहे नारी पतिव्रता । भवेत्तर्ह्यपि तद्गेहं न गच्छेत्तां समीक्षितम् ॥२३॥
स्वतोऽतिनीचजातेश्च धर्मवत्या अपि स्त्रियाः । उपवेष्टुं गृहे नैव गच्छेन्नारी विभर्तृका ॥२४॥
जीविकामात्रपर्याप्तं धनं स्यादात्मनस्तु यत् । न कुर्याद्धर्मकार्येऽपि व्ययं तस्य कदाचन ॥२५॥
व्यये कृते तु सा नारी जीविकार्थं पराश्रयात् । भ्रष्टा भवेत्स्वीयधर्मात्संशयो नात्र विद्यते ॥२६॥
विवाहं पान्थसार्थं च नृत्यं गीतं जनोत्सवम् । द्रष्टुं न गच्छेद्विधवा सुवेषं पुरुषं तथा ॥२७॥
पश्येन्मुखं च नाऽऽदर्शे व्रजेन्नैकाकिनी क्वचित् । स्वच्छन्दं पुरुषान्नैव वीक्षेत क्रीडतः क्वचित् ।२८
कामान्नेक्षेत पुरुषं न सम्भाषेत न स्पृशेत् । न तद्वार्तां च शृणुयात्सच्छास्त्रीयकथां विना ॥२९॥

---

વિધવા સ્ત્રીએ સંન્યાસિણીની સાથે સ્ત્રી-પુરુષને એકાંતમાં મિલન કરાવી આપનારી દૂતીની સાથે અને શૂદ્ર થકી પણ નીચી સંકરજાતિની સ્ત્રી સાથે મૈત્રી ન કરવી.[૨૦] યવનની નારી સાથે, કામાકુળ સ્ત્રી સાથે, પાખંડીની સ્ત્રી સાથે પણ મૈત્રી ન કરવી. તેમજ જે સ્ત્રીને ભગવાનના અવતારોમાં વિશ્વાસ ન હોય તેવી સ્ત્રીની સાથે, નિર્લજ્જ, ગર્ભસ્રાવ થાય તેવી ઔષધીને જાણનારી, વશીકરણાદિ મંત્રતંત્રને જાણનારી, ગર્ભને પાળનારી અને લોકોને છેતરનારી સ્ત્રીની સાથે પણ મિત્રતા ન કરવી.[૨૧-૨૨] જો લોકાપવાદથી નિંદિત પુરુષને ઘેર પતિવ્રતા નારી હોય છતાં પણ તે પતિવ્રતા નારીનાં દર્શને તેમને ઘેર ન જવું.[૨૩] વળી વિધવા સ્ત્રીએ પોતાના થકી અતિશય નીચ જાતિમાં જન્મેલી સ્ત્રી અતિશય ધર્મવાળી હોય છતાં પણ તેમને ઘેર બેસવા ન જવું.[૨૪] જો પોતાનું ધન, આજીવિકા પૂરતું હોય તો તે ધનનો વ્યય ધર્મકાર્યને માટે પણ ક્યારેય ન કરવો.[૨૫] જેનાથી પરનો આશ્રય કરવો પડે અને પોતાના વિધવા ધર્મથકી ભ્રષ્ટ થવાનો વારો આવે છે. તેમાં કોઈ સંશય નથી.[૨૬] વિધવા સ્ત્રીએ વિવાહ, દેશાંતરમાંથી આવેલા પુરુષનો સંઘ, રાજાનું સૈન્ય, નૃત્ય, ગીત, લોકોનો ઉત્સવ અને સુંદર વેષને ધરી રહેલા પુરુષને જોવા ન જવું.[૨૭] અરીસામાં પોતાનું મુખ ન જોવું. ક્યારેય પણ એકલા ન નીકળવું, સ્વછંદી ક્રીડા કરતા પુરુષોને જોવા નહિ.[૨૮] તેમની સાથે બોલવું નહિ. અને તેમનો સ્પર્શ પણ ન કરવો. સત્શાસ્ત્રની કથા સિવાય પુરુષ સંબંધી કહેવા માંડેલી વાર્તાઓ ક્યારેય પણ સાંભળવી નહિ અને પોતે કહેવી પણ નહિ.[૨૯] વાઘ, સિંહ, સર્પ, ઘર આદિકમાં

व्याघ्राह्यग्नयम्बुभीत्यादावापदि स्पर्शभाषणे । पुंसो जाते तु नैव स्याद्दोषोऽथ स्तनपस्य च ॥३०॥
धौतशुष्कं च धौतार्द्रं नवीनं चांशुकं विना । पुंसो धार्यं स्पृशेन्नैव तदङ्गस्थं च नांशुकम् ॥३१॥
न पुंसश्चिन्तनं कुर्याद्धृदये कामभावतः । न लिखेन्न स्पृशेच्चित्रं पुत्तलं ग्राम्यधर्मि च ॥३२॥
बुद्धिपूर्वं न वीक्षेत पशुपक्ष्यादिमैथुनम् । सिध्यत्यपि स्वकार्ये च पुंसा मैत्रं तु नाचरेत् ॥३३॥
पुंसो मूत्रमलोत्सर्गस्थले कुर्यान्न तत्क्रियाम् । पुंसो दृष्ट्या निजां दृष्टिं निबध्येक्षेत न क्वचित् ॥३४॥
अवदन्ती नरं नैव बोधयेत्करदृग्भ्रमैः । पश्येत्पुंसो न गुह्याङ्गं विधवा धर्मसंस्थिता ॥३५॥
धनुर्मानान्तरेणैव पुंसो दूरं व्रजेत्सदा । देवालयाल्पाध्वमहे रक्ष्यं पुंस्पर्शतो वपुः ॥३६॥
यत्रोर्ध्वभूमिकायां तु सुप्तः स्यात्पुरुषो गृहे । निशि तत्र स्वपेन्नैका तदूर्ध्वं तदधोऽपि वा ॥३७॥

---

**અગ્નિ લાગવો, પાણીમાં ડૂબી જવાનો પ્રસંગ ઊભો થવો એ આદિક અનેક પ્રકારના ભયનો આપત્કાળ આવી પડે ત્યારે પુરુષનો સ્પર્શ થાય તથા તેમની સાથે બોલાય તો પણ દોષ લાગતો નથી. તેવી જ રીતે ધાવણા બાળકનો સ્પર્શ થાય કે તેમની સાથે બોલાય તેનો દોષ લાગતો નથી.[૩૦]**

**જે પુરુષનું ધોયેલું વસ્ત્ર ભીનું હોય કે સૂકાયેલું હોય, તે સિવાયનાં પુરુષનાં ધારેલાં વસ્ત્રો કે ધાર્યા પછી ઉતારીને મૂકેલાં વસ્ત્રનો વિધવા સ્ત્રીએ સ્પર્શ ન કરવો. તેમજ પુરુષના અંગ ઉપર રહેલાં વસ્ત્રનો પણ વિધવા સ્ત્રીએ સ્પર્શ ન કરવો.[૩૧] હૃદયમાં કામભાવથી પુરુષનું ચિંતવન ન કરવું. સંભોગનું આચરણ કરતાં ચિત્રો ન ચિતરવાં અને તેવાં ચિત્રોનો સ્પર્શ પણ ન કરવો. તેમજ તેવાં પૂતળાંનો પણ સ્પર્શ કરવો નહિ.[૩૨] વિધવા સ્ત્રીએ જાણી જોઈને પશુ-પક્ષી આદિકની મૈથુન ક્રિયા પણ જોવી નહિ. પોતાનું કાર્ય સિદ્ધ થાય એમ હોય છતાં પણ પુરુષની સાથે વિધવાએ મિત્રતા ન કરવી.[૩૩] પુરુષના મળમૂત્ર કરવાને સ્થળે વિધવાએ મળમૂત્ર કરવા જવું નહિ. પુરુષની દૃષ્ટિ સંગાથે પોતાની દૃષ્ટિ બાંધીને ક્યારેય પણ પુરુષને જોવો નહિ.[૩૪] ધર્મમાં રહેલી વિધવા સ્ત્રીએ પુરુષની સાથે બોલ્યા વિના કેવળ પોતાના હાથ, નેત્ર કે ભ્રૂકુટિને ઈશારે પુરુષને કંઈ પણ જણાવવું નહિ. પુરુષના ગુહ્યઅંગને જોવું નહિ.[૩૫] હમેશાં પુરુષથી ચાર હાથ દૂર ચાલવું, દેવમંદિરમાં કે સાંકળા માર્ગમાં કે ઉત્સવમાં મનુષ્યોની ભીડ જામી હોય તેવા સમયે વિધવા સ્ત્રીએ પુરુષનાં અંગનો સ્પર્શ ન થાય તે રીતે પોતાના શરીરનું રક્ષણ કરવું, પરંતુ પુરુષથી ચાર હાથ દૂર ન રહેવાય તેનો દોષ નથી.[૩૬] જે ઘરમાં ઉપરના માળે પુરુષ એકલો સૂતો હોય તે**

पुंसभादृश्यहृत्तुन्दसक्थिर्नोपविशेत्क्वचित् । चापल्यं करपादस्य न कुर्यादङ्गघर्षणम् ॥३८॥
पैत्रश्वाशुर्यपक्षाभ्यां छन्नं पुंसा न केनचित् । स्त्रिया व्यवहरेत्तस्मै न दद्यान्नाददीत तत् ॥३९॥
स्वबन्धुनापि चैकेन यूना सह पथि क्वचित् । तारुण्ये विधवा नैव गच्छेन्नोपविशेद्रहः ॥४०॥
भाषणस्पर्शवीक्षादि पुंसो यत्तु निषेधितम् । तदत्रासन्नसम्बन्धिपुम्भ्योऽन्यत्रावगम्यताम् ॥४१॥
पिता भ्राता पितृव्यश्च तत्पुत्रास्तत्सुतादयः । मातामहो मातुलश्च तत्पुत्रास्तत्सुतादयः ॥४२॥
मातृष्वसुः पतिः पुत्रास्तथा पितृष्वसुः पतिः । तत्पुत्रा गुरुतत्पुत्रावन्नदाता च तत्सुतः ॥४३॥
सभ्रातृकश्च श्वशुरस्तथा ज्येष्ठाश्च देवराः । तेषां पुत्राश्च दौहित्रादुहितृपतयस्तथा ॥४४॥
पुत्रपौत्रादयः स्वस्या एते सम्बन्धिनो मताः । तत्स्पर्शभाषणेक्षासु न दोषो यदि धार्मिकाः ॥४५॥

---

ઘરમાં તેની ઉપરના કે નીચેના માળે રાત્રીને વિષે એકલી વિધવા સ્ત્રીએ શયન કરવું નહિ.[૩૭] પુરુષની દૃષ્ટિ પોતાના વક્ષઃસ્થળ, ઉદર કે સાથળ ઉપર પડે તે રીતે બેસવું નહિ. હાથ અને પગની ચંચળતાનો ત્યાગ કરવો. પુરુષ જુવે તે રીતે પોતાના અંગોનું ઘર્ષણ ન કરવું.[૩૮] પિતા કે સસરા ન જાણે તે રીતે અન્ય કોઈ પુરુષ સાથે વ્યવહાર ન કરવો. કોઈ પણ પુરુષને સ્ત્રી દ્વારા કોઈ વસ્તુ પહોંચાડવી કે મંગાવવી નહિ.[૩૯]

યુવાની અવસ્થામાં રહેલી એકલી વિધવા સ્ત્રીએ માર્ગમાં યુવાન અવસ્થાવાળા પોતાના ભાઈ આદિક પુરુષની સાથે પણ ક્યારેય એકલા ચાલવું નહિ અને એકલા એકાંતમાં બેસવું પણ નહિ.[૪૦] અહીં વિધવા સ્ત્રીઓના ધર્મમાં પુરુષની સાથે બોલવામાં કે સ્પર્શ કરવામાં, જોવામાં કે તેનાં વસ્ત્રાદિકના સ્પર્શમાં જે નિષેધ છે તે સમીપ સંબંધ વિનાના પુરુષનો છે એમ જાણવું.[૪૧] હવે સમીપ સંબંધ વાળા પુરુષો કહીએ છીએ. પિતા, ભાઈ, કાકા, ભાઈના પુત્ર, કાકાના પુત્ર, ભાઈના પુત્રોના પુત્રો, કાકાના પુત્રોના પુત્રો, તેમની દિકરીના દિકરાઓ, માતામહ- નાનાબાપા, મામા, મામાના દિકરા અને તેમના દિકરા, તેમની દિકરીના દિકરા, ફુવા, તેમના દિકરા અને તેમના દિકરા, તેમજ તેમની દિકરીના દિકરા, ગુરુ, ગુરુના પુત્રો અને તેમના પુત્રો, સસરા, સસરાના ભાઈઓ તથા જેઠ, દિયર, તેમજ તેમના દિકરાઓ, દોહિત્રાઓ, દિકરીઓના જમાઈઓ, તથા પોતાના દિકરાઓ તથા તેમના દિકરાઓ, તથા પોતાની દિકરીના દિકરાઓ અને તેમના દિકરાઓ આ સર્વેને સમીપ સંબંધવાળા પુરુષો જાણવા. જો ઉપરોક્ત સર્વે પુરુષો

न कपाटावृते गेहे विजने वा स्थले क्वचित् । स्वपित्रापि सहासीत विधवैकाकिनी ध्रुवम् ॥४६॥
स्वसम्बन्धिजना एते पापिनो विमुखाः प्रभोः । यदि स्युस्तर्हि तान्नैव भाषयेच्च न सा स्पृशेत् ॥४७
हित्वा तान्पापिनः साध्वी निष्कामव्रतरक्षकम् । पोषकं त्वाश्रयेदन्यं पितृभ्रातृसुतैः समम् ॥४८॥
पितृवत्पोषयेद्यः स्वं धर्मं च परिपालयेत् । स एव हि पिता प्रोक्तो न स्वधर्मस्य घातकः ॥४९॥
भ्रातृवत्पोषयेद्यः स्वं धर्मं च परिपालयेत् । भ्राता स एव हि प्रोक्तो न स्वधर्मस्य घातकः ॥५०॥
पुत्रवत्पोषयेद्यः स्वं धर्मं च परिपालयेत् । पुत्रः स एव हि प्रोक्तो न स्वधर्मस्य घातकः ॥५१॥
शारीरसम्बन्धहीना अपि ते धर्मरक्षकाः । पित्रादितुल्या विज्ञेया भिन्नवर्णा अपि ध्रुवम् ॥५२॥
तत्स्पर्शभाषणेक्षासु स्पर्शे तद्वाससामपि । विधवाया धर्मवत्या दोषो नास्त्येव निश्चितम् ॥५३॥

---

**ધાર્મિક હોય તો તેમની સાથે બોલવા, સ્પર્શ કરવા કે જોવામાં કોઇ દોષ નથી. જો તેમના અંગ સ્પર્શમાં દોષ ન હોય તો તેમનાં વસ્ત્રોના સ્પર્શમાં દોષ ક્યાંથી હોઇ શકે ? ન હોય.[૪૨-૪૫] એકલી વિધવા સ્ત્રીએ દિવાલ આદિકના આવરણ વિનાના ઘરમાં અથવા એકાંત સ્થળમાં યુવાન અવસ્થામાં રહેલા પોતાના પિતાની સાથે પણ ક્યારેય રહેવું કે બેસવું નહિ.[૪૬] પૂર્વોક્ત પિતા આદિક સમીપ સંબંધવાળા પુરુષો જો પાપી અને ભગવાન થકી વિમુખ હોય તો તેઓની સાથે પણ વિધવા સ્ત્રીએ બોલવું નહિ અને તેમનો સ્પર્શ પણ ન કરવો.[૪૭] અને તેમનો સર્વપ્રકારે ત્યાગ કરી પોતાના નિષ્કામવ્રતનું રક્ષણ કરવું. તેમજ અન્નાદિક અર્પણ કરી પોતાનું પાલન-પોષણ કરે તેને પોતાના પિતા, પુત્ર ભાઇ આદિકની સમાન જાણી તેઓનો આશ્રય કરવો.[૪૮] જે પુરુષ પોતાનો સમીપ સંબંધવાળો ન હોય છતાં પોતાનું પિતાની જેમ પોષણ કરે ને નિષ્કામવ્રતનું રક્ષણ કરાવે તેને જ સાચો પિતા કહેલો છે. પરંતુ પોતાના ધર્મનો વિનાશ કરાવે તેવો પિતા, પિતા કહેવાને યોગ્ય નથી.[૪૯] જે પુરુષ પોતાના ભાઇની પેઠે પોતાનું પોષણ કરે ને ધર્મનું પાલન કરાવે તેને જ સાચો ભાઇ કહેલો છે. અને જે પોતાના પુત્રની જેમ પોતાનું પાલન પોષણ કરે તેને જ પુત્ર કહેલો છે, પરંતુ ધર્મની હત્યા કરનારને પુત્ર કે ભાઇ કહેલો નથી.[૫૦-૫૧]**

**વિધવા સ્ત્રીએ પોતાના ધર્મનું રક્ષણ કરનાર અને પોતાનું પાલન-પોષણ કરનારા પુરુષો સમીપ સંબંધ વિનાના હોય તથા જુદા વર્ણના હોય છતાં પણ તેને જ પિતા આદિકની સમાન જાણવા.[૫૨] અને આવા પુરુષોનો સ્પર્શ, તેમની સાથે બોલવું કે તેમને જોવામાં વિધવા સ્ત્રીને કોઇ દોષ લાગતો નથી.[૫૩] જે વિધવા સ્ત્રીના**

पितृभ्रात्रादयो यस्या न स्युः सम्बन्धिनो जनाः । सा धर्मरक्षामिच्छुश्चेदाश्रयेद्धर्मरक्षकम् ।।५४।।
स्वतन्त्रा न भवेत्क्वापि नारी धर्मपरायणा । ज्ञातेरभावे राजानमाश्रयेद्धर्मरक्षकम् ।।५५।।
जातिभ्रंशकरं कर्म किञ्चिदप्याचरेन्न सा । जातिशुद्धिर्यता हेतुर्बुद्धिशुद्धेरुदीर्यते ।।५६।।
अथ यस्या जीविका तु क्रयविक्रयकर्मणा । कृषिसेवादिना वा स्यात्तस्या निर्णय उच्यते ।।५७।।
भाषणं स्पर्शनं पुंसो व्यवहारेऽत्र चेद्भवेत् । तावत्कालं तु तत्कुर्याद्यतः सा जीविका मता ।।५८।।
कुलोचितं न चेत्कुर्याद्व्यवहारं स्वजीवने । पराश्रयात्तदा भ्रष्टा सा निष्कामव्रताद्भवेत् ।।५९।।
श्रीविष्णोः पूजनं कार्यं यथालब्धोपचारकैः । मनसि प्रतिमायां च ज्ञेयो भर्ता स एव च । ।।६०।।

---

પિતા, ભાઈ આદિક સંબંધીજનો ન હોય તે સ્ત્રીને પોતાના નિષ્કામ ધર્મની રક્ષા કરવાની જો ઈચ્છા હોય તો પૂર્વોક્ત રીતિ પ્રમાણે પોતાના ધર્મનું રક્ષણ કરે તેવા સદ્ધર્મનિષ્ઠ પુરુષના આશ્રયે રહેવું.[૫૪] પરંતુ ધર્મપરાયણ વિધવા નારીએ ક્યારેય પણ સ્વતંત્ર ન રહેવું. જો પોતાના જ્ઞાતિજનોનો અભાવ હોય તો વિધવા સ્ત્રીએ ધર્મરક્ષક રાજાને આશ્રયે રહેવું.[૫૫] વિધવા સ્ત્રીએ પોતાની જાતિ થકી ભ્રષ્ટ કરે એવું કોઈ કર્મ ન કરવું, કારણ કે જાતિશુદ્ધિ જ બુદ્ધિશુદ્ધિનું કારણ કહેલું છે.[૫૬] શ્રીનારાયણ ભગવાન કહે છે હે વિપ્ર ! હવે પોતાની આજીવિકા વૃત્તિ ચલાવવા માટે તૃણ, કાષ્ઠ આદિક વેંચાતું લેવા દેવા રૂપ કર્મ અથવા ખેતીનું કર્મ અથવા કોઈ સેવાનું કર્મ કરવાનું થાય તો તે પ્રસંગમાં પુરુષો સાથે અવશ્ય બોલવા આદિકનું કર્મ કરવું પડે તો તેવા સમયના ધર્મનો નિર્ણય હું તમને જણાવું છું.[૫૭] આવા આજીવિકા માટેના વ્યવહારમાં પુરુષ સાથે બોલવાનું થાય કે તેના સ્પર્શનો પ્રસંગ થાય ત્યારે તેટલા સમય પૂરતું બોલવું કે સ્પર્શ કરવો, કારણ કે એજ એમની આજીવિકા મનાયેલી છે.[૫૮] જો વિધવા સ્ત્રી પોતાના જીવન નિમિત્તમાં કુલોચિત વ્યવહાર ન કરે તો પોતાના જીવન નિમિત્તે પરનો આશ્રય કરવાનો થતાં તેમાં નિષ્કામવ્રતથકી ભ્રષ્ટ થવાય છે.[૫૯]

વળી વિધવા સ્ત્રીએ પ્રથમ માનસીપૂજા કરી યથા સમયે પ્રાપ્ત ઉપચાર દ્રવ્યોથી પોતાની પૂજાની શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમાનું પૂજન કરવું. અને શ્રીકૃષ્ણ ભગવાનને જ પોતાના પતિ માનવા.[૬૦] અને પોતાની શક્તિ પ્રમાણે હમેશાં શ્રીકૃષ્ણ ભગવાનના અષ્ટાક્ષરમંત્રનો જપ કરવો. દિવસે કે રાત્રીએ પોતાના સર્વે કાર્યોમાં શ્રીહરિનું સ્મરણ કરવું.[૬૧] અને જ્યારે પોતે રજસ્વલા ધર્મમાં આવે ત્યારે અથવા

तन्नाममन्त्रस्य जपं कुर्यान्नित्यं स्वशक्तितः । दिवा रात्रौ च कार्येषु स्मर्तव्यो हरिरेव हि ॥६१॥
ऋतौ च सूतके रोगे मानसं त्वर्चनं हरेः । स्वयं कुर्याद्बाह्यपूजां कारयेदन्ययोषिता ॥६२॥
आवश्यकं गेहकार्यं कृत्वा सा सकलं दिनम् । भक्तिमेव हरेः कुर्याद्व्यर्थं कालं तु न क्षिपेत् ॥६३
न भक्षयेत्सा यतीनां च वर्णिनामनाश्रमस्थस्य जनस्य च द्विज ! ।
अन्नं क्वचापद्यपि धर्मसंस्थिता यद्भक्षणान्नश्यति वै मतिः शुभा ॥६४॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे स्त्रीधर्मेषु विधवानां कबरीबन्धवर्जनादिधर्मनिरूपणनामा त्रयस्त्रिंशोऽध्यायः ॥३३॥*

---

**જન્મ કે મરણનું કોઇ સૂતક આવે ત્યારે તથા રોગાદિક આપત્કાળમાં ભગવાનની માનસીપૂજા પોતે કરવી. પરંતુ બાહ્યપૂજા બીજી સ્ત્રીની પાસે કરાવવી.[૬૨] વળી કરવા યોગ્ય ઘરનું કામ કરી આખો દિવસ ભગવાનની નવધા ભક્તિ કરવી. પરંતુ ભક્તિ વિનાનો વ્યર્થકાળ ક્યારેય નિર્ગમવો નહિ.[૬૩] હે વિપ્ર ! ધર્મમાં રહેલી વિધવા સ્ત્રીઓએ સન્યાસી, બ્રહ્મચારી, અનાશ્રમી અને ત્યાગી સાધુઓનું અન્ન ક્યારેય પણ ન ખાવું. આપત્કાળમાં પણ ન ખાવું કારણ કે એ અન્ન જમવાથી સ્વધર્મમાં સ્થિતિરૂપ શુભમતિ નાશ પામે છે.[૬૪]**

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ સ્ત્રીધર્મોમાં વિધવાના ધર્મનું નિરૂપણ કર્યું, એ નામે તેત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૩--***

## चतुर्त्रिंशोऽध्यायः - ३४

**श्रीनारायणमुनिरुवाच :-**

एकादशीस्तथा जन्माष्टम्यादीनि व्रतानि च । नित्यानि कुर्यात्तत्रार्चां वासुदेवस्य सादरम् ॥१॥
धर्मनिष्ठा व्रतान्येव सा तु कुर्यान्निरन्तरम् । त्रिरात्रं पञ्चरात्रं वा पक्षव्रतमथापि वा ॥२॥
मासोपवासं वा कुर्याच्चान्द्रायणमथापि वा । कृच्छ्रं पराकं वा कुर्यात्तप्तकृच्छ्रमथापि वा ॥३॥
यवान्नैर्वा फलाहारैः शाकाहारैः पयोव्रतैः । प्राणयात्रां प्रकुर्वीत यावत्प्राणः स्वयं व्रजेत् ॥४॥
वैशाखे कार्तिके माघे विशेषनियमांश्चरेत् । स्नानं दानं तीर्थयात्रां विष्णोर्नामग्रहं मुहुः ॥५॥
वैशाखे जलकुम्भांश्च कार्तिके घृतदीपकान् माघे धान्यतिलान् दद्याद्विधवा सति वैभवे ॥६॥
प्रपा कार्या च वैशाखे देवे देया गलन्तिका । उपानद्व्यजनं छत्रं सूक्ष्मवासांसि चन्दनम् ॥७॥
सकर्पूरं च ताम्बूलं पुष्पदाम तथैव च । जलपात्राण्यनेकानि तथा पुष्पगृहाणि च ॥८॥

---

## અધ્યાય - ૩૪

## વિધવા સ્ત્રીના જુદા જુદા વ્રત વિધિનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! વિધવા સ્ત્રીએ એકાદશી તથા જનામ્ષ્ટમી આદિક હમેશાં કરવાનાં તે વ્રતો કરવાં,જે ન કરવાથી મનુષ્યને પાપ લાગે છે. વળી તે વ્રતોને દિવસે શ્રીવાસુદેવ ભગવાનની આદરપૂર્વક મહાપૂજા કરવી.[૧]ધર્મનિષ્ઠ એવી વિધવા સ્ત્રીઓએ આ વ્રતો હમેશાં કરવા.તે વ્રતો કહું છું. ત્રિરાત્રોપવાસવ્રત, પંચરાત્રોપવાસવ્રત, પક્ષોપવાસવ્રત કરવાં.[૨] તેમજ માસોપવાસવ્રત, ચાંદ્રાયણવ્રત, પારાક કુચ્છ્રવ્રત, તપ્તકુચ્છ્રવ્રત, યવાન્નભક્ષણવ્રત, ફલાહારવ્રત, શાકાહારવ્રત અથવા પયોવ્રત કરીને શરીરનો નિર્વાહ કરવો. જ્યાં સુધી સ્વયં પ્રાણ શરીરમાંથી નીકળે નહિ ત્યાં સુધી કોઈનાં કોઈ વ્રત દ્વારા દેહનો નિર્વાહ કરવો.[૩-૪] વળી વિધવા સ્ત્રીએ વૈશાખ, કાર્તિક અને માઘ માસમાં વિશેષ નિયમોનું પાલન કરવું. તે વિશેષ નિયમોમાં સ્નાન, દાન, તીર્થયાત્રા, વારંવાર શ્રીવિષ્ણુ ભગવાનના નામનો ઉચ્ચાર વગેરે કરવું.[૫] જો પોતાની પાસે ધનવૈભવ હોય તો વિધવા સ્ત્રીએ વૈશાખ માસમાં જળકુંભોનું, કાર્તિક માસમાં ઘીના દીવાઓનું અને માઘ માસમાં ધાન્યનું કે તલનું દાન કરવું.[૬] વળી મારો પતિ મારા ઉપર પ્રસન્ન થાય એમ બોલીને વૈશાખ માસમાં પાણીનું પરબ બંધાવવું, મહાદેવજીને જળઝારી અર્પણ કરવી, તેમજ બ્રાહ્મણોને પગરખાં,વીજણો, છત્રી, સૂક્ષ્મવસ્ત્રો, ચંદન, કર્પૂર સહિત તાંબૂલ, તથા સુગંધીમાન પુષ્પોની માળા, જળપાત્રો, સાકર

पानानि च विचित्राणि द्राक्षारम्भाफलानि च । तया देयानि विप्रेभ्यः पतिर्मे प्रीयतामिति ॥९॥
ऊर्जे यवान्नमश्नीयादेकान्नमथवा पुनः । वृन्ताकं सूरणं चैव शूकशिम्बीं च वर्जयेत् ॥१०॥
कार्तिके वर्जयेत्तैलं कार्तिके वर्जयेन्मधु । कार्तिके वर्जयेत्कांस्यं कार्तिके शुक्तसन्धितम् ॥११॥
कार्तिके मौननियमे घण्टां चारुं प्रदापयेत् । पत्रभुक्कांस्यपात्रं तु घृतपूर्णं द्विजाय च ॥१२॥
भूमिशय्याव्रते देया शय्या श्लक्ष्णा सतूलिका । फलत्यागे फलं देयं रस त्यागे च तद्रसः ॥१३॥
धान्यत्यागे च तद्धान्यमथवा शालयः स्मृताः । धेनूर्दद्यात्प्रयत्नेन सालङ्कारा: सकाञ्चनाः ॥१४॥
एकतः सर्वदानानि दीपदानं तथैकतः । कार्तिके मासि तत्तस्मात्कर्तव्यं सर्वथा मतम् ॥१५॥

---

**મિશ્રિત આંબા, નારંગી આદિકના રસો, સાકર યુક્ત પાણી, દ્રાક્ષ તથા કેળાફળ આદિકનું દાન કરવું.[૭-૯]**

**વળી કાર્તિક માસમાં વિધવા સ્ત્રીએ યવનું અન્ન જમવું, અથવા એક જ કોઈ અન્ન જમવું, તથા સૂરણ, જવ, ઘઉ વગેરે શુકધાન્ય અને મગ,અડદ વિગેરે સીંગ ધાન્યનો ત્યાગ કરવાનો નિયમ રાખવો.[૧૦]તેલ અને તૈલી પદાર્થો પણ ભોજનમાં લેવાં નહિં. કાર્તિક માસમાં મધ,તથા કાંસાના પાત્રમાં ભોજનનો ત્યાગ કરવો.તેમજ વાસી તથા નમકવાળાં શાકનો ત્યાગ કરવો.[૧૧]વળી કાર્તિક માસમાં જો મૌન વ્રત ધારણ કરવાનો નિયમ રાખે તો સુંદર નાદ કરતી ઘંટા બ્રાહ્મણને દાનમાં આપવી. જો પતરાવળીમાં ભોજન કરવાનું વ્રત રાખે તો ઘી ભરેલો કાંસાનો ઘડો બ્રાહ્મણને દાનમાં આપવો.[૧૨] જો પૃથ્વી પર શયન કરવાનું વ્રત ધારણ કરે તો સુંદર રૂ ભરેલાં ગોદડાં સાથે સુંવાળી શય્યા બ્રાહ્મણને અર્પણ કરવી, જો કે વિધવા સ્ત્રીને પલંગ ઉપર સૂવાનો નિષેધ છે અને પૃથ્વી પર સૂવાનું છે છતાં અહીં કાર્તિક માસમાં પૃથ્વી પર સૂવાનું વ્રત કહ્યું તે પાથર્યા વિના જ પૃથ્વી પર સૂવા માટે છે એમ જાણવું.વળી ફળ ત્યાગનું વ્રત રાખે તો ફળનું દાન કરવું, તેમજ ઘી આદિક કોઈ રસત્યાગનું નિયમ રાખે તો તેનું બ્રાહ્મણોને દાન કરવું.[૧૩]ધાન્ય ત્યાગનું નિયમ રાખે તો ધાન્યનું અથવા ડાંગરનું દાન કરવું.વળી કાર્તિક માસમાં ગાયને યોગ્ય અલંકારો ધારણ કરાવી સુવર્ણની દક્ષિણા સાથે વિધિપૂર્વક બ્રાહ્મણને દાનમાં આપવી.[૧૪]**

**હે વિપ્ર ! એક પક્ષે સર્વ પ્રકારનાં દાનો અને એક પક્ષે કાર્તિક માસમાં દીપદાન કરે તો તે સમાન ફળ આપનારા થાય છે. તેથી કાર્તિક માસમાં દીવાનું દાન તો અવશ્ય કરવું.[૧૫] સૂર્ય કાંઈક ઉદય પામ્યો હોય ત્યારે માઘસ્નાન કરવું.**

किञ्चिदभ्युदिते सूर्ये माघस्नानं समाचरेत् । यथाशक्त्या च नियमान्माघस्नात्री समाचरेत् ॥१६॥
पक्वान्नैर्भोजयेद्विप्रान् यतिनोऽपि तपस्विनः । लड्डुकैः फेणिकाभिश्च वटकैर्घुर्घुरादिभिः ॥१७॥
घृतपक्वैः समरिचैः शुचिकर्पूरवासितैः । गर्भे शर्करया पूर्णैर्नेत्रानन्दैः सुगन्धिभिः ॥१८॥
शुष्केन्धनानां भारांश्च दद्याच्छीतापनुत्तये । कञ्चुकं तूलगर्भं च तूलिकां सोपधानिकाम् ॥१९॥
मञ्जिष्ठारक्तवासांसि तथा तूलवतीं पटीम् । जातीफललवङ्गैलाताम्बूलानि बहून्यपि ॥२०॥
कम्बलांश्चित्रवर्णांश्च निर्वातानि गृहाणि च । मृदुलाः पादरक्षाश्च सुगन्ध्युद्वर्तनानि च ॥२१॥
दानानि ददती सा च दानेनानेन मे सदा । भर्तृस्वरूपो भगवान्प्रीयतामिति चोच्चरेत् ॥२२॥
एवंविधैश्च विधवा विविधैर्नियमैर्व्रतैः । वैशाखान्कार्तिकान्माघान् यथाशक्त्यतिवाहयेत् ॥२३॥
व्रतोपवासहीना तु नारी भ्रष्टा भवेद्ध्रुवम् । कामाकुला स्याच्च यथा ह्यूर्जे मासि शुनी कपी ॥२४॥

---

**આ માઘમાસમાં પણ પ્રાતઃકાળે સ્નાન કરનાર વિધવા સ્ત્રીએ પોતાની શક્તિ પ્રમાણેનાં કાર્તિક માસમાં જે નિયમો પાળવાનાં કહ્યાં તે સર્વેનું ભક્તિથી અનુંષ્ઠાન કરવું.[૧૬] તેમજ વિપ્ર, સંન્યાસી કે તપસ્વીઓને લાડુ, સૂતરફેણી, વડાં, ઘુઘરા, જલેબી અને શિરો આદિક પકવાન્નોથી ભોજન કરાવવું.[૧૭] તે ઘીમાં પકાવેલાં મરી સહિત શુદ્ધ કર્પૂરથી સુવાસિત કરેલાં, સાકર મિશ્રિત અને જોવા માત્રથી આંખોને આનંદ ઉપજાવે તેવાં પકવાન્નોથી બ્રાહ્મણોને તૃપ્ત કરવા.[૧૮]વળી ઠંડીના નિવારણ માટે સૂકાકાષ્ઠના ભારા, રૂ ભરેલી ડગલી, ઓશીકાં અને ઓછાડે સહિત રૂ ભરેલી ગોદડીનું બ્રાહ્મણને દાન કરવું.[૧૯] મજીઠના લાલ રંગથી રંગેલાં વસ્ત્રો,રૂ ભરેલી ગોદડી,બહુ પ્રકારનાં જાયફળ, લવિંગ અને એલાયચી મિશ્રિત તાંબૂલ બ્રાહ્મણને અર્પણ કરવાં.[૨૦]ચિત્ર વિચિત્ર અનેક પ્રકારના ધાબળા, ઘરો, પગરખાં અને શરીરમાં લગાવવા માટે સુગંધીમાન દ્રવ્યો પણ બ્રાહ્મણોને દાનમાં અર્પણ કરવાં.હે ! વિપ્ર દાન કરનારી વિધવા સ્ત્રીએ દાન આપવા સમયે ''આ દાનથી પતિ સ્વરૂપ પરમાત્મા મારા ઊપર સદાય પ્રસન્ન રહો''એવો ઉચ્ચાર કરીને આપવું .[૨૨] આવા પ્રકારનાં વિવિધનિયમોનું તથાં વ્રતોનું અનુષ્ઠાન કરતાં કરતાં વિધવાનારીએ વૈશાખ,કાર્તિક અને માઘ માસને વ્યતીત કરવો.[૨૩]કારણકે વ્રત ઊપવાસ રહીતની સ્ત્રી તેમાં પણ વિધવા તો નક્કી ભ્રષ્ટ થાય છે કારણકે કાર્તિક માસમાં વાંદરી અને કુતરીની જેમ તે કામ વિહ્વળ હોય છે,તેથી વ્રત-ઉપવાસાદિકનું અનુષ્ઠાન અવશ્ય કરવું.[૨૪]**

श‍ृणियात्सच्छास्त्रकथां वक्तुर्धर्मपरायणात् । उपविश्य स्त्रीसमेया पालयन्ती निजं व्रतम् ॥२५॥
कर्मणा मनसा वाचा यत्नाद्धर्मं समाचरेत् । अस्वर्ग्यं लोकविद्विष्टं धर्ममप्याच्चरेन्न तु ॥२६॥
एतान्धर्मांस्तु या नारी चिन्तयन्ती मृतं पतिम् । पालयेत्सा सतीलोकं प्राप्नुयाद्वै सभर्तृका ॥२७॥
कृष्णमेव पतिमात्मनस्तु या चिन्तयन्त्यविरतं भजेच्च तम् ।
संस्थिता च निजधर्मवर्त्मनि तत्पदं द्विज ! लभेत सा परम् ॥२८॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे स्त्रीधर्मेषु विधवानां व्रतविशेषविधिनिरूपणनामा चतुस्त्रिंशोऽध्यायः ॥३४॥*

---

**વિધવા સ્ત્રીએ સ્ત્રીઓના સમૂહને મધ્યે બેસી પુરૂષોને ન જોવારૂપ પોતાના નિયમોનું પાલન કરતાં ધર્મપરાયણ વક્તાના મુખ થકી સત્શાસ્ત્રની કથાનું શ્રવણ કરવું.[૨૫] મન,કર્મ વચને પ્રયત્નપૂર્વક પોતાના ધર્મોનું પાલન કરવું. વળી જે ધર્મ સ્વર્ગપ્રાપ્તિનું સાધન ન હોય તેમજ લોકનિંદિત હોય તો તે ધર્મનું પણ વિધવાએ પાલન કરવું નહિ.[૨૬] જે વિધવા નારી પોતાના પતિનું ચિંતવન કરી મેં કહેલા આ ધર્મોનું પાલન કરે છે,તે સ્ત્રી મૃત્યુ પછી પોતાના પતિ સહીત સતીલોકને વિષે સીધાવે છે.[૨૭] અને હે વિપ્ર ! જે વિધવા સ્ત્રી શ્રીકૃષ્ણ ભગવાનને જ પોતાનો પતિ માની તેમનું ચિંતવન કરતી પોતાના ધર્મમાં દૃઢ વર્તી અવિરત ભગવાનનું ભજન કરે છે, તે સર્વોત્કૃષ્ટ ભગવાનના ગોલોકધામને પામે છે.[૨૮]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતા ભગવાન શ્રીહરિએ સ્ત્રી ધર્મોમાં વિધવા નારી માટે વિશેષ વ્રત વિધિનું નિરૂપણ કર્યું, એ નામે ચોત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. -૩૪-**

---

## पञ्चत्रिंशोऽध्यायः - ३५

**श्रीनारायणमुनिरुवाच :-**

विधवायाः क्वचिद्धर्मच्युतौ वच्म्यथ निष्कृतिम् । यां कृत्वा साऽऽप्नुयात्पूर्णं स्वधर्मफलमुत्तमम् १
कबरीबन्धने नारी पर्यङ्कशयने तथा । धर्महीनस्त्रियाः सङ्गे कुर्यादेकमुपोषणम् ॥२॥
द्विर्भोजने तथा क्रोधे नग्नस्नानेऽतिभोजने । तैलाभ्यङ्गे कृते च स्त्री कुर्यादेकमुपोषणम् ॥३॥
गन्धद्रव्योपभोगे च वृषभारोहणे तथा । अतिसर्पिःपयःपाने कुर्यादेकमुपोषणम् ॥४॥
उत्तेजकेऽति मिष्टान्ने ताम्बूले मादके तथा । भक्षिते सा तु विधवा कुर्यादेकमुपोषणम् ॥५॥
दिव्ये सूक्ष्मे तथा चित्रे कौसुम्भे चांशुके धृते । कञ्चुके च धृते नारी कुर्यादेकमुपोषणम् ॥६॥
विकृतं च धृते वस्त्रे पाणिपद्दन्तरञ्जने । सिन्दूरकुङ्कमधृतौ कुर्यादेकमुपोषणम् ॥७॥
पुष्पस्रजश्चन्दनस्य शङ्खानामञ्जनस्य च । धारणे भालपत्र्याश्च कुर्यादेकमुपोषणम् ॥८॥
विष्णुप्रसादिगन्धादेर्ललाटादौ धृतावपि । तादृक्पुष्पस्रजश्चाङ्गे कुर्यादेकमुपोषणम् ॥९॥

---

## અધ્યાય – ૩૫

## વિધવાધર્મના ભંગમાં કરવાના પ્રાયશ્ચિતનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! હવે વિધવા સ્ત્રીને ક્યારેક અજાણતાં ધર્મનો ભંગ થાય તો તેના પ્રાયશ્ચિતનું નિરૂપણ તમને કહું છું. વિધવા નારી એ પ્રાયશ્ચિત કરી પોતાના ધર્મનું સંપૂર્ણ ઉત્તમ ફળ પ્રાપ્ત કરે છે.[૧]

જો વિધવા સ્ત્રી અંબોડો બાંધે,ખાટલા ઉપર શયન કરે,ધર્મહીન સ્ત્રીનો સંગ કરે, બે વાર ભોજન કરે,ક્રોધ કરે, નગ્ન સ્નાન કરે, અતિ ભોજન કરે, તેલથી અંગનું મર્દન તથા અત્તરાદિક સુગંધીમાન દ્રવ્યનો ઉપયોગ કરે, બળદ ઉપર બેસે, આપત્કાળ વિના અતિશય ઘી તથા દૂધનો ઉપયોગ કરે, લવિંગ આદિક ઉત્તેજક વસ્તુનું ભક્ષણ કરે, ઘી સાકર ગોળ મિશ્રિત મિષ્ટાન્નનું અતિશય ભક્ષણ કરે, તાંબૂલ કે માદક વસ્તુનું ભક્ષણ કરે, તો વિધવાએ પ્રત્યેક માટે અલગ અલગ એક ઉપવાસ કરવો.[૨-૫] વળી વિધવા સ્ત્રી દ્રવ્ય તથા સૂક્ષ્મ વસ્ત્રો, તથા ચિત્ર વિચિત્ર રંગથી રંગેલાં કસુંબલ વસ્ત્રો ધારણ કરે, કંચુકી ધારણ કરે,દેશાચાર કે કુલાચારથી વિકૃત વેષ ધારણ કરે, હાથ પગના નખ રંગે,દાંત તથા હોઠ રંગે,સિંદૂર,કુંકુમ, ધારણ કરે,કંઠમાં ફૂલની માળા પહેરે,ભાલમાં ચંદન ચર્ચે,હાથમાં કડાં,આંખમાં આંજણ,ભાલમાં કુંકુમ ધારણ કરે તો પ્રત્યેકનો અલગ-અલગ એક ઉપવાસ કરે.[૬-૮] વિષ્ણુ ભગવાનની પ્રસાદિભૂત ચંદનાદિક દ્રવ્યને ભાલમાં ધારણ કરે,

धातुयुक्ताम्बरधृतौ धात्वलङ्कारधारणे । सुवासिनीवेषधृतौ कुर्यादेकमुपोषणम् ॥१०॥
सन्न्यासिनीवेषधृतौ नर्तकीवेषधारणे । पुंवेषस्य धृतौ च स्त्री कुर्यादेकमुपोषणम् ॥११॥
भालकेशोत्पाटने च विना कार्यं परिभ्रमे । परगेहोपवेशे च कुर्यादेकमुपोषणम् ॥१२॥
पैत्रपक्षोपहासोक्तौ पित्रुत्सङ्गोपवेशने । अम्बाग्रे ग्राम्यधर्मोक्तौ कुर्यादेकमुपोषणम् ॥१३॥
श्रवणे कीर्तने च स्त्री शृङ्गारवचसां कृते । गालिदाने च विधवा कुर्यादेकमुपोषणम् ॥१४॥
अपशब्दोच्चारणे च होलिकोत्क्रीडने तथा । मिथ्यापवादे च कृते कुर्यादेकमुपोषणम् ॥१५॥
निर्लज्जवादे श्वशुर्यैः कृतेऽथो पापदुष्टया । स्त्रिया मैत्र्यां कृत्यां सा कुर्यादेकमुपोषणम् ॥१६॥
परिव्राजिकया दूत्या नीचजात्या च योषिता । मैत्र्यां कृतायां कामुक्या कुर्यादेकमुपोषणम् ॥१७॥
पाषण्डिन्या यवन्या च मन्त्रयन्त्रविदा स्त्रिया । मैत्र्यां कृतायां नास्तिक्या कुर्यादेकमुपोषणम् ॥१८
निर्लज्जयौषधिविदा गर्भघ्न्या धूर्तया च सा । मैत्र्यां कृतायां विधवा कुर्यादेकमुपोषणम् ॥१९॥
पतिव्रतेक्षया पुंसोऽभिशस्तस्य गृहे गतौ । कृतायां नीचजातेश्च कुर्यादेकमुपोषणम् ॥२०॥

તેમજ પ્રસાદિભૂત પુષ્પની માળાને કંઠમાં ધારણ કરે, ધાતુના તારે યુક્ત વસ્ત્રો અને અલંકારો ધારણ કરે,સુવાસિની, સન્યાસિણી,નર્તકી આદિ સ્ત્રીના જેવો વેષ અથવા પુરુષના જેવો વેષ ધારણ કરે,તો પ્રત્યેક માટે અલગ-અલગ એક એક ઉપવાસ કરવો.[૯-૧૧] તથા ભાલમાં કેશ ઉખાડે, પ્રયોજન વિના જ્યાં ત્યાં ભ્રમણ કરે, એકલી પરઘેર બેસવા જાય તો પણ એક એક ઉપવાસ કરે.[૧૨]

સસરા કે પિતાના પક્ષની સ્ત્રીઓ આગળ ઉપહાસનાં વચનો બોલે,પિતાના ખોળામાં બેસે,માતાની આગળ ગ્રામ્યવાર્તા કરે,મૈથુન સંબંધી વાર્તા કરે,સ્ત્રી પુરુષના સંયોગરૂપ શૃંગાર વાર્તાનું શ્રવણ કરે કે પોતે વાર્તા કહે,અપશબ્દોનું ઉચ્ચારણ કરે, હોળીની રમત રમે,કોઈના પર મિથ્યાપવાદનું આરોપણ કરે,સસરા પક્ષના જનો સાથે નિર્લજ્જ થઈ વાદ વિવાદ કરે,પાપથી દૂષિત સ્ત્રીની સાથે મિત્રતા કરે તો વિધવા સ્ત્રીએ પ્રત્યેક માટે એક એક ઉપવાસ કરવો.[૧૩-૧૬] વળી સંન્યાસિણી સ્ત્રી સાથે મિત્રતા કરે,સ્ત્રી પુરુષનો સંબંધ કરાવનારી દૂતી સાથે,નીચજાતિની સ્ત્રી સાથે, કામુક, પાખંડી, યવની, મંત્રતંત્રને જાણનારી અને નાસ્તિકસ્ત્રી સાથે મિત્રતા કરે તો પ્રત્યેકનો અલગ અલગ ઉપવાસ કરવો.[૧૭-૧૮] વળી નિર્લજ્જ,ગર્ભપાતના ઔષધને જાણનારી,ગર્ભને પાળનારી,છેતરનારી આદિક પાપી સ્ત્રીઓ સાથે મિત્રતા કરે તો એક એક ઉપવાસ કરવો.[૧૯] વળી લોકાપવાદ પામેલા પુરુષને ઘેર પતિવ્રતા નારીનાં દર્શન કરવા જાય, ધર્મવાળી એવી નીચજાતિની સ્ત્રીને ઘેર બેસવા જાય તો પણ વિધવાએ ઉપવાસ કરવો.[૨૦]

नृत्यगीतोद्वाहसार्थसुवेषपुरुषोत्सवान् । द्रष्टुं कृते तु गमने कुर्यादेकमुपोषणम् ॥२१॥
क्रीडतां वीक्षणे स्वैरं पुंसां चैकाकिनीगतौ । कामाच्च पुरुषेक्षायां कुर्यादेकमुपोषणम् ॥२२॥
पुंरूपगुणवार्तानां श्रवणे कीर्तने तथा । पुंसोऽङ्गस्पर्शने च स्त्री कुर्यादेकमुपोषणम् ॥२३॥
धौतादिभिन्नपुंवस्त्रस्पर्शे पुंसां च भाषणे । पौंस्ने च दुष्टसङ्कल्पे कुर्यादेकमुपोषणम् ॥२४॥
पुंसश्चित्रे च लिखिते स्पृष्टे मैथुनिपुत्तले । स्वकार्यसिद्ध्यै पुंमैत्र्यां कुर्यादेकमुपोषणम् ॥२५॥
पशुपक्ष्यादियभने पुंगुह्ये च समीक्षिते । करदृग्भ्रमपुंबोधे कुर्यादेकमुपोषणम् ॥२६॥
पुंदृष्ट्या सह दृग्बन्धे पुंसश्चोत्सर्जनस्थले । तत्क्रियाकरणे नारी कुर्यादेकमुपोषणम् ॥२७॥
धनुर्मानाभ्यन्तरेण गतौ पुंसोऽन्तिके तथा । अनापदि कृतायां सा कुर्यादेकमुपोषणम् ॥२८॥
ऊर्ध्वं वाधः पुमान् यत्र सुप्तः स्यान्निशि तद्गृहे । एकाकिनी स्वपेद्या सा कुर्यादेकमुपोषणम् ॥२९॥
पुंसभादृश्यहृत्तुन्दसक्थिर्योपविशेत्तथा । स्वाङ्गचापल्यकर्त्री च कुर्यादेकमुपोषणम् ॥३०॥
पैत्रश्वाशुर्यसंगुप्तव्यवहारविधापने । आदर्शे च मुखेक्षायां कुर्यादेकमुपोषणम् ॥३१॥

---

જે વિધવા સ્ત્રી નૃત્ય જોવા, ગીત સાંભળવાં, વિવાહ જોવા,સુંદર વેષધારી પુરુષને જોવા,લૌકિક મેળાનાં દર્શન કરવાં,સ્વછંદપણે ક્રીડા કરતા પુરુષને જોવા જો ઘરથી બહાર નીકળે તો પ્રત્યેક માટે એક એક ઉપવાસ કરવો. એકલી વિધવા ક્યાંય ગમન કરે, કામભાવે પુરુષનું દર્શન કરે, પુરુષના રૂપગુણ સંબંધી વાતો સાંભળે તથા કરે, પુરુષના અંગનો સ્પર્શ થઇ જાય કે અંગ ઉપરથી ઉતારીને મૂકેલાં વસ્ત્રનો સ્પર્શ થઇ જાય, તેની સાથે બોલાઇ જવાય, કામભાવે દુષ્ટ સંકલ્પ થઇ જાય,પુરુષનું ચિત્રામણ કરાય, મૈથુનાકૃતિ પુતળાંનો કે ચિત્રનો સ્પર્શ થઇ જાય, તથા પોતાના કાર્યની સિદ્ધિ માટે પુરુષ સાથે મિત્રતા કરે તો પ્રત્યેક માટે એક એક ઉપવાસ કરવો.[૨૧-૨૫] જો વિધવા સ્ત્રી પશુ, પક્ષી આદિકના મૈથુને તથા પુરુષના ગુહ્ય અંગને બુદ્ધિપૂર્વક જુએ, તથા હાથ, દૃષ્ટિ અને ભ્રકુટીથી પુરુષને કોઇ વાતની જાણકારી અપાઇ જાય, પુરુષની સાથે ક્ષણવાર પોતાની એક નજર થાય, પુરુષના મળમૂત્રવિસર્જનને સ્થાને જો પોતાનાથી તે વિસર્જન કરાઇ જાય, આપત્કાળ વિના પુરુષથી ચાર હાથ છેટે ન ચલાય તો પ્રત્યેક માટે એક-એક ઉપવાસ કરવો. જે ઘરમાં ઉપરના કે નીચેના માળે પુરુષ એકલો સૂતો હોય તે ઘરમાં રાત્રીએ જો વિધવા સ્ત્રી એકલી શયન કરે, પોતાની છાતી, ઉદર અને સાથળને બીજો પુરુષ જોઇ શકે તે રીતે બેસે,તથા પુરુષ જુએ એ રીતે અંગની ચંચળતા કરે તો વિધવા સ્ત્રીએ એક એક ઉપવાસ કરવો.[૨૬-૩૦]

सह याने कृते यूना बन्धुनाऽपि च वर्त्मनि । रहःस्थानोपवेशे च कुर्यादेकमुपोषणम् ॥३२॥
मानसस्याथ बाह्यस्य पूजनस्याकृतौ हरेः । अकृतौ नित्यजाप्यस्य कुर्यादेकमुपोषणम् ॥३३॥
आवश्यकं गेहकार्यं विना भक्तिं च सत्पतेः । व्यर्थे कालातिक्रमे च कुर्यादेकमुपोषणम् ॥३४॥
गेहद्वारान्तरे कश्चित्प्रविश्याशु पुमान्बहिः । निर्गच्छेत्तत्र चैका चेत्कुर्यादेकमुपोषणम् ॥३५॥
यत्रैका स्यात्स्वयं तत्र तिष्ठेदेत्य पुमांस्तु यः । आक्रोश्य दूरयेत्तं चेत् कुर्यादेकमुपोषणम् ॥३६॥
निष्कासयेन्न चेत्तं तु स्वयं तत्र स्थिता भवेत् । तर्हि सा तु प्रकुर्वीत चतुर्दिनमुपोषणम् ॥३७॥
स्वप्ने पुरुषसङ्गे च कुर्यादेकमुपोषणम् । तत्र स्वबन्धुसङ्गे तु पादकृच्छ्रं व्रतं चरेत् ॥३८॥
स्वधनस्य व्ययं कृत्वा जीविकार्थं ततश्चरेत् । याऽन्यस्वां च भैक्ष्यं वा सा चान्द्रयणमाचरेत् ॥३९॥
जीविकार्थे क्रयादौ च पुंस्पर्शे स्नानतः शुचिः । भाषणे तु जपेद्विष्णोर्नाम्नां पञ्चशतं च सा ॥४०॥
करीषतृणमृतकाष्ठगोमयाद्याहृतौ च सा । आवश्यके तु पुंस्पर्शे जाते स्नानाद्विशुध्यति ॥४१॥

---

પિતા કે સસરાના પક્ષના જનો કોઇ ન જાણે એ રીતે કોઇ સ્ત્રી દ્વારા કોઇ પુરુષ સાથે વ્યવહાર કરે, અરીસામાં પોતાનું મુખ જુએ, યુવાની અવસ્થાવાળા ભાઇ સાથે યુવાની અવસ્થામાં માર્ગમાં ચલાઇ જવાય,તથા એકાંત સ્થળમાં તેમની સાથે બેસાઇ જવાય તો પૃથક્ પૃથક્ ઉપવાસ કરવો.[૩૧-૩૨] વિધવા સ્ત્રીએ જો માનસી પૂજા કે બાહ્યપૂજા ન થાય તથા નિત્યે જપવાના મંત્રોનો જાપ ન થાય,અવશ્યના ઘરકામ ઉપરાંત શ્રીહરિની નવધા ભક્તિ વિના વ્યર્થ કાળ જો નિર્ગમન થઇ જાય,અને જે ઘરના દરવાજે કોઇ પુરુષ પ્રવેશ કરીને તત્કાળ બહાર નીકળી જાય છતાં તે ઘરમાં પોતે એકલી રહેતી હોય તો વિધવા સ્ત્રીએ પ્રત્યેક માટે એક એક ઉપવાસ કરવો.[૩૩-૩૫] અને જે ઘરમાં પોતે એકલી રહેતી હોય તે ઘરમાં કોઇ પુરુષ આવીને બેસે તો આક્રોશ કરી ઘરથી બહાર કાઢી મૂકે તો પણ એક ઉપવાસ કરવો.[૩૬] અને બહાર કાઢે નહિ ને સ્વયં ત્યાં બેઠી રહે તો ચાર દિવસ લાગટ ઉપવાસ કરવા.[૩૭] સ્વપ્નામાં જો પુરુષનો સંગ થાય તો એક ઉપવાસ અને સંબંધીનો સંગ થાય તો પાદકુચ્છ્રવ્રત કરવું.[૩૮]જે વિધવા નારી પોતાની આજીવિકાના ધનનો ધર્મકાર્યમાં વ્યય કર્યા પછી આજીવિકાને માટે અન્યની સેવા અથવા ભિક્ષા કરવા જાય તો ચાંદ્રાયણ વ્રત કરવું.[૩૯] પ્રયોજન માટે ખરીદી, વેચાણ કે ખેતીના કામમાં પુરુષનો જો વિધવાએ સ્પર્શ થઇ જાય તો માત્ર સ્નાનથી શુદ્ધિ થાય છે. અને તેવાં વ્યવહાર કાર્યમાં પુરુષ સાથે બોલાય તો પાંચ માળા કરવાથી શુદ્ધિ થાય છે.[૪૦]

સૂકાં છાણા,તૃણ,માટી,કાષ્ઠ કે ધાન્ય આદિકના લાવવાના કે અતિ

स्वसम्बन्धिनराणां च कामात्क्वापि समीक्षणे । जाते वा भाषणादौ च निष्कृतिर्द्विगुणोदिता ॥४२॥
एकपत्नीव्रतस्त्यागी मृतस्त्रिः शरणागतः । अनिच्छुरथ विश्ववासी पुमांसः षडिमे तु ये ॥४३॥
तत्रैकस्य सकृज्जाते सङ्गे वर्षं विनान्तरे । पिबेन्निर्लवणान्सक्तूस्ततः शुध्येत्तु गतः ॥४४॥
धारणापारणाख्येऽस्मिन्व्रते भोजनवासरे । एकमन्नं तु वाश्नीयादशक्ता सैन्धवान्वितम् ॥४५॥
अन्नद्वयं सलवणं तत्राशक्ता तु भक्षयेत् । उपवासदिने त्वम्बु सा पिबेत्तक्रमेव वा ॥४६॥
क्रियमाणे व्रते यर्हि रोगाद्यापदिहापतेत् । तर्हि तस्या व्यपगमे व्रतशेषं समापयेत् ॥४७॥
वर्षव्रते त्वशक्ता स्त्री पादोनं व्रतमाचरेत् । अत्यशक्ता तदर्धं वा तदर्धं वा ततः शुचिः ॥४८॥
प्रायश्चित्तमिदं प्रोक्तं स्वपापे विदिते जनैः । रहस्ये त्वत्र वक्ष्यामि निष्कृतिं शास्त्रसम्मताम् ॥४९॥
विष्णोमूर्तिं पुरोधाय निर्निमेषविलोचना । दृढासनाजपेन्मन्त्रं मौनयुक् चतुरक्षरम् ॥५०॥

---

આવશ્યકના કામમાં, ભારો બાંધવો કે માથા ઉપર ચડાવવો આદિકના કાર્યમાં જો પુરુષનો સ્પર્શ થઈ જાય તો વિધવા સ્ત્રી સ્નાનથી શુદ્ધ થાય છે.[૪૧] ક્યારેક કામભાવે કરીને સંબંધી પુરૂષ સાથે બોલાય કે જોવાઈ જવાય તો અન્ય પુરુષ કરતાં બમણું પ્રાયશ્ચિત જાણવું.[૪૨] એક પત્નીવ્રતવાળા, ત્યાગી,મૃત પત્નીવાળા, શરણાગત, કામોપભોગથી વિમુખ વર્તતા અને વિશ્વાસી આ છ પ્રકારના પુરુષોની મધ્યે કોઈ પણ એકની સાથે આઠમા બ્રહ્મચર્યનો ભંગ થઈ જાય તો તે વિધવા સ્ત્રીએ એક વર્ષ પર્યંત એકાંતરા ઉપવાસ કરવા ને જમવાના દિવસે મીઠાં વિનાનો સાથવો કેવળ પાણીમાં ઘોળીને પી જવો. એમ કરવાથી તે શુદ્ધ થાય છે.[૪૩-૪૪] અને તેમ કરવા અસમર્થ હોય તો તે ધારણાં-પારણાં વ્રતમાં જમવાનાં દિવસે મીઠાંયુક્ત કોઈ એક રાંધેલું અન્ન જમવું.[૪૫]અને તેમ કરવા પણ અસમર્થ હોય તો મીઠાંએ સહિત રાંધેલાં બે અન્ન જમવાં, અને ઉપવાસને દિવસે તો કેવળ જળ જ પીવું. અથવા છાસ પીવી.[૪૬] હે વિપ્ર ! આ ધારણાપારણા વ્રત ચાલતું હોય ને વચ્ચે કોઈ રોગાદિક આપત્કાળ આવી પડે તો રોગમુક્ત થયા પછી બાકી રહેલું વ્રત પૂર્ણ કરવું.[૪૭] આમ એક વર્ષ પર્યંત કરવા અસમર્થ હોય તેમણે નવ મહિના પર્યંત વ્રત કરવું, તેનાથી પણ અસમર્થ હોય તેમણે છ મહિના પર્યંત વ્રત કરવું, તેનાથી અશક્ત વિધવા સ્ત્રીએ ત્રણ મહિના પર્યંતનું આ પ્રાયશ્ચિત વ્રત અવશ્ય કરવું. એમ કરવાથી જ તે શુદ્ધ થાય છે.[૪૮] હવે સાક્ષાત્ પુરુષના સંગરૂપ પાપને જો બીજાં મનુષ્યો ન જાણ્યું હોય તો તેનું પ્રાયશ્ચિત શાસ્ત્ર સંમત બીજું છે તે કહું છું.[૪૯]વિધવા સ્ત્રીએ વિષ્ણુ ભગવાનની મૂર્તિને પોતાની દૃષ્ટિ આગળ સ્થાપન કરી નિર્નિમેષ

सहस्त्राण्यन्वहं पञ्च सा षण्मासान् जपेन्मनुम् । जपान्ते भोजनं कुर्यादेकवारं जितेन्द्रिया ॥५१॥
एकपत्नीव्रतादौ तु भ्रष्टायाः पुंसि योषितः । व्रतं यत्कथितं तच्च तदन्यत्रार्धमीरितम् ॥५२॥
अज्ञानान्मद्यपाने च तथा मांसाशने कृते । स्तैन्ये सुवर्णस्य च सा व्रतं चान्द्रायणं चरेत् ॥५३॥
प्रायश्चित्तं त्विह प्रोक्तं धर्मशास्त्रेऽस्ति वै महत् । कलौ कर्तुमशक्यं तदत एतावदीरितम् ॥५४॥
एकाहिके रन्धितेऽन्ने शाकमूलफले दले । हृते च दधिदुग्धादावेकं दिनमभोजनम् ॥५५॥
दिनद्वयं तूपवसेन्मिष्टान्ने च धृते हृते । एवमन्यत्र विज्ञेयं प्रायश्चित्तं यथोचितम् ॥५६॥
लिक्षायूकामत्कुणादिसूक्ष्मजन्तुवधे तु सा । अज्ञानतः कृते नारी कुर्यादेकमुपोषणम् ॥५७॥
मूषकादिवधे जाते क्वाप्यज्ञानात्तु साऽऽचरेत् । उपवासद्वयं नारी कीर्तयन्त्यभिधा हरेः ॥५८॥
उत्तरोत्तरजीवानां ज्ञात्वेत्थं महदल्पताम् । प्रायश्चित्तं तथा कुर्याद्देशकालादि वीक्ष्य च ॥५९॥

---

દૃષ્ટિથી દૃઢાસને બેસી મૌનવ્રત રાખી,ચાર અક્ષરના ''નારાયણ'' એવા મંત્રને છ માસ સુધી પ્રતિદિન પાંચહજાર જપ કરવા ને જીતેન્દ્રિય થઇ જપને અંતે એકવાર ભોજન કરવું.[૫૦-૫૧]

એકપત્ની વ્રતવાળા આદિક છ પ્રકારના પુરુષો જે કહ્યા તેમાંથી કોઇ એક પુરુષ સાથે ધર્મ ભ્રષ્ટ થયેલી વિધવા નારીને જે ઉપરોક્ત પ્રાયશ્ચિત કરવાનું કહ્યું, તેનાથી અર્ધું પ્રાયશ્ચિત કોઇ અન્ય પુરુષનો સંગ થઇ જવાથી જાણવું.[૫૨] અજ્ઞાનથી મદ્યનું પાન થઇ જાય કે માંસનું ભક્ષણ થઇ જાય તથા સુવર્ણની ચોરી થઇ જાય તો વિધવા સ્ત્રીએ ચાંદ્રાયણ વ્રત કરવું.[૫૩] ઉપરોક્ત પુરુષનો સંગ કે મદ્યાદિ ભક્ષણનું શાસ્ત્રોમાં બહુ જ મોટું પ્રાયશ્ચિત બતાવેલું છે. પરંતુ કલિયુગમાં તે કરવું અશક્ય હોવાથી અમે આટલું થોડું પ્રાયશ્ચિત કરવાનું કહેલું છે.[૫૪] એક દિવસ ચાલે તેટલાં રાંધેલ અન્નની ચોરી કરે, શાક, મૂળ, ફળ, પત્ર, દહીં તથા દૂધ વિગેરેની જો ચોરી કરે તો પ્રત્યેકને માટે એક એક ઉપવાસ કરવો.[૫૫] એક દિવસ ચાલે તેટલા મિષ્ટાન્નની કે ઘીની ચોરી કરે તો બે ઉપવાસ કરવા. તેમ અન્ય વસ્તુના તેમના મૂલ્યને આધારે પ્રાયશ્ચિત જાણી લેવું.[૫૬]

લીખ, માંકણ, ચાંચણ, જૂ આદિક સૂક્ષ્મ જંતુની અજ્ઞાનથી હિંસા કરે તો એક ઉપવાસ કરવો.[૫૭] ક્યારેક અજ્ઞાનથી ઉંદર આદિક પ્રાણીઓનો વધ થઇ જાય તો શ્રીહરિનાં નામોનું ઉચ્ચારણ કરતાં બે ઉપવાસ કરવા.[૫૮] આ પ્રમાણે ઉત્તરોત્તર મોટા જીવની ઘાતમાં નાના મોટાના ભેદને અને દેશકાળને અનુસારે પ્રાયશ્ચિત કરવું.[૫૯] જો વિધવા નારી આત્મઘાત કરે તો યમયાતના ભોગવી તામસ

आत्मघाते कृते नारी भुक्त्वैव यमयातनाः । जायते तामसीष्वेव प्रेतसर्पादियोनिषु ॥६०॥
एकादशीनां च हरेर्जन्माहानामनापदि । उपवासानाचरणे कुर्याच्चान्द्रायणव्रतम् ॥६१॥
यतिनो वर्णिनश्चान्ने भुक्तेऽनाश्रमिणस्तथा । अज्ञानादपि कुर्वीत व्रतं चान्द्रायणं शुभम् ॥६२॥
जातिभ्रंशकरे कर्मण्यज्ञानाच्च कृते सति । चान्द्रायणं प्रकुर्वीत स्मरन्ती हरिमेव सा ॥६३॥
अज्ञानतः सकृज्जाते व्रतभङ्गे मयोदितम् । प्रायश्चित्तमिदं ज्ञेयं सर्वत्रापि न चान्यथा ॥६४॥
प्रायश्चित्तोपवासेषु भगवन्नामकीर्तनम् । दिवा रात्रौ च कर्तव्यं तेन पूर्णं फलं भवेत् ॥६५॥
प्रायश्चित्तोपवासेषु त्वेकादश्याद्युपोषणम् । गणयेन्नैव नारी च प्रायश्चित्तं प्रकुर्वती ॥६६॥
शुद्ध्यर्थ उपवासश्चेदेकादश्याद्युपोषणे । प्राप्तः स्यात्तर्हि तं कुर्यात्तृतीये वासरे पृथक् ॥६७॥
प्रायश्चित्तोपवासे च क्रियमाणे पुनर्यदि । आपतेदुपवासोऽन्यः कुर्यात्तन्त्रैण तं सदा ॥६८॥
प्रायश्चित्तोपवासाहे नीरतक्रेतरत्तु सा । न किञ्चिदद्याद्विधवा फलमूलाद्यपि क्वचित् ॥६९॥
व्रतभङ्गे तु या नारी प्रायश्चित्तं करिष्यति । गोलोके प्राप्स्यति सुखं सा रमायाः समं महत् ॥७०॥

---

પ્રધાન પ્રેત, સર્પ આદિકની યોનિમાં જન્મ પામે છે.તેથી આત્મઘાત તો કરવો જ નહિ.[૬૦] આપત્કાળ પડ્યા વિના એકાદશી કે ભગવાનના જન્મને દિવસે જો વિધવા નારી ઉપવાસ ન કરે તો ચાંદ્રાયણ વ્રત કરવું. સંન્યાસી, બ્રહ્મચારી અને અનાશ્રમી પુરુષનું અન્ન અજાણતાં જો જમે તો તથા અજ્ઞાનથી જાતિ થકી ભ્રષ્ટ કરનારૂં કર્મ થઇ જાય તો હરિસ્મરણ કરતાં ચાંદ્રાયણ વ્રત કરવું.[૬૨-૬૩]હે વિપ્ર ! મેં આ જે પ્રાયશ્ચિત કરવાનાં કહ્યાં છે તે તો એકવાર અજાણતાં થઇ ગયેલાં પાપને માટે છે. પરંતુ જાણી જોઇને બહુવાર કરેલાં પાપનાં પ્રાયશ્ચિત ન જાણવાં. કારણ કે ધર્મશાસ્ત્રોમાં જાણી જોઇને કરેલાં પાપોનું બમણું પ્રાયશ્ચિત કહેલું છે.[૬૪] પ્રાયશ્ચિતના ઉપવાસને દિવસે અને રાત્રીએ ભગવાનનું સ્મરણ કરવું તેનાથી પૂર્ણ ફળ પ્રાપ્ત થાય છે.[૬૫] અને પ્રાયશ્ચિતની વચ્ચે આવતા એકાદશી આદિક વ્રતના ઉપવાસ સાથે ગણવા નહિ.[૬૬]પરંતુ પ્રાયશ્ચિતનો ઉપવાસ ચાલતો હોય ને વચ્ચે એકાદશીનો ઉપવાસ આવે તો પ્રાયશ્ચિતનો ઉપવાસ ત્રીજે દિવસે અલગથી કરવો.[૬૭] અને જો પ્રાયશ્ચિતનો ઉપવાસ ચાલતો હોય અને બીજો પ્રાયશ્ચિતનો જ ઉપવાસ આવી પડે તો ચાલતા ઉપવાસ સાથે જ તે ગણી લેવો.અને ઉપવાસના દિવસે જળ કે છાસ સિવાય ફળ,મૂળ આદિક કંઇ પણ જમવું નહિ.[૬૯]

આવી રીતે જે વિધવા નારી વ્રતભંગનું પ્રાયશ્ચિત કરશે તે દેહને અંતે ગોલોકધામમાં લક્ષ્મીજી તુલ્ય મોટા સુખને પામશે.[૭૦] અને જો પોતે પ્રાયશ્ચિત ન

न करिष्यति या त्वेतत्कुर्वन्तीं वा निषेत्स्यति । ते उभे निरयं क्षेप्ता हर्याज्ञानुसृतो यमः ॥७१॥
यमयातनया दोषे क्षीणे त्वनुचरा हरेः । ते नयिष्यन्ति गोलोकं विमानेनार्करोचिषा ॥७२॥
विष्णुभक्तिः कृतास्त्येव ताभ्यां प्रागिति ते उभे । दासीत्वं प्राप्स्यतो लक्ष्म्यास्तत्र धाम्न्यमरीप्सितम् ७३
पालयन्ती निजान्धर्मान्विष्णुभक्तिविवर्जिता । प्रायश्चित्तं चरेद्या स्त्री सा सतीलोकमाप्नुयात् ॥७४॥
प्रायश्चित्तं नाचरेद्या सा तीव्रा यमयातनाः । भुक्त्वा शुद्धा ततो याति सतीलोकं न संशयः ॥७५॥
इतीरिता विप्र ! विभर्तृकाणां धर्मा मया तच्च्युतिनिष्कृतं च ।
प्रोक्तं ब्रुवेऽथाखिलयोषितां ते साधारणं कृष्णसमर्चनं च ॥७६॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे स्त्रीधर्मेषु विधवाधर्मभङ्गप्रायश्चित्तनिरूपणनामा पञ्चत्रिंशोऽध्यायः ॥३५॥*

---

**કરે અને બીજી પ્રાયશ્ચિત કરતી નારીને રોકશે તો બન્નેને શ્રીહરિની આજ્ઞાને વશ વર્તનારા યમદૂતો નરકમાં નાખશે.[૭૧] યમયાતના ભોગવી જ્યારે તેમના પાપની શુદ્ધિ થશે ત્યારે શ્રીહરિના પાર્ષદો સૂર્યસમાન તેજસ્વી વિમાનમાં બેસાડી ગોલોકધામમાં લઇ જશે.[૭૨] કારણ કે પૂર્વે તે બન્ને સ્ત્રીઓ વિષ્ણુ ભગવાનની ભક્તિ કરી છે. તેથી દેવતાઓને ઇચ્છવા યોગ્ય લક્ષ્મીજીનું દાસીપણું પ્રાપ્ત કરશે.[૭૩] અને જે વિધવા સ્ત્રી વિષ્ણુભક્તિથી રહિત હશે છતાં તે પોતાના ધર્મોનું પાલન કરતી થકી પ્રાયશ્ચિત કર્યું હશે તો તે વિધવા નારીઓ સતીલોકને પામશે.[૭૪] વિષ્ણુ ભક્તિ રહિતની વિધવાનારી કહેલું પ્રાયશ્ચિત નહી કરે તો તીવ્ર યમયાતના ભોગવી શુધ્ધ થયા પછી જ સતીલોકને પામશે તેમાં કોઇ સંશય નથી. કારણ કે તેમણે પૂર્વે ધર્મોનું ખૂબજ આચરણ કર્યું છે.[૭૫] હે વિપ્ર ! આ પ્રમાણે મેં વિધવા સ્ત્રીઓના ધર્મો અને તેમનું પ્રાયશ્ચિત પણ કહ્યું, હવે સમસ્ત સધવા અને વિધવા નારીઓને સરખા પાળવાના નિયમમાં શ્રીકૃષ્ણ ભગવાનની પૂજાનો વિધિ તમને કહું છું.[૭૬]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ–જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતા ભગવાન શ્રીહરિએ સ્ત્રી ધર્મમાં વિધવા સ્ત્રિના ધર્મભંગના પ્રાયશ્ચિતનું નિરૂપણ કર્યું, એ નામે પાંત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. ––૩૫––**

---

षड्त्रिंशोऽध्याय: - ३६

श्रीनारायणमुनिरुवाच :-

नित्यं श्रीवासुदेवस्य योषाभि: पूजनं मुदा । कर्तव्यं तस्य च विधिं कथयामि समासत: ॥१॥
प्रात: शुच्यम्बुना स्नात्वा धौतं धवलमंशुकम् । वसित्वाऽऽचमनं कृत्वा पूजाद्रव्याणि साधयेत् ॥२
उज्जवलं जलपात्रं च गालितं निर्मलं जलम् । तथाऽऽचमनपात्रं च देवस्नपनभाजनम् ॥३॥
चन्दनं चाक्षतान् पुष्पं धूपं दीपं निवेदनम् । मुखवासं दक्षिणां च नीराजनमुपाहरेत् ॥४॥
शालग्रामो नार्चनीय: स्त्रीभि: सर्वाभिरप्यत: । प्रतिमापूजनं ताभि: कर्तव्यं कमलापते: ॥५॥
नखस्पृष्टेनोदकेन न कुर्यात्पूजनं हरे: । न चाचमनशिष्टेन पादाक्रान्तेन चाम्बुना ॥६॥
घृतेन दीपं कुर्वीत तिलतैलेन वाऽर्चने । पूजोपहारालाभे तु मन्त्रमात्रमुदीरयेत् ॥७॥
पूजायां क्रियमाणायां स्त्री न भाषेत यान्यया । इतस्ततो न पश्येच्च क्रोधं कुर्वीत न क्वचित् ॥८॥

---

## અધ્યાય - ૩૬

## સધવા અને વિધવા સર્વે સ્ત્રીઓને માટે શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા વિધિનું કરેલું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! સધવા વિધવા સર્વે સ્ત્રીઓએ પ્રતિદિન શ્રીવાસુદેવ ભગવાનની પૂજા ભક્તિભાવપૂર્વક કરવી. તે પૂજાનો વિધિ તમને હું સંક્ષેપથી કહું છું.[૧] પ્રાતઃકાળે પવિત્ર જળથી સ્નાન કરી ધોયેલાં ધોળાં વસ્ત્રો ધારણ કરવાં, પછી પૂજાનાં દ્રવ્ય એકત્ર કરી આચમની કરી સધવા નારીએ ભાલમાં કુંકુમનો ગોળ ચાંદલો કરવો.[૨] પછી બહાર અને અંદર માંજીને શુદ્ધ કરેલું જળપાત્ર,ગાળેલું નિર્મળજળ,આચમની પાત્ર, દેવને સ્નાન કરાવવાનું પાત્ર, ઘસેલું સુગંધીમાન ચંદન, ચોખા, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, મૂખવાસ, દક્ષિણા, આરતી વગેરે સામગ્રી ભેળી કરીને પોતાની જમણી બાજુએ સ્થાપન કરવી.[૩-૪] સર્વે સ્ત્રીઓને શાલિગ્રામ ભગવાનની પૂજા કરવાનો નિષેધ હોવાથી કમલાપતિ એવા શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમાની પૂજા કરવી.[૫]નખના સ્પર્શવાળા જળથી,પોતાના આચમન કરતાં બચેલાં જળથી,તેમજ પગથી ઉલેચેલાં જળથી પણ શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા ન કરવી. પૂજામાં ઘીનો દીવો કરવો, અથવા તલના તેલનો દીવો કરવો.જે પૂજાની સામગ્રીનો અભાવ હોય તેમાં કેવળ મંત્ર બોલીને સંકલ્પથી આગળ વધવું.[૭] પૂજા કરવા બેઠેલી સ્ત્રીએ બીજી કોઇ સ્ત્રી કે પુરુષની સાથે બોલવું નહિ,આમ તેમ જોવું નહિ અને ક્યારેય પણ ક્રોધ ન કરવો.[૮]

उपविश्य शुचिस्थाने पुनराचम्य सा हरिम् । उत्थापयेत्तालिकाभिर्घण्टानादेन वा शनैः ॥९॥
उत्तिष्ठोत्तिष्ठ गोविन्द ! उत्तिष्ठ गरुडध्वज ! । उत्तिष्ठ कमलाकान्त ! त्रैलोक्ये मङ्गलं कुरु ॥१०॥
उत्थाप्य प्रतिमामेवं हरेर्वस्त्रेण मार्जयेत् । सिंहासने तां मृदुले स्थापयेद्वा करण्डके ॥११॥
शैली दारुमयी लौही लेप्या लेख्या च सैकती । मनोमयी मणिमयी प्रतिमाऽष्टविधा स्मृता ॥१२॥
प्राङ्मुखोदङ्मुखा वापि प्रतिमासम्मुखाऽथवा । स्वस्तिकासनमासीना ध्यायेत्स्वहृदये हरिम् ॥१३॥
कोटिकोट्यर्करुचिरे दिव्यसिंहासने स्थितम् । द्विभुजं च घनश्यामं कोटिकन्दर्पसुन्दरम् ॥१४॥
अनेकदिव्याभरणं पीतकौशेयवाससम् । मुरलीं वदयन्तं च स्थितं राधारमायुतम् ॥१५॥
उपाश्रितं च धर्मेण वामे शुभ्ररुचाऽऽदरात् । उपास्यमानं भक्त्या च गाढस्नेहेन दक्षिणे ॥१६॥
अनेकदिव्योपहारैः पूजितं देवतागणैः । सेव्यमानं पार्षदैश्च छत्रव्यजनचामरैः ॥१७॥
एवंविधं वासुदेवं ध्यात्वा स्वहृदयाम्बुजे । स्वेष्टैरनेकोपचारैर्मानसैस्तं समर्चयेत् ॥१८॥

---

પૂજા કરનારી સ્ત્રીએ પવિત્ર સ્થાનમાં બેસી ફરીથી આચમની કરવી.પછી તાલિકા કે ઘંટાનો નાદ કરી ધીરે ધીરે ભગવાનને જગાડતાં બોલવું કે, હે ગોવિંદ ! તમે જાગો,હે ગરૂડધ્વજ ! તમે જાગો, હે કમલાકાન્ત ! તમે જાગ્રત થાઓ અને ત્રીલોકીનું મંગળ કરો.[૯-૧૦] આ પ્રમાણે ભગવાનને જગાડી વસ્ત્રના ખંડથી માર્જન કરવું ને તે પ્રતિમાને કોમળ આસન પાથરેલા સિંહાસનમાં કે કરંડિયામાં સ્થાપન કરવી.[૧૧] એ પ્રતિમાઓ પાષાણની, કાષ્ઠની, સુવર્ણ આદિક ધાતુની, ચંદનની,ચિત્રની,રેતીની કે મનોમય અને સ્ફટિક આદિક મણિની એમ આઠ પ્રકારની કહેલી છે.[૧૨] પછી પૂર્વમુખે અથવા ઉત્તરમુખે અથવા પ્રતિમાની સન્મુખ સ્વસ્તિક આસને બેસી પોતાના હૃદયમાં ભગવાન શ્રીહરિનું ધ્યાન કરવું.[૧૩] તે ભગવાન કોટી કોટી સૂર્યની સમાન તેજસ્વી અને દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન થયેલા છે, દ્વિભુજ છે,મેઘની સમાન શ્યામ અને કરોડે કરોડ કામદેવને પણ લજ્જા પમાડે તેવા મનોહર છે.[૧૪]અનેક પ્રકારનાં દિવ્ય આભૂષણોને ધારી રહેલા છે.પીળું પીતાંબર અને કસુંબલ વસ્ત્રને ધારી રહેલા તે ભગવાન મોરલીને વગાડે છે. રાધા અને લક્ષ્મીજીએ યુક્ત વિરાજે છે. તેના ડાબા ભાગમાં ઊભેલા, કપૂર જેવી ગૌર કાંતિવાળા ધર્મદેવ ભગવાનની આદરપૂર્વક સેવા કરી રહેલા છે. અને ભગવાનની જમણી બાજુએ ઊભેલાં ભક્તિદેવી અતિશય ગાઢ સ્નેહથી ભગવાનની ઉપાસના કરી રહેલાં છે.[૧૬] દેવતાઓના વૃંદો અનેક પ્રકારના દિવ્ય ઉપચારોથી તેમની પૂજા કરી રહેલા છે.શ્રીદામા,સુનંદાદિ પાર્ષદો છત્ર, ચામર, વીંજણો આદિક ધારણ

आवाह्य प्रतिमायां तं यथालब्धोपचारकैः । श्रीकृष्णाय नम इति षडर्णमनुनाऽर्चयेत् ॥१९॥
आवाहनासने पाद्यमर्घ्यमाचमनीयकम् । स्नानं वासश्चन्दनं च पुष्पं धूपं च दीपकम् ॥२०॥
नैवेद्यं मुखवासं च दक्षिणां च क्रमेण सा । नीराजनं मन्त्रपुष्पं समर्प्य प्रार्थयेद्धरिम् ॥२१॥
श्रीकृष्ण ! नारायण ! देवदेव ! श्रीराधिकाकान्त ! सदर्चनीय ! ।
भक्तप्रियाऽऽनन्दितभक्तिधर्म ! प्रभो ! हरे ! नाथ ! मयि प्रसीद ॥२२॥
त्वय्येव लोके पतिशब्द ईशे ह्यन्वर्थ एवास्ति समन्ततो मे ।
भीतेरिहामुत्र च रक्षके वै ततः पतिस्त्वं हि मया कृतोऽसि ॥२३॥
अन्यं पतिं या तु वृणोति नारी भवन्तमाराध्य तपोर्चनाद्यैः ।
सा मोहिता ते ननु माययैव भयादिहामुत्र न मुच्यते यत् ॥२४॥

---

કરી સેવા કરી રહેલા છે.[૧૭] આવા પ્રકારના શ્રીવાસુદેવ ભગવાનનું હૃદય કમળમાં ધ્યાન કરી સ્ત્રીઓએ પોતાને મનગમતા અનેક પ્રકારના માનસિક ઉપચારોથી ભગવાનનું પૂજન કરવું.[૧૮]

પછી માનસીપૂજામાં પૂજા કરાયેલા ભગવાનને પ્રતિમામાં આવાહન કરી પ્રાપ્ત થયેલા ઉપચારોથી એક એક ઉપચારને અર્પણ કરતી વખતે "શ્રીકૃષ્ણાય નમઃ" આ ષડાક્ષરી મંત્રનું ઉચ્ચારણ કરવા પૂર્વક પૂજન કરવું.[૧૯]આવાહન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમનીય, સ્નાન, વસ્ત્ર, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, મુખવાસ, દક્ષિણા, આરતી, મંત્રપુષ્પાંજલી વગેરે ઉપચારો ક્રમ પ્રમાણે ભગવાનને અર્પણ કરવા.પછી ભગવાનની પ્રાર્થના કરવી કે હે શ્રીકૃષ્ણ ! હે નારાયણ ! હે દેવોના દેવ ! હે રાધિકાના પતિ ! હે સંતજનોના પૂજનીય ! હે ભક્તપ્રિય ! હે ધર્મભક્તિને આનંદ પમાડનારા ! હે પ્રભુ ! હે શ્રીહરિ ! હે નાથ ! તમે મારા ઉપર પ્રસન્ન થાઓ.[૨૦-૨૨] "હે નાથનો અર્થ થાય હે પતિદેવ" હું તમારો ક્યાં પતિ છું ? એમ તમે કહેશો નહિ. કારણ કે હે ભગવાન ! આલોકમાં તથા પરલોકમાં સંસારથી ભય પામેલી મારી રક્ષા કરનારા અને સમસ્ત વિશ્વના પતિ એવા તમારે વિષે જ પતિ શબ્દ સાર્થક છે, તેથી મેં તમને જ એક પતિ ધાર્યા છે.[૨૩] હે ભગવાન ! જે નારી તપ, પૂજા આદિક વડે તમારી આરાધના કરી તમારા સિવાય અન્ય પુરુષને પતિ તરીકે વરવાની માંગણી કરે છે તે ખરેખર તમારી માયાથી મોહિત થયેલી છે. કારણ કે બીજાને વરવાથી આલોક કે પરલોકમાં ભયથી મુક્ત થઇ શકતી નથી.[૨૪]તમારા સિવાયનો પતિ છે તે સ્વયં કર્મપાશથી બંધાયેલો દુઃખી હોય છે.તે

अतो मया धर्मतपोव्रताद्यैस्त्वत्प्रीतिरेवेष्यत ईश ! नान्यत् ।
अतः प्रसन्नो हि भवात्मबन्धो ! मनोरथं पूरय मे हृदिस्थम् ॥२५॥
इति सम्प्रार्थ्य नत्वा तं धारयेद्धृदये पुनः । करण्डके च प्रतिमां स्वापयेद्योषिदन्वहम् ॥२६॥
पूजाविधिरिति प्रोक्तः सङ्क्षेपेण मया हरेः । यस्मिन् कृते तु नारीणां प्रेमवृद्धिर्भवेत्प्रभौ ॥२७॥
कृष्णपूजनविधेश्च समाप्तौ कृष्णमन्त्रमचला गुरुलब्धम् ।
स्त्री जपेदनघ ! पञ्चशतं सा कृष्णपादकमलाहितचित्ता ॥२८॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे स्त्रीधर्मेषु श्रीकृष्णपूजाविधिनिरूपणनामा षट्त्रिंशोऽध्यायः ॥३६॥*

---

**બીજાને કેમ છોડાવી સુખી કરી શકે ? તેથી હે ઈશ્વર ! ધર્મપાલન, તથા તપ, વ્રત આદિકના આચરણથી હું એક તમને જ રાજી કરવા ઈચ્છું છું. એથી હે આત્માના બંધુ ! હે પ્રાણપતિ ! તમે મારા ઉપર પ્રસન્ન થાઓ ને મારા હૃદયમાં રહેલો મનોરથ તમે પૂર્ણ કરો.[૨૫]**

**હે વિપ્ર ! આ પ્રમાણે ભગવાનની પૂજા કરનારી સ્ત્રીએ પ્રતિદિન શ્રીકૃષ્ણ ભગવાનની પ્રાર્થના કરી નમસ્કાર કરવા ને ફરી ભગવાનને પોતાના હૃદયમાં ધારણ કરવા અને પ્રતિમાને કરંડિયામાં સ્થાપન કરી સુવડાવી દેવી.[૨૬]આ પ્રમાણે મેં તમને ભગવાન શ્રીહરિની પૂજાનો વિધિ સંક્ષેપથી કહ્યો. આ પૂજાવિધિ પ્રમાણે પૂજા કરવાથી શ્રીકૃષ્ણ ભગવાનને વિષે પ્રેમવૃદ્ધિ થાય છે.[૨૭] હે નિષ્પાપ વિપ્ર ! પૂજા વિધિની સમાપ્તિ કર્યા પછી સ્ત્રીઓએ સ્થિર આસને બેસી શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળને વિષે પોતાના ચિત્તને તલ્લીન કરી ગુરુપદ પર વિરાજમાન આચાર્ય પત્ની પાસેથી પ્રાપ્ત કરેલા શ્રીકૃષ્ણના અષ્ટાક્ષરમંત્રની પાંચ માળા કરવી.[૨૮]**

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ સ્ત્રીઓના ધર્મમાં ભગવાનની પૂજા વિધિનું નિરૂપણ કર્યું, એ નામે છત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૬--***

## सप्तत्रिंशोऽध्यायः - ३७

**श्रीनारायणमुनिरुवाच :-**

सधवा विधवा वापि नारी या स्याद्रजस्वला । त्रिरात्रं न स्पृशेत्सा तु स्त्रियं वा पुरुषं क्वचित् ॥१॥
इन्द्रेण ब्रह्महत्यायाः स्त्रीभ्यो भागस्तुरीयकः । दत्तोऽस्ति स रजोरूपो मासि मासि प्रदृश्यते ॥२॥
प्रथमेऽहनि चण्डाली द्वितीये ब्रह्मघातिनी । तृतीये रजकी प्रोक्ता चतुर्थेऽहनि शूद्रवत् ॥३॥
दैवे कर्मणि पैत्र्ये च पञ्चमेऽहनि शुद्ध्यति । उपवासेनाऽऽपदि तु तृतीयेऽह्नयेव शुद्ध्यति ॥४॥
नैतत्सङ्गोपयेन्नारी महापापं कदाचन । गोपिते ब्रह्महत्याया मुच्यते नैव सा यतः ॥५॥
रजस्वला स्पृशेदन्यामुदक्यां वा परां स्त्रियम् । अन्यां वैनां स्पृशेद्बुद्ध्या यदि तर्हि भवेदधम् ॥६॥
धर्मशास्त्रेष्विह प्रोक्ता कृच्छ्रेणैव हि निष्कृतिः । कलौ सा सर्वनारीभिः कर्तुं शक्या न दृश्यते ॥७॥
अतोऽहं निष्कृतिं वच्मि सर्वासां सुकरामिह । या स्त्री ज्ञात्वा स्पृशेत्सा तु कुर्यादेकमुपोषणम् ॥८॥

---

## અધ્યાય - ૩૭

## સ્ત્રીઓના રજસ્વલા આદિક સાધારણ ધર્મનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! સધવા કે વિધવા નારી જ્યારે રજસ્વલા ધર્મમાં આવે ત્યારે તેમણે ત્રણ રાત્રી દિવસ સુધી સ્ત્રી કે પુરુષનો સ્પર્શ કરવો નહિ.[૧] પૂર્વે ઈન્દ્રે બ્રહ્મહત્યાનો ચોથો ભાગ સ્ત્રીઓને આપેલો છે. તે દર મહિને રજોરૂપે સ્ત્રીમાં દેખાય છે. આ કથા શ્રીમદ્ ભાગવતના છઠ્ઠા સ્કંદમાં વર્ણવેલી છે.[૨] કે રજસ્વલા સ્ત્રી પહેલે દિવસે ચંડાલી, બીજે દિવસે બ્રહ્મઘાતિની, ત્રીજે દિવસે ધોબણ અને ચોથે દિવસે સ્નાન કરીને સ્પર્શ કરવા યોગ્ય થાય છે.[૩] પરંતુ દેવ સંબંધી કે પિતૃસંબંધી કર્મ કરવામાં પાંચમે દિવસે જ શુદ્ધ થયેલી ગણાય છે. આપત્કાળમાં તો ઉપવાસ કરીને ત્રીજે દિવસે શુદ્ધ થાય છે. પરાશર મુનિએ કહેલું છે કે વિવાહનો પ્રસંગ હોય, યજ્ઞ પ્રસંગ હોય, દુષ્કાળ પડે, દેશ ભાંગે, ભાગવાનો સમય આવે, ત્યારે રજસ્વલા નારી એક ઉપવાસ કરીને શુદ્ધ થાય છે.[૪] સ્ત્રીઓએ રજોદર્શન રૂપ ઈન્દ્રના મહાપાપને ક્યારેય પણ છૂપાવવું નહિ. જો છૂપાવે તો તે નારી સ્વીકારેલા બ્રહ્મહત્યાના ભાગથી ક્યારેય પણ મુક્ત થતી નથી.[૫] રજસ્વલા સ્ત્રી અન્ય રજસ્વલા કે બીજી સ્ત્રી નો જાણી જોઈને સ્પર્શ કરે તથા અરજસ્વલા રજસ્વલાનો જાણી જોઈને સ્પર્શ કરે તો પાપની ભાગીદાર થાય છે.[૬] આવા પાપનું પ્રાયશ્ચિત ધર્મશાસ્ત્રમાં કૃચ્છ્વ્રત કરવાથી કહેલું છે. કલિયુગમાં એ પ્રાયશ્ચિત સર્વે નારીઓએ કરવું અશક્ય હોવાથી તેઓ કરી શકે તેવું સુલભ

अज्ञानतः क्वचित्स्पर्शो यदि स्यात्तर्हि सत्वरम् । स्नात्वा सचैलं कुर्वीत नारी नामस्मृतिं हरेः ॥९॥
स्पर्शे त्वापदि बुद्ध्यापि जाते स्नानेन शुद्ध्यति । स्पर्शे पुंसोऽप्युदक्याया एवमेव हि निर्गुणः ॥१०
न गोपनीयं हि रज इति प्राहुर्महर्षयः । सदाचारश्च साध्वीनामेवमेव प्रवर्तते ॥११॥
अगोपने ब्रह्महत्यादोषः स्त्रीणां विनश्यति । परपुंसो गर्भशङ्का स्वजनानां च नश्यति ॥१२॥
तस्मात्स्त्रीभिः पालनीया मर्यादैषा पुरातनी । चातुर्वर्ण्यस्थिताभिर्वै धर्मसिद्धिमभीप्सुभिः ॥१३॥
ब्रह्मचर्यव्रतं नारी पालयेद्वापि यः पुमान् । तयोस्तच्छलवाल्यैर्या भनक्ति स्त्री व्रतं भुवि ॥१४॥
क्रोधाकुणेक्षणा याम्या दूतास्तामग्निवर्णकैः । लोहदण्डैर्दाहयन्ति क्रोशन्तीमुच्चकैर्भृशम् ॥१५॥
कुम्भीपाके तप्ततैले रन्धयन्ति ततश्च ताम् । रक्तविट्पूयकुण्डे तां निक्षिपन्ति ततश्च ते ॥१६॥
स्वरोमसङ्ख्यवर्षाणि भुक्त्वा सा यमयातनाः । अरण्ये निर्जले देशे पिशाची जायते ततः ॥१७॥
निष्कामव्रतभङ्गं यः कामुकः पुरुषः स्त्रियाः । पुरुषस्यापि वा कुर्यात्स मृत्वा नरकान्व्रजेत् ॥१८॥

---

પ્રાયશ્ચિત કહું છું. જે સ્ત્રી જાણી જોઈને રજસ્વલા સ્ત્રીનો સ્પર્શ કરે તો તેમણે એક ઉપવાસ કરવો.[૭-૮] અને અજાણતાં જો ક્યારેક સ્પર્શ થઈ જાય તો વસ્ત્રે સહિત સ્નાન કરી હરિસ્મરણ કરવું.[૯] અને આપત્કાળમાં જાણી જોઈને સ્પર્શ કર્યો હોય છતાં કેવળ સ્નાનથી જ શુદ્ધ થાય છે. તેવીજ રીતે પુરુષને પણ રજસ્વલા સ્ત્રીનો સ્પર્શ થઈ જાય તો આજ વિધિ જાણવો.[૧૦]

સ્ત્રીઓએ રજોદર્શન ક્યારેય પણ છૂપાવવું નહિ. આ પ્રમાણે મહર્ષિઓનું વચન છે. પતિવ્રતા નારીઓનો તો આ સદાચાર પણ કહેલો છે.[૧૮] રજસ્વલાપણાને નહીં છૂપાવવાથી સ્ત્રીઓને બ્રહ્મહત્યાનો દોષ નાશ પામે છે. અને સ્વજનોની પરપુરુષની સાથે થયેલા ગર્ભધારણની શંકા નાશ પામે છે.[૧૨] તેથી ધર્મસિદ્ધિને ઈચ્છતી ચારે વર્ણની નારીઓએ પુરાતની આ મર્યાદાનું અત્યારે પણ પાલન કરવું.[૧૩] આ પૃથ્વી પર જે સ્ત્રી કે પુરુષ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરે, તેના બ્રહ્મચર્ય વ્રતનો જે સ્ત્રી છળકપટથી ભંગ કરાવે છે તે સ્ત્રીને ક્રોધથી લાલચોળ નેત્રોવાળા યમદૂતો ઉચ્ચાસ્વરે આક્રોશ કરતી હોવા છતાં અગ્નિથી તપાવેલા તીક્ષ્ણ લોહદંડથી દઝાડે છે.[૧૪-૧૫] પછી કુંભીપાક નરકમાં નાખી તપાવેલાં તેલમાં ઉકાળે છે.[૧૬] પછી રૂધીર અને વિષ્ટાના કુંડમાં નાખે છે. તે સ્ત્રીના શરીર પર જેટલા રોમ છે. તેટલા વર્ષ પર્યંત (સાડાત્રણ કરોડ) તે સ્ત્રી યમયાતના ભોગવી નિર્જળવાળા પ્રદેશમાં પિશાચણી થાય છે.[૧૭]

અને જે કામી પુરુષ સ્ત્રી અથવા પુરુષના નિષ્કામ બ્રહ્મચર્યવ્રતનો ભંગ

कुम्भीपाके पच्यतेऽसौ मुहुः सर्पैश्च दश्यते । उच्चैः करोत्यार्तनादान्स याम्यैः परिताडितः ॥१९॥
निष्कामव्रतिनां पुंसां नारीणां च व्रतावनम् । ये करिष्यन्ति ते तेषां गतिं प्राप्स्यन्ति निश्चितम् ॥२०
इति ते ब्राह्मणश्रेष्ठ ! स्त्रीणां धर्मा मयोदिताः । सतीगीताभिधास्तासां सर्वासां हितकारकाः ॥२१॥
सतीगीतामिमां नारी या श्रोष्यति पठिष्यति । उभे ते प्राप्स्यतो नूनं स्ववाञ्छितफलं किल ॥२२॥
नित्यं या नियमेनैतां योषिदत्र पठिष्यति । लप्स्यते साऽत्र महतीं कीर्तिं चान्ते हरेः पदम् ॥२३॥
इति द्वितीयाश्रमिणां वृषास्ते पुंसां तथैषामपि योषितां च ।
उदीरितास्ते द्विज ! तैश्च ताभिः श्रव्याश्च पाठ्याः सततं च पाल्याः ॥२४॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे स्त्रीसाधारणधर्मनिरूपणनामा सप्तत्रिंशोऽध्यायः ॥३७॥*

---

**કરાવે છે, તે પુરુષ પણ મરીને નરકને પામે છે.[૧૮] ત્યાં તે કુંભીપાકમાં રંધાય છે અને યમના દૂતો તેમને વારંવાર સર્પદંશ કરાવી બહુજ તાડન કરે છે. ત્યારે તે પુરુષ બહુજ ઉંચા સ્વરે આર્તનાદ કરે છે.[૧૯] અને જે પુરુષો નિષ્કામવ્રતવાળા પુરુષો કે સ્ત્રીઓનાં બ્રહ્મચર્યવ્રતનું રક્ષણ કરે છે તે પુરુષોને જે નિષ્કામીવ્રતવાળા પુરુષોને પ્રાપ્ત થવા યોગ્ય ગતિ નિશ્ચે પ્રાપ્ત થાય છે.[૨૦] હે બ્રાહ્મણશ્રેષ્ઠ ! આ પ્રમાણે સતીગીતામાં કહેલા સર્વે સ્ત્રીઓ માટેના હિતકારી ધર્મો મેં તમને સંભળાવ્યા.[૨૧] જે નારી આ સતીગીતાને સાંભળશે કે તેમનો પાઠ કરશે તે બન્ને નારીઓ પોતે ઈચ્છેલાં ફળને નિશ્ચે પામશે.[૨૨] તેમજ જે સ્ત્રીઓ નિત્ય નિયમ પૂર્વક સતીગીતાનો પાઠ કરશે તેપણ આલોકમાં મોટી કીર્તિને પામશે. અને દેહને અંતે ભગવાનના ધામને પામશે.[૨૩] હે વિપ્ર ! આ પ્રમાણે બીજા આશ્રમવાળા ગૃહસ્થ પુરુષોના તથા તેમની સ્ત્રીઓના ધર્મો મેં તમને કહ્યા. તે ગૃહસ્થોએ તથા સ્ત્રીઓએ ધર્મનું હમેશાં શ્રવણ પઠન તથા પાલન કરવું.[૨૪]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ સ્ત્રીઓના રજસ્વલા આદિક સાધારણ ધર્મનું નિરૂપણ કર્યું, એ નામે સાડત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૭--**

---

अष्टत्रिंशोऽध्यायः - ३८

श्रीनारायणमुनिरुवाच :-

कुष्करत्वात्कलौ विप्र ! वर्जितस्य द्विजैरथ । वानप्रस्थाश्रमस्यापि धर्मान्बोधाय वच्मि ते ॥१॥
हित्वा गृहाश्रमं विप्रो द्वितीयादाश्रमात् परम् । तृतीय आयुषो भागे तृतीयाश्रममाश्रयेत् ॥२॥
अपत्यापत्यमालोक्य ग्राम्याहारान्विसृज्य च । पत्न्याः पोषण आदिश्य पुत्रं वनमुपाव्रजेत् ॥३॥
अनुकूला तपः सोढुं क्षमा च यदि सा भवेत् । सहैव तां नयेद्विद्वान्नान्यथा दुःखदत्वतः ॥४॥
ग्राम्यधर्मानभीप्सुश्च धैर्यवान्ब्रह्मचार्यपि । मृतदारो गृहस्थो वा वानप्रस्थाश्रमं श्रयेत् ॥५॥
आपृच्छ्य स्वगुरुं चादौ राजानं धार्मिकं ततः । सम्बन्धिनश्चाथ गृही गृह्णीयादाश्रमान्तरम् ॥६॥
शुक्लपक्षस्य पूर्वाह्णे प्रशस्ते चोत्तरायणे । गत्वाऽरण्यं नियमवांस्तपः कुर्यात्समाहितः ॥७॥

# અધ્યાય - ૩૮

## વાનપ્રસ્થાશ્રમીઓના ધર્મોનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! હું તમને જણાવવા માટે વાનપ્રસ્થાશ્રમીઓના ધર્મો કહું છું.તે ધર્મો કળિયુગમાં પાળવા અશક્ય હોવાથી સ્મૃતિકારો મનુઆદિએ કળિયુગમાટે નિષેધ કરેલા છે.[૧] હે વિપ્ર ! આયુષ્યના ત્રીજા ભાગમાં એટલે કે એકાવનમા વર્ષમાં પ્રવેશ થતાં ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી ત્રીજા વાનપ્રસ્થાશ્રમનો આશ્રય કરવો.[૨] પોતાના પુત્રનો પુત્ર જન્મે તે જોઇને ગૃહસ્થાશ્રમી પુરુષે ગૃહસ્થના સર્વે સુખભોગનો ત્યાગ કરી પોતાની પત્નીના પોષણની પુત્રને જવાબદારી સોંપી વનમાં પ્રવેશ કરવો.[૩] જો પત્ની પોતાને અનુકૂળ હોય અને તપને સહન કરવા સમર્થ હોય તો વિદ્વાન ગૃહસ્થે તેને પણ વનમાં સાથે લઇ જવી. અથવા જો અનુકૂળ ન હોય અથવા તો તપ કરવા સમર્થ ન હોય ને પોતાને દુઃખ આપનારી થાય તો સાથે ન લઇ જવી. પુત્રોને સોંપી સ્વયં એકલા જ વનમાં પ્રવેશ કરવો.[૪] વૈરાગ્યને કારણે ગૃહસ્થના સુખને ન ઇચ્છતા તેમજ બ્રહ્મચર્યાશ્રમમાં રહેલા હોવા છતાં ધીરજવાન અથવા મૃતપત્નીવાળા પુરુષોએ પણ વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરવો.[૫] ત્યારે પ્રથમ ગૃહસ્થાશ્રમી પુરુષે પોતાના ગુરુને પૂછવું, ત્યારપછી ધાર્મિક રાજાની અનુમતિ લેવી અને પોતાના સગાસંબંધીને પૂછવું ને પછીથી જ વાનપ્રસ્થાશ્રમનો સ્વીકાર કરવો.[૬] તે પણ પ્રશંસનીય ઉત્તરાયણમાં અને તેમાં પણ સુદપક્ષમાં જે કોઇ દિવસના પૂર્વભાગમાં વનમાં પ્રવેશ કરી નિયમોનું પાલન કરતાં ચિત્તને એકાગ્ર કરી તપ કરવું.[૭] વાન

अत्राश्रमे तपो मुख्यं द्विजदेहोचितं तु यत् । उत्साहवांस्ततो धीरस्तप एव समाश्रयेत् ॥८॥
अग्निहोत्रं च दर्शादि कर्म प्राग्वद्यथाविधि । साग्निकस्य मुनेः प्रोक्तं पश्चालम्भनमन्तरा ॥९॥
मुन्यन्नैः स्वयमानीतैः पुरोडाशांश्च निर्वपेत् । कुर्यादग्न्यर्थमुटजं स्वयं तु निवसेद्बहिः ॥१०॥
शिलायां शर्करादौ वा शयीत सुसमाहितः । जितक्रोधश्च तत्त्वज्ञेन द्विर्भुञ्जीत कर्हिचित् ॥११॥
वर्जयेन्मधु मांसं च ब्रह्मचारी भवेत्सदा । न द्रुह्येत्सर्वभूतेभ्यो न पत्न्या सह संविशेत् ॥१२॥
अन्नैः शाकैः फलैर्वापि पञ्चयज्ञान्समाचरेत् । अम्मूलफलभिक्षाभिरर्चयेद्भिक्षुकातिथीन् ॥१३॥
वसीत वल्कलं वासस्तृणपर्णाजिनानि वा । कमण्डलुं च दण्डं च धारयेत्संयतेन्द्रियः ॥१४॥
केशान् रोमाणि श्मश्रूणि छेदयेन्न नखानपि । अङ्गलग्नं मलं चैव क्षालयेन्न च मार्जयेत् ॥१५॥
अङ्गान्यमार्जयन्स्नायात्त्रिकालं स्थण्डिलेशयः । न दन्तान् शोधयेन्नित्यं नासनं चालयेन्मुहुः ॥१६॥

---

પ્રસ્થાશ્રમીને દ્વિજદેહને ઉચિત તપ કરવું એજ મુખ્યપણે કહેલું છે. તેથી તપ કરવામાં ઉત્સાહી અને દુઃખ સહન કરવામાં ધીરજવાળા પુરુષોએ તપનો જ આશ્રય કરવો.[૮]

ત્રેતાગ્નિએ સહિત વનમાં સીધાવેલા વાનપ્રસ્થાશ્રમી પુરુષને અગ્નિહોત્રનું કર્મ કે દર્શાદિકર્મ સાક્ષાત્ પશુનો વધ કર્યા વિના પૂર્વે ગૃહસ્થાશ્રમ વખતે જેમ કરતા હતા તે જ વિધિપૂર્વક કરવાનું કહેલું છે.[૯] વનમાંથી પોતે જ લઇ આવેલા નિવારાદિ મુનિ અન્નમાંથી તૈયાર કરેલા પુરોડાશનો અગ્નિમાં હોમ કરવો. અને તે ત્રેતાગ્નિનું રક્ષણ કરવા માટે પર્ણશાલા બનાવવી અને પોતાને તો પર્ણકુટિથી બહાર જ રહેવું.[૧૦] ચિત્તને બરાબર સ્થિર કરી, ક્રોધને જીતી આત્મજ્ઞાની વાનપ્રસ્થીએ પથ્થર અને કાંકરાવાળા પ્રદેશમાં શયન કરવું. ક્યારેય પણ બે વાર ભોજન કરવું નહિ.[૧૧] મદ્ય, માંસ ભક્ષણનો હમેશાં ત્યાગ કરવો. ને નિરંતર બ્રહ્મચર્યવ્રત પરાયણ રહેવું. કોઇ પણ ભૂતપ્રાણીમાત્રનો દ્રોહ ન કરવો. પત્નીની સાથે કદાપિ શયન ન કરવું .[૧૨] નિવારાદિ મુનિ ધાન્ય, શાક કે ફળ વડે કરીને પંચયજ્ઞો કરવા. જળ, મૂળ અને ફળની ભિક્ષા આપીને અતિથિઓ અને સંન્યાસીઓનો અતિથિ સત્કાર પણ કરવો. ઇન્દ્રિયોને નિયમમાં રાખી વાનપ્રસ્થીએ વલ્કલ વસ્ત્રો, તૃણનાં કે પાંદડાનાં વસ્ત્રો તથા મૃગચર્મ ધારણ કરવાં. તેમજ કમંડલું અને દંડ પણ ધારણ કરવો.[૧૪] મસ્તક પરના અને દાઢી મુંછના કેશ ક્યારેય ઉતારવા નહિ, તેમજ નખનું છેદન ન કરવું. તથા શરીર ઉપર રહેલા મેલને ધોવો નહિ. વસ્ત્રાદિકથી તેનું માર્જન પણ કરવું નહિ.[૧૫] ભૂતલ ઉપર શયન કરતા

वनाश्रमी न कुर्वीत परस्त्रीसङ्गमष्टधा । यथोपयोगं भाषेत स्वकीयां यज्ञकर्मणि ॥१७॥
भुञ्जीत सकृदेवान्नं नीवारादि वनोद्भवम् । कपित्थबदराश्वत्थफलादीन्यपि वा मुनिः ॥१८॥
शान्तो दान्तो मृदुर्धीरो मूलकन्दफलाशनः । मुन्यन्नवर्तनो वापि खादेत्स्नेहं फलोद्भवम् ॥१९॥
आहरेत्स्वयमेवान्नमात्मनो वृत्तिहेतवे । दन्तोलूखलिको वा । स्यादश्मकुट्टाशनोऽपि वा ॥२०॥
न कृष्टपच्यमश्नीयादकृष्टं चाप्यकालजम् । अग्निपक्वमथामं वा कालपक्वमुताहरेत् ॥२१॥
सद्यःप्रक्षालको वा स्यादथवा माससञ्चयी । षण्माससञ्चयी वाब्दपर्याप्तान्नादिसङ्ग्रही ॥२२॥
सन्त्यजेदाश्विने मासि यत्किञ्चित्पूर्वसञ्चितम् । पुनः सञ्चिनुयात्सर्वं मुन्यन्नादिकमात्मना ॥२३॥
शनैः शनैः क्रमेणैव वर्धयेत्तप आत्मनः । सर्वत्यागे तु सहसा नश्येद्रत्नं वपुर्यतः ॥२४॥

---

વાનપ્રસ્થીએ શરીરનાં અંગોને ચોળ્યા વિના ત્રિકાળ સ્નાન કરવું, દાંતને હમેશાં સફાઇ કરી ધોળા કરવા નહિ, ને વારંવાર આસનને ફેરવવું નહિ.[૧૬]

વળી વાનપ્રસ્થીએ અષ્ટપ્રકારે પરસ્ત્રીના સંગનો ત્યાગ રાખવો. અને પોતાની પત્ની સાથે પણ યજ્ઞકર્મ નિમિત્તે જેટલું આવશ્યક હોય તેટલું જ બોલવુ.[૧૭] વળી તે વાનપ્રસ્થીએ વનમાં પાકેલાં નીવારાદિ અન્ન, અથવા કોઠાં બોરાં આદિકનું એક જ વાર ભોજન કરવું.[૧૮] અંતઃકરણને નિયમમાં કરનાર, બાહ્ય ઈન્દ્રિયોનું દમન કરનાર, કોમળ ચિત્તવાળા, ધીરજશાળી, મૂળ, કંદ અને ફળનો આહાર કરનારા અથવા નીવારાદિ મુનિ-અન્નથી જીવન ચલાવનાર વાનપ્રસ્થીએ ફળમાંથી નીકળતા તેલનું ભક્ષણ કરવું. પરંતુ ઘી આદિકનું ભક્ષણ કરવું નહિ.[૧૯] પોતાની આજીવિકા માટેનું નિવારાદિ અન્ન વનમાંથી જાતે લાવવું, એ વાનપ્રસ્થીએ દાંતરૂપી ખાંડણિયામાં કૂટીને કે બહાર પથ્થર પર કૂટીને અન્ન ફળાદિકનો આહાર કરવો.[૨૦] વાનપ્રસ્થીએ ખેતીમાં પકાવેલું અન્ન જમવું નહિ. તેમજ પાકવાના સમય પહેલાંજ નીપજેલું ખેતી સિવાયનું અન્ન પણ જમવું નહિ. અગ્નિમાં શેકેલું અથવા કાચું જ અથવા કાળે કરીને પાકેલા ફળાદિકનું ભક્ષણ કરવું.[૨૧] વાનપ્રસ્થીએ ભોજન કર્યા પછી હાથ-મુખને ધોયા પછી તત્કાળ પાત્રને ધોઈ નાખવું ને કોઈ અન્નનું રક્ષણ કરવું નહિ. અથવા એક માસ ચાલે તેટલા અન્નનું રક્ષણ કરવું. અથવા છ માસ ચાલે તેટલા અન્નનું રક્ષણ કરવું અથવા એક વર્ષ પર્યંત ચાલે તેટલા અન્નનું રક્ષણ કરવું.[૨૨] પૂર્વ વર્ષમાં જે કાંઇ અન્નાદિકનો સંગ્રહ કર્યો હોય તેનો આસો મહિનામાં ત્યાગ કરી દેવો, ને સ્વયં જાતે તે જ મહિનામાં ફરી નવા મુનિ-અન્નાદિકનો સંગ્રહ કરવો.[૨૩] ધીરે ધીરે ક્રમશઃ પોતાના તપમાં વધારો કરતા જવું. પરંતુ એકી

तपसा शोषयेद्देहं ध्यायन् हृद्यन्वहं हरिम् । मुन्यन्नं भक्षयेदादौ फलमूलाशनस्ततः ॥२५॥
नक्ताश्येकान्तराशी च चतुर्थाहभुजिस्ततः । पञ्चमेऽहनि षष्ठे वा फलमूलाशनो भवेत् ॥२६॥
चान्द्रायणव्रती वा स्यात्पक्षभुग्वाऽथ मासभुक् । क्षीरपः फोनपो वा स्यादम्बुपो धूमपस्तथा ॥२७
ज्योत्स्नापिबश्चोष्मपश्च वायुभुक् च भवेत्क्रमात् । इत्थं तपस्यभिरतो न प्रमत्तो भवेत्क्वचित् ॥२८॥
न विश्वसेदिन्द्रियाणि प्रयतात्मा सदा भवेत् । क्षुद्रकामाप्तये मौढ्यादुत्सृजेन्न निजं तपः ॥२९॥
स्त्रीकथाश्रवणादौ च कुर्यादेकमुपोषणम् । ब्रह्मचर्याङ्गभङ्गे च सावधानो भवेत्सदा ॥३०॥
यस्तु पत्न्या वनं गत्वा मैथुनं कामतश्चरेत् । व्रतभ्रष्टः स कुर्वीत देहान्तां तस्य निष्कृतिम् ॥३१॥
तस्य यो जायते पुत्रो न संस्पृश्यो द्विजैः स तु । वेदाधिकारहीनः स्याज्जयेत्कामं ततो वनी ॥३२॥

સાથે અન્નાદિકનો ત્યાગ કરવાથી રત્ન જેવું દુર્લભ આ મનુષ્યશરીર વિનાશ પામે છે.[૨૪]

વાનપ્રસ્થીએ પ્રતિદિન ભગવાન શ્રીહરિનું હૃદયમાં ધ્યાન કરતાં કરતાં તપથી દેહનું શોષણ કરતાં જવું, પ્રથમ મુનિ અન્નનું ભક્ષણ કરવું, પછી ફળ, મૂળના ભક્ષણ ઉપર આવવું.[૨૫] પછી માત્ર રાત્રે જ ફળ-મૂળનો આહાર કરવો. પછી એકાંતરે જ ફળમૂળનો આહાર કરવો. ત્યારપછી દર ત્રીજે દિવસે. કે ચોથે દિવસે અથવા પાંચમે કે છઠ્ઠે દિવસે ફળ મૂળનો આહાર કરવો.[૨૬] પછી ચાંદ્રાયણ વ્રત કરવું અથવા પખવાડિયે અથવા મહિને એકવાર આહાર કરવો. અથવા દૂધપાન, ફીણપાન, અથવા ધૂમ્રપાન કરીને જીવવું.[૨૭] ચંદ્રની કિરણોનું પાન, અથવા પાણીની વરાળનું પાન કરીને જીવન વીતાવવું, આ રીતે ક્રમશઃ તપશ્ચર્યામાં વધારો કરતા અને તપ કરવામાં પ્રીતિવાળા વાનપ્રસ્થીએ ક્યારેય પણ પ્રમાદી ન થવું. સદાય સાવધાન રહેવું.[૨૮] ઇન્દ્રિયો જીતી લીધી હોય છતાં પણ તેનો વિશ્વાસ ન કરવો. મનને સદાય નિયમમાં રાખવું, તુચ્છ વસ્તુની પ્રાપ્તિ માટે મૂર્ખભાવથી પોતાના તપનો ત્યાગ ન કરવો.[૨૯] સ્ત્રીની વાત સાંભળવા આદિકના રૂપમાં પોતાના બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થાય તો એક ઉપવાસ કરવો. એમ કોઈ પણ બ્રહ્મચર્યના અંગનો ભંગ થાય તો ઉપવાસ કરવો ને સદાય સાવધાન રહી તપશ્ચર્યા કર્યા કરવી.[૩૦] જે દ્વિજ પત્ની સાથે વનમાં પ્રવેશ્યો હોય તે જો કામભાવથી સ્ત્રી સાથે મૈથુન કરે તો તે વ્રત થકી ભ્રષ્ટ થયેલો જાણવો. દ્વિજે એ પાપનું દેહાંત પ્રાયશ્ચિત કરવું.[૩૧] આ વ્રતભ્રષ્ટ વાનપ્રસ્થીનો જે પુત્ર થાય છે તે ત્રણે વર્ણના જનોને સ્પર્શ કરવા અયોગ્ય હોય છે. તેમજ તેમને વેદાધિકાર પણ પ્રાપ્ત થતો નથી. તેથી વાનપ્રસ્થીએ કામને પ્રયત્ન પૂર્વક જીતવો.[૩૨]

ग्रीष्मे सेवेत पञ्चाग्नीनासारं प्रावृषि ध्रुवम् । वानप्रस्थश्च शिशिरे तिष्ठेदाकण्ठमप्सु च ॥३३॥
यथाशक्ति तपः कुर्याद्देहपातो यथा न वै । भवेत्स्वस्य तथा धीरो वनस्थो दम्भवर्जितः ॥३४॥
चरेद्वने द्वादशाब्दानष्टौ वा चतुरो मुनिः । द्वावेकं वा यथाशक्ति न विपद्येत कृच्छ्रतः ॥३५॥
यः कण्टकाद्यै रुजति चन्दनाद्यैश्च योऽर्चति । अक्रूद्धोऽपरितुष्टश्च समः स्यादुभयोरपि ॥३६॥
अशक्तस्त्वात्मन्याधाय विचरेदग्निमत्र तु । भिक्षयेत् प्राणवृत्त्यर्थमनिकेतश्च तापसान् ॥३७॥
ग्रामादानीय वा भिक्षां शुचिब्राह्मणगेहतः । ग्रासानष्टौ च भुञ्जीत ह्यशक्तः षोडशापि वा ॥३८॥
नित्यं स्वाध्यायशीलः स्यात्सावित्रीजपतत्परः । जित्वा निद्रां तथालस्य रात्रौ ध्यानपरो भवेत् ।३९
य एतां नियतां चर्यां ब्रह्मर्षिविहितां चरेत् । स दहेदग्निवद्दोषान् जयेल्लोकांश्च दुर्जयान् ॥४०॥

---

**વળી વાનપ્રસ્થીએ ગ્રીષ્મઋતુમાં પંચાગ્નિનું સેવન કરવું, વર્ષાઋતુમાં વરસાદની ધારાઓ સહન કરવી ને શિશિર ઋતુમાં કંઠ સુધીના જળમાં ઊભા રહેવું.[૩૩] આ બધાનું એક કે બે તથા તેથી વધુ પ્રહર સુધી સેવન કરવું. આ રીતે વાનપ્રસ્થીએ ધીરજવાન થઇ દંભનો ત્યાગ કરી જે રીતે પોતાના શરીરનું પતન ન થાય એ રીતે યથાશક્તિ તપ કર્યા કરવું.[૩૪] આમ બારવર્ષ અથવા આઠ વર્ષ, ચાર વર્ષ, બે કે એક વર્ષ પર્યંત શક્તિ અનુસાર વનમાં રહેવું ને કૃચ્છ્રાદિ તપશ્ચર્યાથકી વિરામ ન પામવું.[૩૫] જે પુરુષ કંટકાદિકથી પોતાને પીડા ઉપજાવે અને જે પુરુષ ચંદનાદિકથી પોતાનું પૂજન કરે, તે બન્ને પુરુષને વિષે વાનપ્રસ્થીને ક્રોધ કે આનંદ ઉત્પન્ન ન થાય, પરંતુ બન્ને ઉપર સમાન દૃષ્ટિ વર્તે. એવી સ્થિતિમાં રહેવું.[૩૬] તપશ્ચર્યા કરવા અસમર્થ વાનપ્રસ્થીએ અગ્નિને પોતાના આત્મામાં ધારી લોકમાં વિચરણ કરવું. કોઇ એક નક્કી સ્થાનથી રહિત થઇ પોતાના પ્રાણની રક્ષા માટે અન્ય વાનપ્રસ્થીઓ પાસેથી ભિક્ષા માગવી.[૩૭] અથવા ભિક્ષા કરવા ગામમાં જઇ પવિત્ર બ્રાહ્મણના ઘરની ભિક્ષા ગ્રહણ કરવી, ને તેમાંથી આઠ કોળિયા જમવા, તેથી પ્રાણ ધારણ કરવા અસમર્થ વાનપ્રસ્થીએ સોળ કોળિયા જમવા.[૩૮] નિત્ય સ્વાધ્યાયશીલ રહેવું. ગાયત્રીમંત્રના જપ-પરાયણ રહેવું ને નિદ્રા તથા આળસને જીતીને રાત્રીએ ભગવાનના ધ્યાનપરાયણ રહેવું.[૩૯] વાનપ્રસ્થીએ વસિષ્ઠાદિ બ્રહ્મર્ષિઓએ બાંધેલી ને દ્વિજાતિ જનોને અવશ્ય પાલન કરવા યોગ્ય આ વાનપ્રસ્થાશ્રમની મર્યાદાનું શ્રદ્ધા પૂર્વક પાલન કરવું. અગ્નિ જેમ કાષ્ઠને ભસ્મીભૂત કરી મૂકે તેમ પોતાની અંદર રહેલા દોષોને ભસ્મીભૂત કરી નાખવા, ને યજ્ઞાદિ કર્મો કરીને પણ પ્રાપ્ત ન થઇ શકે તેવા દુર્જય મહરાદિ લોકોને પ્રાપ્ત કરવા.[૪૦]**

अभिभूतो जरारोगैरशक्तः स्वक्रियासु यः । स हरिं हृदये ध्यायन्कुर्यादनशनादिकम् ॥४१॥
इत्थं तपः प्रकुर्वाणो मनो जित्वा वनाश्रमी । महर्लोकमवाप्नोति देहान्ते तापसेप्सितम् ॥४२॥
यो विष्णुभक्तिसहितं वानप्रस्थाश्रमे वसन् । तपः करोति स मुने ! धाम प्राप्नोति वैष्णवम् ॥४३॥
वृत्तिभेदेन कथिता वानप्रस्थाश्चतुर्विधाः । वैखानसा वालखिल्यौदुम्बराः फेनपा इति ॥४४॥
आद्यास्तत्राकृष्टपच्यैर्वर्तमानास्तपस्विनः । लब्धे नवेऽन्ने पूर्वान्नत्यागिनस्त्वपरे मताः ॥४५॥
प्रातरुत्थाय यां पूर्वं दिशं पश्यन्ति ये ततः । आहतैः फलमूलाद्यैर्जीवेयुस्ते तृतीयकाः ॥४६॥
स्वयं द्रुमेभ्यः पतितैः फलैः पुष्पैर्दलैरपि । जीवेयुर्ये ते कथिताश्चतुर्थाः फेनपा इति ॥४७॥
तपः प्रकुर्वतश्चास्य सर्वत्र स्याद्दृढे यदि । वैराग्यं तर्हि सन्न्यासो विहितस्तुर्य आश्रमः ॥४८॥
धर्मोस्तृतीयाश्रमिणो मयैते समासतो विप्रवरोदितास्तं ।
अथो तुरीयाश्रमिणोऽपि धर्मान् स्मृतिप्रसिद्धान् कथयामि सर्वान् ॥४९॥

---

જે વાનપ્રસ્થી જરા રોગથી ઉપદ્રવ પામેલો હોય ને પોતાના આશ્રમને ઉચિત કર્મ કરવામાં અસમર્થ હોય, તેમણે હૃદયમાં ભગવાન શ્રીહરિનું ધ્યાન કરી અનશનાદિ લઘુવ્રતો કરવાં.[૪૧] આ પ્રમાણે મનને જીતી તપશ્ચર્યા કરતા વાનપ્રસ્થાશ્રમી ભગવાનની ભક્તિએ રહિત હોવાને કારણે દેહને અંતે તપસ્વીઓને ઈચ્છિત એવા મહરલોકને પ્રાપ્ત કરે છે.[૪૨] હે શિવરામ વિપ્ર ! જે વાનપ્રસ્થાશ્રમમાં રહીને વિષ્ણુ ભક્તિએ સહિત તપશ્ચર્યા કરે છે, તે ભગવાનના ધામને પામે છે.[૪૩] હે વિપ્ર ! વૈખાનસ, વાલ્ખિલ્ય, ઔદુંબર અને ફેનપ આ પ્રકારે વાનપ્રસ્થીઓ આજીવિકા વૃત્તિના ભેદથી ચાર પ્રકારના કહેલા છે.[૪૪] તેમાંથી ખેતી કર્યા વિના પાકેલા નિવારાદિ મુનિ-ધાન્યથી જીવન જીવતા હોય તેમને ‘‘વૈખાનસ’’ નામથી કહેલા છે.નવું અન્ન પ્રાપ્ત થતાં પૂર્વે સંગ્રહ કરી રાખેલા અન્નનો ત્યાગ કરી દેનારાને ‘‘વાલ્ખિલ્ય’’ કહેલા છે.[૪૫] પ્રાતઃકાળે જાગ્રત થઈ જે દિશા તરફ પ્રથમ દષ્ટિ કરે તે દિશામાંથી સ્વયં જઈ જે ફલ મૂળાદિક મળે તેનાથી જીવન વ્યતીત કરે તે ત્રીજા પ્રકારના ‘‘ઔદુમ્બર’’ કહેલા છે.[૪૬] અને વૃક્ષપરથી સ્વયં પડેલાં ફળ, પુષ્પ, પત્રથી જીવન જીવતા હોય તેને ‘‘ફેનપ’’ નામથી કહેલા છે. આ ચારે ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. એમ જાણવું.[૪૭]

આ પૂર્વોક્ત વાનપ્રસ્થાશ્રમીને તપશ્ચર્યા કરતાં જો સાંસારિક સર્વે પદાર્થોમાંથી દઢ વૈરાગ્ય ઉત્પન્ન થાય તો તેમના માટે ચોથો સંન્યાસઆશ્રમ ગ્રહણ કરવાનો કહેલો છે.[૪૮] હે શ્રેષ્ઠ વિપ્ર ! મેં ત્રીજા વાનપ્રસ્થાશ્રમના આ ધર્મો સંક્ષેપથી

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे वानप्रस्थाश्रमधर्मनिरूपणनामाऽष्टत्रिंशोऽध्यायः ॥३८॥*

---

## एकोनचत्वारिंशोऽध्यायः - ३९

**श्रीनारायणमुनिरुवाच :-**

चतुर्षु पुरुषार्थेषु यथा श्रेष्ठस्तुरीयकः । तथाऽऽश्रमेष्वपि ब्रह्मंस्तुरीयाश्रम ईरितः ॥१॥
ब्रह्मचर्याद्गृहाद्वापि वनाद्वाप्यव्रती व्रती । साग्निकोऽनग्निको वापि यो विरक्तः स सन्न्यसेत् ॥२॥
चतुर्विधोऽथ सन्न्यासी कथ्यते मुनिभिर्द्विज ! । कुटीचको बहूदश्च हंसः परमहंसकः ॥३॥
तत्र पुत्रादिक्लृप्तायां कुट्यां वाऽपि गृहे वसन् । शिखोपवीतं त्रीन्दण्डान्काषायवसनो दधत् ॥४॥

---

તમને સંભળાવ્યા. હવે સ્મૃતિઓમાં પ્રસિદ્ધ ચોથા સંન્યાસઆશ્રમના સર્વે ધર્મો તમને કહું છું.[૪૯]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ વાનપ્રસ્થાશ્રમના ધર્મોનું નિરૂપણ કર્યું, એ નામે આડત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૮--***

---

### અધ્યાય - ૩૯

## ચોથા સંન્યાસઆશ્રમના ધર્મનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! જેવી રીતે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોમાં ચોથો મોક્ષ નામનો પુરુષાર્થ શ્રેષ્ઠ કહેલો છે. તેમ બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ આ ચાર આશ્રમમાં સંન્યાસને શ્રેષ્ઠ કહેલો છે.[૧] ઉપનયન સંસ્કાર પ્રાપ્ત થયો હોય કે ન થયો હોય એવો બ્રહ્મચારી હોય, ત્રેતાગ્નિ સહિત કે રહિતનો ગૃહસ્થ હોય કે વાનપ્રસ્થી હોય, છતાં જે દ્વિજાતિ પુરુષને વૈરાગ્ય પ્રાપ્ત થાય તેણે પૂર્વના ત્રણે આશ્રમનો ત્યાગ કરી સંન્યાસ આશ્રમનો સ્વીકાર કરવો.[૨] હે વિપ્ર ! આવા સંન્યાસીઓને મહર્ષિઓએ કુટીચક, બહૂદક, હંસ અને પરમહંસ એમ ચાર પ્રકારના કહેલા છે.[૩]

**કુટીચક સંન્યાસીનાં લક્ષણ :-** હે વિપ્ર ! એ ચારે પ્રકારના

स्वबन्धूनां गृहे कुर्याद्भोजनं स्वस्य वा गृहे । आत्मज्ञोऽशक्तदेहो यः स तु प्रोक्तः कुटीचकः ॥५॥
पूर्वोक्तवेष एवाथ स्वबन्धूनां गृहान्यतिः । हित्वाऽन्यत्र चरेद्भिक्षां यः स प्रोक्तो बहूदकः ॥६॥
पूर्वोक्तवेषाचारोऽपि दण्डमेकं दधाति यः । वैष्णं स त्विह प्रोक्तस्तृतीयो हंससंज्ञकः ॥७॥
तुर्यः परमहंसाख्यो ज्ञानवैराग्यमण्डितः । एकदण्डं च वासश्च दध्यात्कश्चिन्न वा यतिः ॥८॥
सन्न्यासहेतुर्वैराग्यं यदहर्विरजेत्तदा । प्रव्रजेदिति वेदोक्तेस्तद्भेदान्कथयामि ते ॥९॥
वैराग्यं च त्रिधा मन्दं तीव्रं तीव्रतरं त्विति । मन्दे न्यासो न तिव्रे तु द्वौ द्वौ स्यातां च तत्परे ॥१०॥
पुत्रदारधनादिनां नाशे तात्कालिकी मतिः । धिक्संसारमितीदृक्स्यात् सा वैराग्यस्य मन्दता ॥११॥

---

સંન્યાસીઓમાં જે સંન્યાસી પોતાના પુત્રાદિકે નિર્માણ કરી આપેલી કુટિયામાં કે ઘરના એક ભાગમાં નિવાસ કરીને રહે, શિખા, ઉપવીત અને ત્રિદંડ ધારણ કરે, ભગવાં વસ્ત્રો ધારણ કરે.[૪] ને પોતાના બંધુઓને ઘેર કે પોતાને ઘેર ભોજન કરે. તેમજ તે આત્મજ્ઞાનના વિચારવાળા હોય ને શરીરે અશક્ત હોય તેવા સંન્યાસીને કુટીચક કહેલા છે.[૫]

**બહુદક સંન્યાસીનાં લક્ષણ :–** અને જે સંન્યાસી પૂર્વોક્ત કુટીચકના જેવા જ વેષધારી હોય છતાં તેઓ પોતાના બંધુજનોના ઘરનો ત્યાગ કરી સંબંધી ન હોય તેવા જનોના ઘરેથી ભિક્ષા ગ્રહણ કરી લાવે તેને બહુદક સંન્યાસી કહેલા છે.[૬]

**હંસ સંન્યાસીનાં લક્ષણ :–** જે સંન્યાસી પૂર્વોક્ત બહુદક જેવા વેષધારી હોય, છતાં જે વેણુનો એક દંડ ધારણ કરે તે આલોકમાં હંસ નામના સંન્યાસી કહેલા છે.[૭]

**પરમહંસ સંન્યાસીનાં લક્ષણ :–** જે સંન્યાસી જ્ઞાન અને વૈરાગ્યથી શોભતા હોય ને એક દંડ તથા એક વસ્ત્રને ધારણ કરે, અથવા કાંઈ ધારણ ન કરે, તે ચોથા પ્રકારના પરમહંસ નામના સંન્યાસી કહેલા છે.[૮]

જે દિવસે સંસારમાંથી વૈરાગ્ય ઉપજે તે જ દિવસે સંન્યાસનો સ્વીકાર કરવો.આવું જાબાલમુનિનું વેદોક્ત વચન હોવાથી સંન્યાસ લેવાનું કારણ વૈરાગ્ય જ મનાયેલો છે.[૯] તે વૈરાગ્યના ત્રણ ભેદ છે. મંદ, તીવ્ર અને અતિતીવ્ર.તેમાં જો વૈરાગ્ય મંદ હોય તો સંન્યાસનો સ્વીકાર ન કરવો. પરંતુ તીવ્ર કે અતિતીવ્ર વૈરાગ્ય હોય તો બે પ્રકારનો સંન્યાસ સ્વીકારી શકાય છે.[૧૦]

**ત્રણ પ્રકારના વૈરાગ્યનાં લક્ષણો :–** પુત્ર, પત્ની અને ધન આદિકનો નાશ થાય ને તત્કાળ એવો વિચાર ઉપજે જે “આ સંસારને ધિક્કાર

अस्मिञ्जन्मनि माभूवन् पुत्रदारादयो मम । इति या सुस्थिरा बुद्धिः सा वैराग्यस्य तीव्रता ॥१२॥
पुनरावृत्तिसहितो लोको मे मास्तु कश्चन । दृढबुद्धिरिति प्रोक्तं श्रेष्ठं तीव्रतरं तत् ॥१३॥
प्रोक्तो विविदिषान्यासो ह्यपक्वज्ञानिनः खलु । दृढज्ञानवतो न्यासो विद्वत्सन्न्यास उच्यते ॥१४॥
वैराग्यं स्याद्दृढं यर्हि तदा परिव्रजेद्द्विजः । परिव्राडविरक्तस्तु भ्रष्टो भवति निश्चितम् ॥१५॥
वैराग्यमन्तरा नैव भवेदिन्द्रियनिग्रहः । तं विना न भवेत्त्यागस्तिष्ठेन्न्यासः क्व तं विना ॥१६॥
अविरक्तस्य सन्न्यासमृणापाकरणश्रुतिः । स्मृतयश्च निषेधन्ति सन्न्यसेन्नाविचार्य तत् ॥१७॥
सन्न्यस्य सहसा पश्चात्सेवेत विषयान् यदि । वैराग्याभावतो मूढः स भवेत्पतितो द्विजः ॥१८॥
सन्न्यस्य यो रसे लुब्धः स्त्रियां वा स तु यातनाः । महारौरवनाम्नीर्हि यातीत्याह यमो वचः ॥१९॥

---

છે'' આવા વૈરાગ્યને મંદ વૈરાગ્ય કહેલો છે.[૧૧] આ જન્મમાં જે પુત્ર પત્ની ધન આદિક છે તે મારાં નથી, આવા પ્રકારના વિચારમાં બુદ્ધિની સ્થિરતા થવી, તેને તીવ્ર વૈરાગ્ય જાણવો.[૧૨] અને પુનરાવૃત્તિવાળા કોઈ પણ લોક મારે જોઈતા નથી, આવા પ્રકારની જે દઢબુદ્ધિ થવી, તેને સર્વશ્રેષ્ઠ અતિશય તીવ્ર વૈરાગ્ય કહેલો છે.[૧૩]

તીવ્રવૈરાગ્યમાં પણ અપક્વ જ્ઞાની પુરુષના સંન્યાસને ''વિવિદિષા'' નામનો સંન્યાસ કહેલો છે. અને દઢજ્ઞાનવાળા પુરુષના સન્યાસને વિદ્વત્સંન્યાસ કહેલો છે.[૧૪] જો અંતરમાં દઢ વૈરાગ્ય ઉત્પન્ન થાય તો જ દ્વિજાતિ પુરુષોએ સંન્યાસ સ્વીકારવો. જો દઢ વૈરાગ્ય ન હોય ને સંન્યાસનો સ્વીકાર કરે તો તે નક્કી સંન્યાસી ધર્મથકી ભ્રષ્ટ થાય છે.[૧૫] કારણ કે વૈરાગ્ય વિના ઈન્દ્રિયોનો નિગ્રહ શકય નથી,અને ઈન્દ્રિયોના નિગ્રહ વિના ત્યાગ ટકી શકતો નથી. તેમજ ત્યાગ વિના સંન્યાસ કેવી રીતે ટકી શકે ? ન જ ટકી શકે. [૧૬]

**વૈરાગ્ય વિના લીધેલા સંન્યાસનું પરિણામ :–** ઋણ અપાકરણ નામની શ્રુતિ અને સ્મૃતિઓએ વૈરાગ્ય વિનાના સંન્યાસનો નિષેધ કરેલો છે. તેથી વિચાર્યા વિના સન્યાસ સ્વીકારવો નહિ.[૧૭] જે ત્રણ વર્ણનો દ્વિજ વિચાર્યા વિના તત્કાળ સંન્યાસનો સ્વીકાર કરી લે છે, તે વૈરાગ્યના અભાવે પછી વિષયોનો ઉપભોગ કરવા લાગે છે. તેનાથી એ મૂઢ દ્વિજ પતિત થાય છે.[૧૮] જે પુરુષ સંન્યાસનો સ્વીકાર કરી રસાસ્વાદમાં કે સ્ત્રીમાં લોભાય છે, તે મહારૌરવ નામના નરકને પામે છે. આ પ્રમાણે યમરાજાએ પોતે કહ્યું છે.[૧૯] અત્યારે આલોકમાં વૈરાગ્ય વિનાના ઘણા બધા સંન્યાસીઓ ભ્રષ્ટ થઈને ભટકતા દેખાય છે. તેથી વૈરાગ્ય ઉત્પન્ન થાય તોજ દ્વિજાતિ પુરુષોએ પ્રસન્ન થઈને સંન્યાસનો સ્વીકાર કરવો.[૨૦]

दृश्यन्ते बहवो भ्रष्टा न्यासिनोऽत्राविरागिणः । तस्मात्सञ्जातवैराग्यः प्रसन्नः सन्न्यसेद् द्विजः ॥२०॥
चिकीर्षुर्यस्तु सन्न्यासं गुरुस्वजनभूभुजः । स आपृच्छ्य सिते पक्षे गृह्णीयात्सुदिने च तम् ॥२१॥
दैवमार्षं च दिव्यं च पित्र्यं मातृकमानुषे । भौतिकं चात्मकं चेति श्राद्धान्यष्टौ स निर्वपेत् ॥२२॥
प्राजापत्यां निरुप्येष्टिमग्नीनाधाय चात्मनी । कृष्णात्मा गुर्वनुज्ञातो यथावत्प्रैषमुच्चरेत् ॥२३॥
आतुरस्य तु सन्न्यासे न विधिर्नैव च क्रिया । प्रैषमात्रं समुच्चार्य सन्न्यासं तत्र पूरयेत् ॥२४॥
यथाविध्यथ सन्न्यस्य ब्रह्मज्ञानाप्तये मुनिः । सेवेत सद्गुरुं धर्मानाश्रितः प्रयतः सदा ॥२५॥
अपरोक्षात्मानुभवो दृढवैराग्यवान् यतिः । तीर्थानि विचरेद्धर्मानाश्रितो हरिभक्तिमान् ॥२६॥
पूजितस्ताडितो वापि सुज्ञैरज्ञैश्च तेष्वपि । हर्षशोकविहीनश्च सुप्रसन्नः समश्चरेत् ॥२७॥
कौपीनयुगलं दण्डं वास आच्छादनं तथा । मृदः कमण्डलुं भिक्षापात्रं वा पादुके अपि ॥२८॥

---

સંન્યાસ સ્વીકારવા ઇચ્છતા દ્વિજાતિ પુરુષે ગુરુ, સ્વજન અને રાજાને પૂછીને પછીથી જ સુદ પક્ષમાં શુભદિવસે સંન્યાસનો સ્વીકાર કરવો.[૨૧] દેવશ્રાદ્ધ, ઋષિશ્રાદ્ધ, દિવ્યશ્રાદ્ધ, પિતૃશ્રાદ્ધ, માતૃશ્રાદ્ધ, મનુષ્યશ્રાદ્ધ, ભૂતશ્રાદ્ધ અને આત્મશ્રાદ્ધ; આ આઠ પ્રકારનાં શ્રાદ્ધ સંન્યાસ લેવા ઇચ્છતા પુરુષે પ્રથમ કરવાં.[૨૨] પ્રજાપતિ દેવતાના ઇષ્ટકર્મનું અનુષ્ઠાન કરી અગ્નિને આત્મામાં ધારણ કરવો ને શ્રીકૃષ્ણ ભગવાનમાં મનને એકાગ્ર કરી ગુરુની આજ્ઞા અનુસાર જેમ છે તેમ પ્રૈષ વાક્યનું ઉચ્ચારણ કરવું અર્થાત્ મેં સંન્યાસ ગ્રહણ કર્યો છે, આવા આદેશ વાક્યનું ઉચ્ચારણ કરવું.[૨૩]

**સંન્યાસ-ધર્મનો વિસ્તાર :-** રોગાતુર દ્વિજાતિ પુરુષોને સંન્યાસ સ્વીકારવામાં કોઇ વિધિ કે ક્રિયાનું વિધાન નથી. તેમાં માત્ર પ્રૈષ વાક્યનું ઉચ્ચારણ કરવું, તેનાથી સંન્યાસ પૂર્ણ થાય છે.[૨૪] વિધિથી સંન્યાસનો સ્વીકાર કરી નિયમમાં તત્પર થઇ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિને માટે સદ્ગુરુનું સેવન કરવું.[૨૫] આવા સાક્ષાત્ આત્મા-પરમાત્માના જ્ઞાનના અનુભવવાળા સદ્ગુરુની કૃપાથી દૃઢ વૈરાગ્ય પામેલા, ને પોતાના સદાચાર ધર્મમાં દૃઢ વર્તતા, ભગવાનની ભક્તિ પરાયણ સંન્યાસીએ તીર્થોમાં વિચરણ કરવું.[૨૬] તે સમયે વિવેકીજનો પૂજન કરે, અથવા મૂર્ખજનો તાડન કરે, છતાં હર્ષ કે શોકથી રહિત થઇ તે પૂજનારા અને મારનારામાં સમભાવ રાખી, અત્યંત પ્રસન્નમને સંન્યાસીએ વિચરણ કરવું.[૨૭] બે કૌપીન, દંડ, આચ્છાદનવસ્ત્ર, માટીનું કમંડલુ, ભિક્ષાપાત્ર, પાદુકા અને જીર્ણવસ્ત્રથી તૈયાર કરવામાં આવેલી અને ટાઢને હરે તેવી ગોદડી આટલી વસ્તુ સંન્યાસીએ ધારણ કરવી, તે સિવાયનો સંગ્રહ કરવો નહિ.[૨૮-૨૯] ગોદડી, આચ્છાદનવસ્ત્ર અને કૌપીન

जीर्णचीरकृतां कन्थां शीतातपनिवारणीम् । एतानि धारयेदन्यन्न सङ्गृह्णीत भिक्षुकः ॥२९॥
कन्थां वासश्च कौपनं धारयेद्धातुरञ्जितम् । अतिवादं च पैशुन्यं हिंस्रां वाचमपि त्यजेत् ॥३०॥
वासो दध्यान्न वा दध्यान्नियमो नात्र विद्यते । मुख्यं दण्डं ज्ञानरूपं विद्याद्गौणं तु वैणवम् ॥३१॥
त्रिदण्डित्वेऽपि ये दण्डा गौणास्ते वैणवा मताः । वाक्कर्ममनसां दण्डा मुख्या ज्ञेया विचक्षणैः ।३२
वाग्दण्डे मौनमातिष्ठेत्कर्मदण्डे त्वनीहताम् । प्राणायामं मनोदण्डे यतिः सम्यगुपाश्रयेत् ॥३३॥
अध्यात्मपुस्तकं विप्रार्दत्तं गृह्णीत भिश्रुकः । न तेभ्यो द्रव्यमादाय लेख्येद्दोषदर्शनात् ॥३४॥
असंवृत्तानि गृह्णीयात्पत्रं पुष्पमपो मृदम् । मूलं फलं चाथ भूमौ स्वपेदक्रोधनः शुचिः ॥३५॥
शान्तामेव वदेद्वाचमपि बाणैर्हतो यतिः । दद्यान्नारायणेत्येवं प्रतिवाचं च निःस्पृहः ॥३६॥
वाङ्मनःकायचेष्टासु न प्रमत्तो भवेत्क्वचित् । स्नानं ध्यानं तपो दानं योगं कुर्याज्जितेन्द्रियः ॥३७॥

---

ગેરુથી રંગેલાં ધારણ કરવાં. અતિશય વાણીનો કલહ, ચાડીચુગલી અને અન્યનાં હિંસાકારક વચનોનો ત્યાગ કરી દેવો.[૩૦] વસ્ત્ર ધારણ કરવાં કે ન કરવાનો કોઈ નિયમ નથી. તેમાં જ્ઞાનરૂપદંડ છે તે મુખ્યદંડ કહેલો છે, અને વેણુનો દંડતો ગૌણ જાણવો.[૩૧] ત્રિદંડધારે છતાં વેણુના દંડ ગૌણ મનાયેલા છે. કારણ કે સંન્યાસીએ મન, કર્મ વચનના જે દંડ ધારણ કરવા એને જ ડાહ્યા જનોએ મુખ્ય દંડ કહ્યા છે.[૩૨] તેમાં સંન્યાસીએ વાણીના દંડ નિમિત્તે મૌનનો આશ્રય કરવો, કર્મદંડ નિમિત્તે યથાયોગ્ય ચેષ્ટાનો સ્વીકાર કરવો અને મનના દંડમાં પ્રાણાયામનો સારી પેઠે આશ્રય કરવો.[૩૩]

વિપ્રોએ આપેલા અધ્યાત્મજ્ઞાન સંબંધી પુસ્તકનો સંન્યાસીએ સ્વીકાર કરવો. દ્રવ્ય સ્વીકારવામાં અતિશય દોષ રહેલો હોવાથી લેખકને આપવા બ્રાહ્મણ પાસેથી દ્રવ્ય લઈને પુસ્તકનું લેખન કાર્ય કરાવવું નહિ, પરંતુ સીધું લખેલું પુસ્તકજ લેવું.[૩૪] પત્ર, પુષ્પ, જળ, માટી, મૂલ અને ફળ; આ પ્રત્યક્ષ રીતે ગ્રહણ કરવાં પણ છૂપી રીતે ગ્રહણ કરવાં નહિ. સંન્યાસીએ ક્રોધ રહિત થઈને બહાર અંદર પવિત્રપણે વર્તીને ભૂમિ ઉપર શયન કરવું.[૩૫] કોઈ વચનનાં બાણ મારે છતાં પણ શાંતપણે વાણી ઉચારવી, પદાર્થમાત્રની સ્પૃહા છોડીને સામે બોલવાનાં વચનમાં માત્ર હે નારાયણ ! આટલું જ ઉચ્ચારણ કરવું.[૩૬] વાણી મન અને શરીરની ચેષ્ટામાં ક્યારેય પણ પ્રમાદી ન થાવું, જીતેન્દ્રિય થઈ સ્નાન, ધ્યાન, તપ, દાન અને યોગનો અભ્યાસ કરવો.[૩૭] મનના મળનો ત્યાગ એજ સાચું સ્નાન કહેલું છે. ભગવાનના સ્વરૂપનો તત્ત્વપૂર્વક નિશ્ચય તેને ધ્યાન કહેલું છે, નેત્રાદિ ઈન્દ્રિયોને અને મન આદિ અંતઃકરણને માયિક વિષયોમાંથી પાછી વાળી ભગવાનના સ્વરૂપમાં જોડવાં,

स्नानं मनोमलत्यागो ध्यानं तत्त्वार्थनिश्चयः । इन्द्रियाणां च मनस ऐकाग्र्यं परमं तपः ॥३८॥
दानं त्वभयमेवोक्तं योगो ब्रह्मात्मनोर्युजिः । तद्दार्ढ्यं स्याद्धरेर्भक्त्या यस्य मुक्तो भवेत्स वै ॥३९॥
न हिंस्यात्प्राणिमात्रं च वदेत्सत्यं सुनिश्चितम् । गोब्राह्मणादिहिंसादावनृतं च न दुष्यति ॥४०॥
स्तेयं वैरं मदं लोभं कौटिल्यं स्त्रीकथां शुचम् । मत्सरं च भयं तृष्णां जनस्नेहं च वर्जयेत् ॥४१॥
ज्ञानं तपोऽर्चनं दानं दहत्येव वपुश्च यः । तं प्राणहारिणं शत्रुं क्रोधं दूराच्च सन्त्यजेत् ॥४२॥
मञ्चकः शुक्लवस्त्रं च सुरापानं दिवास्वपिः । त्यक्तस्त्रीपुत्रमित्रादेः सङ्गोऽधः पातयेद्यतिम् ॥४३॥
चलन्निर्जन्तुकं देशं दृष्ट्वा पादं न्यसेत्सदा । न धावेच्च पिबेत्तोयं वस्त्रपूतं विवेकवान् ॥४४॥
शान्तो दान्तश्चोपरतस्तितिक्षुः श्रद्धयान्वितः । दयालुर्धैर्यवान्कर्मफलत्यागी भवेन्मुनिः ॥४५॥
व्रतोपवासनियमान् विष्णुपूजां च न त्यजेत् । सदा जपेच्च प्रणवं तदर्थं च विचारयेत् ॥४६॥

---

એજ પરમ તપ કહેલું છે.[૩૮] સર્વભૂતપ્રાણીમાત્રને અભય આપવું, એ જ સાચું દાન કહ્યું છે. બ્રહ્મરૂપે થઇ અક્ષરબ્રહ્મની સાથે એકતા સાધવી તેને જ યોગ કહેલ છે. આ રીતે જે સંન્યાસીને ભગવાનની ભક્તિ સાથે પૂર્વોક્ત પાંચ ગુણોની દૃઢતા થાય એજ સંન્યાસી મુક્ત થાય છે.[૩૯] પ્રાણીમાત્રની હિંસા ન કરવી, નિશ્ચય કરેલું સત્યવચન બોલવું, ગાય, બ્રાહ્મણ આદિકની હિંસા થઇ જાય એમ હોય તો ખોટું બોલવામાં કોઇ દોષ નથી.[૪૦] ચોરી, વેર, મદ, લોભ, કુટીલતા, સ્ત્રી કથા, શોક, મત્સર, ભય, તૃષ્ણા અને લોકોમાં પ્રીતિનો ત્યાગ કરવો.[૪૧] જ્ઞાન, તપ, પૂજા અને દાનને બાળીને ભસ્મીભૂત કરનાર તથા શરીરને બાળનાર તથા પ્રાણનું હરણ કરનાર મહાશત્રુભૂત એવા ક્રોધનો તો સંન્યાસીએ દૂરથી જ ત્યાગ કરી દેવો.[૪૨] ખાટલા ઉપર શયન, શ્વેતવસ્ત્રોનું પરિધાન, સુરાપાન, દિવસની નિદ્રા, મારા કોઇ નથી, એમ બોલીને છોડી દીધેલાં સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, ખેતર, પાદર આદિકનો ફરી સંગ કરવો, તે સંન્યાસીનું અધઃપતન કહેલ છે. અને અંતે નરકમાં નાખે છે.[૪૩]

માર્ગમાં ચાલતાં સંન્યાસીએ જંતુરહિતના પ્રદેશને જોઇને સદાય પગ માંડવા, વિવેકીએ માર્ગમાં ઉતાવળું ન ચાલવું, વસ્ત્રથી ગાળીને જળ પીવું.[૪૪] અંતઃકરણને જીતી શાંત વર્તવું, બાહ્ય-ઇન્દ્રિયોનું દમન કરવું, વ્યવહારિક કાર્યોમાંથી નિવૃત્તિ સ્વીકારવી, સુખ-દુઃખ આદિક દ્વન્દ્વોને સહન કરવાં, શ્રદ્ધાયે યુક્ત થઇ દયાવાળા, ધીરજશાળી અને કર્મફળનો ત્યાગ કરનારા થવું.[૪૫] વ્રત ઉપવાસાદિ નિયમોનો અને ભગવાનની પૂજાનો ક્યારેય ત્યાગ ન કરવો, સદાય ૐ કારનો જપ કરવો, અને તેના અર્થનો વિચાર કરવો.[૪૬] ઉપનિષદોનું શ્રવણ, મનન અને

कुर्यात्तथोपनिषदां श्रवणं मननं पुनः । निदिध्यासं च तेन स्याज्ज्ञानविज्ञानवान् यतिः ॥४७॥
देहात्मनोः पृथग्रूपं पश्येत्साङ्ख्येन चात्मवान् । जयेज्जिह्वोपस्थवेगमष्टधा ब्रह्मचर्यवान् ॥४८॥
अन्वीक्षेतात्मनो बन्धं मोक्षं च ज्ञाननिष्ठया । बन्ध इन्द्रियविक्षेपो मोक्ष एषां च संयमः ॥४९॥
आज्ञामवाप्य स्वगुरोर्विचरेत्पृथिवीमिमाम् । सारभूतमुपासीत ज्ञानं यन्मोक्षसाधनम् ॥५०॥
पुरग्रामव्रजान्सार्थान् भिक्षार्थं प्रविशंश्चरेत् । पुण्यदेशसरिच्छैलवनाश्रमवतीं महीम् ॥५१॥
नापृष्टः केनचिद्ब्रूयान्न चान्यायेन वादिनम् । विद्वानपि हि मेधावी विचरेज्जडवद्यतिः ॥५२॥
एकस्मिन्नेव न ग्रामे न चैकस्मिन्सरित्तटे । शून्यागारे न चैकस्मिन्वसेद्बहुदिनानि च ॥५३॥
पञ्चाहानि पुरे ग्रामे दिनमेकंवसेद्यतिः । सङ्गादशेषा दोषाः स्युर्मुक्तस्यापीति तं त्यजेत् ॥५४॥
सतां सङ्गस्तु कर्तव्यो ब्रह्मविद्याप्तये द्विज ! । गुरुवद्व्रतवृद्धांश्च मानयन्प्रणमेद्यतीन् ॥५५॥

---

નિદિધ્યાસ કરવો, તેમ કરવાથી સંન્યાસી જ્ઞાન-વિજ્ઞાન સંપન્ન થાય છે.[૪૭] સાંખ્યશાસ્ત્રનો વિચાર કરી દેહ અને આત્માના સ્વરૂપને અલગ જોવું, આત્મનિષ્ઠાવાળા થઇ જીહ્વા અને શિશ્ન-ઇન્દ્રિયના વેગને જીતવા, અષ્ટપ્રકારે બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું.[૪૮] જ્ઞાનનિષ્ઠ આત્મવિચાર કરી પોતાના આત્માને બંધન અને મોક્ષ શેનાથી છે ? તેને જોતાં રહેવું, નેત્રાદિ ઇન્દ્રિયોમાં વિક્ષેપ થવો, તે જ બંધન છે. અને એ ઇન્દ્રિયોમાં પોતપોતાના વિષયો થકી સંયમ, તેને જ મોક્ષ કહેલો છે.[૪૯] ગુરુની આજ્ઞા સ્વીકારી આ પૃથ્વી પર વિચરણ કરવું, ને સમગ્ર સાધનના સારરૂપ મોક્ષના સાધન માટેનું જ્ઞાન ઉપાર્જન કરવું.[૫૦] નગર, ગામ, નેસ અને જન સમુદાયની વચ્ચે ભિક્ષા કરવા જવું, ને પવિત્ર એવા દેશ, નદીઓ, પર્વતો, વનો અને આશ્રમો જ્યાં હોય ત્યાં વિચરણ કરવું.[૫૧]

સંન્યાસીએ કોઇ બોલાવે નહિ ત્યાં સુધી બોલવું નહિ, અન્યાયથી બોલતા પુરુષને પણ એમ ન કહેવું કે તમે અન્યાયથી કેમ બોલો છો ? પોતે અત્યંત બુદ્ધિશાળી હોવા છતાં જડ માણસની જેમ વર્તીને વિચરણ કરવું.[૫૨] એક જ ગામમાં બહુ દિવસો સુધી ન રહેવું, તેમજ એક જ નદીને કિનારે, જન રહિતના ભવનમાં પણ બહુ દિવસો સુધી ન રહેવું.[૫૩] નગરમાં પાંચ દિવસ અને ગામમાં એક દિવસ નિવાસ કરવો. મુક્ત ભાવને પામેલા સંન્યાસીને પણ બહુ દિવસ પર્યંત નિવાસ કરવાથી મનુષ્યોનો પ્રસંગ ઊભો થતાં ઘણા દોષો આવવાના પ્રસંગો થઇ શકે છે, તેથી જ જન સમુદાયનો પ્રસંગ છોડી દેવો.[૫૪] હે વિપ્ર ! સંન્યાસીએ બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ માટે સત્પુરુષનો સંગ કરવો, વૃદ્ધ સંન્યાસીને ગુરુ માની પ્રણામ કરવા.[૫૫]

त्यक्तसङ्गो जितक्रोधो लघ्वाहारो जितेन्द्रियः । पिधाय बुद्ध्या द्वाराणि ध्यानमेव सदाभ्यसेत् ।५६
शून्येष्वेवावकाशेषु गुहासु च वने तथा । नदीनां पुलिने चापि नित्ययुक्तो वसेद्यतिः ॥५७॥
प्राग्रात्रेऽपररात्रे च मध्यरात्रे तथैव च । सन्ध्यायां च विशेषेण ध्यायेद्धरिमतन्द्रितः ॥५८॥
न संवदेत्स्त्रियं काञ्चित्पूर्वदृष्टां न च स्मरेत् । लौकिकार्थानुपनिषदन्यग्रन्थांस्तु नाभ्यसेत् ॥५९॥
वृक्षाणां जङ्गमानां च न सक्तः पालने भवेत् । विषं बीजं तैजसं च न रक्षेन्मलमूत्रवत् ॥६०॥
यत्रैकोऽपि स्वसम्बन्धी न तत्र दिवसं वसेत् । न च तत्सुखदुःखाभ्यां विक्रियां प्राप्नुयात् क्वचित् ६१
तन्नाशादिशुचाक्वापि यदि रोदिति भिक्षुकः । योजनानां शतं गत्वा तदा पापात्प्रमुच्यते ॥६२॥
वृद्धोऽपि विश्वसेनैव वृद्धायामपि योषिति । युजयते जीर्णकन्थायां जीर्णमप्यम्बरं यतः ॥६३॥
बाह्यमाभ्यान्तरं चेति द्विविधं शौचमाचरेत् । मृज्जलाभ्यां तु बाह्यं स्यान्मनःशुद्धिस्तथान्तरम् ॥६४

---

આસ્તિકનો ત્યાગ કરનાર, ક્રોધને જીતનાર અને મિતાહાર કરનાર સંન્યાસીએ જીતેન્દ્રિય થઇ બુદ્ધિપૂર્વક નેત્રાદિ સર્વે ઇન્દ્રિયોને વિષયોથી પાછી વાળી ભગવદ્-સ્વરૂપના ધ્યાનનો નિત્યે અભ્યાસ કરવો.[૫૬] આત્મા પરમાત્માના સ્વરૂપનું ચિંતવન કરવામાં નિરંતર તત્પર થઇ સંન્યાસીએ જનસંચારરહિત જગ્યામાં કે ગુફામાં કે પછી વનમાં તથા નદીઓની રેતીમાં નિવાસ કરીને રહેવું.[૫૭] રાત્રીના પૂર્વ, મધ્ય અને પશ્ચિમ ભાગમાં તથા બન્ને સંધ્યાના સમયે આળસ છોડી વિશેષપણે શ્રીહરિનું ધ્યાન કરવું.[૫૮]

કોઇ પણ સ્ત્રીની સાથે વાર્તાલાપ ન કરવો. પૂર્વે જોયેલી સ્ત્રીનું સ્મરણ ન કરવું. લૌકિક અને વ્યવહારિક અર્થો ભરેલા અને ઉપનિષદોથી જુદા ગ્રંથોનો અભ્યાસ ન કરવો.[૫૯] વૃક્ષો અને પશુ-પક્ષીના પાલનમાં આસક્ત ન રહેવું, વિષ, પારો અને તાંબા આદિકનાં પાત્રોનો મળ-મૂત્રની જેમ ત્યાગ કરવો.[૬૦] જે ગામ કે નગરમાં પોતાનો એક પણ સંબંધી રહેતો હોય ત્યાં એક દિવસ પણ રહેવું નહિ. તે સંબંધીના સુખ-દુઃખને સાંભળીને મનમાં હર્ષ કે શોક ક્યારેય પણ ઉત્પન્ન થવા દેવો નહિ.[૬૧] અને જો તેનાં સુખ-દુઃખ સાંભળીને રૂદન કરે તો તત્કાળ તેનાથી સો યોજન દૂર જઇને નિવાસ કરે, ત્યારે જ તે દોષરૂપ પાપથી મુક્ત થાય છે.[૬૨] વૃદ્ધ સંન્યાસી પણ વૃદ્ધ સ્ત્રીનો વિશ્વાસ ન કરે, કારણ કે જીર્ણ કંથામાં જીર્ણવસ્ત્ર સંયોજીત થઇ જાય છે.[૬૩] યતિએ બહાર અને અંદર એમ બે પ્રકારની પવિત્રતાનું પાલન કરવું, તેમાં માટી અને જળથી બહારની પવિત્રતા સિદ્ધ થાય છે. અને કામ ક્રોધાદિ મનના મળનો ત્યાગ કરવાથી અંદરની પવિત્રતા સિદ્ધ થાય છે.[૬૪] આત્મસ્વરૂપના

न लौकिकार्थासक्तः स्यात्कुर्याद्वादं च नात्मवित् । धनग्रहं न कुर्वीत न चैवान्येन कारयेत् ॥६५॥
अजिह्वः पण्डकः पंगुरन्धो बधिर एव च । मुग्धश्च यो भवेद्योगी स मुक्तः स्यान्न चेतरः ॥६६॥
इष्टं वानिष्टमश्नति यथालब्धं तु यो यतिः । ब्रूते हितं मितं सत्यं सोऽजिह्वो मृदुलं वचः ॥६७॥
जातमात्रां वा तरुणीं स्त्रियं वा शतवार्षिकीम् । निर्विकारः समं पश्येत्स यतिः पण्डको मतः ॥६८
तीर्थस्नानाय भिक्षार्थं विण्मूत्रोत्सर्जनाय वा । योजनान्नाधिका यस्य गतिः पंगुः स उच्यते ॥६९॥
तिष्ठतो व्रजतो वापि यस्य चक्षुर्न दूरगम् । चतुर्युगां भुवं त्यक्त्वा परिव्राट् सोऽनघ उच्यते ॥७०॥
शृण्वन्नपि स्तुतिं निन्दां हितं वाप्यहितं वचः । अरुन्तुन्दं वा लोकोक्तं बधिरोऽविक्रियस्तु यः ।७१
विकारहेतुसान्निध्येऽप्यविकारी जितेन्द्रियः । अज्ञवद्वर्तते यस्तु स मुग्धः प्रोच्यते यतिः ॥७२॥

---

જ્ઞાની એવા યતિએ લૌકિક પદાર્થમાં આસક્ત ન થવું. કોઇની સાથે વાદ-વિવાદ કરી કલહ ન કરવો. ધનસંગ્રહ પણ ન કરવો ને બીજા પાસે કરાવવો નહિ.[૬૫] જે સંન્યાસી લૌકિક માર્ગમાં જીભ વગરનો, નપુંસક, પાંગળો, આંધળો, બહેરો, મૂંગો અને મુગ્ધ થાય છે તે જ સંસારમાંથી મુક્ત થઇ શકે છે, બીજો નહિ.[૬૬]

**જીભ વગરનો સંન્યાસી :–** જે સંન્યાસી દૈવ ઇચ્છાથી પ્રિય કે અપ્રિય જે પ્રાપ્ત થાય તેનું પ્રેમથી ભક્ષણ કરે, પરંતુ તેમની નિંદા કે પ્રશંસા ન કરે, અન્યનું હિત થાય તેવું પ્રયોજન પૂરતું સત્ય અને કોમળ વચન બોલે, તે સંન્યાસી અજિહ્વ- જીભવગરનો જાણવો.[૬૭]

**નપુંસક સંન્યાસી :–** જે સંન્યાસી બાળકી, યુવાન કે વૃદ્ધ સ્ત્રીને સમાન નિર્વિકારભાવે જુવે છે, તે સંન્યાસી નપુંસક મનાયેલો છે.[૬૮]

**પંગુ સંન્યાસી :–** જે સંન્યાસી તીર્થસ્નાન કરવા, ભિક્ષાટન કરવા અથવા મળમૂત્રનો ત્યાગ કરવા માટે ચારકોષથી અધિકના દૂર પ્રદેશમાં ગતિ ન કરે તે સંન્યાસી પંગુ જેવો કહેલો છે.[૬૯]

**અંધ સંન્યાસી :–** બેઠેલા કે ચાલતા સંન્યાસીની દૃષ્ટિ ચાર યુગથી દૂર ન પ્રસરે અર્થાત્ સોળ હાથના વિસ્તારથી દૂર ન જાય તેને અંધ કહેલો છે.[૭૦]

**બધિર સંન્યાસી :–** જે સંન્યાસી, લોકોએ કરેલી સ્તુતિ અથવા નિંદા, પ્રિય અથવા અપ્રિય અથવા મર્મ ભરેલાં વચનો સાંભળે છતાં પણ મનમાં કોઇ વિકાર ઉત્પન્ન ન થાય તે સંન્યાસીને બધિર કહેલો છે.[૭૧]

**મુગ્ધ સંન્યાસી :–** જે સંન્યાસી વિકારોને ઉત્પન્ન કરે તેવા વિષયોનું સાંનિધ્ય હોવા છતાં પણ નિર્વિકાર રહે તથા ઇન્દ્રિયોને જીતી અજ્ઞાની બાળકના

नाम गोत्रं कुलं देशं श्रुतं वृत्तं बलं वयः । आत्मनः ख्यापयेन्नैव शीलं च क्वचिदात्मवित् ॥७३॥
दारवमपि नारीं न स्पृशेत्पश्येन्न चित्रिताम् । नारी धनं रसश्चेति त्रयं पातयति ध्रुवम् ॥७४॥
अनिकेतो भवेत्त्यागी बहिर्ग्रामाद्वसेद्यतिः । देवालये क्वचिद्वृक्षमूले वा विजनस्थले ॥७५॥
प्राणान्तिकभयं वापि विण्मूत्रोत्सर्गमन्तरा । न रात्रौ न च मध्याह्ने सन्ध्ययोर्न क्वचिद्व्रजेत् ॥७६॥
यथाऽतिपीडा न भवेत्छरीरे यथा न मृत्युः सहसाऽऽपतेद्वा ।
तथा परिव्राड् द्विजवर्य ! धर्मं समाचरेच्छास्त्रदृशैव पश्यन् ॥७७॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे सन्न्यासधर्मेषु प्रव्रज्याधिकारादिनिरूपणनामैकोनचत्वारिंशोऽध्यायः ॥३९॥*

---

જેવું વર્તન કરે, તે સંન્યાસી મુગ્ધ કહેલો છે.[૭૨]

હે વિપ્ર ! આત્મજ્ઞાની સંન્યાસીએ પોતાના પૂર્વાશ્રમનું નામ, ગોત્ર, કુળ, દેશ, શાસ્ત્રાધ્યયન, આજીવિકાવૃત્તિ, બળ, અવસ્થા, સ્વભાવ આદિકની ક્યારેય પણ ખ્યાતિ ન કરવી.[૭૩] કાષ્ઠ કે ચિત્રની નારીનો સ્પર્શ ન કરવો ને જોવી પણ નહિ, કારણ કે નારી, ધન અને રસાસ્વાદ આ ત્રણે પતનનાં કારણભૂત છે.[૭૪] કોઈ પણ એક જગ્યાએ નિત્ય નિવાસ કરવો નહિ, ક્યારેક ગામથી બહાર, ક્યારેક દેવાલયમાં, ક્યારેક વૃક્ષના થડે, અથવા કોઈ એકાંત સ્થળમાં નિવાસ કરવો.[૭૫]

હે વિપ્ર ! પ્રાણાંતના ભય વિના કે મળમૂત્ર વિસર્જન કરવાના કારણ વિના રાત્રીને વિષે, મધ્યાહ્ને, અને બન્ને સંધ્યાને સમયે કોઈ પણ સ્થળે જવું નહિ. ક્યાંક જવું હોય તો એ સિવાયને સમયે સ્થળાન્તર કરી લેવું.[૭૬] હે શ્રેષ્ઠ વિપ્ર ! જે પ્રકારે શરીરમાં અતિશય પીડા ન થાય અથવા જે રીતે અકસ્માત્ મૃત્યુ આવી ન પડે, એ રીતે સંન્યાસીએ શાસ્ત્ર દૃષ્ટિથી નિર્ણય કરી ધર્મનું આચરણ કરવું, પરંતુ જડ વલણ ન લેવું.[૭૭]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ–જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ સંન્યાસીના ધર્મોનું નિરૂપણ કર્યું એ નામે ઓગણચાલીસમો અધ્યાય પૂર્ણ થયો. –––૩૯–**

---

## चत्वारिंशोऽध्यायः - ४०

**श्रीनारायणमुनिरुवाच :-**

वानप्रस्थान्सदा भिक्षेत्परिव्राड् सुदृढव्रतान् । ज्ञानसिद्धिमवाप्नोति तदन्नेनाशु शुद्धधीः ॥१॥
अभावे वनिनां ग्राम्यान् क्षोत्रियान्ब्राह्मणोत्तमान् । याचेदन्नं यतिस्तेषामभावेऽन्यानपि द्विजान् ॥२॥
भिक्षार्थं नगरग्रामानसङ्गोऽलक्षितो विशेत् । इतस्ततो न वीक्षेत गृहशोभाश्च सम्पदः ॥३॥
न ग्राम्यवार्ताः शृणुयात्प्रीत्या नेक्षेत योषितः । मातृस्वसृसमा विद्यात्तास्तु भिक्षां चरन् यतिः ॥४॥
मृद्दार्वलाबुजं वापि वैणवं तान्तवौपलम् । पार्णं तार्णं तथा क्षौमं भिक्षापात्रमुदीरितम् ॥५॥
सलिलैः शुद्धिरेतेषां गोवालैश्चावघर्षणम् । धातुपात्रं तु न क्वापि स्वधर्मस्थो यतिः स्पृशेत् ॥६॥
ब्राह्मणक्षत्रियविशां गृहात् याचेत भिक्षुकः । पूर्वाभावे परं याचेद्वर्जयेन्निन्द्यकर्मणः ॥७॥
आहारशुद्धिः सर्वेषां बुद्धिशुद्धेर्हि कारणम् । वेदवेदाङ्गवेत्तापि त्याज्यो दुष्कृतकृद्विदः ॥८॥

---

## અધ્યાય - ૪૦

## સન્યાસીધર્મમાં ભિક્ષાચરણના વિધિનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! સંન્યાસીએ વાનપ્રસ્થીઓને ત્યાંથી સદાય ભિક્ષા ગ્રહણ કરવી, કારણ કે વાનપ્રસ્થીના અન્નથી તત્કાળ બુદ્ધિ નિર્મળ થાય છે અને જ્ઞાનની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.[૧] વાનપ્રસ્થીઓના અભાવમાં તે ગામમાં રહેલા વેદ ભણેલા શ્રોત્રિય ઉત્તમ બ્રાહ્મણોને ઘેર ભિક્ષા કરવા જવું, જો આવા શ્રોત્રિય બ્રાહ્મણોનો અભાવ હોય તો અન્ય બ્રાહ્મણોને ત્યાંથી અન્નની યાચના કરવી.[૨-૩] સંન્યાસીએ કોઈ પણ પ્રકારની આસક્તિથી રહિત થઈ પોતાને કોઈ ઓળખી ન શકે એ રીતે ભિક્ષા ગ્રહણ કરવા માટે નગર કે ગામમાં પ્રવેશ કરવો. ત્યાં આમતેમ નજર કરી ઘરની શોભા આદિકને નિહાળવી નહિ, ગ્રામ્યવાર્તા સાંભળવી નહિ, સ્ત્રીને પ્રેમથી જોવી નહિ પરંતુ માતા અને બહેનની સમાન જાણવી.[૪]

સંન્યાસીને માટી, કાષ્ઠ, તૂંબડી, વેણુ, તંતુ, પત્ર, પથ્થર, તથા અતસીના તંતુમાંથી બનાવેલું ભિક્ષાપાત્ર ગ્રહણ કરવા યોગ્ય કહેલું છે.[૫] આ સર્વે પાત્રોની જળથી શુદ્ધિ કહેલી છે, તેથી સ્વધર્મમાં રહેલા સંન્યાસીએ ધાતુપાત્રનો ક્યારેય પણ સ્પર્શ ન કરવો.[૬] તેમ જ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને ઘેરથી ભિક્ષા માંગવી; તેમાં પણ પૂર્વના અભાવમાં પરના ઘેરથી ભિક્ષાટન કરવું. અર્થાત્ બ્રાહ્મણના અભાવમાં ક્ષત્રિયના ઘેરથી અને તેના અભાવમાં વૈશ્યના ઘરથી ભિક્ષા ગ્રહણ કરવી. તે ત્રણેયમાં પણ નિંદિત કર્મ કરનારના ઘરનો ત્યાગ કરવો.[૭] કારણ કે

द्विजाभावे तु सम्प्राप्त उपवासद्वये गते । भैक्षं शूद्रादपि ग्राह्यमिति मेधातिथिर्जगौ ॥९॥
कलौ तु ब्राह्मणानेव वृत्तिभेदाच्चतुर्विधान् । पूर्वाभावे परान् याचेद्बिडालाग्यांस्तु न क्वचित् ॥१०॥
जातकर्मादिभिर्यस्तु संस्कारैः संस्कृतः शुचिः । वेदाध्ययनसम्पन्नः षट्सु कर्मस्ववस्थितः ॥११॥
सत्यं शमो दमोऽद्रोह आनृशंस्यं कृपा घृणा । तपो भक्तिश्च यत्र स्यात्स ब्राह्मण इति स्मृतः ॥१२॥
वेदाध्यायी शस्त्रधारी दानी राज्यरुचिर्घृणी । अश्वयुद्धप्रियः शूरो धैर्यवान् क्षत्रियो द्विजः ॥१३॥
कृषिवाणिज्यगोरक्षाकुसीदाद्युपजीवनः । वेदाध्यायी च दानी च ब्राह्मणो वैश्य उच्यते ॥१४॥
सर्वभक्ष्यरतिर्नित्यं रसलाक्षादिविक्रयी । अनाचारो वेदहीनो ब्राह्मणः शूद्र उच्यते ॥१५॥

---

સર્વે વર્ણાશ્રમી જનોની જે આહાર શુદ્ધિ છે તે જ બુદ્ધિ શુદ્ધિનું કારણ થાય છે. તેથી વેદવેદાઙ્ગને જાણનાર બ્રાહ્મણ પણ જો કોઈ પરદારાગમનાદિ દુષ્ટ કર્મ કરનારો હોય તો તેના ઘરની ભિક્ષા છોડી દેવી.[૮] ત્રણે વર્ણના દ્વિજાતિજનોના ઘેરથી ભિક્ષા પ્રાપ્ત ન થઈ હોય ને બે ઉપવાસ થયા હોય તો સત્શૂદ્રના ઘેરથી ભિક્ષા સ્વીકારવી. આ પ્રમાણે મેધાતિથિ નામના મહર્ષિએ કહેલું છે.[૯] કલિયુગમાં વૃત્તિના ભેદથી ચાર પ્રકારના બ્રાહ્મણોને ત્યાંથી ભિક્ષા ગ્રહણ કરવી. તેમાં પણ પૂર્વના અભાવમાં પરને ત્યાંથી ભિક્ષા ગ્રહણ કરવી, પરંતુ બિડાલાદિ ચાર પ્રકારના બ્રાહ્મણોને ઘેરથી કદાપિ ભિક્ષા ગ્રહણ કરવી નહિ.[૧૦]

**બ્રાહ્મણના વિવિધ પ્રકાર :–** વૃત્તિભેદથી બ્રાહ્મણોનાં લક્ષણો કહીએ છીએ. જે જાતકર્માદિ સંસ્કારોથી સંસ્કૃત થયેલો હોય, બહાર અંદર પવિત્ર હોય, વેદાધ્યયનથી સંપન્ન હોય, સ્નાન સંધ્યાદિ ષટ્કર્મમાં વર્તતો હોય, જેનામાં સત્ય, શમ, દમ, અદ્રોહ, અક્રૂરતા, કૃપા, અઘૃણા, તપશ્ચર્યા અને ભગવાનની ભક્તિ આટલા ગુણો વર્તતા હોય તેને ઉત્તમ બ્રાહ્મણ કહેલો છે.[૧૧-૧૨] વળી જે બ્રાહ્મણ વેદનું અધ્યયન કરેલું હોય, શસ્ત્રને ધારણ કરતો હોય, દાન આપવાના સ્વભાવવાળો હોય, રાજકાજના વ્યવહારમાં રુચિ ધરાવતો હોય, કોઈ પણ કુકર્મથી મનમાં ખેદ પામતો હોય, અશ્વારોહણ કે યુદ્ધાચરણ કરવું, તેમાં તેને પ્રીતિ વર્તતી હોય, શૂરવીરતા અને ધીરજનો જે બ્રાહ્મણમાં ગુણ હોય તેને ક્ષત્રિય બ્રાહ્મણ કહેલો છે.[૧૩] વળી જે બ્રાહ્મણ વેદાધ્યાયી, દાન આપવાના સ્વભાવવાળો, ખેતી, વેપાર, ગોરક્ષા, વ્યાજવટો આદિની આજીવિકા વાળો હોય તેને વૈશ્ય બ્રાહ્મણ કહેલો છે.[૧૪] તેમ જ જે બ્રાહ્મણ વેદાધ્યયનથી રહિત હોય, સર્વે પ્રકારનાં મનુષ્યો પાસેથી પ્રાપ્ત થતા અન્નનું ભક્ષણ કરવામાં આસક્ત હોય, ઘી, તેલ આદિક રસો

स्तेयप्रियः सदा लुब्धो दाम्भिको लोकरञ्जकः । हिंस्रकर्मरुचिर्धूर्तो बिडालः स तु कथ्यते ॥१६॥
वापीकूपसरःक्षेत्रपल्वलारामनाशकः । स्नानसन्ध्यादिहीनस्तु म्लेच्छ एव मतो द्विजः ॥१७॥
अभक्ष्यभक्षको मूढः परस्त्रीलम्पटोऽशुचिः । कार्याकार्ये न जानाति यः स विप्रः पशुर्मतः ॥१८॥
दयाहीनः प्रमादी च श्रुतिस्मृतिपथातिगः । सुरापानरतो विप्रश्चाण्डालो मांसभक्षकः ॥१९॥
बिडालादीन्वर्जयित्वाऽभिशस्तपतितांस्तथा । याचेदन्नं शुचीन्विप्रांस्त्रीन्वा पञ्चापि सप्त वा ॥२०॥
चिकित्सकं स्त्रीजितं च मृगयुं शल्यहारिणम् । कुलटां पाशिनं षण्ढं यतिर्भिक्षेन्न कर्हिचित् ॥२१॥
भिक्षा माधुकरी नामनी यतीनामुचिता द्विज ! यावतोदरपूर्तिः स्यात्तावद्भैक्षं समाचरेत् ॥२२॥
पञ्चकृत्वोऽपि वा सप्तकृत्वो लभ्येत नो यतः । भैक्षं तद्वर्जयेद्गेहं चण्डालगृहवत्सदा ॥२३॥

---

અને લાખ આદિક નિષેધ વસ્તુનો વેપાર કરનારો હોય, ને જે આચારહીન હોય તેવા બ્રાહ્મણને શૂદ્ર બ્રાહ્મણ કહેલો છે.[૧૫] વળી જે બ્રાહ્મણ ચોરીના કર્મમાં આસક્ત હોય, સદાય લોભી ને દંભી હોય, લોકરંજનમાં પ્રવૃત્ત હોય, હિંસામાં રુચિવાળો હોય અને લોકોને છેતરનારો હોય, તેવાને બિડાલ બ્રાહ્મણ કહેલો છે.[૧૬] વળી જે વાવ, કૂવા, સરોવર, ક્ષેત્રો, નાના તળાવો અને બગીચાઓનો વિનાશ કરનારો હોય ને સ્નાન સંધ્યાદિ કર્મથી રહિત હોય તેને મ્લેચ્છ બ્રાહ્મણ કહેલો છે.[૧૭] વળી ડુંગળી, લસણ આદિક અભક્ષ્યનું ભક્ષણ કરનાર, મૂર્ખ, પરસ્ત્રી લંપટ, અપવિત્ર જીવન હોય અને કરવા યોગ્ય તથા નહિ કરવા યોગ્ય કાર્યમાં વિવેકહીન હોય તેવાને પશુ બ્રાહ્મણ કહેલો છે.[૧૮] વળી જે બ્રાહ્મણ નિર્દયી, પ્રમાદી, શ્રુતિ અને સ્મૃતિના માર્ગનું ઉલ્લંઘન કરનાર, સુરાપાન તથા માંસભક્ષણમાં રુચિવાળો હોય તેને ચંડાલબ્રાહ્મણ કહેલો છે.[૧૯]

હે વિપ્ર ! આ બિડાલાદિ ચાર પ્રકારના બ્રાહ્મણોને તથા ઉત્તમ બ્રાહ્મણ જાતિમાં પણ પતિત થયેલાને છોડીને પવિત્ર જીવન જીવતા, સ્વધર્મનિષ્ઠ, ત્રણ, પાંચ કે સાત બ્રાહ્મણના ઘેરથી અન્નની ભિક્ષા સંન્યાસીએ ગ્રહણ કરવી.[૨૦] પરંતુ વૈદ્ય, સ્ત્રીથી જીતાયેલ, પારધી, પશુ આદિકની હિંસા કરવા ધનુષ્ય લઈ ફરનાર, કુલટા સ્ત્રી, મૃગયાદિકને બાંધનાર, પાશ લઈ ફરનાર અને નપુંસક; આટલાના ઘેરથી સંન્યાસીએ ક્યારેય પણ ભિક્ષા ગ્રહણ કરવી નહિ.[૨૧] હે વિપ્ર ! માધુકરી ભિક્ષા સંન્યાસીઓને ઉચિત કહેલી છે. જેટલા અન્નથી ઉદર તૃપ્તિ થાય તેટલુંજ અન્ન ભિક્ષામાં સ્વીકારવું.[૨૨] જે વિપ્રના ઘેરથી પાંચ કે સાત વાર જવા છતાં ભિક્ષા ન મળે, તે ઘરનો ચંડાલના ઘરની જેમ સદાયને માટે ત્યાગ કરવો.[૨૩] જે ઘરથી

याचितुं न गृहं लोभात्पुनर्गच्छेत्तदेव च । अभावे त्वन्यगेहानां तद्गच्छेद्दिवसान्तरे ॥२४॥
विधूमे सन्नमुसले व्यङ्गारे भुक्तवज्जने । कालेऽपराह्णभूयिष्ठे नित्यं भिक्षां यतिश्चरेत् ॥२५॥
कलावयं तु नियमः प्रायिकस्तदकल्पितान् । सप्तमावधि याचेत गृहान्मध्याह्नतः परम् ॥२६॥
बह्वन्नं पच्यते यत्र मन्यन्ते यत्र मानवाः । अनुद्विग्नाः प्रयच्छन्ति तं देशं यत्नतो व्रजेत् ॥२७॥
जात्याशौचं मृताशोचं येषां तान्वर्जयेद् द्विजान् । श्राद्धमात्रं भवेद्यत्र तत्र भिक्षेन्न कर्हिचित् ॥२८॥
न पश्येद् द्वाररन्ध्रेण भिक्षालिप्सुः क्वचिद्यतिः । न कुर्याद्वै क्वचिद्घोषं न द्रावं ताडयेत्क्वचित् ॥२९
दण्डं च दक्षिणे कक्षे यतिः सन्धार्य बाहुना । धृत्वा वामकरे पात्रे पिदध्याद्दक्षपाणिना ॥३०॥
भिक्षाटनं प्रकुर्वाणो यद्यमेध्यं स्पृशेद्यतिः । सपात्रो विधिवत्स्नात्वा प्राणायामान्षडाचरेत् ॥३१॥
उदक्याशबचण्डालचौरनग्नकपालिभिः । स्पृष्टां भिक्षां त्यजेद्भिक्षुः सवासा जलमाविशेत् ॥३२॥

---

પહેલે દિવસે ભિક્ષા લીધી હોય ત્યાં લોભે કરીને બીજા દિવસે ભિક્ષા કરવા જવું નહિ, જો બીજા ઘરનો અભાવ હોય તો એક દિવસ છોડીને ત્રીજે દિવસે જવું.[૨૪] ચૂલામાં અગ્નિ શાંત થયો હોય, મૂશળથી ખાંડવાની ક્રિયા સમાપ્ત થઈ હોય, ને ઘરના સભ્યો જ્યાં ભોજન લેવા બેઠાં હોય તેવા ઘેરથી બપોર પછીના સમયે સંન્યાસીએ ભિક્ષા કરવા જવું.[૨૫] આ નિયમો કળિયુગમાં ઘણું કરીને અનુસરવા યોગ્ય નથી. તેથી અહીંથી કે ત્યાંથી પહેલી ભિક્ષા લઉં ?એવો સંકલ્પ કર્યા વિના સાત ઘરથી બપોર પછીના સમયમાં ભિક્ષા માગવા જવું.[૨૬] જે દેશમાં અતિશય અન્ન રંધાતું હોય, અને મનુષ્યો ભિક્ષુકોનો સત્કાર કરતા હોય, ઉદ્વેગ વિના ભિક્ષુકોને અન્ન આપતા હોય તે દેશમાં જ પ્રયત્નપૂર્વક ભિક્ષા કરવા જવું.[૨૭] જે દ્વિજાતિના ઘેર જન્મ કે મરણનું સૂતક અથવા શ્રાદ્ધ કર્મ ચાલતું હોય તેના ઘરનો ત્યાગ કરવો. ત્યાં ક્યારેય પણ ભિક્ષા કરવા જવું નહિ.[૨૮]

ભિક્ષા માંગવા જતા સંન્યાસીએ કોઈ પણ ઘરના દ્વારના છિદ્રોમાંથી અંદર નજર ન કરવી અને દ્વાર પણ ખટખટાવવો નહિ. ક્યારેય પણ ઊંચા સ્વરે બોલીને ભિક્ષા ન માગવી.[૨૯] સંન્યાસીએ ભિક્ષા માગવાને સમયે દંડને જમણી કાખમાં ધારણ કરવો, ડાબા હાથમાં ભિક્ષાપાત્ર લેવું અને જમણા હાથથી ઢાંકવું.[૩૦] આ પ્રમાણે ભિક્ષાટન કરી રહેલા સંન્યાસીને ભોજનના પાત્રે સહિત જો કોઈ અપવિત્ર વસ્તુનો સ્પર્શ થઈ જાય તો વિધિવત્ સ્નાન કરી છ પ્રાણાયામ કરવા, પછી ભિક્ષાનું અન્ન જમવું. પરંતુ ભિક્ષાન્નનો ત્યાગ ન કરવો.[૩૧] જો રજસ્વલા સ્ત્રીનો સ્પર્શ થાય અથવા શબ, ચંડાલ, ચોર, નાસ્તિક અને માથાની ખોપરી રાખનાર અઘોરીનો

कुड्य काष्ठे रथे मञ्चे नौकायां गजवृक्षयोः । तृणौघजलसङ्घाते न दोषः स्पर्शसम्भवः ॥३३॥
भिक्षां गृहीत्वोपावृत्तः सभैक्षं पात्रमप्सु तत् । निष्प्लाव्य शुचिदेशे च निधायाथ स्वयं शुचिः ॥३४
प्रक्षाल्य पाणिपादं च मौनी भोक्तुमुपाविशेत् । धातुः प्रकुप्यते येन तदन्नं वर्जयेद्यतिः ॥३५॥
विष्णोर्नैवेद्यमश्नीयादन्यदेवस्य वर्जयेत् । अपोशानादिविधिना भुञ्जीतामृतवन्मुनिः ॥३६॥
प्राणाहुतीः स्पृशेन्नैव दन्तोष्ठेन कदाचन । प्राश्नीयादवशिष्टं तु स्वयमौषधवद्यतिः ॥३७॥
पात्रं सव्यकरे धृत्वा प्राश्नीयाद्दक्षपाणिना । अर्धाहारं प्रकुर्वत देहो वर्तेत यावता ॥३८॥
कामदर्पादयो दोषा न बाधन्ते मिताशिनम् । एककालं सदाश्नीयान्न संगृह्णीत भिक्षितम् ॥३९॥
अभ्यासं ब्रह्मविद्यायाः सर्वकालं समाचरेत् । एतदर्थं हि सन्न्यासो विहितोऽत्र द्विजन्मनाम् ॥४०॥
न चाददीत पाथेयं यतिः किञ्चिदनापदि । पक्वमापत्सु गृह्णीयाद्यावद्भुञ्जीत तद्दिने ॥४१॥

---

સ્પર્શ થઈ જાય, તો સંન્યાસીએ ભિક્ષાનો ત્યાગ કરી દેવો અને જળમાં પ્રવેશ કરી વસ્ત્રે સહિત સ્નાન કરવું.[૩૨]

શ્રીનારાયણ ભગવાન કહે છે, હે વિપ્ર ! હવે સ્પર્શ થવા છતાં દોષ ન લાગે તેવાં સ્થળ કહીએ છીએ. દિવાલ, કાષ્ઠ, રથ, ખાટલો, નૌકા, હાથી, વૃક્ષ, તૃણસમૂહ અને જળાશયમાં રજસ્વલા આદિકનો સ્પર્શ થાય તો દોષ નથી.[૩૩] ભિક્ષા ગ્રહણ કરીને પાછા ફરેલા સંન્યાસીએ ભિક્ષાના અન્નસહિત ભિક્ષાપાત્રને જળમાં ડૂબાવીને પવિત્ર સ્થળે મૂકી, સ્વયં હાથ-પગનું પ્રક્ષાલન કરી મૌન રહીને જમવા માટે બેસવું, જે અન્ન જમવાથી શરીરમાં વીર્યની વૃદ્ધિ થાય તેવા અન્નનો ત્યાગ કરવો.[૩૪-૩૫] સંન્યાસીએ વિષ્ણુ ભગવાનને નૈવેદ્ય ધરાવેલું અન્ન જમવું, પરંતુ ઈતર દેવતાઓને ધરાવેલું અન્ન જમવું નહિ. અપોશન વિધિ કરીને અમૃતતુલ્ય અન્નનું ભોજન કરવું.[૩૬] સંન્યાસીએ દાંત અને હોઠથી પ્રાણાહુતિને ક્યારેય પણ સ્પર્શ ન કરવો. પ્રાણાહુતિ કર્યા પછી બચેલાં અન્નનો ઔષધની પેઠે આહાર કરવો,[૩૭] ભિક્ષાપાત્રને ડાબા હાથે ગ્રહણ કરી જમણા હાથે જમવું, જેટલું અન્ન જમવાથી દેહનો નિર્વાહ થાય તેનાથી અર્ધો અને એકવાર આહાર કરવો,[૩૮] મિતાહારી સંન્યાસીને કામાદિ દોષો પીડા કરતા નથી. સંન્યાસીએ સદાય એકવાર ભોજન લેવું. ભિક્ષાનો સંગ્રહ કરવો નહિ.[૩૯] સર્વકાળમાં બ્રહ્મવિદ્યાનો અભ્યાસ કરવો. કારણ કે આલોકમાં ત્રણે વર્ણના દ્વિજાતિ જનોનો સંન્યાસ, બ્રહ્મવિદ્યાના અભ્યાસ માટે જ શાસ્ત્રોએ કહેલો છે.[૪૦] સંન્યાસીએ આપત્કાળ પડ્યા વિના ક્યારેય પાથેય- રસ્તામાં ખાવા માટે ટીમણનો સંગ્રહ કરવો નહિ. અને આપત્કાળમાં પણ પાથેય અન્ન જેટલું

एकस्यान्नं त्र्यहं चाद्यान्निरन्तरमनापदि । यदि तर्हि यतिः कुर्यात्प्राणायामान् शतं द्विज ! ॥४२॥
अनापदि पुनर्भुङ्क्ते यतिर्यस्तु प्रमादतः । तप्तकृच्छ्रं व्रतं तस्य प्रोक्तं तद्दोषशान्तये ॥४३॥
अशक्तः प्राणरक्षार्थं पुनर्मूलफलादिकम् । न दुष्येद्भक्षयन्न्यासी भेषजं दन्तधावनम् ॥४४॥
देशकालादिवैषम्याद्वृत्तिं माधुकरं यदि । कर्तुं न शक्नुयात्तर्हि भुञ्जीत गृहिवेश्मनि ॥४५॥
एककृत्यान्नशाकादि सम्प्रोक्ष्याद्भिस्तु तद्यतिः । भुञ्जीतौषधवन्मौनी वृद्धार्तौ वा पृथक्पृथक् ॥४६॥
मृत्तोयभिक्षादिपदार्थयाचने भाषेत चेद्ब्राह्मणयोषया यतिः ।
असन्निधानेऽपि नरस्य तर्ह्यसौ दुष्येन्न विप्रेन्द्र ! रहो न चेत्तदा ॥४७॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे सन्न्यासधर्मेषु भैक्षविधिनिरूपणनामा चत्वारिंशोऽध्यायः ॥४०॥*

---

જમતા હોઈએ તેટલું ગ્રહણ કરવું.[૪૧] હે વિપ્ર ! જો આપત્કાળ વિના પણ એક ઘરનું અન્ન ત્રણ દિવસ પર્યંત લાગટ જમે તો એક સો પ્રાણાયામ કરે.[૪૨] તેમજ આપત્કાળ પડ્યા વિના પ્રમાદથી બીજીવાર ભોજન કરે તો દોષ નિવારણ માટે તપ્તકૃચ્છ્રવ્રત કરે.[૪૩] જો અસક્ત હોય તો પ્રાણરક્ષા માટે બીજીવાર મૂળ કે ફળ આદિકનું ભક્ષણ કરે, તેમાં દોષ લાગતો નથી. ઔષધીના પુનઃ સેવનથી અને ફરી દાતણ કરવાથી પણ દોષ લાગતો નથી.[૪૪]

સંન્યાસીએ દેશકાળાદિકનું વિષમપણું પ્રાપ્ત થાય ને માધુકરી ભિક્ષા ગ્રહણ કરી શકે નહિ તો ગૃહસ્થ બ્રાહ્મણને ઘેર ભોજન કરવું.[૪૫] ત્યારે પણ પાત્રમાં અન્ન, શાકાદિકને ભેળું કરીને ભગવાનના ચરણોદકથી પ્રોક્ષણ કરી મૌન રહીને ઔષધીની જેમ તે અન્નનો સ્વીકાર કરવો. વૃદ્ધ કે રોગી ભેળું કર્યા વિના અલગ અલગ જમે તો દોષ લાગતો નથી.[૪૬] હે વિપ્રેન્દ્ર ! સંન્યાસી જો માટી, જળ, કે ભિક્ષા વિગેરે પદાર્થોની યાચના નિમિત્તે બ્રાહ્મણ સ્ત્રીની સાથે બોલે, અને તે સમયે જો ત્યાં બીજી સ્ત્રી હોય પરંતુ પુરુષ ન હોય તો તેવા એકાંત સ્થળમાં સંન્યાસીને દોષ લાગે છે. તેથી સંન્યાસીએ સ્ત્રીઓનો પ્રસંગ સર્વથા છોડી દેવો.[૪૭]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ સંન્યાસીઓના ધર્મમાં ભિક્ષાવૃત્તિનું નિરૂપણ કર્યું, એ નામે ચાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૦--**

---

एकचत्वारिंशोऽध्यायः - ४१

श्रीनारायणमुनिरुवाच :-

वार्षिकांश्चतुरो मासान्ग्रामे वा नगरे वसेत् । मासद्वयं चापदि तु स्थित्वैकत्र ततो व्रजेत् ॥१॥
वर्षासु यावतो ग्रामान् लङ्घयेत्तावतो यतिः । कृच्छ्रोपवासान्कुर्वीत ततः शुद्धो भवेत्किल ॥२॥
अनाचारे वसेन्नैव ग्रामे वा नगरेऽपि वा । स्वाचारेऽपि स्वसम्बन्धी यत्र स्यात्तत्र नो वसेत् ॥३॥
तस्करोपद्रुते ग्रामे ब्रह्महत्यादिदूषिते । दुर्भिक्षे राष्ट्रभङ्गे वा वर्षास्वप्याशु तं त्यजेत् ॥४॥
मासद्वये पौर्णमास्यां यतीनां केशवापनम् । वर्षासु तन्न कर्तव्यं नदीनां तरणं तथा ॥५॥
आसनं पात्रलोपश्च सञ्चयः शिष्यसङ्ग्रहः । दिवास्वापो वृथालापो यतेर्बन्धकराणि षट् ॥६॥
एकाहात्परतो ग्रामे पञ्चाहात्परतः पुरे । वर्षाभ्योऽन्यत्र यत्स्थानमासनं तदुदाहृतम् ॥७॥

## અધ્યાય - ૪૧
## સંન્યાસીએ ત્યાગવા યોગ્ય બાબતો તથા તેના ભંગના પ્રાયશ્ચિતનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! સન્યાસીએ વર્ષના ચોમાસાના ચાર માસ ગામ અથવા નગરમાં એક જગ્યાએ નિવાસ કરવો. જો આપત્કાળ આવી પડે તો બે માસ નિવાસ કરીને બીજા ગામમાં જઈને રહેવું.[૧] આપત્કાળ વિના ચાતુર્માસમાં જેટલાં ગામ ઉલ્લંઘે તેટલાં કૃચ્છ્રવ્રત કરવાં તેથી શુદ્ધ થાય છે.[૨] સંન્યાસીએ આચાર વિનાના ગામ કે નગરમાં રહેવું નહિ, કદાચ સદાચારી હોય ને તેમાં પોતાના સંબંધી વસતાં હોય તો તેમાંપણ રહેવું નહિ.[૩] પોતે જે ગામ કે નગરમાં નિવાસ કર્યો હોય ત્યાં જો ચોરનો ઉપદ્રવ હોય અથવા બ્રહ્મત્યાદિ દોષથી તે ગામ દૂષિત હોય અથવા દુષ્કાળ પડ્યો હોય, દુશ્મન દેશના સૈન્યની ચડાઈથી તે રાષ્ટ્ર ભાંગતું હોય તો સંન્યાસીએ વર્ષાઋતુમાં પણ તે ગામનો તત્કાળ ત્યાગ કરી દેવો.[૪] સંન્યાસીએ મસ્તકપરનું મુંડન બે માસને અંતે પૂર્ણિમાને દિવસે જ કરાવવું. બીજી તિથિઓમાં કરાવવું નહિ. તેમાં પણ ચોમાસાના ચાર મહિના સુધી મુંડન કરાવવું નહિ. તેમજ નદીઓ તરવી નહિ.[૫] આસન, પાત્રલોપ, સંચય, શિષ્ય સંગ્રહ, દિવસનિદ્રા અને વ્યર્થ વાતો; આ છ સંન્યાસીને બંધનકર્તા થાય છે, તેનાં લક્ષણો કહીએ છીએ.[૬]

**આસન :–** વર્ષાઋતુ સિવાય એક દિવસથી અધિક ગામમાં અને પાંચ

उक्तालाब्वादिपात्राणामेकस्यापि न सङ्ग्रहः । भिक्षोर्भैक्षभुजश्चापि पात्रलोपः स उच्यते ॥८॥
गृहीततस्तु दण्डादेर्द्वितीयस्य परिग्रहः । कालान्तरोपभोगार्थं सञ्चयः स प्रकीर्तितः ॥९॥
शुश्रूषालाभपूजार्थं यशोर्थं वा परिग्रहः । शिष्याणां तु न कारुण्यात्स ज्ञेयः शिष्यसङ्ग्रहः ॥१०॥
विद्यादीनां प्रकाशत्वादविद्या रात्रिरुच्यते । विद्याभ्यासे प्रमादो यः स दिवास्वाप उच्यते ॥११॥
आध्यात्मिकीं कथां मुक्त्वा भैक्षादेस्तु प्रशंसनम् । नृपयुद्धादिवार्ताश्च वृथालापः स उच्यते ॥१२॥
वराटकेऽपि यतिना संगृहीते दिने दिने । गोसहस्रवधं पापं श्रुतिरेषा सनातनी ॥१३॥
हृदि सस्नेहभावेन चेत्पश्येत्स्त्रियमेकदा । कल्पकोटिद्वयं याति कुम्भीपाकं न संशयः ॥१४॥
न स्नानमाचरेद्भिक्षुः पुत्रादिनिधने श्रुते । पितृमातृक्षयं श्रुत्वा स्नात्वा शुद्ध्यति साम्बरः ॥१५॥
पारिव्राज्यं गृहीत्वा तु स्वधर्मे यो न वर्तते । श्वपदेनाङ्कयित्वा तं राजा शीघ्रं प्रवासयेत् ॥१६॥

---

દિવસથી અધિક નગરમાં નિવાસ કરવો તેને આસન કહેવાય છે.[૭] **પાત્રલોપ :–** ભિક્ષાન્ન જમનાર સંન્યાસીએ પૂર્વે કહેલા તુંબડા આદિકના પાત્રમાંથી કોઈ પણ એક પાત્રને પોતા પાસે ન રાખવું, તે પાત્રલોપ કર્યો જાણવો.[૮] **સંચય :–** જરૂરી પ્રથમ ગ્રહણ કરેલા દંડ સિવાય ભવિષ્યમાં ઉપયોગ કરવા માટે બીજા દંડનો પરિગ્રહ કરવો, તેને સંચય કહેલો છે.[૯] **શિષ્યસંગ્રહ :–** સેવા, લાભ, પૂજા, સન્માન, તથા યશકીર્તિને માટે શિષ્યોનો પરિગ્રહ કરવો, પરંતુ જનોનું હિત કરવા દયાળુ સ્વભાવને કારણે નહિ, તેને શિષ્યસંગ્રહ કહેલો છે.[૧૦] **દિવસે નિદ્રા :–** વિદ્યાદિ ગુણો હૃદયના અંધકારને દૂર કરી તેમાં પ્રકાશ કરનાર હોવાથી તેને દિવસ કહેલો છે, અને અવિદ્યાને રાત્રી કહેલી છે, તેથી વિદ્યાભ્યાસમાં પ્રમાદ કરવો, તેને દિવસે નિદ્રા કહેલી છે.[૧૧] **વ્યર્થવાતો–** આત્મા પરમાત્માના જ્ઞાન સંબંધી આધ્યાત્મિક કથા છોડીને ભિક્ષામાં પ્રાપ્ત થયેલા અન્નની પ્રશંસા કે રાજકારણની વાતો કરવી તે વ્યર્થવાતો કહેલી છે.[૧૨]

હે વિપ્ર ! સંન્યાસી જો કોડી જેવી તુચ્છ વસ્તુનો સંગ્રહ કરે તો પણ દિવસે દિવસે હજાર ગાયના વધનું પાપ લાગે છે. આ પ્રમાણેની સનાતન શ્રુતિ છે.[૧૩] તેમજ હૃદયમાં સ્નેહભાવ રાખી એકવાર પણ સ્ત્રીને જુએ તો બે કોટિ કલ્પ પર્યંત કુંભીપાક નરકમાં પડે છે. તેમાં કોઈ સંશય નથી.[૧૪] માતા પિતા સિવાય પુત્રાદિ સંબંધીનું મરણ સાંભળે તો પણ સંન્યાસીએ સ્નાન કરવું નહિ. માતા-પિતાના મરણમાં વસ્ત્રે સહિત સ્નાન કરવું.[૧૫] સંન્યાસ ધર્મને સ્વીકાર્યા પછી જો સ્વધર્મમાં વર્તે નહિ, તો તેને રાજાએ કૂતરાંના પગ જેવા આકારવાળા લોહદંડને તપાવી તેના

छेदने भेदने पाके वीर्योत्सर्गे प्रवर्तते । यस्तं दृष्ट्वा यतिं कार्यं सचैलं स्नानमेव हि ॥१७॥
तिलधान्यहिरण्यक्ष्मागोदासीगृहसङ्ग्रही । यतिः सद्भिर्बहिष्कार्यः स्नातव्यं तस्य दर्शनात् ॥१८॥
सन्न्यासधर्ममारूढो यः प्रत्यावर्तते पुनः । स निन्द्यः सर्वभूतानां पितृघ्नश्चैव जायते ॥१९॥
चण्डालाः प्रत्यवसिताः परिव्राजकतापसाः । तेषां जातान्यपत्यानि चण्डालैर्वासयेन्नृपः ॥२०॥
अन्नदानपरो भिक्षुश्चतुरो हन्ति धर्महा । स्वस्यान्नदं गृहीतारमन्नं स्वं च तुरीयकम् ॥२१॥
निशान्नं शुक्लवस्त्रं च ताम्बूलं मद्यमामिषम् । वाहनं तूलिका मञ्चो धनं नारी रसा इति ॥२२॥
एतानि यस्य सन्न्यासी भुङ्क्ते तस्य कुलं तथा । यतेः कुलं च नरके रौरवे पतति ध्रुवम् ॥२३॥
ग्रामद्वये यदा भिक्षुश्चरेद्भैक्षं प्रमादतः । कञ्चुकं धारयेद्वा यः स तु चान्द्रायणं चरेत् ॥२४॥
धान्यं वृक्षं लतां मूलं फलपुष्पदलानि वा । उत्पाटयेद्यतिर्यस्तु सोऽवीचिं नरकं व्रजेत् ॥२५॥

---

શરીર ઉપર તેનું ચિહ્ન અંકન કરી તત્કાળ પોતાના દેશમાંથી બહાર કાઢી મૂકવો.[૧૬] જે સંન્યાસી તૃણ, ધાન્યાદિકનું છેદન કે વૃક્ષાદિકનું વિદારણ કરે, અગ્નિમાં રસોઇ પકાવવા પ્રવૃત્ત થાય, અને વીર્યનો સ્રાવ કરે તો તેવાને જોઇને બીજા સંન્યાસીએ વસ્ત્રે સહિત સ્નાન કરવું.[૧૭] તલ, ધાન્ય, સોનું, પૃથ્વી, ગાય, દાસી, ઘર અને મઠ આદિકનો જે સંગ્રહ કરે તેને સ્વધર્મ નિષ્ઠ બીજા સન્યાસીઓએ પોતાના મંડળમાંથી બહિષ્કૃત કરવો અને તેનું દર્શન થતાં સ્નાન કરવું.[૧૮] જે સંન્યાસધર્મનો સ્વીકાર કરી ફરી ગૃહસ્થાશ્રમમાં પાછો ફરી લગ્ન કરે છે તે ઉલટીના અન્નને ખાનાર સર્વજનોમાં નિંદાને પાત્ર થાય છે અને પિતૃઘાતી તેમજ ચંડાલની સમાન કહેલા છે. તેથી તેમનાં જન્મેલાં સંતાનોને રાજાએ ચંડાલની સાથે નિવાસ કરાવવો.[૧૯-૨૦]

ધર્મભ્રષ્ટ થયેલો સંન્યાસી જો અન્નનું દાન કરે તો પોતાને અન્ન આપનારનો, પોતા થકી અન્ન સ્વીકારનારનો, અન્નનો અને સ્વયં પોતાનો; આ ચારનો વિનાશ નોતરે છે.[૨૧] રાત્રીએ પુનઃ ભોજન કરવા માટે સ્વીકારાતું અન્ન, શ્વેત વસ્ત્ર, તાંબૂલ, મદ્ય, માંસ, વાહન, ગોદડી, પલંગ, ધન, નારી અને અનેક પ્રકારના રસો; આટલાનો સ્વીકાર કરી ભોગવે છે, તે સંન્યાસીનું કુળ અને તેને આપનારનું કુળ, આ બન્ને કુળ ચોક્કસ રૌરવ નરકમાં પડે છે.[૨૨-૨૩] જો સંન્યાસી પ્રમાદથી બે ગામમાં ભિક્ષાટન કરે, અથવા ડગલી ધારણ કરે તો ચાંદ્રાયણ વ્રત કરે.[૨૪] જે સંન્યાસી ધાન્ય, વૃક્ષ, લતા, મૂળ, ફળ, પુષ્પ અને પત્રને તોડે અથવા ઉખાડે તો તે અવીચિ નરકમાં પડે છે.[૨૫] પોતાના હાથે સૂક્ષ્મજંતુના વિનાશમાં સંન્યાસીએ દશ પ્રાણાયામ કરવા, સ્વપ્નમાં સ્ત્રી સંગ થાય તો સ્નાન કરી ''ૐ નમો નારાયણાય'' આ અષ્ટાક્ષરમંત્ર

हनने सूक्ष्मजन्तूनां प्राणायामान्दशाचरेत् । स्वप्ने स्त्रीसङ्गमे स्नात्वा त्रिसहस्त्रं मनुं जपेत् ॥२६॥
स्कन्देदिन्द्रियदौर्बल्यात्स्त्रियं दृष्ट्वा यतिर्यदि । त्रिरात्रमुपवासं च प्राणायामशतं चरेत् ॥२७॥
स्वप्ने तु क्षरणे स्नात्वा प्राणायामान्दशाचरेत् । उपवासस्तु सर्वत्र वीर्यपाते यतेर्मतः ॥२८॥
भिक्षाक्रियादेरन्यत्र स्त्रिया सह वदेद्यदि । अकामात्तर्ह्युपवसेत्स्नात्वा नाम हरेर्जपन् ॥२९॥
एवमेव प्रकर्तव्यं स्त्रीकथाश्रवणादिषु । सप्तस्वकामतो नूनं यतिना धर्मचारिणा ॥३०॥
कामाद्यदि सकृत्कुर्यात्सप्तस्वन्यतमं यतिः । तप्तकृच्छ्रं व्रतं कुर्यात्तदा नाम जपन् हरेः ॥३१॥
अष्टमे मैथुने साक्षाज्जाते त्वस्य तु निष्कृतिम् । लिङ्गस्योत्कर्तनं कुर्यात्स्वयमेव यतिर्वने ॥३२॥
स्वकर्म ख्यापयँल्लोके तीर्थानि विचरेत्सदा । फलमूलाशनो दान्तः सतां शुद्धयेत् प्रसादनात् ॥३३॥
यस्तु प्रव्रजितो भूत्वा पुनः सेवेत मैथुनम् । षष्टिं वर्षसहस्त्राणि विष्ठायां जायते क्रिमिः ॥३४॥
कण्डूयनेन चेद्वीर्यं पातयेत्काममोहितः । जपेत्त्रिलक्षं प्रणवं कृत्वा सान्तपनद्वयम् ॥३५॥
असद्वादे च कर्तव्यो यतिना धर्मभीरुणा । अहोरात्रोपवासश्च प्राणायामशतं तथा ॥३६॥

---

ત્રણહજાર વાર જપવો.[૨૬] સંન્યાસીએ સ્ત્રીને જોવા માત્રથી ઈન્દ્રિયોની દુર્બળતાને કારણે વીર્યસ્રાવ થઈ જાય તો ત્રણ ઉપવાસ કરી સો પ્રાણાયામ કરવા.[૨૭] સંન્યાસીને કોઈ પણ સ્થળે, કોઇ પણ પ્રકારે વીર્યસ્રાવ થાય તો અલગ અલગ એક એક ઉપવાસ કરવો.[૨૫-૨૮]

ભિક્ષા લેવા સિવાય બીજે અજાણતાં જો સંન્યાસી સ્ત્રી સાથે બોલે તો સ્નાન કરી હરિ નામનો જપ કરતાં એક ઉપવાસ કરવો.[૨૯] આ રીતે સ્ત્રીની કથા શ્રવણાદિ સાત પ્રકારના બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય તો પ્રત્યેકને માટે અલગ અલગ એક એક ઉપવાસ કરવો.[૩૦] અને જાણી જોઇને સાતમાંથી કોઇ એક વ્રતનો ભંગ કરે તો હરિનામ જપતાં એક તપ્તકૃચ્છ્ર વ્રત કરે.[૩૧] અને જો સ્ત્રી સાથે સાક્ષાત્ મૈથુન ક્રિયા થાય તો સંન્યાસીએ સ્વયં વનમાં જઇ શિશ્ન ઈન્દ્રિયના છેદનરૂપ પ્રાયશ્ચિત કરવું.[૩૨] ‘‘મેં આઠમા બ્રહ્મચર્યવ્રતનો ભંગ કર્યો છે’’ એમ બોલતાં પોતાનાં કર્મને જાહેર કરી માત્ર ફળ-ફૂલનો આહાર કરી ઈન્દ્રિયોનું દમન કરતો હમેશાં તીર્થોમાં વિચરણ કરે. ત્યારપછી સત્પુરુષનો અનુગ્રહ થતાં તે શુદ્ધ થાય છે.[૩૩] જે દ્વિજ સન્યાસધર્મનો સ્વીકાર કર્યા પછી ફરી મૈથુન કરે છે, તે સાઠહજાર વર્ષ પર્યંત વિષ્ટાનો કીડો થાય છે.[૩૪] અને જો કામમોહિત થઇ હસ્તમૈથુન કરે તો તે સાંતપન નામના બે કૃચ્છ્રવ્રત કરી ત્રણ લાખ ૐકારના જપ કરે, ત્યારે શુદ્ધ થાય છે.[૩૫] અને ધર્મભીરુ સંન્યાસી અસત્વાર્તાદિકને કરે તો એક ઉપવાસ કરી સો પ્રાણાયામ કરવા.[૩૬] સંન્યાસીએ

एकान्नं मधु मांसं च तथैव श्राद्धभोजनम् । अभोज्यानि यतीनां वै प्रत्यक्षलवणं तथा ॥३७॥
अज्ञानात्सेवने जाते एषामेकतमस्य च । प्राजापत्यं चरेत्कृच्छ्रं विष्णुनामानि सञ्जपन् ॥३८॥
व्यतिक्रमाश्च ये केचिद्वाङ्मनःकायसम्भवाः । सद्भ्यस्तांस्तु निवेद्यैव यद्ब्रूयुस्ते तदाचरेत् ॥३९॥
एवं स्मृत्युक्तधर्मेभ्यो न चलेद्यो यतिः क्वचित् । स प्राप्नुयाद्ब्रह्मलोकं यतीनामभिवाञ्छितम् ।४०
भक्त्या भगवतः साकं समाचरति यो यतिः । सन्न्यासधर्मानेतान्वै प्राप्नोति स पदं हरेः ॥४१॥
केचिच्च ज्ञानसन्न्यासो वेदसन्न्यास एव च । कर्मसन्न्यास इत्येवं न्यासे त्रैविध्यमूचिरे ॥४२॥
सर्वसङ्गविनिर्मुक्तो निर्द्वन्द्वश्चैव निर्भयः । प्रोच्यते ज्ञानसन्न्यासी स्वात्मन्येव व्यवस्थितः ॥४३॥
वेदमेवाभ्यसेन्नित्यं निर्द्वन्द्वो निष्परिग्रहः । प्रोच्यते वेदसन्न्यासी मुमुक्षुर्विजितेन्द्रियः ॥४४॥
यस्त्वग्नीनात्मसात् कृत्वा ब्रह्मार्पणपरो द्विजः । स ज्ञेयः कर्मसन्न्यासी महायज्ञपरायणः ॥४५॥
त्रयाणामपि चैतेषामाद्यस्त्वभ्यधिको मतः । न तस्य विद्यते कार्यं न लिङ्गं वा विपश्चितः ॥४६॥
यदि वैराग्यदार्ढ्येन स्याद्भक्तिज्ञानयोर्हरिः । प्रपक्वता यतेस्तर्हि लिङ्गं दण्डादिकं त्यजेत् ॥४७॥

---

નિત્ય એક ગૃહસ્થના અન્નનું ભક્ષણ, મદ્ય, માંસનું ભક્ષણ, શ્રાદ્ધનું ભોજન, તથા ભોજનમાં પ્રત્યક્ષ મીઠું લેવું આદિનો નિષેધ છે. છતાં તેમાંથી કોઈ એક નિયમનો અજાણતાં ભંગ થાય તો શ્રીવિષ્ણુ ભગવાનના નામમંત્રનો જપ કરતાં પ્રાજાપત્ય કૃચ્છ્રવ્રત કરવું.[૩૭-૩૮] વાણી, મન અને શરીરથી ઉદ્‌ભવતા કોઈ પણ નિયમનો જો ભંગ થાય તો તે નિયમભંગને સંતોની આગળ નિવેદન કરી તે સંતો જે પ્રાયશ્ચિત આપે તે કરવું.[૩૯]

જે સંન્યાસી આ પ્રકારના શ્રુતિ અને સ્મૃતિએ કહેલા ધર્મોમાંથી ક્યારેય પણ ચલાયમાન થતા નથી તે ઈચ્છિત એવા બ્રહ્મલોકને પામે છે.[૪૦] જો પૂર્વોક્ત સંન્યાસીના સર્વે ધર્મો ભગવાનની ભક્તિ સાથે પાળે છે, તો તે સંન્યાસી ભગવાનના અક્ષરધામને પામે છે.[૪૧] કેટલાક મુનિઓએ જ્ઞાનસંન્યાસ, વેદસંન્યાસ અને કર્મસંન્યાસ; આ ત્રણ પ્રકાર કહેલા છે.[૪૨] તેમાં સર્વ આસક્તિથી મુક્ત હોય, માન અપમાનાદિ દ્વન્દ્વોથી પર હોય, નિર્ભય અને પોતાના આત્માના સુખે સુખી હોય તેને જ્ઞાનસંન્યાસી કહેલા છે.[૪૩] તેમજ જે સુખદુઃખાદિ દ્વન્દ્વથી પર થઈ કોઈ પણ પ્રકારનો પરિગ્રહ કર્યા વિના હમેશાં વેદનો અભ્યાસ કર્યા રાખે, એવા મુમુક્ષુ અને જીતેન્દ્રિયને વેદસંન્યાસી કહ્યા છે.[૪૪] અને જે અગ્નિને આત્મસાત કરી બ્રહ્માર્પણભાવે મહાયજ્ઞ પરાયણ થઈ જીવન જીવે તેને કર્મસંન્યાસી કહેલા છે.[૪૫] આ ત્રણેની મધ્યે પ્રથમ જ્ઞાનસંન્યાસી સર્વકરતાં અધિક મનાયેલા છે. કારણ કે

सुखदु:खादिकं देहप्रारब्धानुगतं विदन् । सलिङ्गमाश्रमं त्यक्त्वा चरेदविधिगोचरः ॥४८॥
गूढधर्माश्रितो विद्वानज्ञातचरितं चरेत् । सन्दिग्धः सर्वभूतानां वर्णाश्रमविवर्जितः ॥४९॥
उन्मत्तबालजडवन्मूकवच्च महीं चरेत् । मोक्षधर्मेषु निरतो लब्धाहारो जितेन्द्रियः ॥५०॥
ब्रह्मानन्दे सदा मग्नं निराशं निष्परिग्रहम् । अभ्येति सर्वतः सौख्यं जलानीव महोदधिम् ॥५१॥
त्यागी य ईदृशो विप्र ! निर्विकल्पसमाधिमान् । स महामुक्त इत्युक्तः प्राप्तः सिद्धदशां शुभाम् ।५२
सविकल्पसमाधिस्था ज्ञानिमुक्तास्तु ये द्विजः । आस्थिताः साधनदशामित्युक्ता न्यासिनस्तु ते ।५३
ये वैराग्यबलेनाथ परित्यक्तगृहाश्रमाः । त्रैवर्णिकास्ते सम्प्रोक्ता वैष्णवाः साधुवृत्तयः ॥५४॥
लोभं कामं रसास्वादं स्नेहं मानं विजित्य तैः । त्यागिभिः सर्वभावेन सेवनीयो हरिः सदा ॥५५॥
चतुर्ष्वेतेथु वर्णेषु चतुर्ष्वप्याश्रमेषु च । गृह्णीयुर्विष्णुदीक्षां ये सामान्यां महतीं च वा ॥५६॥

---

તેને કોઇ પણ કાર્ય કરવાનું બાકી રહેતું નથી. તેમજ દંડ, પાત્રાદિ આશ્રમના ચિહ્નો ધારણ કરવાની તેને અપેક્ષા નથી.[૪૬] જો સંન્યાસીને વૈરાગ્યની દૃઢતા હોય અને ભગવાન શ્રીહરિની ભક્તિ અને જ્ઞાનની પરિપક્વતા થાય તો તેણે દંડાદિ ચિહ્નોનો ત્યાગ કરી દેવો.[૪૭] સુખદુ:ખાદિ સર્વે દેહના પ્રારબ્ધને લીધે જ પ્રાપ્ત થાય છે. એમ જાણી સંન્યાસીએ દંડાદિ ચિહ્નોએ સહિત આશ્રમના આચારની મમતા છોડી, વિધિનિષેધનું પાલન કરવા છતાં તેમાં મમત્વ રહિત થઇ લોક સંગ્રહ માટે વિચરણ કરવું.[૪૮] વિદ્વાન સન્યાસીએ ગૂઢપણે સ્વધર્મનું પાલન કરી સર્વજનો પોતાને વિષે નિર્ણય ન કરી કે કે આ કોણ છે ? એવું વર્તન રાખી વર્ણાશ્રમની મમતાએ રહિત થઇ અજ્ઞાત ચરિત્રવાળા થઇ વિચરણ કરવું.[૪૯] વળી મોક્ષધર્મમાં પ્રીતિવાળા, દૈવઇચ્છાથી જે કાંઇ મળે તેનો આહાર કરી જીવન જીવનારા અને જીતેન્દ્રિય સંન્યાસીએ ઉન્મત્ત, બાળક, જડ અને મૂંગાની જેમ વર્તી પૃથ્વીપર વિચરણ કરવું.[૫૦]

બ્રહ્માનંદમાં સદાય મગ્ન રહેનારા, સમગ્ર આશારૂપી પાશથી મુક્ત વર્તતા, તેમજ અપરિગ્રહી એવા સંન્યાસીને સમુદ્રના જળની જેમ ચારેબાજુથી સુખ જ પ્રાપ્ત થાય છે.[૫૧] હે વિપ્ર ! આવા પ્રકારનો ત્યાગી સંન્યાસી શુભ સિદ્ધદશા પામેલો અને નિર્વિકલ્પ સમાધિ પામેલો મહામુક્ત કહેવાય છે.[૫૨] હે વિપ્ર ! જે સંન્યાસી સાધનદશામાં રહેલો હોય તે સંન્યાસીને સવિકલ્પ સમાધિવાળો જ્ઞાની મુક્ત કહેવાય છે.[૫૩] અને જે ત્રણે વર્ણના દ્વિજાતિ પુરુષો વૈરાગ્યને વેગે કરીને ઘરનો ત્યાગ કરી વર્તે છે. તે સાધુવૃત્તિવાળા વૈષ્ણવો કહેલા છે.[૫૪] સાધુવૃત્તિવાળા આવા ત્યાગી

तेषां सामान्यतो धर्मास्त्वेत एवाखिला अपि । विशेषधर्मा ये ते ज्ञेया दीक्षाविधेस्त्वया ॥५७॥
वर्णाश्रमाणामिति तेऽखिलानां धर्मा मयोक्ता द्विजवर्य ! सर्वे ।
पठिष्यति श्रोष्यति वा य एतान् धर्मे मतिं प्राप्स्यति स स्थिरां वै ॥५८॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे सन्न्यासधर्मेषु त्यागीहेयकर्मतत्प्रायश्चित्तनिरूपणनामैकचत्वारिंशोऽध्यायः ॥४१॥*

---

**વૈષ્ણવોએ લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ અને માનને જીતી એકાંતિક ભાવે સદાય ભગવાન શ્રીહરિનું સેવન કરવું.[૫૫] પૂર્વોક્ત ચારે વર્ણ અને ચારે આશ્રમની મધ્યે જે વર્ણાશ્રમી જનોએ વૈષ્ણવી સામાન્ય દીક્ષા કે મહાદીક્ષાનો ધર્મવંશી ગુરુ પાસેથી સ્વીકાર કર્યો હોય તે સર્વેને માટે સામાન્યપણે તો પૂર્વે કહ્યા એજ સર્વે ધર્મો જાણવા. અને જે વિશેષ ધર્મો છે તે પૂર્વે દીક્ષાવિધિમાં અમે કહ્યા છે તે તમારે જાણવા.[૫૬-૫૭] હે ઉત્તમવિપ્ર ! આ પ્રમાણે અમે સમસ્ત વર્ણાશ્રમના સર્વે ધર્મો તમને સંભળાવ્યા જે પુરુષ આ સમસ્ત ધર્મોનો પાઠ કરશે અથવા સાંભળશે તે પુરુષ નિશ્ચે સ્વધર્મમાં નિશ્ચળ મતિ પ્રાપ્ત કરશે, તેમાં કોઈ સંશય નથી.[૫૮]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ સંન્યાસીના ધર્મમાં ત્યાગ કરવા યોગ્ય બાબતો તથા નિયમ ભંગના પ્રાયશ્ચિતોનું નિરૂપણ કર્યું એ નામે એકતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૧--**

---

द्विचत्वारिंशोऽध्यायः - ४२

ब्राह्मण उवाच :-

चातुर्वर्ण्येतरे ये स्युर्ये चान्ये दस्युवृत्तयः । किरातप्रमुखास्तेषां धर्मान् ब्रूहि जगद्गुरो ! ॥१॥

श्रीनारायणमुनिरुवाच :-

चातुर्वर्ण्येतरे ये तु सूतवैदेहकादयः । किरातशककङ्काद्या ये च स्युर्दस्युवृत्तयः ॥२॥
मातापित्रोर्हि शुश्रूषा गुरोश्चाश्रमवासिनाम् । भूमिपानां च कर्तव्या तैर्विप्र ! स्वहितार्थिभिः ॥३॥
वृत्तिः सङ्करजातीनां तत्तत्कुलकृता मता । कुलाचारगता हिंसा वर्ज्या चौर्यं च सर्वथा ॥४॥
अहिंसा सत्यमक्रोधः शौचमद्रोह एव च । धर्मा एते हि सामान्याः सर्वेषां समुदीरिताः ॥५॥
तैः सर्वैः पितृयज्ञाश्च कार्याः कृपाः प्रप्रास्तथा । दानं देयं यथाशक्ति ब्राह्मणेभ्यश्च भक्तितः ॥६॥
दक्षिणा सर्वयज्ञानां दातव्या धनिभिश्च तैः । अन्नवस्त्रादिभिः कार्यं पुत्रदारादिपोषणम् ॥७॥
सर्वथा स्त्री न हन्तव्या सर्वसत्त्वेषु केनचित् । युध्यमानो हि हन्तव्यो न च ग्राह्या बलात्स्त्रियः ॥८॥

---

## અધ્યાય - ૪૨

## વર્ણસંકર જાતિના ધર્મોનું નિરૂપણ.

શિવરામવિપ્ર પૂછે છે, હે જગદ્‌ગુરુ ! જે મનુષ્યો ચારવર્ણથી પણ ભિન્ન અને તેનાથી હીનજાતિના છે, તેમના ધર્મો, તેમજ ચોરી કરવાની વૃત્તિવાળા ભીલ આદિકના જે ધર્મો હોય તે મને સંભળાવો.[૧] ત્યારે ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! ચારવર્ણથી ભિન્ન સૂત, વૈદેહક આદિ જનોએ તથા ભીલ, શક, કંક આદિ ચોરવૃત્તિવાળા મનુષ્યોએ પોતાના હિત માટે માતા-પિતા, ગુરુ, તથા બ્રહ્મચારી આદિ આશ્રમવાસીઓની તેમ જ પોતાના રાજાની સેવા કરવી.[૨-૩] તે સંકરજાતિના સૂતાદિ સર્વે જનોની આજીવિકાવૃત્તિ તે તે કુળની પરંપરા પ્રમાણે જાણવી. પરંતુ તેમાં હિંસા અને ચોરીનો સર્વથા ત્યાગ કરવો.[૪] કારણ કે કોઈ પણ જીવની હિંસા ન કરવી, સત્ય બોલવું, ક્રોધ ન કરવો, પવિત્રપણે રહેવું અને કોઈનો દ્રોહ ન કરવો, આ સર્વે ધર્મો સૌ કોઈ જનોને માટે સામાન્યપણે પાળવાના કહ્યા છે.[૫] તેમ જ સૂતાદિક વર્ણસંકર જાતિના સર્વે જનોએ પિતૃયજ્ઞ કરવા, કૂવા ગળાવવા, ધર્મશાળા બંધાવવી અને બ્રાહ્મણોને યથાશક્તિ દાન આપવાં.[૬] વળી ધનાઢ્ય એવા સર્વે જનોએ સર્વે યજ્ઞોના નિમિત્તે દક્ષિણાઓ આપવી. અન્ન, વસ્ત્રાદિકથી પુત્ર, પત્ની આદિ પોષ્યવર્ગનું પોષણ કરવું.[૭] સૌ કોઈએ પણ સર્વે પ્રકારના પ્રાણીઓની મધ્યે સ્ત્રીજાતિનો તો કોઈ પણ પ્રકારે વધ ન કરવો. પોતાની સાથે યુદ્ધ કરનાર

गवां सतां च विप्राणां योद्धव्यं रक्षणाय वै । तपस्वी च शिशुर्भीरुर्न हन्तव्यः कदाचन ॥९॥
सर्वस्वेनापि कर्तव्या शुश्रूषा च तपस्विनाम् । अन्नैः फलैरम्बुना वा कार्यं चातिथितर्पणम् ॥१०॥
देवाश्च पितरो विप्रा मान्याः पूज्याश्च भक्तितः । ये तांश्च पीडयेयुस्ते शिक्षणीया यथोचितम् ॥११॥
न सस्यमपहर्तव्यं परक्षेत्राच्च दस्युभिः । जीविकासाधनं यत्तन्नाशनीयं न कस्यचित् ॥१२॥
नातिक्रमः सतां क्वापि कर्तव्यो मनसाऽपि तैः । कृते तु सुकृतं सर्वं समूलं नश्यति ध्रूवम् ॥१३॥
इति सङ्करचातीनां दस्यूनां च हितावहाः । धर्माः प्रोक्ता यथाशास्त्रं मया श्रेयस्करा द्विज ! ॥१४॥

**सुव्रत उवाच :-**

इति प्रोक्तान् भगवता श्रुत्वा धर्मान् स वाडवः । प्रसन्नो धरणीपाल ! पुनः पप्रच्छ तं प्रभुम् ॥१५॥

**ब्राह्मण उवाच :-**

धर्माः प्रोक्तास्त्वया स्वामिन् ! पृथक्पृथगनुक्रमात् । वर्णानामाश्रमाणां च तद्बाह्यानां च सर्वशः १६
अधुना श्रोतुमिच्छामि प्रायश्चित्तविधिं विभो ! पापस्य सम्भवे क्वापि वर्णानां विहितोऽत्र यः ॥१७॥

---

**આતતાયીનો વધ કરવામાં દોષ નથી. કોઈ પણ પરસ્ત્રીનો બલાત્કારે ઉપભોગ ન કરવો.[૮] ગાય, સંત અને બ્રાહ્મણનું રક્ષણ કરવા પોતાના શરીરની પરવા કર્યા વિના તેની સામે યુદ્ધ કરી તેમનું રક્ષણ કરવું. તપસ્વી, બાળક અને ભયભીત વ્યક્તિનો ક્યારેય ઘાત ન કરવો.[૯] પોતાનું સર્વસ્વનું દાન કરી તપસ્વીઓની સેવા સર્વપ્રકારે કરવી. અન્ન, ફળ અને જળથી અતિથિઓનો સત્કાર કરવો.[૧૦]**

**દેવતા, પિતૃ અને બ્રાહ્મણોને સત્કારવા અને ભાવથી પૂજા કરવી, તેઓને જે પીડા આપે તેમને યથાયોગ્ય શિક્ષા પણ કરવી.[૧૧] બીજાના ખેતરમાંથી ધાન્યની ચોરી ન કરવી, કોઈની આજીવિકાનાં સાધનોનો નાશ ન કરવો.[૧૨] વળી તે ભીલ આદિક જનોએ સંતપુરુષોની આજ્ઞાનું ઉલ્લંઘન મનથી પણ ક્યારેય ન કરવું, જો સંતની અવજ્ઞા થાય તો તેણે કરેલાં સુકૃતો મૂળ સહિત નાશ પામે છે. તેમાં કોઈ સંશય નથી.[૧૩] હે વિપ્ર ! આ પ્રમાણે અમે તમને સંકરજાતિના અને ભીલ આદિ ચોર જાતિના આલોકમાં સુખને આપનારા હિતકારી અને પરલોકમાં મંગળ કરનારા સર્વે ધર્મો યથાશાસ્ત્ર કહ્યા.[૧૪]**

**સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ કહેલા ધર્મો સાંભળી પ્રસન્ન થયેલા શિવરામવિપ્ર ભગવાન શ્રીહરિને ફરી પૂછવા લાગ્યા કે, હે સ્વામિન્ ! તમોએ વર્ણ તથા આશ્રમના ધર્મો અને તેનાથી બહાર વર્તતા સંકરજાતિના સર્વે ધર્મો પૃથક્ પૃથક્ કરી અનુક્રમે કહ્યા.[૧૬] હે વિભુ ! હવે**

महतामपि पापानामल्पानां च जगद्गुरो ! । निष्कृतिं ब्रूहि मे सर्वां कर्तव्यां सर्वथा नृभिः ॥१८॥
व्रतानां तत्र कार्याणां कृच्छ्रादिनां च सर्वशः । लक्षणान्यपि मे स्वामिन्कृपया वक्तुमर्हसि ॥१९॥

**सुव्रत उवाच :-**

इति तेन स पृष्ट उवाच हरिर्ननु धर्मरहस्यमशेषमपि ।
अवगन्तुमुदारधिया नृप ! तं मुदितश्च यथागममेव वचः ॥२०॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे सङ्करजातिधर्मनिरूपणनामा द्विचत्वारिंशोऽध्यायः ॥४२॥*

---

**આલોકમાં બ્રાહ્મણાદિ સર્વે મનુષ્યોને ક્યારેક કોઇ પાપનો સંભવ થઇ જાય ત્યારે જે પ્રાયશ્ચિત વિધિ કરવાનો કહ્યો હોય તે સાંભળવા ઇચ્છું છું.[૧૭] તેથી હે જગદ્ગુરુ ! મનુષ્યોએ સર્વ પ્રકારે મહાપાપ કે અલ્પપાપોનાં કરવા યોગ્ય સર્વે પ્રાયશ્ચિત મને સંભળાવો.[૧૮] હે સ્વામિન્ ! તે પ્રાયશ્ચિતમાં કરવા યોગ્ય કૃચ્છ્રાદિ સર્વે વ્રતોનાં લક્ષણો પણ કૃપા કરીને મને કહો.[૧૯] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ઉદારબુદ્ધિવાળા શિવરામવિપ્રે સમગ્ર ધર્મરહસ્યને જાણવા પ્રશ્ન કર્યો, ત્યારે ધર્મનો ઉપદેશ કરતા ભગવાન શ્રીહરિ અત્યંત પ્રસન્ન થઇ તે વિપ્રને યથાશાસ્ત્ર વચનો કહેવા લાગ્યા.[૨૦]**

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ સંકરજાતિના ધર્મોનું નિરૂપણ કર્યું, એ નામે બેતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૨--***

---

## त्रिचत्वारिंशोऽध्यायः - ४३

श्रीनारायणमुनिरुवाच :-

प्रायश्चित्तविधिं विप्र ! कथये ते समासतः । विस्तारोऽन्यत्र तस्यास्ति सारमात्रमिहोच्यते ॥१॥
गुरूणां च लघूनां च क्षयकृत्पापकर्मणाम् । साधनं यत्तदेवात्र प्रायश्चित्तमितीर्यते ॥२॥
षड्विधानि च पापानि प्रोक्तान्येव महर्षिभिः । पतकं च महापापमुपपापं प्रकीर्णकम् ॥३॥
अतिपापं पञ्चमं च षष्ठमत्यधिपातकम् । स्युर्द्वेधैतानि प्रत्येकं कामाकामकृतत्वतः ॥४॥
महापापैस्तु तुल्यानि कथ्यन्ते पातकाख्यया । ब्रह्महत्या सुरापानं स्वर्णस्तेयं तृतीयकम् ॥५॥
गुरुस्त्रीगमनं चैतत्पापकृत्सङ्ग एव च । महापापाभिधानीति पञ्च प्रोक्तानि सत्तम ! ॥६॥
पातकाद्यद्भवेन्न्यूनं तदुक्तमुपपातकम् । महापापाद्यदधिकमतिपापं तदुच्यते ॥७॥
तस्मादप्यधिकं यत्तत्प्रोक्तमत्यधिपातकम् । उपपापात्तु यन्न्यूनं तत्प्रकीर्णमिहोच्यते ॥८॥
प्रायश्चित्तं तु यद्यस्य प्रोक्तमत्र च तद्बुधैः । अकामतः कृते पापे तद्धि द्विगुणमन्यथा ॥९॥

---

# અધ્યાય – ૪૩

## પાપના પ્રકારો અને તેના પ્રાયશ્ચિતનું તથા પ્રાયશ્ચિત આપનાર સભાનાં લક્ષણોનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! પ્રાયશ્ચિતનો વિધિ હું તમને સંક્ષેપથી કહું છું. તેનો વિસ્તાર અન્યત્ર મિતાક્ષરાદિકમાં કહેલો છે. અહીં તો હું સારમાત્ર કહું છું.[૧] નાનાંમોટાં થયેલાં પાપકર્મનો નાશ કરવાનાં જે સાધનો કહ્યાં છે, તેને જ આ પ્રકરણમાં પ્રાયશ્ચિત કહેવામાં આવેલ છે.[૨]

**પાપના છ પ્રકાર :–** મહર્ષિઓએ પાપ, મહાપાપ, ઉપપાપ, પ્રકીર્ણપાપ, અતિપાપ અને અત્યધિકપાપ એમ છ પ્રકારનાં પાપો કહેલાં છે. તેમાં પણ જાણે અજાણે થતાં તે પાપોને ફરી બે પ્રકારનાં કહેલાં છે.[૩-૪] વળી મહાપાપની સમાન પાપને તો શાસ્ત્રમાં પાતક એવા નામથી પણ કહેલ છે. તે મહાપાપોમાં બ્રહ્મહત્યા, સુરાપાન, સુવર્ણની ચોરી ને ગુરૂસ્ત્રી સાથે ગમન, આ ચાર મહાપાપ કરનારનો પ્રસંગ કરવો, તે પણ પાંચમું મહાપાપ કહેલું છે.[૫-૬] હે વિપ્ર ! જે પાપ પાતક કરતાં ન્યૂન હોય તેને ઉપપાતક કહેલ છે. અને જે પાપ મહાપાપ કરતાં અધિક હોય તેને અતિપાપ કહેલ છે.[૭] વળી જે પાપ તે અતિપાપ કરતાં પણ અધિક હોય તેને અત્યધિક પાપ કહેલ છે. અને જે પાપ ઉપપાપ કરતાં પણ ન્યૂન હોય, તેને આ પ્રકરણમાં પ્રકીર્ણપાપ કહેલું છે.[૮] અહીં પ્રાયશ્ચિત પ્રકરણમાં જે

ज्ञात्वाऽभ्यासकृते पापे प्रायश्चित्तं न विद्यते । नरकाच्च कुयोनिभ्यस्तादृक्पापी न मुच्यते ॥१०॥
कर्ता कारयिता तद्वदनुमन्ता सहायकृत । अनुग्राहक इत्येते कर्मणां फलभागिनः ॥११॥
उनैकादशवर्षस्य पञ्चवर्षात्परस्य च । प्रायश्चित्तं चरेत्भ्राता पिता वाऽन्यः सुहृज्जनः ॥१२॥
बालस्य नैव षष्ठाब्दात्पूर्वं पातकमस्ति हि । न राजदण्डस्तस्यास्ति प्रायश्चित्तं न विद्यते ॥१३॥
एकादशाब्दतो बालः षोडशाब्दावधि स्वयम् । प्रायश्चित्तार्धं कुर्वीत वृद्धरोगिस्त्रियस्तथा ॥१४॥
बुद्धिपूर्वं न कर्तव्यं पातकं क्वापि केनचित् । अकामतः सकृज्जाते तस्य कुर्वीत निष्कृतिम् ॥१५॥
स्नात्वैव पर्षदे दत्त्वा गां सुवर्णं च पूरुषः । बद्धाञ्जलिः स दुष्कर्मा पापं स्वीयं निवेदयेत् ॥१६॥
पर्षद्दशावरैर्विप्रैर्ब्राह्मणानामुदीरिता वेदशास्त्रार्थसम्पन्नैर्धर्मनिष्ठैर्जितेन्द्रियैः ॥१७॥

---

પાપનું પ્રાયશ્ચિત બુદ્ધિમાન પુરુષોએ કહેલ છે, તે પ્રાયશ્ચિત અજાણતાં થઇ ગયેલાં પાપ માટે છે. એમ જાણવું. કારણ કે જાણી જોઇને કરેલાં પાપનું પ્રાયશ્ચિત વિહિત પ્રાયશ્ચિત કરતાં બમણું કરવાનું હોય છે.[૯] તેમાં પણ જાણીને વારંવાર કરવામાં આવતાં પાપને માટે કોઇ પ્રાયશ્ચિત નથી. અને આવી રીતે જાણીને વારંવાર પાપ કરનાર મનુષ્યને નરક થકી અને ગામનાં કૂતરાં આદિકની કુત્સિત યોનિ થકી છૂટકારો જ થતો નથી.[૧૦]

સાક્ષાત્ પાપ કર્મ કરનાર, કરાવનાર, અનુમોદન કરનાર, સહાય કરનાર અને અનુગ્રહ કરનાર આ પાંચે પ્રકારના મનુષ્યો પાપકર્મના સરખા ભાગીદાર થાય છે.[૧૧] અગિયાર વર્ષથી નીચેના અને પાંચ વર્ષથી ઉપરના બાળકે કરેલાં પાપનું પ્રાયશ્ચિત તેમના પિતા, ભાઇ કે સુહૃદ્જનોએ આચરવું.[૧૨] બાળક, છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કરે તેના પહેલાં તેને પાતક લાગતું નથી. અને તેને કોઇ રાજ દંડ પણ હોતો નથી, અને તેનું પ્રાયશ્ચિત પણ કોઇ કહેલું નથી.[૧૩] અગિયારમા વર્ષમાં પ્રવેશ કર્યા પછી સોળમા વર્ષમાં પ્રવેશ કરે ત્યાં સુધીના બાળકે કરેલાં પાપનું પ્રાયશ્ચિત અર્ધું કરવું. તેવીજ રીતે વૃદ્ધ, રોગી અને સ્ત્રીઓએ પણ વિધાન કરેલા પ્રાયશ્ચિતનું અર્ધું પ્રાયશ્ચિત કરવું, આટલાથી જ તેની શુદ્ધિ થાય છે.[૧૪] કોઇ પુરુષે ક્યારેય પણ જાણી જોઇને પાપકર્મ ન કરવું. અજાણતાં એકવાર થયેલાં પાપનું કહેલું પ્રાયશ્ચિત કરવું.[૧૫] પાપકર્મ કરનાર પુરુષે પ્રથમ સ્નાન કરી પ્રાયશ્ચિત આપનારી સભાના વિપ્ર સભ્યોને ગાયનું અને સુવર્ણનું દાન આપી બે હાથ જોડી પોતાથી થઇ ગયેલાં પાપનું નિવેદન કરવું.[૧૬] તે સભાનું લક્ષણ આ પ્રમાણે છે કે વેદ અને સત્શાસ્ત્રોના અર્થને જાણનારા, ધર્મનિષ્ઠ અને જીતેન્દ્રિય એવા દશથી વધુ વિપ્રો

वेदशास्त्रविदो विप्रा यद्ब्रूयुः पञ्च सप्त वा । त्रयो वापि स धर्मः स्यादेको वाऽध्यात्मवित्तमः ॥१८
पर्षद्या ब्राह्मणानां तु सा राज्ञां द्विगुणा मता । वैश्यानां त्रिगुणा प्रोक्ता पर्षद्वच्च व्रतं स्मृतम् ॥१९॥
नैव लक्षेण मूर्खाणां न चैवाधर्मवादिनाम् । पर्षद्भवेन्न लुब्धानां न चापि पक्षपातिनाम् ॥२०॥
न सा वृद्धैर्न तरुणैर्न सुरूपैर्धनान्वितैः । त्रिभिरेकेन पर्षत्स्याद्विद्वद्भिर्विदुषापि वा ॥२१॥
श्रुताध्ययनसम्पन्नः सत्यवादी जितेन्द्रियः । सदा धर्मरतः शान्तो यः स पर्षत्त्वमर्हति ॥२२॥
वयसा तनवोऽपि स्युर्यदि धर्मविदो द्विजाः । त एव वृद्धा विज्ञेया न मूर्खाः पलिता वृथा ॥२३॥
यत्र सत्यं तत्र धर्मो ह्यधर्मस्त्वितरत्र च । धर्मो जयति नाधर्मः सत्यं जयति नानृतम् ॥२४॥
निष्कृतौ व्यवहारे च व्रतस्यादेशने तथा । धर्मं वा यदि वाऽधर्मं पर्षद्यत्प्राह तद्भ्रयत्प्राह तद्भवेत्त्र २५

---

જ્યાં નિર્ણય કરવા બેસે તે બ્રહ્મપરિષદ કહેવાય છે. અપવાદરૂપ સાત, પાંચ કે ત્રણ વિપ્ર જે પ્રાયશ્ચિત વિધિ સંભળાવે તે પ્રાયશ્ચિત પાપનો વિનાશ કરનારૂં થાય છે. આત્મા અને અનાત્માના વિવેકમાં અતિશય કુશળ અને ધર્મશાસ્ત્રને જાણનારા એવા એક વિપ્રે પણ જે પ્રાયશ્ચિત કહ્યું હોય તે પણ પાપનો વિનાશક ધર્મ કહેવાય છે.[૧૭-૧૮]

બ્રાહ્મણોની સભા જેટલી સંખ્યાએ કરીને કહી, તેના કરતાં ક્ષત્રિયોની સભા બમણી સંખ્યાથી સમજવી, અને વૈશ્યોની સભા ત્રણગણી જાણવી. વળી બ્રાહ્મણોને જે પાપમાં જે વ્રત કરવાનું કહ્યું, તેના થકી બમણું ક્ષત્રિયને માટે અને ત્રણગણુ વૈશ્યોને માટે જાણવું.[૧૯] તેવી પ્રાયશ્ચિત સભામાં મૂખાઓ, અધર્મવાદિઓ, લોભીઓ, અને પક્ષપાતીઓ જો લાખ જણ ભેગા થાય છતાં પણ પરિષદ સિદ્ધ થતી નથી.[૨૦] વયથી વૃદ્ધ કે તરુણ હોય, રૂપાળો કે ધન સંપત્તિવાળો હોય, તેણે કરીને પણ તે પરિષદમાં બેસવા યોગ્ય નથી. તેથી વેદના અર્થને જાણનારા ધર્મનિષ્ઠ વિદ્વાન ત્રણ જણા હોય કે એક હોય તેવા અધ્યાત્મજ્ઞાતાની જ પરિષદ થઇ શકે છે.[૨૧] તેમજ વેદશાસ્ત્રના અધ્યયનથી સંપન્ન, સત્યવાદી, જિતેન્દ્રિય, સદાય ધર્મનું પાલન કરનાર તેમજ શાંત સ્વભાવનો વ્યક્તિ જ પરિષદનો સભ્ય થવા યોગ્ય કહેલ છે.[૨૨] ધર્મના જ્ઞાતા વિપ્રો ઉંમરમાં નાના હોય છતાં પણ વૃદ્ધો કહેલા છે. પરંતુ મસ્તકના કેશ ધોળા થઇ જવાથી મૂર્ખ પુરુષો કાંઇ ધર્મસભાના સભ્ય થવાને યોગ્ય નથી.[૨૩]

જે સભામાં સત્ય છે, ત્યાં જ ધર્મ છે. અને બીજે તો સર્વત્ર અધર્મ રહેલો છે, અને વિજય પણ હમેશાં ધર્મનો અને સત્યનો જ થાય છે. પણ અધર્મ કે અસત્યનો

ज्योतिषं व्यवहारं च प्रायश्चितं चिकित्सितम् । अजानन्योऽन्यथा ब्रूयात्स महापातकी भवेत् ॥२६
पर्षदुक्तक्रियाचारात्पातकी तु भवेच्छुचिः । तत्रोक्तो यद्यधर्मः स्यात् पर्षत्तेन तु लिप्यते ॥२७॥
तस्मात्सत्यं समाश्रित्य धार्मिकैः पापभीरुभिः । धर्म एव हि वक्तव्यः पर्षद्विप्रैर्न चेतरः ॥२८॥
स्त्रीणां च बालवृद्धानां क्षीणानां कुशरीरिणाम् । उपवासाद्यशक्तानां कर्तव्योऽनुग्रहश्च तैः ॥२९॥
ज्ञात्वा देशं च कालं च वयः सामर्थ्यमेव च । कर्तव्योऽनुग्रहः सद्भिर्ब्राह्मणैर्धर्मवेदिभिः ॥३०॥
लोभान्मोहाद्भयान्मैत्राद्यदि कुर्युरनुग्रहम् । नरकान् यान्ति ते मूढा रौरवान्नात्र संशयः ॥३१॥

---

નહિ.[૨૪] પ્રાયશ્ચિતનો કે જન્માષ્ટમી આદિક વ્રતનો નિર્ણય હોય અથવા ઋણ લેવા દેવા આદિકના વ્યવહારનો નિર્ણય હોય તેમાં સભાસદ પુરુષો જેને ધર્મ કહે તેને જ ધર્મ જાણવો.[૨૫] જે પુરુષ મુહૂર્ત આદિ જ્યોતિષને, ઋણ લેવા દેવા આદિકના વ્યવહારપદને, પાપનાં પ્રાયશ્ચિતને અને રોગની ચિકિત્સાને જાણતો ન હોય છતાં તેનો નિર્ણય કરે અને જો વિપરીત નિર્ણય આપે તો મહાપાતકી થાય છે.[૨૬] અને સાચા સભાસદોના આદેશ પ્રમાણે પ્રાયશ્ચિત કરનારો પાપી શુદ્ધ થાય છે. પરંતુ તેઓએ કરેલા વિપરીત નિર્ણયથી જે અધર્મ થાય છે તેનો દોષ સભાસદોને લાગે છે.[૨૭] તેથી ધાર્મિક અને પાપથી ભય પામતા સભાસદ વિપ્રોએ સત્યનો આશ્રય કરી ધર્મથી નિર્ણય આપવો, પરંતુ અધર્મથી ક્યારેય પણ નિર્ણય આપવો નહિ.[૨૮]

સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો અને રોગથી ક્ષીણ તથા કોઢ યુક્ત શરીરવાળો તેમ જ ઉપવાસાદિક વ્રત કરવામાં અશક્ત ઉપર સભાસદોએ તેમની શક્તિનો વિચાર કરી, તેમના ઉપર અનુગ્રહ રાખીને ગૌણપક્ષનો આશ્રય કરી, પ્રાયશ્ચિત આપવું.[૨૯] અનુગ્રહ કરતી વખતે ધર્મના તત્ત્વને જાણતા સદ્ધર્મનિષ્ઠ બ્રાહ્મણોએ દેશ, કાળ, વય અને શરીરની તથા ધનસંપત્તિની સામર્થીને ધ્યાનમાં રાખવી, જ્યાં ગૌણપક્ષ સ્વીકારવાનો હોય ત્યાં મુખ્ય પક્ષ ન લેવો અને જ્યાં મુખ્ય પક્ષ લેવાનો હોય ત્યાં ગૌણ પક્ષ ન લેવો તે જાણવું.[૩૦] જો દેશકાળાદિકનો વિચાર કર્યા વિના સભાસદ વિપ્રો કેવળ ધનાદિકના લોભથી કે શાસ્ત્રાર્થના મોહથી કોઈ બળવાન પુરુષના ભયથી કે કોઈની મિત્રતાથી પ્રાયશ્ચિત આપવામાં અનુગ્રહ કરે છે, એ સભાસદો રૌરવ નરકમાં પડે છે. તેમાં કોઈ સંશય નથી.[૩૧] પૂર્વે પણ ધર્મતત્ત્વના જાણનારા અને ધાર્મિક જીવન જીવતા મનુઆદિ સ્મૃતિકારોએ લોક હિતાર્થે ધર્મનો ઉપદેશ કર્યો છે. પરંતુ બીજા કોઈ અધાર્મિક પુરુષોએ કર્યો નથી. તેથી અત્યારે

धार्मिकैरेव मन्वाद्यैर्धर्मविद्भिः पुरातनैः । धर्मः प्रोक्तोऽस्ति नत्वन्यैस्ततो वाच्यो विचार्य सः ॥३२
देशाचारं कुलाचारं ग्रामाचारं विबुध्य च । शास्त्राचारः प्रवक्तव्यः सहसा न तु कर्हिचित् ॥३३॥
पर्षदुक्तप्रकारेण पातकी व्रतमाचरेत् । तेनैव हि भवेत्छुद्धस्त्वन्यथा नरकं व्रजेत् ॥३४॥
रहस्यपापकर्मा तु शास्त्रं दृष्ट्वा स्वयं बुधः । यथोक्तनिष्कृतिं कुर्यादन्यस्त्वापृच्छ्य सद्बुधम् ॥३५॥
तत्राऽऽदितस्ते महतामघानां तेषां समानां च यथार्षशास्त्रम् ।
वदाम्यहं निष्कृतिमत्र शक्त्या नृभिर्विधेयां द्विजवर्य ! सुज्ञैः ॥३६॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे प्रायश्चित्तविधौ पर्षन्निरूपणनामा त्रिचत्वारिंशोऽध्यायः ॥४३॥*

---

**પણ ધર્મરહસ્યના તત્ત્વને જાણનારા સભાસદોએ બહુ વિચાર કરીને જ ધર્મનો નિર્ણય આપવો, પણ ભણવા માત્રથી થયેલા પંડિતોએ એકાએક નિર્ણય સંભળાવી દેવો નહિ.[૩૨] ધાર્મિક વિદ્વાન પુરુષોએ પણ તેમાં દેશાચાર, કુળાચાર અને લોકાચાર જાણી વિચાર કરીને જ શાસ્ત્રાચાર પ્રવર્તાવવો. પરંતુ આ બધાને જાણ્યા વિના કેવળ શાસ્ત્રાચાર સંભળાવી દેવો નહિ.[૩૩] પાપ કરનારા મનુષ્યે સભાસદોના કહેવા પ્રમાણે વ્રત કરવું. તેમ કરવાથી તેની પાપથકી શુદ્ધિ થાય છે, પરંતુ મનગમતા વર્તનથી શુદ્ધિ થતી નથી અને નરકને પામે છે.[૩૪] જો પાપ બીજા કોઈએ જાણ્યું ન હોય તો તે પાપ કરનાર જો સ્વયં જ્ઞાની પુરુષ હોય તો સત્શાસ્ત્રથકી પ્રાયશ્ચિત જાણીને તે પ્રમાણે પ્રાયશ્ચિત કરવું, અને સ્વયં સત્શાસ્ત્રના ભાવને જાણવા અસમર્થ હોય તો સત્પુરુષોને પૂછીને કરવું.[૩૫] હે વિપ્રવર્ય ! આ લોકમાં છ પ્રકારનાં પાપોની મધ્યે બુદ્ધિમાન મનુષ્યોએ પોતાની શક્તિ અને સામર્થીને અનુસારે કરવા યોગ્ય મહાપાપોનાં પ્રાયશ્ચિતનો વિધિ હું કહું છું.[૩૬]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ–જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ પ્રાયશ્ચિત પ્રકરણના વિધિમાં પાપના પ્રકારો અને સભાસદોનાં લક્ષણોનું નિરૂપણ કર્યું એ નામે તેતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૩--**

---

## चतुर्चत्वारिंशोऽध्यायः - ४४

**श्रीनारायणमुनिरुवाच :-**

ब्राह्मणो ब्राह्मणं हन्याद्यद्यकामात्तदा स्वयम् । द्वादशाब्दान्प्रकुर्वीत व्रतं पापापनुत्तये ॥१॥
धृत्वा कपालं शिरसः स्वहतस्य द्विजन्मनः । अन्यस्य वा तदप्राप्तौ चिह्नार्थं स्वकरे पुनः ॥२॥
द्वितीयेऽन्यत्कपालं च दण्डाग्रारोपितं करे । शरावं मृन्मयं खण्डं भिक्षार्थं लेहितं दधत् ॥३॥
वसेद्वने कुटीं कृत्वा ग्रामाद्वा बहिरेकलः । वृक्षमूलेऽथवा वालवासाः सर्वहिते रतः ॥४॥
वन्यैः फलादिभिर्जीवेद्ग्रामाद्वा भैक्षमाहरेत् । अकल्पितान्सप्त गृहान् याचेत् स्वं कर्म वेदयन् ॥५
भुञ्जीत स्थानमागत्य सकृदेव जितेन्द्रियः । पालयेद्ब्रह्मचर्यं च स्वधर्मस्थो जटाधरः ॥६॥
नित्यं शीतोदके स्नायाद्गच्छेत्तीर्थानि शुद्धये । सर्वत्रावेदयेत्कर्म पूर्णे काले विशुद्ध्यति ॥७॥

---

## અધ્યાય - ૪૪

## મહાપાપોમાં બ્રહ્મહત્યા આદિક પાંચ પ્રકારનાં પાપમાં કરેલા પ્રાયશ્ચિતનું નિરૂપણ.

**બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત :-** ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! જો બ્રાહ્મણ બ્રાહ્મણની અજાણતા હત્યા કરે તો સ્વયં તે થયેલી બ્રહ્મહત્યાના પાપનું નિવારણ કરવા બારવર્ષ પર્યંતનું વ્રત કરે.[૧] તે વ્રતનો વિધિ કહીએ છીએ. પોતે જેની હત્યા કરી છે તે બ્રાહ્મણની ખોપરી અથવા બીજા કોઈ મૃત બ્રાહ્મણની ખોપરી પોતે બ્રહ્મહત્યારો છે તેવું સૂચવવા પોતાના હાથમાં ધારણ કરી ફરી દંડના અગ્રભાગમાં બાંધેલી બીજી ખોપરી ધારણ કરવી.[૨] આ રીતે દંડ અને ખોપરી એક હાથમાં ધારણ કરી બીજા હાથમાં કોઈ એક ભાગે ખંડિત થયેલા લાલમાટીમાંથી બનાવવામાં આવેલા ભિક્ષા માંગવાના શકોરાને ધારણ કરવું,[૩] ત્યારપછી કંબલનાં વસ્ત્રો પહેરી સર્વ ભૂતપ્રાણીમાત્રનું હિત કરવા તત્પર થઈ વનમાં કે ગામની બહાર કુટીર બાંધીને અથવા વૃક્ષ નીચે એકલાએ જ નિવાસ કરવો.[૪] વનમાં પાકેલાં ફળાદિકથી અથવા ગામમાંથી ભિક્ષા માગી લાવીને જીવન પસાર કરવું. હું બ્રહ્મહત્યારો છું એમ પોતાના કર્મને પ્રકાશિત કરી સારી ભિક્ષા મેળવવાનો વિચાર કર્યા વિના સાત ઘેરથી ભિક્ષા માગવી.[૫] પછી પોતાને સ્થાને આવી એક જ વાર ભોજન લેવું, સદાય જીતેન્દ્રિય થઈ સ્વધર્મમાં રહી, મસ્તક પર જટા ધારણ કરી બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું.[૬] હમેશાં ઠંડા જળથી સ્નાન કરવું, પાપની શુદ્ધિને અર્થે તીર્થોમાં જવું ને સર્વત્ર પોતાના પાપ કર્મનું પ્રકાશન કરવું, આ રીતે બારવર્ષ

चोरव्याघ्रादितो रक्षन् विप्रं गा वा म्रियेत चेत् । जीवेद्वा सोऽप्यपूर्णस्वद्वादशाब्दोऽपि शुद्ध्यति ।८
कस्यापि वाजिमेधान्ते नृपभूदेवसङ्गमे । एनो निवेद्यावभृथे स्नात्वाप्याशु विशुद्ध्यति ॥९॥
तीव्ररोगं द्विजं गां वा प्रारब्धद्वादशाब्दिकः । नीरोगमौषधैः कुर्याद्धुक्ताब्दैः सोऽपि शुद्ध्यति ॥१०॥
प्रायश्चित्ते समारब्धे कर्ता यदि विपद्यते । पूतस्तदहरेवासाविह लोके परत्र च ॥११॥
पाप्यनुग्राहकः कुर्यात्पादन्यूनं तु तद्व्रतम् । प्रयोजकोऽर्धं कुर्वीतानुमन्ता सार्धपादकम् ॥१२॥
प्रोत्साहकादिभिः कार्यमेकपादं व्रतं त्विदम् । वचसा चेच्चरेत्पापं पादार्धं व्रतमाचरेत् ॥१३॥
मनसा चेद्ब्रह्महत्यां यः कुर्यात्सोऽप्युपावसेत् । दिनानि द्वादश ततः पञ्चगव्येन शुद्ध्यति ॥१४॥
तिरस्कृतो यदा विप्रो गृहक्षेत्रादिकारणात् । क्रोधादात्मानमाहत्य निर्गुणोऽपि म्रियेत तत् ॥१५॥

---

પર્યંત વ્રત કરવું, આ પ્રમાણે સમય પૂર્ણ થાય ત્યારે તે અજાણતાં થયેલી બ્રહ્મહત્યાથી મૂકાઈ શુદ્ધ થાય છે.[૭]

ચોર, વાઘ આદિકથી મૃત્યુ થાય, કે બ્રાહ્મણની કે ગાયની રક્ષા કરવા જતાં વચ્ચે મૃત્યુ થાય, તો બાર વર્ષ પૂર્ણ ન થયાં હોય તો પણ બ્રહ્મહત્યાના પાપથકી શુદ્ધ થાય છે.[૮] વળી કોઈ રાજા અશ્વમેઘ યજ્ઞને અંતે ભૂદેવોની સાથે અવભૃથ સ્નાન કરવા જતા હોય તે સમયે ત્યાં જઈ પોતાના બ્રહ્મહત્યાના પાપનું તેઓની આગળ પ્રકાશન કરી, તેઓની સાથે અવભૃથ સ્નાન કરે તો તત્કાળ પાપથકી મુક્ત થઈ શુદ્ધ થાય છે.[૯] બ્રહ્મહત્યાના પાપથકી નિવૃત્ત થવા બારવર્ષના વ્રતનો પ્રારંભ કરનાર બ્રાહ્મણ જો કોઈ તીવ્ર રોગથી ઘેરાયેલા બ્રાહ્મણની કે તેવી કોઈ ગાયની ઔષધી કરીને રોગમુક્ત કરે તો જેટલા દિવસ વ્રત કર્યું હોય તેટલા દિવસ માત્રથી જ શુદ્ધ થાય છે.[૧૦] પ્રાયશ્ચિતનો પ્રારંભ થયા પછી જો વચ્ચે મૃત્યુ થાય તો આલોક અને પરલોકમાં મૃત્યુના દિવસે જ શુદ્ધ થાય છે.[૧૧] સાક્ષાત્ બ્રહ્મહત્યા કરનાર પુરુષ ઉપર અનુગ્રહ કરનારને પણ તે પાપનું પ્રાયશ્ચિત એક પાદ- નવ વર્ષ પર્યંત કરવું, અને તેની પ્રેરણા કરનારને અર્ધું છ વર્ષનું કરવું. અનુમોદન કરનારને સાડાચાર વર્ષનું, પ્રોત્સાહન આપનારને ત્રણ વર્ષનું અને વાણીથી માત્ર બ્રહ્મહત્યા કરી હોય તો તેણે દોઢ વર્ષનું પ્રાયશ્ચિત કરવું.[૧૨-૧૩] જો બ્રાહ્મણે માત્ર મનના સંકલ્પથી બ્રહ્મહત્યા કરી હોય તો બાર દિવસનું કરવું અને ત્યારપછી પંચગવ્યનું પાન કરવાથી શુદ્ધ થાય છે.[૧૪]

વિદ્યા આદિક ગુણ રહિતનો વિપ્ર પણ જ્યારે ઘર ક્ષેત્રાદિકને કારણે કોઈનાથી તિરસ્કાર પામે ને ક્રોધ ચડતાં આત્મહત્યા કરે, તો તેમાં નિમિત્ત થનારે

कृच्छ्रं वर्षत्रयं कुर्यात्प्रतिलोमां सरस्वतीम् । गच्छेद्वात्मविशुद्ध्यर्थं निमित्ती स्यात्ततः शुचिः ॥१६॥
द्वादशाब्दमिदं तुभ्यं यत्प्रायश्चित्तमीरितम् । विप्रे तन्निर्गुणे ज्ञेयं सगुणे द्विगुणं चरेत् ॥१७॥
अशक्तो द्विगुणं कर्तुं कृत्वाऽऽयं द्वादशाब्दिकम् । अन्यार्थं गोसहस्त्रं तु पात्रेभ्यः प्रतिपादयेत् ॥१८
ब्राह्मणं क्षत्रियो हन्याद्वैश्यो वा यद्यकामतः । आद्यस्तु द्विगुणं विप्रात् त्रिगुणं त्वपरश्चरेत् ॥१९॥
प्रायश्चित्तं गृहस्थेभ्यो द्विगुणं ब्रह्मचारिणाम् । त्रिगुणं तु वनस्थानां यतीनां तच्चतुर्गुणम् ॥२०॥
गुरूणामध्यधिक्षेपो नास्तिक्याद्वेदनिन्दनम् । असच्छास्त्रविनोदाद्यैरधीतनिगमत्यजिः ॥२१॥
राज्ञो मूर्धाभिषिक्तस्य दीक्षितस्य च यो वधः । गर्भिण्याः सवनस्थाश्चात्रेय्या घातनं तथा ॥२२॥
गर्भघातश्चौषधाद्यैः शरणागतघातनम् । पातकानीति विद्धि त्वं ब्रह्महत्यासमानि हि ॥२३॥
महापापेषु यत्प्रोक्तं तदर्धं तु समे भवेत् । सुरापानस्य कथये प्रायश्चित्तमतः परम् ॥२४॥

ત્રણ વર્ષ પર્યંત કૃચ્છ્રવ્રત કરવું, અથવા સરસ્વતીની ઉદ્‌ગમન સ્થાનથી સમુદ્ર પર્યંતની યાત્રા કરવાથી શુદ્ધ થાય છે.[૧૫-૧૬] હે શિવરામવિપ્ર ! તમને જે બાર વર્ષનું પ્રાયશ્ચિત કહ્યું તે વિદ્યાદિક ગુણ રહિતના બ્રાહ્મણની હત્યાનું જાણવું. પરંતુ વિદ્યાદિક ગુણવાળા બ્રાહ્મણની હત્યામાં તો બમણું પ્રાયશ્ચિત કરવું અને તેમાં પણ જો કોઈ આચાર્ય કે શ્રોત્રિય બ્રાહ્મણની હત્યા થાય તો ત્રણ કે ચારગણું પ્રાયશ્ચિત કરવું.[૧૭] બમણું કરવા અસમર્થ બ્રાહ્મણે પ્રથમ બાર વર્ષનું પ્રાયશ્ચિત કરીને બીજા બાર વર્ષના નિમિત્તે સત્પાત્ર બ્રાહ્મણને એક હજાર ગાયનું દાન કરવું.[૧૮] જો ક્ષત્રિય અથવા વૈશ્યે અજાણતા બ્રહ્મહત્યા કરી હોય તો ક્ષત્રિયે બમણું અને વૈશ્યે ત્રણગણું કરવું.[૧૯] તેવી જ રીતે કોઈ પણ પ્રાયશ્ચિત બ્રહ્મચારીઓને બમણું, વાનપ્રસ્થીઓને ત્રણગણું અને સંન્યાસીઓને ચારગણું પ્રાયશ્ચિત કરવું.[૨૦]

**બ્રહ્મહત્યાની સમાન પાતકપાપનાં પ્રાયશ્ચિત :–** હે વિપ્ર ! પિતા, આચાર્ય આદિક ગુરુજનો ઉપર કોઈ આક્ષેપ નાખી તેનો તિરસ્કાર કરે, નાસ્તિકભાવે વેદની નિંદા કરે, અસત્શાસ્ત્રોના અભ્યાસમાં પડવાથી અભ્યાસ કરેલા વેદને ભૂલી જવા, જેના મસ્તક ઉપર રાજ્યાભિષેક થયો હોય તેવા રાજાનો વધ કરે, યજ્ઞની દીક્ષા પામેલા ક્ષત્રિય કે વૈશ્યનો વધ કરે, ગર્ભવતી સ્ત્રીનો વધ, અગ્નિહોત્રીની ભાર્યાનો વધ અને રજસ્વલાનો સ્ત્રીનો વધ, તેમજ ઔષધી આદિકથી ગર્ભનો પાત અને શરણાગતનો વધ કરવો, આ સર્વે પાપોને બ્રહ્મહત્યાની સમાન કહેલાં છે, એમ તમે જાણો.[૨૧-૨૩] હે વિપ્ર ! બ્રહ્મહત્યાદિ મહાપાપમાં જે પ્રાયશ્ચિત કહેલું છે તે આ મહાપાતક નામનાં સર્વે પાપોમાં અર્ધું કરવાનું જાણવું. હવે તમને

ब्राह्मणः क्षत्रियो वैश्यः सुरां पिबति चेत्सकृत् । अकामतः स तु पुमानार्द्रवासा द्विजान्तिके ॥२५॥
लौहे पात्रे वह्निवर्णां सुरां कृत्वा पिबेत्स्वयम् । तेनैव पात्रेण ततो मृतः शुद्धिमवाप्नुयात् ॥२६॥
अथवा द्वादशैवाब्दान् पूर्ववद्व्रतमाचरेत् । सुराचिह्नं ध्वजं हस्ते पानपात्रं च धारयेत् ॥२७॥
अन्यत्तु पूर्ववत्सर्वं कुर्यात्तीर्थान्यनेकशः । पूर्णे काले ततः शुद्ध्येत्पुनः संस्कारकर्मणा ॥२८॥
भ्रमादुदकबुध्धा चेत्सुरापानं कृतं तदा । छर्दित्वा तां व्रतं कुर्यात्त्रैवार्षिकमघापहम् ॥२९॥
यद्यज्ञानात्पिबेद्विप्रो द्विजातिर्वा सुरां पुनः । संस्कारकरणाच्छुद्धिरिति प्राह पराशरः ॥३०॥
प्रत्यहं भक्षयेद्रात्रौ पिण्याकं वा कणान्सकृत् । पञ्चगव्यं पिबेत्प्रातस्ततः शुद्धिमवाप्नुयात् ॥३१॥
औषधे केनचिद्दत्ता पीत्वा ज्ञाता सुरा यदि । सोऽपि चान्द्रायणं कुर्याद्दानं दद्याच्च शक्तितः ॥३२॥
सुरापात्रस्थितं तोयं द्विजः कश्चित्पिबेद्यदि । द्वादशाहं क्षीरशृतां पिबेद्ब्राह्मीं सुवर्चलाम् ॥३३॥

---

બીજા મહાપાપ સુરાપાનનું પ્રાયશ્ચિત કહું છું.[૨૪]

**સુરાપાનનું પ્રાયશ્ચિત :–** બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય અજાણતાં એકવાર જો સુરાપાન કરે તો તે પુરુષે પ્રાયશ્ચિત આપનાર પરિષદના બ્રાહ્મણો સમક્ષ ભીનાં વસ્ત્રો ધારણ કરી લોખંડના કે તાંબાના પાત્રમાં સુરાને અગ્નિની સમાન તપાવી તે જ પાત્રથી સ્વયં તેનું પાન કરે તેથી તેનું મૃત્યુ થાય ત્યારે તે શુદ્ધ થાય છે.[૨૫-૨૬] અથવા બ્રહ્મહત્યાના પ્રાયશ્ચિતની પેઠે બાર વર્ષનું વ્રત કરે ને સુરાના ચિહ્નવાળી ધજા અને સુરાના પાત્રને હાથમાં ધારણ કરી પોતાના કર્મનું સર્વની આગળ પ્રકાશન કરે. બાકીનું પૂર્વવત્ વનમાં નિવાસ, તૂટેલા લાલમાટીના શકોરામાં ભિક્ષામાગવી, તીર્થાટન કરવું વગેરે (પૂર્વની પેઠે) જાણવું. આમ કરતાં બાર વર્ષ પૂર્ણ થાય ત્યારે યજ્ઞોપવીત આદિ પુનઃ સંસ્કાર પ્રાપ્ત કરી શુદ્ધ થાય છે.[૨૭-૨૮]

જો જળના ભ્રમથી સુરાપાન કર્યું હોય તો પીધેલી સુરાનું વમન કરી ત્રણ વર્ષનું વ્રત કરવું. અને અશક્ત પુરુષે એક વર્ષનું વ્રત કરવું.[૨૯] જો બ્રાહ્મણ તથા ક્ષત્રિયાદિ દ્વિજ પુરુષો અજાણતાં સુરાનું પાન કરે તો યજ્ઞોપવીતાદિ પુનઃ સંસ્કાર કરવાથી શુદ્ધ થાય છે.એમ પરાશરે કહેલું છે. આ સંસ્કાર ત્રણ વર્ષનું વ્રત કર્યા પછી કરવાના જાણવા. તે વ્રત કહીએ છીએ.[૩૦] પ્રતિદિન રાત્રીને વિષે તલનો ખોળ અથવા ચોખાની કણકીનું એકવાર ભક્ષણ કરવાથી શુદ્ધ થાય છે.[૩૧] કોઈએ રોગ દૂર કરવા ઔષધીના રૂપમાં સુરા આપી હોય ને તેનું પાન કર્યા પછી ખબર પડે તો એક ચાંદ્રાયણ વ્રત કરવું ને શક્તિ પ્રમાણે દાન કરવું.[૩૨] કોઈ પણ દ્વિજાતિ

साक्षात्सुरायाश्चेद्गन्धमिच्छया जिघ्रति द्विजः । चरेत्सान्तपनं कृच्छ्रं प्राजापत्यमनिच्छया ॥३४॥
निषिद्धलशुनादीनां बुद्धिपूर्वं तु भक्षणम् । सत्सु कौटिल्यमुत्कर्षे स्वस्य चानृतभाषणम् ॥३५॥
सुहृद्वधः कूटसाक्ष्यं पुष्पिणीमुखचुम्बनम् । सुरापानसमानीति पातकान्युदितानि ते ॥३६॥
महापातकतुल्ये तु व्रतमर्धमुदीरितम् । वृद्धादीनां च नारीणां ज्ञातव्यः पूर्ववद्विधिः ॥३७॥
ब्राह्मणस्वामिकं स्वर्णं माषैः षोडशभिर्मितम् । त्रैवर्णिको यदि हरेत्तत्प्रायश्चित्तमुच्यते ॥३८॥
आर्द्रवासा मुक्तकेशः स्तेनो मुसलमायसम् । आदाय गत्वा सदसि राज्ञे कर्म निवेदयेत् ॥३९॥
अनेन मुसलेनैव मां जहीति वदेत्ततः । ततो राजापि धर्मज्ञो हन्यत्तेन स्वयं सकृत् ॥४०॥
मृतः शुद्धिमवाप्नोति जीवेद्वा स शुचिर्भवेत् । अथवा द्वादशाब्दं तु व्रतं पूर्ववदाचरेत् ॥४१॥

---

પુરુષ સુરાના પાત્રમાં રહેલું જળ પીએ તો દૂધમાં પકાવેલી બ્રાહ્મી સુવર્ચલાનું બાર દિવસ પાન કરે.[૩૩] જો દ્વિજાતિ પુરુષ સાક્ષાત્ સુરાનો ગંધ સૂંઘે તો સાંતપનકૃચ્છ્રવ્રત કરે. અને જો અજાણતાં સૂંઘાઇ જાય તો પ્રાજાપત્ય કૃચ્છવ્રત કરવું.[૩૪]

**સુરાપાનની સમાન પાતકપાપોનાં પ્રાયશ્ચિત :–** હવે સુરાપાન સમાન પાપો શું છે ? તે જણાવું છું. નિષેધ કરેલા ડુંગળી લસણ આદિકનું બુધ્ધિપૂર્વક ભક્ષણ કરે. સત્પુરુષોની સાથે કાયા, મન, વાણીથી કુટીલતા કરે, પોતાનો ઉત્કર્ષ બતાવવા અસત્ય ભાષણ કરે, મિત્રનો વધ કરે, કોઇની ખોટી સાક્ષી પૂરે અને રજસ્વલા સ્ત્રીના મુખનું ચુંબન કરે, આ સર્વે સુરાપાનની સમાન પાતકપાપો કહેલાં છે.[૩૫-૩૬] આ મહાપાતક તુલ્ય પાપોમાં અર્ધું વ્રત કરવાનું કહેલું છે. વૃદ્ધ અને સ્ત્રીઓને માટે પાપના પ્રાયશ્ચિતનો વિધિ પૂર્વની માફક જ જાણવો.[૩૭]

**બ્રાહ્મણના સુવર્ણની ચોરી કરવારૂપ મહાપાપનું પ્રાયશ્ચિત :–** બ્રાહ્મણની માલિકીનું સોળ માષ જેટલું સુવર્ણ જો ત્રણે વર્ણના જનો કોઇ ચોરે, તો તેનું પ્રાયશ્ચિત કહીએ છીએ.[૩૮] બ્રાહ્મણના સુવર્ણની ચોરી કરનારે ભીનાં વસ્ત્રો પહેરી, માથાના કેશ છૂટા મૂકી, લોખંડના મૂશળને ધારણ કરી રાજસભામાં જઇ રાજાની આગળ પોતાના દોષને જાહેર કરવો.[૩૯] ને ત્યાર પછી ''આ મૂશળથી મને મારો'' એમ રાજાને કહેવું. પછી ધર્મને જાણનારા રાજાએ પણ સ્વયં તે જ મૂશળથી એકવાર તેને પ્રહાર કરવો.[૪૦] તે પ્રહારથી તેનું મૃત્યુ થાય તો તેની શુદ્ધિ થાય છે. અને જીવી જાય તો પણ તે શુદ્ધ થાય છે. અથવા બાર વર્ષનું પ્રાયશ્ચિત કરવાથી શુદ્ધ થાય છે. અને જો બ્રાહ્મણ હોય તો રાજાએ પ્રહાર કરવો નહિ.[૪૧]

प्रत्यक्षं चेद्धृतं स्वर्णं बलात्तर्हि करे दधत् । काष्ठासिं च परोक्षे चेच्चिह्नार्थं खननं ध्वजे ॥४२॥
स्वर्णं चेदधिकं मानादूनं वा तर्हि निष्कृतौ । तारतम्यं विधातव्यमूनमूनेऽधिकेऽधिकम् ॥४३॥
यद्यापदा हरेत्स्वर्णं षडब्दं तद्व्रतं चरेत् । तीर्थानि वा भ्रमेद्विद्वांस्ततः स्तेयाद्विमुच्यते ॥४४॥
मनसा योऽप्यपहरेत्सुवर्णं ब्राह्मणस्य सः । द्वादशाहानि वाताशी भवेन्नियमवान्व्रती ॥४५॥
ब्राह्मणस्त्रीमनुष्याश्वगोभूरत्नापलुञ्चनम् । कस्यापि निःक्षेपहृतिः स्वर्णस्तेयसमे उभे ॥४६॥
गुरुस्त्रीगमनं तुर्यं महापातकमुच्यते । मुख्यो गुरुः पिता तत्स्त्री सपत्नजननी मता ॥४७॥
चातुर्वर्ण्योऽपि पुरुषः सकृत्तां यदि गच्छति । तन्महापातकं तस्य प्रायश्चित्तमिदं चरेत् ॥४८॥
मुण्डयित्वा लोमकेशान् घृताभ्यक्तो दिगम्बरः । तप्तायां लोहशय्यायां सूर्मीमालिङ्ग्य चायसीम् ४९

---

જો સુવર્ણ પ્રત્યક્ષ બળાત્કારે ચોર્યું હોય તો તેને સૂચવતા ચિહ્નને માટે કાષ્ઠની તલવાર હાથમાં લઈને ફરવું ને વ્રત કરવું. અને પરોક્ષ રીતે ચોર્યું હોય તો તેને સૂચવતાં ચિહ્નને અંકુશ આકારનું લોખંડનું યંત્ર દોરેલી ધજાને હાથમાં ધારણ કરી વ્રતનું આચરણ કરવું. આ સોળ માષ જેટલા સુવર્ણની ચોરીનું પ્રાયશ્ચિત કહ્યું છે.[૪૨] જો તેથી અધિક કે ઓછી ચોરી કરી હોય તો પ્રાયશ્ચિતમાં પણ તારતમ્યભાવ જાણવો, ઓછામાં ઓછું અને વધુમાં વધુ પ્રાયશ્ચિત કરવાનું જાણવું.[૪૩] વિદ્વાન વિપ્ર આપત્કાળમાં બ્રાહ્મણના સુવર્ણની ચોરી કરે તો પૂર્વોક્ત કહેલું વ્રત છ વર્ષ પ્રર્યંત કરવું અથવા છ વર્ષ પર્યંત તીર્થોમાં વિચરણ કરવું. ત્યાર પછી તે ચોરીના પાપથી મુક્ત થાય છે.[૪૪] જેણે મનથી બ્રાહ્મણના સુવર્ણની ચોરી કરી હોય તેણે નિયમમાં તત્પર થઈ અહિંસાદિક વ્રતનું બરાબર પાલન કરતાં બાર દિવસ કેવળ વાયુ ભક્ષણ કરીને રહેવું.[૪૫]

**સુવર્ણની ચોરી સમાન પાતકપાપોનું પ્રાયશ્ચિત :–** હવે સુવર્ણની ચોરીની સમાન પાતકપાપો કહું છું. બ્રાહ્મણના દાસ દાસીનું હરણ કરવું બ્રાહ્મણના ઘોડા, ગાય, પૃથ્વી, રત્ન આદિકનું હરણ કરવું તેમજ બ્રાહ્મણને ત્યાં મૂકેલી કોઈ થાપણની વસ્તુ ઓળવી જવી, આ સર્વેને સુવર્ણની ચોરી સમાન પાપો કહેલાં છે. તેનું પ્રાયશ્ચિત મહાપાપના પ્રાયશ્ચિતનું અર્ધું જાણવું.[૪૬]

**ચોથા મહાપાપ–ગુરુસ્ત્રી ગમનનું પ્રાયશ્ચિત :–** હે વિપ્ર ! ગુરૂસ્ત્રી ગમન ચોથું મહાપાપ કહેલું છે. સર્વે ગુરૂઓમાં પિતા મુખ્ય કહેલા છે, તેમની બીજી પત્ની પોતાની અપર માતા ગુરૂસ્ત્રી જ મનાયેલી છે.[૪૭] બ્રાહ્મણાદિ ચારે વર્ણમાં જન્મેલો પુરુષ જો ગુરૂસ્ત્રીનો એક વખત અંગસંગ કરે તો તેનું પ્રાયશ્ચિત

अग्नितप्तामग्निवर्णामभिभाष्य स्वकर्म च । स्वपेन्मृतो विशुद्ध्येद्धि ततः कुत्सितकर्मकृत् ॥५०॥
अथवा वृषणौ छित्त्वा सलिङ्गौ स्वेन पाणिना । धृत्वा व्रजेन्नैर्ऋताशां पृष्ठतोऽनवलोकयन् ॥५१॥
कुड्यदिभिर्नान्तरितं वर्त्म यावदजिह्मगः । तिष्ठेत्ततश्च तत्रैव मरणान्तं ततः शुचिः ॥५२॥
द्वादशाब्दं व्रतं कुर्यादथवा पूर्ववत्करे । लिङ्गचिह्नं ध्वजं कृत्वा पूर्णे काले विशुद्ध्यति ॥५३॥
अत्राशक्तस्य पुंसस्तु प्रायश्चित्तं पराशरः । मुनीन्द्रः स्वल्पमप्याह देशकालानुसारतः ॥५४॥
संवत्सरं चरेत्कृच्छ्रं प्राजापत्यमथापि वा । चान्द्रायणं चरेद्वापि त्रीन्मासान्नियतेन्द्रियः ॥५५॥
मातृष्वसा पितृष्वसा पितृव्यस्त्री च मातुली । आचार्यस्त्री मित्रपत्नी सगोत्रा व्रतचारिणी ॥५६॥
श्वश्रूः प्रव्रजिता राज्ञी शिष्यस्त्र्याचार्यपुत्र्यपि । स्वसुः सखी पुष्पिणी च निक्षिप्ता शरणागता ॥५७॥

---

તમને સંભળાવું છું.[૪૮] ગુરૂસ્ત્રીનો સંગ કરનાર પુરુષે પોતાના શરીરપરના સર્વે વાળ મુંડાવી આખા શરીરપર ઘીનું લેપન કરી દિગંબર થવું, ને સર્વે જનોની આગળ મેં ગુરુસ્ત્રીનું ગમન કરેલ છે. એમ પોતાના પાપને જાહેર કરી અગ્નિથી તપાવેલી લોખંડની શય્યામાં અગ્નિથી તપાવેલી લોખંડની પુતળીને આલિંગન કરી સૂઈ જવું. આમ કરવાથી તે મૃત્યુ પામે, ત્યારે તેની શુદ્ધિ થાય છે.[૪૯-૫૦] અથવા શિશ્નેન્દ્રિય સહિત વૃષણનો ઉચ્છેદ કરી, તેને પોતાના હાથમાં લઈને પાછું વાળીને જોયા વિના નૈર્ઋત્ય દિશામાં ચાલ્યા જવું.[૫૧] ચાલતાં ચાલતાં જ્યાં સુધી દિવાલ આદિકનો અંતરાય ન આવે ત્યાં સુધી ચાલવું અને અંતરાય આવે ત્યાર પછી મૃત્યુ ન થાય ત્યાં સુધી ત્યાંજ પડ્યા રહેવું. આમ મરણ થવાથી તેમની શુદ્ધિ થાય છે.[૫૨] ત્રીજું પ્રાયશ્ચિત એ છે કે, લિંગનું ચિહ્ન દોરેલી ધજાને હાથમાં લઈ પૂર્વની પેઠે બાર વર્ષનું વ્રત કરવું તેથી તેની શુદ્ધિ થાય છે.[૫૩] અને અસક્ત એવા પુરુષને માટે મહામુનિ પરાશરે અલ્પ પ્રાયશ્ચિત દેશકાળાનું સાર બતાવેલ છે.[૫૪] તેમાં કૃચ્છ્રવ્રત અને પ્રાજાપત્યવ્રત એક વર્ષ કરવું. અથવા ઈન્દ્રિયોને નિયમમાં રાખી ચાંદ્રાયણ વ્રત ત્રણ માસ પર્યંત કરવું.[૫૫]

**ગુરુગમનની સમાન પાતકપાપોનું પ્રાયશ્ચિત :–** માતાની બહેન, પિતાની બહેન, પિતાના ભાઈની પત્ની, મામી, મંત્રોપદેશ કરનાર આચાર્યની પત્ની, મિત્રની પત્ની, પોતાના સમાન ગોત્રની સ્ત્રી, ચાંદ્રાયણાદિક વ્રત કરતી સ્ત્રી, સાસુ, સંન્યાસિણી, રાજાની પત્ની, શિષ્યની પત્ની, આચાર્યની પુત્રી, બહેનની સખી, રજસ્વલા સ્ત્રી, પરદેશ ગયેલા પુરૂષની પોતાની પાસે રક્ષણમાટે રાખેલી સ્ત્રી, શરણે આવેલી, બ્રાહ્મણની સ્ત્રી, ઉત્તમજાતિની કોઈ કુંવારી સ્ત્રી, ધવરાવી

ब्राह्मणस्त्री कुमारी च धात्री चान्नप्रदायिनी । आसामन्यतमां गच्छन् गुरुतल्पग उच्यते ॥५८॥
लिङ्गस्योत्कर्तनं कार्यं व्रतं तु नववार्षिकम् । पुंसाऽनेनाज्ञानतश्चेद्व्रतं षड्वार्षिकं तदा ॥५९॥
जननीं भगिनीं पुत्रीं स्नुषां गच्छति चेन्नरः । अतिपापमिदं तस्य निष्कृतिर्वह्निवेशनम् ॥६०॥
महापातकिसंसर्गो जायते यस्य वत्सरम् । भोजनासनशय्याद्यैः स महापातकी भवेत् ॥६१॥
यत्पापिनोऽस्य संसर्गस्तस्य यद्व्रतमीरितम् । तद्द्वादशाब्दं कुर्वीत ततः कालेन शुद्ध्यति ॥६२॥
संसर्गदोषः सर्वत्र पातकेष्ववगम्यताम् । पापकर्त्रुदितं कुर्यादपि तत्सङ्गभाग्यव्रतम् ॥६३॥
पापिसंसर्गिसंसर्गी पादोनं तद्व्रतं चरेत् । एतत्क्रमेण बोद्धव्यं तारतम्यं च सङ्गिषु ॥६४॥
व्रतं जपादिसाध्यं वै नैमित्तिकमिहोच्यते । द्वादशाब्दादिकं तत्तु विद्यावद्भिर्द्विजातिभिः ॥६५॥

---

મોટો કરનાર ધાત્રી અને પોતાનું પોષણ કરતી સ્ત્રી, આ સર્વેની મધ્યે કોઈ પણ એક સ્ત્રીનો સંગ કરવાથી ગુરૂ સ્ત્રીના સંગની સમાન પાપ લાગે છે.[૫૬-૫૮] આ ઉપરોક્ત પાપ જો પુરુષ જાણી જોઈને કરે તો લિંગનું છેદન કરવું. અથવા નવ વર્ષ સુધીનું વ્રત કરવું. જો એ પાપ અજાણતા થયું હોય તો છ વર્ષ સુધી વ્રત કરવું.[૫૯] હવે અતિપાપ શું છે તેનું પ્રાયશ્ચિત કહું છું. જો પુરુષ પોતાની માતા, બહેન, પુત્રી, પુત્રની પત્નીનું ગમન કરે તેને અતિ પાપ લાગે છે. તેનું પ્રાયશ્ચિત અગ્નિ પ્રવેશ કહ્યો છે.[૬૦]

**પાંચમા મહાપાપનું પ્રાયશ્ચિત :–** હવે બ્રહ્મહત્યાદિ ચાર મહાપાપ કરનારા પાપીનો સંગ કરવારૂપ પાંચમુ મહાપાપ અને તેનું પ્રાયશ્ચિત કહીએ છીએ. જે પુરુષને ભોજન, આસન, શય્યા આદિકના સંસર્ગવડે બ્રહ્મહત્યાદિ ચાર મહાપાપ કરનાર પુરુષનો સંયોગ જો એક વર્ષ પર્યંત થાય તો તે મહાપાતકી કહેવાય છે.[૬૧] જેને મહાપાપ કરનારનો સંગ થાય તેને પણ મહાપાપ કરનારનું જ પ્રાયશ્ચિત કરવું. તેમ કરતાં તે કાળે કરીને શુદ્ધ થાય છે.[૬૨] સર્વે પ્રકારનાં પાપોમાં સંસર્ગદોષ લાગે છે. તે અવશ્ય જાણવું. પાપ કરનારનો સંગ કરવો તે પણ પાપ છે, તેથી પાપીનો સંગ કરનારે પણ પાપીને કહેલું પ્રાયશ્ચિત એક વર્ષ કરવું, તેનાથી તે શુદ્ધ થાય છે.[૬૩] હવે સંગ કરનારનો સંગ કરનારને તેથી એક પાદ ઓછું નવમાસનું વ્રત કરવું. આ પ્રમાણે સંગીનો સંગી અને તેમનો સંગી આ પ્રમાણે ઉતરતા ક્રમે કરવાનું જાણવું.[૬૪]

આ પ્રાયશ્ચિત પ્રકરણમાં જે બારવર્ષનું નૈમિતિક વ્રત કરવાનું કહેલું છે તે ગાયત્રીમંત્રના યથાશક્તિ મંત્ર જપ કરવાથી પણ સિદ્ધ થાય છે એમ જે કહ્યું છે તે

कर्तुं शक्यं ततः स्त्रीभिरविद्यैः पुरुषैरपि । विष्णुनाम चतुर्थ्यन्तं नमोन्तं मन्त्र उच्यताम् ॥६६॥
शूद्रोऽधिकारहीनोऽपि कालेनानेन शुद्ध्यति । दानोपवासगोविप्रशुश्रूषाभिरपि ध्रुवम् ॥६७॥
सङ्क्षेप उक्तोऽयमुदारबुद्धे ! मया महापातकनिष्कृतादेः ।
मिताक्षरादेर्भवताऽवगम्यः सविस्तरोऽन्योऽस्यविधिस्तु सर्वः ॥६८॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे प्रायश्चित्तविधौ महापातकातिपातकप्रायश्चित्तनिरूपणनामा चतुश्चत्वारिंशोऽध्यायः ॥४४॥*

---

વિદ્યાવાન અધિકારી ત્રણે વર્ણના દ્વિજાતિ પુરુષો માટે કરવાનું છે.[૬૫] તેથી અનધિકારી સ્ત્રીઓએ તથા વિદ્યારહિત જનોએ તો ચતુર્થી વિભક્તિના અંતવાળા નામમંત્રની અંતે નમઃ શબ્દ જોડેલો હોય તેવા ભગવાનના નામમંત્રો જેવા કે ''શ્રીકૃષ્ણાય નમઃ'' ''શ્રીનારાયણાય નમઃ'' નો જપ કરવો.[૬૬] તેમજ ગાયત્રી મંત્ર આદિક વૈદિક મંત્રોમાં અનધિકારી એવા શૂદ્રજનો બાર વર્ષ ભગવાનના નામનું ઉચ્ચારણ કરતાં કરતાં દાન, ઉપવાસ, ગાયો અને બ્રાહ્મણોની સેવાથી નક્કી શુદ્ધ થાય છે.[૬૭] હે ઉદાર બુદ્ધિ વાળા શિવરામ વિપ્ર ! મેં તમને આ રીતે મહાપાતકનો પ્રાયશ્ચિત વિધિ સંક્ષેપથી કહ્યો તેમનો અન્ય સર્વે વિધિ વિસ્તાર મિતાક્ષરા આદિકથી જાણી લેવો.[૬૮]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ મહાપાતક અને અતિપાતકનું પ્રાયશ્ચિત નિરૂપણ કર્યું એ નામે ચુમાલીસમો અધ્યાય પૂર્ણ થયો.**

**--૪૪--**

पञ्चचत्वारिंशोऽध्यायः - ४५

श्रीनारायणमुनिरुवाच :-

मासं चान्द्रायणेनैव पयःपानेन वा द्विज ! । उपपातकशुद्धिः स्यादिति सामान्यनिर्णयः ॥१॥
उपपापानि गौहत्या व्रात्यता स्तेनकर्म च । अपण्यविक्रयः पारिवित्त्यं च परिवेदनम् ॥२॥
भृतकाध्यापितत्वं च भृतकाध्यापनं तथा । पारदार्यं स्त्र्यादिवधो नास्तिक्यमवकीर्णिता ॥३॥
तडागादेर्विक्रयश्च हीनयोनिनिषेवणम् । ऋणानपाक्रियादीनि सन्ति तन्निष्कृतिं ब्रुवे ॥४॥
अज्ञानाद्दुर्बलां वृद्धां गां हन्याद्यदि वाडवः । लकुटेनाश्मना वापि सा म्रियेत च तर्हि सः ॥५॥
मासमेकं निराहारः पञ्चगव्याशनो यमी । ब्रह्मचर्यव्रती नित्यं गोसेवातत्परो भवेत् ॥६॥
स्नायात्त्रिषवणं धीरोऽनुव्रजेद्वनगां च गाम् । निरुपानद्यत्र यत्र सा गच्छेत्तामवारयन् ॥७॥

## અધ્યાય - ૪૫

## ઉપપાપોના પ્રાયશ્ચિતવિધિનું કરેલું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! એક માસ પર્યંત ચાંદ્રાયણ વ્રત અથવા બે પળી દૂધ પીવાથી ઉપપાતકની શુદ્ધિ થાય છે. આ પ્રમાણે સર્વે બાબતમાં એક સરખો નિર્ણય જાણવો.[૧] હવે ઉપપાતકના ભેદ કહી તેનો વિશેષ પ્રાયશ્ચિતવિધિ પણ કહીએ છીએ. ગૌહત્યા, વ્રાત્યતા-અસંસ્કારીપણું, ચોરી, નહિ વેચવા યોગ્ય ફળ, પુષ્પાદિકનો વિક્રય, પારિવિત્ય અને પરિવેદન- મોટાભાઈ કુંવારો હોય ને નાનોભાઈ તેમની મરજી વિના પરણે તો મોટા ભાઈને પરિવિત્ય દોષ લાગે અને નાનાભાઈને પરિવેદન નામનો દોષ લાગે છે, પગાર આપીને ભણવાપણું અને પગાર લઈને ભણાવવાપણું, પરસ્ત્રીનો સંગ, સ્ત્રી આદિકનો વધ, નાસ્તિકપણું, બ્રહ્મચર્યવ્રતનો ભંગ થવાથી થતો અવકીર્ણિ નામનો દોષ, તળાવ આદિનો વિક્રય કરવો, હીનયોનિમાં પ્રવેશ કરવા પ્રવૃત્ત થવું, ઋણ ચૂકતે ન કરવું, એ આદિ સર્વે ઉપપાપો કહેલાં છે. તેમનું અનુક્રમે પ્રાયશ્ચિત કહીએ છીએ.[૨-૪]

**ગૌહત્યાનો પ્રાયશ્ચિત વિધિ :-** જો બ્રાહ્મણ અજ્ઞાનથી લાકડી કે પથ્થરથી દુર્બળ અને વૃદ્ધ ગાયને મારે ને જો તે મરી જાય તો તે બ્રાહ્મણે નિરાહારી રહી પંચગવ્યનું માત્ર પાન કરતાં અહિંસા, સત્ય આદિક યમોનું અને અષ્ટપ્રકારના બ્રહ્મચર્યનું પાલન કરી એક મહિના સુધી ગાયની સેવામાં સદાય તત્પર રહેવું.[૫-૬] ધીરજ યુક્ત થઈ બ્રાહ્મણે ત્રિકાલ સ્નાન કરવું, તૃણ ચરવા માટે વનમાં જતી ગાયની પાછળ પાછળ જવું, તે ગાય જ્યાં જાય ત્યાં કાંટા, કાંકરાવાળા પ્રદેશમાં જવું. પણ

तिष्ठेत्स्थितायां तस्यां च चलितायां चलेदथ । निषण्णायां निषीदेत्स सहेतोष्णहिमानिलान् ॥८॥
सायं गोष्ठे तत्समीपे शयीतानास्तृते व्रती । एवं प्रतिदिनं कुर्यान्मासं स नियतेन्द्रियः ॥९॥
चौरव्याघ्रादिभीतां गामातुरां च गदैरपि । पतितां पङ्कलग्नां वा प्राणैरपि विमोक्षयेत् ॥१०॥
आत्मनो यदि वान्येषां गृहे क्षेत्रे खलेऽथवा । भक्षयन्तीं न कथयेत्पिबन्तमपि वत्सकम् ॥११॥
मासान्ते पात्रविप्राय धेनुं दद्याद्यथाविधि । हेमशृङ्गीं रूप्यखुरां सवत्सां कांस्यदोहनाम् ॥१२॥
ताम्रपृष्ठां सुशीलां च सवस्त्रां रत्नलोचनाम् । मूल्यक्रीतां तथा गृष्टिं सुरूपां च पयस्विनीम् ॥१३॥
ततश्च दक्षिणां दद्याद्वित्तशाठ्यविवर्जितः । तर्पयित्वा ततो विप्रान् शुचिः स्यात्तदनुज्ञया ॥१४॥
श्रोत्रियस्य गुणवतीं यदि गां हन्ति हेतिना । तदा वर्षत्रयं कुर्याद्व्रतमेतत्तु भैक्षभुक् ॥१५॥

---

**ગાયને રોકવી નહિ.[૭] ને ઉઘાડે પગે તેમની પાછળ ચાલવું. પ્રાયશ્ચિત કરતા બ્રાહ્મણે ગાય ઊભી રહે તો ઊભા રહેવું, ગાય બેસે તો બેસવું અને ગાય ચાલે તો ચાલવું, ગરમી, ઠંડી અને તીવ્ર પવન આદિકનું સહન કરવું.[૮] ઇન્દ્રિયોને નિયમમાં રાખી પ્રાયશ્ચિત કરનારા બ્રાહ્મણે સાયંકાળે ગૌશાળામાં પધારેલી ગાયની સમીપે જ કંઇ પણ બિછાનું પાથર્યા વિના પૃથ્વીપર શયન કરવું, આવી રીતે એક માસ સુધી પ્રતિદિન વ્રત કરવું.[૯] ચોર અને વાઘ આદિકથી ભયભીત થયેલી, રોગથી પીડાતી, માર્ગમાં પડેલી, કાદવમાં ખૂંપી ગયેલી ગાયને પોતાના પ્રાણ પણ સંકટમાં મૂકીને બચાવવી.[૧૦] જો પોતાના કે પારકા ઘર કે ખેતરમાં અથવા ખળામાં ગાય ચરતી હોય તો તે વિષે કોઇને સૂચવવું નહિ. તેમજ જે ગાયને વાછરડું ધાવતું હોય તે વિષે પણ સૂચવવું નહિ.[૧૧] આમ કરતાં એક મહિનો પૂર્ણ થાય ત્યારે વિધિપૂર્વક સુપાત્ર બ્રાહ્મણને ગાયનું દાન કરવું. તે ગાયને સુવર્ણનાં શીંગડાં, રૂપાની ખરી, વત્સસહિત, કાંસાના દોહનપાત્ર સહિત, પીઠ ઉપર તાબાંથી મઢેલી, સારાં લક્ષણવાળી, વસ્ત્રથી અલંકૃત કરેલી, નેત્રોના પ્રાંતભાગમાં રત્નોથી જડેલી, એક વખત પ્રસૂતા થયેલી, સુંદર રૂપવાળી, બહુ દૂધાળી, એવી ગાયને મૂલ્ય આપીને ખરીદી લેવી ને તેનું દાન કરવું.[૧૨-૧૩] પછી ધનનો લોભ કર્યા વિના બ્રાહ્મણોને વ્રત કરનાર બ્રાહ્મણે દક્ષિણા આપવી. અને સારાં ભોજનથી તૃપ્ત કરવા પછી તેના આદેશથી વ્રત કરનારો શુદ્ધ થાય છે.[૧૪]**

**જો વેદ ભણેલા શ્રોત્રિય બ્રાહ્મણની સારાં લક્ષણોવાળી ગાયની શસ્ત્રથી હત્યા થઇ હોય તો તે ભિક્ષા-અન્નથી જીવન વ્યતીત કરતાં પૂર્વોક્ત વ્રત ત્રણ વર્ષ સુધી કરવું.[૧૫] તેમાં પણ તે મારી નાખવામાં આવેલી ગાયનું ભીનું ચર્મ ઓઢીને**

आर्द्रं हताया गोश्चर्म प्रावृत्य ख्यापयन्स्वकम् । दुष्कर्म च ततः शुद्ध्येत्काले पूर्णे स गोवधात् ।१६
अस्थिभङ्गं गवां कृत्वा लांगूलच्छेदनं च वा । पाटनं दन्तशृङ्गाणां मासार्धं तु व्रतं चरेत् ॥१७॥
विद्युत्पाताग्निदाहाभ्यां कुड्यपातादिभिस्तथा । गोभिर्विपत्तिं प्राप्ताभिर्न दोषो विद्यते नृणाम् ॥१८॥
प्रायश्चित्तमिदं ज्ञेयं पूर्णमेव द्विजस्य तु । पादोनं क्षत्रियस्यार्धं तदर्धं चान्ययोः क्रमात् ॥१९॥
संस्काररहितो विप्रो व्रात्य इत्युच्यते स चेत् । गौणे कालेऽपि नो कुर्यात् संस्कारं तर्हि शुद्ध्ये ।२०
वर्तेत यावकेन द्वौ मासौ मासं पयोव्रती । आमिक्षाशी भवेत्पक्षमष्टरात्रं घृताशनः ॥२१॥
अयाचितेन षड्रात्रं वर्तेताद्भिर्दिनत्रयम् । अहोरात्रं चोपवसेत्संस्कारेण ततः शुचिः ॥२२॥
पातकं स्तेयमस्त्यन्यत्तत्र विप्रगृहाद्यदि । विप्रो हरति धान्यं वा हेमाद्यन्यद्धनं तदा ॥२३॥

---

પોતાથી થયેલા ગૌહત્યાના કર્મને સર્વની આગળ કહીને જાહેર કરી દેવું. એમ કરતાં કાળ પૂર્ણ થાય ત્યારે તે ગોવધથકી શુદ્ધ થાય છે.[૧૬] જો ગાયનો પોતાથકી અસ્થિભંગ થાય અથવા પૂંછનું છેદન થાય તથા શીંગડાંનો ભંગ થાય તો ઉપરોક્ત વ્રત પંદર દિવસ કરવું.[૧૭] અચાનક ગાય ઉપર વીજળીનો પાત થાય, કોઇ અગ્નિ લાગેને બળી જાય, કે દિવાલ આદિકના પડવાથી મત્યુ થાય તો મનુષ્યને કોઇ દોષ લાગતો નથી.[૧૮] આ કહેલું પ્રાયશ્ચિત બ્રાહ્મણને સંપૂર્ણ કરવું, ક્ષત્રિયને પોણું, વૈશ્યને અર્ધું અને શૂદ્રને પા ભાગનું પ્રાયશ્ચિત કરવું.[૧૯]

**વ્રાત્ય નામના ઉપપાપનું પ્રાયશ્ચિત :–** હવે વ્રાત્ય નામનું ઉપપાપ અને તેનું પ્રાયશ્ચિત કહીએ છીએ.મુખ્ય કે ગૌણ કાળથી જેમનો ઉપનયન સંસ્કાર જ ન થયો હોય તેવા વિપ્રને વ્રાત્ય કહેલો છે. જો તે નવ વર્ષથી આરંભીને સોળ વર્ષના અંત સુધીમાં ઉપનયન સંસ્કાર ન કરે તો પોતાની શુદ્ધિને માટે બે માસ સુધી યવનો સાથવો જમે, એક માસ દૂધપાન કરે, એક પખવાડિયા સુધી ઠંડા કે ગરમ દૂધમાં દહીં ભેળવીને જમે, આઠ દિવસ ઘીનું પાન કરે, છ દિવસ માગ્યા વિના જે મળે તે જમે, ત્રણ દિવસ જળપાન કરે અને છેલ્લે દિવસે ઉપવાસ કરે. પછી ઉપનયન સંસ્કાર કરવાથી શુદ્ધ થાય છે. આ વસિષ્ઠમુનિએ કહેલું ઉદ્દાલકવ્રત જાણવું.[૨૦-૨૨]

**ચોરીના ઉપપાપનું પ્રાયશ્ચિત :–** હવે ચોરી નામે ઉપપાપ અને તેનું પ્રાયશ્ચિત કહીએ છીએ. જો કોઇ બ્રાહ્મણ બ્રાહ્મણના ઘેરથી ધાન્ય અથવા સોના સિવાય અન્ય ધનની ચોરી કરે, તો પવિત્ર થઇ નિયમપૂર્વક બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતાં એક વર્ષ કૃચ્છ્રવ્રતો કરે પછી શુદ્ધ થાય છે. અહીં કૃચ્છ્રવ્રતો બહુવચનમાં

कृच्छ्रव्रतानि कुर्वीत शुचिर्नियमतत्परः । एकाब्दं स ततः शुद्ध्येद्ब्रह्मचर्यं च पालयन् ॥२४॥
क्षत्रविट्शूद्रगेहेभ्यो हरेत्तु यदि वा द्विजः । विप्रादर्धं तदर्धं च तदर्ध च व्रतं चरेत् ॥२५॥
रत्नधातुधान्यपशुतृणकाष्ठादि यो हरेत् । प्रायश्चित्तं तत्र कल्प्यं तत्तन्मूल्यानुसारतः ॥२६॥
सकृद्भोजनपर्याप्तधान्येन सममूल्यकम् । द्रव्यं हृत्वा तूपवसेत्पञ्चगव्याशनः शुचिः ॥२७॥
एकाहोत्रात्रमथ चेत्पूर्वस्माद् द्विगुणं हृतम् । तदा दिनद्वयं कुर्यादुपवासं ततः शुचिः ॥२८॥
एतत्क्रमेण बोद्धव्यं यथा स्तेयं तथा व्रतम् । आदौ तत्स्वामिने दद्याद्धृतं पश्चाद्व्रतं चरेत् ॥२९॥
नैरन्तर्येण कुर्वीत यथाशक्ति पुनः पुनः । कृच्छ्रव्रतानि यावत्स्यात्प्रायश्चित्तदिनावधिः ॥३०॥
यो यस्यापहरेद्भूमिं हेम गामश्वमेव वा । स तं यत्नात्प्रसाद्यापि तदुक्तः शुद्धिमाप्नुयात् ॥३१॥
आख्याय भूपतिं वापि तेन संशोधितः शुचिः । द्रव्यदण्डाद्विमुक्तो वा तपसा वा शुचिर्भवेत् ॥३२॥

---

હોવાથી ચાંદ્રાયણ, પારાકકૃચ્છ્ર આદિ વ્રત કરવાનું જાણવું.[૨૩-૨૪]

જો બ્રાહ્મણ ક્ષત્રિયના ઘેરથી ધાન્યાદિકની ચોરી કરે તો છ માસ, વૈશ્યના ઘરથી ચોરી કરે તો ત્રણ માસ અને શૂદ્રના ઘરથી ચોરી કરે તો દોઢમાસ કૃચ્છ્રવ્રત કરવાથી શુદ્ધ થાય છે.[૨૫] રત્ન, ધાતુ, રૂપિયા, ધાન્ય, તૃણ, કાષ્ટ, ફળ, મૂળ, વગેરેની ચોરી કરે, તો તેના મૂલ્ય પ્રમાણે પ્રાયશ્ચિત કરવું.[૨૬] એક વખતનું ભોજન થઈ રહે તેટલા અન્નની ચોરી કરે કે તેના સમાન દ્રવ્યની ચોરી કરે તો પંચગવ્યનું પાન કરી એક ઉપવાસ કરે ત્યારે શુદ્ધ થાય છે.[૨૭] અને તેનાથી બમણા ધાન્યની ચોરી કરે તો પંચગવ્યનું પાન અને બે રાત્રી ઉપવાસ કરવાથી શુદ્ધ થાય છે.[૨૮] આ પ્રમાણે જેટલી ચોરી તેટલા વ્રતનું અનુષ્ઠાન કરવું. પ્રથમ ચોરેલું ધાન્ય કે દ્રવ્ય તેના માલિકને પરત આપીને પછીથી વ્રત કરવું.[૨૯] જેટલા પ્રાયશ્ચિતના દિવસોની અવધી હોય તેટલા દિવસ સુધી નિરંતર શક્તિ પ્રમાણે વારંવાર કૃચ્છ્રવ્રતો કરવાં.[૩૦] જે પુરુષ ભૂમિ, સુવર્ણ, ગાય ઘોડો આદિક જેની વસ્તુ ચોરી હોય તેના માલિકને પ્રયત્નપૂર્વક પ્રસન્ન કરવો. પછી તે કહે કે આજથી હવે તું શુદ્ધ છે. ત્યારથી શુદ્ધ જાણવો. બીજાં કોઈ પ્રાયશ્ચિત નથી.[૩૧] અથવા પોતે કરેલી ચોરી રાજાને જણાવી, પછી તે જે દંડ આપે તે કરવાથી શુદ્ધ થાય છે. અથવા રાજા કોઈ દંડ કર્યા વિના દયાથી છોડી મૂકે તો પણ શુદ્ધ થાય છે અને તપશ્ચર્યા કરવાથી પણ શુદ્ધ થાય છે.[૩૨]

**નહીં વેચવા યોગ્ય પદાર્થને વેચવાનું પ્રાયશ્ચિત :–** હવે નહીં વેચવા યોગ્ય વસ્તુના વેચવાથી થતાં ઉપપાપો અને તેનું પ્રાયશ્ચિત કહીએ છીએ.

विक्रीणीत यदा विप्रोऽपण्यं पक्वान्नमेव च । गुडं तिलं पुष्पफलं सौम्यकृच्छ्रं तदाचरेत् ॥३३॥
लाक्षालवणतैलानि पयोदधिघृतानि च । विक्रीत्वा चर्मवासश्च द्विजश्चान्द्रायणं चरेत् ॥३४॥
अथो मनःशिलाशुक्तिगुग्गुल्वञ्जनगैरिकान् । हिङ्गूर्णाधेनुशृङ्गाश्मशस्त्रास्थिनखरान् गृहम् ॥३५॥
मणिमुक्ताप्रवालांश्च वेणुवैणवमृन्मयान् । विक्रीत्वा च भुवं विप्रस्तप्तकृच्छ्रं व्रतं चरेत् ॥३६॥
सोदरे तिष्ठति ज्येष्ठेऽनुजस्य स्त्र्यग्निसङ्ग्रहः । परिवेदनमित्युक्तं परिवेत्ता च सोऽनुजः ॥३७॥
कनीयसि तथाभूते ज्येष्ठस्य स्त्र्यग्निसङ्ग्रहः । पारिवित्त्यं स तु ज्येष्ठः परिवित्तिरिहोदितः ॥३८॥
तावुभौ वत्सरं विप्रगेहेषु कृतभैक्षकौ । प्राजापत्येन कृच्छ्रेण ततः शुद्धिमवाप्नुतः ॥३९॥
पणं कृत्वा पाठयति यो यः पठति तावुभौ । ब्राह्मीं सुवर्चलां पीत्वा सार्धमासं च शुद्ध्यतः ॥४०॥
पारदार्ये तु विप्रासु विज्ञेयं गुरुतल्पवत् । कामतो ब्राह्मणो विप्रां यदीषद्व्यभिचारिणीम् ॥४१॥

---

રાંધેલું અન્ન, ગોળ, તેલ, પુષ્પ અને ફળને વેચે તો સૌમ્યકૃચ્છ્રવ્રત કરે.[૩૩] અને જો લાખ, મીઠું, તેલ, દૂધ, દહીં, ઘી, ચર્મ, વસ્ત્ર, મધ અને છાશ આદિકની વિક્રી કરે તો ચાંદ્રાયણવ્રત કરવું.[૩૪] અને જો ખનીજ પદાર્થ, છીપ, ગૂગળ, અંજન, ગોરુ, હીંગ, કામળી, ધેનુ, શીંગડાં, પાષાણ, શસ્ત્રો, હાથીદાંત, નખ, ઘર, મણિ, મુક્તાફળ, પ્રવાલ, વેણુનાં પાત્રો, ઘંટ, શરાવ આદિક માટીનાં પાત્રો અને ભૂમિ, આટલી વસ્તુને વેચે તો તપ્તકૃચ્છ્ર વ્રત કરે.[૩૫-૩૬]

**પરિવેદન–પારિવિત્યપાપનું પ્રાયશ્ચિત :–** હવે પરિવેદન અને પારિવિત્ય નામના ઉપપાપનું પ્રાયશ્ચિતકહીએ છીએ. મોટોભાઈ, પરણ્યો ન હોય ને નાનો ભાઈ પરણે તો પરિવેદન નામનો દોષ થયો કહેવાય. તે સમયે પરણનારો નાનો ભાઈ પરિવેત્તા કહેવાય અને મોટોભાઈ પછી પરણે અને અગ્નિનો સ્વીકાર કરે ત્યારે તેને પરિવિત્તિ કહેવાય.[૩૭-૩૮] આ ઉપપાપના ભાગી બન્ને ભાઈએ એક વર્ષ સુધી બ્રાહ્મણના ઘરથી ભિક્ષા માગીને જીવન જીવતાં પ્રાજાપત્ય નામના બ્રહ્મચર્ય વ્રતે સહિત કૃચ્છ્ર વ્રત કરવું, તેથી બન્ને શુદ્ધ થાય છે.[૩૯]

**વિદ્યા વેચવા ખરીદવારૂપ ઉપપાપનું પ્રાયશ્ચિત :–** હવે પૈસા આપીને વિદ્યા લેનાર અને પૈસા લઈ વિદ્યા આપનાર ગુરૂ શિષ્ય બન્ને દોઢ માસ બ્રાહ્મીસુવર્ચલાનું પાન કરવાથી શુદ્ધ થાય છે.[૪૦]

**પરદારાસંગરૂપ ઉપપાપનું પ્રાયશ્ચિત :–** પરદારાના સંગ રૂપ ઉપપાપનું પ્રાયશ્ચિત્ જો બ્રાહ્મણ કોઈ બ્રાહ્મણી સાથે વિહાર કરે તો તેમને ગુરૂસ્ત્રીગમન સમાન પાપ લાગે છે. તેથી ગુરૂસ્ત્રી ગમનનું જે પ્રાયશ્ચિત કહ્યુ તે

गच्छेत् त्रैवार्षिकं कुर्याद्व्रतं तु ब्रह्मचर्ययुक् । विप्रश्च क्षत्रियां गत्वा व्रतं द्वैवार्षिकं चरेत् ॥४२॥
तपश्चर्या व्रते मुख्या ज्ञेया सर्वत्र सत्तम ! । तपोनिश्चयसंयुक्तं प्रायश्चित्तं यतो मतम् ॥४३॥
सकृद्गमेऽपि चेद्गर्भो जायते तर्हि तु व्रतम् । कर्तव्यं द्विगुणं सर्वैः सर्वत्राघप्रशान्तये ॥४४॥
वैश्यां गत्वा ब्राह्मणस्तु व्रतमब्दं समाचरेत् । सगोत्रादिषु सर्वेषां पापं तु गुरुतल्पवत् ॥४५॥
शूद्रीं गच्छन्सकृद्विप्रो व्रतं षाण्मासिकं चरेत् । तस्यां गर्भोद्भवे कुर्याद्व्रतं त्रैवार्षिकं तु सः ॥४६॥
क्षत्रियः क्षत्रियां वैश्यां शूद्रीं गच्छन् क्रमाद्व्रतम् । द्विवार्षिकं वार्षिकं च षाण्मासिकमथाचरेत् ४७
वैश्यो वैश्यां तथा शूद्रीं गत्वा पूर्ववदाचरेत् । षाण्मासिकं तथा शूद्रः शूद्रीं गत्वा व्रतं चरेत् ॥४८॥
प्रातिलोम्यव्यवाये तु यावज्जीवं तपो मतम् । ब्राह्मणीगमने त्वेते प्रविशेयुर्हुताशनम् ॥४९॥

---

**અહીં પણ જાણવું. જો અલ્પ સરખી પણ વ્યભિચારિણી બ્રાહ્મણીનો બુદ્ધિપૂર્વક સંગ કરે તો બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરતાં ત્રણ વર્ષનું વ્રત કરે. તે વ્રતમાં ભિક્ષાટન, ત્રિકાળ સ્નાન અને મંત્રજાપને કરવાનું જાણવું. અને બ્રાહ્મણ ક્ષત્રાણી સાથે ગમન કરે તો બે વર્ષનું વ્રત કરે.[૪૧-૪૨] હે ઉત્તમ વિપ્ર ! સર્વ પ્રકારના વ્રતમાં તપશ્ચર્યા મુખ્યપણે કરવાની જાણવી, કારણ કે તપની સાથે કરેલું પ્રાયશ્ચિત પૂર્ણ મનાયેલું છે.[૪૩] જો એકવાર સ્ત્રી ગમન કરે ને ગર્ભ રહે તો સર્વ જાતિના પુરુષોએ સર્વજાતિની સ્ત્રીગમનરૂપ પાપને શાંત કરવા બમણું વ્રત કરવું.[૪૪] બ્રાહ્મણ જો વૈશ્યની સ્ત્રી સાથે ગમન કરે તો એક વર્ષનું વ્રત કરવું. અને સર્વે વર્ણના પુરુષોએ જો પોતાના ગોત્રની સ્ત્રીનો સંગ થાય તો તે પાપ પણ ગુરૂપત્નીના ગમન સરખું પાપ હોવાથી પ્રાયશ્ચિત પણ તેને અનુરૂપ કરવું.[૪૫] બ્રાહ્મણ જો એકવાર શૂદ્રની સ્ત્રી સાથે ગમન કરે તો છ મહિનાનું વ્રત કરવું. પણ જો ગર્ભ રહે તો ત્રણ વર્ષનું વ્રત કરવું.[૪૬]**

**જો ક્ષત્રિય પુરુષ ક્ષત્રાણી સાથે ગમન કરે તો બે વર્ષ અને વૈશ્યની સાથે ગમન કરે તો એક વર્ષનું વ્રત કરે. અને શૂદ્રસ્ત્રી સાથે ગમન કરે તો છ માસનું વ્રત કરવું.[૪૭] તેમજ વૈશ્ય પુરુષ જો વૈશ્યની પરસ્ત્રી સાથે ગમન કરે તો એક વર્ષનું વ્રત કરવું. અને શૂદ્રસ્ત્રી સાથે ગમન કરે તો છ માસનું વ્રત કરે. તેમજ શૂદ્ર પુરુષ જો શૂદ્રસ્ત્રી સાથે ગમન કરે તો છ માસનું વ્રત કરે.[૪૮] પરંતુ પ્રતિલોમ ગમનમાં મોટું પ્રાયશ્ચિત કહેલું છે. જેમ કે શૂદ્રપુરુષ વૈશ્યસ્ત્રીની સાથે અને વૈશ્યપુરુષ ક્ષત્રાણી સાથે ગમન કરે તો જીવન પર્યંત તપશ્ચર્યા પરાયણ રહેવું. અને જો શૂદ્ર, વૈશ્ય કે ક્ષત્રિય પુરુષો બ્રાહ્મણી સાથે ગમન કરે તો તેના પ્રાયશ્ચિતમાં અગ્નિપ્રવેશ કરવાથી શુદ્ધ થાય છે. અહીં અગ્નિ પ્રવેશ મીતાક્ષરા ટીકા થકી જાણવો.[૪૯] જો બ્રાહ્મણ**

विप्रो मोहाद्यदा गच्छेदन्यजां व्यभिचारिणीम् । सकृदेव तदा त्वेष कुर्याच्चान्द्रायणद्वयम् ॥५०॥
स्त्रीणां सवर्णानुलोमव्यवायेऽपि व्रतं मतम् । त्रैवार्षिकादिकं सर्वं पुरुषस्येव गम्यताम् ॥५१॥
अशक्तानां तु नारीणां व्रतं चान्द्रायणं मतम् । कृच्छ्राणि च यथाशक्ति व्यवायस्य विशोधनम् ॥५२
अशक्तानां तथा पुंसां पारदार्यविशोधनम् । चान्द्रायणव्रतेनेति पराशरऋषिर्जगौ ॥५३॥
चण्डालयवनम्लेच्छैर्भुक्ता नार्यपि या सकृत् । तदन्नभुग्वा प्रविशेत्सा प्रदीप्ते हुताशने ॥५४॥
अथाकामाद्धन्ति विप्रां यदीषद्व्यभिचारिणीम् । तदा तु ब्रह्मणः कुर्यात्कृच्छ्रमब्दं समाहितः ॥५५
हत्वा च क्षत्रियां वैश्यां शुद्रां च व्यभिचारिणीम् । षाण्मासिकं तदर्धं च तदर्धं च व्रतं चरेत् ॥५६॥
गुणवत्यश्च ता यर्हि हतास्तर्हि क्रमाद्व्रतम् । द्वादशाब्दं षडब्दं च त्र्यब्दमब्दार्धचरेत् ॥५७॥

---

મોહને કારણે વ્યભિચારિણી અત્યંજની સ્ત્રી સાથે એક જ વાર ગમન કરે તો તે બ્રાહ્મણે બે ચાંદ્રાયણ વ્રત કરવાં.[૫૦] તેવી જ રીતે જો ક્ષત્રિય, વૈશ્ય અને સત્શૂદ્રાદિકને જો વ્યભિચારીણી અત્યંજની સ્ત્રી સાથે મોહથી એકવાર જો ગમન થાય તો બ્રાહ્મણ કરતાં એક એક પાદ ઓછાં ઓછાં ચાંદ્રાયણ વ્રત કરવાં. પૂર્વોક્ત પુરુષોને સવર્ણ કે અસવર્ણ સ્ત્રીઓ સાથેના ગમનમાં જે ત્રણવર્ષ આદિનાં પ્રાયશ્ચિત કરવાનાં કહ્યાં, તે સર્વે સ્ત્રીઓ સાથે પરપુરુષના સંગમાં કરવાનાં જાણવાં.[૫૧] અશક્ત નારીઓને માટે યથાશક્તિ ચાંદ્રાયણ કે કૃચ્છ્રાદિના વ્રતથી પાપની શુદ્ધિ થાય છે.[૫૨] તેમજ અશક્ત પુરુષોને પણ પરદારા ગમનના દોષથી ચાંદ્રાયણવ્રત યથાશક્તિ કરવાથી વિશુદ્ધિ થાય છે.[૫૩] આ પ્રમાણે પરાશરઋષિએ કહેલું છે. વળી જે સ્ત્રી એકવાર ચંડાલ, યવન, અને મ્લેચ્છ પુરુષો દ્વારા ભોગવાઈ હોય અથવા તે તેનું એકવાર અન્ન જમી હોય તો તે નારી પ્રદીપ્ત અગ્નિમાં પ્રવેશ કરવાથી શુદ્ધ થાય છે.[૫૪]

**સ્ત્રીવધ આદિક ઉપપાપનું પ્રાયશ્ચિત :–** હવે સ્ત્રીવધના ઉપપાપનું પ્રાયશ્ચિત કહીએ છીએ. જો બ્રાહ્મણ અલ્પ સરખી વ્યભિચારિણી બ્રાહ્મણીનો અજાણતાં વધ કરે તો મનથી સાવધાન થઈ એકવર્ષ કૃચ્છ્રવ્રત કરે.[૫૫] અને વ્યભિચારિણી ક્ષત્રિયસ્ત્રીનો વધ કરે તો છ મહિના, વૈશ્યસ્ત્રીનો વધ કરે તો ત્રણ મહિના અને શૂદ્રસ્ત્રીનો વધ કરે તો દોઢ મહિનો કૃચ્છ્રવ્રત કરે.[૫૬] જો બ્રાહ્મણથી હત્યા કરાયેલી સ્ત્રીઓ પતિવ્રતાદિ ગુણોથી યુક્ત હોય ને અજાણતાં મરાઈ જાય તો ક્રમ પ્રમાણે બ્રાહ્મણી સ્ત્રીના વધમાં બાર વર્ષ, ક્ષત્રાણીની હત્યાના છ વર્ષ, વૈશ્યની સ્ત્રીહત્યામાં ત્રણ વર્ષ અને શૂદ્રની સ્ત્રીના વધમાં દોઢ વર્ષ પર્યંત વ્રત કરવું.[૫૭] જો બ્રાહ્મણ ગુણહીન ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રનો અજાણતાં વધ કરે તો ક્રમાનુસાર ત્રણ

तथा निर्गुणक्षत्रादिवधे जाते त्वकामतः । ब्रह्महत्याव्रतं कुर्यात् त्र्यब्दमब्दं तदर्धकम् ॥५८॥
क्षत्रादिके गुणवति त्वष्ट षट् त्रीणि च द्विज ! । वर्षाण्येतद्व्रतं कुर्यात्ततः शुद्ध्यति पातकात् ॥५९॥
गजे वृषाः पञ्च नीलाः शुके वत्सो द्विहायनः । खराजमेषेषु वृषो देयः क्रौञ्चे त्रिहायनः ॥६०॥
हंसश्येनकपिक्रव्याज्जलस्थलशिखण्डिनः । भासं हत्वा च दद्याद्गामक्रव्यादस्तु वत्सिकाम् ॥६१॥
सर्पे हते लोहदण्डो दातव्यो ब्राह्मणाय च । पण्डके मृगपक्ष्यादौ हते तु त्रपुसीसकम् ॥६२॥
कोले घृतघटो देय उष्ट्रे गुञ्जा हयेंऽशुकम् । तित्तिरौ तु तिलद्रोणो गजादीनामशक्नुवन् ॥६३॥
दानं दातुं चरेत्कृच्छ्रमेकैकस्य विशुद्धये । तत्राद्ये पञ्चगव्याशी दिने चोपवसेत्परे ॥६४॥
मार्जारगोधानकुलमण्डूकांश्च पतत्रिणः । हत्वा त्र्यहं पिबेत्क्षीरं पादकृच्छ्रं तु वाचरेत् ॥६५॥

---

વર્ષ, એક વર્ષ અને છ મહિનાનું વ્રત કરે.[૫૮] પરંતુ હે વિપ્ર ! જો ગુણવાન એવા ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર પુરુષનો અજાણતા વધ થઈ જાય તો ક્રમથી આઠ, છ અને ત્રણ વર્ષ પર્યંત બ્રહ્મહત્યાનું વ્રત કરવું. પછી શુદ્ધ થાય છે. અને આ નિયમ ક્ષત્રિયાદિ પુરુષથી હત્યા થઈ હોય તો એક એક પાદ ઓછું વ્રત કરવાનું જાણવું.[૫૯]

જો હાથીની હત્યા થઈ જાય તો નીલવર્ણવાળા પાંચ બળદોનું દાન કરવું. પોપટની હત્યામાં બે વર્ષના વાછરડાનું દાન કરવું. ગધેડા, બકરી કે ઘેટાંનો વઘ થાય તો પ્રત્યેકમાં એક એક બળદનું દાન કરવું. કૌંચ પક્ષીની હત્યા થાય તો ત્રણવર્ષના વાછરડાનું દાન કરવું.[૬૦] હંસ, બાજ, વાનર, વાઘ, શિયાળ, આદિક માંસભક્ષીઓ તથા જળકે સ્થળમાં રહેલાં બતક કે બગલા આદિક પક્ષીઓ, મોર કે અન્ય કોઈ ભાસ નામના પક્ષીની હત્યા થાય તો પ્રત્યેકના પ્રાયશ્ચિતમાં એક એક ગાયનું દાન કરવું. અને શાકાહારી પક્ષી હોય કે મૃગલાં આદિક પ્રાણીની હત્યા થાય તો વાછરડીનું દાન કરવું.[૬૧] સર્પની હત્યા થાય તો બ્રાહ્મણને લોખંડના દંડનું દાન કરવું. નપુંસક એવાં મૃગલાં કે પક્ષી આદિકની હત્યા થાય તો એક માપ જેટલા કલઈ કે સીસાનું દાન કરવું.[૬૨] ભુંડની હત્યામાં ઘીના ઘડાનું દાન કરવું. ઊંટની હત્યામાં ચણોઠી જેટલા સોનાનું દાન કરવું. ઘોડાની હત્યામાં વસ્ત્રનું, તેતરની હત્યા થાય તો દ્રોણ જેટલા તલનું દાન કરવું. ઉપરોક્ત હાથી આદિકના વધમાં કહેલું દાન આપવામાં અસમર્થ હોય તેણે એક કૃચ્છ્રવ્રત કરવું. તેના પ્રારંભના પ્રથમ દિવસે માત્ર પંચગવ્યનું પાન કરવું, ને બીજે દિવસે ઉપવાસ કરવો.[૬૩-૬૪]

બિલાડી, ઘો, નોળિયો, દેડકો, બપૈયો, ઘુવડ આદિકનો વધ થાય તો ત્રણ દિવસ માત્ર દૂધ પીને રહેવું. અથવા એક પાદકૃચ્છ્રવ્રત કરવું.[૬૫] ફળો, પુષ્પો,

फलपुष्पान्नरसजानस्थिजन्तुनिपातने । प्रायश्चित्तं प्रकर्तव्यं प्राणायामो घृताशनम् ॥६६॥
फलदानं तु वृक्षाणां छेदने जप्यमृक्शतम् । गुल्मगुच्छलतानां च पुष्पितानां च वीरुधाम् ॥६७॥
चैत्यश्मशानसीमासु पुण्यस्थाने सुरालये । जातद्रुमाणां द्विगुणं तपश्च ख्यातशाखिनः ॥६८॥
रेतसः पातनं कृत्वा कृत्वा चानृतभाषणम् । सहस्रं तु जपेद्देव्याश्चापल्यं पाणिवाक्पदाम् ॥६९॥
सकृन्नास्तिक्यभावेन कृते वेदस्य निन्दने । प्रायश्चित्तं प्रकुर्वीत प्राजापत्यं स्वशुद्धये ॥७०॥
ब्रह्मचारी स्त्रियं गच्छेदवकीर्णी स चेत्सकृत् । तदा काणखरेणाग्नौ लौकिके निर्ऋतिं यजेत् ॥७१
रात्रौ चतुष्पथेऽरण्ये व्रतं कुर्यात्ततः परम् । ऊर्ध्ववालं तदजिनं परिधाय वने वसेत् ॥७२॥
ग्रामे सप्तगृहान्भिक्षेत् धृतलोहितपात्रकः । स तद्भुञ्जीतैकवारं स्नायात्त्रिषवणं यमी ॥७३॥

---

અન્ન અને શેરડી આદિક રસમાં ઉત્પન્ન થયેલાં અસ્થિ વિનાનાં જંતુઓનું હનન થાય તો પ્રાણાયામ કરવો ને ઘીનું પાન કરી પ્રાયશ્ચિત કરવું, અર્થાત્ એક વખતના ભોજનને બદલે એક પળી ઘી પીવું.[૬૬] તેમજ ફળ આપનારાં આંબા તથા પુષ્પો આપનારાં ચંપા આદિકનાં વૃક્ષોના છેદનમાં સો ગાયત્રી મંત્રના જાપ કરવા.[૬૭] યજ્ઞસ્થાન, સ્મશાન, સીમા, પુણ્યસ્થાન અને દેવમંદિરમાં ઉગેલાં વૃક્ષોને તથા પીપળા આદિકનાં વૃક્ષોના છેદનમાં બમણું તપ કરવું.[૬૮] હાથે વીર્યપાત કરે, ખોટું બોલે, હાથ, વાણી અને પગની ચંચળતા કરે, તો ગાયત્રી મંત્રના એક હજાર જપ કરે આ પ્રાયશ્ચિત ગૃહસ્થ માટે કહેલું છે.[૬૯]

**નાસ્તિક ભાવના પાપનું પ્રાયશ્ચિત :–** પરલોક જેવું કાંઇ છે નહિ, એમ બોલી એકવાર જો વેદની નાસ્તિકભાવે નિંદા કરે, તેમજ શાસ્ત્રો, પુરાણો આદિકની નિંદા કે ઘ્રૃણા કરે, તો પોતાની શુદ્ધિને માટે પ્રાજાપ્રત્યવ્રત કરવું.[૭૦]

**અવકીર્ણિત નામના પાપનું પ્રાયશ્ચિત :–** બ્રહ્મચારી જો એકવાર સ્ત્રીનું ગમન કરે તો તેમને અવકીર્ણિનામનું પાપ લાગે છે. તેથી તેને રાત્રીના સમયે જંગલમાં જ્યાં ચાર રસ્તા ભેળા થતા હોય ત્યાં ચૂલ્લા આદિકના લૌકિક અગ્નિમાં એક આંખવાળા કાણા ગધેડાથી નિર્ૠતિ નામના રાક્ષસનું યજન કરવું. પછી બ્રહ્મચારીએ ઊંચા વાળવાળા પોતે હણેલા ગધેડાના ચામડાને અંગ ઉપર ધારણ કરી વનમાં જ નિવાસ કરવો.[૭૧-૭૨] અહિંસા, બ્રહ્મચર્યાદિક યમોનું પાલન કરતાં તે અવકીર્ણ બ્રહ્મચારીએ હાથમાં રક્ત પાત્ર લઇ ગામમાં સાત ઘેર ભિક્ષા માગવી, તેમાં મળેલું અન્ન એકવાર જમવું, અને ત્રણ વખત સ્નાન કરવું.[૭૩] જે સ્ત્રી સાથે પોતે અવકીર્ણી થયો હોય તે સ્ત્રી જો બ્રાહ્મણી હોય તો આ કહેલું વ્રત ત્રણ વર્ષ

सा स्त्री चेद्ब्राह्मणी तर्हि त्रीणि वर्षाणि तच्चरेत् । क्षत्रिया यदि वैश्या वा द्वे चैकं वर्षमाचरेत् ।७४
शूद्रीं गत्वा तु पतितोऽग्निप्रवेशेन शुद्ध्यति । पातितं चेत्स्वयं रेतो यागमात्रं तदाचरेत् ॥७५॥
स्वप्ने रेतःस्कन्दने तु स्नात्वाभ्यर्च्य दिवाकरम् । गायत्र्यष्टशतं जप्त्वा ह्युपवासेन शुद्ध्यति ॥७६॥
अयं यागो ब्रह्मचर्ये ज्ञेयश्चान्द्रायणादिषु । व्रतेषु नारीगमने गृहिणामपि शुद्धये ॥७७॥
वानप्रस्थैश्च यतिभिर्ब्रह्मचर्यस्य विप्लवे । व्रतमेतत्प्रकर्तव्यं पाराकत्रयसंयुतम् ॥७८॥
एतत्कर्तुमशक्तास्तु ब्रह्मचार्यादयोऽखिलाः । यावज्जीवं तपः कुर्युः स्मरन्तो हृदये हरिम् ॥७९॥
उदपानारामपुण्यसुतदारात्मविक्रये । संवत्सरं व्रतं कुर्याद्भिक्षाशीतीर्थसेवकः ॥८०॥
पशुवेश्याभिगमने प्राजापत्यं विधीयते । तेनैव मुच्यते पापाद्धीनयोनिनिषेवणात् ॥८१॥

---

કરવું. ક્ષત્રાણી હોય તો બે વર્ષ, વૈશ્ય હોય તો એક વર્ષ અને શૂદ્ર સ્ત્રી સાથે ગમન કર્યું હોય તો અગ્નિમાં પ્રવેશ કરવાથી શુદ્ધ થાય છે. અને સ્વયં કરમૈથુન કરી વીર્યસ્રાવ કર્યો હોય તો નૈર્ઋત દેવતાનો યાગ માત્ર કરવો, પરંતુ વ્રત ન કરવું. અહીં ગર્દભયજ્ઞ કરવાનું કહ્યું તે કલિયુગમાં નિષેધ હોવાથી નૈઋતદેવને ચરુ અર્પણ કરી યાગ પૂર્ણ કરવો.[૭૪-૭૫]

જો સ્વપ્નામાં વીર્યસ્રાવ થાય તો સ્નાન કરી સૂર્યની પૂજા કરી એકસો આઠ ગાયત્રીમંત્રનો જપ અને એક ઉપવાસ કરવો. ત્યારે શુદ્ધ થાય છે.[૭૬] તેમજ ગૃહસ્થ પુરુષોએ પણ ચાંદ્રાયણાદિ વ્રતમાં બ્રહ્મચર્ય પાલન કરવાનું હોય છે. તેમાં જો પોતાની પત્નીનો સંગ કરે તો તે પાપની શુદ્ધિ માટે આ અવકીર્ણવ્રત કરવું.[૭૭] અને વાનપ્રસ્થી કે સંન્યાસીના બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય તો તેમણે પણ આ અવકીર્ણવ્રતનું અનુષ્ઠાન ત્રણ પારાક વ્રત સહિત કરવું.[૭૮] તેમ કરવા અસમર્થ હોય તો બ્રહ્મચારી આદિક સર્વેને હૃદયમાં હરિનું સ્મરણ કરતાં કરતાં જીવન પર્યંત તપ કરવું.[૭૯]

**તળાવ આદિકને વેચવા રૂપ પાપનું પ્રાયશ્ચિત :–** તળાવ, વાવ, કૂવા, બગીચા, પોતે કરેલું પુણ્ય, પુત્ર, પત્ની અને પોતાનો દેહ જો વેચે તો તે પાપથી છૂટવા ભિક્ષાન્ન જમી તીર્થાટન પરાયણ જીવન જીવવારૂપ એક વર્ષ પર્યંત આ વ્રત કરવું. તેમાં એક એકના વિક્રયમાં અલગ, અલગ વ્રત કરવું.[૮૦]

**હીન યોનિમાં પ્રવેશ કરવાથી થતા પાપનું પ્રાયશ્ચિત :–** ગર્દભાદિક પશુ અને વેશ્યાની સાથે મૈથુન કરે તો પ્રાજાપત્ય કૃચ્છ્રવ્રત કરવું, આમ કરવાથી પાપથી મુક્ત થાય છે.[૮૧]

लौकिकं वैदिकं चर्णं यत्तयोरनपाक्रिया। स्वशक्त्याऽथ विनाऽऽपत्तिमग्नित्यागः प्रमादतः ॥८२॥
निषिद्धवृद्धिजीवित्वं लवणोत्पादनं तथा । निन्दितार्थोपजीवित्वमयाज्यानां च याजनम् ॥८३॥
पितृमातृसुतत्यागः कन्यासन्दूषणं तथा। अन्यशास्त्रादिषु प्रीत्या स्वाध्यायस्य विसर्जनम् ॥८४॥
कौटिल्यं व्रतलोपश्च स्वार्थपाकपरिक्रिया। मद्यपस्त्रीसेवनं च स्त्र्योषधिभ्यां च जीवनम् ॥८५॥
हिंस्रयन्त्रविधानं चाष्टादश व्यसनानि च । शूद्रप्रेष्यं हीनसख्यमसच्छास्त्रविनोदनम् ॥८६॥
आकरेष्वधिकारित्वं नित्यकर्मविवर्जिनम् । अनाश्रमस्थितिः पुंसि मैथुन्यं दुष्प्रतिग्रहः ॥८७॥
एतेषामुपपापानां प्रत्येकं शान्तये द्विजः । व्रतं त्रैमासिकं कुर्याद्यमैश्च नियमार्युतः ॥८८॥
ब्रह्मचर्यं दया क्षान्तिर्दानं सत्यमकल्कता । अहिंसाऽस्तेयमाधुर्यं दमश्चेति यमा स्मृताः ॥८९॥

---

**ઋણ ચૂક્તે ન કરવાથી થતા ઉપપાપનું પ્રાયશ્ચિત :–** જેણે વ્યાજે પૈસા લઈ લૌકિક ઋણનું કે દેવતા કે પિતૃસંબંધી વૈદિક ઋણનું શક્તિ પ્રમાણે ચૂકવણું ન કર્યું હોય, તેમજ આપત્કાળ પડ્યા વિના પ્રમાદથી અગ્નિનો ત્યાગ કર્યો હોય, નિષેધ કરેલા વ્યાજવટાથી જીવન જીવતો હોય, મીઠાંનું ઉત્પાદન કરતો હોય, શાસ્ત્રમાં નિષેધ કરેલી આજીવિકાથી જીવન જીવતો હોય, અધિકાર વિનાના હીન જાતિના પુરુષો પાસે યજ્ઞાદિક કર્મ કરાવતો હોય, માતા-પિતા અને પુત્રનો ત્યાગ કર્યો હોય, આંગળી આદિકથી કન્યાની યોનિને નુકશાન પહોંચાડ્યું હોય તથા લૌકિક નવલકથા જેવા શાસ્ત્રોના અધ્યનમાં પ્રીતિ કરવાથી પોતાના વેદાધ્યયન આદિકને છોડી દીધું હોય, કુટિલ આચરણ, લીધેલાં વ્રતનો લોપ, શિષ્ટ પુરુષોએ નિષેધ કરેલા નિયમવ્રતનો ભંગ, પોતા માટે રસોઈ પકાવવી, મદ્યનું પાન કરી સ્ત્રી સંગ કરતો હોય, પત્ની પાસે વેશ્યાવૃત્તિ કરાવી જીવતો હોય, વશીકરણાદિ ઔષધીનો વિક્રય, હિંસાથી ધનને મેળવવું, હિંસા થાય તેવા યંત્રોનું નિર્માણ તથા વેચવું, મૃગ્યા આદિક અઢાર પ્રકારનાં વ્યસનો, વેતન લઈ શૂદ્રની સેવા કરવી, હીન જાતિના પુરુષો સાથે મિત્રતા, અસત્શાસ્ત્રોનો અભ્યાસ, સુવર્ણાદિકની ખાણોમાં રાજાની આજ્ઞાથી અધિકારીપણું કરવું, સ્નાન, સંધ્યાદિ નિત્ય કર્મોને છોડી દઈને વર્તવું, ચાર પ્રકારના આશ્રમથી બહાર રહેવું, પુરુષોની સાથે મૈથુનાચરણ, સુરા અને મદ્ય પાન કરનારા દુષ્ટ પુરુષોની પાસેથી દાન લેવું, આ સર્વે પ્રકારનાં ઉપપાપો કરનારા દ્વિજાતિ પુરુષે પ્રત્યેક પાપની શાંતિ માટે યમ અને નિયમોથી યુક્ત થઈ ત્રણ માસનું વ્રત કરવું.[૮૨-૮૮]

હવે યમો અને નિયમો શું છે ? તે કહીએ છીએ. બ્રહ્મચર્ય, દયા, ક્ષાન્તિ,

स्नानमौनोपवासेज्यास्वाध्यायोपस्थनिग्रहाः । नियमा गुरुशुश्रूषा शौचाक्रोधाप्रमादताः ॥९०॥
यावकं भक्षयेन्मासं द्वौ मासौ च जितेन्द्रियः । शाकं हविष्यं वाऽश्नीयान्मितं तद्भिक्षितं सकृत् ९१
अशक्तेन तु कर्तव्यं मासं चान्द्रायणव्रतम् । कृष्णमन्त्रजपोपेतं सर्वपातकनाशनम् ॥९२॥
तपो विना नैव भवेन्नराणां पापस्य नाशः खलु विप्रवर्य ! ।
अघस्य यस्यात्र न निष्कृतं नरः करोति तद्व्युष्टिममुत्र भुङ्क्ते ॥९३॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे प्रायश्चित्तविधौ उपपातकप्रायश्चित्तनिरूपणनामा पञ्चचत्वारिंशोऽध्यायः ॥४५॥*

---

**દાન, સત્ય, અકુટિલતા, અહિંસા, અસ્તેય, મધુર ભાષણ અને ઈન્દ્રિયોનું દમન આ સર્વે યમ કહેલા છે.[૮૯] તેમ જ સ્નાન, મૌન, ઉપવાસ, ભગવદ્‌પૂજા, સ્વાધ્યાય, શિશ્નેન્દ્રિયનો નિગ્રહ, ગુરૂની સેવા, બહાર અંદર પવિત્રતા, ક્રોધ અને પ્રમાદનો ત્યાગ આ સર્વે નિયમો કહેલાં છે.[૯૦] હવે ત્રણ માસવાળું વ્રત કહીએ છીએ. વ્રત કરનારા પુરુષે જીતેન્દ્રિય થઈ એક મહિનો એકવાર મિતાહાર કરવો, યવનો સાથવો જમવો, બે શાક જમવાં, આટલું કરવા અશક્ત હોય તેમણે હવિષ્યાન્ન જમવું. તેમાં પણ અશક્ત હોય તેમણે ભિક્ષાન્નનો એકવાર મિતાહાર કરવો.[૯૧] આ પ્રમાણે ત્રણ મહિના કરવા અશક્ત હોય તેમણે શ્રીકૃષ્ણ ભગવાનના મંત્રજાપ સાથે સર્વે પાપને નાશ કરનારૂં એક માસનું ચાંદ્રાયણ વ્રત કરવું.[૯૨] હે વિપ્રવર્ય ! મનુષ્યોના પાપનો નાશ પ્રાયશ્ચિતરૂપ તપ કર્યા વિના થતો જ નથી. જે મનુષ્ય આલોકમાં થઈ ગયેલાં પાપનું પ્રાયશ્ચિત કરતો નથી. તે પુરુષ તે પાપને અનુરુપ ફળને પરલોકમાં જઈને નિશ્ચે ભોગવે છે.[૯૩]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ ઉપપાતક નામનાં સર્વે પાપોનાં પ્રાયશ્ચિતનું નિરૂપણ કર્યું એ નામે પીસ્તાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૫--**

---

## षड्चत्वारिंशोऽध्यायः - ४६

**श्रीनारायणमुनिरुवाच :-**

एतन्न्यूनानि पापानि प्रकीर्णाख्यानि सन्ति च । प्रायश्चित्तं विनाऽमुत्र पीडयन्ति हि तान्यपि ॥१॥
द्विजो यो भक्षयेन्मांसं यज्ञशेषमिति क्वचित् । स तु चान्द्रायणेनैव शुद्धिमाप्नोति नान्यथा ॥२॥
उदक्या ब्राह्मणी स्पृष्टा प्लवेन पतितेन वा । चान्द्रायणेन शुद्ध्येत्सा द्विजानां भोजनेन च ॥३॥
योऽद्यादुच्छिष्टमन्नाद्यं पीतशेषं जलं पिबेत् । आज्यं पिबेच्च वोच्छिष्टं विप्रश्चान्द्रायणं चरेत् ॥४॥
वासांसि धावतो यत्र पतन्ति जलबिन्दवः । रजकस्य शिलाङ्कं तज्जलं पीत्वैन्दवं चरेत् ॥५॥
साग्निः सन्पञ्चयज्ञान्यो न कुर्वीत द्विजाधामः । द्विजो योऽस्यान्नमश्नीयात्स कुर्यादैन्दवं व्रतम् ॥६
गणिकागणयोरन्नं यदन्नं बहुयाजिनाम् । महापातकिनामन्नं भुक्त्वा चान्द्रायणं चरेत् ॥७॥
दुग्धं सलवणं भुक्त्वा दधिसक्तूंस्तथा निशि । उपपातकिनामन्नं भुक्त्वापीन्दुव्रतं चरेत् ॥८॥

---

# અધ્યાય - ૪૬

## પ્રકીર્ણપાપનાં પ્રાયશ્ચિતનો વિધિ તથા અતિ અધિક પાપનાં પ્રાયશ્ચિતનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! પૂર્વોક્ત ઉપપાપો કરતાં પણ નાના પ્રકીર્ણ પાપો છે. તેની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત કર્યા વિના કરનાર પુરુષને પરલોકમાં પણ પીડા ઉપજાવે છે.[૧] જે ત્રણ વર્ણના દ્વિજાતિ પુરુષો યજ્ઞનું શેષ એવું માંસ ક્યારેય પણ અજ્ઞાનથી ભક્ષણ કરે તો ચાંદ્રાયણ વ્રત કરવાથી જ શુદ્ધ થાય છે. તે સિવાય અલ્પ સરખાં વ્રત કરવાથી શુદ્ધ થાય છે.[૨] રજસ્વલા બ્રાહ્મણીને જો ચંડાલ કે પતિતનો સ્પર્શ થયો હોય તો તે ચાંદ્રાયણવ્રત કરવાથી અને બ્રાહ્મણોને જમાડવાથી શુદ્ધ થાય છે.[૩] જે વિપ્ર પોતાના પિતા કે ગુરૂ સિવાયના ઇતર પુરુષોનું ઉચ્છિષ્ટ અન્નાદિક જમે કે જળ તથા ઘીનું પાન કરે, તો તે વિપ્ર પ્રત્યેકનું અલગ અલગ ચાંદ્રાયણ વ્રત કરવાથી શુદ્ધ થાય છે.[૪] વસ્ત્ર ધોનાર ધોબીનાં વસ્ત્રનાં જળબિંદુઓ જે જળમાં પડ્યાં હોય તે જળનું પાન કરે અથવા વસ્ત્ર ધોવાની શિલાની નજીકનું જળ પીવે તો એક ચાંદ્રાયણ વ્રત કરે.[૫] લગ્ન પછી અગ્નિનો સ્વીકાર કરનાર દ્વિજાતિ પુરુષ નિત્ય કરવાના દેવાદિ પાંચ યજ્ઞો કરતો નથી તે અધમ થાય છે. તેના ઘરનું અન્ન જે દ્વિજાતિ પુરુષો જમે તેણે ચાંદ્રાયણ વ્રત કરવું.[૬] વેશ્યા અને ગાંધર્વનું અન્ન, ગામમુખી એવા શૂદ્રોનું અન્ન તથા બ્રહ્મહત્યાદિ મહાપાપ કરનારનું અન્ન જમે તો ચાંદ્રાયણવ્રત કરવું.[૭] નમક નાખીને જો દૂધનું પાન કરે, રાત્રીએ

संस्काराऩ्नं च प्रेतान्नमतिनीचान्नमेव च । भुक्त्वा कुर्यात्तप्तकृच्छ्रं सूतकान्नं तथा द्विजः ॥९॥
भुक्त्वान्नं स्वैरिणीनां च तथा शय्यासनादिषु । भुक्त्वा द्विजः प्रकुर्वीत प्रजापत्यं स्वशुद्धये ॥१०॥
चण्डालकूपिकाद्यम्बु पीत्वाऽज्ञानाद् द्विजातयः । गोमूत्रयावकाहाराः शुद्ध्येयुर्दिवसैस्त्रिभिः ॥११॥
अकामतो जातिदुष्टपलाण्डुलशुनादिके । अभक्ष्ये भक्षिते कुर्यात्तप्तकृच्छ्रं व्रतं द्विजः ॥१२॥
त्वङ्कारं तु गुरोः कृत्वा हुङ्कारं च गरीयसः । प्रसाद्यैतावनश्नन् स्यात्स्नात्वा शुद्ध्येद् द्विजोत्तमः ।१३
ताडयित्वा तृणेनापि रज्ज्वा वाबध्य कञ्चन । विवादेनापि निर्जित्य तं प्रसाद्य विशुद्ध्यति ॥१४॥
यज्ञोपवीतेन विना ये कुर्युर्भोजनं द्विजाः । त्रिद्व्येकाहानि ते कुर्युरुपवासाननुक्रमात् ॥१५॥
अंगुल्या दन्तधावं च प्रत्यक्षलवणादनम् । मृत्तिकाभक्षणं कृत्वा पादकृच्छ्रं व्रतं चरेत् ॥१६॥
अपेयपानास्प्रष्टव्यस्पर्शादीनि च भूरिशः । प्रकीर्णपापानि विप्र ! सन्त्यनेकविधानि हि ॥१७॥

---

દહીંયુક્ત સાથવાનું ભોજન કરે, તથા ઉપપાતકીનું અન્ન જમે તો ચાંદ્રાયણવ્રત કરે.[૮] ગર્ભાધાનાદિ સંસ્કારનું અન્ન, નવ શ્રાદ્ધનિમિત્તનું અન્ન, ધોબી, ચમાર આદિક નીચ જાતિનું અન્ન, જન્મમરણના સૂતકીનું અન્ન જમાય તો દ્વિજાતિએ તપ્તકૃચ્છ્રવ્રત કરવું.[૯] જે સ્વૈરિણી સ્ત્રીઓનું અન્ન જમે તથા શય્યા આદિક આસન ઉપર બેસે તો શુદ્ધિને માટે પ્રાજાપત્યવ્રત કરવું.[૧૦]

ત્રણે વર્ણના દ્વિજાતિ પુરુષો અજાણતાં ચંડાલના કૂવાનું કે વાસણના જળનું પાન કરે તો ગોમૂત્રથી ભીંજાવેલો સાથવો ત્રણ દિવસ જમવાથી શુદ્ધિ થાય છે.[૧૧] જાતિદુષ્ટ એવાં ડુંગળી, લસણ આદિક અભક્ષ્ય પદાર્થોનું ભક્ષણ કરે તો દ્વિજ તપ્તકૃચ્છ્રવ્રત કરે.[૧૨] જે ઉત્તમ દ્વિજાતિ ગુરુ કે વડિલ જનોને કે ઉત્કૃષ્ટ પુરુષોને તુંકારે બોલાવે તેમજ ઉત્કૃષ્ટ પુરૂષને હુંકારે બોલાવે તો તેના ચરણમાં પડી તેને રાજી કરીને સ્નાન કરવું ને એક ઉપવાસ કરવો ત્યારે શુદ્ધ થાય છે.[૧૩] કોઈ માણસને ઘાસની સળી માત્ર મારીને, કોઈને કોઈ કારણવશાત્ દોરડે બાંધીને અથવા વાદવિવાદથી જીતીને કુરાજી કરે તો તેને ફરીવાર રાજી કરવાથી જ શુદ્ધિ થાય છે.[૧૪] દ્વિજાતિ યજ્ઞોપવીતને ધાર્યા વિના ભોજન કરે કે મળમૂત્રનો ત્યાગ કરે, તેને બ્રાહ્મણાદિ અનુક્રમે ત્રણ, બે, એક ઉપવાસ કરે.[૧૫] તર્જની આંગળી મોઢામાં નાખી દંતધાવન કરે, થાળીમાં પ્રત્યક્ષ મીઠું લઈ જમે અને માટીનું ભક્ષણ કરે તો એક પાદકૃચ્છ્રવ્રત કરવું. અહીં પ્રત્યક્ષ મીઠાનો નિષેધ કર્યો તેમાં જીરૂં, મરચું ભેળવીને લે તેનો દોષ નથી.[૧૬] હે વિપ્ર ! દશ દિવસ ન થયા હોય તેવી નવી પ્રસૂતા ગાય, ભેંસના અપેય દૂધનું કે ગધેડા, ઊંટ આદિકના દૂધનું પાન કરવું નહિ. નહીં સ્પર્શ

गौरवं लाघवं तेषां दृष्ट्वा पृष्ट्वा द्विजोत्तमान् । प्रायश्चित्तं प्रकुर्वीत स्वस्वपापानुसारतः ॥१८॥
विप्रादेकैकपादोनं क्षत्रियादेर्विशोधनम् । गृहस्थाच्च तथा ज्ञेयं वर्ण्यादेर्द्विगुणादि तत् ॥१९॥
साधवस्त्यागिनो ये स्युर्वैष्णवास्तैस्तु वाडव ! । प्रायश्चित्तं महाघादेः कर्तव्यं ब्रह्मचारिवत् ॥२०॥
सूक्ष्मपापेषु सर्वत्र प्रायश्चित्तमुपोषणम् । दिनमेकं प्रकुर्वीत ब्रह्मचर्यादिभिर्युतः ॥२१॥
देशं कालं वयः शक्तिं पापं चावेक्ष्य यत्नतः । प्रायश्चित्तं प्रकल्प्यं स्याद्यत्र चोक्ता न निष्कृतिः ॥२२
विष्णुनामोक्तिसहितं प्रायश्चित्तं प्रकल्पयेत् । भवेत्तेनैव फलदं वैगुण्यरहितं च तत् ॥२३॥
आत्यन्तिकी विशुद्धिस्तु तन्नामरहितेन न । प्रायश्चित्तेन तत्कुर्यान्नामोच्चारणसंयुतम् ॥२४॥
नारायण ! हरे ! कृष्ण ! राम ! गोविन्द ! माधव ! । इत्यादि प्रवदेदादौ मध्ये चान्ते क्रियाकृतौ ।२५
अथात्यधिकपापानि कथयामि समासतः । पुंसां स्त्रीणां वैष्णवानां द्रोहो निन्दा च भर्त्सनम् ॥२६॥

---

કરવા યોગ્ય નાસ્તિક કે મ્લેચ્છનો સ્પર્શ, ગધેડાની સવારી, નગ્ન સ્નાન, આવાં અનેક પ્રકીર્ણ પાપો કહેલાં છે.[૧૭] તેનું ગૌરવ અને લાઘવ તપાસીને ઉત્તમ દ્વિજોને પૂછીને ચારે વર્ણોના દ્વિજોએ પોતપોતાના પાપને અનુસારે પ્રાયશ્ચિત કરવું.[૧૮] બ્રાહ્મણ કરતાં એક પાદ ઓછું ક્ષત્રિયોને, તેનાથી પણ એક પાદ ઓછું વૈશ્યોને, તેનાથી પણ એક પાદ ઓછું શુદ્રોને પ્રાયશ્ચિત કરવું તેમજ ગૃહસ્થ બ્રાહ્મણ કરતાં બ્રહ્મચારી બ્રાહ્મણે બમણું, વાનપ્રસ્થ ત્રણ ગણું અને સંન્યાસીને ચાર ગણું પ્રાયશ્ચિત કરવું.[૨૦] હે વિપ્ર ! ત્યાગી એવા વૈષ્ણવ સાધુઓએ તો બ્રહ્મહત્યાદિ પાપનાં પ્રાયશ્ચિત બ્રહ્મચારીની જેમ જ કરવાં. સર્વે પ્રકારનાં સૂક્ષ્મ પાપોમાં બ્રહ્મચર્યનું પાલન કરતાં સૌ કોઈએ એક ઉપવાસ કરવાનું પ્રાયશ્ચિત કરવું.[૨૧] તે પાપનું પ્રાયશ્ચિત શાસ્ત્રમાં કહ્યું ન હોય તેને પ્રયત્નપૂર્વક દેશ, કાળ, અવસ્થા, શક્તિ અને પાપને કલ્પી લેવું અને તે પ્રમાણે ધ્યાનમાં રાખી પ્રાયશ્ચિત કરવું. તે પણ પોતાના કે પારકાના પ્રાણ આપત્તિમાં ન આવે તે પ્રમાણે કલ્પના કરવી.[૨૨]

સર્વે પ્રાયશ્ચિત ભગવાનના નામમંત્રના જપ સાથે જ કરવું તેથી સંપૂર્ણ ફળની પ્રાપ્તિ થાય છે. અને દેશ કાળાદિકનું વિઘ્ન પણ નડતું નથી.[૨૩] જાપ વિના કરેલાં વ્રતથી અત્યંત વિશુદ્ધિ થતી નથી. તેથી પ્રાયશ્ચિતમાં મંત્રજાપના નિયમો સાથે જ આપવાં.[૨૪] વ્રતની આદિમાં, મધ્યે અને અંતે હે નારાયણ ! હે હરિ ! હે કૃષ્ણ ! હે રામ ! હે ગોવિદ ! હે માધવ ! હે મધુસૂદન ! વગેરે અનેક ભગવાનનાં નામોનું ઉચ્ચારણ કરવું.[૨૫]

હે વિપ્ર ! હવે તમને અતિ અધિક પાપો સંક્ષેપથી કહીએ છીએ. સાક્ષાત્

हरेर्हरस्य वा गर्हा प्रतिमाखण्डनं तयोः । शालग्रामज्योतिर्लिङ्गावज्ञा वेदस्य खण्जनम् ॥२७॥
बुद्धिपूर्वं देवविप्रगोतीर्थक्षेत्रनिन्दनम् । अनाथप्राणिनां द्रोहः सतीद्रोहादिकानि च ॥२८॥
एतत्पातककर्तॄणां दर्शने बुद्धिपूर्वकम् । स्पर्शनादौ च विज्ञेयं पादकृच्छ्रं व्रतं नृणाम् ॥२९॥
एतेषां पातकानां तु प्रायश्चित्तेन कर्मणा । सद्भिर्महर्षिभिर्नोक्ता निष्कृतिः क्वापि सत्तमः ॥३०॥
आगः कुर्यादसौ येषां तेषामेव प्रसादनात् । शुद्धिरस्य तु विज्ञेया नान्योपायेन केनचित् ॥३१॥
प्रायश्चित्तमिदं प्रोक्तं स्वपापे विदिते परैः । रहस्ये तु प्रकुर्वीत जपं दानं स्वशक्तितः ॥३२॥
महापापे वर्षमेकमुपपापे तदर्धकम् । पौरुषं प्रजपेत्सूक्तं मध्याह्नावधि सोऽन्वहम् ॥३३॥
महापुरुषविद्यां वा गायत्रीं वा द्विजातयः । जपेयुरन्वहं स्नात्वा यमैर्युक्ता मिताशनाः ॥३४॥
नाममन्त्रं भगवतो विष्णोर्वा प्रयतोऽन्वहम् । अयुतार्धं जपेन्मूर्तिं तस्य पश्यन्स्थिरेक्षणः ॥३५॥

---

ભગવાનના ઉપાસક ભક્તો એવા સ્ત્રીઓ કે પુરુષોનો દ્રોહ કરવો, નિંદા કરવી, કોઈ કારણ વિના તિરસ્કાર કરવો. ભગવાન કે ભગવાનના ભક્ત એવા શિવજીની નિંદા કરવી, તેમની પ્રતિમાઓનું ખંડન કરવું, શાલિગ્રામની કે સોમનાથાદિ જ્યોતિર્લિંગની અવજ્ઞા કરવી, વેદનું ખંડન કરવું, બ્રહ્માદિ દેવતાઓ, બ્રાહ્મણો, ગાયો, ગંગાદિ તીર્થો અને દ્વારિકાદિ પવિત્ર ક્ષેત્રોની નિંદા કરવી, અનાથ પ્રાણીઓનો તથા પતિવ્રતા નારીનો દ્રોહ કરવો, પુરાણ, ઈતિહાસ, આગમ, સ્મૃતિઓનું ખંડન કરવું, આ સર્વે અતિશય અધિક પાપો કહેલાં છે.[૨૬-૨૮]

આવાં અતિ અધિક પાપો કરનારા જનોનું બુદ્ધિપૂર્વક કોઈ દર્શન કે સ્પર્શ કરે, તો ચારે વર્ણના જનોએ શુદ્ધિ માટે પાદકૃચ્છ્રવ્રત કરવું.[૨૯] હે ઉત્તમવિપ્ર ! સંતોએ કે મહર્ષિઓએ કોઈ પણ ગ્રંથમાં અનેક પ્રકારનાં પ્રાયશ્ચિત કર્મથી પણ આ અતિ અધિક પાપોનું પ્રાયશ્ચિત કહ્યું નથી. કારણ કે આવા પાપીઓને શાસ્ત્રોનો જ વિશ્વાસ નથી. તો પછી તેને માટે પ્રાયશ્ચિત વિધાનનો પ્રશ્ન ક્યાંથી રહે ?.[૩૦] અને આ અત્યધિક પાપ કરનારો પુરૂષ જેનો અપરાધ કર્યો છે તેને જ્યારે પ્રસન્ન કરે ત્યારે જ તેની શુદ્ધિ થાય છે બીજા કોઈ ઉપાયથી થતી નથી.[૩૧] આ અત્યધિક પાપને બીજો જાણી જાય તો તેનું પૂર્વોક્ત પ્રાયશ્ચિત કરવું, અને કોઈ ન જાણ્યું હોય તો પોતાની શક્તિ પ્રમાણે જપ અને દાન કરી શુદ્ધ થાય છે.[૩૨] પ્રાયશ્ચિત કરનાર દ્વિજાતિ જનોએ મહાપાપમાં એક વર્ષ અને ઉપપાપમાં અર્ધુ વર્ષ પ્રતિદિન મધ્યાહ્ન સમય સુધી પુરુષસૂક્તનો પાઠ કરવો.[૩૩] અથવા મહાપુરુષ વિદ્યાનો કે ગાયત્રીમંત્રનો જપ મિતાહારી થઈ યમ નિયમોનું પાલન કરતાં જપ કરવો.[૩૪]

गौरवं लाघवं दृष्ट्वा स्वपापस्य सुधीः पुमान् । प्रायश्चित्तं प्रकुर्वीत यथाकालं समाहितः ॥३६॥
इति सङ्क्षेपतः प्रोक्ता पातकानां तु निष्कृतिः । विशेषो मुनिभिश्चास्या बहुधाऽन्यत्र दर्शितः ॥३७॥
यस्य पापस्य कुर्वीत निष्कृतिं ह्यत्र मानवः । तत्फलं नैव भुञ्जीत परलोके यमालये ॥३८॥
पापं कृत्वा गृहस्थश्च यदि कुर्यान्न निष्कृतिम् । धर्मिष्ठः कारयेद्राजा तेनैव स पतिर्यतः ॥३९॥
ब्रह्मचारिवनियतिहरिभक्तेषु भूपतेः । नाज्ञा प्रवर्ततेऽतस्तैः कार्यं यमभयात्स्वयम् ॥४०॥
यत्र त्वग्निप्रवेशो वा कर्मान्यन्मृत्युदायकम् । प्रायश्चित्तं मया प्रोक्तं तत्तु प्राचां मतेन वै ॥४१॥
तस्मात्तादृक्स्थले ज्ञेयं यावज्जीवं तपो द्विज ! । आत्मघातस्य दोषत्वादिदमेव कलौ हितम् ॥४२॥
आवश्यके सङ्कटे तु प्राप्ते लोकत्रपादिके । वसेद्देशान्तरं गत्वा न तु जह्यात्कलेवरम् ॥४३॥
ग्राम्यं सुखं वैषयिकं तु हित्वा क्षेत्रस्थितोऽयाचितधान्यवृत्तिः ।
दिवा च रात्रौ हरिमेव शक्त्या भजेत्स नष्टाखिलपातकः स्यात् ॥४४॥

---

અથવા નિયમમાં તત્પર થઈ પ્રયત્ન પૂર્વક ભગવાનની મૂર્તિ સન્મુખ એક નજરે જોતાં શ્રીવિષ્ણુ ભગવાનના નારાયણ આદિક નામમંત્રના પ્રતિદિન પાંચહજાર જાપ કરવા.[૩૫] બુદ્ધિમાન પુરુષોએ પોતાના પાપની ગૌરવતા કે લાઘવતા જોઈ એકાગ્ર ચિત્તે નિયમમાં તત્પર થઈ યોગ્ય સમય સુધી પ્રાયશ્ચિત કરવું.[૩૬] આ પ્રમાણે પાતકોનો પ્રાયશ્ચિત વિધિ સંક્ષેપથી કહ્યો. આ પ્રાયશ્ચિતનો વિશેષ વિધિ ઋષિમુનિઓએ અન્ય ગ્રંથોમાં બહુ પ્રકારે કહેલો છે.[૩૭] તે પ્રમાણે મનુષ્ય આલોકમાં જ પ્રાયશ્ચિત કરે છે તેને પરલોકમાં કે યમપુરીમાં ભોગવવું પડતું નથી.[૩૮] જો કોઈ પાપ કરીને પ્રાયશ્ચિત કરે નહિ તો ધર્મિષ્ઠ રાજાએ તેની પાસે પ્રાયશ્ચિત કરાવવું. કારણ કે રાજા છે તે સર્વેનો પાલક કહેલો છે.[૩૯]

બ્રહ્મચારી, વાનપ્રસ્થી, સંન્યાસી અને ભગવદ્ ભક્ત ત્યાગી સાધુઓ ઉપર રાજાની આજ્ઞા પ્રવર્તતી નથી. તેથી તે સર્વે જનોએ યમયાતનાના ભયથી સ્વયં પોતાથી થયેલા પાપોનું પ્રાયશ્ચિત કરવું.[૪૦] અને હે વિપ્ર ! જે પાપમાં અગ્નિપ્રવેશ કરવા આદિ મૃત્યુદંડ સુધીનું જે મેં પ્રાયશ્ચિત કહ્યું છે, તે પુરાતન ઋષિમુનિઓના મતે કહ્યું છે. પરંતુ મારો મત એ નથી.[૪૧] તેથી હે વિપ્ર ! પ્રાણાંત સુધીના પ્રયશ્ચિતમાં જીવન પર્યંત તપશ્ચર્યા પરાયણ રહેવાનું જાણવું. પ્રાણાંત પ્રાયશ્ચિતથી આત્મઘાતનો દોષ લાગતો હોવાથી આ કલિયુગમાં જીવનપર્યંત તપશ્ચર્યા કરવી એ જ હિતકારક કહેલું છે.[૪૨] જો લોકલજ્જાદિકનું આવશ્યક સંકટ આવી પડે તો દેશાંતરમાં કોઈ ન જાણે ત્યાં જઈને રહેવું. પરંતુ શરીરનો ઘાત તો કોઈ ઉપાયે ન જ કરવો.[૪૩]

इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे प्रायश्चित्तविधौ प्रकीर्णपातकात्यधिकपातकप्रायश्चित्तनिरूपणनामा षट्चत्वारिंशोऽध्यायः ॥४६॥

---

## सप्तचत्वारिंशोऽध्यायः - ४७

श्रीनारायणमुनिरुवाच :-

अथ चान्द्रायणादीनां व्रतानां लक्षणान्यहम् । पापशोधनहेतूनां प्रोक्तानि मुनिभिर्ब्रुवे ॥१॥
तिथिवृद्ध्या शुक्लपक्षे ग्रासानामलकोपमान् । एकैकवृद्ध्या भुञ्जीत ह्रासयेच्च सितेतरे ॥२॥
चरुर्भैक्षं सक्तुकणा यावकः शाकमेव च । पयो दधि घृतं मूलं फलं पानीयमेव वा ॥३॥

---

દેશાંતરમાં જઈને પણ પંચવિષય સંબંધી માયિક સુખનો ત્યાગ કરી પવિત્ર તીર્થસ્થળોમાં નિવાસ કરી માગ્યા વિના અથવા માગીને જે કાંઈ મળે તેનાથી જીવન પસાર કરી રાત્રી દિવસ શક્તિ પ્રમાણે ભગવાનનું ભજન કરવું. તેથી તેનાં સમગ્ર પાપો નાશ પામે છે.[૪૪]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ પ્રાયશ્ચિત વિધિમાં પ્રકીર્ણ અને અત્યધિક પાપોનાં પ્રાયશ્ચિતનું નિરૂપણ કર્યું એ નામે છેતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૬--**

---

## અધ્યાય - ૪૭

## ભગવાન શ્રીહરિએ કહેલું ચાંદ્રાયણાદિ વ્રતોનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! હવે હું પાપની શુદ્ધિ માટે ઋષિમુનિઓએ કહેલાં ચાંદ્રાયણાદિ વ્રતોનાં લક્ષણો તમને કહું છું. તેમાં સમગ્ર પાપોમાં સાધારણપણે કરવાનાં કહેલાં ચાંદ્રાયણ વ્રતના ભેદો તમને પ્રથમ જણાવું છું.[૧] સુદ પક્ષમાં તિથિની વૃદ્ધિ અનુસાર એક એક કોળિયાની વૃદ્ધિથી આમળાંના ફળ જેવડા કોળિયા પૂર્ણિમા સુધી આરોગવા અને વદપક્ષમાં ચંદ્રમાની કળાનુસાર એક એક કોળિયો ઓછો કરતાં અમાવાસ્યાએ ઉપવાસ કરવો. તેને ચાંદ્રાયણ વ્રત કહેલું છે.[૨] તે વ્રતમાં ભક્ષણ કરવા યોગ્ય કોળિયાનાં દ્રવ્યો કહું છું. ચરુ, ભિક્ષાન્ન,

उत्तरोत्तरशस्तानि हवींष्येतानि तत्र तु । यथा स्वशक्त्यन्यतमं व्रती भक्ष्ये प्रकल्पयेत् ।।४।।
अमायां नैव भुञ्जीत तिथिवृद्धौ तु षोडश । ग्रासास्तिथिक्षये च स्युश्चतुर्दश यथातिथि ।।५।।
यवमध्याभिधं प्रोक्तं व्रतं चान्द्रायणं त्विदम् । सर्वपापप्रशमनं धर्मवृद्धिकरं तथा ।।६।।
मासस्य कृष्णपक्षादौ ग्रासानद्याच्चतुर्दश । ग्रासापचयभोजी सन्पक्षशेषं समापयेत् ।।७।।
तथैव शुक्लपक्षादौ ग्रासमेकं तु भक्षयेत् । ग्रासोपचयभोजी सन् पक्षं तं च समापयेत् ।।८।।
पिपीलिकामध्यमिदं व्रतं चान्द्रायणं मतम् । यथारुचि प्रकुर्वीत द्वयोरन्यतमं पुमान् ।।९।।

---

સાથવો, કોઈ પણ કાચું ધાન્ય, યવનો સાથવો, લીલોતરીનું શાક, દૂધ, દહીં, ઘી, મૂળ કે જળ, આ ચરુ આદિક હવિષ્યાન્નને ઉત્તરોત્તર શ્રેષ્ઠ સમજવાં, તેમાંથી કોઈ પણ એક દ્રવ્યનું વ્રતકરનારાએ ભક્ષણ કરવામાં કોળિયા તરીકે કલ્પવું.[૪]

**યવચાંદ્રાયણ વ્રત :–** અમાવાસ્યાની તિથિએ ઉપવાસ કરવો, તિથિની વૃદ્ધિમાં સોળ કોળિયા પણ લઈ શકાય અને તિથિના ક્ષયમાં ચૌદ કોળિયા લઈ શકાય.[૫] સર્વ પાપને શાંત કરનારૂં અને ધર્મની વૃદ્ધિ કરનારું આ ચાંદ્રાયણવ્રત યવની જેમ મધ્યે સ્થૂળ અને બન્ને છેડે કૃશ હોય છે. તેથી તેમનું નામ યવચાંદ્રાયણ કહેલું છે.[૬]

**પિપીલિકાચાંદ્રાયણ વ્રત –** મહિનાના વદપક્ષની પ્રતિપ્રદાને દિવસે ચૌદ કોળિયા જમવા અને પછી પ્રતિદિન એક એક કોળિયો ઓછો કરતા જવું, આ રીતે વદપક્ષની સમાપ્તિ પછી સુદ પક્ષની પ્રતિપ્રદાને દિવસે એક કોળિયો આરોગવો, પછી એક એક કોળિયો વધારતાં જવું ને સુદ પક્ષને સમાપ્ત કરવો. અને મધ્યે આવેલી અમાવાસ્યાની તિથિએ ઉપવાસ કરવો. આમ આ ચાંદ્રાયણ પિપીલિકાની જેમ મધ્યે કૃશ અને બન્ને છેડે સ્થૂલ હોય છે, તેથી તેનું નામ પિપીલિકા ચાંદ્રાયણ કહેલું છે. વ્રત કરનાર પુરુષે પોતાની રુચિ અનુસાર આ બે પ્રકારનાં ચાંદ્રાયણમાંથી કોઈ પણ એક વ્રત કરવું. તેનો વિસ્તાર ચોથા પ્રકરણના ઓગણીસમા અધ્યાયમાં વિષ્ણુપુરાણના મત પ્રમાણે વર્ણવ્યો છે. તેથી તેમાં બસો ચાલીસ કોળિયા આરોગવાની આવશ્યકતા કહી છે. અને અહીં તો બન્ને પ્રકારમાં બસો પચીસ કોળિયા જમવાનો નિયમ અને યવ ચાંદ્રાયણમાં અંતે અમાવાસ્યાનો ઉપવાસ અને પિપીલિકા ચાંદ્રાયણમાં મધ્યે આવતી અમાવાસ્યાનો ઉપવાસ કરવાનો નિયમ કહેલો છે. તેથી ક્યારેક દૈવયોગે કોઈ એક પક્ષમાં કોળિયાની વૃદ્ધિ થાય અને બીજા પક્ષમાં ક્યારેક અભાવ આવે તેથી નિશ્ચિત કોળિયાનો નિયમ અને

यथाकथञ्चित्पिण्डानां चत्वारिंशच्छतद्वयम् । मासेनैवोपभुञ्जीत तदपीन्दुव्रतं मतम् ॥१०॥
अष्टावष्टौ समश्नीयात्पिण्डान्मध्याह्नतः परम् । नियतात्मा हविष्यस्य यतिचान्द्रायणं मतम् ॥११॥
चतुरः प्रातरश्नीयात्पिण्डान्विप्रः समाहितः । चतुरोऽस्तमिते सूर्ये शिशुचान्द्रायणं च तत् ॥१२॥
त्रींस्त्रीन्पिण्डान्समश्नीयान्नियतात्मा दृढव्रतः । हविष्यान्नस्य वै मासमृषिचान्द्रायणं स्मृतम् ॥१३॥

---

અમાવાસ્યાનો ઉપવાસ વ્યવસ્થા પ્રમાણે કરી વ્રતનું સંપાદન કરવું.[૭-૯]

**ઇન્દુચાંદ્રાયણ વ્રત** – એક માસમાં બસોચાલીસ કોળિયા આરોગવા તેને ઈન્દુચાંદ્રાયણ વ્રત કહેલું છે. તેમાં આ પ્રમાણેનો ક્રમ લઇ શકાય કે પહેલે દિવસે ચાર કોળિયા જમવા, બીજે દિવસે બાર, ત્રીજે દિવસે ઉપવાસ કરી ચોથે દિવસે સોળ કોળિયા જમવા, આમ સાત આવૃત્તિ કરી આઠમી આવૃત્તિ વખતે પહેલે દિવસે ચાર, બીજે દિવસે બાર અને ત્રીજે દિવસે ઉપવાસ કરીને વ્રતની સમાપ્તિ કરવી. તેજ રીતે પ્રાયશ્ચિત્તેન્દુ શેખરમાં તો જે કોઈ પણ પ્રકારે બસો પચીસ કોળિયા એક માસમાં જમવાથી પણ ચાંદ્રાયણ વ્રત થાય છે એમ કહ્યું છે. તેનો વિવેક આ પ્રમાણે છે. કે પ્રથમ દિવસે ચાર, બીજે દિવસે અગિયાર અને ત્રીજે દિવસે ઉપવાસ કરવો ને ચોથે દિવસે પંદર કોળિયા જમવા, આમ સાત આવૃત્તિ કરવી અને આઠમી આવૃત્તિમાં પહેલે દિવસે ચાર અને બીજે દિવસે અગિયાર કોળિયા જમવા ને ત્રીજે દિવસે ઉપવાસ કરીને વ્રતની સમાપ્તિ કરવી. આ રીતે ઈન્દુચાંદ્રાયણવ્રત કરવાનું શાસ્ત્રમાં કહેલું છે.[૧૦]

**યતિચાંદ્રાયણ વ્રત** – અંતઃકરણને નિયમમાં રાખી વ્રત કરનાર પુરષે મધ્યાહ્ન પછી પ્રતિદિન હવિષ્યાન્નના આઠ કોળિયા એક માસ સુધી આરોગવા. તેને યતિચાંદ્રાયણ વ્રત કહેલું છે.[૧૧]

**શિશુચાંદ્રાયણ વ્રત** – નિયમમાં તત્પર થઈ મનને સ્થિર કરી વ્રત કરનારાએ પ્રાતઃકાળે સ્નાન સંધ્યાદિ નિયમ કરી ચાર કોળિયા જમવા ને સૂર્યાસ્ત પછી સાયંસંધ્યાવંદન કરીને પુનઃ ચાર કોળિયા જમવા. આ રીતે એક માસ કરવું. તેને શિશુચાંદ્રાયણ વ્રત કહેલું છે.[૧૨]

**ઋષિચાંદ્રાયણ વ્રત** – મનને નિયમમાં કરી વ્રતનો દૃઢ સંકલ્પ કરનાર પુરુષે એક માસ હવિષ્યાન્નના ત્રણ કોળિયા પ્રતિદિન આરોગવા, તેને ઋષિચાંદ્રાયણ કહેલું છે. અહીં કોળિયાનું પ્રમાણ કૂકડાના ઈંડા સરખું રાખવાનું

गोक्षीरं सप्तरात्रं च पिबेत्स्तनचतुष्टयात् । स्तनत्रयात्सप्तरात्रं सप्तरात्रं स्तनद्वयात् ॥१४॥
षड्रात्रं च तथैकस्मात्त्रिरात्रं वायुभुग्भवेत् । एतत्सोमायनं नाम व्रतं कल्मषनाशनम् ॥१५॥
एकभक्तैश्च नक्तैश्च तथैवायाचितैरपि । उपवासैश्चतुर्भिश्च कृच्छ्रः षोडशभिर्दिनाः ॥१६॥
क्षीरं घृतं चाम्बु तप्तं मिश्रमेकदिनं पिबेत् । उपावसेदेकदिनं तप्तकृच्छ्रोऽयमुच्यते ॥१७॥
तप्तक्षीरघृताम्बूनामेकैकं प्रत्यहं पिबेत् । एकरात्रं चोपवसेत्तप्तकृच्छ्रो महान्मतः ॥१८॥
तप्तकृच्छ्रं चरन्विप्रो जलक्षीरघृतानिलान् । प्रतित्र्यहं पिबेदुष्णान्सकृत्स्नायी समाहितः ॥१९॥
जलं पिबेत्तु त्रिपलं द्विपलं तु पयः पिबेत् । पलमेकं पिबेत्सर्पिस्त्रिरात्रं चोष्णमारुतम् ॥२०॥

---

કહેલું છે. પૂર્વોક્ત બે યવ, અને પિપીલીકા ચાંદ્રાયણ સિવાયનાં બીજાં ચાંદ્રાયણો કોઈ પણ તિથિથી ચાલુ કરી શકાય છે, તેમાં કોઈ તિથિનો નિયમ નથી. અને એ સર્વે ચાંદ્રાયણોમાં એકાદશીનો દોષ લાગતો નથી. બાકી એકાદશીના દિવસે ધેનુદાન આદિકના નિયમો ચતુર્થ પ્રકરણમાં કહેવા પ્રમાણે કરી શકાય છે.[૧૩]

**સોમાયન વ્રત** – પહેલી સાત રાત્રી ગાયના ચારે આંચળનું દૂધ પીવે અને પછીની સાત રાત્રી ત્રણ આંચળનું, તેના પછીની સાત રાત્રી બે આંચળનું અને પછીની છ રાત્રી એક આંચળનું દૂધ પીવે. છેલ્લે ત્રણ રાત્રી દિવસ વાયુનું ભક્ષણ કરી ઉપવાસ કરે. આ વ્રતને સમગ્ર પાપને પ્રજળાવનાર સોમાયન નામનું વ્રત કહેલું છે.[૧૪-૧૫]

**કૃચ્છ્રવ્રત** – ચાર દિવસ એકવાર ભોજન લેવું, ચાર દિવસ બપોરપછીના સમયે નક્ત ભોજન લેવું, ચાર દિવસ માગ્યા વિના જે કાંઈ અન્ન મળે તે લેવું, અને છેલ્લા ચાર દિવસ ઉપવાસ કરવા. આ સોળ દિવસનું કૃચ્છ્રવ્રત કહેલું છે.[૧૬]

**તપ્તકૃચ્છ્રવ્રત** – ગરમ કરેલા દૂધ, ઘી અને જળને મિશ્ર કરી એક દિવસ પાન કરવું અને એક દિવસ ઉપવાસ કરવો. આ બે દિવસનું તપ્તકૃચ્છ્રવ્રત કહેલું છે.[૧૭]

**મહાતપ્તકૃચ્છ્રવ્રત** – એક દિવસ ગરમ દૂધ પીવે, બીજે દિવસે ગરમ ઘી પીવે. ત્રીજે દિવસે ગરમ જળનું પાન કરે ને ચોથે દિવસે ઉપવાસ કરે તેને મહાતપ્તકૃચ્છ્રવ્રત કહેલું છે.[૧૮] હવે બાર દિવસનું તપ્તકૃચ્છ્રવ્રત કહું છું. પહેલા ત્રણ દિવસ ગરમ જળ પીવે, પછી ત્રણ દિવસ ગરમ દૂધ પીવે અને ત્રણ દિવસ ગરમ ઘી પેવે. છેલ્લે ત્રણ દિવસ વાયુ ભક્ષણ કરી ઉપવાસ કરે.[૧૯] આ વ્રતમાં ત્રણ દિવસ ત્રણ-ત્રણ પળી ગરમ જળ પીવે પછી ત્રણ દિવસ બે-બે પળી ગરમ દુધ

पीयते शीतमम्ब्वादि व्रतेऽस्मिन्यदि तर्हि तत् । शीतकृच्छ्र इति प्रोक्तं यमेनाघहरं व्रतम् ॥२१॥
पिबेदेकदिनं मिश्रं पञ्चगव्यं कुशोदकम् । उपावसेदेकदिनं व्रतं सान्तपनं हि तत् ॥२२॥
पृथक्सान्तपनद्रव्यैः षट्दिनानि क्षिपेत्पुमान् । उपावसेदेकदिनं महासान्तपनं त्विदम् ॥२३॥
प्रत्येकं प्रत्यहं गव्यं शकृन्मूत्रं पयो दधि । घृतं कुशोदकं पीत्वा सप्तमेऽह्नि ह्युपावसेत् ॥२४॥
दिनैः सप्तभिरित्युक्तं व्रतं सान्तपनाभिधम् । एतदेव त्रिरभ्यस्तं महासान्तपनं मतम् ॥२५॥
त्र्यहं पिबेत्तु गोमूत्रं त्र्यहं वै गोमयं पिबेत् । त्र्यहं दधि त्र्यहं क्षीरं त्र्यहमाज्यं पिबेत्पुमान् ॥२६॥

---

પીવે, પછી ત્રણ દિવસ એક-એક પળી ગરમ દુધ પીવે અને છલ્લે ત્રણ દિવસ ગરમ વાયુનું પાન કરી ઉપવાસ કરે. આ પ્રમાણે બાર દિવસનું તપ્તકૃચ્છ્રવ્રત કહેલું છે.[૨૦]

**શીતકૃચ્છ્રવ્રત** – ઉપરોક્ત બાર દિવસના વ્રતમાં કહેલા વિધિ પ્રમાણે શીતળ જળ, દૂધ અને ઘીનું ત્રણ ત્રણ પળી પાન કરે અને ત્રણ ઉપવાસ કરે તેને યમરાજાએ સર્વપાપને હરનારૂં બાર દિવસનું શીતકૃચ્છ્રવ્રત કહેલું છે.[૨૧]

**સાંતપનવ્રત** – એક દિવસ પંચગવ્યને દર્ભવાળા જળથી મિશ્રિત કરી પાન કરે અને એક દિવસ ઉપવાસ કરે તે બે દિવસનું સાંતપન વ્રત કહેલું છે.[૨૨]

**મહાસાંતપનવ્રત** – વ્રત કરનારો પુરુષ પંચગવ્યને પાંચે દિવસ જુદા જુદા દ્રવ્યનું પાન કરે, છઠ્ઠે દિવસે દર્ભવાળું જળપાન કરે અને છેલ્લે દિવસે ઉપવાસ કરે તેને મહાસાંતપનવ્રત કહેલું છે.[૨૩]

**સાંતપનવ્રતના અન્ય પ્રકાર–** બૃહત્પરાશર અને જાબાલમુનિના મત પ્રમાણે પ્રતિદિન અનુક્રમે ગાયના એક એક ગવ્ય છાણ, મૂત્ર, દૂધ, દહીં અને ઘીનું પાન કરી છઠ્ઠે દિવસે દર્ભવાળા જળનું પાન કરી સાતમે દિવસે ઉપવાસ કરવો. આ રીતે સાત દિવસના વ્રતને સાંતપનવ્રત કહેલું છે, આ વ્રતને ત્રણ આવૃત્તિથી એકવીશ દિવસનું કરે તેને મહાસાંતપનવ્રત કહેલું છે. જેમ કે, ત્રણ દિવસ ગાયનું છાણ, ત્રણ દિવસ ગૌ મૂત્ર, ત્રણ દિવસ ગો દૂધ, ત્રણ દિવસ ગો દહીં ત્રણ દિવસ ગાયનું ઘી, ત્રણ દિવસ દર્ભવાળું જળ અને છેલ્લા ત્રણ દિવસ ઉપવાસ કરવા, આ રીતે એકવીસ દિવસનું વ્રત કરવાથી મહાસાંતપનવ્રત પૂર્ણ થાય છે.[૨૪-૨૫]

હવે યમરાજાના મત પ્રમાણે આ સાંતપનમાં જે ભેદ છે તે કહીએ છીએ. વ્રત કરનાર પુરુષે ત્રણ ત્રણ દિવસ ગોમૂત્ર, ગોમય, ગોદધી, ગોદૂધ, તેમજ છેલ્લા ત્રણ દિવસ ગો-ઘીનું પાન કરવું આ પ્રમાણે પાપને નાશ કરનારૂં પંદર દિવસ માટે કરવામાં આવતું મહાસાંતપનવ્રત કહેલું છે. તેમજ શંખમુનિના મત પ્રમાણે ત્રણ

महासान्तपनं ह्येतद्व्रतं पापप्रणाशनम् । यतिसान्तपनं प्रोक्तं पञ्चगव्याशनात्त्र्यहम् ॥२७॥
पर्णोदुम्बरराजीवबिल्वपत्रकुशोदकैः । प्रत्येकं प्रत्येकं पीतैः पर्णकृच्छ्र उदीरितः ॥२८॥
एतान्येव समस्तानि त्रिरात्रोपोषितः शुचिः । क्वाथयित्वा पिबेदद्भिः पर्णकूर्चस्तदा मतः ॥२९॥
फलैर्मासेन कथितः फलकृच्छ्रस्तु भक्षितैः । श्रीकृच्छ्रः श्रीफलैः प्रोक्तः पद्माख्यैः पद्मसंज्ञितः ।३०
मासेनामलकैरेवं श्रीकृच्छ्रो ह्यपरो मतः । पत्रैर्मतः पत्रकृच्छ्रः पुष्पैः पुष्पाख्य उच्यते ॥३१॥
मूलकृच्छ्रः स्मृतो मूलैस्तोयकृच्छ्रो जलेन तु । क्षीरादावपि विज्ञेयमेवमेव विचक्षणैः ॥३२॥

---

દિવસ પંચગવ્યનું પાન કરે તેને યતિસાંતપનવ્રત કહેલું છે. વળી યમરાજાના મત પ્રમાણે પંચગવ્ય અને દર્ભજળનું બે બે દિવસ પાન કરી બાર દિવસમાં પૂર્ણ થતું પણ એક સાંતપનવ્રત કહેલું છે. આ સર્વે નાના મોટા ભેદો છે, તે નાનાં મોટાં પાપને માટે પોતાની શક્તિ પ્રમાણે કરવાના જાણવા.[૨૬-૨૭]

**પર્ણકૃચ્છ્રવ્રત–** પ્રતિદિન પાંચે દિવસ જુદા જુદા પર્ણ સાથે ઉકાળેલું જળ પીવું. તેમાં પ્રથમ દિવસે ખાખરાના પાન સાથે ઉકાળેલું જળ પીવું, બીજા દિવસે ઉમરડાનાં પાન, ત્રીજે દિવસે કમળનાં પત્ર, ચોથે દિવસે બિલીપત્ર સાથે અને પાંચમે દિવસે દર્ભવાળું જળ પીવું. આ રીતે પાંચ દિવસ ઉકાળેલું જળ પીવાથી સિદ્ધ થતું પર્ણકૃચ્છ્રવ્રત યાજ્ઞવલ્કયમુનિએ કહેલું છે.[૨૮]

**પર્ણકૂર્ચવ્રત–** પવિત્ર થઈ ત્રણ દિવસ ઉપવાસ કરી ચોથે દિવસે આ કહ્યાં એવાં સર્વે પાંદડાંને જળ સાથે ઉકાળીને પાન કરે ત્યારે યમના મતે ચાર દિવસથી સાધ્ય પૂર્ણકૂર્ચ વ્રત કહેલું છે.[૨૯]

**ફળકૃચ્છ્રાદિ નાનાં વ્રતો–** એક માસ યથા અવસર પ્રાપ્ત થયેલાં ફળોનું ભક્ષણ કરવું, તેને ફળકૃચ્છ્ર કહેલું છે. એક માસ માત્ર શ્રીફળનું ભક્ષણ કરવાથી શ્રીકૃચ્છ્રવ્રત કહેલું છે, વળી એક માસ કમળના ડોડામાં ઉત્પન્ન થયેલાં ફળ જમવાથી પદ્મકૃચ્છ્રવ્રત કહેલું છે.[૩૦] કેવળ આમળાં એક મહિનો જમવાથી શ્રીકૃચ્છ્રવ્રત કહેલું છે. એક માસ પાંદડાં જમવાથી પત્રકૃચ્છ્રવ્રત કહેલું છે. એક માસ પુષ્પોનું ભક્ષણ કરવાથી પુષ્પકૃચ્છ્રવ્રત કહેલું છે.[૩૧] એક માસ મૂળ જમવાથી મૂળકૃચ્છ્ર. એક માસ જળ પીવાથી જળકૃચ્છ્ર. આ રીતે વિચક્ષણ પુરુષોએ એક માસ પર્યંત દૂધ આદિકનું પાન કરી તે તે કૃચ્છ્રવ્રત કહેલું છે. અર્થાત્ દધીકૃચ્છ્ર, છાસકૃચ્છ્ર, શાકકૃચ્છ્ર, ચણકકૃચ્છ્ર. વિગેરે કૃચ્છ્રવ્રતો કહેલાં છે.[૩૨]

एकभक्तेन नक्तेन तथैवायाचितेन च । उपवासेन चैकाहं पादकृच्छ्रः प्रकीर्तितः ॥३३॥
त्र्यहं प्रातस्त्र्यहं सायं त्र्यहं कुर्यादयाचितम् । त्र्यहं परं च नाश्नीयात्प्राजापत्योऽयमुच्यते ॥३४॥
अयमेवातिकृच्छ्रः स्यात्पाणिपूरान्नभोजनः । उपवासाहवर्जं वै दिनैर्द्वादशभिर्द्विज ! ॥३५॥
प्राजापत्यं चतुर्धैव विभज्य प्राह च व्रतम् । आपस्तम्बो मुनिः पादकृच्छ्रं वर्णानुरूपतः ॥३६॥
त्र्यहं निरशनं पादः पादश्चायाचितं त्र्यहम् । सायं त्र्यहं तथा पादः पादः प्रातस्तथा त्र्यहम् ॥३७॥
प्रातः पादं चरेच्छूद्रः सायं वैश्यः समाचरेत् । अयाचितं तु राजन्यस्त्रिरात्रं ब्राह्मणः परम् ॥३८॥
सायं तु द्वादश ग्रासाः प्रातः पञ्चदश स्मृताः । चतुर्विंशतिरायाच्याः परं निरशनं स्मृतम् ॥३९॥

---

**પાદકૃચ્છ્રવ્રત–** દિવસમાં એકજવાર મધ્યાહ્ન પછી ભોજન કરવું, એકવાર બપોરપછી નક્ત ભોજન કરવું. ત્રીજે દિવસે દિવસમાં માગ્યા વિના જે કાંઈ મળે તેનું ભક્ષણ કરવું, અને ચોથે દિવસે ઉપવાસ કરવો તેને પાદકૃચ્છ્રવ્રત કહેલું છે.[૩૩]

**પ્રાજાપત્ય કૃચ્છ્રવ્રત–** ત્રણ દિવસ પ્રાતઃકાળે ભોજન કરવું, ત્રણ દિવસ સાયંકાળે, ત્રણ દિવસ માગ્યા વિના જે મળે તેનું ભોજન અને ત્રણ દિવસ ઉપવાસ કરવા, આ બાર દિવસનું પ્રાજાપત્યકૃચ્છ્રવ્રત કહેલું છે.[૩૪]

**અતિકૃચ્છ્રવ્રત–** હે વિપ્ર ! ત્રણ દિવસ ઉપવાસના છોડીને બાકી ખોબામાં આવે તેટલું અન્ન જમીને પ્રાજાપત્ય વ્રતની જેમ બાર દિવસનું વ્રત કરવું, તેને અતિકૃચ્છ્રવ્રત કહેલું છે. અર્થાત તે ત્રણ દિવસ પ્રાતઃકાળે, ત્રણ દિવસ સાયંકાળે, ત્રણ દિવસ માગ્યા વિના મળેલાં ભોજનને ખોબામાં આવે તેટલું અન્ન જમવું અને ત્રણ દિવસ ઉપવાસ કરવા, આ બાર દિવસના વ્રતને અતિકૃચ્છ્ર કહેલું છે.[૩૫] વળી આપસ્તંબમુનિએ બાર દિવસના પ્રાજાપત્ય વ્રતને ચાર ભાગમાં વેચી, જેવો જેનો વર્ણ તેના અનુસારે પાદકૃચ્છ્રવ્રત કરવાનું કહેલું છે.[૩૬] ત્રણ દિવસ ઉપવાસ કરવા તે પ્રથમ પાદ કહેલું છે. માગ્યા વિના જે મળે તેનાથી ત્રણ દિવસ પસાર કરવા તેને બીજું પાદ કહેલું છે. ત્રણ દિવસ સાયંકાળે ભોજન કરે તેને ત્રીજું પાદ કહેલું છે અને ત્રણ દિવસ પ્રાતઃકાળે ભોજન કરે તેને ચોથુંપાદ કહેલું છે.[૩૭] શૂદ્રોએ પ્રાતઃકાળે જમવારૂપ ચોથા પાદનું વ્રત કરવું. વૈશ્યે સાયંકાળે જમવારૂપ ત્રીજાપાદનું વ્રત કરવું, ક્ષત્રિયોએ માગ્યા વિના જે મળે તેનું ભોજન કરવારૂપ બીજાપાદનું વ્રત કરવું. અને બ્રાહ્મણે ત્રણ દિવસ ઉપવાસ સહ પહેલા પાદનું વ્રત કરવું.[૩૮] આ વ્રતમાં સાયંકાળે બાર કોળિયા જમવા, પ્રાતઃકાળે પંદર કોળિયા જમવા, માગ્યા

सायं प्रातस्तथैकैकं दिनद्वयमयाचितम् । दिनद्वयं च नाश्नीयात्कृच्छ्रार्धं तत्प्रकीर्तितम् ॥४०॥
नयेत्पीत्वा पयोमात्रं दिवसानेकविंशतिम् । कृच्छ्रातिकृच्छ्रः कथितो द्वादशाहं जलं च वा ॥४१॥
द्वादशाहोपवासैश्च पाराकः परिकीर्तितः । शोधनः सर्वपापानां मुनिभिर्द्विजसत्तम ! ॥४२॥
पिण्याकसक्तुतक्राणामेकैकं प्रत्यहं पुमान् । अद्यात्सौम्याख्यकृच्छ्रोऽयं तुर्ये चोपवसेद्दिने ॥४३॥
सम्प्राश्य तिलपिण्याकं तक्रं तोयं कुशोदकम् । उपावसेत्पञ्चमेऽह्नि सोऽपि कृच्छ्रः स ईर्यते ॥४४॥
पिण्याकाचामतक्राम्बुसक्तुभिः पञ्च वासरान् । एकरात्रोपवासश्च सौम्यकृच्छ्रः प्रकीर्तितः ॥४५॥
एषां त्रिरात्रमभ्यासादेकैकस्य यथाविधि । तुलापुरुषकृच्छ्रोऽयं ज्ञेयः पञ्चदशाहिकः ॥४६॥

---

વિનાનાં ભોજનમાં ચોવીસ કોળિયા જમવા અને અંતે ઉપવાસ કરવાના જાણવા.[૩૯]

**કૃચ્છ્રાર્ધવ્રત–** એક દિવસ સાયંકાળે અને એક દિવસ પ્રાતઃકાળે જમવું, બે દિવસ માગ્યા વિના મળેલું જમવું ને બે દિવસ ઉપવાસ કરવા.[૪૦]

**કૃચ્છ્રાતિકૃચ્છ્રવ્રત–** કેવળ દૂધનું પાન કરી એકવીસ દિવસ પસાર કરવા તે અને જળનું પાન કરી બાર દિવસ પસાર કરવા તેને પણ ગૌત્તમમુનિએ કૃચ્છ્રાતિકૃચ્છ્રવ્રતકહેલું છે.[૪૧]

**પારાકકૃચ્છ્રવ્રત–** હે ઉત્તમવિપ્ર ! બાર દિવસ ઉપવાસ કરવા તેને ઋષિમુનિઓએ સર્વપાપને નાશ કરનાર અને પાપીને પૂર્ણ શુદ્ધ કરનાર પારાકકૃચ્છ્રવ્રત કહેલું છે.કૃચ્છ્રાતિકૃચ્છ્રવ્રતમાં જળપાન કરવાની નિયમ પ્રમાણેની આજ્ઞા છે જ્યારે અહીં પ્રાણની ગ્લાનિ નિવૃત્ત થાય તે માટે પૂરતું જળ પીવું. કોઈ પણ વ્રતમાં જળ ન પીવું એવો નિયમ નથી.[૪૨]

**સૌમ્યકૃચ્છ્રવ્રત–** વ્રત કરનાર પુરુષે પ્રથમ દિવસે તલનો ખોળ, બીજે દિવસે સાથવો, ત્રીજે દિવસે છાસ અને ચોથે દિવસે ઉપવાસ કરવો. જાબાલિમુનિએ આ ચાર દિવસનું સૌમ્યકૃચ્છ્રવ્રત કહેલું છે.[૪૩] તેમ જ તલનો ખોળ, છાસ, જળ અને દર્ભના જળનું એક એક દિવસ સેવન કરી પાંચમે દિવસે ઉપવાસ કરવો, તેને પરાશરમુનિના મતે સૌમ્યકૃચ્છ્રવ્રત કહેલું છે.[૪૪] તલનો ખોળ, ભાતનું ઓસામણ, છાસ, જળ અને સાથવાનું સેવન કરી પાંચ દિવસ પસાર કરવા ને છઠ્ઠે દિવસે એક ઉપવાસ કરવો તે યાજ્ઞવલ્ક્યમુનિના મતે સૌમ્યકૃચ્છ્રવ્રત કહેલું છે. અહીં દ્રવ્ય લેવાનું માપ તો પ્રાણયાત્રા ચાલે એટલું જ સમજવું.[૪૫]

**તુલા પુરુષ કૃચ્છ્રવ્રત–** તલનો ખોળ, ભાતનું ઓસામણ, છાસ, સાથવો અને જળ આ પાંચ દ્રવ્યોમાંથી એક એક દ્રવ્યનો ત્રણ ત્રણ દિવસ સેવન કરી પંદર

आचाममथ पिण्याकं तक्रं चोदकसक्तुकान् । त्र्यहं त्र्यहं प्रयुञ्जानो वायुभक्षस्त्र्यहद्वयम् ॥४७॥
एकविंशतिरात्रोऽयं तुलापुरुष ईरितः । व्रतभेदेषु सर्वत्र ग्राह्यः स्वशक्तितः ॥४८॥
ब्रह्मकूर्चं प्रवक्ष्यामि व्रतानामुत्तमं व्रतम् । कृतेन येन मुच्यन्ते मनुष्याः सर्वकिल्बिषैः ॥४९॥
उपवासं पूर्वदिने कृत्वा प्रयतमानसः । पञ्चगव्यं द्वितीयेऽह्नि पिबेत्सह कुशाम्भसा ॥५०॥
गोमूत्रं गोमयं क्षीरं दधि सर्पिः कुशोदकम् । निर्दिष्टं पञ्चगव्यं तु पवित्रं कायशोधनम् ॥५१॥
गोमूत्रं ताम्रवर्णायाः श्वेतायाश्चापि गोमयम् । पयः काञ्चनवर्णाया नीलायाश्च तथा दधि ॥५२॥
घृतं च कृष्णवर्णायाः सर्वं कापिलमेव वा । अलाभे सर्ववर्णानां पञ्चगव्येष्वयं विधिः ॥५३॥
गोमूत्रे माषकास्त्वष्टौ गोमयस्य तु षोडश । क्षीरस्य द्वादश प्रोक्ता दध्नस्तु दश कीर्तिताः ॥५४॥
गोमूत्रवत् घृतस्येष्टास्तदर्थं तु कशाम्भसः । गायत्र्यादाय गोमूत्रं गन्धद्वारेति गोमयम् ॥५५॥

---

દિવસ પસાર કરવા તેને તુલા પુરુષ કૃચ્છ્રવ્રત કહેલું છે. આ યાજ્ઞવલ્ક્યનો મત છે.[૪૬] ઓસામણ, તલનો ખોળ, છાસ, જળ અને સાથવો, આ પાંચ દ્રવ્યોને ત્રણ ત્રણ દિવસ ક્રમથી જમીને પછીના છ દિવસ ઉપવાસ કરવા આ એકવીસ દિવસના વ્રતને યમના મતે તુલા પુરુષ કૃચ્છ્રવ્રત કહેલું છે. આવી રીતે કહેલાં સર્વે વ્રતોમાં પોતાની શક્તિ પ્રમાણે થઈ શકે તે કરવાં.[૪૭-૪૮]

**બ્રહ્મકૂર્ચવ્રત–** સર્વે વ્રતોમાં ઉત્તમ બ્રહ્મકૂર્ચવ્રત તમને કહું છું. આ બ્રહ્મકૂર્ચવ્રત કરનાર સર્વ પાપથી મૂકાય છે.[૪૯] તે વ્રત કરનાર મનને નિયમમાં રાખી પ્રથમ દિવસે ઉપવાસ કરે, બીજા દિવસે દર્ભજળની સાથે અતિશય પવિત્ર એવાં પંચગવ્યનું પાન કરે.[૫૦] પંચગવ્યમાં ગોમૂત્ર, ગોમય, ગોક્ષીર, ગોદધિ અને ગાયનું ઘી દર્ભજળની સાથે ગ્રહણ કરવું. આ પ્રમાણે નિર્દેશ કરેલા નિયમ પ્રમાણે પંચગવ્યનું પાન કરવું તે અતિશય પવિત્રકારક અને દેહની શુદ્ધિ કરનારું કહેલું છે.[૫૧]

હવે પંચગવ્યને ગ્રહણ કરવામાં ગાયોનો નિયમ કહું છું. લાલ ગાયનું મૂત્ર લેવું, શ્વેત ગાયનું છાણ લેવું, પીળી ગાયનું દૂધ લેવું, નીલી ગાયનું દહીં લેવું અને કાળી ગાયનું ઘી ગ્રહણ કરવું, આ પૂર્વોક્ત ગાયના અભાવમાં એક કપીલા ગાયનું પંચગવ્ય ગ્રહણ કરવું, પંચગવ્ય સ્વીકારવામાં આ પ્રમાણેનો વિધિ જાણવો.[૫૨-૫૩] તે પણ આ પ્રમાણે લેવું ગોમૂત્ર આઠ માષ, ગોમય સોળ માષ, દૂધ બાર માષ, દહીં દશ માષ, ઘી આઠ માષ અને દર્ભજળ ચાર માષ પરિમિત ગ્રહણ કરવું, તેમાં ગોમૂત્ર ગ્રહણ કરતી વખતે ગાયત્રીમંત્રનું ઉચ્ચારણ કરવું, ગોમય ગ્રહણ કરતી વખતે "ગન્ધદ્વારાં દૂરાધર્ષામ્" મંત્રનું ઉચ્ચારણ કરવું.[૫૪-૫૫] દૂધ ગ્રહણ કરતી

आप्यायस्वेति च क्षीरं दधिक्राव्णेति वै दधि । तेजोऽसि शुक्रमित्याज्यं देवस्य त्वा कुशोदकम् ॥५६
पञ्चगव्यमृचा पूतं होमयेदग्निसन्निधौ । सप्तपत्रास्तु ये दर्भा अच्छिन्नाग्राः शुकत्विषः ॥५७॥
एतैरुद्धृत्य होतव्यं पञ्चगव्यं यथाविधि । इरावती इदं विष्णुर्मानस्तोके च शंवतीः ॥५८॥
एताभिश्चैव होतव्यं हुतशेषं पिबेद्द्विजः । प्रणवेन समालोड्य प्रणवेनाभिमन्त्र्य च ॥५९॥
प्रणवेन समुद्धृत्य पिबेत्तत्प्रणवेन तु । मध्यमेन पलाशस्य पद्मपत्रेण वा पिबेत् ॥६०॥
स्वर्णपात्रेण रौप्येण ब्रह्मतीर्थेन वापि तत् । कथितो ब्रह्मकूर्चोऽयं शारीराघप्रदाहकः ॥६१॥
एतदेव त्र्यहाभ्यस्तं यतिसान्तपनं स्मृतम् । द्वादशाहं तिलैर्वृत्त्या कृच्छ्र आग्नेय उच्यते ॥६२॥
गोनिर्हारविनिर्मुक्त्यवसक्तुभिरेव यत् । वर्तनं मासमेकं तद्याम्यकृच्छ्र इतीर्यते ॥६३॥

---

વખતે ‘‘આપ્યાયસ્ય સ મે તુ તે’’ આ મંત્રનું ઉચ્ચારણ કરવું, દહીં ગ્રહણ કરતી વખતે ‘‘દધિક્રાવ્ણો અકારિષમ્’’ આ મંત્રનું ઉચ્ચારણ કરવું. ઘી ગ્રહણ કરતી વખતે ‘‘તેજો અસિ શુક્રમસિ’’ આ મંત્રનું ઉચ્ચારણ કરવું અને દર્ભજળ ગ્રહણ કરતી વખતે ‘‘દેવસ્ય ત્વા સવિતુઃ’’ આ મંત્રનું ઉચ્ચારણ કરવું.[૫૬] આ કહેલા મંત્રથી પવિત્ર પંચગવ્યનો અગ્નિની સમીપે ઊભા રહી હોમ કરવો. ત્યારે સાત પત્રવાળા, અખંડિત અગ્રભાગવાળા અને લીલી કાંતિવાળા દર્ભોથી તે પદાર્થનો સ્વીકાર કરી વિધિ પ્રમાણે પંચગવ્યનો હોમ કરવો.[૫૭] તે હોમ ‘‘ઈરાવતી ધેનુમતી’’ ‘‘ઈદં વિષ્ણુર્વિચક્રમે’’ ‘‘માનસ્તોકે તનયે માન’’ ‘‘શંવતી પારયતિ’’ અને ‘‘શન્નો દેવીરભિષ્ટય’’ આ પાંચ ઋચાઓ વડે કરવો. અને તેમાંથી બચેલાં પંચગવ્યને દર્ભજળની સાથે વ્રત કરનારા દ્વિજાતિ પુરુષે પાન કરવું, ત્યારે પ્રણવનું ઉચ્ચારણ કરતાં બરાબર હલાવી અભિમંત્રિત કરી તેનું પાન કરવું. તે વખતે ખાખરાના મધ્યમપત્રરૂપ પાત્રથી અથવા કમળના પત્રરૂપ પાત્રથી અથવા સુવર્ણ કે ચાંદીના પાત્રથી તથા જમણા હાથના બ્રહ્મતીર્થથી પાન કરવું. આ બે દિવસનું બ્રહ્મકૂર્ચ નામનું વ્રત શરીરનાં સર્વ પ્રકારનાં પાપોને બાળી નાખે છે.[૫૮-૬૧]

**યતિસાંતપન અને આગ્નેયકૃચ્છ્રવ્રત–** શંખમુનિના કહેવા પ્રમાણે આજ રીતે અભિમંત્રિત કરેલા પંચગવ્યને દર્ભજળની સાથે ત્રણ દિવસ સુધી સેવન કરે તેને યતિસાંતપનવ્રત અને બાર દિવસ તલથી જીવન વિતાવે તેને આગ્નેયકૃચ્છ્રવ્રત કહેલું છે.[૬૨]

**યામ્યકૃચ્છ્રવ્રત–** ગાય પ્રથમ આરોગેલા અને પછી છાણ સાથે બહાર નીકળેલા જવના સાથવાને એક માસ જમે તેને યામ્યકૃચ્છ્રવ્રત કહેલું છે.[૬૩]

गवां निर्हारनिर्मुक्तैर्यवैरेव च वर्तनम् । मासमेकं तु तत्प्रोक्तं यावकं व्रतमुत्तमम् ॥६४॥
मासं चैकं प्रकुर्वीत तिलपिण्याकभक्षणम् । स्वप्रसृतिप्रमाणेन कृच्छ्रः कौबेर उच्यते ॥६५॥
गोमूत्रेणाचरेत्स्नानं गोमयं चापि भक्षयेत् । गवां मध्ये सदा तिष्ठेद्गोपुरीषे च संविशेत् ॥६६॥
गोष्वपीतासु न पिबेदुदकं द्विजसत्तम ! । अभुक्तासु न चाश्नीयादुत्थितासूत्थितो भवेत् ॥६७॥
तथा तासूप्रविष्टासु सर्वासूपविशेन्नरः । मासेनेदृग्व्रतं पुसो गोव्रतं कथ्यते हि तत् ॥६८॥
आमिक्षया च द्वौ मासौ पक्षं तु पयसा ततः । दघ्ना वर्तेत चाष्टाहं त्रिरात्रमपि सर्पिषा ॥६९॥
निराहारस्त्रिरात्रं च व्रतमुद्दालकं त्विदम् । वीरासनेन सहितः कृच्छ्रो बहुगुणो मतः ॥७०॥
उत्थितस्तु दिवा तिष्ठेदुपविष्टस्तथा निशि । एतद्वीरासनं प्रोक्तं महापातकनाशनम् ॥७१॥
एवमेतानि कृच्छ्राणि व्रतानि कथितानि ते । शमनानीह पापानां सर्वेषामपि सुव्रत ! ॥७२॥

---

**યાવકવ્રત** – ગાયના છાણ સાથે નીકળેલા જવનું એક માસ ભક્ષણ કરવું તેને ઉત્તમ યાવકવ્રત કહેલું છે.[૬૪]

**કૌબેરકૃચ્છ્રવ્રત**– એક માસ પર્યંત પોતાના ખોબામાં સમાય તેટલા તલના ખોળનું ભક્ષણ કરવું તેને કૌબેરકૃચ્છ્રવ્રત કહેલું છે.[૬૫]

**ગોવ્રત**– ગોમૂત્રથી સ્નાન કરવું, ગોમયનું ભક્ષણ કરવું, ગાયોની મધ્યે સદાય નિવાસ કરવો અને ગાયના છાણ ઉપર જ શયન કરવું.[૬૬] હે ઉત્તમવિપ્ર ! ગાયો જ્યાં સુધી જળપાન કે આહાર ન કરે ત્યાં સુધી જળ કે આહાર ન કરવો. ગાયો ઊભી રહે ત્યાં સુધી ઊભા રહેવું અને બેસે પછી બેસવું. આ રીતે એક માસ વર્તવું તેને ગોવ્રત કહેલું છે.[૬૭-૬૮]

**ઉદ્દાલકકૃચ્છ્રવ્રત**– ઉકાળેલા દૂધમાં મેળવેલ દહીં માત્ર જમીને બે માસ રહેવું, એક પખવાડીયું માત્ર દૂધપાન કરીને રહેવું, પછી આઠ દિવસ માત્ર દહીં જમવું, ત્રણ દિવસ ઘી, અને છેલ્લે ત્રણ દિવસ ઉપવાસ કરવા. આ પ્રમાણે ત્રણ માસમાં એક દિવસ ઓછું વ્રત કરવું તેને ઉદાલકકૃચ્છ્રવ્રત કહેલું છે આ વ્રત વીરાસન સાથે કરવામાં આવે તો બહુજ ફળદાયી થાય છે.[૬૯-૭૦] વીરાસનનું લક્ષણએ છે કે દિવસે ઊભા રહેવું અને રાત્રીએ બેસવું આ પ્રમાણેનું વીરાસન મહાપાતકને નાશ કરનારૂં કહેલું છે.[૭૧]

હે રૂડાવ્રતવાળા શિવરામવિપ્ર ! આ લોકમાં સર્વ પ્રકારનાં પાપોને શમાવનારાં સર્વે પ્રકારનાં કૃચ્છ્રવ્રતો તમને મેં કહ્યાં.[૭૨] ઉત્તમ દ્વિજોએ વર્ષમાં એકવાર કોઇ પણ એક કૃચ્છ્રવ્રત અજાણતાં થયેલા કોઇ અભક્ષ્યના ભક્ષણ દોષથી

संवत्सरस्यैकमपि चरेत्कृच्छ्रं द्विजोत्तमः । अज्ञातभुक्तशुद्ध्यर्थं ज्ञातस्य तु विशेषतः ॥७३॥
अज्ञातं यदि वा ज्ञातं पापं कृच्छ्रो विशोधयेत् । कृच्छ्रसंशुद्धपापानां नरको न विधीयते ॥७४॥
श्रीकामः पुष्टिकामश्च स्वर्गकामस्तथा पुमान् । देवप्रीणनकामश्च कृच्छ्रं कुर्वीत सर्वथा ॥७५॥

गुरु वा लघु वापि पातकं पुरुषो योऽत्र विधाय तस्य चेत् ।
विदधीत न निष्कृतिं तदा परलोके नरकेषु पच्यते वै ॥७६॥
स ततो यमराजशासनाद्बहुकालेन निकृष्टयोनिषु ।
भुजिशिष्टनिजाघमन्वितं लभते जन्म मुहुश्च दुःखदम् ॥७७॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे प्रायश्चित्तविधौ चान्द्रायणादिव्रतलक्षणनिरूपणनामा सप्तचत्वारिंशोऽध्यायः ॥४७॥*

---

મુક્ત થવા કરવું તેમાં ઉપરોક્ત કોઈ ને કોઈ એક કૃચ્છ્રવ્રત તો અવશ્ય કરવું.[૭૩] આ કૃચ્છ્રવ્રત જાણે કે અજાણે થયેલાં સર્વ પાપથકી નિવૃત્તિ કરે છે અને તેથી શુદ્ધ થયેલા પુરુષોને નરક કે યમયાતના ભોગવવી પડતી નથી. આ પ્રમાણે શાસ્ત્રો કહે છે.[૭૪] શોભા, સંપત્તિને પ્રાપ્ત કરવાની ઈચ્છા, પોતાના દેહને પુષ્ટ કરવાની કે સ્વર્ગની ઈચ્છા અને ભગવાનને પ્રસન્ન કરવાની ઈચ્છા જે પુરૂક્ષને હોય તે પુરુષોએ સર્વ પ્રકારે આ કૃચ્છ્રવ્રતો કરવાં.[૭૫] આલોકમાં જે પુરુષ નાનું કે મોટું પાપ કરીને જો તેનું પ્રાયશ્ચિત કરતા નથી. તે પુરુષો ચોક્કસ નરકમાં પડે છે.[૭૬] ને તેનાં દુઃખો ભોગવીને બહુ કાળને અંતે યમરાજાના આદેશથી બચેલાં પાપને ભોગવવા માટે કૂતરાં, ભુંડ આદિક નીચ યોનિમાં વારંવાર જન્મ પામે છે.[૭૭]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ પ્રાયશ્ચિત વિધિના પ્રકરણમાં ચાંદ્રાયણાદિ વ્રતોનાં લક્ષણોનું નિરૂપણ કર્યું, એ નામે સુડતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૭--**

---

## अष्ठचत्वारिंशोऽध्यायः - ४८

**ब्राह्मण उवाच :-**

भुक्तपापावशेषेण कीदृशेन स कीदृशम् । लभते जन्म तन्मह्यं कृपयाख्यातुमर्हसि ॥१॥

**श्रीनारायणमुनिरुवाच :-**

ब्रह्मन्कर्मविपाकोऽयं धर्मशास्त्रे सविस्तरम् । मुनिभिर्वर्णितोस्तीति तत एव स बुध्यताम् ॥२॥
महापापादिपापानां भेदाः सन्ति सहस्रशः । तत्तत्पापानुरूपं च तत्तत्कर्ताऽऽप्नुयात् फलम् ॥३॥
तत्र सामान्यतस्तेषां समासेन फलं द्विजः । तुभ्यं वदामि तेनान्ये विशेषा अवगम्यताम् ॥४॥
आदौ तु पापकर्माणो देहान्ते यमकिङ्करैः । कर्मानुरूपं पात्यन्ते निरयेष्वतिनिर्दयैः ॥५॥
ततो नरकभोगान्ते कर्मशेषानुसारतः । श्वशूकराहिकाकादियोनौ ते यान्ति सम्भवम् ॥६॥
श्वशूकरखरोष्ट्राणां गोजाविमृगपक्षिणाम् । चण्डालपुल्कसानां च ब्रह्महा योनिमृच्छति ॥७॥
कृमिकीटपतङ्गानां विड्भुजामथ पक्षिणाम् । हिंस्राणां चापि सत्त्वानां सुरापो योनिमाप्नुयात् ॥८॥
लूताहिसरटानां च तिरश्चामम्बुचारिणाम् । हिंस्राणां च पिशाचानां योनिमाप्नोति हेमहृत् ॥९॥

---

# અધ્યાય - ૪૮

## ભગવાન શ્રીહરિએ કરેલું કર્મવિપાકનું નિરૂપણ.

શિવરામ વિપ્ર પૂછે છે, હે ભગવાન ! નરક ભોગવતાં બાકી રહેલાં પાપવાળો પુરુષ કેવા પ્રકારનાં પાપથી કેવા જન્મને પામે છે તે કહો.[૧] ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્, તમે પૂછેલા આ કર્મ વિપાકને ઋષિમુનિઓએ ધર્મશાસ્ત્રોમાં વિસ્તારથી વર્ણન કરેલો છે તો તે થકી જાણવો.[૨] મહાપાપ આદિ પાપોના હજારો ભેદો છે તે પાપને કરનાર જીવ તેને અનુરૂપ ફળને પામે છે.[૩] હે દ્વિજ ! તે બહુ પ્રકારનાં પાપોની મધ્યે તેના સામાન્ય ફળ વિષે સંક્ષેપથી તમને જણાવું છું. તેથી તમારે વિશેષ કર્મફળને જાણી લેવાં.[૪] અતિશય નિર્દયી યમના દૂતો પાપ કરનારા મનુષ્યોને દેહને અંતે કર્મને અનુસારે તેવાં તેવાં નરકમાં નાખે છે.[૫] નરક ભોગવ્યા પછી બાકી રહેલાં કર્મોને અનુરૂપ તે જીવ કૂતરાં, ભૂંડ, સર્પ, કાગડા આદિક નિકૃષ્ટ યોનિમાં જન્મ પામે છે.[૬] તેમાં બ્રહ્મહત્યારા, શ્વાન, ભૂંડ, ખર, ગાય, બકરાં, ઘેટાં, મૃગલાં, પક્ષીઓ, ચંડાળ અને પુલ્કસની યોનિમાં જન્મ પામે છે.[૭] સુરાપાન કરનારા માંસ, વિષ્ટા, છાણ આદિકમાં કીડા આદિક સૂક્ષ્મ જન્મો, પતંગિયાં, વિષ્ટા ખાનાર પક્ષી, વાઘ આદિક હિંસક પ્રાણીઓની યોનિમાં જન્મ પામે છે.[૮] બ્રાહ્મણના સુવર્ણની ચોરી કરનારા, કરોળિયા, સર્પ, કાકીંડા,

तृणगुल्मलतानां च क्रव्यादां दंष्ट्रिणामपि । मुहुर्योनिमवाप्नोति पुरुषो गुरुतल्पगः ॥१०॥
तिर्यक्त्वं प्राप्य मानुष्यं लभन्ते ते यदा तदा । ब्रह्महा श्रयरोगी स्यात् सुरापः श्यावदन्तकः ॥११॥
हेमहारी तु कुनखी दुश्चर्मा गुरुतल्पगः । यो येन संवसत्येषां स तल्लिङ्गोऽभिजायते ॥१२॥
ईर्ष्यालुर्मशकश्च स्याद्द्वीपी स्याद्वेदविक्रयी । वराहत्वं च लभते तथैवायाज्ययाजकः ॥१३॥
गोघ्नो भवेच्च जन्मान्धः सर्वाशी वृषदंशकः । मृष्टैकभोजी च कपिर्मत्सरी भ्रमरस्तथा ॥१४॥
अपण्यविक्रयी गृध्रः पशुगाम्यल्पजिह्वकः । एवमन्ये पापिनोऽपि दुर्योनिं यान्ति कर्मभिः ॥१५॥
ततो मनुष्येष्वरि ते दरिद्रा नित्यदुःखिनः । परतन्त्राश्च जायन्ते रोगिणोऽन्धाश्च केचन ॥१६॥
इत्यादिलक्षणैर्ज्ञेयो विपाकः कर्मणां द्विज ! । पुमानकृतनिर्वेशो यमिहाप्नोति निश्चितम् ॥१७॥

---

તથા જળકૂકડા, માછલાં આદિ જળચરમાં અને પક્ષીઓની યોનિમાં તથા પિશાચ, બ્રહ્મરાક્ષસ આદિ ભૂત-પ્રેતની યોનિમાં જન્મ પામે છે.[૯] તેજ રીતે ગુરૂસ્ત્રી સાથે ગમન કરનારા જનો તૃણ, ગુલ્મ અને લતાના જન્મો પામે છે. તથા માંસભક્ષી દાંતપ્રધાન જંતુના જન્મોને વારંવાર પામે છે.[૧૦]

તે મહાપાપી પશુ, પક્ષી આદિક યોનિમાં જન્મ પામી જ્યારે પુનઃ મનુષ્ય જન્મ પામે છે ત્યારે બ્રહ્મહત્યારા ક્ષયરોગી થાય છે. અને સુરાપાન કરનારા સ્વભાવથી કાળા દાંતવાળા જન્મે છે.[૧૧] સુવર્ણની ચોરી કરનારા કુત્સિત નખવાળા જન્મે છે. ગુરૂસ્ત્રીનો સંગ કરનારા કુષ્ટરોગી થાય છે, અને જે મહાપાપ કરનારા પાપીનો સંગ કરનારા અને તેના મધ્યે વસનારા પણ ઉપરોક્ત કહેલા મહાપાપને અનુરૂપ જન્મો પામે છે.[૧૨] ઈર્ષ્યા કરનારા મચ્છર થાય છે, વેદને વેચનારો વાઘ થાય છે, અયોગ્ય પુરુષ પાસે યજ્ઞ કરાવનારો ભૂંડના જન્મને પામે છે.[૧૩] ગૌહત્યારો જન્મથી અંધ થાય છે, સર્વનું અન્ન જમનારો બિલાડો થાય છે, એકલો મિષ્ટાન્ન ખાનારો વાનર થાય છે, મત્સરવાળો ભમરો થાય છે.[૧૪] નિષિદ્ધ વસ્તુનો વેપારી ગીધ થાય છે, પશુગમન કરનારો દેડકો થાય છે, તેમજ અન્ય પાપી જીવો પણ નરક ભોગવ્યા પછી પણ પોતાના કર્મને અનુસારે નીચ યોનિમાં જન્મ ધરે છે.[૧૫] તે તે યોનિમા જન્મ ધરી દુઃખો ભોગવ્યા પછી ફરી મનુષ્ય યોનિમાં જન્મે છે ત્યારે દરિદ્ર, નિત્યદુઃખી અને પરતંત્ર રહેવાવાળા થાય છે. તેમાં કેટલાક રોગી અને અંધ જન્મે છે.[૧૬] હે વિપ્ર ! આવાં લક્ષણોથી તમારે કર્મવિપાક સમજી લેવો. આ કર્મવિપાક જે મનુષ્ય આલોકમાં પાપનું પ્રાયશ્ચિત કરતો નથી તે જ પામે છે તેમાં કોઈ સંશય નથી.[૧૭] તેથી નાનું કે મોટું જે કાંઈ પાપ થયું હોય તેનું શાસ્ત્ર સંમત

प्रायश्चित्तमतोऽघस्य गुरुणो लघुनोऽपि वा । शीघ्रमत्रैव कर्तव्यं सुधिया शास्त्रसम्मतम् ॥१८॥
अन्यथा तु महद्दुःखं प्राप्यमस्त्येव तत्फलम् । इति सर्वत्र शास्त्रेषु निश्चित्यैवास्ति वर्णितम् ॥१९॥
एवं धर्मा द्विज ! प्रोक्ता वर्णाश्रमवतां नृणाम् । वर्णाश्रमेतरेषां च सङ्क्षेपेण सनिष्कृताः ॥२०॥
एतान् धर्मान् मदुक्तान् ये कीर्तयिष्यन्ति भक्तितः । श्रोष्यन्ति वा तेऽपि जना भविष्यन्ति निरेनसः ।२१
धर्मतत्त्वमिति प्रोक्तं मया नृणां हिताय वै । प्रायशोऽत्रार्षवाक्यानि तदर्थश्चास्ति वर्णितः ॥२२॥

**सुव्रत उवाच :-**

इति श्रुत्वा वचस्तस्य साक्षाद्भगवतो द्विजः । स भूप ! परमप्रीतो नत्वा तुष्टाव तं प्रभुम् ॥२३॥

**ब्राह्मण उवाच :-**

धर्मकर्ता धर्मवक्ता धर्मात्मा धर्मसंस्थितिः । धर्मरक्षावतारो मे प्रीयतां धर्मनन्दनः ॥२४॥

---

પ્રાયશ્ચિત ડાહ્યા મનુષ્યોએ તત્કાળ કરવું.[૧૮] જો ન કરે તો મહાદુઃખરૂપી ફળની પ્રાપ્તિ થાય છે તે સર્વ વાત શાસ્ત્રમાં નિશ્ચિતપણે વર્ણવી છે.[૧૯]

હે દ્વિજ ! આ પ્રમાણે વર્ણાશ્રમવાળા કે તેનાથી બહારના મનુષ્યોના પ્રાયશ્ચિત વિધિ સાથેના ધર્મો સંક્ષેપથી અમે તમને કહ્યા છે.[૨૦] આ ધર્મોને જે મનુષ્યો ભક્તિભાવપૂર્વક કહેશે અને સાંભળશે તે સર્વે જનો નિષ્પાપ થશે.[૨૧] મનુષ્યોનું હિત કરવા માટે અમે તમને આ ધર્મતત્ત્વનું રહસ્ય સમજાવ્યું છે. તેમાં ઘણું કરીને આર્ષ વાક્યો અને તેના અર્થોનું વર્ણન કરીને સંભળાવ્યાં છે.[૨૨]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે સાક્ષાત્ ભગવાન શ્રીનારાયણમુનિએ જે વચનો કહ્યાં તેને સાંભળીને શિવરામવિપ્ર અતિશય આનંદ પામ્યા અને શ્રીહરિને નમસ્કાર કરી તેમની સ્તુતિ કરવા લાગ્યા.[૨૩]

**શિવરામ વિપ્રે કરેલું શ્રીહરિનું સ્તવન :–** હે પ્રભુ ! તમે જ સ્વયં પોતાના આશ્રિત ભક્તોની શિક્ષાને માટે વેદોક્ત સદાચારરૂપ ધર્મોનું અનુષ્ઠાન કરનારા છો અને વેદોક્ત ધર્મના વક્તા પણ તમે જ છો. ધર્મપ્રિય, ધર્માત્મા એવા તમે સદાય ધર્મમાં જ વર્તો છો. વળી ધર્મની રક્ષા કરવા માટે તમે યુગયુગને વિષે વરાહ આદિક અવતારોને ધારણ કરો છો. એવા હે ધર્મનંદન ! તમે મારા ઉપર પ્રસન્ન થાઓ.[૨૪] હે પ્રભુ ! તમે ધર્મ અને ભક્તિને ઈચ્છિત સુખ આપનારા છો, અને ધર્મ સહિત જ ભક્તિ કરવી, એવો પોતાના આશ્રિત ભક્તજનોને બોધ આપો છો, ધર્મનિષ્ઠજનોને બહુ પ્રિય છો. એવા હે ધર્મનંદન ! તમે મારા ઉપર પ્રસન્ન થાઓ.[૨૫] હે પ્રભુ ! તમે અસુરોએ ક્ષીણ કરેલા ધર્મનું ઉન્મૂલન કરી આ પૃથ્વી પર

धर्मभक्तीष्टसुखदो धर्मयुग्भक्तिबोधकः । धर्मनिष्ठजनप्रेष्ठः प्रीयतां धर्मनन्दनः ॥२५॥
धर्मस्थापन उद्योक्तो धर्मशास्त्रप्रवर्तकः । धर्मयुक्ज्ञानवक्ता प्रीयतां धर्मनन्दनः ॥२६॥
धर्महीनोन्मूलनकृद्धर्मरूपप्रकाशकः । धर्मकार्यरतो नित्यं प्रीयतां धर्मनन्दनः ॥२७॥
धर्मधर्माश्रयो धर्मरुचिर्धर्मी धर्मधुरन्धरः । धर्मनिष्ठजनैः सेव्यं प्रीयतां धर्मनन्दनः ॥२८॥
धर्मविज्ञो धर्मवपुर्धर्मरूपाखिलक्रियः । धर्मकीर्तिर्धर्ममतिः प्रीयतां धर्मनन्दनः ॥२९॥
धर्मसर्गैकसम्पोष्टा धर्मवंश्याहितस्वधूः । धर्मेष्टदेवो धर्माख्यः प्रीयतां धर्मनन्दनः ॥३०॥
धर्मरक्षणविख्यातो धर्मपत्नीस्तनन्धयः । धर्मोद्धवपथाचार्यः प्रीयतां धर्मनन्दनः ॥३१॥

**सुव्रत उवाच :-**

इति स्तुत्वा हरिं राजन् शिवरामः स वाडवः । प्रणनामाथ विप्रांस्तान् धर्मान्सर्वानबूबुधत् ॥३२॥

---

**ધર્મશાસ્ત્રોનું સ્થાપન કરેલું છે. અને આત્મા પરમાત્માનો બોધ આપનારા છો. એવા હે ધર્મનંદન ! તમે મારા ઉપર પ્રસન્ન થાઓ.[૨૬] હે પ્રભુ ! તમે ધર્મહીન આસુરી સંપત્તવાળા જનોનું મૂળ ઉખેડીને જેવા છે તેવા ધર્મના સ્વરૂપને પ્રકાશ કરનારા છો. તમે હમેશાં ધર્મકાર્ય કરવામાં તત્પર વર્તો છો. એવા હે ધર્મનંદન! તમે મારા ઉપર પ્રસન્ન થાઓ.[૨૭]**

**હે પ્રભુ ! તમે ધર્મના એક આધાર અને ધર્મને વિષે રૂચિવાળા છો. ધાર્મિક છો, ધર્મધુરંધર છો. અને ધર્મનિષ્ઠ જનોને માટે તમે સેવ્ય સ્વરૂપ છો. એવા હે ધર્મનંદન ! તમે મારા ઉપર પ્રસન્ન થાઓ.[૨૮] હે પ્રભુ ! તમે સવિશેષ ધર્મના સ્વરૂપને જાણો છો, ધર્મમૂર્તિ છો, અખિલ ધર્મરૂપ ક્રિયાવાળા છો, ધર્મરૂપ કીર્તિને ધારણ કરનારા અને ધાર્મિક બુદ્ધિવાળા છો. એવા હે ધર્મનંદન ! તમે મારા ઉપર પ્રસન્ન થાઓ.[૨૯] હે પ્રભુ ! તમે જ એક ધર્મસર્ગનું પોષણ કરનારા છો, ધર્મવંશીઓમાં તમે તમારી ધર્મધુરાનું સ્થાપન કરેલું છે. ધર્મના આવતાર એવા પિતા ધર્મદેવને માટે તમે આરાધના કરવા યોગ્ય ઈષ્ટદેવ છો અને ધર્મરૂપ નામને ધારણ કરનારા છો. એવા હે ધર્મનંદન ! તમે મારા ઉપર પ્રસન્ન થાઓ.[૩૦] હે પ્રભુ ! તમે ધર્મનું રક્ષણ કરેલું છે, એવી સમગ્ર જનોમાં પ્રસિદ્ધિ થઈ છે. દિવ્ય સ્વરૂપે રહેલી ધર્મદેવની શ્રદ્ધાદિ બાર પત્નીઓનું બાર સ્વરૂપ ધારણ કરી તમે સ્તનપાન કર્યું હતું, વળી ધર્મ સ્વરૂપ અને ઉદ્ધવસંપ્રદાયના આચાયપણે વિરાજમાન એવા હે ધર્મનંદન ! તમે મારા ઉપર પ્રસન્ન થાઓ.[૩૧]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે શિવરામ વિપ્રે ભગવાન**

धर्मशास्त्रमिदं नित्यं ये पठेयुर्जना भुवि । विद्युस्ते स्वस्वधर्मान्वै साङ्कर्यं चापि नाप्नुयुः ॥३३॥
धर्मनिष्ठाश्च ते नूनमिह लोके परत्र च । कीर्तिं सुखं च विपुलं प्राप्नुयुर्नात्र संशयः ॥३४॥
कृपा श्रीवासुदेवस्य तेष्वेव भवति ध्रुवम् । ततस्ते संसृतेर्नूनं मुच्यन्ते पुरुषा नृप ! ॥३५॥
तस्मादिदं सदा श्रव्यं पठनीयं च भक्तितः । पुम्भिः स्त्रीभिर्हरेर्भक्तैः स्वस्वधर्मबुभुत्सुभिः ॥३६॥
श्रेयस्करान्मानवदेहभाजां जगाद सामान्यविशेषधर्मान् ।
स्वसंश्रितब्राह्मणमीश्वरो यो नारायणं तं मुनिमानतोऽस्मि ॥३७॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे धर्मोपदेशे प्रायश्चित्तविधौनिरूपणनामाष्टचत्वारिंशोऽध्यायः ॥४८॥*

---

શ્રીહરિની સ્તુતિ કરી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા ને શ્રીહરિએ કહેલા ધર્મોનો અન્ય શ્રીહરિના આશ્રિત બ્રાહ્મણોને બોધ આપવા લાગ્યા.[૩૨] હે રાજન્ ! આ ધર્મશાસ્ત્રનો પૃથ્વી પર જે જનો નિત્યે પાઠ કરશે તે જનોને પોતાના ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થશે તેથી ધર્મસાંકર્યપણું પામશે નહિ.[૩૩] અને ધર્મનિષ્ઠ થઈ આલોક તથા પરલોકમાં અતિશય કીર્તિવાન થઈ બહુ મોટા સુખને નિશ્ચે પામશે, તેમાં કોઈ સંશય નથી.[૩૪] હે રાજન્ ! શ્રીવાસુદેવ ભગવાનની કૃપા ધાર્મિક પુરુષો ઉપર જ થાય છે, અને તેઓની સંસૃતિમાંથી મુક્તિ થાય છે.[૩૫] તેથી પોતાના ધર્મને જાણવા ઈચ્છતા શ્રીહરિના ભક્ત સ્ત્રી-પુરુષોએ આ ધર્મશાસ્ત્રનું ભક્તિ પૂર્વક સદાય શ્રવણ કરવું ને પાઠ કરવો.[૩૬] પરમેશ્વર માનવદેહ ધરી શ્રીનારાયણમુનિરૂપે મનુષ્યોના કલ્યાણકારી સામાન્ય અને વિશેષ ધર્મો પોતાના ભક્ત શિવરામવિપ્રને કહ્યા છે. તે શ્રીનારાયણમુનિને હું નમસ્કાર કરૂં છું. આવા ધર્મોપદેશ કરનારા ધર્મપ્રિય શ્રીહરિ સદાય મારા અંતરમાં નિવાસ કરીને રહો.[૩૭]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ પ્રાયશ્ચિતવિધિમાં કર્મવિપાકનું નિરૂપણ કર્યું, અને શિવરામવિપ્રે શ્રીહરિની સ્તુતિ કરી, એ નામે અડતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૮--***

---

एकोनपञ्चाशत्तमोऽध्यायः - ४९

सुव्रत उवाच :-

इत्थं धर्मान्प्रवदतः कुर्वतोऽसंशयान् स्वकान् । सद्वार्ताश्च प्रतिदिनं सार्धं वर्षमगाद्धरेः ॥१॥
वासन्तमुत्सवं कृत्वा दुर्गपत्तन एव सः । ययौ श्रीनगरं राजन् ! सहितो निजसेवकैः ॥२॥
सम्भारेणैव महता पुष्पदोलोत्सवं हरिः । कृत्वा महान्तं तत्राथ वृत्तालयमुपागमत् ॥३॥
तत्र रामनवम्यां च स तु कृत्वा महोत्सवम् । पुनर्दुर्गपुरं प्रायाच्चैत्र्यामेव सहानुगैः ॥४॥
द्वितीयायां सुवासीनं कृष्णायामथ तं नृपः । उत्तमः प्राञ्जलिर्नत्वा प्रोवाच विनयान्वितः ॥५॥
सर्वे मनोरथाः स्वामिन्नस्माकं कृपया त्वया । प्रपूरिताः सेवकानां प्रभुणा दीनबन्धुना ॥६॥
इच्छा त्वेकास्ति हृदये मम स्वस्रोश्च सत्पते ! । पौराणां चापि सर्वेषां तां पूरयितुमर्हसि ॥७॥
कृष्णमन्दिरमत्रापि कारणीयं त्वयेति नः । प्रार्थितं भवति स्वामिन्नवश्यं कार्यमेव तत् ॥८॥

---

## અધ્યાય - ૪૯

## અમદાવાદ અને વડતાલનો ઉત્સવ કર્યો અને ગઢપુરનું મંદિર કરવાની ઉત્તમરાજાએ કરેલી પ્રાર્થના.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ઉપરોક્ત પ્રકારે પ્રતિદિન ધર્મસંબંધી વાર્તા કરી ભક્તજનોને નિઃસંશય કરતા શ્રીહરિને દોઢ વર્ષ વ્યતીત થયું.[૧] પછી ભગવાન શ્રીહરિ ગઢપુરમાં સંવત ૧૮૮૪ ના મહાસુદ પાંચમને દિવસે વસંતનો ઉત્સવ ઉજવી પોતાના સેવકો સાથે શ્રીનગરમાં પધાર્યા.[૨] ત્યાં મોટી સામગ્રીથી સંવત ૧૮૮૪ ના ફાગણવદ પડવાને દિવસે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં પુષ્પદોલોત્સવ ઉજવી શ્રીહરિ વડતાલપુરે પધાર્યા.[૩] ત્યાં પણ રામનવમીનો ઉત્સવ કરી સેવકોની સાથે ચૈત્રસુદ પૂનમને દિવસે ફરી ગઢપુર પધાર્યા.[૪]

ત્યારપછી સંવત ૧૮૮૪ના ચૈત્રવદ બીજને દિવસે આસન ઉપર સુખપૂર્વક બેઠેલા ભગવાન શ્રીહરિને ઉત્તમરાજા બન્ને હાથ જોડી વિનયપૂર્વક નમસ્કાર કરી કહેવા લાગ્યા કે હે સ્વામિન્ ! દીનબંધુ ! પ્રભુ ! તમે કૃપા કરીને તમારા સેવક સ્થાને રહેલા અમારા સર્વે મનોરથ પૂર્ણ કરેલા છે.[૫-૬] હે સંતોના સ્વામી ! મારી તથા જયા અને લલિતા એ બે બહેનોની તેમજ ગઢપુરવાસી સર્વ ભક્તજનોની અંતરમાં એક જ ઇચ્છા વર્તે છે, તેને તમે પૂરી કરો.[૭] એવી અમારી પ્રાર્થના છે. હે સ્વામિન્ ! તમે આ ગઢપુરમાં સર્વે મંદિરોમાં શ્રેષ્ઠ એવું શ્રીકૃષ્ણ ભગવાનનું

सुव्रत उवाच :-

इति सम्प्रार्थितो राज्ञा प्रसन्नो हरिराह तम् । यादृशीच्छास्ति वो राजन्करिष्यामि तथा त्वहम् ॥९॥
इत्युक्त्वा तं स च मुनिं विरक्तानन्दमुचिवान् । मुने त्वयाऽत्र कृष्णस्य कारणीयं सुमन्दिरम् ॥१०॥
अपेक्षितानि द्रव्याणि तत्रायं भूप उत्तमः । त्वदाज्ञायां वर्तमानः सर्वाण्याहारयिष्यति ॥११॥
अहं च प्रायशोऽत्रैव स्थितोऽस्मीति कदाचन । प्रष्टव्यं यदि किञ्चित्स्यात्तदा पृच्छेश्च मामपि ॥१२॥
इत्युक्तः स तथेत्याह मुनिर्वचनकृद्धरेः । आनन्दं प्राप नृपतिस्तत्स्वसारौ च नागराः ॥१३॥
आहूय शिल्पिनः सुज्ञान्स मुनिर्मन्दिरं ततः । आररम्भन्नृपस्तत्र द्रव्याण्याहारयच्च सः ॥१४॥
हरिश्च प्रायशो नित्यं तत्रैत्योपाविशन्नृप ! । प्रशंसन् शिल्पिनां दाक्ष्यं भक्तांश्चानन्दयन्निजान् ॥१५॥
आरम्भिते भगवता मन्दिरे तत्र शोभने । अनूपसिंह आगच्छत्तं नेतुं जीर्णदुर्गतः ॥१६॥

---

શિખરબંધ મંદિર કરો. આવી અમારી પ્રાર્થના તમો અવશ્ય પૂરી કરશો એવો અમને વિશ્વાસ છે.[૮]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ઉત્તમરાજાએ પ્રાર્થના કરી, તેથી ભગવાન શ્રીહરિ અતિશય પ્રસન્ન થયા ને ઉત્તમરાજાને કહેવા લાગ્યા કે, હે રાજન્ ! તમારી જેવી ઈચ્છા છે તે પ્રમાણે અમે કરીશું.[૯] આ પ્રમાણે ઉત્તમ રાજાને કહી શ્રીહરિ વિરક્તાનંદ મુનિને કહેવા લાગ્યા કે, હે મુનિ ! તમે અહીં શ્રીકૃષ્ણ ભગવાનનું સુંદર મંદિર કરો.[૧૦] તે મંદિર નિર્માણમાં ઉપયોગી સર્વે સામગ્રી તમારી આજ્ઞા પ્રમાણે આ ઉત્તમરાજા લાવીને પૂરી કરશે.[૧૧] હું પણ ઘણું કરીને અહીંજ રહીશ. તેથી ક્યારેક કાંઈક પૂછવાનું થાય તો અવશ્ય મને પૂછજો.[૧૨] હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું, ત્યારે તેમનું વચન સાંભળી વિરક્તાનંદ સ્વામીએ કહ્યું, હે મહારાજ ! તમે જેમ કહ્યું તેમ હું કરીશ, તે સાંભળી ઉત્તમરાજા અને તેમની બન્ને બહેનો જયા અને લલિતા તથા ગઢપુરવાસી સર્વે જનો પણ ખૂબજ પ્રસન્ન થયાં.[૧૩] પછી વિરક્તાનંદ મુનિ શિલ્પશાસ્ત્રના જ્ઞાતા રત્નાભાઈ આદિ શિલ્પીઓને બોલાવ્યા ને મંદિર નિર્માણનું કાર્ય પ્રારંભ કર્યું. તેમાં જે કાંઈ ઉપયોગી સામગ્રી જોતી હતી તે ઉત્તમરાજાએ લાવી આપી.[૧૪] અને ભગવાન શ્રીહરિ ઘણું કરીને મંદિર નિર્માણના સ્થાને આવીને બેસતા. શિલ્પીઓની ચતુરાઈની પ્રશંસા કરતા ને પોતાના ભક્તજનોને આનંદ ઉપજાવતા .[૧૫]

**જુનાગઢમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવા અનુપસિંહની પ્રાર્થના :-** હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ ગઢપુરમાં મંદિર નિર્માણનો પ્રારંભ કરી દીધેલો છે,

भगवन्तं समेत्यासौ प्रणम्य प्राञ्जलिः स्थितः । उवाच भगवन् ! जातं जीर्णदुर्गे हि मन्दिरम् ॥१७॥
साकं मुनिगणैस्तत्र त्वमागत्य सपार्षदः । कुरु प्रतिष्ठां कृष्णस्य यथाकालं यथाविधि ॥१८॥
इति तस्य हरिर्वाक्यं श्रुत्वा हृष्टो द्विजोत्तमान् । पप्रच्छाऽऽहूय कृष्णस्य प्रतिष्ठायाः क्षणं शुभम् ॥१९
राधाकृष्णद्वितीयायां गुरुवारे शुभो हि सः । इति मौहूर्तिकाः प्रोचुस्तेभ्योऽदाद्दक्षिणां हरिः ॥२०॥

ततः समेतो निजपार्षदाग्रयैः स्वभ्रातृपुत्रैर्मुनिवर्णिभिश्च ।
ययौ हरी राधसिते दशम्यां प्रापज्जयायामथ जीर्णदुर्गम् ॥२१॥
आयान्तमाश्रुत्य च तं प्रहृष्टा हेमष्टा हेमन्तसिंहादय आशु पौराः ।
निर्यान्ति प्रत्युद्गमनाय पुर्या यावद्धरिस्तावदवाप तां सः ॥२२॥
प्रणम्य तं तेन च मानितास्ते निवेशनं तस्य सहानुगस्य ।
यथोचितं वेश्मसु कारयित्वा चक्रुर्मुदातिथ्यमतिप्रसन्नाः ॥२३॥

---

એ અવસરે તેમને જુનાગઢ લઈ જવા માટે હેમંતસિંહ રાજાના નાનાભાઈ અનુપસિંહ ગઢપુરમાં શ્રીહરિની સમીપે આવી પ્રણામ કરી બે હાથ જોડી કહેવા લાગ્યા કે, હે ભગવાન્ ! જુનાગઢના મંદિર નિર્માણનું કાર્ય પૂર્ણ થયેલું છે.[૧૬-૧૭] તો હે સ્વામિન્ ! સંતો અને પાર્ષદોની સાથે તમે જુનાગઢ પધારીને મુહૂર્ત પ્રમાણે વિધિપૂર્વક શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિષ્ઠા કરો.[૧૮] હે રાજન્ ! આ પ્રમાણેનાં અનુપસિંહનાં વચન સાંભળી શ્રીહરિ અતિશય પ્રસન્ન થયા. અને જ્યોતિષને જાણનારા રામચંદ્રાદિ ઉત્તમ બ્રાહ્મણોને બોલાવી પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત પૂછવા લાગ્યા.[૧૯] ત્યારે પંચાંગમાં જોઈ વિપ્રો કહેવા લાગ્યા કે હે શ્રીહરિ ! સંવત ૧૮૮૪ ના વૈશાખવદ બીજના ગુરુવારે પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત છે. આ પ્રમાણે બ્રાહ્મણોએ કહ્યું, તે સાંભળી શ્રીહરિએ તેઓને ખૂબજ દક્ષિણા આપી.[૨૦] ત્યારપછી શ્રીહરિ પાર્ષદો, સર્વે સંતો, સર્વે બ્રહ્મચારીઓ તથા ભાઈના પુત્રો આદિ ધર્મવંશી પરિવારે સહિત વૈશાખ સુદ દશમીના દિવસે જુનાગઢ જવા ગઢપુરથી પ્રયાણ કર્યું અને વૈશાખ સુદ ૧૩ ના જુનાગઢ પધાર્યા.[૨૧]

શ્રીહરિનું આગમન સાંભળી અત્યંત પ્રસન્ન થયેલા હેમંતસિંહ આદિક જુનાગઢવાસી જનો નગરથી બહાર નીકળી શ્રીહરિની સન્મુખ જેવા પધાર્યા, તેવામાં જ શ્રીહરિ પણ સંતો પાર્ષદોની સાથે નગરની સમીપે આવી પહોંચ્યા.[૨૨] ત્યારે સર્વે જનોએ ભગવાન શ્રીહરિને પ્રણામ કર્યા, અને શ્રીહરિએ પણ સર્વેને બહુમાન આપી બોલાવ્યા. તેથી અતિશય પ્રસન્ન થયેલા ભક્તજનોએ શ્રીહરિને જુદા જુદા મહેલોમાં યથાયોગ્ય નિવાસ કરાવ્યો અને શ્રીહરિનો અતિ હર્ષથી સત્કાર કર્યો.[૨૩]

ततो हरिर्मन्दिरमेत्य तच्च समन्ततो वीक्ष्य बभूव हृष्टः ।
मुहुः स सर्वान्प्रशशंस शिल्पिवर्यांश्च भूपं च मुनिं स्वकीयम् ॥२४॥
हेमन्तसिंहस्य निकेतनेऽथ स्वावासमागत्य स राजकीयैः ।
आहारयामास महोपहारान् देवप्रतिष्ठाविहितान् यथार्हम् ॥२५॥
पौरैर्द्विजेन्द्रैर्निगमागमज्ञैः प्रोक्तेन चासौ विधिना चकार ।
दिनद्वयेन प्रतिमाप्रतिष्ठां कृष्णस्य कृष्णः स्वमेव राजन् ॥२६॥
वेदाष्टवस्वेकमिताब्दराधकृष्णद्वितीयादिवसादिमार्धे ।
स मन्दिरे स्थाप्यति स्म साक्षाच्छ्रीद्वारिकेशं नृप ! ॥२७॥
श्रीद्वारिकाधीश्वरदक्षभागे ततश्च राधारमणस्य मूर्तिम् ।
स स्थापयामास सुमन्दिरेऽसौ यद्दर्शनात्तीर्थफलं त्विह स्यात् ॥२८॥
कृष्णस्य वामेऽथ च मन्दिरेऽसौ सिद्धेश्वरं शङ्करमम्बिकां च ।
विनायकं चापि सुदर्शनीयं यथाविधि स्थापयति स्म दैविः ॥२९॥

---

**પછી શ્રીહરિ મંદિરમાં પધારી ચારે તરફથી મંદિરને નિહાળી અતિશય પ્રસન્ન થયા ને સર્વે શિલ્પીઓની, હેમંતસિંહ રાજાની અને મંદિર કરાવનારા પોતાના સખા બ્રહ્માનંદ સ્વામીની વારંવાર ખૂબજ પ્રશંસા કરી.[૨૪] પછી હેમંતસિંહ રાજાના ભવનમાં પોતાને ઉતારે આવી દેવપ્રતિષ્ઠામાં ઉપયોગી યથાયોગ્ય સર્વે મહાસામગ્રી રાજસેવકો પાસે ભેળી કરાવી.[૨૫]**

**જુનાગઢમાં રાધારમણ દેવનો પ્રતિષ્ઠા મહોત્સવ :–** હે રાજન્ ! સ્વયં શ્રીહરિએ જુનાગઢ નિવાસી તેમજ નિગમ-આગમ શાસ્ત્રોના જ્ઞાતા એવા ઉત્તમ બ્રાહ્મણો દ્વારા શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિપ્રતિષ્ઠાનો વિધિ બે દિવસ પર્યંત કરાવ્યો.[૨૬] હે રાજન્ ! સંવત ૧૮૮૪ના વૈશાખ વદ બીજ ને ગુરુવારને દિવસે, દિવસનો પહેલો ભાગ અર્ધો વીત્યો ત્યારે મધ્ય મંદિરમા સ્વયં પોતે શ્રીહરિએ સાક્ષાત્ શ્રીદ્વારિકાધીશની સ્થાપના કરી.[૨૭] ત્યારપછી દ્વારિકાધીશની જમણીબાજુના મંદિરમાં શ્રીરાધારમણદેવની સ્થાપના કરી. આ દ્વારિકાધીશ અને રાધારમણ દેવનાં દર્શન કરવાથી દ્વારિકા અને વૃંદાવન તીર્થની યાત્રાનું ફળ સંપૂર્ણ પ્રાપ્ત થાય છે.[૨૮] પછી દેવશર્માના પુત્ર ભગવાન શ્રીહરિએ દ્વારિકાધીશના મંદિરની ડાબી બાજુના મંદિરમાં અતિશય દર્શનીય એવા સિધ્ધેશ્વર શંકર ભગવાન, પાર્વતીદેવી, ગણપતિદેવ અને નંદીકેશ્વરની સ્થાપના કરી.[૨૯]

હે રાજન્ ! શ્રીહરિએ પૂર્વે વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણ ભગવાનની

वृत्तालयेऽसौ च यथैव लक्ष्मीनारायणस्थापन उत्सवं प्राक् ।
चक्रे तथेहापि महान्तमेव कृष्णप्रतिष्ठोत्सवमाचचार ॥३०॥
यथाविधीत्थं त्रिषु मन्दिरेषु देवप्रतिष्ठां स विधाय राजन् ! ।
गोभूहिरण्यानि तिलान् द्विजेभ्यो नूत्नानि वासांसि बहूनि चादात् ॥३१॥
विप्रान्समग्रान् पुरवासिनोऽथ ग्रामान्तरेभ्योऽपि समागतान्सः ।
सन्तर्पयामास तदिष्टभोज्यैर्यथोचितं रौप्यकदक्षिणाभिः ॥३२॥
सौराष्ट्रदेशाधिपतिश्च तस्य बह्वादरो वीक्ष्य महाप्रतापम् ।
साश्चर्यमागत्य तदीयपार्श्वं प्रणम्य तस्थौ नृप ! दासवच्च ॥३३॥
तं मानयामास हरिस्ततोऽस्मै तन्मन्दिरक्ष्मातलधर्मपत्रम् ।
कृत्वा ददौ स्वे विषये च तस्य धान्यानयादेरपशुल्कतां सः ॥३४॥
मदर्हकार्यं भवतां भवेद्यत्तत्सर्वथा मे कथनीयमेव ।
इत्यर्थयित्वा स महीपतिस्तं तदाज्ञया स्वं निलयं जगाम ॥३५॥

સ્થાપના કરી અને જેવો ઉત્સવ ઉજવ્યો હતો તેવોજ મોટો મહોત્સવ અહીં જુનાગઢમાં દ્વારિકાધીશની સ્થાપનામાં પણ ઉજવ્યો.[૩૦] આ પ્રમાણે ત્રણે મંદિરોમાં વિધિપૂર્વક દેવપ્રતિષ્ઠા કરી. ગાયો, ભૂમિ, સુવર્ણ, તલ અને નવીન બહુ વસ્ત્રો બ્રાહ્મણોને દાનમાં આપ્યાં.[૩૧] આ પ્રમાણે પુરવાસી અને દેશાંતરથી પધારેલા સર્વે બ્રાહ્મણોને ઇચ્છિત ભોજનો જમાડી યથાયોગ્ય સર્વેને રૂપિયાની દક્ષિણા આપી સંતુષ્ટ કર્યા.[૩૨] ત્યારે સૌરાષ્ટ્રદેશના અધિપતિ બહાદુરખાન રાજા શ્રીહરિનો મહાપ્રતાપ નિહાળી આશ્ચર્ય પામી શ્રીહરિની સમીપે પધાર્યા ને વિનય સહિત પ્રણામ કરી દાસની જેમ સામે ઊભા રહ્યા.[૩૩] ત્યારે શ્રીહરિએ તે જુનાગઢના નવાબ બહાદુરખાનને બહુમાન આપીને બોલાવ્યા, તેથી અતિશય રાજી થયેલા રાજાએ તે મંદિરની જગ્યાનો ધાર્મિક દસ્તાવેજ કરી આપ્યો. અને લેખની સાથે પોતાના દેશમાં મંદિરને ઉપયોગી ધાન્ય, ઘી, ગોળ આદિ સમગ્ર પદાર્થો લઇ આવવા નિમિત્તમાં કરમાફીની પત્રિકા પણ લખી શ્રીહરિના હસ્ત કમળમાં સમર્પિત કરી.[૩૪] અને કહેવા લાગ્યા કે, હે ભગવાન્ ! તમારે મારા યોગ્ય કંઇ સેવાકાર્ય હોય તો મને સર્વપ્રકારે જણાવજો, હું એ કરી આપીશ. આ પ્રમાણે નવાબે ભગવાન શ્રીહરિને કહ્યું. પછી શ્રીહરિની રજા લઇ પોતાના નિવાસસ્થાને ગયા.[૩૫]

પછી જુનાગઢ નિવાસી હેમંતસિંહ આદિ ભક્તજનોએ સુગંધીમાન ચંદન, પુષ્પના હારો તથા અમૂલ્ય વસ્ત્રો આભૂષણોથી શ્રીહરિની પૂજા કરી, પછી સકલ

सोऽथार्चितो भक्तजनैः सुगन्धपुष्पांशुकस्वर्णविभूषणाद्यैः ।
तद्देवसेवोत्सवसुव्यवस्थां चकार भूमा दशमीनिशायाम् ॥३६॥
एकादश्यामुत्सवं तत्र कृत्वा प्रातः कृत्वा पारणां चापरेद्युः ।
भक्तैः साकं निर्ययौ स्वानुयातैः पुर्यास्तस्याः स्तूयमानो जनौघैः ॥३७॥
सन्निवर्त्य पुरवासिनो हरिः स्वाननुव्रजत आस्रवद्दृशः ।
सानुगः पथि निजांश्च रञ्जयन् दर्श आप नृप ! दुर्गपत्तनम् ॥३८॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे जीर्णदुर्गे श्रीद्वारिकेशादिप्रतिष्ठानिरूपणनामैकोनपञ्चाशत्तमोऽध्यायः ॥४९॥*

---

**સદ્‌ગુણોના સ્વામી ભગવાન શ્રીહરિએ વૈશાખવદ દશમીની રાત્રીએ દેવોની સેવા પૂજાની વ્યવસ્થા તથા ઉત્સવો ઉજવવાની વ્યવસ્થા સુંદર રીતે ગોઠવી આપી.[૩૬] પછી જુનાગઢમાં એકાદશીનો ઉત્સવ ઉજવી બારસને દિવસે પ્રાતઃકાળે પારણા કરી પોતાના આશ્રિત ભક્તજનોના સમૂહોએ કરેલી સ્તુતિ સાંભળી શ્રીહરિ પોતાના અનુયાયી વર્ગોની સાથે જુનાગઢથી નીકળ્યા.[૩૭] હે રાજન્ ! શ્રીહરિનો વિયોગ સહન ન થવાથી જુનાગઢવાસી ભક્તજનોનાં નેત્રો અશ્રુથી ભરાયાં ને શ્રીહરિની પાછળ પાછળ ચાલવા લાગ્યા. તે સર્વેને શ્રીહરિ પાછા વાળી માર્ગમાં પોતાના ભક્તજનોને આનંદ ઉપજાવતા અને તેમની સેવાનો સ્વીકાર કરતા વૈશાખ માસની અમાવાસ્યાને દિવસે દુર્ગપુર પધાર્યા.[૩૮]**

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ–જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ભગવાન શ્રીહરિએ જુનાગઢમાં શ્રીદ્વારિકાધીશ આદિક દેવોની પ્રતિષ્ઠા કરી, એ નામે ઓગણપચાસમો અધ્યાય પૂર્ણ થયો. ––૪૯––***

---

पञ्चाशत्तमोऽध्यायः - ५०

सुव्रत उवाच :-

मन्दिरं कारयंस्तत्र धर्मवार्ताभिरन्वहम् । प्रीणयन्निजभक्तांश्च समुवास हरिर्नृप ! ॥१॥
तमेकदा वर्णिराजो मुकुन्दानन्द आदरात् । बद्धाञ्जलिर्नमस्कृत्य प्रपच्छ विनयान्वितः ॥२॥

मुकुन्दानन्द उवाच :-

त्वदाश्रितानामस्माकं नैष्ठिकब्रह्मचारिणाम् । श्रोतुमिच्छाम्यहं त्वत्तो धर्मान् पालयानशेषतः ॥३॥

सुव्रत उवाच :-

इति नैष्ठिकवर्येण पृष्टस्तेन नराधिप ! । प्रसन्नो भगवानूचे भक्तिधर्मप्रपोषकः ॥४॥

श्रीनारायणमुनिरुवाच :-

समीचीनं त्वया पृष्टं वर्णिराज ! वदाम्यहम् । नैष्ठिकानां यथाशास्त्रं धर्मांस्ते ब्रह्मचारिणाम् ॥५॥
ब्राह्मणः क्षत्रियो वैश्यस्त्रयो वर्णा द्विजातयः । ब्रह्मचर्याश्रमस्यैते कथिता अधिकारिणः ॥६॥
गर्भाधानादिसंस्कारैः संस्कृतश्चोपनायनम् । प्राप्तो यथाकालमसौ ब्रह्मचर्यं द्विजोऽर्हति ॥७॥

## અધ્યાય - ૫૦

## ભગવાન શ્રીહરિએ કરેલું નૈષ્ઠિક બ્રહ્મચારીઓના ધર્મનું નિરૂપણ.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ભગવાન શ્રીહરિ દુર્ગપુરમાં મંદિર કરાવતાં કરાવતાં પ્રતિદિન ધર્મવાર્તાઓ કરી પોતાના ભક્તજનોને આનંદિત કરતા અને નિવાસ કરીને રહેતા.[૧] તે સમયે એક દિવસ મુકુંદાનંદ બ્રહ્મચારી બે હાથજોડી આદર પૂર્વક શ્રીહરિને નમસ્કાર કરી પૂછવા લાગ્યા.[૨] હે સ્વામિન્ ! તમારા આશ્રિત સર્વે નૈષ્ઠિક બ્રહ્મચારીઓ એવા અમારા પાલન કરવા યોગ્ય સમસ્ત ધર્મો હું તમારી પાસેથી સાંભળવા ઇચ્છું છું. તો કૃપા કરીને મને સંભળાવો.[૩] ત્યારે ભક્તિએ સહિત ધર્મનું પોષણ કરનારા ભગવાન શ્રીહરિ પ્રસન્ન થઈને કહેવા લાગ્યા.[૩-૪] હે વર્ણિરાજ ! તમે બહુ સુંદર પ્રશ્ન કર્યો છે. તેથી નૈષ્ઠિક બ્રહ્મચારીઓના સમસ્ત ધર્મો અમે તમને કહીએ છીએ.[૫] તેમાં પ્રથમ નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતના અધિકારી અને તેમના ભેદો તમને કહું છું. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણ વર્ણના જનોને 'દ્વિજાતિ' એવા નામથી કહેવામાં આવે છે. તે ત્રણે વર્ણના જનોને બ્રહ્મચર્ય આશ્રમ સ્વીકારવાનો અધિકાર કહેલો છે.[૬]

જે ગર્ભાધાનાદિ સંસ્કારોથી સંસ્કૃત થયેલો હોય અને યથા સમયે ઉપનયન સંસ્કાર પામેલો હોય, એવો દ્વિજાતિ પુરુષ બ્રહ્મચર્યાશ્રમને યોગ્ય કહેલો છે.[૭]

त्रिरात्रं बुद्धिहीनस्य सावित्राख्यं तदीरितम् । प्राजापत्याख्यमुदितं तदब्दं दुर्बलस्य च ॥८॥
अपि बुद्धिमतः पुंसो गृहाश्रमरुचेस्तु तत् । ब्रह्माख्यं द्वादशाब्दं च प्रोक्तं वैराग्यमान्द्यतः ॥९॥
यावज्जीवं नैष्ठिकाख्यमनिच्छोस्तु गृहाश्रमम् । प्रोक्तं तद्बुद्धिवैराग्यबलिनो विरलस्य हि ॥१०॥
तत्रान्त्यः श्रेयसे स्वस्य सद्गुरुं शीघ्रमाश्रयेत् । विष्णुमाहात्म्यबुद्ध्यैव स पठेन्निगमं गुरोः ॥११॥
साङ्गं सार्थं च स गुरोरधीत्य स्वस्य शक्तितः । वेदं दद्यात्ततस्तस्मै शक्त्या स्वर्णादिदक्षिणाम् ॥१२
तीव्रवैराग्ययुक्तत्वाद्दीक्षामुद्धववर्त्मनि । सम्प्राप्तो नैष्ठिकीं स स्यात्तद्धर्मान्कीर्तयाम्यहम् ॥१३॥
नैष्ठिकेन व्रतेनैव यावज्जीवं स्वसद्गुरोः । सेवने कृतसङ्कल्पः स भवेद्भक्तिमान् हरौ ॥१४॥
नित्यं यज्ञोपवीतं च स विप्रो धारयेच्छिखाम् । तुलसीमालिकायुग्मं स्वकण्ठपरिवर्ति च ॥१५॥
मौञ्जीं च मेखलां दण्डं पालाशं बाल्वमेव वा । स धारयेद्दर्भपाणिश्चासनार्थं मृगाजिनम् ॥१६॥

---

બુદ્ધિહીન દ્વિજાતિ માટે સાવિત્ર નામનું ત્રણ દિવસ પાળવાનું બ્રહ્મચર્ય વ્રત કહેલું છે. તેમાં થોડો ઓછો દુર્બળ હોય અને કાંઈક બુદ્ધિ હોય તેવા દ્વિજાતિ માટે પ્રાજાપત્ય નામનું એક વર્ષ બ્રહ્મચર્યવ્રત પાળવાનું કહેલું છે.[૮] તેનાથી થોડી વધુ બુદ્ધિવાળો હોય છતાં વૈરાગ્યમાં મંદતા હોય અને ગૃહસ્થાશ્રમ કરવાની ઈચ્છા વર્તતી હોય એવા દ્વિજાતિ માટે બ્રહ્મ નામનું બારવર્ષ પર્યંત પાળવાનું બ્રહ્મચર્યવ્રત કહેલું છે.[૯] અને જે બુદ્ધિ અને વૈરાગ્યમાં બહુ જ બળવાન હોય તેથી ગૃહસ્થાશ્રમ કરવાની ઈચ્છા ન હોય આવા વિરલ દ્વિજાતિ પુરુષને જીવનપર્યંત પાળવાનું નૈષ્ઠિક નામનું બ્રહ્મચર્યવ્રત કહેલું છે.[૧૦] આ ઉપરોક્ત ચાર પ્રકારમાંથી છેલ્લા નૈષ્ઠિક બ્રહ્મચારીએ પોતાના શ્રેયને માટે તત્કાળ સદ્‌ગુરુનો આશ્રય કરવો. અને તે નૈષ્ઠિક બ્રહ્મચારીએ ભગવાનનો મહિમા સમજવા માટે ગુરુ પાસેથી જ્ઞાનકાંડાત્મક વેદનો અભ્યાસ કરવો.[૧૧] નૈષ્ઠિકબ્રહ્મચારીએ પોતાની શક્તિ પ્રમાણે ગુરુ પાસેથી શિક્ષાદિ અંગે સહિત અને તેના અર્થે સહિત વેદનો અભ્યાસ કરીને પોતાની શક્તિ પ્રમાણે ગુરુને સુવર્ણ આદિકની દક્ષિણા આપવી.[૧૨] આવા નૈષ્ઠિકબ્રહ્મચારીએ તીવ્ર વૈરાગ્યે યુક્ત હોવાથી ઉદ્ધવ સંપ્રદાયને વિષે નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતની દીક્ષા ગ્રહણ કરવી. આવા નૈષ્ઠિકબ્રહ્મચારીના સદાચારરૂપ ધર્મો છે, તે હું તમને કહું છું.[૧૩]

આવા નૈષ્ઠિક બ્રહ્મચારીએ બ્રહ્મચર્યનું પાલન કરતાં જીવે ત્યાં સુધી પોતાના ગુરૂ ધર્મવંશી આચાર્યની સેવા કરવાનો સંકલ્પ કરી શ્રીહરિને વિષે ભક્તિમાન થવું.[૧૪] બ્રહ્મચારીએ હમેશાં યજ્ઞોપવિત, શિખા અને કંઠમાં તુલસીની બેવળી કંઠી ધારણ કરવી. હાથમાં દર્ભધારણ કરી બ્રહ્મચારીએ મુંજની મેખલા પલાશનો અથવા બીલીનો દંડ ધારણ કરવો અને આસન માટે મૃગાજિન ધારણ કરવું.

सोपपात्रं चाम्बुभृतं नित्यं धातुकमण्डलुम् । साम्बुगालनवस्त्रं तं धारयेदुज्ज्वलं शुचिः ॥१७॥
धारयेत् पञ्चकेशांश्च जटायां जन्तुसम्भवात् । तत्राग्निहोत्रजं भस्म मिश्रणीयं नहीतरत् ॥१८॥
अतिजन्तूदये पित्रोर्मृत्यौ वाऽऽपदि मुण्डनम् । कक्षोपस्थशिखावर्जं कारयेत्तीर्थ एव सः ॥१९॥
द्वे कौपीने सिते धोत्रे क्षौमं वैकां च कम्बलीम् । धारयेद्भुक्तिसमये परिधानार्थमेव सः ॥२०॥
कन्थां च प्रच्छदपटीं कम्बलं द्वे च पञ्चिके । शिरःपटकमेतानि काषायाण्येव धारयेत् ॥२१॥
पूजोपकरणैः साकं शालग्रामं च धारयेत् । चित्रार्चां चावश्यकानि धातुपात्राणि पक्तये ॥२२॥
सच्छास्त्रपुस्तकं चासौ धर्मज्ञानादिपुष्टये । स्वोपयोगि भवेद्यावत्तावत्तदपि धारयेत् ॥२३॥
पीठार्थं कम्बलीखण्डो जपमाला सगोमुखी । धार्या गोपीचन्दनं च पादुके इति सङ्ग्रहः ॥२४॥
इतोऽन्यत्परिगृह्णीयाद्यावतो वासरान्स तु । उपवासान् प्रकुर्वीत तावतः स्वस्य शुद्धये ॥२५॥
स्त्रियः कामान्न वीक्ष्याश्च क्रीडन्त्यस्तेन वा स्थिताः । श्रव्याः कीर्त्या न तद्वार्ताश्चासच्छास्त्रस्थतत्कथाः २६

બહાર અંદર પવિત્ર રહેવું, ઉપપાત્રે સહિત જળભરેલા ધાતુનું કમંડલું નિત્ય ધારણ કરવું.[૧૭] તે પણ અતિશય ઉજ્જવલ અને પાણી ગાળવાના વસ્ત્રે સહિત ધારણ કરવું, અને પંચ કેશ રાખવા. જો જટામાં જંતુનો સંભવ હોય તો અગ્નિહોત્ર કર્મ કરતાં થયેલી ભસ્મને તેમાં મિશ્ર કરવી. પરંતુ તેલાદિ નાખવાં નહિ.[૧૮] તેમ છતાં અતિશય જંતુ પડે, અથવા માતાપિતાનું મરણ થાય, કોઈ મહારોગાદિ આપત્તિ આવી પડે અથવા કોઈ તીર્થક્ષેત્રમાં ગયા હોઈએ તો કાંખ, ઉપસ્થ અને શિખાને છોડીને મુંડન કરાવવું.[૧૯] હે વર્ણી ! બ્રહ્મચારીએ શ્વેત બે કૌપીન, અને બે ધોતીયાં રાખવાં. ભોજન સમયે પહેરવા માટેનું શણનું કે કામળીનું વસ્ત્ર ધારણ કરવું.[૨૦] ચાદર, કામળી, બે પંચીયાં અને માથે બાંધવાનો ચોખંડો રૂમાલ આટલાં વસ્ત્રો રાતી માટીથી રંગાયેલાં ભગવાં રાખવાં, ને ટોપી લાલ વર્ણની ધારણ કરવી.[૨૧] નિત્ય પૂજામાં ઉપયોગી પાત્રોએ સહિત શાલગ્રામ કે ચિત્ર પ્રતિમાને નૈવેદ્ય ધરવા તથા રસોઈ પકાવવા માટેનાં આવશ્યક પાત્રો ધાતુનાં રાખવાં.[૨૨] વળી ધર્મજ્ઞાનાદિકની પુષ્ટિ માટે સત્શાસ્ત્રો રાખવાં, તે શાસ્ત્ર પણ જેટલાં પોતાને ઉપયોગી હોય તેટલાં જ રાખવાં.[૨૩] આસન માટે કામળીનો ખંડ રાખવો. માળાએ સહિત ગૌમુખી, તિલક માટે ગોપીચંદન અને પગની રક્ષા માટે પાદુકા રાખવી.[૨૪] જે બ્રહ્મચારી ઉપરોક્ત કૌપીન આદિ પદાર્થોને રાખવાનાં કહ્યા તેનાથી વધારે જેટલા દિવસ રાખે તેટલા દિવસ પોતાની શુદ્ધિ માટે ઉપવાસ કરે.[૨૫]

વળી બ્રહ્મચારીએ ક્રીડા કરતી અથવા સહજ સ્વભાવે બેઠેલી સ્ત્રીને કામભાવે ન જોવી. સ્ત્રી સંબંધી કોઈ ગોષ્ઠી ન કરવી. અસત્શાસ્ત્રમાં આવતી સ્ત્રીની

क्रीडां विनोदं गुह्योक्तिं स्त्रीभिः साकं न चाचरेत् । न कारयेच्च पुंसाऽपि कामयेत हृदा न ताः ॥२७
स्पृशेत्स्त्र्यङ्गं तु न क्वापि न च स्त्रीधार्यमंशुकम् । धौतशुष्कं च धौतार्द्रं तच्चेत्तर्हि न दोषभाक् ॥२८
विहाय देवतामूर्तिं न स्त्रियाः प्रतिमामपि । काष्ठधातुवस्त्रमृज्जां चित्रस्थामपि न स्पृशेत् ॥२९॥
न स्त्रीजातेश्च गुह्याङ्गं पश्येद्बुद्ध्वा च दूरतः । तथा नग्नां तु नेक्षेत कन्यकामपि नैष्ठिकः ॥३०॥
न स्त्रीभिः सह भाषेत न तच्चित्रं तथा लिखेत् । न स्पृशेन्न च वीक्षेत चित्राद्यपि च मैथुनि ॥३१॥
दृश्यमैथुनिचित्रादौ न च गेहे वसेत्क्वचित् । स्त्रीवक्त्रसन्मुखमुखं क्वचिन्नोपविशेच्च सः ॥३२॥
प्रच्छन्नं प्रेषयेन्नैव वस्तु किञ्चिदपि स्त्रियै । प्रेषितं च तया किञ्चिद्गृह्णीयान्न रहस्तथा ॥३३॥
स्त्रियमुद्दिश्य पुरतः पुरुषस्य हरेरपि । कथां वार्तां न कुर्वीत शृणुयान्न च तां ततः ॥३४॥
स्वपेतां दम्पती रात्रौ यतः कुड्यन्तरे गृहे । तत्र गेहे स्वपेन्नेव दोषो नास्त्यन्यथा त्विह ॥३५॥

---

રસિક વાતો કરવી, વાંચવી કે સાંભળવી પણ નહિ. પરંતુ સત્શાસ્ત્રમાં કહેલી ભગવાનના ભક્ત સ્ત્રીઓની વાર્તા કરવામાં દોષ નથી.[૨૬] બ્રહ્મચારીએ સ્ત્રી સાથે ખેલ કે વિનોદ ન આચરવો, પુરુષ દ્વારા ગુપ્ત વાતો ન કહેવડાવવી, મનથી પણ સ્ત્રી સંબંધી સંકલ્પ કરવા નહિ.[૨૭] સ્ત્રીના કોઇ પણ અંગનો ક્યારેય પણ સ્પર્શ કરવો નહિ. તેમજ સ્ત્રીએ અંગ ઉપર ધારેલાં વસ્ત્રો ઉતારી મૂકેલાં હોય તેનો સ્પર્શ ન કરવો. ધોઇને સૂકવેલાં ભીનાં કે નવાં હોય તેનો સ્પર્શ થઇ જાય તો દોષ નહિ.[૨૮] દેવતાની પ્રતિમા સિવાયની કાષ્ઠ, ધાતુ, વસ્ત્ર, માટી, આદિકમાંથી બનાવેલી સ્ત્રીની પ્રતિમાનો તેમજ ચિત્રમાં ચિતરેલી સ્ત્રીની પ્રતિમાનો સ્પર્શ ન કરવો.[૨૯] તેમજ સ્ત્રી જાતિ માત્રનું ગુહ્યઅંગ જાણીને દૂરથી પણ ન જોવું. તથા કોઇ નગ્ન બાળકીને પણ જોવી નહિ.[૩૦] સ્ત્રીની સાથે વાતો કરવી નહિ, તેનું ચિત્રામણ કરવું નહિ, તથા મૈથુને યુક્ત સ્ત્રીના ચિત્રનો સ્પર્શ કરવો કે જોવી નહિ, તેમજ બુદ્ધિપૂર્વક પશુપક્ષી આદિકને પણ મૈથુનાસક્ત હોય તેવાં જોવાં નહિ.[૩૧] બ્રહ્મચારીએ જે ઘરમાં મૈથુનાસક્ત ચિત્રો હોય ત્યાં ક્યારેય પણ રહેવું નહિ. સ્ત્રીના મુખ સામે મુખ રાખીને ક્યારેય બેસવું નહિ.[૩૨] કોઇ વસ્તુ સ્ત્રીને ગુપ્તપણે મોકલાવવી નહિ. તથા સ્ત્રીએ મોકલેલી ગુપ્તપણે ગ્રહણ કરવી નહિ.[૩૩]

સ્ત્રીઓને ઉદ્દેશીને પુરુષ આગળ પણ ભગવાનની કથા-વાર્તા કરવી નહિ અને સ્ત્રીના મુખ થકી સાંભળવી પણ નહિ.[૩૪] સ્ત્રી અને પુરુષ જે ઘરમાં રાત્રે સુતાં હોય તે ઘર અને પોતાના નિવાસ વચ્ચે માત્ર એક ભીંતનું આવરણ હોય તો એવા ઘરમાં રાત્રીએ રહેવું નહિ. તે સિવાય અન્ય ઘરમાં કે જ્યાં એકલી જ સ્ત્રી હોય અથવા તેની સાથે પિતા કે પુત્ર હોય એવા ઘરમાં એક ભીંતનું વ્યવધાન હોય તો

न स्वपेत् स्त्रीयुते गेहे सत्सु पुंसु बहुष्वपि । न स्त्रीसञ्चरणस्थाने कुर्यादुत्सर्गकर्म च ॥३६॥
स्नानोत्सर्गादिका यत्र यत्र स्युर्योषितां क्रियाः । तत्र तत्र क्रियां तां तां वर्णी नैवाचरेत क्वचित् ॥३७॥
धनुर्मानान्तरे नैव स्त्रिया गच्छेदनापदि । मार्गाल्पोत्सवमौढ्यादौ रक्ष्यं तत्स्पर्शतो वपुः ॥३८॥
स्त्रिया सह रहःस्थाने वर्णी तिष्ठेन्न कर्हिचित् । न चाध्वनि तया साकं स्थविरोऽपि क्वचिद्व्रजेत् ॥३९
नारोहेद्वाहनं वर्णी क्वाप्यारोहेद्यदापदि । तदापि न स्त्रिया साकं शकटादावुपाविशेत् ॥४०॥
परिवेष्ट्री पाककर्त्री स्याद्यत्र स्त्री न पूरुषः । तत्र भोक्तुं नैव गच्छेन्न स्पृशेच्च भ्रुकुंसकम् ॥४१॥
गुणांश्चाप्यगुणान्स्त्रीणां क्वचिद्वर्णी न वर्णयेत् । लेपनाद्यर्थमपि ताः स्वमठे न प्रवेशयेत् ॥४२॥
एतेषु नियमेषु स्याद्यस्य भङ्गः प्रमादतः । तत्रैक उपवासोऽस्य प्रायश्चित्तमुदीरितम् ॥४३॥
स्त्रीसम्बन्धिनिषेधोऽयं साक्षात्स्पर्शं रहःस्थितिम् । विना स्वासन्नसम्बन्धस्त्रीभ्योऽन्यत्रावगम्यताम् ॥४४
रहःस्थाने तु मात्रापि सह तिष्ठेन्न कर्हिचित् । ब्रृहद्व्रतधरो वर्णी साक्षात्तामपि न स्पृशेत् ॥४५॥

---

**રહેવામાં દોષ નથી.[૩૫] ઘણા પુરુષો હોય છતાં વ્યવધાન વિનાના સ્ત્રી યુક્ત ઘરમાં બ્રહ્મચારીએ શયન કરવું નહિ. જ્યાં સ્ત્રીઓનો પગફેર હોય એવા સ્થાનકે મળમૂત્ર કરવા જવું નહિ.[૩૬] જે સ્થળે સ્ત્રીઓની સ્નાન ઉત્સર્ગાદિ ક્રિયા થતી હોય તે સ્થળે બ્રહ્મચારીએ તે ક્રિયા કરવા ક્યારેય પણ જવું નહિ. આપત્કાળ પડ્યા વિના સ્ત્રીથી ચાર હાથ નજીક ચાલવું નહિ, માર્ગ સાંકડો હોય કે જન્માષ્ટમી આદિક ઉત્સવોમાં ભીડ હોય ત્યારે માત્ર અંગસ્પર્શથી શરીરનું રક્ષણ કરવું. ત્યાં ચાર હાથ દૂરનો વિચાર કરવો નહિ. તેમજ કોઈ સ્ત્રી મૂઢ, બાળકી કે ઉન્મત્ત હોય તેના થકી અને ભિક્ષા લેવાના પ્રસંગે માત્ર પોતાના શરીરની રક્ષા કરવી.[૩૮] વૃદ્ધ બ્રહ્મચારીએ પણ ક્યારેય સ્ત્રી સાથે એકાંતમાં ન રહેવું અને માર્ગમાં પણ ક્યારેય સાથે ચાલવું નહિ.[૩૯] બ્રહ્મચારીએ ક્યારેય પણ આપત્કાળ પડ્યા વિના અશ્વાદિ વાહન ઉપર બેસવું નહિ. આપત્કાળમાં બેસે તો પણ જે ગાડાંમાં સ્ત્રી બેઠી હોય તેવા વાહનમાં ન બેસે.[૪૦] જે બ્રાહ્મણને ઘેર પીરસનાર કે રસોઈ કરનાર સ્ત્રી હોય તે ઘેર બ્રહ્મચારીએ જમવા ન જવું. સ્ત્રીના વેષને ધરી રહેલા ભવાયા પુરુષનો પણ સ્પર્શ ન કરવો.[૪૧] સ્ત્રીના ગુણ અવગુણનું ક્યારેય વર્ણન ન કરવું. પોતાના નિવાસ સ્થાનમાં લીંપવા આદિકની પ્રવૃત્તિ નિમિત્તે પણ સ્ત્રીને પ્રવેશ આપવો નહિ.[૪૨]**

**હે વર્ણી ! આ ઉપરોક્ત સર્વે નિયમોમાંથી કોઈ પણ એક નિયમનો પ્રમાદથી ભંગ થાય તો પ્રાયશ્ચિતનો એક ઉપવાસ કરવો.[૪૩] અહીં સાક્ષાત્ સ્પર્શ કે વાર્તાલાપાદિકનો નિષેધ છે તે એકાંત સ્થળ વિના માતા, બહેન આદિક સમીપ સંબંધ વિનાની સ્ત્રી થકી અન્યત્ર જાણવો.[૪૪] પોતાની માતા-બહેન આદિક સમીપ**

कार्यमावश्यकं स्याच्चेत्सम्बन्धिन्यापि योषया । अस्पृशन्भाषणादीनि तर्हि कुर्वीत नान्यदा ॥४६॥
क्वचिदापदि कष्टायां भाषणस्पर्शने स्त्रियाः । विहिते भवतस्ते च कथयामि समासतः ॥४७॥
अन्नाम्बुकाष्ठपात्रादेर्याचने प्रच्छनेऽथ च । स्वावासस्य वदेन्नारीमुद्दिश्य पुरुषं प्रति ॥४८॥
ईदृशावश्यके कार्ये रीतिरित्थं हि भाषणे । साक्षाद्भाषणकालं च सूचयामि स्त्रियं प्रति ॥४९॥
सबन्धनाश्रमे स्वस्य योषा यद्यापतेत्क्वचित् । स्पृष्टं वा स्वं तदा त्वस्य न दोषो भाषणे तया ॥५०॥
जलाग्निशृङ्गिदंष्ट्र्यादेर्भये शस्त्राद्विषात्तथा । गृहद्रुमादिपाते वा रोगे स्वस्य स्त्रिया अपि ॥५१॥
प्राणान्तिकापदीदृश्यां साक्षात्स्पर्शे च भाषणे । स्त्रिया जातेऽपि नास्त्येव दोषस्तस्यान्यथाऽस्ति हि ।५२
सर्वथैव निषिद्धोऽस्ति स्त्रीप्रसङ्गोऽत्र वर्णिनः । स्त्रैणप्रसङ्गोऽपि तथा हेयः प्रोक्तोऽस्ति बन्धकृत् ॥५३
न वीर्यपातनं कुर्याद्बुद्धिपूर्वं कदाचन । स्रावे जाते स्वतः कुर्याद्दिनमेकपोषणम् ॥५४॥
प्रमादात्पातिते वीर्ये कार्यं चान्द्रायणव्रतम् । साक्षात्सङ्गे स्त्रिया जाते पतितोऽसौ बृहद्व्रतात् ॥५५।

---

સંબંધવાળી સ્ત્રીઓ સાથે અવશ્યના કામકાજમાં જાહેરમાં બોલી શકે છે. પરંતુ જરૂરી કામ વિના માતાદિ સંબંધીની સ્ત્રીઓની સાથે પણ વાત કરવી નહિ.[૪૬] ક્યારેક કોઈ કષ્ટ રૂપ આપત્કાળ આવી પડે ત્યારે પોતાના સમીપ સંબંધ વિનાની સ્ત્રીઓની સાથે વાત કરવી પડે કે સ્પર્શ કરવો પડે તો તે સંબંધી વિવેક સંક્ષેપથી કહીએ છીએ.[૪૭] અન્ન, જળ, કાષ્ટ, પાત્રાદિકની યાચના કરવામાં, પોતાનાથી અજાણ્યા સ્થળ વિષે પૂછવાને નારીને ઉદ્દેશીને પુરુષ પ્રત્યે બોલવું પણ સાક્ષાત્ સ્ત્રી સામે જોઈને બોલવું નહિ.[૪૮] આ પ્રમાણે અવશ્યના કામ-કાજ માટે બોલવાની રીત કહી, હવે જ્યાં સાક્ષાત્ સ્ત્રી સાથે બોલવું પડે તેવો સમય આવે તે કહીએ છીએ.[૪૯] પોતાના બંધીવાળા નિવાસ સ્થાનમાં ક્યારેક સ્ત્રી આવે અથવા પોતાને પૂછવા માટે આવે ત્યારે તેને પાછી વાળવા માટે સાક્ષાત્ તેમની સાથે બોલવામાં દોષ નથી.[૫૦] તેમજ પોતાને કે સ્ત્રીને જળ, અગ્નિ, શિંગડાંવાળાં પશુ, સર્પ આદિક થકી કોઈ પણ પ્રકારનો ભય આવે તથા શસ્ત્રપાત, ગૃહપાત, વૃક્ષપાત કે મહારોગ આદિકનો પ્રાણવિયોગ કરાવે તેવો આપત્કાળ આવે તો સ્ત્રીના સાક્ષાત્ સ્પર્શમાં કે બોલવામાં બ્રહ્મચારીને દોષ લાગતો નથી. પરંતુ પ્રાણ આપત્તિ વિના દોષ લાગે છે.[૫૧-૫૨]

આલોકમાં બ્રહ્મચારીને જેવો સ્ત્રીના પ્રસંગનો સર્વથા નિષેધ કરેલો છે. તેવો જ સ્ત્રૈણપુરુષના પ્રસંગનો પણ નિષેધ જાણવો. કારણ કે તે પણ બંધન કરનારો હોવાથી ત્યાજ્ય કહેલો છે.[૫૩] બ્રહ્મચારીએ ક્યારેય પણ બુદ્ધિપૂર્વક વીર્યપાત ન કરવો. જો સહજ સ્વભાવે વીર્યપાત થાય તો એક ઉપવાસ કરવો.[૫૪] પ્રમાદવશ હસ્તમૈથુનનાદિકથી વીર્યપાત કરે તો એક ચાંદ્રાયણવ્રત કરવું. ને જો સાક્ષાત્ સ્ત્રીનો

नैष्ठिकत्वं न तस्य स्यात्प्रायश्चित्तशतैरपि । अतस्तन्मण्डलाद्भ्रष्टः स त्वौद्धवसमाश्रितात् ॥५६॥
प्रायश्चित्तं विधायासौ ततः कुर्याद्गृहाश्रमम् । तत्र साधून्सेवमानो लक्ष्मीनारायणं भजेत् ॥५७॥
यदि न स्यात्स्त्रियाः प्राप्तिः कुलद्रव्याद्यभावतः । तुरीयाश्रममाश्रित्य तपस्येत्तर्हि मुक्तये ॥५८॥
तत्रापि भक्तिं कमलाधवस्य कुर्वीत नित्यं स च वर्णिराज ! ।
पापक्रियाया विमुखस्तयाऽसौ मृत्वाप्नुयाद्धाम तदीयमेव ॥५९॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे नैष्ठिकधर्मेषु ब्रह्मचारिपरिग्रहस्त्रीप्रसङ्गवर्जननिरूपणनामा पञ्चाशतमोऽध्यायः ॥५०॥*

---

સંગ થાય તો નૈષ્ઠિત બ્રહ્મચર્યવ્રતથી પતિત થયેલો જાણવો.[૫૫] એકવાર પતિત થયેલો બ્રહ્મચારી સેંકડો પ્રાયશ્ચિત કરવા છતાં ફરી નૈષ્ઠિક બ્રહ્મચારીપણું પ્રાપ્ત થતું નથી. જેવી રીતે પરપુરુષનો સંગ કરવા પછી પતિવ્રતા નારીને ફરી પતિવ્રતાપણું પ્રાપ્ત થતું નથી. તેથી પતિત થયેલો બ્રહ્મચારી ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિતોમાંથી અને નૈષ્ઠિક બ્રહ્મચારીઓના મંડળમાંથી તે ભ્રષ્ટ થાય છે.[૫૬] તેથી આવા પતિત બ્રહ્મચારીએ પ્રથમ પ્રાયશ્ચિત કરીને ગૃહસ્થાશ્રમ સ્વીકારવો. અને ગૃહસ્થાશ્રમમાં રહી સંતોની સેવા કરતાં શ્રીલક્ષ્મીનારાયણ ભગવાનનું ભજન કરવું.[૫૭] જો કુળ કે દ્રવ્યાદિકના અભાવમાં સ્ત્રીની પ્રાપ્તિ ન થાય તો મુક્તિને માટે ચોથા સંન્યાસ-આશ્રમનો સ્વીકાર કરી તપશ્ચર્યા કરવી. આ કળીયુગમાં સંન્યાસાશ્રમનો નિષેધ છે છતાં અનાશ્રમી રહેવું દોષરૂપ હોવાથી સન્યાસ આશ્રમ ગ્રહણ કરી ભગવાનનું ભજન કરવા પૂર્વક તપશ્ચર્યા કરવી.[૫૮] હે વર્ણીરાજ ! તેવા પુરુષે સંન્યાસાશ્રમમાં પણ ભગવાનની ભક્તિ કરવાથી તે થયેલાં પાપથી મુક્ત થાય છે અને મૃત્યુ પછી ભગવાનના ધામને પામે છે.[૫૯]

*આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં નૈષ્ઠિક બ્રહ્મચારીઓના ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ બ્રહ્મચારીએ રાખવા યોગ્ય પદાર્થોનું તથા સ્ત્રી પ્રસંગના ત્યાગનું નિરૂપણ કર્યું, એ નામે પચાસમો અધ્યાય પૂર્ણ થયો. --૫૦--*

---

एकपञ्चाशत्तमोऽध्यायः - ५१

श्रीनारायणमुनिरुवाच :-

न क्रोधो वर्णिना कार्यो जायेताकस्मिकः स चेत् । तर्हि यस्मै स जातस्तं प्रणम्याशु प्रसादयेत् ॥१॥
पापमूलं च लोभोऽस्ति ततस्त्याज्यः स सर्वथा । सङ्ग्रहो नैव कर्तव्यो विहितेतरवस्तुनः ॥२॥
त्यागीव ब्रह्मचार्येष धनं रक्षेन्न रक्षयेत् । वर्जयेत्सकलान्भोगान् द्यूतादिव्यसनानि च ॥३॥
स्वसम्बन्धिजनानां च दृष्ट्वाऽसावापदं क्वचित् । धनार्थमुद्यमं नैव कुर्यात्तस्या निवृत्तये ॥४॥
मोहं मदं मत्सरं च मानं तन्द्रीं च वर्जयेत् । दम्भं दर्पं च कार्पण्यं कलिं निन्दां च यत्नतः ॥५॥
अवाच्यां न वदेद्वाचमभक्ष्यं नैव भक्षयेत् । अस्पृश्यं न स्पृशेद्वर्णी नापेयं च पिबेत्क्वचित् ॥६॥
न मर्मभिद्वचो ब्रूयाद्दुरुक्तिं वितथं कटु । नानृतं च वदेत्क्वापि सत्यं च परदुःखकृत् ॥७॥
रसलुब्धो भवेन्नैव नैकं भिक्षेत चान्वहम् । धातुपुष्टिकरं चान्नं प्रायो वर्णी न भक्षयेत् ॥८॥

## અધ્યાય - ૫૧

## બ્રહ્મચારીઓના નૈષ્ઠિક કર્મનું તથા તેના આચરણમાં પ્રાયશ્ચિતનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે વર્ણી ! બ્રહ્મચારીએ કોઈના ઉપર ક્રોધ ન કરવો અને થઈ જાય તો તે પુરુષને તત્કાળ પ્રણામ કરી પ્રસન્ન કરવો.[૧] તે જ રીતે લોભ પણ પાપનું મૂળ છે તેથી તેનો પણ સર્વપ્રકારે ત્યાગ કરવો. બ્રહ્મચારીઓએ રાખવા માટે વિધાન કરેલી પૂર્વોક્ત વસ્તુ સિવાયની બીજી વસ્તુનો સંગ્રહ ન કરવો તેમજ ઉદ્ધવ સંપ્રદાયના સાધુઓની જેમ બ્રહ્મચારીએ પણ ધન ન રાખવું અને ન રખાવવું. સમગ્ર ભોગો અને જુગારાદિ વ્યસનોનો ત્યાગ કરવો.[૩] પોતાના સંબંધીને આપત્તિમાં પડેલાં જોઈને તેમને ઉગારવા ક્યારેય પણ ધન ભેળું કરવા ઉદ્યમ ન કરવો.[૪] મોહ, મદ, મત્સર, માન, આળસ, દંભ, અહંકાર, કૃપણતા, કલહ અને નિંદાનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો.[૫]

બ્રહ્મચારીએ નહિ બોલવા યોગ્ય લોકનિંદિત વાણી ન બોલવી. માંસ, ડુંગળી, લસણ આદિક અભક્ષ્ય વસ્તુઓનું ભક્ષણ કરવું નહિ. અસ્પૃશ્ય સ્ત્રી આદિકનો સ્પર્શ ન કરવો. સુરા, મદ્ય, ભાંગ અને ગાંજો એવા અપેય પીણાનું ક્યારેય પણ પાન કરવું નહિ.[૬] બ્રહ્મચારીએ મર્મભેદી અને કટુ દુર્વચનો ન બોલવાં. તેમજ ક્યારેય અસત્ય વચન અને પરને દુઃખ ઉપજાવે તેવું સત્ય વચન પણ ન બોલવું.[૭] બ્રહ્મચારીએ રસાસ્વાદમાં આસક્ત ન થવું. પ્રતિદિન એક ગૃહસ્થના

खर्या उष्ट्र्यास्तुरङ्ग्याश्च हस्तिन्या अपि यत्पयः । आपद्यपि क्वचिन्नैव स्वीकुर्यान्नौषधेऽपि तत् ॥९
चण्डिकाभैरवादीनां मद्यमांसाशिनां क्वचित् । नाश्नीयाद्ब्रह्मचार्येष आपद्यपि निवेदितम् ॥१०॥
नाद्याच्च मादकं किञ्चिन्न स्पृशेत्पललं तथा । नाद्यात्पलाण्डुं लशुनं नान्नं दत्तमश्रद्धया ॥११॥
मद्यमांसाद्यभक्ष्येण मिश्रमौषधमप्यसौ । नाद्याच्च तन्न गृह्णीयादज्ञातगुणवैद्यतः ॥१२॥
अनिवेदितमन्नं वा फलापत्रादि विष्णवे । ब्रह्मचारी न भुञ्जीत क्वापि किञ्चिन नैष्ठिकः ॥१३॥
नात्याहारं च कुर्वीत पुनर्भुक्तिमनापदि । पौर्वाह्णिकं कर्म नित्यमसमाप्य च कर्हिचित् ॥१४॥
न याचेदाग्रहेणासौ भिक्षां कमपि कर्हिचित् । न द्वारधन्धनं कुर्यान्नाक्रोशं चान्नयाचने ॥१५॥
नाभिशस्तं न पतितं पापकर्मरतं न च । द्विजमाशौचिनं क्वापि न याचेदन्नमाह्निकम् ॥१६॥
अगालितेन तोयेन नाम्बुकार्यं समाचरेत् । न स्पृशेन्मद्यपात्रादि यदन्यच्चाप्यमङ्गलम् ॥१७॥

---

ઘરની ભિક્ષા ગ્રહણ કરવી. વીર્યાદિક ધાતુની પુષ્ટિ કરે તેવાં અન્ન ન જમવા.[૮] ગર્દભી, ઊંટડી, ઘોડી અને હાથણીનું દૂધ આપત્કાળમાં ઔષધ તરીકે પણ ન લેવું. બકરી સિવાય બે સ્તનવાળા કોઈનું દૂધ ન પીવું.[૯] મદ્યમાંસનું નૈવેદ્ય જમનારા ચંડિકા, ભૈરવાદિકને નિવેદન કરેલું અન્ન આપત્કાળમાં પણ બ્રહ્મચારીએ ક્યારેય ન ખાવું.[૧૦] કેફ કરે એવી કોઈ પણ વસ્તુનું ભક્ષણ ન કરવું, માંસનો તો સ્પર્શ પણ ન કરવો, ને ડુંગળી તથા લસણનું ભક્ષણ ન કરવું, કોઈએ શ્રદ્ધા વિના આપેલું અન્ન પણ ન જમવું. પૂર્વે અભક્ષ્ય વસ્તુના ભક્ષણનો નિષેધ કર્યો હોવા છતાં અહિં ડુંગળી-લસણનો ફરી ઉલ્લેખ કરેલો છે તે તેમાંથી સદંતર નિવૃત્ત થવા માટે કરેલો છે, તેમ જ તેના ભક્ષણમાં મોટો દોષ રહેલો છે, એમ પણ સૂચવે છે.[૧૧] બ્રહ્મચારીએ મદ્ય અને માંસ મિશ્રિત ઔષધીનું ભક્ષણ અને અજાણ્યા વૈદ્યે આપ્યું હોય તેવું ઔષધ ન ખાવું.[૧૨]

નૈષ્ઠિક બ્રહ્મચારીએ વિષ્ણુને નૈવેદ્ય ન કર્યું હોય તેવું અન્ન કે ફળ પત્રાદિક કંઈ પણ ક્યારેય ન ખાવું.[૧૩] અને બહુ આહાર ન કરવો, આપત્કાળ પડ્યા વિના બીજી વખત ભોજન ન કરવું, પૂર્વાહ્નિક સ્નાન સંધ્યા આદિક નિત્યકર્મ કર્યા વિના ક્યારેય ભોજન ન કરવું.[૧૪] આગ્રહ કરીને કોઈની પાસે ભિક્ષા માગવી નહિ. અન્નની યાચના કરતી વખતે કોઈના ઘરની સાંકળ ખટખટાવવી નહિ, તેમજ ઉચ્ચસ્વરે આક્રોશ કરીને બોલાવવા નહિ.[૧૫] એક દિવસ ચાલે તેટલું અન્ન પણ ગોહત્યા, બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા આદિક અપવાદને પામેલ હોય અને મહાપાપથી પતિત થયેલ હોય, હિંસાદિક પાપકર્મમાં આસક્ત હોય અને બહાર અંદર અપવિત્ર વર્તનવાળા હોય તેવા દ્વિજ પાસેથી અન્ન માગવું નહિ.[૧૬] ગાળ્યા વિનાના જળથી

खरमुष्ट्रमनड्वाहं महिषं बर्करं च सः । ब्रह्मचारी नाधिरोहेदापद्यपि कदाचन ॥१८॥
दिवा निन्द्रां न कुर्वीत निशश्चाद्यन्तयामयोः । सन्ध्ययोश्च स्वपेन्नैव ब्रह्मचारी विनापदम् ॥१९॥
प्रासादिकेनापि हरेश्चन्दनेनाङ्गचर्चनम् । तथा सुगन्धितैलेन कुर्यान्नाभ्यङ्गमप्यसौ ॥२०॥
गन्धद्रव्यं च कस्तूरीकुङ्कमादि न धारयेत् । न दन्तान् रञ्जयेत्क्वापि कुर्यात्तान्नोज्ज्वलानपि ॥२१॥
छत्रं न धारयेद्वर्णी न नृत्यप्रेक्षको भवेत् । नातिरक्तानि वासांसि काषायाण्यपि धारयेत् ॥२२॥
न चाङ्गमर्दनं कुर्यात्स्नानकाले तथा पदे । घर्षयित्वा न धावेच्च मुखं नेक्षेत दर्पणे ॥२३॥
नात्युज्ज्वलानि वासांसि धृत्वा कुर्वीत कर्हिचित् । नाञ्जयेच्च स्वके नेत्रे न तामबूलादि भक्षयेत् ।२४
न गायेद्ग्राम्यगीतानि ग्राम्यवार्ता न कीर्तयेत् । न दौत्यं न च पैशुन्यं वर्णी कुर्यान्न चारताम् ॥२५॥
देवताप्रतिमानां च तीर्थानां धर्मिणां गवाम् । वेदानां च सतीनां च गर्हां कुर्यान्न सद्गुरोः ॥२६॥
न हिंसेत्प्राणिमात्रं च मनसा वपुषा गिरा । न दन्तधावनायापि छिन्द्यादार्द्रद्रुमाङ्गकम् ॥२७॥
तुलसीपत्रपुष्पादि विष्णुपूजनहेतवे । होमार्थं समीधो दर्भान् गृह्णन्नेष न दुष्यति ॥२८॥

---

સ્નાનાદિક ક્રિયા ન કરવી, મદ્યના પાત્રનો કે કૂતરાં ગધેડાં આદિકનો સ્પર્શ કરવો નહિ.[૧૭] ગધેડા, ઊંટ, બળદ, પાડા કે બકરા ઉપર આપત્કાળમાં પણ ક્યારેય ન બેસવું.[૧૮] આપત્કાળ પડ્યા વિના દિવસે અને રાત્રીના પહેલા અને છેલ્લા યામમાં અને પ્રાતઃકાળ કે સાયંકાળની સંધ્યા સમયે શયન કરવું નહિ.[૧૯] બ્રહ્મચારીએ ભગવાનનું પ્રસાદીનું હોવા છતાં ચંદન તથા અત્તરનું અંગલેપન ન કરવું.[૨૦] કસ્તૂરી, કુંકુમ આદિક ગંધદ્રવ્યો ધારણ કરવાં નહિ. તેમજ દાંતને રંગવા નહિ અને ઘસીને ઉજ્જવલ પણ કરવા નહિ.[૨૧]

બ્રહ્મચારીએ છત્રી ધારણ ન કરવી, નાટક જોવા ન જવું, અતિશય રંગેલાં ભગવાં વસ્ત્રો ધારવા નહિ.[૨૨] સ્નાન કરવા સમયે અંગમર્દન ન કરવું, તથા પગ ઘસીને ધોવા નહિ. તિલક ધારણ કર્યા સિવાય દર્પણમાં મુખ ન જોવું.[૨૩] વસ્ત્રો ધોઈને અતિશય ઉજ્જવલ ક્યારેય ન કરવાં. કાજળથી નેત્રો ન આંજવાં. તાંબૂલ, સોપારી, એલચી, લવીંગ આદિકનું ભક્ષણ ન કરવું.[૨૪] ગ્રામ્ય ગીતો ન ગાવાં તથા ગ્રામ્યવાર્તા ન કરવી, કોઈનું દૂતપણું ન કરવું. ચાડીયાપણું ન કરવું ને કોઈના જાસૂસ ન થવું.[૨૫] બ્રહ્મચારીએ દેવતાઓની પ્રતિમા, તીર્થો, ધાર્મિકજનો, ગાયો, વેદો, સતીનારીઓ અને પોતાના ગુરુ તથા આચાર્યની નિંદા ન કરવી.[૨૬] જીવપ્રાણીમાત્રની મન, કર્મ અને વાણીથી હિંસા ન કરવી. દંતધાવન કરવા પણ લીલા વૃક્ષની શાખા ન તોડવી.[૨૭] વિષ્ણુની પૂજા માટે તુલસીપત્રો કે પુષ્પો ચૂંટવાં, હોમ કરવા સમિધ કે દર્ભ લાવે તેમાં દોષ લાગતો નથી.[૨૮] સૂર્યાસ્ત થયા પછી

न सूर्यास्तमयादूर्ध्वं चलेदध्वन्यनापदि । जन्तूनालोक्य शनकैर्दिवसेऽपि चलेत्पथि ॥२९॥
न जन्तुबहुले स्नानं कार्यं क्वापि जलाशये । तत्रैव गालयित्वाम्बु पात्रे स्नायात्ततो बहिः ॥३०॥
शुद्धर्थोदकपात्रेण विनाऽपाकृच्छमात्मनः । अनिष्कास्य च कुर्वीत न मूत्रोत्सर्गमप्यसौ ॥३१॥
नात्मघातं क्वापि कुर्याज्जातिभ्रंशक्रियां न च । पाणिपादाक्षिचापल्यं न कुर्यात्कूर्दनं तथा ॥३२॥
राज्ञा च राजपुरुषैः स्त्रीभिश्च गुरुभिः सह । विवादं नैव कुर्वीत येन स्वस्य जयो भवेत् ॥३३॥
परान्नोद्वेजयेद्वाचा नाविश्वास्यः परैर्भवेत् । नोद्विजेद्धैर्यवान्वर्णी दुर्जनानां दुरुक्तिभिः ॥३४॥
तेन तूलपटी चापि न प्रावार्या ह्यनापदि । आपद्यपि क्वचिन्नैव सा तु चेत्प्रावृता स्त्रिया ॥३५॥
अनापदि न खट्वायां वर्णी नग्नश्च न स्वपेत् । न केशोत्पाटनं कुर्यान्न मण्यादिप्रतिग्रहम् ॥३६॥
मृत्तिकातृणकाष्ठादि यत्स्यात्सस्वामिकं यदि । तदा तदपि चौर्येण गृह्णीयान्न कदाचन ॥३७॥
न सन्ध्याहोमयोः कालमतिक्राम्येद्विनापदम् । विष्णुपूजां गुरोः सेवामर्कोपास्तिं तथैव च ॥३८॥
क्षेत्रवाटीद्रुमावापं स्ववृत्त्यर्थं न चाचरेत् । नैवान्नसङ्ग्रहं कुर्यान्न रसादेरपि क्वचित् ॥३९॥

---

આપત્કાળ પડ્યા વિના માર્ગમાં ચાલવું નહિ અને દિવસે ચાલવું ત્યારે પણ માર્ગમાં જંતુઓને જોઇને ધીરે ધીરે ચાલવું.[૨૯] બહુ જંતુવાળા જળાશયમાં સ્નાન ન કરવું. અને કરવું તો જળને પાત્રમાં ગાળીને બહારના ભાગે સ્નાન કરવું.[૩૦] બ્રહ્મચારીએ પાછળનો કચ્છ કાઢ્યા વિના મળમૂત્રનો ત્યાગ ન કરવો. કોગળા કરવાનું અને મળમૂત્રની શુદ્ધિ માટેનું પાત્ર અલગ અલગ રાખવું.[૩૧]

બ્રહ્મચારીએ ક્યારેય પણ આત્મઘાત ન કરવો, જાતિ થકી ભ્રષ્ટ કરે તેવી ક્રિયા ન કરવી, હાથ પગ અને નેત્રની ચંચળતાનો ત્યાગ કરવો, કૂદકો ન મારવો, વાદ-વિવાદથી જય થાય એમ હોય છતાં રાજા, રાજાનાં માણસો, સ્ત્રીઓ અને ગુરુજનોની સાથે વિવાદ ન કરવો.[૩૩] વાણીથી બીજાને ઉદ્વેગ ન ઉપજાવવો. અન્યલોકો પોતાનો વિશ્વાસ ન કરે તેવા ન થવું. ધીરજ રાખી દુર્જનોનાં વચનોથી ઉત્તેજિત ન થવું.[૩૪] આપત્કાળ પડ્યા વિના ગોદડી ન ઓઢવી અને જે ગોદડી સ્ત્રીએ ઓઢી હોય તેને આપત્કાળમાં પણ ન ઓઢવી.[૩૫] આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સૂવું નહિ. નગ્ન સૂવું નહિ. વાળ ખેંચીને ન ઉખેડવા, મણિ વગેરે રત્નોનો પ્રતિગ્રહ ન કરવો.[૩૬] બ્રહ્મચારીએ માટી, તૃણ, કાષ્ટાદિક વસ્તુઓ તેમના માલિકને પૂછ્યા વિના ચોરીથી ક્યારેય ગ્રહણ ન કરવી.[૩૭] આપત્કાળ વિના સંધ્યા અને હોમનો સમય અતિક્રમણ ન કરવો. તેમજ વિષ્ણુની પૂજા, ગુરૂની સેવા અને મધ્યાહ્ન સંધ્યાનું અતિક્રમણ ન કરવું.[૩૮] પોતાની આજીવિકા માટે ખેતર, વાડી અને વૃક્ષો ન વાવવાં. અન્નનો સંગ્રહ તો ક્યારેય પણ ન કરવો. દૂધ, દહીં, ઘી, તેલ

नापवादं गुरोः क्वापि ब्रूयान्नातिक्रमेत्सतः । परिदध्यान्न विकृतं वासश्चोपानहौ न च ॥४०॥
अमार्गेण न गच्छेच्च गृहिगेहं कदाचन । बालकं लालयेन्नैव वर्णी कस्यचिदप्यसौ ॥४१॥
तैलेन केशसंस्कारं ब्रह्मचारी न चाचरेत् । मनुष्यं वापि पश्वादिं तृणेनापि न ताडयेत् ॥४२॥
विप्रभिक्षुकसूतादेराजीव्यवृत्तिनाशनम् । यथा स्यान्न तथा कुर्याद्वार्ता हर्याश्रिता अपि ॥४३॥
पितरौ स्वमुपाध्यायं सतीर्थ्यं च गुरुं विना । सनाभेरपि नो कुर्यादौर्ध्वदैहिककर्म च ॥४४॥
यो यं निषेधेष्वेतेषु व्यतिक्रामेदनापदि । स तद्दोषापनोदार्थं कुर्यात्पृथगुपोषणम् ॥४५॥
न निष्कृतिं दुष्कृतकर्मणो यः करोति मूढः स तु वर्णिवर्य ! ।
दुष्कीर्तिमाप्नोति हि भूमिलोके ज्ञेयश्च्युतश्चोद्धवसम्प्रदायात् ॥४६॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे नैष्ठिकधर्मेषु ब्रह्मचारीणां निषिद्धक्रियानिरूपणनामैकपञ्चाशत्तमोऽध्यायः ॥५१॥*

---

આદિક રસોનો પણ સંગ્રહ ન કરવો.[૩૯] પોતાના આચાર્ય અને ગુરૂ ઉપર ક્યારેય અપવાદનું આરોપણ ન કરવું. સત્પુરુષોની મર્યાદાનું અતિક્રમણ ન કરવું, વિકૃત વસ્ત્રો ન ધારવાં, પગરખાં ન પહેરવાં.[૪૦]

બ્રહ્મચારીએ ક્યારેય અદ્વારે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરવો નહિ. બાળકને રમાડવું નહિ.[૪૧] તેલ નાખી વાળને સંસ્કારવાં નહિ. બ્રહ્મચારીએ મનુષ્યને કે પશુને તૃણથી પણ તાડન કરવું નહિ.[૪૨] બ્રાહ્મણ, ભિક્ષુક, સૂત અને ગાયક આદિકની આજીવિકા વૃત્તિનો નાશ થાય તેવી ભગવાન સંબંધી વાતો પણ કરવી નહિ.[૪૩] માતા, પિતા, ઉપાધ્યાય, ગુરૂભાઈ અને ગુરૂ વિના સગા ભાઈની પણ ઔર્ધ્વદૈહિક ક્રિયા કરવામાં જોડાવું નહિ.[૪૪] ઉપરોક્ત નિષેધ વાક્યોનું આપત્કાળ પડ્યા વિના ઉલ્લંઘન કરે તો તે દોષની નિવૃત્તિને માટે અલગ અલગ ઉપવાસ કરવો.[૪૫] હે વર્ણીવર્ય ! જે બ્રહ્મચારી આ નિષેધ કરેલાં દુષ્કર્મો કરીને પ્રાયશ્ચિત કરતો નથી, તે મૂઢ આ પૃથ્વી પર દુષ્કીર્તિને પામે છે. અને તેવા બ્રહ્મચારીને ભ્રષ્ટ થયેલો જાણી ઉદ્ધવસંપ્રદાયથી બહાર કાઢવો.[૪૬]

*આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ બ્રહ્મચારીઓના નિષેધ કર્મનું નિરૂપણ કર્યું એ નામે એકાવનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૧--*

---

## द्विपञ्चाशत्तमोऽध्यायः - ५२

**श्रीनारायणमुनिरुवाच :-**

कर्म दैवं च पित्र्यं च यथाकालं यथाविधि । ब्रह्मचारी विष्णुभक्तः कुर्यान्नित्यमतन्द्रितः ॥१॥
नरनारायणः साक्षादाचार्यो ब्रह्मचारिणाम् । तपः परोपकारार्थं कुर्वन्नमरदुष्करम् ॥२॥
दैवं पित्र्यं करोत्येव भगवानपि नित्यदा । तर्हि हेयं कथं तत् स्यादधुनातनवर्णिभिः ॥३॥
सन्ध्यात्रयमुपासीत काले काले यथाविधि । उपस्थानं रवेः कुर्याज्जपेद्वेदप्रसूं च सः ॥४॥
सायं प्रातः प्रदीप्तेऽग्नौ होममन्वहमाचरेत् । जलाञ्जलीनशक्तस्तु तस्मिन्काले जले क्षिपेत् ॥५॥
अनापदि द्विजान्नित्यं याचित्वाऽन्नमुपाहरेत् । अपक्वं पाचयित्वा तन्निवेद्याद्याच्च विष्णवे ॥६॥
स्नानं त्रिषवणं कुर्याद्विष्णुपूजानं तथाऽन्वहम् । पञ्चयज्ञान् यथाशक्ति ब्रह्मचारी समाचरेत् ॥७॥
सदोपवीती च भवेत्सदा बद्धशिखश्च सः । पित्रोः श्राद्धं च कुर्वीत यथाकालं यथोचितम् ॥८॥

---

# અધ્યાય - ૫૨

## બ્રહ્મચારીએ કરવા યોગ્ય કર્મનું અને તેના ઉલ્લંઘનમાં કરવા યોગ્ય પ્રાયશ્ચિતનું કરેલું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે મુકુન્દબ્રહ્મચારી ! વિષ્ણુભક્ત એવા બ્રહ્મચારીએ આળશ છોડીને નિત્ય કરવા યોગ્ય એવાં દેવસંબંધી તથા પિતૃસંબંધી કર્મ યથા સમયે વિધિ અનુસાર કરવાં.[૧] સર્વ બ્રહ્મચારીઓના અધિપતિ સાક્ષાત્ શ્રીનરનારાયણ ભગવાન પણ દેવતાઓને દુષ્કર એવું તપ માત્ર પરોપકાર માટે કરે છે.[૨] સ્વયં પરમેશ્વર હોવા છતાં હમેશાં દેવસંબંધી અને પિતૃસંબંધી કર્મનું અનુષ્ઠાન કરે છે. તો અત્યારના બ્રહ્મચારીઓ તે કર્મનો ત્યાગ કેવી રીતે કરી શકે ? ન જ કરે.[૩] બ્રહ્મચારીએ સમયે સમયે વિધિપ્રમાણે ત્રિસંધ્યાનું ઉપાસન અવશ્ય કરવું, સૂર્યનું ઉપસ્થાપન પણ વિધિપૂર્વક કરવું. અને વેદની માતા ગાયત્રીમંત્રનો જપ વિધિ પ્રમાણે કરવો.[૪] પ્રતિદિન સાયંકાળે અને પ્રાતઃકાળે અગ્નિમાં હોમ કરવો. અશક્ત બ્રહ્મચારીએ હોમ કરવાને સમયે જળમાં ઊભા રહી જલાંજલી અર્પણ કરવી.[૫] આપત્કાળ પડ્યા વિના દ્વિજના ઘરથી કાચું અન્ન માગીને લાવવું. પછી તેને પકાવીને શ્રીવિષ્ણુ ભગવાનને નૈવેદ્ય કરી પ્રસાદીભૂત તે અન્ન નિત્યે જમવું.[૬] પ્રતિદિન ત્રણ સમય સ્નાન તથા વિષ્ણુનું પૂજન કરવું. પંચમહાયજ્ઞો શક્તિ પ્રમાણે વિધિપૂર્વક કરવા.[૭]

હમેશાં યજ્ઞોપવીતને ધારણ કરી રાખવી અને શિખાને બાંધી રાખવી.

मेखलामजिनं दण्डमुपवीतं च तुम्बिकाम् । अप्सु प्रास्येद्विनष्टानि धृत्वैवान्यानि मन्त्रतः ॥९॥
सूनिसूतकिपाषण्डियवनान्त्यजपापिनाम् । स्पर्शे शमशानाक्रमणे सचैलं स्नानमाचरेत् ॥१०॥
अमेध्यस्पर्शने वान्तावसद्भैक्षभुजावपि । स्नानं कुर्यान्मलोत्सर्गे दुःस्वप्ने च बृहद्व्रतः ॥११॥
स्नात्वोपवासं कुर्वीत स्त्र्यङ्गस्पर्शे तु सर्वथा । स्त्र्यङ्गस्थवस्त्रस्पर्शे च क्वचिज्जातेऽप्यबोधतः ॥१२॥
एकादशीषु सर्वासु विष्णोर्जन्मोत्सवेषु च । उपवासान्स कुर्वीत सम्प्रदायानुसारतः ॥१३॥
प्रासादिकं हरेरन्नं मितं च नियतं शुचिः । भुञ्जीत प्रत्यहं वर्णी वैश्वदेवावशेषितम् ॥१४॥
भवेद्व्रतेषु निरतः कृच्छ्रचान्द्रायणादिषु । त्वगस्थिशेषगात्रस्तैः शुष्कमांसासृगात्मवान् ॥१५॥
ज्ञानविज्ञानवैराग्यसम्पन्नो विजितेन्द्रियः । एकान्तिकीं हरौ भक्तिं कुर्यादचलनिश्चयः ॥१६॥
गुरोः समीपे वर्तेत दासवत्तन्निदेशकृत् । याने स्थाने च शयने नातिदूरस्ततो भवेत् ॥१७॥
शान्तो दान्तश्च धृतिमान् समलोष्टाश्मकाञ्चनः । मित्रोदासीनरिपुषु समदृष्टिर्भवेत्सुधीः ॥१८॥

---

તેમ જ સમયે સમયે અધિકાર મૂજબ પિતૃસંબંધી શ્રાદ્ધ કર્મ કરવું.[૮] મેખલા, મૃગચર્મ, દંડ, યજ્ઞોપવીત અને કમંડલું આટલાં જો નષ્ટ થાય તો તેને જળમાં પધરાવી મંત્રોચ્ચાર પૂર્વક નવાં ધારણ કરવાં.[૯] કૂતરાં આદિક હિંસકપ્રાણી, સૂતકી, પાખંડી, યવન, અત્યંજ અને મહાપાપીના સ્પર્શમાં તથા સ્મશાનના ઉલ્લંઘનમાં વસ્ત્રે સહિત સ્નાન કરવું.[૧૦] અપવિત્ર વસ્તુઓનો સ્પર્શ થાય, દુર્જનના ઘરનું ભિક્ષામાં આવેલું અન્ન જમાય, બલાત્કારે ઉલટી કરે, મળનો ત્યાગ અને ખરાબ સ્વપ્ન આવે તો બ્રહ્મચારીએ સ્નાન કરવું.[૧૧] ક્યારેક અજાણતાં સ્ત્રીના અંગનો કે ઉતારી મૂકેલા વસ્ત્રનો સ્પર્શ થાય તો સ્નાન કરી એક ઉપવાસ કરવો.[૧૨] ઉદ્ધવસંપ્રદાયની રીતિ અનુસાર સર્વ એકાદશી અને જન્માષ્ટમી આદિ વ્રતોને દિવસે ઉપવાસ કરવો.[૧૩] બ્રહ્મચારીએ બહાર અંદર પવિત્ર થઈ પ્રતિદિન વૈશ્વદેવ કરતાં બચેલા ભગવાનની પ્રસાદિના અન્નનો નિયમપૂર્વક મિતાહાર કરવો.[૧૪] આત્મનિષ્ઠ બ્રહ્મચારીએ કૃચ્છ્ર ચાંદ્રાયણાદિ વ્રતો કરવામાં તત્પર રહેવું. તે ક્યાં સુધી ? તો શરીરમાં ચામડી માત્ર બચે ને માંસ સૂકાઈ જાય એ રીતે વર્તવું.[૧૫] જ્ઞાન-વિજ્ઞાન અને વૈરાગ્યે સંપન્ન થઈ, નેત્રાદિ ઈન્દ્રિયોને વશમાં રાખી પોતાના વ્રત-પાલનમાં અચળ મનવાળા થઈ બ્રહ્મચારીએ ભગવાન શ્રીહરિની એકાંતિકી ભક્તિ કરવી.[૧૬] ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તતા ગુરૂની સમીપે દાસની જેમ વર્તવું. યાનમાં, સ્થાનમાં અને શયન સમયે ગુરૂથી અતિશય દૂર ન જવું.[૧૭]

અંતઃકરણને શાંત કરી ઈન્દ્રિયોનું દમન કરી, ધીરજે યુક્ત થઈ કૂચા

बिभियादिव सर्पेभ्यः स्वबन्धुभ्योऽथ योषितः । शवादिव च मिष्टान्नतृप्तेस्तु निरयादिव ॥१९॥
विप्राणां कुशलं वाञ्छन् प्रशंसेत्तांश्च संसदि । पूजयेन्मानयेत्प्रीत्या विष्णुभक्तानमत्सरः ॥२०॥
जीवेद्धर्मार्थमेवासौ फलं धर्मस्य तु प्रभोः । श्रीविष्णोः प्रीणनं विद्यान्न तु क्षुद्रसुखं स च ॥२१॥
अभयं सर्वभूतेभ्यो महादानादितोऽधिकम् । भगवद्वार्तया दद्यात्सर्वकालं च नैष्ठिकः ॥२२॥
स्नाने होमे जपे चैव भोजने सन्ध्ययोर्द्वयोः । मौनी भवेत्तथोत्सर्गे स च शौचक्रियावधि ॥२३॥
विधिष्वेतेषु यद्येकमतिक्रामेत्प्रमादतः । तर्हि तद्दोषशुद्ध्यर्थं कुर्यादेकमुपोषणम् ॥२४॥
ज्ञानं सत्यं तितिक्षा ह्रीरमात्सर्यं धृतिस्तपः । शमो दमोऽनसूया च दानं यज्ञो गुणा अमी ॥२५॥
कामः क्रोधः शोकमोहौ तृष्णेर्ष्या चाऽकृपा स्पृहा । लोभोऽसूया जुगुप्सा च मानो दोषा इमे मताः ।२६
दोषैः स च द्वादशभिर्विहीनो युक्तो गुणैर्द्वादशभिश्च नित्यम् ।
श्रीकृष्णभक्तौ निरतश्च कुर्वन् सेवां गुरोरत्र विशिष्यते वै ॥२७॥

---

અને કંચનને વિષે તથા મિત્ર અને શત્રુને વિષે સમાન બુદ્ધિવાળા થવું.[૧૮] પોતાના બંધુ થકી સર્પની જેમ, સ્ત્રીઓ થકી શબની જેમ, મિષ્ટાન્ન ભોજનથી નરકની જેમ ભય પામવું.[૧૯] હમેશાં બ્રાહ્મણોનું કુશળ ઇચ્છવું અને સભામાં બ્રાહ્મણોની ખૂબજ પ્રશંસા કરવી. મત્સરરહિત થઇ ભગવાનના વૈષ્ણવ ભક્તોની અને સંતોની પ્રેમથી પૂજા કરી તેમને માન આપવું.[૨૦] ધર્માચરણ કરવા માટે જ જીવવું અને ધર્મનું ફળ શ્રીવિષ્ણુ ભગવાનની પ્રસન્નતામાંજ જાણવું, પરંતુ તુચ્છ વિષય ભોગની પ્રાપ્તિ માટે ન જાણવું.[૨૧] નૈષ્ઠિક બ્રહ્મચારીએ મહાદાનાદિકની અપેક્ષાએ પણ અધિક ભગવદ્ વાર્તાઓ કરી સર્વે ભૂતપ્રાણીમાત્રને હમેશાં અભયદાન આપવાની પ્રવૃત્તિ કરવી.[૨૨] વળી સ્નાન, હોમ, જપ, ભોજન અને બન્ને સંધ્યા સમયે મૌન વ્રત ધારણ કરવું. તથા મળમૂત્રના ત્યાગ સમયે, અને હાથપગની શુદ્ધિ કરતાં પણ મૌન વ્રત રાખવું.[૨૩] આ દેવસંબંધી કે પિતૃસંબંધી ક્રિયા આદિકના સર્વે વિધિમાં કોઇ પણ એક વિધિનું પ્રામદથી ઉલ્લંઘન થાય તો તે દોષની શુદ્ધિને માટે એક એક ઉપવાસ કરવો.[૨૪]

જ્ઞાન, સત્ય, તિતિક્ષા, લજ્જા, નિર્મત્સરતા, ધીરજ, તપ, શમ, દમ, અનસૂયા, દાન અને યજ્ઞ આ બાર ગુણો મનાયેલા છે.[૨૫] જ્યારે કામ, ક્રોધ, શોક, મોહ, તૃષ્ણા, ઈર્ષ્યા, નિર્દયતા, સ્પૃહા, લોભ, અસૂયા, જુગુપ્સા અને માન આ બાર દોષો મનાયેલા છે.[૨૬] તેથી બ્રહ્મચારીએ હમેશાં બાર દોષોથી રહિત અને બાર ગુણોએ યુક્ત થઈ. તેમજ શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિમાં તત્પર થઇ, ગુરૂની સેવા કરવી, તેમ કરતાં કરતાં આલોકમાં સર્વ કરતાં ચડિયાતો સિદ્ધ થાય છે. એમાં કોઇ સંશય નથી.[૨૭]

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे नैष्ठिकधर्मेषु ब्रह्मचारिणां विहितक्रियानिरूपणनामा द्विपञ्चाशत्तमोऽध्याय: ॥५२॥*

---

**त्रिपञ्चाशत्तमोऽध्याय: - ५३**

**श्रीनारायणमुनिरुवाच :-**

वेदाभ्यास: प्रकर्तव्य: प्रत्यहं ब्रह्मचारिणा । नारायणात्मको वेदो यत: प्रोक्त: सनातन: ॥१॥
माहात्म्यातिशयज्ञानं हरेर्वेदार्थबोधनम् । विना नैव भवेत्तस्माच्चिन्त्योऽर्थस्तस्य चादरात् ॥२॥
प्रमाणानां हि सर्वेषां वेद एव पुरातनै: । प्रमाणं परमं प्रोक्त: सद्भिस्तत्त्वार्थवेदिभि: ॥३॥
नारायणात्समुद्भूतो वेद: प्रणवमूलक: । यथा तथेह सङ्क्षेपात्कथयामि प्रसङ्गत: ॥४॥
पुरुषोत्तम एवादौ प्रकृते: पुरुषात्पर: । नारायणोऽक्षरे धाम्नि वासुदेवो व्यराजत ॥५॥
स सिसृक्षुरथाण्डानि स्वतन्त्र: स्वेक्षया प्रभु: । प्राबोधयद्ब्रह्मधाम्नि सुप्तौ प्रकृतिपूरुषौ ॥६॥

---

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ બ્રહ્મચારીએ કરવા યોગ્ય ક્રિયાનું નિરૂપણ કર્યું એ નામે બાવનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૨--**

---

## અધ્યાય - ૫૩
## શ્રીહરિએ કહેલું વેદોની ઉત્પત્તિનું વર્ણન.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે વર્ણી ! બ્રહ્મચારીએ પ્રતિદિન વેદાભ્યાસ કરવો. કારણ કે વેદો નારાયણ ભગવાનના મુખ થકી ઉત્પન્ન થયેલા અને સાક્ષાત્ નારાયણસ્વરૂપ છે, તેથી સનાતન કહેલા છે.[૧] વેદોના અર્થોનું જ્ઞાન થયા વિના ભગવાનના મહાત્મ્યનું જ્ઞાન થતું નથી, તેથી વેદોના અર્થોનું સાદર ચિંતવન કરવું.[૨] તત્ત્વાર્થના જ્ઞાતા અને પુરાતન સંતોએ સર્વે પ્રમાણોના મધ્યે વેદને પરમ પ્રમાણરૂપ કહ્યા છે.[૩] ૐકાર જેમનું મૂળ છે એવા વેદો જે રીતે નારાયણ થકી પ્રાદુર્ભાવ પામ્યા છે, તે વેદોત્પત્તિની પ્રક્રિયા અહીં સંક્ષેપથી કહીએ છીએ.[૪] પ્રકૃતિપુરુષથી પર રહેલા અક્ષરધામને વિષે પુરુષોત્તમ નારાયણ શ્રીવાસુદેવ જ

वीर्यं पुरुषरूपेण मायायां वीक्षया प्रभुः । निदधे साऽग्रहीत्तच्च स्त्री गर्भमिव पूरुषात् ॥७॥
ततः प्रधानपुरुषा आविर्भूता अनेकशः । प्रधाने वीर्यमाधत्त तत्पुंरूपेण च प्रभुः ॥८॥
चिद्रूपं भगवद्वीर्यं मायास्थै रजआदिभिः । मिश्रं गुणैरचिद्रूपैर्महानासीद्गुणात्मकः ॥९॥
तं मायाऽसूत सोऽस्राक्षीदण्डकोशं हिरण्मयम् । अहङ्काराकाशमुख्यैः षड्भिरावरणैर्वृतम् ॥१०॥
महापुरुषसृष्टेऽसावनेकाण्डसमाश्रये । विराट्संज्ञो जलेऽवात्सीत्कारणार्णवसंज्ञके ॥११॥
आविर्बभूव कालेन तस्मिन्वैराजपूरुषः । सोऽव्यक्तकरणः शिश्ये तदण्डे गर्भवारिणि ॥१२॥
ब्रह्मादीनीश्वरान्सर्वाञ्जीवांस्तत्स्थानकानि च । स्त्रष्टुं स नाशकद्भोगान्भोगोपकरणानि च ॥१३॥
कालशक्त्या प्रभोस्तस्य मुखबाहुपदादयः । आसन्नवयवा व्यक्ता बहिश्चान्तर्हृदादयः ॥१४॥

---

સૃષ્ટિ પહેલાં પોતાના અનંત અક્ષરમુક્તોથી સેવાયેલા વિરાજમાન હતા.[૫] ત્યારપછી સમર્થ અને સ્વતંત્ર એવા શ્રીવાસુદેવ ભગવાને અગણિત બ્રહ્માંડો સર્જવાની ઈચ્છા કરી અને અક્ષરબ્રહ્મધામના તેજમાં સુષુપ્ત થઈ રહેલા પ્રકૃતિ પુરુષને પોતાની દૃષ્ટિ માત્રથી જાગ્રત કર્યાં.[૬] પછી શ્રીવાસુદેવ ભગવાને તે મહાપુરુષ દ્વારા મહાપ્રકૃતિને વિષે દૃષ્ટિમાત્રથી પોતાની વીર્યશક્તિને ધારણ કરી. જેમ સ્ત્રી પુરુષદ્વારા ગર્ભ ધારણ કરે તેમ તે મહાપ્રકૃતિએ ગર્ભ ધારણ કર્યો.[૭] પછી તે મહામાયા થકી અનેક પ્રધાન અને પુરુષોનાં જોડલાં ઉત્પન્ન થયાં, તે સમયે સ્વયં શ્રીવાસુદેવનારાયણ તે પુરુષો દ્વારા પ્રધાન નામની પ્રકૃતિઓમાં વીર્યશક્તિને ધારણ કરી.[૮]

(હવે એક પ્રધાન થકી થયેલી સૃષ્ટિનું વર્ણન કરીએ, તેનાથી અનંતકોટી પ્રધાન પુરુષ થકી થયેલી અનંત કોટી બ્રહ્માંડોની સૃષ્ટિ સમજી લેવી.)

પુરુષદ્વારા પ્રધાન નામની માયાને વિષે સ્થાપન કરવામાં આવેલું ચૈતન્યાત્મક ભગવદ્વીર્ય માયાને વિષે રહેલા અચિદ્રૂપ રજ આદિક ગુણોની સાથે મિશ્ર થયું. તેનાથી ત્રિગુણાત્મક મહત્તત્ત્વ ઉત્પન્ન થયું.[૯] તેનાથી અહંકાર અને આકાશ આદિક છ આવરણોથી યુક્ત, હિરણ્યમય તેમજ બહુ પ્રકાશે યુક્ત અંડકોશનું સર્જન થયું.[૧૦] વિરાટ નામે આ અંડકોશ મહામાયાના પતિ મહાપુરુષે સર્જેલા અનેક બ્રહ્માંડોના આશ્રયભૂત કારણ નામના ગર્ભોદક જળમાં બહુ કાળ પર્યંત નિવાસ કરીને રહ્યો.[૧૧] પછી કાળક્રમે કરીને વૈરાજપુરુષ પ્રગટ થયા. અવ્યક્ત શ્રોત્રાદિ ઈન્દ્રિયોના ગણે સહિત તે વૈરાજપુરુષ પોતાના આધારભૂત એ અંડકોશને વિષે રહેલા ગર્ભોદક જળમાં શયન કરીને રહ્યા.[૧૨] તે વૈરાજપુરુષ બ્રહ્માદિક ઈશ્વરો, ચાર પ્રકારના સર્વે જીવો, તેનાં સ્થાન, ભોગ અને ભોગોનાં

तेष्विन्द्रियैः सहावात्सुर्गोलकेष्वधिदेवताः । वरुणाद्याश्च चन्द्राद्या बाह्यैराभ्यन्तरैस्तथा ॥१५॥
विराट्सूत्राव्याकृताख्यं तदा तस्य वपुस्त्रयम् । अपि सुव्यक्तमभवत्स्थूलादीवात्मनामिह ॥१६॥
यथा पाकदशायां स्यान्नालिकेरीफलं त्रिधा । व्यक्तं ज्ञेयं तथैवास्य वपुरेकमपि त्रिधा ॥१७॥
तद्योगात्कथितश्चासौ विष्णुब्रह्मशिवाभिधः । गोलोकेन्द्रियदेवांस्तान्व्यापत्तादात्म्यतोऽथ सः ॥१८॥
तथाभूतोऽपि नोत्थातुं स शशाक यदा तदा । महापुरुषरूपेण तस्मिन्नारायणोऽविशत् ॥१९॥
तज्जीवरूपतां प्राप्य तदध्यात्मादितां च सः । सहस्रशीर्षपुरुषसंज्ञोऽभूत्पुरुषोत्तमः ॥२०॥
आदौ वैराजशिरसि स सहस्रदलाम्बुजे । आविर्भूयाक्षरब्रह्मात्मकं नादं चकार च ॥२१॥
सुषुम्णावर्त्मना सद्यो नाभिकन्दं च तस्य सः । व्याप्योर्ध्वं ववृधे तस्मान्महाप्राणेन संयुतः ॥२२॥

---

ઉપકરણો સર્જવા શક્તિમાન થયા નહિ.[૧૩] પછી શ્રીવાસુદેવ ભગવાનની કાળ શક્તિથી તે વૈરાજપુરુષનાં બહારનાં મુખ, હાથ, પગ આદિક અને અંદરનાં હૃદય આદિક અવયવો સ્પષ્ટ વ્યક્ત થયાં.[૧૪] તે મુખ આદિક ઈન્દ્રિયોના ગોલોકમાં વરુણાદિક અને ચંદ્રાદિક અધિ દેવતાઓ બ્રાહ્ય તથા આંતર ઈન્દ્રિયોની સાથે નિવાસ કરીને રહ્યા.[૧૫] તે સમયે વૈરાજ પુરુષના વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત આ ત્રણ શરીરો સ્પષ્ટ થયાં અને આલોકમાં દેવ મનુષ્યાદિકનાં સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણ શરીરો પણ સ્પષ્ટ થયાં.[૧૬]

જેવી રીતે એક જ નાળિયેર પરિપક્વ દશામાં છાલ, કાચલી અને કોપરાના રૂપમાં ત્રણ પ્રકારે વ્યક્ત થાય છે, એજ રીતે એ વૈરાજપુરુષનું એકજ શરીર પણ વિરાટ્, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ પ્રકારે વ્યક્ય થાય છે.[૧૭] વૈરાજપુરુષના એ ત્રણ પ્રકારના શરીર સંબંધે વિષ્ણુ, બ્રહ્મા અને શિવ એમ ત્રણ નામે પણ કહેવામાં આવે છે. તે વૈરાજપુરુષ ઈન્દ્રિયોના ગોલોક, ઈન્દ્રિયો અને ઈન્દ્રિયોના દેવતાઓની સાથે તાદાત્મ્ય ભાવથી વ્યાપીને રહ્યા છે.[૧૮] તેમ છતાં તે વૈરાજપુરુષ જ્યારે ઉત્થાનાદિ કોઈ ક્રિયા કરવા સમર્થ ન થયા, ત્યારે સાક્ષાત્ શ્રીવાસુદેવનારાયણ મહાપુરુષરૂપે તે વૈરાજપુરુષમાં બ્રહ્મરંધ્રદ્વારેથી પ્રવેશ કર્યો.[૧૯] અંતર્યામીપણે અંદર પ્રવેશેલા શ્રીપુરુષોત્તમ વાસુદેવનારાયણ તે વૈરાજપુરુષના જીવની સાથે એકરૂપતા પામ્યા, ને તેની ઈન્દ્રિયો તથા દેવતા આદિકના ભાવને પામ્યા, તેથી તે સહસ્રશીર્ષપુરુષ એવા વૈરાટ્નારાયણ નામે થયા.[૨૦] પરંતુ જ્યારે શ્રીવાસુદેવનારાયણે પ્રથમ વૈરાજપુરુષના મસ્તકમાં સહસ્રદળ કમળવાળા બ્રહ્મરંધ્રમાં આવિર્ભાવ કર્યો, ત્યારે અક્ષરબ્રહ્માત્મક નાદ થયો.[૨૧] એ નાદ સુષુમ્ણા

अधोमुखं नाभिपद्मं कदलीकोशवत्स्थितम् । तेनैवाभूदूर्ध्वमुखं हृदयावधि तस्य च ॥२३॥
तस्य यो नाभिकन्दे तु नादोऽभूत्सा परेति वाक् । वेदोत्पत्त्यै भगवता बीजत्वेन प्रकाशिता ॥२४॥
तेजःप्रवाहरूपाऽथ सार्धमात्रात्मिका ततः । प्राप्य तद्धृदयाकाशं पश्यन्त्याख्यामवाप च ॥२५॥
मध्यमाख्यां कण्ठदेशं प्राप्य सालभताथ च । वदनं प्राप्य याति स्म वैखरीत्यभिधां किल ॥२६॥
ऊर्ध्वं गच्छत्यधो गत्वा जलयन्त्रे जलं यथा । नाभिमेत्य मुखं याति नादोऽपि शिरसस्तथा ॥२७॥
वैखर्यादिस्थानकेषु तद्वक्त्रगलहृत्स्वथ । वर्णाः क्रमेणाविरासंस्त्रैसोक्यधारकाः ॥२८॥
अकारः प्रथमः प्रोक्तस्तत्रोकारो द्वितीयकः । अन्त्यो मकारः कथितास्त्रयोऽमीत्रिगुणात्मकाः ॥२९॥
स्थानेष्वेषु व्यतिष्ठंस्ते विष्णुब्रह्ममहेश्वराः । अधीश्वराः क्रमेणैषां वर्णानां च गुणौकसाम् ॥३०॥

નાડીના માર્ગથી એ જ ક્ષણે વૈરાજપુરુષના નાભિકમળમાં વ્યાપી મહાપ્રાણની સાથે ભળીને ત્યાંથી ઉપર ઉઠ્યો ને વૃદ્ધિ પામ્યો.[૨૨] કેળના ડોડાની જેમ નીચે મુખ કરીને રહેલું વૈરાજપુરુષનું નાભિકમળ બ્રહ્મનાદનો પ્રવેશ થઇ ઉપર ઉઠવાથી હૃદયાકાશ સુધી ઊર્ધ્વમુખવાળું થયું.[૨૩] એ સમયે વૈરાજ પુરુષના નાભીકમળને વિષે જે નાદ થયો તે પરાવાણીના નામે શાસ્ત્રમાં પ્રસિદ્ધિ પામ્યો. એ પરાવાણીને શ્રીવાસુદેવ ભગવાને વેદની ઉત્પત્તિના બીજરૂપે પ્રકાશિત કરી.[૨૪] પછી તેજના પ્રવાહ રૂપે રહેલી અને અર્ધમાત્રા સ્વરૂપી એ પરાવાણી નાભી પ્રદેશથી ઉપર ઉઠી હૃદયાકાશને પામી, ત્યારે પશ્યંતીવાણી નામે થઇ.[૨૫] પછી તે વાણી વૈરાજપુરુષના કંઠ પ્રદેશને પામી ત્યારે મધ્યમા નામે થઇ અને ત્યાંથી વૈરાજપુરુષના મુખ કમળને પામી ત્યારે વૈખરીવાણી એવા નામને પામી.[૨૬] જેમ જલયંત્રમાં જળ ઉપરથી નીચે ચક્રમાં જઇ પછીથી ઉપર ગતિ કરે છે, તેમ બ્રહ્મનાદ પણ મસ્તકના બ્રહ્મરંધ્રમાંથી નીચે નાભિકમળમાં જઇ ત્યાંથી ઉપર મુખ પર્યંત ગતિ કરી.[૨૭]

જે પરાવાણી હૃદયપ્રદેશમાં પશ્યંતી, કંઠમાં મધ્યમા અને મુખમાં વૈખરી નામને પામી ત્યાં સુધીમાં એ વૈરાજપુરુષના મુખ, કંઠ અને હૃદયમાં આખી ત્રિલોકીને ધારણ કરનાર ત્રણ વર્ણો અનુક્રમે પ્રગટ થયા.[૨૮] તેમાં અકાર પ્રથમ, ઉકાર બીજો અને મકાર ત્રીજો વર્ણ કહેવામાં આવ્યા. આ ત્રણે વર્ણો ક્રમે સત્વ, રજ અને તમ એમ ત્રિગુણાત્મક કહેલા છે.[૨૯] તે મુખ, કંઠ અને હૃદયના અનુક્રમે અધિષ્ઠાતા વિષ્ણુ, બ્રહ્મા અને શિવની સાથે તે વૈરાજપુરુષના મુખાદિ સ્થાનમાં વિશેષપણે નિવાસ કરીને રહેલા છે.[૩૦] તે અકાર, ઉકાર અને મકાર આ ત્રણે

स्वस्वस्थानस्थिता एव वर्णास्ते त्विच्छया हरेः । ऐक्यं प्रापुर्हृदाकाशे ततोऽभूत्प्रणवध्वनिः ॥३१॥
महाप्राणमयो घोषः स मनोमयतां हृदि । प्राप्येन्द्रियमयत्वं च कण्ठे व्याञ्जीच्च तन्मुखे ॥३२॥
अन्तःस्थोष्मस्वरस्पर्शप्रमुखाः सकलास्ततः । वर्णा आसंस्ततो वेदाः सर्गारम्भे हि जज्ञिरे ॥३३॥
स्थानभेदाद्यथा नाद एकोऽप्यासीच्चतुर्विधः । नारायणोऽपि भगवांस्तथैवाभूच्चतुर्विधः ॥३४॥
नाभिपद्मे परादेवो वासुदेवाख्य ईरितः । सङ्कर्षणाख्यश्च तथा पश्यन्तीदेवता हृदि ॥३५॥
अनिरुद्धाभिधः कण्ठे मध्यमायाश्च देवता । मुखे प्रद्युम्ननामाऽसौ वैखर्या देवता मतः ॥३६॥
विष्ण्वादयस्त्रयो देवाः स्वस्थानस्था उपासत । प्रद्युम्नादीन् क्रमेणैव तत्तद्वाण्यधिदेवताः ॥३७॥
सङ्कर्षणादयस्तत्र सगुणा मूर्तयः प्रभोः । स्वयं तु वासुदेवोऽस्ति नाभिपद्मे हि निर्गुणः ॥३८॥
इत्थं नारायणादेव साक्षाच्छ्रीपुरुषोत्तमात् । आविर्बभूव सृष्ट्यादौ वेदः सर्वार्थबोधकः ॥३९॥

---

**વર્ણો પોતાના સ્થાનમાં રહી શ્રીવાસુદેવ ભગવાનની ઈચ્છાથી વૈરાજપુરુષના હૃદયાકાશમાં એક ભાવને પામ્યા, ત્યારે ૐ......એવો પ્રણવધ્વનિ થયો.[૩૧] મહાપ્રાણમય એવો એ પ્રણવધ્વનિ હૃદયમાં મનોમય એવા 'પશ્યંતી' નામને પામી કંઠમાં ઈન્દ્રિયમય એવા 'મધ્યમા' નામને પામી વૈરાજપુરુષના મુખમાં અનેક વર્ણોરૂપે પ્રગટ થઈ 'વૈખરી' નામને પામ્યો.[૩૨]**

**અનેક વર્ણોરૂપે પ્રગટ થયેલા તે પ્રણવના ધ્વનિમાંથી ય,ર,લ,વ આ ચાર અંતસ્થ અક્ષરો, શ,ષ,સ,હ આ ચાર ઉષ્માણ અક્ષરો, અકાર આદિક સ્વરો, ક થી મ પર્યંતના સ્પર્શ અક્ષરો, તેમજ વિસર્ગ અને અનુસ્વાર આદિ સમગ્ર વર્ણો ઉત્પન્ન થયા. આ સમગ્ર વર્ણોમાંથી સૃષ્ટિના પ્રારંભ સમયે વેદો ઉત્પન્ન થયા.[૩૩] જેવી રીતે અક્ષરબ્રહ્માત્મ ધ્વનિ એક હોવા છતાં નાભી, હૃદય, કંઠ અને મુખ આ ચાર સ્થાનના ભેદથી પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એવા ચાર પ્રકારે થયો, એવી રીતે અનંત ઐશ્વર્યોના સ્વામી શ્રીનારાયણ ભગવાન પણ એક હોવા છતાં ચાર સ્વરૂપે થયાં.[૩૪] તેમાં નાભિકમળમાં પરાવાણીના દેવતારૂપે શ્રીવાસુદેવ નામે, હૃદયમાં પશ્યંતિવાણીના દેવતારૂપે સંકર્ષણ નામે, કંઠમાં મધ્યમા વાણીના દેવતારૂપે અનિરૂદ્ધ નામે અને મુખમાં વૈખરી વાણીના દેવતારૂપે પ્રદ્યુમ્ન નામે થયા.[૩૫-૩૬] વૈરાજનાં ત્રણ શરીરના અભીમાની દેવતા વિષ્ણુ, બ્રહ્મા અને શિવ અનુક્રમે મુખ, કંઠ અને હૃદયમાં ત્રણે સ્થાનમાં રહીને તે તે વાણીના અધિષ્ઠાતા પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ અને સંકર્ષણની અનુક્રમે ઉપાસના કરે છે.[૩૭] તેમાં સંકર્ષણાદિ ત્રણ મૂર્તિઓ શ્રીવાસુદેવ ભગવાનની સગુણ મૂર્તિઓ છે. જ્યારે નાભિકમળમાં રહેલા સ્વયં**

सर्वस्मिन् वाङ्मये मुख्यः साक्षान्नारायणास्यतः । उत्पन्नत्वाद्वेद एव ततोऽध्येयः स वर्णिना ॥४०॥
अच्छेद्योऽखण्डचैतन्यः स्वात्मा ज्ञेयः पृथक्तनोः । तस्यैक्यं ब्रह्मणा बुद्ध्वा तद्रूपः सन्भजेद्धरिम् ।४१
भोगानामुपभोगेन न कामः शाम्यति क्वचित् । हविषा कृष्णवर्त्मेव भूयस्तेन तु वर्धते ॥४२॥
यत्पृथिव्यां व्रीहियवं हिरण्यं पशवः स्त्रियः । नालमेकस्य तत्सर्वमिति पश्यन्न मुह्यति ॥४३॥
जीर्यन्ते जीर्यमाणस्य पुंसः केशरदादयः । जीविताशा धनाशा च कुमारीव विवर्धते ॥४४॥
नश्वरत्वाद्धि देहस्य तदीयेष्वखिलेष्वपि । ततस्तृष्णां परित्यज्य धर्मनिष्ठो हरिं भजेत् ॥४५॥
देशं कालं क्रियां देवं शास्त्रं मन्त्रं च पूरुषान् । नासतः क्वापि सेवेत सेवेतैतान्सतः सदा ॥४६॥

---

શ્રીવાસુદેવ ત્રણ ગુણથી પર નિર્ગુણ સ્વરૂપ છે.[૩૮] આ પ્રમાણે સૃષ્ટિના આદિકાળમાં સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ થકી જ સર્વ અર્થનો બોધ કરાવનાર વેદ પ્રગટ થયા.[૩૯] સાક્ષાત્ નારાયણના મુખ થકી પ્રાદુર્ભાવ પામેલા હોવાથી વેદ છે, તે જ વાઙ્મય જગતમાં મુખ્યપણે વર્તે છે. તેથી વેદનું બ્રહ્મચારીએ અધ્યયન કરવું.[૪૦]

હે વર્ણી ! બ્રહ્મચારીએ પોતાના આત્માને અછેદ્ય, અખંડ અવિનાશી અને ચૈતન્ય જાણવો. તેમ જ ત્રણ શરીરથી પૃથક્ જાણવો. આવા ત્રણ શરીરથી ભિન્ન આત્માની અક્ષરબ્રહ્મની સાથે એકપણાની ભાવના કરી, બ્રહ્મરૂપે થઇ ભગવાન શ્રીહરિનું ભજન કરવું.[૪૧] વિષયભોગની ઇચ્છારૂપ કામ માયિક પંચ વિષયોના ભોગ ભોગવવાથી ક્યારેય પણ શાંત થતો નથી. જેવી રીતે ઘી હોમવાથી અગ્નિકુંડનો અગ્નિ શાંત થતો નથી. તેવી જ રીતે ભોગો ભોગવવાથી કામ અધિકને અધિક વૃદ્ધિ પામે છે.[૪૨] આ પૃથ્વી પર જે કાંઇ પણ ચોખા આદિ ધાન્ય, સુવર્ણ આદિક ધન, હાથી, ઘોડા આદિક પશુઓ અને સ્ત્રીમાત્ર આદિ સર્વે પદાર્થો છે, તે એક જણાને જ સર્વે એક સાથે પ્રાપ્ત થાય, છતાં પણ તૃષ્ણાની પૂર્તિ થતી નથી. આ હકીકતનો હૃદયથી વિચાર કરી મોહ છોડી દેવો અને જે કાંઇ પણ મળે તેનો ધર્મમાં રહીને ઉપભોગ કરી સંતોષ અનુભવવો.[૪૩] સમય જતાં વૃદ્ધાવસ્થાને પામતા પુરુષના કેશ, આદિ સર્વે જીર્ણ થાય છે. છતાં જીવવાની આશા અને ધનની તૃષ્ણારૂપી કુંવારી કન્યા જાણે યુવાની અવસ્થાને પ્રાપ્ત કરતી હોય તેમ વૃદ્ધિ પામે છે.[૪૪] માટે વિચાર કરીને એ સર્વેનો ત્યાગ કરવો. દેહ અને દેહના સંબંધીમાં આવતાં સર્વે પદાર્થો ક્ષણભંગુર અને નાશવંત હોવાથી તેમની તૃષ્ણા છોડી ધર્મનિષ્ઠ થઇ હરિનું ભજન કરવું.[૪૫] અસત્ દેશ, કાળ, ક્રિયા, દેવતા, શાસ્ત્ર, મંત્ર અને પુરુષનું સેવન ક્યારેય ન કરવું. પરંતુ સત્દેશકાળાદિકનું અખંડ સેવન કરવું.[૪૬]

देशादीनसत इहाऽऽश्रयन्ति ये ते संयान्ति प्रसभमसत्त्वमेव सन्तः ।
तस्मात्ते निजहितमिच्छताऽतिदूरं हातव्या मुनिवर ! सन्त एव सेव्याः ॥४७॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे नैष्ठिकधर्मेषु ब्रह्मचारिणां वेदाध्ययनप्रसङ्गेन वेदोत्पत्तिनिरूपणनामा त्रिपञ्चाशत्तमोऽध्यायः ॥५३॥*

---

હે મુનિવર ! આ લોકમાં જે પુરુષો અસત્ દેશકાળાદિકનો આશ્રય કરે છે, તે પુરુષો સાધુ હોવા છતાં બળાત્કારે અસાધુપણાને પામે છે. તેથી પોતાનું હિત ઈચ્છતા પુરુષે અસત્ દેશકાળાદિકનો દૂરથી ત્યાગ કરી દેવો. અને સત્ દેશકાળાદિકનું સેવન કરવું. સત્-અસત્નાં લક્ષણો વિશેષપણે ત્રીજા પ્રકરણમાંથી જાણી લેવાં.[૪૭]

*આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ વેદાધ્યયન કરવાના પ્રસંગથી વેદની ઉત્પત્તિનું નિરૂપણ કર્યું, એ નામે ત્રેપનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૩--*

---

## चतुर्पञ्चाशत्तमोऽध्यायः - ५४

**श्रीनारायणमुनिरुवाच :-**

अथाह्निकं प्रवक्ष्यामि कर्मास्य ब्रह्मचारिणः । अनुक्रमेण सङ्क्षेपात्कार्यमावश्यकं हि यत् ॥१॥
ब्राह्मे मुहूर्त उत्थाय नरनारायणं हृदि । ध्यात्वा तं तस्य भक्तांश्च कीर्तयन् प्रणमेच्च तान् ॥२॥
गृहीतोदकपात्रोऽथ कर्तुं शौचविधिं बहिः । ग्रामाद्गच्छेन्नैर्ऋर्तीं वा दक्षिणां दिशमेकलः ॥३॥
अन्तर्धाय तृणैर्भूमिं शिरः प्रावृत्य वाससा । कुर्यान्मूत्रपूरीषे तु शुचौ देशे च निर्जने ॥४॥
दिवासन्ध्यासु कर्णस्थब्रह्मसूत्र उदङ्मुखः । कुर्यान्मूत्रपुरीषे तु रात्रौ चेद्दक्षिणामुखः ॥५॥
छायायामन्धारे वा रात्रावहनि वा द्विजः । यथासुखमुखः कुर्यात्प्राणबाधाभयेषु च ॥६॥
बहिर्ग्रामान्न गन्तव्यं निशि तूत्सर्गकर्मणे । कार्यं मठसमीपादौ तथैवापदि तेन तत् ॥७॥
न तिष्ठन्नाप्सु नो विप्रगोवह्न्यर्केन्दुसन्मुखः । न फालकृष्टभूभागे न मार्गे न नदीतटे ॥८॥

---

## અધ્યાય - ૫૪

## શ્રીહરિએ કરેલું બ્રહ્મચારીઓને અવશ્ય કરવાના આહ્નિકવિધિનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે વર્ણીન્ ! હવે બ્રહ્મચારીના આહ્નિક વિધિનું અનુક્રમથી સંક્ષેપમાં વર્ણન કરીએ છીએ. તે કર્મ બ્રહ્મચારીઓએ અવશ્ય કરવું.[૧] બ્રાહ્મમુહૂર્તમાં જાગ્રત થઇ હૃદયમાં ભગવાન શ્રીનરનારાયણનું ધ્યાન કરી તેમનું અને તેમના ભક્તોનાં નામોનું ઉચ્ચારણ કરતાં તેઓને નમસ્કાર કરવા.[૨] પછી જળ ભરેલું પાત્ર લઇ શૌચવિધિ કરવા ગામથી બહાર એકલા નૈર્ઋત્ય અથવા દક્ષિણ દિશામાં જવું.[૩] ભૂમિને તૃણથી આચ્છાદન કરી વસ્ત્રથી મસ્તક ઢાંકી ચોખ્ખા અને નિર્જન પ્રદેશમાં મળ-મૂત્રનો ત્યાગ કરવો.[૪] યજ્ઞોપવિતને જમણા કાન ઉપર રાખવી, દિવસે અને સંધ્યા સમયે ઉત્તર સન્મુખ મુખ રાખીને અને રાત્રીએ દક્ષિણ દિશા તરફ મુખ રાખીને મળ-મૂત્રનો ત્યાગ કરવો.[૫] આ નિયમ જ્યારે પ્રાણવિપત્તિ આદિકનો ભય ન હોય ત્યારે જાણવો. પરંતુ આપત્કાળમાં રાત્રી કે દિવસે પોતાને અનુકુળ મુખ રાખીને મળ-મુત્રનો ત્યાગ કરવો, તેમજ પોતાને અનુકૂળ થાય તે રીતે છાયામાં કે અંધારામાં પણ મળ-મૂત્રનો ત્યાગ કરવા બેસવું.[૬]

બ્રહ્મચારીએ રાત્રીમાં અને રોગાદિક આપત્કાળમાં પણ મળમૂત્રનો ત્યાગ કરવા ગામથી બહાર ન જવું, પરંતુ મઠની સમીપમાં મળમૂત્રનો ત્યાગ કરવો.[૭] ઊભાં ઊભાં, જળમાં, વિપ્ર, ગાય, અગ્નિ, સૂર્ય અને ચંદ્રની સન્મુખ બેસીને,

गवां मध्ये धान्यमध्ये जीर्णदेवालये क्वचित् । विण्मूत्रष्ठीवनं नैव कुर्यात्स्त्रीसन्मुखस्तथा ॥९॥
शतहस्तं परित्यज्य मूत्रं कुर्याज्जलाशयात् । शतद्वयं पुरीषे तु तीर्थे चैतच्चतुर्गुणम् ॥१०॥
शौचं कृत्वा मृदम्बुभ्यां गच्छेच्छुद्धं जलाशयम् । प्रक्षालयेत्करौ पादौ तत्र मृत्तिकयाम्बुभिः ॥११॥
सजन्तुर्मृत्तिका नैव ग्राह्या शौचविधौ क्वचित् । अशुचिस्थानगा चैव शौचशिष्टा च नाकुजा ॥१२॥
एका लिङ्गे गुदे तिस्रो दश वामकरे मृदः । दोष्णोर्द्वयोः सप्त देयास्तिस्रस्तिस्रश्च पादयोः ॥१३॥
एका लिङ्गे तु मृद्देया तिस्रो वामकरे तथा । उभयोः करयोर्द्वे च मूत्रशौचं प्रकीर्तितम् ॥१४॥
कुर्याद्द्वादश गण्डूषान् पुरीषोत्सर्जने द्विजः । मूत्रोत्सर्गे तु षट् कुर्याच्चतुरो वापि धर्मवित् ॥१५॥
पीतशेषं शौचशेषं नाचामेदुदकं द्विज ! । पात्रान्तरस्याभावे तत्किञ्चित्त्यक्त्वा तदाचरेत् ॥१६॥
एतच्छौचं गृहस्थस्य प्रोक्तमस्ति द्विजन्मनः । वर्ण्येतद् द्विगुणं कुर्यान्निशि त्वर्धं तथाध्वनि ॥१७॥

---

**હળથી ખેડેલી જમીનમાં, માર્ગમાં, નદીને કિનારે, ગાયોની મધ્યે, ધાન્યની મધ્યે, જીર્ણ દેવાલયમાં અને સ્ત્રીની સન્મુખ; આટલી જગ્યાએ ક્યારેય પણ મળમૂત્રનો ત્યાગ ન કરવો અને થૂંકવું પણ નહિ.[૮-૯] જળાશયથી સો હાથ જેટલા દૂરના પ્રદેશમાં કે તેનાથી પણ દૂરના પ્રદેશમાં જઈને મૂત્રનો ત્યાગ કરવો. અને મળનો ત્યાગ તો બસો હાથ જેટલા દૂર પ્રદેશમાં જઈને કરવો. તેમજ તીર્થમાં તો તેનાથી ચારગણા દૂર પ્રદેશમાં જઈને મળનો ત્યાગ કરવો.[૧૦] પછી દેહની શુદ્ધિને માટે માટી અને જળથી ગુદાની શુદ્ધિ કરી શુદ્ધ જળાશયની સમીપે જવું. ત્યાંથી પાણી લઈ માટીની સાથે હાથ પગનું પ્રક્ષાલન કરવું.[૧૧] તેમજ કીડી આદિક જંતુઓવાળી માટી, અપવિત્ર સ્થાનની, રાફડાની, બીજાએ હાથપગ ધોતાં વધેલી માટીને શૌચ વિધિમાં ગ્રહણ કરવી નહિ.[૧૨] હવે શૌચ માટે માટી લેવાની સંખ્યા કહીએ છીએ. લિંગ ધોવા જળ સાથે એકવાર માટી લેવી, ગુદા ધોવા ત્રણ વાર, ડાબો હાથ ધોવા માટે દશવાર અને બન્ને હાથ ભેળા કરીને સાતવાર માટી લેવી. પછી બન્ને પગને માટીથી ત્રણ વાર ધોવા.[૧૩] મૂત્ર ત્યાગ કર્યા પછી લિંગને માટી અને જળવડે એકવાર ધોવે. ડાબા હાથને ત્રણવાર અને બન્ને હાથને ભેળા કરીને બેવાર માટી અને જળ વડે ધોવા. આ મળ-મૂત્રના શૌચનો વિધિ કહ્યો.[૧૪]**

**ધર્મના જ્ઞાતા ચતુર દ્વિજાતિ પુરુષે મળ વિસર્જનની શુદ્ધિ કર્યા પછી બાર કોગળા કરવા અને મૂત્ર કર્યા પછી છ કોગળા કરવા.[૧૫] પીતાં બાકી રહેલા કે શૌચવિધિ કરતાં બાકી રહેલા જળથી આચમન ન કરવું. જો બીજા પાત્રનો અભાવ હોય તો શુદ્ધ ભૂમિ ઉપર કંઈક જળ ઢોળીને થોડા આગળ વહી જતા તે જળને**

आर्तः कुर्याद्यथाशक्ति शक्तः कुर्याद्यथोदितम् । शौचमेतत्प्रयत्नेन देशकालानुसारतः ॥१८॥
कृते मूत्रपुरीषेऽपि यदि नैवोदकं भवेत् । तदा यर्ह्युदकाप्तिः स्यात्तदा स्नायात्सचैलकः ॥१९॥
अरण्येऽनुदके रात्रौ चौरव्याघ्राकुले पथि । कृत्वा मूत्रपुरूषं च द्रव्यहस्तो न दुष्यति ॥२०॥
अन्तर्बहिर्मज्जनेन शौचपात्रं च शोधयेत् । तुम्बी त्रिः क्षालनाच्छुद्ध्येद्धातुपात्रं मृदम्बुभिः ॥२१॥
इत्थं शौचविधिं कृत्वा कुर्वीत मुखशोधनम् । न तस्य काष्ठेन मतं दन्तानामतिघर्षणम् ॥२२॥
आर्द्रद्रुमच्छेददोषात्तन्निषेधोऽस्य यत्ततः । यथालब्धेन काष्ठेन जिह्वाशुद्धिं समाचरेत् ॥२३॥
न तिष्ठन्न चलन्मार्गे न च प्रत्यङ्मुखस्तथा । भाषमाणो न चान्येन स कुर्याद्दन्तधावनम् ॥२४॥
व्रतोपवासदिवसे श्राद्धसङ्क्रान्तिपर्वसु । अपां द्वादशगण्डूषैस्तत्कार्यं न तु दारुणा ॥२५॥
नद्यां तडागे कूपे वा ततः स्नानं समाचरेत् । उष्णोदकेनाऽऽपदि तु मानसं वा तदाचरेत् ॥२६॥

---

લઈ આચમન કરવું.[૧૬] આ જે શૌચ વિધિ કહ્યો તે ગૃહસ્થ એવા દ્વિજાતિ પુરુષો માટે કહ્યો છે. બ્રહ્મચારીએ ઉપરોક્ત કરતાં બમણો શૌચવિધિ કરવો. રાત્રીએ તથા માર્ગમાં ચાલતી વખતે આનાથી અર્ધું કરવું.[૧૭] રોગી હોય તેમણે પોતાની શક્તિ પ્રમાણે કરવું. આ રીતે દેશકાળને અનુસારે પ્રયત્નપૂર્વક આ શૌચવિધિ કરવો. પરંતુ આળસ કે પ્રમાદથી ત્યાગ ન કરવો.[૧૮] જો પાણી ન હોય ને ન રોકી શકવાથી મળ-મૂત્રનો ત્યાગ કર્યો હોય તો જ્યારે જળ પ્રાપ્ત થાય ત્યારે સર્વે શૌચવિધિ કરી વસ્ત્રે સહિત સ્નાન કરવું.[૧૯] નિર્જળ વનમાં કે રાત્રીએ તેમ જ ચોર, વાઘ આદિકથી વ્યાકુળ માર્ગમાં મળ-મૂત્રનો ત્યાગ કરે છતાં હાથમાં રહેલું દ્રવ્ય પદાર્થ દૂષિત થતું નથી.[૨૦] શૌચવિધિમાં ઉપયોગ કરેલ પાત્રને બહાર અંદર માંજીને શુદ્ધ કરવું. તેમાં તુંબડાનું પાત્ર કેવળ જળથી ત્રણ વખત ધોઈ નાખવાથી શુદ્ધ થાય છે. ધાતુપાત્ર જળ-માટીથી જ શુદ્ધ થાય છે.[૨૧]

આ પ્રમાણે શૌચવિધિ કરીને મુખપ્રક્ષાલન કરવું. દાતણથી દાંતને બ્રહ્મચારીએ અતિ ઘસવા નહિ.[૨૨] દાતણ માટે લીલા વૃક્ષની નાની શાખાનો પણ ઉચ્છેદ ન કરવો. તેથી જે કાંઈ પણ કાષ્ઠ મળે તેનાથી જીભ શુદ્ધિ કરવી.[૨૩] બ્રહ્મચારીએ ઊભા રહીને, ચાલતાં-ચાલતાં, પશ્ચિમ દિશા તરફ મુખ કરીને કે બીજા સાથે વાતો કરતાં કરતાં દાતણ કરવું નહિ.[૨૪] વ્રત ઉપવાસને દિવસે, શ્રાદ્ધને દિવસે, સૂર્યની સંક્રાંતિને દિવસે અને અમાવાસ્યાદિ પર્વણીને દિવસે કાષ્ઠથી દાતણ કરવું નહિ. પરંતુ જળના બાર કોગળા વડે મુખશુદ્ધિ કરવી.[૨૫] પછી નદી, તળાવ કે કૂવે સ્નાન કરવું. આપત્કાળમાં ગરમ જળથી અથવા માનસ સ્નાન કરવું.[૨૬]

ध्यात्वा हरिं स्वहृदये तन्नामोच्चारपूर्वकम् । मनसा कल्पितैस्तोयैर्यत्स्नानं तत्तु मानसम् ॥२७॥
स्नानकाले स्मरेद्गङ्गां विष्णुपादोदकीं शिवाम् । भगीरथतपःसिद्धिं महापातकनाशनीम् ॥२८॥
उदङ्मुखः प्राङ्मुखो वा स्नात्वा स्नानाङ्गतर्पणम् । कृत्वाऽऽगच्छेत्साम्बुपात्र आर्द्रवासा निजाश्रमम् ।२९
यद्यानुकूल्यं तत्र स्यात्तर्हि सन्ध्यां जलाशये । आर्द्रवासाः स कुर्वीत कृत्वा तिलकमम्बुना ॥३०॥
आर्द्रवासा जले कुर्याद्ब्राह्मणस्तर्पणादि च । गायत्रीं वह्निवक्त्रां तु बहिरेव जलाज्जपेत् ॥३१॥
अवमृज्यान्न च स्नातो गात्राण्यम्बरपाणिभिः । न च निर्धूनयेत्केशान्वासश्चैव न नर्तयेत् ॥३२॥
तिस्रः कोट्योऽर्धकोटिश्च सन्ति रोमाणि मानुषे । तावन्ति सन्ति तीर्थानि तस्मान्न परिमार्जयेत् ।३३
देवाः पिबन्ति शिरसो मुखतः पितरस्तथा । वक्षसोऽपि च गन्धर्वो अधस्तात्सर्वजन्तवः ॥३४॥
निजाश्रममुपेत्याथ प्रक्षाल्य चरणौ करौ । वसीत धौते वसने स्पर्शदुष्टे न चेत्तदा ॥३५॥
सकृद्धौतं स्त्रिया धौतं शूद्रधौतं तथैव च । अधौतं तद्विजानीयाच्छुष्कं दक्षिणपल्लवैः ॥३६॥

---

મનમાં ભગવાનનું ધ્યાન કરી તેનાં નામમંત્રોનું ઉચ્ચારણ કરતાં મનથી કલ્પેલા જળથી જે સ્નાન કરવું, તેને માનસ સ્નાન કહેલું છે.[૨૭] સ્નાનને સમયે ભગવાનના ચરણકમળમાંથી પ્રગટેલી અને ભગીરથરાજાના તપના ફળરૂપે રહેલી તેમજ મહાપાપને બાળી નાખનારી એવી પવિત્ર ગંગા નદીનું સ્મરણ કરવું.[૨૮] અને ઉત્તર મુખે તથા પૂર્વમુખે બેસીને સ્નાન કરવું. તેના અંગભૂત તર્પણ કરી જળભરેલા પાત્રને સાથે લઈ ભીનાવસ્ત્રે પોતાના આશ્રમમાં આવવું.[૨૯] જો તે નદી આદિક જળાશયમાંજ અનુકૂળતા હોય તો ભીનાં વસ્ત્રમાં જ જળથી તિલક કરી બ્રહ્મચારીએ પ્રાતઃ સંધ્યા અને તર્પણાદિ કર્મ કરી લેવું, અને અગ્નિમુખ ગાયત્રીનો જપ તો જળથી બહાર કરવો.[૩૦-૩૧] બ્રહ્મચારીએ સ્નાન કરતાં વસ્ત્રથી કે હાથથી શરીરનું માર્જન કરવું નહિ, મસ્તક પરના કેશને ખંખેરવા નહિ, પહેરેલાં વસ્ત્રને પણ કંપાવવું નહિ.[૩૨] બ્રહ્મચારીએ શરીર માર્જન ન કરવાનો હેતુ એ છે કે, બ્રહ્મચારીના શરીરમાં સાડા ત્રણ કરોડ રોમ રહેલાં છે, તેટલાં જ તીર્થો તેના શરીરમાં રહેલાં છે. તેથી શરીરનું પરિમાર્જન કરવું નહિ.[૩૩] મસ્તક સંબંધી તીર્થોમાંથી દેવતાઓ જળપાન કરે છે. મુખના રોમ સંબંધી તીર્થોમાંથી પિતૃઓ, વક્ષઃસ્થલના તીર્થોમાંથી ગાંધર્વો અને કેડથી નીચેના સમગ્ર શરીરમાં રહેલા રોમ તીર્થોમાંથી સર્વે જંતુઓ જળનું પાન કરે છે, તેથી શરીરનું પરિમાર્જન કરવું નહિ.[૩૪]

પછી પોતાના આશ્રમમાં આવી હાથ-પગને ધોઈ સ્પર્શ કરવાથી દૂષિત ન થયેલાં ધોયેલાં વસ્ત્રો પરિધાન કરવાં.[૩૫] એકવાર ધોયેલું, સ્ત્રીએ કે શુદ્રે ધોયેલું

न द्विजस्पर्शदोषोऽस्ति धौतकौशेयवाससः । शाणस्यौर्णस्य तारण्स्य त्वक्पत्रादेश्च वाससः ॥३७॥
एकवासा भवेन्नैव सन्ध्याहोमजपादिषु । क्रियासु ब्राह्मणः क्वापि कर्मण्यपि च पैतृके ॥३८॥
उत्तरीयं न चेत्तर्हि परिधानार्धकेन तम् । कुर्याद्वा वस्त्रखण्डेन ब्रह्मसूत्रान्तरेण वा ॥३९॥
नग्नः स्यान्मलद्वासा नग्नः कौपीनकेवलः । अकच्छोऽनुत्तरीयश्च मुक्तकच्छश्च नग्नकः ॥४०॥
गृह आर्द्रपटो नग्न एककच्छस्तथाविधः । कटिकच्छविहीनश्च द्विकच्छो नग्न उच्यते ॥४१॥
परिधानाद्बहिः कच्छा निबद्धा ह्यासुरी मता । धर्मकर्मणि विद्वद्भिर्वर्जनीया प्रयत्नतः ॥४२॥
दैवं पित्र्यं च वा कर्म सन्ध्योपास्त्यादि नैत्यकम् । शूद्राहृतेन तोयेन विप्रो नैव समाचरेत् ॥४३॥
समित्पुष्पकुशादीनि ब्राह्मणः स्वयमाहरेत् । शूद्रानीतैः क्रयक्रीतैः पूजयेन्न रमापतिम् ॥४४॥
पूजाद्रव्याणि सम्भृत्य यथालब्धानि सत्वरम् । कम्बलाद्यासने शुद्धे शुचौ देश उपाविशेत् ॥४५॥

---

વસ્ત્ર ધોયા વિનાનું જાણવું, તેમજ દક્ષિણ દિશા તરફ પાલવ રહે તેમ સુકાવેલું વસ્ત્ર ધોયા વિનાનું જાણવું.[૩૬] ધોયેલું રેશમી વસ્ત્ર, શણનું વસ્ત્ર, ઘેટાંના ઊનનું વસ્ત્ર, તૃણના તંતુમાંથી બનાવેલું તથા ભૂર્જપત્ર કે કેળાના પત્રમાંથી તૈયાર કરેલાં વસ્ત્રના સ્પર્શમાં દોષ નથી.[૩૭] બ્રાહ્મણ-બ્રહ્મચારીએ સંધ્યા, હોમ, જપ આદિક ક્રિયામાં તથા પિતૃસંબંધી ક્રિયામાં પણ એક વસ્ત્ર પહેરીને પ્રવૃત્ત ન થવું.[૩૮] જો ઉત્તરીય વસ્ત્ર ન હોય તો પહેરેલાં ધોતીયાના અર્ધા ભાગને ઉત્તરીય વસ્ત્ર તરીકે ઉપર ઓઢવું. અથવા વસ્ત્રનો પટકો ખભે રાખવો અથવા તે નિમિત્તે બીજી યજ્ઞોપવીત ધારણ કરવી.[૩૯] મેલું વસ્ત્ર, કેવળ કૌપીન, કચ્છ મુક્ત (પાછળ લાંગ વગરની) ધોતી આદિ વસ્ત્રો ધારણ કરવા છતાં નગ્ન કહેવાય છે. તેમજ ઉત્તરીય વસ્ત્ર ધારણ નહિ કરનાર નગ્ન કહેવાય છે.[૪૦] ઘરમાં ભીનું વસ્ત્ર પહેરી રાખે તેને તથા આગળ પાછળ પાટલી ન વાળે અથવા એક બાજુ વાળે, કેડમાં ખોસી રાખે, બન્ને છેડા પાછળ ખોંસે તેને પણ નગ્ન કહેવાય છે.[૪૧] પહેરવાનાં વસ્ત્રથી બહાર કછોટાને બાંધે તેને આસુરી માનેલો છે. વિદ્વાનોએ તેનો ધર્મ-કર્મમાં ત્યાગ રાખવો.[૪૨] બ્રાહ્મણો દેવસંબંધી અને પિતૃસંબંધી કર્મ તથા સંધ્યાની ઉપાસના આદિક આહ્નિક નિત્યવિધિ શૂદ્રે લાવેલા જળથી ન કરવાં.[૪૩] વળી સમિધ, પુષ્પો, દર્ભ, વગેરે પોતાને જાતે લાવવું. પરંતુ શૂદ્રે લાવેલાં કે પૈસા આપી ખરીદેલાં દ્રવ્યોથી બ્રાહ્મણ બ્રહ્મચારીએ શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા ન કરવી.[૪૪]

બ્રહ્મચારીએ જે કાંઇ પૂજાદ્રવ્યો પ્રાપ્ત થાય તેને તત્કાળ ભેળાં કરી માટી અને છાણથી પવિત્ર કરેલી ભૂમિ ઉપર શુદ્ધ કંબલનાં બિછાવેલાં આસન ઉપર

उदङ्मुखः प्राङ्मुखो वा स्वस्तिकासनमास्थितः । आचम्य प्राणानायम्य वर्णी पुण्ड्रं समाचरेत् ।४६
स्नात्वा पुण्ड्रं मृदा कुर्याद्धुत्वा वह्नौ तु भस्मना । देवानभ्यर्च्य गन्धेन जलमध्ये जलेन च ॥४७॥
पञ्चकं तूर्ध्वपुण्ड्राणां सगोपीचन्दनाख्यया । मुदा विशुद्धया कुर्याद्गायत्रीं वैष्णवीं पठन् ॥४८॥
ललाटकण्ठहृद्बाहौ तान्यंगुल्या समाचरेत् । अलाभे तु मृदः कुर्यादग्निहोत्रस्य भस्मना ॥४९॥
प्रातःसन्ध्यामुपासीनो गायत्रीं शक्तितो जपेत् । अष्टोत्तरं सहस्रं वा शतं वापि दशाऽऽपदि ॥५०॥
नित्यहोमं ततः कृत्वा भूतशुद्धिं विधाय च । प्राणप्रतिष्ठां कुर्वीत मातृकान्यासपूर्वकम् ॥५१॥
ब्रह्मभूतः परं ब्रह्म श्रीविष्णुं हृदयाम्बुजे । ध्यात्वादौ मनसाभ्यर्च्य बाह्यपूजनमाचरेत् ॥५२॥
शालग्रामशिलायां तु कार्यं नावाहनं हरेः । तथा स्थिरप्रतिकृतावन्यत्र तु तदाचरेत् ॥५३॥
पूजापद्धत्युक्तरीत्या मूलमन्त्रेण चार्चनम् । कुर्यात्पुरुषसूक्तेन यथालब्धोपचारकैः ॥५४॥

---

**બેસવું.[૪૫] સ્વસ્તિક આસને ઉત્તરમુખે અથવા પૂર્વમુખે બેસી ત્રણ વખત આચમન કરવું, પ્રાણાયામ કરવા અને ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું.[૪૬] હમેશાં સ્નાન કર્યા પછી માટીથી, અગ્નિમાં હોમ કર્યા પછી ભસ્મથી, દેવપૂજા કર્યા પછી સુગંધીમાન ચંદનથી, જળ મધ્યે ઊભા રહીને જળથી ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું.[૪૭] બ્રહ્મચારીએ વૈષ્ણવી ગાયત્રીનો પાઠ કરતાં કરતાં ગોપીચંદનથી પાંચ ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવાં.[૪૮] તે લલાટ, કંઠ, હૃદય અને બે બાહુમાં આ રીતે તર્જની આંગળીથી કરવાં. જો ગંપીચંદનની માટી ન મળે તો અગ્નિહોત્રના ભસ્મથી કરવાં.[૪૯] પ્રાતઃકાળની સંધ્યા ઉપાસના કરી શક્તિ પ્રમાણે એકહજાર આઠ કે એકસો આઠ ગાયત્રીમંત્રના જપ કરવા. આપત્કાળમાં દશ સંખ્યાથી પણ જપ કરવા.[૫૦] ત્યારપછી નિત્ય હોમ અને ભૂતશુદ્ધિ કરી માતૃકાન્યાસ કરવા પૂર્વક પ્રાણપ્રતિષ્ઠા કરવી.[૫૧] પોતાના આત્માની અક્ષરબ્રહ્મની સાથે એકતા કરી બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મ શ્રીવિષ્ણુનું હૃદયકમળમાં ધ્યાન કરી પ્રથમ માનસિક ઉપચારોથી પૂજા કરવી અને ત્યારપછી બાહ્ય પૂજા કરવી.[૫૨] તેમાં શાલિગ્રામની શિલામાં કે ભગવાનની અચળ પ્રતિમામાં આવાહન કે વિસર્જન ન કરવું. પરંતુ જો પ્રતિમા ચળ હોય તો આવાહન અને વિસર્જન કરવું.[૫૩] જે કાંઈ પૂજાના ઉપચારો પ્રાપ્ત થયા હોય તેનાથી પુરુષસૂક્તના મૂળ મંત્રોનું ઉચ્ચારણ કરતાં પૂજન કરવું.[૫૪] અહીં ભગવાનની પૂજામાં પુરુષસૂક્તની પાંચ આવૃત્તિ રહેલી છે. તે દેહન્યાસ, દેવન્યાસ, ઉપચારો અર્પણ કરતી વખતે, અભિષેક અને સ્તુતિ કરતી વખતે, એમ પાંચ આવૃત્તિ સદ્‌ગુરુ થકી જાણી બ્રહ્મચારીએ તે પ્રમાણે પૂજા વિધિ કરવો.[૫૧-૫૫]**

पञ्चास्याऽऽवृत्तयः सन्ति सूक्तस्यात्रेति सद्गुरोः । ज्ञात्वार्चनविधिं सर्वं तेनैव स समाचरेत् ॥५५॥
पुष्पधूपाद्यलाभे तद्द्यान्मन्त्रेण मानसम् । प्रीत्या परमया नित्यं तन्मनाः प्रयतोऽर्चयेत् ॥५६॥
सङ्कल्प्य देहे देवे च कृत्वा न्यासविधिं ततः । कलशार्चां शङ्खघण्टापूजां तन्मनुनाचरेत् ॥५७॥
पूजाद्रव्याणि सम्प्रोक्ष्य ध्यानमावाहनासने । पाद्यमर्घ्यं चाचमनं स्नानं पञ्चामृतेन च ॥५८॥
लघुपूजां चाभिषेकं कृत्वा वासः समर्पयेत् । उपवीतं चन्दनं च पुष्पाणि विविधानि च ॥५९॥
तुलसीपत्रसौभाग्यद्रव्यधूपांस्ततोऽर्पयेत् । दीपं फलादिनैवेद्यं जलं च करशोधनम् ॥६०॥
मुखप्रक्षालनं दद्यात्ताम्बूलफलदक्षिणाः । नीराजयित्वाऽथ हरिं दद्यात्पुष्पाञ्जलिं च सः ॥६१॥
प्रदक्षिणां स्तुतिं कृत्वा नमस्कृत्य क्षमापयेत् । कृष्णमन्त्रं च गायत्रीं वैष्णवीं शक्तितो जपेत् ॥६२॥
तुलसीकाष्ठजा श्रेष्ठा पद्मबीजोद्भवाऽथवा । धात्रीकाष्ठोद्भवा वापि जपमाला शुभावहा ॥६३॥

---

જો પુષ્પ, ધૂપ આદિક ઉપચારો પ્રાપ્ત થયા ન હોય તો તેના મંત્રોનું ઉચ્ચારણ કરી માનસ પુષ્પાદિક અર્પણ કરવાં. હમેશાં પ્રેમથી પૂજાની મૂર્તિમાં એકાગ્ર ચિત્ત કરી નિયમમાં તત્પર થઈ પૂજા કરવી.[૫૬] પ્રથમ જમણા હાથમાં જળ લઈ દેશ-કાળાદિકનું ઉચ્ચારણ કરવા પૂર્વક સંકલ્પ કરીને દેહમાં અને દેવમાં ન્યાસવિધિ કરવો. ત્યારપછી તે તે વરુણાદિકના મંત્રોનું ઉચ્ચારણ કરવા પૂર્વક કળશ, શંખ, અને ઘંટાનું પૂજન કરવું.[૫૭] પુષ્પાદિક પૂજા દ્રવ્યોનું પ્રોક્ષણ કરી ધ્યાન, આવાહન અને આસન અર્પણ કરવું. શાલગ્રામની પૂજામાં આવાહન મંત્રથી જ ધ્યાન કરવાનું જાણવું. જ્યારે ચિત્રપ્રતિમા આદિક ચળમૂર્તિઓમાં તો ધ્યાનમંત્ર અલગથી બોલવાનો જાણવો. પછી પાદ્ય, અર્ઘ્ય, આચમન, પંચામૃતથી સ્નાન, લઘુપૂજા અને અભિષેક કરી વસ્ત્ર, ઉપવીત, ચંદન અને વિવિધ પુષ્પો અર્પણ કરવાં.[૫૭-૫૮] ત્યાર પછી તુલસીપત્ર, અબીલ, ગુલાલ આદિ સૌભાગ્ય દ્રવ્યો, ધૂપ, દીપ, ફળ આદિ નૈવેદ્ય અર્પણ કરી, અંતે જળપાન અને હસ્ત તથા મુખ પ્રક્ષાલન કરાવવું. પછી ઠાકોરજીને પાનબીડું, નાળિયેરનું ફળ અને દક્ષિણા અર્પણ કરવી ને ભગવાનની આરતી કરી પુષ્પાંજલી અર્પણ કરવી.[૬૦-૬૧] પ્રદક્ષિણા અને સ્તુતિ કરી દંડવત્ પ્રણામ કરી ક્ષમા માગવી. પછી પોતાના આચાર્ય થકી પ્રાપ્ત થયેલા અષ્ટાક્ષર મંત્રનો જપ તથા શક્તિ પ્રમાણે વૈષ્ણવી ગાયત્રીનો જપ કરવો.[૬૨]

જપ કરવામાં તુલસીની માળા શ્રેષ્ઠ કહેલી છે. તેમજ કમળના બીજની અને ધાત્રીના કાષ્ઠની માળા શુભ મનાયેલી છે.[૬૩] દૃષ્ટિને એકાગ્ર કરી સરળપણે સ્વસ્તિક આસને બેસી મૌન થવું ને સ્થિર રહીને ગૌમુખી આદિક વસ્ત્રથી માળાને

ऋजुरेकाग्रदृष्टिश्च स्वस्तिकासनमास्थितः । वस्त्राच्छादितमालश्च जपेन्मौनव्रतः स्थिरः ॥६४॥
वेदं पुराणं शक्त्याऽथ भारतं वा हरेः स्तवम् । जपित्वाऽऽनम्य तं कुर्याद्गुरूणामभिवन्दनम् ॥६५॥
याचित्वाऽथ द्विजाञ्छुद्धानपक्वान्नं कृताप्लवः । पाकं कुर्याच्च मध्याह्नसन्ध्यां च पितृतर्पणम् ॥६६
अर्पयित्वा भगवते महानैवेद्यमादरात् । आवाहितां हरेर्मूर्तिं हृदये धारयेत्पुनः ॥६७॥
नागालितं घृतं क्षीरं नैवेद्यं चाम्बु विष्णवे । केशादिदुष्टमन्नं च दग्धं दुर्गन्धि चाशुचि ॥६८॥
वैश्वदेवं ततः कुर्यादथ चेत्कोऽपि याचकः । याचेत्स्वं तर्हि विभजेत्तस्मा अन्नं मुदान्वितः ॥६९॥
हुतदत्तावशिष्टान्नपात्रं वर्णी स मण्डले । चतुरस्रे भुवि कृते निधाय प्रोक्षयेत्ततः ॥७०॥
अपोशानविधिं कृत्वा स प्राणाहुतिपूर्वकम् । अद्यात्प्रागाननः कृष्णप्रसादान्नं च मौनवान् ॥७१॥
विप्रः कश्चित्पवित्रः स्वं भिक्षायै चेन्निमन्त्रयेत् । न याचितुं तर्हि गच्छेद्गच्छेद्भोक्तुं तदालये ॥७२॥
स्वविष्णोस्तत्र नैवेद्यं कृत्वा भुञ्जीत पूर्ववत् । न स्यात्स्वव्रतभङ्गश्चेच्छ्राद्धे भुञ्जीत तर्हि सः ॥७३॥

---

ઢાંકીને જપ કરવો.[૬૪] પછી વેદ, પુરાણ, મહાભારત આદિ ધર્મશાસ્ત્રો અથવા ભગવાનના સંબંધવાળાં સ્તોત્રોનો શક્તિ પ્રમાણે પાઠ કરવો પછી શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી ગુરૂનું અભિવંદન કરવું.[૬૫] પછી શુદ્ધ દ્વિજાતિના ઘેરથી ભિક્ષામાં કાચું અન્ન માગી આશ્રમમાં આવી સ્નાન કરી રસોઈ કરવી. પછી મધ્યાહ્ન સંધ્યા અને પિતૃતર્પણ કરી ભગવાનને આદરપૂર્વક નૈવેદ્ય અર્પણ કરવું, આવાહન કરાયેલી ભગવાનની મૂર્તિને પોતાના હૃદયમાં ફરી ધારણ કરવી.[૬૬-૬૭] ગાળ્યા વિનાનું ઘી, દૂધ અને જળ ભગવાનને અર્પણ ન કરવું, તેમજ કેશ પડવાથી દૂષિત થયેલું, બળેલું, દુર્ગંધ મારતું તથા બિલાડી આદિકના સ્પર્શથી અપવિત્ર થયેલું અન્ન પણ ભગવાનને અર્પણ ન કરવું.[૬૮] નૈવેદ્ય ધર્યા પછી વૈશ્વદેવ કર્મ કરવું તે સમયે કોઈ યાચક પોતા પાસે અન્નની યાચના કરે તો બ્રહ્મચારીએ અતિ હર્ષથી વિભાગ કરીને તે યાચકને અન્ન આપવું.[૬૯]

બ્રહ્મચારીએ હોમ કરતાં અને અતિથિને આપ્યા પછી બચેલું અન્ન પોતાના પાત્રમાં લઈ પૃથ્વી પર કરવામાં આવેલા ચોકા ઉપર પાત્ર મૂકી પ્રોક્ષણ કરવું.[૭૦] પછી અપોષણ વિધિ કરીને બ્રહ્મચારીએ પ્રાણની આહુતિ આપી પૂર્વાભિમુખે મૌન બેસીને શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદીનું અન્ન જમવું.[૭૧] અને જો કોઈ પવિત્ર બ્રાહ્મણ ભોજન માટે પોતાને નિમંત્રણ આપે તો તે દિવસે ભિક્ષા કરવા ન જવું, પરંતુ તે બ્રાહ્મણને ઘેર ભોજન કરવા જવું.[૭૨] ત્યાં પોતાની પૂજાની પ્રતિમાને નૈવેદ્ય ધરી પૂર્વવત્ નિયમપૂર્વક ભોજન કરવું. જો પોતાનું વ્રત ભંગ ન થાય તો શ્રાદ્ધમાં જમવું.[૭૩]

आचम्य चुलुकं कृत्वा पात्रशुद्धिं विधाय सः । वेदसच्छास्त्रपाठाद्यैर्दिवाशेषं समापयेत् ॥७४॥
सायं स्नात्वोपास्य सन्ध्यां होमकर्म समाचरेत् । कृष्णमन्त्रं यथाशक्ति जपेत् कुर्याद्धरेः कथाम् ॥७५
व्यतीते प्रथमे यामे निशो ध्यायन् हरिं हृदि । शयनं भुवि कुर्वीत मण्डले ब्रह्मचारिणाम् ॥७६॥
इति सङ्क्षेपतः प्रोक्तो वर्णिनो नैत्यको विधिः । ज्ञात्व्यो विस्तरस्त्वस्य निखिलो धर्मशास्त्रतः ॥७७।
सन्ध्यापूजावैश्वदेवहोमादीनां च यो विधिः । तत्तत्पद्धतितो ज्ञेयः स तु नैष्ठिकवर्णिना ॥७८॥
एतान्धर्मान्निषेवेत यो वर्णी नैष्ठिको भुवि । प्राप्नुयात्स्वेप्सितामेव मुक्तिमेकान्तिकीं हि सः ॥७९॥
य एताञ्छृणुयाद्धर्मान् यश्च प्रीत्यानुकीर्तयेत् । प्राप्नुयातां देवलोकं तौ विमुच्याघसङ्घतः ॥८०॥

भूमौ ये नैष्ठिकाः स्युर्निजहितनिरता वर्णिनस्त्यक्तगेहा,
वैराग्यं तीव्रमाप्ता हरिमुरुतपसाऽऽराधितुं चोत्कचित्तां ।
तैरेते पालनीयाः सततमिह वृषाः श्रेयसे स्वस्य तेन,
प्रीतस्तेभ्यो ददाति प्रभुरखिलमपि प्रार्थितं वर्णिराज ! ॥८१॥

---

પછી અમૃતાપિધાનનું આચમનરૂપ જળપાન કરી ચળું કરવું, ભોજનપાત્રની શુદ્ધિ કરી ભોજનસ્થળે ચોકો કરવો. પછીનો સમય વેદાદિ સત્શાસ્ત્રોનો પાઠ કરીને પસાર કરવો.[૭૪] સાયંકાળે સ્નાન કરી સંધ્યાઉપાસના કરીને હોમ કરવો. પછી યથાશક્તિ શ્રીકૃષ્ણમંત્રનો જપ કરવો અને હરિકથા કરવી.[૭૫] રાત્રીનો પહેલો યામ પૂર્ણ થાય ત્યારે હૃદયમાં શ્રીહરિનું ધ્યાન કરી બ્રહ્મચારીઓના મંડળની મધ્યે પૃથ્વી પર શયન કરવું.[૭૬]

આ પ્રમાણે બ્રહ્મચારીઓનો નિત્યવિધિ સંક્ષેપથી કહ્યો, વિશેષ વિસ્તાર સર્વે ધર્મશાસ્ત્ર થકી જાણી લેવો.[૭૭] તેમ જ સંધ્યા, પૂજા, વૈશ્વદેવ અને હોમાદિકનો વિધિ પણ બ્રહ્મચારીએ તે તેની પ્રદ્ધતિથી જાણી રાખવો.[૭૮] નૈષ્ઠિક બ્રહ્મચારી આલોકમાં અમે કહેલા ધર્મોનું સેવન કરશે, તે પોતે ઇચ્છેલી એકાંતિકી મુક્તિને પામશે.[૭૯] અને જે પુરુષ આ ધર્મોને પ્રેમથી સાંભળશે અથવા કહેશે તે પણ સમગ્ર પાપના સમુહોથી મૂકાઇ દેવલોકને પામશે.[૮૦] હે વર્ણિરાજ મુકુંદ બ્રહ્મચારી ! આ પૃથ્વી પર પોતાનું હિત સાધવામાં તત્પર ને તીવ્ર વૈરાગ્યને પામેલા તેથી જ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી તીવ્ર તપશ્ચર્યાદ્વારા ભગવાન શ્રીહરિની આરાધના કરવામાં ઉત્સુક મનવાળા થયેલા નૈષ્ઠિક બ્રહ્માચારીઓએ ઉદ્ધવસંપ્રદાયમાં રહી પોતાના કલ્યાણ માટે આ અમે કહેલા ધર્મોનું હમેશાં પાલન કરવું. તેનાથી પ્રસન્ન થયેલા ભગવાન સમગ્ર મનોવાંચ્છિત પદાર્થો તેઓને અર્પણ કરશે.[૮૧]

**सुव्रत उवाच :-**

इति निशम्य जगद्गुरुणा वृषान्निगदितान् हरिणा स्वहिताय सः ।
परमतुष्टिमवाप्य मुदा च तं नरपते ! प्रणुनाव सतां पतिम् ॥८२॥

**मुकुन्दानन्द उवाच :-**

कल्याणहेतुगुणरत्नविभूषिताङ्घ्रे ! कारुण्यपूर्णनयनाम्बुजदीनबन्धो ! ।
नानाविधाघनिचयप्रशमाभिधान ! नित्यं नमोऽस्तु हरये गुरुराज ! तुभ्यम् ॥८३॥
अज्ञानसन्तमसनाशकभास्करस्त्वं स्वाङ्घ्रिश्रिताखिलजनेप्सितकल्पवृक्षः ।
सद्धर्मवर्त्मपरिपालनशीलशालिन्नित्यं नमोऽस्तु हरये गुरुराज ! तुभ्यम् ॥८४॥
त्वं ब्रह्मरन्ध्र इह योगकलाप्रवीणैर्ध्येयः सहस्रदलपङ्कज ईश्वरोऽसि ।
त्वं वेदकल्पतरुसम्भवहेतुरेको नित्यं नमोऽस्तु हरये गुरुराज ! तुभ्यम् ॥८५॥

---

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ પોતાના આશ્રિત બ્રહ્મચારીઓનું હિત કરવા માટે કહેલા ધર્મને સાંભળીને મુકુન્દાનંદ બ્રહ્મચારી અતિશય હર્ષ પામી શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા.[૮૨]

**મુકુંદાનંદ બ્રહ્મચારીએ કરેલી શ્રીહરિની સ્તુતિ :–** હે કલ્યાણના હેતુભુત ગુણોરૂપી રત્નોથી વિભૂષિત ચરણ કમળવાળા ! હે કરૂણાથી ભરપૂર નેત્રકમળવાળા ! હે દીનબંધુ ! હે અનેકવિધ પાપોના સમૂહને શમાવનારાં સ્વામિનારાયણાદિ નામોને ધારણ કરી રહેલા ! હે ગુરૂરાજ શ્રીહરિ ! તમોને મારા નિરંતર નમસ્કાર છે.[૮૩]

હે શ્રીહરિ ! તમે જીવોના અનાદિના અજ્ઞાનરૂપી ગાઢ અંધકારને નાશ કરવામાં સૂર્યસ્વરૂપ છો. પોતાના ચરણકમળનો આશ્રય કરનારા સમગ્ર ભક્તજનોના ઈચ્છિત મનોરથને પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન છો, સદ્ધર્મના માર્ગનું પાલન કરવાના સહજ સ્વભાવથી શોભી રહેલા એવા હે ગુરૂરાજ શ્રીહરિ ! તમોને મારા નિરંતર નમસ્કાર છે.[૮૪]

હે શ્રીહરિ ! આ લોકમાં અષ્ટાંગયોગની કળામાં પ્રવીણ એવા યોગીઓ બ્રહ્મરંધ્રના સહસ્રદળ કમળમાં વિરાજમાન પરમેશ્વર એવા તમારૂં સદાય ધ્યાન કરે છે. અને એક તમે જ વેદરૂપી કલ્પતરૂની ઉત્પત્તિના કારણભૂત છો. એવા હે ગુરૂરાજ શ્રીહરિ ! તમોને મારા નિરંતર નમસ્કાર છે.[૮૫]

હે પરમેશ્વર ! સુરા, માંસ અને મૈથુનમાં આસક્ત પુરુષોના હિતને માટે

त्वं वै सुरापललमैथुनसक्तपुंसामेकोऽसि दण्डधर ईश ! हिताय तेषाम् ।
धर्मं सनातनमहिंसमखं च पासि नित्यं नमोऽस्तु हरये गुरुराज ! तुभ्यम् ॥८६॥
त्वं कामलोभरसमानमुखांश्च दैत्यानण्डस्थसर्वजनताजयजातदर्पान् ।
निघ्नन्निहेश ! भवसि प्रकटप्रतापो नित्यं नमोऽस्तु हरये गुरुराज ! तुभ्यम् ॥८७॥
त्वय्येव सद्गुरुपदं जगतीह सार्थं वर्वर्ति धर्मपथि वर्तयति स्वशिष्यान् ।
धर्मं स्वयं दृढमनुष्ठितवत्यशेषं नित्यं नमोऽस्तु हरये गुरुराज ! तुभ्यम् ॥८८॥
त्वत्कीर्तिरेव गुरुनामतया प्रसिद्धान्नारीरसद्रविणलोलुपमन्दबुद्धीन् ।
सङ्कोचयत्यनुदिनं भुवि धूर्तपुंसो नित्यं नमोऽस्तु हरये गुरुराज ! तुभ्यम् ॥८९॥
एकस्त्वमेव भुवि मुक्तिपथाब्जभास्वानास्से मुमुक्षुभिरतो मुनिभिः श्रितोऽसि ।
भक्तिर्ममाप्रतिहताऽस्तु तवाङ्घ्रिपद्मे नित्यं नमोऽस्तु हरये गुरुराज ! तुभ्यम् ॥९०॥

---

તમે જ એક દંડધર શિક્ષક છો. સનાતન ધર્મ અને અહિંસામય યજ્ઞોનું તમે જ રક્ષણ કરો છો. એવા હે ગુરૂરાજ શ્રીહરિ ! તમોને મારા નિરંતર નમસ્કાર છે.[૮૬]

હે ઈશ ! તમે આ સકલ બ્રહ્માંડમાં ઘર કરીને રહેલા તેમજ બ્રહ્માથી કીટ પર્યંત સમસ્ત જીવપ્રાણીમાત્રને પરાભવ પમાડવાથી ગર્વિષ્ટ થયેલા એવા કામ, ક્રોધ, લોભ, રસાસ્વાદ અને માન આદિક દૈત્યોનો આલોકમાં પરાભવ કરી સર્વોત્તમ પ્રગટ પ્રતાપને ધારણ કર્યો છે. એવા હે ગુરૂરાજ શ્રીહરિ ! તમોને મારા નિરંતર નમસ્કાર છે.[૮૭]

હે શ્રીહરિ ! આલોકમાં સદ્‌ગુરુની પદવી એક તમારે વિષે જ સાર્થક વર્તે છે. કારણ કે તમે પોતે ધર્મમાં દઢપણે વર્તો છો. એવા હે ગુરૂરાજ શ્રીહરિ ! તમોને મારા નિરંતર નમસ્કાર છે.[૮૮]

આ પૃથ્વી પર ગુરૂનામથી પ્રસિદ્ધ છતાં પણ નારીસંભોગ, રસાસ્વાદ અને ધનલોલુપતા આદિકને નહિ છોડનારા એવા મંદબુદ્ધિવાળા ધૂર્ત પુરુષોને તમારી કીર્તિ જ પ્રતિદિન સાંકળા કરે છે. એવા હે ગુરૂરાજ શ્રીહરિ ! તમોને મારા નિરંતર નમસ્કાર છે.[૮૯]

હે શ્રીહરિ ! આ પૃથ્વીપર મુક્તિના માર્ગરૂપ કમળનો વિકાસ કરવામાં સૂર્યરૂપ એક તમે જ છો. અને તેથી જ અનંત મુમુક્ષુઓ તથા મુનિઓએ તમારા શ્રીચરણોનો આશ્રય કર્યો છે. આવા મહામહિમાવાન તમારા ચરણ કમળમાં મારી ભક્તિ કોઈ પણ વિઘ્નોથી પરાભવ ન થાઓ. એવા હે ગુરૂરાજ શ્રીહરિ ! તમોને મારા નિરંતર નમસ્કાર છે.[૯૦]

**सुव्रत उवाच :-**

इत्थं स संस्तूय हरिं महात्मा ननाम वर्णीन्द्र उदारबुद्धिः ।
तद्धर्मसंस्थोऽनुदिनं सिषेवे तमेव भक्त्या परया नरेन्द्र ! ॥९१॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे नैष्ठिकधर्मेषु ब्रह्मचारिणामाह्निकविधिनिरूपणनामा चतुःपञ्चाशत्तमोऽध्यायः ॥५४॥*

---

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે સ્તુતિ કરી મહાન ઉદાર બુદ્ધિવાળા વર્ણીરાજ મુકુન્દાનંદ બ્રહ્મચારીએ ભગવાન શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા ને શ્રીહરિએ કહેલા નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મમાં સ્થિર રહી પરમ ભક્તિથી પ્રતિદિન શ્રીહરિની સેવા કરવા લાગ્યા.**[૯૧]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ બ્રહ્મચારીઓને નિત્યે કરવાના આહ્નિક વિધિનું નિરૂપણ કર્યું, એ નામે ચોપનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૪--***

---

## पञ्चपञ्चाशत्तमोऽध्यायः - ५५

सुव्रत उवाच

आरम्भिते मन्दिरेऽथकृष्णार्चास्थापनोचिते । जाते राजोत्तमो नत्वा हरिं प्रोवाच भूपते ! ॥१॥
भगवन्मन्दिरं ह्येतच्छ्रीकृष्णस्थापनोचितम् । जातं ततः प्रतिष्ठां त्वं कुरु कृष्णस्य सुक्षणे ॥२॥
श्रुत्वेति नृपतेर्वाक्यं हृष्टो ज्योतिर्विदं हरिः । पप्रच्छ रामचन्द्राख्यं कृष्णस्थापनसुक्षणम् ॥३॥
स प्राहाश्विनमासेऽस्मिन् शुक्लद्वादशिकादिने । सुमुहूर्तो भवत्येव कृष्णं स्थापय तत्र तु ॥४॥
हरिः प्राह नृपं शीघ्रमुपहारान्समानय । मुहूर्तोऽद्य दिनादस्ति पञ्चमेऽह्नि सुशोभनः ॥५॥
इत्युक्तो हरिणा हृष्टो राजा सत्वरकारिभिः । विप्रानापृच्छ्योपहारानानयामास सर्वशः ॥६॥
हरिश्च मण्डपं तत्र रम्भास्तम्भादिशोभनम् । बन्धयामास विततं कारयामास वेदिकाम् ॥७॥
दशम्यां विजयाख्यायां स्वेक्षणार्थमुपागतान् । भक्तानावासयामास तत्र तन्महदृष्टये ॥८॥

---

## અધ્યાય - ૫૫

## ભગવાન શ્રીહરિએ ગઢપુરમાં કરેલો શ્રીગોપીનાથજી મહારાજનો પ્રતિષ્ઠા મહોત્સવ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિની આજ્ઞાથી પ્રારંભ કરાયેલું ગઢપુરનું મંદિર જ્યારે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમાનો પ્રતિષ્ઠાવિધિ કરવા યોગ્ય થયું, ત્યારે ઉત્તમ રાજા શ્રીહરિને નમસ્કાર કરી કહેવા લાગ્યા કે, હે ભગવાન્ ! આ મંદિર તૈયાર થયું છે તેથી તમો શુભ મુહૂર્તમાં શ્રીકૃષ્ણ ભગવાનનો પ્રતિષ્ઠા વિધિ કરો.[૧-૨] હે પ્રતાપસિંહ રાજન્ ! આપ્રમાણેનું ઉત્તમરાજાનું વચન સાંભળી અતિશય પ્રસન્ન થયેલા શ્રીહરિ જ્યોતિષજ્ઞ રામચંદ્રવૈદ્યને મૂર્તિ પ્રતિષ્ઠાનું મુહૂર્ત પૂછવા લાગ્યા.[૩] તે વિપ્ર પંચાગમાં જોઈ કહેવા લાગ્યા કે, હે શ્રીહરિ ! આ આસો મહિનાની શુદ પક્ષની બારસની તિથિએ શુભ મુહૂર્ત છે તેમાં પ્રતિષ્ઠા વિધિ કરો.[૪] તે સાંભળી શ્રીહરિ ઉત્તમ રાજાને કહેવા લાગ્યા કે, હે રાજન્ ! પ્રતિષ્ઠાવિધિને યોગ્ય સામગ્રી તત્કાળ લાવીને ભેળી કરો. કારણ કે આજથી આરંભીને પાંચમે દિવસે શુભ મુહૂર્ત છે.[૫] શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તેથી અતિશય પ્રસન્ન થયેલા ઉત્તમ રાજા પ્રતિષ્ઠાવિધિને જાણનારા બ્રાહ્મણોને પૂછીને સત્વરે કાર્ય સિદ્ધ કરનારા પોતાના રાજસેવકો દ્વારા પ્રતિષ્ઠાવિધિને યોગ્ય સર્વે સામગ્રી મંગાવી.[૬] અને શ્રીહરિએ મંદિરની સમીપે જ કેળના સ્તંભથી શોભતો વિશાળ મંડપ બંધાવ્યો, ને તેમાં દેવતા સ્થાપનની વેદિકા તૈયાર કરાવી.[૭] વિજયાદશમીએ પોતાને દર્શને

आहूय वैदिकान् सुज्ञान् ब्राह्मणप्रवरांस्ततः । एकादश्यां समारेभे प्रतिष्ठाविधिमादरात् ॥९॥
पीताम्बरं सत्परिधाय राजन्नारक्तकौशेयकृतोत्तरीयः ।
आवाह्य पीठेषु पुपूज देवान् विधिज्ञविप्रोदितवेदमन्त्रैः ॥१०॥
स सङ्गवे द्वादशिकादिनेऽथो तन्मन्दिरे राधिकया समेतम् ।
कृष्णं प्रतिष्ठापयति स्म गोपीनाथाभिधं प्रौढतनुं यथावत् ॥११॥
वादित्रनादः सुमहांस्तदासीद्वेदध्वनिर्वैदिकभूसुराणाम् ।
बभूव कृष्णं समहोपहारैः सम्पूज्य दृष्ट्या स्थिरयाऽऽलुलोके ॥१२॥
मुहूर्तमित्थं प्रसमीक्षमाणे हरौ स कृष्णोऽतितरां बभासे ।
दृष्ट्वा तमापुर्भृशविस्मयं वै भक्ता अभक्ता निखिलाश्च लोकाः ॥१३॥
हुत्वा स पूर्णाहुतिमादितेयान्विसर्जयित्वा वृतभूमिदेवान् ।
कल्पेन मुख्येन हि दक्षिणाभिः सन्तोषयामास तथेतरांश्च ॥१४॥

---

**આવેલા દેશાંતરવાસી અનંત ભક્તોને પ્રતિષ્ઠા મહોત્સવનાં દર્શન થાય તે માટે ગઢપુરમાંજ નિવાસ કરાવ્યો.[૮]**

**ત્યારપછી ભગવાન શ્રીહરિએ પ્રતિષ્ઠાવિધિને જાણતા સુજ્ઞ વૈદિક બ્રાહ્મણો એવા શંભુરામ શુક્લ આદિકને બોલાવ્યા ને એકાદશીને દિવસે આદરપૂર્વક પ્રતિષ્ઠાવિધિનો પ્રારંભ કરાવ્યો.[૯] હે રાજન્ ! સુંદર અમૂલ્ય પીતાંબર, અને લાલરંગનું રેશમી ઉત્તરીય વસ્ત્ર ધારણ કરી શ્રીહરિએ તે પીઠીકાઓમાં દેવતાઓનું આવાહન કરાવી વિધિને જાણનારા વિપ્રોએ ઉચ્ચારેલા વૈદિક મંત્રોથી તેઓનું પૂજન કર્યું.[૧૦] પછી શ્રીહરિએ સંવત ૧૮૮૫ ના આસોસુદ બારસને દિવસે સંગવકાળે અનુરાધા નક્ષત્રમાં મંદિરને વિષે રાધિકાએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનની યથાશાસ્ત્ર પ્રતિષ્ઠા કરી.[૧૧] તે સમયે દુંદુભી આદિક વાજિંત્રોના નાદની સાથે વૈદિક બ્રાહ્મણોના મુખે ઉચ્ચારાયેલો વેદમંત્રોનો મહાધ્વનિ થયો. શ્રીહરિએ મોટા મોટા ઉપચારોથી શ્રીગોપીનાથજી મહારાજની પૂજા કરી સ્થિર દૃષ્ટિથી પોતાનું ઐશ્વર્ય સ્થાપન કરવા દર્શન કરવા લાગ્યા.[૧૨] ભગવાન શ્રીહરિ આ પ્રમાણે એક મુહૂર્ત પર્યંત એક દૃષ્ટિથી ગોપીનાથજી મહારાજની મૂર્તિની સામે જોઇ રહ્યા. તે સમયે ગોપીનાથજી મહારાજનું સ્વરૂપ અતિશય પ્રકાશથી દીપવા લાગ્યું, તેનાં દર્શન કરી ભક્તો અને અભક્તો આદિ સમસ્તજનો ખૂબજ આશ્ચર્ય પામ્યા.[૧૩] પછી શ્રીહરિએ પૂર્ણાહૂતિનો હોમ કર્યો અને આવાહન કરેલા દેવતાઓનું વિસર્જન કર્યું.**

ददौ च दानानि बहूनि तत्र द्विजोत्तमेभ्यः स उदारबुद्धिः ।
गाः स्वर्णमुद्राश्च हयांस्तिलांश्च प्रादाच्च वासांसि मनोहराणि ॥१५॥
देशान्तरेभ्यश्च पुरान्तरेभ्यः समागतान् विप्रगणाननेकान् ।
पौरांश्च विप्रान् स मुनींश्च सर्वान्सन्तर्पयामास विचित्रभोज्यैः ॥१६॥
कृष्णप्रतिष्ठोत्सवमेष इत्थं विधाय भक्तैः परिपूज्यमानः ।
ग्रामान्तरेभ्यो व्यसृजत्स्वभक्तांस्तत्रागतान्धर्मतनूज ईशः ॥१७॥
राजोत्तमः प्राप सबान्धवोऽपि चिरन्तमस्य स्वमनोरथस्य ।
एतत्फलं तत्कृपया तदानीं भक्त्या सिषेवेऽथ तमेव नित्यम् ॥१८॥
जया च ललिता तस्य भगिन्यौ हरिसंश्रिते । लेभाते परमानन्दं सर्वे भक्ताश्च नागराः ॥१९॥
हरिश्च तत आरभ्य तीव्रवैराग्यमाश्रितः । निःस्पृहोऽवर्तत जडभरतेन समं नृप ! ॥२०॥
क्वचिदश्नन् क्वचिन्नाश्नन् क्वचिदन्नं क्वचिद्फलम् । क्वचित्पत्रं च बुभुजे वायुमेव क्वचित्स च ॥२१॥

---

વરણી કરાયેલા વિપ્રોને તથા બીજા સર્વે બ્રાહ્મણોને મુખ્ય કલ્પથી દક્ષિણાઓ આપી ખૂબજ સંતોષ પમાડ્યા.[૧૪] ઉદાર બુદ્ધિવાળા શ્રીહરિએ પ્રતિષ્ઠા વિધિમાં ઉત્તમ બ્રાહ્મણોને બહુ જ પ્રકારનાં દાનો આપ્યાં. તેમાં ગાય, સુવર્ણની મુદ્રાઓ, ઘોડા, તલ ભરેલાં પાત્રો અને મનોહર વસ્ત્રો અર્પણ કર્યાં.[૧૫] દેશાંતરોમાંથી આવેલા અનેક બ્રાહ્મણોના સમૂહોને તથા ગઢપુરવાસી બ્રાહ્મણોને અને સર્વે સંતોને અનેક પ્રકારનાં ભોજન જમાડી ખૂબ જ તૃપ્ત કર્યાં.[૧૬]

આ પ્રમાણે ગોપીનાથજી મહારાજનો પ્રતિષ્ઠાવિધિ કરી સુખપૂર્વક બેઠેલા ભગવાન શ્રીહરિની ભક્તજનોએ પૂજા કરી, પછી શ્રીહરિએ ગ્રામાન્તરમાંથી ગઢપુર આવેલા સમસ્ત ભક્તજનોને પોતાના દેશ પ્રત્યે જવાની રજા આપી.[૧૭] અને ઉત્તમરાજા પોતાની બહેનોએ સહિત શ્રીહરિની પરમ કૃપાથી બહુ લાંબા સમયથી મનના મનોરથને સફળ થયેલો માની નિરંતર તેમની જ ભક્તિથી સેવા કરવા લાગ્યાં.[૧૮] શ્રીહરિનો જ જેને એક આશ્રય છે એવી ઉત્તમ રાજાની બહેનો જયાબા અને લલિતાબા તેમજ દુર્ગપુરવાસી સર્વે ભક્તજનો પરમ આનંદ પામ્યા.[૧૯] હે પ્રતાપસિંહ રાજન્ ! ત્યારથી આરંભીને તીવ્ર વૈરાગ્યનો આશ્રય કરી ભગવાન શ્રીહરિ જડભરતજીની જેમ નિઃસ્પૃહપણાનું વર્તન કરવા લાગ્યા.[૨૦] ક્યારેક અન્ન જમે ક્યારેક ન જમે, ક્યારેક તો માત્ર અન્ન કે પત્ર જમે, અને ક્યારેક કેવળ વાયુ ભક્ષણ કરીને રહે.[૨૧] એક દિવસ ભગવાન શ્રીહરિ મુક્તાનંદ સ્વામી આદિ સંતો

स्वस्वधर्मे वर्तयितुं साधून् पद्गांश्च वर्णिनः । स गोपालानन्दमुनिं समाहूयाब्रवीद्वचः ॥२२॥
स्वस्वधर्मे वर्तनीयास्त्वयैते सकला अपि । आचार्यानुमतेनैवेत्युक्त्वा तं सोऽब्रवीच्च तान् ॥२३॥
अस्याज्ञायां वर्तितव्यं भवद्भिर्मामकैर्मुने: । वर्तिष्यतेऽन्यथा योऽसौ न मदीय इति ध्रुवम् ॥२४॥
एवमुक्ता भगवता तं नमस्कृत्य तेऽखिलाः । एवमेवाऽऽचरिष्यामो नान्यथेत्यब्रुवन् वचः ॥२५॥
तदा प्रसन्नो भगवांस्तानुवाचनिजाश्रितान् । श्रेयो भविष्यत्येवं चेद्युष्माकमिति भूपते ! ॥२६॥
सन्त्यक्तदैह्यसकलव्यवहारकार्यो देहं निजं च बहुधाऽननुसन्दधानः ।
ज्ञानं च भक्तिमखिलं सविरागयोगं धर्मं च बोधयति स स्म यथावदेव ॥२७॥

---

**મુકુન્દાનંદાદિ વર્ણીઓ અને રતનજી આદિ પાર્ષદોને બોલાવીને સર્વને પોતપોતાના ધર્મમાં વર્તાવવા ગોપાળાનંદ સ્વામી પ્રત્યે વચનો કહેવા લાગ્યા.[૨૨]**

**શ્રીહરિએ અંતર્ધાન થવાની ઈચ્છાથી સત્સંગની સર્વે જવાબદારી ગોપાળાનંદ સ્વામીને સોપી :–** હે મુનિ ! તમે આ સર્વે સંતો વર્ણીઓ અને પાર્ષદો આદિ ભક્તોને અયોધ્યાપ્રસાદ અને રઘુવીરજી આ બન્ને આચાર્યોની આજ્ઞા અનુસાર પોતપોતાના ધર્મમાં દૃઢ વર્તાવજો. આ પ્રમાણે ગોપાળાનંદ સ્વામીને કહી સર્વે સંતો-ભક્તજનો પ્રત્યે કહેવા લાગ્યા. હે સંતો ! હે ભક્તો ! મારા આશ્રિત સર્વે તમારે આ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવાનું છે. તમારામાંથી જે કોઈ આ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરશે તે મારો ભક્ત નથી. આ મારૂં વચન સ્પષ્ટ છે, એમ જમે નક્કી જાણજો.[૨૩-૨૪]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તેથી સર્વે સંતો ભક્તજનો પણ ભગવાન શ્રીહરિને નમસ્કાર કરી કહેવા લાગ્યા હે ભગવાન્ ! અમે સર્વે તમે જે પ્રમાણે કહ્યું તેમ જ કરીશું.[૨૫] આ પ્રમાણે કહ્યું તેથી શ્રીહરિ અતિશય પ્રસન્ન થયા ને કહેવા લાગ્યા કે, હે સંતો ! હે ભક્તો ! જો તમે સર્વે મેં કહ્યું એ પ્રમાણે વર્તશો તો તમારૂં પરમ કલ્યાણ થશે.[૨૬] પછી શ્રીહરિએ સમગ્ર દેહ સંબંધી વ્યવહાર કાર્યનો ત્યાગ કર્યો અને શરીરનું પણ બહુ ધ્યાન રાખતા નહી, ને જે ભક્તજનો આવે તેમને જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યે સહિત ભક્તિનો અને અષ્ટાંગયોગે સહિત સમસ્ત ધર્મનો બોધ આપતા.[૨૭] ને કહેતા કે કોઈ પણ મારા આશ્રિતે પોતપોતાના વર્ણને અનુરૂપ વેદે કહેલા ધર્મનો ત્યાગ કરવો નહિ, હમેશાં તેમનું પાલન કરવું. પોતાના આત્માની અક્ષરબ્રહ્મની સાથે એકતા કરી, ભગવાન સિવાયની ઈતર સમસ્ત

धर्मस्त्याज्यो न कैश्चित्स्वनिगमविहितो वासुदेवे च भक्ति-
र्दिव्याकारे विधेया सितघनमहसि ब्रह्मणा स्वस्य चैक्यम् ।
निश्चित्यैवान्यवस्तुन्यणुमपि च रतिं सम्परित्यज्य सन्तस्-
तन्माहात्म्याय सेव्या इति वदति निजान् धार्मिको नीलकण्ठः ॥२८॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे दुर्गपत्तने श्रीगोपीनाथप्रतिष्ठानिरूपणनामा पञ्चपञ्चाशत्तमोऽध्यायः ॥५५॥*

---

વસ્તુઓમાં અણુમાત્ર પ્રીતિનો ત્યાગ કરી, શ્વેત ઘાટા અને અતિશય તેજોમય એવા અક્ષરધામને વિષે વિરાજતા દિવ્ય સદાય સાકાર મૂર્તિ એવા શ્રીવાસુદેવનારાયણ ભગવાનને વિષે ભક્તિ કરવી, અને તેનું માહાત્મ્ય જાણવા માટે ઉદ્ધવ સંપ્રદાયમાં રહેલા એકાંતિક સંતોનું કાયા, મન અને વાણીથી સમાગમ કરી સેવન કરવું. આ પ્રમાણો પોતાના આશ્રિત ભક્તજનો પ્રત્યે ધર્મદેવના પુત્ર શ્રીનીલકંઠ ભગવાને ઉપદેશ કર્યો.[૨૭-૨૮]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્રના પંચમ પ્રકરણમાં ગઢપુરને વિષે શ્રીગોપીનાથજી મહારાજની પ્રતિષ્ઠા કરી અને સંપ્રદાયની જવાબદારી ગોપાળાનંદ સ્વામીને સોપી, એ નામે પંચાવનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૫--***

---

## षड्पञ्चाशत्तमोऽध्यायः - ५६

**सुव्रत उवाच :-**

कृष्णेतरपदार्थेषु रुचिहीनस्य सर्वथा । धर्मादिप्रच्छकेऽथाऽऽसीत् पुंसि प्रीतिर्हरेर्नृप ! ॥१॥
शतानन्दो मुनिस्तस्य सेवायां निरतः सदा । पादसंवाहनं कुर्वन्नेकदाऽऽसीत्तदन्तके ॥२॥
तमुवाच स्वयं स्वामी मुने ! किञ्चन ते यदि । प्रष्टव्यं स्यात्तदैतर्हि पृच्छ वक्ष्ये तदुत्तरम् ॥३॥
एवमुक्तः स तु प्रीतो भृशं मुनिरुदारधीः । प्राञ्जलिस्तं नमस्कृत्य पप्रच्छेत्थं नराधिप ! ॥४॥

**शतानन्द उवाच :-**

साङ्गं योगमहं स्वामिन् ! बोद्धुमिच्छामि तत्त्वतः । त्वत्त एव हि सर्वज्ञात्सेवनीयाच्च योगिभिः ॥५॥
मया तु त्वत्प्रसादेन योगिनामपि दुर्लभा । समाधिसिद्धिः प्राप्ताऽस्ति विना साधनसम्पदम् ॥६॥
तथापि लक्षणादीनि योगशास्त्रानुसारतः । विवित्साम्यङ्गियोगस्य तदङ्गानां च सर्वशः ॥७॥

**सुव्रत उवाच :-**

इति पृष्टः स मुनिना तेन योगिहितैषिणा । प्रसन्नो भगवान् राजंस्तमुवाच महामतिम् ॥८॥

---

# અધ્યાય - ૫૬

## શતાનંદ સ્વામીના પ્રશ્નથી ભગવાન શ્રીહરિએ કરેલો અષ્ટાંગયોગનો ઉપદેશ.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રીકૃષ્ણ ભગવાન સિવાય સર્વે પદાર્થોમાંથી સર્વપ્રકારે રુચિ છોડીને વર્તતા ભગવાન શ્રીહરિને કોઈ પુરુષ ધર્મ, જ્ઞાન, યોગ આદિકના પ્રશ્નો પૂછે તે બહુ ગમતું, તેની ઉપર તેમને બહુ પ્રીતિ થતી.[૧] તે સમયે શ્રીહરિની સેવામાં સદાય તત્પર એવા શતાનંદ સ્વામી એકવખત શ્રીહરિની ચરણ સેવા કરતાં પાસે બેઠા હતા.[૨] તે સમયે શ્રીસ્વામિનારાયણ ભગવાને પોતે જ શતાનંદ સ્વામીને કહ્યું કે હે મુનિ ! જો તમને કંઈ પૂછવાની ઈચ્છા હોય તો અત્યારે પૂછો. તેનો ઉત્તર અમે અત્યારે જ આપીશું.[૩] હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું તેથી ઉદાર બુદ્ધિવાળા શતાનંદ સ્વામી અત્યંત રાજી થઈ બન્ને હાથ જોડી નમસ્કાર કરી પૂછવા લાગ્યા.[૪] હે સ્વામિન્ ! હું સર્વજ્ઞ અને યોગીજનોને પણ સેવવા યોગ્ય એવા આપની પાસેથી અષ્ટાંગયોગ તત્ત્વપૂર્વક જાણવા ઈચ્છું છું.[૫] તમારી કૃપાથી મેં તો યોગીઓને પણ દુર્લભ એવી સમાધિની સિદ્ધિ સાધન સંપત્તિવિના પ્રાપ્ત કરેલી છે.[૬] છતાં પણ સમાધિરૂપ અંગીનાં લક્ષણો સાથે યોગનાં અન્ય સર્વે અંગોનાં લક્ષણો શાસ્ત્રને અનુસારે જાણવા ઈચ્છું છું.[૭]

**श्रीनारायणमुनिरुवाच :-**

समीचीनास्ति ते बुद्धियोगं पृच्छसि यन्मुने ! । नास्ति योगसमं किञ्चित्साधनं स्वेप्सितार्थदम् ॥९॥
योगं विना तु मनसो निग्रहो दुष्करः सताम् । भक्तिर्ज्ञानं च योगेन सिद्धिमाप्नोति निश्चितम् ॥१०॥
आदौ हिरण्यगर्भेण योगशास्त्रं प्रवर्तितम् । पतञ्जलिस्वरूपेण तत्फणीन्द्रेण विस्तृतम् ॥११॥
तत्सारमहमादाय साङ्गं योगं वदामि ते । कृष्णे समाधिं मनसो विद्धि त्वं योगलक्षणम् ॥१२॥
यथेद्धवह्निना सर्वे नाश्यन्ते धातुसङ्गताः । दोषाः समाधियोगेन नाश्यन्ते मानसास्तथा ॥१३॥
अतस्तद्दोषनाशार्थं भक्तेन कमलापतेः । समाधियोगाभ्यसनं कार्यमुत्साहिना द्रुतम् ॥१४॥
साङ्गं समाधियोगं तु संसाधयितुमिच्छता । श्रयणीयो गुरुर्भक्त्या सर्वयोगकलानिधिः ॥१५॥
मनोनुकूलया तस्य नित्यं शुश्रूषया स तम् । प्रीणयेदथ तत्प्रोक्तरीत्या योगं समभ्यसेत् ॥१६॥
देशे शुचौ समे वालुशर्करादिविवर्जिते । मनोनुकूले निर्बाधे निवसेद्योगसाधकः ॥१७॥

---

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે શતાનંદ સ્વામીએ પ્રશ્ન કર્યો ત્યારે ભગવાન શ્રીહરિ પ્રસન્ન થઈને મહામતિ શતાનંદ સ્વામીને કહેવા લાગ્યા કે, હે મુનિ ! તમે યોગસંબંધી પ્રશ્ન મને પૂછી રહ્યા છો. તેના પરથી જણાય છે કે તમારી બુદ્ધિ અતિશય ઉત્તમ છે. પોતે ઈચ્છેલા ભગવાનની અખંડ સ્મૃતિરૂપ અર્થને સિદ્ધ કરી આપનાર આ અષ્ટાંગયોગ સિવાય અન્ય કોઈ સાધન નથી.[૮-૯] કારણ કે યોગ વિના સાધુઓને મનનો નિગ્રહ કરવો અતિશય દુષ્કર છે. ભક્તિ અને જ્ઞાન પણ યોગથી જ સિદ્ધ થાય છે.[૧૦] હે મુનિ ! પ્રથમ હિરણ્યગર્ભમુનિએ યોગશાસ્ત્રની પ્રવૃત્તિ કરી છે, એ યોગશાસ્ત્રનું શેષનારાયણે પતંજલીરૂપે આ પૃથ્વીપર પ્રગટ થઈ વિસ્તારથી વર્ણન કરેલું છે.[૧૧] એ યોગશાસ્ત્રનો માત્ર સાર ગ્રહણ કરી અમે તમને અંગે સહિત યોગનું લક્ષણ કહીએ છીએ. હે મુનિ ! શ્રીકૃષ્ણ ભગવાનને વિષે મનની અખંડ એકાગ્રતા એ યોગનું લક્ષણ છે, એમ તમે જાણો.[૧૨] જેવી રીતે સુવર્ણાદિક ધાતુમાં રહેલા સર્વે દોષ પ્રદીપ્ત અગ્નિથી નાશ પામે છે. તેમ મનમાં રહેલા માયિક વિષય ભોગની વાસનારૂપ દોષ પણ સમાધિ યોગથી નાશ પામે છે.[૧૩] તેથી તે દોષોના નાશને માટે શ્રીકૃષ્ણ ભગવાનના અતિ ઉત્સાહી ભક્તે તત્કાળ સમાધિ યોગનો અભ્યાસ કરવો જોઈએ.[૧૪]

અંગે સહિત સમાધિયોગની સિદ્ધિને ઈચ્છતા પુરુષે સમગ્ર યોગકળાના નિધિ એવા ગુરૂને ભક્તિથી નિષ્કપટ ભાવે શરણે જવું.[૧૫] અને તેની અનુવૃત્તિમાં રહી સેવા દ્વારા તેમને પ્રસન્ન કરવા. પછી તેમણે બતાવેલા માર્ગ અનુસાર યોગનો

अन्नादिभिः स्वशुश्रूषा कर्तुर्यत्रानुकूलता । भवेत्स्थाने शीतवातदंशबाधा न यत्र च ॥१८॥
जलाशयानुकूल्यं च यत्र स्वस्योचितं भवेत् । आश्रमे तत्र निश्चिन्तो भक्तो योगं समभ्यसेत् ॥१९॥
नदीकूपोपकण्ठे च सभये पितृकानने । सशब्देऽग्निजलाभयाशे जीर्णगोष्ठे चतुष्पथे ॥२०॥
अशुचौ पूतिगन्धे च शुष्कपर्णचये तथा । देशे जनाकुले चापि न योगाभ्यासमाचरेत् ॥२१॥
जनसङ्गं चातिजल्पमत्याहारमतिश्रमम् । रसलौल्यमतिक्रोधं न कुर्याद्योगमाचरन् ॥२२॥
तुन्दस्य पूरयेद्भागौ द्वावन्नेनैकमम्बुना । शेषयेदेकमेवं हि मितभुग्योगकृद्भवेत् ॥२३॥
यवतण्डुलगोधूमान् गोदुग्धाज्ये च शुण्ठिकाम् । भक्षयेदभ्यसन् योगं सिद्धे त्वस्मिन्न तद्यमः ॥२४
परित्यजेत्सर्वथैव संसर्गं मद्यमांसयोः । भङ्गतमालाहिफेनमादकादीनि पूति च ॥२५॥
साधको भक्षयेन्नैव दधितक्राम्लिकास्तथा । माषान् कुलत्थाञ्छाकं च कटुं च लवणं त्यजेत् ॥२६

---

અભ્યાસ કરવો.[૧૬] તેમાં યોગસાધનાર પુરુષે રેતી, કાંકરા, ચોર, મચ્છર આદિના ઉપદ્રવે રહિત અને મનને અનુકૂળ એવા પ્રદેશમાં નિવાસ કરવો.[૧૭] જે સ્થળમાં અન્નાદિકવડે પોતાની સેવા કરનારને પણ અનુકૂળ થાય, વળી જે સ્થાનમાં ઠંડી, પવન, માંખો કે મચ્છરનો ઉપદ્રવ ન હોય.[૧૮] વળી જે સ્થાનમાં પોતાને યોગ્ય જળાશય હોય તેવા સ્થાનમાં રહીને ચિંતામુક્ત થઈ ભક્તે યોગનો અભ્યાસ કરવો.[૧૯] પરંતુ નદી કે કૂવાના કાંઠે, ભયવાળા સ્થાને, સ્મશાનવાળા સ્થાને કે જ્યાં અતિશય કોલાહલ થતો હોય તેવા સ્થાને, જળ કે અગ્નિની સમીપમાં, પુરાતની ગૌશાળામાં, ચોવાટામાં, અપવિત્ર અને દુર્ગંધવાળી ભૂમિમાં, સૂકાં પાદડાંના પૂંજવાળા પ્રદેશમાં કે જ્યાં ઘણાંક મનુષ્યો હોય તેવા પ્રદેશમાં યોગનો અભ્યાસ કરવો નહિ.[૨૦-૨૧] વળી યોગની સાધના કરનાર પુરુષે યોગમાં અંતરાય કરે તેવા મનુષ્યોનો સંગ કરવો નહિ. તેમ જ બહુભાષણ, બહુ ભોજન, અતિ પરિશ્રમ, અતિ રસાસ્વાદ અને ક્રોધ; આટલાંનો હમેશાં ત્યાગ કરવો.[૨૨] યોગ સાધનારે ઉદરના બે ભાગ અન્નથી અને એકભાગ જળથી પૂરવો અને એકભાગ વાયુના સંચાર માટે ખાલી રાખવો, આ પ્રમાણે મિતાહારી થવું.[૨૩] વળી જવ, ચોખા અને ઘઉંને ગાયના દૂધ કે ઘી સાથે મિશ્ર કરીને જમવા. આ યોગ જ્યારે પૂર્ણ સિદ્ધ થાય પછીથી જવ ચોખા આદિકનો જમવાનો નિયમ નથી.[૨૪]

યોગની સાધના કરનાર પુરુષે મદ્ય અને માંસના સંસર્ગનો સર્વ પ્રકારે ત્યાગ રાખવો. ભાંગ, ગાંજો, અફીણ, તમાકુ અને દુર્ગંધ કરતી વસ્તુનો પણ સર્વ પ્રકારે ત્યાગ કરવો.[૨૫] યોગાભ્યાસ કરનાર સાધકે દહીં, છાસ અને આંબલીનું

तैलं तिक्तं रामठं च सोत्फुल्लमतिशीतलम् । न भक्षयेदविज्ञातं पदार्थं कञ्चनापि च ॥२७॥
उत्साहवान्भवेन्नित्यं शैथिल्यं तु परित्यजेत् । स्त्रीप्रसङ्गं तु यत्नेन सर्वथा स परित्यजेत् ॥२८॥
स्त्रैणपापमतिधूर्तसङ्गमं सर्वथा परिहरेच्च स ध्रुवम् ।
अन्यथा तु परिपक्वयोगवान्भ्रंशमेति किमु तर्हि साधकः ॥२९॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे योगोपदेशे योगसाधनोचितदेशाहारनिरूपणनामा षट्पञ्चाशत्तमोऽध्यायः ॥५६॥*

---

ભક્ષણ ન કરવું. અડદ, કળથી, વૃંતાક આદિનાં શાક, કડવાં પદાર્થો, મીઠું, મરચું, હીંગ, ઈત્યાદિકનો ત્યાગ કરવો. તેમજ અતિ ગરમ અને અતિ ઠંડા પદાર્થો અને પોતે જાણતો ન હોય તેવાં પદાર્થોનું પણ ભક્ષણ કરવું નહિ.[૨૬-૨૭] યોગના સાધકે નિરંતર ઉત્સાહવાન થવું, સ્થિલતાનો ત્યાગ કરી દેવો અને સ્ત્રી પ્રસંગનો તો સર્વ પ્રકારે ત્યાગ કરવો.[૨૮] હે મુનિ ! તે યોગના સાધક પુરુષે સ્ત્રીલંપટ, પાપબુદ્ધિવાળા, જુગારી અને બીજાને છેતરનારા પુરુષનો પણ સર્વ પ્રકારે ત્યાગ કરવો. જો આવા પુરુષનો સંગ થાય તો પરિપક્વ યોગસિદ્ધિને પામેલો યોગી પુરુષ પણ યોગભ્રષ્ટ થાય છે. તો પછી સાધન દશાવાળાની તો શી વાત કરવી ? એતો ભ્રષ્ટ થાય જ.[૨૯]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં યોગનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ યોગ સાધનમાં યોગ્ય સ્થળ અને આહારાદિકનું નિરૂપણ કર્યું, એ નામે છપ્પનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૬--***

### सप्तपञ्चाशत्तमोऽध्यायः - ५७

**श्रीनारायणमुनिरुवाच :-**

समाधियोगस्याङ्गानि प्रोक्तान्यष्टौ मनीषिभिः । तानि तेऽनुक्रमेणाहं कथयामि दृढव्रत ! ॥१॥
आद्यं यमास्ततः प्रोक्ता नियमाश्चासनान्यथ । प्राणायामश्चतुर्थं तु प्रत्याहारश्च पञ्चमम् ॥२॥
धारणा च ततो ध्यानं समाधिश्चाष्टमं मतम् । अङ्गी समाधिरेतैर्हि सिद्ध्यत्यङ्गैः किलाष्टभिः ॥३॥
तत्राद्यानि तु पञ्चापि बहिरङ्गाणि तस्य हि । अन्तरङ्गाणि च त्रीणि धारणादीनि विद्धि भोः ! ॥४॥
अथैतेषां लक्षणानि सङ्क्षेपेण पृथक्पृथक् । योगशास्त्रोदितान्येव कथयामि फलैः सह ॥५॥
हिंसादिभ्योऽघकर्मभ्यः साधकं योग एव ये । स्वाश्रितं यमयन्त्यत्र ते तु प्रोक्ता यमा बुधैः ॥६॥
अहिंसा सत्यमस्तेयं ब्रह्मचर्यं च सुव्रत ! । अपरिग्रह इत्येवं यमाः पञ्च प्रकीर्तिताः ॥७॥
शरीरवाङ्मनोभिर्यदक्लेशजननं सदा । प्राणिमात्रस्य सा सद्भिरहिंसेत्यभिगीयते ॥८॥

---

## અધ્યાય - ૫૭

## શ્રીહરિએ યમ, નિયમ, આસન અને પ્રાણાયામ આ ચાર અંગોનાં લક્ષણોનું કરેલું નિરૂપણ.

શ્રીનારાયણ ભગવાન કહે છે, હે દૃઢવ્રતવાળા મુનિ ! યોગને જાણનારા બુદ્ધિમાન યોગીઓએ સમાધિયોગનાં આઠ અંગો કહ્યાં છે, તે અંગો અમે તમને અનુક્રમે કહીએ છીએ.[૧] તેમાં પ્રથમ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને આઠમું સમાધિ અંગ મનાયેલું છે. આ આઠ અંગોવડે સમાધીરૂપ અંગીની સિદ્ધિ થાય છે તે યોગશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.[૨-૩] હે મુનિ ! તે આઠ અંગોની મધ્યે પ્રથમનાં પાંચ અંગો સમાધિનાં બાહ્ય અંગો કહેલાં છે, અને પછીનાં ધારણા, ધ્યાન અને સમાધિ આ ત્રણ અંગો અંતરંગ અંગો કહેલાં છે.[૪] હવે આઠે અંગોનાં લક્ષણો તેમના ફળની સાથે સંક્ષેપથી કહીએ છીએ. તેમાં યમ, શબ્દની નિરુક્તિ સાથે તેની સંખ્યા કહેવા પૂર્વક તેનાં લક્ષણો પ્રથમ કહીએ છીએ.[૫]

**(૧) યમ :–** જે પોતાનું આચરણ કરે તેવા સાધકને હિંસાદિક પાપકર્મથી પાછા વાળી યોગમાં જ સ્થિર કરે તેને અહીં બુદ્ધિશાળી પુરુષો યમ કહે છે.[૬] હે રૂડાવ્રતવાળા મુનિ ! તે યમો અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચની સંખ્યામાં છે.[૭]

**અહિંસા :–** શરીર, વાણી અને મનથી પણ જીવપ્રાણિ માત્રને જે સદાયને માટે કલેશ ન ઉપજાવવો તેને અહિંસા કહેલી છે.[૮]

धर्माधर्मौ समीक्ष्यैव यथार्थकथनं तु यत् । सर्वेषां हितकृद्यच्च वाक्यं तत्सत्यमुच्यते ॥९॥
अदत्तस्य परस्वस्य पारोक्ष्येण बलेन वा । यन्नैव ग्रहणं क्वापि तदस्तेयमुदीर्यते ॥१०॥
स्त्रीसङ्गस्याष्टधा त्यागः सम्यग्वस्तुविचारतः । ब्रह्मचर्यं तदेवाहुर्ब्रह्मप्राप्तिकरं तु यत् ॥११॥
स्वयं विचार्य त्यक्तानां पदार्थानां न सङ्ग्रहः । सोऽपरिग्रह इत्याहुर्मुनयस्तत्त्वदर्शिनः ॥१२॥
अहिंसायाः फलं तत्र निर्वैरत्वं हि सर्वथा । अस्त्रावित्थं च सत्यस्य फलं वै पुण्यकर्मणाम् ॥१३॥
अस्तेयस्य फलं नानादिव्यरत्नोपलम्भनम् । वीर्यलाभो योगसिद्धिर्ब्रह्मचर्यस्य च द्रुतम् ॥१४॥
मनोविक्षेपनाशश्चापरिग्रहफलं मतम् । इति प्रोक्ता यमाः पञ्च नियमान्कथयाम्यथ ॥१५॥

---

**સત્ય** :– ધર્મ અને અધર્મની સમીક્ષા કરીને પછીથી જ સર્વનું હિત કરનારૂં યથાર્થ વચન કહેવું, તેને સત્ય કહેલું છે. પરંતુ કોઈ પણ જગ્યાએ પોતે સાચું બોલે ને કોઈ જીવપ્રાણીનો દ્રોહ થાય, તો તે સત્યવચન પણ અધર્મ છે, તેથી ખોટું બોલીને પણ જીવપ્રાણીની હત્યા આદિકનો દ્રોહ, કે પીડા અટકી જાય તો તે અસત્ય વચન પણ ધર્મ જ છે.[૯]

**અસ્તેય** :– જે પદાર્થના માલિકે પોતાને અર્પણ નહીં કરેલાં તેનાં ધન ધાન્યાદિ પદાર્થ માત્રને પરોક્ષરીતે કે પ્રત્યક્ષ બલાત્કારે ક્યારેય પણ ગ્રહણ ન કરવાં તેને અસ્તેય કહેલું છે.[૧૦]

**બ્રહ્મચર્ય** :– યથાર્થપણે વસ્તુ વિચાર કરતાં સ્ત્રીના શરીરને મળ-મૂત્ર, અસ્થિ, મજ્જા, લોહી, લીંટ અને પિત્ત ભરેલો કોથળો જાણી પોતાની સ્ત્રીના સંગનો પણ અષ્ટ પ્રકારે ત્યાગ કરવો તેને બ્રહ્મચર્ય કહેલું છે. તે બ્રહ્મની પ્રાપ્તિ કરાવે છે. એજ રીતે સ્ત્રીએ પુરુષના શરીરનો વસ્તુવિચાર કરી ત્યાગ કરવો.[૧૧]

**અપરિગ્રહ** :– સ્વયં દોષ દૃષ્ટિનો વિચાર કરી ત્યાગ કરેલાં પદાર્થ માત્રનો જે સંગ્રહ ન કરવો તેને અપરિગ્રહ કહેલો છે.[૧૨]

**પાંચ યમોનું ફળ** :– પૂર્વોક્ત પાંચે યમોને મધ્યે પોતાને સર્વત્ર સર્વપ્રકારના વેરનો અભાવ થવો તે અહિંસાનું ફળ છે. દાનાદિ પુણ્ય કર્મોથી ઉપાર્જન કરેલા સુકૃતોનું અક્ષયપણું એ સત્યનું ફળ મનાયેલું છે.[૧૩] જો અસત્ય બોલે તો છિદ્રવાળા ઘડામાંથી જેમ પાણી સ્રવીજાય તેમ અસત્ય ભાષણથી સુકૃતો સ્રવી જાય છે. તે ન સ્રવે એજ તેનું સાચું ફળ છે. ભગવાનના ધામને વિષે અનેક પ્રકારનાં અમાયિક સુંદર દિવ્ય રત્નોની પ્રાપ્તિ થવી, એજ અસ્તેયનું સાચું ફળ છે. સામર્થ્યની પ્રાપ્તિ થવી અને શીઘ્ર યોગની સિદ્ધિ પ્રાપ્ત થવી એ બ્રહ્મચર્યનું ફળ

निवर्त्य काम्यधर्मेभ्यो मोक्षधर्मेषु योगिनम् । ये वै नियमयन्त्यत्र नियमास्ते प्रकीर्तिताः ॥१६॥
शौचं तपश्च सन्तोषः स्वाध्यायश्चेश्वरार्चनम् । इति पञ्चैव कथितास्ते च योगविशारदैः ॥१७॥
तत्र शौचं द्विधा प्रोक्तं बाह्याभ्यन्तरभेदतः । मृज्जलाभ्यां भवेद्बाह्यं भावशुद्ध्या तथान्तरम् ॥१८॥
शरीरशोषणं यत्तु कृच्छ्रचान्द्रायणादिभिः । ऐकाग्र्यमिन्द्रियाणां च तप इत्युच्यते तथा ॥१९॥
अन्येच्छारहिता तुष्टिः सम्प्राप्तेनेश्वरेच्छया । अन्नादिना स सन्तोषः कथ्यते सुमते ! बुधैः ॥२०॥
भक्त्योपनिषदां पाठो यथाशक्ति निरन्तरम् । भक्तिशास्त्रस्य वान्यस्य स्वाध्यायः स च कथ्यते ॥२१

---

**છે.[૧૪] મનના વિક્ષેપનો નાશ થવો એ અપરિગ્રનું ફળ છે. જો વસ્તુનો પરિગ્રહ હોય તો જ કોઈ ચોર ચોરી જશે, એવા ભયના કારણે વારંવાર મનમાં વિક્ષેપ થાય છે. માટે જો પરિગ્રહ ન હોય તો વિક્ષેપ થતો નથી, એ જ અપરિગ્રહનું ફળ છે. આ પ્રમાણે પાંચ યમો કહ્યા, એને તેનું ફળ કહ્યું છે, હવે નિયમોનાં લક્ષણો અને ફળ કહીએ છીએ.[૧૫]**

**(૨) નિયમ :– જે પોતાનું આચરણ કરે તેવા યોગીને માયિક વિષયની પ્રાપ્તિ માટે આચરવામાં આવતા કામ્ય ધર્મોમાંથી નિવૃત્ત પમાડી મોક્ષની પ્રાપ્તિ માટે મોક્ષધર્મોમાં સ્થાપન કરે, તેને અહીં યોગ પ્રકરણમાં નિયમો કહેલાં છે.[૧૬] તેમાં યોગવિશારદોએ શૌચ, તપ, સંતોષ, સ્વાધ્યાય અને ઈશ્વર-અર્ચન આ પાંચ નિયમો કહેલા છે.[૧૭]**

**શૌચ :– તે નિયમોની મધ્યે શૌચ બાહ્ય અને આંતર એમ બે પ્રકારનું છે, તેમાં બાહ્ય શૌચ શુદ્ધ માટી અને જળથી થાય છે. જ્યારે આંતર શૌચ સર્વત્ર ભાવશુદ્ધિથી થાય છે.[૧૮]**

**તપ :– કૃચ્છ્ર ચાંદ્રાયણાદિક વડે શરીરને શોષવું તથા ઈન્દ્રિયોની ભગવાનના સ્વરૂપમાં એકાગ્રતા સિદ્ધ કરવી તેને તપ કહ્યું છે.[૧૯]**

**સંતોષ :– હે રૂડીબુદ્ધિવાળા મુનિ ! ઈશ્વર ઈચ્છાથી પ્રાપ્ત થયેલાં અન્નાદિકથી ઈતર પદાર્થોની ઈચ્છાના ત્યાગરૂપ જે તુષ્ટિ તેને બુદ્ધિમાન પુરુષોએ સંતોષ કહ્યો છે.[૨૦]**

**સ્વાધ્યાય :– હમેશાં ભક્તિભાવપૂર્વક પોતાની શક્તિ પ્રમાણે ઉપનિષદાદિ ગ્રંથોનો અથવા શ્રીમદ્ભાગવતાદિ ભક્તિશાસ્ત્રોનો પાઠ કરવો તેને સ્વાધ્યાય કહે છે.[૨૧]**

मनसा चिन्तनं नित्यं हरेश्च वचसा स्तुतिः । कायेन पूजा पुष्पाद्यैरित्युक्तं चेश्वरार्चनम् ॥२२॥
सत्त्वशुद्धिः सौमनस्यमिन्द्रियाणां च निग्रहः । आत्मदर्शनयोग्यत्वं फलं शौचस्य तेष्वथ ॥२३॥
तपसस्त्विन्द्रियधियां शुद्धिश्चाघक्षयः फलम् । सर्वोत्तमसुखप्राप्तिः सन्तोषस्य फलं तथा ॥२४॥
प्रसन्नतेष्टदेवस्य स्वाध्यास्य फलं मतम् । फलमीश्वरपूजायाः समाधेः सिद्धिराशु च ॥२५॥
आस्यते योगिना यत्र येन वा योगसिद्धये । तदासनमिति प्रोक्तं योगस्याङ्गं तृतीयकम् ॥२६॥
आसनानि तु योगज्ञाः प्राहुर्बहुविधानि हि । चतुरशीतिसंख्यानि तेषु मुख्यानि योगिनाम् ॥२७॥
तत्रापि त्रिंशन्मुख्यानि योगिनः कथयन्ति हि । चतुर्दश च तत्रापि मुख्यानि कथयामि ते ॥२८॥
स्वस्तिकं गोमुखं वीरं योगं पद्मं च कौक्कुटम् । कौर्मं चापं च मायूरं तथा पश्चिमतानकम् ॥२९॥
शाबं सिद्धं तथा सैहं भद्रं चेति चतुर्दश । लक्षणानि क्रमेणैषां कथयाम्यथ तत्त्वतः ॥३०॥

---

**ઇશ્વર–અર્ચન :–** નિરંતર મનથી શ્રીહરિનું ચિંતવન કરવું, વાણીથી સ્તુતિ કરવી અને પુષ્પાદિકથી પૂજા કરવીતેને ઇશ્વરઅર્ચન કહેલું છે.[૨૨]

**પાંચ નિયમોનું ફળ :–** અંતઃકરણની શુદ્ધિ, ખેદનો અભાવ એવી માનસિક પ્રીતિ, ઇન્દ્રિયોનો નિગ્રહ અને આત્મદર્શનની યોગ્યતા, આ શૌચનું ફળ છે.[૨૩] નેત્ર આદિક ઇન્દ્રિયો અને બુદ્ધિ આદિક અંતઃકરણની શુદ્ધિ થવી, તથા પાપનો નાશ થવો, એ તપનું ફળ છે. પોતાના અંતરમાં આત્મા-પરમાત્માના દર્શનજન્ય સર્વોત્તમ સુખના આનંદનો અનુભવ થવો એ સંતોષનું ફળ છે.[૨૪] દાન દેવારૂપ સાક્ષાત્ ઇષ્ટદેવની પ્રસન્નતા એ સ્વાધ્યાયનું ફળ છે. અને સમાધિની તત્કાળ સિદ્ધિ પ્રાપ્ત થવી, તે ઇશ્વર અર્ચનનું ફળ છે.[૨૫]

**(૩) આસન :–** યોગીપુરુષ યોગની સિદ્ધિ માટે જે મૃગચર્મ, દર્ભ વગેરે પર બેસે છે તેને આસન કહે છે. અથવા સ્વસ્તિક આદિકથી જે બેસવું તેને પણ આસન કહેલું છે. આસન એ યોગનું ત્રીજું અંગ કહેલું છે.[૨૬] યોગને જાણનારા યોગીઓએ સ્વસ્તિકાદિ બહુ પ્રકારનાં આસનો કહેલાં છે. તેમાં ચોર્યાસી આસનો યોગીઓનાં મુખ્ય કહેલાં છે.[૨૭] તેમાંથી ત્રીસ આસનો અને તેમાંથી પણ ચૌદ આસનો મુખ્ય છે, તેની અમે સમજ આપીએ છીએ.[૨૮] તેમાં સ્વસ્તિક, ગોમુખ, વીર, યોગ, પદ્મ, કુક્કુટ, કૂર્મ, ધનુષ, મયૂર, પશ્ચિમતાનક, શબ, સિદ્ધ, સિંહ અને ભદ્ર આ ચૌદ આસનો છે તેનાં લક્ષણો પણ ક્રમશઃ તત્ત્વપૂર્વક કહીએ છીએ.[૨૯-૩૦]

**સ્વસ્તિકાસન :–** યોગ સાધકે બે પગનાં તળિયાંઓને બન્ને બાજુ જાનુ અને ઉરુના મધ્યભાગે મૂકી સરળપણે બેસવું તેને સ્વસ્તિકાસન કહ્યું છે.[૩૧]

जानूर्वोरन्तरे पादतले द्वे अपि योगकृत् । कृत्वासीत ऋजुर्यत्तत्स्वस्तिकं परिकीर्तितम् ॥३१॥
दक्षपार्श्वे सव्यगुल्फं सव्ये दक्षिणमर्पयेत् । गोमुखाकृति तत्प्रोक्तमासनं गोमुखाभिधम् ॥३२॥
न्यसेदूरौ पादमेकमूरुमन्यपदे तथा । वीरासनमिति प्रोक्तं सुकरं साधकैरिदम् ॥३३॥
व्युत्क्रमेण गुदं रुध्वा गुल्फाभ्यां स्यात्समाहितः । एतद्योगासनं प्रोक्तं योगविद्यमिसम्मतम् ॥३४॥
वामोरौ दक्षिणं पादं दक्षोरौ न्यस्य चेतरम् । अपाक्कराभ्यामंगुष्ठौ दध्यात्पद्मासनं त्विदम् ॥३५॥
बध्वा पद्मासनं हस्तौ जानूर्वोरन्तरेण च । भुवि संस्थाप्य व्योमस्थो भवेत्तत्कुक्कुटासनम् ॥३६॥
कुक्कुटासनबन्धस्थो दोर्भ्यां संहृत्य कन्धराम् । भवेत्कूर्मवदुत्तान एतदुत्तानकूर्मकम् ॥३७॥
सव्योरुमूले दक्षांघ्रिं कृत्वा जान्वोर्बहिर्धरेत् । वेष्टितेन करेणान्यं दक्षेण धनुरासनम् ॥३८॥

---

**ગોમુખાસન :–** જમણીબાજુના ભાગમાં ડાબા પગની ઘૂંટી મૂકીને અને ડાબી બાજુના ભાગમાં જમણા પગની ઘૂંટી મૂકીને બેસવું. આ આસન ગૌમુખાકૃતિ જેવું થતું હોવાથી ગોમુખાસન કહેલું છે.[૩૨]

**વીરાસન :–** એક સાથળ ઉપર એક પગ મૂકી બીજા પગ ઉપર એ સાથળ મૂકવું તેને વીરાસન કહેલું છે તે સુખેથી થઇ શકે તેવું છે.[૩૩]

**યોગાસન :–** ડાબી અને જમણી ઘૂંટીથી વિપરીત ક્રમે ગુદાને રુંધી અચળપણે બેસવું તેને યોગાસન કહેલું છે.[૩૪]

**પદ્માસન :–** ડાબાસાથળ ઉપર જમણો પગ અને જમણા સાથળ ઉપર ડાબો પગ મૂકીને લોમ અને વિલોમના ક્રમથી પાછળ પસારેલા હાથથી પગના અંગૂઠાને પકડવા તેને પદ્માસન કહેલું છે.[૩૫]

**કુક્કુટાસન :–** પૂર્વોક્ત પદ્માસનમાં પાછળ પ્રસારેલા હાથથી ગ્રહણ કરેલા પગના અંગૂઠાને છોડીને કેવળ પદ્માસન બાંધેલું રાખી ઢીંચણ અને સાથળના મધ્ય માર્ગમાંથી બે હાથને ભૂમિપર સ્થાપન કરવા પછી પૃથ્વીથી નિતંબના ભાગને અધર કરી લટકાવી રાખવો તેને કુક્કુટાસન કહેલું છે.[૩૬]

**ઉત્તાનકૂર્માસન :–** કુક્કુટાસનમાં પૃથ્વી પર સ્થાપન કરેલા બન્ને હાથનાં તળિયાં છોડીને એજ કુકકુટાસનમાં બેઠા બેઠા ઢીંચળ અને સાથળના મધ્યભાગમાં સ્થાપન કરેલા બન્ને હાથથી ડોકને પકડી કાચબાની પેઠે ઊંચા થવું તેને ઉત્તાનકૂર્માસન કહેલં છે.[૩૭] **ધનુરાસન :–** ડાબા સાથળના મૂળમાં જમણા પગને મૂકી ઢીંચણથી બહાર વીંટેલા જમણા હાથથી જમણા ઢીંચણ ઉપર મૂકેલા ડાબા પગના અંગૂઠાને

एतज्जाठररोगघ्नं कुण्डलीबोधकारकम् । अङ्गानां स्थैर्यकृत्तोक्तमासनं मुनिसम्मतम् ॥३९॥
दोर्भ्यां भूमिमवष्टभ्य नाभिपार्श्वे कफोणिगे । कृत्वा भवेत्स्वस्थवपुर्मायूरं तद्धि दण्डवत् ॥४०॥
रोगानौदरिकान्हन्ति प्रदीपयति जाठरम् । भुक्तं विषं कदशनं जरयत्येतदासनम् ॥४१॥
प्रसार्य दण्डवत्पादौ गृहीत्वाग्रद्वयं तयोः । न्यसेज्जानूपरि शिर इति पश्चिमतानकम् ॥४२॥
पवनं पश्चिमगतिं जठराग्निप्रदीपनम् । कृशत्वमुदरस्यापि कुर्यादेतत्किलासनम् ॥४३॥
शबासनं च शबवदुत्तानं शयनं भुवि । सर्वासनश्रान्तिहरं चित्तविश्रान्तिसाधनम् ॥४४॥
निपीड्य सीवनीं वामपार्ष्णिना वामगुल्फके । विन्यसेद्दक्षिणं गुल्फमेतत्सिद्धासनं स्मृतम् ॥४५॥
आसनत्रयं च रोगघ्नमेतद्वज्रासनं विदुः । केचिन्मुक्तासनं प्राहुरेके गुप्तासनं जगुः ॥४६॥

---

પકડે અને ડાબા હાથના અગ્રભાગથી ડાબા કાનની બૂટીને પકડે તેને ધનુરાસન કહેલું છે.[૩૮] આ આસન પેટના રોગોને નાશ કરે છે, કુંડલીને જાગ્રત કરે છે અને અંગોને સ્થિર કરે છે. તેથી મુનિઓએ આ આ આસનને સ્થિરતા માટે માન્ય કરેલું છે.[૩૯]

**મયૂરાસન :–** બે હાથનાં તળાંથી ભૂમિને અવલંબી નાભિના ડાબા જમણા ભાગને કોણી ઉપર સ્થિર કરી તે કોણી ઉપર દંડની માફક શરીરને નિશ્ચળ લંબાવી સ્થિર રહેવું તેને મયૂરાસન કહેલું છે.[૪૦] આ આસન પેટના રોગોનો નાશ કરે છે. જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે. અજાણતા ખવાઇ ગયેલા ઝેરને અને ન પચી શકે તેવા ખવાયેલા અન્નને પચાવી નાખે છે.[૪૧]

**પશ્ચિમતાનકાસન :–** બન્ને પગને દંડની પેઠે લાંબા કરી તે પગના બન્ને અગ્રભાગને બન્ને હાથથી ગ્રહણ કરી બન્ને સાથે જોડેલા કે નહીં જોડેલા ઢીંચણ ઉપર મસ્તકને મૂકવું, તેને પશ્ચિમતાનકાસન કહેલું છે.[૪૨] આ આસન પવનને પશ્ચિમ દ્વાર તરફ ગતિવાળો કરે છે, જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે અને પેટની સ્થૂળતાને ઘટાડી કૃશ કરે છે.

**શબાસન :–** ભૂમિ ઉપર શબની જેમ ચત્તા સૂઇ રહેવું તેને શબાસન કહે છે, આ આસન સમગ્ર આસનો કરવાથી લાગેલા થાકને દૂર કરે છે. અને ચિત્તને વિશ્રાંતિ આપે છે.[૪૪]

**સિદ્ધાસન :–** ડાબા પગની પેનીથી લિંગના નીચેના ભાગે રહેલી સીવની નામની નાડીને દબાવીને ડાબી ઘુંટી ઉપર જમણી ઘુંટી મૂકે. આને સિદ્ધાસન કહેલું છે.[૪૫] આ આસન સર્વે આસનમાં શ્રેષ્ઠ છે અને સર્વપ્રકારના રોગોને નાશ કરે છે. આ આસનને કોઇ વજ્રાસન ને કોઇ મુક્તાસન ને કોઇ ગુપ્તાસન કહે છે.[૪૬]

अधो वृषणयोर्गुल्फौसीवनीपार्श्वयोः क्षिपेत् । सव्ये दक्षं दक्षिणेऽन्यं प्रसृतांगुलिकौ करौ ॥४७॥
जान्वोर्धृत्वा व्यात्तवक्रो नासिकाग्रं विलोकयेत् । एतत्सिंहासनं प्रोक्तं योगिनामभिवाञ्छितम् ॥४८॥
सीवनीपार्श्वयोर्गुल्फौ वृषणाधः क्रमान्न्यसेत् । दध्यात्पादावपाग्दोर्भ्यामिति भद्रासनं परम् ॥४९॥
इत्यादीन्यासनान्याहुर्योगशास्त्रविशारदाः । स्थिरं सुखं ध्यानकाले तेषामेकतमं श्रयेत् ॥५०॥
आसनश्रमजातेन स्वेदेनाङ्गं विमर्दयेत् । दृढता लघुता चैव तेन गात्रस्य जायते ॥५१॥
आसनानां फलं प्रोक्तं सर्वद्वन्द्वसहिष्णुता । शरीररोगनाशश्च प्राणायामाधिकारिता ॥५२॥
उदितान्यासनान्यस्य सिद्धानि स्युर्यदा तदा । गुरूपदिष्टमार्गेण नाडीशोधनमभ्यसेत् ॥५३॥
विना नाडीशोधनं तु प्राणायामो न सिध्यति । मलाकुलासु नाडीषु नान्तश्चरति मारुतः ॥५४॥

---

**સિંહાસન :–** વૃષ્ણની નીચે રહેલી સીવની નાડીના બે પડખામાં ઘુંટી મૂકવી તેમાં ડાબા ભાગમાં જમણી ઘુંટી મૂકવી અને જમણા ભાગમાં ડાબી ઘુંટી મૂકવી, પછી પૂર્વ ભાગમાં વિસ્તારેલા આંગળીઓ વાળા બન્ને હાથને ઢીંચળ ઉપર મૂકીને, મુખ પહોળું કરી નાસિકાના અગ્રભાગને જોતા રહેવું તેને સિંહાસન કહેલું છે, તે યોગીઓને ઈચ્છિત સિદ્ધિ આપે છે.[૪૭-૪૮]

**ઉત્તમભદ્રાસન :–** વૃષણની નીચે રહેલી સીવની નાડીના બન્ને પડખામાં પૂર્વોક્ત પ્રકારે જ ધુંટીને મૂકી પાછળ રાખેલા બે હાથવડે બે પગને પકડે તેને ઉત્તમભદ્રાસન કહેલું છે.[૪૯] આવાં તો અનેક પ્રકારનાં આસનો યોગશાસ્રના વિશારદોએ કહેલાં છે. તે સર્વે આસનોને મધ્યે જે આસન પોતાને સ્થિર સુખ આપનારૂં થાય તે એક જ આસન યોગાભ્યાસને સમયે ગ્રહણ કરવું.[૫૦] આસનના પરિશ્રમથી ઉપજેલા પરસેવાવડે અંગોનું મર્દન કરવું, તેથી પરસેવાના જળને પાછો અંગમાંજ પ્રવેશ કરાવી દેવો, પરંતુ પવન કે વસ્રોથી તેને દૂર ન કરવો. તેનાથી અંગોની દઢતા વધે છે અને શરીર હલકું થાય છે.[૫૧] ભૂખ-તરસ, ઠંડી-ગરમી, આદિ સર્વે દ્વન્દ્વો સહન કરવાની શક્તિ, શરીર સંબંધી રોગનો નાશ અને પ્રાણાયામમાં અધિકારીપણું પ્રાપ્ત થવું આ સર્વે આસનો કરવાનું ફળ છે.[૫૨]

હે મુનિ ! આ કહેલાં આસનો યોગસાધકને જ્યારે સિદ્ધ થાય ત્યારે ગુરૂએ બતાવેલા માર્ગ પ્રમાણે નાડીશોધન ક્રિયાનો અભ્યાસ કરવો.[૫૩] તે વિના પ્રાણાયામ સિદ્ધ થતો નથી. મળ ભરેલી નાડીઓના અંતરંગભાગે યોગીની ઈચ્છા પ્રમાણે વાયુનો સંચાર થતો નથી. તેથી નાડીશોધનની ક્રિયા અવશ્ય કરવી.[૫૪] તેમાં ધૌતિ, બસ્તિ, નેતિ, ત્રાટક, નૌળી અને કપાલભાતિ ઈત્યાદિ પ્રમુખ ક્રિયાઓ કહેલી છે.

धौतिर्बस्तिस्तथा नेतिस्त्राटकं नौलिका तथा । कपालभातिश्चेत्याद्याः क्रियाः सन्त्यत्र कीर्तिताः ॥५५
शनैर्ग्रसेत्सितं वस्त्रं चतुरङ्गुलविस्तृतम् । प्रत्याहरेत्पुनरिति धौतिः कासादिरोगहा ॥५६॥
नाभिमात्रे जले स्थित्वा पायुनाकृष्य वारि च । त्यजेद्वस्तिं क्षालयित्वा स बस्तिः सर्वरोगहृत् ॥५७
शिश्नेनाकृष्य सलिलं पुनस्तेनैव रेचयेत् । गुदेन वा रेचयेत्तद्वस्तिरेष द्वितीयकः ॥५८॥
पीत्वा मुखेन पानीयं रेचयेत्तद्गुदेन च । शङ्खप्रक्षालनाख्यैषा बस्तिरुक्ता मनीशिभिः ॥५९॥
पीत्वा जलं मुखेनादौ पुनस्तेनैव तद्वमेत् । प्रोक्ता गजकरण्येषा क्रिया वै नाडिशोधनी ॥६०॥
नासानाले स्निग्धसूत्रं प्रवेश्याकर्षयेन्मुखात् । एषा नेतिर्नेत्रमूर्धरोगघ्नी दिव्यदृष्टिदा ॥६१॥
त्राटकं च सूक्ष्मलक्ष्यं यावत्स्यादश्रुपातनम् । तावत्स्थिरदृशेक्षेत नेत्ररुक्तन्द्रिहन्त्रिदम् ॥६२॥

---

**તે ધૌતિ આદિક ક્રિયાઓનાં પોતાના અંતરફળ સાથેનાં લક્ષણો કહીએ છીએ.[૫૫]**

**ધૌતિ :– ચાર આંગળ પહોળા શ્વેતવસ્ત્રના પટ્ટાને ધીરે ધીરે ગળતા જવું, અને ફરી તેને ઉદ્‌ગારથી ધીરે ધીરે બહાર કાઢવો. તેને ધૌતિ ક્રિયા કહેલી છે. તે ક્રિયા કાસ, શ્વાસ, કફ આદિક રોગને નાશ કરનારી છે.[૫૬]**

**બસ્તિ :– નાભિ બૂડે તેટલા જળમાં ઊભા રહીને ગુદાદ્વારા જળને અંદર ખેંચીને નાભિથી નીચેના પ્રદેશને પ્રક્ષાલન કરી વળી ગુદા માર્ગેથી જ જળને બહાર કાઢી નાખવું. તેને બસ્તિ ક્રિયા કહી છે. તે સમસ્ત રોગનો નાશ કરે છે.[૫૭]**

**બસ્તિનો બીજો પ્રકાર :– શિશ્નઇન્દ્રિયથી જળને અંદર આકર્ષી ફરી તેને ત્યાંથી જ બહાર કાઢવું. અથવા ગુદાદ્વારા બહાર કાઢવું તેને પણ બસ્તિ કહી છે.[૫૮] વળી મુખદ્વારા પાણી પીને એ પાણીને ગુદાદ્વારા બહાર કાઢવું તેને બુદ્ધિમાન યોગી પુરુષોએ શંખપ્રક્ષાલન બસ્તિ કહી છે.[૫૯] વળી પ્રથમ મુખ દ્વારા જળ પીને ફરી મુખદ્વારાજ ઉલટી કરીને કાઢી નાખવું તેને નાડીશોધન કરનારી ગજકરણી નામની બસ્તિ ક્રિયા કહેલી છે.[૬૦]**

**નેતિ :– નાસિકાના છિદ્ર વાટે કોમળ કપાસના દોરાને પ્રવેશ કરાવીને મુખવાટે આકર્ષણ કરી બહાર કાઢવો આ દોરો એક વેંત માત્રનો હોવો જોઇએ. આ નેતિ ક્રિયા કહેલી છે. તે નેત્ર અને મસ્તકના રોગને નાશ કરે છે અને દિવ્ય દૃષ્ટિ આપે છે.[૬૧]**

**ત્રાટક :– જ્યાં સુધી અશ્રુપડે ત્યાં સુધી એક સૂક્ષ્મ લક્ષ્યને સ્થિર દૃષ્ટિથી જોઇ રહેવું તેને ત્રાટક કહે છે. આ ત્રાટક નેત્રના રોગનો વિનાશ કરે છે. તથા આળસ-તંદ્રાને પણ હરે છે.[૬૨]**

अमन्दावर्तवेगेन तुन्दं सव्यापसव्यतः । नतांसो भ्रामयेदेषा नौलिर्दोषैकशोषणी ॥६३॥
रेचकं पूरकं कुर्याद्भस्त्रावच्च ससम्भ्रमम् । कपालभातिः सा प्रोक्ता दोषघ्नी योगिसम्मता ॥६४॥
शुद्ध्यन्ति नाड्य एताभिः क्रियाभिर्योगचारिणः । शुद्धासु तस्य नाडीषु प्राप्नोति कृशतां तनुः ॥६५
देहे भवति कान्तिश्च जठराग्निप्रदीपनम् । नादाभिव्यक्तिरारोग्यं यथेष्टं वायुधारणम् ॥६६॥
इत्थं नाडीः शोधयित्वा प्राणायामं समभ्यसेत् । चले वाते चलं चित्तं निश्चले निश्चलं यतः ॥६७॥
आसनं दृढमाश्रित्य कुर्वीत प्राणासंयमम् । गुरुप्रोक्तक्रमेणैव स्वस्थचित्तः शनैः शनैः ॥६८॥
प्राणशब्देन तु मुने ! शारीरो वायुरुच्यते । आयामो निग्रहस्तस्य प्राणायामस्ततः स्मृतः ॥६९॥
प्राणायामो द्विधा प्रोक्तः सगर्भोऽगर्भ एव च । जपध्यानं विनाऽगर्भः सगर्भस्तत्समन्वितः ॥७०॥
अगर्भात्केवलात्सिद्धिः सगर्भः श्रेष्ठ उच्यते । सगर्भाभ्यासतः शीघ्रं सिद्धिं योगस्य विन्दति ॥७१॥

---

**નૌળી :–** યોગસાધક ખભાને નમતા રાખી સવ્ય અને અપસવ્યના ક્રમથી પેટને અતિ તીવ્રવેગથી ભમાવવું, તે નૌલિક્રિયા કહેલી છે. તે વાત, પિત, કફ અને મંદાગ્નિ આદિક અનેક પ્રકારના દોષોની નિવૃત્તિ કરે છે.[૬૩]

**કપાલભાતિ :–** ધમણની પેઠે અતિવેગથી વાયુને નાસિકાથી બહાર કાઢવો ને વળી નાસિકાથી અંદર પ્રવેશ કરાવવો. આ ક્રિયાને કપાલભાતિ કહેવામાં આવે છે. આ ક્રિયા કફ આદિક દોષોનો વિનાશ કરનારી ને યોગીપુરુષોને બહુ માન્ય છે.[૬૪]

હે મુનિ ! આ ક્રિયાઓ કરવાથી યોગસાધકની નાડીઓ શુદ્ધ થાય છે અને શરીર કૃશ થાય છે.[૬૫] અને તે શરીરમાં કાંતિ ઉત્પન્ન થાય છે. જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે. **નાદની અભિવ્યક્તિ :–** ૐકારના ધ્વનિનું શ્રવણ થાય છે, તથા આરોગ્ય અને ઈચ્છાનુસાર પ્રાણવાયુને ધારણ કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે.[૬૬] આ પ્રમાણે નાડીઓને શુદ્ધ કરી પ્રાણાયામનો અભ્યાસ કરવો. કારણ કે જો પ્રાણવાયુ ચંચળ હોય તો ચિત્ત પણ ચંચળ હોય છે. અને પ્રાણવાયુ નિશ્ચળ હોય તો ચિત્ત નિશ્ચળ થાય છે. તેથી ચિત્તની નિશ્ચળતા માટે પ્રાણાયામનો અભ્યાસ અવશ્ય કરવો.[૬૭] સ્વસ્થ ચિત્તવાળા યોગસાધકે દૃઢ આસનનો આશ્રય કરી ગુરૂએ કહેલા ક્રમ પ્રમાણે ધીરે ધીરે પ્રાણાયામ કરવો.[૬૮]

**(૪) પ્રાણાયામ :–** હે મુનિ ! પ્રાણાયામ શબ્દનો અર્થ કહીએ છીએ. શરીરના અંદર ભાગમાં વર્તતો વાયુ પ્રાણ શબ્દથી કહેલો છે. તેનો નિગ્રહ કરવો તેને આયામ કહેવામાં આવે છે, તેથી તેને પ્રાણાયામ કહેવામાં આવે છે.[૬૯] આ પ્રાણાયામ સગર્ભ અને અગર્ભ એમ બે પ્રકારનો કહેલો છે, જેમાં પ્રણવાદિ મંત્રના

द्वयोऽप्यसौ चतुर्धोक्तः पूरको रेचकस्तथा । कुम्भकः शून्यकश्चेति शृणु तल्लक्षणान्यपि ॥७२॥
यथा कमलनालेन जलं वक्त्रधृतेन तु । आकर्षयेत्तथा वायुं पूरकः स निगद्यते ॥७३॥
समुत्क्षिप्य बहिर्वायुं शून्यं कुर्याद्धृदम्बरम् । स रेचक इति प्रोक्तो योगशास्त्रविशारदैः ॥७४॥
उच्छ्वासमथ निःश्वासं रुन्ध्याद्योगी स्थिरस्थितिः । स कुम्भक इति प्रोक्तः पूर्णकुम्भ इव स्थितिः ॥७५
कुम्भको द्विदिधो ब्रह्मन्नेष सङ्कथ्यते बुधैः । एक आभ्यन्तरस्तत्र द्वितीयो बाह्य उच्यते ॥७६॥
अपाने प्राणसंरोधो ज्ञेय आभ्यन्तरो मुने ! । प्राणेऽपानस्य संरोधो द्वितीयः कुम्भकः स्मृतः ॥७७॥
पूरकः प्रणवैस्तत्र कार्यः षोडशभिः शनैः । द्वात्रिंशता रेचकस्तु चतुःषष्ट्या च कुम्भकः ॥७८॥
अथवा विष्णुगायत्रीं योगी स्वमनसा पठन् । यथाशक्त्येव कुर्वीत प्राणायाममतन्द्रितः ॥७९॥
पिङ्गला दक्षिणे वामे नाडीडासंस्थितौ तयोः । सूर्यचन्द्रौ सुषुम्णा तु तन्मध्ये तत्र पावकः ॥८०॥

---

**જપ સહિત ભગવાનનું ધ્યાન કરવામાં ન આવે તે પ્રાણાયામ અગર્ભ કહેલો છે અને જપ ધ્યાન સહિતના પ્રાણાયામને સગર્ભ કહેલો છે.[૭૦] શ્રેષ્ઠ યોગીઓએ કેવળ અગર્ભ પ્રાણાયામથી સગર્ભ પ્રાણાયામને શ્રેષ્ઠ કહેલો છે. કારણ કે તેનો અભ્યાસ કરે તો યોગની સિદ્ધિ તત્કાળ થાય છે.[૭૧] આ બન્ને પ્રકારનો પ્રાણાયામ પૂરક, રેચક, કુંભક અને શૂન્યક એમ ચાર પ્રકારનો કહેલો છે. તેનાં લક્ષણો કહીએ છીએ તેને તમે સાંભળો.[૭૨]**

**પૂરક પ્રાણાયામ :–** જે રીતે મુખમાં ધારણ કરેલા નાળથી જળ ખેંચાય છે તેમ નાસિકાદ્વારા વાયુને અંદર આકર્ષવો, તેને પૂરક કહેવાય છે.[૭૩] આકર્ષણ કરેલા વાયુને બહારના ભાગમાં ખાલી કરીને હૃદયાકાશને શૂન્ય કરવો તેને યોગશાસ્ત્રના વિશારદોએ રેચક કહ્યો છે.[૭૪] દૃઢ સ્થિતિવાળો યોગી ઉચ્છ્વાસને અને નિઃશ્વાસને રોકી જળ ભરેલા પૂર્ણકુંભની જેમ સ્થિર રહે છે તે પ્રાણાયામને કુંભક કહેલ છે.[૭૫] હે બ્રહ્મન્ ! બુદ્ધિમાન પુરુષોએ આ કુંભક પ્રાણાયામને બે પ્રકારનો કહેલો છે, તેમાં એક આભ્યંતર કુંભક અને બીજો બાહ્યકુંભક કહેવાય છે.[૭૬] ગુદાના સ્થાનમાં રહેલા મૂલાધાર ચક્રમાં પ્રાણનો નિરોધ કરવો તેને આભ્યંતરકુંભક જાણવો, અને નાભિના સ્થાનમાં રહેલા અનાહત ચક્રમાં અપાનનો નિરોધ કરવો તેને બાહ્યકુંભક જાણવો.[૭૭]

પૂર્વોક્ત ત્રણે પ્રકારના પ્રાણાયામોને મધ્યે પૂરક ધીરે ધીરે સોળ પ્રણવ મંત્રોથી કરવો. રેચક બત્રીસ પ્રણવમંત્રોથી અને કુંભક ચોસઠ પ્રણવમંત્રોથી કરવો.[૭૮] અથવા યોગીએ વિષ્ણુ ગાયત્રીમંત્રનો પાઠ કરતાં આળસ છોડી પ્રાણાયામ

इडया पूरकं कृत्वा ततः कुर्वीत कुम्भकम् । ततः पिङ्गलया कुर्याद्रेचकं तु शनैः शनैः ॥८१॥
यद्वा पिङ्गलया कुर्यात्पूरकं कुम्भकं ततः । कृत्वा च रेचकं कुर्यादिडया योगसाधकः ॥८२॥
शनैः कृतेन युक्तेन प्राणायामेन योगिनः । रोगनाशश्च सिद्धिः स्यादन्यथा तु विपर्ययः ॥८३॥
प्रातर्मध्यन्दिने सायमर्धरात्रे च कुम्भकान् । शनैरशीतिपर्यन्तं चतुर्वारं समभ्यसेत् ॥८४॥
कनीयसि प्राणरोधे स्वेदः कम्पस्तु मध्यमे । उत्तमे चासनोत्थानं साधकस्य मुहुर्भवेत् ॥८५॥
बहिःस्थितस्याग्रहणमत्यागोऽन्तःस्थितस्य च । वायोः स शून्यको ज्ञेयः शून्यवेधाद्यभूमिका ॥८६॥
प्राणायामफलं प्रोक्तं मुनिभिर्योगवित्तमैः । योग्यता धारणासु स्यान्मनसस्त्विति सुव्रत ! ॥८७॥

---

કરવો. અહીં મંત્રના સ્થાને ભગવાનનું નામ પણ લઈ શકાય છે.[૭૯] જમણી નાસિકાના પુટમાં પિંગલાનાડી રહેલી છે અને ડાબી નાસિકાના પુટમાં ઈડાનાડી રહેલી છે. તેમાં પિંગલા નાડીમાં સૂર્ય અને ઈડામાં ચંદ્ર રહેલ છે. તે બન્ને નાડીઓને મધ્યે સુષુમણા નાડી રહેલી છે. તેમાં અગ્નિ રહેલો છે.[૮૦] હવે પ્રાણાયામ કરવાનો અનુક્રમ કહીએ છીએ. ડાબી નાસિકાની ઈડાનાડીથી પૂરક કરી કુંભક કરવો. પછી જમણી નાસિકાની પિંગલાનાડીથી ધીરે ધીરે રેચક કરવો.[૮૧] અથવા યોગના સાધકે પિંગલા નાડીથી પૂરક કરવો ને કુંભક કરી ઈડાનાડીથી રેચક કરવો.૮૨ યુક્તિપૂર્વક પોતાની શક્તિ પ્રમાણે ધીરે ધીરે કરેલા પ્રાણાયામથી યોગીનો રોગ નાશ થાય છે અને યોગની સિદ્ધિ થાય છે. જો કહેવા પ્રમાણે કરવામાં ન આવે, ને વિપરીતે કરે તો રોગનો ઉદ્ભવ થાય છે અને સિદ્ધિ ક્યારેય થતી નથી.[૮૩] પ્રાતઃકાળે, મધ્યકાળે, સાયંકાળે અને અર્ધરાત્રીએ આ ચાર વારમાં પ્રત્યેક વખતે ધીરે ધીરે વીસ વીસ કુંભક કરે, એમ આગળ વધતા એંશી વાર કુંભક કરવા, પાંચ, દશ, પંદર, એમ ઉત્તરોત્તર અભ્યાસ વધારતા જઈ એંશીની સંખ્યા સુધી કુંભક કરવા. પરંતુ એક દિવસમાં એંશી કરવાનું સાહસ કરવું નહિ.[૮૪] પ્રાણાયામ સિદ્ધિમાં જો કનિષ્ઠ સ્થિતિ હોય તો સાધકને પરસેવો છૂટે. મધ્યમ સ્થિતિમાં કંપારી છૂટે અને ઉત્તમ સ્થિતિમાં વારે વારે ઉત્થાન થાય- આસનથી ઉપર ઉઠી જવાય.[૮૫]

**શૂન્યક પ્રાણાયામ :–** હે મુનિ ! બહાર રહેલા વાયુનો સ્વીકાર ન કરવો અને અંદરના વાયુનો ત્યાગ ન કરવો. તેને શૂન્યક પ્રાણાયામ જાણવો. આ પ્રાણાયામ યોગીજનોને પ્રસિદ્ધ શૂન્યવેધ નામનો પ્રથમ ભૂમિકારૂપ માન્યો છે.[૮૬] હે રૂડા વ્રતવાળા મુનિ ! ધારણામાં મનની યોગ્યતા પ્રાપ્ત થાય, તેને યોગને જાણનારા

अस्य शून्यकसंज्ञस्य प्राणरोधस्य सर्वतः । विशेषो वर्तते तं च सर्वं ते कथयाम्यहम् ॥८८॥
न शून्यकप्राणनिरोधसाम्यं योगाङ्गमाप्नोत्यपरं हि किञ्चित् ।
नादाभिधब्रह्मणि यत्र लब्धे भवेत्परब्रह्मसुखानुभूतिः ॥८९॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे योगोपदेशे यमनियमासनप्राणायामलक्षणनिरूपणनामा सप्तपञ्चाशत्तमोऽध्यायः ॥५७॥*

---

મુનિઓએ પ્રાણાયામ કરવાનું ફળ કહ્યું છે.[૮૭] આ શૂન્યક પ્રાણાયામનું પૂરક આદિ કરતાં અધિકપણું કહેલું છે. તે અધિકપણું શું છે ? તે અમે તમને કહીએ છીએ.[૮૮] તે અધિકપણું શૂન્યક પ્રાણાયામથી અતિરિક્ત બીજું કોઈ પણ યોગનું અંગ નથી, એ છે. કારણ કે આ એક જ પ્રાણાયામની સિદ્ધિમાં તેમને નાદરૂપી બ્રહ્મને વિષે પરબ્રહ્મના સુખની અનુભૂતિ થાય છે.[૮૯]

*આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં યોગનો ઉપદેશ કરતાં શ્રીહરિએ અષ્ટાંગયોગમાં પહેલાં યમાદિ ચારનાં લક્ષણોનું નિરૂપણ કર્યું એ નામે સત્તાવનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૭--*

---

### अष्टपञ्चाशत्तमोऽध्यायः - ५८

**श्रीनारायणमुनिरुवाच :-**

प्राणायामः शून्यकाख्यो मतः श्रेष्ठतया बुधैः । स निर्वासनचित्तस्य पुंसो हृद्येव जायते ॥१॥
हृदि तस्मिञ्जायमाने प्राणाद्या दश वायवः । स्वस्वस्थानावकाशेषु शाम्यन्ति हृदयादिषु ॥२॥
योगिनो जायतेऽवस्था तदा जाग्रत्सुषुप्तिवत् । देहे च स्तब्धता चान्तर्नादस्य श्रवणं तथा ॥३॥
आदौ तन्त्रीरवमिव श्रुत्वा सूक्ष्मध्वनिं ततः । अन्तः प्रबुद्ध्यते चाथ वेणुनादं शृणोति सः ॥४॥
ततो मृदङ्गवन्नादं शङ्खदुन्दुभिवत्ततः । भेर्याद्यनेकवादित्रतुल्यनादं शृणोत्यथ ॥५॥
मेघगर्जनतुल्यांश्च नादान्नैकविधानिति । श्रुत्वाऽतीव प्रबुद्धः सन्प्रकाशं हृदि पश्यति ॥६॥
ततः स्थूलविराडाख्यदेहेषु प्रणवं स च । श्वासोच्छ्वासस्वरूपेण स्थितं स्वहृदि पश्यति ॥७॥
अभ्यसन्ति योगिनोऽत्र प्राप्तये यस्य नित्यदा । प्रतिश्वासं महामन्त्रमष्टाक्षरमतन्द्रिताः ॥८॥

## અધ્યાય - ૫૮

## ભગવાન શ્રીહરિએ કરેલું શૂન્યક પ્રાણાયામનાં લક્ષણનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે મુનિ ! શૂન્યક નામના પ્રાણાયામને બુદ્ધિમાન યોગીઓએ શ્રેષ્ઠ માનેલો છે. એ નિર્વાસનિક ચિત્તવાળા યોગીપુરુષના હૃદયમાં જ સિદ્ધ થાય છે.[૧] ત્યારે પ્રાણ, અપાન, આદિક દશ પ્રકારના વાયુઓ હૃદયાદિક પોત પોતાના સ્થાનનાં અવકાશ પ્રદેશમાં નિશ્ચળતા પામે છે.[૨] તે સમયે યોગીની જાગ્રત અવસ્થા પણ સુષુપ્તિ જેવી થઇ જાય છે. દેહમાં નિશ્ચળતા થઈ જાય છે અને અંતઃકરણમાં નાદનું શ્રવણ થાય છે.[૩] તે કેવું હોય છે તે કહીએ છીએ. યોગી પ્રથમ વીણાના ધ્વનિ જેવો સૂક્ષ્મ ધ્વનિ સાંભળે છે. પછી અંતઃકરણને વિષે જાગ્રતના જેવો પ્રબોધ થાય છે.[૪] પછી અનુક્રમે વાંસળી, મૃદંગ, શંખ, દુંદુભી, ભેરી અને અનેક વાજિંત્રના નાદ જેવો નાદ સંભળાય છે.[૫] પછી મેઘ જેવા અનેક પ્રકારના મહાનાદોનું શ્રવણ કરી અતિશય પ્રબુદ્ધ દશાને પામેલો યોગી પોતાના હૃદયકમળમાં પ્રકાશના પુંજને નિહાળે છે.[૬] પછી જીવોના સ્થૂળાદિ ત્રણ દેહોમાં અને વૈરાજપુરુષના વિરાટાદિ ત્રણ દેહોમાં શ્વાસોચ્છવાસ સ્વરૂપે રહેલા પ્રણવને પોતાના હૃદયમાં નિહાળે છે.[૭]

હે મુનિ ! આલોકમાં યોગીઓ પ્રણવની પ્રાપ્તિ માટે આળસનો ત્યાગ કરી નિરંતર એક એક શ્વાસ પ્રત્યે અષ્ટાક્ષર મહામંત્ર જપવાનો અભ્યાસ કરે છે.[૮]

आदौ तु तेजसां राशिमाकाशवदनन्तकम् । नादब्रह्मेति यं प्राहुस्तं पश्यति महोज्ज्वलम् ॥९॥
यस्माच्चाग्नेर्विस्फुलिङ्गा इव निर्यान्ति सर्वतः । तेजसो मण्डलान्यर्कबिम्बतुल्यान्यनन्तशः ॥१०॥
तस्मात्तु तेजसां राशेरुद्यन्तं प्रणवं ततः । स वीक्षते नादरूपं योगी तेजोमयं सितम् ॥११॥
प्रणवध्वनयस्तत्र तेजोभ्रमिसमप्रभाः । उत्पद्यन्तोऽपियन्तश्च दृश्यन्ते तेन भूरिशः ॥१२॥
यथा समुद्रे कल्लोला विद्युतो वा बलाहके । उत्पद्यन्ते च लीयन्ते तेजःपुञ्जे तथा रवाः ॥१३॥
नादात्मकस्य तस्याथ प्रणवस्य महाध्वनौ । प्राक्श्रुता इतरे नादास्तिरोधीयन्त एव ते ॥१४॥
प्रणवस्यास्य माहात्म्यं वेदेषु बहुधोदितम् । तस्य सारं समाकृष्य सङ्क्षेपेण वदाम्यहम् ॥१५॥
यत्किञ्चिद्वाङ्मयं लोके प्रणवो ह्येष तस्य तु । ज्ञेयः कारणमस्तीति बीजरूपः सनातनः ॥१६॥
तस्याकार उकारश्च मकारश्चार्धमात्रिका । मात्राश्चतस्त्र इत्याहुः सर्वाधारतया मताः ॥१७॥
विराड्विष्णुः स्थितिश्चेति त्रयं चाकारमाश्रितम् । सूत्रं हिरण्यगर्भश्च सृष्टिश्चोकारमाश्रिताः ॥१८॥

---

પ્રણવના દર્શન પૂર્વે જે આકાશની પેઠે અનંત અપાર છે, તથા જેને નાદ બ્રહ્મ કહે છે, એવા મહા ઉજ્જવળ તેજના રાશિને યોગીપુરુષ સાક્ષાત્ નિહાળે છે.[૯] તે સમયે અગ્નિમાંથી ઉદ્‌ભવતા તણખાઓની પેઠે તે તેજના રાશિમાંથી ચારે બાજુથી સૂર્યના બિંબ સરખાં અનંત તેજનાં મંડળો નીકળે છે તેને પણ યોગી જુએ છે.[૧૦] અને તે તેજના રાશિમાંથી નીકળતા તેજોમય, ઉજ્જવળ અને નાદરૂપ એવા પ્રણવનો યોગી સાક્ષાત્કાર કરે છે.[૧૧] હે મુનિ ! એ દૃષ્ટાંતથી ફરી તમને સમજાવું છું. તે યોગી તેજોરાશીમાં તેજના ચક્રાવા જેવી કાંતિવાળા અનેક પ્રણવના ધ્વનિઓને ઉત્પન્ન થતા અને લય થતા નિહાળે છે.[૧૨] જેવી રીતે સમુદ્રમાં મહા તરંગ ઉઠે છે અને મેઘમાં વીજળીના ચમકારા ઉત્પન્ન થાય ને લય પામે છે, તેવી રીતે પ્રણવના ધ્વનિઓ તેજોરાશિમાં ઉત્પન્ન થાય છે અને લય પામે છે, તેને યોગી નિહાળે છે. પછી યોગીએ પોતે પૂર્વે જે સાંભળ્યા હતા એવા વેણુ આદિકના ધ્વનિઓ આ નાદાત્મક પ્રણવના મહાનાદમાં તિરોધાન પામે છે.[૧૩-૧૪] આ પ્રણવનું માહાત્મ્ય ચારે વેદોમાં બહુ પ્રકારે કહેલું છે. તે માહાત્મ્યનો સાર સાર ગ્રહણ કરી અમે તમને સંક્ષેપથી સંભળાવીએ છીએ.[૧૫]

હે મુનિ ! આલોકમાં જે કાંઈ વાઙ્મય રહેલું છે તેનું કારણ આ પ્રણવ છે એમ તમે જાણો. તેથી તે ૐકાર બીજરૂપ અને સનાતન છે.[૧૬] પ્રણવની અકાર, ઉકાર, મકાર અને અર્ધમાત્રિકા એમ ચાર માત્રાઓ કહેલ છે. તે વિરાટાદિ સર્વેની વાણીના એક આધારપણે માનેલી છે.[૧૭] તેમાં વૈરાજપુરુષનું બ્રહ્માંડાકાર શરીર,

अव्याकृतेश्वरलया मकारमिति संश्रिताः । चिदाकाशाक्षरब्रह्मतुर्यमित्यर्धमात्रिकाम् ॥१९॥
मातृकाश्च द्विपञ्चाशद्वेदा व्याहृतिभिः सह । वेदाङ्गान्यथ यत्किञ्चित्तन्मूलं वाङ्मयं हि तत् ॥२०॥
ततोऽवकाशोऽप्यखिलः प्रणवस्यास्य तेजसा । व्याप्त इत्यवलोक्यासौ प्राप्नोत्यानन्दमुत्तमम् ॥२१॥
तस्यैवालम्बनाच्छून्यमहाशून्यादिभूमिकाः । विध्वा नादात्मकं योगी याति नारायणं प्रभुम् ॥२२॥
कार्यकारणरूपोऽसौ नादः सर्वो यदङ्गतः । प्रादुर्भवति तं देवं साक्षात्स्वहृदि वीक्षते ॥२३॥
ततः स कृतकृत्योऽत्र भवत्येव न संशयः । तत्प्रसादादवाप्नोति तद्धाम परमं ब्रृहत् ॥२४॥
शून्यकप्राणसंरोधाद्येयं स्थितिरुदीरिता । सहजः स समाधिर्हि कथ्यते तत्त्वदर्शिभिः ॥२५॥
तद्वान्योगी वपुःस्थोऽपि वर्तते साक्षिवत्सदा । प्राप्य चात्यन्तिकलयस्थितिमुन्निद्र एव सः ॥२६॥

---

વૈશ્વાનર નામના વિરાટના અભિમાની દેવ વિષ્ણુ, અને વિશ્વનો સ્થિતિકાળ આ ત્રણેય અકારનો આશ્રય કરીને રહેલા છે. હિરણ્યગર્ભનું સૂત્રાત્મક શરીર, તેના અભિમાની દેવ બ્રહ્મા અને સૃષ્ટિકાળ આ ત્રણ ઉકારનો આશ્રય કરીને રહેલા છે.[૧૮] ઈશ્વરનું અવ્યાકૃત શરીર, તેના અભિમાની દેવ શિવજી અને જગતનો પ્રલયકાળ આ ત્રણેય મકારનો આશ્રય કરીને રહેલા છે. ચિદાકાશ, અક્ષરબ્રહ્મ અને તૂર્ય નામના શ્રીવાસુદેવ આ ત્રણેય અર્ધમાત્રિકાનો આશ્રય કરીને રહ્યા છે.[૧૯] આ રીતે અકારાદિ બાવન વર્ણની માતૃકાઓ ભુઃ આદિક સાત વ્યાહૃતિઓએ સહિત વેદો, શિક્ષાદિ વેદનાં છ અંગો અને બીજું જે કાંઈ પણ વાઙ્મય જગત રહ્યું છે, તે સર્વેનું મૂળ પ્રણવ છે.[૨૦]

આ રીતે પ્રસંગોપાત પ્રણવનું માહાત્મ્ય કહ્યું. હવે યોગીને થયેલા પ્રણવદર્શનનો ચાલુ પ્રસંગ કહીએ છીએ. પ્રણવનો સાક્ષાત્કાર થયા પછી પ્રણવના તેજથી સમગ્ર અવકાશ વ્યાપ્ત થાય છે. તેને નિહાળી યોગી સર્વોત્તમ આનંદને પામે છે.[૨૧] તે યોગી પ્રણવના માધ્યમથી મહાશૂન્યાદિ ભૂમિકાને ઉલ્લંઘી નાદની ઉત્પત્તિના સ્થાનભૂત શ્રીનારાયણ ભગવાનને પામે છે.[૨૨] કાર્યકારણરૂપ સર્વપ્રકારનો નાદ જે વાસુદેવનારાયણના શરીરથી પ્રાદુર્ભાવ પામે છે. તે શ્રીવાસુદેવનારાયણને યોગી પોતાના હૃદયમાં સાક્ષાત્કાર નિહાળે છે.[૨૩] આ રીતે ભગવાનનાં દર્શનથી યોગી આલોકમાં કૃતકૃત્ય થાય છે, તેમાં કોઈ સંશય નથી. અને તે ભગવાનની પ્રસન્નતાથી એ યોગી ભગવાનના અક્ષરબ્રહ્મ નામના સર્વોત્કૃષ્ટ ધામને પામે છે.[૨૪] હે મુનિ ! શૂન્યક પ્રાણાયામથી સિદ્ધ થતી જે આ સ્થિતિ દર્શાવી તે સ્થિતિને સમાધિતત્ત્વને જાણતા પુરુષો ''સહજ સમાધિ'' કહે છે.[૨૫] આવો સહજ સમાધિવાળો યોગી આ

न सर्वलोकसाध्योऽयं शून्यकः प्राणसंयमः । न चैकजन्मजन्येन सुकृतेनापि लभ्यते ॥२७॥
अनेकजन्मजन्यानां सञ्चयैः पुण्यकर्मणाम् । अशेषवासनाहीनं यस्य चित्तं तु जायते ॥२८॥
तस्य सत्सङ्गसच्छास्त्रे विनापि शून्यकस्थितिः । वासुदेवस्यैव साक्षादिच्छया जायते मुने ! ॥२९॥
सहात्मनो ब्रह्मणैक्यं बाल्येऽप्यनुभवत्यसौ । आर्षभेषु यथा पूर्वं नवयोगेश्वरास्तथा ॥३०॥
कविर्हरिरन्तरिक्षः प्रबुद्धः पिप्पलायनः । आविर्होत्रोऽथ द्रुमिलश्चमसः करभाजनः ॥३१॥
पुत्रा ऋषभदेवस्य नवैते योगवित्तमाः । सिद्धा बभूवुर्बाल्येऽपि प्राप्तब्रह्मात्मदर्शनाः ॥३२॥
तथाविधाश्च ये केचित्तेऽधुनाप्यत्र भूतले । नारायणेच्छयाऽकस्माल्लभन्ते तादृशीं स्थितिम् ॥३३॥
चित्तस्य निर्वासनतां विना शून्यकसिद्धये । उपायोऽन्यस्तु नास्त्येव कश्चिदप्यत्र सन्मते ! ॥३४॥

---

**સ્થૂળ દેહમાં હોવા છતાં પણ હમેશાં સાક્ષીની જેમ વર્તે છે. અને આત્યંતિક લયવાળી સ્થિતિને પામી નિદ્રા રહિત વર્તે છે. અર્થાત્ હમેશાં બ્રહ્મરૂપે રહી પરબ્રહ્મનું દર્શન કર્યા કરે છે.[૨૬] આ શૂન્યકપ્રાણાયામ સર્વલોકોથી સાધી શકાતો નથી. એક જન્મના પ્રગટેલા સુકૃતથી પણ પ્રાપ્ત થઈ શકતો નથી.[૨૭] પરંતુ અનેક જન્મોના ઉદ્‌ભવેલા પુણ્ય કર્મોના સંચયથી જે યોગીનું ચિત્ત સમસ્ત વાસનાઓથી રહિત થાય છે.[૨૮] હે મુનિ ! તેવા યોગીપુરુષને સત્શાસ્ત્રના શ્રવણ કે અભ્યાસ વિના સત્સંગના યોગ વિના પણ શૂન્યક પ્રાણાયામથી પ્રાપ્ત થતી સ્થિતિ કેવળ શ્રીવાસુદેવનારાયણ ભગવાનની ઈચ્છાથી પ્રાપ્ત થાય છે.[૨૯]**

**હે મુનિ ! આ સર્વે સિદ્ધિ જે રીતે પૂર્વે ઋષભદેવના પુત્રોની મધ્યે નવયોગેશ્વરોને પ્રાપ્ત થઈ હતી. તેજ રીતે આ યોગી પણ ભગવાનની ઈચ્છાથી બાલ્યાવસ્થામાંજ અક્ષરબ્રહ્મની સાથે પોતાના આત્માની એકતાનો અનુભવ કરે છે. ને તેમાં સાક્ષાત્ શ્રીવાસુદેવનારાયણનું દર્શન પણ કરે છે. તે નવ યોગેશ્વર એવા કવિ, હરિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્લાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ અને કરભાજન આ ઋષભદેવના પુત્રો બાલ્યાવસ્થામાં જ બ્રહ્મરૂપ પોતાના આત્માનું અને પરબ્રહ્મ એવા પરમાત્માનું દર્શન પામી યોગના પારંગત સિદ્ધપુરુષો થયા હતા.[૩૦-૩૨] હે મુનિ ! પૃથ્વી પર અત્યારે પણ જે કોઈ તેવા સિદ્ધપુરુષો છે તેઓ પણ સાક્ષાત્ નારાયણની ઈચ્છાથી તત્કાળ આવી સ્થિતિને પામ્યા છે ને પામે છે. હે સદ્‌બુદ્ધિવાળા મુનિ ! ચિત્તને નિર્વાસનિક કર્યા વિના શૂન્યક પ્રાણાયામની સિદ્ધિને માટે બીજા કોઈ ઉપાય છે જ નહિ. કારણ કે નિર્વાસનિક ચિત્તવાળા પુરુષોના હૃદયમાં પૂરક વગેરે પ્રાણાયામની ક્રિયાઓ કર્યા વિના પણ શૂન્યક પ્રાણાયામની**

सनिर्वासनचित्तस्य हृदये प्राणसंयमः । जायते सहसैवापि पूरकाद्याः क्रिया विना ॥३५॥
इति ते प्राणसंरोधो मया सङ्कीर्तितो मुने ! । यः सामान्यविशेषाभ्यां प्रोक्तो योगविशारदैः ॥३६॥
यः प्राणसंयमनमभ्यसतीह सिद्धयोगोपदर्शितपथेन पुमांस्तु धीरः ।
तस्यातिचञ्चलमपि प्रशमं समेति मोक्षोन्मुखैकरिपुराशु मनोऽपि नूनम् ॥३७॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे योगोपदेशे शून्यकप्राणायामलक्षणनिरूपणनामाऽष्टपञ्चाशत्तमोऽध्यायः ॥५८॥*

---

સિદ્ધિ સહજભાવે એકાએક સિદ્ધ થાય છે.[૩૩-૩૫]

હે મુનિ ! આ પ્રમાણે અમે તમને પ્રાણાયામનો વિધિ કહ્યો. યોગવિશારદ પુરુષો એ પ્રાણના નિરોધને સામાન્ય અને વિશેષ એમ બે પ્રકારનો કહેલો છે. તેમાં પૂરક, રેચક અને કુંભક દ્વારા થતો પ્રાણનિરોધ સામાન્ય નામથી અને શૂન્યકથી થતો પ્રાણનિરોધ વિશેષ નામથી કહ્યો છે.[૩૬] હે મુનિ ! આ લોકમાં જે પુરુષો ધીરજથી યુક્ત થઈ યોગસિદ્ધ પુરુષે દર્શાવેલા માર્ગથી પ્રાણાયામનો અભ્યાસ કરે છે, તે પુરુષનું અતિશય ચંચળ, તથા પોતાના મોક્ષના ઉપાયમાં તત્પર થઈને વર્તતા પુરુષનું શત્રુભૂત મન પણ તત્કાળ નિશ્ચળભાવને પામે છે. તેમાં કોઈ સંશય નથી.[૩૭]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં યોગનો ઉપદેશ કરતા શ્રીહરિએ શૂન્યક પ્રાણાયામનાં લક્ષણોનું નિરૂપણ કર્યું, એ નામે અઠ્ઠાવનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૮--***

---

एकोनषष्टितमोऽध्यायः - ५९

श्रीनारायणमुनिरुवाच :-

पुंसा सिसाधयिषता प्राणायाममिहाञ्जसा । ज्ञेयानि नासानिःश्वासे पञ्च तत्त्वानि सर्वथा ॥१॥
इडायां पिङ्गालायां वा सुषुम्णायां च योगिना । वहन्त्यां यच्च कर्तव्यं ज्ञेयं तदपि तत्त्वतः ॥२॥
सौरांश्चान्द्रांश्च तिथ्यादीनपि ज्ञात्वा यथागमम् । विदधीत यथाकालं योगकृत्सकलाः क्रियाः ॥३॥
विस्तृतं सर्वमेतद्धि वर्तते स्वरशासने । ब्रुवे तत्सारमाकृष्य साधकानां हिताय च ॥४॥
तत्र पीतं चतुष्कोणं ज्ञेयं तत्तु पार्थिवम् । श्वासस्तदा मध्यगतिर्भवेच्च द्वादशांगुलः ॥५॥
तदा स्थिरः स्वभावः स्यादर्थे च सुरभौ रुचिः । पीतवर्णपदार्थानां सङ्कल्पश्च भवेत्धृदि ॥६॥
एवंविधे धरातत्त्वे वर्तमाने तु योगिना । स्थिरकार्याणि कार्याणि स्वोचितान्येव नेतरत् ॥७॥

## અધ્યાય - ૫૯

## યોગ સાધનમાં જાણવા યોગ્ય તત્ત્વાદિજ્ઞાનનું સારી રીતે કરેલું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે મુનિ ! પ્રાણાયામને સિદ્ધ કરવા ઈચ્છતા યોગીપુરુષે નાસિકાથી ઉચ્છવાસ દ્વારા બહાર નીકળતા પ્રાણધાતક વાયુને વિષે રહેલા પૃથ્વી આદિક પાંચ તત્ત્વોને યથાર્થ રીતે સર્વપ્રકારે જાણી રાખવાં.[૧] તથા ઈડા, પિંગલા અને સુષુમ્ણાનાડીના ચલન વખતે યોગીએ શું શું કરવું જોઈએ તે પણ યથાર્થપણે જાણી રાખવું.[૨] સૂર્ય તથા ચંદ્ર સંબંધી તિથિ, પક્ષ અને વાર કહ્યા છે ? તે પણ શાસ્ત્રની રીતે જાણી રાખી યોગસાધકે એ સમયને અનુરૂપ સર્વે ક્રિયાઓ કરવી.[૩] અને આ સર્વે બાબત સ્વર શાસ્ત્રમાં વિસ્તારથી વર્ણવેલી છે તેનો સારાંશ ગ્રહણ કરીને સાધકોના હિતને માટે તમને કહીએ છીએ.[૪]

**પ્રાણાયામમાં પૃથ્વી આદિક પાંચ તત્વોનું સહકારી વિજ્ઞાન** :- તે પાંચ તત્ત્વોને મધ્યે પૃથ્વીતત્ત્વ પીળા વર્ણનું અને ચતુષ્કોણ છે એમ જાણવું, અને જ્યારે તેનું વહન થતું હોય ત્યારે નાસિકાથી બહાર નીકળતો ઉચ્છવાસ મધ્યમગતિ વાળો, અર્થાત્ નહિ ઊંચે કે નહિ નીચે પરંતુ બાર આંગળ પરિમિત દીર્ઘગતિવાળો હોય છે.[૫] ત્યારે યોગીનો સ્વભાવ સ્થિર હોય છે. સુગંધીમાન પદાર્થમાં રુચિ થાય, પીળા વર્ણવાળા પદાર્થોનું હૃદયમાં ચિંતવન થાય.[૬] આ પ્રમાણે પૃથ્વીતત્ત્વનું ચલન હોય ત્યારે યોગીએ પોતાને યોગ્ય નિશ્ચિતભાવે કરવા જેવા કર્મો કરવાં, પરંતુ તે સિવાયનાં કાર્યો ન કરવાં.[૭] જળતત્ત્વ શ્વેત વર્ણવાળું અને

वारितत्त्वं भवेच्छ्वेतमर्धचन्द्रसमाकृति । अधोगतिस्तदा श्वासः षोडशांगुलमायतः ॥८॥
तदा स्वभावे चाञ्चल्यं रसेहाचिन्तनं हृदि । भवेच्छ्वेतपदार्थानां शान्तिकर्मात्र चाचरेत् ॥९॥
तेजस्तत्त्वं भवेच्छोणं त्रिकोणं मरुतो गतिः । चतुरङ्गुलमूर्ध्वा च स्वभावे तीक्ष्णता तदा ॥१०॥
रूपे रुचिश्च शोणार्थचिन्तनं हृदये भवेत् । तदा तीक्ष्णं कर्म यत्तद्योगी स्वस्योचितं चरेत् ॥११॥
वायुतत्त्वं हरिद्वर्णं वर्तुलं च गतिस्तदा । श्वासस्याष्टाङ्गुलं तिर्यक्स्यात्स्वभावोऽतिचञ्चलः ॥१२॥
प्रीतिः स्पर्शसुखेऽथ स्याद्धरिदर्थस्य मानसे । सङ्कल्पस्तत्र कुर्वीत चरकर्माणि योगकृत् ॥१३॥
आकाशतत्त्वं श्यामं स्याद्बिन्दुवच्च तदा गतिः । एकाङ्गुलं सर्वतश्च भवेच्छ्वासस्य योगिनः ॥१४॥
स्वभावे शून्यता शब्दे रुचिः सङ्कल्पहीनता । भवेत्तदा तु कर्तव्यं योगिनात्मविचिन्तनम् ॥१५॥
श्रेष्ठ आद्येऽन्तिमे तत्त्वे प्राणायामोऽथ मध्यमः । द्वितीये च तृतीयेऽपि कनिष्ठस्तु तुरीयके ॥१६॥

---

અર્ધચંદ્રસમાન આકૃતિવાળું હોય છે. જ્યારે તેનું ચલણ હોય ત્યારે શ્વાસ અધોગતિવાળો અને સોળ આંગળ પર્યંત દીર્ઘ ગતિવાળો હોય છે.[૮] આ સમયે સ્વભાવમાં ચંચળતા, રસાસ્વાદમાં રુચિ અને હૃદયમાં શ્વેત પદાર્થોનું ચિંતવન ચાલતું હોય છે. ત્યારે યોગીએ શાંતિનાં કર્મો કરવાં.[૯] તેજતત્ત્વ લાલવર્ણનું અને ત્રિકોણાકારનું હોય છે. તે સમયે નાસિકાના વાયુની ગતિ ચાર આંગળ પરિમિત અને ઉર્ધ્વગમનવાળી હોય છે, સ્વભાવમાં ઉગ્રતા અને રુપ વિષયમાં રુચિ, હૃદયમાં લાલ વર્ણવાળા પદાર્થોનું ચિંતવન ચાલતું હોય છે. તે સમયે યોગીએ પોતાને યોગ્ય તીક્ષ્ણ કર્મ કરવાં.[૧૦-૧૧]

વાયુતત્ત્વ લીલારંગનું અને વર્તુળાકાર હોય છે. તેનું ચલણ હોય ત્યારે, શ્વાસની ગતિ આઠ આંગળ પરિમિત અને વાંકી હોય છે. સ્વભાવમાં અતિ ચંચળતા અને સ્પર્શ સુખમાં પ્રીતિ હોય છે, તેમજ મનમાં લીલાવર્ણના પદાર્થનું ચિંતવન ચાલતું હોય છે. આ સમયે યોગસાધકે શીઘ્રગતિએ કરવા યોગ્ય કર્મો કરવાં.[૧૨-૧૩] આકાશતત્ત્વ છે તે શ્યામવર્ણનું અને બિંદુસમાન આકારવાળું હોય છે. તે સમયે યોગીના શ્વાસની ગતિ એક આંગળ પરિમિત ચોતરફ ફરતી હોય છે.[૧૪] એ સમયે સ્વભાવમાં શૂન્યતા વર્તવી, શબ્દ સુખમાં રુચિ અને મનમાં કોઈ પદાર્થનો સંકલ્પ હોતો નથી. ત્યારે તો યોગીએ આત્મા પરમાત્માના સ્વરુપનું ધ્યાન કરવું.[૧૫] પહેલા પૃથ્વી અને છેલ્લા આકાશ તત્ત્વમાં પ્રાણાયામ કરવો શ્રેષ્ઠ મનાયેલો છે. અને બીજા જળતત્ત્વમાં અને ત્રીજા અગ્નિતત્ત્વમાં પ્રાણાયામ કરવો મધ્યમ છે. તેમજ ચોથો વાયુતત્ત્વમાં કનિષ્ઠ મનાયેલો છે.[૧૬] ઈડા નાડીમાં જળતત્ત્વનું વહન હોય

इडायामम्बुतत्त्वे च वहत्येव पिबेदपः । पिङ्गलायामग्नितत्त्वे भुक्तिं चोत्सर्गमाचरेत् ॥१७॥
सुषुम्णायां हरेर्ध्यानं कुर्याद्वा प्राणसंयमम् । अन्यत्किञ्चिन्न कुर्वीत स्थिरं कर्माथवा चलम् ॥१८॥
दिवा च वाहयेत्तान्द्रीं नाडीं सौरीं तथा निशि । कर्तव्ये त्वम्बुपानादौ तावत्तां विपरीतयेत् ॥१९॥
ज्ञेयश्चान्द्रः सितः पक्षः कृष्णः सौरोऽथ योगिना । सौम्यशुक्रेन्दुगुरवो वाराश्चेन्दोः परे रवेः ॥२०॥
शुक्रप्रतिपदोऽमान्तं त्रीणि त्रीणि दिनानि च । ज्ञातव्यानि क्रमेणैव चन्द्रस्य च रवेः पुनः ॥२१॥
चान्द्र्यां नाड्यां विधोः पक्षतिथिवारसमागमे । सौर्यां तथेव सूर्यस्य सर्वं कार्यं हि सिद्ध्यति ॥२२॥
एतेषां मिश्रतायां तु कृतारम्भस्य कर्मणः । मनोभिलषितं तूणं फलं नैव हि जायते ॥२३॥
इति ज्ञात्त्वादिरूपाणि तुभ्यं सङ्क्षेपतो मया । प्रोक्तानि तानि जानीयाद्योगकृत्स्वार्थसिद्धये ॥२४॥
एतत्तत्त्वादिविज्ञानं पूर्वोक्तनियमस्थितेः । भवेद्योगकृतः सर्वं नतु तद्बाह्यवर्तिनः ॥२५॥

ત્યારે જ જળપાન કરવું, પિંગલાનાડીમાં અગ્નિ તત્ત્વનું વહન હોય ત્યારે ભોજન કરવું અને મળ ઉત્સર્જનની ક્રિયા પણ ત્યારે જ કરવી.[૧૭] અને જ્યારે સુષુમ્ણા નાડીનું વહન હોય ત્યારે ભગવાન શ્રીહરિનું ધ્યાન કરવું. અથવા પ્રાણાયામ કરવા. તે સિવાય બીજાં સ્થિર કર્મો કે ચલકર્મો કોઇ પણ કરવાં નહિ.[૧૮] દિવસે ચંદ્ર સંબંધી ઇડાનાડી વહાવવી, અને રાત્રે સૂર્ય સંબંધી પિંગલાનાડી વહાવવી. જળપાનાદિક કરવાનું હોય તેટલા સમય પૂરતી ઉલટી દિશામાં વહાવવી.[૧૯]

યોગીએ સુદપક્ષને ચંદ્ર સંબંધી જાણવો અને વદપક્ષને સૂર્ય સંબંધી જાણવો. બુધ, ગુરુ, શુક્ર અને સોમવાર આ ચાર વાર ચંદ્ર સંબંધી જાણવા, રવિ, મંગળ અને શનિવાર તે સૂર્ય સંબંધી જાણવા.[૨૦] સુદપક્ષના પડવાની તિથિથી માંડી અમાવાસ્યા પર્યંતના ત્રણ ત્રણ દિવસો અનુક્રમે ચંદ્રના અને ફરી સૂર્યના સંબંધવાળા જાણવા.[૨૧] ચંદ્ર સંબંધી ઇડાનાડીને વિષે ચંદ્રના પક્ષ, તિથિ અને વાર આવે ત્યારે અને સૂર્યસંબંધી પિંગલા નાડીને વિષે સૂર્યના પક્ષ, તિથિ અને વાર આવે ત્યારે સર્વે કાર્યો સિદ્ધ થાય છે.[૨૨] આ નાડી, પક્ષ, તિથિ અને વારનું પરસ્પર મિશ્રપણું હોય ત્યારે પ્રારંભ કરવામાં આવેલાં કર્મોનું મનોવાંછિત ફળ તત્કાળ પ્રાપ્ત થતું નથી.[૨૩] આ પ્રમાણે અમે તમને પૃથ્વી આદિક તત્ત્વોનાં લક્ષણો સંક્ષેપથી કહ્યાં. તે સર્વેને યોગની સાધના કરનારા યોગીએ પોતાના સ્વાર્થની સિદ્ધિ કરવા માટે અવશ્ય જાણી રાખવાં.[૨૪]

આ તત્ત્વાદિકનું વિજ્ઞાન સર્વને માટે સુલભ નથી. જે યોગી પૂર્વોક્ત નિયમોનું ઉલ્લંઘન કર્યા વિના યોગમાં પ્રવર્તે છે. તેને જ સિદ્ધ થાય છે, પરંતુ

कुपथ्यभोजी बह्वाशी प्रमादी व्यसनी सरुट् । बहुभाषी दिवास्वापी कामी चैतन्न बुध्यते ॥२६॥
प्राणायामप्रसङ्गेन तत्त्वाद्येतन्निरूपितम् । यज्ज्ञानिनाऽर्थस्य सिद्धिरसिद्धिश्च हृदीक्ष्यते ॥२७॥
अङ्गानि चत्वारि मया सुबुद्धे ! योगस्य तुभ्यं स्फुटलक्षणानि ।
निरूपितानीत्थमथापराणि फलैः सहानुक्रमतो वदामि ॥२८॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे योगोपदेशे तत्त्वादिज्ञाननिरूपणनामैकोनषष्टितमोऽध्यायः ॥५९॥*

---

બીજાને સિદ્ધ થતું નથી.[૨૫] જે કુપથ્યનું ભોજન કરે અર્થાત્ શરીરમાં ઉપદ્રવ થાય તેવા પ્રકારનું તથા બહુ ભોજન કરે, પ્રમાદી, વ્યસની, ક્રોધી, બહુ બોલનારો, દિવસે નિદ્રા કરનારો અને કામી હોય તેવા પુરુષોને આ તત્ત્વવિજ્ઞાન થતું નથી.[૨૬] પ્રાણાયામનો પ્રસંગ વર્ણવતાં આ તત્ત્વાદિ વિજ્ઞાનનું નિરૂપણ કર્યું. તેના જ્ઞાનવાળા યોગસાધકે કાર્યની સિદ્ધિ થશે કે નહિ થાય તે પોતાના મનમાં આ વિજ્ઞાનથી જાણી શકે છે.[૨૭] હે સદ્‌બુદ્ધિવાળા મુનિ ! આ પ્રમાણે અમે તમને સ્પષ્ટપણે યોગના યમ, નિયમ, આસન અને પ્રાણાયામ આ ચાર અંગો કહ્યાં. હવે બીજાં પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આ ચાર અંગો તેમના ફળની સાથે અનુક્રમે કહીએ છીએ.[૨૮]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં યોગનો ઉપદેશ કરતા શ્રીહરિએ પૃથ્વી તત્ત્વાદિકના વિજ્ઞાનનું નિરૂપણ કર્યું, એ નામે ઓગણસાઠમો અધ્યાય પૂર્ણ થયો. --૫૯--***

---

**षष्टितमोऽध्यायः - ६०**

**श्रीनारायणमुनिरुवाच :-**

स्वस्येभ्यो विषयेभ्यो यत्समाकर्षणमात्मनि । इन्द्रियाणां तु सर्वेषां स प्रत्याहार उच्यते ॥१॥
इन्द्रियाणां पारतन्त्र्याद्विमुक्तिर्योगिनस्त्विति । प्रत्याहारस्य कथितं फलं योगविशारदैः ॥२॥
आधारादिषु चक्रेषु प्राणस्य मनसा सह । हृदि वा भगवन्मूर्तौ धारणं धारणोच्यते ॥३॥
ध्यानसिद्धिर्धारणायाः फलं सद्भिर्निगद्यते । तच्च ध्यानं प्रवक्ष्यामि योगस्याङ्गं हि सप्तमम् ॥४॥
षडङ्गाभ्यासतः क्षीणकर्मदोषे स्वमानसे । योगिना साधनीयं तद्भगवत्प्रेमवृद्धिकृत् ॥५॥

---

# અધ્યાય - ૬૦

## શ્રીહરિએ કરેલું પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિનાં લક્ષણોનું નિરૂપણ.

**(૫) પ્રત્યાહાર :-** ભગવાન શ્રીનારાયણ ભગવાન કહે છે, હે મુનિ ! પોતપોતાના વિષયોમાંથી નેત્રાદિ સર્વે ઈન્દ્રિયોને પાછીવાળીને પોતાના આત્મસ્વરૂપમાં તેનું આકર્ષણ કરવું, તેને પ્રત્યાહાર કહેવાય છે.[૧] ઈન્દ્રિયોનું પરતંત્રપણું થવાથી યોગીની વિમુક્તિ થાય છે. આ જ પ્રત્યાહારનું ફળ યોગવિશારદોએ કહેલું છે.[૨]

**(૬) ધારણા :-** આધારાદિ ચક્રોમાં મન સાથે પ્રાણને સ્થિર કરવો અથવા હૃદયકમળમાં ભગવાનની મૂર્તિને વિષે પ્રાણને સ્થિર કરવો તેને ધારણા કહેવામાં આવે છે. આધારાદિ ચક્રો અને તેનાં સ્થાન હઠપ્રદીપિકામાં આ પ્રમાણે બતાવેલ છે કે, મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધિ અને આજ્ઞા; આ છ શુભ ચક્રો છે. તેમાં મૂલાધાર ચક્ર ગુદાને વિષે રહેલું છે. સ્વાધિષ્ઠાન ચક્ર લિંગને વિષે, મણિપુર નાભિને વિષે, અનાહત હૃદયને વિષે, વિશુદ્ધિ કંઠને વિષે અને આજ્ઞાચક્ર બન્ને ભ્રૂકુટિના મધ્ય ભાગમાં રહેલું છે.[૩] આ ધારણાનું ફળ ધ્યાનની સિદ્ધિ થવી એજ છે એમ યોગી પુરુષો કહે છે હવે અમે તમને સાતમા અંગરૂપે રહેલા ધ્યાન વિષે કહીએ છીએ.[૪]

**(૭) ધ્યાન :-** પૂર્વોક્ત છ અંગોનો બરાબર અભ્યાસ કરવાથી પોતાના મનમાં રહેલા મોક્ષ વિરોધી પ્રાચીન કર્મોના દોષો જ્યારે ક્ષીણ થાય, ત્યારે યોગીએ ભગવાનમાં પ્રેમવૃદ્ધિ કરી આપનાર ધ્યાનને સિદ્ધ કરવું.[૫]

अस्ति नाभिह्रदे पद्ममष्टपत्रमधोमुखम् । कदलीकोशसङ्काशं द्वादशाङ्गुलनालकम् ॥६॥
प्रणवध्वनिभिस्तस्मिन्फुल्ले चोर्ध्वमुखीकृते । तेजोबिम्बे वासुदेवचिन्तनं ध्यानमुच्यते ॥७॥
भास्वत्कोटिसमप्रभं सुवदनं सत्पद्मपत्रेक्षणं कण्ठे कौस्तुभराजितं च मुरलीं सन्नादयन्तं रसात् ।
सर्वालंकृतिभूषणं सुमुकुटं कर्णोल्लसत्कुण्डलं ध्यायेद्दीर्घभुजं च पीतवसनं श्रीवासुदेवं हृदि ॥८॥
भातं मौक्तिकपुष्पहारततिभिर्भक्तार्पिताभिर्गले हैमं बिभ्रतमुज्ज्वलं च रुचिरं सद्ब्रह्मसूत्रं प्रभुम् ।
तं ध्यायंश्चरणाम्बुजादिषु मनश्चाङ्गेषु सन्धारयेत्प्रत्येकं तु पृथक्पृथग्दृढमतिर्योगी चिरं सुस्थिरः ॥९
अवतारा भगवतो वासुदेवस्य येऽभवन् । तेष्वन्यतममव्यग्रो ध्यायेद्वा योगसाधकः ॥१०॥
प्रतिमां वा यथादृष्टां ध्यायेद्भगवतोऽन्वहम् । यत्किञ्चिद्धरिसम्बन्धि वस्तु तद्धयेयमुच्यते ॥११॥

---

હવે જ્યાં ધ્યાન કરવાનું છે તે સ્થાનને કહેવા પૂર્વક ત્યાં ધ્યાન કેમ કરવું ? તે કહીએ છીએ. આઠ પાંખડીવાળું, કેળાફળીના ડોડાની સમાન અધોમુખ અને તેના આકારવાળું, તેમજ બાર આંગળના સરખા માપવાળા નાળવાળું કમળ નાભિમાં રહ્યું છે.[૬] પ્રણવના ધ્વનિથી વિકસિત કરી ઊર્ધ્વમુખ કરેલા તે નાભિકમળના મધ્ય ભાગમાં રહેલા તેજના મંડળને વિષે શ્રીવાસુદેવનારાયણનું ચિંતવન કરવું તેને ધ્યાન કહેવાય છે. તે ધ્યાનની રીત કહીએ છીએ.[૭] એક સાથે ઉદય પામેલા કરોડો સૂર્યની સમાન તેજોમય કાંતિવાળા, સુંદર મુખારવિંદથી શોભતા, નેત્રકમળથી નિહાળી રહેલા, કંઠમાં કૌસ્તુભમણિથી શોભતા, અત્યંત પ્રેમપૂર્વક મોરલીને બજાવી રહેલા, પોતાના અંગ ઉપર ધારણ કરેલા સમગ્ર અલંકારોને શોભાવતા, સુંદર મુગટધારી, કાનમાં ચળકતા કુંડળધારી રહેલા, જાનુ પર્યંત લાંબી ભૂજાઓથી શોભતા ને પીતાંબરધારી એવા શ્રીવાસુદેવનારાયણનું હૃદયમાં રહેલા તેજના મંડળને વિષે ધ્યાન કરવું.[૮] કાનમાં ભક્તજનોએ ધારણ કરાવેલા મોતીઓ તથા પુષ્પોના હારોની પંક્તિથી શોભતા, સુવર્ણના સૂત્રમાંથી બનાવેલી ઉજ્જવલ અને અતિશય સુંદર યજ્ઞોપવીતને ડાબાખભા પર ધારણ કરી રહેલા, ક્ષર અક્ષરના નિયંતા એવા શ્રીવાસુદેવનારાયણનું ધ્યાન કરી દઢમતિવાળા સ્થિર યોગીએ ચરણાદિક એક એક અંગોને વિષે મનને બહુકાળ સુધી ધારી રાખવું.[૯] અથવા આ પૃથ્વી પર શ્રીવાસુદેવનારાયણ ભગવાનના જે અવતારો થાય છે, તેમાંથી પોતાને ગમતા કોઇ પણ એક અવતાર સ્વરૂપને વિષે યોગસાધકે ધ્યાન કરવું.[૧૦] અથવા પોતે દર્શન કરેલી શ્રીવાસુદેવનારાયણની પ્રતિમાનું નિરંતર ધ્યાન કરવું. અથવા શ્રીહરિ સંબંધી અલંકારાદિક જે કંઇ પણ

ध्यानमभ्यसतो नित्यमित्थं वै योगिनोऽचिरात् । प्रेमाविवर्धते विष्णौ भक्तानामतिवाञ्छितः ॥१२॥
ध्यानस्थानानि देहेऽस्मिन्सन्त्यनेकानि योगिनः । तत्रापि नाभिकन्देऽस्मिन्विशेषोऽस्तीति तं शृणु ॥१३
तेजोमण्डलके तस्मिन्ध्याता योगी यदेक्षते । भगवन्तं वासुदेवं सर्वदेवाधिदैवतम् ॥१४॥
तदैव नाड्यः सकलाः संकुचन्त्यसुभिः सह । निरोधं मनसश्चासौ ध्येये सपदि विन्दते ॥१५॥
ध्यायन्ति योगिनो नित्यमत एव समाहिताः । भगवन्तं नाभिपद्मे तद्विदः शीघ्रसिद्धिदे ॥१६॥
ध्यायन्तं भगवन्मूर्तिं भक्तं विघ्नाश्चतुर्विधाः । पीडयन्तीति ताञ्ज्ञात्वा जयेद्विद्वानतन्द्रितः ॥१७॥
तत्र चाद्यो लयः प्रोक्तो विक्षेपस्तदनन्तरः । कषायाख्यस्तृतीयश्च रसास्वादश्चतुर्थकः ॥१८॥
चित्तावस्थाविशेषा हि दोषा जेया इमे बुधैः । योगभ्रष्टोऽन्यथा योगी संसृतिं यात्यसंशयम् ॥१९॥

---

વસ્તુ હોય તેનું ધ્યાન કરવું.[૧૨] આ પ્રમાણેના નિત્ય ધ્યાનના અભ્યાસથી યોગીઓને અલ્પ સમયમાં જ ભક્તોના મનોવાંછિત એવા શ્રીવાસુદેવનારાયણને વિષે પ્રેમ વૃદ્ધિ પામે છે.[૧૨]

**નાભિકમળમાં ધ્યાન કરવાની વિશેષતા :–** હે મુનિ આ દેહને વિષે યોગીઓને ધ્યાન કરવાનાં સ્થાનો અનેક રહેલાં છે, તે સર્વેની મધ્યે પૂર્વોક્ત નાભિકમળને વિષે ધ્યાન કરવાની જે વિશેષતા છે તે કહીએ છીએ, તેને તમે સાંભળો.[૧૩] ધ્યાન કરનારો યોગી જ્યારે નાભિકમળના મધ્યે રહેલા તેજના મંડળમાં સર્વદેવોના અધિદેવ ભગવાન શ્રીવાસુદેવનારાયણનું દર્શન કરે છે.[૧૪] ત્યારે તેની સમસ્ત નાડીઓ પ્રાણની સાથે સંકોચ પામે છે. ને ધ્યાન કરનારો યોગી ધ્યેય સ્વરૂપમાં તત્કાળ મનનો નિરોધ કરી શકે છે.[૧૫] તેથી હમેશાં સાવધાન થઇ નાભિકમળમાં ભગવાનનું ધ્યાન જલદી સિદ્ધ થાય છે એમ જાણતા યોગીએ તે નાભિકમળમાં શ્રીવાસુદેવ ભગવાનનું ધ્યાન કરવું.[૧૬]

**ધ્યાનમાં ચાર પ્રકારનાં વિઘ્નો તથા તેને જીતવાના ઉપાયોનું વર્ણન :–** ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા યોગીઓને ચાર પ્રકારનાં વિઘ્નો પીડે છે. તેથી તેને ઓળખી વિદ્વાન યોગીએ આળસનો ત્યાગ કરી તેના પર વિજય મેળવવો.[૧૭] તેમાં લય, વિક્ષેપ, કષાય અને રસાસ્વાદ આ ચાર છે. તેમાં નિદ્રાને ઉન્મુખ રહેવું તે લય છે. કામભોગ તે વિક્ષેપ છે, તીવ્ર રાગદ્વેષાદિ દુઃખની ચિંતા તે કષાય છે. અને સમાધિમાં દેખવામાં આવતા અનંત દેવતાઓનાં સ્થાનોનાં સુખ તે રસાસ્વાદ છે.[૧૮] તેથી ચિત્તની અવસ્થાના ભેદરૂપે રહેલા આ દોષોને બુદ્ધિમાન યોગીએ જીતવા, નહીં તો યોગી યોગભ્રષ્ટ થઇ પુનઃ સંસૃતિને નિશ્ચે પામે છે.[૧૯]

लयात्प्रबोधयेच्चित्तं विक्षेपाच्च निवर्तयेत् । कषायां क्षालयेद्बुद्ध्या विरक्त्या वर्जयेद्रसान् ॥२०॥
न सिद्ध्यत्यन्यथा ध्यानं ध्यानाभावे कुतः स्थितिः । तां विना च कृतो मुक्तिर्ध्याता दोषाञ्जयेत्ततः ।२१
समाधिमष्टमं चाङ्गं योगस्याथ वदामि सः । ध्यानाभ्यासविवृद्धेन प्रेम्णा स्यान्मनसो हरौ ॥२२॥
एकैकाव्यवस्योक्तं पृथग्यच्चिन्तनं हरौः । तत्तथा न प्रकुर्वीत सर्वां मूर्तिं विचिन्तयेत् ॥२३॥
नैरन्तर्येण यन्मूर्तेः सर्वस्याश्चिन्तनं हरेः । स समाधिरिति प्रोक्तो योगाङ्गं योगवित्तमैः ॥२४॥
ध्येयाकारमनोवृत्तिप्रवाहः सुचिरं तु यः । स संप्रज्ञातनामाङ्गी समाधिः कथ्यते बुधैः ॥२५॥
ध्यानेऽङ्गे चाङ्गिनि तथा समाधौ सूक्ष्मया दृशा । विशेषस्त्ववगन्तव्यः पक्वापक्वत्वभेदतः ॥२६॥
यथा वेदमधीयानोऽधीतवेदश्च पूरुषः । वेदाध्यापक इत्येते क्रमाच्छ्रेष्ठाः प्रकीर्तिताः ॥२७॥
तथाऽत्र ध्यानवाञ्छ्रेष्ठस्तस्मादङ्गसमाधिमान् । तस्माच्छ्रेष्ठश्च कथितः संप्रज्ञातसमाधिमान् ॥२८॥

---

**તેથી ચિત્તને હમેશાં લય થકી જાગ્રત કરવું. વિક્ષેપથી નિવૃત્ત કરવું, જ્ઞાનાભ્યાસથી કષાયનો વિનાશ કરવો અને વૈરાગ્યથી રસાસ્વાદનો ત્યાગ કરવો.[૨૦] જો આ પ્રમાણે દોષોને જીતે નહિ તો ધ્યાન સિદ્ધ થતું નથી. જો ધ્યાન જ સિદ્ધ ન થાય તો સમાધિની નિશ્ચળતા કે મોક્ષ ક્યાંથી થાય ? તેથી જ ધ્યાન કરનારા યોગીએ આ લયાદિ ચાર વિઘ્નો કરનારા દોષોને અવશ્ય જીતવા.[૨૧]**

**(૮) સમાધિ :– હે મુનિ ! હવે તમને યોગના આઠમા અંગભૂત સમાધિ વિષે કહીએ છીએ. એ સમાધિ ધ્યાનનો અભ્યાસ કરવાથી ભગવાનને વિષે વૃદ્ધિ પામેલા મનના પ્રેમથી થાય છે.[૨૨] ધ્યાન સિદ્ધ થયા પછી શ્રીહરિના એક એક અંગનું પૃથક્-પૃથક્ ચિંતવન નહિ પણ સમગ્ર મૂર્તિનું ચિંતવન કરવું.[૨૩] ભગવાનની આખી મૂર્તિના નિરંતર ચિંતવનને યોગી પુરુષોએ યોગના અંગભુત સમાધિ કહેલી છે.[૨૪] અને જ્યારે બહુકાળ પર્યંત જે ધ્યેયરૂપ શ્રીવાસુદેવનારાયણની મૂર્તિમાં તૈલધારાવત્ મનની વૃત્તિનો અખંડ પ્રવાહ વહેવો તેને બુદ્ધિમાન યોગી પુરુષોએ સંપ્રજ્ઞાત નામે અંગી સમાધિ કહેલી છે.[૨૫]**

**તે ધ્યાનને વિષે, અંગભૂત સમાધિને વિષે અને અંગી સમાધિને વિષે પક્વ અને અપક્વના ભેદદ્વારા સૂક્ષ્મબુદ્ધિથી જે કંઇ વિશેષ છે તે જાણી રાખવો.[૨૬] જેવી રીતે વેદનો અભ્યાસ કરતો, વેદને ભણેલો, અને વેદને ભણાવતો પુરુષ આ ત્રણમાં અનુક્રમે ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે.[૨૭] તેમજ અહીં ધ્યાન પ્રકરણમાં પણ ધ્યાન કરનારો શ્રેષ્ઠ છે, તેના કરતાં અંગભૂત સમાધિવાળો શ્રેષ્ઠ છે. અને તેનાથી સંપ્રજ્ઞાત એવી અંગી સમાધિવાળો શ્રેષ્ઠ છે.[૨૮] હે સન્મતે ! યોગના આ આઠ અંગોને મધ્યે**

अष्टस्वङ्गेषु चैतेषु बहिरङ्गान्तरङ्गता । प्रोक्ता तत्राप्यन्तरङ्गश्रेष्ठत्वं विद्धि सन्मते ! ॥२९॥
पूर्वपुण्यौघसंस्कारैरादावेव लभेत यः । अन्तरङ्गं स नो कुर्याद्बहिरङ्गाप्तये श्रमम् ॥३०॥
भक्त एकान्तिको विष्णोः स्नेहस्यातिशयेन यः । तस्मिन्समाधिं प्राप्नोति सिद्धयस्तस्य विघ्नदाः ।३१
अणिमा महिमा प्राप्तिः प्राकाम्यं वशितेशिता । लघिमा कामपूर्तिश्चेत्यष्टौ मुख्या हि सिद्धयः ॥३२॥
शतशोऽन्या अपि तथा सिद्धयः सन्ति मोहिकाः । तासु सक्तो भवेन्नैव योगी माहात्म्यविद्धरेः ।३३
सिद्धिजालसमासक्तं योगिनं काललुब्धकः । प्रमत्तं पक्षिणमिव निहन्त्येव न संशयः ॥३४॥
तस्मान्मनः समाकृष्य सर्वतः परमात्मनि । वासुदेवे समादध्याज्ज्ञानिमुक्तो यत्तो भवेत् ॥३५॥
अन्यत्र भगवन्मूर्तेः कस्मिंश्चिदपि वस्तुनि । मनो यस्यात्र सक्तं स्यात्तस्य विघ्नो महान्भवेत् ॥३६॥

---

બહિરંગ અને અંતરંગ એવા બે ભેદ કહેલા છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ અને પ્રત્યાહાર આ પાંચ બહિરંગ છે. તથા ધારણા, ધ્યાન અને સમાધી આ ત્રણ અંતરંગ છે. તેમાં અંતરંગ શ્રેષ્ઠ છે, એમ તમે જાણો.[૨૯] જે પુરુષ સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનાં લક્ષણવાળા, પૂર્વજન્મમાં કરેલા પુણ્યોના સંસ્કારોના કારણે પહેલેથી જ ધારણાદિ ત્રણે અંતરંગને પ્રાપ્ત કરી લીધા હોય, તેને યમાદિ પાંચ બહિરંગને પ્રાપ્ત કરવા માટે પરિશ્રમ કરવાનો હોતો નથી.[૩૦] જે વિષ્ણુ ભગવાનનો એકાંતિક ભક્ત હોય છે તે ભગવાનને વિષે અતિશય સ્નેહના કારણે જ સમાધિ દશાને પ્રાપ્ત કરે છે. આવા સમાધિવાળા ભક્તને પણ સિદ્ધિઓ સમાધિમાં જરૂર વિઘ્ન કરે છે.[૩૧]

તે સિદ્ધિઓમાં અણિમા, મહિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, વશિતા, ઈશિતા, લઘિમા અને કામપૂર્તિ આ આઠ સિદ્ધિઓ મુખ્ય છે.[૩૨] અને અન્ય મોહિકા આદિક સેંકડો સિદ્ધિઓ રહેલી છે. ભગવાન શ્રીહરિનું અતિશય માહાત્મ્ય જાણનારો યોગી તે અણિમા આદિક કોઈ પણ સિદ્ધિમાં આસક્ત થતો નથી. તેથી યોગની સાધના કરનારા યોગીએ પ્રથમ ભગવાનના એકાંતિક સંતો પાસેથી ભગવાનના માહાત્મ્ય જ્ઞાનનો અવશ્ય અભ્યાસ કરવો. આ સિદ્ધિઓનાં લક્ષણો શ્રીમદ્ભાગવતના અગિયારમાં સ્કંધને વિષે વિસ્તારથી વર્ણન કરેલાં છે.[૩૩] કાળરૂપી પારાધી છે તે સિદ્ધિરૂપી જાળમાં ફસાયેલા પ્રમાદી યોગીરૂપી પક્ષીનો ચોક્કસ વિનાશ કરે છે, તેમાં કાંઈ સંશય નથી.[૩૪] તેથી સર્વે માયિક પદાર્થોમાંથી મનને પાછું ખેંચી શ્રીવાસુદેવ ભગવાનને વિષે સંપ્રજ્ઞાત સમાધિમાં મનને સ્થિર કરે. તેથી જ્ઞાનીમુક્ત થાય છે.[૩૫] આ લોકમાં ભગવાનની મૂર્તિ સિવાય બીજી કોઈ પણ વસ્તુઓને વિષે

सक्तस्तुच्छपदार्थेऽत्र यः सोऽसौकिकवस्तुषु । सज्जेत न कथं योगी भगवद्धामवर्त्मनि ॥३७॥
अत्र सम्यग्विरक्तस्य दृढज्ञानवतो मुनेः । कुत्रापि स्थानके नास्ति विघ्नः कश्चन कर्हिचित् ॥३८॥
देवैः प्रलोभ्यमानोऽपि तत्र तत्र च सिद्धिभिः । उद्दालकादिमुनिवद्योगी नासज्जते क्वचित् ॥३९॥
अङ्गी समाधिरेषोऽपि द्वेधा सम्प्रोच्यते बुधैः । सम्प्रज्ञाताख्य एकोऽन्यस्त्वसम्प्रज्ञातसंज्ञकः ॥४०॥
लक्षणं तत्र चाद्यस्य प्रोक्तामन्यस्य कीर्तये । चित्तस्य भूमिकास्तस्य प्रसङ्गाच्छृणु पञ्च च ॥४१॥
क्षिप्तं मूढं च विक्षिप्तमेकाग्रं रुद्धमेव च । चित्तं पञ्चविधं तेन तत्संज्ञा भूमिका अपि ॥४२॥
आद्यद्वये तु शङ्कैव समाधेस्तत्र नास्ति हि । सन्देहोऽस्ति च विक्षिप्ते क्वाचित्कध्यानसम्भवात् ॥४३॥

---

યોગીનું મન આસક્ત થાય તો તેને મહાવિઘ્ન આવે છે.[૩૬] જે યોગી આલોકમાં તુચ્છ પદાર્થોમાં આસક્ત થાય તો ભગવાનના ધામના માર્ગને વિષે રહેલી અલૌકિક વસ્તુઓને વિષે કેમ ન થાય ? એતો થાય જ.[૩૭] પરંતુ જે યોગી આલોકમાં ભગવાન સિવાય ઈતર પદાર્થોમાંથી સારી રીતે વિરક્ત થયો હોય તેને કોઈ પણ સ્થાનમાં ક્યારેય પણ કોઈ વિઘ્ન બાધ કરતું નથી. કારણ કે તેને ભગવાન સિવાય બીજે ક્યાંય આસક્તિ જ નથી.[૩૮]

તેવા યોગીને દેવતાઓ અને સિદ્ધિઓ પ્રલોભન પમાડે છતાં યોગી પુરુષ ઉદ્દાલક આદિ મુનિઓની જેમ ધામના માર્ગમાં જતાં વચ્ચે આવતી સિદ્ધિઓને વિષે ક્યારેય આસક્ત થતો નથી.[૩૯] હે મુનિ ! આ અંગી સમાધિ પણ બે પ્રકારની કહેલી છે. એક સંપ્રજ્ઞાત અને બીજી અસંપ્રજ્ઞાત.[૪૦] આ બન્નેના મધ્યે પહેલી સમાધિનાં લક્ષણો તમને કહ્યાં હવે બીજી સમાધીનાં લક્ષણો કહું છું. તેથી પહેલાં ચિત્તની પાંચ પ્રકારની ભૂમિકાનું તમે શ્રવણ કરો.[૪૧]

**ચિત્તની પાંચ પ્રકારની ભૂમિકા :–** ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને રુદ્ધ; આ પાંચ ભૂમિકા ચિત્તની છે. અને તેના નામ પ્રમાણે સ્થાન પણ પાંચ પ્રકારનાં થયાં છે. તેમાં આસુરી સંપત્તિવાળા લોક, શાસ્ત્ર, દેહ અને પંચ વિષયની વાસનાઓવાળું રજોગુણી ચિત્ત ક્ષિપ્ત કહેલું છે. તમોગુણથી યુક્ત અને નિદ્રા, આળસ આદિકથી ગ્રસીત ચિત્ત મૂઢ કહેલું છે. રજોગુણ-તમોગુણના સંસર્ગવાળા સત્વગુણને કારણે ક્યારેક ક્ષણવાર ધ્યાનમાં પ્રવૃત્ત થતા ચિત્તને વિક્ષિપ્ત કહેલું છે. એક જ ધ્યેયના આકારમાં સંલગ્ન ચિત્તને એકાગ્ર કહેલું છે અને ધ્યાયના આકારમાં ડૂબી ગયેલા ચિત્તને રુદ્ધ કહેલું છે.[૪૨] આ પાંચ ભેદોને મધ્યે પહેલા બે ક્ષિપ્ત અને મૂઢ ચિત્તો પ્રતિકૂળ હોવાથી તેમાં સમાધિ થશે એવી કોઈએ શંકા પણ ન સેવવી. ક્યારેક

सम्प्रज्ञातसमाधिस्तु चित्तैकाग्र्ये समीरितः । रोधे तु सर्ववृत्तीनामसम्प्रज्ञात उच्यते ।।४४।।
चेतसो विलये ह्यत्र हरावानन्दवारिधौ । मग्नः किञ्चिन्न जानाति बाह्यमाभ्यन्तरं तथा ।।४५।।
व्युत्थानेऽस्य पुनश्चित्तवृत्तीनां सम्भवोऽपि च । निरिन्धनाग्निवद्ब्रह्मञ्छाम्यत्येव शनैः शनैः ।।४६।।
ततो योगी प्रशान्तात्मा ब्रह्मरूपतया स्थितः । अनिर्वाच्यं महानन्दं हृदयेऽनुभवत्यसौ ।।४७।।
यत्किञ्चित्स्वशरीरस्थं स्थूलं सूक्ष्मं च भौतिकम् । यथावत्किल तत्सर्वं समाधौ वीक्षते मुनिः ।४८
ब्रह्माण्डस्थं च यत्किञ्चित्तत्सर्वं स्वहृदम्बरे । स्वातन्त्र्येणेक्षते चासौ तत्तन्नाड्यध्वना व्रजन् ।।४९।।
नाडीचक्राद्यात्मदेहस्थितं यत्सम्यग्योगी वीक्षते भौतिकं च ।
तत्ते सर्वं तत्त्वतो वच्मि विद्वन् ! प्राप्तैरन्तं योगशास्त्रस्य बुद्धम् ।।५०।।

---

ક્યારેક ધ્યાન લાગી જવાનો સંભવ હોવાથી વિક્ષિપ્ત ચિત્તમાં સમાધિ થવાનો સંદેહ રહે છે.[૪૩] ચિત્તની એકાગ્રતા થતાં જે સમાધિ થાય છે તેને સંપ્રજ્ઞાત સમાધિ કહેલી છે. અને સર્વે ચિત્તવૃત્તિઓ એક ધ્યેયાકારમાં નિમગ્ન થાય તેને અસંપ્રજ્ઞાત સમાધિ કહેલી છે.[૪૪]

આ સંપ્રજ્ઞાત સમાધિમાં આનંદના સમુદ્ર એવા ભગવાન શ્રીહરિને વિષે ચિત્તની વિલીનતા થાય ત્યારે આવા નિમગ્ન ચિત્તવાળો યોગી કંઇ પણ બાહ્ય પદાર્થને જાણતો નથી. તેમજ પોતાના દેહની અંદર રહેલા મન, બુદ્ધિ આદિકને પણ જાણતો નથી.[૪૫] હે બ્રહ્મન્ ! આવા યોગીને ચિત્તવૃત્તિનો ફરી ભગવાનના સ્વરૂપથી અલગ થવાનો સંભવ છે, તે પણ કાષ્ઠ વિનાના અગ્નિની જેમ ધીરે ધીરે શાંત થાય છે.[૪૬] પછી પ્રસન્ન મનવાળો આ યોગી બ્રહ્મરૂપની સ્થિતિવાળો થઇ હૃદયને વિષે જેનું વર્ણન ન થઇ શકે તેવા ભગવાનના મહાઆનંદનો અનુભવ કરે છે.[૪૭] પોતાના શરીરની અંદર રહેલા પંચભૂતના વિકારરૂપ જે કંઇ સ્થૂલ કે સૂક્ષ્મ તત્ત્વો રહેલાં છે. તે સર્વેને સંપ્રજ્ઞાત સમાધિવાળો યોગી સમાધીમાં પણ યથાર્થ નિહાળે છે.[૪૮] આ બ્રહ્માંડમાં જે કંઇ પણ રહેલું છે તે સર્વેને પણ નાડીઓના માર્ગ દ્વારા ગતિ કરી પોતાના હૃદયાકાશને વિષે સ્વતંત્રપણે નિહાળે છે.[૪૯] હે વિદ્વાનમુનિ ! યોગી પોતાના દેહને વિષે રહેલાં જે કંઇ નાડી ચક્રાદિક ભૌતિક પદાર્થો છે, તેને પણ સારી રીતે નિહાળે છે. હવે યોગશાસ્ત્રના અંતને પામેલા સમાધિવાળા યોગીઓ દ્વારા દેખવામાં આવતું જે કંઇ પણ છે, તે સર્વે તમને તત્ત્વપૂર્વક સંભળાવીએ છીએ.[૫૦]

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे योगोपदेशे प्रत्याहारधारणाध्यानसमाधिलक्षणनिरूपणनामा षष्टितमोऽध्यायः ॥६०॥*

---

## एकषष्टितमोऽध्यायः - ६१

**श्रीनारायणमुनिरुवाच :-**

कोशा वपुषि षट् सन्ति वह्निस्थानतया मताः । वह्निनाऽन्नरसः पक्वो जाठरेण भवत्यसृक् ॥१
स्वकोशस्थेन तत्पक्कं वह्निना जायते पलम् । तत्स्वकोशाग्निना पक्कं मेदस्त्वं प्रतिपद्यते ॥२
मेदः स्वकोशाग्निपक्कमस्थितां तच्च वह्निना । पक्कं मज्जा भवेत्सोऽपि शुक्रतां याति वह्निना ॥३
परिणामो न शुक्रस्य कोश आद्यस्तदात्मनः । रम्भास्तम्भत्वच इव षट्कोशा देहरूपिणः ॥४

---

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં યોગનો ઉપદેશ કરતાં શ્રીહરિએ પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિનાં લક્ષણોનું નિરૂપણ કર્યું, એ નામે સાઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૦--**

---

## અધ્યાય - ૬૧

## ભગવાન શ્રીહરિએ પંચભૂતના વિકારરૂપ શરીરમાં રહેલી નાડી આદિકની રચનાનું કરેલું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે મુનિ ! અગ્નિને રહેવાના સ્થાનકરૂપ મનાયેલા આ શરીરમાં છ કોશ રહેલા છે. તે વિષે કહીએ છીએ. જઠરાગ્નિથી પકાવવામાં આવતો અન્નરસ રુધિર થાય છે.[૧] રુધિરકોશમાં રહેલા અગ્નિથી પચન કરતું રુધિર માંસરૂપે થાય છે. તે માંસકોશમાં રહેલા વહ્નિથી પકાવવામાં આવતું માંસ મેદભાવને પામે છે.[૨] તે મેદ મેદકોશમાં રહેલા અગ્નિએ પચન કરાતાં અસ્થિરૂપે થાય છે. અસ્થિકોશમાં રહેલા અગ્નિથી પકાવવામાં આવતાં અસ્થિ મજ્જારૂપે થાય છે, તે મજ્જાકોશને વિષે રહેલા અગ્નિથી પકાવાતાં મજ્જા વીર્યરૂપમાં પરિણમે છે.[૩] એ વીર્ય બીજી કોઈ અવસ્થામાં પરિણામ પામતું નથી તે જીવાત્માનો પ્રથમ કોશ છે. કેળાના સ્તંભની છાલની જેમ આ દેહના છ કોશ રહેલા છે. આ બાબત આયુર્વેદશાસ્ત્રમાં અત્યંત સ્પષ્ટ રીતે પ્રસિદ્ધ છે.[૪]

अस्थ्नां शतत्रयं चास्ति नरदेहेषु षष्टियुक् । दन्तास्तत्र चतुःषष्टिः सस्थाला विंशतिर्नखाः ॥५
शलाकाः पाणिपादस्य सङ्ख्याता विंशतिः खलु । अस्थ्नां षष्टिस्त्वङ्गुलीनामेकैकस्यास्त्रिकं त्रिकम् ॥६
गुल्फेषु सन्ति चत्वारि पाष्ण्योर्द्वे अस्थिनी मते । बाह्वोररत्निमानानि चत्वार्येवं च जङ्घयो ॥७
जानूरुफलकस्कन्धकपोलस्य द्वयं द्वयम् । ताल्वक्षश्रोणिफलके द्वे द्वे चैकं तु मेहने ॥८
हनावेकं पञ्चदश ग्रीवायां जत्रुणोर्द्वयम् । हनुमूले द्वे च पृष्ठे चत्वारिंशच्च पञ्च च ॥९
अक्षिगण्डललाटे च द्वे द्वे चैकं नसि स्थितम् । अर्बुदैः स्थालकैः सार्धं पार्श्वास्थीनि द्विसप्ततिः ॥१०
चतुष्टयं कपालानां शीर्ष्णश्च द्वे तु सङ्खयोः । हृदि सप्तदशास्थीनि पुंस इत्यस्थिसङ्ग्रहः ॥११
ओजो नाभिर्गुदं शुक्रं रक्तं शङ्खौ शिरो गलः । प्राणस्यायतनान्यत्र हृदयादीनि सन्ति च ॥१२

**શરીરમાં રહેલાં અસ્થિઓની સંખ્યા :–** આ મનુષ્ય શરીરમાં ત્રણસોને સાઠ અસ્થિઓ છે. તેમાં દાંતના મૂળ પ્રદેશમાં રહેલા બત્રીસ અસ્થિ અને બત્રીસ દાંતરૂપ અસ્થિ એમ મળીને ચોસઠ.[૫] વીસ નખો, વીસ હાથ-પગના સળી આકારના અસ્થિઓ, એક એક આંગળીમાં ત્રણ ત્રણ મળીને વીસ આંગળીમાં સાઠ.[૬] ઘુંટીમાં ચાર, પગની પેનીઓમાં બે, બન્ને બાહુમાં વિસ્તૃત કનિષ્ઠિકા આંગળીવાળી મુઠીથી માપેલા હાથના માપના ચાર, બન્ને જંઘામાં ચાર.[૭] ઢીંચણ-જંઘા અને સાથળને જોડવાના ભાગમાં તથા સાથળ, ખભા અને ગાલના ભાગમાં બે બે અસ્થિ મળી આઠ, તાલુમાં બે, કાન અને નેત્રના મધ્ય ભાગમાં શંખ થકી નીચેના ભાગમાં બન્ને બાજુ બે બે મળી ચાર, શિશ્નમાં એક.[૮] દાઢીમાં એક, ડોકમાં પંદર અસ્થિઓ, વક્ષઃસ્થલ અને ખભાના સાંધાના ભાગમાં બે, દાઢીના મૂળ ભાગમાં બે અસ્થિ, પાછળના બરડામાં પિસ્તાલીસ.[૯] નેત્રોમાં બે, ગાલ અને નેત્રના વચ્ચેના પ્રદેશમાં બે, લલાટમાં બે, નાસિકામાં એક, અર્બુદ- અવાંતર અસ્થિઓ, પાર્શ્વભાગના અસ્થિઓના આધારભૂત અસ્થિઓ સાથે પડખાનાં અસ્થિઓ મળી બોંતેર.[૧૦] માથાના કપોળના ચાર, શંખ-ભ્રૂકુટિ અને કર્ણના વચ્ચેના પ્રદેશનાં બે અને છાતીમાં સત્તર અસ્થિઓ છે. આ પ્રમાણે પુરુષના શરીરમાં ગોઠવવામાં આવેલો અસ્થિસંગ્રહ કહ્યો.[૫-૧૧]

ઓજ (અર્થાત્ હૃદયની અંદર પિતની સાથે રહેલું જે શુદ્ધ એવું પણ થોડું રક્ત કે જે ગણનાપાત્ર તત્ત્વ છે. તેને ઓજ કહેવાય છે. તેનો નાશ થાય તો તરત જ શરીર શબ થાય છે. એમ આયુર્વેદશાસ્ત્રમાં કહેલું છે.), નાભિ, ગુદા, વીર્ય, રુધિર, બે શંખ (ભ્રકુટી અને કર્ણની વચ્ચેનો ભાગ), શિર, કંઠ, હૃદય, વસા, માંસપિંડ,

वातपित्तश्लेष्मवहाश्चत्वारिंशच्छिरा इह । शाखाभेदेन चैताः स्युः शतानि सप्तसङ्ख्यया ॥१३
चतुर्विंशतिसङ्ख्याका धमन्यो वायुवाहिकाः । नाभिजास्ताश्च शाखाभिर्द्वे शते सन्ति सङ्ख्यया ॥१४
एकोनत्रिंशल्लक्षाणि तथा नव शतानि च । षट्पञ्चाशच्च शाखाभिः शिराधमनिसंयुताः ॥१५
अङ्गप्रत्यङ्गसन्धीनां बन्धकाः स्नायवोऽपि च । शतानि नव सन्तीह पेश्यः पञ्चशतानि च ॥१६॥
श्मश्रूणि केशा उभये त्रीणि लक्षाणि देहिनाम् । सप्तोत्तरं मर्मशतं मुख्यसन्धिशतद्वयम् ॥१७॥
शरीररोम्णां सर्वेषां सूक्ष्मांशाः परमाणुभिः । वायवीयैः संविभक्ताः सन्ति स्वेदायनैः सह ॥१८॥
चतुःपञ्चाशदत्रोक्ताः कोट्यः सप्ताधिका तथा । षष्टिर्लक्षाणि पञ्चाशत्सहस्राण्येव ते मताः ॥१९॥
न स्थूलदृष्ट्या केनापि ज्ञातुं शक्यं कथञ्चन । समाधिस्थैरिदं सर्वं दृश्यते सूक्ष्मदर्शिभिः ॥२०॥

---

યકૃત અને પ્લીહા, આ સર્વે શરીરમાં રહેલા પ્રાણનાં મુખ્ય સ્થાનો છે.[૧૨] આ શરીરમાં વાત, પિત અને શ્લેષ્મને વહન કરતી શિરા નામની ચોવીસ નાડીઓ છે, કે જે નાભિથી સંબંધ રાખી આખા શરીરમાં વ્યાપીને રહેલી છે. આ શિરા નાડીઓ જુદી જુદી શાખાના ભેદથી સાતસો છે.[૧૩] પ્રાણ આદિ વાયુને વહન કરતી ધમની નામની ચોવીસ નાડીઓ છે તે પણ નાભીથી પ્રકટી જુદી જુદી શાખાઓની સંખ્યાથી બસો સ્વરૂપે ફેલાયેલી છે.[૧૪] વળી આ ધમનીએ સહિત શીરા આદિક નાડીઓની શાખાઓ અને ઉપશાખાઓના ભેદથી ઓગણત્રીસ લાખ નવસો ને છપ્પન નાડીઓ શરીરમાં રહેલી છે.[૧૫]

બે હાથ, બે પગ, મધ્યભાગ અને મસ્તક આ છ અંગની સંધિઓ (સાંધાઓ), તથા ઉદર, નાભિ, લલાટ, નાસિકા, ચિબુક અને નેત્રાદિ અનેક પ્રતિ-અંગની સંધિઓના બંધક એવા સ્નાયુઓની સંખ્યા આ શરીરમાં નવસો છે. માંસલ આકારની પેશીઓ પાંચસો છે.[૧૬] દાઢી, મૂછના અને મસ્તકના કેશો મળી ત્રણ લાખ છે. મર્મસ્થળો કે જ્યાં પ્રહાર કરવાથી મૃત્યુ થાય એવાં સ્થળો શરીરમાં એકસો ને સાત છે. અસ્થિના મુખ્ય સાંધાઓ બસો છે.[૧૭] આ શરીરના સર્વે રૂવાડાંના સૂક્ષ્મ અંશો છે, તે પરસેવાને ઉદ્‌ભવ થવાના સ્થાનભૂત એવા વાયુસંબંધી પરમાણુઓની સાથે અલગ કરીને દર્શાવેલા બહુ છે.[૧૮] આ શરીરમાં એ સર્વે રુવાડાંના સૂક્ષ્મ અંશો ચોપનકરોડ સડસઠ લાખ અને પચાસ હજાર કહેલા છે. તેને યોગીઓએ માન્ય કરેલા છે.[૧૯]

હે મુનિ આ શરીર વિજ્ઞાન કોઈ પણ પુરુષથી સ્થૂલ દષ્ટિથી જાણવું અશક્ય છે. પરંતુ સમાધિનિષ્ઠ યોગીઓ જ સૂક્ષ્મ દષ્ટિથી સ્પષ્ટપણે જોઈ શકે છે.[૨૦] આ

सम्यक्परिणताहारसारस्याञ्जलयो नव । सन्ति देहे दशैवापां विशः सप्तासृजोऽष्ट च ॥२१॥
मूत्रपित्तश्लेष्मणां च चत्वारः पञ्च षट् क्रमात् । मज्जमेदोवसानां चाप्येको द्वौ च त्रयः क्रमात् ॥२२
मस्तिष्कस्याञ्जलिष्चार्धस्तावाञ्श्लेष्मरसस्य च । रेतसोऽर्ध इति प्रोक्ता सम्धातुवपुःस्थितिः ॥२३॥
देहस्य मध्ये हृदयं स्थानं तु मनसः स्मृतम् । कफस्य हृदयं स्थानं पित्तं नाभ्यां प्रतिष्ठितम् ॥२४॥
पक्वाशयस्त्वधो नाभेरूर्ध्वमामाशयः स्मृतः । मध्ये च जाठरो वह्निस्तयोस्तिष्ठन्ति चासवः ॥२५॥
अण्डाकृतिस्तत्र कन्दश्चतुरङ्गुलसम्मितः । हेतुर्देहस्थितेश्चास्ति नाभिचक्रं तदन्तरं ॥२६॥
जीवो भ्रमति तच्चक्रे पुण्यपापप्रचोदितः । प्राणारूढो यथोर्णायुः स्वकृते तन्तुपञ्जरे ॥२७॥
कन्दपार्श्वेऽस्ति परितः शक्तिः कुण्डलिनी मुने ! । ब्रह्मरन्ध्रमुखं रुध्वा सुप्ताऽष्टवलयोरगी ॥२८॥

શરીરમાં સારી રીતે પરિણામ પામેલા આહારનો સારાંશ નવ અંજલી જેટલો છે. જળનો ભાગ દશ અંજલી, વિષ્ટાનો ભાગ સાત અંજલી, રુધિરનો ભાગ આઠ અંજલી છે.[૨૧] મૂત્ર, પિત્ત અને કફનો ભાગ ક્રમે ચાર, પાંચ અને છ અંજલીનો છે. અસ્થિના છિદ્રમાં રહેલો મજ્જા નામના ધાતુનો ભાગ એક અંજલી છે. મેદ કે જે માંસનો રસ તે બે અંજલી છે. અને વસા કે જે માંસનો સ્નેહ તે ત્રણ અંજલી જેટલો છે.[૨૨] મસ્તકમાં રહેલો સ્નેહ, શ્લેષ્મરસ અને વીર્ય અર્ધ અર્ધ અંજલીના છે. આ પ્રમાણે સમધાતુવાળા પુરુષના શરીરની સ્થિતિ કહેલી છે. પરંતુ વિષમ ધાતુવાળા પુરુષના શરીરનો આ નિયમ નથી.[૨૩]

આ શરીરના મધ્યભાગમાં હૃદય રહેલું છે. તે મનનું અને કફનું નિવાસ સ્થાન છે, અને પિત્ત પણ નાભિમાં રહેલું છે.[૨૪] પકવાશય નાભિથી નીચે અને આમાશય નાભિથી ઉપરના ભાગમાં હોય છે. તે પક્વાશય અને આમાશયની મધ્યે જઠરાગ્નિ અને પ્રાણનું સ્થાન છે.[૨૫] અને નાભિના મધ્ય ભાગમાં ચાર આંગળના માપ જેટલો અંડાકૃતિ કંદ છે. તે શરીરની સ્થિતિનો હેતુ છે. તે કંદની મધ્યે નાભિચક્ર છે.[૨૬] પુણ્ય અને પાપથી પ્રેરાયેલો જીવ પ્રાણની ઉપર આરુઢ થઈ જેમ પોતે સર્જેલા તંતુના પાંજરામાં કરોળીયો ભમે છે, તેમ જીવ નાભિચક્રમાં ભમે છે. (શિક્ષાપત્રીમાં જીવ હૃદયમાં રહેલો છે એમ કહ્યું તે સાંખ્યના મત પ્રમાણે છે, અને અહીં યોગ અને આયુર્વેદની વાત કહે છે તેથી તેના મત પ્રમાણે જીવ નાભિમાં રહેલો છે તેમ કહે છે તેથી બન્નેના મત પ્રમાણે સત્ય છે. ).[૨૭]

હે મુનિ ! આ કંદના પડખામાં ચારે બાજુ આઠ કુંડાળા વાળીને સર્પિણીના જેવી આકૃતિવાળી કુંડલીની શક્તિ બ્રહ્મરંધ્રનું મુખ રુંધીને સૂતી છે.[૨૮] એ

द्वासप्ततिः सहस्राणि नाड्यः कन्दसमुद्भवाः । प्रसृताः सर्वतस्तासां सन्ति मुख्याश्चतुर्दश ॥२९॥
सुषुम्णा पिङ्गलेडा च वारुणा च सरस्वती । यशस्विनी हस्तिजिह्वा पूषा विश्वोदरा कुहूः ॥३०॥
अलम्बुषा च गान्धारी शङ्खिनी च पयस्विनी । नाड्यस्तिस्रः सन्ति मुख्या एतास्वप्यादिमा मुने ! ॥३१
कन्दमध्योद्भवा तत्र सुषुम्णोर्ध्वगतिप्रदा । मूर्ध्नि च ब्रह्मरन्ध्रे सा स्थिताऽतः सर्वतोऽधिका ॥३२॥
पिङ्गला चोर्ध्वगा याम्ये नासान्ते प्राप्य संस्थिता । इडापि सव्यनासान्तं सव्यभागेऽस्ति संस्थिता ॥३३
अधश्चोर्ध्वं च विज्ञेया वारुणा सर्वगामिनी । सरस्वती तथैवोर्ध्वमाजिह्वायाः प्रतिष्ठिता ॥३४॥
यशस्विनी याम्यभागे पादाङ्गुष्ठान्तमस्ति च । हस्तिजिह्वा तथा सव्यपादाङ्गुष्ठावधि स्थिता ॥३५॥
याम्ये पूषा च नेत्रान्तं पिङ्गलायास्तु पृष्ठतः । विश्वोदराभिधा नाडी तुण्डमध्ये व्यवस्थिता ॥३६॥

---

નાભીકંદમાંથી નીકળતી બોતેર હજાર નાડીઓ આખા શરીરમાં વિસ્તરેલી છે. તેની મધ્યે ચૌદ નાડીઓ મુખ્ય છે.[૨૯] તેમાં પણ સુષુમ્ણા, પિંગલા, ઈડા, વારુણા, સરસ્વતી, યશસ્વિની, હસ્તિજિહ્વા, પૂષા, વિશ્વોદરા, કુહૂ, અલંબુષા, ગાંધારી, શંખિની અને પયસ્વિની, આ નાડીઓ કહેલી છે. તેમાં પણ પહેલી ત્રણ મુખ્ય છે. અને ત્રણમાં પણ પહેલી સુષુમ્ણા મુખ્ય છે.[૩૦-૩૧]

હવે એ મુખ્ય નાડીઓના સ્થાનભેદનું વર્ણન કરીએ છીએ. તે ત્રણની મધ્યે સુષુમ્ણાનાડી છે તે નાભિકંદના મધ્ય ભાગમાંથી ઉત્પન્ન થયેલી છે, તે મોક્ષમાર્ગે જતા જીવને ઊર્ધ્વગતિ આપનારી છે. આ સુષુમ્ણા છેક મસ્તકના બ્રહ્મરંધ્રમાં રહેલી છે. તેથી બીજી સર્વે નાડીઓ કરતાં અધિક છે.[૩૨] તે કેવી રીતે છે તે કહીએ છીએ. કારણ કે તે સુષુમ્ણા નાડીની જમણી બાજુ રહેલી પિંગલા નાડી નાભિકંદથી ઉત્પન્ન થઈ ઉપર ઉઠીને નાસિકાના જમણા ભાગના અંતને પામીને રહેલી છે. વળી સુષુમ્ણાનાડીની ડાબી બાજુએ રહેલી ઈડા નાડી પણ નાભિકંદથી નીકળી ડાબા નાકના અંતને પામીને રહેલી છે.[૩૩] વારુણા નાડી છે તે નાભિકંદના નીચેના અને ઉપરના પ્રદેશમાં થઈ આખા શરીરમાં વ્યાપીને રહેલી છે એમ જાણવું. તેમજ સરસ્વતી નાડી નાભિકંદમાંથી નીકળી ઉપરના પ્રદેશમાં જીભ પર્યંત રહેલી છે.[૩૪] નાભિકંદના નીચેના જમણા ભાગમાંથી નીકળતી યશસ્વિની નાડી જમણા પગના અંગૂઠા પર્યંત રહેલી છે. હસ્તિજિહ્વા નાડી નાભિકંદના નીચેના ડાબા ભાગમાંથી નીકળી ડાબા પગના અંગૂઠા પર્યંત રહેલી છે.[૩૫] અને નાભિકંદના જમણા ભાગમાં પિંગલા નાડીના પાછળના પ્રદેશમાંથી નીકળી પૂષા નાડી જમણા નેત્ર પર્યંત રહેલી છે. અને ત્યાંથીજ નીકળેલી વિશ્વોદરા નાડી મુખના મધ્ય પ્રદેશ સુધી રહેલી છે.[૩૬]

पूर्वभागे सुषुम्णाया मेढ्रान्तं च कुहूः स्थिता । अलम्बुषा तथा नाडी तुण्डामध्यादधोमुखी ॥३७॥
गान्धारी सव्यनेत्रान्तमिडायाः पृष्ठतः स्थिता । आसव्यकर्णाच्च मुने ! सङ्खिन्यस्त्यूर्ध्वगामिनी ॥३८
पयस्विनी तथैवौर्ध्वं याम्ये कर्णावधि स्थिता । एतास्वन्याः समुत्पन्ना नाड्य ज्ञेयाः सहस्रशः ॥३९
इत्यादि स्वशरीरस्थं यत्किञ्चिदिह भौतिकम् । वीक्षते योगदृष्ट्या तद्योगवानेव नापरः ॥४०॥
वासुदेवचरणाब्जकृपायाः पात्रतामुपगतैस्तदुपास्त्या ।
योगिभिर्न किमपि ह्यनवाप्यं सर्वथेह च परत्र महर्षे ! ॥४१॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे योगोपदेशे भौतिकदेहविकारनिरूपणनामैकषष्टितमोऽध्यायः ॥६१॥*

---

સુષુમ્ણા નાડીના નીચેના પૂર્વભાગમાંથી નીકળતી કુહૂનાડી શિશ્નઇન્દ્રિય પર્યંત રહેલી છે. અને અલંબુષા નાડી છેક મુખના મધ્યપ્રદેશથી નીચેના ભાગ સુધી પ્રવર્તે છે.[૩૭] હે મુનિ ! નાભિકંદમાં ઇડાનાડીના પાછળના પ્રદેશમાંથી નીકળતી ગાંધારી નાડી ડાબા નેત્ર સુધી રહેલી છે, અને શંખિની નાડી છેક ડાબા કાન પર્યંત ઊર્ધ્વગામી લંબાઇને રહેલી છે.[૩૮] પયસ્વિની નાડી જમણા ભાગમાં જમણા કાન પર્યંત રહેલી છે. આ ચૌદ નાડીઓ સિવાયની બીજી હજારો નાડીઓ આ ચૌદ નાડીના મૂળમાંથી ઉત્પન્ન થયેલી જાણવી.[૩૯]

હે મુનિ ! આ જે કાંઇ પણ પોતાના શરીરમાં રહેલો પંચભૌતિક ભાગ છે, તે સર્વેને આલોકમાં યોગ સમાધિવાળો પુરુષ યોગ્ય દૃષ્ટિથી જોઇ શકે છે. પરંતુ તે સિવાયના પુરુષો જોઇ શકતા નથી.[૪૦] હે મહર્ષિ ! શ્રીવાસુદેવનારાયણ ભગવાનના ચરણ કમળની એકાંતિકી ઉપાસના કરવાથી ચરણના કૃપાપાત્ર થયેલા યોગીઓને આ લોકમાં કે પરલોકમાં કોઇ પણ વસ્તુ અપ્રાપ્ય રહેતી નથી પરંતુ સુલભ જ થાય છે.[૪૧]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં યોગનો ઉપદેશ કરતાં શ્રીહરિએ આ ભૌતિક દેહના વિકારનું નિરૂપણ કર્યું, એ નામે એકસઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૧--**

---

## द्विषष्टितमोऽध्यायः - ६२

**श्रीनारायणमुनिरुवाच :-**

कथयाम्यथ सङ्क्षेपाद्ब्राह्माण्डरचनामपि । अधोदलात्क्रमेणैव सर्वामूर्ध्वदलावधि ॥१॥
अधोदलोपरि महद्वर्तते विततं जलम् । तस्योपरि महाकूर्मः शेषस्तस्यास्ति चोपरि ॥२॥
सहस्रशीर्ष्ण एकस्मिन्फणे तस्याखिलोऽपि च । भूगोलोऽस्ति पुटेष्वस्य सप्तलोका भवन्ति हि ॥३
पाताललोकः प्रथमे भूपुटेऽस्ति मनोहरः । वसन्ति वासुकिमुखा नागा यत्र फळोज्ज्वलाः ॥४॥
दैत्याश्च दानवाः सन्ति तस्योपरि रसातले । महातले तदुपरि नागाश्च तक्षकादयः ॥५॥
तलातलेऽस्ति तस्योर्ध्वं सगणो मयदानवः । तस्योपर्यस्ति सुतले बलिर्भगवता सह ॥६॥
तस्योपर्यस्ति च शिवो वितले हाटकेश्वरः । तस्योपर्यतले चास्ति सगणो बलदानवः ॥७॥
अष्टमोऽयं हि भूर्लोकस्तन्मध्ये मेरुपर्वतः । तस्योपरि पुरः सन्ति ब्रह्मविष्णुकपर्दिनाम् ॥८॥

---

# અધ્યાય - ૬૨

## ભગવાન શ્રીહરિએ અનુક્રમ પ્રાપ્ત બ્રહ્માંડ રચનાનું સંક્ષેપથી કરેલું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે મુનિ ! હવે આવરણ ભૂમિના અધોદળથી આરંભીને ઊર્ધ્વદળ પર્યંત અનુક્રમથી બ્રહ્માંડની સર્વે રચનાનું સંક્ષેપથી વર્ણન કરીએ છીએ.[૧] નીચેના દળની ઉપર ચારે તરફ વિસ્તરેલું ગર્ભોદક નામનું મહાજળ રહેલું છે. એ જળ ઉપર મહાકૂર્મ છે. તેની ઉપર શેષ રહેલા છે.[૨] હજાર ફણાધારી તે શેષની એક ફણા ઉપર સમગ્ર ભૂગોળનો પિંડ રહ્યો છે. આ ભૂગોળના આંતર છિદ્રોમાં એક બીજા ઉપર રહેલા સાત લોક રહેલા છે.[૩] તેમાં પ્રથમ ભૂપુટના છિદ્રમાં મનોહર પાતાળલોક રહ્યો છે. જે લોકમાં રત્ન જેવી ઉજ્જવલ ફણાવાળા વાસુકિ આદિક નાગદેવતાઓ વસે છે.[૪] એ પાતાળલોકની ઉપર રસાતળ લોક છે તેમાં દૈત્યો અને દાનવો વસે છે. તેની ઉપર મહાતળ લોક છે તેમાં તક્ષકાદિક નાગદેવતાઓ વસે છે.[૫] તે મહાતળની ઉપર તળાતળલોક રહ્યો છે. તે લોકમાં પોતાના ગણોએ સહિત મયદાનવ રહે છે, તે તળાતળની ઉપર સુતળલોક છે, તેમાં શ્રીવિષ્ણુ ભગવાનની સાથે બલિરાજા રહેલા છે.[૬] તેની ઉપર વિતળલોક છે તેમાં હાટકેશ્વર શિવજી રહ્યા છે, તે વિતળની ઉપર અતળલોક છે. તેમાં પોતાના ગણોએ સહિત બલદાનવ રહે છે.[૭]

અને આ પૃથ્વીલોક આઠમો છે, તેના મધ્યે મેરુ પર્વત આવેલો છે, તે

इन्द्रादीनां दिक्पतीनां तत्तद्दिक्षु पुरोऽष्ट च । तत्रामरावतीमुख्याः सन्ति हेमाचलेऽनघ ! ॥९॥
जम्बूद्वीपस्तमभितो वेष्टितः क्षारसिन्धुना । लक्षितो नवभिः खण्डैर्वर्तते भारतादिभिः ॥१०॥
सङ्कर्षण उपास्योऽस्ति तत्र खण्ड इलावृते । हयग्रीवश्च भद्राश्वे हरिवर्षे नृकेसरी ॥११॥
कामदेवः केतुमाले मत्स्यमूर्तिश्च रम्यके । उपास्यो भगवानस्ति कूर्मरूपो हिरण्मये ॥१२॥
वराहः कुरुखण्डेऽस्ति रामः किंपुरुषे तथा । नरनारायण ऋषिरुपास्योऽस्मिंश्च भारते ॥१३॥
क्षारोदवेष्टितादस्माद्द्वीपादुत्तर उत्तरः । द्विगुणो द्विगुणो ज्ञेयो द्वीपोऽब्धिश्चापि तादृशः ॥१४॥
जम्बूद्वीपात्परः प्लक्षद्वीपोस्तीक्षुरसाब्धिना । वृतस्तत्र हरिर्लोकैः सूर्यमूर्तिरुपास्यते ॥१५॥
ततश्च शालमलिद्वीपः सुरोदेनाब्धिना वृतः । वर्तते चन्द्ररूपश्च तत्रोपास्यो हरिर्जनैः ॥१६॥
ततः परः कुशद्वीपो घृतोदाब्ध्यभिवेष्टितः । अस्ति तत्राग्निरूपश्च हरिर्लोकैरुपास्यते ॥१७॥

---

મેરુની ઉપર બ્રહ્મા, વિષ્ણુ અને શિવનાં દિવ્ય નગરો આવેલાં છે.[૮] હે નિષ્પાપમુનિ ! તે મેરુપર્વતમાં પૂર્વાદિ આઠે દિશાઓમાં ઇન્દ્રાદિક દિગ્પાળોની અમરાવતી આદિક આઠ નગરીઓ આવેલી છે.[૯] ખારા સમુદ્રથી વીંટાયેલો અને ભારત આદિ નવખંડોથી યુક્ત એવો જંબુદ્વિપ તે મેરુપર્વતની ચારે તરફ રહ્યો છે.[૧૦] તે નવખંડોમાં ઈલાવૃત ખંડમાં શ્રીસંકર્ષણ ઉપાસ્ય ઈષ્ટદેવ છે, ભદ્રાશ્વખંડમાં હયગ્રીવ ભગવાન ઉપાસ્ય ઈષ્ટદેવ છે, હરિવર્ષખંડમાં નૃસિંહ ભગવાન ઉપાસ્ય ઈષ્ટદેવ છે.[૧૧] કેતુમાલાખંડમાં કામદેવરૂપી ભગવાન ઉપાસ્ય ઈષ્ટદેવ છે, રમ્યકખંડમાં મત્સ્યમૂર્તિ ભગવાન ઉપાસ્ય ઈષ્ટદેવ છે, હિરણ્યમયખંડમાં કૂર્મરૂપ ભગવાન ઉપાસ્ય ઈષ્ટદેવ છે.[૧૨] કુરુખંડમાં વરાહ ભગવાન ઉપાસ્ય ઈષ્ટદેવ છે, કિંપુરુષખંડમાં શ્રીરામ ભગવાન ઉપાસ્ય ઈષ્ટદેવ છે અને આ ભરતખંડમાં શ્રીનરનારાયણ ભગવાન ઉપાસ્ય ઈષ્ટદેવ છે.[૧૩]

ખારા સમુદ્રથી વીંટાએલા આ લાખ યોજન વિસ્તારવાળા જંબુદ્વિપથી ઉત્તરોત્તર વર્તતા દ્વિપો બમણા વિસ્તારવાળા જાણવા, અને તે તે દ્વિપને વીંટાઈને રહેલા સમુદ્રો પણ બમણા વિસ્તાર વાળા જાણવા.[૧૪] તેમાં જંબુદ્વિપથી ઉત્તરવર્તી શેરડીરસના સમુદ્રથી વીંટાયેલો પ્લક્ષદ્વીપ આવેલો છે, તેમાં રહેલા લોકો સૂર્યમૂર્તિ એવા ભગવાન શ્રીહરિની ઉપાસના કરે છે.[૧૫] તેનાથી પર સુરાસમુદ્રથી વીંટાયેલો શાલ્મલિદ્વીપ આવેલો છે, તેમાં રહેલા મનુષ્યો ચંદ્રરૂપી શ્રીહરિની ઉપાસના કરે છે.[૧૬] તેનાથી પર ઘૃતોદસમુદ્રથી વીંટાયેલો કુશદ્વીપ આવેલો છે, તેમાં રહેલા લોકો અગ્નિરૂપ શ્રીહરિની ઉપાસના કરે છે.[૧૭] તેનાથી પર ક્ષીરોદસમુદ્રથી વીંટાયેલો

क्षीरोदाब्धिवृतश्चास्ति क्रौञ्चद्वीपस्ततः परः । अम्बुरूपस्तत्र लोकैर्वासुदेव उपास्यते ॥१८॥
दधिमण्डोदाब्धिवृतः शाकद्वीपस्ततः परः । वर्तते तत्र च जनैर्वायुर्हरिरुपास्यते ॥१९॥
स्वादूदकाब्ध्यभिवृतः पुष्कराख्यस्ततः परः । द्वीपोऽस्ति तत्र च ब्राह्मा पुष्करस्थ उपास्यते ॥२०॥
ततोऽस्ति काञ्चनी भूमिर्लोकालोकस्ततो नगः । तस्योपरि चतुर्दिक्षु चत्वारः सन्ति दिग्गजाः ॥२१
तत्रैव साक्षाद्भगवान्महापुरुष ईश्वरः । आस्ते च लोकरक्षार्थं विष्वक्सेनादिभिर्वृतः ॥२२॥
भूर्लोकादीदृशादूर्ध्वं भुवर्लोकोऽस्ति सन्मते ! । भूतप्रेतपिशाचानां तद्विहारनिकेतनम् ॥२३॥
भूमध्यगे च हेमाद्रौ दिक्पालानां पुरोऽभितः । सूर्यो दिव्यरथारूढो भ्रमति ह्यण्डमध्यगः ॥२४॥
उपर्युपरि सन्त्येनं मण्डलानि क्रमेण च । चन्द्रर्क्षशुक्रसौम्याङ्गारकदेवपुरोधसाम् ॥२५॥
तदुर्ध्वं मण्डलं पङ्गोस्ततः सप्तर्षिमण्डलम् । ततः परं ध्रुवपदं वर्तते धाम वैष्णवम् ॥२६॥

---

ક્રૌંચદ્વીપ આવેલો છે, તેમાં રહેલા લોકો જળદેવરૂપ રહેલા શ્રીવાસુદેવની ઉપાસના કરે છે.[૧૮] તેનાથી પર દધિસમુદ્રથી વીંટાયેલો શાકદ્વીપ આવેલો છે, તેમાં રહેલા જનો વાયુરૂપ શ્રીહરિની ઉપાસના કરે છે.[૧૯] તેનાથી પર સ્વાદુજળ સમુદ્રથી વીંટાયેલો પુષ્કર નામનો દ્વીપ આવેલો છે, તેમાં રહેલા લોકો પુષ્કર એવા કમળ ઉપર બેઠેલા બ્રહ્મારૂપ શ્રીહરિની ઉપાસના કરે છે.[૨૦]

તેનાથી પર કાંચની ભૂમિ છે અને તેનાથી પર લોકાલોક પર્વત આવેલો છે, તે લોકાલોક પર્વતની ઉપર ચારે દિશાઓમાં ચાર દિગ્ગજો રહેલા છે.[૨૧] આ પર્વત ઉપર બ્રહ્માંડની રક્ષા કરવામાં સમર્થ એવા સાક્ષાત્ મહાપુરુષ ભગવાન પોતાના વિષ્વક્સેન આદિક પાર્ષદોની સાથે લોકની રક્ષા કરવા માટે જ બિરાજે છે.[૨૨] હે સદ્‌બુદ્ધિવાળા મુનિ ! આવા ભુર્લોક- પૃથ્વીલોકથી ઉપર ભુવર્લોક છે તેમાં ભૂત, પ્રેત, પિશાચોનું ક્રીડાસ્થાન છે.[૨૩] પૃથ્વીના મધ્યભાગમાં રહેલા મેરુ પર્વત ઉપર રહેલા ઈન્દ્રાદિ દિગ્પાળોના નગરોની ચારે તરફ દિવ્ય રથ ઉપર બેસીને બ્રહ્માંડના મધ્ય ભાગમાં સૂર્યદેવ પરિભ્રમણ કરે છે.[૨૪]

આ સૂર્યમંડળની ઉપર ચંદ્ર અને નક્ષત્રો, તેનાથી ઉપર શુક્ર, તેનાથી ઉપર બુધ, તેનાથી ઉપર મંગળ અને તેનાથી ઉપર બૃહસ્પતિનાં મંડળો વિરાજે છે.[૨૫] બૃહસ્પતિનાં મંડળની ઉપર શનિનું મંડળ રહેલું છે, તેનાથી ઉપર સપ્તર્ષિનું મંડળ, તેનાથી ઉપર વૈષ્ણવધામરૂપ ધ્રુવજીનું પદ આવેલું છે.[૨૬] તેની સમીપે અતિશય શોભાયમાન સ્વર્ગલોક છે, તેમાં ત્રિલોકનો ઈશ ઈન્દ્રદેવ સર્વે દેવતાઓના ગણની સાથે વિરાજે છે.[૨૭] આ ધ્રુવપદ પર્યંત પૂર્વોક્ત સૂર્યાદિ ગ્રહોનું ચક્ર શિશુમાર ચક્રને

तत्समीपप्रदेशेऽस्ति स्वर्गलोकोऽस्ति शोभनः । तत्रास्तीन्द्रस्त्रिलोकीशः सर्वदेवगणैः सह ॥२७॥
शिशुमाराश्रितं ह्येतत्सूर्याद्यस्ति ध्रुवावधी । ग्रहचक्रं तदुपरि महर्लोकोऽस्ति शोभनः ॥२८॥
जनलोकास्तदुपरि तपोलोकस्ततः परम् । एते लोकास्त्रयः सन्ति ऋषिमण्डलसंश्रिताः ॥२९॥
तत उर्ध्वं सत्यलोको धाम विश्वसृजोऽस्ति तत् । चतुर्दशैते लोकाश्च परितस्तमसावृताः ॥३०॥
अस्ति तस्मात्तु तमसः परं गर्भोदकं मुने ! । ततः परं चाष्ट सन्ति पृथ्व्याद्यावरणानि च ॥३१॥
ततोऽस्ति मूलप्रकृतिः परंज्योतिस्ततः परम् । तदेव भगवद्धाम यद्ब्रह्मपुरमुच्यते ॥३२॥
एवंस्थितेऽत्र ब्रह्माण्डे योगविज्ञः समाधिना । तत्तन्नाड्यध्वना गत्वा तत्तत्स्थानं समीक्षते ॥३३॥
सुषुम्णयैव भगवद्धाम यत्प्रकृतेः परम् । तच्च दृष्ट्वा पुनर्देहं भौतिकं प्राप्य बुद्ध्यते ॥३४॥
इत्थं समाधौ स्वातन्त्र्यं प्रेम्णा नारायणे भवेत् । तस्मात्तस्यैव वृद्ध्यर्थं शिक्षेद्योगं गुरोर्बुधः ॥३५॥

---

આશરે રહેલું છે. આ શિશુમારચક્રમની ઉપર શોભાયમાન મહર્લોક આવેલો છે.[૨૮] આ મહર્લોકની ઉપર જનલોક, તેથી ઉપર તપલોક છે, આ ત્રણે લોકમાં ઋષિઓનાં મંડળો વિરાજે છે.[૨૯] આ તપલોકની ઉપર સત્યલોક આવેલો છે, તે વિશ્વસ્રષ્ટા બ્રહ્માનું સ્થાન છે. આ પૂર્વોક્ત ચૌદે લોક ચારે બાજુથી ગાઢ અંધકારથી ઘેરાયેલા છે.[૩૦] હે મુનિ ! તે ગાઢઅંધકારથી પર ગર્ભોદક રહ્યું છે. તેનાથી પર પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્ત્વ અને પ્રકૃતિ, આ આઠ આવરણો આવેલાં છે. આ આવરણો ક્રમશઃ એક એકથી દશ દશ ગણા મોટાં છે.[૩૧] તેનાથી પર મૂળપ્રકૃતિ એવી મહામાયા છે, તે પોતાના પતિ મહાપુરુષની સાથે વિરાજે છે. તેનાથી પર પરમજ્યોતિ વિરાજે છે. તેજ ભગવાન શ્રીવાસુદેવનારાયણનું નિવાસ સ્થાન છે. જેને શ્રુતિઓ બ્રહ્મપુર પણ કહે છે.[૩૨]

હે મુનિ ! આ પ્રમાણે રહેલા બ્રહ્માંડ વિષે યોગમાર્ગને વિશેષપણે જાણતો યોગી સમાધિ દ્વારા તે તે લોકમાં જવા માટે નાડીમાર્ગે પ્રવેશ કરીને ત્યાં જઈ તે તે સ્થાનમાં રહેલા મુક્તો અને તેના વૈભવોને પ્રત્યક્ષ નિહાળે છે.[૩૩] યોગીપુરુષ મહામાયાથી પર રહેલા ભગવાનના બ્રહ્મપુરધામને પૂર્વોક્ત સુષુમ્ણાનાડી દ્વારા પ્રવેશ કરી ત્યાં જઈ સર્વેનું દર્શન કરી ફરી ભૌતિક શરીરમાં પ્રવેશ કરીને જાગ્રત થાય છે.[૩૪]

આ પ્રમાણે તે યોગીને શ્રીવાસુદેવનારાયણ ભગવાનને વિષે અતિશય ગાઢ પ્રેમ ઉત્પન્ન થવાથી સમાધિમાં જવા આવવામાં સ્વતંત્રપણું પ્રાપ્ત થાય છે. તેથી બુદ્ધિમાન યોગીએ તે સમાધિના હેતુભૂત ભગવદ્ પ્રેમની વૃદ્ધિ થાય તે માટે

भक्तियोगनिपुणस्य सद्गुरोः शिक्षयाऽभ्यसत एव योगिनः ।
योगमेतमिह सिद्धिरीप्सिता स्याद्द्रुतं ह्यनघ ! नेतरस्य तु ॥३६॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे योगोपदेशे ब्रह्माण्डरचनानिरूपणनामा द्विषष्टितमोऽध्यायः ॥६२॥*

---

**त्रिषष्टितमोऽध्यायः - ६३**

**श्रीनारायणमुनिरुवाच :-**

समाधिनिष्ठो योगीन्द्रः स्वतन्त्र स निजेच्छया । देहं धत्ते त्यजति वा कालभीतिविवर्जितः ॥१॥
देहत्यागे योगिनोऽत्र चिरं वा देहधारणे । पञ्चानां महतां ज्ञानं भूतानामस्त्यपेक्षितम् ॥२॥
पिण्डब्रह्माण्डहेतूनां तेषां ज्ञानं विना तु सः । विद्याद्भौत्कपिण्डस्य त्यागात्यागकलां कथम् ॥३॥

---

ગુરુ પાસેથી યોગનો અભ્યાસ કરવો.[૩૫] હે નિષ્પાપ મુનિ ! ભક્તિયોગમાં નિપુણ સદ્‌ગુરુ પાસેથી શીખવામાં આવેલો પૂર્વોક્ત ભક્તિયોગ જ આ લોકમાં યોગનો અભ્યાસ કરતા યોગીને તત્કાળ સિદ્ધિ આપે છે. પરંતુ આવા ભક્તિયોગ વિના ગુરુપાસેથી શીખેલો યોગ ઈચ્છિત સિદ્ધિને આપતો નથી.[૩૬]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં યોગનો ઉપદેશ કરતાં શ્રીહરિએ*** **બ્રહ્માંડ રચનાનું નિરૂપણ કર્યું, એ નામે બાસઠમો અધ્યાય પૂર્ણ થયો. -૬૨-**

---

## અધ્યાય - ૬૩

## ભગવાન શ્રીહરિએ કરેલું પંચ મહાભૂતોના બાહ્ય અને આંતરિક સ્વરૂપોનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે મુનિ ! સમાધિનિષ્ઠ અને સ્વતંત્રતા પ્રાપ્ત કરેલો પૂર્વોક્ત યોગીરાટ્ કાળના ભયથી રહિત થઈ ગયો હોવાથી સ્વેચ્છાએ શરીરને ધારણ કરે છે અને ત્યાગ કરે છે.[૧] યોગીને દેહનો ત્યાગ કરવામાં કે બહુ લાંબા સમય સુધી દેહને ધારણ કરી રાખવામાં પંચ મહાભૂતોના જ્ઞાનની અપેક્ષા રહે છે.[૨] કારણ કે પિંડ અને બ્રહ્માંડના કારણરૂપ એવાં પંચમહાભૂતોના જ્ઞાન

तस्मात्कारणरूपाणि महाभूतानि पञ्च च । ज्ञेयानि तेषां कार्याणि ह्यण्डपिण्डस्थितान्यपि ॥४॥

शतानन्द उवाच :-

पिण्डब्रह्माण्डहेतूनां भीतानां महतां विभो ! । विशेषं बोद्धुमिच्छामि वक्तुमर्हति तं भवान् ॥५॥
समानेष्विह भूतेषु पृथिव्यादिषु पञ्चसु । कार्याणां कारणानां च भेदो ज्ञायेत वा कथम् ॥६॥

श्रीनारायणमुनिरुवाच :-

कार्याणां कारणानां च ह्याधेयाधारभावतः । अल्पत्वेन महत्त्वेन तेषां भेदोऽवगम्यताम् ॥७॥
कारणेषु तु भूतेषु कार्यरूपाण्डगोलकाः । संस्थिताः सन्ति हि यथा भुवि भौमा घटादयः ॥८॥
आधारभूतान्यण्डानां महाभूताभिधानि च । सन्ति तानि तरङ्गाणां यथाम्बुनिधयस्तथा ॥९॥
पुंप्रकृत्याश्रितान्येव पञ्चज्ञेयानि तानि तु । तयोर्योगे यतोऽण्डानि तद्द्वारा सम्भवन्ति वै ॥१०॥
अण्डजद्वन्द्वसंयोगान्मायया परमात्मनः । यथाण्डसम्भवो ह्यत्र दृश्यते भुवि सन्मते ! ॥११॥

---

વિના યોગીપુરુષ ભૌતિક શરીરને છોડવાની કળા કઈ રીતે જાણી શકે ?[૩] તેથી યોગીએ સર્વેનાં કારણરૂપ પંચમહાભૂતોને જાણી રાખવાં અને પિંડ બ્રહ્માંડમાં રહેલાં તેના કાર્યરૂપ પંચમહાભૂતોને પણ જાણી રાખવાં.[૪]

શતાનંદ સ્વામી કહે છે, હે વિભૂસ્વરૂપ ! પિંડ અને બ્રહ્માંડનાં કારણરૂપ, પંચ મહાભૂતોના ભેદને હું જાણવા ઇચ્છું છું. આપ એ ભેદ મને જણાવો.[૫] આ લોકમાં રહેલા કાર્યરૂપ અને કારણરૂપ પૃથ્વી આદિક પંચ મહાભૂતો એક સરખાં દેખાય છે. તેથી કાર્યરૂપ ભૂતોનો અને કારણરૂપ ભૂતોનો ભેદ કેવી રીતે સમજવો ?[૬]

શતાનંદ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું તેથી સંતોના સ્વામી અને સર્વજ્ઞ ભગવાન શ્રીનારાયણમુનિ કહેવા લાગ્યા કે હે મુનિ ! કાર્યરૂપ મહાભૂત અને કારણરૂપ મહાભૂત વચ્ચેનો ભેદ આધાર આધેય ભાવથી તેમજ અલ્પસ્વરૂપ અને મહત્સ્વરૂપથી જાણી શકાય છે.[૭] હે મુનિ ! જેવી રીતે પૃથ્વીના પિંડમાંથી ઉત્પન્ન થયેલાં ઘટપટાદિક પદાર્થો પૃથ્વી પર જ રહેલાં હોય છે. તેવી જ રીતે પંચભૂતના કાર્યરૂપ આ બ્રહ્માંડનો ગોળો તેના કારણરૂપ પંચભૂતને વિષે રહેલો છે.[૮] વળી જેવી રીતે સમુદ્ર તેના તરંગોનો આધારભૂત છે. તેવી જ રીતે મહાભૂત નામનાં પંચ ભૂતો છે તે જ પંચભૂતાત્મક આ બ્રહ્માંડોના અધારભૂત છે.[૯]

અને તે પંચ મહાભૂતો છે, તે મહામાયા અને મહાપુરુષને આશરીને રહેલાં છે. પુરુષ અને માયાનો યોગ થતાં તે પંચભૂતોદ્વારા અનંતકોટિ બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે.[૧૦] હે રૂડી બુદ્ધિવાળા મુનિ ! જેવી રીતે આ પૃથ્વી પર પરમાત્મા ભગવાન

पुंप्रकृत्योस्तथा योगाद्भूतद्वाराण्डसम्भवः । परस्यैवेच्छया ताभ्यां भवत्येव हि नान्यथा ॥१२॥
ब्रह्माण्डमध्ये भूतानि यानि पञ्चात्र तानि तु । जातान्यंशैर्हि महतां भूतानामीश्वरेच्छया ॥१३॥
यथाण्डजाण्डमध्येऽत्र पक्षिदेहसमुद्भवः । कालेन तद्वद्भवति ब्रह्माण्डे भूतसम्भवः ॥१४॥
कारणाख्यान्यतः प्राहुर्महाभूतानि तानि तु । ब्रह्माण्डमध्यभूतानि कार्याख्यानि च तद्विदः ॥१५॥
पिण्डाख्यः स्थूलदेहो यः शुक्रशोणितसम्भवः । स्त्रीपुंसयोगतः सोऽपि पञ्चभूतांशजोऽस्ति हि ॥१६
काठिन्यरूप आधारस्तत्र पृथ्वीति गद्यते । देहे द्रवस्तथैवाप ऊष्मा तेजश्च कथ्यते ॥१७॥
चेष्टा वायुस्तथाकाशमवकाशोऽस्ति सुव्रत ! । एवं पञ्चापि भूतानि सन्ति सर्ववपुष्वपि ॥१८॥
तत्राप्यग्निर्जलं वायुरिति त्रीणि विशेषतः । देहे मुख्यतया सन्ति ज्ञातव्यमिति योगिना ॥१९॥
तत्रापि वायुर्मुख्योऽस्ति भवतोऽन्ये तदाश्रिते । वायुस्तदाश्रितोऽस्त्येवमेषामन्योन्यसंश्रयः ॥२०॥

---

શ્રી વાસુદેવની માયાના કારણે પક્ષીયુગલના પરસ્પર જોડાવાથી ઇંડાનો જન્મ થતો દેખાય છે.[૧૧] તેવી જ રીતે વાસુદેવનારાયણની ઇચ્છારૂપ માયાના કારણે પુરુષ અને પ્રકૃતિના જોડાવાથી પંચમહાભૂતો દ્વારા આ બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે. આ સિવાયનો બીજો કોઇ આધાર નથી.[૧૨]

આ બ્રહ્માંડની મધ્યે જે પૃથ્વી આદિ પંચભૂતો રહ્યાં છે, તે પણ ભગવાન શ્રીવાસુદેવની ઇચ્છાથી મહાભૂતોના અંશમાંથી જ ઉત્પન્ન થયાં છે.[૧૩] જેવી રીતે આલોકમાં કાળે કરીને ઇંડામાંથી પક્ષીના દેહનો ઉદ્‌ભવ થાય છે, તેવી જ રીતે કાળે કરીને આ બ્રહ્માંડમાં પૃથ્વી આદિ પંચભૂતોની ઉત્પત્તિ થાય છે.[૧૪] તેથી જ આ પંચભૂતોના કાર્ય અને કારણ ને જાણતા મુનિઓ આ બ્રહ્માંડના ગોળાથી બહાર રહેલાં તે મહાભૂતોને કારણ કહે છે. અને બ્રહ્માંડના ગોળાની મધ્યે રહેલા તે ભૂતોને કાર્ય કહે છે.[૧૫]

વળી સ્ત્રી અને પુરુષના સંયોગથી શુક્ર અને શોણિતનું મિલન થતાં તેમાંથી જે પિંડ નામનો સ્થૂલ દેહ ઉત્પન્ન થાય છે, તે પણ પંચભૂતના કાર્યરૂપ અંશથી ઉત્પન્ન થાય છે.[૧૬] આ મનુષ્યાદિકનાં શરીરો છે, તેમાં જે પંચભૂતો રહેલાં છે, તેમાં કાઠિન્યરૂપ જે આધારભાગ છે, તે પૃથ્વી કહેવાય છે. તથા દ્રવ ભાગ છે તે જળ કહેવાય છે. ઉષ્માભાગ છે, તે તેજ કહેવાય છે.[૧૭] ચેષ્ટા રૂપ ભાગ છે તે વાયુ કહેવાય છે, અને અવકાશરૂપ ભાગ છે તે આકાશ છે. આ રીતે પાંચે પાંચ ભૂતો સર્વ કોઇના શરીરમાં રહેલાં છે.[૧૮] એ પાંચને મધ્યે પણ અગ્નિ, જળ, અને વાયુ આ ત્રણ ભૂતો દેહમાં વિશેષપણે મુખ્યરૂપે રહેલાં છે. આ પણ યોગીએ જાણી

अग्निः षट्स्वपि कोशेषु धातूनां पक्वतामिह । कुर्वाणो जाठरश्चासौ देहं धारयति ध्रुवम् ॥२१॥
जलं च वीर्यरूपेण कारणं वपुषोऽस्ति हि । वीर्येण वर्तते देहः क्षये वीर्यस्य नश्यति ॥२२॥
प्राणपञ्चकरूपेण चेष्टयंश्चाखिलं वपुः । इन्द्रियाद्यात्मनां प्राप्य वायुर्धारयते वपुः ॥२३॥
नाभिमध्ये स्थिताः सर्वे प्राणा देहेषु देहिनाम् । तत एव प्रसर्पन्ति तिर्यगूर्ध्वमधश्च ते ॥२४॥
सुषुम्णायां मुख्यतया वायुर्वहति सर्वदा । तदाश्रितासु नाडीषु सर्वास्वपि विशत्यतः ॥२५॥
नाभेरूर्ध्वं स्थितः प्राणः शरीरं परिपालयन् । मूर्ध्नि तत्स्थे तथा वह्नौ वर्तते व्याप्य सत्तमः ॥२६॥
नाभेरधो ह्यपानश्च जाठराग्निसमिन्धनः । अपानप्राणयोर्मध्ये जाठरोऽग्निश्च वर्तते ॥२७॥
व्यानः सन्धिषु सर्वेषु वर्तते चेष्टयन्वपुः । बलकर्मप्रयत्नात्मा ह्युदानश्चास्ति कण्ठगः ॥२८॥
यत्किञ्चिदशितं पीतं तत्तन्मार्गं समानयन् । उद्दीपयंश्च कोशाग्निमास्ते नाभौ समानकः ॥२९॥

---

રાખવું જોઈએ.[૧૯] વળી તે ત્રણની મધ્યે વાયુ મુખ્ય છે અને અન્ય જળ અને તેજ છે તે વાયુને આશરીને રહેલાં છે. અને વાયુ પણ તેજ અને જળને આશરે રહેલો છે. આ રીતે એ ત્રણેનો પરસ્પર અન્યોન્યાશ્રય છે.[૨૦]

આ ત્રણ તત્ત્વો શરીરમાં શું કામ કરે છે, તે કહીએ છીએ. તેમાં જઠરાગ્નિ છે તે આ શરીરમાં રહેલા છ કોશોની મધ્યે રક્તાદિક ધાતુને પકાવી દેહને ધારણ કરે છે.[૨૧] જળ છે તે વીર્યરૂપે દેહની સ્થિતિમાં કારણભૂત છે, કારણ કે દેહ વીર્યથી જ ટકે છે. જો વીર્યનો નાશ થાય તો દેહનો નાશ થાય છે.[૨૨] અને ત્રીજો વાયુ છે તે ઈન્દ્રિયરૂપતા પામી પંચ પ્રાણરૂપે આખા શરીરને ચેષ્ટા કરાવી ધારણ કરે છે.[૨૩] અને એ પંચ પ્રાણ દેહધારીઓના સમસ્ત દેહોમાં નાભિકમળને વિષે રહે છે. એ પ્રાણ ત્યાંથી જ આડો - ઊંચે - નીચે સંચરે છે.[૨૪] વાયુ છે તે મુખ્યપણે સુષુમ્ણામાં હમેશાં વહે છે. અને એ સુષુમ્ણા નાડીના માધ્યમથી એ સુષુમ્ણાનાડીના આશરે રહેલી બીજી નાડીઓમાં તે પ્રવેશે છે.[૨૫]

હે સર્વશ્રેષ્ઠમુનિ ! હવે પ્રાણ આદિક પાંચ રૂપે રહેલા વાયુની ક્રિયા કહીએ છીએ. નાભિથી ઉપરના ભાગે રહેલો પ્રાણવાયુ શરીરનું પરિપાલન કરતાં કરતાં મસ્તકમાં તથા તે મસ્કતમાં રહેલા અગ્નિમાં વ્યાપીને વર્તે છે.[૨૬] નાભિથી નીચે રહેલો અપાનવાયુ જઠરાગ્નિને પ્રદીપ્ત કરવાનું કામ કરે છે. જઠરાગ્નિ અપાનવાયુ અને પ્રાણવાયુની મધ્યે રહ્યો છે.[૨૭] વ્યાનવાયુ શરીરને ચેષ્ટા કરાવતો સર્વે સાંધાઓમાં રહે છે. ઉદાનવાયુ કંઠમાં રહી ભાર આદિકનું વહન કરવાના બળને, જવા આવવારૂપ કર્મને અને તેને અનુકૂળ કરવામાં આવતા પ્રયત્નને પોષણ આપે

इत्यग्निजलवायूनां देहे मुख्यत्वमुच्यते । तत्रापि वायोः प्राधान्यं प्रोच्यते योगवेदिभिः ॥३०॥
त्यागे वा धारणे तस्मात्स्वशरीरस्य योगिना । कर्तव्ये सति तु ध्येयो वायुर्ब्राह्यस्तथान्तरः ॥३१॥
कृते प्राणनिरोधे च जाठरोऽग्निस्तदाश्रितः । स्वयं निरुद्ध्यते तेन निष्ठेद्योगिवपुश्चिरम् ॥३२॥
उपेक्षा धारणे यस्य वपुषो योगिनो भवेत् । जिहासा तु भवेत्तर्हि ध्यात्वा वायुं तदुत्सृजेत् ॥३३॥
वायुस्वरूपं निश्चित्य पिण्डब्रह्माण्डसंस्थितम् । आदौ ततः स योगज्ञः कुर्यात्सुदृढमासनम् ॥३४॥
यल्लोकेच्छा भवेत्स्वस्य तल्लोकप्रापकं हृदि ध्यात्वा वायुं ततस्तत्स्थं जह्यात्स्वस्य कलेवरम् ॥३५॥
वायुरूपः स कालात्मा योगी सर्वत्र निर्भयः । स्वस्येप्सितं पदं याति वन्द्यमानः सुरादिभि ॥३६॥

---

છે.[૨૮] અને સમાનવાયુ છે, તે જે કંઈ પણ ભક્ષણ કર્યું હોય કે પાન કર્યું હોય, તેને તેના તેના માર્ગે લઈ જઈ કોશાગ્નિને પ્રજવલિત કરતો નાભિમાં નિવાસ કરીને રહે છે.[૨૯] આ પ્રમાણે દેહને વિષે અગ્નિ, જળ અને વાયુનું મુખ્યપણુ યોગને જાણનારા યોગીઓએ કહ્યું છે. તેમાં પણ વાયુનું પ્રધાનપણુ કહેલું છે.[૩૦] તેથી યોગીએ પોતાના શરીરનો ત્યાગ કરવામાં કે ધારણ કરી રાખવામાં બ્રહ્માંડમાં ફરતા બાહ્યવાયુને અને શરીરમાં પ્રાણરૂપે વિહરતા આંતરવાયુને એકરૂપે ચિંતવન કરવા.[૩૧]

પ્રાણનો નિરોધ કરવામાં આવે ત્યારે તે પ્રાણને આશરે રહેલો જઠરાગ્નિ આપોઆપ રોકાઈ જાય છે. એ બન્નેનો નિરોધ થતાં યોગીનું શરીર બહુકાળ પર્યંત રહી શકે છે.[૩૨] જે યોગીને આ શરીર ધારણ કરવાની અરુચિ હોય કે આ ભૌતિક શરીરનું શું પ્રયોજન છે ? તો દેહના ત્યાગની જ્યારે ઈચ્છા થાય ત્યારે યોગી બાહ્ય અને અંતર વાયુનું એકપણે ધ્યાન કરી, તે શરીરને સુખેથી છોડી શકે છે.[૩૩] તે સમયે યોગીએ શું કરવું ? તે સમજાવીએ છીએ, યોગને જાણનારા યોગીએ પ્રથમ પિંડ અને બ્રહ્માંડમાં રહેલા વાયુ સ્વરૂપનું ધ્યાન કરી પછી સુદૃઢ આસન કરવું.[૩૪] પછી પોતાને જે લોકમાં જવાની ઈચ્છા હોય, તે લોકને પમાડનારા અને તે લોકમાં રહેલા વાયુનું પોતાના હૃદયને વિષે ધ્યાન કરવું, ને પછીથી પોતાના કલેવરને છોડી દેવું. આ ક્રમમુક્તિની ઈચ્છાવાળા યોગીની વાત કરી.[૩૫]

હવે સદ્યમુક્તિની ઈચ્છાવાળા યોગીની વાત કરીએ છીએ. પૂર્વોક્ત ભક્તિયોગનાં લક્ષણોએ યુક્ત સમાધિવાળો યોગી વાયુની સાથે પોતાના આત્માની એકતા કરવાથી વાયુરૂપે થયેલો અને કાળની સાથે પોતાના આત્માની એકતા

वासुदेवप्रसादेन ततो भागवतीं तनुम् । सम्प्राप्य परमानन्दं जुषमाणः स वर्तते ।।३७।।
सम्प्राप्य धाम परमं परमस्य पुंसः साक्षाद्रमेव चरणाम्बुजमेव तस्य ।
संसेवमान ऋषिसत्तमचिन्त्यमूर्तेराप्नोति सौख्यमभिवाञ्छितमात्मनोऽसौ ।।३८।।

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे योगोपदेशे बाह्याभ्यन्तरपञ्चभूतस्वरूपनिरूपणनामा त्रिषष्टितमोऽध्यायः ।।६३।।*

------------------------------

---

કરવાથી કાળરૂપે થયેલો હોઈ સર્વત્ર જગ્યાએથી નિર્ભય થઇ, પોતાને ઇચ્છિત ભગવાન શ્રીવાસુદેવના બ્રહ્મપુરધામ પ્રત્યે જાય છે, ત્યારે દેવતાઓ પણ તેમને વંદન કરે છે.[૩૬] ભગવાનના ધામને પામે છે, ત્યારે તે યોગી ભગવાન શ્રીવાસુદેવની કૃપાથી ભાગવતી તનુને પામી પરમ આનંદનો અનુભવ કરતો થકો ત્યાં રહે છે.[૩૭] હે મુનિ ! આ યોગી સર્વોત્તમ પરમાત્મા ભગવાન શ્રીવાસુદેવના સર્વોત્તમ બ્રહ્મપુર ધામને પામી, જેનું ઉત્તમ ઋષિઓ હમેશાં ધ્યાન કરે છે એવા ભગવાન શ્રીવાસુદેવનારાયણના ચરણકમળની સેવા સાક્ષાત્ લક્ષ્મીની જેમ જ કરતો થકો પોતાને ઇચ્છિત સર્વોત્તમ સુખને પ્રાપ્ત કરે છે.[૩૮]

*આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં યોગનો ઉપદેશ કરતા શ્રીહરિએ બ્રાહ્ય અને આભ્યંતર પંચભૂતના સ્વરૂપનું નિરૂપણ કર્યું એ નામે ત્રેસઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૩--*

----------------------------------------

### चतुर्षष्टितमोऽध्यायः - ६४

**शतानन्द उवाच :-**

वायुस्वरूपं भगवन्पिण्डब्रह्माण्डसंस्थितम् । अञ्जसा ज्ञातुमिच्छामि वक्तुमर्हति तद्भवान् ॥१॥

**श्रीनारायणमुनिरुवाच :-**

सर्वात्मा सर्वगो वायुः सर्वाधारतया स्थितः । पिण्डे सोऽस्ति च ब्रह्माण्डे तद्बहिश्च स वर्तते ॥२॥
ज्ञेयः सप्तविधो वायुः पिण्डब्रह्माण्डयोः पृथक् । तत्र पिण्डे स्थितं वायुं सप्तधा शृणु बुद्धिमन् ! ॥३
प्राणोऽपानस्तथा व्यान उदानश्च समानकः । षष्ठ उत्क्रमणो वायुराधाराख्यस्तु सप्तमः ॥४॥
अथावहश्च प्रवह उद्वहः संवहस्तथा । विवहोऽथो परिवहः परावह इति क्रमात् ॥५॥
ब्रह्माण्डसंस्थितो वायुः सप्तधैष प्रकीर्तितः । उभयेषां लक्षणानि कथयामि च तेऽनघ ! ॥६॥
तत्रान्तराणां पञ्चानां प्राणादीनां नभस्वताम् । प्रोक्तानि लक्षणान्यत्र षष्ठस्य कथयामि ते ॥७॥

---

## અધ્યાય - ૬૪

## ભગવાન શ્રીહરિએ બ્રહ્માંડમાં રહેલા બ્રાહ્યવાયુનું અને પિંડમાં રહેલા આંતરવાયુના સ્વરૂપનું કરેલું નિરૂપણ.

શતાનંદ સ્વામી પૂછે છે, હે ભગવાન ! પિંડ અને બ્રહ્માંડમાં રહેલા વાયુના સ્વરૂપને હું યથાર્થ જાણવા ઈચ્છું છું. આપ તેમના સ્વરૂપનું નિરૂપણ કરીને જણાવો.[૧]

ભગવાન શ્રીનારાયણ મુનિ કહે છે, હે મુનિ ! સર્વેની અંદર રહેલો, સર્વત્ર ગતિ કરનારો, અને સર્વના આધારપણે રહેલો વાયુ, આ પિંડની અંદર રહ્યો છે, તેમજ પિંડ અને બ્રહ્માંડથી પણ બહાર રહેલો છે.[૨] હે બુદ્ધિમાન મુનિ ! પિંડ અને બ્રહ્માંડમાં આ વાયુ અલગ અલગ સાત પ્રકારે રહેલો જાણવો. તેમાં પ્રથમ પિંડમાં સાત પ્રકારે રહેલા વાયુનું સ્વરૂપ કહીએ છીએ, તેને તમે સાંભળો.[૩] પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન, ઉત્ક્રમણ અને આધાર; આ સાત વાયુ પિંડમાં રહેલા છે.[૪]

તેવી જ રીતે આવાહ, પ્રવહ, ઉદ્વહ, સંવહ, વિવહ, પરિવહ અને પરાવહ, આ સાત પ્રકારના વાયુઓ અનુક્રમે બ્રહ્માંડમાં રહેલા છે. હે નિષ્પાપમુનિ ! આ બન્ને પ્રકારના વાયુનાં લક્ષણો તમને કહીએ છીએ.[૫-૬] તેમાં પિંડના મધ્યે રહેલા સાત પ્રકારના વાયુનાં લક્ષણોમાં પ્રાણાદિ પાંચ વાયુનાં લક્ષણો પૂર્વે તમને કહ્યા. હવે છઠ્ઠા ઉત્ક્રમણવાયુનું લક્ષણ કહીએ છીએ.[૭] છઠ્ઠો ઉત્ક્રમણવાયુ ગુદાના સ્થાને રહેલા મૂલાધાર ચક્રને વિષે રહ્યો છે. એ વાયુ મૃત્યુનો આશ્રય કરી શરીરમાંથી

षष्ठ उत्क्रमणो वायुर्मूलाधारे व्यवस्थितः । मृत्युमाश्रित्य सोऽस्त्येव प्राणोत्क्रमणकारकः ॥८॥
आधाराख्यस्तु देहस्य बहिरन्तश्च तिष्ठति । आश्रयः स हि सर्वेषां तत्त्वानामिति कथ्यते ॥९॥
ब्रह्माण्डे प्रथमो वायुर्वृष्टिकाले विहायसि । धूमोष्मजातान्यभ्राणि प्रेरयत्यावहाभिधः ॥१०॥
धूमज्योतिर्जलस्नेहान्सम्प्राप्यानुक्रमेण सः । महाद्युतिस्तडिद्रूपो भवतीत्यवधारय ॥११॥
द्वितीयः प्रवाहो वायुर्ज्योतिश्चक्रभ्रमाश्रयः । सोमादीनामुदयकृन्मुने ! संवाति सर्वतः ॥१२॥
तृतीय उद्वहो वायुः समुद्रेभ्यो जलं स तु । जीमूतेभ्यः समुद्धृत्य ददात्येवाम्बरे द्रुतम् ॥१३॥
चतुर्थः संवहो वायुर्मेघान्सङ्घीकरोति सः । पुनर्भिनत्ति तान्नादो महानुत्पद्यते यतः ॥१४॥
अन्तरिक्षे विमानानां वाहकश्च स कथ्यते । स्ववेगेन गिरीणां च शिखराणां स मर्दनः ॥१५॥
विवहः पञ्चमो वायुर्महावेगोत्कटध्वनिः । दारुणोत्पातरूपश्च स्वर्धुनीं खे दधाति सः ॥१६॥
तेन प्रतिहतो भानुः सहस्रकिरणोऽपि सन् । एकरश्मिरिवाभाति मृदुतेजा विहायसि ॥१७॥

---

પ્રાણને બહાર ગતિ કરાવે છે.[૮] અને આધાર નામનો સાતમો વાયુ દેહની બહાર અને અંદર બન્ને જગ્યાએ રહે છે, એ આધારવાયુ શરીરમાં રહેલા પૃથ્વી આદિ તત્ત્વોનો આધાર છે. તેથી તેને આધાર નામે કહેલો છે.[૯]

હવે બ્રહ્માંડમાં રહેલા વાયુનાં લક્ષણો કહીએ છીએ. તેમાં આવાહ, નામનો પ્રથમ વાયુ છે, તે વૃષ્ટિના સમયે ધૂમ અને ઉષ્મામાંથી ઉત્પન્ન થતાં વાદળાઓને વરસાદ માટે આકાશમાં ગતિ કરાવે છે.[૧૦] આ આવાહ નામનો બ્રાહ્યવાયુ અનુક્રમે ધૂમરૂપે જ્યોતિથી અર્થાત્ સૂર્યની કિરણો દ્વારા જળને સમુદ્રમાંથી લાવી આકાશમાં છોડી દીધેલા પાણી સ્વરૂપે અને સ્નેહ સ્વરૂપે થઇ વીજળીનું સ્વરૂપ ધારણ કરી મહાપ્રકાશરૂપે થાય છે. એમ તમે જાણો.[૧૧]

હે મુનિ ! બીજો પ્રવહવાયુ જ્યોતિ અને ચક્રભ્રમણના આકારે થઇ, ચંદ્રાદિ ગ્રહ-નક્ષત્ર-તારાઓના ઉદયમાં કારણરૂપ થઇ, સર્વત્ર પરિભ્રમણ કરે છે.[૧૨] ત્રીજો ઉદ્વહ વાયુ છે, તે સમુદ્રમાંથી જળને ગ્રહણ કરી, તત્કાળ આકાશમાં મેઘને અર્પે છે.[૧૨] ચોથો સંવહ વાયુ છે, તે મેઘને વૃષ્ટિ કરવાના પ્રદેશમાં ભેળા કરે છે. ફરી વૃષ્ટિ માટે તેનું વિદારણ કરે છે. વાદળાંઓનું વિદારણ કરવાથી તેમાં મોટી ગર્જના ઉત્પન્ન થાય છે.[૧૪] આજ ચોથો સંવહ નામનો વાયુ અંતરિક્ષમાં વિમાનોનો વાહક કહેવાય છે. આ વાયુ પોતાના વેગથી પર્વતોના શિખરોને પણ તોડી નાખે છે.[૧૫] પાંચમો વિવહ વાયુ છે, તે અતિશય વેગવાળો હોવાથી અતિશય મોટી ગર્જનાવાળો થઇ, વિજળી પાડવી કે ભૂકંપ કરવો, એ આદિ મોટા મોટા ઉત્પાતો કરનારો કહેલો છે.[૧૬] આ વિવહ વાયુ આકાશમાં આકાશગંગાને પણ ધારણ કરે છે. એ

षष्ठः परिवहो वायुः सोमाप्यायनकृन्मतः । ब्रह्माण्डनाशकश्चासौ यममृत्यू यमाश्रितौ ॥१८॥
संसारासक्तबुद्धीनां मृत्युरूपो ह्यसावपि । ध्यानाभ्यासरतानां तु योगिनाममृतप्रदः ॥१९॥
परावहः सप्तमस्तु योगिनामतिवल्लभः । ब्रह्माण्डस्य बहिश्चान्तः संवाति सुखदायकः ॥२०॥
योगिनः स्वेप्सितं स्थानं पुनरावृत्तिवर्जितम् । एष लम्भयते ब्रह्मंस्ततः सर्वाधिको मतः ॥२१॥
एतेषामेव सप्तानां पुराणेषु नभस्वताम् । प्रोक्तः स्थानविशेषश्च क्रमेण तमपि ब्रुवे ॥२२॥
भूर्लोकः प्रथमस्योक्तं द्वितीयस्य भुवस्तथा । सोमलोकस्तृतीयस्य वायोः स्थानमुदीरितम् ॥२३॥
तुर्यस्य लोको नाक्षत्रः पञ्मस्य ग्रहाभिधः । सप्तर्षिलोकः षष्ठस्य ध्रुवलोकोऽन्तिमस्य च ॥२४॥

વિવહવાયુ સૂર્યોની કિરણો પાછી વાળી દે છે. તેથી સૂર્ય હજારો કિરણોવાળો હોવા છતાં એક જ કિરણ છોડતો હોય તેવો કોમળ થઈને પ્રકાશે છે.[૧૭]

છઠ્ઠો પરિવહ વાયુ છે, તે ચંદ્રની કળા વધારવા-ઘટાડવાનું કામ કરે છે. આ પરિવહ વાયુ પ્રલયકાળે બ્રહ્માંડનો વિનાશ પણ કરે છે. યમરાજા અર્થાત્ મૃત્યુ આ વાયુનો આશ્રય કરીને રહે છે.[૧૮] આજ વાયુ સંસારમાં આસક્ત બુદ્ધિવાળા જનોનો મૃત્યુરૂપ છે. આ જ વાયુ ભગવાન શ્રીવાસુદેવના ધ્યાનમાં આસક્ત યોગીઓને મોક્ષ આપનારો છે.[૧૯] સાતમો પરાવહ વાયુ છે, તે યોગીઓને અતિશય વહાલો અને સુખરૂપ છે. તે બ્રહ્માંડની બહારના પ્રદેશમાં અને બ્રહ્માંડની અંદરના પ્રદેશમાં વાય છે.[૨૦] હે બ્રહ્મન્ ! આ સાતમો પરાવહ વાયુ છે, તે જ યોગીઓને ઈચ્છિત એવા પુનરાવૃત્તિ રહિતના બ્રહ્મપુર ધામ નામના સ્થાનને વિષે લઈ જાય છે. તેથી તે સર્વ કરતાં શ્રેષ્ઠ મનાયેલો છે. (આ આવાહાદિ વાયુઓનો વધુ વિસ્તાર જાણવો હોય તો મહાભારતના મોક્ષધર્મના એકસો પંચાવનમા અધ્યાય થકી જાણી લેવો.)[૧૮-૨૧]

આ સાતે વાયુઓના સ્થાનકભેદ પુરાણોમાં કહેલા છે. તે ભેદ અનુક્રમે તમને સંભળાવીએ છીએ.[૨૨] પહેલા આવાહવાયુનું સ્થાન ભૂર્લોક છે. અર્થાત્ તે પૃથ્વીનાં તળિયાથી આરંભી મેઘમંડલ પર્યંત પ્રવર્તે છે. બીજા પ્રવહવાયુનું સ્થાન ભુવર્લોક છે. અર્થાત્ તે મેઘમંડલથી આરંભીને સૂર્યમંડળ પર્યંત પ્રવર્તે છે. ત્રીજા ઉદ્વહવાયુનું સ્થાન સોમલોક કહેલો છે.[૨૩] ચોથા સંવહવાયુનું સ્થાન નક્ષત્રનો લોક કહેલો છે. પાંચમા વિવહવાયુનું સ્થાન ગ્રહલોક કહેલો છે. છઠ્ઠા પરિવહવાયુનું સ્થાન સપ્તર્ષિલોક કહેલો છે. અને અંતિમ સાતમા પરાવહવાયુનું સ્થાન ધ્રુવલોક કહેલો છે.[૨૪]

एवं बाह्याश्च शारीरा वायवः सप्त सप्त ते । मया सङ्कीर्तितास्ते च ध्येया एकतया मताः ॥२५॥
नाभिघ्राणाग्रहृदयं पादांगुष्ठ इति ध्रुवम् । स्थानान्युक्तानि मुनिभिः प्राणोपासनहेतवे ॥२६॥
तत्र त्वेकतमे धिष्ण्ये प्राणं योगी विचिन्तयेत् । नीलवर्णं सप्रणवं मान्तबीजवपुर्धरम् ॥२७॥
आवहाख्येन तस्यैक्यं भावयेद्बाह्यवायुना । एवं सर्वत्र मरुतां ज्ञातव्यैक्येन भावना ॥२८॥
पार्ष्णिघाटापृष्ठगुदे स्थानेऽपानं सितेतरम् । सतारनान्तबीजं च ध्यायेत्प्रवहसङ्गतम् ॥२९॥
व्यानं त्वगिन्द्रियस्थाने शक्रचापसमप्रभम् । सताररान्तबीजं वा उद्वहैक्येन भावयेत् ॥३०॥
अरुणं मूर्धहृत्कण्ठताल्वग्रांघ्रितलेऽनिलम् । ससंवहमुदानं च ध्यायेत्तारबीजकम् ॥३१॥
गौरवर्णं समानं च नाभौ वा हृदि सन्धिषु । सतारलान्तबीजं च ध्यायेद्विवहसङ्गतम् ॥३२॥

---

હે મુનિ ! આ પ્રમાણે શરીરની અંદર રહેલા સાત વાયુ અને બ્રહ્માંડમાં રહેલા સાત વાયુનાં લક્ષણો તમને કહ્યાં. એ સાતે વાયુઓ એકાત્મભાવે ધ્યાન કરવા યોગ્ય મનાયેલા છે.[૨૫] તેઓનું ધ્યાન ક્યા ક્યા સ્થાને કરવું, તે કહીએ છીએ. નાભિ, નાસિકાનો અગ્રભાગ, હૃદય અને પગનો અગૂંઠો, આ સ્થાન મુનિઓએ પ્રાણનું ધ્યાન કરવામાં કારણરૂપ કહ્યાં છે.[૨૬] આ સ્થાનોની મધ્યે કોઇ પણ એક સ્થાનમાં યોગીએ નીલવર્ણવાળા અને માન્તબીજ-શરીરધારી અર્થાત્ યંકારનામના બીજરૂપ મૂર્તિને ધારણ કરનારા પ્રાણનું પ્રણવની સાથે ચિંતવન કરવું.[૨૭] તે આંતરિક પ્રાણની આવાહ નામના બાહ્યવાયુની સાથે એકતાની ભાવના કરવી. આ પ્રમાણે અપાનાદિ સર્વે વાયુઓનું બ્રાહ્ય પ્રવહ આદિક સર્વે વાયુઓની સાથે એકાત્મપણે ધ્યાન કરવું.[૨૮]

પાર્ષ્ણી (પેની), ગળાનો ઉન્નતભાગ એવો કાકડો, પૃષ્ઠભાગ અને ગુદા; આ ચાર સ્થાનોને મધ્યે કોઇ એક સ્થાનમાં કૃષ્ણવર્ણવાળા અને પંકારબીજ શરીરધારી અપાનવાયુનું પ્રવહવાયુની સાથે પ્રણવે સહિત એકાત્મ્યભાવે ધ્યાન કરવું.[૨૯] ત્વક્ ઇન્દ્રિયસ્થાનમાં મેઘમાં ઉત્પન્ન થતા ઈન્દ્રધનુષ સમાન કાંતિવાળા, ને લંકાર નામના બીજરૂપ મૂર્તિધારી વ્યાન વાયુનું ઉદ્વહ નામના વાયુ સાથે એકાત્મભાવ ધારણ કરી, ધ્યાન કરવું.[૩૦]

મસ્તક, હૃદય, કંઠ, તાળવાનો અગ્રભાગ અને પગનાં તળાં, આ સ્થાનોમાંથી કોઇ પણ એક સ્થાનમાં લાલવર્ણવાળા અને રંકારબીજરૂપ શરીરધારી ઉદાનવાયુનું પ્રણવે સહિત સંવહ નામના વાયુની સાથે એકતા કરી ધ્યાન કરવું.[૩૧] તેવી જ રીતે નાભિ, હૃદય અથવા શરીરના સર્વે સાંધાઓમાં કોઇ પણ એક સ્થાને

ध्यायेदुत्क्रमणं षष्ठमिडायां श्वेतरोचिषम् । सतारसान्तबीजं च युक्तं परिवहेन च ॥३३॥
पिङ्गलायामथाधारमतिश्वेतं च सप्तमम् । सतारकाद्यबीजं च ध्यायेत्सहपरावहम् ॥३४॥
ध्यानेषु सप्तस्वेतेषु षट्स्वावृत्तिः पुनर्मता । योगिनः सप्तमे तु स्यान्न पुनर्जन्मसङ्कटम् ॥३५॥
उपासकान्नयन्त्येते स्वस्वलोकान्महौजसः । षड्वायवः सप्तमस्तु भगवद्धाम चेप्सितम् ॥३६॥
एवं वायुस्थितिं ज्ञात्वा स्वस्येच्छा यादृशी भवेत् । उपास्य तादृशं वायुं देहं जह्यात्तदात्मकः ॥३७॥
त्यागात्यागौ हि वपुषः स्वतन्त्रौ विजितात्मनाम् । योगिनां भवतो ब्रह्मभक्तिं विदधतां हरौ ॥३८॥
समाधिनिष्ठां परमामुपेतैः स्वातन्त्र्यमाप्तैः स्ववपुस्त्यजौ च ।
कर्तव्यमित्थं कथितं मया ते ब्रुवे ततोऽन्यैश्च विधेयमद्य ॥३९॥

---

ગૌરવર્ણવાળા અને વંકાર બીજરૂપ શરીરધારી સમાન નામના વાયુનું પ્રણવે સહિત વિવહ નામના વાયુની સાથે એકતા કરી ધ્યાન કરવું.[૩૨] ઈડાનાડીને વિષે શ્વેતવર્ણવાળા અને હંકાર બીજરૂપ શરીરધારી એવા છઠ્ઠા ઉત્ક્રમણ નામના વાયુનું પ્રણવની સાથે પરિવહન નામના વાયુની સાથે એકતા કરી ધ્યાન કરવું.[૩૩] ત્યારપછી પિંગલાનાડીને વિષે અતિશય શ્વેતવર્ણવાળા અને આકાર બીજરૂપ શરીરધારી સાતમા આધાર વાયુનું પ્રણવની સાથે પરાવહ નામના વાયુની સાથે એકતા કરી ધ્યાન કરવું.[૩૪]

હે મુનિ ! સાત પ્રકારના વાયુઓના ધ્યાનની મધ્યે છ પ્રકારના ધ્યાનમાં યોગીને પુનરાવૃત્તિ માનેલી છે. પરંતુ સાતમા ધ્યાન પછી યોગીને પુનર્જન્મ સંકટનો ભય રહેતો નથી.[૩૫] પહેલા આ છ મહાબળવાન વાયુઓ પોતાની ઉપાસના કરનારા યોગીને પોતપોતાના લોકમાં લઈ જાય છે. સાતમો પરાવહ વાયુ છે, તે ભગવાનના એકાંતિક ભક્ત યોગીઓને ઈચ્છવા યોગ્ય બ્રહ્મપુર નામના ભગવાન શ્રીવાસુદેવના ધામને વિષે લઈ જાય છે.[૩૬] આ પ્રમાણે વાયુઓની સ્થિતિ જાણીને પોતાને જ્યાં જવાની ઈચ્છા હોય તેવા વાયુની ઉપાસના કરી તે વાયુની સાથે એકાત્મતા સાધી યોગીએ શરીરને છોડવું.[૩૭]

હે શતાનંદ મુનિ ! ભગવાન શ્રીહરિને વિષે એકાંતિકી ભક્તિ કરતાં કરતાં અંતઃકરણ ઉપર વિજય મેળવનાર યોગીઓને શરીરનો ત્યાગ કરવો કે ત્યાગ ન કરવો, તેમાં તે સ્વતંત્ર હોય છે.[૩૮] હે મુનિ ! આ પ્રમાણે પરમ સમાધિ નિષ્ઠાને પ્રાપ્ત કરેલા અને પોતાના શરીરનો ત્યાગ કરવામાં સ્વતંત્રતા પામેલા યોગીઓનું કર્તવ્ય અમે તમને કહ્યું. હવે એ યોગીઓ કરતાં બીજા જે અસ્વતંત્ર સમાધિવાળા યોગીઓ

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे योगोपदेशे बाह्याभ्यन्तरवायुस्वरूपनिरूपणनामा चतुःषष्टितमोऽध्यायः ॥६४॥*

---

**पञ्चषष्टितमोऽध्यायः - ६५**

**श्रीनारायणमुनिरुवाच :-**

चिह्नैर्जाग्रति च स्वप्ने जायमानैस्तु योगिना । एतैः स्वासन्नमृत्युत्वं निश्चेतव्यमिहादितः ॥१॥
देववर्त्म ध्रुवं शुक्रं तथा गुरुमरुन्धतीम् । आसन्नमृत्युः पुरुषश्छायां स्वस्य च नेक्षते ॥२॥
सूर्यमग्निं शशाङ्कं च पश्येन्निस्तेजसं स च । द्वैरूप्यमपि चन्द्रादेर्वीक्षेत ज्योतिषोऽम्बरे ॥३॥
वान्तिमूत्रपुरीषाणि स्वर्णरूप्यनिभानि च । वृक्षानपि स्वर्णवर्णानासन्नमृतिरीक्षते ॥४॥

---

છે તેનું કર્તવ્ય શું છે ? તે તમને જણાવીએ છીએ.[૩૯]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં યોગનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ બાહ્ય અને આભ્યંતર વાયુઓના સ્વરૂપોનાં લક્ષણોનું નિરૂપણ કર્યું, એ નામે ચોસઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૪--***

---

## અધ્યાય - ૬૫

## જેનું મૃત્યુ નજીક આવ્યું હોય તેને જાગ્રત અને સ્વપ્નમાં દેખાતાં ચિહ્નોનું ભગવાન શ્રીહરિએ કરેલું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે મુનિ ! અસ્વતંત્ર સમાધિવાળા યોગીઓએ આલોકમાં જાગ્રત અવસ્થામાં અને સ્વપ્ન અવસ્થામાં ઉત્પન્ન થતાં ચિહ્નોથી પોતાના શરીરનો પાત થાય તેના પહેલાંજ પોતાના નજીક આવેલા મૃત્યુનો નિર્ણય કરી લેવો. તેમાં પ્રથમ જાગ્રત અવસ્થામાં અનુભવાતાં નિકટવર્તી મૃત્યુનાં ચિહ્નો કહીએ છીએ.[૧]

જેનું મૃત્યુ નજીક આવેલું છે. તેવો યોગીપુરુષ દેવમાર્ગ, ધ્રુવ, શુક્ર, ગુરુ અને અરુન્ધતીના તારાને જોઈ શકતો નથી. તેમજ પોતાની છાયાને જોઈ શકતો નથી.[૨] વળી એ યોગીને સૂર્ય, અગ્નિ અને ચંદ્રમા નિસ્તેજ દેખાય છે. આકાશમાં

कर्दमे वालुकादौ वा पदकार्धानि चात्मनः । छायां सच्छिद्रां पश्येच्च प्रतिबिम्बं स चाशिरः ॥५॥
कृशः स्थूलो भवेत्सद्यो देहः स्थूलोऽथवा कृशः । यदा तदपि विज्ञेयमासन्नमृतिलक्षणम् ॥६॥
देहश्चोरणदुर्गन्धो भवेद्यस्य च देहिनः । दहच्छवसगन्धो वा तस्यापि निकटे मृतिः ॥७॥
यस्य च स्नातमात्रस्य हृदयं चरणावपि । शुष्कतां प्राप्नुयातां च स म्रियेताचिरेण वै ॥८॥
यस्याशितं च पीतं च न किञ्चिदपि जीर्यते । करोति न गुणं किञ्चिच्चौषधं सोऽपि तादृशः ॥९॥
स्यात्तालूदरहृद्दाहो नासाश्रवणवक्रता । सर्वाङ्गसन्धिशूलानि भवेयुर्लक्ष्म तन्मृतेः ॥१०॥
भुक्त्वा तृप्तस्यापि भवेद्यस्य सद्यः क्षुदुद्भवः । दीपादिगन्धज्ञानं च न स्यात्सोऽप्यन्तिकान्तकः ॥११
योऽन्यनेत्रे न पश्येत्स्वं पिधाय श्रवसी तथा । प्राणघोषं न शृणुयान्मृत्युस्तस्याविदूरतः ॥१२॥
इन्द्रियैर्गृह्यमाणानां विषयाणां पृथक्पृथक् । सदसत्त्वेन विज्ञानं न स्यात्तन्मृत्युलक्षणम् ॥१३॥

---

ચંદ્ર અને તારામંડળ બે બે રૂપે દેખાય છે.[૩] વળી જેનું મૃત્યુ નજીક છે, એવા યોગીને પોતાની ઉલટી, મળમૂત્ર સુવર્ણના રંગ જેવાં દેખાય છે. તેમ જ વૃક્ષો પણ સુવર્ણનાં દેખાય છે.[૪] વળી એ યોગીને કાદવ કે રેતીમાં પોતાનાં પગલાં અર્ધાં અર્ધાં દેખાય છે. પડછાયામાં છિદ્રો દેખાય છે. તળાવ આદિકના જળમાં પોતાના શરીરનું પ્રતિબિંબ મસ્તક વગરનું દેખાય છે.[૫] જ્યારે સ્વભાવસિદ્ધ દુર્બળ શરીરમાં આકસ્મિક અત્યંજ સોજા ચડે, અથવા સ્થૂલ શરીર તત્કાળ કૃશ થઈ જાય, આ પણ મૃત્યુ નજીક આવ્યાનાં લક્ષણો છે.[૬]

જે યોગીનો દેહ ઘેટાંની જેવો અતિશય દુર્ગંધવાળો થઈ જાય, અથવા બળેલા શબની ગંધ જેવો ગંધ મારવા માંડે, તેનું મૃત્યુ નજીક આવ્યું છે એમ જાણવું.[૭] સ્નાન કરવા માત્રમાં જ જે યોગીનું હૃદય અને પગ વિના વિલંબે સુકાઈ જાય, તે યોગી અલ્પ સમયમાં જ મૃત્યુ પામે છે.[૮] જે યોગીની ખાધેલી તથા પીધેલી કંઈ પણ વસ્તુ પેટમાં પચે નહિ, અને કોઈ પણ દવા ગુણકારી થાય જ નહિ, તેનું પણ મૃત્યુ નજીક આવ્યુ છે, એમ જાણવું.[૯] તાળવું, ઉદર અને હૃદયમાં દાહ થાય, નાક અને કાન વાંકા વળી જાય, સર્વ અંગના સાંધાઓમાં શૂળ ઉપડે, તે લક્ષણો મૃત્યુ નજીક આવયાનાં જાણવાં.[૧૦]

જમીને તૃપ્ત થવા છતાં, જે યોગીને ફરી તત્કાળ ભૂખ લાગવા માંડે, અને જેને દીવાના ગંધનું જ્ઞાન ન થાય, તેનું મૃત્યુ નજીક આવ્યું જાણવું.[૧૧] બીજાના નેત્રની કીકીમાં પોતાના મુખનું પ્રતિબિંબ ન દેખાય તથા પોતાના કાનમાં આંગળીઓ ભરાવી બંધ કરે, છતાં પ્રાણનાદનું શ્રવણ ન થાય, તો સમજવું કે મૃત્યુ નજીક

नेत्रभ्रमिर्नाभिकार्ष्ण्यं दन्तानां चापि कृष्णता । प्रकृतेश्च विपर्यास आसन्नमृतिलक्षणम् ॥१४॥
पूज्यानामपमानश्च दानीयाद्ग्रहणेषणा । इत्यादीन्यवगम्यानि मृत्युचिह्नानि जाग्रति ॥१५॥
तथा स्वप्ने य आरुह्य ऋक्षवानरवाहनम् । खरं वोष्ट्रं व्रजेद्याम्यां दिशं तस्यान्तिके मृतिः ॥१६॥
गर्ते वा पतितः स्वप्ने तत्र रुद्ध्येत केनचित् । यः स आसन्नमृत्युर्वै प्रेतं यश्च परिष्वजेत् ॥१७॥
निमज्जेद्योऽप्यसु वा स्वप्ने प्रविशेद्वा हुताशनम् । विषमद्यात्कर्दमे वा लग्नः स्यात्सोऽन्तिकान्तकः ॥१८
तैलाभ्यक्तः ककुब्वासा जपाकुसुममाल्यधृत् । दक्षिणां यो दिशं गच्छेत्स्वप्ने तस्यान्तिके मृतिः ॥१९
इत्यादीनि च चिह्नानि सन्ति स्वाप्नानि सन्मते ! । तैरपि स्वान्तिके मृत्युं प्राप्तं विद्यात्स योगकृत् ॥२०
चिह्नमासन्नमृत्योस्तु स्वस्य यस्मिन्दिने भवेत् । तत आरभ्य मतिमान्सावधानो द्रुतं भवेत् ॥२१॥
वपुर्जगच्च सकलमसदेवेति निश्चयात् । विरक्तस्तत्र नवधा भक्तौ स्यान्निरतो हरेः ॥२२॥

---

આવ્યું છે.[૧૨] ઈન્દ્રિયોથી ગ્રહણ કરાતા વિષયોનું સારા કે નરસાનું અલગ અલગ ભાન ન થાય, તો સમજવું કે મૃત્યુ નજીક આવ્યું છે.[૧૩] નેત્રોનું ભ્રમણ, નાભિપ્રદેશ કૃશ થવો, દાંત અંદરથી કાળા પડી જવા, સ્વભાવમાં વિપરીતપણુ થઈ જવું, આ સર્વે મૃત્યુ નજીક આવ્યાનાં ચિહ્નો છે.[૧૪] તેમજ પૂજ્ય પુરુષોનું અપમાન અને દાન આપવા યોગ્ય વ્યક્તિ પાસેથી દાન લેવાની ઈચ્છા, ઈત્યાદિ જાગ્રત અવસ્થામાં મૃત્યુનાં ચિહ્નો જાણવાં.[૧૫]

હવે સ્વપ્રમાં જે ચિહ્નો દેખાય છે, તે કહીએ છીએ. જે યોગી સ્વપ્રમાં રીંછ, વાનર, ગર્દભ અથવા ઊંટ રૂપી વાહન ઉપર બેસી દક્ષિણ દિશા તરફ ગતિ કરે, તેમનું મૃત્યુ નજીક આવ્યું જાણવું.[૧૬] જે યોગી સ્વપ્રમાં ઊંડી ખાઈમાં પડ્યો હોય ને તેને કોઈ રુંધી રાખતો હોય, એવું દેખાય તો સમજવું કે મૃત્યુ નજીક આવ્યું છે. તથા તે સ્વપ્રમાં પ્રેત સાથે આલિંગન કરતો હોય, તેને પણ જાણવું કે મૃત્યુ નજીક આવ્યું છે.[૧૭] જે સ્થળે જળમાં ડૂબી જાય, અથવા અગ્નિમાં પ્રવેશ કરે, અથવા વિષનું પાન થાય, અથવા કાદવમાં ખૂંપી જાય, આ સર્વે મૃત્યુ નજીક આવ્યાનાં ચિહ્નો જાણવાં.[૧૮] જે યોગી સ્વપ્રમાં તેલથી શરીરે સ્નાન કરી, નગ્નદશામાં જાસૂદના ફૂલની માળા ધારણ કરી, દક્ષિણ દિશામાં જાય, તો તેનું મૃત્યુ નજીક આવ્યું જાણવું.[૧૯]

હે રૂડીબુદ્ધિવાળા મુનિ ! આવાં અનેક સ્વપ્ર સંબંધી ચિહ્નો છે. જેનાથી યોગી પોતાનું મૃત્યુ નજીક આવેલું જાણી શકે છે.[૨૦] પોતાને જે દિવસથી મૃત્યુ-નજીકનાં ચિહ્નોનો અનુભવ થાય, તે દિવસથી આરંભીને ડાહ્યા યોગીએ તત્કાળ

भक्तः स निर्भयो योगी कालेन वपुषो मृतौ । स्वतन्त्रयोगिवद्धाम प्राप्नोति परमं हरेः ॥२३॥
इत्थं योगस्य महिमा वर्तते मुनिसत्तम ! । तस्माच्छ्रेयोर्थिभिः पुम्भिः साधनीयोऽयमादरात् ॥२४॥
प्रागपीह बहवो महर्षयो भूमिपाश्च शतशोऽपि योगतः ।
लेभिरे स्वमनसोऽभिवाञ्छितं साध्य इत्ययमुदारबुद्धिभिः ॥२५॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे योगोपदेशे कालज्ञाननिरूपणनामा पञ्चषष्टितमोऽध्यायः ॥६५॥*

---

સાવધાન થઈ જવું.[૨૧] પોતાના શરીરને અને સમગ્ર જગતને નાશવંત માની તેમાંથી વૈરાગ્ય પામેલા યોગીએ ભગવાન શ્રીહરિની નવધા ભક્તિમાં પ્રીતિવાળા થઈ, તેમાં મગ્ન થઈ જવું.[૨૨] ભગવાનનો ભક્ત યોગી નિર્ભય થઈ કાળે કરીને શરીરનું મૃત્યુ થાય ત્યારે સ્વતંત્રતા પામેલા યોગીની જેમ જ ભગવાન શ્રીહરિના પરમ ધામને પામે છે.[૨૩]

હે મુનિવર્ય ! આવો યોગનો મહિમા રહેલો છે. તેથી પોતાનું કલ્યાણ ઈચ્છતા પુરુષોએ આ યોગને આદરપૂર્વક સિદ્ધ કરવો, સાધવો.[૨૪] પૂર્વે પણ આલોકમાં ઘણા બધા મહર્ષિઓ તથા સેંકડો રાજાઓ પણ આ યોગથી પોતાને મનોવાંછિત ગતિ પામ્યા છે. તેથી ઉદારબુદ્ધિવાળા ભગવાનના ભક્તોએ આ યોગને અવશ્ય સાધવો.[૨૫]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં યોગનો ઉપદેશ કરતાં શ્રીહરિએ મૃત્યુ નજીક આવ્યાના કાળના જ્ઞાનનું નિરૂપણ કર્યું, એ નામે પાસઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૫--***

---

षड्षष्टितमोऽध्यायः - ६६

श्रीनारायणमुनिरुवाच :-

योगोऽयं सिद्धिमायाति देशाद्यैः सेवितैः शुभैः । न सिद्ध्यत्यशुभैरेतैर्नाशहेतुश्च जायते ॥१॥
देशः कालः क्रिया ध्यानं शास्त्रं दीक्षा तथा मनुः । सङ्गश्च यादृशा ह्येते तादृक्तत्सेविनां फलम् ॥२॥
शुभैरेतैः सेवितैस्तु शुभा बुद्धिर्भवेन्नृणाम् । अशुभैस्तैर्भवेद्बुद्धिरभुभा नात्र संशयः ॥३॥
असतो देशकालादीन् न सेवेत ततः सुधीः । विहाय ताञ्छुभानेव हितार्थी शीघ्रमाश्रयेत् ॥४॥
योगशास्त्ररहस्यं हि साङ्गोपाङ्गमशेषतः । तुभ्यं बुभुत्सवे प्रोक्तमिति योगज्ञसम्मतम् ॥५॥
एतत्तु परमं गुह्यं योग्यत्वात्तव धीमतः । मया निगदितं सम्यग्यथा पृष्टं त्वया तथा ॥६॥
निर्मथ्य सर्वशास्त्रार्थंस्तत्सारोऽयं समुद्धृतः । मया सङ्कथितस्तुभ्यं सर्वलोकहितावहः ॥७॥

## અધ્યાય - ૬૬

## ભગવાન શ્રીહરિએ યોગનો ઉપદેશ પૂર્ણ કરતાં શતાનંદ સ્વામીએ કરેલી ભગવાન શ્રીહરિની સ્તુતિ અને શ્રીહરિએ આપેલા વરદાનનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે મુનિ ! અમે કહેલો આ યોગ શુભ દેશ-કાળાદિકના સેવનથી સિદ્ધ થાય છે અને અશુભ દેશ-કાળાદિકના સેવનથી સિદ્ધ થતો નથી, ઉલટાનો વિનાશનું કારણ બને છે.[૧] દેશ, કાળ, ક્રિયા, ધ્યાન, શાસ્ત્ર, દીક્ષા, મંત્ર અને સંગ આ આઠ જેવાં હોય તેવું ફળ મળે છે. શુભ હોય તો સેવન કરનારને શુભફળ મળે અને અશુભ હોય તો અશુભ ફળ મળે છે.[૨] આ શુભદેશકાળાદિકનું સેવન કરવાથી મનુષ્યની બુદ્ધિ શુભ થાય છે અને અશુભ દેશકાળાદિકનું સેવન કરવાથી અશુભ થાય છે, તેમાં કોઈ જાતનો સંશય નથી.[૩] તેથી બુદ્ધિમાન પુરુષે અસત્ દેશકાળાદિકનું સેવન ન કરવું. પોતાનું હિત ઈચ્છતા પુરુષે અસત્ દેશકાળાદિકનો તત્કાળ ત્યાગ કરી શુભ દેશકાળાદિકનું જ સેવન કરવું.[૪]

હે મુનિ ! આ પ્રમાણે યોગશાસ્ત્રના જ્ઞાતા પુરુષોએ પ્રમાણ કરેલા અંગ અને ઉપાંગે સહિત યોગશાસ્ત્રનું રહસ્ય જાણવા ઈચ્છતા તમને અમે કહ્યું.[૫] આ યોગશાસ્ત્રનું પરમ રહસ્ય છે. તે તમે જેવું પૂછ્યું તેવું જ અમે તમને બુદ્ધિમાન અને યોગ્ય અધિકારી જાણીને કહ્યું છે.[૬] સર્વે શાસ્ત્રોના અર્થોનું મંથન કરી તેઓનો સાર ગ્રહણ કરીને સર્વલોકનું હિત કરનારો એ સાર અમે તમને સંભળાવ્યો છે.[૭] જે આ

यो योगशास्त्रमेतत्तु शृणुयात्कीर्तयेच्च यः । सर्वपातकसङ्घेभ्यो मुच्येयातां हि तावपि ॥८॥

सुव्रत उवाच :-

इति सद्गुरुणा तेन योगशास्त्रमुदीरितम् । शतानन्दमुनिः श्रुत्वा सोऽतिहृष्टोऽभवन्नृप ! ॥९॥
अन्येऽपि मुनयः सर्वे निशम्यैतत्तदाश्रिताः । सम्प्राप्य परमानन्दं तं संस्तुत्य ववन्दिरे ॥१०॥
प्राप्तानन्दः शतानन्दः स चापि परमादरात् । तं नमस्कृत्य तुष्टाव भगवन्तं नराकृतिम् ॥११॥

शतानन्द उवाच :-

श्रीवासुदेव ! विमलामृतधामवासं नारायणं नरकतारणनामधेयम् ।
श्यामं सितं द्विभुजमेव चतुर्भुजं च त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥१२॥
शिक्षार्थमत्र निजभक्तिमतां नराणामेकान्तधर्ममखिलं परिशीलयन्तम् ।
अष्टाङ्गयोगकलनाश्च महाव्रतानि त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥१३॥

---

યોગશાસ્ત્રના સારને સાંભળશે અને જે કહેશે, તે બન્ને સર્વ પ્રકારના પાપ થકી મુકાઇ જશે.[૮]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! સકલ યોગશાસ્ત્રના રહસ્યના ઉપદેષ્ટા, સદ્‌ગુરુ, ભગવાન શ્રીનારાયણમુનિએ આ પ્રમાણે કહેલા યોગશાસ્ત્રને સાંભળીને યોગ વિષયક પ્રશ્ન કરનારા શતાનંદ સ્વામી અતિશય આનંદિત થયા.[૯] તેના સિવાયના બીજા ભગવાન શ્રીહરિના આશ્રિત સર્વે સંતો તથા હરિભક્તો પણ આ યોગશાસ્ત્રના શ્રવણથી પરમ આનંદ પામ્યા ને ભગવાન શ્રીહરિની સ્તુતિ કરી વંદન કર્યા.[૧૦] પરમ આનંદ પામેલા શતાનંદ સ્વામી પણ મનુષ્યાકૃતિમાં રહેલા ભગવાન શ્રીહરિને પરમ આદરથી નમસ્કાર કરી સ્તુતિ કરવા લાગ્યા.[૧૧]

**શતાનંદમુનિકૃત સ્તોત્ર :–** હે શ્રીવાસુદેવ ! તમે નિર્મળ એવા અમૃત નામે રહેલા અક્ષરધામને વિષે સદાય નિવાસ કરીને રહ્યા છો. સર્વના અંતર્યામી નારાયણ છો. તમારાં સ્વામિનારાયણાદિ નામો પણ ઉચ્ચારણ કરનાર અને સાંભળનારને નરકમાંથી તારે છે. તમે નવીન મેઘની સમાન શ્યામ સુંદર શરીરધારી છો. છતાં શરીરમાંથી નીકળતી શ્વેત પ્રભાને કારણે શ્વેતકાંતિમાન જણાવો છો. સદાય દ્વિભુજ છો, છતાં ભક્તજનોની ઇચ્છા પૂર્તિ કરવા ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપો છો. એવા હે ભક્તિધર્મના પુત્ર શ્રીહરિ ! હું તમારે શરણે આવ્યો છું.[૧૨]

હે શ્રીહરિ ! તમે આલોકમાં પોતાના એકાંતિક ભક્તોની શિક્ષાને માટે સંપૂર્ણ અંગે યુક્ત એકાંતિક ધર્મનું પાલન કરો છો. તેમજ અષ્ટાંગ યોગની સમગ્ર

श्वासेन साकमनुलोमविलोमवृत्त्या स्वान्तर्बहिश्च भगवत्युरुधात्मनश्च ।
पुरे गतागतजलाम्बुधिनोपमेयं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।१४।।
बाह्यान्तरिन्द्रियगणश्वसनाधिदैववृत्त्युद्भवस्थितिलयानपि जायमानान् ।
स्थित्वा ततः स्वमहसा पृथगीक्षमाणं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।१५।।
मायामयाकृतितमोशुभवासनानां कर्तुं निषेधमुरुधा भगवत्स्वरूपे ।
निर्बीजसाङ्ख्यमतयोगगयुक्तिभाजं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।१६।।

---

કળાઓનું અને અહિંસા તથા નૈષ્ઠિક બ્રહ્મચર્યાદિ મહાવ્રતોનું પણ પરિશિલન (પાલન) કરો છો. એવા હે ભક્તિધર્મના પુત્ર શ્રીહરિ ! હું તમારે શરણે આવ્યો છું.[૧૩]

પ્રાણાયામ સમયે પોતાના શ્વાસની સાથે પોતાના અંતઃકરણમાં અને બહાર નેત્રોની આગળ પોતાના વાસુદેવરૂપ ભગવત્સ્વરૂપને વિષે વારંવારની અનુલોમ-વિલોમવૃત્તિની આવૃત્તિદ્વારા તમે ચડતી વેળમાં આવતા જતા જળવાળા સમુદ્રની ઉપમા આપવા યોગ્ય છો, અર્થાત્ તમારા શ્વાસની અનુલોમ-વિલોમ આવૃત્તિ સમુદ્રમાં આવતા જતા મોજાની ઉપમા આપવા લાયક છે. અને તમે સમુદ્રની ઉપમા લાયક છો. એવા હે ભક્તિધર્મના પુત્ર શ્રીહરિ ! હું તમારે શરણે આવ્યો છું.[૧૪]

ઉત્પન્ન થતી નેત્રાદિ બ્રાહ્ય ઈન્દ્રિયોની અને મન આદિ આંતર ઈન્દ્રિયોના ગણની ક્રિયા તથા પ્રાણવાયુની ક્રિયા તથા તે તે ઈન્દ્રિયોના દેવતાઓની વૃત્તિની ઉત્પતિ, સ્થિતિ અને લયરૂપ ક્રિયાને પોતાના અસાધારણ પ્રતાપને કારણે સર્વેના સાક્ષીરૂપે સર્વેથી અલગ રહીને, સર્વેની ગતિને જોતા થકા હમેશાં સ્વસ્વરૂપની સ્થિતિમાં વર્તી રહેલા, એવા હે ભક્તિધર્મના પુત્ર શ્રીહરિ ! હું તમારે શરણે આવ્યો છું.[૧૫]

ક્યારેક પોતાના પ્રગટ મનુષ્યાકૃતિરૂપ ભગવત્સ્વરૂપને વિષે દેખાતી માયામય આકૃતિ અજ્ઞાનતા તથા અશુભવાસના આદિકનો અતિશય નિષેધ કરવા માટે નિર્બિજ સાંખ્યમત તથા નિર્બિજ યોગમતની યુક્તિઓનું અનુસરણ કરી, પોતાનું સર્વથી સદાય નિર્લેપપણું સમજાવતા, એવા હે ભક્તિધર્મના પુત્ર શ્રીહરિ ! હું તમારે શરણે આવ્યો છું. (અહીં દિવ્યરૂપ શ્રીવાસુદેવનારાયણની ઉપાસનાને કારણે તથા સાંખ્યવિચાર અને યોગવિચારના અભ્યાસને કારણે, હું સર્વદા શુદ્ધ સ્વરૂપે રહી શકું છું, મને આલોકની કોઈ અશુદ્ધિ સ્પર્શી શક્તી નથી, તો દિવ્યસ્વરૂપ ભગવાન શ્રીવાસુદેવની મૂર્તિને અશુદ્ધિ ક્યાંથી સ્પર્શી શકે ? એવું સમજાવવાનો અહીં ભાવ છે).[૧૬]

दिव्याकृतित्वसुमहस्त्वसुवासनानां सम्यग्विधिं प्रथयितुं च पतौ रमायाः ।
सालम्बसाङ्ख्यपथयोगसुयुक्तिभाजं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।१७।।
कामार्ततस्करनटव्यसनिद्विषन्तः स्वस्वार्थसिद्धिमिव चेतसि नित्यमेव ।
नारायणं परमयैव मुदा स्मरन्तं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।१८।।
साध्वीचकोरशलभास्तिमिकालकण्ठकोका निजेष्टविषयेषु यथैव लग्नाः ।
मूर्तौ तथा भगवतोऽत्र मुदाऽतिलग्नं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।१९।।
स्नेहातुरस्त्वथ भयातुर आमयावी यद्वत्क्षुधातुरजनश्च विहाय मानम् ।
दैन्यं भजेयुरिह सत्सु तथा चरन्तं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।२०।।

---

રમાપતિ ભગવાન શ્રીવાસુદેવ નારાયણને વિષે રહેલા સદાય દિવ્યાકૃતિપણાને સમજાવવા, તથા તેમને વિષે રહેલા સુમહસ્પણાને અર્થાત્ સ્વતઃસિદ્ધ પ્રકાશના પર્યાયરૂપ જ્ઞાનપણાને સમજાવવા તથા અનાદિકાળની માયામાં બંધાયેલા પોતાના શરણગત જીવોને માયાનું બંધન છૂટે અને આત્યંતિક કલ્યાણ થાય, તે માટે તેઓને પોતાના સ્વરૂપનો ઉપદેશ આપીને અને તેઓએ અર્પણ કરેલ વસ્તુઓનો સ્વીકાર કરવારૂપ શુભ વાસનાઓના વિધિને યથાર્થપણે વિસ્તારથી સમજાવવા માટે સબીજસાંખ્યમત અને સબીજયોગમતની યુક્તિઓને સારી રીતે અનુસરતા, એવા હે ભક્તિધર્મના પુત્ર શ્રીહરિ ! હું તમારે શરણે આવ્યો છું.[૧૭]

કામાતુર, ચોર, નટ, વ્યસની, અને દ્વેષી માણસ જે રીતે પોતાના મનમાં સતત પોતાના સ્વાર્થની સિદ્ધિનું સ્મરણ કરે છે. તેવી જ રીતે સતત પરમ હર્ષથી શ્રીનારાયણનું સ્મરણ કરી રહેલા, હે ભક્તિધર્મના પુત્ર શ્રીહરિ ! હું તમારે શરણે આવ્યો છું.[૧૮] (અહીં કામાતુરને હમેશાં પોતાની મનગમતી સ્ત્રીની, ચોરને પોતાના મનમાં વસી ગયેલા ધનની, નટને અનેક પ્રકારના કળાકૌશલ્યની સિદ્ધિની, વ્યસનીને પોતાને મનગમતા વ્યસનની, દ્વેષીને પોતાના વેરીનો વિનાશ કરવારૂપ સિદ્ધિની પ્રાપ્તિ અર્થેનું સમરણ હોય છે. તેવું શ્રીહરિને ભગવાનનું સ્મરણ રહેતું)

આલોકમાં પતિવ્રતાનારી, ચકોરપક્ષી પતંગિયું, માછલું, મોર અને ચક્રવાકપક્ષી જેવી રીતે પોતપોતાના ઈચ્છિત વિષયોમાં એકદમ લગ્ન (આસક્ત) હોય છે. એવી જ રીતે ભગવાન શ્રીવાસુદેવની મૂર્તિમાં હર્ષપૂર્વક અતિશય લગ્ન રહેતા એવા હે ભક્તિધર્મના પુત્ર શ્રીહરિ ! હું તમારે શરણે આવ્યો છું.[૧૯] (અહીં પતિવ્રતાનારીને પોતાના પતિ સિવાય ક્યાંય આસક્તિ હોતી નથી. ચકોરપક્ષીને

धर्मस्थितैरुपगतैर्बृहता सहैक्यं सेव्यो हरिः सितमहःस्थितदिव्यमूर्तिः ।
शब्दाद्यरागिभिरिति स्वमतं वदन्तं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥२१॥
सद्ग्रन्थनित्यपठनश्रवणादिसक्तं ब्राह्मीं च सत्सदसि शासतमत्र विद्याम् ।
संसारजालपतिताखिलजीवबन्धो ! त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥२२॥

**सुव्रत उवाच :-**

इति स्तुत्वा च नत्वा तं प्राञ्जलिः स तदग्रतः । तस्थौ मुनिस्तं भगवान्प्रीतः प्रोवाच भूपते ! ॥२३॥

---

ચંદ્રમા સિવાય, પતંગિયાને અગ્નિના રૂપ સિવાય, માછલાને પાણી સિવાય, મોરને મેઘ સિવાય અને ચક્રવાકને ચક્રવાકી સિવાય ક્યાંય આસક્તિ હોતી નથી. એવી ભગવાનના ભક્તને ભગવાન સિવાય બીજે ક્યાંય આસક્તિ હોવી જોઈએ નહિ, એવો ભાવ છે)

આલોકમાં સ્નેહાતુર, ભયાતુર, તીવ્રરોગાતુર અને ક્ષુધાતુર આ ચાર પ્રકારના મનુષ્યો જેવી રીતે સર્વપ્રકારનું માન છોડી રાંકની જેમ વર્તે છે. એવી જ રીતે ભગવાનના એકાંતિક સંતોની લોકશિક્ષાને માટે પોતાનું માન છોડી રાંકપણાનો સ્વીકાર કરી વર્તી રહેલા એવા હે ભક્તિધર્મના પુત્ર શ્રીહરિ ! હું તમારે શરણે આવ્યો છું.[૨૦]

મનુષ્યોએ પોતપોતાના ધર્મમાં દૃઢ વર્તી, શબ્દાદિ માયિક પંચવિષયોમાંથી તીવ્ર વૈરાગ્યને પામી અને અક્ષરબ્રહ્મની સાથે પોતાના આત્માનો એકાત્મભાવ સાધી, અતિશય તેજોમય એવા અક્ષરબ્રહ્મધઆમને વિષે સદાય સાકારમૂર્તિ સ્વરૂપે રહેલા ભગવાન શ્રીહરિનું નવધા ભક્તિથી ભજન કરવું. આવા પોતાના સિદ્ધાંતનું ભક્તજનોની આગળ તેઓની શિક્ષાને માટે પ્રતિપાદન કરતા એવા હે ભક્તિધર્મના પુત્ર શ્રીહરિ ! હું તમારે શરણે આવ્યો છું.[૨૧] હે સંસારરૂપી જાળમાં પડી ફસાઈ ગયેલા સમગ્ર જીવોના બંધુ, અર્થાત્ સંસૃતિનું બંધન છોડાવનારા, પરમહિતકારી, પોતાના ભક્તોની શિક્ષાને માટે સદ્ગ્રંથોના અભ્યાસમાં અને તેના શ્રવણમાં હમેશાં પ્રીતિ ધરાવતા, તેમજ આલોકમાં સત્પુરુષોની સભામાં ભક્તોની શિક્ષાને માટે ઉપદેશ આપતા, એવા હે ભક્તિધર્મના પુત્ર શ્રીહરિ ! હું તમારે શરણે આવ્યો છું.[૨૨]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે સ્તુતિ કરી નમસ્કાર કરી બે હાથ જોડી શતાનંદ સ્વામી શ્રીહરિની સમીપે ઊભા રહ્યા. તે સમયે ભગવાન શ્રીહરિ પ્રસન્ન થઈને બોલ્યા, હે મહર્ષિ ! હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. અત્યારે

महर्षे ! यन्मनोभीष्टं भवेत्तव मदद्य तत् । वृणु प्रीतोऽस्म्यहं तुभ्यं तद्दास्यामि न संशयः ॥२४॥
शतानन्द उवाच :-
प्रसन्नो यदि मे स्वामिंस्तर्हि त्वं कृपयाऽद्य हि । मनोरथं चिरत्नं मे सम्पूरयितुमर्हसि ॥२५॥
त्वच्चरित्रग्रन्थमहं चिकीर्षामि जगद्गुरो ! । तदाज्ञां देहि मे पूर्वं भवताऽस्ति प्रतिश्रुतम् ॥२६॥
सफलस्तेन भविता विद्याभ्यासश्रमो मम । इत्यभीष्टं हि मे देहि भक्ताभीष्टप्रदोऽसि हि ॥२७॥
इत्यर्थितः स मुनिना प्रेमभक्तेन धीमता । प्रसन्नः प्राह तं योगनि् ! कुरु ग्रन्थं स्ववाञ्छितम् ॥२८॥
यथाश्रुतं यथादृष्टं चरित्रं मम वर्णय । ज्ञानं त्रैकालिकं बुद्धौ भवत्येव तवानघ ! ॥२९॥
मनःस्थानप्यभिप्रायान्सर्वेषां वेत्स्यसि ध्रुवम् । न ते त्वविदितं किञ्चिद्भविताऽतिप्रियोऽसि मे ॥३०॥
अन्तर्हिते मयि भुवो मच्छ्रितानां नृणां मुने ! । त्वत्कृतो ग्रन्थ एवात्र भविष्यत्याश्रयो महान् ॥३१॥

---

તમને મનોવાંછિત વરદાન માગવાની ઈચ્છા હોય, તે મારી પાસેથી માગો. તેથી તમારો મનોરથ પૂર્ણ કરીશ, તેમાં કોઈ જાતનો સંશય નથી.[૨૩-૨૪]

તે સમયે ખુશ થયેલા શતાનંદ સ્વામી કહેવા લાગ્યા કે હે સ્વામિન્ ! જો આપ મારા ઉપર પ્રસન્ન થયા હો તો મારો બહુ લાંબા સમયનો મનોરથ છે, તે આપ અત્યારે પૂર્ણ કરો.[૨૫] હે જગદ્‌ગુરુ ! હું તમારા ચરિત્રનો ગ્રંથ કરવા ઈચ્છુ છું. તો આપ મને તે ગ્રંથની રચના કરવાની આજ્ઞા આપો. કારણ કે તમે જ પૂર્વે પ્રતિજ્ઞા કરેલી છે.[૨૬] તમારા ચરિત્રગ્રંથની રચના કરવાથી મારો વિદ્યાભ્યાસનો પરિશ્રમ સફળ થશે. આ પ્રકારની અત્યારે મારી ઈચ્છા વર્તે છે. તેને તમે પૂર્ણ કરો. કારણ કે તમે ભક્તજનોને ઈચ્છિત વરદાન આપો છો.[૨૭]

હે રાજન્ ! આ પ્રમાણે ગાઢ પ્રેમ-ભક્તિવાળા બુદ્ધિમાન શતાનંદ સ્વામીએ પ્રાર્થના કરીને માગણી કરી, ત્યારે અતિશય પ્રસન્ન થઈને ભગવાન શ્રીહરિ સ્વામી પ્રત્યે કહેવા લાગ્યા કે, હે યોગી ! તમારી ઈચ્છાનુસાર મારાં ચરિત્રના સંદર્ભવાળો ગ્રંથ તમે રચો.[૨૮] હે નિષ્પાપ ! જેવાં મારાં સાંભળેલાં તથા પ્રત્યક્ષ સમાધિમાં જોયેલાં હોય તેવાં ચરિત્રોનું વર્ણન કરો. કારણ કે મારી કૃપાથી તમારી બુદ્ધિમાં ત્રણે કાળનું જ્ઞાન વર્તે છે.[૨૯] તમે સમગ્ર મનુષ્યોના મનમાં રહેલા અભિપ્રાયોને ચોક્કસ જાણી શકશો. તમારાથી અજાણ્યું કંઈ પણ રહેશે નહિ. કારણ કે તમે મને બહુજ પ્રિય છો, તેથી તમને આ વરદાન આપું છું.[૩૦]

હે મુનિ ! અમે આ પૃથ્વીપરથી અંતર્ધાન થઈશું ત્યારે તમે રચેલો મારા ચરિત્રના સંદર્ભવાળો ગ્રંથ જ આ લોકમાં મારા આશ્રિત મનુષ્યોને અતિશય

शिक्षापत्रीं मल्लिखितां ग्रथानाऽऽदौ त्वमञ्जसा । पद्यैरानुष्टुभैरेव महाग्रन्थं ततः कुरु ॥३२॥
विजने हि स्थिरा बुद्धिः स्यादतः कृष्णमन्दिरे । वासोचिताऽस्ति कुट्येका तत्रैव निवसेर्मुने ! ॥३३

**सुव्रत उवाच :-**

एवमुक्तः स हरिणा मुनि प्रीततरोऽभवत् । तं प्रणम्य निजावासमुपेयाय नराधिप ! ॥३४॥
आज्ञा हरेरेव शुभं मुहूर्तं विदन्स कृष्णालयरम्यकुट्यम् ।
कृत्वा स्ववासं च तदैव शिक्षापत्रीं मुनिर्ग्रन्थितुमुद्यतोऽभूत् ॥३५॥

**इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे शतानन्दवरप्रदाननामा षट्षष्टितमोऽध्यायः ॥६६॥**

---

**આધારરૂપ થશે.[૩૧] તમે પ્રથમ સમગ્ર લોકોના હિતને માટે અમે રચેલી શિક્ષાપત્રીને તત્ત્વપૂર્વક અનુષ્ટુપછંદવાળા શ્લોકોથી ગ્રંથરૂપે રચો અને તેના ઉપર અર્થદીપિકા ટીકા પણ લખો. ત્યારબાદ અમારા ચરિત્રના સંદર્ભવાળો મહાગ્રંથ સત્સંગિજીવન રચો.[૩૨] હે મુનિ ! એકાંતસ્થળમાં બુદ્ધિ સ્થિર થાય છે. તેથી ગોપીનાથજીના મંદિરમાં નિવાસ કરવા યોગ્ય એક ઓરડી રહેલી છે. તેમાં તમે નિવાસ કરો.[૩૩]**

**સુવ્રતમુનિ કહે છે, હે નરાધિપ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ કહ્યું, તેથી શતાનંદ સ્વામી અતિશય પ્રસન્ન થયા ને શ્રીહરિને નમસ્કાર કરી પોતાના નિવાસસ્થાને આવ્યા.[૩૪] ભગવાન શ્રીહરિની આજ્ઞા એજ શુભ મુહૂર્ત છે, એમ જાણીને શતાનંદમુનિ ગોપીનાથજીના મંદિરમાં રહેલી ઓરડીમાં નિવાસ કરી, તે જ ક્ષણે શિક્ષાપત્રીને ગ્રંથસ્વરૂપે કરવા તત્પર થયા.[૩૫]**

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં શતાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિની સ્તુતિ કરી અને શ્રીહરિએ સ્વામીને વરદાન આપ્યું, નામે છાસઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૬--***

---

सप्तषष्टितमोऽध्यायः - ६७

सुव्रत उवाच :-

त्रयोदशी धनाद्याऽऽसीत्तदानीं नृपसत्तम ! । शिक्षापत्रीं समारेभे स तस्यां ग्रन्थितुं मुनिः ॥१॥
पूर्णा यमद्वितीयायां सा कृता तेन सद्धिया । श्लोकाः शतद्वयं तस्या आसंश्च द्वादशोत्तरम् ॥२॥
ततः स भगवत्प्रीत्यै तस्याष्टीकां च शोभनाम् । आरेभे तां सहोमासे पञ्चम्यां च समापयत् ॥३॥
तस्यामेव तिथौ राजन्नपराह्णे समार्पयत् । हरये मुनिभिः साकमुपविष्टाय संसदि ॥४॥
सटीकां पत्रिकां स्वीयां दृष्ट्वा तां सन्तुतोष सः । प्रशंसां बहुधा चक्रे शतानन्दस्य संसदि ॥५॥
यावान्मदीयोऽभिप्राय आसीत्तावानशेषतः । अत्रानीतोऽस्त्यनेनेति मुनीन्भक्तांश्च सोऽवदत् ॥६॥

## અધ્યાય - ૬૭

## શતાનંદ સ્વામીએ શિક્ષાપત્રી ઉપર અર્થદીપિકા ટીકા લખી શ્રીહરિને આપી ને શ્રીહરિએ કરેલી તેની ખૂબ પ્રશંસા.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ શતાનંદ સ્વામીને આજ્ઞા કરી તે દિવસ સંવત ૧૮૮૫ ના આસોવદ ધનતેરસનો હતો. તે દિવસે જ શતાનંદ સ્વામીએ શિક્ષાપત્રીને ગુંથવાની શુભ શરુઆત કરી.[૧] સંવત ૧૮૮૫ના કારતક સુદ બીજને દિવસે માત્ર પાંચ દિવસમાં પૂર્ણ કરી. શિક્ષાપત્રીના બસોને બાર શ્લોકો થયા.[૨] ત્યારપછી શતાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવા માટે તે શિક્ષાપત્રી ઉપર સત્પ્રમાણોનાં વચનોએ યુક્ત અર્થદીપિકા ટીકા લખવાનો પ્રારંભ કર્યો. એ ટીકા માગસર સુદ પંચમીને દિવસે સંપૂર્ણ કરી. (શિક્ષાપત્રી રચવાની સાથે તેની ટીકા રચવાની આજ્ઞા પણ શ્રીહરિએ કરેલી. એ પ્રથમ કહ્યું નહિ છતાં અર્થ ઉપરથી જાણી લેવું.)[૩]

હે રાજન્ ! એ માગસર સુદ પાંચમની તિથિએ બપોર પછીની સભાને મધ્યે મુક્તાનંદ સ્વામી આદિ સંતોની સાથે વિરાજમાન ભગવાન શ્રીહરિને શતાનંદ સ્વામીએ ટીકાએ સહિત શિક્ષાપત્રી ગ્રંથ સમર્પણ કર્યો.[૪] ભગવાન શ્રીહરિ પોતાની શિક્ષાપત્રીને ટીકાએ સહિત નિહાળીને બહુજ સંતોષ પામ્યા, ને તે જ સભામાં શતાનંદમુનિની બહુપ્રકારે પ્રશંસા કરી, ને બોલ્યા કે, જેવો અમારો હૃદયગત અભિપ્રાય હતો. તેવો સંપૂર્ણ અભિપ્રાય આ શતાનંદ મહર્ષિએ આ શિક્ષાપત્રીની ટીકામાં સમગ્રપણે ઉતાર્યો છે.[૫-૬] એમ કહી સમર્થ શ્રીહરિ અતિશય પ્રસન્ન થઈ

प्रीत्या ददौ स्वकण्ठस्थां शतानन्दाय स स्रजम् । करद्वयं चातिमुदा दधौ तच्छिरसि प्रभुः ॥७॥
ततस्तां वाचयामास नित्यानन्देन संसदि । हरिर्भक्ताश्च मुनयः श्रुत्वा तां जहृषुर्नृप ! ॥८॥
ततः प्राह हरिः सर्वान्स्वभक्तान् शृणुताखिलाः । ये स्युर्मदीयास्तैरेषा पाठ्य श्रव्याऽथवाऽन्वहम् ।९
प्रागेव भोजनान्नित्यं शुचिभिः स्वस्तिकासनम् । समास्थितैरियं पाठ्य ततो भोज्यमनापदि ॥१०॥
दिवाऽऽनुकूल्याभावे तु निशि नित्यविधिं निजम् । कृत्वैकत्र निषद्यैव पठनीयेयमादरात् ॥११॥
यथैतदर्थस्फुरणं हृदि स्वस्य भवेत्तथा । शनैः स्फुटाक्षरं पाठ्या नित्यमेव मदाश्रितैः ॥१२॥
इति श्रुत्वा हरेर्वाक्यं सर्वे भक्तजनास्तदा । एवमेव करिष्यामो वयमित्यूचुरानताः ॥१३॥
ततो हरिः शतानन्दं प्राह स्वाभीष्टमुत्तमम् । कुरु ग्रन्थं महाबुद्धे ! समर्थोऽसि हि तत्कृतौ ॥१४॥
कृष्णप्रसादलब्धैव बुद्धिस्तेऽस्तीति भाति नः । अन्यथा मदभिप्रायमेवं वक्तुं क्षमेत कः ॥१५॥

---

પોતાના કંઠમાં રહેલી પુષ્પની માળા શતાનંદ સ્વામીએ આપી ને અતિ હર્ષપૂર્વક બન્ને હાથ તેમના મિતક ઉપર ધારણ કર્યા.[૭] હે રાજન ત્યાર પછી શ્રી હરિએ નિત્યાનંદ સ્વામી પાસે શિક્ષાપત્રી સભામાં વંચાવી. તે સાંભળીને સંતો, હરિભક્તો તથા સ્વયં શ્રીહરિ મહા આનંદને પામ્યા.[૮] ત્યાર પછી ફરી કહેવા લાગ્યા કે હે સંતો-ભક્તો ! તમે સર્વે સાંભળો, જે મારા હોય તેમણે આ શિક્ષાપત્રીનો પ્રતિદિન નિયમપૂર્વક પાઠ કરવો. અથવા ભણ્યા ન હોય તેમણે બીજાના મુખેથી તેનું શ્રવણ કરવું.[૯]

હે સંતો ! હે ભક્તો ! આ શિક્ષાપત્રીનો પાઠ પ્રતિદિન ભોજન કર્યા પહેલાં પવિત્ર થઈને સ્વસ્તિક આસને બેસીને કરવો, ને પછીથી ભોજનરૂપ પ્રસાદ લેવો. રોગાદિ આપત્કાળમાં આ નિયમ ન જળવાય તો દોષ નથી.[૧૦] દિવસે પાઠ કરવાની અનુકુળતા ન થઈ હોય તો રાત્રીએ પોતાનો સાંયકાળનો નિત્યવિધિ કર્યા પછી એક જ સ્થળે બેસીને આનો પાઠ આદરપૂર્વક કરવો.[૧૧] જે રીતે પોતાના હૃદયમાં આ શિક્ષાપત્રીનો અર્થ સ્પષ્ટ સ્ફુરાયમાન થાય, તે રીતે મારા આશ્રિતોએ હમેશાં ધીરેથી સ્પષ્ટ અક્ષરોના ઉચ્ચારણ સાથે પાઠ કરવો.[૧૨]

હે રાજન્ ! આ પ્રમાણેનાં ભગવાન શ્રીહરિનાં વચનો સાંભળી સર્વે સંતો-ભક્તો તે જ ક્ષણે ઊભા થઈ શ્રીહરિને પ્રણામ કરી, અમે જેમ તમે કહ્યું તે જ પ્રમાણે ચોક્કસ કરશું. એમ બોલ્યા.[૧૩] ત્યાર પછી ભગવાન શ્રીહરિએ શતાનંદ સ્વામીને કહ્યું કે હે મહાબુદ્ધિશાળી મુનિ ! હવે તમારા મનમાં જેની ઈચ્છા છે, તેવા સર્વોત્તમ સત્સંગિજીવન નામના ગ્રંથની રચના કરો. કારણ કે એ કાર્ય કરવા માટે તમે સમર્થ છો.[૧૪] તમારી બુદ્ધિને ભગવાન શ્રીકૃષ્ણની પ્રસન્નતા પ્રાપ્ત થઈ છે. એમ

स इत्युक्तो भगवता तं प्रणम्य निजाश्रमम् । आययौ दुर्लभं देवैः सम्प्राप्तस्तदनुग्रहम् ॥१६॥
हरिप्रसादसम्प्राप्तसार्वज्ञ्यः सोऽथ योगिराट् । चम्पाषष्ठ्यां समारेभे इदं सत्सङ्गिजीवनम् ॥१७॥
एकैकं च प्रकरणं कृत्वा सम्पूर्णमीश्वरम् । तमेव श्रावयामास निजावासस्थितं मुनिः ॥१८॥
स शुश्रावादरात्साकं नित्यं स्वान्तिकवासिभिः । शुकानन्दादिमुनिभिस्तेन तुष्टोऽभवद्भृशम् ॥१९॥
स चापि दशमं स्कन्धं पञ्चमं च पुनर्नृप ! । नैरन्तर्येण शुश्राव त्यक्तान्यव्यावहारिकः ॥२०॥
अपराह्णे निजावासवितर्दावुपविश्य सः । अनन्यगतिकेभ्योऽदात्स्वभक्तेभ्यः स्वदर्शनम् ॥२१॥
द्वित्रेषु वा पञ्चषेषु क्वचित्त्रिचतुरेषु वा । दिनेष्वतीतेष्वभवंश्चित्रा वार्तास्तदग्रतः ॥२२॥

---

અમને સર્વેને ભાસે છે. જો એમ ન હોય તો ટીકાએ સહિત શિક્ષાપત્રીને અનુસારે અમારો હૃદયગત અભિપ્રાય કહેવાને માટે કોણ સમર્થ થઈ શકે ?[૧૫]

હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ કહ્યું તેથી બ્રહ્માદિ દેવતાઓને પણ દુર્લભ એવો ભગવાન શ્રીહરિનો અનુગ્રહ પામેલા શતાનંદ સ્વામી ભગવાન શ્રીહરિને નમસ્કાર કરી પોતાને નિવાસસ્થાને આવ્યા.[૧૬] ત્યારપછી ભગવાન શ્રીહરિના વરદાનથી ભૂત, વર્તમાન અને ભવિષ્યના સંપૂર્ણ જ્ઞાને સહિત તથા સકલ શાસ્ત્રોના જ્ઞાને સહિત ભગવાન શ્રીહરિનાં સમગ્ર ચરિત્રોના જ્ઞાન સાથેની સર્વજ્ઞતા પ્રાપ્ત કરેલા યોગીરાટ્ શતાનંદ સ્વામીએ સંવત ૧૮૮૫ ના માગસર સુદ છઠ્ઠના દિવસે આ સત્સંગિજીવન નામે શાસ્ત્રની રચના કરવાનો પ્રારંભ કર્યો.[૧૭] શતાનંદ મહર્ષિ એક એક પ્રકરણની રચના સંપૂર્ણ કરતા ગયા અને પોતાના નિવાસ સ્થાને વિરાજમાન સર્વ નિયંતા પરમેશ્વર ભગવાન શ્રીહરિને એક એક અક્ષર કરીને સંપૂર્ણપણે સંભળાવતા ગયા.[૧૮] ભગવાન શ્રીહરિએ તે સમયે હમેશાં પોતાની સાથે રહેલા શુકાનંદ મુનિને સાથે રાખી આદર પૂર્વક આ ગ્રંથનું શ્રવણ કર્યું ને તેનાથી અતિશય રાજી થયા.[૧૯]

હે રાજન્ ! સત્શાસ્ત્ર શ્રવણથી અતિરિક્ત બીજા સર્વે વ્યવહારિક કાર્યોનો ત્યાગ કરી ભગવાન શ્રીહરિ શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધ અને પંચમ સ્કંધનું વારંવાર શ્રવણ કરતા હતા.[૨૦] શ્રીહરિ બપોર પછીના સમયે પોતાને નિવાસસ્થાને રહેલી વેદિકા ઉપર વિરાજમાન થઈને પોતાના અનન્ય શરણાગત ભક્તોને પોતાનું દર્શન આપતા.[૨૧]

**ભગવાન શ્રીહરિના પ્રગટ પ્રતાપથી ઘટેલી અનેકવિધ આશ્ચર્યકારી ઘટનાઓનું વર્ણન :–** ભગવાન શ્રીહરિની સમીપે ક્યારેક બે

पौरा देशान्तरीयाश्च दृष्टाश्चर्या जना नृप ! । हरेरग्रे सभायां ताश्चक्रुस्तास्ते वदाम्यहम् ॥२३॥
नरनारायणश्चैव लक्ष्मीनारायणस्तथा । गोपीनाथादयस्तेन स्थापिताः कृष्णमूर्तयः ॥२४॥
तत्र या या कृष्णमूर्तिः स्थापिता यत्र यत्र च । यदा यदा तेन तत्तद्दिवसात्तत्र तत्र तु ॥२५॥
आश्चर्यमभवत्तच्च ददृशुः सकला अपि । भक्ता अभक्ता अपि च पुमांसो योषितस्तथा ॥२६॥
क्वचित्क्वचिन्मूर्तयस्ताः प्रत्यक्षं कृष्णवत्क्रियाः । मनोहराश्च विविधाः कुर्वन्ति स्म महीपते ! ॥२७॥
क्वचित्स्वाः प्रेक्षमाणांस्तु जनान् दृष्ट्वाऽहसन् हि ताः । जगृहुः पुष्पहारादीनुपहारान्क्वचित्स्वयम् ॥२८
क्वचिन्निवेदितान्नं च साक्षाद्बुभुजिरे च ताः । क्वचिन्निवेदितं दुग्धं पिबन्ति स्म जलं क्वचित् ॥२९॥
क्वचिन्नित्यनिजप्रेक्षानियमिभ्यः स्वदर्शनम् । ददुः सङ्कटरुद्धेभ्यः साक्षाद्ग्रामान्तरेऽपि ताः ॥३०॥

---

**- ત્રણ દિવસે, ક્યારેક પાંચ - છ દિવસે, ક્યારેક ત્રણ - ચાર દિવસે અનેક પ્રકારની આશ્ચર્યરૂપ ઘટનાઓની વાર્તાઓ થવા લાગી.[૨૨] હે રાજન્ ! સાક્ષાત્ આશ્ચર્યનું દર્શન કરનારા પુરવાસી ભક્તજનો તથા દેશાંતરમાંથી દર્શને આવતા ભક્તજનો સભામાં ભગવાન શ્રીહરિની આગળ તે ઘટેલ આશ્ચર્યની વાતો કરતા હતા. એ વાર્તાઓ હું તમને સંભળાવું છું.[૨૩] હે રાજન્ ! નરનારાયણદેવ, લક્ષ્મીનારાયણદેવ, તથા ગોપીનાથજીદેવ આદિક ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિઓ ભગવાન શ્રીહરિએ સ્થાપી છે.[૨૪] તે મૂર્તિઓને મધ્યે જે ભગવાન શ્રીકૃષ્ણનાં સ્વરૂપો જે મંદિરમાં જે દિવસથી ભગવાન શ્રીહરિએ સ્થાપેલાં, તે મંદિરમાં તે દિવસથી આરંભીને આશ્ચર્યકારી ઘટનાઓ ઘટતી હતી. તે આશ્ચર્યને ભગવાન શ્રીહરિના આશ્રિત ભક્તજનો તેમજ અભક્તજનો, તેમાં પણ પુરુષો તથા સમગ્ર સ્ત્રીઓ પણ નિહાળતાં હતાં.[૨૫-૨૬]**

**હે રાજન્ ! તે આશ્ચર્યો શું હતા ? તે તમને સંભળાવું છું. ક્યારેક ક્યારેક ભગવાન શ્રીહરિએ સ્થાપેલી નરનારાયણાદિક મૂર્તિઓ પ્રત્યક્ષ ભગવાનની જેમ મનોહર અનેક પ્રકારની ક્રિયાઓ કરતી.[૨૭] ક્યારેક ક્યારેક તે મૂર્તિઓ પોતાનાં દર્શન કરવા આવનાર જનોને જોઈ હાસ્ય કરતી. ક્યારેક ક્યારેક મનુષ્યોએ અર્પણ કરેલા પુષ્પના હારો તથા પૂજાના ઉપચારોને સ્વયં પોતાના હાથે જ ગ્રહણ કરી લેતી.[૨૮] ક્યારેક તો તે મૂર્તિઓ ભક્તજનોએ પોતાની આગળ નિવેદન કરેલા ચાર પ્રકારનાં અન્નને પ્રગટ થઈને જમતી. ક્યારેક નિવેદન કરેલા દૂધને તથા જળ તે પ્રગટ થઈને પાન કરતી.[૨૯] ક્યારેક તે મૂર્તિઓ કોઈ સંકટના કારણે પોતાનાં દર્શન કરવા નહીં આવી શકેલા એવા નિત્ય દર્શનના નિયમવાળા ભક્તજનોને**

पुत्रान् ददुश्च केभ्यश्चित्कुर्वद्भ्यः स्वोपयाचितम् । तथा जहुश्च केषाञ्चिद्बलवद्वैरिसङ्कटम् ॥३१॥
क्वचित्स्वाः सेवमानेभ्यो निर्धनेभ्ये धनं च ताः । स्वप्ने प्रभूतं सम्प्रेर्य धनवन्तमदापयन् ॥३२॥
क्वचित्ता वीक्षकाः सद्यः समाधिं लेभिरे जनाः । क्वचित्ताः प्रेक्षमाणाश्च भूरितेजो व्यचक्षत ॥३३॥
इत्यादीनि बहून्यासंस्तत्र तत्राद्भूतानि हि । तानि दृष्ट्वा जना भूमौ बहवस्ताः समाश्रयन् ॥३४॥
एवमाद्यद्भूतं दृष्ट्वा केचित्तत्रागता जनाः । सभास्थितं हरिं प्रोचुस्तत्सर्वं हि तदा तदा ॥३५॥
तच्छ्रुत्वा लेभिरे चित्रं सभासंस्था हि मानवाः । हरेरेव प्रतापं तं विविदुः सर्वमेव ते ॥३६॥
तच्च नारायणमुनिर्निशम्य वृत्तमादरात् । कथयामास तद्भक्तान् सदःस्थांश्च निजानपि ॥३७॥
साक्षात्कृष्णे भगवति नरनारायणादिषु । तन्मूर्तिषु च नास्त्येव भेद इत्यवधार्यताम् ॥३८॥
श्रुत्वेति भगवद्वाक्यं प्रापुः सर्वे मुदं पराम् । मूर्तिद्वारापि भूपेत्थं प्रतापं हरिरातनोत् ॥३९॥

---

ગામાન્તરોમાં જઈને ત્યાં પોતાનું સાક્ષાત્ દર્શન આપતી.[૩૦] તે મૂર્તિઓ યથાશક્તિ ધન-ધાન્યાદિ અર્પણ કરી પોતાની માનતા લીધેલા કેટલાક ભક્તજનોને તેમની માનતા પૂર્ણ કરવા પુત્રોનું પ્રદાન કરતી. વળી કેટલાકે માનતામાં માગેલા પોતાના અતિ બળવાન વેરીઓ થકી ઉત્પન્ન થયેલા સંકટનું નિવારણ પણ કરતી હતી.[૩૧]

હે રાજન્ ! ક્યારેક ક્યારેક તે મૂર્તિઓ ધનપ્રાપ્તિ માટે પોતાનું સેવન કરતા નિર્ધન જનોને, કોઈ ધનવાનને સ્વપ્નમાં પ્રેરણા કરી બહુ પ્રકારનું ધન આપાવતી.[૩૨] ક્યારેક તે મૂર્તિઓનું દર્શન કરનાર જનોને તત્કાળ સમાધિ થતી. ક્યારેક તે મૂર્તિઓમાં દર્શન કરનારા જનોને ઘણા બધા તેજનું દર્શન પણ થતું.[૩૩] આ પ્રમાણે અનેક પ્રકારનાં અતિ અદ્ભૂત આશ્ચર્યો તે તે મંદિરોમાં થતાં જેથી પૃથ્વી પરનાં ઘણાં બધાં મનુષ્યો તે આશ્ચર્યો નિહાળી મૂર્તિઓનો આશ્રય કરતાં હતાં. પછીથી આ મૂર્તિઓ છે તે જ સાક્ષાત્ ભગવાન છે એમ માનવા લાગતાં હતાં.[૩૪]

ઉપરોક્ત અનેક પ્રકારનાં આશ્ચર્યો જોઈ ગઢપુરમાં ભગવાન શ્રીહરિની સમીપે આવતા કેટલાક જનો તે સર્વે આશ્ચર્યોને સભામાં બેઠેલા શ્રીહરિને જેમ છે તેમ સંભળાવતા હતા.[૩૫] તેને સાંભળીને સભામાં બેઠેલા હરિભક્તો બહુ જ આશ્ચર્ય પામતા, ને જાણતા જે આ સર્વે પ્રતાપ આ પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિકૃષ્ણનો છે.[૩૬] હે રાજન્ ! ભગવાન નારાયણમુનિ પૂર્વોક્ત સર્વે આશ્ચર્યવૃતાંત સાંભળીને તે સભામાં બેઠેલા પોતાના ભક્તજનોને પણ સંભળાવતા, ને કહેતા કે હે ભક્તજનો ! આ સાક્ષાત્ ભગવાન શ્રીહરિકૃષ્ણને વિષે અને નરનારાયણાદિ મૂર્તિઓને વિષે કોઈ ભેદ નથી, આટલું તમે નક્કી જાણજો.[૩૭-૩૮]

वर्तमानस्य तस्येत्थं जनमङ्गलदाकृतेः । अगात्संवत्सरः सार्ध आत्मारामस्य सत्पतेः ॥४०॥
प्रतापस्तस्येत्थं सलिलनिधिपर्यन्तमभितो भुवि ग्रामे ग्रामे प्रतिपुरमपि व्याप्तिमगमत् ।
पुमांसो योषाश्च प्रतिनिलयमस्यैव हि यशो जगुः प्रीत्या नित्यं विशदमुरुधा मानवपते ! ॥४१॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे*
*हरिस्थापितनरनारायणादिमूर्तिप्रतापनिरूपणनामा सप्तषष्टितमोऽध्यायः ॥६७॥*

---

**હે રાજન્ ! આ પ્રમાણેનાં ભગવાન શ્રીહરિકૃષ્ણનાં વચન સાંભળી સર્વે ભક્તજનો પરમ આનંદ પામતા. આ રીતે શ્રીહરિ નરનારાયણાદિ પોતાની મૂર્તિઓ દ્વારા પોતાના પ્રગટ પ્રતાપનો વિસ્તાર કરતા હતા.[૩૯] આ પ્રમાણે રહેતા, પોતાના ભક્તજનોનું મંગળ કરનારી મૂર્તિને ધરતા, આત્મારામ, ને સંતોના શ્યામ, ભગવાન શ્રીહરિને સંવત ૧૮૮૫ના માગસર સુદ ચંપા છઠ્ઠથી આરંભીને અત્યાર સુધીમાં દોઢ વર્ષ વીતી ગયું.[૪૦] હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણેનો ભગવાન શ્રીહરિનો પ્રતાપ આ પૃથ્વી પર ચારે તરફ સમુદ્ર પર્યંત ગામડે ગામડે ને નગરે નગરે વ્યાપી ગયો. પુરુષો અને સ્ત્રીઓ સર્વત્ર ઘેર ઘેર આ ભગવાન શ્રીહરિના નિર્મળ યશનું પ્રેમથી બહુ પ્રકારે એકાગ્ર મનથી હમેશાં ગાન કરવા લાગ્યાં.[૪૧]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં શતાનંદ સ્વામીએ રચેલી શિક્ષાપત્રી અને અર્થદીપિકા ટીકાની ભગવાન શ્રીહરિએ ખૂબજ પ્રશંસા કરી તેમજ શ્રીહરિએ સ્થાપેલી નરનારાયણાદિ મૂર્તિઓના પ્રગટ પ્રતાપનુ નિરૂપણ કર્યું, એ નામે સડસઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૭--**

---

अष्टषष्टितमोऽध्यायः - ६८

सुव्रत उवाच :-

नवम्यामथ शुक्लायां ज्येष्ठस्य स निशात्यये । विचारमकरोद्भूय आत्मनात्मनि भूपते ! ॥१॥
मया धृतोऽवतारोऽयं यदर्थं तदशेषतः । कार्यं कृतं भूतलेऽत्र न किञ्चिदवशेषितम् ॥२॥
अधार्मिका गुर्वसुरा धर्मसाधुद्रुहो नृपाः । प्रतापेन मया स्वस्य परास्ताः सकला अपि ॥३॥
अधर्मवंश्या लोभेर्ष्याकामक्रोधादयोऽपि च । सच्छास्त्रस्वप्रतापाभ्यामुत्खाता हृदयान्नृणाम् ॥४॥
सत्यास्तेयब्रह्मचर्यदयाद्या धर्मवंशजाः । स्थापिता हृदये नृणां मया सम्यग्धरातले ॥५॥
स्वधर्मज्ञानवैराग्ययुक्ता भक्तिश्च सर्वतः । प्रवर्तिता प्रतिगृहं नृणां निःश्रेयसाय च ॥६॥
धर्मो मूर्तिश्चोद्धवश्च दुर्वासःशापतो मया । मोचिताश्चर्षयः प्रायो मुच्यमानास्तथेतरे ॥७॥

---

# અધ્યાય - ૬૮

## ભગવાન શ્રીહરિએ કરેલી સ્વધામ-ગમનની લીલા.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! સંવત ૧૮૮૬ ના જેઠ સુદ નવમીના છેલા ભાગમાં ભગવાન શ્રીહરિ ફરી પોતાના મનમાં બુદ્ધિપૂર્વક વિચાર કરવા લાગ્યા કે, અમે આ પૃથ્વી પર જે કાર્ય માટે આ અવતાર ધારણ કર્યો એ સર્વે કાર્ય સંપૂર્ણપણે પૂર્ણ થયું છે. કંઇ પણ કાર્ય કરવું બાકી રહ્યું નથી.[૧-૨] સર્વે અધાર્મિક તથા ધર્મ અને સાધુઓનો દ્રોહ કરનારા અસુરગુરુઓ તથા અસુર રાજાઓને અમે અમારા પ્રતાપથી પરાસ્ત કર્યા છે.[૩] વળી અધર્મવંશી એવા લોભ, ઈર્ષા, કામ, ક્રોધ, માન, અને દંભાદિ વગેરે દોષો ને પણ સત્શાસ્ત્રના ઉપદેશથી તથા અમારા પ્રગટ પ્રતાપથી આશ્રિત ભક્તજનોના મનમાંથી મૂળે સહિત દૂર કર્યા છે.[૪] તેમજ ધર્મવંશી એવા સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય દયા, ક્ષમા અને સંતોષ વિગેરે ગુણોનું આ ધરાતલ ઉપર રહેલા અમારા આશ્રિત ભક્તજનોનાં હૃદયમાં અમે સારી રીતે સ્થાપન કરેલું છે.[૫]

તે જ રીતે સ્વધર્મ, જ્ઞાન, અને વૈરાગ્યે યુક્ત માહાત્મ્યજ્ઞાને સહિત નવધા ભક્તિવાળી ઉપાસના રીતિનું સર્વ મનુષ્યોના કલ્યાણ માટે, સર્વે દિશાઓમાં, ઘરે ઘરે અને વ્યક્તિ વ્યક્તિએ પ્રવર્તન કરેલું છે, જેનાથી સર્વે મનુષ્યોનું નક્કી કલ્યાણ થશે.[૬] ધર્મ અને ભક્તિને તથા ઉદ્ધવજીને અમે દુર્વાસાના શાપ થકી મુક્ત કર્યા છે. અને અન્ય મરીચ્યાદિ મહર્ષિઓને પણ દુર્વાસાના શાપથી ઘણે ભાગે મુક્ત કરી દીધા છે.[૭] આ પૃથ્વીપર ઉપનિષદોની સમગ્ર બ્રહ્મવિદ્યા અને અનેક પ્રકારની

ब्रह्मविद्याश्च सकला नानायोगकलास्तथा । प्रवर्तिताः प्रतिजनमहिंसाश्च मखा भुवि ॥८॥
देवब्राह्मणतीर्थानां निगमानां सतां तथा । प्रवर्तिता मान्यता च सच्छास्त्राणां च सर्वथा ॥९॥
असच्छास्त्रस्य कौलादेर्नास्तिकानां मतस्य च । विधाय खण्डनं धर्मः स्थापितोऽत्र सनातनः ॥१०
विधाप्य मन्दिराण्यत्र स्वाश्रितानां सुखाय च । स्थापिता मूर्तयः स्वस्य नरनारायणादयः ॥११॥
भक्तिमार्गप्रवृत्त्यर्थं धर्मवंश्यद्विजेषु च । आचार्यता स्थापिताऽथ दीक्षारीतिः प्रवर्तिता ॥१२॥
सदाचारप्रवृत्त्यर्थं स्वाश्रितेषु प्रवर्तता । सर्वसच्छात्रसारो हि शिक्षापत्री मया भुवि ॥१३॥
वर्णिनां नैष्ठिकानां च गृहिणां योषितां मया । साधूनामितरेषां च धर्माः सम्यङ्निरूपिताः ॥१४॥
व्रतोत्सवानां सर्वेषां विधिश्चोक्तो मयाऽखिलः । विधिरष्टाङ्गयोगस्य सकलोऽपि निरूपितः ॥१५॥
कलौ जनिष्यमाणानां शतानन्देन देहिनाम् । उद्धृत्यै कारितो ग्रन्थः समाप्तप्राय एव सः ॥१६॥
एवं यत्स्वेन कर्तव्यं तत्सर्वं हि कृतां मया । अतः परं स्वधामैव गन्तव्यमधुना भुवः ॥१७॥

---

અષ્ટાંગયોગની કળાઓનું પ્રત્યેક વ્યક્તિમાં પ્રવર્તન કરેલું છે. તેમ જ અમે અહિંસામય યજ્ઞોની આ પૃથ્વી પર પ્રવૃત્તિ કરી છે.[૮] વળી આ પૃથ્વીપર દેવ, બ્રાહ્મણ, તીર્થ, ચારવેદ, સાચા સાધુ અને શ્રીમદ્‌ભાગવતાદિ સત્શાસ્ત્રોની માન્યતા પ્રવર્તાવી છે.[૯] તેમજ કૌલાગમાદિ અસત્શાસ્ત્રોનું તથા નાસ્તિકોના મતોનું ખંડન કરીને આ લોકમાં સનાતન વૈદિક ધર્મનું સ્થાપન કરેલું છે.[૧૦]

આલોકમાં અમારા આશ્રિત જનોના સુખને માટે મંદિરો કરાવી અમારી નરનારાયણાદિ મૂર્તિઓની સ્થાપના કરેલી છે.[૧૧] ભક્તિમાર્ગની અખંડ પ્રવૃત્તિ રહે, તે માટે ધર્મવંશી દ્વિજમાં આચાર્યપણાની સ્થાપના કરી, દીક્ષાવિધિનું પ્રવર્તન કર્યું છે.[૧૨] આ પૃથ્વી પર અમારા આશ્રિતોમાં સદાચાર પ્રવર્તાવવા સર્વે શાસ્ત્રોના સારરૂપ શિક્ષાપત્રીનું અમે પ્રવર્તન કર્યું છે.[૧૩] અને નૈષ્ઠિક બ્રહ્મચારીઓ, ગૃહસ્થો, બન્ને પ્રકારની સ્ત્રીઓ, ત્યાગી સાધુઓ અને બીજા નાના મોટા સર્વે જનોના ધર્મોનું અમે સારી રીતે પ્રતિપાદન કર્યું છે.[૧૪] અમે સર્વે વ્રતો તથા ઉત્સવોનો સમગ્ર વિધિ પણ કહ્યો છે અને અષ્ટાંગયોગના સમગ્ર વિધિનું પણ નિરૂપણ કર્યું છે.[૧૫] કલિયુગને વિષે ભવિષ્યમાં થનારા જનોના ઉધ્ધારને માટે શતાનંદ મુનિ દ્વારા સત્સંગિજીવન ગ્રંથની રચના પણ કરાવી છે. તે ગ્રંથ પણ સમાપ્ત થવા આવ્યો છે. માત્ર તિરોધાન લીલાનું વર્ણન બાકી છે.[૧૬]

આ પ્રમાણે અમારે જાતે જે કાર્ય કરવાનાં હતાં, તે સર્વે સંપૂર્ણ થયાં. બસ હવે અત્યારે જ પૃથ્વીપરથી અમે સ્વધામ ગમન કરશું.[૧૭] પરંતુ અત્યારે જ જો

किन्त्वद्यैव तिरोभूते मयि सर्वे मदाश्रिताः । मय्येवातिस्नेहभाजो देहान् हास्यन्ति तत्क्षणम् ॥१८॥
अतो मद्विरहं सोढुमक्षमाणां हि सर्वथा । तेषां शान्तिं विधायैव यायां धाम निजं परम् ॥१९॥
इत्थं स कृतसङ्कल्पो नारायणमुनिर्नृप ! । अजूहवद्वर्णिराजा तत्रस्थान् स्वाश्रितान् द्रुतम् ॥२०॥
रामप्रतापेच्छारामौ तत्र सत्वरमीयतुः । तथाऽयोध्याप्रसादश्च रघुवीरः समातरौ ॥२१॥
मुक्तानन्दस्तत्र शीघ्रं गोपालानंद आययौ । नित्यानन्दः शुकानन्दो ब्रह्मानन्दश्च सत्वरम् ॥२२॥
आनन्दानन्दभजनानन्दावाजग्मतुस्तथा । निर्गुणानन्दमुख्याश्च साधवोऽन्ये च सत्वरम् ॥२३॥
दीनानाथादयो विप्राः सोमसूरोत्तमादयः । गृहिणः क्षत्रियास्तत्र शीघ्रमेव समाययुः ॥२४॥
रत्नजिन्मयजिन्मुख्यास्तत्राजग्मुः पदातयः । जया रमा च ललिताप्रमुखा योषितस्तथा ॥२५॥
तत्रागत्य च ते भक्तास्तं प्रणम्य तदन्तिके । यथोचितं निषेदुस्तान्प्रत्युवाच हरिस्तदा ॥२६॥

---

અમે અંતર્ધાન થઇ જઇશું, તો અમારે વિષે અતિશય સ્નેહવાળા સર્વે અમારા આશ્રિત જનો એ જ ક્ષણે દેહ છોડી દેશે.[૧૮] એથી અમારો વિયોગ સહન કરવા અસમર્થ અમારા આશ્રિતોને શાંતિ થાય અમારી પાછળ પોત પોતાનો દેહ ન છોડે એવો ઉપાય કરીને, પછી થી સર્વોત્તમ અમારા અક્ષરધામમાં સીધાવીએ.[૧૯]

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે વિચાર કરી, ભગવાન શ્રીહરિ વર્ણિરાજ મુકુંદાનંદ બ્રહ્મચારીને મોકલી, દુર્ગપુરમાં હાજર રહેલા સર્વે આશ્રિતજનોને તત્કાળ બોલાવ્યા.[૨૦] તેમાં રામપ્રતાપ ને ઈચ્છારામ બન્ને ભાઈઓ તત્કાળ શ્રીહરિની સમીપે આવ્યા. પોતપોતાની માતાઓ સુવાસિની તથા વરિયાળીની સાથે અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી પણ તત્કાળ આવ્યા.[૨૧] મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી પણ તત્કાળ ત્યાં આવ્યા.[૨૨] વળી આનંદાનંદ સ્વામી, ભજનાનંદ સ્વામી, નિર્ગુણાનંદ સ્વામી આદિ અનેક મુખ્ય મુખ્ય સંતો તથા અન્ય સર્વે સંતો તત્કાળ શ્રીહરિની સમીપે પધાર્યા.[૨૩] ગૃહસ્થ ભક્તોમાં દીનાનાથ આદિ બ્રાહ્મણો, સોમલાખાચર, સુરાખાચર, દાદાખાચર અને નાંજા જોગીયા આદિક અનેક ક્ષત્રિય ભક્તજનો પણ તત્કાળ ત્યાં આવ્યા.[૨૪] રતનજી, મિયાંજી, ભગુજી, આદિક પાર્ષદો પણ તત્કાળ ત્યાં આવ્યા. તેવી જ રીતે જયાબા અને લલિતાબા આદિ અનેક સ્ત્રી ભક્તો પણ તત્કાળ ત્યાં આવ્યાં.[૨૫]

હે રાજન્ ! મુક્તાનંદ સ્વામી આદિ સર્વે શ્રીહરિની સમીપે તત્કાળ આવી, તેમને નમસ્કાર કરી, તેમની સમીપે યથાયોગ્ય સ્થાને સૌ બેસી ગયા. તે સમયે

सर्वे शृणुत भो भक्ताः ! सत्यमेव वचो मम । युयं जानीथ मां नूनमीश्वरं मानुषाकृतिम् ॥२७॥
यदर्थमवतारोऽयं मनुष्येषु मया धृतः । कार्यं कृतं तत्सकलं नावशिष्टं हि किञ्चन ॥२८॥
यास्याम्यतः स्वधामेति युष्माभिः क्षुद्रजीववत् । नानुशोच्योऽहमित्येव माननीयं वचो मम ॥२९॥
वज्रपातोपममिति तद्वाक्यं तु निशम्य ते । निपेतुः सहसा भूमौ रुदन्तो व्याकुलान्तराः ॥३०॥
केचित्तु मूर्छामगमन् लीननाड्यसवोऽपरे । आसंश्च केचिन्नयनगद्रुधिरबिन्दवः ॥३१॥
विलेपुस्ते भृशं सर्वे बभूवुश्च विचेतसः । प्रोचुश्चास्मानपि हरे ! सह स्वेन नयेति ते ॥३२॥
ततो हरिः स्वहृदये चिन्तयामास भूपते ! । एते नूनं मरिष्यन्ति मद्वियोगासहा जनाः ॥३३॥
मा त्वेते रक्षणीयाः सन्त्येवेतरदेहिनाम् । क्षेमाय मत्स्थापिताध्वप्रवृत्त्यै भुवि साम्प्रतम् ॥३४॥
योगैश्वर्येणात एषां कुर्यां हृद्दार्ढ्यमञ्जसा । विचार्येत्थं धैर्यशक्तिं हृत्सु तेषामवीविशत् ॥३५॥

---

ભગવાન શ્રીહરિ સર્વે પ્રત્યે કહેવા લાગ્યા કે, હે સંતો-ભક્તો ! તમે સર્વે અમારૂં સત્ય વચન સાંભળો. અમે સ્વેચ્છાએ મનુષ્યાકૃતિ ધારીને આવેલા સાક્ષાત પરમેશ્વર છીએ, એ તમે નક્કી જાણો.[૨૬-૨૭] અમે જે જે કાર્યો કરવા માટે મનુષ્ય યોનિમાં અવતાર ધારણ કર્યો, તે સર્વે કાર્ય અમે પૂર્ણ કરી લીધાં છે. હવે કોઇ કાર્ય કરવું બાકી રહ્યું નથી. એ નક્કી વાત છે.[૨૮] એથી અમે અમારા ધામમાં જશું. તેથી તમે સર્વે ક્ષુદ્ર જીવોની જેમ અમારી પાછળ શોક ન કરશો. આ અમારૂં વચન અવશ્ય પાલન કરજો.[૨૯]

**શ્રીહરિનું વજાઘાત સમાન વચન સાંભળી ભક્તોને આવી ગયેલી મૂર્છા :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ઉપરોક્ત વજાઘાત સમાન ભગવાન શ્રીહરિનું વચન સાંભળી સર્વે મેઘવર્ષાની જેમ અશ્રુઓ વહેડાવતા ઊંચે સાદે રડવા લાગ્યા ને અત્યંત આકુળ - વ્યાકુળ થવાથી એ જ ક્ષણે પૃથ્વી પર ઢળી પડ્યા.[૩૦] તેમાંથી કોઇ સંતો ભક્તો મૂર્છા પામી ગયા. કોઇ સમાધિમાં લીન થઇ ગયા, તો કોઇ સંતો - ભક્તોનાં નેત્રોમાંથી રુધિરનાં બિંદુઓ ટપકવા લાગ્યાં.[૩૧] સર્વે ભક્તજનો અત્યંત વિલાપ કરવા લાગ્યા ને બેહોશ થઇ કહેવા લાગ્યા હે શ્રીહરિ ! અમને તમારી સાથે લઇ જાઓ. અમને તમારી સાથે લઇ જાઓ.[૩૨]

હે રાજન્ ! સંતો - ભક્તોની આવી પરિસ્થિતિ જોઇ ભગવાન શ્રીહરિ પોતાના હૃદયમાં ચિંતા કરવા લાગ્યા કે આ ભક્તજનો અમારો વિયોગ સહન નહીં કરી શકવાથી નક્કી પ્રાણનો ત્યાગ કરશે.[૩૩] માટે આ પૃથ્વી પર અમારા આશ્રિત સિવાયનાં મનુષ્યોના કલ્યાણને માટે અને અમે સ્થાપન કરેલા ઉદ્ધવ

अथोत्थायोपविष्टेषु तेषु धैर्यावलम्बिषु । आश्वासयन्स तानूचे भक्तप्रियकृदीश्वरः ॥३६॥
चिन्ता कार्या न युष्मभिरहं तिष्ठामि भूतले । वृत्तालये त्वहं वर्ते साक्षान्मन्मूर्तियुग्मतः ॥३७॥
नरनारायणाख्योऽहे वर्ते श्रीनगरे तथा । गोपीनाथाख्या चात्र वर्त इत्येव वित्त माम् ॥३८॥
मयि चैतेषु रूपेषु भेदो नास्त्येव किञ्चन । अहमेवास्मि वै साक्षादेतद्रूपो हि भूतले ॥३९॥
एतत्संसेविनां साक्षाद्भविष्यति मदीक्षणम् । प्रत्यक्षवत्साम्प्रतं च वर्तन्ते ता हि मूर्तयः ॥४०॥
एतासां सेवनं विद्धि साक्षान्मत्सेवनं खलु । अत एताः सेवनीया भवद्भिर्भक्तिभावतः ॥४१॥
तथाऽयोध्याप्रसादोऽयं रघुवीरश्च वो गुरू । मया कृतौ स्तस्तौ मान्यौ भवद्भिश्च यथोचितम् ॥४२॥

---

સંપ્રદાયના ધર્મમાર્ગની પ્રવૃત્તિ માટે આ સર્વે સંતો - ભક્તો ને અહીં પૃથ્વી પર રાખવા એજ યોગ્ય છે, અમારી સાથે ધામમાં લઈ જવા યોગ્ય નથી.[૩૪] એથી અમારા યોગ ઐશ્વર્યના પ્રભાવથી આ સર્વેનાં મનની તત્કાળ દઢતા કરવામાં આવે એ જ યોગ્ય છે. આ પ્રમાણે વિચાર કરી ભગવાન શ્રીહરિએ સર્વેના હૃદયમાં ધૈર્યશક્તિનો પ્રવેશ કરાવ્યો.[૩૫] જેવો ધૈર્યશક્તિનો પ્રવેશ થયો તેવા જ સર્વે મૂર્છામાંથી જાગ્રત થઈ દેહસ્મૃતિને પામ્યા ને સભામાં બેઠા થયા. એ સમયે ભક્તપ્રિય પરમેશ્વર ભગવાન શ્રીહરિ તેઓને આશ્વાસન આપતાં કહેવા લાગ્યા કે, તમે સર્વે હવે ચિંતા ન કરશો. અમે હવે પૃથ્વી પર જ રહેવાના છીએ. (હમણાં જે નામ અને સરનામું છે તે જરા બદલાશે, તે તમે સમજી લ્યો) વડતાલમાં અમે અમારી સ્થાપના કરેલી યુગલમૂર્તિ શ્રીલક્ષ્મીનારાયણદેવ સ્વરૂપે સાક્ષાત્ રહેશું.[૩૬-૩૭] તેવી જ રીતે અમદાવાદમાં અમે શ્રીનરનારાયણ સ્વરૂપે અને આ ગઢપુરમાં ગોપીનાથજી સ્વરૂપે પ્રત્યક્ષ રહેશું. આ પ્રમાણે અમે જ્યાં પણ અમારી મૂર્તિઓ સ્થાપી છે ત્યાં તે સ્વરૂપે અમે પ્રત્યક્ષ પ્રમાણ હાજર રહેશું.[૩૮]

હે સંતો - ભક્તો અમારામાં અને અમારા સ્થાપન કરેલા આ સર્વે સ્વરૂપોમાં કોઈ પણ જાતનો ભેદ સમજવો નહિ. કારણ કે આ પૃથ્વી પર સાક્ષાત્ પ્રગટ સ્વરૂપે મૂર્તિરૂપમાં અમે જ રહેલા છીએ.[૩૯] અને એ મૂર્તિ સ્વરૂપમાં અમારી સેવા પૂજા કરનારને અમે અમારૂં પ્રત્યક્ષ દર્શન આપવાના જ છીએ. એ મૂર્તિઓ અત્યારે પણ પ્રત્યક્ષ પ્રમાણની જેમ જ વર્તી રહી છે.[૪૦] એ મૂર્તિઓનું સેવન એ પ્રત્યક્ષ અમારું સેવન છે, એમ તમે નક્કી જાણજો. તેથી તમે સર્વે પ્રગટ ભાવે હમેશાં મૂર્તિરૂપમાં અમારૂં સેવન કરજો.[૪૧] તેવી જ રીતે અમારી આગળ બેઠેલા આ અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને અમે તમારા સૌના ગુરુસ્થાને બેસાડ્યા છે.

शिक्षापत्र्युक्तधर्मेषु सर्वैर्युष्माभिरन्वहम् । यथाधिकारं वृत्यं च शोकः कार्यो न मे क्वचित् ॥४३॥
आत्मघातो न कर्तव्यो नान्नत्यागश्च मामनु । न करिष्यति यस्त्वित्थं स मे नात्र परत्र च ॥४४॥

**सुव्रत उवाच :-**

इति वाक्यं हरेः सर्वे श्रुत्वा सास्त्रदृशो हि ते । तदिच्छां तादृशीमेव ज्ञात्वा तच्छिरसा दधुः ॥४५॥
प्रणम्योचुश्च तं सर्वे बद्धाञ्जलिपुटास्ततः । पदाब्ज एव तेऽस्माकं मनस्तिष्ठतु सर्वदा ॥४६॥
अस्माभिर्जीवबुद्ध्या ये त्वपराधास्तव क्वचित् । कृताः स्युः सकलास्ते च क्षन्तव्या भवता प्रभो ! ॥४७
ध्यायेम त्वां वयं यर्हि तदा दद्याः स्वदर्शनम् । त्वद्भक्तौ मास्तु नो विघ्नः स्वतो वा परतः क्वचित् ॥४८
शीघ्रमेव वयं नेयास्त्वया स्वनिकटं प्रभो ! । इति त्वां प्रार्थयामोऽद्य त्वत्पादैकसमाश्रयाः ॥४९॥

---

એથી તમે તેમને યથાયોગ્ય અમારા પ્રગટ સ્વરૂપે માનજો.[૪૨] તમો સર્વે અમારા પ્રગટ સ્વરૂપરૂપ શિક્ષાપત્રીમાં કહેલા પોતપોતાના ધર્મોનું અધિકારને અનુસારે વર્તન કરજો. ક્યારેય પણ બીજાની જેમ અમારો શોક કરશો નહિ.[૪૩] અમારી પાછળ કોઈએ પણ કોઈ પણ રીતે આત્મઘાત કરવો નહિ. તેમજ અન્ન ખાવાનો ત્યાગ પણ કરવો નહિ. આ અમારાં વચન અનુસાર જે નહિ વર્તે, તે અમારો નથી. તેની આલોક કે પરલોકમાં અમે ક્યાંય પણ રક્ષા કરશું નહિ.[૪૪]

સુવ્રતમુનિ કહે છે હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિનાં વચનો સાંભળી આંખમાંથી અશ્રુ વહેવડાવી રહેલા તે સર્વે ભગવાન શ્રીહરિની આવા પ્રકારની જ ઈચ્છા છે અને આપણ સૌને એમ જ વર્તવું જોઈએ, એમ જાણીને ઊભા થયા, નમસ્કાર કરી શ્રીહરિનાં વચનો મસ્તકે ધારણ કર્યાં.[૪૫] ત્યાર પછી સર્વે (સંતો - ભક્તો - બહેનો) ભગવાન શ્રીહરિને પ્રણામ કરી બે હાથ જોડી કહેવા લાગ્યા કે હે ભગવન્ ! અમારું મન એક તમારા ચરણકમળને વિષે જ હમેશાં સ્થિર રહે.[૪૬] હે પ્રભુ ! અમે જીવબુદ્ધિથી ક્યારેક આપના અપરાધ કર્યા હોય, તે સર્વે અપરાધો માફ કરજો.[૪૭] અમે જ્યારે પણ આપનું ધ્યાન કરીએ, મનથી ચિંતવન કરીએ ત્યારે તમારું પ્રત્યક્ષ દર્શન આપજો. તમારી એકાંતિકી ભક્તિ કરવામાં વિઘ્ન કરનારી કુમતિ અમને ક્યારેય ન સુઝે, તથા વિષમ દેશ-કાળાદિકના યોગથી ક્યારેય પણ એ ભક્તિમાં વિઘ્ન ન થાય, એવી કૃપા કરજો.[૪૮] હે પ્રભુ ! તમે અમને જલ્દીથી તમારી સમીપે તેડી લેજો. આ પ્રમાણે તમારા જ એક ચરણકમળનો આશ્રય કરનારા અમારી તમારી પાસે પ્રાર્થના છે.[૪૯]

હે રાજન્ ! આ પ્રમાણે સર્વેનાં પ્રાર્થના વચનો સાંભળી ભગવાન શ્રીહરિ

इति तेषां वचः श्रुत्वा तथास्त्वित्याह तान् हरिः । कुर्वेऽहमाह्निकं यूयं स्वस्थानं गच्छतेति च ॥५०॥
ततस्ते तं नमस्कृत्य भग्नाङ्घ्रय इवानघ ! । सास्रनेत्रा ययुः स्थानं चिन्तयन्तस्तमेव हि ॥५१॥
उत्पाता बहवो राजंस्तदाऽऽसञ्जगतीतले । स्वरो वायुर्महानासीन्निपेतुर्बहवो द्रुमाः ॥५२॥
ज्वालाभिः खं लिहन्नग्निर्ग्रामान्कतिचिदादहत् । आसीच्च वज्रनिर्घोष उल्कापातश्च भूतले ॥५३॥
क्वचिच्चाभूदश्मवृष्टी रक्तवृष्टिश्च कुत्रचित् । त्रासश्च हृदये नृणां तदासीत्सहसैव हि ॥५४॥
मनांसि कलुषाण्यासन्साधूनामपि तत्क्षणम् । निदाघभास्करोऽप्यासीन्निस्तेजाः सुरवर्तमनि ॥५५॥
भक्तानां च हरेः पुंसां वामाङ्गस्फुरणं तथा । दक्षाङ्गस्फुरणं स्त्रीणामासीच्चाप्रियसूचकम् ॥५६॥
दृष्ट्वा तान् सहसोत्पातान् जायमानांस्तु तद्विदः । हरेरन्तर्धिमेवैते सूचयन्तीत्यमंसत ॥५७॥
हरिः स्नात्वाह्निकं कृत्वा तस्यां दशहरातिथौ । ददौ दानानि विप्रेभ्यो गवादीनि यथाविधि ॥५८॥

---

તેઓને અભય વરદાન આપતાં કહ્યું કે તમે જે માગ્યું છે, તે પ્રમાણે જ થશે. હવે અમે આહ્નિક વિધિ કરીએ છીએ. તમે સર્વે તમારા સ્થાન કે જાઓ.[૫૦] હે નિષ્પાપ રાજન્ ! ભગવાન શ્રીહરિનાં વચનો સાંભળી સર્વે જનોએ તેમને નમસ્કાર કર્યા, ને જાણે પોતાના પગ આદિ અંગ ભાંગી ગયાં હોય તેવી પરિસ્થિતિવાળા થઈ આંખમાં અશ્રુ સારતા, હૃદયમાં એક શ્રીહરિનું જ ચિંતવન કરતા, માંડ માંડ પોતપોતાના સ્થાને ગયા.[૫૧] હે રાજન્ ! તે જ સમયે પૃથ્વીપર બહુ પ્રકારના ઉત્પાતો થવા લાગ્યા. તીક્ષ્ણ સ્પર્શવાળો વાયુ અતિતીવ્રવેગથી વાવા લાગ્યો. જેનાથી અનેક વૃક્ષો પૃથ્વી પર પડવા લાગ્યાં.[૫૨] અગ્નિ પોતાની જ્વાળાઓથી જાણે આખા આકાશને ગ્રસી લેતો હોય તેમ અનેક ગામોને ચોતરફથી બાળવા લાગ્યો. અર્થાત્ પૃથ્વીના તળીયાથી ઊંચે આકાશ પર્યંત જાણે અગ્નિની જ્વાળાઓ બળતી હોય તેવી ભીષણ ગરમી પડવા લાગી. આકાશમાં વજ્રપાતના ધ્વનિ થવા લાગ્યા. પૃથ્વી પર ઉલ્કાપાતો થવા લાગ્યા.[૫૩] કોઈ કોઈ સ્થળે તો પાષાણવૃષ્ટિ પણ થઈ. ક્યાંક રુધિરની વૃષ્ટિ થઈ. આવું બધું જોઈને મનુષ્યોના હૃદયમાં એ અવસરે એકાએક ત્રાસ ઉત્પન્ન થયો.[૫૪] સાધુઓનાં મન એજ ક્ષણે ઉદ્વેગથી ઘેરાઈ ગયાં. આકાશમાં ગ્રીષ્મકાળનો સૂર્ય પણ હવે સાવ નિસ્તેજ દેખાવા લાગ્યો છે.[૫૫] ભાવિ અપ્રિય થવાનું સૂચન કરનારાં ભક્તોમાં પુરુષોનાં ડાબાં અંગો સ્ફુરવા લાગ્યા અને સ્ત્રીઓનાં જમણાં અંગો સ્ફુરવા લાગ્યા.[૫૬] આવા એકાએક ઉત્પન્ન થયેલા ઉત્પાતોને જોઈ. તેને જાણનારા પુરુષો આ સર્વે ભગવાન શ્રીહરિના અંતર્ધાનના નિમિત્તને સૂચવનારા ઉત્પાતો છે, એમ માનવા લાગ્યા.[૫૭]

स्नात्वा धौताम्बरधरः कृतोर्ध्वतिलकः पुनः । भुवि गोमयलिप्तायामातस्तार कुशांस्तिलान् ॥५९॥
तत्र सिद्धासनं कृत्वा निषण्णः स्थिरवीक्षणः । आत्मानमात्मना दध्यौ दुर्निरीक्ष्यः स तेजसा ॥६०॥
नित्यानन्दश्च गोपालानन्दस्तस्याग्रतः स्थितौ । आस्तां च भजनानन्दशुकानन्दाववस्थितौ ॥६१॥
तदान्तरिक्षे सहसा विमानानां तु कोटयः । पार्षदानामदृश्यन्त तस्य च त्रिदिवौकसाम् ॥६२॥
दिव्यगन्धैर्दिव्यपुष्पैर्दिव्यैः सर्वोपचारकैः । दिव्यैर्भक्तैः पूज्यमानः स्वधाम सह तैर्ययौ ॥६३॥
अत्युत्साहेन देवानां तं समर्चयतां पथि । उत्सवोऽभून्महांस्तेषां वादित्राणां च निःस्वनः ॥६४॥
तेषां पूजयतां राजंश्चन्दनद्रवबिन्दवः । पुष्पाणि च तदा भूमौ न्यपतंश्च क्वचित्क्वचित् ॥६५॥

**જેઠસુદ દશમીનો દિવસ ઉગ્યો ને શ્રીહરિએ કરી સ્વધામ ગમનની તૈયારી :–** હે રાજન્ ! સંવત ૧૮૮૬ ના જેઠ સુદ દશમને દિવસે પ્રભાતે ભગવાન શ્રીહરિએ સ્નાન કર્યું. આહ્નિક વિધિ કરી બ્રાહ્મણોને ગાય આદિકનાં દાનો આપ્યાં.[૫૮] ત્યારપછી ફરી શ્રીહરિએ સ્નાન કર્યું, ને ધોયેલાં પવિત્ર વસ્ત્રો ધારણ કરી, ભાલમાં ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કર્યું. ગાયના છાણથી લીંપેલી ધરતી પર દર્ભ અને તલને પધરાવી એ ભૂમિ ઉપર શ્રીહરિ સિદ્ધાસન વાળીને બેઠા. નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિને સ્થિર કરી, પોતાના અતિશય પ્રતાપનો આવિષ્કાર કરી, શરીરમાંથી અદર્શનીય મહાતેજ પ્રગટ કર્યું ને પોતાના મનથી સ્વસ્વરૂપનું ધ્યાન કરવા લાગ્યા.[૫૯-૬૦] એ સમયે ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ભજનાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી ભગવાન શ્રીહરિની સમીપે જ હાથ જોડીને ઊભા હતા.[૬૧]

**આકાશ માર્ગે વિમાન લઇ અક્ષરધામના પાર્ષદોનું આગમન :–** હે રાજન્ ! તે જ સમયે આકાશમાર્ગે ભગવાન શ્રીહરિના અક્ષરધામમાંથી આવેલા પાર્ષદો અને બ્રહ્માદિ દેવતાઓનાં કરોડો વિમાનોની એકાએક હારમાળા સર્જાઇ, તેનાં સર્વે સંતો - ભક્તો અને બહેનોને દર્શન થયાં.[૬૨] દિવ્ય અક્ષરધામમાંથી પધારેલા અક્ષરમુક્તોએ દિવ્ય પુષ્પો અને વસ્ત્રાલંકારાદિ દિવ્ય ઉપચારોથી ભગવાન શ્રીહરિની પૂજા કરી ને ધામમાં પધારવાની સ્તુતિ કરી. તે સમયે તેઓની સાથે ભગવાન શ્રીહરિ સંવત ૧૮૮૬ ના જેઠ સુદ દશમીને દિવસે આલોકમાંથી અંતર્ધાન થઇ સ્વધામ પધાર્યા.[૬૩] પોતાના માર્ગમાંથી પસાર થઇ રહેલા ભગવાન શ્રીહરિની અતિ ઉત્સાહપૂર્વક મહા ઉપચારોથી પૂજા કરીને બ્રહ્માદિ દેવોને મહાન ઉત્સવ થયો, ને તેઓ દુંદુભિ આદિ વાજિંત્રોનો મહા ધ્વનિ કરવા લાગ્યા.[૬૪]

तेजःपुञ्जो महानादौ ददृशेऽतिसितो घनः । ततस्तिरोदधे सद्यः स नालक्ष्यत कैश्चन ॥६६॥
सौदामन्यास्तिरोधानं यथा दीपार्चिषोऽथवा । मर्त्यैर्न लक्ष्यते तद्वद्गतिस्तस्यापि कैश्चन ॥६७॥
नित्यानन्दादयस्ते च तद्दृष्ट्वाश्चर्यमागताः । तद्दत्तधैर्या विदधुरुच्चैस्तन्नामकीर्तनम् ॥६८॥
तन्निशम्याखिला भक्तास्तत्राजग्मुश्च सत्वरम् । ज्ञात्वा तिरोहितं तं तु विलेपुः करुणं भृशम् ॥६९॥
ततस्तदिच्छया प्रापुर्धैर्यं ते सकला अपि । विशोका इव तन्नामकीर्तनं चक्रुरुच्चकैः ॥७०॥
नानाविधानि चित्राणि चरित्राण्यथ तस्य ते । स्मरन्तः कीर्तयन्तश्च दुःखेनाहानि निन्यिरे ॥७१॥
अखण्डसच्चिदानन्दमूर्तेर्भगवतो नृप ! । जननं च तिरोधानं लीलैवेत्यवधारय ॥७२॥

---

હે રાજન્ ભગવાન શ્રીહરિનું પૂજન કરી રહેલા બ્રહ્માદિ દેવતાઓએ વધાવેલા ચંદનાં બિંદુઓની અને પુષ્પોની પૃથ્વી પર વૃષ્ટિ થઇ, ને તે તે પદાર્થો પૃથ્વી પર ક્યાંક ક્યાંક પડેલાં દેખાયાં.[૬૫] બ્રહ્માદિ દેવતાઓએ પ્રથમ અતિશય શ્વેતવર્ણના ઘાટા મહા તેજનો પુંજ નિહાળ્યો, ને ત્યાર પછી તત્કાળ તેઓની દૃષ્ટિ આગળથી ભગવાન શ્રીહરિ અક્ષરમુક્તોએ સહિત અદૃશ્ય થઇ ગયા. શરીરમાંથી અતિશય તેજપુંજ નીકળતો હોવાથી ભગવાન શ્રીહરિને કોઇ જોઇ શકતું ન હતું.[૬૬] પછી જેમ વીજળી અદૃશ્ય થાય, અથવા દીવાની જ્યોત જેમ અદૃશ્ય થાય, તેને મનુષ્યો જોઇ શકતાં નથી, તેમ ભગવાન શ્રીહરિના સ્વધામગમનને મહાતેજના કારણે કોઇ જોઇ શક્યું નહિ.[૬૭] તેજ શાંત થયું, તે સમયે ભગવાન શ્રીહરિની સમીપે રહેલા નિત્યાનંદ સ્વામી આદિ સંતો ભગવાન શ્રીહરિની માત્ર મૂર્તિનાં દર્શન પામી અતિશય વિસ્મય પામી ગયા. ભગવાન શ્રીહરિએ ધારણ કરાવેલી હૃદયશક્તિથી ધીરજ ધારણ કરી તત્કાળ ઉચ્ચ સ્વરે ભગવાન શ્રીહરિનું નામ સંકીર્તન કરવા લાગ્યા.[૬૮]

હે રાજન્ ! નામ સંકીર્તનનો ધ્વનિ સાંભળી સર્વે સંતો - ભક્તો ભગવાન શ્રીહરિને નિવાસસ્થાને દોડી આવ્યા. શ્રીહરિને અંતર્ધાન થયેલા જોઇ, અતિશય કરુણ રુદન સાથે બહુજ વિલાપ કરવા લાગ્યા.[૬૯] ત્યારપછી તે સર્વે જનો ભગવાન શ્રીહરિની ઇચ્છા મૂજબ ધીરજ ધારણ કરી, શોક રહિત થઇ, ઉચ્ચ સ્વરે નામ સંકીર્તન કરવા લાગ્યા.[૭૦] ત્યારપછી સર્વે ભગવાન શ્રીહરિનાં અનેક પ્રકારનાં અતિ આશ્ચર્યકારી ચરિત્રોનું સ્મરણ કરતા કરતા ને કીર્તન કરતાં કરતાં મહાદુઃખથી દિવસો પસાર કરવા લાગ્યા.[૭૧] હે રાજન્ ! અખંડમૂર્તિ સચ્ચિદાનંદ સ્વરૂપ ભગવાન શ્રીહરિનું પ્રાગટ્ય અને તિરોધાન તો એક લીલામાત્ર છે, એમ તમે

असुरास्त्वत्र मुह्यन्ति न तु भक्ताः कदाचन । वैभवं योगमायाया जानन्तो राधिकापतेः ॥७३॥
यथा नटस्य माययां मुह्यत्सु प्रेक्षकेष्वपि । तद्विदस्तु न वै तद्वल्लीलायां तज्जना हरेः ॥७४॥
शतानन्दोऽथ मुनिराट् राजंस्तद्विरहाकुलः । तद्ध्याननिष्ठया धैर्यं प्राप्य तत्राब्दमावसत् ॥७५॥
सत्सङ्गिजीवनग्रन्थं कृत्वा सम्पूर्णमञ्जसा । तं संशोध्य तदीयार्थं सर्वं हृद्यवधार्य च ॥७६॥
तत्प्रकाशकमन्वर्थं हरेर्नामसहस्रकम् । सर्वमंगलसंज्ञेन स्तोत्रेणारचयत्स्वयम् ॥७७॥
ततस्तदर्थमादाय सङ्क्षेपाज्जनमङ्गलम् । स्तोत्रं चकार भक्तानां नित्यपाठाय योगिराट् ॥७८॥
सभाकृतास्तत्रतत्र हरेर्वार्तासुधास्ततः । मुक्तानन्दादिभिः सद्भिः संश्रुताः सर्वशश्च याः ॥७९॥
तासां तैर्लिखिताः स्मृत्वा तास्तु सत्सङ्गिनां मुदे । शतद्वयेन प्रमिता द्विषष्ट्य संयुतेन वै ॥८०॥

---

જાણો.[૭૨] ભગવાનની આ પ્રાગટ્ય અને તિરોધાન લીલામાં અસુરો મોહ પામે છે. પરંતુ રાધિકાપતિ ભગવાનની યોગમાયાના પ્રભાવને જાણતા તેમના ભક્તજનો તેમાં ક્યારેય પણ મોહ પામતા નથી.[૭૩] જેવી રીતે નટની માયાને જોનારાઓને મોહ થાય છે. પરંતુ તેની કરામતને જાણનારાઓને તેમાં મોહ થતો નથી. તેવી જ રીતે ભગવાનની યોગમાયાના વૈભવને જાણતા તેમના ભક્તજનોને તેમની અંતર્ધાન લીલામાં ક્યારેય પણ મોહ થતો નથી.[૭૪]

**શતાનંદ સ્વામીએ રચેલા વિવિધ ગ્રંથોની યાદી :–** હે રાજન્ ! ત્યારપછી મુનિરાટ્ શતાનંદ સ્વામી ભગવાન શ્રીહરિના વિયોગમાં આકુળ-વ્યાકુળ રહેતા, છતાં શ્રીહરિના સ્વરૂપના ધ્યાનથી ધીરજ ધારણ કરી ગઢપુરમાં એક વર્ષ પર્યંત નિવાસ કરીને રહ્યા.[૭૫] સત્સંગિજીવન ગ્રંથની પૂર્ણાહુતિ કરી, એ ગ્રંથનું તત્ત્વપૂર્વક સંશોધન કરી, તેમના સમગ્ર અર્થને પોતાના હૃદયમાં ધારણ કરી, પોતાના શિષ્યોને તેનો સંપૂર્ણ અભ્યાસ કરાવ્યો.[૭૬] ત્યારપછી સમગ્ર સત્સંગિજીવન શાસ્ત્રના અર્થનો સંક્ષેપથી યથાર્થ બોધ કરાવતા ભગવાન શ્રીહરિના એક હજાર નામવાળા સર્વમંગલ સ્તોત્રની સ્વંય સ્વામીએ રચના કરી.[૭૭] ત્યારપછી વળી યોગીરાટ્ શતાનંદ સ્વામીએ તે સર્વમંગલ સ્તોત્રના અર્થને અતિશય સંક્ષેપથી ગ્રહણ કરી, ભક્તજનોને નિત્યપાઠ કરવા માટે જનમંગલસ્તોત્રની રચના કરી.[૭૮]

હે રાજન્ ! ત્યારપછી દુર્ગપુર આદિક જે જે સ્થાનોમાં સભાને વિષે સંતો-ભક્તોની આગળ ઉચ્ચારાયેલાં, ને મુક્તાનંદ સ્વામી આદિ સંતોએ સાંભળેલાં, ભગવાન શ્રીહરિનાં સર્વે વચનામૃતો હતાં, તે સર્વે વચનામૃતોની મધ્યે મુક્તાનંદ સ્વામી આદિક સંતોએ બસોને બાસઠ વચનામૃતોનું સ્મરણ કરી સત્સંગીઓના

तासां ग्रन्थकृते राज्ञा पद्यै रम्यैस्तु या कृता । पूर्वं श्रीहरिणा तां स स्मृत्वैकं ग्रन्थमातनोत् ॥८१॥
धर्मज्ञानविरागाणां सम्यग्रूपप्रकाशकम् । हरिवाक्यसुधासिन्धुं कृष्णभक्तेश्च तत्त्वतः ॥८२॥
शिक्षापत्र्यास्ततष्टीकां द्वितीयामपि सोऽकरोत् । सुखबोधाय सर्वेषां ततः सिद्धान्तमौध्वम् ॥८३॥
उभे स्तोत्रे चकाराथ मुनिः श्रीभक्तिधर्मयोः नाम्नामष्टोत्तरशतं पृथग्यत्र प्रकीर्तितम् ॥८४॥
महामुनिस्ततश्चक्रे जयन्त्या विधिमुत्तमम् । श्रीहरेर्यत्र पूजादि प्रोक्तं भक्तेप्सितार्थदम् ॥८५॥
ततश्च कृतकृत्योऽसौ हरिमेव स्मरन् हृदि । सिद्धदेहोऽचरद्भूमौ मुमुक्षुन् बोधयन् श्रितान् ॥८६॥

तिरोधानलीलामिमां यश्च लोके पठेद्वा हरेर्यश्च भक्त्या निशाम्येत् ।
कृतान्तस्य पाशाद्विमुक्तौ भवेतां धराधीश ! तावप्यमुष्य प्रतापात् ॥८७॥

---

હિતને માટે ગ્રંથરૂપે અલગ લખી રાખેલાં હતાં.[૭૯-૮૦] એ વચનામૃતોને પણ રમણીય પદ્યમાં (શ્લોકમાં) ગ્રંથ રચવાની ભગવાન શ્રીહરિએ પૂર્વે પોતાને આજ્ઞા કરેલી, તેનું સ્મરણ કરીને શતાનંદ સ્વામીએ એક સુંદર ગ્રંથની રચના કરી.[૮૧] તે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભગવાન શ્રીહરિકૃષ્ણની નવધા ભક્તિના સ્વરૂપનો સારી રીતે બોધ કરાવતા એવા હરિવાક્યસુધાસિંધુ નામના ગ્રંથની રચના કરી.[૮૨]

હે રાજન્ ! ત્યારપછી શતાનંદ સ્વામીએ સર્વેને સુખપૂર્વક બોધ થાય તે માટે શિક્ષાપત્રીની અન્વયદીપિકા નામની બીજી ટીકાની પણ રચના કરી, ત્યારપછી ઉદ્ધવસિદ્ધાંત નામના ગ્રંથની રચના કરી.[૮૩] પછીથી શતાનંદ સ્વામીએ ભક્તિ અને ધર્મના બે સ્તોત્રની રચના કરી. તેમાં શ્રીભક્તિનાં અને શ્રીધર્મનાં એકસો આઠ એકસો આઠ અલગ અલગ નામો કહેલાં છે.[૮૪] ત્યારપછી મહામુનિ શતાનંદ સ્વામીએ શ્રીહરિજયંતી વ્રતનો ઉત્તમ વિધિ ઉદ્યાપન વિધિની સાથે રચ્યો. એ વિધિમાં ભક્તજનોની ઇચ્છા પૂર્તિ કરતા ભગવાન શ્રીહરિની પૂજા આદિક વિધિનું નિરૂપણ કરેલું છે.[૮૫] હે રાજન્ ! ત્યારપછી કૃતકૃત્ય થયેલા શતાનંદ સ્વામી ભગવાન શ્રીહરિનું જ પોતાના હૃદયકમળમાં સ્મરણ કરતા થકા ને પોતાના સિદ્ધદેહથી સકલ લોકમાં ગતિ કરતા થકા શરણે આવેલા મુમુક્ષુ જનોને એકાંતિક ધર્મનો બોધ આપતા આપતા આ પૃથ્વી પર વિચરણ કરવા લાગ્યા.[૮૬]

હે ધરણીપતિ ! આ લોકમાં ભગવાન શ્રીહરિની આ તિરોધાન લીલાનો જે પુરૂષો ભક્તિભાપૂર્વક પાઠ કરશે ને જે સાંભળશે, તે બન્ને ભગવાન શ્રીહરિના પ્રતાપથી કાળના બંધનમાંથી મુક્ત થઈ જશે.[૮૭] પોતે પોષણ કરેલા ધર્મસર્ગનો દ્રોહ કરનાર દંભાદિ અધર્મ સર્ગને મૂળમાંથી ઉખેડીને દૂર કરનાર, તેમજ

उन्मूलितस्वकवृषध्रुगधर्मसर्गः सम्पोषिताखिलवृषान्वय आत्मतन्त्रः ।
आत्मीयभक्तजनकल्पमहीरुहाभो वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥८८॥

**इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे भगवत्तिरोधानलीलानिरूपणनामाऽष्टषष्टितमोऽध्यायः ॥६८॥**

---

**एकोनसप्ततिमोऽध्यायः - ६९**

श्रुत्वा श्रीहरिचरित्रं परमानन्दनिर्वृतः । प्रतारसिंहो नृपतिः पुनः पप्रच्छ सुव्रतम् ॥१॥

**राजोवाच :-**

नारायणचरित्राणि मुहुः श्रुतवतोऽपि मे । मनो न तृप्तिमाप्नोति शुश्रूषैव हि वर्धते ॥२॥
विधिर्हरिजयन्त्या यो यत्कार्यं तत्र तच्छ्रितैः । पुम्भिः स्त्रीभिश्च तत्सर्वं वक्तुमर्हसि मे मुने ! ॥३॥

---

**જ્ઞાનવૈરાગ્યાદિ સમસ્ત ધર્મસર્ગનું સારી રીતે પોષણ કરનાર, સદાય સ્વતંત્ર સ્વરૂપ, પોતાના ભક્તજનોને માટે કલ્પવૃક્ષ સમાન, ને સકલ ઐશ્વર્યસંપન્ન, ભગવાન શ્રીહરિ આ ભારતની ભૂમિમાં વડતાલપુરને વિષે સાક્ષાત્ વિજય પામે છે.**[૮૮]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ભગવાન શ્રીહરિની તિરોધાન લીલાનું વર્ણન કર્યું તથા શતાનંદ સ્વામીએ રચેલા ગ્રંથોની યાદીનું વર્ણન કર્યું ,એ નામે અડસઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૮--**

---

## અધ્યાય - ૬૯

## શ્રીહરિજ્યંતીના વ્રતવિધિનું વિસ્તારથી નિરૂપણ.

ભગવાન શ્રીહરિનાં ચરિત્રો સાંભળી પરમ આનંદ પામેલા પ્રતાપસિંહ રાજા સુવ્રતમુનિને ફરી પૂછવા લાગ્યા કે હે મુનિ ! શ્રીનારાયણનાં ચરિત્રો વારંવાર સાંભળ્યાં છતાં મારા મનમાં તૃપ્તિ થતી નથી, હજુ વધુને વધુ સાંભળવાની ઈચ્છા થાય છે.[૧-૨] હે મુનિ! શ્રીહરિજયંતીવ્રતનો વિધિ શતાનંદ સ્વામીએ લખ્યો છે. તે વિધિમાં શ્રીહરિના આશ્રિત નરનારીઓને ઉપવાસ - પૂજન આદિક કરવાને યોગ્ય જે કાંઈ પણ લખ્યું છે, તે મને સંભળાવો.[૩]

सुव्रत उवाच :-

धन्योऽसि नृपते ! यस्त्वं हरेरेव कथां मुहुः । श्रोतुमिच्छसि भक्त्यैव नूतनामिव सादरम् ॥४॥
विधिं हरिजयन्त्यास्ते कथयाम्यखिलं नृप ! । भवेद्व्रतफलं सम्यग्यस्य संश्रवणादपि ॥५॥
आसीत्सुहर्षनगरे शिवगुप्ताभिधो महान् । वैश्यवर्यः सुधीर्दान्तः स्वधर्मनिरतः शुचिः ॥६॥
सर्वसम्पत्समृद्धोऽपि स आसीदप्रजो नृप ! । तत आसीदुदासीनः सचिन्तो भार्यया सह ॥७॥
येन येन यदुक्तं तत्स पुत्रार्थं व्रतादिकम् । यथाविधि चकाराथ देवोपयाचितान्यपि ॥८॥
तथाप्यलब्धतनयः प्रष्टुं कञ्चन सद्विदम् । तीर्थयात्रामिषेणासौ भ्रमति स्म धरातले ॥९॥
अप्राप्नुवन् दाम्भिकानां विश्वासं वचनेषु सः । ददर्श स्वातिसुहृदं ब्राह्मणं गोमतीतटे ॥१०॥
कृष्णभक्तं वेदशास्त्र निपुणं धर्मपालकम् । रामशर्माभिधं तं च नत्वा साश्रुरुपाविशत् ॥११॥
सोऽपि तं तादृशं दृष्ट्वा चिन्ताकृशतनुं विशम् । तदुदन्तमपृच्छत्तं यथावत् प्राह सोऽपि तम् ॥१२॥

---

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! તમને ખરેખર ધન્ય છે. કારણ કે તમે ભગવાન શ્રીહરિની કથાને જાણે નવીન ને નવીન હોય તેમ આદરપૂર્વક અખંડ ભક્તિભાવની સાથે વારંવાર સાંભળવા ઈચ્છો છો.[૪] હે રાજન્ ! શ્રીહરિજયંતીનો સમગ્ર વિધિ હું તમને સંભળાવું છું. જેનું માત્ર શ્રવણ કર્યાથી શ્રીહરિજયંતી વ્રત કરવાનું ફળ પ્રાપ્ત થાય છે.[૫]

હે રાજન્ ! આમોદ નગરમાં એક બુદ્ધિમાન, ઈન્દ્રિયોનું દમન કરી વશમાં વર્તાવનારો, સ્વધર્મમાં તત્પર અને બહાર તથા અંદર સદાય પવિત્રપણે રહેતો, તથા ગુણોનો નિધિ એવો શિવગુપ્ત નામનો ઉત્તમ વૈશ્ય ભક્ત નિવાસ કરીને રહેતો હતો.[૬] સર્વે સમૃદ્ધિથી સંપન્ન એ વૈશ્યને કોઈ સંતાન ન હતું. તેથી તે પોતાની પત્નીએ સહિત પુત્રની ચિંતામાં ઉદાસીન રહેતો.[૭] જે જે લોકોએ પુત્ર પ્રાપ્તિને માટે જે જે વ્રતાદિક કરવાનાં કહ્યાં, તે સર્વે તે વૈશ્યે વિધિપૂર્વક અનુષ્ઠાન કર્યાં.[૮] છતાં પણ તેને પુત્રની પ્રાપ્તિ થઈ નહિ. તેથી તે શિવગુપ્ત કોઈ સારા પંડિત બ્રાહ્મણને પૂછવા તીર્થયાત્રાના બહાને આ પૃથ્વીપર વિચરણ કરવા લાગ્યો.[૯] દંભી પુરુષોના વચનમાં વિશ્વાસ નહીં કરતા તે વૈશ્યે પોતાના અતિશય પ્રિયમિત્ર બ્રાહ્મણને વડતાલને વિષે ગોમીતીજીને તટે જોયો.[૧૦]

પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિકૃષ્ણના ભક્ત, વેદ શાસ્ત્રમાં નિપુણ અને પોતાના ધર્મનું યથાર્થ પાલન કરનાર તે રામશર્મા નામના બ્રાહ્મણને નમસ્કાર કરી, નેત્રમાં અશ્રુઓ લાવી, તે વૈશ્ય તેમની સમીપે બેઠો.[૧૧] એ બ્રાહ્મણે પણ પુત્ર પ્રાપ્તિની

तच्छ्रुत्वोवाच विप्रस्तं चिन्तां त्यक्त्वा स्थिरो भव । यद्वदामि तदेवाशु कुरु ते भविता सुतः ॥१३॥
व्रतं हरेर्जयन्त्यास्त्वं प्रीत्या कुरु यथाविधि । यदीप्सितं चतुर्वर्गे तत्तेनैवाशु सिद्ध्यति ॥१४॥

**वैश्य उवाच :-**

कोऽसौ हरिर्व्रतं तस्य विधिना केन वा मया । कर्तव्यं ब्रूहि तत्सर्वं विश्वास्योऽसि त्वमेव मे ॥१५॥

**ब्राह्मण उवाच :-**

अवतीर्णोऽभवत्साक्षात्कृष्ण एव धरातले । हरिरित्युदितो नाम्ना कृष्णो नारायणश्च सः ॥१६॥
हरिकृष्णो घनश्यामो नीलकंठश्च स स्मृतः । स्वामी च सहजानन्दः स्वामिनारायणस्तथा ॥१७॥
गुणकर्मानुरूपाणि बिभ्रन्नामान्यनेकशः । भूरिप्रतापश्चासीत्तत्कथयामि समासतः ॥१८॥
कोसलेषु भवतीह विश्रुतश्छुप्पया इति हि खेट उत्तमः ।
तत्र विप्रवर आस नामतो देव इत्यमलधीः सदा शुचिः ॥१९॥

---

**ચિંતામાં કૃશ શરીરવાળા થઇ ગયેલા, ઉદાસી વૈશ્યને જોઇ, તેનું વૃતાંત પૂછ્યું. ત્યારે શિવગુપ્ત વૈશ્યે રામશર્મા બ્રાહ્મણને પોતાનું યથાર્થ વૃતાંત કહી સંભળાવ્યું.[૧૨] તેનું સમગ્ર વૃતાંત સાંભળી રામશર્મા બ્રાહ્મણ શિવગુપ્ત વૈશ્યને કહેવા લાગ્યો, હે વૈશ્ય ! ચિંતા છોડીને થોડા સ્થિર થાઓ, અને હું જે કહું તેનું તમે તત્કાળ પાલન કરો. તમને ચોક્કસ પુત્ર પ્રાપ્ત થશે. તેમાં કોઇ સંશય નથી. તમે પ્રેમથી વિધિપૂર્વક શ્રીહરિજયંતીનું વ્રત કરો. કારણ કે તેનાથી ધર્મ - અર્થ - કામ અને મોક્ષ આ ચારે પુરૂષાર્થમાંથી કોઇ પણ પુરૂષાર્થની ઇચ્છા હોય તે તત્કાળ સિદ્ધ થાય છે.[૧૪]**

**ત્યારે વૈશ્ય પૂછવા લાગ્યો કે, હે વિપ્ર ! એ શ્રીહરિ કોણ છે ? અને તેનું વ્રત મારે કઇ રીતે કરવું જોઇએ ? તે સર્વે વિધિ મને સંભળાવો હું કોઇના પર જલદી વિશ્વાસ કરતો નથી, પરંતુ મને તમારા ઉપર પહેલેથી પૂર્ણ વિશ્વાસ છે.[૧૫] ત્યારે બ્રાહ્મણ કહે છે, હે વૈશ્ય ! અક્ષરધામના અધિપતિ સ્વયં ભગવાન શ્રીવાસુદેવનારાયણ જ આ પૃથ્વીપર સાક્ષાત્ મનુષ્ય સ્વરૂપે સ્વેચ્છાએ પ્રગટ થયા હતા, તેને શ્રીહરિ, શ્રીકૃષ્ણ, નારાયણ, એવા નામથી કહ્યા છે.[૧૬] તેમજ તેને હરિકૃષ્ણ, ઘનશ્યામ, નીલકંઠ એવે નામે પણ કહ્યા છે. વળી તેને સ્વામી સહજાનંદ અને સ્વામિનારાયણ એવે નામે પણ કહ્યા છે.[૧૭] ગુણ કર્મને અનુસારે અનેક નામોને ધારણ કરતા એ ભગવાન શ્રીહરિનો દિગન્તમાં ખૂબજ પ્રભાવ વ્યાપ્યો છે. તેનાં ચરિત્રો હું સંક્ષેપથી કહું છું.[૧૮]**

**આ પૃથ્વીપર ઉત્તર કૌશળદેશમાં ઉત્તમ છપૈયા નામે ગામ આવેલું છે. તે**

धर्म एव सततस्थितेरसौ धर्म इत्यपि च विश्रुतोऽभवत् ।
भक्तिरित्यभिहिताऽस्य सुन्दरी कृष्णभक्तिनिरतत्वतः ॥२०॥
दम्पती सततमेकभावतः कृष्णमेव हृदि सन्तमीश्वरम् ।
दध्यतुर्विषयरागवर्जितौ धर्मशुद्धहृदयौ जितेन्द्रियौ ॥२१॥
कलिबलैधितभूरितरासुरैर्नृपतिदेशिकरूपधरैर्मुहुः ।
भुवि भृशं परितः समुपद्रुतावपि न तत्यजतुर्धृतिमात्मनः ॥२२॥
सकलभीतिभयङ्करविग्रहो निजसमाश्रितसौम्यनिरीक्षणः ।
तदवनं विदधे कुलदेवता निखिलकष्टततेर्हनुमानपि ॥२३॥
स्वधर्मभक्तिस्थितिदार्ढ्यमाप्तौ तौ विष्णुयागेन यथोदितेन ।
वृन्दावने कृष्णमनन्यभावौ प्रसादयामासतुरेव साक्षात् ॥२४॥
तयोः प्रसन्नो भगवानपीह कौलाद्यधर्मं भृशमासुरोत्थम् ।
जिहीर्षुराशु क्षितिदुःखहेतुं प्रादुर्बभूषुश्च बभूव ताभ्याम् ॥२५॥

---

છપૈયામાં દેવશર્મા નામથી નિર્મળ બુદ્ધિવાળા, બહાર - અંદર સદાય પવિત્ર પરાયણ રહેતા, એક ઉત્તમ બ્રાહ્મણ થયા.[૧૯] એ બ્રાહ્મણ ધર્મમાં જ નિરંતર સ્થિર વર્તતા હોવાથી લોકમાં ''ધર્મ'' એવા નામથી પ્રસિદ્ધિને પામ્યા. એ વિપ્રનાં પત્ની સર્વકાળે કૃષ્ણભક્તિમાં જ આસક્ત રહેતાં હોવાથી લોકમાં ''ભક્તિદેવી'' ના નામથી પ્રસિદ્ધિને પામ્યાં.[૨૦] વિષયોના રાગથી રહિત વર્તતાં, ધર્માચરણથી પવિત્ર અંતઃકરણવાળાં, ઈન્દ્રિયોને જીતીને વર્તતાં એવાં એ દંપતી સર્વેના હૃદયમાં અંતર્યામી સ્વરૂપે વિરાજતા ભગવાન શ્રીવાસુદેવનું નિરંતર એકાંતિક ભાવથી ધ્યાન કરતાં.[૨૧]

રાજાઓ અને ગુરુઓના રૂપને ધારણ કરનારા અને કળિયુગની સામર્થીથી બહુ બળવાન થયેલા ઘણા બધા અસુરોથી આ પૃથ્વીપર તે દંપતી અતિશય વારંવાર પીડા પામવા છતાં પોતાની ધીરજનો ત્યાગ કરતાં ન હતાં.[૨૨] સમસ્ત જનોને ભય ઉપજાવતા, ભૂત - ભૈરવાદિકને પણ ભય ઉપજાવે તેવું ભયંકર શરીર ધારણ કરનારા, તેમજ પોતાના આશ્રિતવર્ગને સુખેથી દર્શન કરી શકે તેવું સૌમ્યરૂપ ધારણ કરનારા પોતાના કુળદેવ હનુમાનજીએ સમગ્ર દુઃખના સમુદાયથી તે ભક્તિ-ધર્મનું રક્ષણ કર્યું હતું.[૨૩] સ્વધર્મ અને ભક્તિને વિષે દઢ સ્થિતિને પામેલાં ને ભગવાન શ્રીકૃષ્ણને વિષે અનન્ય ભાવવાળાં તે ભક્તિ - ધર્મે વૃંદાવનમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર વિષ્ણુયાગનું અનુષ્ઠાન કરી ભગવાન શ્રીકૃષ્ણને સાક્ષાત્ પ્રસન્ન કર્યા.[૨૪] તેમના ઉપર પ્રસન્ન થયેલા ભગવાને આલોકમાં અસુરોએ ઉત્પન્ન કરેલા તેમજ

धर्मप्रियोऽथाखिलदेवदेवो नारायणोऽसौ कृपया सुतत्वम् ।
प्रापत्तयोरेव हि कोसलेषु दिव्यां मनुष्याकृतिमेव बिभ्रत् ॥२६॥
ऋतौ वसन्ते मधुमासि शुक्लपक्षे नवम्यां विधुवासरे सः ।
सुरेज्यभे प्रादुरभून्निशायां द्वितीययामस्य तृतीयनाड्यम् ॥२७॥
बभूव भूयो भुवि मङ्गलं तदा सतां च हर्षो हृदि धर्मसेविनाम् ।
भयं च भूर्येव हि धर्मविद्विषां गुरुक्षितीशेशवपुर्द्रुहां नृणाम् ॥२८॥
जातक्रियाद्या उपनायनान्तास्तत्संस्कृतीः साधु चकार धर्मः ।
हर्यादिनामा स च सर्वथैव तं प्रीणयामास च मातरं स्वाम् ॥२९॥
वैराग्यवेगोज्झितगेहसौख्यः स तीर्थयात्रां विदधद्धरायाम् ।
निजप्रतापातिशयेन धर्ममतिष्ठिपत्तद्रिपुमुत्खनंश्च ॥३०॥
स्वधर्मविज्ञानविरागयुक्तामेकान्तिकीं श्रीरमणस्य भक्तिम् ।
प्रावर्तयत्स्वाश्रितपुंसु भूमौ धर्मद्विषश्चुक्षुभुराशु तेन ॥३१॥

---

પૃથ્વીના દુઃખમાં કારણભૂત એવા કૌલાદિ અધર્મનો તત્કાળ અતિશય વિનાશ કરવાની ઈચ્છાથી તે ભક્તિ - ધર્મથકી આ પૃથ્વીપર પ્રાદુર્ભાવ થવાની ઈચ્છા કરી.[૨૫]

ત્યાર પછી ધર્મપ્રિય, સમગ્ર દેવોના દેવ અને સર્વાંતર્યામી, નારાયણ એવા ભગવાન શ્રીકૃષ્ણ દિવ્ય મનુષ્યાકૃતિ ધારણ કરવા માટે ઉત્તર કૌશલદેશમાં ધર્મ - ભક્તિને ત્યાં પુત્રભાવને પામ્યા.[૨૬] વસંતઋતુમાં ચૈત્રમાસના સુદ પક્ષની નવમી તિથિ ને સોમવારે પુષ્યનક્ષત્રમાં રાત્રીના બીજા પ્રહરની ત્રીજી ઘડીએ એ શ્રીકૃષ્ણ ભગવાન પ્રગટ થયા.[૨૭] તે સમયે આ પૃથ્વી પર ખૂબજ મંગલ વાતાવરણ ખડું થયું. ધર્મ-સેવી સાધુજનોના હૃદયમાં ખૂબજ હર્ષ પ્રગટ થયો. ધર્મદ્રોહી અસુર ગુરુઓ તથા અસુર રાજાઓમાં તથા વિપ્ર - ગાય - દેવ આદિના રૂપમાં ભગવાનનો દ્રોહ કરનારા મનુષ્યોના હૃદયમાં પણ ખૂબજ ભય ઉત્પન્ન થયો.[૨૮] ધર્મદેવે જાતકર્મના સંસ્કારથી લઈ ઉપનયન સુધીના સર્વે સંસ્કારો બહુજ સારી રીતે કર્યા. શ્રીહરિ આદિક નામવાળા ભગવાને પોતાનાં માતા - પિતા એવાં ભક્તિ - ધર્મને સર્વપ્રકારે સુખ આપ્યું, ને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી દુર્વાસાના શાપ થકી છોડાવી દિવ્ય સ્વરૂપમાં પોતાની પાસે નિવાસ આપીને અતિશય ખુશ કર્યાં.[૨૯]

વૈરાગ્યના વેગથી ઘરના સુખનો ત્યાગ કરનાર શ્રીહરિ પૃથ્વીપર તીર્થયાત્રા કરી, ધર્મના વેરી એવા અધર્મનો મૂળે સહિત નાશ કરી, પોતાના અતિશય પ્રભાવથી પૃથ્વી પર ધર્મનું અચળપણે સ્થાપન કર્યું.[૩૦] સ્વધર્મ વિજ્ઞાન અને વૈરાગ્યે યુક્ત

अधर्मसंस्थासुरदेशिकानां यूथानि भूयांसि च तत्र तत्र ।
धर्मद्रुहो भूपतयश्च शुष्कज्ञानाभिमाना अथ दम्भभक्ताः ॥३२॥
सद्धर्मसंस्थापनमञ्जसाऽस्य दृष्ट्वा तथैश्वर्यमलौकिकं ते ।
समत्सरास्तत्पदवीमशक्ता लब्धुं व्यधुर्द्रोहभरं तु चास्य ॥३३॥
ते दुर्जनास्त्वस्य कदर्थनोत्थपापेन भूम्नातिविमोहमापुः ।
सहस्रशः शस्त्रभृतश्च तत्र कृत्वा प्रहारं मिथ आपुरन्तम् ॥३४॥
जुगुप्सितं कर्म विधाय केचिन्नासाश्रुतिच्छेदखरावरोहान् ।
सम्प्राप्य भूपादिकृतान् विनेशुः केचिच्च नौकाजलमज्जनेन ॥३५॥
हरिद्रुहो भूपतयस्तु केचिद्रोगैः सपत्नैः कतिचिच्च नेशुः ।
हृतश्रियोऽन्ये बलिभिर्नृपाद्यैर्भृशं लभन्ते स्म च दुर्दशां वै ॥३६॥
एवंप्रतापो विचरन्स भूमावधर्मसर्गं भृशमुच्चखान ।
प्रवर्तयामास च धर्मसर्गं सुरामिषाशासुरभक्तलुप्तम् ॥३७॥

---

લક્ષ્મીપતિ ભગવાન શ્રીકૃષ્ણની એકાંતિકી ભક્તિ પોતાના આશ્રિતજનોમાં પ્રવર્તાવી. તેણે કરીને ધર્મના દ્વેષી અસુરો તત્કાળ ક્ષોભ પામ્યા.[૩૧] તે તે પ્રદેશમાં અધર્મના માર્ગે ચાલનારા અસુર ગુરુઓના અનેક યૂથો, તેમજ ધર્મનો દ્રોહ કરનારા અનેક અસુર રાજાઓ, તથા ભગવાનની ઉપાસના રહિત કેવળ શુષ્કજ્ઞાનના અભિમાનીઓ અને દંભમાત્રથી ભક્તનો વેષ ધારણ કરનારાઓ હતા.[૩૨] તે સર્વે ભગવાન શ્રીહરિની સદ્ધર્મની સ્થાપના જોઇ તથા અલૌકિક ઐશ્વર્ય જોઇ મત્સરગ્રસ્ત થયા ને ભગવાન શ્રીહરિના અલૌકિક ઐશ્વર્યના માર્ગને પામવા અસમર્થ હોવા છતાં તેઓ શ્રીહરિનો અતિશય દ્રોહ કરવા લાગ્યા.[૩૩]

ભગવાન શ્રીહરિનો દ્રોહ કરવાથી ઉત્પન્ન થયેલા પાપથી તે સર્વે દુર્જનો અતિશય મોહ પામ્યા ને તેઓને મધ્યે હજારો શસ્ત્રધારી અસુરો પરસ્પર શસ્ત્રનો પ્રહાર કરી વિનાશને પામ્યા.[૩૪] કેટલાક તો અતિ નિંદિત પરસ્ત્રીસંગ, ધનની ચોરી આદિક દુષ્કર્મો કરવાથી રાજાએ કરેલા નાક - કાન કાપવારૂપ દંડથી અને ગધેડાં ઉપર અવળે મુખે બેસાડવારૂપ દંડથી વિનાશ પામ્યા.[૩૫] કેટલાક તો રાજા દ્વારા મહાનૌકામાં બેસાડી મહાનદીના જળપ્રવાહની મધ્યે ડૂબાડી દેવાથી નાશ પામ્યા. વળી કેટલાક ભગવાન શ્રીહરિનો દ્રોહ કરનારા અસુર રાજાઓ હતા તે રાજ્યલક્ષ્મીનો વિનાશ તથા કુઠરાદિરોગોથી વિનાશ પામ્યા. તો કોઇ શત્રુઓથી નાશ પામ્યા, અને અનેક તો બળવાન રાજા દ્વારા રાજસંપત્તિ હરી લેવાથી અતિશય

सद्यःसमाधिं भुवि मानवानां विधापयन्नात्मन इच्छयैव ।
विस्मापयामास स योगभाजस्तत्प्राप्तये भूरितरप्रयत्नान् ॥३८॥
अज्ञाततद्भूरितरप्रतापा अप्यत्र ये तं शरणं प्रपन्नाः ।
तानप्यवित्वा यमदूतदोर्भ्यो मुक्तिं ददावेष दयालुवर्यः ॥३९॥
मुमुक्षवः सुज्ञजनास्तु तस्य दृष्ट्वा प्रतापातिशयं स्वमुक्त्यै ।
तदीयमेवाश्रयमाशु चक्रुः साक्षाद्विनिश्चित्य तमेव कृष्णम् ॥४०॥
केचित्तदीयाङ्घ्रिकरस्थचिह्नैस्तमैश्वरैर्निश्चितवन्त ईशम् ।
अनन्यसाध्येन समाधिनापि केचिच्च तं साहजिकेन सुज्ञाः ॥४१॥
सतामसाधारणधर्मनिष्ठामालोक्य केचिच्च तदाश्रितानाम् ।
शास्त्रोदितामप्यनवेक्षमाणा विदुस्तमीशं ननु लोकसत्सु ॥४२॥

---

દુર્દશાને પામ્યા.[૩૬] આ પ્રમાણે પોતાના પ્રભાવથી ભગવાન શ્રીહરિએ આ પૃથ્વી પર વિચરણ કરી અધર્મસર્ગનો સંપૂર્ણ પણે વિનાશ કર્યો, ને સુરા - માંસનું ભક્ષણ કરતા અસુર દેવતાઓના ભક્તો દ્વારા વિલોપ કરી મૂકેલા ધર્મસર્ગનું પુનઃ પ્રવર્તન કર્યું.[૩૭]

આ પૃથ્વી પર મનુષ્યોને પોતાની ઇચ્છા મુજબની સમાધિ કરાવીને ભગવાન શ્રીહરિએ સમાધિ સિદ્ધિની પ્રાપ્તિ માટે બહુ જ પ્રયાસ કરતા અષ્ટાંગ યોગના અભ્યાસી યોગીજનોને પણ અતિશય વિસ્મય પમાડી દીધા.[૩૮] આ પૃથ્વી પર જે મનુષ્યો ભગવાન શ્રીહરિનો અતિશય પ્રતાપ જાણતા ન હતા, છતાં પણ તેને શરણે આવેલા હતા, તે સર્વેને યમદૂતોના હાથથકી રક્ષણ કરી, એ ભગવાન શ્રીહરિએ દયા કરીને તેમને મુક્તિ આપી.[૩૯] તથા જે મુમુક્ષુ અને જ્ઞાની જનો હતા, તે તો ભગવાન શ્રીહરિનો અતિશય પ્રતાપ જોઇ, શ્રીહરિને જ સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણ જાણી, પોતાની મુક્તિ માટે તેમનો જ આશ્રય કરવા લાગ્યા.[૪૦] કોઇ મનુષ્યો પરમેશ્વરપણાના સૂચક ભગવાન શ્રીહરિનાં ચરણ કમળમાં રહેલાં ઊર્ધ્વરેખાદિ સોળ ચિહ્નોથી શ્રીહરિનો સાક્ષાત્ પરમેશ્વરપણાનો નિશ્ચય કરતા હતા. તો કોઇ સુજ્ઞજનો કોઇનાથી પણ સાધી ન શકાય તેવા સમાધિયોગને સહજતાથી શ્રીહરિદ્વારા પામીને તેમને પરમેશ્વર જાણતા હતા.[૪૧]

કોઇ મનુષ્યો ભગવાન શ્રીહરિના આશ્રિત સંતોની અસાધારણ ધર્મપાલનની નિષ્ઠા જોઇ, અને એવી શાસ્ત્રોક્ત ધર્મનિષ્ઠા બીજા લૌકિક સાધુઓમાં ન જોઇ, તેથી પણ તેઓ ભગવાન શ્રીહરિને પરમેશ્વર જાણવા લાગ્યા.[૪૨] પરંતુ જે

ये दम्भभक्ताः स्वमतं सदोषं त्यक्त्वा न कृष्णाश्रयमाचरंस्तान् ।
ऐश्वर्यमाश्चर्यमलौकिकं स्वं प्रादर्शयद्योगकला वितन्वन् ॥४३॥
सहस्रशस्ते च विना प्रयत्नं सद्यः समाधिं हृदयेऽलभन्त ।
स्वस्वेष्टदेवं च विलोक्य तत्र तमेव तं चापुरतिप्रहर्षम् ॥४४॥
ते व्युत्थिता आत्मन इष्टदेवं तमेव निश्चित्य सचित्रमाशु ।
विधाय तस्याश्रयमात्ममुक्त्यै तद्वाचि तस्थुः स्वमतं विहाय ॥४५॥
ये शुष्कवेदान्तविदो नरास्तान् जित्वाशु वादेन स सप्रमाणम् ।
उपासनं ब्रह्मण एव साक्षाद्दिव्याकृतेर्ग्राहयति स्म भक्त्या ॥४६॥
तदाश्रयं ये विदधुश्च विप्रास्ते स्नानसन्ध्यामुखषट्क्रियाभिः ।
सहैव राधारमणस्य भक्तिं चक्रुः शमाद्यात्मगुणोपपन्नाः ॥४७॥
तदाश्रिता वर्णिजनाश्च सन्तो बृहद्व्रतं दुश्चरमष्टधैव ।
सम्पालयन्तोऽखिलसाधुधर्मा विलक्षणा लौकिकसद्भ्य आसन् ॥४८॥

દંભી ભક્તો હતા, તેઓ બહુ દોષવાળા પોતાના મતનો ત્યાગ કરીને પણ સાક્ષાત્ શ્રીહરિનું શરણું સ્વીકારતા ન હતા. યોગૈશ્વર્યનો વિસ્તાર કરતા ભગવાન શ્રીહરિ તેઓને પણ આશ્ચર્ય ઉપજાવે તેવાં પોતાનાં અલૌકિક ઐશ્વર્યનું દર્શન કરાવતા હતા.[૪૩] હજારો મનુષ્યો પ્રયત્ન વિના પોતાના હૃદયમાં તત્કાળ સમાધિની સ્થિતિ પામ્યા. સમાધિમાં શ્રીહરિની કૃપાથી પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરી, પોતાના ઈષ્ટદેવ છે, તે જ આ શ્રીહરિ છે, એવું જોઈને અતિશય હર્ષને પામ્યા.[૪૪] ત્યારપછી સમાધિમાંથી જાગ્રત થયેલા મનુષ્યો પોતાના ઈષ્ટદેવ છે, તે જ આ શ્રીહરિ છે, એવો નિશ્ચય કરી અતિશય આશ્ચર્યપૂર્વક તત્કાળ શ્રીહરિનો આશ્રય કરવા લાગ્યા ને પોતાના મતનો ત્યાગ કરી પોતાની મુક્તિ માટે શ્રીહરિના વચનમાં વર્તવા લાગ્યા.[૪૫]

જે મનુષ્યો શુષ્કવેદાંતીઓ હતા. તેઓને ભગવાન શ્રીહરિ પ્રમાણોએ સહિત વાદ-વિવાદથી તત્કાળ જીતી, સાક્ષાત્ દિવ્યાકૃતિ પરબ્રહ્મ શ્રી વાસુદેવના પ્રેમપૂર્વક કરાતા ઉપાસનામાર્ગને ગ્રહણ કરાવતા હતા.[૪૬] જે વિપ્રો તેમનો આશ્રય કરતા તે વિપ્રો તો શમ - દમાદિક ગુણોએ યુક્ત થઈ સ્નાન સંધ્યાદિ બ્રાહ્મણના ષટ્કર્મોની સાથે રાધારમણ ભગવાન શ્રીકૃષ્ણની ભકિત કરવા લાગી ગયા.[૪૭] એ શ્રીહરિનો આશ્રય કરનારા બ્રહ્મચારીઓ અને સાધુઓ દુષ્કર બ્રહ્મચર્ય વ્રતનું અષ્ટપ્રકારે પાલન કરી, સાધુઓના સમગ્ર ધર્મોમાં વર્તતા હોવાથી, તેઓ લોકપ્રસિદ્ધ

अन्ये च वर्णाश्रमिणः स्वधर्मं नित्यं यथाशास्त्रमिहाचरन्तः ।
भेजुर्हरिं भक्तिभरेण हित्वा तस्य प्रतापादखिलान्स्वदोषान् ।।४९।।
प्रापुः श्रितास्तं सधवस्त्रियोऽत्र पतिव्रताधर्म उरुप्रतिष्ठाम् ।
स्वधर्मनिष्ठा विधवस्त्रियश्च सद्ब्रह्मचर्ये स्थितिमापुरग्र्याम् ।।५०।।
सम्भारभारैर्विपुलैः स शुद्धैश्चित्रावहान्भूमिभुजामपीह ।
महोत्सवान् कृष्णजनुर्दिनादौ चक्रेऽन्नकूटप्रमुखान्मुहुश्च ।।५१।।
यज्ञान्स वैश्योत्तम ! वैष्णवांश्च व्यधापयद्भूपतिचित्रकर्तॄन् ।
मासान्बहून्भोजयति स्म विप्रान्सहस्रशः साधुजनान्मुहुश्च ।।५२।।
महान्नसत्राणि च तत्र तत्र सोऽचीकरद्यात्रिकलोकतुष्ट्यै ।
यत्रागता भूरिसुखं यथेष्टं पान्था लभन्ते स्म जनाः सचित्रम् ।।५३।।
कूपांश्च वापीः स सरोवराणि सद्धर्मशाला अपि तत्र तत्र ।
व्यधापयज्जीवहिताय भूमौ सोपस्करा ब्रह्मपुरीरदाच्च ।।५४।।

---

સાધુઓથી તદ્દન વિલક્ષણ જણવા લાગ્યા.[૪૮] આ લોકમાં પોતપોતાના વર્ણાશ્રમધર્મનું પાલન કરનારા અન્ય જનો હતા, તે પણ શાસ્ત્રોક્ત પ્રમાણે સદાચારનું પાલન કરી, તે શ્રીહરિના પ્રતાપથી સમગ્ર પોતાના કામાદિ દોષોનો ત્યાગ કરી, અતિશય ભક્તિભાવની સાથે શ્રીહરિની જ ભક્તિ કરવા લાગ્યા.[૪૯] આ લોકમાં ભગવાન શ્રીહરિની આશ્રિત સધવા સ્ત્રીઓ હતી, તે પણ પતિવ્રતાના ધર્મમાં મહાન પ્રતિષ્ઠા પામી અને વિધવા નારીઓ હતી, તે પણ સ્વધર્મમાં નિષ્ઠાવાન થઈ, પોતાના શુભ બ્રહ્મચર્યવ્રતમાં અતિશય ઉત્તમ સ્થિતિને પામી.[૫૦]

ભગવાન શ્રીહરિએ આલોકમાં રાજાઓને પણ આશ્ચર્ય ઉપજાવે તેવા શ્રીકૃષ્ણ પ્રાદુર્ભાવ-દિવસના મહોત્સવો, એકાદશીવ્રતના મહોત્સવો તથા અન્નકૂટાદિ મહોત્સવોને બહુ પ્રકારની પવિત્ર સામગ્રીઓ વડે વારંવાર ઉજવ્યા.[૫૧] હે વૈશ્યવર્ય ! ભગવાન શ્રીહરિએ રાજાઓને પણ આશ્ચર્ય ઉપજાવે તેવા વિષ્ણુયાગયજ્ઞો કરાવ્યા ને હજારો વિપ્રોને તથા હજારો સંતોને બહુ માસ પર્યંત વારંવાર ભોજનો જમાડી તૃપ્ત કર્યા.[૫૨] વળી ભગવાન શ્રીહરિએ તે તે ગામ તથા નગરોને વિષે યાત્રિક મનુષ્યોના સંતોષને માટે મોટા સદાવ્રતો કરાવ્યાં, ને તેને વિષે આવતા યાત્રિકજનો આશ્ચર્ય સાથે ઈચ્છિત મહા સુખને પામતા.[૫૩] વળી તેમણે પૃથ્વીપર તે તે પ્રદેશમાં સકલ જીવોના હિતને માટે કૂવા, વાવ, સરોવર અને ધર્મશાળાઓ આદિકની સુંદર વ્યવસ્થા કરાવી, ને ઉપકરણોએ સહિત બ્રહ્મપુરીનું દાન કર્યું.[૫૪] એ શ્રીહરિએ

उपानयद्विप्रकुमारकांश्च यथोपयुक्तं द्रविणं स दत्त्वा ।
सहस्रशः कारयति स्म कन्यादानानि विप्रैश्च यथाविधानम् ॥५५॥
कर्तुं न शक्तान्स्वऋणापहारं निजाश्रितान्कांश्चन धर्मनिष्ठान् ।
स उत्तमर्णेभ्य उरुप्रतापो दत्त्वा धनं मोचयति स्म सद्यः ॥५६॥
उपासनाग्निं कतिचित्स विप्रांस्त्रेतामपि ग्राहयति स्म विज्ञान् ।
देयं धनं च प्रतिवर्षमेभ्यो न्यबन्धयद्येन हि कर्मसिद्धिः ॥५७॥
गोभूहिरण्यादि च पर्वकाले दानं महद्विप्रवरेभ्य एषः ।
सदक्षिणं दापयति स्म भूयो यथाविधानं भुवि धर्मपोष्टा ॥५८॥
प्रादर्शयच्च स्वकभूरिभक्तान्स ब्रह्मगोलोकमुख्यानि भूमा ।
दिव्यानि धामानि निजानि भूयस्तत्तन्महैश्वर्ययुतानि चान्तः ॥५९॥
सहैव तत्तत्परिचारकाद्यैर्निजावतारानपि पूर्ववृत्तान् ।
प्रादर्शयत्तत्तदुपासकेभ्यः सोऽचिन्त्यशक्तिः कतिचिज्जनेभ्यः ॥६०॥
स जीवमायाबृहदीश्वराणां रूपाणि सच्छास्त्रविदां मतानि ।
निरूपयामास सभासु सम्यक् प्रादर्शयत्तानि च कांश्च शक्त्या ॥६१॥

યથા ઉપયોગી ધન આપી હજારો બ્રાહ્મણ કુમારોને ઉપનયન સંસ્કાર કરાવ્યા અને શાસ્ત્રવિધિ અનુસાર હજારો કન્યાઓનાં વિપ્રો પાસે દાન કરાવ્યાં.[૫૫]

મહાપ્રતાપી ભગવાન શ્રીહરિએ પોતાના ઋણમાંથી મુક્ત થવા અસમર્થ એવા ધર્મનિષ્ઠ કેટલાક પોતાના આશ્રિત મનુષ્યોને દેણદારોનું ધન અપાવી તત્કાળ તેમાંથી મુક્ત કર્યા.[૫૬] એ શ્રીહરિ વેદવિદ્યાને જાણનારા કેટલાક વિપ્રોને ઉપાસના-અગ્નિનું ગ્રહણ કરાવતા, કેટલાક વિપ્રોને ત્રેતાગ્નિનું ગ્રહણ કરાવતા. અને એ વિપ્રોને પ્રતિવર્ષ આપવા યોગ્ય ધનનું વર્ષાસન પણ બાંધી આપતા. જેનાથી તેના હોમકાર્યની સિદ્ધિ થઈ શકે.[૫૭] આ પૃથ્વીપર દાનધર્મનું પોષણ કરનારા ભગવાન શ્રીહરિ સંક્રાંતિ આદિકના પર્વકાળે દક્ષિણાએ સહિત ગાય, ભૂમિ, સોનું વગેરે શાસ્ત્રોક્ત મહાદાનના વિધિ સાથે ઉત્તમ બ્રાહ્મણોને વારંવાર દાન આપાવતા.[૫૮] આવા વિભુ, ભગવાન શ્રીહરિ બ્રહ્મપુર, ગોલોક આદિક પોતાના મહા ઐશ્વર્યોએ યુક્ત દિવ્યધામોનાં પોતાના અનેક ભક્તજનોને સમાધિદશામાં વારંવાર દર્શન કરાવતા.[૫૯] અચિંત્ય શક્તિ ને સામર્થી ધરાવતા એ ભગવાન શ્રીહરિ પોતાના ભૂતપૂર્વ અવતારોનાં, તેમના પાર્ષદોની સાથે તેમના ઉપાસક કેટલાક મનુષ્યોને દર્શન કરાવતા.[૬૦] વળી ભગવાન શ્રીહરિ સત્શાસ્ત્રોના અભિપ્રાયને જાણનારા

भ्रष्टाः स्वराज्यात्कतिचिच्च भूपा हृतश्रियः शत्रुजनैर्बलिष्ठैः ।
तदाश्रयेणैव पुनः स्वऋद्धिं प्राप्याधिकत्वं खलु पूर्वतोऽगुः ॥६२॥
स्वेच्छानुरूपां पुरुषार्थसिद्धिं सकामभक्ताः किल तस्य चापुः ।
निष्कामभक्ता अपि भुक्तिमुक्ति तदिच्छयैवापुरनेकशोऽत्र ॥६३॥
भक्तिप्रवृत्तेर्भुवि भूरिकालं महान्ति कृष्णस्य स मन्दिराणि ।
व्यधापयद्यानि विलोक्य भूपा आश्चर्यमापुर्हृदयङ्गमानि ॥६४॥
निःसीमकारुण्यभरेण नृणां निःश्रेयसाय स्वकधर्मवंशे ।
अतिष्ठिपद्धर्मधुरां स्वकीयां धास्यंस्तिरो मानुषनाट्यमेषः ॥६५॥
एवंविधान्यद्भुतानि कर्माणीह समाचरन् । सर्वथाश्रयणीयोऽभूद्धरिः साक्षाज्जगद्गुरुः ॥६६॥
अधुनापि स भक्तेभ्यः स्वकीयेभ्यः क्वचित् क्वचित् । साक्षात्स्वदर्शनं दत्ते यथापूर्वं निजेच्छया ६७
देहावसानकाले तु स्वभक्तेभ्यः स सर्वशः । दत्वा स्वदर्शनं दत्ते भुक्तिमेव यमादवन् ॥६८॥

---

વિદ્વાનોને માન્ય જીવ, માયા, બ્રહ્મ અને પરમેશ્વરનાં સ્વરૂપોનું સભાને વિષે સારી રીતે નિરૂપણ કરતા ને કેટલાક ભક્તજનોને પોતાની સામર્થીથી તે જીવ માયા, બ્રહ્મ અને પરમેશ્વરનાં સ્વરૂપોનાં દર્શન કરાવતા.[૬૧]

બલવાન શત્રુઓ દ્વારા પોતાની રાજ્યલક્ષ્મી હરાઈ જવાથી પોતાના રાજ્યથકી ભ્રષ્ટ થઈ ગયેલા કોઈ રાજાઓ ભગવાન શ્રીહરિનું શરણું સ્વીકારવા માત્રથી ફરી પહેલા કરતાં પણ અધિક પોતાની રાજ્ય સમૃદ્ધિને પ્રાપ્ત કરતા હતા.[૬૨] આ લોકમાં શ્રીહરિના અનેક સકામી ભક્તો પોતાની ઈચ્છાનુસારની ચારે પુરુષાર્થની સિદ્ધિ પામ્યા છે. અને અનેક નિષ્કામી ભક્તો પણ ભગવાન શ્રીહરિની ઈચ્છાથી ભુક્તિ અને મુક્તિ પામ્યા છે.[૬૩] ભગવાન શ્રીહરિએ આ પૃથ્વી પર બહુકાળ પર્યંત ભક્તિમાર્ગની પ્રવૃત્તિ થતી રહે તે માટે ભગવાન શ્રીકૃષ્ણનાં મોટાં મોટાં મંદિરો બંધાવ્યાં છે. તે મનોહર મંદિરો જોઈને રાજાઓ પણ આશ્ચર્ય પામે છે.[૬૪] મનુષ્યભાવ થકી તિરોધાન થવા ઈચ્છતા એ શ્રીહરિએ અતિશય કરુણા કરી મનુષ્યોના આત્યંતિક કલ્યાણ માટે પોતાના ધર્મવંશમાં પોતાની ધર્મધુરા અર્પણ કરેલી છે.[૬૫]

આ પ્રમાણેના અતિ આશ્ચર્યકારી અદ્‌ભૂત ચરિત્રોનો વિસ્તાર કરતા જગદ્‌ગુરુ સાક્ષાત્ ભગવાન શ્રીહરિ આ લોકમાં સર્વપ્રકારે આશ્રય કરવા યોગ્ય થયા.[૬૬] તે શ્રીહરિ અત્યારે પણ કોઈ કોઈ પોતાના ભક્તજનોને પોતાની ઈચ્છાથી પૂર્વની જેમ જ પ્રત્યક્ષ પોતાનું દર્શન આપે છે.[૬૭] એટલું જ નહિ, પોતાના

तस्य जन्मदिने कार्यः सोपवासो महोत्सवः । वाञ्छितं तेन सिद्ध्यतीत्यनुभूयते ॥६९॥
व्रतेनानेन निष्कामस्त्यागवानपि पूरुषः । ज्ञानवैराग्यसंसिद्धिं भक्तिपुष्टिमुपैति च ॥७०॥
धर्मार्थी लभते धर्मं कामान् सर्वांश्च कामुकः । धनं धनार्थी लभते मोक्षार्थी मोक्षमीप्सितम् ॥७१॥
भार्यार्थी लभते भार्यां पुत्रार्थी पुत्रमुत्तमम् । तस्मादेतद्व्रतं कार्यं नवम्यां चैत्रिके सिते ॥७२॥
अष्टमीवेधरहिता शुक्लैषा नवमी मधोः । सूर्योदयस्थ व्रतिभिर्ग्राह्या चोपोषणे तिथिः ॥७३॥
शुद्धाधिका यदा चैषा विद्धा वाऽपि क्षयं गता । भवेत्तदा तु पूर्वैव ग्रहीतव्या व्रते तिथिः ॥७४॥
यदा पूर्वदिने ह्येव रजन्यामश्विनीक्षणे । नवमीचन्द्रपुष्याणां योगः स्यान्न परत्र सः ॥७५॥
तदा तु विद्धाप्यष्टम्या सैव ग्राह्या व्रतोत्सवे । नवमी तादृशो योगो यतो यतोऽभूद्धरिजन्मनि ॥७६॥
चातुर्वर्ण्यस्याधिकारो भवत्यत्र सयोषितः । तस्मात्पुम्भिश्च नारीभिः कार्यमेतद्व्रतं हरेः ॥७७॥

---

ભક્તજનોના દેહના અંત સમયે યમના દૂતોથી રક્ષણ કરવા, સમગ્ર ભક્તોને પોતાનું પ્રગટ દર્શન આપી, મુક્તિ આપે છે.[૬૮] આવા ભગવાન શ્રીહરિના પ્રાગટ્ય દિવસે ઉપવાસ કરવાની સાથે મોટો ઉત્સવ કરવો. તેમ કરવાથી સર્વે મનોરથો સિદ્ધિ થાય છે. અને આનો મને પ્રગટ અનુભવ છે.[૬૯] માયિક પદાર્થની ઈચ્છારહિતનો નિષ્કામી એવો ત્યાગી પુરુષ પણ આ શ્રીહરિની જયંતીનું વ્રત કરવાથી જ્ઞાન-વૈરાગ્યની સિદ્ધિ અને ભક્તિની પુષ્ટિ પ્રાપ્ત કરે છે.[૭૦]

તેજ રીતે ધર્માર્થી ધર્મ, કામભોગાર્થી સર્વે કામનાઓ, ધનાર્થી ધન અને મોક્ષાર્થી ઈચ્છિત મોક્ષને પ્રાપ્ત કરે છે.[૭૧] પત્નીની ઈચ્છાવાળાને પત્ની અને પુત્રાર્થીને ઉત્તમ પુત્ર પ્રાપ્ત થાય છે, તેથી ચૈત્રમાસના સુદ પક્ષની નવમી તિથિએ આ વ્રત કરવું.[૭૨] ચૈત્ર મહિનાના સુદ પક્ષની નવમી તિથિ આઠમના વેધ રહિતની અને સૂર્યોદય વ્યાપિની હોય તે જ વ્રત કરનારા જનોએ ઉપવાસમાં ગ્રહણ કરવી.[૭૩] જો નવમી તિથિ અષ્ટમીના વેધ રહિતની શુદ્ધ હોય, ને વળી બીજે દિવસે પણ સૂર્યોદય વ્યાપિની હોય તો બે નવમી થઈ, છતાં તેમાં પહેલી ઉપવાસમાં ગ્રહણ કરવી. જો અષ્ટમીના વેધ વાળી નવમી તિથિ ક્ષય પામી જતી હોય અર્થાત્ બીજે દિવસે સૂર્યોદય પહેલાં નિવૃત્ત થઈ જતી હોય, તો તે સમયે પ્રથમની વેધ વાળી જ નવમી તિથિ વ્રત કરવામાં ગ્રહણ કરવી.[૭૩] જો પૂર્વે આઠમના વેધવાળી નવમી તિથિની રાત્રીએ અશ્વિની નક્ષત્રના મુહૂર્તમાં દશ ઘડી રાત્રી વ્યતીત થાય ત્યારે, નવમી તિથિ, સોમવાર અને પુષ્યનક્ષત્ર, આ ત્રણનો યોગ હોય ને બીજે દિવસે સૂર્યોદય વ્યાપીની નવમી તિથિને દિવસે જો એવો યોગ ન હોય, ત્યારે તો આઠમના વેધવાળી હોવા છતાં

सर्वथैव विधातव्य उपवासोऽत्र तच्छ्रितैः । तत्पूजा महती कार्या रात्रौ जागरणं च तैः ॥७८॥
मिताहारो नरोऽष्टम्यां नवम्यामरुणोदये । उत्थाय चिन्तयन् कृष्णं देहशुद्धिं समाचरेत् ॥७९॥
अपां द्वादश गण्डूषाः कर्तव्या मुखशुद्धये । न दन्तधावनं कार्यं काष्ठेन व्रतवासरे ॥८०॥
कृत्वा स्नानादि कर्माथ हरिं नत्वा तदग्रतः । मन्त्रेणानेन नियमं गृह्णीयाद्व्रतकृन्नरः ॥८१॥
अहोरात्रं निराहारो भवाम्यद्य जगत्पते ! । श्वो भोक्षये व्रतमेतन्मे पालनीयं त्वया हरे ! ॥८२॥
एवं गृहीत्वा नियमं नित्यकर्म समापयेत् । न व्यावहारिकं कर्म व्रती कुर्वीत तद्दिने ॥८३॥
तदेव कर्म कर्तव्यं कृष्णसम्बन्धि यद्भवेत् । ब्रह्मचर्यं पालनीयं त्याज्यः क्रोधस्तु सर्वथा ॥८४॥
स्त्रीणा निरीक्षणात्स्पर्शात्ताभिः सङ्कथनादपि । भ्रश्यति ब्रह्मचर्यं वै स्वभार्यायास्तु सङ्गतः ॥८५॥
दिवा निद्रा च ताम्बूलमेकोऽप्यन्नकणोऽशितः । उपवासं निहन्त्येव जलपानं मुहुस्तथा ॥८६॥

---

પૂર્વોક્ત ત્રણના યોગવાળી નવમી તિથિ વ્રત અને ઉત્સવમાં ગ્રહણ કરવી, કારણ કે તેવો યોગ ભગવાન શ્રીહરિના પ્રાગટ્યને દિવસે હતો.[૭૬]

પત્નીએ સહિત ચારે વર્ણના પુરુષોને આ શ્રીહરિજયંતી વ્રત કરવાનો અધિકાર છે. તેથી પુરુષોએ અને સ્ત્રીઓએ પણ આ ભગવાન શ્રીહરિના વ્રતનું અનુષ્ટાન કરવું.[૭૭] ભગવાન શ્રીહરિના આશ્રિત સ્ત્રી-પુરુષોએ આ વ્રતમાં સર્વથા નિરાહાર ઉપવાસ કરવો. અર્થાત્ બાળક - વૃદ્ધ અને રોગાતુર સિવાયના ભક્તજનોએ ફલાહાર પણ ન કરવું. ઉપવાસી સર્વે નરનારીઓએ રાત્રીને વિષે મહાપૂજા કરી ધૂન-ભજન સાથે જાગરણ પણ કરવું.[૭૮] વ્રતના આગલા અષ્ટમીના દિવસે મિતાહારી રહેલા વ્રતીએ નવમી તિથિએ પ્રાતઃકાળે ઉઠી ભગવાન શ્રીહરિકૃષ્ણનું ચિંતવન કરતાં કરતાં દેહશુદ્ધિનું આચરણ કરવું.[૭૯] તે વ્રતને દિવસે મુખશુદ્ધિ માટે જળના બાર કોગળા કરવા, પરંતુ કાષ્ઠથી દાતણ કરવું નહિ.[૮૦]

સ્નાનાદિ કર્મ કરી, વ્રત કરનાર મનુષ્યે શ્રીહરિની આગળ ઊભા રહી નમસ્કાર કરીને આ મંત્ર બોલતાં નિયમ ગ્રહણ કરવો કે, હે જગત્પતિ ! હે શ્રીહરિ ! આજે હું અહોરાત્રી ઉપવાસ કરીશ, અને આવતે દિવસે આપનું પ્રસાદરૂપ ભોજન કરીશ, મારું આ વ્રત તમે પૂર્ણ કરાવજો.[૮૧-૮૨] આ પ્રમાણે વ્રત કરનારા મનુષ્યે નિયમ ગ્રહણ કરી નિત્યકર્મની સમાપ્તિ કરવી. તે દિવસે વ્યવહારિક કામ ન કરવું.[૮૩] જે કર્મ કૃષ્ણસંબંધી હોય તે જ કર્મ કરવું. બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું. ને ક્રોધનો સર્વપ્રકારે ત્યાગ કરવો.[૮૪] સ્ત્રીને બુદ્ધિપૂર્વક જોવાથી, સ્પર્શ કરવાથી અને તેની સાથે બોલવાથી પણ બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય છે. તેમજ પોતાની પત્નીનો

स्त्रीभिः शोको न कार्योऽत्र रोदनं सूत्रकर्तनम् । भूरिवस्त्रक्षालनं च सीवनं कलहस्तथा ॥८७॥
निजशक्त्यनुसारेण व्रती संसाधयेद्दिवा । पूजोपहारान्सकलान् निशि सम्पूजयेद्धरिम् ॥८८॥
तत्र कार्यः शुचौ देशे मण्डपश्च सुशोभनः । रम्भास्तम्भैः सुवस्त्रैश्च पुष्पाशोकाम्रपल्लवैः ॥८९॥
रङ्गवल्लीशोभितेऽथ तन्मध्ये पीठ उत्तमे । पञ्चवर्णैर्विरचिते तण्डुलैर्मण्डले शुभे ॥९०॥
सर्वत्रोभद्रसंज्ञे वा तण्डुलाष्टदले व्रती । अव्रणं ताम्रकलशं स्थापयेदम्बुना भृतम् ॥९१॥
पञ्चरत्नाद्युपेतेऽस्मिंस्ताम्रपात्रे सदासने । स्थापयेत्प्रतिमां हैमीं यथाशक्ति कृतां हरेः ॥९२॥
भक्तिधर्मयुतस्यास्य हरिकृष्णस्य यत्र तु । प्रतिमा स्यात्स्थिरा वापि मन्दिरे चञ्चला तु सा ॥९३॥
तस्या एवार्चनं तत्र व्रती कुर्याद्यथाविधि । अन्यत्र हैमी कर्तव्या तन्मूर्तिः पूजनाय तु ॥९४॥

---

અંગસંગ કરવાથી પણ બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થાય છે. એથી બીજી સ્ત્રીઓને જોવા આદિકનો ત્યાગ રાખવો અને પોતાની સ્ત્રીનો અંગસંગથી ત્યાગ રાખવો.[૮૫] દિવસની નિદ્રા, તાંબુલ ભક્ષણ, એક પણ અન્નકણનું ભક્ષણ અને વારંવારનું જળપાન એ ઉપવાસનો નાશ કરે છે.[૮૬]

તેમાં સ્ત્રીઓએ વ્રતને દિવસે શોક ન કરવો. રુદન ન કરવું, સૂતર કાંતવું નહિ, વસ્ત્રો ધોવાં નહિ, તથા વસ્ત્રો સીવવાં કે સાંધવાં નહિ અને કલહ કરવો નહિ.[૮૭] વ્રત કરનારાએ પોતાની શક્તિ અનુસારે દિવસે સમગ્ર પૂજાના ઉપચારો ભેળા કરી રાખવા અને રાત્રીએ ભગવાન શ્રીહરિનું પૂજન કરવું.[૮૮] તે સમયે પવિત્ર સ્થળમાં કેળના સ્તંભો, સુંદર વસ્ત્રો, પુષ્પો અને આસોપાલવનાં પાંદડાંઓનાં તોરણ બાંધી શોભાયમાન મંડપની રચના કરવી.[૮૯] ત્યારપછી તે મંડપની મધ્યે રંગોળી પૂરવાથી શોભતા બાજોઠ ઉપર રક્ત આદિક પાંચ રંગથી રંગેલા ચોખાથી શોભાયમાન સર્વતોભદ્રમંડલની રચના કરવી.[૯૦] તેમાં અથવા ચોખાના બનાવેલા અષ્ટદળ કમળમાં વ્રત કરનારે છિદ્ર રહિતના પૂર્ણ જળ ભરેલા તાંબાના કળશની સ્થાપના કરવી.[૯૧] પાંચ રત્ન અને પાંચ પલ્લવ યુક્ત આ તાંબાના પાત્રમાં શોભાયમાન અમૂલ્ય વસ્ત્રથી રચેલા આસન ઉપર શક્તિ મુજબ તૈયાર કરાવેલી ભગવાન શ્રીહરિની પ્રતિમાનું સ્થાપન કરવું.[૯૨]

જે મંદિરમાં ભક્તિ ધર્મની સાથે આ ભગવાન શ્રીહરિકૃષ્ણની અચળ પ્રતિમા હોય, અથવા ચળ પ્રતિમા હોય, તો વ્રત કરનારે મંદિરમાં તે પ્રતિમાનું જ વિધિપૂર્વક પૂજન કરવું. તે સિવાયનાં બીજાં સ્થળે પૂજન કરવા માટે ભગવાન શ્રીહરિની સુવર્ણની મૂર્તિ તૈયાર કરાવવી. એ શ્રીહરિના જમણા ભાગમાં તેવી જ

स्थाप्याऽस्य दक्षिणे भक्तिर्वामे धर्मस्तथाविधः । प्रत्यक् सङ्कर्षणश्चास्य स्थाप्यश्छत्रं दधत्करे ॥९५
प्रद्युम्नश्चानिरुद्धोऽग्रे धर्मभक्त्योः सचामरौ । स्थाप्यौ हरेरग्रतश्च स्थितो रौप्यस्तथोद्धवः ॥९६॥
धर्माद्युपेतस्य हरेर्महापूजां ततो व्रती । विधाय जागरं कुर्यात्तत्कथाश्रवणादिभिः ॥९७॥
अशक्त उपवासे तु पूजनान्ते हरेर्निशि । किञ्चित्कुर्यात् फलाहारं पिबेद्वा कुडवं पयः ॥९८॥
प्रातः कृत्वा पुनः पूजां कुर्यात्तस्य विसर्जनम् । विप्राय प्रतिमां दत्त्वा सतो विप्रांश्च भोजयेत् ॥९९॥
ततश्च स्वजनैः साकं व्रती कुर्वीत पारणाम् । एवं कृते व्रते सर्वे सफलाः स्युर्मनोरथाः ॥१००॥
पूजनादावशक्तस्तु हरिमन्यसमर्चितम् । भक्त्यैव प्रणमेद्दृष्ट्वा तद्भक्तांश्च सतः पुमान् ॥१०१॥
तावता पूजनस्यासौ प्राप्नुयात्फलमञ्जसा । एतद्व्रतं सर्वथाऽतः कर्तव्यं सकलैर्नरैः ॥१०२॥

---

**ભક્તિદેવીની સુવર્ણની મૂર્તિ સ્થાપવી અને ડાબા ભાગમાં તેવીજ ધર્મદેવની સુવર્ણની મૂર્તિ સ્થાપન કરવી.[૯૫] એ શ્રીહરિના પશ્ચિમના ભાગમાં હાથમાં છત્ર ધારણ કરેલા સંકર્ષણની સ્થાપના કરવી. ધર્મ અને ભક્તિની આગળ હાથમાં ચામર ધારણ કરેલા પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધની સ્થાપના કરવી. અર્થાત્ ધર્મદેવની આગળ પ્રદ્યુમ્ન અને ભક્તિદેવીની આગળ અનિરૂદ્ધની સ્થાપના કરવી. આ સંકર્ષણાદિક ત્રણ મૂર્તિએ પોતાની શક્તિને અનુસારે સોના કે રૂપાની કરાવવી. તેવી જ રીતે ભગવાન શ્રીહરિની આગળ સન્મુખ બેઠેલા ઉદ્ધવજીની રૂપાની મૂર્તિ સ્થાપવી.[૯૬]**

**વ્રત કરનાર મનુષ્યે આ ભક્તિ - ધર્માદિકની સાથે ભગવાન શ્રીહરિની મહાપૂજા કર્યા પછી તેમની કથાનું શ્રવણ આદિક કરીને જાગરણ કરવું. (આદિકમાં કીર્તન, ધૂન, ભજન આદિક જાણવું.).[૯૭] આવી રીતે નિરાહાર ઉપવાસ કરવામાં અશક્ત એવા બાળક વૃદ્ધ અને રોગાતુરે રાત્રીને સમયે મહાપૂજાને અંતે થોડુંક ફલાહાર કરવું. અથવા ચાર પળી દૂધનું પાન કરવું.[૯૮] પ્રાતઃકાળે ભગવાન શ્રીહરિની ફરી મહાપૂજા કરીને સ્થાપનાનું વિસર્જન કરવું. પ્રતિમા બ્રાહ્મણને દાનમાં આપી સાધુ બ્રાહ્મણોને જમાડવા.[૯૯] ત્યારપછી વ્રત કરનારાએ પોતાના સ્વજનોની સાથે પારણાં કરવાં. આ રીતે આ શ્રીહરિજયંતીનું વ્રત કરવામાં આવે તો સર્વે મનોરથો સફળ થાય છે.[૧૦૦] વ્રત કરનારા જનો જો આવી રીતે મહાપૂજા કરવામાં અસમર્થ હોય તો તેમણે બીજા સમર્થજનોએ કરેલી મહાપૂજામાં પૂજેલા ભગવાન શ્રીહરિનાં ભક્તિભાવ સાથે દર્શન કરી અતિશય સ્નેહથી નમસ્કાર કરવા ને તેમના એકાંતિક સાધુ તથા ભકતનાં દર્શન કરી તેમને પણ ભક્તિભાવપૂર્વક નમસ્કાર કરવા.[૧૦૧] અશક્ત મનુષ્યોને આટલું કરવા માત્રથી પણ મહાપૂજાનું ફળ તત્કાળ**

प्रतिवर्षं विधातव्यं यावज्जीवमिदं व्रतम् । स्त्रीभिश्च पुरुषैः सर्वैर्बालवृद्धातुरान्विना ॥१०३॥
यदा स्वस्यानुकूल्यं स्यात्तदोद्यापनमस्य च । यथाशक्ति विधातव्यं तेन पूर्णं व्रतं भवेत् ॥१०४॥

**सुव्रत उवाच :-**

एवमुक्तः स विप्रेण वैश्योऽभूद्धृष्टमानसः । व्रतं चिकीर्षुः पप्रच्छ विधिमुद्यापनस्य तम् ॥१०५॥

**वैश्य उवाच :-**

उद्यापनविधिं ब्रूहि व्रतस्यास्य द्विजोत्तम ! सम्पूर्णफलदं येन तद्भवेद्व्रतचारिणाम् ॥१०६॥

**ब्राह्मण उवाच :-**

उद्यापनं विना नैव व्रतं स्यात्फलदं ततः । कर्तव्यं तद्यथाशक्ति वित्तशाठ्यं न कारयेत् ॥१०७॥
प्रतिमासं नवम्यां तु व्रतं कृत्वा यथाविधि । कार्यमुद्यापनं तस्य देशकालानुसारतः ॥१०८॥
अथवोद्यापनं कृत्वा तत आरभ्य च व्रती । प्रतिमासं व्रतं कुर्याद्वर्षमेकं समाहितः ॥१०९॥

---

પ્રાપ્ત થાય છે. શ્રી હરિ જયંતી વ્રતનો આવો મોટો મહિમા છે, તેથી સર્વે મનુષ્યોએ આ વ્રત અવશ્ય સર્વપ્રકારે કરવું.[૧૦૨]

બાળક, વૃદ્ધ અને રોગાતુર સિવાયના બીજા સર્વે પુરુષોએ અને સર્વે સ્ત્રીઓએ જ્યાં સુધી જીવે ત્યાં સુધી પ્રત્યેક વર્ષે આ વ્રત કરવું.[૧૦૩] જો પોતાને અનુકૂળતા હોય તો આ વ્રતનું ઉદ્યાપન પણ પોતાની શક્તિ અનુસાર ઉજવવું,. તેનાથી વ્રતનું પૂર્ણ ફળ પ્રાપ્ત થાય છે.[૧૦૪]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે રામશર્મા વિપ્રે કહ્યું તે સાંભળી શિવગુપ્ત વૈશ્ય ખૂબજ ખુશ થયો ને વ્રત કરવાની મનમાં ઇચ્છા કરી તેનું ઉદ્યાપન કેમ કરવું ? તેનો વિધિ પૂછવા લાગ્યો.[૧૦૫] વૈશ્ય પૂછે છે. હે ઉત્તમવિપ્ર ! આ શ્રીહરિજયંતી વ્રતના ઉદ્યાપનનનો વિધિ મને કહો. જેના અનુષ્ઠાનથી વ્રત કરનારને સંપૂર્ણ વ્રતનું ફળ મળે.[૧૦૬] ત્યારે બ્રાહ્મણ કહે છે, હે વૈશ્યરાજ ! ઉદ્યાપન કર્યા વિના વ્રત ફળદાયી થતું જ નથી. તેથી ઉદ્યાપન વિધિ તો પોતાની શક્તિ અનુસાર કરવો જ. જો ધન હોય તો કંજૂસાઇ ન કરવી.[૧૦૭] જે વર્ષે ચૈત્રસુદ નવમીની તિથિથી આ શ્રીહરિજયંતી વ્રત કરવાનો પ્રારંભ કર્યો હોય તે વર્ષના એક એક મહિને સુદ પક્ષની નવમીની તિથિએ એવું જ વ્રત કરીને તેનું ઉદ્યાપન દેશકાળને અનુસારે વિધિપૂર્વક કરવું.[૧૦૮] અથવા વ્રત કરનારાએ ઉદ્યાપન વિધિ કરી તે દિવસથી પ્રારંભ કરીને એકાગ્રમને એક વર્ષ પર્યંત મહિને મહિને સુદપક્ષની નવમી તિથિએ એ વ્રત કરવું.[૧૦૯]

गुरुशुक्रास्तरहिते मलमासविवर्जिते । मधौ शुक्लनवम्यां तदित्थमुद्यापनं चरेत् ॥११०॥
विवाहादौ यथा नृणां भवत्युत्साह आदरात् । तथैवात्रापि कर्तव्य उत्साहश्च यथाधनम् ॥१११॥
देशान्तरे भवेयुर्ये निजसम्बन्धिनो जनाः । मित्राणि हरिभक्ताश्च पत्रैस्तांश्च समाह्वयेत् ॥११२॥
मधोः शुक्लप्रतिपद आरभ्यायं महोत्सवः । यथाधनं यथाशक्ति कर्तव्यो व्रतचारिभिः ॥११३॥
पालनीयं ब्रह्मचर्यं कथा श्रव्यान्वहं हरेः । तदीयगुणपद्यानि गातव्यानि च भक्तितः ॥११४॥
हरेर्भक्ता ब्राह्मणाश्च साधवो ब्रह्मचारिणः । नित्यं चन्दनपुष्पाद्यैः पूज्या भोज्याश्च शक्तितः ॥११५॥
विधिज्ञं ब्राह्मणं पृष्ट्वा प्रागष्टम्यां सुसाधयेत् । उपहारान् यथावित्तं हरिकृष्णार्चनोचितान् ॥११६॥
कृत्वाह्निकं नवम्यां च सर्वतोभद्रमण्डलम् । शोभनं कारयेद्विप्रैर्मण्डपे निर्मिते शुभे ॥११७॥
चतुर्भिः कदलीस्तम्भैराम्राशोकादिपल्लवैः । पुष्पैः फलैश्च सद्वस्त्रैः शोभयेत्तं च दर्पणैः ॥११८॥
ताम्रान्वा मृन्मयानष्टौ कलशानष्टदिक्षु च । स्थापयेन्मध्यदेशे तु ताम्रजं चाव्रणं घटम् ॥११९॥

---

ગુરુ અને શુક્રના અસ્ત રહિતના તેમ જ મળમાસ રહિતના ચૈત્ર માસમાં સુદ નવમીતિથિના દિવસથી આરંભીને હવે હું કહું એ ઉદ્યાપનનું અનુષ્ઠાન કરવું.[૧૧૦] જેવી રીતે વિવાહ આદિકમાં મનુષ્યોને આદરપૂર્વકનો ઉત્સાહ વર્તતો હોય છે. તેવો જ ઉત્સાહ પોતાની ધનસંપત્તિ અનુસાર આ વ્રતના ઉદ્યાપનમાં પણ જણાવવો.[૧૧૧] દેશાંતરોમાં રહેલા હરિભક્તોને તથા પોતાના સગા - સંબંધીજનોને અને મિત્રવર્ગને પણ મંગલપત્રિકાઓ લખીને બોલાવવા.[૧૧૨] ચૈત્રમાસના સુદ પડવાની તિથિથી આરંભીને આ ઉદ્યાપનનો મહોત્સવવ્રત કરનારા જનોએ પોતાની ધનશક્તિને અનુસાર કરવો.[૧૧૩] પ્રતિદિન બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું, ને ભગવાન શ્રીહરિની કથાનું શ્રવણ ભક્તિભાવપૂર્વક કરવું. તેમજ ભગવાન શ્રીહરિના ગુણોએ યુક્ત કીર્તનોનું ભક્તિભાવ પૂર્વક ગાન કરવું.[૧૧૪]

ભગવાન શ્રીહરિના ભક્તો બ્રાહ્મણો, સાધુઓ અને બ્રહ્મચારીઓનું ચંદન પુષ્પાદિકવડે નિત્ય પૂજન કરવું, ને શક્તિ મુજબ તેઓને જમાડવા.[૧૧૫] વિધિને જાણનારા બ્રાહ્મણને પૂછીને ભગવાન શ્રીહરિની મહાપૂજાને યોગ્ય ઉપચારો પોતાની ધનસંપત્તિ અનુસાર આઠમની તિથિથી પહેલાં જ સંપાદન કરી લેવા.[૧૧૬] નવમી તિથિનો આહ્નિક વિધિ કરી શુભ સ્થળને વિષે રચવામાં આવેલા મંડપને વિષે બ્રાહ્મણો પાસે શોભાયમાન સર્વતોભદ્ર મંડળની રચના કરાવવી.[૧૧૭] ચારે દિશામાં ચાર કેળાના સ્તંભ, આસોપાલવનાં પાંદડાં, પુષ્પો, ફળો અને શુભ વસ્ત્રો તથા દર્પણોથી મંડપને અત્યંત સુશોભિત કરવો.[૧૧૮] આઠે દિશાઓમાં તાંબાના તથા

पूगीफलं ताम्रमुद्रा तण्डुला लड्डुकस्तथा । पृथक्पृथग्निधेयाश्च कलशेषु ततोऽष्टसु ॥१२०॥
स्थालवद्वेणुपात्राणि तेष्वष्ट स्थापयेत्ततः । नालिकेरं पृथक्तेषु द्वे द्वे वस्त्रे सिते पुमान् ॥१२१॥
मध्यमं ताम्रकलशं जलेनापूर्य तत्र च । फलं सरत्नं निक्षिप्य ताम्रपात्रं पिधापयेत् ॥१२२॥
मृदुवस्त्रासने तत्र सौवर्णीं प्रतिमां हरेः । यथाशक्ति कृतां धर्माद्युपेतां स्थापयेत्ततः ॥१२३॥
यथाविधि महापूजां कुर्यान्निशि महोत्सवम् । महाभिषेकं च महानैवेद्यं तत्र कारयेत् ॥१२४॥
पूजाविधिं समाप्याथ हरेस्तच्छ्रवणादिभिः । विधाय जागरं प्रातः पुनः पूजां समाचरेत् ॥१२५॥
होममष्टोत्तरशतं मन्त्रेणाष्टाक्षरेण च । तिलाज्यपायसद्रव्यैस्ततोऽर्चेद्वर्णिनो द्विजान् ॥१२६॥
धेनुं पयस्विनीं दद्यात्पात्रविप्राय सादरात् । हेमशृङ्गी रूप्यखुरां ताम्रपृष्ठीं सुलक्षणाम् ॥१२७॥
धेनो पात्रस्य चालाभे स्वस्याशक्तौ च वा पुमान् । दद्यात्तन्निष्क्रयद्रव्यं कुर्याद्वापि जपादिकम् ॥१२८

---

માટીના આઠ કળશોની સ્થાપના કરવી ને સર્વતોભદ્રમડળના મધ્યભાગમાં છિદ્ર રહિતના તાંબાના કળશની સ્થાપના કરવી.[૧૧૯] ત્યાર પછી સોપારી, તામ્રમુદ્રા, ચોખા અને લાડુઓ, આ આઠે કળશમાં અલગ અલગ પધરાવવાં.[૧૨૦] ત્યારપછી વ્રત કરનારાએ આઠ આઠ વાંસમાંથી તૈયાર કરેલી થાળીઓ તે આઠે કળશો ઉપર સ્થાપન કરવી, ને તે થાળીઓમાં નાળિયેર અને બે બે શ્વેત વસ્ત્રોનું અલગ અલગ સ્થાપન કરવું.[૧૨૧]

મધ્યભાગમાં રહેલા તાંબાના કળશને જળથી પૂર્ણભરી તેમાં રત્ન સહિત ફળ પધરાવી, બીજા તાંબાના પાત્રથી તેને ઢાંકવો.[૧૨૨] ત્યારપછી તે તાંબાના પાત્રમાં કોમળ વસ્ત્રનું આસન બિછાવી પોતાની શક્તિ અનુસાર તૈયાર કરાવવામાં આવેલી ધર્મ - ભક્તિએ સહિતની ભગવાન શ્રીહરિની સુવર્ણની પ્રતિમાનું સ્થાપન કરવું.[૧૨૩] ને નવમી તિથિની રાત્રીએ વિધિપૂર્વક તેમની મહાપૂજા કરવી. તે મહાપૂજામાં મોટા ઉત્સવ સાથે મહાઅભિષેક કરવો, ને મહાનૈવેદ્યનો ભોગ ધરાવવો.[૧૨૪] ત્યારપછી ભગવાન શ્રીહરિની મહાપૂજાની સમાપ્તિ કરી ભગવાન શ્રીહરિનાં કથા - કીર્તનાદિક વડે જાગરણ કરવું, પ્રાતઃ કાળે ફરી મહાપૂજા કરવી.[૧૨૫] ત્યારપછી તલ - ઘી - દૂધપાકાદિવડે અષ્ટાક્ષર મંત્રના ઉચ્ચારણ સાથે એકસોને આઠ આહુતિઓ આપી હોમ કરવો. ત્યારપછી બ્રહ્મચારીઓ તથા બ્રાહ્મણોની પૂજા કરવી.[૧૨૬] બહુ દુઝણી, સોનાનાં શીંગડાંવાળી, રૂપાની ખરીવાળી, પીઠ ઉપર તાંબાથી મઢેલી એવી સુલક્ષણા ગાયનું પાત્ર બ્રાહ્મણને આદરપૂર્વક દાન કરવું.[૧૨૭] ગાય ન મળે કે પાત્ર બ્રાહ્મણ ન મળે અથવા પોતાની શક્તિ ન હોય તો વ્રત કરનારાએ તેની કીંમત

तिलपात्रं चाज्यपात्रं दद्यात्स्वर्णं च शक्तितः । अन्नवस्त्राद्यष्टविधं पदं देयं द्विजाय च ॥१२९॥
शय्यादानं ततः कुर्यात्तदशक्तः सुखासनम् । दद्यात्ततश्च वस्त्राणि दम्पत्योरुचितानि सः ॥१३०॥
कौशेयानि तानि दद्यात्कार्पासान्यथवाऽधनः । मिश्राणि वा ततः कुर्यात्साङ्गदेवविसर्जनम् ॥१३१॥
वर्णिभ्यो वान्यविप्रेभ्यो दद्यादष्टौ घटांश्च तान् । प्रतिमासहितं कुम्भं मध्यमं गुरवेऽर्पयेत् ॥१३२॥
भूयसीं दक्षिणां दत्त्वा साधून्विप्रांश्च भूरिशः । भोजयेदल्पवित्तस्तु विंशतिं द्वादशापि वा ॥१३३॥
नवम्या निश आरभ्य पालनान्दोलनोत्सवः । कृष्णद्वितीयापर्यन्तं वीक्ष्यश्च व्रतचारिभिः ॥१३४॥
एवं कृते विधाने तु व्रतं सम्पूर्णतामियात् । मनोरथाश्च सफलास्तेन स्युर्व्रतचारिणाम् ॥१३५॥
कुरु व्रतं त्वमप्येतन्मित्रत्वाद्वच्मि ते हितम् । इह पुत्रफलं प्राप्य तेन मुक्तिं च यास्यसि ॥१३६

---

**જેટલું દ્રવ્ય અર્પણ કરવું અથવા સ્તોત્રાદિકના પાઠની આવૃત્તિઓ કરવી.[૧૨૮]**

**તલપાત્ર, ઘીપાત્ર અને સુવર્ણનું પાત્ર પોતાની શક્તિ અનુસાર બ્રાહ્મણને દાન કરવું, ને અન્ન વસ્ત્રાદિકના અષ્ટપદનું પણ બ્રાહ્મણને દાન કરવું.[૧૨૯] વ્રત કરનારે શય્યાદાન પણ કરવું. શય્યાદાન કરવામાં અશક્તે સુખપૂર્વક બેસાય તેવા આસનનું દાન કરવું. ત્યારપછી દંપતીને પહેરવા યોગ્ય વસ્ત્રોનું દાન કરવું.[૧૩૦] તે દંપતીવસ્ત્રો રેશમી આપવાં. જો નિર્ધન હોય તો સૂતરાઉ અથવા થોડાં રેશમી થોડાં સુતરાઉ એવાં મિશ્રવસ્ત્રો આપવાં. ત્યારપછી અંગ દેવતાઓએ સહિત મહાપૂજામાં ભગવાન શ્રીહરિનું વિસર્જન કરવું.[૧૩૧] પૂર્વોક્ત આઠે દિશામાં સ્થાપન કરેલા આઠે કળશોનું બ્રહ્મચારીઓને અથવા અન્ય વિપ્રોને દાન કરી દેવું. પ્રતિમાએ સહિત મધ્ય કળશ ગુરુને અર્પણ કરવો.[૧૩૨] બ્રાહ્મણોને બહુ પ્રકારની દક્ષિણાઓ આપી અનેક સાધુ - બ્રાહ્મણોને ભોજન કરાવવાં. અલ્પધનવાળાએ વીસ જેટલા અથવા બાર જેટલા સાધુ - બ્રાહ્મણોને જમાડવા.[૧૩૩]**

**આ પ્રમાણે નવમીની રાત્રીથી આરંભીને વદપક્ષની બીજ સુધી વ્રત કરનારાઓએ પારણિયામાં બાળસ્વરૂપ શ્રીહરિને પધરાવી પારણિયા ઉત્સવનાં દર્શન કરવાં.[૧૩૪] આવી રીતે ઉદ્યાપન વિધિ કરવામાં આવે તો શ્રીહરિજયંતી વ્રત સંપૂર્ણતા પ્રાપ્ત કરે છે. આવું સંપૂર્ણ વ્રત કરવાથી વ્રત કરનારના સર્વે મનોરથો સફળ થાય છે.[૧૩૫] હે વૈશ્યરાજ ! તમે પણ આ વ્રતનું અનુષ્ઠાન કરો. તમે મારા મિત્ર છો, તેથી તમને આ હિતની વાત કરી. આ વ્રત કરવાથી આ લોકમાં તમને પુત્ર ફળની પ્રાપ્તિ થશે અને દેહને અંતે મુક્તિને પણ પામશો.[૧૩૬]**

सुव्रत उवाच :-

इत्युक्तः स सुधीर्वैश्यो निश्चित्य हरिमीश्वरम् । विश्वस्तो विप्रवचने तं प्रपन्नोऽभवद्दृढम् ॥१३७
गृहमेत्य सभार्योऽथ व्रतं चक्रे यथाविधि । कालेनाल्पेन सत्पुत्रं प्रसादात्प्राप स प्रभोः ॥१३८
ततोऽन्ये बहवो भक्ताः स्वस्वकार्यस्य सिद्धये । व्रतमेतद्विधायापुर्वाञ्छितं सकलं फलम् ॥१३९
इति प्रोक्तो मया भूप ! जयन्तीविधिरुत्तमः । हरिकृष्णस्य भक्तानां वाञ्छितोऽभीष्टसिद्धिदः ॥१४०
भक्त्या पुमान् यः शृणुयाज्जयन्त्या विधिं हरेर्यः परिकीर्तयेद्वा ।
तौ प्राप्नुयातां हि फलं व्रतस्य हरेः प्रसादात्स्वमभीप्सितं च ॥१४१॥

**इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे श्रीहरिजयन्तीव्रतविधिनिरूपणनामैकोनसप्ततितमोऽध्यायः ॥६९॥**

---

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે રામશર્મા વિપ્રે કહ્યું તેથી બુદ્ધિમાન શિવગુપ્ત વૈશ્ય તે બ્રાહ્મણના વચનમાં સંપૂર્ણ વિશ્વાસ રાખી શ્રીહરિનો પરમેશ્વરપણાનો નિશ્ચય કરી તેમનો દૃઢ શરણાગત ભક્ત થયો.[૧૩૭] ત્યાર પછી પોતાની પત્નીની સાથે ઘેર આવી તે વૈશ્યે વિધિપૂર્વક શ્રીહરિજયંતીનું વ્રત કર્યું. તેથી ભગવાન શ્રીહરિની પ્રસન્નતા થતાં અલ્પ સમયમાં જ સત્પુત્રની પ્રાપ્તિ થઈ.[૧૩૮] ત્યારપછી તો અન્ય ઘણા બધા ભક્તજનોએ પોતાના કાર્યની સિદ્ધિ માટે આ વ્રતનું અનુષ્ઠાન કરી પોતાને ઈચ્છિત સકલ ફળને પામ્યા.[૧૩૯] હે રાજન્ ! આ પ્રમાણે મેં ભગવાન શ્રીહરિકૃષ્ણ પરમાત્માના ભક્તજનોને ઈચ્છિત સિદ્ધિ આપનાર, ઉત્તમ શ્રીહરિજયંતી વ્રતનો વિધિ કહ્યો.[૧૪૦] જે પુરુષ આ શ્રીહરિજયંતીવ્રતનો વિધિ ભક્તિભાવ પૂર્વક સાંભળશે અથવા કહેશે, તે બન્ને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાથી વ્રતના ફળરૂપે પોતાને ઈચ્છિત સિદ્ધિ નિશ્ચે પ્રાપ્ત કરશે.[૧૪૧]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં શ્રીહરિજયંતીના વ્રતવિધિનું નિરૂપણ કર્યું,એ નામે ઓગણસિત્તેરમો અધ્યાય પૂર્ણ થયો. --૬૯--**

---

सप्ततिमोऽध्यायः - ७०

सुव्रत उवाच :-

नारायणस्य चरितमिति ते मङ्गलप्रदम् । भवत्प्रश्नानुसारेण क्रमेण कथितं नृप ! ॥१॥
तत्रादितस्ते कथितो हिमाद्रौ बदरीवने । समागमो महर्षीणां नरनारायणेन च ॥२॥
धर्मस्यापि स्त्रिया तत्रागमनं च ततः परमे । शापाद्दुर्वाससो नृत्वमेतेषां कथितं नृप ! ॥३॥
उद्धवस्य च धर्मस्य मूर्तेश्च जननं भुवि । ऋषीणां चापि कथितं धर्मोद्वाहस्ततः परम् ॥४॥
असुरोपद्रुतस्याथ धर्मस्य सह योषितः । रामानन्दस्वामिगुरोः समाश्रय उदीरितः ॥५॥
पुनर्दौत्यांशभूपाद्यैः क्लेशितस्य वृषस्य च । हनूमदाज्ञया प्रोक्तो गेहाद्वृन्दावनागमः ॥६॥
विष्णुयागाराधितस्य श्रीकृष्णस्येक्षणादि च । धर्मस्य शापश्चारण्ये द्रौणेः प्रोक्तस्ततः परम् ॥७॥

---

## અધ્યાય - ૭૦

## સત્સંગિજીવન ગ્રંથની અનુક્રમણિકાનું નિરૂપણ.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે મેં ભગવાન શ્રીનારાયણનાં મંગલકારી ચરિત્રો તમારા પ્રશ્નને અનુસારે અનુક્રમે કરીને કહ્યાં.[૧] તેમાં સૌ પ્રથમ હિમાલયમાં બદરિકાશ્રમને વિષે ભગવાન શ્રીનરનારાયણની સાથે મરીચ્યાદિક મહર્ષિઓનો સમાગમ તમને કહ્યો. તેમાં મહર્ષિઓએ ભારતની ભૂમિ ઉપર થઈ રહેલા અધર્મ ઉદ્‌ભવનું નિવેદન કર્યું. તે પણ કહ્યું.[૨] હે રાજન્ ! ત્યારપછી ભગવાન શ્રીનારાયણની સમીપે પત્ની મૂર્તિદેવીની સાથે ધર્મનું આગમન થયું, તે કહ્યું. ત્યારપછી દુર્વાસાના શાપથી એ સર્વેને મનુષ્ય જન્મ લેવા પડ્યા તે કથા કહી.[૩] તેમાં ઉદ્ધવજી ધર્મદેવ, મૂર્તિદેવી અને ઋષિમુનિઓના પૃથ્વીપર જ્યાં જ્યાં જન્મ થયા તે કથા કહી ને તે પછી ભક્તિદેવીની સાથે ધર્મદેવના વિવાહની કથા પણ કહી.[૪]

હે રાજન્ ! ત્યારપછી અસુરો દ્વારા અતિશય પીડા પામેલા પત્ની મૂર્તિદેવીની સાથે ધર્મદેવે સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનો સમાશ્રય કર્યો, તે કથા કહી.[૫] ફરી દૈત્યોના અંશભૂત રાજા આદિક જનો દ્વારા અતિશય પીડા અપાયેલા ધર્મદેવે હનુમાનજીની આરાધના કરી, ને પ્રસન્ન થયેલા હનુમાનજીની આજ્ઞાથી પોતાના ઘેરેથી નીકળી વૃંદાવનમાં ગયા.[૬] ત્યારપછી વિષ્ણુયાગથી ભગવાન શ્રીકૃષ્ણની આરાધના કરવામાં આવી, તેનાથી પ્રસન્ન થયેલા ભગવાને ધર્મદેવ ભક્તિદેવી અને મરીચ્યાદિ મહર્ષિઓને પોતાનું પ્રત્યક્ષ દર્શન અને પ્રાદુર્ભાવ થવાનું વરદાન

शापश्च विन्ध्यवासिन्या आसुराणामुदीरितः । प्रादुर्भावोत्सवः प्रोक्तस्ततो धर्मगृहे हरेः ॥८॥
तन्नामकर्म चौलं च कालीदत्तोपमर्दनम् । पौगण्डलीलाऽयोध्यायां हरेश्च व्रतबन्धनम् ॥९॥
हरिगीता ततो भक्तिधर्मदिव्यगतिस्तथा । ततो हरेः प्रव्रज्या च भैरवीयपराजयः ॥१०॥
पुलहाश्रम उक्तं च भास्करस्य प्रसादनम् । योगाभ्यासः पिबैकादिमहाशाक्तपराजयः ॥११॥
तत उत्कलदेशीयासुरसङ्घपराभवः । तीर्थयात्रा हरेश्चोक्ता पार्वतीशङ्करेक्षणम् ॥१२॥
प्रोक्तस्ततो लोजपुर औद्धवीयसमागमः । रामानन्दस्वामिनोऽथ दर्शनं चास्य शिष्यता ॥१३॥
हरेर्गुरुत्वस्वीकारो दिव्यभावप्रदर्शनम् । पराजयो मेघजितः स्वप्रतापप्रदर्शनम् ॥१४॥

---

આપ્યું. તે કથા કહી. ત્યારપછી ધર્મ - ભક્તિને જંગલમાં અશ્વસ્થામાનો શાપ થયો તે કથા કહી.[૭] ત્યારપછી વિંધ્યવાસિની દેવીનો કાલિદત્તાદિ અસુરોને શાપ થયો, તે કથા કહી. ત્યારપછી ધર્મ - ભક્તિને ઘેર ભગવાન શ્રીહરિનો પ્રાદુર્ભાવ થયો, તે કથા કહી.[૮] ત્યારપછી શ્રીહરિના નામકરણાદિ સંસ્કારોની કથા, ચૌલસંસ્કારની કથા, કાલીદત્તના વિનાશની કથા, અયોધ્યામાં ભગવાન શ્રીહરિની પૌગંડ લીલાની કથા અને યજ્ઞોપવિત સંસ્કારની કથા તમને સંભળાવી.[૯] ત્યાર પછી હરિગીતા કહીને ભક્તિ - ધર્મની દિવ્યગતિની કથા કહી સંભળાવી. ત્યારપછી ભગવાન શ્રીહરિના ગૃહત્યાગની કથા અને વડના વૃક્ષ નીચે ભૈરવના પરાજયની કથા કહી.[૧૦]

હે રાજન્ ! ત્યારપછી પુલહાશ્રમમાં શ્રીહરિએ સૂર્યનારાયણની કરેલી પ્રસન્નતાની કથા કહી. ગોપાળયોગીની પાસે શ્રીહરિએ અષ્ટાંગ યોગનો અભ્યાસ કર્યો તે કથા, ને મહાશક્તિ પિબેકનો પરાજય કર્યો તે કથા કહી.[૧૧] ત્યારપછી ઓરીસાદેશમાં જગન્નાથપુરી આદિકને વિષે અસુર સમુદાયના પરાભવની કથા કહી. શ્રીહરિની તીર્થયાત્રાની કથા તથા પાર્વતી અને શંકર શ્રીહરિનાં દર્શને પધાર્યા, તે કથા કહી.[૧૨] ત્યારપછી લોજપુરને વિષે ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામીના મુક્તાનંદ સ્વામી આદિક શિષ્યોની સાથે થયેલા સમાગમની કથા કહી. ત્યારપછી રામાનંદ સ્વામીનાં દર્શન અને તેમના શિષ્યપણાના સ્વીકારની કથા કહી.[૧૩] ત્યારપછી ગુરુની આજ્ઞાથી તેમના શિષ્યોના ગુરુપણાના સ્વીકારની કથા ને ગુરુ રામાનંદ સ્વામીની દુર્વાસાના શાપથકી મુક્તિની કથા કહી પ્રથમ પ્રકરણની સમાપ્તિ કરી.બીજા પ્રકરણમાં માંગરોળાદિ પુરમાં પોતાના દિવ્ય સ્વરૂપનાં પોતાના ભક્તોને આપેલાં દર્શનની કથા કહી. મેઘજી વણિકના પરાજયની કથા તથા માંગરોળમાં

प्रादुष्कारः समाधीनां कृष्णरूपप्रदर्शनम् । नारायणस्य गीतोक्ता लोभादीनां च दुष्टता ॥१५॥
अहिंस्रधर्मस्य भुवि स्थापनं हरिणा कृतम् । प्रोक्तस्ततश्च संवादः खट्वाङ्गाभयभूभुजोः ॥१६॥
अभयस्य प्रार्थनया हरेर्दुर्गपुरागमः । गवेन्द्रभूमिपालाय वरदानमथोदितम् ॥१७॥
उद्धवाध्वप्रकटनं नानाग्रामपुरेष्वथ । हरेर्विचरणं तत्र धर्मस्थापनमञ्जसा ॥१८॥
नानायज्ञविधानं च कौलादिमतखण्डनम् । हरेर्दिग्विजयः प्रोक्तो निवासो दुर्गपत्तने ॥१९॥
भक्त्युत्कर्षश्चोत्तमादेर्हरिसेवाव्यवस्थितेः । सविस्तरं ततः प्रोक्तो ह्यन्नकूटमहोत्सवः ॥२०॥
ततः सभास्वनुदिनं भक्तसङ्घानुरञ्जनम् । प्रकाशनं च सत्सङ्गदीपस्य हरिणा कृतम् ॥२१॥
धर्मरक्षा ततः स्पर्शविवेकस्तेन कीर्तितः । धर्मसिद्धिश्च निष्कामशुद्धिश्चोक्तं सदाह्निकम् ॥२२॥
कृष्णस्वरूपाद्वैतं च कृष्णमन्त्रजपे विधिः । एकादशीविधानां च प्रबोधन्युत्सवो महान् ॥२३॥

---

મતવાદીઓને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાની કથા કહી.[૧૪] સમાધિ પ્રકરણ પ્રગટ કર્યાની કથા, ને પોતાના સાક્ષાત્ શ્રીકૃષ્ણરૂપનાં દર્શનની કથા કહીને નારાયણગીતાની કથા તથા લોભાદિ પાંચ દોષોની દુષ્ટતાની કથા કહી.[૧૫]

હે રાજન્ ! ત્યારપછી પૃથ્વીપર ભગવાન શ્રીહરિએ કરેલા અહિંસામય ધર્મસ્થાપનની કથા કહી, ને પછી ખટવાંગ રાજા તથા અભયરાજાના સંવાદની કથા કહી.[૧૬] ત્યારપછી અભયરાજાની પ્રાર્થનાથી ભગવાન શ્રીહરિનું કારીયાણીથી દુર્ગપુર પ્રત્યેનું આગમન કહ્યું, ને રાજકોટમાં ગવર્નર સાથેના મેળાપની કથા કહી.[૧૭] ત્યારપછી શિવરામ વિપ્રના પ્રશ્નથી ઉદ્ધવસંપ્રદાય પ્રકાશનની કથા કહી. ત્યારપછી જુદા જુદા ગામોમાં ભગવાન શ્રીહરિના વિચરણની કથા કહી, ને તે તે ગામોને વિષે થયેલા યથાર્થ ધર્મસ્થાપનની કથા કહી.[૧૮] ત્યારપછી અનેક પ્રકારના યજ્ઞોના વિધાનની કથા તથા કૌલાદિમત ખંડનની કથા કહી. શ્રીહરિના દિગ્વિજયની કથા ને દુર્ગપુરમાં પધારી કરેલા નિવાસની કથા, કહી બીજું પ્રકરણ સમાપ્ત કર્યું.[૧૯]

હે રાજન્ ! ત્યારપછી ઉત્તમરાજા અને તેમની બહેનો આદિ અભયપરિવારની ભક્તિને વિષે ઉત્કર્ષની કથા કહી ભગવાન શ્રીહરિની સેવાની સુંદર વ્યવસ્થાની કથા કહીને વિસ્તાર પૂર્વક અન્નકૂટ મહોત્સવની કથા કહી.[૨૦] ત્યારપછી પ્રતિદિનની સભાઓમાં ભક્તજનોને રંજન કર્યાની કથા, ને તેમાં શ્રીહરિએ કરેલા સત્સંગદીપ પ્રકાશનની કથા કહી.[૨૧] ત્યારપછી ભગવાન શ્રીહરિએ ધર્મરક્ષા, સ્પર્શ વિવેક, ધર્મસિદ્ધિ, નિષ્કામશુદ્ધિ અને સાધુઓના આહ્નિકકર્મનું નિરૂપણ કર્યું તે કથા કહી.[૨૨] ત્યારપછી ભગવાન શ્રીકૃષ્ણના

वृत्तालयपुरेऽथोक्तः पुष्पदोलोत्सवो महान् । पुराणश्रवणस्याथ विधिः सर्वो निरूपितः ॥२४॥
श्रीमद्भागवतस्योक्तं माहात्म्यं तु विशेषतः । जन्माष्टम्युत्सवः प्रोक्तस्ततः सारङ्गपत्तने ॥२५॥
नागटङ्कपुरे यानं ततः प्रोक्तं हरेर्नृप ! । पञ्चाले गमनं तत्र प्रोक्तः श्रुत्यर्थनिर्णयः ॥२६॥
ततः श्रीनगरे प्रोक्ता नरनारायणस्य च । प्रतिष्ठा विधिवत्प्रोक्ता भुजङ्गनगरे च सा ॥२७॥
वृत्तालये प्रतिष्ठोक्ता लक्ष्मीनारायणस्य च । आगमो द्वारिकेशस्य तत्र चोक्तस्ततः परम् ॥२८॥
ततस्त्रियुगशब्दार्थनिर्णयश्च निरूपितः । स्वीकारः पुत्रयोश्चोक्तो गुरुत्वे स्थापनं तयोः ॥२९॥
वटपत्तन उक्तं च सहर्षेर्गमनं हरेः । सिंहजिद्भूपसन्मानः शिक्षापत्र्याश्च लेखनम् ॥३०॥
दोलोत्सवः श्रीनगरे भाल्लदेशागमो हरेः । राधाकृष्णस्य धौरेयनगरे स्थापनं ततः ॥३१॥

---

**સ્વરૂપાદ્વૈતની કથા, કૃષ્ણમંત્રજપના વિધિની કથા, એકાદશીવ્રત વિધિની કથા, અને મહાન પ્રબોધની ઉત્સવની કથા કહી.[૨૩] ત્યારપછી શ્રીહરિએ વડતાલપુરમાં મહાન પુષ્પદોલોત્સવ ઉજવ્યો, તે કથા કહીને, ત્રીજા પ્રકરણની સમાપ્તિ કરી. ત્યારપછી પુરાણ શ્રવણના સર્વે વિધિના નિરૂપણની કથા કહી.[૨૪] હે રાજન્ ! ત્યારપછી શ્રીમદ્ભાગવતના માહાત્મ્ય સંબંધી વિશેષકથા કહી. ત્યારપછી સારંગપુરમાં ઉજવેલા જન્માષ્ટમીના ઉત્સવની કથા કહી.[૨૫] ત્યારપછી કારિયાણીથી નાગડકા ને લોયા, ત્યાંના શાકોત્સવની કથા, ને ત્યાંથી પંચાળા ગામ પ્રત્યે આગમનની કથા કહી. ત્યાં વેદની શ્રુતિઓના અર્થનો નિર્ણય કહી સંભળાવ્યો તે કથા કહી.[૨૬] ત્યારપછી શ્રીનગરને વિષે શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા વિધિની કથા, ને ભુજનગરને વિષે શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા વિધિની કથા કહી.[૨૭] ત્યારપછી વડતાલપુરમાં લક્ષ્મીનારાયણદેવની પ્રતિષ્ઠા અને પોતાની મૂર્તિ શ્રીહરિકૃષ્ણ આદિક મૂર્તિઓની પ્રતિષ્ઠાવિધિની કથા કહી. તથા વડતાલમાં થયેલા દ્વારિકાધીશના આગમનની કથા કહી.[૨૮] ત્યારપછી મુક્તાનંદ સ્વામી દ્વારા કરવામાં આવેલા ત્રિયુગ શબ્દાર્થના નિર્ણયની કથા કહી. રામપ્રતાપજી તથા ઈચ્છારામજીના પુત્ર અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીનો દત્તકવિધિથી પોતાના પુત્રપણે સ્વીકાર અને તે બન્નેને પોતાના આશ્રિત જનોના ગુરુપણાને વિષે સ્થાપન કર્યાની કથા કહી.[૨૯] ત્યારપછી વડોદરા શહેરમાં મુનિમંડળે સહિત શ્રીહરિના આગમનની કથા, તથા સયાજીરાવ સરકાર દ્વારા કરવામાં આવેલ ભગવાન શ્રીહરિના સન્માનની કથા કહી. ને વડતાલ પધારી શ્રીહરિએ કરેલ શિક્ષાપત્રી લેખનની કથા કહી.[૩૦]**

दीक्षाविधेश्चोपदेशस्तस्य भूमौ प्रवर्तनम् । व्रतोत्सवानां च विधिः साधुधर्मानुशासनम् ॥३२॥
ज्ञानोपदेशश्च ततः सांख्यशास्त्रार्थनिश्चयः । ततो धर्मोपदेशश्च कथितस्ते नराधिप ! ॥३३॥
वर्णानामाश्रमाणां त तद्बाह्यानां च सर्वशः । स्त्रीणां च कथिता धर्मा हरिणा तत्र विस्तरात् ॥३४॥
महतां च लघूनां च सर्वेषामेनसां तथा । प्रायश्चित्तविधानं च कृच्छ्राणां लक्षणानि च ॥३५॥
जीर्णदुर्गे प्रतिष्ठोक्ता द्वारिकाधीश्वस्य च । ततो धर्माश्च कथिता नैष्ठिकब्रह्मचारिणाम् ॥३६॥
गोपीनाथस्य च ततः प्रतिष्ठा दुर्गपत्तने । साङ्ख्योगस्योपदेशो योगशास्त्रार्थसङ्ग्रहः ॥३७॥
वरदानं ततः प्रोक्तं शतानन्दमहर्षये सत्सङ्गीजीवनस्याथ तेनैव च विधापनम् ॥३८॥
स्वीयाविर्भावहेतोश्च विचारो भक्तबोधनम् । हरेरन्तर्धिलीलोक्ता जयन्त्याश्च विधिस्ततः ॥३९॥

---

હે રાજન્ ! ત્યારપછી શ્રીનગરને વિષે ઉજવેલા ફૂલડોલ ઉત્સવની કથા, ને ભાલપ્રદેશમાં વિચરણ, તથા ધોલેરામાં મદનમોહનજી નામે શ્રીરાધાકૃષ્ણની સ્થાપનવિધિની કથા કહી.[૩૧] ત્યારપછી દીક્ષાવિધિનો ઉપદેશ અને પૃથ્વીપર તેની પ્રવૃત્તિ કરવાનો ઉપદેશ તથા વ્રતો અને ઉત્સવો ઉજવવાના વિધિનો ઉપદેશ, તેમજ સાધુઓના ધર્મના ઉપદેશની કથા કહી.[૩૨] ત્યાર પછી જ્ઞાનનો ઉપદેશ, અને સાંખ્યશાસ્ત્રના અર્થનું નિરૂપણ કરનારી કથા કહીને ચોથા પ્રકરની સમાપ્તિ કરી. હે રાજન્ ! ત્યારપછી શિવરામવિપ્રના પ્રશ્નથી જે ધર્મોપદેશ કર્યો, તે કથા તમને સંભળાવી.[૩૩] તે ધર્મોપદેશમાં વર્ણ અને આશ્રમના ધર્મો, તથા તેનાથી બહાર મૂકાઇ ગયેલાઓના ધર્મો, તથા સર્વે સ્ત્રીઓના ધર્મોનું ભગવાન શ્રીહરિએ જે વિસ્તારથી નિરૂપણ કર્યું છે, તે કથા તમને સંભળાવી.[૩૪] ત્યારપછી ભગવાન શ્રીહરિએ નાનાં - મોટાં સર્વે પાપોના પ્રાયશ્ચિતવિધિનું નિરૂપણ કર્યું તે કથા કહી. તથા ચાંદ્રાયણાદિ કૃચ્છ્રવ્રતોનાં લક્ષણોનું જે નિરૂપણ કર્યું, તે કથા કહી.[૩૫]

હે રાજન્ ! ત્યારપછી જુનાગઢને વિષે શ્રીદ્વારિકાધીશની પ્રતિષ્ઠાવિધિ કરી ને રાધારમણ દેવ તથા સિદ્ધેશ્વરમહાદેવની પ્રતિષ્ઠાવિધિ કરી, તે કથા તમને સંભળાવી. ત્યારપછી નૈષ્ઠિક બ્રહ્મચારીઓના ધર્મો મુકુંદબ્રહ્મચારીના પૂછવાથી સંભળાવ્યા તે કથા કહી.[૩૬] ત્યારપછી દુર્ગપુરને વિષે કરેલા શ્રીગોપીનાથજીના પ્રતિષ્ઠા વિધિની કથા કહી, ને સાંખ્યયોગના ઉપદેશની કથા તથા યોગશાસ્ત્રના સંગ્રહની કથા કહી સંભળાવી.[૩૭] ત્યારપછી ભગવાન શ્રીહરિએ શતાનંદ મહર્ષિને આપેલા વરદાનની કથા, ને પછીથી શતાનંદ સ્વામીદ્વારા કરવામાં આવેલ આ સત્સંગિજીવન શાસ્ત્ર રચવાની કથા કહી.[૩૮] ત્યારપછી ભગવાન શ્રીહરિએ

एवं मया ते नृपते ! हरेश्चरितमद्भुतम् । उक्तं क्रमेण सकलं यथा पृष्टं त्वया तथा ॥४०॥
सत्सङ्गिजीवनमिदं शास्त्रं परमपावनम् । शतानन्दो मुनिः कृत्वा मामपाठ्यदञ्जसा ॥४१॥
मया ते कथितं सर्वं प्रीत्या शुश्रूषवे नृप ! । वेदशास्त्रपुराणानां साररूपमिदं परम् ॥४२॥
सन्तं तमीशं भुवि संश्रिता ये सत्सङ्गिनस्ते कथिता हि तेषाम् ।
भवत्यदो जीवनमेव यस्मात्तत्सर्वथा सेव्यमिदं सदा तैः ॥४३॥
एतस्य पाठनादेव वेदादेः पाठजं फलम् । द्विजन्मा प्राप्नुयान्नूनं सर्वयज्ञफलं तथा ॥४४॥
चातुर्वर्ण्यो नरः स्त्री वा श्रुत्वैतत् परमादरात् । इह लोके परे वापि प्राप्नुयात्सुखमीप्सितम् ॥४५॥
ब्राह्मणः प्राप्नुयाद्बुद्धिमाधिपत्यं च बाहुजः । सम्पदं श्रवणादस्य वैश्यः शूद्रस्तथा सुखम् ॥४६॥
येन येन च कामेन पठेद्वा शृणुयादिदम् । तं तमाप्नोति पुरुषो निष्कामो भक्तिमुत्तमाम् ॥४७॥

---

**વિચારેલા પોતાના આવિર્ભાવ કારણની કથા કહી, ને પોતાના સ્વધામગમન પછી ભક્તજનોએ કેમ વર્તવું, તેના ઉપદેશની કથા અને શ્રીહરિના અંતર્ધાનલીલાની કથા કહી. તથા શ્રીહરિજયંતી વ્રતના વિધિની કથા કહી.[૩૯]**

**હે રાજન્ ! આ પ્રમાણે તમે જે રીતે ચરિત્રો પૂછ્યાં હતાં તે રીતે જ ભગવાન શ્રીહરિનાં અદ્‌ભુત ચરિત્રોની કથા મેં તમને સંભળાવી.[૪૦] પરમ પવિત્ર એવા આ સત્સંગિજીવન શાસ્ત્રની રચના કરીને શતાનંદ સ્વામીએ શિષ્ય એવા મને તત્ત્વ પૂર્વક ભણાવ્યું છે.[૪૧] હે રાજન્ ! મેં પણ અતિશય પ્રેમથી સાંભળવા ઈચ્છતા તમને આ સકલ સત્સંગિજીવન શાસ્ત્રની કથા સંભળાવી. આ શાસ્ત્ર વેદ - પુરાણોના પરમ સારરૂપ છે.[૪૨] તેમનું સત્સંગિજીવન એવું નામ સાર્થક છે. કારણ કે સદાય સત્યસ્વરૂપ પરમેશ્વર ભગવાન શ્રીહરિના આશ્રિત ભક્તજનોને સત્સંગી કહેલા છે. અને તેઓને માટે આ શાસ્ત્ર જીવનરૂપ છે. તેથી સત્સંગીઓએ આ સત્સંગિજીવન શાસ્ત્રનું સર્વપ્રકારે સદાય પઠન, શ્રવણાદિકથી સેવન કરવું.[૪૩] આ શાસ્ત્રનો પાઠ કરવાથી દ્વિજાતિ જનોને વેદાદિકના પાઠ કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે સર્વ યજ્ઞો કર્યાનું પણ ફળ નક્કી પ્રાપ્ત થાય છે.[૪૪] ચારે વર્ણના નર - નારીઓ આ શાસ્ત્રનું પરમ આદરથી શ્રવણ કરે, તો આલોક તથા પરલોકમાં ઈચ્છિત સુખને પ્રાપ્ત કરે છે.[૪૫]**

**હે રાજન્ ! બ્રાહ્મણ જો આ શાસ્ત્રનું શ્રવણ કરે છે, તો શાસ્ત્રોમાં પારંગત બુદ્ધિને વરે છે. ક્ષત્રિય રાજ્ય સુખને પામે છે. વૈશ્ય ધનસંપત્તિ પામે છે, તથા શૂદ્ર પણ ઈચ્છિત સુખને પામે છે.[૪૬] સકામી પુરુષ જે કામના રાખીને આ શાસ્ત્રનો**

पुरश्चरणमेतस्य ये करिष्यन्ति च द्विजाः । सर्वे मनोरथास्तेषां सिद्धिमाप्स्यन्ति निश्चितम् ॥४८॥
धर्मं ज्ञानं च वैराग्यं भक्तिं वा ये बुभुत्सवः । नराः स्युस्तैरयं ग्रन्थः सेवनीयः प्रयत्नतः ॥४९॥
येषां निःश्रेयसेच्छा स्यात्तैरयं तु विशेषतः । श्रोतव्यः पठनीयश्च ग्रन्थोऽभीष्टफलप्रदः ॥५०॥
एतज्ज्ञानवतां पुंसां ज्ञेयं किञ्चिन्न शिष्यते । तस्मात्सर्वप्रयत्नेन सेव्योऽयं स्वहितार्थिभिः ॥५१॥
नारायणाय मुनये कृष्णाय हरये नमः । शतानन्दाय गुरवे तद्भक्ताय नमोनमः ॥५२॥
इति राजा सुव्रतेन मुनिवर्येण कीर्तितम् । नारायणस्य चरितं स श्रुत्वा मुदितोऽब्रवीत् ॥५३॥
धन्योऽहं मुनिशार्दुल ! सफलं मे नृजन्म च । समागमेन भवतो जातमेव न संशयः ॥५४॥
नारायणचरित्राणि श्रुत्वानन्दो महान् हृदि । महामुनेऽद्य जातो मे वक्तुं शक्नोमि तं न हि ॥५५॥
त्वं तु धन्योऽसि येनेह साक्षात्संसेवितो हरिः । वशीकृतः स भक्त्या च कृपापात्रं तथाऽस्य च ॥५६

પાઠ કરે છે. અથવા શ્રવણ કરે છે, તે ઈચ્છેલી કામનાને પામે છે. નિષ્કામી પુરુષ ઉત્તમ એકાંતિકી ભક્તિને પામે છે.[૪૭] જે દ્વિજાતિજનો આ શાસ્ત્રનું વિધિપૂર્વક પુરશ્ચરણ કરે છે. તેના સર્વે મનોરથ સિદ્ધ થાય છે, તેમાં કોઈ સંશય નથી.[૪૮] જે મનુષ્યોને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનાં લક્ષણો જાણવાની ઈચ્છા હોય તેઓએ આ ગ્રંથનું પ્રયત્નપૂર્વક સેવન કરવું.[૪૯] તેમજ જે મનુષ્યોને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેઓએ પણ ઈચ્છિત ફળને આપનારા આ ગ્રંથને વિશેષ રીતે સાંભળવો અને અભ્યાસ કરવો - પાઠ કરવો.[૫૦]

હે રાજન્ ! આ શાસ્ત્રનું જેને સંપૂર્ણ જ્ઞાન થઈ ગયું, તેવા પુરુષને આ જગતમાં કાંઈ પણ જાણવું બાકી રહેતું નથી, તેણે સર્વે જાણી લીધું છે. તેથી પોતાનું હિત ઈચ્છતા જનોએ આ ગ્રંથનું સર્વપ્રકારના પ્રયત્નો કરી સેવન કરવું.[૫૧]

કથાની સમાપ્તિમાં સુવ્રતમુનિ પોતાના ઈષ્ટદેવને અને ગુરુને વંદન કરે છે. નારાયણમુનિ અને કૃષ્ણ નામવાળા ભગવાન શ્રીહરિને મારા નમસ્કાર છે, તેમજ તેમના એકાંતિક ભક્ત અને મારા ગુરુ શતાનંદ સ્વામીને પણ મારા નમસ્કાર છે.[૫૨] આ પ્રમાણે મુનિવર્ય સુવ્રતમુનિએ કહેલા ભગવાન શ્રીનારાયણનાં ચરિત્રો સાંભળીને પ્રતાપસિંહ રાજા અતિશય આનંદ પામ્યા, ને કહેવા લાગ્યા કે હે મુનિશાર્દુલ સુવ્રતમુનિ ! હું ધન્ય થયો છું. અને મારો મનુષ્ય જન્મ પણ આપના સમાગમથી સફળ થયો છે. આ બાબતમાં મને હવે કોઈ સંશય નથી.[૫૩-૫૪] હે મહામુનિ ! નારાયણનાં ચરિત્રો સાંભળીને મારા મનમાં અત્યારે મહા આનંદ ઉભરાય છે, તેને કોઈ શબ્દોમાં હું વ્યક્ત કરી શકું તેમ નથી.[૫૫] હે સુવ્રતમુનિ ! તમે

सतां परोपकारित्वमस्ति स्वाभाविकं मुने ! । अस्मादृशां हि बोधाय चरसि त्वं धरातले ॥५७॥
अहं च तव शिष्योऽस्मि त्वामेव शरणं गतः । कुरु मेऽनुग्रहं येन साक्षादीक्षेय तं प्रभुम् ॥५८॥
इति प्रतापसिंहेन सोऽर्थितो मुनिराह तम् । यथाश्रुतं हरिं राजन् ! ध्याय दास्यति दर्शनम् ॥५९॥
ग्रन्थमेतं तु ये प्रीत्या शृणुयुस्तेभ्य ईश्वरः । दद्यात्स्वदर्शनं चेति शतानन्द उवाच माम् ॥६०॥
ततः स भूपतिर्नत्वा सुव्रतं सुस्थिरासनः । यथाश्रुतिं हरिं दध्यौ हृदये दृढनिश्चयः ॥६१॥
अपरोक्षानुभूतेर्हि गुरोस्तस्य प्रसादतः । तच्छास्त्रश्रुतिपुण्याच्च स ददर्श हरिं हृदि ॥६२॥
तेजःपुञ्जान्तरे साक्षात्कोटिकन्दर्पसुन्दरम् । समर्च्यमानं भक्तैस्तं दृष्ट्वा लेभे मुदं पराम् ॥६३॥

તો ધન્ય ભાગ્યશાળી છો. કારણ કે તમે આ લોકમાં પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિનું દર્શન - સ્પર્શ - પૂજન આદિક અનેક ઉપાયે સેવન કરેલું છે. ને એ ભગવાન શ્રીહરિને તમે ભક્તિથી વશ પણ કરેલા છે. અને તેથી જ તમે તેમના કૃપાપાત્ર થયા છો.[૫૬]

હે મુનિ! તમારા જેવા સંતોનો સાહજિક પરોપકારી સ્વભાવ હોય છે. જેને કારણે તમે અમારા જેવા જનોને સાક્ષાત્ ભગવાન શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન આપવા આ પૃથ્વી પર વિચરણ કરો છો.[૫૭] હું તમારો શિષ્ય છું, ને તમારે શરણે આવ્યો છું. એથી આપ મારા ઉપર અનુગ્રહ કરો. તેનાથી હું સાક્ષાત્ ભગવાન શ્રીહરિનું પ્રત્યક્ષ દર્શન કરી શકું .[૫૮]

આ પ્રમાણે પ્રતાપસિંહ રાજાએ પ્રાર્થના કરી, તેથી સુવ્રતમુનિ તેમને કહેવા લાગ્યા કે હે રાજન્ ! તમે કથાદ્વારા જેવા ભગવાન શ્રીહરિના સ્વરૂપને સાંભળ્યું છે, તેવા જ સ્વરૂપનું એકાગ્ર મનથી ધ્યાન કરો. ભગવાન શ્રીહરિ તમને ચોક્કસ પ્રત્યક્ષ દર્શન આપશે.[૫૯] કારણ કે આ સત્સંગિજીવન શાસ્ત્રનું પ્રેમથી કોઇ શ્રવણ કરે, તેમને સાક્ષાત્ પરમેશ્વર ભગવાન શ્રીહરિ પોતાનું પ્રગટ દર્શન આપશે, તેવું મારા ગુરુ શતાનંદ સ્વામીએ મને કહ્યું છે.[૬૦]

ત્યારપછી પ્રતાપસિંહ રાજાએ સુવ્રતમુનિને નમસ્કાર કરી દૃઢ નિશ્ચયપૂર્વક સ્થિર આસને બેસી, કથામાં જેવા ભગવાન શ્રીહરિને સાંભળ્યા હતા, તેવા જ ભગવાન શ્રીહરિનું હૃદયમાં ધ્યાન કર્યું.[૬૧] અપરોક્ષ અનુભૂતિવાળા અર્થાત્ પ્રત્યક્ષ ભગવાનના જ્ઞાનવાળા ગુરુ સુવ્રતમુનિના અનુગ્રહથી તેમજ સત્સંગિજીવન શાસ્ત્રના શ્રવણજન્ય પુણ્યના પ્રતાપથી પ્રતાપસિંહ રાજાને ભગવાન શ્રીહરિએ હૃદયમાં પ્રત્યક્ષ દર્શન આપ્યું.[૬૨] અક્ષરબ્રહ્માત્મક તેજ તેજના પુંજની મધ્યે પ્રત્યક્ષપણે

व्युत्थितोऽथ मुनिं नत्वा प्रसन्नः प्राह भूपतिः । कृतार्थोऽहं हि जातोऽस्मि प्रसादात्तव निश्चितम् ।।६४
नृपं प्राह मुनी राजन्नित्थं ध्यायाः सदा हरिम् । स्वधर्मस्थो भजेस्तं च लप्स्यसे तत्पदं परम् ।।६५।।
अत्रैव पावने क्षेत्रे निवसंस्तं भजेः सदा । इत्युक्त्वा प्रणतो राज्ञा ययौ क्षेत्रान्तरं मुनिः ।।६६।।
राजापि तत्र निवसन् भजन्प्रेम्णा हरिं सदा । कालेनाल्पेन गोलोकं तद्धाम परमं ययौ ।।६७।।
श्रवणं मङ्गलं यस्य कीर्तनं यस्य मङ्गलम् । स्मरणं मङ्गलं यस्य स हरिर्मङ्गलं क्रियात् ।।६८।।
अधर्मसर्गोत्खननस्य कर्ता धर्मान्वयस्याधिकपुष्टिकर्ता ।
स प्रीयतां मेऽखिलपापहर्ता हरिः स्वभक्तैः सह दुःखहर्ता ।।६९।।

---

વિરાજમાન, અને કરોડા કામદેવોના ગર્વને હરી લે તેવા રૂપાળા, તથા ભક્ત એવા અક્ષરમુક્તોદ્વારા દિવ્ય ચંદન પુષ્પાદિક વડે પૂજન કરાયેલા, સાક્ષાત્ ભગવાન શ્રીહરિનું દર્શન કરીને રાજા પરમ આનંદ પામ્યા.[૬૩]

આ પ્રમાણે પોતાના હૃદયમાં ભગવાન શ્રીહરિનું સાક્ષાત્ દર્શન પામી સમાધિમાંથી બહાર આવેલા પ્રતાપસિંહ રાજા ખૂબ જ પ્રસન્ન થયા, ને સુવ્રતમુનિને નમસ્કાર કરી કહેવા લાગ્યા કે હે મુનિ ! તમારી કૃપાથી હું હવે નક્કી કૃતાર્થ થયો છું.[૬૪] તે સમયે સુવ્રતમુનિ પણ પ્રતાપસિંહ રાજાને કહેવા લાગ્યા કે હે રાજન્ ! આ પ્રમાણે જ ભગવાન શ્રીહરિનું તમે હમેશાં ધ્યાન કરજો અને સ્વધર્મમાં રહી તેમનું ભજન કરજો, તેનાથી દેહને અંતે સર્વોત્કૃષ્ટ તે ભગવાન શ્રીહરિના અક્ષરધામને પામશો.[૬૫] પરમ પવિત્ર આ જગન્નાથપુરીને વિષે રહીને શ્રીહરિનું સદાય ભજન કરો. તે સમયે આજ્ઞા માથે ચડાવી રાજાએ નમસ્કાર કર્યા, ને સુવ્રતમુનિ બીજા તીર્થક્ષેત્રોમાં જવા માટે ત્યાંથી નીકળી ગયા.[૬૬]

પ્રતાપસિંહ રાજા જગન્નાથપુરીમાં નિવાસ કરીને રહ્યા, ને અતિશય ગાઢ પ્રેમથી ભગવાન શ્રીહરિનું ભજન કરતા કરતા અલ્પ સમયમાં જ ગોલોકાંતરવર્તી ભગવાન શ્રીહરિના પરમ અક્ષરધામને વિષે સિધાવ્યા.[૬૭]

જે ભગવાન શ્રીહરિના ગુણ ચરિત્રાદિકનું શ્રવણ કરવું તે મંગળરૂપ છે. ને તેનું કીર્તન કરવું તે પણ મંગળરૂપ છે. તથા તેમનું સ્મરણ કરવું, તે પણ મંગળરૂપ છે, એવા ભગવાન શ્રીહરિ અમારૂં સર્વ મંગળ વિસ્તારો.[૬૮] અધર્મ સર્ગનો વિનાશ કરતા, ને ધર્મસર્ગનું અધિકને અધિક પોષણ કરતા, સમગ્ર પાપનું અને સમગ્ર દુઃખનું હરણ કરતા, પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રીહરિ પોતાના ભક્તજનોએ સહિત મારી ઉપર પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ.[૬૯]

इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे पञ्चमप्रकरणे
ग्रन्थानुक्रमणिकानिरूपणनामा सप्ततितमोऽध्यायः ॥७०॥

॥ समाप्तं पञ्चमप्रकरणम् ॥

॥ समाप्तं सत्सङ्गिजीवनशास्त्रम् ॥

---

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્રના પંચમ પ્રકરણમાં ગ્રંથની અનુક્રમણિકાનું નિરૂપણ કર્યું એ નામે સિત્તેરમો અધ્યાય પૂર્ણ થયો. --૭૦--**

---

**શ્રીમત્ સત્સંગિજીવન પાંચે પ્રકરણનું કચ્છ ભુજ નિવાસી સાધુ વિજ્ઞાનસ્વરૂપદાસજી કૃત સરળ ગુજરાતી ભાષાંતર સમાપ્ત.**

---

**શ્રીમત્ સત્સંગિજીવન**
**પંચમ-પ્રકરણ સમાપ્ત**